# અનુક્રમ

## ( ભાગ પહેલો )


વિભાગ ૧

અતિમાનસ ઉત્ક્રાંતિ ૧

વિભાગ ૨

પૂર્ણયોગ અને બીજા માર્ગો ૪૧

વિભાગ ૩

ધર્મ, નીતિ, આદર્શ અને યોગ ૧૪૯

વિભાગ ૪

તર્ક, વિજ્ઞાન અને યોગ ૧૭૧

વિભાગ ૫

સ્વરૂપની ભૂમિકાઓ અને વિભાગો ૨૫૭

વિભાગ ૬

દિવ્ય અને વિરોધી શક્તિઓ ૪૨૧

વિભાગ ૭

અવતારનો હેતુ ૪૪૩

વિભાગ ૮

પુનર્જન્મ ૪૭૯

વિભાગ ૯

ભાગ્ય અને સ્વતંત્ર સંકલ્પ વગેરે ૫૫૫

# યોગ વિષે પત્રો

## ગ્રંથ ૧

શ્રી અરવિંદ બર્થ સેન્ટેનરી લાયબ્રેરી
વોલ્યુમ નં. ૨૨નું સંપૂર્ણ ભાષાંતર

વિભાગ ૧

# અતિમાનસ ઉત્ક્રાંતિ

# અતિમાનસ ઉત્ક્રાંતિ

એવા કેટલાક સમય ગાળાઓ આવેલા છે, જ્યારે કેટલીક સંસ્કૃતિઓમાં હાલમાં અથવા જગતની છેલ્લી સદીઓમાં જે આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવા પ્રયત્ન થયો છે તેના કરતાં વધારે તીવ્ર અને વિશાળ આધ્યાત્મિક સંશોધન થયેલું છે. અત્યારે આ વળાંક એક નવીન શોધની શરૂઆતની અણી ઉપર પહોંચ્યો છે. ભૂતકાળમાં જે સિદ્ધિ પ્રાપ્ત કરેલી તેમાંથી તે શરૂઆત કરે છે. અને એક મહાન ભાવિ તરફ પોતાનું પ્રક્ષેપણ કરે છે. પરંતુ વેદોના યુગમાં અથવા ઇજિપ્તમાં ગુહ્ય જ્ઞાનની આધ્યાત્મિક સિદ્ધિ ફક્ત વિરલ માણસો માટે જ રાખવામાં આવતી અને સમગ્ર માનવજાતિમાં તે ફેલાયેલી નહીં. સમગ્ર માનવજાતિનો સમુદાય ધીરે ધીરે ઉત્ક્રાંતિ પામે છે, અને ભૌતિક તથા પ્રાણિક માનવીથી માંડીને મનોમય માનવી સુધીની ઉત્ક્રાંતિની બધી ભૂમિકાઓને પોતાનામાં ધારણ કરે છે. તેમાં અલ્પ સંખ્યાના માનવીઓએ વિઘ્નો હઠાવીને ગુહ્ય અને આધ્યાત્મિક જ્ઞાનનાં દ્વારો ખુલ્લાં કર્યાં છે અને ઉત્ક્રાંતિના આરોહણની તૈયારી કરી છે; જેથી માનવી મનોમય માનવથી પર થઈને આધ્યાત્મિક અને અતિમનસ સ્વરૂપમાં ઊર્ધ્વગમન કરે. કેટલીક વખત આ લઘુમતિએ પ્રચંડ અસર ફેલાવી છે. દા.ત., વૈદિક યુગના ભારતમાં, ઇજિપ્તમાં અથવા પરંપરા પ્રમાણે એટલાન્ટિસમાં તેણે સમગ્ર જાતિની સંસ્કૃતિનું નિર્માણ કરેલું છે. અને તેમાં આધ્યાત્મિક અથવા ગુહ્ય જ્ઞાનની છાપ પાડેલી છે; કેટલીક વખત તેઓએ ગુપ્ત મંડળોમાં અથવા કાર્યપદ્ધતિમાં અલગ રહીને સીધી સંસ્કૃતિ ઉપર અસર કરી નહોતી, કારણ કે બાકીની પ્રજા ભૌતિક અજ્ઞાન અથવા ગોટાળામાં અને અંધાધૂંધીમાં ડૂબેલી હતી, અથવા તેઓ સખત બાહ્ય પ્રકાશમાં ડૂબેલી હતી, જે બાહ્ય જ્ઞાન આધ્યાત્મિક જ્ઞાનનો ઇન્કાર કરે છે તેમાં.

ઉત્ક્રાંતિનાં ચક્રો કાયમ ઊર્ધ્વ તરફ જવાનું વલણ રાખે છે. તેઓ ચક્રગતિમાં હોય છે અને સીધી ઊભી રેખામાં ગતિ કરતાં નથી; એટલે તે પ્રક્રિયા આરોહણ અને અધોગમનની છાપ ઉત્પન્ન કરે છે, પરંતુ જે વસ્તુ ઉત્ક્રાંતિ માટે જરૂરી છે,

તેને ટકાવી રાખે છે. અથવા થોડા સમય માટે અંધાકારગ્રસ્ત લાગે છતાં નવીન યુગને માટે યોગ્ય એવાં નવાં સ્વરૂપો ફરીથી બહાર આવે છે. સર્જને સ્વરૂપની બધી કક્ષાઓમાં અવતરણ કરેલું છે, અતિમનસથી ભૌતિક સુધી દરેક કક્ષામાં તેણે એક જગત, એક સામ્રાજ્ય, એક ભૂમિકાનું અથવા ક્રમનું તે કક્ષાને અનુરૂપ સર્જન કરેલું છે. ભૌતિક વિશ્વના સર્જનમાં એક અવતરણ પામતી ચેતનાએ એક બાહ્ય અચિત્‌માં ભૂસકો માર્યો અને તે અચિત્‌માંથી ફરીને એક પછી એક ક્રમમાં તે દશ્યમાન થાય છે અને છેવટે તે તેની ઉચ્ચતમ આધ્યાત્મિક અને અતિમનસ શિખરને પુનઃ પ્રાપ્ત કરે છે; અને તેની બધી શક્તિઓનો આ સ્થૂલ તત્ત્વમાં આવિર્ભાવ કરે છે. પરંતુ અચિત્‌માં પણ એક ગુપ્ત ચેતના છે અને આપણે એમ કહી શકીએ કે તે એક અંતર્હિત થયેલી છે અને ગુપ્ત અંતઃપ્રજ્ઞા દ્વારા તે કાર્ય કરે છે. ભૌતિક તત્ત્વની દરેક ભૂમિકાએ, પ્રાણની દરેક ભૂમિકામાં એક બુરખા પાછળ રહીને, આ અંતઃપ્રેરણા તે ભૂમિકાને યોગ્ય કાર્ય કરે છે, અને સર્જક બળોની તાત્કાલિક જરૂરિયાતો પ્રમાણે ટેકો આપે છે; અથવા શક્તિ આપે છે. સ્થૂલ તત્ત્વમાં અંતઃપ્રેરણા છે જે ભૌતિક વિશ્વના કાર્યને હાથ ઉપર લે છે. ઈલેક્ટ્રોન્સથી માંડીને સૂર્ય સુધીનાને અને ગ્રહોને અને તેમણે ધારણ કરેલી સર્વ વસ્તુઓને ટેકો આપે છે. પ્રાણમાં પણ એક અંતઃપ્રેરણા રહેલી છે જે તે જ પ્રમાણે ભૌતિક તત્ત્વમાં રહેલા પ્રાણતત્ત્વની લીલા અને વિકાસને ટેકો આપીને ત્યાં સુધી માર્ગદર્શન આપે છે, જ્યાં સુધી તે મનોમય વિકાસક્રમ સાધી શકે જેનું માનવી એક વાહન છે. માનવમાં પણ આ ઊર્ધ્વીકરણની પ્રક્રિયા તે જ પ્રમાણે ચાલુ રહે અને પ્રગતિની જે અવસ્થાએ તે પહોંચ્યો હોય તે પ્રમાણે તેના વિકાસ માટે આ અંતઃપ્રેરણા કાર્ય કરે છે. વિજ્ઞાનીની સ્પષ્ટ બુદ્ધિ પણ જે અંતઃપ્રેરણાના સ્વતંત્ર અસ્તિત્વ અથવા સર્વોચ્ચ તત્ત્વનો ઈન્કાર કરે છે, તેની પાછળ પણ આ મનોમય અંતઃપ્રેરણા ન હોય તો ખરેખર આગળ પ્રગતિ કરી શકતો નથી. તે અંતઃપ્રેરણા જ તેને આગળ ઉપર શું કરવાનું છે તેનું ભાન કરાવે છે અથવા આગળ પગલું ભરવા શક્તિમાન બનાવે છે. એટલે અંતઃપ્રજ્ઞા વસ્તુઓની શરૂઆતમાં, મધ્યમાં તેમજ તેની છેવટની ટોચ સુધી હાજર રહેલી હોય છે.

પરંતુ સહજપ્રજ્ઞા ત્યારે જ તેનું ખરું સ્વરૂપ પકડે છે જ્યારે માણસ મનોમય ભૂમિકામાંથી આધ્યાત્મિક ભૂમિકામાં જાય છે કારણ કે ત્યાં જ તે પોતાના બુરખા પાછળથી સ્પષ્ટ સ્વરૂપે બહાર આવીને તેનું સાચું અને પૂર્ણ સ્વરૂપ ખુલ્લું કરે છે. માનવીની મનોમય ઉત્ક્રાંતિની સાથે એક બીજી ઉત્ક્રાંતિનો આરંભ ચાલી રહ્યો છે. તે આધ્યાત્મિક અને અતિમનસ સ્વરૂપ તૈયાર કરે છે. આ વસ્તુ બે દિશાઓમાં કાર્ય કરી રહેલ છે. એક પ્રકૃતિમાં રહેલાં ગૂઢ બળોની તેમજ ભૌતિક

વિશ્વએ આપણાથી ગુપ્ત રાખેલી ગુપ્ત ભૂમિકાઓ અને જગતોની શોધ, અને બીજી માનવીના આત્માની અને આધ્યાત્મિક સ્વરૂપની શોધ. જો એન્ટલાન્ટિસની પરંપરા સાચી હોય તો તે એવી પ્રગતિ હતી જે ગુહ્ય જ્ઞાનના અંતિમ બિંદુએ પહોંચેલી, પરંતુ તેનાથી આગળ જઈ શકેલી નહિ. વૈદિક સમયના ભારતમાં આપણી પાસે નોંધ રહેલી છે, જેમાં બીજા પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરેલી – આધ્યાત્મિક આત્મતત્ત્વની શોધ. ગુહ્ય જ્ઞાન ત્યાં હતું પણ ગૌણ હતું. આપણે એમ કહી શકીએ કે અહીં ભારતમાં સહજપ્રજ્ઞાનું જ્ઞાન પ્રથમ આવ્યું અને પછીના દર્શનશાસ્ત્રમાં અને વિજ્ઞાનમાં બૌદ્ધિક શક્તિનો પાછળથી વિકાસ થયેલો. પરંતુ હકીકતમાં એ સ્પષ્ટ છે કે તે સમયનો માનવ-સમુદાય સમગ્ર રીતે સ્થૂલ ભૂમિકા ઉપર જ હતો, ભૌતિક પ્રકૃતિના દેવોની પૂજા કરતો, અને તેમની પાસેથી સ્થૂલ વસ્તુઓની માગણીઓ કરતો, વૈદિક ગુહ્યવાદીઓના પ્રયત્નો તેમના આંતરદર્શન, આંતરશ્રવણ દ્વારા વસ્તુઓની પાછળ રહેલી શક્તિઓ પ્રગટ કરતી અને આ શક્તિઓ કેટલાક ઋષિમુનિઓ અને આર્ષ-દ્રષ્ટાઓ પૂરતી મર્યાદિત રહેતી અને તેઓ માનવ-સમુદાયથી તેમને ગુપ્ત રાખતા. આ ગુહ્યવાદીઓ ગુપ્તતા ઉપર ખાસ ભાર મૂકતા. આ સહજપ્રજ્ઞાની આધ્યાત્મિક ભૂમિકાના વિકાસને પ્રથમની ચક્રગતિએ જે વિશિષ્ટ ફાયદાઓ આપેલા તેમાંથી ઝડપી પુનઃ પ્રગટીકરણ થયું તે વસ્તુને આપણે કારણરૂપ માની શાકીએ. જો આપણે ભારતના આધ્યાત્મિક ઇતિહાસનું પૃથક્કરણ કરીએ, તો આપણને માલૂમ પડશે કે આ ઊંચાઈએ પહોંચ્યા પછી એક નિમ્ન ગતિ થઈ, જેણે ઉત્ક્રાંત થયેલી ચેતનાની નિમ્ન કક્ષાને સ્વીકારવાનો પ્રયત્ન કર્યો અને તેને ટોચ ઉપર રહેલી આધ્યાત્મિક ચેતના સાથે સાંકળવા પ્રયત્ન કર્યો. વેદના યુગ પછી બુદ્ધિ અને દર્શનશાસ્ત્રનો મહાન પ્રવાહ ફૂટી નીકળ્યો. તેણે આધ્યાત્મિક સત્યને પાયા તરીકે સ્વીકાર્યું અને તેને નવેસરથી પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો. પરંતુ તેણે સીધી સહજપ્રેરણા અથવા વેદના ઋષિઓની ગુહ્ય પ્રક્રિયા દ્વારા તે સત્યની પુનઃપ્રાપ્તિ માટે પ્રયત્ન ન કર્યો, પરંતુ મનની ચિંતનશીલતા, મનનશીલતા અને તાર્કિક વિચાર દ્વારા પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો; તે સમયે યોગની પ્રક્રિયાઓની જુદી જુદી શાખાઓનો વિકાસ થયેલો અને તેમણે ચિંતનશીલ મનને આધ્યાત્મિક સાક્ષાત્કાર કરવાના સાધન તરીકે અપનાવ્યું, અને તે જ સમયે મનનું પોતાનું જ આધ્યાત્મિકરણ કર્યું. ત્યાર પછી એવો દર્શનશાસ્ત્રીઓનો અને યોગની પદ્ધતિઓનો યુગ આવ્યો જેણે ઊર્મિપ્રધાન અને કલાત્મક સ્વરૂપને આધ્યાત્મિક સાક્ષાત્કાર માટે ઉપયોગમાં લીધું, અને તેણે માણસની ઊર્મિપ્રધાન ભૂમિકાને હૃદય અને લાગણી દ્વારા આધ્યાત્મિક બનાવી. સાથે સાથે તાંત્રિક અને બીજી પદ્ધતિઓએ મનોમય સંકલ્પ, પ્રાણમય સંકલ્પ અને સંવેદનોના સંકલ્પને

હાથમાં લીધા અને તેમને આધ્યાત્મિકરણનાં સાધનો અને ક્ષેત્રો બનાવ્યાં. હઠયોગમાં તેમજ શરીરના દિવ્યીકરણના ભિન્ન ભિન્ન પ્રયત્નોમાં પ્રયત્નની એક એવી રેખા છે જેણે જીવંત ભૌતિક તત્ત્વની સાથે તે પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ આ વસ્તુ માટે શરીરમાં રહેલા આત્મતત્ત્વની સાચી લાક્ષણિક પદ્ધતિ અને શકિતની શોધ કરવા માટે રાહ જોવી પડશે. તેથી આપણે એમ કહી શકીએ કે, વિશ્વરૂપ ચેતનાનું સ્થૂલ તત્ત્વમાં અવતરણ થયા પછી તેણે ઉત્ક્રાંતિને બેવડી રેખાઓથી હાથમાં લીધી છે; એક આત્મા અને આત્મતત્ત્વ, અને પ્રભુની શોધ માટેનું આરોહણ અને બીજું હાલમાં ઉત્ક્રાંત થયેલા મન, પ્રાણ અને શરીર મારફતે એવી રીતનું અવતરણ જેથી કરીને તે આધ્યાત્મિક ચેતનાને તે બધામાં નીચે ઉતારે. અને તે રીતે ભૌતિક વિશ્વના સર્જનમાં રહેલા ગુપ્ત હેતુને ચરિતાર્થ કરે. આપણો યોગ તત્ત્વમાં આ પ્રક્રિયાને હાથ ઉપર લઈને તેનું સંક્ષેપીકરણ કરીને પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે; એક એવો પ્રયત્ન જેનાથી શકય તેટલું અતિમનસ ભૂમિકાને પહોંચવા માટે આરોહણ કરવું, અને તે ભૂમિકાની ચેતનાને અને શકિતને મન, પ્રાણ અને શરીરમાં નીચે ઉતારી લાવવાં.

આજની સંસ્કૃતિની પરિસ્થિતિ ભૌતિકવાદી છે અને બાહ્ય બુદ્ધિ અને પ્રાણના પ્રયત્ન સાથેની છે, અને તે તમને ઘણી દર્દજનક લાગે છે, પણ એ એક ગૌણ પ્રસંગ છે; પરંતુ તે કદાચ અનિવાર્ય હતો. કારણ કે મન, પ્રાણ અને શરીરનું આધ્યાત્મિકરણ બનાવવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનું હોય તો શારીરિક ચેતના અને ભૌતિક શરીરમાં પણ પરમાત્માની સચેતન હાજરી, એવા યુગમાં જે ભૌતિક તત્ત્વને શારીરિક જીવનને અગ્રભાગે મૂકે છે અને બુદ્ધિના પ્રયત્નને ભૌતિક અસ્તિત્વના સત્યશોધન માટે પોતાની જાતનું અર્પણ કરે છે, તેમાં તેણે કદાચ આવવું જ પડે. એક બાજુએ બુદ્ધિ સુધીની દરેક વસ્તુને ભૌતિક બનાવીને આધ્યાત્મિક સાધક માટે તે વસ્તુએ મહાન મુશ્કેલીનું સર્જન કર્યું છે. પરંતુ બીજી બાજુએ તેણે સ્થૂલતત્ત્વમાં પ્રાણને એક એવી અગત્ય આપી છે, જે ભૂતકાળની આધ્યાત્મિકતા ઈન્કાર કરવાની તરફેણમાં હતી. એક રીતે આધ્યાત્મિક શોધ માટે તેનું આધ્યાત્મિકરણ કરવાની જરૂર પડી છે, અને આ રીતે ઉત્ક્રાંતિ પામતી આધ્યાત્મિક ચેતનાની ગતિનું પૃથ્વી-તત્ત્વમાં અવતરણ કરવામાં મદદ કરી છે. આપણે તેના માટે તેનાથી વધારે માગણી કરી શકીએ નહીં. તેની સચેતન અસર એવા પ્રકારનાં છે કે માનવતામાં રહેલા આધ્યાત્મિક તત્ત્વને ગૂંગળાવીને નાશ કરે, ફકત વિરોધી તત્ત્વોના દબાણના દિવ્ય ઉપયોગ દ્વારા જ અને ઊર્ધ્વમાંથી આવતા હસ્તક્ષેપ દ્વારા જ આધ્યાત્મિક પરિણામ આવશે.

*

માનવ-ઈતિહાસના બધા તબક્કાઓને પૃથ્વી-ચેતનામાંથી થતા કાર્ય તરીકે ગણી શકાય. તેમાંના દરેક તબક્કાનું એક સ્થાન અને તેનો અર્થ રહેલો છે. એટલા માટે જ આ ભૌતિક બુદ્ધિવાદનો ગાળો આવવો જરૂરી હતો, અને તેમાં પણ ચોક્કસ કોઈ હેતુ અને સૂચિત અર્થ રહેલો છે. આપણે એમ પણ માની શકીએ કે તેનો એક હેતુ એ પ્રકારનો પ્રયોગ હોઈ શકે જેમાં આપણે જોઈ શકીએ કે પ્રકૃતિના ઉપર એક બૌદ્ધિક અને બાહ્ય રીતનું માનવ – ચેતનાનું નિયંત્રણ કેટલે સુધી જઈ શકે, ફક્ત ભૌતિક અને ઊર્ધ્વતર ચેતના અને ઉચ્ચતર જ્ઞાન વચ્ચે ન પડે તેમાં છતાં બૌદ્ધિક સાધનો વડે તે કેટલે સુધી શક્ય છે? અથવા તેનો પ્રતિરોધ હોવા છતાં આધ્યાત્મિક ચેતના બધી જ મુશ્કેલીઓ છતાં તેની પાછળ વૃદ્ધિ પામવામાં મદદ કરી શકે છે, અને તે દ્વારા તે જડ તત્ત્વને નિયંત્રણમાં લઈને પ્રભુ પ્રત્યે વાળવા માટે પ્રયત્ન કરી રહી છે; જે રીતે તાંત્રિકો અને વૈષ્ણવોએ ઊર્મિમય અને નિમ્ન પ્રાણમય પ્રકૃતિને માટે પ્રયત્ન કરેલો અને તેઓ જે રીતે વેદાંતીઓ પરમ બ્રહ્મ તરફ મનને વાળવાનું વલણ રાખતા હતા, તેનાથી સંતોષ પામેલા નહિ. પરંતુ તેનાથી વધારે આગળ જવું મુશ્કેલ છે, અથવા એમ માનવું કે ભૌતિકવાદ એ પોતે જ આધ્યાત્મિક વસ્તુ છે અથવા અંધકારયુક્ત અંધાધૂંધીવાળી તે સમયની યુરોપની પરિસ્થિતિ એ આત્મ-તત્ત્વનું અવતરણ કરવા માટે અનિવાર્ય હતી તેમ માનવું મુશ્કેલ છે. આ તમોમયતા અને હિંસા જે માનસિક આદર્શના પ્રકાશ અને સંવાદની ઈચ્છાનો વિનાશ કરવા માટે તત્પર બનેલી હોય તેમ લાગે છે કેમ કે આ વસ્તુ માનવજાતિના મનમાં સ્થાપિત થવા માટે સફળ થયેલી. આ વસ્તુ હાલ જે દેખાય છે તે ભયંકર અને અંધકાર-ગ્રસ્ત પ્રાણમય શક્તિઓના અવતરણને લઈને બને છે અને તેઓ માનવજગત ઉપર પોતાની માલિકી જમાવવા માટેનો પ્રયત્ન કરે છે, અને નહિ કે આધ્યાત્મિક હેતુઓ માટે. એ સાચું છે કે કેટલાક ગુહ્યવાદીઓએ આ પ્રકારનાં આસુરિક બળો, જે અંધકારયુક્ત પ્રાણ જગતમાંથી નીચે ઊતરી આવે છે, તેમના વિશે ભવિષ્યવાણી કરેલી છે કે, તે દિવ્ય શક્તિનું પ્રાણમય જગત ઉપરની સત્તાનું પ્રથમ પરિણામ છે. પરંતુ તેને યુદ્ધના સંજોગો તરીકે ગણી લેવામાં આવેલું અને નહિ કે એવી કોઈ વસ્તુ જે પ્રભુના વિજય માટે મદદરૂપ થઈ શકે. માનવબુદ્ધિ દ્વારા જડ તત્ત્વનું મંથન ભૌતિક પ્રકૃતિના ઉપર વિજય માટે અને નિષ્ક્રિયતા અને જડતાને તોડી નાખવા માટે કરી શકાય, પરંતુ તે ભૌતિક ધ્યેય માટે જ કરી શકાય. પરંતુ તેના મનોમય પાયામાં રહેલી આધ્યાત્મિકતાના નકાર સહિત તેને રાજસિક ભાવ માટે કરી શકાય. આવો પ્રયત્ન કદાચ અંધાધૂંધી અને વિભક્તતામાં પરિણમે અથવા પરિણમતો લાગે. જ્યારે સર્જન અને નવસર્જન માટેના નવીન પ્રયત્નો, સ્થૂલ પ્રકૃતિની તમોગ્રસ્ત

જડતા અને અર્ધ પાશવી પ્રાણિક પ્રકૃતિની જંગલી પાશવિકતા ઉગ્રતાનાં મિશ્રણ બની શકે. આધ્યાત્મિક બળો તે વસ્તુઓની સાથે કઈ રીતે વ્યવહાર કરે અથવા સ્થૂલ વિશ્વની શક્તિઓનાં મંથનનો ઉપયોગ કઈ રીતે કરી શકે? આત્માનો માર્ગ શાંતિ, પ્રકાશ અને સંવાદનો માર્ગ છે, જો તેણે યુદ્ધ કરવાનું હોય તો એટલા માટે કે, આવાં બળોની હાજરી જે આધ્યાત્મિક પ્રકાશને હોલવી નાખવા અથવા અટકાવવા પ્રયત્ન કરે છે, તેને માટે તેમને કરવું પડે છે. આધ્યાત્મિક રૂપાંતરમાં જડતાને સ્થાને દિવ્ય શાંતિ અને સ્થિરતા મુકાવાં જોઈએ. રાજસિક મંથનવાળી શક્તિને સ્થાને એક નીરવ અને સામર્થ્યયુક્ત, શુદ્ધ અને મુક્ત સક્રિયતા મુકાવાં જોઈએ. જ્યારે મનને ઊર્ધ્વતર જ્ઞાનના પ્રકાશનાં કાર્યો માટે નમનીય રાખવું જ જોઈએ. ભૌતિકવાદની સક્રિયતા ને ફેરફાર માટે કઈ રીતે તૈયાર થશે ?

ભૌતિકવાદ ભાગ્યે જ તેના પાયામાં આધ્યાત્મિક બની શકે કારણ કે તેની પાયાની પદ્ધતિ જ આધ્યાત્મિક રીતે વસ્તુઓ કરવાની પદ્ધતિથી ઊલટી જ છે. આધ્યાત્મિક તત્ત્વ અંતરમાંથી બાહ્ય તરફ કાર્ય કરે છે જ્યારે ભૌતિકવાદનો માર્ગ બાહ્યમાંથી અંદર તરફ કાર્ય કરે છે. તે આંતરિક વસ્તુને બાહ્ય વસ્તુઓના પરિણામ રૂપે જુએ છે. તે ખાસ કરીને ભૌતિક તત્ત્વની ઘટના તરીકે અને તે વસ્તુઓના દૃષ્ટિબિંદુથી કાર્ય કરે છે. તે બાહ્ય સાધનો દ્વારા માનવતાને "પૂર્ણ" બનાવવાની ઇચ્છા રાખે છે. તેમના પ્રયત્નમાંનો મૂળ પ્રયત્ન એક પૂર્ણ સમાજરૂપી યંત્રની રચના કરીને માણસોએ કેવા બનવું જોઈએ તેના માટે તેમને તાલીમ આપીને ફરજ પાડવા ઇચ્છે છે. દિવ્યતા પ્રાપ્ત કરવામાં 'અહં'ની બાદબાકી એ આધ્યાત્મિક આદર્શ છે : જ્યારે અહીં વ્યક્તિત્વને નેસ્તનાબૂદ કરીને તેને લશ્કરી અને ઔદ્યોગિક શાસનતંત્રમાં ગોઠવી દેવામાં આવે છે. તે બધામાં આધ્યાત્મિકતા ક્યાં રહી ? મન, પ્રાણ અને શારીરિકને અંતરાત્મા, ઊર્ધ્વતર આત્મતત્ત્વને પ્રભુ તરફ ખુલ્લાં કરવામાં આવે છે. અને તેમને આધ્યાત્મિક બળો તરફ આજ્ઞાંકિત બનાવીને, આંતરપ્રકાશ, ઊર્ધ્વતર જ્ઞાન અને શક્તિઓની નહેરો બનાવવાનાં સાધનો તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. બીજી વસ્તુઓ, માનસિક, કલાત્મક અને પ્રાણિકને ઘણી વખત ખોટા નામે "આધ્યાત્મિક" તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ તેમનામાં ખાસ મુખ્ય લક્ષણનો અભાવ હોય છે અને તેના વગર આધ્યાત્મિક શબ્દની સાચી સાર્થકતા રહેતી નથી.

*

ઊર્ધ્વમાંથી આવતી શક્તિના અવતરણની તૈયારી માટે જ્યારે પ્રાણજગત ઉપર દબાણો થાય છે, ત્યારે તે જગત પોતાની અમુક વસ્તુને માનવામાં સીધી ઉતારી દે છે. પ્રાણજગત ઘણું વિશાળ છે અને માનવજગતની સીમા કરતાં ઘણું

મોટું હોય છે. પરંતુ ઘણે ભાગે તે પોતાના પ્રભાવ દ્વારા શાસન કરે છે, અને નહિ કે અવતરણ દ્વારા. એટલું ચોક્કસ કે પ્રાણજગતના આ ભાગને માનવતાને પોતાના કાબૂમાં રાખી મૂકવાની ઇચ્છા હોય છે અને તે ઊર્ધ્વતર પ્રકાશને રોકી રાખે છે.

*

અતિમનસબળને પ્રાણનું અવતરણ અટકાવી શકે નહિ તેમજ ઝનૂની રાષ્ટ્રો તેમની ભૌતિક શકિત વડે તેને તેનાથી પણ ઓછું અટકાવી શકશે કારણ કે મૂળ-તત્ત્વમાં અતિમાનસનું અવતરણ આધ્યાત્મિક હકીકત છે, અને તે તેનાં બાહ્ય પરિણામો ચોક્કસ ફળીભૂત કરશે. પહેલાનાં પ્રાણમય અવતરણોએ દિવ્યપ્રકાશને નિષ્ફળ બનાવેલો છે. ક્રિશ્ચિયન ધર્મમાં બનેલું છે તે પ્રમાણે તેના ઉપદેશનો કબજો લઈને તેણે તેને નરમ બનાવી દીધો અને વિશાળ સિદ્ધિમાંથી તેને બાતલ કર્યો પરંતુ અતિમાનસનો અર્થ જ એટલે એક એવો દિવ્ય પ્રકાશ જે પોતાના હક્ક તરીકે અને પોતાની હાજરી દ્વારા આવે ત્યારે વિકૃત બની શકે જ નહિ. જ્યારે તે એક બાજુએ રહીને ચેતનાનાં નિમ્ન પ્રકારનાં બળોને એક ઝાંખા અને વિકૃત થયેલા સત્યનો ઉપયોગ કરવાની મંજૂરી આપે, ત્યારે જ પ્રાણિકબળો જ્ઞાનને પકડમાં લે અને તેથી તે બળો પોતાનો સ્વાર્થ સાધી શકે એમ બનવા દે.

*

સામાન્ય પ્રશ્ન તરીકે લઈએ તો તમે જે કાંઈ કહો છો તેનો અર્થ આ છે. આ જગત ધીમી ઉત્ક્રાંતિ છે. તેમાં માનવી પશુ-ચેતનામાંથી બહાર આવેલો છે પરંતુ તે પૂરેપૂરો બહાર નીકળી શકયો નથી. હજુ તેનામાં અંધકારમાંથી પ્રકાશ આવ્યો નથી અને પહેલાં જે મૃત ચેતના હતી અને પછીથી એક મથામણ કરતી અને મુશ્કેલીભરી અચેતનતા હતી તેમાંથી ઊર્ધ્વ ચેતનામાં તે પહોંચ્યો નથી. એક આધ્યાત્મિક ચેતના પ્રગટ થતી જાય છે અને આ આધ્યાત્મિક ચેતના દ્વારા જ માણસ પ્રભુને પ્રાપ્ત કરી શકશે. બધા જ ધર્મો પ્રાણમય મનોમય ચેતનાથી ભરપૂર છે અને તે મિશ્રણયુકત, અટપટા અને અજ્ઞાનના મસાલાથી ભરપૂર છે અને તેથી ફકત પ્રભુની ફકત ઝાંખીઓ જ કરી શકે છે. એક નક્કર બુદ્ધિવાદી અભિગમ, જે વસ્તુઓ જે પ્રમાણે છે તેના વિશે પ્રશ્નોત્તરી કર્યા કરે અને જે વસ્તુ કદાચ બની શકે અથવા બનશે તેના માટે ઈન્કાર કર્યા કરે, તેને કોઈ દર્શન થઈ શકે નહિ. આધ્યાત્મિક ચેતના એક નવીન વસ્તુ છે અને હજુ તે ઉત્ક્રાંત થવાની છે, ધીરે ધીરે તેનો વિકાસ થવાનો છે. સ્વાભાવિક રીતે જ પહેલાં તો ઘણા સમય સુધી ઘણા થોડા માણસોને પ્રકાશ મળશે, જ્યારે સમગ્ર માનવજાતિની સરખામણીમાં તેનાથી વધારે મોટી સંખ્યાના માણસોમાં તે પ્રકાશ અંશતઃ પ્રાપ્ત થઈ શકશે, પરંતુ જે થોડા ઘણા માણસોએ જે પ્રાપ્ત કર્યું હશે તે ઉત્ક્રાંતિના એક તબક્કે પૂર્ણ થશે અને

કરી શકતા નથી, તેથી તેઓ તેની અનિવાર્યતા સમજી શકતા નથી. હું એમ ધારું છું કે કોઈ વાસ્તવિક નિરીક્ષક જ્યારે નિર્જીવ ભૌતિક વસ્તુઓના સામ્રાજ્ય સમયે હાજર હોત તો મૃત પૃથ્વી અને ખડકની તથા ધાતુઓની અવસ્થાઓમાં પ્રાણજગતના પ્રગટીકરણનું વચન આપવામાં આવ્યું હોત તો તેણે તે વસ્તુની એક કલ્પના અથવા ભ્રમ તરીકેની ટીકા કરી હોત; તે જ રીતે પશુજગતમાં વિચાર અને બુદ્ધિના પ્રગટીકરણ વિશે તેની તે જ ભૂલ કરીને તેને એક અશકય અને ભ્રમયુકત કલ્પના ગણી હોત, તે જ! પ્રમાણે માનવચેતના અને તેની બુદ્ધિના અજ્ઞાત જગતની ઠોકર ખાતી મનોમયતામાં, આ અતિમાનસના પ્રગટીકરણ માટેની હાલની પરિસ્થિતિ છે.

*

એ બિલકુલ શકય છે કે જુદી જુદી ભૂમિકાઓ ઉપર કેટલાક સંવાદપૂર્ણ તબક્કાઓ આવેલા છે, અતિમાનસ ભૂમિકા નહિ. અને તે સમયે તેનામાં વિક્ષુબ્ધતા ઉત્પન્ન થયેલી – પરંતુ તે અચિત્‌માંથી ઉત્ક્રાંત થતી આધ્યાત્મિકતાના વળાંકમાં એક ભૂમિકા અથવા આરામદાયક સ્થિતિ જ હોઈ શકે.

*

આ વસ્તુનો ભાવાર્થ એ છે કે પરમાત્મા તેના મૂળભૂત આવિર્ભાવમાં આપણી સમક્ષ પ્રકાશ અને ચેતના, શકિત, પ્રેમ અને સૌંદર્ય તરીકે પ્રગટ થાય છે. પરંતુ તેના વૈશ્વિક આવિર્ભાવમાં, તે પરમ તત્ત્વ અનંત હોઈને, અને તેને કોઈ મર્યાદા બાંધતી નથી તેથી તે પોતાની અંદર જ, તેની પોતાની પરમ ચેતનામાં જ એવી રીતે અસંખ્ય રીતે આવિર્ભાવ પામી શકે છે કે તે પોતે પોતાથી કોઈ ઊલટી લાગતી વસ્તુ હોય, તે પ્રમાણે એવી કોઈ વસ્તુ જેમાં અંધકાર, અચિત્‌, જડતા, અસંવાદ અને વિભકતતા લાગે, એ પ્રમાણે આવિર્ભાવ પામે. આ ભૌતિક જગતના પાયામાં આ વસ્તુ આપણે નિહાળીએ છીએ અને તેને હાલમાં અચિત્‌ કહીએ છીએ – ઋગ્વેદનો અચિત્‌નો મહાસાગર જેમાં એકમેવ પ્રભુ પ્રચ્છન્ન એવો છે અને તે આ વિશ્વ તરીકે બહાર પ્રગટ થયેલ છે – અથવા કેટલીક વખત તેને અસત્‌ તરીકે વર્ણવવામાં આવેલ છે. આપણાં મન અને પ્રાણનો ગુણ જે અજ્ઞાન તરીકેની લાક્ષણિકતા છે તે અચિત્‌ના મૂળમાંથી પરિણામરૂપે આવેલી છે. અચિત્‌ના અસ્તિત્વમાંથી ઉત્પન્ન થતા વિકાસક્રમમાંથી સ્વાભાવિક રીતે જ એવી શકિતઓ અને સત્ત્વો ઉત્પન્ન થાય છે જે પ્રભુવિરોધી હોય છે અને તે ભૂલ, અચેતનતા, દુ:ખ, દર્દ, તમસ્‌, મૃત્યુ, નિર્બળતા, માંદગી, અસમતુલા અને અનિષ્ટ ઉત્પન્ન કરે છે તેને લઈને અહીં તેના આવિર્ભાવમાં વિકૃતિ થાય છે, અને પ્રભુની સાચી મૂળભૂતતાને પ્રગટ થવા દેતી નથી, તેમ છતાં

તેનો વધારે વ્યાપ થતો જશે, અમે તે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ જો આ પ્રકાશ, શાંતિ અને આનંદની મહત્તર ચેતના પ્રાપ્ત કરવી હોય તો તે પ્રશ્નો પૂછવાથી અથવા શંકા ઉત્પન્ન કરવાથી પ્રાપ્ત થશે નહિ. તે વસ્તુ તો જે વસ્તુ તૈયાર થાય છે તેમાંથી પાછા પાડે છે અને એમ કહે છે 'તે અશક્ય છે', જે વસ્તુ ભૂતકાળમાં બની નથી તે ભવિષ્યમાં બની શકે નહિ. જે વસ્તુ અપૂર્ણ રીતે સિદ્ધ થઈ છે તેનો ભાવિમાં વધારે સારી રીતે સાક્ષાત્કાર થઈ શકે નહિ. તેને માટે એક શ્રદ્ધા, એક સંકલ્પ અથવા ઓછામાં ઓછી એક ટકી રહે એવી માગણી અને અભીપ્સાની જરૂર છે– એક એવી લાગણી કે મને ફક્ત આ વસ્તુથી જ સંતોષ થઈ શકે અને તે વસ્તુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેના માટે એક સતત પ્રયત્ન કરીશ. એટલા માટે શંકા અને ઈન્કારનો ભાવ માર્ગમાં વિઘ્નરૂપ થાય છે કારણ કે તે બન્ને જે પરિસ્થિતિમાં આધ્યાત્મિક અનુભૂતિ પોતે જ ખુલ્લી થાય છે તેની રચનામાં વિઘ્નરૂપ બને છે.

*

અતિમનસનું અવતરણ લાંબી પ્રક્રિયા છે, અથવા તો તે પ્રક્રિયા માટે લાંબા ગાળાની તૈયારી માગી લે છે અને આપણે એમ કહી શકીએ કે તે કાર્ય પૂર્ણતા માટે કેટલીક વખત ખૂબ દબાણ માગી લે છે; કેટલીક વખત નિમ્નમાંથી ઊંચે ઊઠી આવતી વસ્તુઓને લઈને રુકાવટથી આગળ ચાલે છે અને તેથી આગળ પ્રગતિ સાધવા માટે તે બધી વસ્તુઓ સાથે કામ પાડવું પડે છે. તે પ્રક્રિયા આધ્યાત્મિક વિકાસક્રમની ટૂંકા સમયની એકાગ્રતાવાળી પ્રક્રિયા છે. તે બીજી રીતે પણ થઈ શકે છે (જેને માનવી અદ્‌ભુત ચમત્કારી હસ્તક્ષેપ ગણી લે) પરંતુ તેમાં માનવમન વધારે સ્થિતિસ્થાપક તથા પોતાના અજ્ઞાનની સાથે ઓછું આસક્ત હોવું જોઈએ. અમે ભાવિ દર્શન કરી શકીએ છીએ કે તે ફક્ત થોડી વ્યક્તિઓમાં જ આવિર્ભાવ પામશે અને પછીથી પ્રસરણ પામશે પરંતુ તે એક ક્ષણની અંદર પૃથ્વીનો કબજો લઈ શકશે નહિ. તે શું કરશે અથવા કઈ રીતે કાર્ય કરશે તેના વિશે બહુ ચર્ચા કરવી સલાહકારક નથી, કારણ કે તે વસ્તુઓ એવી છે જે અતિમનસ પોતે જ નક્કી કરશે અને તે કયા ચીલામાં ચાલશે તે વસ્તુ મન વડે નક્કી કરવાનો આપણે પ્રયત્ન ન કરવો જોઈએ. સ્વાભાવિક રીતે જ અવચેતનાના અજ્ઞાનમાંથી અને રોગોમાંથી મુક્તિ, ઈચ્છા પ્રમાણે જીવનનો ગાળો નક્કી કરવો અને શરીરની કાર્ય કરવાની રીતમાં પરિવર્તન એ વસ્તુઓ અતિમાનસ રૂપાંતરનાં અંતિમ તત્ત્વો હશે; પરંતુ અતિમાનસ શક્તિ ઉપર આ વિગતો છોડી દેવી જોઈએ અને તે તેના પોતાના ગુણધર્મોના સત્ય પ્રમાણે કાર્ય કરશે.

અતિમાનસનું અવતરણ વસ્તુઓના તર્કમાં અનિવાર્ય રીતની જરૂરિયાત છે અને તેથી તે ચોક્કસ છે. લોકો અતિમાનસ શું છે તે સમજી શકતા નથી અને અચેતન ભૌતિક તત્ત્વના જગતમાં, તે ચેતનાના પ્રગટીકરણના રહસ્યનો સાક્ષાત્કાર

આ ઉત્ક્રાંતિના પાયામાં જે કોઈ દિવ્ય વસ્તુ તિરોભૂત રહેલી છે અને તે પ્રકાશ, ચેતના, શક્તિ, પૂર્ણતા, સૌંદર્ય, પ્રેમ વગેરેમાં વિકાસ પામવા માટે દબાણ કરી રહેલ છે. કારણ કે, ખુદ અચિત્‌માં અને અજ્ઞાનની વિકૃતિઓમાં પણ દિવ્યચેતના ગુપ્ત રીતે રહેલી છે અને કાર્ય કરી રહી છે, અને તેનું વધારે ને વધારે સ્પષ્ટીકરણ થશે અને છેવટે પોતાના બુરખાઓ ફેંકી દેશે, એટલા માટે એમ કહેવાયું છે કે, દિવ્ય પ્રભુને અભિવ્યક્ત કરવા માટે જગતને સાદ અપાયો છે.

અતિમાનસ વિકાસક્રમ વિશેનું તમારું વિધાન સાચું છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે, સમગ્ર માનવજાતિ એકી સાથે અતિમાનસ બની જશે. વધારે અતિ-માનસ તત્ત્વનું અવતરણ એ પ્રમાણે થશે જે રીતે પૃથ્વીના જીવનમાં વિચારશીલ મન અને માનવીએ પોતાની જાતને પ્રગટ કરેલાં છે, હાલ જે રીતે માનવજાતિ છે તે પ્રમાણે પૃથ્વી ઉપર અતિમાનસ માનવો પ્રગટ થશે. માનવી પોતે એક મન અને અતિમાનસ વચ્ચેની અંતરાલ ભૂમિકા ઉપર આરોહણ કરવાની વધારે પ્રમાણમાં શક્યતા જોઈ શકશે અને પોતાના જીવનમાં રહેલી શક્તિઓને વધારે અસરકારક રીતે અનુભવશે. તેનો અર્થ એવો થશે કે પૃથ્વી ઉપરની માનવજાતિમાં મોટો ફેરફાર થશે પરંતુ મનોમય અવસ્થા ચઢતી ઉત્ક્રાંતિની સીડી ઉપરથી અદૃશ્ય થઈ જશે એવી શક્યતા નથી અને જો તે પ્રમાણે બનશે તો, માનવજાતિનું ચાલુ રહેલું અસ્તિત્વ આત્માની ઉત્ક્રાંતિની ગતિમાં એક જરૂરિયાત તરીકે પ્રાણ અને અતિમાનસ વચ્ચેની એક ભૂમિકા તરીકે જરૂરી રહેશે.

તમે જે ઊર્ધ્વતર અસ્તિત્વવાળા માનવીઓ વિશે સૂચન કરો છો તે રૂપાંતરની પ્રક્રિયાના ભાગ તરીકે જોઈ શકાશે. પરંતુ ફેરફારનો મુખ્ય ભાગ અતિમાનસ માનવનું પ્રગટીકરણ થશે અને અતિમાનસ પ્રકૃતિનું અહીં પ્રસ્થાપન થશે, જેવી રીતે ઉત્ક્રાંતિની છેલ્લી અવસ્થામાં મનોમય પ્રાણી અને મનોમય પ્રકૃતિની વ્યવસ્થા થઈ છે. હું ઊર્ધ્વતર માનવોના અવતરણ વિશે કાંઈ પણ ન કહેવાનું પસંદ કરું છું કારણ કે મારો અનુ-ભવ એમ કહે છે કે તેને લઈને એક મિથ્યા અને અહંકારયુક્ત કલ્પનાશીલ અવસ્થા તરફ દોરવાઈ જવાની શક્યતા છે, તેને લઈને આપણે દૂર જઈએ છીએ અને આપણું સાચું કાર્ય પ્રભુનો સાક્ષાત્કાર અને પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે.

*

અને અત્યારે જે કાંઈ કરી રહ્યા છીએ તે જો સફળ થાય અને જ્યારે પણ સફળ થાય તે ફક્ત શરૂઆત હશે પરંતુ સંપૂર્ણતા નહિ. તે વસ્તુ પૃથ્વી ઉપર એક નવીન ચેતનાનો પાયો છે—એક એવી ચેતના જેમાં આવિર્ભાવની અનંત રીતની

શક્યતાઓ રહેલી છે. આવિર્ભાવોમાં જ શાશ્વત પ્રગતિ રહેલી છે અને તેનાથી પર રહેલી વસ્તુમાં પ્રગતિ રહેલી નથી.

જો આપણું લક્ષ્ય ભૌતિક આવરણમાંથી આત્માની મુક્તિ કરવી એટલું જ હોય તો અતિમાનસકરણની કોઈ જરૂર નથી. આધ્યાત્મિક મુક્તિ અને નિર્વાણ પૂરતાં છે. જો અતિ ભૌતિક ભૂમિકાઓમાં આરોહ કરવાનું આપણું લક્ષ્ય હોય તો પણ, અતિમાનસની જરૂર નથી. પ્રભુની ભક્તિ દ્વારા માણસ કોઈ પણ પ્રકારના સ્વર્ગમાં પણ પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ, તે પ્રગતિ નથી. બીજાં બધાં જગતો અમુક ઢાંચાયુક્ત હોય છે, અને તે દરેક પોતાના અમુક ઢાળ અને નિયમોમાં બદ્ધ હોય છે. પૃથ્વી ઉપર જ ઉત્ક્રાંતિ થાય છે અને તેથી જ પૃથ્વી જ પ્રગતિ માટેનું યોગ્ય ક્ષેત્ર છે. અન્ય જગતોનાં સત્ત્વો એક જગતમાંથી બીજાં જગતોમાં પ્રગતિ કરીને જઈ શકતાં નથી, તેઓ તો તેમનાં બીબાંમાં ઢળાયેલાં હોય છે.

શુદ્ધ અદ્વૈત વેદાન્તી કહે છે કે સર્વ બ્રહ્મ છે, જીવન સ્વપ્ન છે, આવાસ્તવિકતા છે, ફક્ત બ્રહ્મ જ અસ્તિત્વ ધરાવે છે. માણસને નિર્વાણ અથવા મુક્તિ મળે પછીથી તેના દેહનું પતન થાય ત્યાં સુધી જ આ શરીરમાં રહે છે – ત્યાર પછી જ જીવન જેવી કોઈ વસ્તુ જ નથી.

તેઓ રૂપાંતરમાં માનતા નથી, કારણ કે મન, પ્રાણ અને શરીર એક અજ્ઞાન છે, એક ભ્રમ – એકમાત્ર સાચી વાસ્તવિકતા નિરાકાર નિરંજન બ્રહ્મ જ છે. જીવન એવી વસ્તુ છે જેમાં સંબંધો જ સ્થાપિત હોય છે; શુદ્ધ આત્મતત્ત્વમાં જીવન અને સંબંધો અદૃશ્ય થઈ જાય છે. માયાનો રૂપાંતર કરવાનો શો અર્થ છે? એવી માયા જે ગમે તે રીતે રૂપાંતરિત થાય તો પણ ભ્રમ સિવાય બીજું કાંઈ જ નથી? તેમના માટે નિર્વાણયુક્ત જીવન જેવું હોતું જ નથી.

ફક્ત થોડા જ એવા યોગો છે જેમનું લક્ષ્ય અજ્ઞાનનું જ્ઞાનમાં રૂપાંતર કરવા સિવાય કોઈ પણ પ્રકારનાં રૂપાંતર કરવાનું હોય છે. તે વિશેના ખ્યાલો જુદા જુદા હોય છે – કેટલીક વખત દિવ્ય જ્ઞાન અથવા દિવ્ય શક્તિ અથવા તો એક દિવ્ય વિશુદ્ધિ અથવા નૈતિક પૂર્ણતા અથવા દિવ્ય પ્રેમ.

જરૂરી વસ્તુ છે અજ્ઞાનના વિરોધ ઉપર મેળવવાની. જેને પ્રકૃતિનું રૂપાંતર થવા દેવું નથી. જો તેના ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય તો પ્રાચીન આધ્યાત્મિક વિચારો કોઈ પણ રીતે વિઘ્નરૂપ બની શકશે નહિ.

આપણે વિશાળ માનવજાતિનું અતિમાનસમાં રૂપાંતર કરવાનું લક્ષ્ય રાખતા

નથી પરંતુ અતિમાનસ ચેતનાના તત્ત્વને પૃથ્વીની ઉત્ક્રાંતિમાં સ્થાપન કરવાનું છે. જો તે બની શકે તો તે અતિમનસ શક્તિ પોતે જ બધી જરૂરી વસ્તુઓને ઉત્ક્રાંતિમાં લાવશે એટલે આપણા આ કાર્યને બહુ વિશાળ રીતે ફેલાવવું એ મહત્ત્વનું નથી. મહત્ત્વનું એ છે કે, સર્વમાં નહિ પરંતુ ગમે તેટલી નાની સંખ્યામાં પણ આ વસ્તુને સિદ્ધ કરવા; આ જ ફક્ત મુશ્કેલી છે.

જો શરીરનું રૂપાંતર પૂર્ણ બને તો તેનો અર્થ કે તે મૃત્યુનું તાબેદાર હશે નહિ. – એનો અર્થ એવો નથી કે માણસે કાયમ માટે પોતાના શરીરને ધારણ કરી રાખવું પડશે. જ્યારે જરૂર લાગે ત્યારે પોતાના માટે માણસ પોતે નવું શરીર સર્જન કરી શકે, પરંતુ તે કઈ રીતે બની શકે તે વિશે અત્યારે કહી શકાય નહિ. હાલની પદ્ધતિમાં શારીરિક રીતે જન્મ લેવાય છે – કેટલાક ગુહ્યવાદીઓ અનુમાન કરે છે કે એક એવો સમય આવશે જ્યારે તે પ્રમાણે કરવું જરૂરી નહિ બને – પરંતુ આ પ્રશ્ન અતિમાનસ વિકાસક્રમ ઉપર છોડી દેવો પડશે.

અતિમાનસ વિશેના પ્રશ્નોના ઉત્તરો હાથમાં આપવા લાભકારક નથી. મનની પકડમાં આવી શકે એવા શબ્દોથી અતિમાનસનું વર્ણન થઈ શકે નહિ; કારણ કે શબ્દો મનોમય હશે અને મન તે શબ્દોને મનોમય રીતે અને મનોમય ઇન્દ્રિયોથી સમજશે, અને તેનો સાચો અર્થ પકડી શકશે નહિ. તેમાં તો શક્તિ અને સમયનો વ્યય થાય. તેનો ઉપયોગ પ્રાથમિક કાર્યમાં કરવાનો છે – સ્વરૂપ અને પ્રકૃતિનું ચૈત્યીકરણ અને આધ્યાત્મિકરણ કરવામાં તેના સિવાય અતિમાનસીકરણ કરવું શક્ય નથી. સમગ્ર સક્રિય પ્રકૃતિને ચૈતસિક તત્ત્વએ દોરવણી આપવી જોઈએ જેથી સક્રિય આધ્યાત્મિક પ્રકાશ, શાંતિ, વિશુદ્ધિ, જ્ઞાન અને શાંતિથી તે સંપૂર્ણ બને. ત્યાર પછી ભલે તેને વચગાળાની આધ્યાત્મિક ભૂમિકાઓનું જ્ઞાન થાય અને તે ઇન્દ્રિયો દ્વારા અનુભૂતિઓ લઈને કાર્ય કરે; ત્યાર પછી જ અતિમાનસ રૂપાંતર વિશે વાત કરવાનું શક્ય બનશે.

*

વિશ્વ-પરિવર્તન કરનાર અથવા પ્રકૃતિમાં પરિવર્તન કરનાર યોગની પૂર્ણ પદ્ધતિ કઈ છે? એવી કોઈ પદ્ધતિ નથી કે માનવીના એક નાનકડા ભાગને ઉપાડીને તેમાં હૂક ભેરવીને એક ગરેડી દ્વારા તેને ઊંચકીને નિર્વાણમાં અથવા સ્વર્ગમાં ખેંચી લે. વિશ્વ-પરિવર્તન કરનાર યોગની પદ્ધતિ એટલી બધી વિવિધ સ્વરૂપી તારના દોરડાની માફક મજબૂત અને ધૈર્યયુક્ત છે કે તે સમગ્ર જગતને તેનામાં આવરી લે. જો તે બધી જ મુશ્કેલીઓ અને શક્યતાઓ તથા દરેક જરૂરી મૂળભૂત તત્ત્વો સાથે સંપૂર્ણ રીતે વ્યવહાર ન કરી શકે તો તેને માટે સફળ થવા માટેની કોઈ શક્યતા ખરી?

અને એવી પૂર્ણ પદ્ધતિ ખરી કે જે દરેક વ્યકિત તેને અમલમાં મૂકવા માટે સમજી શકે તે એવી વસ્તુ નથી. જે અમુક નિશ્ચિત કરેલા છેદમાં અમુક પ્રમાણમાં અને નિશ્ચિત અક્ષરમેળમાં નાનું એવું કાવ્ય રચી શકાય. જો તમે તેને કાવ્યની ઉપમા તરીકે સ્વીકારો તો તે મહાભારતનું પણ મહાભારત કરવા જેવું છે. મર્યાદિત મહાભારતની પદ્ધતિ ગ્રીસની મર્યાદિત પૂર્ણતા સાથે સરખાવતાં કયા પ્રકારની છે?

અને આવા દષ્ટાંતમાં વિચાર બુદ્ધિનો શું ઉપયોગ? જો વ્યકિતએ તર્કયુકત બુદ્ધિને પણ ઓળંગી જાય એવી નવીન ચેતના પ્રાપ્ત કરવી હોય તો વ્યકિત એવા માર્ગે જઈ શકે જે માર્ગ તર્કયુકત બુદ્ધિ સમજે અને તેનો ન્યાય આપે તથા ડગલે અને પગલે તેના પર પ્રભુત્વ સ્થાપન કરે અથવા તેમાં શું કરવું તે બુદ્ધિના કહેવા પ્રમાણે ચાલે. અથવા તેની સિદ્ધિઓનું માપ શું હોઈ શકે અથવા તેના માટે કયાં કયાં પગલાં ભરવાં જોઈએ અને તે માર્ગનું શું મૂલ્ય હોઈ શકે? જો માનવી તે પ્રમાણે કરે તો તે તર્કયુકત બુદ્ધિના પ્રદેશમાંથી બહાર નીકળીને તેનાથી પર રહેલી વસ્તુમાં કઈ રીતે જઈ શકે? અને જો કોઈ તે પ્રમાણે કરે તો વ્યકિત શું કરી રહી છે તેને વિશે બુદ્ધિના માપદંડથી માપનાર બીજાઓ તે વસ્તુને કઈ રીતે મૂલવશે? જ્યારે વ્યકિત સામાન્ય ચેતનામાં હોય ત્યારે જે સામાન્ય ચેતનાથી પર રહેલી વસ્તુ છે તેના વિશે તે કેવી રીતે નિર્ણય આપી શકે? તમે તમારી જાતથી પર થઈને જ, જે તમારાથી પર રહેલું છે તેના વિશે જાણી, અનુભવી તથા નિર્ણય ન બાંધી શકો? સંવેદન અને અનુભૂતિ વગરના નિર્ણયથી કિંમત શી?

અતિમાનસ સંકલ્પ શું કરશે તે વિશે મન અગાઉથી કોઈ નિર્ણય બાંધી શકે નહિ. મન અજ્ઞાત છે જે સત્યની શોધ કરે છે, જ્યારે અતિમાનસ તેની વ્યાખ્યા પ્રમાણે સત્ય-ચેતના છે, સત્ય જે પોતાનું સ્વામીત્વ ધરાવે છે અને તે પોતાની જ શક્તિથી ચરિતાર્થ થાય છે. અતિમાનસ જગતમાં અપૂર્ણતા અને સંવાદિત અદશ્ય થવા માટે જ સર્જાયેલાં હોય છે, પરંતુ અત્યારે આપણે જે ધારણા રાખીએ છીએ તેમાં પૃથ્વીને અતિમાનસ જગત બનાવવાની નથી, પરંતુ બાકીના જગત વચ્ચે અતિમાનસને એક શકિત અને સ્થાપિત ચેતના તરીકે ઉતારવાની છે. અને તેને તેમાં કાર્ય કરવા અને ચરિતાર્થ કરવાની છે, જે રીતે મન, પ્રાણ અને સ્થૂલમાં અવતરણ પામ્યું, અને તેણે ત્યાં એક શકિત તરીકે બાકી રહેલી વસ્તુમાં પોતાની જાતને સિદ્ધ કરી તે રીતે જગતની અને પ્રકૃતિની હાલની મર્યાદાઓને તોડી પાડીને તેમનામાં પરિવર્તન લાવવું એટલું પૂરતું છે, પરંતુ શું, કઈ રીતે અને કેવી કક્ષાઓએ તે બનશે તેના વિશે અત્યારે કહેવું યોગ્ય નથી – જ્યારે ત્યાં પ્રકાશ છે ત્યારે પ્રકાશ

પોતે જ પોતાનું કાર્ય કરશે – જ્યારે અતિમાનસ સંકલ્પ પૃથ્વી ઉપર ઉપસ્થિત થશે ત્યારે તે અતિમાનસ સંકલ્પ જ નિર્ણય કરશે. તે એક પૂર્ણતા, સંવાદિતા અને સત્યના સર્જનનું સ્થાપન કરશે, તે સિવાય બાકીના બધા માટે, વારુ, તે બધું જ બાકી રહેશે – એટલું બસ છે.

*

સમગ્ર માનવજાતિ એકી સાથે પરિવર્તન પામી શકે નહિ. જે કરવાનું છે તેમાં ઊર્ધ્વતર ચેતનાને પૃથ્વી ચેતનામાં નીચે ઉતારી લાવીને એક સતત સાક્ષાત્કાર પામેલી શક્તિ તરીકે સ્થાપના કરવાની છે. જે રીતે મન અને પ્રાણ સ્થૂલ તત્ત્વમાં સાકાર અને સ્થાપિત થયેલું છે તે રીતે અતિમાનસ શક્તિને તેમાં સ્થાપન કરીને સિદ્ધ કરવાની છે.

*

તે સર્વસ્વનું એક ક્ષણમાં પરિવર્તન કરવું શક્ય નથી – અમે કાયમ કહેલું છે કે જેવું દિવ્ય અવતરણ થશે તે જ ક્ષણે સમગ્ર માનવજાતિ પરિવર્તન પામશે નહિ. પરંતુ એક ઊર્ધ્વતર તત્ત્વને પૃથ્વી-ચેતનામાં તે રીતે સ્થાપિત કરવાનું શક્ય છે જેથી કરીને તે ત્યાં રહીને સામર્થ્યયુક્ત બનતું બનતું પાર્થિવ ચેતનામાં પોતાની જાતનો વ્યાપ વધારતું જાય. એ રીતે જ ઉત્ક્રાંતિમાં એક નવીન તત્ત્વએ ચોક્કસ રીતે કાર્ય કરવું જોઈશે.

*

તેને (જગતને) તે વસ્તુ જોઈએ છે અને તેની પાસે જે વસ્તુ નથી તેની તેને ઇચ્છા નથી, જે કોઈ વસ્તુ અતિમાનસ આપી શકે તેને જગતનું આંતરમન ઇચ્છે છે, પરંતુ તેનું બહિર્મન, પ્રાણ અને શારીરિકને તેના માટે જે કિંમત ચૂકવવી જોઈએ તે ચૂકવવી નથી. પરંતુ છેવટે તો, મારો પ્રયત્ન સમગ્ર જગતમાં તાત્કાલિક ફેરફાર લાવવાનો નથી, પરંતુ તેના કેન્દ્રમાં એવી કોઈ વસ્તુ લાવવી છે જે તેનામાં હજુ સુધી આવેલી નથી, એક નવીન ચેતના – એક નવીન શક્તિ.

*

વ્યક્તિગત રીતે અથવા એકાંતિક રીતે રૂપાંતર સાધી શકાય નહિ, તેમજ એકાદ વ્યક્તિનું એકલું અટુલું રૂપાંતર, જેને પૃથ્વીના કાર્ય સાથે કોઈ સંબંધ ન હોય (જેને અર્થ વ્યક્તિગત રૂપાંતર કરતાં વધારે છે) તેવું શક્ય અથવા ઉપયોગી નથી. તે જ પ્રમાણે કોઈ એકાદ માનવ પણ કેવળ પોતાની શક્તિથી રૂપાંતરનું કાર્ય

કરી શકે નહિ. તેમ જ આ યોગનું લક્ષ્ય કોઈ એકાદ અતિમાનવનું અહીં કે ત્યાં સર્જન કરવાનો હેતુ પણ નથી. આ યોગનું લક્ષ્ય અતિમાનસ ચેતનાને પૃથ્વી ઉપર ઉતારી લાવીને ત્યાં ચોક્કસ સ્થાપિત કરવાનું છે. અને એક નવીન જાતિને ઉત્પન્ન કરવાની છે જેમાં વ્યક્તિગત અને સામૂહિક જીવનની આંતર તેમજ બાહ્ય ચેતના ઉપર અતિમાનસ ચેતનાનું શાસન રહે.

તે શક્તિ, એક પછી એક વ્યક્તિ તેની તૈયારી મુજબ સ્વીકારશે અને તે ભૌતિક જગતમાં અતિમાનસ ચેતનાનું પ્રતિષ્ઠાન કરશે અને તે રીતે પોતાના વિસ્તારને માટે એક કેન્દ્રવર્તી બળનું સર્જન કરશે.

*

પ્રથમ તો વ્યક્તિઓ મારફતે તે (અતિમાનસ ચેતના) પૃથ્વી ચેતનાનો ભાગ બને છે અને તે પછીથી તે પ્રથમ કેન્દ્રો દ્વારા વિસ્તાર પામે છે અને સમગ્ર પૃથ્વી ચેતનામાં વધારે ને વધારે વ્યાપમાં ફેલાતી જાય છે અને છેવટે ત્યાં તે પ્રકાશિત શક્તિ બની શકે છે.

*

તે બધું અર્થહીન છે. અતિમાનસનું અવતરણ એટલે પૃથ્વી ચેતનામાં, જે રીતે ચિંતક મન અને ઊર્ધ્વ મન, એક જીવંત શક્તિ તરીકે પાર્થિવ ચેતનામાં ધારણ કરાયા છે, તે રીતે તે અતિમાનસ શક્તિ પણ જીવંત શક્તિ તરીકે રહેશે. પરંતુ પશુ ચિંતક મનોમય શક્તિની હાજરીનો લાભ ઉઠાવી શકે નહિ. અથવા અવિકસિત માનવ ઊર્ધ્વતર મનોમયની હાજરીનો લાભ લઈ શકે નહિ – તે જ પ્રમાણે દરેક વ્યક્તિ અતિમાનસ શક્તિની હાજરીનો લાભ લઈ શકશે નહિ. મેં પૂરતા પ્રમાણમાં ઘણી વખત કહેલું છે કે, પ્રથમ તે અમુક વ્યક્તિઓ માટે જ બની આવશે, અને નહિ કે સમગ્ર પૃથ્વી માટે – ફક્ત તેની અસર પાર્થિવ જીવન ઉપર એક વિકાસ પામતી અસરમાં પરિણમશે.

*

દરેક વ્યક્તિ તેને (પૃથ્વી-ચેતનામાં અતિમાનસના અવતરણને) અચૂક રીતે જાણી શકશે નહિ. તે ઉપરાંત જો તે અહીં અવતરણ પામે તો તેના છેવટના ફેર-ફારને તે જાણી શકે તે પહેલાં તેણે તૈયાર થવું પડશે.

*

તે વસ્તુ સમગ્ર પૂર્ણ રીતે નહિ બની આવે – કારણ કે (વૈશ્વિક મન, વૈશ્વિક પ્રાણ અને ભૌતિક તત્ત્વ)નું રૂપાંતર આપણા કાર્યનો પ્રદેશ નથી. આપણે આપણી પોતાની જાતનું રૂપાંતર સાધવાનું છે અને અતિમાનસ તત્ત્વને ત્યાં ઉત્ક્રાંતિમાં દાખલ કરવાનું છે. એક વખત તે તત્ત્વ ત્યાં આવી જાય પછીથી તે અચૂક રીતે શક્તિશાળી અસરથી સમગ્ર પૃથ્વીના જીવન ઉપર કાર્ય કરશે – જે રીતે માનવીઓની ઉત્ક્રાંતિ મારફતે મનસ તત્ત્વએ અસર કરી છે પરંતુ તેનાથો પણ તે વધારે અસર કરશે.

*

પૃથ્વીની પરિસ્થિતિઓમાં મહાન ફેરફાર કર્યા સિવાય અતિમાનસ જેવું બળ નીચે ઊતરે એવી શકયતા નથી. તેનો અર્થ એવો નહિ કે બધું જ અતિમાનસ-મય બની જશે અને તે જરૂરી પણ નથી – પરંતુ પૃથ્વી ઉપર મનની વૃદ્ધિ થવાથી જે રીતે પ્રાણ ઉપર અસર થઈ તે રીતે મનના પોતાના ઉપર પણ તે પ્રમાણે અતિમનસ શકિતની અસર થશે.

*

સાચા અતિમાનસ બળ સિવાય કોઈ પણ કાયમી વસ્તુ બની શકશે નહિ. પરંતુ તેના અવતરણનું પરિણામ એ પ્રકારનું આવશે કે માનવજીવનમાં અત્યારે છે તેના કરતાં સહજ સ્ફુરણાની શકિત એક વધારે શકિતશાળી અને વૃદ્ધિ પામતી શકિત થતી જશે અને મન અને અતિમાનસની વચ્ચેની અંતરાલ શકિતઓ વધારે ને વધારે સામાન્ય બની જશે, વૃદ્ધિ પામશે અને વ્યવસ્થિત રીતે કાર્ય કરતી થશે.

*

તમે કેવી રીતે જાણી શકો કે આપણા યોગની સામાન્ય માનવીઓ ઉપર કોઈ અસર નહિ થાય? તેમની શકયતાઓમાં અવશ્ય રીતે વૃદ્ધિ થતી જશે અને જો કે બધા જ ઉચ્ચતમ શિખર ઉપર ન ચઢી શકે તેમ છતાં પૃથ્વી માટે તે મોટો ફેરફાર બનશે.

*

તેનાથી ઊલટું સામાન્ય માણસોને પણ એક મહત્તર પ્રકાશ અને શકિત પૃથ્વી ઉપર આવેલી છે એવી અનુભૂતિ અનુભવી શકાય એ અશકય છે.

*

દિવ્ય ચેતના કોઈ લાભ કે હાનિની ગણતરીથી કાર્ય કરતી નથી. માનવ-

વિકાસ માટે એ વસ્તુ તો માનવ દષ્ટિબિંદુથી જરૂરી લાગે છે. ગીતા કહે છે તે પ્રમાણે પ્રભુને કોઈ લાભ નથી કે કોઈ નુકસાન પોતાનામાં હોતું નથી. તેમ છતાં તે આવિર્ભાવમાં કર્મની શકિત મૂકે છે. અતિમાનસ તત્ત્વના અવતરણથી ફાયદો તો પૃથ્વી ચેતનાને છે, નહિ કે અતિમાનસ જગતને – અને તેના અવતરણ માટે તેટલું પૂરતું કારણ છે. અતિમાનસ જગતો તો જેવાં છે તેવાં જ રહેવાનાં અને તેમના અવતરણથી તેમને પોતાને કોઈ અસર થવાની નથી.

*

"નીચેથી ઉપર તરફ ખુલ્લા થવું" * નો અર્થ આ છે. – અતિમાનસ બળ નીચે અવતરણ કરે છે ત્યારે પૃથ્વી ચેતનામાં નીચેથી એક પ્રત્યુત્તર જગાડે છે જેથી કરીને અતિમાનસ કાર્યને પાર્થિવતામાં પોતાનામાં સક્રિય રીતે કાર્ય કરવાની શકયતા થાય છે. પાર્થિવચેતના, પ્રાણ મન અતિમનસ બધાં જ ગર્ભિત રીતે ગુપ્ત રહેલાં છે. – પરંતુ જ્યારે પ્રાણ-બળ પ્રાણની ભૂમિકા ઉપરથી ભૌતિક તત્ત્વમાં અવતરણ પામ્યું ત્યારે ગર્ભિત ગુપ્ત મન સ્થૂલ તત્ત્વમાં જાગ્રત થયું અને સંગઠિત થયું. અતિમાનસ અવતરણે નીચે ભૌતિક તત્ત્વમાંથી જ તે પ્રકારના ખુલ્લાપણાનું સર્જન કરવું પડશે જેથી કરીને અતિમનસ ચેતના ભૌતિક પ્રકૃતિમાં સુવ્યવસ્થિત બની શકે.

*

પૃથ્વીમાં એવી બધી જ સંભવિતતાઓ રહેલી છે જે પૃથ્વીના પ્રાણીઓમાં બહાર આવી શકે પણ બીજી ઘણી વધારે અપ્રગટ વસ્તુઓ રહેલી છે.

*

હા. પૃથ્વી ઉત્ક્રાંતિ માટેનું સ્થળ છે. જેમાં આ બધી શકિતઓ એકત્રિત થઈને આવિર્ભાવ પામવા પ્રયત્ન કરે છે અને તેમની કાર્યપદ્ધતિ દ્વારા કોઈક વસ્તુનો વિકાસ પામવાનો છે. બીજી ભૂમિકાઓ ઉપર (મનોમય, પ્રાણમય વગેરે) કોઈ ઉત્ક્રાંતિ નથી – ત્યાં દરેક પોતપોતાના નિયમ પ્રમાણે ભિન્નભિન્ન રીતે કાર્ય કરે છે.

*

---

* "...નીચેની પાર્થિવતામાંથી ખુલ્લી થવાની છેક ઉચ્ચ ભૂમિકાની અતિમાનસ શકિત જ સ્થૂલ પ્રકૃતિના ઉપર વિજયશાળી રીતે કામ કરી શકે છે. અને તેની મુશ્કેલીઓનો વિનાશ સાધી શકે છે."

( પાર્થિવ – ચેતના ) આ પૃથ્વીની જ ફક્ત ચેતના – પૃથ્વીની એક બીજી વૈશ્વિક ચેતના છે ( બીજા જગતોની માફક ) જે પૃથ્વીના ગ્રહના ઉપરના જીવનની ઉત્ક્રાંતિની સાથે સાથે ઉત્ક્રાંત થાય છે.

*

હા, તે બધી જ પૃથ્વી-ચેતના છે – ખનિજ = સ્થૂલ પદાર્થ, વનસ્પતિ = પ્રાણમય શારીરિક સર્જન, પશુ = પ્રાણમય સર્જન, માનવ = મનોમય સર્જન. પૃથ્વી-ચેતનામાં, જે મન, પ્રાણ અને સ્થૂલતત્ત્વ મર્યાદિત છે, તેમાં અતિમાનસ સર્જન આવવું જ જોઈએ. એટલું ચોક્કસ છે કે પ્રથમ તો તે મોટી સંખ્યામાં બની નહિ આવે – પરંતુ પહેલા થોડાઘણામાં આવે છતાં તેનો અર્થ એવો નહિ કે બાકીના બીજા ઉપર તેની કોઈ અસર નહીં થાય અથવા તો પૃથ્વીની પ્રકૃતિની સમગ્ર સમતુલામાં બિલકુલ ફેરફાર નહિ થાય.

*

એવું કોઈ પણ કારણ નથી કે શા માટે વનસ્પતિ, પ્રાણી અને માનવજીવન સત્યમાં ઉત્ક્રાંત ન થાય. જો એક વખત પણ ત્યાં પૃથ્વીની ભૂમિકા ઉપર જ્ઞાન આવી જાય, તો અજ્ઞાનમાં પણ તે ન થાય.

*

તે ( અતિમાનસ ) સર્વ વસ્તુઓ ઉપર સીધેસીધું કાર્ય કરે. જો તેને પાર્થિવ ચેતનામાં નીચે ઉતારવામાં આવે – હાલ તો અહીં વસ્તુઓની જે ગોઠવણી થયેલી છે તેમાં તેની પાછળ ગુપ્ત રહેલું છે. અને બીજા માધ્યમ દ્વારા કાર્ય કરે છે.

*

( સીધેસીધું હાલમાં વનસ્પતિમાં અતિમાનસ કાર્ય: ) ના, વ્યક્તિ તે પ્રમાણે કરી શકતી નથી. તે પ્રાણિક બળ કાર્ય કરે છે. પરંતુ આ પ્રાણબળમાં એક પ્રકારની અંતર્હિત સહજ સ્ફુરણા છે. જે સમગ્ર કાર્યની પાછળ રહેલી છે. અને તેને એક પ્રતિબિંબ કહી શકાય. અથવા કોઈ એવી શક્તિનું પ્રતિનિધિ જેની પાછળ ગુપ્ત અતિમનસ રહેલું છે.

*

તમે કહો છો તે પ્રમાણે જો મારા વાચકો એમ માનતા હોય કે આધ્યાત્મિક અને અતિમનસ એક જ તત્ત્વ છે, તો પછી બધા જ ઋષિમુનિઓ અને ભક્તો તથા

યોગીઓ અને સાધકો, બધા જ યુગો દરમ્યાન, અતિમાનસ માનવો હોત અને જે કાંઈ મેં અતિમાનસ વિશે લખ્યું છે તે બધું નકામું નિરુપયોગી નિરર્થક બની જાય. જે કોઈને આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ હોય તે બધા જ અતિમાનસ મનુષ્યો બની જાય; આશ્રમ પોતે જ અતિમાનસ માનવોથી ભરચક હોત અને ભારતના બીજા બધા આશ્રમો પણ – આધ્યાત્મિક અનુભૂતિઓ આંતર ચેતનામાં પ્રતિષ્ઠિત થાય છે, અને તેનામાં ફેરફાર કરીને રૂપાંતર કરે છે. એમ તમે માની શકો; વ્યક્તિ સર્વત્ર પ્રભુનો સાક્ષાત્કાર કરી શકે, દરેકમાં પોતાના આત્માનો અને દરેક આત્માનો પોતાનામાં, અને વૈશ્વિક શક્તિ સર્વ વસ્તુઓમાં કાર્ય કરે, વ્યક્તિ પોતાની જાતને વિશ્વાત્મામાં વિભાજન થયેલી અનુભવી શકે અથવા એક પરમાનંદપૂર્ણ ભક્તિથી પરિપૂર્ણ અનુભવી શકે. પરંતુ તે ઘણે ભાગે પોતાની બાહ્ય પ્રકૃતિના અન્ય ભાગોમાં એ જ પ્રકારે ચાલુ રહે, પોતાની બુદ્ધિથી વિચાર કરતો અથવા બહુ બહુ તો સહજ સ્ફુરણાયુક્ત મનવાળો. તેનામાં મનોમય સંકલ્પ હોય, પોતાની પ્રાણમય સપાટી ઉપર આનંદ અને દુ:ખની અનુભૂતિ કરે, અને પોતાના શરીરની તકલીફો અને વેદનાઓ પણ સહન કરે કારણ કે મૃત્યુ અને રોગગ્રસ્ત શરીરમાં જીવનનો સંઘર્ષ રહેલો છે. તો પછી ફેરફાર ફક્ત એટલો જ થશે કે અંતરાત્મા તે બધી વસ્તુઓનો સાક્ષીરૂપ નિરીક્ષણ કરતો રહેશે અને તકલીફ અને મૂંઝવણ અનુભવશે નહિ. પૂર્ણ સમતાયુક્ત રહેશે અને તે સર્વ વસ્તુઓને પ્રકૃતિના એક અનિવાર્ય ભાગ તરીકે સ્વીકારશે, ખાસ કરીને તો જ્યાં સુધી પ્રકૃતિમાંથી મુક્ત થઈને પરમતત્ત્વમાં વ્યક્તિ પોતાની જાતને પાછી ખેંચી ન લે ત્યાં સુધી મારું રૂપાંતર વિશેનું આ પ્રકારનું નથી. તે બિલકુલ જુદી જ જ્ઞાનની શક્તિ છે, જુદા જ પ્રકારની સંકલ્પશક્તિ, અન્ય પ્રકારની ઊર્મિ અને કલાની પ્રકાશમય પ્રકૃતિ, જુદા જ પ્રકારની શારીરિક ચેતનાનું બંધારણ – જે અતિમાનસ ફેરફારથી અચૂક આવવું જ જોઈએ.

*

પરમાત્મા (જે સર્વત્ર છે)ના સંપર્કથી આધ્યાત્મિક સાક્ષાત્કાર કોઈ પણ ભૂમિકા ઉપર થઈ શકે છે અથવા અંતરમાં રહેલા આત્માના પોતાના દર્શન વડે પણ થઈ શકે છે. કારણ કે આત્મા વિશુદ્ધ છે અને બાહ્ય ગતિઓથી અસ્પર્શ્ય છે. અતિમનસ કોઈક પરાત્પર વસ્તુ છે – એક સક્રિય સત્ય-ચેતના, જે હજુ સુધી અહીં આવેલી નથી પણ ત્યાં ઉપરથી તેનું નીચે અવતરણ કરવાનું છે

*

કેવળ અતિમનસ જ સર્વજ્ઞાન ધારક છે. તેનાથી નીચેનું બધું જ અધિ-

મનસથી માંડીને સ્થૂળ તત્ત્વ સુધીનું અજ્ઞાન છે – એક અજ્ઞાન જે એક પછી એક ભૂમિકાઓમાંથી વિકાસ પામતું પામતું પૂર્ણજ્ઞાન તરફ જાય છે. અતિમનસની નીચે જ્ઞાન હોઈ શકે પરંતુ તે સર્વજ્ઞ જ્ઞાન નથી.

*

મેં એમ નથી કહ્યું કે, અતિમાનસ સત્ય સિવાયનું બધું અસત્ય છે. મેં કહ્યું છે કે, અતિમાનસની નીચે રહેલું કોઈ પણ તત્ત્વ પૂર્ણ સત્ય નથી. અતિમનસનું સત્ય સંપૂર્ણ અને સંવાદયુક્ત છે. તેનું સત્ય અધિમનસમાં જુદી જુદી રીતે કકડે કકડે વહેંચાયેલું છે. તેમાં ઘણાં સત્યો એકબીજાની સામે પડે છે. અને દરેક પોતાની જાતની પૂર્ણતા માટે ગતિ કરે છે, જેથી તે દરેક પોતાનું વિશ્વ ઉત્પન્ન કરે અથવા તો જુદા જુદા પ્રકારનાં સત્યો અથવા સત્ય-બળોનાં એકબીજાનાં સંગઠનોથી બનતા વિશ્વમાં પોતાનો ભાગ લે અથવા વિજયી નીવડે. સીડીના નીચેના પગથિયે વિભક્તતા વધારે અને વધારે સ્પષ્ટ બનતી જાય છે, અને તેમાં ભૂલ, અસત્ય, અજ્ઞાન અને છેવટે જડતત્ત્વ જેવી અચેતનાઓ પ્રવેશ આપે છે. આ અચેતનામાંથી આ જગત બહાર આવેલું છે અને તેણે મનનો વિકાસ કરેલો છે. જે અજ્ઞાનનું સાધન છે. આ મન મર્યાદા, સંઘર્ષ, ગોટાળો અને ભૂલોની પરંપરા દ્વારા સત્યને પહોંચવાનો પ્રયત્ન કરે છે. જો કોઈ અધિમનસ સુધી પૂર્ણ રીતે પહોંચવા પ્રયત્ન કરે, જે શરીરધારી પ્રાણીઓ માટે સહેલું નથી, તો તે અતિમાનસ સત્યની સરહદો ઉપર ઊભો રહી શકે અને ત્યાં પહોંચવાની તે આશા રાખી શકે.

*

તેના માટે કોઈ માનસિક નિયમ અથવા વ્યાખ્યા આપી શકાય નહિ. માણસે પ્રથમ તો પ્રભુમાં જીવન ધારણ કરવું જોઈએ. અને સત્યની પ્રાપ્તિ કરવી જોઈએ – જીવનને સત્યનો સંકલ્પ અને જાગરુકતા વ્યવસ્થિત ગોઠવી આપશે.

જો માનવી લય અથવા મોક્ષની શોધ કરે તો તે નિષ્ક્રિય બ્રહ્મમાં લય પામે છે. માનવી વૈયક્તિક પ્રભુમાં જીવન ધારણ કરી શકે છે. પરંતુ તેનામાં તે લય પામી જતો નથી. પૂર્ણ પુરુષોત્તમ જગતના અસ્તિત્વને પોતાનામાં ધારણ કરે છે અને જગત તેની ચેતનામાં ગતિ કરે છે; તેથી પરમ પુરુષોત્તમમાં પ્રવેશ કરવાથી વ્યક્તિ પ્રકૃતિની ગુલામીમાંથી મુક્ત થાય છે, પરંતુ તે જગતના અસ્તિત્વની ચેતનામાંથી લય પામતો નથી.

વિશ્વમાં રહેલી પ્રભુની સામાન્ય સંકલ્પશક્તિ વિશ્વમાં પ્રગતિશીલ આવિર્ભાવ

માટે હોય છે. પરંતુ તે સર્વ સામાન્ય સંકલ્પ હોય છે — જે વ્યક્તિગત આત્માઓને જગતમાં ચાલુ રહેવું હોતું નથી તેમને પોતાની જાતને પાછી ખેંચી લેવાની તે મંજૂરી આપે છે.

અધિમનસના જડતત્ત્વનાં અવતરણ સાથે શરીરની અમરતા નહિ, પરંતુ શરીરમાં અમરતાની ચેતના આવી શકે છે. અથવા સ્થૂલ મનમાં પણ તે આવી શકે છે. અથવા અમુક હળવા પ્રકારના અતિમનસ પ્રકાશનો સ્થૂલ મનોમય ચેતનાને સ્પર્શ થાય તો પણ તે પ્રકારે બની શકે છે. આ બધાં પ્રાથમિક દ્વારો ખૂલે છે, પરંતુ તે બધાં જડતત્ત્વમાં થતો અતિમનસ સાક્ષાત્કાર નથી.

જો અતિમનસનું નિર્માણ થયું હશે તો તેને કોઈ વસ્તુ અટકાવી શકશે નહિ; પરંતુ આ બાબતમાં બધી જ વસ્તુઓનું કાર્ય શક્તિઓની લીલા પ્રમાણે ચાલુ રહ્યું છે. અને તેને માટે અનિચ્છનીય વાતાવરણ અથવા તો સંજોગો તેને અટકાવી નહિ શકે, પરંતુ ઢીલમાં તો નાખી શકે છે. કોઈ પણ વસ્તુનું નિર્માણ થયેલું હોય, છતાં તે વસ્તુ એક ખાતરી તરીકે અહીંની ચેતનામાં હાજર થતી નથી. (અધિમનસ મન-પ્રાણ-જડમાં) ખાસ કરીને જ્યારે શક્તિઓની લીલા એક એવા ચોક્કસ બિંદુએ ન પહોંચી હોય જેમાં અવતરણનું ચોક્કસ અસ્તિત્વ છે એટલું જ ન દેખાય પરંતુ અનિવાર્ય વસ્તુ તરીકે સ્પષ્ટ દેખાય.

*

અતિમાનસ પરિવર્તન એ સિદ્ધિનું અંતિમ પગથિયું છે. અને તે હાલમાં જલદી આવશે એવું લાગતું નથી પરંતુ સામાન્ય મન અને અતિમનસ વચ્ચે ઘણી ભૂમિકાઓ છે. અને તેમાંની કોઈ પણ ભૂમિકા ઉપરનું આરોહણ સહેલાઈથી ભૂલ કરાવે એમ છે, અથવા તેમાંની કોઈ પણ ભૂમિકાની ચેતનાનું અવતરણ અથવા અસરને અતિમાનસ પરિવર્તન તરીકે માની લેવાની ભૂલ કરવી તે સહેલું બને છે.

સાચી આનંદમય ભૂમિકામાં આરોહણ કરવું બિલકુલ અશક્ય છે. (સિવાય કે ગાઢ સમાધિમાં) તે વસ્તુ અતિમાનસ ચેતનામાં પ્રવેશ કરી તેનો સાક્ષાત્કાર કરી તેને ધારણ કરીએ ત્યારે બની આવે; પરંતુ કોઈ પણ ભૂમિકાએ આનંદમય ચેતનાનું કોઈ સાધારણ સ્વરૂપમાં અનુભવ કરવો એ બિલકુલ શક્ય છે. આવી ચેતના જ્યાં જ્યાં પણ અનુભવાય ત્યારે તે આનંદની ભૂમિકામાંથી ઊતરી આવેલી છે. પરંતુ નીચેની ભૂમિકાઓની સ્વીકારવાની ઓછી શક્તિના કારણે તેની શક્તિ ઘણી ક્ષીણ થયેલા હોય છે અને પરિવર્તન પામેલી હોય છે.

*

હું ધારું છું કે, અધિમનસ ચેતના તૈયાર થઈ રહી છે તેમાં સત્ય-શકિતનો વિકાસ થઈ રહ્યો છે. સ્વરૂપનું પૂરેપૂરું અતિમાનસીકરણ થાય ત્યાર પછી જ પરાત્પર આનંદ પોતે નીચે અવતરણ પામી શકે અને તેનો અર્થ એ કે પૃથ્વી–ચેતનામાં એક પ્રચંડ ફેરફાર થાય. અધિમનસનું દિવ્ય સત્ય અને અધિમનસમાં દિવ્ય આનંદ તેમના અવિર્ભાવ માટે હવે તૈયારી કરી શકે છે, અને આવી અનુભૂતિઓથી તેનું સૂચન મળી રહે છે.

*

આપણે તો અતિમનસને નીચે લાવી, આવિર્ભૂત કરી અને તેનો સાક્ષાત્કાર કરવાનો છે. તેમાંથી કોઈ પણ ઊર્ધ્વતર વસ્તુ અત્યારના ઉત્ક્રાંતિના તબકકે અશકય છે, સિવાય કે આપણે તેને આપણી ચેતનાઓમાં કોઈ પ્રતિબિંબ તરીકે ઝીલીએ અથવા જેમના અવતરણમાં ફેરફારવાળી કોઈ પ્રતિનિધિરૂપ વસ્તુ હોય.

*

મને ખબર નથી કે મહાત્મા ગાંધી પૂર્ણ સાક્ષાત્કારનો[1] શો અર્થ કરે છે. જો તેઓ પૂર્ણ સાક્ષાત્કાર એટલે એવો સાક્ષાત્કાર કે પછી કાંઈ બીજો સાક્ષાત્કાર કરવાનો ન હોય અથવા ત્યાર પછી વધારે વિકાસની શકયતા ન હોય, તો હું સહમત થાઉં છું — મેં આગળ દિવ્ય પ્રગતિ કરવા વિશે વાત કરી છે, એક અનંત વિકાસ. પરંતુ પ્રશ્ન એ નથી; પ્રશ્ન આ પ્રમાણે છે. અજ્ઞાનથી પર થઈ શકાય કે કેમ, અંધકારમાંથી પ્રકાશમાં, અવિદ્યાના કારણમાંથી જ્ઞાનની શોધ કરનાર કરણમાં ફેરફાર કરી શકાય કે કેમ; અથવા જ્ઞાનના આવિર્ભાવમાંથી વૃદ્ધિ પામતા જ્ઞાનમાં પ્રગતિ કરી શકાય કે કેમ; જેમાં પ્રકાશનો વિસ્તાર થતો જાય, અને વધારે અને વધારે પ્રકાશ પ્રાપ્ત થતો જાય – તે વસ્તુ શકય છે કે કેમ ? હું માનું છું કે આ પરિવર્તન શકય છે એટલું જ નહિ પરંતુ અહીં રહેલા માનવ-સ્વરૂપમાં આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં અનિવાર્ય છે. જીવન ધારણ કરનાર દેહોને આ વસ્તુ સાથે કાંઈ નિસ્બત નથી. દેહ અથવા ધારણ કરેલું શરીર એ જીવન નથી, પરંતુ તેમાં રહેલી ચેતના અને તેની શકિત એ જીવનનું એક પાસું અથવા બળ છે.

---

૧. આ બધી નોંધો એક સાધકે શ્રી અરવિંદના અભિપ્રાય માટે મહાત્મા ગાંધીના એક લેખનું અવતરણ મોકલેલું તેના પર છે. "હું એમ માનું છું આ દેહધારી જીવનમાં પૂર્ણ સાક્ષાત્કાર અશકય છે. તેમજ તેની જરૂર પણ નથી. માનવીઓને તેમના ઉચ્ચ આધ્યાત્મિક શિખરે પહોંચવા માટે એક જીવંત અડગ શ્રદ્ધાની જ ફકત જરૂર છે."

જે રીતે પ્રાણ-તત્ત્વએ મનનો વિકાસ કર્યો અને જે પ્રમાણે દેહધારી માનવે પોતાની જાતનું આ વૃદ્ધિ માટે પરિવર્તન કર્યું (મન સ્પષ્ટ રીતે જ અવિદ્યાનું કરણ છે જે જ્ઞાન માટે શોધ કરે છે.) તે પ્રમાણે મન પણ અતિમનસનો વિકાસ સાધી શકે. અતિમનસ તેની પ્રકૃતિમાં જ જ્ઞાન છે અને તે પોતાની જાત માટે શોધ કરતું નથી, પરંતુ પોતાની સહજ શક્તિથી પોતાનો આવિર્ભાવ કરે છે, અને મૂર્ત થયેલી વસ્તુ પોતાનામાં ફરી પરિવર્તન લાવી શકે અથવા તો તે ઊર્ધ્વમાંથી આવતી શક્તિ દ્વારા આ વિકાસને અનુરૂપ બની શકે માટે પરિવર્તન પામી શકે, સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધા જરૂરી સાધન છે કારણ કે આપણે તે વિશે અજ્ઞાન છીએ અને આપણે કઈ વસ્તુના સાક્ષાત્કાર માટે શોધ કરીએ છીએ તે હજુ જાણતા નથી; શ્રદ્ધા એ જ ખરેખર જ્ઞાન છે, અને તેનો આવિર્ભાવ થાય તે પૂર્વે પોતાની જાતનો સંકેત આપે છે; જે સૂર્યનો ઉદય થયો નથી તેની પહેલાંની હજુ તે ઉષા છે. જ્યારે સૂર્યોદય થશે ત્યાર પછી તે ઉષાની જરૂર રહેશે નહિ. અતિમાનસ જ્ઞાન પોતે પોતાના ઉપર જ આધાર રાખે છે. તેને વિશ્વાસના આધારની જરૂર નથી; તે પોતાની ખાતરી ઉપર જ જીવન ધારણ કરે છે. તમે એમ કહી શકો કે વધારાની પ્રગતિ, અને વધારે વિકાસને માટે શ્રદ્ધાની જરૂર પડશે. ના, આગળ ઉપરનો વિકાસ જ્ઞાનના પાયા ઉપર રચાશે, નહિ કે અવિદ્યાના પાયા ઉપર. આપણે જ્ઞાનના પ્રકાશમાં ગતિ કરીશું અને આત્મ-ચરિતાર્થતાના વધારે વિશાળ પ્રદેશોમાં આગળ જઈશું.

*

અચિત્‌માંથી થતી ઉત્ક્રાંતિ જો કોઈ પ્રત્યાઘાત ન હોય તો દુઃખદાયક જ બને તેવું નથી. તે પ્રભુનો સ્પષ્ટ ધીરજયુક્ત અને સુંદર પ્રફુલ્લિત વિકાસ હોઈ શકે. માણસે જોવા માટે શક્તિમાન બનવું જોઈએ, કે બાહ્ય રીતે પ્રકૃતિ 'અચેતન' લાગે છતાં તે બાહ્ય પ્રકૃતિ કેટલી સુંદર હોય છે અને બની શકે છે. શા માટે આંતર પ્રકૃતિમાં રહેલી ચેતનાની વૃદ્ધિની સાથે સાથે આટલી બધી કુરૂપતા અને અનિષ્ટ બની આવે છે. જે બાહ્ય સર્જનના સૌંદર્યને બગાડી નાખે છે? અવિદ્યામાંથી જન્મ પામેલી વિકૃતિ, જે પ્રાણ સાથે આવી અને મનની સાથે વૃદ્ધિ પામી — તે જ અસત્ય છે, તે જ છે અનિષ્ટનો જન્મ, જે તે અચિત્‌ની નિદ્રાની સંપૂર્ણ અક્કડતા જેણે ગુપ્ત ચેતનાની પ્રકાશિતતાને અંદર ગુપ્ત રીતે કાયમ માટે હતી તેનાથી તેના કાર્યને અલગ કરી નાખ્યું હતું તેમાંથી તે જન્મ પામ્યું. પરંતુ તે પ્રમાણે જ બનવું જોઈએ તેમ નહિ સિવાય કે તેમાં પણ પરાત્પર પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિ જે

સર્વથી પર રીતે કાર્ય કરે છે તે જ કારણભૂત હોય. તે અચિત્ અને અવિદ્યા દ્વારા થતી વિકૃતિની બધી જ શક્યતાઓનો આવિર્ભાવ થવો જોઈએ. જેથી કરીને તેમને જે તક મળી હોય તેમાંથી તેમનો પૂરેપૂરો નિકાલ થઈ શકે, કારણ કે બધી જ સંભાવ્યતાઓને કોઈક જગાએ તો આવિર્ભાવ પામવાનો જ હતો; એક વખત તેમનો પરિત્યાગ થાય તો જડતત્ત્વમાં પરમાત્માનો આવિર્ભાવ બીજી રીતે થઈ શકે, તેના કરતાં વધારે સારી રીતે થઈ શકે કારણ કે આ મુશ્કેલ સર્જનમાં અંતર્હિત રહેલી બધી જ શક્યતાઓને સુગ્રથિત બનાવી શકાય અને નહિ કે એક વખત સહેલું અને ઓછી મહેનત માગતા સર્જનમાં ઓછી વસ્તુઓથી ચલાવી લેવાય.

"સુંદરતા તરફથી વધારે સુંદરતા તરફ, આનંદ તરફથી વધારે તીવ્રતર આનંદ તરફ, ઈન્દ્રિયોની ખાસ ગોઠવણી તરફથી – હા ભલે ધીમે ધીમે પણ દિવ્ય આવિર્ભાવનો સામાન્ય માર્ગ જડતત્ત્વમાં તે રીતે થઈ, "બેસૂરો અવાજ અને ઘૃણાસ્પદ દુર્ગંધ" ચેતના અને પ્રકૃતિ વચ્ચે અસંવાદના સર્જન કરનાર છે. અને તેમની પોતાની જાતનું તો અસ્તિત્વ જ નથી; મુક્ત થયેલી અને સંવાદી ચેતનામાં તેઓનું સ્થાન નથી, કારણ કે તે વસ્તુઓ તે ચેતનાઓ માટે વિદેશી હોય છે. અને જે આત્મા સંવાદયુક્ત વૃદ્ધિ પામતો હોય તેનામાં અથવા તો તેની પ્રકૃતિમાં કોઈ અસર થતી નથી. "ઊકળતા જ્વાળામુખી, ભાંગફોડ કરતું વાવાઝોડું અને ચક્કર ફરતો વંટોળિયો" પણ ભવ્ય અને સુંદર વસ્તુઓ છે. અને જે ચેતના તેમની સાથે કામ પાડી શકતી નથી અથવા તો વરુણ અને અગ્નિનાં સત્ત્વો સાથે સંવાદમાં નથી તેમને માટે જ નુકસાનકારક અથવા ભયંકર છે. તમે એમ ધારી લો છો કે અત્યારે અને અહીં જે પ્રકારનો અચિત્‌માંથી આવિર્ભાવ છે તે જ પ્રમાણે હોવો જોઈએ અને તે સિવાય બીજા કોઈ પણ પ્રકારના ભૌતિક તત્ત્વનો આવિર્ભાવ શક્ય ન હતો, પરંતુ ભૌતિક પ્રકૃતિનો સંવાદ જ સાબિત કરી આપે છે કે જેનામાં અસંવાદ, અનિષ્ટ અને ભયંકર રીતે વિક્ષુબ્ધ અને દર્દયુક્ત સર્જન હોવું જરૂરી નથી – જો ચૈત્યપુરુષને પ્રથમથી જ પ્રાણ અને મનમાં આવિર્ભાવ કરવાની મંજૂરી આપવામાં આવી હોય અને તે પડદા પાછળ રહીને કાર્ય કરે છે તેના બદલે ઉત્ક્રાંતિનો નેતા બનવા દેવામાં આવ્યો હોત તો તે તત્ત્વ કાયમ સંવાદના જ પ્રવાહનું સર્જન કરતો હોત; જે કોઈ માણસે તેના પોતાની અંદર ચૈતસિક પુરુષના કાર્યની અનુભૂતિ કરેલી છે, અને પ્રાણની ડખલગીરીમાંથી મુક્ત રીતે કાર્ય કર્યું છે તે તાત્કાલિક થઈ શકે છે, કે તેની અસર આ પ્રમાણે જ થઈ હોત. કારણ કે તેનામાં દોષ વિનાની દૃષ્ટિ છે, સાચી પસંદગી હોય છે, અને સંવાદયુક્ત કાર્ય હોય છે. તે પ્રમાણે બન્યું નથી કારણ કે અંધકારનાં બળોએ પ્રાણને એક કરણ બનાવવાને બદલે પોતાની માલિકીની

વસ્તુ બનાવી છે. જે માણસનું અંતરદર્શન ખુલ્લું હોય અને તેને તેમનો દુઃખદ અનુભવ થયેલો હોય તેને માટે વિરોધી બળોની વાસ્તવિકતા અને તેઓ જે ભાગ ભજવે છે તેની પ્રકૃતિ તથા કેવી દિશામાં તે બળો પ્રયત્નો કરે છે તે વિશે તેને શંકા રહેતી નથી.

*

આપણે કોઈ પણ ના પાડી શકીએ નહિ, કોઈ પણ આધ્યત્મિક પણ ઇન્કાર કરી શકે નહિ કે આ જગત આદર્શહીન અને અસંતોષકારક જગત છે. તેની ઉપર વિશિષ્ટ રીતે અપૂર્ણતાની, દુઃખની અને અનિષ્ટની છાપ છે. ખરેખર આ રીતનું દર્શન એક આધ્યાત્મિક જિજ્ઞાસાનું આરંભ-બિંદુ છે – સિવાય કે અમુક વિરલ વ્યક્તિઓ જેમને કોઈ પણ જાતનાં દબાણ અથવા પીડા વગર નૈસર્ગિક રીતે જ એવી અનુભૂતિ થઈ હોય કે આ સમગ્ર આવિર્ભૂત અસ્તિત્વ માટે તેમને કોઈ દર્દજનક છાયા અથવા અનાસક્તિમાંથી બળાત્કારે પસાર થવું પડતું નથી. પરંતુ તે પ્રશ્ન તો ઉપસ્થિત રહે છે જ કે આપણે જે રીતે માની લીધું છે તે પ્રમાણે જ ખરેખર આ બધા આવિર્ભાવની મૂળભૂત ખાસિયત છે અથવા તો જ્યાં સુધી આ ભૌતિક જગત છે ત્યાં સુધી તેની પ્રકૃતિ તે જ પ્રકારની રહેવી જોઈએ, જેથી કરીને જન્મની કામના, આવિર્ભાવનો અથવા સર્જનનો સંકલ્પ એક મૂળભૂત પાપ તરીકે ગણાવો જોઈએ ? અને જન્મ અથવા આવિર્ભાવમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવી એ એક જ મુક્તિનો શક્ય માર્ગ છે ? જે લોકો આ પ્રમાણેની અથવા તેને મળતી આવતી વિચારસરણી ધરાવે છે – અને આ પ્રકારના લોકો બહુમતિમાં છે – તેમના માટે જગતમાંથી બહાર નીકળવા ઘણા પ્રચલિત માર્ગો નક્કી કરાયેલા છે, અને તેમાં સીધેસીધો આધ્યાત્મિક મુક્તિનો માર્ગ છે. પરંતુ તે રીતે જ આપણે બીજી રીતે વિચારીએ તો આ જગતની પરિસ્થિતિ તે પ્રમાણેની ન પણ હોય અથવા આપણાં અજ્ઞાન કે આંશિક જ્ઞાનથી જે તેવું દેખાતું હોય. જગતમાં રહેલી અપૂર્ણતા, અનિષ્ટ અને વેદના કોઈ એવી વિષમ પરિસ્થિતિ હોય અથવા તો એક દુઃખમય વચલી અવસ્થા હોય પરંતુ આવિર્ભાવ માટેની એકમાત્ર એવી શરત ન પણ હોય અને પ્રકૃતિ માટે એ પ્રકારનું જ સારતત્ત્વ ન પણ હોય. અને જો તે પ્રમાણે હોય તો શ્રેષ્ઠતમ જ્ઞાન જગતમાંથી નાસી છૂટવાનાં નથી, પરંતુ અહીં આ જગતણાં રહીને જ વિજય પ્રાપ્ત કરવો જોઈએ અને આ જગતની પાછળ રહેલા દિવ્ય સંકલ્પને સહકાર આપવો જોઈએ. અને પૂર્ણતા માટે આધ્યાત્મિક દ્વારની શોધ કરવી જોઈએ. અને તે પ્રાપ્ત કરીને તેના દ્વારા દિવ્ય પ્રકાશ, દિવ્ય જ્ઞાન અને પરમાનંદના અવતરણને

સંપૂર્ણ રીતે ઉતારી લાવવાનું તે દ્વારા બનશે. જે બધા માનવીઓને આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ છે.

તેઓ નિશ્ચિત રીતે પ્રતિપાદન કરે છે કે આપણે જે પ્રગટ થયેલા જગતમાં રહીએ તેની ક્ષણિકતાથી ઉપર એક કોઈ એવું પરમ શાશ્વત તત્ત્વ છે. આપણી આ જે મર્યાદિત ચેતના છે જેની સાંકડી સરહદોમાં આપણે ફાંફા મારીએ છીએ, અને સંઘર્ષમય જીવન ગાળીએ છીએ, તેના ઉપર એક શાશ્વત તત્ત્વ છે. તેનાં લક્ષણો છે અનંતતા, આત્મ-અસ્તિત્વ, મુક્તિ, પૂર્ણ પ્રકાશ અને નિરપેક્ષ પરમાનંદ. તો પછી જે પરાત્પર વસ્તુ ઉપર રહેલી છે અને અહીં જે નીચે જગતની પરિસ્થિતિ છે તે બે વચ્ચે એવી ખાઈ છે કે જેના પર સેતુ બાંધી ન શકાય ? અથવા તો બન્ને શાશ્વત વિરોધી વસ્તુઓ રહેવાની નિર્માણ થયેલી છે ? અને આ સાહસનં સમય પર છોડી દઈને, તે ખાઈને ઓળંગીને જ માણસ શાશ્વત તત્ત્વને પામી શકે છે ? એક આધ્યાત્મિક વિચારસરણી અનુસાર છેવટનું બિંદુ આ રીતનું જ છે; અને તે દષ્ટિબિંદુને અનુસરીને બુદ્ધધર્મે આ જ કઠોર પરિણામ બતાવ્યું છે. તે ઉપરાંત એક અમુક પ્રકારની અદ્વૈતવાદી આધ્યાત્મિકતા આનાથી હળવી રીતે પરમાત્મા સાથેનો કોઈક પ્રકારનો સંબંધ સ્વીકારે છે, પરંતુ છેવટે તો બન્ને વસ્તુમાં એક તે સત્ય અને બીજી વસ્તુને માયા કહે છે, અને બન્ને વચ્ચે વિરોધ સર્જે છે. પરંતુ એક બીજી જ અને નિશ્ચિત અનુભૂતિ પણ છે કે પ્રભુ અહીં દરેક વસ્તુમાં રહેલો છે, તેમજ દરેક વસ્તુની પર અને પાછળ પણ રહેલો છે, અને આ બધું જ તે તત્ (બ્રહ્મ)માં રહેલું છે અને તેના બાહ્ય દેખાવમાંથી નીકળી જઈએ અને તેની વાસ્તવિકતામાં પાછા પહોંચીએ ત્યારે તે સર્વ પરમાત્મારૂપ જ છે. એ પણ એક અગત્યની અને ઘણી પ્રકાશિત વસ્તુ છે કે બ્રહ્મનો જાણકાર. આ જગતમાં હરતોફરતો અને કાર્ય કરતો છતાં જગતના બધા આઘાતોને ઝીલતો છતાં એક પરમાત્માની પરમ શાંતિમાં પરમ પ્રકાશમાં અને પરમાનંદમાં રહેલો હોય છે. તો પછી કોઈક એવી વસ્તુ છે જે પ્રભુ અને જગત વચ્ચે કેવળ સ્પષ્ટ વિરોધ દર્શાવતી નથી. કાંઈક એવું રહસ્ય છે, કોઈ એવો કોયડો છે જે આટલાં બધાં અંતિમ પરિણામ કરતાં કાંઈક બીજી વસ્તુ માન્ય કરે. આ આધ્યાત્મિક અનુભૂતિની શક્યતા આ પ્રકારની વસ્તુથી કાંઈક પરમ વસ્તુ તરફ આપણા અસ્તિત્વના અંધકારમાં એક આશાનું કિરણ લાવી આપે છે.

અને તરત જ એક પ્રથમ પ્રશ્ન ઉત્પન્ન થાય છે—આ જગતમાં એકની એક ઘટનાઓનું પુનરાવર્તન જ થયા કરે છે કે પછી તેમાં વિકાસક્રમ સાધવા માટેની કોઈ ઉત્કંઠા, ઉત્ક્રાંત થતી કોઈ વાસ્તવિકતા તરફ કોઈ આરોહણની સીડી છે કે

કેમ ? મૂળભૂત દેખાતા અચિત્‌માં કોઈ વધારે ને વધારે વિકાસ પામતી ચેતના છે જે દરેક વિકાસ વખતે ઊર્ધ્વમાં ચડતી ચડતી ઊર્ધ્વતમ શિખર પર પ્રગટ થતી જાય અને જે વસ્તુ આપણી સામાન્ય ચેતનાની પહોંચ બહાર હોય ? જો તે પ્રમાણે હોય તો તેનો મૂળભૂત સિદ્ધાંત શું છે ? તે પ્રગતિ માટેનું તાર્કિક કારણ કયું છે ? દરેક વસ્તુ હકીકતમાં એક એવી પ્રગતિનો નિર્દેશ કરે છે – નહિ કે કેવળ સ્થૂલ ઉત્ક્રાંતિનો પણ આધ્યાત્મિક પ્રગતિનો. અહીં પણ આ વસ્તુને સાચી ઠરાવે એવી આધ્યાત્મિક અનુભૂતિની હારમાળા મળે છે જેમાં આપણને માલૂમ પડે છે કે જે અચિત્‌માંથી આ બધી વસ્તુઓનો આરંભ થાય છે તે બાહ્ય રીતે જ તે પ્રમાણે દેખાય છે, કારણ કે તેમાં પણ એક ગુપ્ત ચેતના રહેલી છે અને તેની અનંત શકયતાઓ છે. તે કેવળ મર્યાદિત નથી, પરંતુ વૈશ્વિક અને અનંત છે. તે પ્રભુ પોતે જ ગુપ્ત અને આત્મકેદમાં પડેલો છે. તે જડતત્ત્વની કેદમાં પડેલો છે. અને તેમ છતાં તેનાં ગુપ્ત ઊંડાણોમાં દરેક પ્રકારની સુષુપ્ત શક્તિ રહેલી છે. આ ઉપરછલ્લા દેખાતા અચિત્ તત્ત્વમાં દરેક શકયતા તેના ક્રમ પ્રમાણે પ્રગટ થાય છે. પ્રથમ તો આ અચિત્‌માંથી એક સંગઠિત જડતત્ત્વ પ્રગટ થાય છે, જે તેની અંદર વસેલા આત્મતત્ત્વને ઢાંકી રાખતું હોય છે, ત્યાર પછી વનસ્પતિમાં જીવનતત્ત્વ અથવા પ્રાણતત્ત્વ પ્રગટ થાય છે. પછી પ્રાણીઓની સાથે પ્રાણતત્ત્વનું અને વિકાસ પામતા મન–તત્ત્વનો સંયોગ થાય છે. ત્યાર પછી તે મનની ઉત્ક્રાંતિ થતાં માનવમાં તે સંગઠિતરૂપ લે છે. આ પ્રકારની ઉત્ક્રાંતિ, આ આધ્યાત્મિક વિકાસક્રમ – એક સંપૂર્ણ મનોમય પ્રાણી, જેને આપણે માનવી કહીએ છીએ, ત્યાં આગળ જ અટકી જાય છે ? અથવા તેનું રહસ્ય ફક્ત એટલું જ છે કે તેમાં એક જન્મ પછી બીજા જન્મની ચક્રગતિ જ છે અને તેનો હેતુ એટલો જ કે શ્રમ કરીને એવું શોધી લેવું કે આ જીવન કેવળ નિરર્થક વસ્તું છે અને તેના પરિણામે જીવનનો પરિત્યાગ કરી એક એવી ઠક ભરીને કોઈ આદિ – અજન્મા અસ્તિત્વમાં અથવા અ-સત્‌માં પહોંચી જવું ?...તેમાં એક એવી શકયતા તો છે જ, અમુક એવા બિંદુએ ખાતરી થાય છે કે, આપણે જેને મન કહીએ છીએ તેનાથી વધારે એવી વિરાટ ચેતના છે, અને તેની વિકાસની સીડી ઉપર ચડતા ચડતા આગળ ઉપર એક એવી સ્થિતિ શોધી શકીએ કે જ્યાં જડ તત્ત્વની, પ્રાણ અને મનોમય અવિદ્યાની પકડમાંથી મુકત બની શકીએ; ત્યાં ચેતનાનું એક એવું તત્ત્વ આવિર્ભાવ પામી શકે જે આ કેદ પડેલા પરમાત્માને માટે મુક્તિ હોય; તે અંશતઃ કે અપૂર્ણ મુક્તિ નહિ પરંતુ સંપૂર્ણ હોય. આ દર્શનમાં દરેક ઉત્ક્રાંતિનો તબક્કો એ રીતનો લાગે કે, એક વધારે ને વધારે ઉચ્ચતર ચેતનાની શક્તિનું અવતરણ પૃથ્વીની ભૂમિકાના જીવનને ઊંચે ઉઠાવે છે અને એક ઉચ્ચતર

ભૂમિકાની રચના કરે છે. પરંતુ સૌથી ઉચ્ચતમ ચેતનાનું અવતરણ તો હજી બાકી છે. તે ચેતનાના અવતરણથી જ આ જગતના અસ્તિત્વની સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થશે, એટલું જ નહિ પણ આત્મા અને ખુદ પ્રકૃતિની પણ મુક્તિ મળી રહેશે. તંત્રમાર્ગના કેટલાક સાધકોને આ સત્યના ઝબકારાની માફક દર્શન થયેલાં છે. અને તે સાધકોને તે માર્ગમાં વીર-સાધકો અથવા દિવ્ય-સાધકો કહેવાય છે, અને અત્યારે તે સત્ય પૂર્ણ પ્રગટીકરણ માટે અને અનુભૂતિ માટે નજીકની વસ્તુ લાગે છે. તે બને પછી આ જગતમાં ગમે તેટલો સંઘર્ષ અને વેદના અને અંધકારનો ભારે બોજો હોય, છતાં આપણે માટે પરિણામે જો આ વસ્તુ આ જગતમાં ઊતરીને સ્થાયી બને તો પ્રથમ જે કાંઈ પહેલાં બની ગયું તેની કિંમત ગમે તેટલી ભારે હોય છતાં તે વસ્તુ નગણ્ય છે. જગતના સમર્થ અને સાહસિક મનુષ્યો, અત્યાર સુધી જે કાંઈ બન્યું છે અને હવે ભવિષ્યમાં બનશે તેના જે મુકાબલે પેલી વસ્તુઓને અગત્ય નહિ આપે. કોઈ પણ રીતે અંધકારનો પડદો ઊંચકાઈ જાય છે, એક દિવ્ય પ્રકાશ જીવન ઉપર ઝળૂંબી રહે છે, અને તે પ્રકાશ કોઈ દૂર દૂરની અવ્યવહાર્ય વસ્તુ નહિ બની રહે, પરંતુ એ સાચું છે કે પ્રશ્ન તો હજુ પણ બાકી રહે છે કે અહીં જે બધું હજુ સુધી છે તેને રહેવા માટેની શી જરૂર છે? આ બેઢંગી શરૂઆત, આ લાંબો અને તોફાન ભરેલો માર્ગ – શા માટે આટલી બધી નીરસતાની, આટલી બધી ભારે કિંમતની માગણી કરવામાં આવે છે, શા માટે આ અશુભ અને વેદના અહીં રહેવાં જ જોઈએ? આ અજ્ઞાનમાં પતન કઈ કઈ રીતે થયું અને તેની સામેનો પ્રશ્ન પણ થાય કે તે શા માટે થયું તે માટેનું સબળ કારણ પણ છે, જેમાં બધી જ આધ્યાત્મિક અનુભૂતિઓ એક બાબતમાં સહમત છે. જે એક પરમ તત્ત્વ છે, તેમાંથી જે આપણે જુદા પડયા, અને વિભક્તતામાં તેનાથી છૂટા પડયા છીએ એનું કારણ એ શાશ્વત અને એકમેવ પરમતત્ત્વમાંથી છૂટા પડયા તે જ છે. અહંકારે પોતાના માટે જગતમાં એક અલગ સ્થાપના કરી અને તેણે પોતાની કામનાના સંતોષ માટે જે પરમ પ્રભુ સાથેનું ઐક્ય છે અને જે સર્વ સાથેનું ઐક્ય છે તેના બદલે અલગતાને પસંદ કરી છે. તે ઉપરાંત એક પરમ શક્તિ, પ્રજ્ઞા અને પ્રકાશ જે બધી શક્તિઓમાં સંવાદનું સ્થાપન કરે છે, તેણે તેને બદલે દરેક વિચાર, શક્તિ અને વસ્તુઓના દરેક રૂપને અનંત શક્તિઓમાં પોતાનું અલગપણું બનાવવા માટે મંજૂરી આપી. અનંત શક્યતાઓના સમુદાયમાં તે દરેકે પોતપોતાના અલગ સંકલ્પ પ્રમાણે કામ કર્યું અને તેથી, અંતમાં બીજા બધાની સાથે તેને સંઘર્ષ થયો. આ જગતની વેદના અને અજ્ઞાનના સબળ કારણ તરીકે વિભક્તતા, અહંકાર અપૂર્ણ ચેતનાના એક સ્વતંત્ર આત્મ અસ્તિત્વનાં ફાંફાં, તથા સંઘર્ષ ઉત્પન્ન

થયો. એક અદ્વૈત ચેતનામાંથી એક ચેતના છૂટી પડી તેથી તે બધા અનિવાર્ય રીતે અવિદ્યામાં પડયા અને અજ્ઞાનના છેવટના પરિણામરૂપે અચિત્ થયું; એક તમોમય પ્રચંડ અચિત્‌માંથી આ ભૌતિક જગતની ઉત્પત્તિ થાય છે. અને તેમાંથી આત્મા ઉત્ક્રાંતિ દ્વારા મૂળ ચેતનામાં જવા માટે સંઘર્ષ વેઠે છે. આત્મા ગુપ્ત રહેલા દિવ્ય પ્રકાશ પ્રત્યે આકર્ષાય છે અને જે દિવ્યતામાંથી તે આવેલ છે. અને જે દિવ્યતાને તેણે ગુમાવી દીધેલી છે. તેના તરફ તે અંધ રીતે પણ, ઊંચે ચડયા કરે છે.

પરંતુ જગત આ પ્રમાણે જ બનવાની જરૂર શી હતી ? આ પ્રશ્નને સામાન્ય રીતે મૂકીને તેનો ઉત્તર આપવો એ પ્રથમ તો મનોમય રીતે શકય નથી. નૈતિક રીતે બંડ કરીને અને પ્રભુને ઠપકો આપવો, લાગણીઓની બૂમાબૂમ કરવી એ બરાબર નથી, કારણ કે કેટલાક ધર્મો માની બેઠા છે તે પ્રમાણે એક વ્યકિતરૂપ દેવે, જે પોતે આ જગતમાં નીચે પડેલો નથી, પણ ઉપર રહીને પોતાની મરજી મુજબ અને પોતાની ધૂન પ્રમાણે તેણે પ્રાણીઓ ઉપર અશુભ અને દુઃખો ઠોકી બેસાડેલાં નથી – પ્રભુ પોતે આપણે જાણીએ છીએ તે પ્રમાણે અનંત સ્વરૂપવાળા છે અને ખરી રીતે તો પરમાત્મા પોતે જ અહીં આ જગતમાં રહીને, આવિર્ભાવમાં તેના પોતાના આવિર્ભાવમાં રહેલા છે, અને પોતાના ઐકય દ્વારા જગતને ટકાવી રહેલ છે આપણે જાણીએ છીએ કે, પરમાત્માનું એક અનંત સ્વરૂપ છે અને તેના અનંત આવિર્ભાવમાં આ બધી વસ્તુઓ બનેલી છે – તે બધામાં અહીં તત્ – તે જ છે. તે પરમાત્મા જ આપણી અંદર રહીને તે પતનનો અને તેના અંધકારમય પરિણામોનો બોજો વહન કરે છે. જો તે જગતથી પર રહેલો છે તો ત્યાં તે તેના પૂર્ણ પ્રકાશ, આનંદ અને શાંતિમાં છે. તે અહીં આ જગતમાં પણ રહેલો છે, તેનો પ્રકાશ, પરમાનંદ અને શાંતિ અહીં ગુપ્ત રીતે રહેલાં છે અને બધાને ટેકો આપે છે. આપણી પોતાની અંદર એક આત્મતત્ત્વ ( ચૈત્ય પુરુષ ) રહેલો છે. એક કેન્દ્રસ્થી હાજરી છે અને તે આપણી બાહ્ય સપાટી ઉપર રહેલી વ્યકિતતાઓની હારમાળા કરતાં પણ ઘણો જ મહાન છે. અને તેને પોતાને પરમતત્ત્વની માફક જ, જે સપાટી ઉપરની વ્યકિતતાઓનાં નિર્માણો રહેલાં છે, તેમને જે અસર થાય છે, તે વસ્તુથી તે અસ્પર્શ્ય છે; જો આપણે અંતરાત્મામાં આ પ્રભુને શોધી શકીએ, જો આપણે આપણી જાતને તે આત્મતત્ત્વ તરીકે ઓળખી શકીએ જે પ્રભુનું જ તત્ત્વ અને રૂપ છે તો તે આપણું મુકિતનું દ્વાર છે. અને આ જગતના વિસંવાદોની વચ્ચે પણ આપણે પ્રકાશમય, આનંદમય અને મુકત રહી શકીએ. આધ્યાત્મિક અનુભૂતિ આ વસ્તુની સાક્ષી યુગોથી આપે છે.

પરંતુ તેમ છતાં આ વિસંવાદનો હેતુ અને મૂળ શું છે ? – આ ભેદ અને

અહંકાર શા માટે આવ્યાં ? શા માટે આ જગતનો વિકાસક્રમ આટલો બધો દુ:ખમય છે ? જે દિવ્ય રીતે શુભ છે, આનંદમય છે, અને શાંત છે તેમાં આ અશુભ અને દુ:ખનો પ્રવેશ જ શા માટે થયો ? માનવ–બુદ્ધિની ભૂમિકા ઉપરથી તેનો ઉત્તર સમજવાનો કઠિન છે, કારણ કે જે ચેતનામાં આ દશ્યમાન જગતનું મૂળ રહેલું છે તે ચેતના બુદ્ધિથી પર રહેલા જ્ઞાનમાં સહજ રીતે જ પરાબૌદ્ધિક રીતે સત્ય અને ન્યાયી કરેલી છે; તે એક વૈશ્વિક ચેતના છે અને કોઈ વ્યક્તિરૂપ માનવચેતના નથી; તે વિશાળ દષ્ટિથી જુએ છે, અને આપણું પોતાનું દર્શન અને જ્ઞાન હોય છે તેનાથી જુદી જ રીતનું જ્ઞાન ધરાવે છે. માનવ–બુદ્ધિ અને લાગણી કરતાં તે ચેતના માટે જુદી જ પરિભાષા હોય છે. માનવના મનને આપણે આ રીતે ઉત્તર આપી શકીએ. અનંત પરમાત્માની ચેતના આ બધી ઊથલપાથલોથી અસ્પર્શ્ય રહે છે, તેમ છતાં એક વખત તેનામાંથી આવિર્ભાવો શરૂ થયા તેની સાથે અનંત શક્યતાઓ પણ શરૂ થઈ, અને તે બધી શક્યતાઓ ઉત્પન્ન કરવાનું કાર્ય વૈશ્વિક આવિર્ભાવો કરે છે. તેમાં નકારાત્મક, બાહ્ય રીતનો અસરકારક વિરોધ અને તેનાં બધાં પરિણામો પણ દેખાય છે — અને શક્તિ, પ્રકાશ, શાંતિ, પરમાનંદ તેમાં સ્પષ્ટ રીતે એક હતો તે પણ દેખાય છે. જો એમ પૂછવામાં આવે કે, ભલે તે બધું કરવું શક્ય હતું, છતાં તેમનો સ્વીકાર કરવામાં કેમ આવ્યો ? માનવ–બુદ્ધિ માટે વૈશ્વિક સત્યની નજીકનો ફક્ત એટલો જ ઉત્તર છે કે તે બધા સંબંધોમાં અથવા પરાત્પરના તે સંક્રાંતિના કાર્યમાં, એકમેવમાં રહેલા પ્રભુનું અનેકમાં થયેલું રૂપાંતર છે, તેમાં, આ અશુભ અને અનિષ્ટ કોઈ બિંદુએ અનિવાર્ય બની આવ્યું. એકી વખતે એમ લાગે છે કે, આત્માના આ વિકાસના આવિર્ભાવમાં નીચેના અવતરણની ક્રિયામાં તેને માટે એક અવિરોધ્ય આકર્ષણ ઉત્પન્ન થાય છે. અને તે અનિવાર્ય બને છે — તે આકર્ષણને આ પૃથ્વી ઉપરની માનસ પરિભાષામાં એમ ઘટાવી શકાય કે કોઈ અજ્ઞાતનો એક સાદ હતો. જોખમ, મુશ્કેલી અને સાહસ માટેનો એક આનંદ હતો. અશક્યને શક્ય કરવા માટેનો એક અગણ્યને સાધવાના પ્રયત્નનો સંકલ્પ હતો. પોતાના આત્મા અને જીવનની સમતુલા હાથમાં લઈને એક નવીન સર્જન કરવા માટે અને જેનું કદી સર્જન નથી થયું તે કરવાનો સંકલ્પ હતો; આ બધી વિરોધી વસ્તુઓ અને તેમના માટે મુશ્કેલીભર્યો સંવાદ સાધવાનું એક આકર્ષણ હતું; આ વસ્તુઓને એક બીજી જ અતિભૌતિક, એક અતિમાનવ ચેતનામાં, એક મનોમય ચેતના કરતાં ઉચ્ચતર અને વિશાળતર ચેતનામાં અનુવાદ કરવાનું આકર્ષણ હતું તે આ પતન તરફ દોરી જનાર વસ્તુ હતી, કારણ કે મૂળભૂત જ્યોતિનું સ્વરૂપ જ્યારે અવતરણની ધાર ઉપર આવેલું ત્યારે તેને તે ગહન ખીણનાં ઊંડાણો વિશેનું જ્ઞાન ન હતું તે પરમ તત્ત્વ અજ્ઞાન અને અચિત્‌માં કંઈ શક્યતાઓ લાવી શકે તેમ છે !

બીજી બાજુએ એકમેવ પ્રભુ તરફથી, અદ્વૈત પરમાત્મ તત્ત્વ તરફથી, એક વિશાળ કરુણાપૂર્વકની સંમતિ મળી, કે એક પરમ જ્ઞાનપૂર્વક આ વસ્તુ જે બની આવી છે તેને સહકાર અને સહાય મળશે અને તે કાર્યનું નિરાકરણ થવું જોઈએ. આ અવિદ્યાનો જગતની અંદર થયેલો આવિર્ભાવ, એક અર્થમાં કલ્પનાતીત અનંત જ્ઞાનનો એક ભાગ જ છે. જો અંધકારમય રાત્રીની અંદરનો ભૂસકો અનિવાર્ય હતો તો અકલ્પ્ય એવા નવીન દિવસનો જન્મ પણ ખાતરીભર્યો હતો. પરમ સત્યનો અસરકારક રીતનો જે એક આવિર્ભાવ કરવાનો છે તે, તે પ્રમાણે જ બની આવશે. તેમાં જે વિકાસક્રમના શરૂઆતના બિંદુએ વિરોધી તત્ત્વોની ઘટના છે, તે વસ્તુ રૂપાંતરના ઉદય માટેની જરૂરી શરત છે. અને પરમાત્માની આ મૂક સંમતિમાં એક મહા આત્મબલિદાનની ભાવના પણ સાથે સાથે આવી પ્રભુ પોતે જ અચિતૂમાં ઊતરી આવ્યા અને અહીં આ જગતમાં અજ્ઞાન તેમજ તેનાં પરિણામોનો બોજો વહન કર્યો તે જ આ રીતે અવતરણ કરીને અવતાર અને વિભૂતિ તરીકે પ્રગટ થયા અને દ્વિવિધ ગતિમાં વધસ્તંભ અને વિજય વચ્ચે ગતિ કરવા લાગ્યા. અને જગતને પૂર્ણતા તરફ અને મુક્તિ તરફ ગતિ કરવી તેવો સંકલ્પ કર્યો હતો, જે શબ્દોમાં વ્યકત ન કરી શકાય તેને વ્યકત કરવા માટે મેં ખૂબ પ્રતીકો દ્વારા રજૂઆત કરી. પરંતુ પ્રતીક સિવાય, જે રહસ્ય બુદ્ધિની બહાર છે તેને કઈ રીતે બુદ્ધિ આગળ રજૂ કરી શકાય ? જ્યારે માણસ મર્યાદિત બુદ્ધિની આડ ઓળંગી જાય છે અને વૈશ્વિક અનુભૂતિમાં ભાગ લેતો થાય છે તથા એવા જ્ઞાનને પ્રાપ્ત કરે છે જે વસ્તુ-ઓને તાદાત્મ્ય દ્વારા પ્રાપ્ત કરે છે, ત્યારે જ તે આ પ્રતીકોની પાછળ રહેલી વસ્તુ-ઓની પરમ વાસ્તવિકતાને પ્રાપ્ત કરે છે. આ પ્રતીકો જ પૃથ્વીના સત્યને રજૂ કરે છે, તે બધા દિવ્ય આકારો ધારણ કરે છે અને તે બધી વસ્તુઓ સરળ, સ્વાભાવિક રીતે વસ્તુઓની અંદર અંતર્હિત રહેલા તત્ત્વને પ્રાપ્ત કરે છે. આપણે જ્યારે મહત્તર ચેતનામાં પ્રવેશ કરીએ ત્યારે જ જાણી શકીએ કે પરમાત્માને આ આત્મસર્જન કરવાની અનિવાર્ય જરૂર કેમ પડી અને તેની પાછળ તેમનો શો હેતુ હતો.

આવિર્ભાવનું આ સત્ય ખરેખર ત્યારે જ દેખાય છે જ્યારે ચેતના એક એવી સરહદ પર હોય છે જ્યાં શાશ્વતીનું કાલની અંદર અવતરણ થયેલું હોય છે. તે સીમા ઉપર ઉત્ક્રાંતિમાં એક અને અનેક વચ્ચેના સંબંધનું નિર્માણ થયેલું હોય છે. તે એક એવો પ્રદેશ હોય છે જેમાં બધી વસ્તુ કઈ રીતે બનવાની છે તે ગર્ભિત રીતનું હોય છે, પરંતુ જે હજુ કાર્યમાં સક્રિય બનેલું નથી. પરંતુ મુક્ત થયેલી ચેતના તેનાથી પણ ઊર્ધ્વતામાં ચડેલી હોય છે અને તે જગતએથી તે

એક પરમ તાદાત્મ્યના પ્રકાશમાં બધું નિહાળે છે. ત્યાં બધી જ વસ્તુઓનું સ્વયંભૂ અસ્તિત્વ સાહજિકતામાં નિર્માણ થયેલું હોય છે. એક નિરપેક્ષ ચેતના જ્ઞાન અને પરમ આનંદ સમક્ષ આ બધું સર્જન તેમજ અસર્જન પાછળ પોતાનું સત્ય સાબિત કરે છે; આત્મ-સંતોષવાળું હોય છે; એક અવર્ણનીય એવી વાસ્તવિકતાની દૃષ્ટિમાં હકાર અને નકાર બન્નેમાં મુક્તિ અને સંવાદ હોય છે. પરંતુ તે જ્ઞાન માનવ મન સમક્ષ અભિવ્યક્ત કરી શકાય તેમ નથી; તેની પ્રકાશની ભાષા ઉકેલી શકાતી નથી. આ વિશ્વના કોયડામાં ફસાયેલી અને સંઘર્ષ અને તમોમયતાથી ટેવાયેલા એવી ચેતના માટે તે પ્રકાશ ઘણો ઝળહળતો અને તીવ્ર હોય છે. તેથી કરીને સામાન્ય ચેતના વડે તેનું રહસ્ય પકડી શકાતું નથી, અથવા આ ચાવી તેને હાથ લાગતી નથી. કોઈ પણ સંજોગોમાં અંધકાર અને સંઘર્ષના પ્રદેશથી ઊર્ધ્વ પ્રદેશમાં આપણા આત્માનું આરોહણ કરીએ છીએ ત્યારે જ આપણે તેના પૂર્ણ રહસ્યમાં પ્રવેશ કરી શકીએ છીએ અને ત્યારે જ આપણો આત્મા તે સમસ્યાને હલ કરી શકે છે. મુક્તિની તે ઉચ્ચ અવસ્થામાં પહોંચવું તે જ બહાર નીકળવાનો સાચો માર્ગ છે. અને સંશયાતીત જ્ઞાનમાં પહોંચવા માટેનું એકમાત્ર સાધન છે.

પરંતુ આ પ્રકારની મુક્તિ અને પરાત્પરતા – ઊર્ધ્વમાં પર ચાલ્યા જવું તેને માટે એવી અનિવાર્ય જરૂર નથી. તે એવી કે આવિર્ભાવમાંથી લય પામી જઈને તેમાંથી બહાર નીકળી જવું. મુક્તિ એવા ઉચ્ચતમ જ્ઞાનમાં તથા શક્તિની તીવ્રતામાં લઈ જઈ આપણને એવા મુક્ત કર્મ કરવા માટે તૈયાર કરી શકે જે જગતમાં પરિવર્તન કરી શકે અને ઉત્ક્રાંતિનો હેતુ પૂર્ણ કરે. એ એક એવું આરોહણ બને જેમાંથી પછી કદી પતન રહેતું નથી, પરંતુ આપણે આત્મનિર્ભર બનીને પ્રકાશ, શક્તિ અને આનંદની પાંખો સહિત નીચે ઊતરી શકીએ.

સત્-તત્ત્વની અંદર જે શક્તિ રહેલી છે તે ખુલ્લી રીતે આવિર્ભાવ પામે છે; પરંતુ એ આવિર્ભાવ કેવો થશે, તેનાં લક્ષણો, તેની શક્તિઓની સમતુલા તેનાં મૂળતત્ત્વોની વ્યવસ્થા, તે સર્જન કરતી શક્તિની અંદર જે ચેતના હોય તેના ઉપર આધાર રાખે છે. પરમ સત્-તત્ત્વ આવિર્ભાવ માટે પોતાની અંદરથી કઈ ચેતના મુક્ત કરે છે તેના ઉપર તેનો આધાર છે. તે પરમ તત્ત્વની અંદર જ રહેલી ચેતનાની જુદી જુદી કક્ષાઓની વિવિધતાઓનું સર્જન કરી આત્મ-પ્રગટીકરણની કક્ષા અને ક્ષેત્રને નક્કી કરે છે. આવિર્ભાવ પામેલું સર્જન પોતાની શક્તિ અનુસાર મર્યાદિત રહે છે અને તે પ્રમાણે જ જુએ છે, અને જીવન ધારણ કરે છે. એ સૃષ્ટિએ વધારે મોટી દૃષ્ટિ મેળવવી હોય, વધારે સમર્થ રીતે જીવવું હોય તો તેનાથી ઉપર આવેલી વધુ મોટી

ચેતના પ્રત્યે તેણે ખુલ્લા બનીને ગતિ કરીને અને તેનું અવતરણ કરાવીને જ તે પ્રમાણે કરી શકે છે. આપણા જગતમાં ચેતનાના વિકાસક્રમમાં આ પ્રમાણે જ બની રહ્યું છે. આવશ્યકતાના દબાણ નીચે આ જડતત્ત્વના જગતમાં એક પ્રાણની શકિતનું સર્જન કરે છે, તે મનની એક શકિત ઉત્પન્ન કરે છે. અને સર્જનનાં નવાં નવાં રૂપો લાવે છે અને અત્યારે કોઈ અતિમનસ શકિતના અવતરણ માટે મહેનત કરી રહેલું છે. વળી આ જગત એક સર્જકશકિતનું કાર્ય કરી રહેલું છે જે ચેતનાનાં બે ધ્રુવો વચ્ચે ગતિ કરે છે. એક બાજુએ એક ગુપ્ત ચેતના અંદર અને ઉપર આવેલી છે, જેની અંદર બધી શકયતાઓ રહેલી છે — એ શકયતાઓ ત્યાં શાશ્વત રીતે આવિર્ભાવ પામેલી છે. અને અહીં પોતાના અવતરણ (જન્મ) માટે રાહ જોઈ રહેલી છે – તેની અંદર પ્રકાશ, શાંતિ, શકિત અને આનંદ રહેલાં છે અને બીજી બાજુએ એક બીજી ચેતના બાહ્ય સપાટી ઉપર અને નીચેના ભાગમાં આવેલી છે. તે પોતાનો આરંભ અચેતનાના, જડતા, અંધ દબાણ, વેદનાની શકયતા એવી ઉપરથી દેખાતી વિરોધી વસ્તુઓથી કરે છે અને પોતાની અંદર વધુ ને વધુ ઉચ્ચ શકિતઓને ઝીલીને વિકાસ પામે છે. એ શકિતઓ વધારે વિશાળ રૂપમાં આવિર્ભાવનું નવું સર્જન આપે છે; આ દરેક નવસર્જન અંદર રહેલી શકયતાનું કોઈક તત્ત્વ બહાર લાવે છે અને ઉપર જે પૂર્ણતા રાહ જોઈને બેઠેલી છે તેને નીચે લાવવાનું વધારે શકય બનાવે છે. જ્યાં સુધી આપણે જેને આપણી જાત તરીકે ઓળખીએ છીએ, તે બાહ્ય વ્યકિતત્વ ચેતનાની નિમ્ન શકિતઓમાં કેન્દ્રિત રહેલું હોય છે. ત્યાં સુધી તેના અસ્તિત્વની સમસ્યા, તેનો હેતુ, તેની જરૂરિયાત એક વણઉકેલ કોયડો જ રહે છે : આ બહિર્મુખ મનોમય માનવને સત્યની કાંઈક આંશિક સમજ પડે એવું બને પરંતુ તે પણ અપૂર્ણ રીતે ગ્રહણ કરે છે. અને ખોટી રીતનો અર્થ કરે અથવા ખોટી રીતે ઉપયોગ કરી ખોટી રીતે જીવન જીવે. તેની યાત્રા માટેનો સાચો માર્ગ-દર્શક દંડ શ્રદ્ધાના અગ્નિનો જ બનેલો હોય છે, અને નહિ કે જ્ઞાનના સુનિશ્ચિત અસંદિગ્ધ પ્રકાશનો. માનવ જો મનોમય રેખાથી પર રહેલી ઊર્ધ્વ ચેતના પ્રત્યે આરોહણ કરે તો નવીન અતિચેતન અસ્તિત્વના પ્રકાશમાં પહોંચશે અને ત્યારે જ તેની પૂર્ણ મુકિત અને જ્ઞાન પ્રાપ્ત થશે. ગુહ્યવાદીઓ અને આધ્યાત્મિક શોધકો માટે આ પ્રમાણેની પરાત્પરતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હતું.

પરંતુ આ પ્રમાણે બનવાથી આ જગતના સર્જનમાં કોઈ ફેરફાર થયો નહિ. એક મુકત બનેલો આત્મા જગતને છોડીને ચાલ્યો જાય તેથી તો જગત માટે કોઈ ફેરફાર થવાનો નથી. પરંતુ આ રેખાને ઓળંગીને ઊર્ધ્વમાં આરોહણ કરવું એટલો જ હેતુ નહિ પરંતુ ત્યાંથી પાછું અહીં અવતરણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવે

તો એ રેખા જે અત્યારે અંતરાયરૂપ, ઢાંકણરૂપ છે તેમાં રૂપાંતર બની આવશે અને એ રેખા પરમ સત્-તત્ત્વની ચેતનાની ઊર્ધ્વતર શક્તિઓ માટેનો માર્ગ બની રહેશે. તેનો અર્થ પૃથ્વી ઉપર એક નવું સર્જન બનશે. તે નીચે અંતિમ શક્તિઓને ઉતારી લાવશે અને અહીંની પરિસ્થિતિઓને ઉલટાવી નાખશે. એક એવી વસ્તુ બનશે જે જડતત્ત્વના અચેતનતાના અંધકારમાંથી નીકળી મનના એક અર્ધ-પ્રકાશમાંથી બહાર આવી આધ્યાત્મિક અને અતિમાનસના પ્રકાશના પૂર્ણ પૂરમાં પહોંચેલું સર્જન હશે. દેહ-ધારી આત્મા આવા ભરપૂર પૂરમાં પહોંચીને જ જે તેનું અંધકાર અને કામચલાઉ આવશ્યકતામાં અવતરણ થયું છે તે જાણીને પોતે ઢંકાયેલ અથવા અન્ય વેશમાં રહેલા અથવા બાહ્ય રીતે દેખાવ વિકૃત પ્રભુનો નહિ પણ પ્રગટ થયેલા પ્રભુના આવિર્ભાવમાં તેજોમય રૂપાંતર પામીને પોતાની અંધકારમય અવસ્થાને ઓગાળી નાખશે.

*

મને લાગે છે કે, તમે મારું લખાણ* "આ જગતની સમસ્યા" વાંચ્યું નથી, પરંતુ અહીં પણ હું તે જ પ્રકારનો ઉકેલ મૂકું છું. 'ક્ષ'એ તેને જે રીતે મૂક્યું છે તે અતિશય **"વેદાન્ત અને પ્રભુવાદ"** છે. મારા દષ્ટિબિંદુમાં તે એકમેવ તત્ત્વ અને અનેકત્વ વચ્ચેનો વ્યવહાર છે. શરૂઆતમાં તમે પોતે જ (માનવ તરીકેના તમે નહિ, જે અત્યારે ફરિયાદ કરે છે, પરંતુ તમારો કેન્દ્રવર્તી પુરુષ) અજ્ઞાનના સાહસને સ્વીકારતા હતા અથવા આવકાર પણ આપતા હતા; અચિત્‌માં મારેલા ભૂસકાનું અનિવાર્ય પરિણામ દુઃખ અને સંઘર્ષ હોય છે અને તેમાંથી જ વિકાસક્રમનું પ્રગટીકરણ થાય છે. તેને એ રીતે સમજવાનું કે તે એકમેવ પરાત્પરનું એક લક્ષ્ય હતું અને તે પરમ દિવ્ય ચેતના અને આનંદની એક લીલા હતી. તે તેના મૂળભૂત પરાત્પરતામાં નહિ, પરંતુ અચિત્‌માં મારવાના ભૂસકા તરીકે જે જરૂરી શરતો હતી તે પ્રમાણે તે હતું. તે મૂળભૂત રીતે એક વૈશ્વિક પ્રશ્ન છે, અને તેને સમજવા માટે વિશ્વરૂપ ચેતનાની જરૂર છે. જો તમારે એવો કોઈ ઉકેલ જોઈતો હોય, જે માનવમન અને લાગણીઓને સંતોષ આપી શકે, તો મને ડર છે કે તેવો ઉકેલ શક્ય નથી. ખરેખર જો માનવોએ આ વિશ્વની રચના કરી હોત તો તે વધારે સારી બની હોત; પરંતુ જ્યારે તેમનું સર્જન થયું ત્યારે તેઓ સલાહ આપવા માટે નહોતા; ફક્ત તમારું કેન્દ્રસ્થ સ્વરૂપ હતું અને તે વિવેકાનંદની અથવા 'ક્ષ'ની વિચારસરણી કરતાં વધારે અવિચારી રીતે સાહસિક ભૂસકો મારવા તૈયાર હતું. હાલમાં તમારી જે ફરિયાદ કરતી અને ધ્રૂજી ઊઠતી માનવ મનોમયતાનું પશ્ચાત્તાપભર્યું ડહાપણ છે તે

* આગળનો લાંબો પત્ર છે તેનું તે શીર્ષક હતું અને તે નામના પુસ્તકમાં બીજા પત્રો સાથે નવેમ્બર ૧૯૩૩માં પ્રથમ છપાયેલું.

તેનામાં ન હતું, નહિ તો આ સાહસમાં ઝંપલાવવા નીચે ઊતરી આવત નહિ. અથવા કદાચ એમ પણ હોય કે તેને તેની ખબર પણ ના હોત કે આ રીતના અવતરણમાં તે શા માટે આવ્યું ? જે લોકો વધસ્તંભની દર્દજનક મોજ માણે છે તેમને માટે આ રીતનું જ હોય છે. હજુ પણ તેઓ પોતાની વેદનામાં મોજ માણે છે કારણ કે તેમની અંદર કાંઈક એવું રહેલું છે જેમને વેદનાનો વધસ્તંભના ભારમાં આનંદ આવે છે કારણ કે તેમને કોઈક વસ્તુમાં દર્દની પસંદગી છે, તો પછી તેનું શું ?

*

યુરોપનો અદ્વૈતવાદ ઘણુંખરું ઈશ્વરની સર્વ વ્યાપકતા છે અને તે પ્રભુ અને વિશ્વને એવી રીતે તાણાવાણામાં બાંધી લે છે કે તેમને ભાગ્યે જ છૂટા પાડી શકાય. પરંતુ અશુભ અને દુ:ખ માટેની તેમની સમજૂતી કેવી છે ? ભારતીય દષ્ટિ-બિંદુમાં પ્રભુ, વિશ્વમાં રહેલો અંતરતમ પદાર્થ છે પરંતુ તેમ છતાં તે તેની બહાર પણ છે અને તેનાથી પરાત્પર પણ રહેલો છે ! શુભ અને અશુભ, સુખ અને દુ:ખ એ ફક્ત વૈશ્વિક અનુભૂતિની ઘટનાઓ છે અને તે આવિર્ભાવમાં જે ચેતનાનો ભેદ અને સંકુચિતતા છે તેને લઈને છે. પરંતુ તે પ્રભુની અવિભક્ત ચેતનાનું અથવા તો આપણા આધ્યાત્મિક સ્વરૂપનું મૂળભૂત તત્ત્વ નથી.

*

અચિત્‌ની અંદર પ્રભુની અવક્રાંતિ થયેલી છે અને તે વચગાળાઓની ભૂમિકા-ઓની દખલગીરીને લઈને થયેલી છે (અધિમનસ વગેરે, મન, પ્રાણ – અને ત્યાર પછી અવચેતનમાં ભૂસકો; જે વસ્તુઓનું આદિમ મૂળ છે) પરંતુ ત્યાર પછી તેનાથી ઊલટા ક્રમમાં ઉત્ક્રાંતિ માટેની તે પ્રક્રિયા નથી. કારણ કે તેની જરૂર પણ નથી, પરંતુ ચેતનાની એક ક્રમિક સીડી પણ રહેલી છે. જેનો હેતુ ઊર્ધ્વ તરફ ઉત્ક્રાંતિ કરવા માટેનો છે.

*

વૈશ્વિક (ચેતનામાં) ત્રણ શક્તિઓ રહેલી છે. જેને બધી જ વસ્તુઓ આધીન છે – સર્જન, રક્ષણ અને વિનાશ; જે કોઈ વસ્તુનું સર્જન થાય છે તે થોડો સમય ટકે છે અને પછીથી ભગ્ન થતું જાય છે. વિનાશના બળને બાકાત કરવું એ એક એવા સર્જનનું સૂચન છે જે ક્યારેય નાશ નહિ પામે પરંતુ સદાય ટકી રહેશે અને વૃદ્ધિ પામ્યા કરશે. અજ્ઞાનમાં પ્રગતિ માટે વિનાશની જરૂર છે. જ્ઞાનમાં સત્ય-સર્જનનો ધર્મ એવો છે કે તેનો સતત વિકાસ થાય છે પરંતુ પ્રલય થતો નથી.

*

(જ્યારે અતિમનસનું અવતરણ થાય છે ત્યારે મહાન કમનસીબ ઊથલપાથલો થાય છે :)

એ પ્રમાણે થવું જરૂરી નથી; મહાન ફેરફારો અચૂક થશે પરંતુ તે બધી કમનસીબ ઘટનાઓ જ હોવી જોઈએ એવું નથી. જ્યારે અધિમનસ બળો તરફથી રૂપાંતર માટે મહાન દબાણ આવે ત્યારે કમનસીબ ઘટનાઓ બનવાની શકયતાઓ ખરી કારણ કે બળો વચ્ચે ઘર્ષણ અને પ્રતિરોધ થાય છે. પરંતુ અતિમનસમાં તો વસ્તુઓ ઉપર વધારે પડતું અને પૂર્ણ સ્વામિત્વ હોય છે. તેનામાં સંવાદ માટેની એટલી મહાન શકિત હોય છે જે નાટકીય સંઘર્ષ અને હિંસા જેવાં સાધનો સિવાય બીજાં સાધનોથી પ્રતિરોધ ઉપર વિજયી બને છે.

*

હા, તેના અનુસંધાનમાં થોડી પ્રગતિ થયેલી છે ( ચૈતસિક પરિવર્તનમાં ) અને સાધકોની આધ્યાત્મિક ચેતનામાં અથવા ચૈતસિક ચેતનામાં થયેલું પરિવર્તન અતિમનસના અવતરણને વધારે સરળ બનાવે છે. પરંતુ હાલની પૃથ્વીની ચેતનાનો તાત્કાલિક રહસ્યમય આધાર એ અધિમનસ ચેતના છે, અને તેની મર્યાદાઓ ઉપર અતિમનસનું દબાણ વધતું જ જાય છે અને તે વધારે પ્રકાશ અને શકિતને પોતાની અંદરથી ઊતરવા દે છે, કારણ કે જ્યાં સુધી અધિનમસની દખલગીરી છે (અધિમનસ તત્ત્વમાં શકિતઓની લીલા એ રીતની ચાલી રહેલી છે કે તેમાંની દરેક પોતે જ સત્ય હોય તે રીતનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરી રહી છે) ત્યાં સુધી તેની સાથે સંઘર્ષનો નિયમ રહેવાનો અને વિરોધી બળો માટે કાર્ય કરવાની તક રહેવાની.

*

હું જોઈ શકું છું ત્યાં સુધી તો એક વખત અતિમનસ આ જડતત્ત્વમાં સ્થાપન થઈ જશે પછીથી હાલ જે અહીં મુશ્કેલ પરિસ્થિતિ છે, તેના બદલે રૂપાંતરની શકયતા ઓછી મુશ્કેલ પરિસ્થિતિ રૂપ બની આવશે. હાલ જે સંયોગો ખરાબ છે તે એટલા માટે કે તેમના પર અવિદ્યાની પકડ છે અને વિરોધી શકિતઓએ પોતાની સત્તા સ્થાપિત કરી છે અને જાણે કે તેમને તેમની પકડ છોડવાની પરવા પણ નથી. તે ઉપરાંત પૃથ્વી ચેતનામાં પ્રકાશની પૂરેપૂરી શકિત સ્થાપિત થયેલી નથી નહિ તો તે તેમનો સામનો કરી શકે, એટલું જ નહિ પરંતુ અંધકારના પૂર્ણબળ ઉપર વિજય પણ મેળવી શકે.

*

તમે શરૂઆતના વાક્યના ભાગમાં જે દલીલો કરી છે તેમાં જ તમારી ભૂલ છે કે અતિમાનસીકરણ પછીથી પણ મુશ્કેલીઓ અને હલ્લાઓ ચાલુ રહેશે. અતિમાનસ ચેતના અને નિમ્ન અંધકારમય ચેતનાનું એક જ સ્વરૂપ અને શરીરમાં સહ-અસ્તિત્વ શક્ય નથી. એટલા માટે જ સ્પષ્ટ રીતે શરીર-ચેતનાનું અતિમાનસીકરણ સફળ રૂપાંતરની શરત તરીકે મૂકવામાં આવેલું છે. જો હુમલાઓ ચાલુ રહે અને તેઓ સફળતાથી આવી શકતા હોય તો તેનો અર્થ એટલો કે શરીર-ચેતનાનું હજુ અતિમાનસિક રૂપાંતર થયું નથી.

*

અતિમનસનું અવતરણ વસ્તુઓનું ઝડપીકરણ કરી શકશે, પરંતુ તે કોઈ રામબાણ દવાની માફક કાર્ય કરશે નહીં; અથવા એમ પણ ન કહેવાય કે દરેક વસ્તુનું તે એક આંખના પલકારામાં રૂપાંતર કરી નાખશે.

*

સૌથી અંધકારમય રાત્રિઓ જ મહત્તમ ઉષાઓને તૈયાર કરે છે અને તે એટલા માટે છે કારણ કે આપણે ભૌતિક જીવનના સૌથી ગહનતમ અચિતૂની અંદર એક વચગાળાનો મંદ પ્રકાશ લાવવાનો નથી પરંતુ દિવ્ય પ્રકાશની પૂર્ણ લીલા લાવવાની છે.

*

૧–૨–૩૪ આ વર્ષ કાયમ આવિર્ભાવનું વર્ષ બની રહેશે.

૨–૩–૪૫ શક્તિનું વર્ષ છે — જ્યારે આવિર્ભાવ પામેલી વસ્તુ પૂર્ણ શક્તિ પ્રાપ્ત કરે છે.

૪–૫–૬૭ પૂર્ણ સાક્ષાત્કારનું વર્ષ છે.

*

વિભાગ ૨

# પૂર્ણ યોગ અને બીજા માર્ગો

# પૂર્ણ યોગ અને બીજા માર્ગો

હું એ દૃષ્ટિબિંદુ સાથે સહમત થતો નથી કે જગત એક માયા છે, મિથ્યા છે. બ્રહ્મ અહીં આ જગતમાં પણ છે, તેમજ પરાવૈશ્વિક નિરપેક્ષ પણ છે. આપણામાં રહેલું અજ્ઞાન આપણને અંધ બનાવે છે અને આ જગતમાં રહેલા તથા તેનાથી ઊર્ધ્વમાં પણ રહેલા બ્રહ્મનો સાક્ષાત્કાર કરવામાંથી તે આપણને અટકાવે છે તેથી આપણે અસ્તિત્વનું સાચું લક્ષણ જાણતા નથી. આપણે એ અજ્ઞાન ઉપર વિજય મેળવવાનો છે.

*

તમારા ગુરુએ તમને જે રીતે દર્શાવ્યું તે પ્રમાણે શંકરનું જ્ઞાન, સત્યનું ફક્ત એક પાસું જ છે. શુદ્ધ અસ્તિત્વના અસલ મૌન મારફતે આધ્યાત્મિક મન દ્વારા સાક્ષાત્કાર કરેલા પરમ તત્ત્વનું એ જ્ઞાન છે. શંકરે આ એક જ બાજુથી ગતિ કરી તેને લઈને તેઓ જગતની ઉત્પત્તિ વિશે એક ભ્રમ અથવા માયાના સર્જન સિવાય બીજી કોઈ રીત સ્વીકારી શકયા નહિ અથવા સમજૂતી આપી શકયા નહિ. જ્યાં સુધી વ્યકિત સક્રિય તેમજ નિષ્ક્રિય બ્રહ્મ બંનેનો એકસાથે સાક્ષાત્કાર કરે નહિ અને બ્રહ્મનાં જ બંને પાસાંઓની એકસરખી વાસ્તવિકતા સમજી શકે નહિ તે શાશ્વતની શકિત અથવા શકિત પોતે જ ત્યાર પછી માયાની શકિત બની જાય છે અને જગત પછીથી અજ્ઞેય બની જાય છે, એક એવી વૈશ્વિક ધૂની રહસ્ય, એક શાશ્વત તત્ત્વનો શાશ્વત ભ્રમ, તે વિચારસરણીને સહાય આપવા માટે હરકોઈ પ્રકારની વાણીને અથવા આદર્શ તર્કને તેના ટેકા માટે વર્ણવે છતાં પણ વિશ્વને આ પ્રકારની દૃષ્ટિથી જોવાથી કોઈ વસ્તુ સમજાવી શકાતી નથી; જે વસ્તુ સમજાવી શકાય તેવી નથી તેના માટે એક મનોમય સિદ્ધાંતનું બંધારણ બાંધવામાં આવે છે. જ્યારે તમે તે પરમાત્માનો સત્ અને ચિત્-શકિતનાં દ્વિવિધ પાસાંથી અભિગમ કરો, બંને પાસાં હોવા છતાં તે અવિભાજ્ય છે એમ સમજો, ત્યારે જ તમારી આંતર અનુભૂતિમાં વસ્તુઓના સમગ્ર સત્યનો આવિર્ભાવ થઈ શકે. આ બીજી બાજુ કહી. તેનો શાકત તાંત્રિકોએ વિકાસ કરેલો. વેદાન્તનાં અને તાંત્રિકનાં બંનેનાં સત્યોનો એકસાથે જ સમન્વય કરવાથી આપણે સર્વાંગ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ.

પરંતુ દર્શનશાસ્ત્રની દૃષ્ટિએ તમારા ગુરુનું શિક્ષણ આ પ્રમાણેનું છે. અને સ્પષ્ટ રીતે જ તે શંકરનાં સૂત્રો કરતાં વધારે પૂર્ણ સત્યવાળું અને વધારે વિશાળ જ્ઞાનવાળું છે. ગીતાના બોધમાં આ વસ્તુનું સૂચન થયેલું છે. તેમાં પુરુષોત્તમ અને પરાશકિત (આદ્ય શકિત) જીવ બનેલા છે અને તેઓ વિશ્વને ધારણ કરી રહ્યાં છે. એ સ્પષ્ટ છે કે પુરુષોત્તમ અને પરાશકિત બંને શાશ્વત છે અને અવિભકત છે અને સ્વરૂપમાં એક જ છે; પરાશકિત વિશ્વનો આવિર્ભાવ કરે છે. તે વિશ્વમાં પ્રભુનો પણ આવિર્ભાવ કરે છે, અને ઈશ્વર અને પોતે (પરાશકિત) તેની બાજુમાં ઈશ્વરી શકિત તરીકે રહેલી છે. અથવા આપણે એ પ્રમાણે પણ કહી શકીએ કે પરમાત્માની પરમ ચિત્-શકિત પોતે જ ઈશ્વર અને ઈશ્વરી તરીકે, આત્મા અને આત્મશકિત તરીકે, પુરુષ અને પ્રકૃતિ તરીકે, અને જીવ અને જગત તરીકે આવિર્ભાવ પામે છે; અથવા પોતાની જાતને જાહેર કરે છે. મન જે રીતે ઘડતર કરી શકે તેમાં વધારેમાં વધારે પૂર્ણતામાં તે જ સત્ય રહેલું છે; અતિમનસમાં આ પ્રશ્નો ઉપસ્થિત થતા જ નથી; કારણ કે આ બધા પ્રશ્નો જે ઉત્પન્ન કરે છે તે મન ઉત્પન્ન કરે છે; મન, પ્રભુનાં પાસાંઓ વિશે વિરોધોનું સર્જન કરે છે, જ્યારે ખરેખર તો તેમનામાં કોઈ વિરોધ હોતો નથી પણ તે બન્ને એક અને અવિભકત હોય છે.

આ અતિમનસ જ્ઞાન હજુ પ્રાપ્ત થયું નથી કારણ કે હજુ અતિમનસ પ્રાપ્ત થયું નથી. પરંતુ તેનાં પ્રતિબિંબો સહજસ્ફુરણાત્મક આધ્યાત્મિક ચેતનામાં આવે છે. તમારા ગુરુએ અનુભૂતિમાં તે વસ્તુનો સાક્ષાત્કાર કરેલો છે. તમે જે પરિચ્છેદ આપ્યો છે તેમાં મનોમય પરિભાષામાં તેમની અભિવ્યકિત છે. એકમેવમાં બધી વસ્તુનો લય કરીને શરૂઆત કરી શકાય છે અને એ રીતે જ્ઞાન પ્રાપ્ત કરી શકાય પરંતુ એક શરતે કે તમારે ત્યાં અટકી જવાનું નથી. તેને સર્વોચ્ચ સત્ય તરીકે માની લેવાનું નથી પરંતુ તે એકમેવનો પરમ માતૃશકિત તરીકે, શાશ્વત પ્રભુની સચેતન શકિત તરીકે સાક્ષાત્કાર કરવાનો છે. જો તમે પરમ ભગવતી મારફતે આગળ જાઓ તો તે તમને નીરવ બ્રહ્મમાં મુકિત આપશે એટલું જ નહિ પરંતુ સક્રિય બ્રહ્મનો પણ સાક્ષાત્કાર કરાવશે અને તેમાંથી એવા સત્યને પ્રાપ્ત કરવું વધારે સહેલું બનશે જેમાં તે બન્ને એક અને અવિભકત હોય છે, તે ઉપરાંત મન જે પરમાત્મા અને તેના આવિર્ભાવ વચ્ચે ખાઈ ઉત્પન્ન કરે છે તે ખાઈ ઉપર સેતુ બંધાઈ જશે, અને તે સત્યમાં કોઈ પણ એવી ક્ષતિ નહિ આવવા દે જે સર્વને અજ્ઞેય બનાવી દે. તમારા ગુરુએ જે વસ્તુનો ઉપદેશ આપ્યો તેને તમે આ દૃષ્ટિબિંદુથી તપાસશો તો તમે સમજી શકશો કે તે વસ્તુ થોડી ઓછી અધ્યાત્મ શાસ્ત્રની ભાષામાં, એકની એક જ છે.

તમે આદેશની વાત કરો છો, પરંતુ લોકો આદેશ માટે ભેદ પાડવાનું જરૂરી

માનતા નથી – પરંતુ તેનો તફાવત તો સમજવો જોઈએ. પ્રભુ આપણી સાથે ભિન્ન ભિન્ન પ્રકારે વાત કરતા હોય છે અને દરેક વખતે આજ્ઞાધીન થવું જ પડે એવો આદેશ આવતો નથી. જ્યારે તે અનિવાર્ય હોય તે રીતનો આવે છે ત્યારે તે બિલકુલ સ્પષ્ટ અને અવિરોધ્ય હોય છે. મનને તેનું અનુસરણ કરવું જ પડે છે ભલે પછી તે મનોમય બુદ્ધિએ પોતે અગાઉથી માની લીધેલા વિચારોથી તે ઊલટો હોય. જ્યારે હું પોંડિચેરી આવ્યો ત્યારે મને આ પ્રકારનો આદેશ મળેલો. પરંતુ ઘણી વખત જે કહેવામાં આવે છે તે એક પૂર્વ સૂચના હોય છે અથવા તેનાથી પણ ઓછું ફક્ત અંગુલિનિર્દેશ, અને મન તેનું અનુસરણ ન પણ કરે, કારણ કે તેની આજ્ઞાસૂચક છાપ મન ઉપર ન પણ પડી હોય. તે એક એવી વસ્તુ હોય છે જેના માટે હાથ લંબાવવામાં આવે છે પરંતુ બળપૂર્વક લાદી દેવા માટે ન પણ હોય. કદાચ એવી વસ્તુ જે આપવામાં પણ ન આવે પરંતુ ઊર્ધ્વમાં રહેલા સત્ય દ્વારા સૂચવવામાં જ આવેલું હોય.

*

જો તમારા દૃષ્ટિબિંદુ પ્રમાણે શંકરાચાર્યનો બ્રહ્મ વિશેનો ખ્યાલ કેવળ અવિભાજ્ય શુદ્ધ ચેતના જ હોય તો આ યોગનો માર્ગ તમારે પસંદ કરવો જોઈએ નહિ; કારણ કે અહીં આ યોગમાં કેવળ શુદ્ધ ચૈતન્ય અને સત્-તત્ત્વના સ્વરૂપનો સાક્ષાત્કાર એક પ્રથમ પગથિયું છે અને નહિ કે તેનું લક્ષ્ય. પરંતુ અંતરમાં રહેલી એક આંતરિક સર્જનની ઝંખનાને અદ્વિતીય ચેતનામાં સ્થાન નથી – બધાં જ કર્મો અને સર્જનો તેને માટે વિદેશી વસ્તુ છે.

હું મારા યોગનો પાયો અધૂરી ભૂમિ ઉપર બાંધતો નથી કે વિશ્વરૂપ આત્મતત્ત્વ (આત્મા નહિ) શાશ્વત રીતે મુક્તિમાં જ રહે છે. તે પ્રકારની માન્યતા તેનાથી વધારે આગળ દોરી જતી નથી. અથવા જો તેને શરૂઆતના બિંદુ તરીકે સ્વીકારીએ તો પરિણામ એ પ્રકારનું આવે કે કર્મો અને સર્જન તુચ્છ છે અને તેની કોઈ કિંમત જ નથી. પ્રશ્ન એટલો જ નથી પરંતુ સર્જનનો અર્થ શો છે ? કોઈ એવું તત્ત્વ છે જે કેવળ શુદ્ધ ચેતના અને સત્-તત્ત્વ નથી પરંતુ સર્જનની સક્રિય શક્તિનું પણ મૂળ અને આધાર છે કે કેમ ? અને તે પરમ તત્ત્વને માટે વૈશ્વિક અસ્તિત્વનો કોઈ હેતુ કે કિંમત છે કે કેમ ? તે એવો પ્રશ્ન છે જેને કેવળ તત્ત્વજ્ઞાનનો તર્કથી ઉકેલી શકાતો નથી. એ પ્રકારનું જ્ઞાન તો શબ્દો અને વિચારોમાં જ અટકે છે. પરંતુ તેનો ઉકેલ તો આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા આવે, જે મનથી પણ પર જઈને આધ્યાત્મિક વાસ્તવિકતામાં પ્રવેશ કરે. દરેક મન, પોતાની તર્કબુદ્ધિથી સંતોષ

માને છે પરંતુ આધ્યાત્મિક હેતુઓ માટે તેવા સંતોષમાં કોઈ યથાર્થ સત્ય નથી. તેમાં તો ફક્ત એટલું જ સૂચન આવી શકે કે દરેક વ્યક્તિ કેટલે દૂર સુધી અને કયા માર્ગે આધ્યાત્મિક અનુભૂતિના ક્ષેત્રમાં આગળ વધેલ છે. જો તમારી બુદ્ધિ તમને શંકરનો બ્રહ્મ વિશેનો જે ખ્યાલ છે તે તરફ દોરી જાય તો તે એવો નિર્દેશ હોઈ શકે કે વેદાન્તનું અદ્વૈત (માયાવાદ) તમારી પ્રગતિનો માર્ગ છે.

આ યોગ વૈશ્વિક અસ્તિત્વના મૂલ્યનો સ્વીકાર કરે છે અને તેને સાચી વાસ્તવિકતા માને છે; તેનો હેતુ એક ઉચ્ચતર ઋત-ચેતનામાં અથવા દિવ્ય અતિમનસ ચેતનામાં પ્રવેશ કરાવવાનો છે. તે ચેતનામાં કર્મ અને સર્જન, સત્ય, પ્રકાશ અને દિવ્ય આનંદની એક એવી અભિવ્યક્તિ છે જે અવિદ્યા અને અપૂર્ણતાની નથી. પરંતુ તે માટે, મર્ત્ય મન, પ્રાણ અને શરીરનું તે ઉચ્ચતર ચેતનાને સમર્પણ કરવું અનિવાર્ય બને છે કારણ કે મર્ત્ય માનવ-સ્વરૂપ માટે કેવળ પોતાના જ પ્રયત્નથી મનની ઉપરની અતિમનસ ચેતનામાં પ્રવેશ મેળવવો અતિશય દુર્ગમ છે. ત્યાં સક્રિયતા મનોમય સ્વરૂપની રહેતી નથી પરંતુ એક જુદી જ શક્તિની વસ્તુ બની જાય છે. પરંતુ જે લોકો આ પરિવર્તન માટેના આદેશને સ્વીકારી શકે તેમણે જ આ યોગમાં પ્રવેશ મેળવવો જોઈએ.

*

તમારા મિત્રના પ્રશ્નોના ઉત્તર આપવામાં હું તમને મદદ કરી શકીશ કે કેમ તે હું જાણતો નથી. આ વસ્તુઓ વિશેનું મારું પોતાનું સ્થાન હું તમને જણાવી શકું.

## ૧. વિશ્વ વિશે શંકરની સમજૂતી

ખરેખર શંકરનું તત્ત્વજ્ઞાન કેવું હતું, તે આજના દિવસોમાં કહેવું થોડું મુશ્કેલ છે; તેના માટે અસંખ્ય ટીકાકારો છે અને તેમાંના કોઈ એક બીજા સાથે સહમત નથી. મેં તેમાંના કોડીબંધ ટીકાકારોનાં લખાણો વાંચ્યાં છે અને તે દરેક પોતપોતાના માર્ગે ચાલે છે; કેટલાક આપણને એમ પણ કહે છે કે માયાના સિદ્ધાંત વિશેના તે મહાન સમર્થનકાર તરીકે ખ્યાતનામ હોવા છતાં તેઓ બિલકુલ માયાવાદી નહોતા, પરંતુ દર્શનશાસ્ત્રના ઇતિહાસમાં તેઓ સૌથી મહાન વાસ્તવવાદી હતા. શંકરના એક અનુયાયીએ તો એમ પણ જાહેર કરેલું છે કે મારું અને શંકરનું તત્ત્વજ્ઞાન એક જ છે અને આ વસ્તુએ મારો શ્વાસ અધ્ધર કરી દીધો. એક અનુયાયીની વિચારસરણી એવી હતી કે શંકરના તત્ત્વજ્ઞાનમાં પરમ વાસ્તવિકતા એક

અસીમ કાલાતીત નિરપેક્ષ (પરબ્રહ્મ) છે અને તે ગુણાતીત છે, બધાં જ કર્મ અથવા સર્જનથી પર છે અને જગતનું સર્જન માયાએ કરેલું છે, પરંતુ તે માયા કેવળ મિથ્યા નથી. પરંતુ વ્યક્તિ જ્યાં સુધી કાલમાં જીવન ધારણ કરે છે ત્યાં સુધી તે સત્ય છે; એક વખત આપણને સાચી વાસ્તવિકતાનું જ્ઞાન થાય તો આપણે જોઈ શકીએ કે માયા અને આ જગત, તથા તેમાં જે કોઈ વસ્તુ આવેલી છે તે શાશ્વત નથી અથવા તેમનું સાચું અસ્તિત્વ નથી. તે જો અસત્ નથી તો સત્ પણ નથી (जगन्मिथ्या); તે વસ્તુ ચેતનાની ભૂલ છે. તે છે છતાં નથી; મૂળમાં તે સમસ્યા અતાર્કિક અને અગમ્ય છે તેમ છતાં આપણે તેની પ્રક્રિયા જોઈ શકીએ છીએ અથવા આપણે તેની પ્રક્રિયા આપણી ચેતના ઉપર કેવી રીતે છવાયેલી છે તે પણ જોઈ શકીએ. માયામાં બ્રહ્મ ઈશ્વર તરીકે દેખાય છે અને તે માયાનાં કાર્યોને ટકાવી રાખે છે અને બાહ્ય રીતે વ્યક્તિગત આત્મા બીજું કાંઈ નથી પરંતુ બ્રહ્મ પોતે જ છે. છેવટે આ સર્વ જગત માયાની એક પુરાણકથા લાગે છે, મિથ્યા લાગે છે અને તેમાં કાંઈ સત્ય નથી. શંકરનું તત્ત્વજ્ઞાન આ રીતનું હોય તો, તે મારા માટે અસ્વીકાર્ય અને અમાન્ય છે, પછી ભલે તે ગમે તેટલું તેજસ્વી અને મૌલિક હોય અને હિંમતપૂર્ણ અને નિશ્ચિત રીતે તર્કબદ્ધ હોય; તે મારી બુદ્ધિને સંતોષ આપતું નથી અને મારી અનુભૂતિ સાથે સહમત થતું નથી.

યુક્તિવાદ એટલે શું કહેવા માગો છો તે મને બરાબર સમજાતું નથી. જો તેનો અર્થ એવો હોય કે દલીલો દ્વારા સામા હરીફને હરાવી દેવા ખાતર જ દલીલો કર્યા કરવી તો દર્શનશાસ્ત્રના આ વિભાગમાં કોઈ મૂળભૂત સત્ય નથી. શંકરનો સિદ્ધાંત પોતાની જાતે જ વિનાશ પામે છે. કદાચ તેમણે વિશ્વ માટેની સમજૂતી પૂરી આપી છે એવો અર્થ કર્યો હોય અથવા તે પ્રમાણે ન પણ કર્યું હોય. જો તેમણે તે પ્રમાણે કર્યું હોય તો તેનો યુક્તિવાદ છે એમ કહીને ઉચ્છેદ ન ઉડાવી શકાય. હું સમજી શકું કે સંપૂર્ણ માયાવાદનો પ્રચાર કે સમગ્ર પ્રશ્ન જ અયોગ્ય છે કારણ કે માયા અને જગત ખરેખર હસ્તી ધરાવતાં જ નથી; હકીકતમાં જગત કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું એ પ્રશ્ન માયાનો ભાગ છે અને તે માયા માફક જ મિથ્યા છે અને ખરેખર ઉપસ્થિત થતો જ નથી; પરંતુ જો કોઈ સમજૂતી આપવાની હોય તો તે સાચી, વાસ્તવિક અને સંતોષકારક સમજૂતી હોવી જોઈએ. જો ભૂમિકાઓ બે હોય અને પ્રશ્ન મૂકતી વખતે આપણે બન્ને ભૂમિકાનો ગોટાળો કરી દઈએ તો તે દલીલ ત્યારે જ મૂલ્યવાન બને જો બન્ને ભૂમિકાઓનું કોઈક પ્રકારનું અસ્તિત્વ હોય. બુદ્ધિયુક્ત પ્રમાણ અને સમજૂતી નિમ્ન ભૂમિકામાં સાચી હોય પરંતુ જે ચેતના ભૂમિકાથી ઉપરની હોય તેના માટે તે દલીલનો કોઈ અર્થ રહેતો નથી.

## ૨. અદ્વૈત

લોકો અદ્વૈત વિશે એ રીતે વાતચીત કરે છે જાણે કે માયાવાદ અને અદ્વૈત એકરૂપ હોય; જે રીતે તેઓ વેદાન્ત વિશે પણ એ રીતે વાત કરે છે જાણે તે પણ અદ્વૈત અને તે એકરૂપ હોય; પણ હકીકત તે પ્રમાણે નથી. ભારતના તત્ત્વજ્ઞાનનાં કેટલાંક એવાં સ્વરૂપો છે જેઓ એકમેવ વાસ્તવિકતા ઉપર આધાર રાખે છે પરંતુ તેઓ જગતની વાસ્તવિકતાને પણ માન્ય રાખે છે. તેઓ કેવળ એકમેવનો જ નહિ પણ બહુનો પણ સ્વીકાર કરે છે. તેઓ બહુલતાના ભેદોની વાસ્તવિકતાને અને સાથે સાથે એકનું એકત્વ પણ માન્ય રાખે છે (भेदाभेद:), પરંતુ અનેક એકમાં તેમજ એક દ્વારા અસ્તિત્વ ધરાવે છે. જે આ બધા ભેદો છે તે આવિર્ભાવમાં થયેલી વિભકતતાઓ છે પરંતુ તે બધું જ મૂળ પાયામાં એક જ વસ્તુ છે. આ બધું આપણે અસ્તિત્વના વૈશ્વિક નિયમ પ્રમાણે ખરેખર જોઈએ છીએ, જેમાં એકત્વ એ કાયમ એક પાયો હોય છે અને એ એકમાંથી અનંત અનેકત્વ અને ભેદો ઉત્પન્ન થાય છે : દા.ત. માનવજાતિ એક જ છે પરંતુ માનવ ઘણી જાતના હોય છે. એક જ વસ્તુ લો. દા.ત. પાંદડું યા તો ફૂલો. તેનાં ઘણાં સ્વરૂપો, ભાતો, રંગો હોય છે. આમ આપણે અસ્તિત્વના પાયાનાં રહસ્યોમાં જોઈ શકીએ છીએ, અને તે બધું જ એક-માત્ર વાસ્તવિકતામાં સમાયેલું છે. અનંતનું એકત્વ એ કોઈ એવી વસ્તુ નથી જે મર્યાદિત હોય અને પોતાના ઐકયની શૃંખલામાં જકડાયેલી હોય; તે અનંત વૈવિધ્ય ઉત્પન્ન કરવા શકિતમાન છે. પરમ વાસ્તવિકતા એક નિરપેક્ષ વસ્તુ છે છતાં તે પોતાની એકતા અથવા વિવિધતાથી મર્યાદિત નથી પણ એકી સાથે બન્ને હોવા શકિતમાન છે. કારણ કે તે બન્ને તેનાં પાસાં છે. જો કે મૂળ પાયામાં એક તત્ત્વ છે અને બહુવિધતા તેના ઉપર આધાર રાખે છે.

એક વાસ્તવિક અદ્વૈત તેમજ સાથે સાથે એક માયાવાદી અદ્વૈત પણ હોવાની શકયતા છે. 'દિવ્ય જીવન'નું તત્ત્વજ્ઞાન આ પ્રમાણેનું વાસ્તવિક અદ્વૈત છે. જગત મૂળ વાસ્તવિકતાની અભિવ્યકિત છે અને તેથી તે સત્ય છે. મૂળ વાસ્તવિકતા અનંત અને શાશ્વત પ્રભુ છે. તે અનંત અને શાશ્વત સત્ છે, ચિત્-શકિત અને પરમાનંદ છે. તે પરમ પ્રભુએ પોતાની શકિતથી જગતનું સર્જન કરેલું છે અથવા તેનો પોતાનાં અનંત સ્વરૂપોમાં આવિર્ભાવ કરેલો છે. પરંતુ અહીં આ ભૌતિક જગતમાં અથવા આ જગતના પાયામાં જે વસ્તુ તેનાથી વિરોધી તત્ત્વ તરીકે દેખાય છે, અસત્, જડ અને અચેતન લાગે છે, તેમાં તે ગુપ્ત રીતે છુપાયેલો છે. આ વસ્તુને હાલ આપણે અચિત્ કહીએ છીએ. અને તેણે પોતાની અચેતન શક્તિ વડે આ

ભૌતિક વિશ્વની ઉત્પત્તિ કરી છે, એવું લાગે છે. પરંતુ આ તો ફક્ત એક આભાસ છે એવું લાગે છે, કારણ કે અંતે આપણે એમ જાણી શકીએ છીએ કે જગતની આ બધી જે વ્યવસ્થા થયેલી છે, તે એક પરમ ગુપ્ત પ્રજ્ઞાના કાર્ય દ્વારા યોજનાબદ્ધ થયેલી છે. જે અચેતન શૂન્ય દેખાય છે તેમાં જે પરમ સત્ છુપાયેલું છે તે પ્રથમ જગતમાં જડતત્ત્વમાં પ્રગટ થાય છે, પછીથી પ્રાણતત્ત્વમાં અને પછીથી મનસતત્ત્વમાં અને છેવટે આત્મતત્ત્વ તરીકે. બાહ્ય રીતે દેખાતી અચેતન શકિત જે સર્જન કરે છે તે હકીકતમાં તો પ્રભુની ચિન્મય શકિત છે અને તેની ચેતનાનું જે પાસું ભૌતિક તત્ત્વમાં ગુપ્ત છે, તે પ્રાણતત્ત્વમાં ઉદય પામે છે, મનસતત્ત્વમાં વધારે અને વધારે ખુલ્લું થતું જાય છે અને પોતાના સાચા તત્ત્વને એક આધ્યાત્મિક ચેતનામાં પ્રાપ્ત કરીને છેવટે અતિમનસતત્ત્વમાં પ્રગટ કરે છે. તેની મારફતે આપણે મૂળ વાસ્તવિકતા વિશે સભાન બનીએ છીએ, તેમાં પ્રવેશ કરીએ છીએ અને પછી તેની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરીએ છીએ. આ વસ્તુને આપણે ઉત્ક્રાંતિ કહીએ છીએ જે ચેતનાની ઉત્ક્રાંતિ છે અને વસ્તુઓમાં આત્મતત્ત્વની ઉત્ક્રાંતિ છે અને ફક્ત બાહ્ય રીતે જ વિશિષ્ટ જાતિઓની ઉત્ક્રાંતિ છે. આ રીતે જ અસ્તિત્વનો આનંદ પણ મૂળ અચેતનતામાંથી પ્રગટ થાય છે. અને પછી પોતાની જાતને નિજાનંદમાં પ્રાપ્ત કરે છે. અથવા તો ઉપનિષદોમાં જે રીતે કહેવાયું છે તે પ્રમાણે બ્રહ્મના આનંદમાં પ્રગટ થાય છે. વિશ્વની સમજૂતીમાં જે મુખ્ય વિચાર 'દિવ્ય જીવન'માં પ્રતિપાદન કરેલો છે તે આ પ્રમાણેનો છે.

## ૩. નિર્ગુણ અને સગુણ

સર્વ વાસ્તવવાદી અદ્વૈતમાં, સગુણનું સર્જન, નિર્ગુણમાંથી થયેલું છે તેવી માન્યતાની કોઈ જરૂર નથી અથવા તેવું પણ માનવાની જરૂર નથી કે તે તેનાથી નીચેની કક્ષાનું છે અથવા તેના ઉપર આધાર રાખનારું છે; એક જ વાસ્તવિકતાનાં તે બન્ને એકસરખાં પાસાં છે – તેની એક નીરવ અને આરામયુક્ત અવસ્થા અને બીજી તેની કાર્યની સક્રિય શકિતની સ્થિતિ; એક શાશ્વત આરામ અને શાંતિની નીરવતા, જે શાશ્વત કર્મ અને ગતિની અવસ્થાને ટેકો આપે છે. એક દિવ્ય સત્-તત્ત્વની એકમાત્ર વાસ્તવિકતા તે બન્નેમાંથી કોઈ અવસ્થા દ્વારા બંધાયેલું નથી, કારણ કે તેનામાં કોઈ પણ રીતની મર્યાદા નથી. તેનામાં બન્ને તત્ત્વો સમાયેલાં છે. તે બન્ને વચ્ચે કોઈ વિસંગતતા નથી જે રીતે અનેક અને એકમેવ વચ્ચે કોઈ ભેદ નથી. તે પ્રમાણે બન્ને એક જ તત્ત્વ છે અને તેમાં કોઈ ભેદ નથી. તે બન્ને વિશ્વનાં શાશ્વત પાસાંઓ છે અને તે બેમાંથી કોઈ પણ એકને બાતલ કરવામાં

આવે તો તે હસ્તી ધરાવી શકે નહિ અને એમ માનવું એ તર્કશુદ્ધ છે કે તે બન્ને એક વાસ્તવિકતામાંથી જ પ્રગટ થયાં છે જેણે આ વિશ્વની ઉત્પત્તિ કરેલી છે અને તે બન્ને વાસ્તવિક છે. બાહ્ય રીતે જે વિરોધાભાસ દેખાય છે તેનો ઉકેલ આપણે લાવી શકીએ — જે ખરેખર વિરોધ નથી પરંતુ એક સ્વાભાવિક સહઅસ્તિત્વ ધરાવતી વસ્તુ છે – એક યા બીજાને ભ્રમ તરીકે ગણીને તેને આપણે રદબાતલ કરી શકીએ. પરંતુ એમ માનવું કે શાશ્વત વાસ્તવિકતા શાશ્તવ ભ્રમના અસ્તિત્વને, જેની સાથે તેને કાંઈ સંબંધ નથી, તેને ચાલુ રાખે છે અથવા ટેકો આપે છે અને માનવ ઉપર એક મિથ્યા વૈશ્વિક ભ્રમ દબાણપૂર્વક લાદે છે તથા બીજા કોઈ પણ પકારનાં સાચાં કાર્ય કરવાની તેનામાં શકિત નથી – એ પ્રકારની માન્યતા ભાગ્યે જ તર્કશુદ્ધ કહેવાય. પરમાત્માની દિવ્ય શકિત નીરવતામાં તેમજ સક્રિયતામાં કાયમ રહેલી જ છે. નીરવતામાં તે સક્રિય રહે છે અને આવિર્ભાવમાં સક્રિય હોય છે. એમ માનવું કે દિવ્ય પરમ વાસ્તવિક તત્ત્વમાં કોઈ શકિત કે બળ નથી અથવા તેનામાં ફકત વૈશ્વિક અસત્ય સર્જન કરવાની જ શકિત છે – એક વૈશ્વિક જૂઠાણું - મિથ્યા – તે ભાગ્યે જ સાચું છે.

## ૪. સંયોજનો અને વિઘટ્ટન

બધાં જ સંયોજનો મૂળ તત્ત્વો નથી પરંતુ મિશ્રણ હોવાથી તેમનું વિઘટ્ટન થઈ શકે છે. તે જ પ્રમાણે જીવનનું પણ છે; જો કે તે જડ શારીરિક સંયોજન નથી અને તેનામાં જન્મની અથવા એક તત્ત્વની વક્રરેખા છે અને પછીથી તે અમુક બિંદુએ પહોંચે ત્યાર પછી વિઘટ્ટન, ક્ષય અને મૃત્યુ સુધી પહોંચે છે. પરંતુ આ વિચારો અથવા તો અસ્તિત્વનો આ નિયમ વસ્તુઓમાં પોતાનામાં લાગુ પાડી શકાતો નથી. આત્મા કોઈ સંયોજન નથી પરંતુ એક અખંડ મૂળતત્ત્વ છે અને તેનું વિઘટ્ટન થતું નથી પરંતુ વધારેમાં વધારે તે આવિર્ભાવમાં પ્રવેશ કરે છે અને આવિર્ભાવની બહાર નીકળી જાય છે. રૂપો બાબતમાં પણ તે જ પ્રમાણે છે સિવાય કે ભૌતિક રચનાઓનાં રૂપો અથવા પ્રાણમય સર્જનનાં રૂપો; તે બધાં રૂપોનું વિસર્જન અથવા વિલીનીકરણ થતું નથી પરંતુ તેઓ દષ્ટિગોચર થાય છે અને અદૃશ્ય થાય છે અથવા આવિર્ભાવમાંથી ભૂંસાઈ જાય છે. અમુક વિશિષ્ટ પ્રકારના વિચારો સિવાય મન પણ પોતે એક જરૂરી અને શાશ્વત તત્ત્વ છે; તે દિવ્ય ચેતનાની એક શકિત છે. તે જ પ્રમાણે પ્રાણનું પણ છે, જીવંત શરીરોની રચના સિવાય; તે જ પ્રમાણે હું માનું છું કે જેને આપણે ભૌતિક શકિત કહીએ છીએ, જે ખરેખર તો ખાસ કરીને ગતિમાં રહેલો પદાર્થ છે, તેમાં ખરેખર શકિત છે, અને તે આત્માની શકિત છે. વિચારો, જીવંત પ્રાણીઓ, ભૌતિક પદાર્થો તે આ બધી શકિતઓની રચના હોય છે અને તે સર્વ વસ્તુઓ ખાસ વિશિષ્ટ

શક્તિની આ લીલાની ટેવ પ્રમાણે રચાય છે, અથવા ફક્ત આવિર્ભાવ પામે છે. તત્ત્વો વિશે વિચાર કરીએ તો મૂળ તત્ત્વની શુદ્ધ સાહજિક અવસ્થા કેવી છે? વિજ્ઞાનના મત પ્રમાણે, વિજ્ઞાનીઓ જેને મૂળ તત્ત્વો કહેતા હતા તે પાછળથી સંયોજનો માલૂમ પડયાં અને તેમની શુદ્ધ સાહજિક સ્થિતિ, જો કોઈ એવા પ્રકારની હોય તો, શુદ્ધ શક્તિની અવસ્થા જ હોવી જોઈએ; તે શુદ્ધ સ્થિતિમાં, આપણે જેને સંયોજનો કહીએ છીએ તેમાં મૂળ તત્ત્વો પણ આવી જાય છે — તે બધાં જ જ્યારે નિર્વાણમાં વિલય પામે ત્યારે ચાલ્યાં જવાં જોઈએ.

## ૫. નિર્વાણ

તો પછી નિર્વાણ શું છે? ચુસ્ત બૌદ્ધ ધર્મમાં તેનો અર્થ વિલીનીકરણ નહિ, આત્માનું વિલીનીકરણ નહિ – કારણ કે તે અસ્તિત્વ ધરાવતો જ નથી — પરંતુ એક મનોમય સંયોજનનો લય અથવા સંસ્કારોના પ્રવાહનો ક્ષય અથવા જેને આપણે આપણી જાત તરીકે ઓળખીએ છીએ તેવા સંસ્કારોનો લય છે. માયાવાદી વેદાન્તમાં તેનો અર્થ એવો થાય છે કે તે એક લય નથી પરંતુ માયાવી અને અવાસ્તવિક વ્યક્તિગત આત્માનું અદૃશ્ય થવું અને પરમ આત્મતત્ત્વમાં અથવા બ્રહ્મમાં મિલન થવું; આપણામાં જે એક અલગ વ્યક્તિતાનો ખ્યાલ તથા અનુભવ છે તે અદૃશ્ય થઈ જાય છે અને અટકી જાય છે — આપણે એમ કહી શકીએ કે એક અસત્ય પ્રકાશ, સાચા પ્રકાશમાં બુઝાઈ જાય છે ( નિર્વાણ ) – આધ્યાત્મિક અનુભૂતિમાં કેટલીક વખત નિર્વાણ એટલે, એક અલગ વ્યક્તિત્વની ભાવનાને બદલે, અમર્યાદ વૈશ્વિક ચેતનાની સાથે એકરૂપ થવું; જે વસ્તુ વ્યક્તિતા હતી, તે એક વૈશ્વિક ચેતના અને વૈશ્વિક શક્તિ તથા કાર્ય માટેનું ફક્ત એક કેન્દ્ર રહે છે. અથવા તે ચેતનાના પ્રવાહ માટેની એક નહેર બની રહે છે. અથવા તે એવી અનુભૂતિ હોઈ શકે જેમાં વ્યક્તિતા નાશ પામે છે અને તેની જગાએ એક પરાત્પરના સ્વરૂપમાં અથવા તેની ચેતનામાં ભળી જાય છે અને પછીથી તેમાં વિશ્વમય ચેતના યા તો વ્યક્તિગત ચેતના બન્નેમાંથી એક પણ રહેલી નથી અથવા તો તે એટલી બધી પરમોચ્ચ ચેતનામાં પહોંચી જાય છે જે વૈશ્વિક કાર્ય વિશે સભાન હોય છે અને તેને ટેકો પણ આપે છે. પરંતુ આપણે વ્યક્તિ એટલે શું સમજીએ છીએ? આપણે સાધારણ રીતે જેને વ્યક્તિ તરીકે ઓળખીએ છીએ તે એક સ્વાભાવિક અહં હોય છે અને તે પ્રકૃતિએ યોજેલી એક યોજના છે જેને લઈને તે મન અને શરીરમાં પોતાના કાર્યને ધારણ કરી રહી છે, નહિ તો પછી પૂર્ણ મુક્તિ કોઈ રીતે શક્ય નથી. વ્યક્તિગત આત્મા એક આધ્યાત્મિક સ્વરૂપ છે જેનું પરમાત્માના શાશ્વત અંશ તરીકે વર્ણન કરવામાં આવ્યું છે; પરંતુ તેનું વર્ણન એ રીતે પણ

થઈ શકે કે તે પરમાત્મા પોતે જ છે અને અનેક રીતે તેમણે જે આવિર્ભાવો કરેલા છે તેમને ટેકો આપી રહેલા છે. આ વસ્તુ જ સાચી આધ્યાત્મિક વ્યકિત છે અને જ્યારે આપણે આપણા અહંકારમાંથી અથવા એક અલગ પાડતી વ્યકિતતાની અસત્ય ભાવનામાંથી મુકત થઈએ છીએ, ત્યારે જ તે દેખાય છે. ત્યાર પછીથી આપણે પરાત્પરની સાથેના તથા વૈશ્વિક પરમાત્મા અને સર્વ પ્રાણીઓ સાથેના આપણા તાદાત્મ્યનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. આ વસ્તુ દિવ્ય જીવનને શકય બનાવે છે. નિર્વાણ તેના તરફનું એક પગથિયું છે; આપણા સાચા શાશ્વત સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે તેમ જ તેમાં જીવન ધારણ કરવા માટે, આપણા અહંકારયુકત અલગ વ્યકિતતાનું વિલીનીકરણ એ એક અનિવાર્ય શરત છે. પરંતુ આ વસ્તુ આપણે આ જગતમાં અને જીવનમાં કરી શકીએ.

## ૬. પુનર્જન્મ

જો ઉત્ક્રાંતિ અથવા વિકાસ એ એક સત્ય હોય અને એક જુદી જુદી જાતિની કેવળ ભૌતિક ઉત્ક્રાંતિ જ ન હોય પરંતુ ચેતનાનો વિકાસ હોય, તો તે વસ્તુ આધ્યાત્મિક વિકાસ હોવો જોઈએ અને નહિ કે ફકત ભૌતિક હકીકત. તે પ્રસંગે જે વ્યકિત ઉત્ક્રાંતિ સાધે છે, એક વધારે અને વધારે વૃદ્ધિ પામતી અને પૂર્ણ ચેતનામાં વિકાસ પામે છે, તે સ્પષ્ટ રીતે જ ફકત એક માનવ જિંદગીના ટૂંકા ગાળામાં જ બની શકે નહિ. જો સચેતન વ્યકિતની ઉત્ક્રાંતિ થતી હોય તો તેનો પુનર્જન્મ પણ હોવો જોઈએ જ. પુનર્જન્મ એક તાર્કિક જરૂરિયાત છે તેમ જ તે એક આધ્યાત્મિક હકીકત છે અને આપણે તેની અનુભૂતિ કરી શકીએ. પ્રચંડ રીતે માની શકીએ એ રીતની પુનર્જન્મની સાબિતીઓ ઓછી નથી પરંતુ હજુ સુધી તેમની કાળજીપૂર્વકની નોંધ લેવાઈ નથી અને તેમનું એકત્રીકરણ કરવામાં આવ્યું નથી.

## ૭. ઉત્ક્રાંતિ

વિશ્વની સમજૂતીમાં મેં આધ્યાત્મિક ઉત્ક્રાંતિને એક મહત્ત્વની હકીકત તરીકે મૂકી છે જેને લઈને આપણું અહીંનું અસ્તિત્વ અર્થપૂર્ણ બને છે. તેમાં ઊર્ધ્વારોહણની એક ક્રમિક સીડી છે. શારીરિક સ્વરૂપ તથા ચેતનાથી શરૂ કરીને પ્રાણમય ચેતના, તથા પ્રાણમય આત્માથી પ્રભુત્વ ધારણ કરીને ત્યાર પછીથી એક મનોમય પુરુષથી પૂર્ણ વિકસિત માનવ ઉત્ક્રાંતિ થાય છે અને ત્યાર પછી તેનો એક અતિમાનવ થાય છે જે સત્ય-ચેતના છે અને આધ્યાત્મિક પુરુષની સર્વાંગસંપૂર્ણ ચેતના છે. મન એ આપણી ચેતનાનું છેલ્લું પ્રગટીકરણ નથી કારણ કે મન મૂળભૂત રીતે

અજ્ઞાન છે, જે જ્ઞાનને માટે પ્રયત્ન કરે છે; ફક્ત અતિમાનસ ચેતના જ આપણે માટે સાચું અને સમગ્ર આત્મજ્ઞાન તથા વૈશ્વિકજ્ઞાન લાવી શકે; ફક્ત તેની મારફતે જ આપણે આપણા સાચા સ્વરૂપને પ્રાપ્ત કરી શકીએ અને આપણી આધ્યાત્મિક ઉત્ક્રાંતિને ચરિતાર્થ કરી શકીએ.

*

[1]તમારા વાક્યની અભિવ્યક્તિમાં કાંઈક ખૂટતું હોય એમ લાગે છે. તેનો અર્થ એવો નથી કે માયા એ બ્રહ્મની મુક્તિ છે, પરંતુ 'માયાનો સિદ્ધાંત' એ સ્થિતિમાં આવે છે કે જે સંજોગો મારફતે બ્રહ્મ પોતાની અભિવ્યક્તિ કરે છે તે સંજોગોમાંથી બ્રહ્મ મુક્ત છે. આ જે તેની મર્યાદિત લીલા છે તે બ્રહ્મ પોતે જ નથી કારણ કે તે પોતે અમર્યાદ છે; આ એક મર્યાદિત (આંશિક) અભિવ્યક્તિ છે, પરંતુ તેણે જે પરિસ્થિતિઓ ઉત્પન્ન કરેલી છે તેનાથી તે બંધાયેલ નથી પરંત લીલા તો મર્યાદિત છે. જગત તેનું એક સ્વરૂપ છે, તેનો પોતાનો જ કોઈ અંશ જેને તેણે બહાર મૂકેલો છે અને તેમાં તેની પોતાની જાત રહેલી છે પરંતુ તે તેનાથી કાંઈક વધારે છે. જગત અવાસ્તવિક કે ભ્રમ નથી પરંતું આપણે તેને જે રીતે જોઈએ છીએ તેના વિશે આપણી ચેતના અજ્ઞાન છે અને તેથી આપણે જે દષ્ટિબિંદુથી જોઈએ છીએ તેને આપણે મિથ્યા તરીકે વર્ણવી શકીએ. આટલે સુધી માયાનો વિચાર સત્ય છે. પરંતું આપણે ખરેખર જે રીતનું છે તે રીતે જોઈએ, બ્રહ્મના આંશિક અને વિકાસ પામતા આવિર્ભાવ તરીકે, તો આપણે તેને મિથ્યા તરીકે વર્ણવી શકીએ નહિ પરંતુ તેને બ્રહ્મની લીલા તરીકે વર્ણવવું જોઈએ. તે તેની લીલા કરતાં ઘણો વધારે છે, પરંતુ તે તેમાં રહેલો છે અને જગત તેનામાં રહેલું છે; તે મિથ્યા નથી.

*

## નિર્વાણ વિશે

જ્યારે મેં તે વિશે 'આર્ય'[2]માં લખ્યું ત્યારે હું મનની સમક્ષ વસ્તુઓનું એક અધિમનસ દષ્ટિબિંદુ રાખતો હતો અને તેને હું મનોમય પરિભાષામાં મૂકતો હતો અને તેને લઈને મારે કેટલીક વખત તર્કનો ઉપયોગ કરવો પડતો કારણ કે

---

૧. "માયા એટલે બીજું કાંઈ નહિ પરંતુ બ્રહ્મ જે સંજોગો મારફતે પોતાની અભિવ્યક્તિ કરે છે તેમાંથી તેની મુક્તિ." – શ્રી અરવિંદ, યોગ અને તેના હેતુઓ (૧૯૬૮ની આવૃત્તિ, પાનું ૩૯).

૨. એક તત્ત્વજ્ઞાનનું સામયિક જેનું સંચાલન શ્રી અરવિંદે ૧૯૧૪થી ૧૯૨૧ સુધી કરેલું.

આવા કાર્યમાં – બૌદ્ધિક અને પાર-બૌદ્ધિક વચ્ચે જ્યારે કાંઈક મધ્યસ્થી બનતું હોય ત્યારે તર્કને એક સ્થાન હોય છે. જો કે શુદ્ધ મનોમય તત્ત્વજ્ઞાનોમાં તેને મુખ્ય સ્થાન હોઈ શકે નહિ – માયાવાદી પોતે જ એક શુદ્ધ તાર્કિક બુદ્ધિથી, પોતાના દષ્ટિબિંદુનું અથવા અનુભૂતિનું સ્થાપન કરવા માટે સખત પ્રયત્ન કરે છે. જ્યારે તે માયાની સમજૂતી આપવા સુધી આવે છે ત્યારે તે માયાવાદી જે રીતે વિજ્ઞાની પ્રકૃતિની સાથે કામ પાડે છે તે પ્રમાણે આ વૈશ્વિક રહસ્યવાદની પ્રક્રિયાના પોતાના વિચારોને ગોઠવીને તથા વ્યવસ્થિત કરવા સિવાય બીજું કાંઈ તે કરી શકતો નથી : આ મિથ્યા રહસ્યપૂર્ણ માયા કેવી રીતે અને શા માટે અસ્તિત્વમાં આવી તે, તે સમજાવી શકતો નથી. તે ફક્ત એટલું જ કહી શકે, "વારુ, પણ તે ત્યાં છે તો ખરી જ ને !"

અલબત્ત, તે ત્યાં છે. પરંતુ પ્રથમ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે તે શું છે ? તે ખરેખર એક મિથ્યા શકિત જ છે અને બીજું કાંઈ નહિ કે પછી માયાવાદીનો તે વિશેનો પ્રથમ દષ્ટિનો ખ્યાલ ભૂલભરેલો છે ? તે તેનું મનોમય અપૂર્ણ વાચન છે, અને કદાચ તે પોતે જ ભ્રમ છે ? અને બીજો પ્રશ્ન "પ્રભુની દિવ્ય ચેતનાએ અથવા પરચેતનાએ માયાને એકમાત્ર અથવા ઉચ્ચતમ શકિત તરીકે ધારણ કરેલી છે ? નિરપેક્ષ બ્રહ્મ એકમાત્ર સત્ય છે જે માયામાંથી મુકત છે, અને નહિ તો પછી મુકિત શકય ન બને ? તો પછી એ પ્રશ્ન થાય છે કે તે પરમ અને નિરપેક્ષ સત્યમાં પોતાની પાસે અસત્ય સિવાય સંશય રહિત બીજી કોઈ સક્રિય શકિત નથી ? કારણ કે બન્ને શકિત સાથે રહી શકે છે, બેશક એક લય કરવાની શકિત અથવા અસત્યનો ઇન્કાર કરવાની – તો તેમાં કઈ શકિત કાયમી છે ? મેં સૂચન કરેલું કે આ વસ્તુ થોડી વિચિત્ર લાગે છે, પરંતુ વિચિત્ર હોય યા ન હોય, જો તે પ્રમાણે હોય તો તે પ્રમાણે જ છે – કારણ કે તમે દર્શાવો છો તે પ્રમાણે પરમ અનિર્વચનીયને તર્કના સિદ્ધાંતો પ્રમાણે માપી શકાય નહિ. પરંતુ કોણ તે પ્રમાણે નક્કી કરી શકે કે તે પ્રમાણે જ છે કે કેમ ? તમે કહેશો કે જેઓ ત્યાં પહોંચ્યા છે તેઓ. પરંતુ તેઓ કયાં પહોંચ્યા છે ? જે પૂર્ણથી પણ પૂર્ણ છે અને સર્વોચ્ચ છે ત્યાં ? **'पूर्णम् परम्'**. માયાવાદીનો નિરાકાર બ્રહ્મ પૂર્ણ છે ? – તે જ પરમોચ્ચ છે ? તે તર્કનો વિષય નથી. તે આધ્યાત્મિક સત્યનો પ્રશ્ન છે. અને પરમોચ્ચ પૂર્ણ અનુભૂતિનો પ્રશ્ન છે. આ વસ્તુના ઉકેલનો આધાર તર્ક ઉપર ન હોવો જોઈએ પણ એક વિકાસ પામતી, ઉચ્ચત્તર આરોહણ કરતી અને વિશાળ બનતી જતી આધ્યાત્મિક અનુભૂતિ આપી શકે – એક એવી અનુભૂતિ જે માયા અને નિર્વાણને જરૂર આવરી લે અને તેમાંથી પસાર થઈ હોય; નહિ તો પછી તે પૂર્ણ ન કહેવાય અને તેનું નિર્ણાયક મૂલ્ય કાંઈ પણ ન રહે.

હવે નિર્વાણમાં પહોંચવું તે મારા પોતાના યોગનું પ્રથમ મૌલિક પરિણામ હતું. તેણે મને ઓચિંતા જેનાથી ઉપરની પરિસ્થિતિમાં ઊંચકી લીધો અને તેને માટે કોઈ વિચાર ન હતો અથવા તેને કોઈ મનોમય કે પ્રાણમય ગતિ ટેકો આપતી નહોતી; તેમાં કોઈ અહંકાર પણ નહોતો તેમજ વાસ્તવિક જગત પણ નહોતું – જ્યારે માણસ અચલ ઇન્દ્રિયો દ્વારા નજર કરે છે ત્યારે તેને કોઈ એવી વસ્તુનું જ્ઞાન થાય છે જે તેની કેવળ નીરવતામાં ખાલી રૂપોને, જેમનામાં કોઈ સાચો પદાર્થ ન હોય એવી ભૌતિક બનેલી છાયાઓને ધારણ કરતું હતું. તેમાં કોઈ એક અથવા અનેક પણ નહોતાં. કેવળ ફક્ત તે – तत्, નિરાકાર, નિરંજન, કેવળ સત્-અવ્યાખ્યેય, અચિંતનીય નિરપેક્ષ તત્ત્વ હતું અને તેમ છતાં તે પરમ વાસ્તવિક અને કેવળ સત્ય હતું. આ કોઈ મનોમય સાક્ષાત્કાર ન હતો અથવા કોઈ ઊર્ધ્વમાં થયેલી ઝાંખી પણ નહોતી – કેવળ અમૂર્તતા પણ નહોતી – તે હકારાત્મક વસ્તુ હતી. કેવળ ભાવાત્મક વાસ્તવિકતા – જો કે તે અવકાશમાં આવેલું કોઈ ભૌતિક જગત ન હતું, જે બધામાં વ્યાપેલું અને સમાવેશ કરતું અથવા બધાને પોતાના પૂરમાં વહાવી દેતું અને ડુબાડી દેતું એવું આ ભૌતિક જગતનું દશ્ય નહોતું. તે તત્ત્વ પોતાના સિવાય બીજા કોઈ અવકાશ માટે અથવા વાસ્તવિકતા માટે જગા રાખતું નહોતું અને પોતાના સિવાય બીજી કોઈ વસ્તુને વાસ્તવિક ભાવાત્મક અથવા અર્થવિહીન રાખતું નહિ. હું એમ નથી કહી શકતો કે તે અનુભૂતિ જે રીતે આવી તે મને અદ્ભુત, આહ્લાદક અથવા ઉત્સાહથી ભરી દેનારી લાગી હતી – (કારણ કે મને ત્યાર પછી વર્ષો પછી એક અનિર્વચનીય આનંદની અનુભૂતિ થયેલી) – પરંતુ તેણે એક અનિર્વચનીય શાંતિનું મારામાં સ્થાપન કર્યું; એક પ્રચંડ નિર્વાણનું, એક મુક્ત અને અનંત સ્વતંત્રતાની અનુભૂતિ થઈ. આ નિર્વાણમાં હું ચોવીસે કલાક રહેતો થઈ ગયેલો, જ્યાં સુધી બીજી વસ્તુઓને તે પોતાની અંદર પ્રવેશ કરાવીને તેના પોતાનામાં કોઈ ફેરફાર કરાવતું ન હતું ત્યાં સુધી અંતરમાં, હૃદયમાં, તે અનુભૂતિ રહેલી અને તેની કાયમ સતત સ્મૃતિ રહેલી અને તેની પાછા ફરવાની શકિત તે અવસ્થામાં કાયમ રહેતી. ત્યાર પછી છેવટે તેની અદશ્ય થવાની શરૂઆત થઈ અને ઊર્ધ્વમાંથી આવતી મહત્તર પરા-ચેતનામાં તે અદશ્ય થઈ ગઈ પરંતુ તે દરમિયાન એક પછી એક સાક્ષાત્કારો આ મૂળભૂત અનુભૂતિ સાથે અંદર ભળવા લાગ્યા. પહેલાંની અવસ્થામાં જગતનું જે મિથ્યા સ્વરૂપનું પાસું હતું* તેની જગાએ એક એવી સ્થિતિ આવી જેમાં

*હકીકતમાં તે એવા અર્થમાં નથી કે ચેતના ઉપર કોઈ પાયાવિહીન અને વાસ્તવિક વસ્તુને લાવવામાં આવેલી હોય પરંતુ સચેતન મન અને ઇન્દ્રિયો વડે થયેલી વિકૃત રજૂઆત છે તથા આવિર્ભાવ પામેલા અસ્તિત્વનો અસત્ય રીતનો દુરુપયોગ છે.

મિથ્યાત્વ એક એવો નાનકડો સપાટી ઉપરનો બનાવ હતો, અને તેની પાછળ ભવ્ય દિવ્ય વાસ્તવિકતા હતી અને એક પરમ દિવ્ય સત્-તત્ત્વ તેની પાછળ હતું. જે વસ્તુઓ ફક્ત ચલચિત્રની માફક આકારો ધારણ કરતી હતી અને છાયાઓ જેવી લાગતી હતી તે દરેક વસ્તુના હાર્દમાં એક પ્રચંડ વાસ્તવિકતા હતી. અને આ વસ્તુ ઇન્દ્રિયોમાં ફરીથી થયેલું કારાગારનું પતન નહોતું, તેમ જ પરમ અનુભૂતિમાંથી પણ પતન નહોતું અથવા અનુભૂતિનો ઘટાડો પણ નહોતો, પરંતુ તે એક સત્યનું સતત આરોહણ અને વિશાળતા હતાં; આત્મા આ બધી વસ્તુઓને નિહાળતો હતો અને નહિ કે ઇન્દ્રિયો. એક અનંત તત્ત્વમાં શાંતિ, મુક્તિ અને નીરવતા કાયમ રહેતી હતી અને તે અનુભૂતિમાં જગત અથવા બધા જગતો પ્રભુની કાલાતીત શાશ્વતતામાં એક સતત ચાલુ ઘટના હતી.

હવે માયાવાદ સાથેના અભિગમમાં મારી તકલીફ સમગ્ર રીતે આ છે. મારી મુક્ત થયેલી ચેતનામાં નિર્વાણ સાક્ષાત્કારની શરૂઆત તરીકે નીવડયું. પૂર્ણ વસ્તુ પ્રત્યેનું પ્રથમ પગથિયું, પરંતુ તે કેવળ એકમાત્ર સાચી શક્ય પ્રાપ્તિ નહોતી, અથવા તો લક્ષ્યનું અંતિમ બિંદુ પણ નહોતું, પરંતુ તે વણમાગ્યું, વણશોધ્યું, પૂર્ણ રીતે આવકારદાયક આવ્યું. તેની પહેલાં મને તેના વિશેનો બિલકુલ ખ્યાલ પણ નહોતો. તેના તરફની અભીપ્સા પણ નહોતી: હકીકતમાં તો મારી અભીપ્સા તેનાથી ઊલટી દિશામાં હતી; જગતને મદદ કરવા માટે આધ્યાત્મિક શક્તિની અભીપ્સા હતી અને મારે જગતમાં તેના વડે કાર્ય કરવું હતું તેમ છતાં તેની પ્રાપ્તિ થઈ— અને તેણે 'હું આવી શકું'—અથવા 'તમારી મંજૂરી છે' – એમ પૂછ્યું પણ નહિ. તે એકદમ આવીને જાણે કે શાશ્વતી માટે બેસી ગયું. અથવા જાણે કે કાયમ રહેતું હોય તે રીતે રહેવા લાગ્યું. પછીથી તે ધીરે ધીરે કોઈ એવી વસ્તુમાં વિકાસ પામવા લાગ્યું કે તેની પહેલાંની અવસ્થા હતી તેનાથી ઓછી નહિ પણ વધારે વિસ્મય સ્થિતિ થતી ગઈ. તો પછી હું માયાવાદ કઈ રીતે સ્વીકારી શકું અથવા શંકરના તર્કથી ઉપર રહેલું સત્ય મારા ઉપર સ્થાપન થયું. પછીથી તે તર્કથી મારી જાતને કેવી રીતે સંતોષ આપી શકું ?

પરંતુ હું દરેક માટે એવો આગ્રહ રાખતો નથી કે દરેકે મારી અનુભૂતિમાંથી પસાર થવું જ જોઈએ. અથવા તે જ સત્ય અને તેના પરિણામને અનુસરવું જોઈએ. માયાવાદ પોતાના આત્માના સત્ય તરીકે અથવા મનના સત્ય તરીકે અથવા વૈશ્વિક મુશ્કેલીમાંથી બહાર નીકળવાના રસ્તા તરીકે સ્વીકારે તો તેના માટે મારો વિરોધ

નથી. પરંતુ જો તે વસ્તુને કોઈ મારા ગળા નીચે ઉતારવાનો પ્રયત્ન કરે અથવા એકમાત્ર શકયતા તરીકે જગતને સ્વીકારવા ફરજ પાડે અને એમ પ્રતિપાદન કરવા માટે પ્રયત્ન કરે કે વસ્તુઓની તે જ એકમાત્ર સંતોષકારક અને સમગ્ર સમજૂતી છે, તો મારો તેની સામે વિરોધ છે. કારણ કે તે પ્રમાણે જ તે ઉકેલ નથી. બીજા પણ ઘણા શકય ઉકેલો છે; તે બિલકુલ સંતોષકારક નથી કારણ કે છેવટે તે કોઈ વસ્તુની સમજૂતી આપતી નથી અને તે જો પોતાના તર્કને એક બાજુએ મૂકી દે તો સર્વ વસ્તુઓનો સમાવેશ કરે છે પરંતુ તે સર્વ-પરિજ્ઞાનક નથી. પરંતુ આપણે તે વસ્તુને અગત્ય આપતા નથી. કોઈ સિદ્ધાંત ખોટો પણ હોય, અથવા એકપક્ષી અને અપૂર્ણ હોય, અને છતાં તે પૂરેપૂરો વ્યવહારુ અને ઉપયોગી પણ હોય. વિજ્ઞાનના ઇતિહાસમાં આ વસ્તુ વિશાળ રીતે દેખાય છે. હકીકતમાં કોઈ પણ સિદ્ધાંત, પછી તે દાર્શનિક હોય કે વૈજ્ઞાનિક, બીજું કોઈ નથી પરંતુ મનને માટે એક આધાર હોય છે, વસ્તુઓની સાથે કાર્ય કરવા માટે એક વ્યવહારુ યોજના હોય છે. તે મન માટે એક ટેકારૂપ લાકડી હોય છે જેથી તે વધારે વિશ્વાસપૂર્ણ રીતે આગળ ધપી શકે અને મુશ્કેલ મુસાફરી ચાલુ રાખી શકે. માયાવાદની જે એકમાત્ર નિરપેક્ષતા અને એકપક્ષિલતા છે તે તેના માટે મજબૂત માપદંડ છે અથવા આધ્યાત્મિક પ્રયત્ન માટેનો ઉત્સાહ છે અને તે પ્રયત્ન એકમાત્ર મૌલિક અને નિરપેક્ષ હોય છે એવો અર્થ છે. તે મનમાંથી અને જીવનમાંથી છટકી જઈને એક ટૂંકા માર્ગે ઉપરિ-ચેતના માટેના પ્રયત્નને મનનો ટેકો આપે છે. અથવા તો જે મનોમય પુરુષ છે તે પુરુષ, મનની તેમજ પ્રાણની મર્યાદામાંથી બહાર જઈને પરમ ચેતનામાં, અનંત બ્રહ્મમાં પહોંચવાને ઇચ્છે છે. સૈદ્ધાંતિક રીતે, મને દરેક સંસ્પર્શ અને સંસ્કારનો ઇન્કાર કરવાનો છે અને તે જ પ્રમાણે પ્રાણે બધાં સંવેદનોમાંથી બહાર નીકળી જઈને તે બધાંને મિથ્યાભાસો તરીકે જોવાનાં છે અને તે પ્રમાણે વર્તવાનું છે. વ્યવહારુ હકીકતમાં જ્યારે મન પોતે પોતાનામાંથી પાછું ફરે છે ત્યારે તે સહેલાઈથી એવી નિરંજન શાંતિમાં પ્રવેશ કરે છે જેમાં કોઈ વસ્તુનો સંબંધ રહેતો નથી — કારણ કે તેની નિરપેક્ષતામાં કોઈ મનોમય કે પ્રાણમય મૂલ્યો હોતાં નથી – અને તે રીતે મન ઝડપથી ટૂંકા માર્ગે પરમ ચેતનામાં પહોંચી જાય છે, એક મન વગરની સમાધિ – "સુષુપ્તિમાં". તે ગતિની પૂર્ણતા પ્રમાણે જેણે જે જે સંબંધો અથવા દર્શનોનો પહેલાં સ્વીકાર કરેલો તે બધાં તેના માટે અવાસ્તવિક – મિથ્યા – માયારૂપ બને છે; તે તેના લયના માર્ગે પહોંચી જાય છે.

એટલા માટે માયાવાદ જે નિર્વાણ ઉપર પૂર્ણ ઝોક મૂકે છે તે, વસ્તુઓની એક મનોમય પદ્ધતિ તરીકેના દોષને બાદ કરીએ તો, એક મહાન આધ્યાત્મિક લક્ષ્ય

પૂરું કરે છે અને એક માર્ગ તરીકે ઘણે ઊંચે અને દૂર દૂર સુધી લઈ જાય છે. મન એ છેવટનો શબ્દ હોય અને તેનાથી પર કાંઈ પણ નથી એમ માનીએ, સિવાય કે એક શુદ્ધ આત્મતત્ત્વની હસ્તી છે એટલું જ સ્વીકારીએ, તો પણ તેને જગતમાંથી બહાર નીકળવાના એક માર્ગ તરીકે સ્વીકારવામાં મારો વિરોધ નથી. કારણ કે મને આ જગતમાં પોતાનું દર્શન જે રીતનું આપ્યું છે અને પ્રાણની કામનાઓને લઈને જે આવેગો રહેલા છે તેમણે આ વિશ્વમાં જે પ્રકારનું જીવન સર્જ્યું છે તેને લઈને એક ભયંકર ગોટાળો સર્જાયો છે, અને તેનાથી વધારે કોઈ આશા આપણને ન હોય તો પણ જગતમાંથી બહાર નીકળવાનો આ ટૂંકામાં ટૂંકો શ્રેષ્ઠ માર્ગ છે. પરંતુ મારી અનુભૂતિ પ્રમાણે મનથી પર રહેલી કોઈ વસ્તુ છે; આત્મતત્ત્વ માટેનો છેવટનો શબ્દ મન નથી. મન એ અવિદ્યાની ચેતના છે અને તેનાં દર્શનો અસત્ય, મિશ્રણયુક્ત અને અપૂર્ણ સિવાય બીજા પ્રકારનાં હોઈ શકે નહિ— અને સાચાં હોય ત્યારે પણ આંશિક પ્રતિબિંબ જ હોય છે અને નહિ કે સત્યનું પોતાનું સ્વરૂપ, પરંતુ એક સત્ય-ચેતના ( ઋત-ચેતના ) છે, કેવળ સક્રિય અને આત્મદર્શનવાળી નહિ. પરંતુ સક્રિય અને સર્જનાત્મક; અને હું તેમાં પ્રવેશ કરવાનું વધારે પસંદ કરું છું, અને તે ચેતના વસ્તુઓ માટે શું કહેવા માગે છે અને શું કરી શકે છે તે મારે જોવું છે. જે વસ્તુઓ તે આપવા માગે છે તેના માટે અજ્ઞાને આપેલો ટૂંકો માર્ગ મારે જોઈતો નથી.

તેમ છતાં તમને જો નિર્વાણ પ્રત્યે આકર્ષણ હોય તો મારો તેમાં બિલકુલ વિરોધ નથી. તે ફક્ત મન અને પ્રાણનું વલણ ન હોવું જોઈએ પરંતુ તે એક મનનો સાચો માર્ગ અને આત્મા તરફથી આવતો હોવો જોઈએ. પરંતુ મને એમ લાગે છે કે પ્રાણ ફક્ત પોતાની કામનાઓની નિષ્ફળતા પ્રાપ્ત કરીને અતિશય અસંતોષથી પાછો વળે છે, પરંતુ તેથી આત્મા પોતાના સાચા માર્ગ ઉપર આનંદથી ડેક ભરતો નથી. આ રીતનો વૈરાગ્ય પોતે જ ખરેખર એક પ્રાણની ગતિ છે; પ્રાણિક વૈરાગ્ય, પ્રાણમય કામનાઓની ઊલટી બાજુ છે – જો કે મન અલબત્ત પોતાનાં કારણો આપવા માટે હાજર હોય છે અને તે વસ્તુને અનુમતિ આપે છે. આ વૈરાગ્ય પણ જો એકલક્ષી અને કેવળ એકમાત્ર ગતિવાળો હોય તો નિર્વાણ તરફ દોરી જાય છે અથવા તે તરફ આંગળી ચીંધે છે – પરંતુ તમારી વ્યક્તિતામાં ઘણી બાજુઓ હોય છે અથવા તમારી અંદર ઘણી વ્યક્તિઓ હોય છે; તે બધાની અસંબદ્ધ ગતિઓ એકબીજાની સાથે સંઘર્ષમાં આવે છે. આ પ્રકારની વસ્તુ જ્યારે બહિર્મન દ્વારા વ્યક્ત થાય છે ત્યારે બની આવે છે અને તે તમારી સાધનાના માર્ગમાં મોટા વિઘ્નરૂપ બને છે. એક પ્રાણમય વ્યક્તિત્વ હોય છે, જે સફળતા અને આનંદ તરફ ગતિ કરતું

હતું અને તેને તે પ્રાપ્ત પણ થયાં હતાં અને તેની સાથે આગળ ગતિ કરવી હતી, પરંતુ સ્વરૂપના બાકીના ભાગો તેની સાથે સુમેળમાં રહ્યા નહિ. એક પ્રાણમય વ્યક્તિત્વ હોય છે. તેને એક ઊંડા પ્રકારનો આનંદ જોઈતો હતો અને તેણે બીજી વ્યક્તિતાને સૂચન કર્યું કે જો તેને કોઈ ઉચ્ચતર આનંદના કલ્પનાના પ્રદેશમાં તે પ્રમાણેનો આનંદ જોઈતો હોય તો, બીજી સંતોષ આપી ન શકે એવી વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. એક મનોવિજ્ઞાનિક પ્રાણમય વ્યક્તિતા તમારી અંદર છે, જે વૈષ્ણવ વ્યક્તિતા છે અને તેને દિવ્ય પ્રભુ કૃષ્ણ અને ભક્તિ અને આનંદ જોઈતાં હતાં. એક એવી વ્યક્તિતા છે જે કવિ અને સંગીતકારની હોય છે અને તે આ બધી વસ્તુઓ મારફતે સૌંદર્યની શોધ કરે છે. એક મનોમય-પ્રાણમય વ્યક્તિતા હોય છે, જેણે જ્યારે પ્રાણને માર્ગમાં વિઘ્નરૂપ જોયો ત્યારે તપસ્યાના કઠોર સંયમ ઉપર ભાર મૂકચો અને તે જ વસ્તુએ બેશક વૈરાગ્ય અને નિર્વાણને અનુમતિ આપી. એક શારીરિક – મનોમય વ્યક્તિત્વ છે જે નીતિવાદી, બહિર્મુખ અને શંકાશીલ છે. બીજું એક મનોમય-ઊર્મિમય વ્યક્તિત્વ છે જેના સર્વ વિચારો પરમાત્મા, યોગ, ભક્તિ અને ગુરુદેવ વગેરે વિશેના હોય છે. તમારો ચૈત્ય પુરુષ પણ છે જેણે તમને સાધનામાં ધક્કો માર્યો છે અને તે તેના પ્રગટીકરણ માટેની ઘડીની રાહ જોઈ રહ્યો છે.

આ બધા લોકોની સાથે તમે શું કરશો ? જો તમારે નિર્વાણ જોઈતું હોય તો તમારે તે લોકોને દેશનિકાલ કરવા પડે અથવા તેમને ગૂંગળાવી દેવા જોઈએ અથવા તેમને મૂર્છામાં નાખી દેવા પડશે. બધા જ સત્તાધીશો આપણને ખાતરી આપે છે કે કેવળ નિર્વાણની અવસ્થા સૌથી મુશ્કેલ કાર્ય છે ( ગીતા કહે છે કે દુ:ખમ્ દેહવદ્ભિ, માનવીઓ આ અવસ્થા દુ:ખથી પ્રાપ્ત કરે છે અને તે બધાને દબાવી દેવાનો તમારો પ્રયત્ન બહુ ઉત્સાહકારક છે : – તમે પોતે આપેલા અહેવાલ અનુસાર તમને પોતાને જાણે કે ચુસાઈ ગયેલી નારંગી હો અને તેમાં બિલકુલ રસ ન હોય તે પ્રમાણે તમે શુષ્ક અને અંતિમવાદી બની રહ્યા. જો તમારે જે જગાએ જવાનું છે તે રણ પ્રદેશ હોય તો તેના માટે કોઈ વિચાર કરવાનો રહેતો નથી, પરંતુ જો તે પ્રમાણે ન હોય તો તે સિવાય પણ એક બીજો માર્ગ છે – અને અમે તેને સમન્વય (પૂર્ણતા) અથવા તો સ્વરૂપનો સંવાદ કહીએ છીએ. તે વસ્તુ બહારથી બની આવતી નથી, તે મનોમય અને પ્રાણમય પુરુષ દ્વારા બની આવી શકે નહિ – કારણ કે તેઓ તો બધી વસ્તુઓમાં ગોટાળો કરી મૂકે છે. તે અંદરથી અંતરાત્મા દ્વારા બની શકે, આત્મા દ્વારા, જે વસ્તુઓનું કેન્દ્રીકરણ કરનાર છે અને આ બધી ત્રિજ્યાઓનું કેન્દ્ર છે. બધા જ માણસોમાં એક સત્ય હોય છે. તે બીજાઓના સાચા સત્યની સાથે સંવાદમાં

રહી શકે છે, કારણ કે નિર્વાણમાં સત્ય રહેલું છે – નિર્વાણ બીજું કાંઈ નથી પરંતુ આત્માની શાંતિ અને મુકિત હોય છે, જે પોતે જ પોતાનામાં અસ્તિત્વ ધરાવે છે, પછી જગત હોય કે ન હોય, જગતમાં વ્યવસ્થા હોય કે અવ્યવસ્થા હોય. ભકિત અને પ્રભુ માટે હૃદયમાં આવતો સાદ સત્ય છે – તે પ્રભુના પ્રેમ અને તેના આનંદનું સત્ય છે. તપસ્યા માટેના સંકલ્પમાં સત્ય છે – તે આત્માનું પોતાના સભ્યો ઉપરના સ્વામીત્વનું સત્ય છે. સંગીતકાર અને કવિ એક સત્ય માટે પ્રયત્ન કરે છે. તે સૌંદર્ય મારફતે આત્માની અભિવ્યકિત છે. મનોમય રીતે વસ્તુનું પ્રતિપાદન કરનાર પાછળ પણ એક સત્ય છે. મનોમય શંકા લાવનાર અને ચુસ્ત નીતિવાદી પાછળ પણ તે રહેલું છે. જો કે તે તેનાથી ઘણે દૂર હોવા છતાં સત્ય છે – ખોટાં રૂપોના ઈનકારનું સત્ય. બે પ્રાણમય વ્યકિતઓ વચ્ચે પણ એક સત્ય છે; આંતર અને બાહ્ય જગતોનું માલિકીનું સત્ય છે, અહંકાર દ્વારા નહિ પરંતુ પ્રભુ દ્વારા. તે બધા સંવાદ માટે આપણો યોગ છે – પરંતુ તે કોઈ બહારની વ્યવસ્થાથી પ્રાપ્ત થઈ શકે નહિ. તેના માટે તો અંતરમાં ઊતરીને નજર નાખવી જોઈએ, સંકલ્પ કરવો જોઈએ અને ચૈતસિક અને આધ્યાત્મિક કેન્દ્રમાંથી કામ કરતું જોઈએ, કારણ કે આપણા સ્વરૂપનું સત્ય ત્યાં રહેલું છે અને સાચા સંવાદનું રહસ્ય પણ તેમાં રહેલું છે.

*

માનવી મૂળભૂત નિષ્ક્રિય બ્રહ્મ વિશે સચેતન હોઈ શકે અને છતાં તેને વિશ્વની લીલા સાથે કોઈ પણ સંબંધ ન હોય. તે ઉપરાંત વ્યકિત, વૈશ્વિક નિષ્ક્રિય આત્મતત્ત્વ દરેક વસ્તુમાં છે એ રીતે સભાન બને છતાં સક્રિય વિશ્વપ્રકૃતિની ગતિ વિશે પ્રગતીશીલ રીતે જાગ્રત ન પણ બને. આત્મા અથવા બ્રહ્મનો પ્રથમ સાક્ષાત્કાર ઘણી વખત એવા પ્રકારનો સાક્ષાત્કાર હોય છે જે પોતાની જાતને બધાં રૂપો, નામો, કાર્ય કે ગતિમાંથી અલગ રાખે અને પોતાની અંદર જ અસ્તિત્વ ધરાવે. તે વૈશ્વિક સક્રિય ગતિને ફકત ચલચિત્રમાં ગતિ કરતા આકારો માફક જુએ, જે નિરર્થક અને અવાસ્તવિક હોય. મને થયેલા આત્મતત્ત્વની અનુભૂતિમાં નિર્વાણનો પૂર્ણ સાક્ષાત્કાર આ રીતનો થયેલો – તેનો અર્થ આત્મતત્ત્વ અને બ્રહ્મ વચ્ચે કોઈ દીવાલ છે એમ નથી પરંતુ મૂળભૂત આત્મ-અસ્તિત્વ અને આવિર્ભાવ પામેલા જગત વચ્ચેનો વિચ્છેદ છે.

*

હું માનું છું કે અદ્વૈતવાદીઓના મત અનુસાર પરમાત્મા એટલે માયામાં પડેલું બ્રહ્મનું પ્રતિબિંબ – જે રીતે બ્રહ્મ માટે જગત બાહ્ય રીતનું ફકત વ્યવહારુ

સત્ય લાગે છે. પરંતુ વાસ્તવિક સત્ય નથી તે પ્રમાણે બ્રહ્મ આંતરિક રીતે બ્રહ્મ, પ્રભુ, ભગવાન, ઈશ્વર તરીકે દેખાય છે, અને તે પણ એક વ્યવહારુ વસ્તુ છે અને નહિ કે સાચી વાસ્તવિકતા – જે નિરંજન બ્રહ્મ પોતે પોતાની અંદર છે. તે જગતવિહીન શાશ્વતીમાં રહેલું છે. મેં એ પ્રમાણે વાંચ્યું છે – મને ખબર નથી કે શંકર પોતે આ રીતે કહેતા હોય, આધુનિક અદ્વૈતવાદીઓ કાયમ કહે છે કે લોકો જે પ્રમાણે કહે છે તે પ્રમાણે શંકરનો અર્થ નહોતો – તેથી તેમના વિશે કોઈ પણ અભિપ્રાય આપવામાં વ્યક્તિએ સાવધાન રહેવું જોઈએ.

*

કેટલાક શંકરના અનુયાયીઓને એમ બતાવવું છે કે શંકર જે રીતના રૂઢ માયાવાદી તરીકે ઓળખાયા છે તેવા તે નહોતા – તેમણે કેટલીક કામચલાઉ વાસ્તવિકતાઓ સ્વીકરી છે. દા.ત., ભક્તિ વગેરેનો તેમણે સ્વીકાર કરેલો છે. પરંતુ આ બધી (તેમણે સ્વીકારી હોય તો પણ) એવી છૂટછાટો છે જે તેમના પોતાના તત્ત્વજ્ઞાનના તર્ક સાથે અસંમત છે. તેમના મત પ્રમાણે ફક્ત બ્રહ્મ જ સાચું અસ્તિત્વ છે અને બાકીનું બધું અવિદ્યા અને મિથ્યા છે. બાકીનું બધું ફક્ત કામચલાઉ છે અને તેથી માયામાં રહેલી મિથ્યા વાસ્તવિકતા છે. તેમણે પ્રતિપાદન કરેલું છે કે બ્રહ્મ કર્મ દ્વારા પ્રાપ્ત થઈ શકતું નથી. જો તેમનું તત્ત્વજ્ઞાન તે પ્રકારનું ન હોય તો તેમનું તત્ત્વજ્ઞાન કેવું છે તે મને જાણવાની ઇચ્છા છે. ગમે તેમ પણ લોકો તેમનું તત્ત્વજ્ઞાન તે રીતનું સમજે છે. હવે જ્યારે સામાન્ય વલણ ચુસ્ત મિથ્યાવાદથી અલગ થતું જાય છે ત્યારે ઘણા અદ્વૈતવાદીઓને એક વાડ બાંધવી છે અને શંકરને પણ તેમના વાડામાં પૂરી દેવા છે.

વિવેકાનંદ શંકરના તત્ત્વજ્ઞાનને કેટલાક સુધારા સહિત સ્વીકારતા, જેમાં દરિદ્ર-નારાયણની સેવા મુખ્ય હતી. તે વસ્તુ બુદ્ધની કરુણા અને હાલની માનવસેવાનું મિશ્રણ છે.

*

શંકરાચાર્ય ચોક્કસ માયાવાદનું જ પ્રતિપાદન કરતા. દરેક તેમના વિચારો સમજી ન શક્યા હોય એવું ભાગ્યે જ બને. (તેમના વિચારો બિલકુલ ગુપ્ત અથવા રહસ્યમય નહોતા). પરંતુ આ વસ્તુ તેમના આધુનિક સમર્થનકારોએ તેમના સાચા વિચારો શોધી કાઢ્યા તે પહેલાં તે પ્રમાણે હતું.

*

શંકર ચોક્કસ માયાવાદથી ટકી રહેલા છે અથવા તો તેનાથી જ તેમણે ઠોકર ખાધેલી છે. 'ભજગોવિંદમ્' સ્તોત્ર પણ તાત્ત્વિક રીતે માયાવાદી છે. બીજાં બધાં લખાણો વિશે મને બરાબર માહિતી નથી – તેથી પ્રશ્નની તે બાજુ વિશે કહેવું મારા માટે મુશ્કેલ છે.

*

ચિત્તશુદ્ધિ રાજયોગનો વિષય છે. શુદ્ધ અદ્વૈતમાં પોતાની જાતને વિચાર અને વિવેક દ્વારા અનાસક્ત બનાવવી અને એવી અનુભૂતિ કરવી કે "હું મન નથી, હું પ્રાણ નથી વગેરે વગેરે' તે પ્રસંગમાં 'શુદ્ધિ'ની જરૂર નથી – આત્મા પ્રકૃતિમાંથી છૂટો પડી જાય છે, પછી તે પ્રકૃતિ ઈષ્ટ હોય કે અનિષ્ટ. પ્રકૃતિને એક યાંત્રિક વસ્તુ ગણવામાં આવે છે. પ્રકૃતિને આત્માનો ટેકો ન મળવાથી તે શરીરની સાથે પોતાની જાતે જ ખરી જાય છે. હા, ચિત્તશુદ્ધિનો પણ આશ્રય લઈ શકાય, પરંતુ તે ચિત્તવૃત્તિના નિરોધ માટે; પરંતુ પરમાત્માના કરણ તરીકે તે વધારે સારી રીતે સક્રિય બને તેટલા માટે નહિ. શંકર ખાસ આગ્રહ રાખે છે કે માણસ મુક્ત થાય તે પહેલાં બધાં કર્મબંધનોનું વિસર્જન થઈ જવું જોઈએ – આત્મા પોતે અકર્તા છે અને એ રીતનો સાક્ષાત્કાર કરવો જોઈએ. જ્ઞાનમાર્ગના શુદ્ધ યોગમાં કર્મોમાં અથવા કર્મો દ્વારા ઉકેલ આવતો નથી. તેથી શંકર શા માટે સક્રિયતાને ઓળખે ? તેઓ ચિત્તશુદ્ધિને જરૂરી વસ્તુ તરીકે અનુમતિ આપે તો પણ તેને કર્મમાંથી મુક્તિ માટેની તૈયારી કરવા રૂપે આપે – બીજા કોઈ હેતુ માટે નહિ.

*

'અહં'નું જે મૂળભૂત ભાન છે તે જ્યારે એક અચલ વૈશ્વિક આત્મતત્ત્વ સર્વમાં રહેલું છે તેની અનુભૂતિ થાય ત્યારે અદૃશ્ય થઈ જાય છે. તે સાક્ષાત્કાર બધી જ ક્ષણોમાં, બધી જ પરિસ્થિતિઓમાં અને બધા જ સંજોગોમાં ટકી રહેવો જોઈએ. સૌથી પ્રથમ આ વસ્તુ પુરુષ-ચેતનામાં આવે છે અને પ્રકૃતિઓની ગતિઓમાં તાત્કાલિક વિશાળતા પામતો નથી. તેમ છતાં અહંકારની ગતિઓ પ્રકૃતિના પ્રત્યાઘાતોમાં આવે તો પણ અંતરાત્મામાં રહેલો પુરુષ તેમને એક જૂની યાંત્રિક ગતિ તરીકે ટગર ટગર જોયા કરે છે અને તેમને તેની પોતાની ગતિ તરીકે ગણતો નથી. ઘણાખરા વેદાન્તીઓ અહીં અટકી જાય છે કારણ કે તેઓ એ પ્રમાણે વિચારતા નથી કે આ બધા પ્રત્યાઘાતો તેમનામાંથી મૃત્યુ સમયે ખરી પડશે અને એકમેવમાં તેઓનુ વિલીનીકરણ થશે. પરંતુ પ્રકૃતિમાં રૂપાંતર લાવવા માટે એ ખાસ જરૂરી છે કે પુરુષની અનુભૂતિ અને દર્શન બધા જ ભાગો, મન, પ્રાણ, શરીર અને અવચેતનમાં ફેલાવાં

જોઈએ. ત્યાર પછી પ્રકૃતિની અહંકારની ગતિઓ પણ ક્રમિક રીતે એક પછી એક ક્ષેત્રમાંથી અદશ્ય થતી જશે અને છેવટે બિલકુલ બંધ થઈ જશે. આ અનુભૂતિ માટે શરીરના બધા કોષોમાં પણ અને સ્વરૂપના દરેક આંદોલનમાં પણ સમતા ખાસ જરૂરી છે – સમ હિ બ્રહ્મ. ત્યાર પછી વ્યક્તિ કર્મોમાંથી પણ મુક્ત બને છે. વ્યક્તિ રહે છે, પણ તે નાનકડો એવો અલગ અહં રહેતો નથી, પરંતુ તે વૈશ્વિક તત્ત્વનું એક રૂપ અને શક્તિ બની રહે છે અને તે સર્વ પ્રાણીઓ સાથે એકત્વ પ્રાપ્ત કરે છે. વૈશ્વિક પરાત્પર તત્ત્વનું એક સક્રિય કેન્દ્ર અને કરણ બની રહે છે અને તે દિવ્ય હાજરી અને કાર્યથી આનંદપૂર્ણ સભર હોય છે. તે પોતે સ્વતંત્ર રીતે પોતાના માટે જ વિચાર કરતો નથી તેમ જ સ્વતંત્ર રીતે કર્મ કરતો નથી. તે વસ્તુને અહંકાર ન કહી શકાય. પ્રભુને અહંકાર ત્યારે જ કહી શકાય જ્યારે તે એક અલગ ભિન્ન વ્યક્તિ હોય અને પોતાની મર્યાદાથી ક્રિશ્ચિયન વિચારનો પ્રભુ હોય (જો કે તેમાં પણ કેટલાક ગુપ્ત મર્યાદિત સંખ્યાના ક્રિશ્ચિયનો તે મર્યાદાનો સ્વીકાર કરતા નથી) આ રીતનો જે 'અહં' હોય છે જે બધાથી ભિન્ન અને અલગ હોતો નથી તે કોઈ પણ રીતે 'અહં' નથી.

*

મને શંકા છે કે તમે જે સ્થિતિની વાત કરો છો તે વેદાન્તીના સાક્ષાત્કારની અવસ્થા હોય – સિવાય કે અહંભાવની વિદાય અને પ્રકૃતિની ગતિઓ તથા કામનાઓની સાથેનું બિન-તાદાત્મ્ય. તેમ છતાં કદાચ જડવત્ પરમહંસ (જાણે કે જડ-ભરત)ના જેવી સ્થિતિ હોય. પ્રારબ્ધ કર્મનો સિદ્ધાંત તેનાથી આગળ જાય છે – તેમાં એ વસ્તુનો સમાવેશ થાય છે કે પ્રાણિક ગતિઓ હોવા છતાં તે પ્રકૃતિના યંત્રની એક રૂઢ ગતિ છે અને મૃત્યુ સમયે તે ખરી પડશે. કદાચ તે ગતિઓ અદૃશ્ય થઈ જાય. હું પ્રકૃતિના રૂપાંતરને એક નિષ્ક્રિય મુક્તિના છેવટના બિંદુ તરીકે અગત્યનું માનતો નથી – નિષ્ક્રિય મુક્તિની જરૂરિયાત છે, પરંતુ તેને છેવટની વસ્તુ હું ગણતો નથી. જગતના અસ્તિત્વમાં થયેલા આગમન માટે તે છેવટનો હેતુ નથી. હું એમ માનું છું કે અક્ષરબ્રહ્મમાં મુક્તિ એ ફક્ત એક શરૂઆત છે, પરમાત્મા તરફનું પ્રથમ પગથિયું. જો કોઈ તે પ્રથમ પગથિયાને પોતાના માટે જરૂરનું માનીને સંતોષ માને તો તેમાં મારો કોઈ વિરોધ નથી.

*

તમારો વાંધો સાચો છે. સર્પ રજ્જુવત્ ન્યાયનો આ જગતના બિન-અસ્તિત્વ તરીકે દૃષ્ટાંત આપી શકાય નહિ. તેનો અર્થ તો એટલો જ છે કે જગત જે પ્રકારનું

ખરેખર છે તે પ્રકારનું આપણું તેના વિશેનું દર્શન નથી. પૂર્ણ મિથ્યાત્વના ખ્યાલનું દૃષ્ટાંત જાદુગરની દોરડા ઉપર ચઢવાની યુક્તિ છે, જેમાં નથી દોરડું કે નથી દોરડા ઉપર ચઢનાર. છતાં માણસ એમ માને છે કે બન્ને ત્યાં છે — આ વસ્તુની સાથે તેને સરખાવી શકાય.

*

માયા વિશેનાં બધાં રૂપકો જ્યારે તમે તેમને બરાબર સમજો ત્યારે નિષ્ફળ જાય છે – તે બધાં જ એક ભ્રમ છે. શરીર સાથેનું તાદાત્મ્ય એક ભૂલ છે નહિ કે ભ્રમ. આપણે શરીર નથી પરંતુ શરીર આપણા પોતાનું કાંઈક છે. સાક્ષાત્કાર થાય ત્યારે આપણું ભૂલભરેલું તાદાત્મ્ય અટકી જાય છે – કેટલીક અનુભૂતિમાં તો શરીરના અસ્તિત્વનું ભાન પણ રહેતું નથી. પૂર્ણ સાક્ષાત્કારમાં શરીર આપણી અંદર છે, પરંતુ આપણે શરીરમાં નથી, આપણા વિશાળ શરીરમાં તે એક સ્વરૂપ માટેનું કરણ છે – આપણી ચેતના તેનાથી વિશાળ છે પરંતુ તે તેની અંદર વ્યાપેલી છે – અને આપણો આત્મા નાશ પામતો નથી છતાં શરીરનું વિસર્જન થઈ શકે છે. આ પ્રમાણે બધા જ વિશે સમજવું જોઈએ.

*

તે લય વિશેની અનુભૂતિ વેદાન્તના અદ્વૈતની છે. તે અનુભૂતિનો એક ભાગ માત્ર છે પરંતુ પરમાત્મા વિશેનું સમગ્ર અને ઉચ્ચતમ સત્ય નથી.

*

લય માટેની અનુભૂતિ એ મનનું સર્જન છે, આપણા આત્માનું એ એકમાત્ર નિર્માણ નથી. જ્યારે મન પોતાની અવિદ્યાનું વિસર્જન કરવા પ્રયત્ન કરે છે, ત્યારે તે લય સિવાય બીજી કોઈ રીતે છુટકારો પામી શકતું નથી, કારણ કે તે એમ ધારી બેસે છે કે પોતાની જાત સિવાય બીજું કોઈ વૈશ્વિક અસ્તિત્વનું ઉચ્ચતર તત્ત્વ હોઈ શકે નહિ – તેનાથી પર રહેલું તત્ત્વ ફક્ત શુદ્ધ આત્મતત્ત્વ જ છે, કેવળ નિરાકાર બ્રહ્મ. જેઓ હૃદય મારફતે પરમાત્માને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે (પ્રેમ દ્વારા, ભક્તિ દ્વારા) તેઓ "લય"નો સ્વીકાર કરતા નથી પરંતુ એનાથી પર રહેલી અવસ્થામાં પ્રભુ સાથેનું શાશ્વત સાંનિધ્ય સ્વીકારે છે અથવા પ્રભુમાં જ નિવાસ કરવાનું સ્વીકારે છે, નહિ કે "લય"માં આ બધું અતિમાનસીકરણથી સાવ ભિન્ન છે. તો પછી તમે લય વિશે શરૂઆત કરી કે આત્માની અનિવાર્ય નિયતિ "લય" છે તેનું શું થાય? અને અવતારનું વૈયક્તિક અવતરણ તેમને અનિવાર્ય "લય"માંથી બનાવી લે છે?

*

આ વસ્તુમાં બે મુદ્દા ભૂલભરેલા છે ( ૧ ) આત્માને માટે એક વખત પરમાત્મામાં પહોંચ્યા પછી લય સિવાય બીજી કોઈ શકયતા નહોતી. બીજી શકયતાઓ પણ હતી. એક ઊર્ધ્વતર ભૂમિકામાં ચાલ્યા જવાની, પ્રભુમાં જ જીવન ધારણ કરવું અથવા પ્રભુની જ હાજરીમાં રહેવું. બન્નેમાં જન્મ માટેનો ઇનકાર અને પૃથ્વી ઉપરની લીલાનો ત્યાગ આવી જાય છે. ( ૨ ) ફક્ત પ્રભુના અવતારની સાથે જ જીવન ધારણ કરવા માટે આત્માએ આ પ્રકારનું અવતરણ કર્યું તેના કારણે તેણે લય છોડી દીધો. મુખ્ય મુદ્દો એ છે કે સ્વરૂપનું અતિમાનસીકરણ થવું જ જોઈએ અને આ પૃથ્વી ઉપરના વિકાસમાં, પરમાત્માની તે ઇચ્છા છે અને તેનું આગમન અશકય બની શકે નહિ; અવતરણ અથવા અવતાર તે વસ્તુને નીચે લાવવા માટેનું સાધન છે. એટલે તમારું વિધાન અપૂર્ણ હોવાથી ખોટું પડે છે.

*

પરંતુ તેઓને ( માયાવાદી વેદાન્તીઓને ) આ વસ્તુઓ ( અધિમનસ, અતિમનસ વગેરે ) વિશે સ્પષ્ટ દર્શન નહોતું કારણ કે તેઓ ઉચ્ચતમ આધ્યાત્મિક ઉપરિમનસમાં રહેતા હતા, અને બીજાઓ અધિમનસમાંથી જ વસ્તુઓને સ્વીકારી શકતા હતા — તેઓ ઊંડી સમાધિ સિવાય તેમાં પ્રવેશ કરી શકતા નહિ ( સુષુપ્તિ ). તેમને માટે પ્રજ્ઞા અને ઈશ્વર એ સુષુપ્તિનો સ્વામી હતો.

## ( ૨ )

આપણા યોગમાં નિર્વાણ એ ઉચ્ચતર સત્યની શરૂઆત છે, કારણ કે અવિદ્યામાંથી ઉચ્ચતર સત્યમાં જવાનો માર્ગ છે. અજ્ઞાનનો વિનાશ થવો જોઈએ; જેથી કરીને સત્યનો અવિર્ભાવ થઈ શકે.

*

મને લાગતું નથી કે મેં આ વસ્તુ લખી હોય, પરંતુ મેં એક વખત કહેલું કે જે આત્માઓ નિર્વાણમાં ચાલ્યા ગયા છે તેઓ વધારે વિશાળ ઊર્ધ્વનો વળાંક પૂરો કરવા માટે કદાચ પાછા ફરે. ( તેમણે પાછા ફરવું જ જોઈએ એમ નહિ ) મને લાગે છે કે મેં કોઈ જગાએ લખ્યું છે કે આ યોગને માટે ( તેમાં વધારે ઉમેરી

શકાય કે આવિર્ભાવની સ્વાભાવિક પૂર્ણ વ્યવસ્થામાં ) નિર્વાણની અનુભૂતિ પૂર્ણ સાક્ષાત્કાર માટેનું ફક્ત પગથિયું અથવા માર્ગ બની શકે. મેં એમ પણ કહ્યું છે કે નિરપેક્ષ પરમાત્મા ( પર બ્રહ્મ )ના સાક્ષાત્કારમાં પ્રવેશવા માટે ઘણાં દ્વારો હોય છે જેમાંનું નિર્વાણ એક દ્વાર છે પરંતુ તે જ કેવળ એકમાત્ર દ્વાર નથી. તમે રામકૃષ્ણનું કથન યાદ કરી શકો જેમાં તેમણે કહેલું કે જીવકોટિ જીવ સીડી ચડી શકે છે પરંતુ પાછો ફરતો નથી જ્યારે ઈશ્વરકોટિ જીવ પોતાની ઇચ્છા પ્રમાણે આરોહણ કે અવરોહણ કરી શકે છે. જો તે પ્રમાણે હોય તો તેવા મનુષ્યો જીવકોટિ હોઈ શકે જેઓ જડતત્ત્વમાંથી મન દ્વારા નીરવબ્રહ્મ સુધીના વળાંકમાં પહોંચે છે અને ઈશ્વરકોટિ લોકો સમગ્ર પૂર્ણ વાસ્તવિકતામાં પહોંચે છે અને તેથી કરીને આરોહણ અને અવતરણ બન્નેનું સંયોજન કરીને પોતાના સ્વરૂપના અસ્તિત્વના "બન્ને છેડાઓને" ધારણ કરે છે.

*

આ યોગનો સાક્ષાત્કાર નિર્વાણ અથવા નિર્વિકલ્પ સમાધિના સાક્ષાત્કાર કરતાં નિમ્ન પ્રકારનો નહિ પરંતુ ઊર્ધ્વ પ્રકારનો છે.

*

આત્મા વિશેના બધા જ વેદાન્તના ખ્યાલોનો જો બુદ્ધે ખરેખર વિરોધ કર્યો હોય અને ઇનકાર કર્યો હોય તો બુદ્ધ બધા જ દાર્શનિક ખ્યાલો અથવા અંતિમ વાસ્તવિકતાના પ્રકાર વિશે સ્પષ્ટ જાહેરાતોમાંથી અલગ રહેલા એમ કહેવું સાચું નથી. તમે જે દૃષ્ટિથી નિર્વાણનો ખ્યાલ સ્વીકારો છો તે મહાયાન માર્ગના સિદ્ધાંત સાથે સહમત થાય એવું છે. શાશ્વત પરમાત્મા ( ધ્રુવમ્ ) વિશેનો તેનો ખ્યાલ એ પાછળથી વિકાસ પામેલો છે અને ત્યાર પછી શૂન્યમ્‌નો ખ્યાલ તેનો વિરોધી છે તેનું પ્રતિપાદન થયું તે રીતે તેના વિશે પણ વાંધો ઉઠાવી શકાય. બુદ્ધે જે ખરેખર બોધ આપ્યો તેમાં તેમણે કહ્યું કે જગત એ અનાત્મ વસ્તુ છે અને વ્યક્તિનું સાચું અસ્તિત્વ છે જ નહિ, કારણ કે જગતમાં જે અસ્તિત્વ ધરાવે છે તે એક અશાશ્વત ચેતનાનો ક્ષણે ક્ષણે બદલાતો ચેતનાનો પ્રવાહ છે અને વ્યક્તિગત માનવી એક સંસ્કારોનું બાંધેલું પોટલું છે અને તે પોટલું છોડી નાખવાથી તે વિખેરાઈ જાય છે. આ વસ્તુ વેદાન્તના અદ્વૈતવાદી દૃષ્ટિબિંદુ કે કોઈ સાચું અલગ વ્યક્તિત્વ નથી તેની સાથે સહમત છે. બીજું વેદાન્તનું અદ્વૈતવાદી દૃષ્ટિબિંદુ જે એકમેવ બ્રહ્મ છે, જે અવૈયક્તિક વિશ્વમય અને પરાત્પર છે તેને વિશે એવું કાંઈ લાગતું નથી કે બુદ્ધે કોઈ ગૂઢ અને દાર્શનિક પ્રશ્નો વિશે સ્પષ્ટ અને ભૂલ વગરની જાહેરાત કરી હોય;

પરંતુ જો જગત અથવા જગતમાં રહેલી સર્વ વસ્તુઓ અનાત્મ હોય તો એક વિશ્વમય આત્મતત્ત્વ વિશે અથવા પરાત્પર વાસ્તવિક સ્વરૂપ વિશે, તેમાં કોઈ જગા હોઈ શકે નહિ. તેમનો નિર્વાણ વિશેનો ખ્યાલ કોઈ એવી વસ્તુ વિશે છે જે વિશ્વથી પરાત્પરની વસ્તુ હોય, પરંતુ તે શું છે તેને વિશે તેમણે કોઈ વ્યાખ્યા આપેલી નથી કારણ કે તેમને વાસ્તવિકતા વિશેના કોઈ અમૂર્ત તત્ત્વજ્ઞાનનાં અનુમાનો વિશે કાંઈ સંબંધ નહોતો; તેમણે તેને બિનજરૂરી અને નિસ્બત વગરના ગણ્યા હોય અને તેમાં પડવાથી જે સાચો હેતુ હોય તેમાંથી માર્ગચ્યુત થવાય એમ વિચાર્યું હોય. વસ્તુઓ વિશેનો તેમનો ખ્યાલ માનસશાસ્ત્રીય હતો અને નહિ કે તત્ત્વદર્શનનો અને તેમની બધી જ પદ્ધતિઓ માનસશાસ્ત્રીય હતી – ચેતનાના બધા મિથ્યા સંબંધો જેને લઈને કામના અને દુઃખ ચાલુ રહે છે, તેમને છેદી નાખવા અને આ રીતે જગત જે એક ઘટના છે (અવાસ્તવિક નહિ) તેમાં રહેલા જન્મ અને મૃત્યુના પ્રવાહમાંથી છુટકારો મેળવવો; આ મુક્તિ પ્રાપ્ત કરવાની જે પદ્ધતિ તેમણે બતાવી છે તે પણ માનસશાસ્ત્રીય પદ્ધતિ છે; અષ્ટાંગ માર્ગથી સાચા જ્ઞાનનો અને સાચાં કર્મોનો વિકાસ કરવો. તેમનો હેતુ ઉપયોગીવાદનો હતો અને ખૂબ વ્યવહારુ હતો, તે પ્રમાણે જ તેમની પદ્ધતિઓ પણ. જો તત્ત્વજ્ઞાન વિશેનાં અનુમાનો કરવા બેસીએ તો જે એકમાત્ર સાચી જરૂરી વસ્તુ છે તેમાંથી તે વાદ મનને જુદે માર્ગે દોરી જાય.

બુદ્ધનો જીવન વિશેનો જે અભિગમ હતો તેમાં 'માનવજાતિની સેવા' અથવા જગતના અસ્તિત્વની સુધારણા માટેનો કોઈ આદર્શ હોય અથવા ધ્યેયને પહોંચવા માટેનો કોઈ ભાગ તેમાં હોય; તે કઈ રીતે બને તે મને બરાબર સમજાતું નથી કારણ કે તેમનું ધ્યેય જીવનમાંથી મુક્તિ મેળવીને પરમ તત્ત્વમાં પહોંચવાનું હતું. તે લક્ષ્યને પહોંચવા માટે તો તેમનો અષ્ટાંગ માર્ગ એ સાધન છે અને તે માર્ગ પોતે જ એક ધ્યેય નથી અથવા ખરેખર નો તે કોઈ રીતે લક્ષ્ય નથી. સ્પષ્ટ રીતે જો સાચી સમજણ અને સાચું કાર્ય જીવનમાં સાચી હકીકત બની જાય તો જગતમાં ઘણો સુધારો થઈ શકે. પરંતુ બુદ્ધના હેતુ માટે તે પ્રાસંગિક પરિણામ છે નહિ કે કેન્દ્રવર્તી ધ્યેયનો કોઈ ભાગ. તમે કહો છો કે 'બુદ્ધે પોતે માનવજાતિની સેવા માટે આગ્રહ રાખેલો; તેમનો આદર્શ એક આંતરિક શાશ્વતતાની ચેતના પ્રાપ્ત કરવાનો હતો અને ત્યાર પછી એક જ્યોતિર્મય અસર અને કાર્યનો સ્રોત બનવાનો હતો. પણ બુદ્ધે ક્યાં અને ક્યારે આ વસ્તુ કહેલી છે? આવા શબ્દો ક્યાં વાપરેલા છે? અથવા આવા પ્રકારના વિચારો ક્યાં પ્રગટ કરેલા છે? "માનવજાતિની સેવા" બહુ આધુનિક અને યુરોપિયન વિચાર જેવું લાગે છે; એ વસ્તુ મને કોઈ યુરોપના માણસે ગીતાનો અર્થ પ્રતિપાદન કરેલો તેની યાદ આપે છે. જેમાં ગીતા અનાસક્ત

ફરજ બજાવવાનો બોધ આપે છે અથવા એવું જાહેર કરેલું કે ગીતાનો સમગ્ર ખ્યાલ સેવાનો છે. કેવળ માનવસેવા અથવા માનવતા વિશેનો ખ્યાલ અથવા વધારે પડતો ઝોક પણ યુરોપિયન વિચાર છે. મહાયાની બુદ્ધવાદે કરુણા, સમગ્ર સાથે મૈત્રીભાવના, "વસુધૈવ કુટુંકમ્" ઉપર વધારે ભાર મૂકેલો છે જે રીતે ગીતા સર્વભૂતમાત્ર સાથે એકત્વની ભાવનાની વાત કરે છે, બધાં જ પ્રાણીઓના શુભમાં રચ્યાપચ્યા રહેનાર તરીકેનો ખ્યાલ (સર્વ ભૂત હિતે રતા:) કહે છે. પરંતુ તેમાં ફક્ત માનવ-જાતિનો જ વિચાર નથી પરંતુ સર્વ પ્રાણીઓ કહેલાં છે અને વસુધા એટલે બધું જ પાર્થિવ જીવન. બુદ્ધના ઉપદેશનાં કોઈ એવાં વાક્યો છે જેમાં તમે કહ્યું તે પ્રમાણે નિર્વાણ પ્રાપ્ત કરવાનું ધ્યેય અથવા એકમાત્ર લક્ષ્ય એવું હતું જેમાં જ્યોતિર્મય અસર અને કાર્ય કરનાર સ્રોતરૂપ બનવું ? આંતર શાશ્વતીની ચેતના તેવું પરિણામ લાવે, પરંતુ આપણે એમ છાતી ઠોકીને કહી શકીએ કે બુદ્ધનો આદર્શ અથવા તેમના લક્ષ્યનું દષ્ટિબિંદુ તેવું હતું અથવા તેના માટે જ તેઓ જગતમાં આવેલા ?

*

બૌદ્ધ ધર્મ વિશેનો પરિચ્છેદ કાઢી નાખવા માટે કોઈ કારણ નથી. બુદ્ધના ઉપદેશનો એક ભાગ તેમાં આવે છે જેના વિશે લોકોને બહુ જાણકારી નથી અથવા તેની ઉપેક્ષા કરવામાં આવી છે. કારણ કે તે ઉપદેશને લગભગ બધા લોકોએ નિર્વાણ તરીકે (શૂન્યવાદ) તેમજ એક અધ્યાત્મતાવાદી માનવતા ગણીને તેનું પ્રતિપાદન કરેલું છે. મુશ્કેલી એ છે કે ખાસ કરીને આધુનિક બુદ્ધવાદના અર્થઘટનમાં આ બધી બાજુઓ ઉપર તેમણે વધારે ભાર મૂકેલો છે અને મેં જે કોઈ ટીકા તેના ઉપર કરેલી છે તે આ એકપક્ષી ભાર મૂકીને તેઓએ જે અર્થઘટન કરેલું છે તેના ઉપર છે. મહાયાનમાં રહેલાં તેનાથી વિરોધી વલણ વિશે તેમજ અમિતાભ બુદ્ધની જાપાનીઝ શાખા જે ભક્તિમાર્ગવાળી છે તેના વિશે મને જાણ છે. અત્યારે તો શંકર વિશે પણ કહેવાય છે કે તેના સિદ્ધાંતમાં એક બીજું પણ પાસું હતું – પરંતુ તેમના અનુયાયીઓએ તેનું મહાન મિથ્યાત્વ માટે જ પ્રતિપાદન કરેલું છે, ભક્તિને નિમ્ન ગણાવી છે અને કર્મની નિરર્થકતા સમજાવી છે – "જગન્મિથ્યા".

*

એટલું યાદ રાખવું જરૂરી છે કે બુદ્ધે જગતથી પર રહેલું તત્ત્વ કયું છે તે વિશે ચર્ચા કરવાનો ઇનકાર કરેલો. પરંતુ જે કાંઈ થોડુંઘણું તેમણે કહેલું છે તેના ઉપરથી એમ લાગે છે કે તેઓ જગતથી પર રહેલા એક વેદાન્તના પરબ્રહ્મની સમાન, એક પરમ તત્ત્વ વિશે સભાન હતા. પરંતુ તેમનું વર્ણન કરવાનું તેઓ નાપસંદ

કરતા. જગતથી પર રહેલી કોઈ પણ વસ્તુ નથી, સિવાય કે નિર્વાણની એક નકારાત્મક સ્થિતિ, એ રીતનો ઉપદેશ પાછળથી પ્રવેશ પામ્યો – નહિ કે તે બુદ્ધનો હતો.

*

બુદ્ધનું નિર્વાણ અને અદ્વૈતવાદીઓનું મોક્ષ બન્ને એક જ વસ્તુ છે. તે લગભગ એક જ પ્રકારના સાક્ષાત્કાર સમાન છે જેમાં માણસ પોતાની જાતને અથવા પોતાના નામને કે રૂપને વ્યક્તિરૂપે ઓળખતો નથી પરંતુ એક અનંત શાશ્વત-આત્મ તત્ત્વ તરીકે અનુભવે છે અને (અવકાશમાં હોવા છતાં) અવકાશવિહીન અને કાલાતીત (કાલમાં હોવા છતાં) અનુભવે છે. એટલું યાદ રાખો કે તેવી પરિસ્થિતિમાં પણ માનવી પૂર્ણ રીતે કર્મો કરી શકે છે અને તે સ્થિતિ સમાધિ દ્વારા જ પ્રાપ્ત થતી નથી.

*

તે (બુદ્ધનું નિર્વાણ) એક સરખું જ છે (ગીતાના નિર્વાણ જેવું). ફક્ત ગીતા તેનું વર્ણન બ્રહ્મમાં નિર્વાણ તરીકે કરે છે જ્યારે બુદ્ધે જે સ્થળમાં નિર્વાણ થાય છે તેને નામ આપવાનું અથવા તેને વિશે કાંઈ પણ ન કહેવાનું પસંદ ન કર્યું. પાછળથી કેટલીક બુદ્ધમતની શાખાઓએ તેનું શૂન્ય તરીકે વર્ણન કર્યું. જે રીતે ચીનમાં તાઓએ તેનું અસ્તિત્વવિહીનતા ( Nothing ) તરીકે વર્ણન કર્યું જેમાં ખરેખર દરેક વસ્તુનું અસ્તિત્વ છે.

*

બુદ્ધવાદના ઘણા પ્રકારો છે અને પૂર્ણ શૂન્યવાદ તેમાંનો એક પ્રકાર છે. ઘણાખરા બુદ્ધધર્મીઓ કર્મ અને સંસ્કારની ભૂમિકાથી પર રહેલા પ્રદેશમાં એક શાશ્વત તત્ત્વને સ્વીકારે છે. શૂન્ય પંથીઓના શૂન્યનું પણ લાઓ–ત્સેના તાઓની માફક વર્ણન કરેલું છે અને તેને અસ્તિત્વવિહીનામ્ – જે સર્વ છે – તે પ્રમાણે કહેલું છે. તેથી એક ઊર્ધ્વતર 'મનથી પર'ની જે સ્થિતિનો સ્વીકાર કર્યો છે તેમાં જો માનવી સખત સાધના વડે પહોંચવા પ્રયત્ન કરે તો તેને આધ્યાત્મિકતા કહેવાય.

*

બુદ્ધ ધર્મના 'એક' વિશે ઘણા જુદા અર્થો થયેલા છે. મેં હમણાં જ કોઈ જગાએ વાંચ્યું કે બુદ્ધનું 'એક' એ અતિબુદ્ધ છે જેમાંથી બધા બુદ્ધો આવ્યા.

પરંતુ મને તે વેદાન્તની ભાષામાં બુદ્ધવાદની જૂની વસ્તુ નવા સ્વરૂપે આવી હોય તેમ લાગ્યું. બુદ્ધનું પરમ શાશ્વતતત્ત્વ પરા-વૈશ્વિક અને અનિર્વચનીય તરીકે માનવામાં આવે છે – અને તેથી બુદ્ધે તે શું છે તેની સમજૂતી આપવા કદી પ્રયત્ન કર્યો નથી; કારણ કે તાર્કિક રીતે જે અનિર્વચનીય છે તેના વિશે કેવી રીતે વાત કરી શકાય? તે વસ્તુને સંસ્કાર અને કર્મનું બનેલું જે જગત છે તેની સાથે ખરેખર કોઈ સંબંધ નથી.

*

અનંત તત્ત્વમાં રહેલી છાપો અથવા તેમાં કરેલા પ્રવેશની અનુભૂતિઓ કાયમ એકની એક હોતી નથી; મન તેની નજીક કેવા માર્ગે જાય છે તેના ઉપર ઘણો આધાર રહેલો હોય છે. કેટલાકને પ્રથમ એવું લાગે છે કે તે અનંતના ઊર્ધ્વમાં રહેલી અનંત જેવી છે. બીજાને અનંતતા પોતાની ચારે બાજુએ આવેલી દેખાય છે જેમાં મન પોતાની મર્યાદાઓમાંથી મુક્ત થઈને અદશ્ય થઈ જાય છે ( એક શક્તિ રૂપે ) કેટલાક લોકો અનંતતામાં મનસ શક્તિનું વિલીનીકરણ અનુભવતા નથી પરંતુ નિષ્ક્રિયતામાં પોતે જ સરી પડયા છે એવું અનુભવે છે. કેટલાક લોકોને શુદ્ધ અસ્તિત્વમાં તે શક્તિનું વિલીનીકરણ થયું હોય અથવા તે અનંતતામાં સમાઈ ગઈ હોય એવી અનુભૂતિ થાય છે. કેટલાકને પ્રથમ એમ લાગે છે કે એક બૃહદ્ અસ્તિત્વમાં સર્વ વસ્તુઓ ડૂબી જાય છે અથવા અદશ્ય થઈ જાય છે. જ્યારે બીજા કેટલાક તમે વર્ણન કરો છો તેમ એક ઊર્ધ્વમાં પ્રકાશનો મહાન સાગર આવેલો છે એમ અનુભવે છે. બીજાઓ તેમની ઉપર આવેલો શક્તિનો અનંત મહાસાગર જુએ છે. બુદ્ધમતવાદીઓની કેટલીક શાખાઓએ તેમની અનુભૂતિમાં તેને એક અસીમ શૂન્ય તરીકે અનુભવી જ્યારે તેનાથી ઊલટું વેદાન્તીઓએ તેને એક હકારાત્મક નિરાકાર, નિરપેક્ષ આત્મ અસ્તિત્વ તરીકે જોયું. શંકા વગર એમ કહી શકાય કે જુદી જુદી અનુભૂતિઓમાંથી જુદા જુદા અધ્યાત્મવાદોનું સર્જન કરવામાં આવ્યું અને દરેકે પોતાના જ ખ્યાલનો નિર્ણાયક માન્યો; પરંતુ દરેક ખ્યાલની પાછળ આ રીતની અનુભૂતિ હતી. તમે જે પૂર્ણ રીતે ખાલી થયેલો મનોમય પદાર્થ, જેમાં શક્તિ કે પ્રકાશ પણ નહોતાં અને જે પૂર્ણ રીતે નિષ્ક્રિય હતો તેનું વર્ણન કરો છો તે એક તટસ્થ શાંતિ અને ખાલી નીરવતા હતી, જે મુક્તિ માટેનું પગથિયું છે અથવા તે બની શકે. પરંતુ પછીથી તેનામાં અનંત અસ્તિત્વ, ચેતના ( જેમાં શક્તિ ભરેલી હોય તેવી ) અને છેવટે આનંદથી સભર પોતાની જાતને બનેલી અનુભવી શકો.

*

'યોગ અને તેનાં લક્ષ્યો'માંનો પરિચ્છેદ* એવા દષ્ટિબિંદુમાંથી લખાયો છે જેમાં આધ્યાત્મિક મન પરમ સત્યની પાસે સીધેસીધું પહોંચી જાય છે. તે અધિમનસમાં થઈને પસાર થતું નથી તેમજ તે તેમાં લય પણ પામતું નથી. મન જ્યારે પોતાની બધી પ્રવૃત્તિઓ અને રચનાઓને છોડી દઈને દરેક વસ્તુને શુદ્ધ સત્‌માં ફેરવી નાખે છે. "સદ્ આત્મન", જેમાંથી બધી વસ્તુઓ અને પ્રક્રિયાઓ ઉદ્ભવે છે, અને જે દરેક વસ્તુને ટેકો આપે છે ત્યારે તે આધ્યાત્મિક મન બને છે. જ્યારે તેને તેનાથી પણ ઊર્ધ્વમાં જવાની ઈચ્છા હોય ત્યારે તે વધારે અને વધારે ઈનકાર કરતું હોય છે અને અસત્‌માં પહોંચે છે. આ બધાં અસ્તિત્વનો નકાર છે અને તેમ છતાં મન અને વાણી દ્વારા અચિંતનીય હોય છે અને અનુભૂતિ માટે અવ્યાખ્યેય હોય છે. તે નીરવ, અજ્ઞેય હોય છે અને અદ્વૈતવાદી વેદાન્તીઓ માટે તુરીય અથવા નિરંજન, નિરપેક્ષ તત્ત્વ હોય છે. શૂન્યવાદી બૌદ્ધો માટે શૂન્ય, ચીના લોકો માટે તાઓ અથવા પરાત્પર શૂન્ય હોય છે; મહાયાનીઓ માટે અનિર્વચનીય અને અવ્યાખ્યેય શાશ્વત તત્ત્વ હોય છે. ઘણા ક્રિશ્ચિયન રહસ્યવાદીઓ પૂર્ણ અવિદ્યાની જરૂરિયાત વિશે વાત કરે છે જેથી કરીને પરમ અનુભૂતિ થાય અને તેઓ દિવ્ય અંધકારની વાત કરે છે – તેઓ એમ કહેવા માગે છે કે બધાં જ મનોમય જ્ઞાનનું વિસર્જન કરીને મનને શૂન્ય બનાવવું અને તેનો અવ્યક્તમાં લય કરી દેવો. (પરમ અવ્યક્તમ્). દિવ્ય પરમ તત્ત્વમાં પહોંચવા માટે આ મનનો માર્ગ છે – કારણ કે અવ્યક્તમ્ તમસઃ પરસ્તાદ્‌થી પર રહેલું પરમ તત્ત્વ છે, ગીતાનો પુરુષોત્તમ અને ઉપનિષદોનો પરમ પુરુષ છે. તે અવ્યક્તના અંધકારને બદલે "આદિત્યવર્ણ" છે; તે એક રૂપક હોવા છતાં કેવળ રૂપક નથી, કારણ કે તે એક પ્રતીક છે, એવું પ્રતીક, જેનું સમદષ્ટિથી દર્શન થાય છે અને તે પણ કેવળ પ્રતીક નથી પણ એમ કહી શકાય કે આધ્યાત્મિક અનુભૂતિ કે વાસ્તવિકતા છે. યોગમાં સૂર્ય અતિમનસનું પ્રતિક છે અને અતિમનસ પરાત્પરતત્ત્વની પ્રથમ શક્તિ છે અને ત્યાં આધ્યાત્મિક મનની અનુભૂતિ પૂરી થાય છે અને અમિશ્ર દિવ્ય ચેતનાની શરૂઆત થાય છે; તેની સીમા ઉપર વ્યક્તિને અનુભૂતિ થાય છે. આ પ્રદેશમાં પરાપ્રકૃતિનું સામ્રાજ્ય છે (परा प्रकृति). આ તે દિવ્ય પ્રકાશ છે, જેની વેદોના રહસ્યવાદી ઋષિઓને ઝાંખી થયેલી અને આ જ ક્રિશ્ચિયન રહસ્યવાદીઓનું જગત અને પરમ તત્ત્વ વચ્ચે ફેલાયેલો અંધકાર છે, કારણ કે અતિમનસ કેવળ

*કારણ કે "સદ્આત્મન"ની પાછળ "અસત્"ની નીરવતા છે. શૂન્યપંથી બૌદ્ધવાદીઓએ તેની શૂન્ય તરીકેની અનુભૂતિ કરેલી અને તે નીરવતાની પાછળ "પરાત્પર પુરુષ" રહેલો છે (પુરુષો વરેણ્ય આદિત્ય વર્ણઃ તમસઃ પરસ્તાદ્) – શ્રી અરવિંદ 'યોગ અને તેના લક્ષ્યો' – ૧૯૬૮ની આવૃત્તિ, પાના નં. ૧૨–૧૩.

પ્રકાશ છે અને તેમાં અંધકાર છે જ નહિ. મનને માટે પરમાત્મા અવ્યક્તાત્ પરમ અવ્યક્તમ્ છે; પરંતુ જે માર્ગ આપણને અતિમનસ તરફ દોરી જાય છે તેનું અનુસરણ કરીએ તો આપણે જે માર્ગે જઈએ છીએ તે એક વૃદ્ધિ પામતા ભાવાત્મક જ્ઞાન તરફ જઈએ છીએ અને નહિ કે વૃદ્ધિ પામતા નકાર તરફ.

યોગમાં પ્રકાશ આંતરદષ્ટિમાં દેખાય છે, બહારના ચક્ષુ દ્વારા પણ દેખાય છે, પરંતુ ઘણા પ્રકારના પ્રકાશ હોય છે; દરેક પ્રકાશ પરમ દિવ્ય પ્રકાશ નથી અને પરમ દિવ્ય પ્રકાશ – પરમ જ્યોતિ–માંથી આવતા નથી.

*

વિશ્વ એક આંશિક આવિર્ભાવ છે અને તેના પાયામાં બ્રહ્મ સત્ તરીકે રહેલું છે. પરંતુ તેનું એવું તત્ત્વ છે જે આવિર્ભાવ પામ્યું નથી અને આવિર્ભાવથી પર રહેલું છે. તેમ જ તે આવિર્ભાવના પાયામાં પણ રહેલું નથી. બુદ્ધવાદીઓને અને બીજાઓને અસત્નો અંતિમ તત્ત્વ તરીકેનો ખ્યાલ તેમાંથી આવેલો.

બીજો અર્થ પણ આપેલો છે – સત્ = શાશ્વત બ્રહ્મ તત્ત્વ.

અસત્ = કામચલાઉ અને અવાસ્તવિક.

*

એક બૃહદ નીરવ શૂન્ય તરીકેની આત્માની અનુભૂતિ, આપણે જાણીએ છીએ તે રીતના અસ્તિત્વમાંથી મુક્તિ, વ્યક્તિને કાયમ પ્રાપ્ત થઈ શકે છે પછી તે બુદ્ધવાદી હોય કે ન હોય. તે નિર્વાણનું નકારનું પાસું છે – મન માટે તે બિલકુલ સ્વાભાવિક છે. જો મન તેમાં 'નેતિ'–'નેતિ'ની નકાર ગતિ અનુસરીને પાછા ફરીને તેને પ્રથમ પ્રાપ્ત કરે, અને જો તમારે તે વસ્તુને પકડી રાખવી હોય અને આગળ પ્રગતિ કરવી ન હોય અને આ બિન-અસ્તિત્વની મુક્તિથી સંતોષ પામવો હોય, તો પછી સ્વાભાવિક રીતે જ તમે બુદ્ધિવાદીઓની માફક તત્ત્વજ્ઞાનની ચર્ચા કરતા થઈ જશો કે શૂન્ય એ જ વાસ્તવિક સત્ય છે. લાઓ–ત્સે વધારે સ્પષ્ટ અને સુગમ રીતે કહે છે કે બિન-અસ્તિત્વ ( Nothing ) એ જ સર્વસ્વ છે. ઘણાને આત્માનો ભાવાત્મક અનુભવ પ્રથમ થાય છે, શૂન્ય તરીકેનો નહિ, પરંતુ અદ્વૈતવાદીઓને (શંકર) જેવાને થયો તે પ્રમાણે શુદ્ધ નિરંજન અસ્તિત્વ અથવા એકમેવ અસ્તિત્વ તરીકેનો પણ થયો છે.

*

જે લોકોને નિર્વાણની અનુભૂતિ થાય છે તેઓ એમ નથી અનુભવતા કે જાણે તેમનું કોઈ પણ અસ્તિત્વ જ ન હોય. બુદ્ધમતના નિર્વાણમાં, તેમને એવો અનુભવ થયેલો છે કે કોઈ પણ વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી સિવાય કે નિરાકાર અનંત શૂન્ય, અદ્વૈત નિર્વાણમાં કેવળ એક બૃહદ્ અસ્તિત્વ જ છે એવી અનુભૂતિ થાય છે અને તેમાં કોઈ પણ અલગ વ્યક્તિની હયાતી, કોઈ પણ જગાએ જણાતી નથી. અલબત્ત, રૂપો હોય છે, પરંતુ તે ફક્ત રૂપો જ નહિ કે સ્વતંત્ર વ્યક્તિઓ. મન નીરવ હોય છે, વિચારો બંધ પડી ગયા હોય છે – કામનાઓ, આવેગો, પ્રાણમય ગતિઓ, કાંઈ પણ હોતું નથી. એક ચેતના હોય છે, પરંતુ નિરાકાર, આદિ ચેતના, જે અમર્યાદિત હોય છે. શરીર ગતિ અને કાર્ય કરે છે પરંતુ શરીરના અસ્તિત્વ વિશેની ભાવના હોતી નથી. કેટલીક સખત ફક્ત શુદ્ધ અસ્તિત્વની જ ચેતના હોય છે. કેટલીક વખત શુદ્ધ ચેતના અને કેટલીક વખત જે કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે તે ફક્ત સતત ચાલુ રહે છે, અસીમ આનંદ, – બાકીનું બધું લય પામી જાય છે અથવા તે બધાની અંદર સમાવેશ થઈ જાય છે. એ એક વિવાદનો પ્રશ્ન છે. પરંતુ કોઈ પણ રીતે તેમનો લય વિશેનો અનુભવ જાણે આ રીતનો હોય છે.

*

બુદ્ધમતવાદીઓ કહે છે કે અહંકાર અને તેનું સાતત્ય મિથ્યા છે, એક નિયત થયેલા પ્રવાહમાં રહેલી શક્તિઓ તથા વિચારની સતત ધારાનું એ પરિણામ છે. અહંકારની સાચી રચના જ નથી. મુક્તિ માટે તો તે દુઃખમાંથી મુક્ત થવાનો માર્ગ છે. શક્તિઓના પ્રવાહનું દુઃખમય સાતત્ય રહે છે અને દુઃખમાંથી મુક્ત થવા તે સાતત્ય તોડવું જોઈએ. તે બરાબર છે પરંતુ તે કઈ રીતે શરૂ થયો, શા માટે તેનો અંત આવવો જોઈએ અને મુક્તિ દ્વારા કોઈ પણ વ્યક્તિને કઈ રીતે ફાયદો થાય? કારણ કે જ્યાં કોઈની પણ હસ્તી નથી, પરંતુ વિચારોનો અને કર્મનો એક સમુદાય છે, તેથી આ બધી વસ્તુ વણઉકેલ્યાં જ રહસ્યો છે. પરંતુ માયાવાદીઓ સાથે પણ આ રીતની મુશ્કેલી નથી? કારણ કે ખરેખર તો જીવ હોતો જ નથી. ફક્ત બ્રહ્મ હોય છે, અને બ્રહ્મ મુક્ત અને કાયમ બંધનહીન હોય છે. તેથી આ માયાનો અર્થહીન પ્રશ્ન જ ક્યાંથી ઉદ્ભવ્યો અને કોને મુક્તિ મળે છે? પ્રાચીન ઋષિઓએ છેવટે આ બાબત જ કહેલી છે, " કોઈ પણ વસ્તુ બંધનમાં નથી, કોઈ મુક્ત થતું નથી, તેમજ કોઈ મુક્તિની શોધ કરતું નથી." આ બધું જ ભૂલભરેલું છે. ( જો કે આ ભૂલ ઘણા લાંબા સમયથી થયેલી છે.) હું માનું છું કે બુદ્ધધર્મીઓ પણ આ રીતે કહી શક્યા હોત.

*

બુદ્ધ અને શંકર બન્નેના મત પ્રમાણે મુક્તિનો અર્થ એવો થાય છે કે વ્યક્તિનો, કોઈ પરાત્પર શાશ્વત, જેમાં વ્યક્તિતા નથી, તેમાં લય – તેથી કરીને તાર્કિક રીતે એક વ્યક્તિગત આત્મામાં રહેલી માન્યતાએ મુક્તિને અટકાવવી જોઈએ, જ્યારે જગતમાં દુઃખની લાગણી તેમાંથી છૂટી જવાનો પ્રયત્ન કરે છે.

*

તમે જે શબ્દસમૂહ "ઉપર ચાલ્યા જવું,"[1] વિશે કહો છો તેમાં તે લોકો એક એવી ઉત્ક્રાંતિ સમજે છે જે પૃથ્વી ઉપર નથી, પરંતુ તેનાથી પર કોઈક જગાએ રહેલી છે, ક્યાં ? – તે ભગવાન જાણે. તે દાખલામાં નિર્વાણ કોઈ એવી જગા કે એવું જગત હોય જે બીજા જગતોના માર્ગમાં આવેલું હોય અને આત્મા એક જગતમાંથી બીજા જગતમાં ઉત્ક્રાંતિ પામતો હોય. દા.ત., પૃથ્વી ઉપરથી નિર્વાણમાં અને નિર્વાણમાંથી કોઈ નિર્વાણથી પર રહેલા જગતમાં. આ સંપૂર્ણ યુરોપિયન વિચાર છે અને બૌદ્ધ મતવાદીઓએ આ વસ્તુ સ્વીકારી હોય તે બિલકુલ અશક્ય છે. ભારતીય વિચાર પ્રમાણે ઉત્ક્રાંતિ અહીં પૃથ્વી ઉપર જ છે અને દેવોને પણ તેમના દેવત્વથી ઉપર જવું હોય અને મુક્તિ મેળવવી હોય તો તે હેતુ માટે નીચે પૃથ્વી ઉપર અવતરણ કરવું પડે છે. પશ્ચિમના અધ્યાત્મવાદીઓ અને બીજા કેટલાક એમ માને છે કે પૃથ્વી ઉપરનો જન્મ તેનાથી નિમ્ન પ્રકારના કોઈ સ્થળ પછી એક પ્રગતિનો તબક્કો છે અને પૃથ્વી ઉપર એક વખત જન્મ લીધા પછી માનવી પાછો ફરતો નથી પરંતુ તે બીજા કોઈ જગતમાં જાય છે અને ત્યાં જ્યાં સુધી તે અન્ય સારા જગતોમાં ન જાય ત્યાં સુધી રહે છે અને આ રીતે આગળ અને આગળ ચાલ્યા કરે છે. . . . બીજું "પૃથ્વી ઉપરનું આ સામાજિક પૂર્ણ સંગઠન ", એ ખરેખર બુદ્ધિનો વિચાર નથી કારણ કે બૌદ્ધવાદીઓએ તે વિશે કદી સ્વપ્ન પણ સેવ્યું નથી – કારણ કે તેમનું મુખ્ય કાર્ય માણસોને નિર્વાણ પ્રાપ્ત કરાવવામાં સહાયરૂપ થવાનું હતું અને નહિ કે કોઈ પૂર્ણ સામાજિક સંગઠન. તે બધું જ બુદ્ધ ધર્મ કરતાં બિલકુલ વિરુદ્ધનું છે. નિર્વાણ એ માર્ગનો છેવટનો અંતિમ ધ્યેય ન હોઈ શકે, જેના પછી કોઈ પણ વસ્તુની શોધ કરવાની રહેતી નથી પરંતુ તે

---

૧ "મહાપુરુષો. . . . એક તેનાથી વધારે ઉચ્ચ ઉત્ક્રાંતિમાં ઉપર જવાનો હક જતો કરે છે અને બધાં જગતનાં ચેતનવંતાં પ્રાણીઓ માટે આ વૈશ્વિક અસ્તિત્વમાં રહે છે. . . . આ બધા બોધિક શક્તિઓ. . . .જે માનવજાતિને પૃથ્વી ઉપરની એક પૂર્ણ સામાજિક વ્યવસ્થા તરફ દોરી જાય છે." – 'તિબેટના યોગ અને રહસ્યવાદી સિદ્ધાંતો' – લેખક: ડૉ. ડબલ્યુ. વાય. ઈવાન્ઝ, વેન્ટઝ.

એક માર્ગ ઉપરનું આરામગૃહ છે, અથવા તો એમ કહેવાય કે તે એક ઉચ્ચતર માર્ગનું શરૂઆતનું સ્થળ છે અને ત્યાર પછી બીજી બધી વસ્તુઓની શોધ કરવાની છે. . . . આપણે સમાધાનવૃત્તિથી એમ કહી શકીએ કે તે નિમ્ન માર્ગનો અંતિમ ભાગ છે અને ત્યાં નિમ્ન પ્રકૃતિ પૂરી થાય છે અને ઉચ્ચતર ઉત્ક્રાંતિની શરૂઆત છે. તે પ્રસંગે આપણા યોગના શિક્ષણ સાથે તે બરાબર સુમેળમાં છે.

*

આ નિરપેક્ષ બ્રહ્મ[1] વેદાન્તના નિરપેક્ષ બ્રહ્મથી કઈ રીતે જુદો પડે છે? અથવા આ મુક્ત અવસ્થા વેદાન્તીઓની મુક્ત અવસ્થાથી જુદી છે? તે પ્રમાણે જ જો હોય તો જે વેદાન્તી અને બુદ્ધમતવાદી વિચારસરણીઓ હતી તેમના વચ્ચે ઝઘડો જ થયો ન હોત. તે બુદ્ધવાદનો એક નવીન ફાંટાવાળો મત બન્યો હોત અથવા તો તેનો બુદ્ધધર્મમાં પાછળનો એવો વિકાસ થયો હોત જેણે પોતે અદ્વૈતમાં પોતાની જાતને પાછી મેળવી દીધી હોત.

પરંતુ આ ઉચ્ચતર વિકાસ ખરેખર બુદ્ધવાદી વિચાર છે કે નિર્વાણ કેવા પ્રકારનું હોવુ જોઈએ તે વિશેનો યુરોપિયન વિચાર છે?

*

તમે કહેલા આ વર્ણનમાં[2] અને આત્માનો જે અર્થ થાય છે તે બેમાં

૧. પ્રજ્ઞા–પારમિતાની સમગ્રતામાં સમાવેશ થતો શૂન્યનો સિદ્ધાંત, ઘટનામાં (phenomena). . . . એક કેવળ નિરપેક્ષ તત્ત્વનો સમાવેશ થયેલો છે, કારણ કે તે નિરપેક્ષ તત્ત્વ આ બધા દશ્યમાન વ્યાપારોનો મૂળ સ્રોત અને સહાય છે. જ્યારે બોધિ — પ્રકાશિત મન અવિદ્યામાંથી મુક્ત થાય છે ત્યારે વસ્તુઓના છેવટના પૃથક્કરણમાં દ્વૈત અદશ્ય થાય છે અને સર્વમાં એકમેવ રહે છે, અને એકમેવમાં સર્વનો સમાવેશ થાય છે." ઉપર મુજબ.

૨. સંસારમાં રહેલા મર્યાદિત સ્વરૂપની સ્થિતિ અથવા આ બધાં જ અસ્તિત્વોમાં સૌથી મહત્તર અસ્તિત્વના સૌથી અણુમય પ્રતિનિધિ તરીકે એક અલૌકિક તત્ત્વ રહેલું છે. . . . પરંતુ અલૌકિક ચેતનાના તત્ત્વને કોઈ પણ રીતે, જેને આપણે વ્યક્તિના પ્રતિનિધિરૂપ ગણીએ છીએ, એટલે કે નામ અથવા શરીર અથવા સાંસારિક મન, તેની સાથે એકરૂપ ગણવાનું નથી કારણ કે. . . . તે પોતે જ અ-સંસારી છે અને તે અવ્યક્ત, અજ, નિરાકાર છે અને તેથી માનવ ખ્યાલ અથવા વ્યાખ્યાથી પર છે અને તેથી તે કાલાતીત અને સીમાતીત છે. . . . તે અનાદિ અને અનંત છે". તે જ પ્રમાણે. . . .

તફાવત નથી, સિવાય કે તેને 'અવૈયક્તિક' કહેવાય છે – પરંતુ એ સ્પષ્ટ છે કે અહીં 'અવૈયક્તિક' જે વસ્તુ નામ, શરીર અને રૂપ ઉપર એટલે કે જેને વ્યક્તિ કહીએ છીએ તેનાથી વિરુદ્ધ અર્થ તરીકે વપરાયેલ છે. ખાસ કરીને યુરોપિયનો અને બીજા લોકો પણ જેઓને આધ્યાત્મિક વિચારો હોતા નથી તેઓ આ બાહ્ય વ્યક્તિત્વને આત્મા તરીકે માનવાની સહેલાઈથી ભૂલ કરી બેસે છે અને જે તત્ત્વ અજ અને અનંત છે તેને આત્માનું નામ આપવાનો ઇનકાર કરે છે, તો પછી તેઓ તેને આત્મા અથવા આત્મતત્ત્વ તરીકે માને છે? પરંતુ મુશ્કેલી એ છે કે પ્રાચીન બૌદ્ધવાદીઓ આત્માના ખ્યાલનો પણ ઇનકાર કરતા હતા. તેથી આપણે સંપૂર્ણ મૂંઝવણમાં મુકાઈ જઈએ છીએ. શૂન્યવાદી બુદ્ધમતનો ઉપદેશ સરળ અને સમજી શકાય એ પ્રકારનો છે કે આત્મા જેવું કાંઈ નથી; તે ફક્ત સતત ચાલતા સંસ્કારોનું પોટલું છે અથવા તેમની પ્રવાહની ધારા છે અને પોતાની જાતનું નવીન સર્જન કર્યા જ કરે છે, સિવાય કે તેમનું નિર્વાણ કરવું (નિર્વાણ). પરંતુ આ મહાયાની હકીકત વેદાન્ત સાથેનું એક પ્રકારનું શિથિલ અને ટૂંકુંટચ સમાધાન છે.

*

ઘણા યોગોમાં જેઓ એકમેવમાં પ્રવેશ કરે છે તેમાં આ બધાં તત્ત્વો હોય છે તેથી બુદ્ધધર્મમાં પણ કોઈ આવું તત્ત્વ હોય તો નવાઈ પામવા જેવું નથી. પણ આ બધા ખ્યાલો જેમાં નિર્વાણ પછી ઉચ્ચતર વિકાસ છે તે મને સાચો બુદ્ધમત લાગતો નથી. અલબત્ત, સિવાય કે બુદ્ધમતની કોઈ શાખા, જેનો લેખકે આ રીતનો ઉલ્લેખ કર્યો છે, તે પાછળથી વિકાસ પામી હોય. મેં કદી બુદ્ધના ઉપદેશના કોઈ ભાગ તરીકે આ રીતે સાંભળેલું નથી – બુદ્ધ કાયમ નિર્વાણનો મુખ્ય ધ્યેય તરીકે ઉલ્લેખ કરતા અને તે શું હોઈ શકે, તેનો આધ્યાત્મવાદની દૃષ્ટિથી ચર્ચા કરવાનો તેમણે ઇનકાર કરેલો.

*

જૈન તત્ત્વજ્ઞાન વ્યક્તિગત પૂર્ણતા પૂરતો જ સંબંધ રાખે છે. આપણે પ્રયત્ન જુદો જ છે. આપણે તો અતિમનસને એક નવીન શક્તિ તરીકે નીચે ઉતારવાની છે. જેવી રીતે માનવમાં મન એ ચેતનાની કાયમી પરિસ્થિતિ છે, તે જ પ્રમાણે એક એવી જાતિનું સર્જન કરવાનું છે, જેમાં અતિમનસ, ચેતનાની કાયમી સ્થિતિ બને.

## ( ૩ )

શ્રી અરવિંદના સંદેશનો સમગ્ર પાયો ગીતા આપે છે તે હકીકત બરાબર નથી; કારણ કે ગીતા અંતિમ ધ્યેય તરીકે અથવા તો યોગની અંતિમ ટોચ ઉપર આ જગતના જન્મમાંથી મુક્ત બનવાનું સ્વીકારતી હોય તેવું લાગે છે; તેમાં એક આધ્યાત્મિક વિકાસનો ખ્યાલ, અથવા ઉચ્ચતર ભૂમિકાઓના ખ્યાલ અને અતિમાનસ સત્ય ચેતના તથા તે ચેતનાને લઈને પાર્થિવ જીવનના પૂર્ણ રૂપાંતરનો ખ્યાલ આવતો નથી.

શ્રી અરવિંદના અર્થઘટન પ્રમાણે અધિમનસનો ખ્યાલ અને ઋત-ચેતના ઋગ્વેદમાં આવે છે, અને ઉપનિષદોમાં એક કે બે પરિચ્છેદમાં તે વસ્તુઓ છે, પરંતુ ઉપનિષદોમાં તેનો વિજ્ઞાનમય પુરુષ તરીકે બીજ રૂપે આપેલું છે, જે મનોમય, પ્રાણમય અને શારીરિક પુરુષ કરતાં ઉચ્ચતર છે; ઋગ્વેદમાં તે વિચાર છે, પરંતુ ફક્ત એક સિદ્ધાંત તરીકે; તેના વિકાસ કરવામાં આવ્યો નથી અને પાછળથી હિંદુ પ્રણાલીમાંથી તો તે અદશ્ય થઈ ગયેલો છે.

આ અને બીજી બધી વસ્તુઓને હિન્દુ પ્રણાલિકાની સાથે સરખાવીએ તો શ્રી અરવિંદના સંદેશમાં એક નવીનતા સમાયેલી છે – એ પ્રમાણે વિચારસરણી કે જગત એ માયાનું સર્જન નથી અથવા તો પ્રભુની લીલા માત્ર નથી, અથવા અવિદ્યામાં રહેલા જન્મની ચક્રગતિ પણ નથી જેમાંથી આપણે મુક્તિ મેળવવાની છે, પરંતુ તે એક એવું આવિર્ભાવનું ક્ષેત્ર છે જેમાં અંતરાત્માની ક્રમિક ઉત્ક્રાંતિ થાય છે અને પ્રકૃતિની સ્થૂલ તત્ત્વમાં અને સ્થૂલ તત્ત્વમાંથી પ્રાણમાં અને મન મારફતે તે મનથી પણ ઊર્ધ્વતર પ્રદેશમાં વિકાસ પામીને તે જીવનમાં સચ્ચિદાનંદનો પૂર્ણ સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે. આ વસ્તુ યોગનો પાયો આપે છે અને જીવનમાં નવીન ભાવના લાવે છે.

*

આ બન્ને પરિચ્છેદોમાં[1] કોઈ વિરોધ નથી; બન્ને શ્લોકો ગીતાની પદ્ધતિમાં

---

૧. આત્મા વડે આત્માની મુક્તિ પ્રાપ્ત કરે [(ગીતા અધ્યાય ૬ (૫)] અને બધા ધર્મોનો ત્યાગ કર. [સર્વ ધર્માન્ પરિત્યજ્ય – (ગીતા અધ્યાય ૧૮ (૬૬)]–ભષાંતરકાર.

યોગની બે ગતિઓનું સૂચન કરે છે જેમાં પૂર્ણ સમર્પણ એ ટોચની ગતિ છે. માનવીએ પ્રથમ તો નિમ્ન પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે: ઉચ્ચ આત્મતત્ત્વ દ્વારા નિમ્નગતિમાં ફસાયેલા આત્માને મુકત કરીને તે દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરે છે; અને સાથે સાથે વ્યકિત પોતાના યોગનાં બધાં જ કર્મો, જેમાં આંતરિક કર્મો પણ આવી જાય, તે બધાં જ પુરુષોત્તમને, પરાત્પરને અને સર્વવ્યાપક પ્રભુને અર્પણ કરે છે, જ્યારે વ્યકિત ઊર્ધ્વતર આત્મતત્ત્વમાં પહોંચે છે ત્યારે તે જ્ઞાન પ્રાપ્ત કરે છે અને મુકત બને છે. વ્યકિત પ્રભુને પૂર્ણ સમર્પણ કરે છે અને બધા જ ધર્મોનો ત્યાગ કરીને, કેવળ દિવ્ય ચેતના, દિવ્ય સંકલ્પ અને શકિતમાં તથા દિવ્ય આનંદમાં જીવન ધારણ કરે છે.

આપણો યોગ ગીતાના યોગની સાથે જ તાદાત્મ્ય ધરાવતો નથી, જોકે ગીતાનાં બધાં જ મુખ્ય તત્ત્વોનો તે સમાવેશ કરે છે; આપણા યોગમાં આપણે પૂર્ણ સમર્પણના વિચાર, સંકલ્પ અને અભીપ્સાથી શરૂઆત કરીએ છીએ; પરંતુ તેની સાથે જ આપણે નિમ્ન પ્રકૃતિનો ત્યાગ કરવાનો છે, આપણી ચેતનાને તેમાંથી મુકત કરવાની છે, નિમ્ન પ્રકૃતિમાં રહેલા પોતાના સ્વરૂપને મુકત કરવાનું છે અને ઊર્ધ્વ પ્રકૃતિમાં મુકત થવાનું છે. જો આપણે આ બેવડી ગતિ ન કરીએ તો આપણે એક તામસિક ગતિ અથવા બિનસચ્ચાઈભર્યા સમર્પણના જોખમમાં પડીએ છીએ અને કોઈ પણ પ્રયત્ન કે તપસ કરતા નથી, તેથી આપણે પ્રગતિ કરી શકતા નથી; અથવા આપણે એક રાજસિક સમર્પણ કરીએ છીએ અને તે પણ પ્રભુને નહિ પરંતુ આપણે પોતે સર્જેલા પ્રભુ વિશેના ખોટા ખ્યાલને અથવા પ્રતીકને, જે એક રાજસિક અહંકાર અથવા તેનાથી પણ વધારે ખરાબ વસ્તુને છુપાવી રાખે છે.

*

ગીતાએ વર્ણન કર્યું છે તે પ્રમાણે જ્યાં સુધી આપણે હાલની જગતની ચેતનામાં જીવીએ ત્યાં સુધી આ જગત અનિત્યમ્ અસુખમ્ છે. આપણે તેમાંથી પાછા ફરીને પ્રભુ પ્રત્યે વળીએ અને દિવ્ય ચેતનામાં દાખલ થઈએ તો આ જગત મારફતે પણ આપણે શાશ્વત પ્રભુને પ્રાપ્ત કરી શકીએ.

*

ઘણી બાબતોમાં ગીતાની ભાષા વિરોધાભાસી લાગે છે કારણ કે તે સ્પષ્ટ રીતે બે બાહ્ય રીતે દેખાતાં વિરોધી સત્યોને કબૂલ રાખે છે અને તે બન્નેનું સમાધાન કરવાનો પ્રયત્ન કરે છે. તે સંસારમાંથી મુકત થઈને બ્રહ્મમાં નિર્વાણ પામવાના

આદર્શને એક શકયતા તરીકે સ્વીકારે છે. ઉપરાંત પ્રભુમાં ( મારામાં – મયિ તે કહે છે ). મુકત જીવન જીવવાની શકયતાનો અને જીવન મુકત તરીકે જગતમાં રહીને કાર્ય કરવાનો પણ તે ભાર મૂકે છે. આ બીજા પ્રકારના ઉકેલ પર તે સૌથી વધારે ભાર મૂકે છે. એટલા માટે રામકૃષ્ણએ દિવ્ય આત્માઓને ( ઈશ્વર કોટિ ) એ પ્રકારના વર્ણવ્યા જેઓ નીચે અવતરણ પણ કરી શકે છે અને ઊર્ધ્વમાં આરોહણ પણ કરી શકે છે. આવા ઈશ્વરકોટિ આત્માઓને જીવો કરતાં ( જીવકોટિ ) ઊંચા ગણ્યા છે કારણ કે જીવકોટિ આત્માઓ એક વખત ઊર્ધ્વમાં આરોહણ કરે પછી તેઓ પ્રભુના કાર્ય માટે નીચે ઊતરવાની શકિત ધરાવતા નથી. અતિમાનસ ચેતનામાં પૂર્ણ સત્ય રહેલું છે અને ત્યાંથી જીવન અને જડતત્ત્વ ઉપર કાર્ય કરવાની તેનામાં શકિત છે.

*

ગીતા કેવળ પ્રેમનો જ સંદેશ આપે છે એમ કહી શકાય નહિ. તે જ્ઞાન, પ્રેમ અને કર્મયોગનું પ્રતિપાદન કરે છે અને તે યોગ એક આધ્યાત્મિક ચેતનાના પાયા ઉપર રચાયેલો છે. તેમજ તેમાં પ્રભુની સાથે ઐકયનો સાક્ષાત્કાર, તેમજ સર્વ પ્રાણીઓ સાથે પ્રભુમાં તદ્રૂપતાનો યોગ છે. ભકિત, પ્રભુનો પ્રેમ અને તેમાં સર્વ પ્રાણીઓ સાથેનું ઐકય, એ વસ્તુઓને ઘણું ઊંચું સ્થાન આપ્યું છે પરંતુ જ્ઞાન અને કર્મને કાયમ સાથે લેવાનો છે.

*

એ ખાસ ધ્યાનમાં રાખો કે ગીતાના લેખકે તેને એક પ્રતીક તરીકેના અર્થમાં લીધેલી નથી – તમને પસંદ હોય તો તમે એક કહી શકો કે તમે પ્રાચીન યુદ્ધના તત્ત્વને જાણે તે રૂપક હોય તે પ્રમાણે બાતલ કરી શકો – ગીતા એક યોગ છે – તેમાં આધ્યાત્મિક સત્યને બાહ્ય જીવન અને કર્મના વ્યવહારમાં ઉતારવાનું છે – પરંતુ તે હરકોઈ પ્રકારનું કર્મ હોઈ શકે છે અને નહિ કે એવું કર્મ જે ગીતામાં દર્શાવ્યું છે તેને મળતું આવતું. કર્મ માટે જે આધ્યાત્મિક ચેતનાનું તત્ત્વ છે તેને રાખવાનું છે – પરંતુ જે વિશિષ્ટ પ્રકારનું દૃષ્ટાંત ગીતામાં આપ્યું છે તેને તમે ભૂતકાળના જગતની વસ્તુ તરીકે ગણી શકો.

*

ગીતા ભગવતી મા વિશે સ્પષ્ટ રીતે કાંઈ કહેતી નથી. તે કાયમ પુરુષોત્તમને સમર્પણ કરવાનું કહે છે – તેમાં તેના વિશે પરા પ્રકૃતિ, જીવ બને છે, એમ કહેલું છે; એટલે કે જે પ્રભુનો અનેક વૈવિધ્યમાં આવિર્ભાવ કરે છે અને જેની મારફતે પરમ

પુરુષે આ સર્વ જગતોનું સર્જન કરેલું છે અને તેણે પોતે અવતાર તરીકે નીચે અવતરણ કરેલું છે. ગીતા વેદાન્તની પ્રણાલિને અનુસરે છે જેમાં પ્રભુનાં, ઈશ્વરનાં પાસાં ઉપર ખાસ આગ્રહ રાખેલો છે અને દિવ્ય ભગવતી મા વિશે ઓછું બોલે છે. કારણ કે તેનું લક્ષ્ય આ વિશ્વ પ્રકૃતિમાંથી પાછા હટીને તેનાથી ઊર્ધ્વમાં રહેલા પરમ સાક્ષાત્કારમાં પહોંચવાનું છે. તાંત્રિક પદ્ધતિ, દિવ્ય શક્તિ, અથવા ઈશ્વરી ઉપર ઝોક આપે છે અને બધી વસ્તુઓનો આધાર દિવ્ય માતા ઉપર રાખે છે. કારણ કે તેનું લક્ષ્ય વિશ્વપ્રકૃતિ પ્રાપ્ત કરીને તેના ઉપર શાસન કરવાનું છે, અને તેની મારફતે પરમ સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાનો છે. આ યોગ બંને પાસાંઓનો આગ્રહ રાખે છે. દિવ્ય ભગવતી માને સમર્પણ કરવું એ ખાસ-મુખ્ય વસ્તુ છે કારણ કે તેના વગર યોગનું લક્ષ્ય ચરિતાર્થ થઈ શકે નહિ.

પુરુષોત્તમના સંબંધમાં સર્વ જગતોની ઉપર રહેલી ભગવતી માતા એક પરમ દિવ્ય ચેતના અને શક્તિ છે; આદ્ય-શક્તિ તે પરાત્પરને પોતાની અંદર ધારણ કરે છે અને તેનો જગતમાં અક્ષર અને ક્ષર મારફતે આવિર્ભાવ કરે છે. અક્ષરના સંબંધમાં તે પોતે જ પરા શક્તિ છે અને કૂટસ્થ પુરુષને પોતાની અંદર ધારણ કરે છે અને તેની અંદર પણ તે પોતે જ બધાં સર્જનોમાં અક્ષર છે. ક્ષરના સંબંધમાં તે પોતે ગતિ કરતી વૈશ્વિક શક્તિ છે અને બધાં પ્રાણીઓનો અને શક્તિઓનો આવિર્ભાવ કરે છે.

*

મને ખબર નથી કે માનવ પોતાની જાત માટે પ્રાપ્ત કરે એવી અથવા સાક્ષાત્કાર કરે એવી કોઈ પુરુષોત્તમ ચેતના જેવી વસ્તુ હોય; કારણ કે ગીતામાં પુરુષોત્તમ એ પરાત્પર સ્વામી છે, પરાત્પર સ્વરૂપ, જે અક્ષર અને ક્ષર બન્નેથી પર રહેલ છે અને તે એક અને અનેકને બન્નેને પોતાનામાં ધારણ કરે છે. ગીતા કહે છે કે માણસ બ્રહ્મ ચેતના પ્રાપ્ત કરી શકે છે; તે પુરુષોત્તમના એક શાશ્વત અંશ તરીકે પોતાને અનુભવી શકે છે. અને પુરુષોત્તમમાં જીવન ધારણ કરી શકે છે. પુરુષોત્તમ ચેતના એ પરમ પુરુષની ચેતના છે અને પોતાના અહંનું વિસર્જન કરીને તથા પોતાના સાચા તત્ત્વનો સાક્ષાત્કાર કરીને માનવી " તેમાં જીવન ધારણ કરી છે. "

*

ઋષિઓના સમય દરમિયાન અને તે પહેલાં પણ ભારતના આધ્યાત્મિક વિચારમાં સાંખ્ય અને વેદાન્તનાં તત્ત્વોનું કાયમ મિશ્રણ રહેતું. સ્વરૂપની રચનામાં સાંખ્યનું જે વર્ણન છે ( પુરુષ, પ્રકૃતિ, મૂળભૂત તત્ત્વો, ઈન્દ્રિયો, બુદ્ધિ વગેરે ) વૈશ્વિક

રીતે સ્વીકારવામાં આવતું અને દરેક જગાએ કપિલ મુનિનું નામ આદર સહિત બોલવામાં આવતું. ગીતામાં તેમનો નિર્દેશ મહાન વિભૂતિઓમાં આવે છે : કૃષ્ણ કહે છે, "હું મુનિઓમાં કપિલ મુનિ છું."

## ( ૪ )

વેદ અને વેદાન્ત, એકમેવ સત્યનું એક પાસું છે; તંત્ર જે શક્તિ ઉપર ભાર મૂકે છે તે બીજું પાસું છે; આ યોગમાં સત્યની બધી બાજુઓને આવરી લેવામાં આવે છે, કોઈ પ્રથમ આપેલાં પદ્ધતિસરનાં રૂપોમાં નહિ પરંતુ તાત્ત્વિક રીતે, અને તેમને સૌથી પૂર્ણ રીતે અને ઉચ્ચતમ રીતે ધારણ કરવામાં આવે છે. પરંતુ વેદાન્ત દિવ્ય જ્ઞાનના સિદ્ધાંતો અને મુખ્ય તત્ત્વો વિશે વધારે ચર્ચા કરે છે અને તેથી તેના આધ્યાત્મિક જ્ઞાન અને અનુભૂતિનો ઘણો ભાગ 'આર્ય'માં અક્ષરશઃ સ્વીકારવામાં આવ્યો છે. તંત્ર માર્ગ સ્વરૂપો, પ્રક્રિયાઓ અને સંગઠિત શક્તિઓને કાર્યમાં લે છે – પરંતુ જે પ્રમાણે હતું તેમાંથી બધું જ સ્વીકારી શકાય નહિ, કારણ કે પૂર્ણયોગને તેનાં પોતાનાં સ્વરૂપો અને પ્રક્રિયા સ્વીકારવાની જરૂર છે. પરંતુ ચેતનાનું કેન્દ્રો દ્વારા ઊર્ધ્વીકરણ, અને બીજું તંત્રમાર્ગનું જ્ઞાન, જેની મેં ખૂબ અગત્ય આપી છે તે બધાં રૂપાંતરની પાછળ રહેલાં છે – એ ઉપરાંત એક સત્ય મેં આપેલું છે કે દિવ્ય ભગવતી માની શક્તિ મારફતે જે બને તે સિવાય કોઈ પણ વસ્તુ કરવી શક્ય નથી.

કુંડલિનીને જાગ્રત કરીને કેન્દ્રો મારફતે તેનું ઊર્ધ્વીકરણ કરવું અને બધાં કેન્દ્રોને વિશુદ્ધ કરવાની પ્રક્રિયા એ તંત્રવિદ્યાનું જ્ઞાન છે. આપણા યોગમાં કેન્દ્રો વિશુદ્ધ કરવાની તથા તેમને ખુલ્લાં કરવા માટે સંકલ્પ કરવાની કોઈ ખાસ નિયત પદ્ધતિ નથી. એક બીજી પદ્ધતિનો ઉપયોગ થાય છે, અને જુદી જુદી ભૂમિકાઓ-માંથી તથા તેમની અંદરથી ચેતનાનું ઊર્ધ્વીકરણ કરીને ઉપરમાં રહેલી ચેતનાની સાથે મિલન કરવાનું છે; તેમાં કેન્દ્રોને, તેઓ જે ભૂમિકાઓ ઉપર કાબૂ ધરાવે છે ( મનોમય, પ્રાણમય અને શારીરિક ) તેમને ખુલ્લાં કરવાનાં છે; તે ઉપરાંત તે ચેતનાનું અવતરણ જે આધ્યાત્મિક રૂપાંતર માટેની મુખ્ય ચાવી છે તેનો પણ સમાવેશ થાય છે. એટલા માટે મેં કહ્યું છે કે આ યોગમાં તેની પદ્ધતિની પાછળ એક પ્રકારનું તંત્રમાર્ગનું જ્ઞાન રહેલું છે.

૬ *

આપણા યોગમાં આપણે ચક્રો ખોલવા માટેનો સંકલ્પયુક્ત પ્રયત્ન કરવાનો નથી; તેઓ ઊર્ધ્વબળના અવતરણ દ્વારા જ આપોઆપ ખૂલી જાય છે. તંત્રસાધનામાં તે ચક્રો નીચેથી ઉપર તરફ ખૂલતાં જાય છે, પ્રથમ મૂલાધારમાંથી ખૂલે છે; આપણા યોગમાં તે ઉપરથી નીચે તરફ ખૂલતાં જાય છે. પરંતુ મૂલાધારમાંથી શક્તિનું ઊર્ધ્વ તરફ આરોહણ થાય છે.

*

તંત્રમાર્ગમાં ખાસ વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા કેન્દ્રો ખૂલે છે અને કુંડલિની જાગ્રત થાય છે. અને તેનું ઊર્ધ્વગમન કરોડરજ્જૂમાં અનુભવાય છે – અહીં આપણા યોગમાં ઉપરથી આવતી શક્તિનું દબાણ કુંડલિનીને જાગ્રત કરે છે અને કેન્દ્રોને ખુલ્લાં કરે છે અને બધાં જ કેન્દ્રો ખૂલી જાય અને ચેતના શરીરથી પણ ઉપર જાય ત્યાં સુધી આ વસ્તુ વારંવાર બને છે. કેટલીક વખત ચેતના નીચે ઊતરતી હોય એવું લાગે છે; પાછળની પરિસ્થિતિમાં ચેતના ઊર્ધ્વમાં રહે છે અને વૈશ્વિક ચેતના તથા વૈશ્વિક આત્મતત્ત્વમાં તે વિશાળ બને છે. આ સામાન્ય પ્રક્રિયા છે પરંતુ કેટલીક વખત પ્રક્રિયા વધારે ઝડપી બને છે અને ઓચિંતું અને નિશ્ચિત ઉદ્ઘાટન, ઉપરમાં બની આવે છે.

*

આ યોગમાં શક્તિનું ઊર્ધ્વીકરણ અને અવતરણ તાંત્રિક પુસ્તકોમાં નિશ્ચિત કરેલી વિગતોનું જરૂરી પુનરાવર્તન કર્યા સિવાય પણ આપોઆપ બની આવે છે. ઘણા માણસો કેન્દ્રો વિશે સચેતન બને છે પરંતુ બીજાઓ એક સામાન્ય રીતે જ ઊર્ધ્વગમન અને અવતરણનો અનુભવ કરે છે. તેઓ આ વસ્તુ એક કેન્દ્ર તરફથી બીજા કેન્દ્ર તરફ બનતી અનુભવતા નથી પરંતુ એક ભૂમિકાથી બીજી ભૂમિકા તરફ જતી અનુભવે છે. એટલે કે તેઓને પ્રથમ એક શક્તિનું અવતરણ, મસ્તકમાંથી થતું હોય એમ લાગે છે અને પછી હૃદયમાં અને ત્યાર પછી નાભિમાં અને તેનાથી પણ નીચે તરફ તંત્રમાર્ગમાં બતાવેલાં કેન્દ્રોમાં રહેલા દેવતાઓ વિશે સભાન બનવાની બિલકુલ જરૂર નથી પરંતુ કેટલાકને ભગવતી માનો જુદાં જુદાં કેન્દ્રોમાં અનુભવ થાય છે. આ વસ્તુઓ માટે પુસ્તકોમાં આવેલા જ્ઞાનને આપણી સાધના વળગેલી રહેતી નથી પરંતુ તેની પાછળ રહેલા સત્યને વળગી રહેવાનું છે. અને તેનો સાક્ષાત્કાર સ્વતંત્ર રીતે જ કરે છે. તેમાં પ્રાચીન સ્વરૂપો અને પ્રતીકોની ગુલામી રાખવાની હોતી નથી. તાંત્રિકોનાં પુસ્તકોમાં જે કેન્દ્રો વિશેનું અર્થઘટન કરવામાં આવ્યું છે તેનાથી જુદું જ અર્થઘટન આપણા યોગમાં રહેલું છે.

*

હા, આપણા યોગનો હેતુ ઊર્ધ્વમાં રહેલા પરમાત્માની સાથે સીધો જ સંબંધ સ્થાપવાનો છે. અને તે દિવ્ય ચેતનાને આપણે ઉપરથી નીચે ઉતારીને આપણાં બધાં જ કેન્દ્રોમાં ઉતારવાની છે. આપણો હેતુ મનોમય પ્રાણમય કે સૂક્ષ્મ શારીરિક ભૂમિકાઓની ગુહ્ય શક્તિઓને નીચે ઉતારવાની નથી. વ્યક્તિને તે માર્ગે જતાં ભિન્ન ભિન્ન દિવ્ય બળોની તથા વ્યક્તિતાઓની સાથે સંપર્ક થઈ શકે પરંતુ તેમને કેન્દ્રોમાં સ્થાપન કરવાની કોઈ જરૂર નથી, જોકે કેટલીક વખત સાધના દરમિયાન થોડા સમય માટે તે સાહજિક રીતે જ બની આવે છે ( જેવી રીતે ભગવતી માનાં ચાર વ્યક્તિ સ્વરૂપો ). પરંતુ તે પ્રમાણે કરવાનો નિયમ નથી. આપણો યોગ નમનીય બનવો જોઈએ અને દિવ્ય શક્તિનું જે જરૂરી કાર્ય હોય તેને પોતાની પ્રકૃતિ અનુસાર મંજૂર પણ રાખવું પડે પરંતુ આ બધી વિગતો દરેક વ્યક્તિ સાથે જુદી જુદી રીતે કાર્યાન્વિત બને છે.

*

પ્રકૃતિનાં ગુપ્ત બળોનું જ્ઞાન અને સાચો ઉપયોગ એટલે જ ગુહ્ય વિદ્યા.

બાહ્ય દૃશ્યમાન ઘટના ( Phenomena )ના અવગુંઠન પાછળ જવાથી જ ગુહ્ય બળો વિશેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે – ખાસ કરીને સૂક્ષ્મ શારીરિક અને અતિશારીરિક ભૂમિકાઓની શક્તિઓ.

*

સામાન્યતયા વધારે ઊંડાણમાં રહેલા અને બધા અતિમનોમય અનુભવોને ચૈતસિક અનુભવો કહેવામાં આવે છે. પરંતુ હું ચૈતસિક તત્ત્વને અંતરાત્મા તરીકે વાપરું છું જેથી તે મન અને પ્રાણથી જુદો પડે. આ રીતે અંતરાત્માની બધી ગતિઓ અને અનુભૂતિઓ તે અર્થમાં ચૈતસિક ગતિઓ બની રહે છે, એટલે કે જે ગતિઓ ચૈત્ય પુરુષમાંથી ઉત્પન્ન થાય છે અથવા સીધે સીધી તેમનો સંપર્ક સાધે છે; જેમાં મન અને પ્રાણની પ્રાધાન્યતા હોય, તેવી અનુભૂતિને માનસશાસ્ત્રીય કહી શકાય ( ઉપરછલ્લી અથવા ગૂઢ ). નિરપેક્ષ તત્ત્વ સાથે ‘ આધ્યાત્મિકતા ’નો જરૂરી સંબંધ નથી. અલબત્ત, નિરપેક્ષ બ્રહ્મની અનુભૂતિ એ આધ્યાત્મિક છે. વૈશ્વિક આત્મતત્ત્વ સાથેના બધા સંપર્કો, ઊર્ધ્વચેતનાના તથા પરાત્પર પરમાત્માના બધા જ સંપર્કો આધ્યાત્મિક છે. બીજી કેટલીક એવી અનુભૂતિઓ છે જેમનું સ્પષ્ટ પૃથક્કરણ થઈ શકે નહિ અથવા એકબીજાની સામેના સંપર્કની સ્પષ્ટ વ્યાખ્યા આપી શકાય નહિ.

આધ્યાત્મિક સાક્ષાત્કારની ખાસ અગત્ય છે અને તે અનિવાર્ય છે. આધ્યાત્મિક અને ચૈતસિક વિકાસ પ્રથમ થાય તેને હું સૌથી ઉત્તમ ગણું છું અને ગુહ્ય પ્રદેશોમાં પ્રવેશ કરતાં પહેલાં તે જ પૂર્ણતાથી તે રહેવો જોઈએ — જે લોકો પ્રથમ તે પ્રદેશોમાં પ્રવેશ કરે છે તેમને આધ્યાત્મિક સાક્ષાત્કાર ઘણો મોડો થાય છે — બીજાઓ ગુહ્ય વિદ્યાની ભુલભુલામણી જેવી જાળોમાં સપડાય છે અને આજીવન તેમાંથી બહાર નીકળતાં નથી. શંકા વગર કેટલાક લોકો બન્નેને સાથે રાખે છે. ગુહ્ય-જ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન, બન્નેને એકબીજાને સહાયરૂપ બનાવે છે; પરંતુ મેં જે પ્રાક્રયા બતાવી તે વધારે સહિસલામત છે.

આપણે માટે મુખ્ય શાસક બળો, આત્મતત્ત્વ અને ચૈત્યપુરુષનું પ્રભુ સાથેનું ઐક્ય, હોવાં જોઈએ – ગૂઢ નિયમો અને ઘટનાઓનું જ્ઞાન હોવું જોઈએ, પરંતુ એ એક કરણ તરીકે અને નહિ કે શાસક તત્ત્વો તરીકે. ગુહ્ય ક્ષેત્ર મહાન વિશાળ ક્ષેત્ર છે અને ખૂબ જટિલ છે અને તે જોખમો વગરનું નથી. તેને છોડી દેવાની જરૂર નથી પરંતુ તેને પ્રથમ સ્થાન આપવાનું નથી.

*

સૂક્ષ્મ બળોની સાથે કરવામાં આવતી સૂક્ષ્મ ભૂમિકાની પ્રક્રિયા, અને સાથે સાથે શરીર છોડી દઈને તે પ્રદેશમાં કોઈ ક્રિયા કરવી, એ આધ્યાત્મિક લક્ષ્ય નથી. પરંતુ તે ગુહ્યજ્ઞાનના ક્ષેત્રને લગતું છે. યોગના લક્ષ્યનો તે એક ભાગ નથી. તે ઉપ-રાંત આશ્રમમાં ઉપવાસ કરવાની મંજૂરી આપવામાં આવતી નથી કારણ કે તે વસ્તુ આધ્યાત્મિક પ્રયત્નમાં મદદરૂપ થવાને બદલે નુકસાનરૂપ છે.

તમને જે લક્ષ્યનું સૂચન કરવામાં આવ્યું છે તે ગુહ્ય શક્તિઓ પ્રાપ્ત કરવા માટેના ભાગરૂપ હોય એમ લાગે છે; ભારતના બધા જ આધ્યાત્મિક ગુરુઓએ ઘણે ભાગે આ રીતની શોધને વખોડી છે, કારણ કે તે વસ્તુ નિમ્ન ભૂમિકાની છે અને ઘણે ભાગે તે સાધકને એવા માર્ગે દોરી જાય છે જે પરમાત્માથી ઘણે દૂર લઈ જાય છે. ખાસ કરીને સૂક્ષ્મ ભૂમિકા ઉપરની સૂક્ષ્મ શક્તિઓ અને સત્ત્વોની સાથેનો સંપર્ક, (અથવા આપણે જેને માટે પ્રાણિક શક્તિઓ શબ્દ વાપરીએ છીએ) ઘણાં જોખમોવાળો હોય છે. આ ભૂમિકા ઉપરનાં સત્ત્વો આધ્યાત્મિક જીવનના સાચા ધ્યેયને માટે વિરોધી હોય છે, અને તેઓ સાધકની સાથે સંપર્ક સાધીને તેને એવી ગુહ્ય શક્તિઓ અને અનુભૂતિઓ આપે છે જેથી કરીને તેઓ આધ્યાત્મિક માર્ગેથી

દૂર દોરવાઈ જાય અથવા તો તે શક્તિઓ તે સાધક ઉપર પોતાનો કાબૂ જમાવે અથવા તે વિરોધી બળોના હેતુ માટે તેમને પોતાના કબજામાં લઈ લે. પોતાની જાતને દિવ્ય શક્તિ તરીકે રજૂઆત કરીને તેઓ ખોટા માર્ગે દોરી જાય છે, ભૂલ-ભરેલાં સૂચનો અને ઊર્મિઓ આપીને આંતરજીવનને વિકૃત કરી નાખે છે. ઘણા માણસોએ આવી પ્રાણમય ભૂમિકાની શક્તિઓ અને સત્ત્વોથી આકર્ષણ પામીને, નિશ્ચિત રીતે આધ્યાત્મમાર્ગનું પતન વહોરી લીધેલું છે, યા તો માનસિક અથવા શારીરિક વિકૃતિ અને અસમતુલા પ્રાપ્ત કરી છે. વ્યક્તિ અનિવાર્ય રીતે પ્રાણમય ભૂમિકાના સંપર્કમાં આવે છે અને તેમાં પ્રવેશ મેળવીને ચેતનાની વિશાળતા પ્રાપ્ત કરે છે અને તેને પરિણામે આનંદ-ઉદ્‌ઘાટન થાય છે. પરંતુ વ્યક્તિએ પોતાની જાતને કદી આ સત્ત્વો તથા આ શક્તિઓના હાથમાં ન સોંપવી જોઈએ અથવા તેમનાં સૂચનો અને સ્ફુરણાઓ દ્વારા દોરાવું ન જોઈએ. આધ્યાત્મિક જીવનનું આ એક મુખ્ય જોખમ છે અને સાધકે જો પોતાના ધ્યેય સુધી પહોંચવું હોય તો તેણે આ જોખમથી ચેતતા રહેવું ખાસ જરૂરી છે. યોગમાં ચેતના જેમ જેમ વિશાળ થતી જાય તેમ તેમ ઘણી અતિ-શારીરિક અથવા અસાધારણ શક્તિઓ આવતી જાય છે; શરીર-ચેતનાથી ઉપર ઊઠવું, અતિ-શારીરિક ભૂમિકાઓ ઉપર સૂક્ષ્મ સાધનો દ્વારા કાર્ય કરવું, વગેરે યોગી માટે સહજ પ્રક્રિયાઓ બની જાય છે. પરંતુ આપણે આ શક્તિઓને શોધવા જવાનું નથી, તે સહજ રીતે જ આવે છે, અને તેમનામાં પ્રાણ-મય લક્ષણો હોતાં નથી. તે ઉપરાંત તેમનો ઉપયોગ કેવળ આધ્યાત્મિક માર્ગે જ કરવાનો હોય છે, એટલે કે દિવ્ય શક્તિ અને દિવ્ય બળ દ્વારા, – તેમનો કરણ તરીકે ઉપયોગ કરવાનો હોય છે; પરંતુ પ્રાણમય ભૂમિકા ઉપરની શક્તિઓ તથા સત્ત્વોનો કદી કરણ તરીકે ઉપયોગ કરવાનો નથી. આવી શક્તિઓ માટે તેમની મદદ માગવી એ ગંભીર ભૂલ છે.

લાંબા ઉપવાસો નાડીતંત્રના ઉશ્કેરાટ તરફ દોરી જાય અને તેને લઈને ચિત્ર-વિચિત્ર કલ્પનાઓ અને ઓથારો ઉત્પન્ન થાય અને તેમને કદાચ સાચી અનુભૂતિઓ માની લેવામાં આવે; પ્રાણમય સત્ત્વો વારંવાર આવા અપવાસોનું સૂચન કરે છે, કારણ કે તેને લઈને ચેતના અસમતોલ બની જાય અને તેમની યોજનાઓને માટે તેવી સ્થિતિ વધારે અનુકૂળ બને. એટલા માટે તે વસ્તુને અહીં ઉત્સાહ આપવામાં આવતો નથી. આમાં ગીતાએ જે નિયમ આપ્યો છે તેનું અનુકરણ કરવાનું છે. ગીતા કહે છે, "જે માનવી વધારે પડતું ખાય છે અથવા અન્નનો ત્યાગ કરે છે તેના માટે યોગ નથી," – પરંતુ મિતાહારી રહેવાનું છે જેથી શરીરની તંદુરસ્તી અને શક્તિ જળવાઈ રહે.

તમે જે પ્રકારના ભ્રાતૃભાવનું વર્ણન કરો છો તે ભારતમાં નથી. કેટલાક એવા યોગીઓ છે જેઓ ગુહ્ય શક્તિઓ પ્રાપ્ત કરીને તેમનો ઉપયોગ કરે છે, પરંતુ તેમાં વ્યક્તિને વ્યક્તિગત ગુરુ પાસેથી તે શીખવાનું હોય છે. ગુહ્યવાદીઓનાં સંગઠનો, મિજલસો, આ હેતુ માટેના ભ્રાતૃભાવવાળી સંસ્થાઓ, જેનું યુરોપના ગુહ્યવાદીઓએ વર્ણન કર્યું છે, તેના વિશે એશિયામાં કોઈ જાણતું નથી.

ગુરુએ આપેલા અને પોતાની અનુભૂતિ વિશે એક પ્રકારનો વિવેક અથવા મૌન રાખવું એ ગુપ્તતા માટે કાયમ સલાહકારક છે પરંતુ તે માટે ગુપ્તતાની અનિવાર્યતા અથવા તો તે વસ્તુઓને રહસ્યમય બનાવવી એ અનિવાર્ય નથી. એક વખત ગુરુની પસંદગી થઈ, પછીથી તેમનાથી કોઈ વસ્તુ ગુપ્ત રાખવાની નથી. અનિવાર્ય ગુપ્તતાનું સૂચન એ પ્રાણમય શક્તિઓની એક યુક્તિ છે જેને લઈને પ્રકાશ અને મદદને તેઓ અટકાવી શકે.

*

તમારા બધા 'પ્રયોગો' પ્રાણમય ભૂમિકાના પાયા ઉપર બંધાયેલા છે અને મન તેમાં જોડાયેલું છે; આ પાયા ઉપર કાર્ય કરવાથી અસત્ય અને મૂળભૂત ભૂલ સામે કોઈ પણ જાતની સલામતિ નથી. શક્તિઓનો (નાની કે મોટી) વિકાસ ગમે તેટલો જથ્થો પામે છતાં સત્યમાંથી જુદે માર્ગે કરવાની રખડપટ્ટીમાંથી રક્ષણ આપી શકે નહિ; અને જો તમે અભિમાન, ઉદ્ધતાઈ અને શક્તિના ભભકાને તમારી અંદર પ્રવેશ કરીને તમારો કબજો લેવા દેશો તો ચોક્કસ તમે રાજસિક માયા અને અવિદ્યાની શક્તિમાં તથા સ્ખલનમાં પડશો. આપણું લક્ષ્ય શક્તિઓ પ્રાપ્ત કરવાનું નથી પરંતુ આપણે તો દિવ્ય-સત્ય ચેતનામાં આરોહણ કરવાનું છે અને તે દિવ્ય ચેતનાના સત્યને પ્રકૃતિના નિમ્ન ભાગોની અંદર ઉતારી લાવવાનું છે. સત્યની સાથે બધી જ જરૂરી શક્તિઓ આવશે, પરંતુ તે શક્તિઓ પોતાની નહિ હોય, પરંતુ પ્રભુની હશે. રાજસિક મનોમય અને પ્રાણમય આત્મપ્રક્ષેપ દ્વારા સત્ય સાથેનો સંપર્ક વૃદ્ધિ પામશે નહિ, પરંતુ ચૈતસિક વિશુદ્ધિ અને સમર્પણ મારફતે સત્ય પ્રાપ્ત થશે.

*

સામાન્ય યોગમાં જે અષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરાય છે, તે પ્રાણમય શક્તિઓ છે અથવા રાજયોગમાં જે પ્રમાણે છે તે પ્રમાણે મનોમય સિદ્ધિઓ છે. ઘણુંખરું તેમનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં તેઓ અચોક્કસ હોય છે અને તે જે પ્રક્રિયાઓ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે તેને જોખમી રીતે ટકાવી રાખવા ઉપર તેમનો આધાર હોય છે.

*

'શારીરિક પ્રકૃતિ' એટલે ફક્ત શરીર જ નહિ પરંતુ તે શબ્દ સમૂહમાં સંપૂર્ણ સ્થૂલ મન, સ્થૂલ પ્રાણ અને શારીરિક પ્રકૃતિના પણ રૂપાંતરનો સમાવેશ કરવામાં આવે છે – તેમના ઉપર સિદ્ધિઓ ઠસાવવાની નથી પરંતુ એક નવીન શારીરિક પ્રકૃતિનું સર્જન કરવાનું છે જે નવા વિકાસક્રમમાં એક અતિમાનસ માનવનું નિવાસસ્થાન બને. હું જાણતો નથી કે કોઈ હઠયોગની કે બીજી કોઈ પ્રક્રિયા દ્વારા આ વસ્તુ બની હોય. મનોમય કે પ્રાણિક ગુહ્ય શક્તિ ઉચ્ચતર ભૂમિકાની સિદ્ધિઓ વ્યક્તિગત જીવનમાં લાવી શકે છે – પેલા સંન્યાસીની માફક, જે કોઈ પણ પ્રકારનું ઝેર કોઈ પણ નુકસાન વગર લેતો હતો; પરંતુ જ્યારે તે સિદ્ધિઓની શરતોનું પાલન કરવાનું ભૂલી ગયો ત્યારે છેવટે ઝેરે જ તેનું મૃત્યુ નિપજાવ્યું. આપણે જે અતિમાનસ શક્તિનું કાર્ય કહીએ છીએ તે શારીરિક ઉપર આવી અસાધારણ અસર કરતું નથી, પરંતુ એ એક એવો પ્રવેશ અને એવું પ્રસારણ છે જે તેને સંપૂર્ણ રીતે શારીરિકમાં અતિમાનસીકરણ રૂપાંતર કરી નાખે છે. આ ખ્યાલ હું વેદ અથવા વેદાન્તમાંથી શીખ્યો નથી, અને મને ખબર પણ નથી કે આ પ્રકારનું તેમાં કાંઈ પણ હોય. મને અતિમનસ વિશે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે જ્ઞાન સીધેસીધું મને આપવામાં આવેલું અને નહિ કે તેને મેં મારા પ્રયત્નથી પ્રાપ્ત કર્યું હોય. તે વસ્તુની ખાતરી આપનારી અનુભૂતિઓ મને પાછળથી ઉપનિષદમાંથી અને વેદમાંથી મળ્યાં.

*

વેદાન્ત મતના એવા ઘણા યોગીઓ હોય છે જેઓ સિદ્ધિઓ તેમજ અંતિમ મુક્તિને અનુસરે છે – હું માનું છું તે પ્રમાણે તેઓ એમ કહેશે કે તે સર્વ સિદ્ધિઓને નિર્વાણના માર્ગે લઈ જાય છે. બન્નેનો સુમેળ અતિમનસમાં છે – પરમાત્માનું સત્ય, એકી વખતે અક્રિય અને સક્રિય, અવિદ્યાનું પાછા હઠી જવું અને છેવટે તેનો લય અને તેનું દિવ્યજ્ઞાનમાં નવસર્જન.

*

મેં પોતે યોગવાસિષ્ઠ વાંચ્યું નથી પરંતુ તેના વિશે જે કાંઈ વાંચ્યું છે તેના ઉપરથી એમ લાગે છે કે તે એવું પુસ્તક છે જેમાં અદ્ભુત ગુહ્ય જ્ઞાન હશે.

*

# ( ૫ )

મને લાગે છે કે આ બધાં મૂલ્યાંકનોનો ભેદ પ્રભુ પ્રત્યેના અભિગમમાં, એક યા બીજી બાજુ ઉપર મનનો વધારે ઝોક હોવાથી રજૂ કરવામાં આવે છે, અથવા સાક્ષાત્કારના એક પાસાને બીજા કરતાં વધારે ચડિયાતું બનાવવામાં આવે છે તેને લઈને બને છે. જ્યારે પ્રભુ પ્રત્યે હૃદય, પ્રેમ અને ભક્તિથી અભિગમ થાય છે ત્યારે સૌથી ઉચ્ચ બિંદુ એક પરાત્પર આનંદનું બને છે, એક અનિર્વચનીય પરમાનંદ અથવા પ્રેમ દ્વારા પ્રભુ સાથે મિલનનો આનંદ. ચૈતન્યની શાખાએ એકમાત્ર પૂર્ણ ભાર આ માર્ગ ઉપર મૂકયો અને આ વસ્તુને કૃષ્ણચેતનાની સમગ્ર વાસ્તવિકતા બનાવી, પરંતુ સર્વ અસ્તિત્વના મૂળમાં અને અંતમાં પરાત્પર આનંદ રહેલો છે. અને આ માર્ગ જ કેવળ એકમાત્ર માર્ગ છે અથવા હોઈ શકે એવું બને નહિ. વ્યક્તિ વાસુદેવ ચેતના દ્વારા પણ તેમાં પહોંચી શકે છે — જે ચેતના વધારે વિશાળ છે અને તે વધારે મનોમય અભિગમ છે — જે પ્રમાણે ગીતાની પદ્ધતિમાં જ્યાં જ્ઞાન, કર્મ અને ભક્તિ કૃષ્ણમાં, જે એકમેવ પરમ તથા સર્વસ્વ છે, તેમાં કેન્દ્રીભૂત થયેલાં છે, અને એક વિશ્વમય ચેતના મારફતે પ્રકાશિત પરાત્પરમાં પણ પહોંચી શકાય છે. તૈત્તિરિય ઉપનિષદ, જે વેદાન્તનો પરમ આનંદનો સંદેશ આપે છે તેમાં પણ આ માર્ગનું વર્ણન કરેલું છે. આ બધી વધારે વિશાળ પદ્ધતિઓ છે કારણ કે તે પદ્ધતિઓ સર્વ ભાગો, અને સ્વરૂપના પ્રભુ પ્રત્યે વળવાના બધા માર્ગો મારફતે સમગ્ર અસ્તિત્વને ધારણ કરે છે. જો તેઓ શરૂઆતમાં ઓછા તીવ્રતાવાળા લાગે, અને વિશાળ અને ધીમી ગતિવાળા હોય તેથી કરીને એમ માનવાનું બિલકુલ કારણ નથી કે તેઓ તેમની ચરમ સીમાએ પહોંચવામાં ઓછી તીવ્રતાવાળા હોય છે. બધા જ માર્ગો તે જ પરાત્પર તત્ત્વ તરફ પહોંચે છે. તે, યા તો વિશાળ ગતિને આપણી અંદર રહેલાં આધ્યાત્મિક તત્ત્વોને એકત્રિત કરીને, તે બધાને એક વિશાળ ઊર્ધ્વીકરણમાં લઈ જાય છે, અથવા તો એક નાની એવી વિગતને ઊંચકીને એક જ મહાન ઉત્સાહથી બીજી બધી વસ્તુઓને છોડીને ઊર્ધ્વીકરણમાં ઉઠાવે છે. પણ એમ કોણ કહેશે કે બેમાંથી એક વસ્તુ વધારે મહન છે ? કેન્દ્રીભૂત થયેલા પ્રેમમાં એક એવી પોતાની ગહનતા હોય છે જેનું માપ કાઢી શકાય નહિ. કેન્દ્રીભૂત થયેલું જ્ઞાન, વધારે વિશાળ વિસ્તારવાળું હોય છે પણ વ્યક્તિ એમ ન કહી શકે કે તે વધારે ઊંડાણવાળું હોય છે.

વૈશ્વિક મૂલ્યો, પરાત્પર બ્રહ્મના સત્યનાં ફક્ત પ્રતિબિંબો હોય છે અને કાલની અનુભૂતિમાં ઓછા સમયવાળાં હોય છે. એ અનુભૂતિ વિભક્ત હોય છે. અને એક-મેવનાં હજારો પાસાંઓને વિભાજિત રીતે જુએ છે, માણસ જેમ જેમ મન મારફતે અથવા આવિર્ભાવ પામેલા સ્વરૂપમાંથી ઊર્ધ્વગમન કરે છે ત્યારે આમાંનાં એક અથવા તો ઘણાં પાસાંઓ વધારે અને વધારે ઊર્ધ્વીકરણ પામતાં જાય છે અને તેઓ પરાત્પરની તીવ્રતા ધારણ કરતાં જાય છે. આમાંના જે કોઈ પાસાની આ રીતની તીવ્ર અનુભૂતિ થાય છે તેને આધ્યાત્મીકરણ થયેલી મનોમય ચેતના પરાત્પર વસ્તુ તરીકે જાહેર કરે છે પરંતુ જ્યારે વ્યક્તિ મનથી પર થવા જાય છે ત્યારે તે બધાં ઊર્ધ્વીકરણ સાધવા તત્પર બને છે એટલું જ નહિ પરંતુ બધાં જ એકતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. ત્યાં સુધીમાં વિભક્ત થયેલાં બધાં જ પાસાંઓ તેમની મૌલિક એકતા પ્રાપ્ત કરે છે. એક નિરપેક્ષ તત્ત્વમાં તેઓ અવિભક્ત બની જાય છે. મન અસ્તિત્વ વિશે ખ્યાલ બાંધી શકે છે અને તેને અનુભવી પણ શકે છે. પરંતુ તેની ચેતના અથવા આનંદ રહિતનો તે ખ્યાલ હોય છે અને આ વસ્તુ જડતત્ત્વની સાથે જે અચિત્ જોડાયેલું છે તેમાં પણ તેની પૂર્ણ અભિવ્યક્તિ સ્વીકારે છે. તે જ પ્રમાણે તે આનંદ અથવા પ્રેમનો એક જુદા જુદા તત્ત્વ તરીકે ખ્યાલ બાંધી શકે છે. તે પોતે પોતાની ચેતના અને અસ્તિત્વને સમાધિમાં અથવા પ્રેમની મૂર્ચ્છામાં અથવા આનંદમાં ખોઈ બેઠો છે એવું અનુભવે છે. તે જ પ્રમાણે મર્યાદિત વ્યક્તિતા, અમર્યાદ પુરુષમાં પોતાના વ્યક્તિત્વને ગુમાવી દે છે. પ્રેમ પાત્ર પોતાના પરમ પ્રેમી પાત્રમાં અથવા વ્યક્તિતા અવૈયક્તિતામાં પ્રેમી જન પોતાની જાતને પ્રેમ અને આનંદની પરાત્પર વાસ્તવિકતામાં ડૂબેલી અથવા ગુમ થયેલી અનુભવે છે. વૈયક્તિક તેમજ અવૈયક્તિક બન્ને પોતે જ મન વડે અલગ અલગ વાસ્તવિકતાઓ તરીકે અનુભવાય છે અને એક યા તો બીજાને પરમ તત્ત્વ તરીકે જાહેર કરે છે અને જુએ છે, તેથી વ્યક્તિતાનો અવૈયક્તિકતામાં લય થઈ શકે છે અથવા તો તેનાથી ઊલટું, અવૈયક્તિક; તત્ત્વ પરાત્પર અને દિવ્ય વૈયક્તિક પ્રભુની નિરપેક્ષ વાસ્તવિકતામાં અદૃશ્ય થઈ જાય છે – આ દૃષ્ટિબિંદુમાં અવૈયક્તિતા અને વ્યક્તિગત પ્રભુનો જ ફક્ત ગુણ હોય છે. પરંતુ આધ્યાત્મિક અનુભૂતિની ટોચ ઉપર, જ્યારે માણસ મનના ક્ષેત્રમાંથી પસાર થઈ ગયો હોય છે ત્યારે આ બધી વસ્તુઓના મિશ્રણને એકમાં જ અનુભવે છે. ચેતના, અસ્તિત્વ, આનંદ બધાં જ તેમના અવિભક્ત ઐકયમાં, સચ્ચિદાનંદમાં પાછાં ફરે છે. વ્યક્તિ સ્વરૂપ અને અવૈયક્તિક, નિશ્ચિતપણે એક જ બની જાય છે તેથી એકનું બીજાની સામે સ્થાપન કરવું એ અવિદ્યાનું કાર્ય દેખાય છે. અતિમાનસ ચેતના અને અનુભૂતિનું આ એકતાનું વલણ એ મુખ્ય પાયો છે; વિશ્વમય અથવા સર્જક હેતુઓને માટે અતિમનસને જ્યાં જરૂર લાગે ત્યાં એક પાસાને વધારે અગ્રિમતા આપી શકે છે,

પરંતુ તેની પાછળ રહેલાં અથવા તેણે ધારણ કરેલાં બધાં પાસાંઓ વિશે તે સચેતન હોય છે અને તેના દૃષ્ટિબિંદુમાં કોઈ પણ અલગતા અથવા વિરોધને કોઈ પણ જગાએ તે સ્વીકારતું નથી. તે કારણને લઈને અતિમાનસ સર્જન એક વૈવિધ્યયુક્ત સંવાદ હશે અને નહિ કે અલગ અલગ કરતી પ્રક્રિયા જેમાં એકમેવના ભાગલાઓ પડેલા હોય અથવા પૃથક્કરણ થયેલું હોય તથા આ બધા જુદા જુદા ભાગોને એકની સામે બીજાને વિરોધમાં રાખીને પછી તેમનો સમન્વય કરીને સંવાદ પ્રાપ્ત કરવા જોડેલા નહિ હોય અથવા તો એક અથવા બીજા બધા ભાગોને રદ બાતલ કરીને અવિભક્ત એકમેવનો સાક્ષાત્કાર કરવાનો નહિ હોય.

તમે વૈષ્ણવ સંપ્રદાયની સરળતા તથા ભાવોના પૃથક્કરણ વિશે વાત કરો છો અને તમે કહો છો કે આ બધું ટૂંકાગાળાનું, થોડા સમય માટેનું હોય છે. લાગણીઓ બહુ ઝડપી હોય છે, અને તેમાં વિશાળતા અથવા સમૃદ્ધિની ખામી હોય છે. એ ખરું કે જ્યારે તે પ્રથમ વખત અનુભવાય છે અને મર્યાદિત ચેતના પોતાની સામાન્ય ક્રિયા અને ગતિમાં અનુભવે છે, ત્યારે તે પ્રમાણે બને છે પરંતુ તેનું કારણ આ અપૂર્ણ શારીરિક કરણની સાથે માણસમાં રહેલું ઊર્મિતંત્ર, ઘણે ભાગે તેનું ઊર્ધ્વ-કરણ કરવાનું હોય છે ત્યારે તીવ્રતાના ગાળામાં કાર્ય કરે છે અને આ વસ્તુઓને ઊર્ધ્વીકૃત ભાવ કે લાગણીનો આવેગ અથવા સાતત્ય ટકાવી રાખી શકાતું નથી. પરંતુ વ્યક્તિ જેમ જેમ વૈશ્વિક બનતી જાય છે (વ્યક્તિ પોતાની ઊર્ધ્વતર વ્યક્તિતા ગુમાવતી નથી, અને છતાં વિશ્વમય બનવાની ક્રિયા કરી શકે છે — અને એક દિવ્ય કેન્દ્ર બને છે, અને તે પ્રક્રિયા પણ અતિમાનસ સત્ય તરફ દોરી જાય છે.) અને આ અશક્તિ પણ ધીરે ધીરે અદૃશ્ય થઈ જાય છે. દાસ્ય અથવા મધુર અથવા કોઈ પણ ભાવની પાછળ રહેલું સત્ય અથવા બધા ભાવોનું મિશ્રણ એક મહાન અને સાતત્યયુક્ત પરિસ્થિતિ બને છે – જો સંજોગવશાત્ તેઓ તેમની ટૂંકા ગાળાઓની તીવ્રતાઓમાંથી, પોતાની જાતમાંથી કોઈ તીવ્રતા ગુમાવી બેસે, તો જ્યારે વ્યક્તિ પરાત્પર તરફ જવા માટે વૈશ્વિક વ્યક્તિતા પ્રાપ્ત કરે છે ત્યારે તે તીવ્રતાને હજારો-ગણી રીતે પાછી મેળવે છે અને આ ઊર્ધ્વીકરણની અને રૂપાંતરની પ્રક્રિયામાં તેઓ પોતે જે પ્રમાણેના હતા તેના કરતાં વધારે મહત્તર વસ્તુઓ પ્રાપ્ત કરે છે અને ઊર્ધ્વી-કરણ દ્વારા તે વધારે અને વધારે સ્થાયી બનતા જાય છે. પહેલાં આધ્યાત્મિક વિશ્વમાં અને પછીથી સર્વવ્યાપી પરાત્પર સમગ્ર તત્ત્વમાં તેમનું સ્થાન મેળવે છે.

શંકર અને રામાનુજના દૃષ્ટિબિંદુમાં અને બીજી બાજુએ ચૈતન્યના કૃષ્ણ વિશેના દૃષ્ટિબિંદુમાં જે ભેદ દેખાય છે તે તેમની અનુભૂતિના વલણમાંથી ઉત્પન્ન થાય છે. બીજાઓ માટે કૃષ્ણ વિષ્ણુનું ફક્ત એક પાસું છે, કારણ કે પ્રેમ અને

ભક્તિના પરમાનંદનું સ્વરૂપ જે કૃષ્ણની સાથે સંકળાયેલું છે તે તેમના માટે સમગ્ર વસ્તુ નહોતી. ચૈતન્યની માફક ગીતા, જો કે જુદા દૃષ્ટિબિંદુથી, કૃષ્ણને પોતાને પરાત્પર દિવ્ય પ્રભુ ગણે છે. ચૈતન્ય માટે કૃષ્ણ પ્રેમ અને આનંદના સ્વરૂપ હતા અને તેને માટે પ્રેમ અને આનંદ ઉચ્ચતમ પરાત્પર અનુભૂતિ હતી તેથી કૃષ્ણ પરમ તત્ત્વ હોવા જ જોઈએ. ગીતાના લેખક માટે કૃષ્ણ જ્ઞાન અને શક્તિનું મૂળ સ્રોત છે, અને સાથે સાથે તે એકમાં જ પ્રેમી, રુદ્ર (વિનાશક), વિષ્ણુ (પોષક) અને બ્રહ્મા (સર્જક) છે અને તેથી એ વસ્તુ નક્કી છે કે આ વિશ્વમય પ્રભુનું વિષ્ણુ એ એકમાત્ર પાસું છે. મહાભારતમાં અલબત્ત કૃષ્ણ વિષ્ણુના અવતાર તરીકે આવે છે. પરંતુ તેને આપણે એ રીતે લઈ શકીએ કે તે વિષ્ણુના પાસા મારફતે, તેની સપાટી ઉપરના દૃશ્યમાનપણાથી આવિર્ભાવ પામેલ છે; તેનાથી વધારે મોટું દેવત્વ પાછળથી આવિર્ભાવ પામી શકે એમ માનવું તર્કસંમત છે. જો આપણે આવિર્ભાવને પ્રગતિશીલ માનતા હોઈએ તો – જેવી રીતે વેદમાં વિષ્ણુ નાના ઈન્દ્ર છે, ઉપેન્દ્ર છે પરંતુ તે પોતાના મોટાભાઈ ઉપર સરસાઈ પ્રાપ્ત કરે છે અને પરિણામે ત્રિમૂર્તિમાં તેનાથી ઉપરનું સ્થાન પ્રાપ્ત કરે છે.

કૃષ્ણના સ્વરૂપ વિશેનો વૈષ્ણવ ખ્યાલ શું છે તેને વિશે હું બહુ કહી શકું નહિ. રૂપ એ આવિર્ભાવ માટે પાયાનું કરણ છે અને એમ કહી શકીએ કે તે સિવાય કોઈ પણ વસ્તુનો આવિર્ભાવ પૂર્ણ નથી. ભલે નિરાકાર વસ્તુ આકારથી પહેલી હોય છતાં એમ માનવું તર્ક વિરુદ્ધ નથી કે નિરાકારમાં સાકાર ગુપ્ત રહેલું છે અને એક ગુહ્ય ગુપ્તતામાં તે અસ્તિત્વ ધરાવતું જ હોય છે, નહિ તો પછી તે આવિર્ભાવ કઈ રીતે પામી શકે? કારણ કે બીજી કોઈ પણ પ્રક્રિયા ભિન-અસ્તિત્વનું સર્જન હોઈ શકે, પણ આવિર્ભાવ નહિ. તે પ્રમાણે એમ માનવું પણ તર્કસંમત છે કે કૃષ્ણનું એક આત્મ શરીર એ શાશ્વતરૂપ છે. સૌથી ઉચ્ચ વાસ્તવિકતા પ્રમાણે નિઃશંક તે નિરપેક્ષ અસ્તિત્વ છે, પરંતુ તે ફક્ત એટલું જ છે? નિરપેક્ષ અસ્તિત્વ એક અમૂર્ત વસ્તુ તરીકે પોતાનામાંથી સર્વ વસ્તુઓને રદ બાતલ કરી શકે અને હકારાત્મક શૂન્ય તરીકે બની રહે. પરંતુ નિરપેક્ષ અસ્તિત્વને એક વાસ્તવિકતા તરીકે કોણ વ્યાખ્યા આપી શકે? અને કોણ એમ કહી શકે કે જેનો ખ્યાલ પણ ન આવી શકે એવા ઊંડાણમાં જે અમર્યાદિત રહસ્ય છે તેમાં શું રહેલું છે અથવા શું નથી? મન સામાન્ય રીતે નિરપેક્ષ અસ્તિત્વનો એ પ્રકારનો ખ્યાલ બાંધી શકે કે તે પોતાના અવકાશમાં રહેલા અથવા કામચલાઉ કે બીજા કોઈ પણ પ્રકારના ખ્યાલોનો નકાર છે. પરંતુ આવિર્ભાવના પાયામાં શું રહેલું છે અથવા આવિર્ભાવ શું છે અથવા પોતાના હકારાત્મક – શૂન્યમાંથી શા માટે કોઈ પણ વસ્તુનો આવિર્ભાવ થાય છે –

અને આપણે યાદ રાખવું જોઈએ કે વૈષ્ણવો આ ખ્યાલને પ્રભુના કેવળ એકમાત્ર અને મૂળભૂત સત્ય તરીકે સ્વીકારતા નથી એટલે એ વસ્તુ ચુસ્ત રીતે અશક્ય નથી, કે આપણે કોઈ અવકાશમાં રહેલા સ્વરૂપનો જે ખ્યાલ બાંધી શકીએ અથવા દર્શન કરી શકીએ, જે સ્વરૂપ કોઈ અવકાશવિહીન નિરપેક્ષની કોઈ શકિતને અનુરૂપ હોઈ શકે. હું આ બધું સત્યના નિશ્ચિત વિધાન તરીકે કહેતો નથી, પણ ફકત એટલું જ દર્શાવું છું કે પોતાના સ્થાન ઉપર રહેલો વૈષ્ણવ ખ્યાલ, તાર્કિક અથવા દર્શનશાસ્ત્રની દષ્ટિએ, કામમાં આવી શકે નહિ.

*

વૈષ્ણવો જગતને લીલા તરીકે સ્વીકારે છે, પરંતુ સાચી લીલા તો બીજી જગાએ છે, એક શાશ્વત વૃંદાવનમાં. બધા જ ધર્મો જે વૈયકિતક પ્રભુમાં માને છે તેઓ વિશ્વને એક વાસ્તવિકતા તરીકે, એક લીલા તરીકે અથવા પ્રભુના સંકલ્પ વડે થયેલા સર્જન તરીકે સ્વીકારે છે. પરંતુ તેને કામચલાઉ માને છે અને નહિ કે શાશ્વત તરીકે, તેમનું ધ્યેય એક શાશ્વત સ્થિતિમાં ઊર્ધ્વમાં રહેવાનું છે.

*

પૃથ્વી ઉપર કામચલાઉ સ્વર્ગના સામ્રાજ્યનો ખ્યાલ પુરાણોમાં આવેલો છે અને કેટલાક વૈષ્ણવ સંતો અથવા કવિઓએ અપનાવેલો છે; પરંતુ તે એક ભકિતપૂર્ણ વિચાર છે, અને તેના આધાર માટે કોઈ અધ્યાત્મશાસ્ત્રનો પાયો નથી. હું માનું છું કે અપૂર્ણતાઓ ઉપરનો તાંત્રિક વિજય કોઈ વ્યકિતની સિદ્ધિ છે અને નહિ કે કોઈ સંઘ-શકિતની.

*

તમે કોઈ અહંકારયુકત માનવજીવન ગાળેલું તેનું તમે વર્ણન કરેલું છે અને તમે કહો છો, "એકંદરે ધૃણાસ્પદ જીવન નહિ, એમ તમે કબૂલ કરશો." તમે વર્ણન કરો છો તે રીતે કાગળ ઉપર તો તે ખૂબ ભવ્ય અને સંતોષકારક લાગે છે. પરંતુ તેમાં સત્ય અથવા અંતિમ સંતોષ નથી, સિવાય કે જે લોકો બહુ સામાન્ય ચેતનાના અથવા બીજી કોઈ પણ વસ્તુ સ્વીકારે એવા તુચ્છ હોય, અને તેઓ પણ ખરેખરા સુખી અથવા સંતોષી હોતા નથી – અને અંતે તો તે બધી વસ્તુ પણ થાકી જાય છે, તેમનું પતન થાય છે. દર્દ અને માંદગી, અથડામણ અને સંઘર્ષ, નીરાશા, ભ્રમ અને માનવ વેદનાના બધા પ્રકારો આવીને તેનો ઝગમઘાટ વિખેરી નાખે છે અને પછી ક્ષય અને મૃત્યુ. બધા જ યુગો દરમિયાન માણસે પ્રાણમય જિંદગીનો આ રીતનો

અનુભવ કરેલો છે અને તેમ છતાં તમારું જીવન પણ પ્રાણમય પશ્ચાત્તાપનું હોય તેવા પ્રકારનું છે. તમે એટલું પણ કેમ જોઈ શકતા નથી કે તમે ફક્ત માનવચેતનાની કામના ઉપર આટલો બધો ભાર મૂકો છો જેની સાથે દુ:ખ જ વણાયેલું છે? જ્યારે માનવચેતનામાંથી દિવ્યચેતનામાં રૂપાંતર થાય ત્યારે પ્રાણતત્ત્વ એનો સામનો કરે છે અને તે જે વસ્તુનો બચાવ કરે છે તે તો ફક્ત દર્દ, વેદના અને બીજી તે પ્રકારની જ વસ્તુઓનો હક છે? તેમાં થોડા ગાળાઓ હોય છે, પ્રાણના સંતોષની રાહત હોય છે અથવા મનોમય આનંદો તથા સંતોષો પ્રાપ્ત થાય છે, પરંતુ તે રાહત અંશત: થોડા સમય માટેની જ હોય છે. તમારા પ્રસંગમાં તે વસ્તુઓએ તમારા ઉપર દુ:ખની છાયા આપી અને તેથી તમે તેમાંથી પાછા ફર્યા; બેશક તેમાં બુદ્ધિના તેમજ કલાત્મક સર્જનના આનંદો હતા પરંતુ માનવી કેવળ કલાકાર જ ન હોઈ શકે – તેનામાં એક બાહ્ય, બિલકુલ માનવનો, નિમ્ન પ્રાણનો ભાગ હોય છે, અને બધામાં, સિવાય બહુ ઓછામાં તે બહુ શોરબકોર મચાવનાર અને જિદ્દી ભાગ હોય છે. પરંતુ તમારી અંદર કઈ વસ્તુને અસંતોષ થયો? સૌથી પ્રથમ તો તે તમારો અંતરાત્મા હતો, અને તેની મારફતે ઉચ્ચતર મન અને ઉચ્ચતર પ્રાણને અસંતોષ થયો. તો પછી પ્રભુએ તમને ગેરમાર્ગે દોર્યો એમ માનીને તેમને દોષ શા માટે આપો છો? ખરી રીતે તો પ્રભુએ તમને યોગ તરફ દોર્યા છે અને તેથી તમે અહીં આવેલા છો. તમારા આંતર સ્વરૂપની અને તમારી પ્રકૃતિના ઊર્ધ્વતર ભાગોની માગણીઓના પ્રત્યુત્તરરૂપે એ પ્રમાણે બનેલું છે. જો તમને ખૂબ મુશ્કેલીનો અનુભવ થતો હોય અને તમે અસ્વસ્થ થઈ જતા હો તો તેનું કારણ છે તમારી પોતાની અંદરનું હજુ પણ વિભાજન, અને તમારો નિમ્ન પ્રાણ જે વસ્તુ ગુમાવી બેઠો છે તેનો પશ્ચાત્તાપ તમને હજુ પણ છે. તેને આ માર્ગમાં રહેવા માટે જે કિંમત અથવા બદલો ચૂકવવો પડે છે – એવી કિંમત જે તેને પોતાને મળવી જોઈએ — તે આધ્યાત્મિક જીવનમાં તેને અનુરૂપ અથવા તેના જેવી જ વસ્તુની માગણી કરે છે. તેને વધારે પ્રમાણમાં બદલો મળે છે અથવા તો એક વિશાળતર પ્રાણમય જીવન તેને માટે રાહ જોઈ રહેલું છે, તથા કોઈ એવી વિધાનાત્મક વસ્તુ જેમાં તેની જૂની અપૂર્ણતા અને અસ્વસ્થતા અને છેવટે અસંતોષને બદલે કોઈ વધારે સારી વસ્તુ મળશે તે માનવાનો તે ઇન્કાર કરે છે, જે મૂર્ખાઈ છે; તે દિવ્ય દોરવણીમાં નથી પરંતુ તમારી અંદર રહેલો બુદ્ધિહીન અને જિદ્દી પ્રતિકાર કરતો ગોટાળાભરેલો અને તમોમય ભાગ છે, તેની માગણી રહેલી છે અને આ યોગમાં નહિ પરંતુ બધા જ યોગોમાં તમારી અંતરાત્માની અને ઉચ્ચતર પ્રકૃતિની અભીપ્સાના સંતોષ માટે જરૂરી એવી આ બધી શરતોની માગણી કરવામાં આવે છે.

માનવીની પ્રાણિક ચેતના કાયમ આ બે ધ્રુવો વચ્ચે ફરતી રહી છે; એક સામાન્ય પ્રાણમય જીવન જેને કદી સંતોષ મળતો નથી અને તેથી તે સંન્યાસના ઉકેલ તરફ પાછી ફરે છે. ભારત આ સમતુલન મારફતે પૂર્ણ રીતે પસાર થયેલું છે, અને યુરોપે કેવળ પ્રાણમય અહંકારી જીવનનો પૂર્ણ અનુભવ લઈને તેની નિષ્ફળતાનો અનુભવ કરીને ફરીથી પાછું આ ત્યાગના માર્ગ તરફ વળવાની શરૂઆત કરી છે.

બધા પ્રણાલિગત યોગો – જેના તરફ તમે માર્ગદર્શન માટે વળો છો – તે બધા આ બે ધ્રુવો વચ્ચે ગતિઓના પાયા ઉપર રચાયેલા છે. એક બાજુએ શંકર અને બુદ્ધનો માર્ગ છે, અને લગભગ બધા માનવીઓ, તે જ માર્ગે નહિ તો તે જ દિશામાં પ્રયાણ કરે છે; બીજી બાજુએ વૈશ્ણવ અથવા તંત્રમાર્ગો છે, જેઓ ત્યાગની સાથે પ્રાણનું ઊર્ધ્વીકરણનું મિશ્રણ કરવા પ્રયત્ન કરે છે.

અને આ બધા માર્ગો કઈ જગાએ દોરી ગયા? તેઓ બીજા લોકો સાથે એક પ્રાણમય હુમલામાં ફસાયા, સડામાં પડયા અને તેમનો આત્મા ખોઈ બેઠા. હાલમાં એક એવો સામાન્ય પ્રવાહ છે કે તે બધી વસ્તુઓ માટે સમાધાન સાધવું અને તમે કેટલાકે તે પ્રયત્નના દુશ્મનોનો ઉલ્લેખ કર્યો છે અને તેમના વિશે મારો અભિપ્રાય માગ્યો છે જેમાં તમારો પોતાનો અભિપ્રાય વિરુદ્ધમાં છે. પરંતુ આ બધા માણસો ફક્ત ઊંટવૈદ્યો નથી અને તેમનામાં કાંઈ ખોટું હોય તો (જે વિશે હું કાંઈ કહેતો નથી) તે એટલા માટે બની શકે કે તેઓ આ અહંકારી પ્રાણમય કામનાયુક્ત પ્રકૃતિના આ નિમ્ન છેડાના માનવીઓના આકર્ષણનો પ્રતિકાર કરી શકતા નથી. કારણ કે તેઓને એવી સાચી શકિત પ્રાપ્ત થઈ નથી જે તે આકર્ષણને સમતુલામાં લાવી શકે અને અધોગામી પતન અને સડાને અટકાવી શકે. એટલું જ નહિ પરંતુ પોતાના વધારે ઊંડાણના સત્યમાં તેનું રૂપાંતર કરે અને ઉપયોગમાં લે અથવા સંતોષ પ્રાપ્ત કરે; તેમણે પ્રાણ-શકિતનો તથા સ્થૂલ તત્ત્વનો વિકાસ કરવાને અને ફેંકી દેવાને બદલે તે ચાલુ રાખેલ છે, કારણ કે તે વસ્તુ ફક્ત અતિમાનસ શકિતથી જ બની શકે, અને બીજી કોઈ પણ શકિતથી નહિ.

તમે વૈષ્ણવ અને તંત્રમાર્ગની પ્રણાલિકાઓનું સમર્થન કરો છો. ચૈતન્ય, રામપ્રસાદ, રામકૃષ્ણ વગેરેનું, હું તેમના શિષ્યો વિશે થોડું જાણું છું અને તેમના વિશે વારંવાર કહેવા પ્રયત્ન કર્યો નથી. કારણ કે મને હું જે વસ્તુની શોધ કરું છું તેનો ઉકેલ અથવા સમાધાન તેમનામાં પ્રાપ્ત થયાં નથી. તમે જે રામપ્રસાદને ટાંકયો છે તે મને બિલકુલ સહાય કર્તા નથી તેમજ તમારા મહાન નિબંધ માટે પણ મદદગાર નથી. રામપ્રસાદ કોઈ શરીરધારી નહિ પરંતુ શરીર વગરના અદશ્ય

એવા પ્રભુની વાત કરે છે અથવા જે કેવળ સૂક્ષ્મ રૂપોમાં જ આંતર અનુભૂતિમાં દૃષ્ટિગોચર થાય છે. જ્યારે તે માતાજી તેને પોતાના ખોળામાં બાળક તરીકે ન લે ત્યાં સુધી પોતાનો બાળક તરીકેનો હક અથવા દાવો પકડી રાખવાની વાત કરે છે ત્યારે તે કેવળ બાહ્ય પ્રાણની અથવા શારીરિક સંપર્કની વાત નથી કરતા પરંતુ એક આંતરિક ચૈતસિક અનુભૂતિની વાત કરે છે. સ્પષ્ટ રીતે જ તે ભગવતી તેને બાહ્ય પ્રાણમય અને શારીરિક પ્રકૃતિમાં રાખે છે ત્યારે તેમનો વિરોધ કરે છે અને એ પ્રમાણે આગ્રહ રાખે છે કે તે ભગવતી તેમને ચૈતસિક – આધ્યાત્મિક ભૂમિકા ઉપર તેના ઐકયમાં તેને ઉઠાવી લે.

તે બધું ઘણું સારું અને ઘણું સુંદર છે, પરંતુ તેટલું પૂરતું નથી; આ ઐકયનો પ્રથમ તો આંતર–ચૈતસિક–આધ્યાત્મિક સાક્ષાત્કાર કરવાનો છે કારણ કે તેના વગર કોઈ પણ નક્કર કે ટકી શકે એવી અનુભૂતિ બની આવે નહિ; પરંતુ બાહ્ય ચેતના પ્રાણમાં અને શારીરિક ભૂમિકામાં તેમની વિશિષ્ટ રીતનો અને જીવનમાં પણ પ્રભુનો સાક્ષાત્કાર થવો જોઈએ. તે એવી વસ્તુ છે જેની મનને સમજ પડતી નથી અથવા તે કઈ રીતે બને તેની તમને જાણ નથી, છતાં તમે તે વસ્તુને માટે માગણી કરો છો, અને હું પણ : હું ફક્ત પ્રાણના રૂપાંતરની જરૂરિયાત જોઉં છું જ્યારે તમે વિચાર કરતા અને માગણી કરતા લાગો છો કે તે વસ્તુ કોઈ પણ જાતના મૌલિક રૂપાંતર સિવાય બની આવે; અને પ્રાણ જે રીતનો છે તે ભલે તે પ્રમાણે રહે. શરૂઆતમાં મેં અતિમાનસનું રહસ્ય શોધી કાઢ્યું તે પહેલાં મેં પ્રાણની સાથેની આધ્યાત્મિક ચેતનાના સહકાર મારફતે સમાધાન શોધવાનો પ્રયત્ન કરેલો – પરંતુ મારો અનુભવ અને સમગ્ર અનુભવ એમ દર્શાવે છે કે આ વસ્તુ કોઈ પણ નિશ્ચિત કે છેવટની વસ્તુ તરફ દોરી જતી નથી — જ્યાંથી તેણે શરૂઆત કરી તે જગાએ તેનો અંત આવે છે – માનવપ્રકૃતિનાં બન્ને ધ્રુવો વચ્ચે કોઈ અર્ધે રસ્તે સહકાર એ પૂરતી વસ્તુ નથી, રૂપાંતર અનિવાર્ય છે.

પાછળથી વૈષ્ણવ ભકિતની પરંપરામાં પ્રાણમય આવેગોને પ્રેમ દ્વારા એટલે કે માનવપ્રેમને પ્રભુપ્રેમ તરફ વાળવાનો પ્રયત્ન થયો છે. તેને એક સમર્થ અને તીવ્ર પ્રયત્ન કર્યો અને તેને લઈને ઘણી સમૃદ્ધ અને સુંદર અનુભૂતિઓ થઈ : તેમ છતાં તેમની નબળાઈ તો ત્યાં રહી જ અને તે સચ્ચાઈભરી ત્યાં સુધી ટકી જ્યાં સુધી તેને એક આંતર અનુભૂતિમાં આંતર પ્રભુ તરફ જતી અનુભૂતિ રહી. પરંતુ તેટલા બિંદુએ તે સ્થગિત થઈ ગઈ. ચેતનાનો પ્રેમ, બીજું કાંઈ નહિ પરંતુ એક ચૈતસિક દિવ્ય પ્રેમ હતો, અને તેની સાથે એક સમર્થ ઊર્ધ્વીકરણ પામેલો પ્રાણમય આવિર્ભાવ હતો. પરંતુ જે ક્ષણે વૈષ્ણવ ધર્મ, ચૈતન્ય પહેલાં અને તેમની

પછીથી જ બાહ્ય વિકાસ સાધવા માટે પ્રયત્ન કર્યો ત્યારે આપણે જાણીએ છીએ કે શું બન્યું – એક પ્રાણિક અધો ગતિ, ઘણો સરો અને પતન. તમે એ પ્રકારે સમર્થન ન કરી શકો કે ચૈતન્યનું દષ્ટાંત ચૈતસિક અથવા દિવ્ય પ્રેમની વિરુદ્ધ હતું; તેમનો પ્રેમ કેવળ પ્રાણિક – માનવીય નહોતો; તેના સ્વરૂપમાં નહિ પરંતુ તેના તત્ત્વમાં તે રૂપાંતરમાં મૂકેલું મહાન પગથિયું હતું, અને અમે સાધકો પાસે એવી જ માગણી કરીએ છીએ કે તેમણે તેમના પ્રેમને ચૈતસિક પ્રેમ બનાવવો અને પ્રાણને તેના પોતાના માટે ઉપયોગ ન કરવો, પરંતુ અંતરાત્માની સાક્ષાત્કારની અભિવ્યકિત તરીકે કરવો. તે પ્રથમ પગથિયું છે; કેટલાક પ્રમાણમાં તે પૂરતા પ્રમાણમાં હોય, કારણ કે અમે દરેકને અતિમાનસ ચેતનાવાળા બનવાનું કહેલું નથી; પરંતુ શારીરિક ભૂમિકા ઉપર પૂર્ણ આવિર્ભાવને માટે અતિમાનસ આવશ્યક છે.

પાછળની વૈષ્ણવ પ્રણાલિઓમાં સાધનાના સ્વરૂપમાં માનવના પ્રાણમય પ્રેમને, બધાં જ મુખ્ય તત્ત્વોમાં, પ્રભુ તરફ વાળવાનું બને છે; વિરહ, અભિમાન, સંપૂર્ણ વિરહ પણ. ( કૃષ્ણના મથુરાગમન વખતે જે રીતનું બન્યું તે પ્રમાણે ) આ યોગમાં આ બધા ભાવો પ્રમુખ તત્ત્વો બને છે પરંતુ તે બધાનો અર્થ એટલો જ હતો – સાધનામાં પોતાનામાં વૈષ્ણવ કાવ્યમાં નહિ – કે તે માર્ગનો અંત મિલનમાં આવતો, અથવા પૂર્ણ ઐકયમાં. પરંતુ કેટલીક વ્યકિતઓએ અનિચ્છનીય તત્ત્વો ઉપર આગ્રહ રાખ્યો જેનો અર્થ સંઘર્ષ, વિરહ, અભિમાન એ બધાં જ સાધનો એ જ પૂર્ણ વસ્તુઓ હોય, અને નહિ કે પ્રેમ-યોગનું આ પ્રકારનું લક્ષ્ય. ઉપરાંત, આ પદ્ધતિ ફકત આંતરભોગોની સાથે સંબંધિત હતી અને નહિ કે શરીરધારી પ્રભુ તરફ અને તેનો સંદર્ભ પ્રભુની શોધમાં જતી આંતર-ચેતનાની કેટલીક અવસ્થાઓ અને પ્રતિભાવો હતી. શરીરધારી દિવ્ય પ્રભુના આવિર્ભાવની સાથેના સંબંધોમાં, અથવા હું ઉમેરું કે ગુરુ સાથેના શિષ્યોના સંબંધોમાં આ પ્રકારની વસ્તુઓ માનવની અપરિપૂર્ણતાના પરિણામે ઉત્પન્ન થાય. પરંતુ તે વસ્તુઓને સંબંધોની પદ્ધતિના એક ભાગ તરીકે ગણવામાં આવતી નહિ. હું એમ નથી માનતો કે તે વસ્તુઓ ભકતોના ગુરુ સાથેના સંબંધોના નિયમિત સત્તા આપેલો ભાગ બનતો હોય. તેનાથી ઊલટું ગુરુવાદમાં ગુરુ પ્રત્યેના શિષ્યોના સંબંધ કાયમ પૂજા, માન, એક પૂર્ણ શ્રદ્ધા અને તેમના માર્ગદર્શનમાં શંકા વગરનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શરીરધારી પ્રભુ પ્રત્યે રૂપાંતર પામ્યા વગરના પ્રાણિક સંબંધોનો વહેવાર એવી ગતિઓ તરફ દોરી જાય છે અને દોરી ગયેલો છે જે યોગની પ્રગતિ માટે પ્રતિકૂળ હોય.

રામકૃષ્ણના યોગનો વળાંક પણ અંતરમાં રહેલા દિવ્ય પ્રભુના આંતરિક સાક્ષાત્કાર પ્રત્યેનો હતો — તેનાથી બિલકુલ ઓછું નહિ – પરંતુ તેનાથી બિલકુલ વધારે પણ

નહિ. જે સાધકે સર્વસ્વ સમર્પણ કરેલું છે તેવા પ્રભુ પાસે સાધકની માગણી વિશે રામકૃષ્ણનું જે વાકય છે તે હું માનું છું કે એક આંતરિક હકની માગણી હતી અને નહિ કે બહારનો હક. એક આંતરિક પ્રભુ પાસે અને નહિ કે શરીરધારી પ્રભુ પ્રત્યેનો – તે પૂર્ણ આધ્યાત્મિક ઐકય માટેની માગણી હતી. પ્રભુપ્રેમીની પ્રભુ માટેની શોધ હતી પરંતુ પ્રભુ પોતે પણ પોતાનું સર્વસ્વ છોડી દઈને તેના પ્રેમી સાથે મિલન સાધે છે. તેના માટે કોઈ વાંધો હોઈ શકે નહિ; પ્રભુની શોધ કરનારા બધા જ આ માગણી કરે છે; પરંતુ આ દિવ્ય મિલન માટેની આ બધી રીતો આપણને બહુ આગળ લઈ જતી નથી; કોઈ પણ રીતે મારું લક્ષ્ય સ્થૂલ ભૂમિકા ઉપરના સાક્ષાત્કારનું છે અને કેવળ રામકૃષ્ણનું પુનરાવર્તન કરવા માટે હું સંમત થતો નથી. મને એ પણ યાદ આવે છે કે ઘણા લાંબા સમય સુધી તેઓ પોતાની અંદર પાછા હઠી ગયેલા. તેમનું સમગ્ર જીવન તેમના શિષ્યોની સાથે જ ગાળતા નહિ. તેમના એકાંતમાં તેમને પ્રથમ સિદ્ધિ મળેલી અને જ્યારે તેઓ બહાર આવ્યા અને બધાને-દરેકને સ્વીકારતા, ત્યારે થોડાં વર્ષોમાં તેમનું શરીર ઘસાઈ ગયું. મને લાગે છે કે તેમને તેનો વાંધો નહોતો; કારણ કે જ્યારે કેશવચંદ્ર મૃત્યુશય્યા ઉપર હતા ત્યારે તેમણે એક સિદ્ધાંત જાહેર કર્યો કે આધ્યાત્મિક અનુભૂતિએ શરીરને ક્ષીણ કરવું જ જોઈએ. પરંતુ તે સમયે જ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શા માટે તેમના ગળામાં રોગ થયો હતો ? ત્યારે તેમણે ઉત્તર આપેલો કે તેમના બધા જ શિષ્યો તેમના ઉપર પોતાનાં પાપો ફેંકતા હતા અને તે પાપો તેમને ગળી જવાં પડતાં. જે રીતે તેમને આંતરિક મુકિતથી સંતોષ હતો તે રીતે મને ન હોવાથી આ વિચારો અને પરિણામો હું સ્વીકારી શકતો નથી; કારણ કે મને શારીરિક ભૂમિકા ઉપરનું પ્રભુ અને સાધકનું મિલન સફળ થયેલું લાગતું નથી. તેવું મિલન આંતર જીવન માટે ભલે સફળ થયેલું લાગે. કૃષ્ણએ ઘણી મહાન વસ્તુઓ કરી છે અને તેઓ સ્પષ્ટ રીતે પ્રભુના અવતાર હતા પરંતુ મને એક મહાભારતનો પ્રસંગ યાદ આવે છે. તેમાં તેમના અનુયાયીઓ અને ભકતોએ તેમને કેટલું અશાંતિભર્યું જીવન આપ્યું તેની તેઓ ફરિયાદ કરે છે. તે બધા કૃષ્ણની પાસે સતત માગણીઓ કરતા, દોષો કાઢતા અને તેઓનું હલકું પ્રાણતત્ત્વ તેમના ઉપર ફેંકતા હતા અને ગીતામાં તેઓ માનવજગતને અનિત્ય અને દુ:ખપૂર્ણ વસ્તુ ગણે છે અને તેમણે દિવ્ય કર્મનો સંદેશ આપ્યો છે છતાં લગભગ એવું સ્વીકારતા જણાય છે કે તેમાંથી પણ મુકિત મેળવવી એ શ્રેષ્ઠ ઉપાય છે. ભૂતકાળમાં પડેલી પ્રણાલિકાઓ તેમની જગાએ ઘણી મહાન છે પરંતુ મને સમજાતું નથી કે શા માટે આપણે તેનું જ પુનરાવર્તન કરવું અને આગળ પ્રગતિ ન

કરવી ? પૃથ્વી ઉપરની ચેતનાના આધ્યાત્મિક વિકાસમાં, મહાન ભૂતકાળ પછી વધારે મહાન ભાવિનું અનુસરણ થવું જોઈએ.

એક એવો નિયમ છે જેની તમે બધા ઉપેક્ષા કરતા હો એવું લાગે છે – શરીરને ધારણ કરવાની અને પ્રભુનો શારીરિક ભૂમિકા ઉપરના સાક્ષાત્કારની મુશ્કેલીઓનો તમે સંપૂર્ણ રીતે ઉપેક્ષા, એક નિયમિત રીતે કરો છો. ઘણાખરાને તે એક સરળ વિકલ્પ લાગે છે યા તો પરમાત્મા પૂર્ણ શકિતથી અવતરણ કરે છે અને કાર્ય બની જાય છે; કોઈ પણ મુશ્કેલી નહિ, કોઈ જરૂરી શરત નહિ, પ્રગતિ માટેનો કોઈ નિયમ નહિ પરંતુ ચમત્કાર અને જાદુથી બને છે અથવા જો એમ ન બને તો તે પરમાત્મા હોઈ શકે નહિ. ઉપરાંત તમે બધા (અથવા તમારામાંના લગભગ બધા) એવો આગ્રહ રાખો છો કે પરમાત્મા માનવી બને અને માનવચેતનામાં જ રહે, અને માનવ દિવ્ય બને તેવા કોઈ પણ પ્રયત્નનો તમે સામનો કરો છો. બીજી બાજુએ તમે અસંતોષ, મૂંઝવણ, માનવ-મુશ્કેલીઓ હોય તે માટે કદાચ ઘૃણા સેવો છો. જો શરીરને શ્રમ પડે તો, વિરોધી બળો, મુશ્કેલીઓ, અવરોધો, માંદગી આ બધાની સાથે સંઘર્ષ કરવો પડે ત્યારે કેટલાક લોકો એવું કહેવાની શરૂઆત કરે છે, "અહો, અહીં તો કાંઈ પણ દિવ્ય નથી ! – જાણે કે માણસ અરૂપાંતરિત થયેલી વ્યકિતગત માનવચેતનામાં પ્રાણમય અને શારીરિક રીતે રહી શકતો હોય, અને તેની સાથેના સંપર્કમાં કાંઈ ફેરફાર થતો ન હોય. તેની માગણીઓને સંતોષ આપે અને તેમ છતાં બધા જ સંજોગોમાં બધી જ પરિસ્થિતિઓમાં, શ્રમ, સંઘર્ષ અને માંદગીથી તે અલિપ્ત રહે. જો માનવ-ચેતનાને દિવ્ય બનાવવી હોય, જો અતિમનસ ચેતનાનું, સત્ય ચેતનાનું, પ્રકાશનું, બળનું શારીરિકમાં અવતરણ કરીને તેનું રૂપાંતર કરવું હોય, અને તેમાં સત્ય, પ્રકાશ, શકિત અને પરમાનંદ અને પ્રેમ વડે તેને પૂર્ણ કરવાનું હોય – તો તે શકય છે કે કેમ તેના પ્રતિભાવમાં ઘૃણા, ભય, અનિચ્છા અને તે શકય છે કે કેમ તે વિશેની શંકા જ હોય છે. એક બાજુએ એવો દાવો છે કે માંદગી અને બીજી વસ્તુઓ અશકય બનવી જોઈએ અને બીજી બાજુએ જે એકમાત્ર એવી શરત છે જેનાથી તે વસ્તુઓ અશકય બને, તેનો માણસોએ ઇન્કાર કરવો છે. હું જાણું છું કે માનવના પ્રાણમય મન માટે નૈસર્ગિક રીતે આ વસ્તુઓ અસંગત છે, કારણ કે તેને બે અસંગત અને અજોડ વસ્તુઓ એકસાથે રાખવાની વૃત્તિ હોય છે; પરંતુ તે જ ખાસ કારણ માટે આપણે માનવપ્રકૃતિનું રૂપાંતર કરીને તેની જગાએ કોઈ થોડી વધારે પ્રકાશિત વસ્તુનું સ્થાપન કરવું જરૂરી છે.

પરંતુ પરમાત્મા કોઈ એટલી બધી પ્રચંડ ભયંકર અથવા ઘૃણાસ્પદ વસ્તુ છે કે તેનો શારીરિક ચેતનામાં પ્રવેશ કરવાનો ખ્યાલ, અથવા તે માનવચેતનાને દિવ્ય

બનાવે તેથી તેમાંથી સંકોચ, ઇન્કાર, બળવો કે ભય ઉત્પન્ન થાય? હું સમજી શકું છું કે અપરિવર્તન પામેલો પ્રાણ પોતાનાં તુચ્છ દુ:ખો અને આનંદોની સાથે આસક્ત રહેલો હોય છે. તે જીવનના ટૂંકા અવિદ્યાવાળા નાટકમાંથી આનંદ પ્રાપ્ત કરે છે અને તેને લઈને તેમાં કોઈ પણ ફેરફાર થાય તેનાથી પીઠ ફેરવે છે. પરંતુ જે પ્રભુપ્રેમી હોય, પ્રભુનો શોધક અને સાધક હોય, તેની ચેતના દિવ્ય બને તેનાથી શા માટે ડરવું જોઈએ? પોતે જેની શોધ કરે છે, તેની પ્રકૃતિના જેવા થવા માટે શા માટે તેણે વિરોધ ઉઠાવવો જોઈએ ? તેણે શા માટે સાદૃશ્ય મુકિતમાંથી પીછેહઠ કરવી જોઈએ ? આ ભય પાછળ ઘણે ભાગે બે કારણો હોય છે: પ્રથમ તો પ્રાણમય પ્રકૃતિને એવી લાગણી થાય છે કે તે પોતે જે રીતની તમોમય બેઢંગી, પંકયુકત, અહંકારી, અસંસ્કારી (આધ્યાત્મિક રીતે), ઉત્સાહ આપતી એવી કામનાઓથી ભરપૂર છે અને જે રસપૂર્ણ વેદનાઓ યુકત છે તેમાંથી તેણે અટકી જવું પડશે (કારણ કે તેની જગાએ જે આનંદ આવે છે તેનાથી તે પાછી હઠે છે): બીજું, મનને એવો અસ્પષ્ટ ખ્યાલ હોય છે. હું ધારું છું કે તપસ્વીઓની પ્રણાલિકા પ્રમાણે દિવ્ય પ્રકૃતિ ઠંડી, શુષ્ક, સખત, એકાકી હોય છે અને તેમાં અહંકારયુકત માનવ પ્રાણ માનવીય પ્રાણયુકત ભવ્ય જીવન હોતું નથી. જાણે કોઈ દિવ્ય પ્રાણ નામની વસ્તુ નથી અને જાણે કે દિવ્ય પ્રાણ પોતે જ જ્યારે આવિર્ભાવ પામવા માટેનાં સાધનો પ્રાપ્ત કરે ત્યારે પૃથ્વી ઉપરના જીવનને અનંત રીતે સૌંદર્ય, પ્રેમ, હૂંફ, પ્રકાશ, તમન્ના, તીવ્રતા અને દિવ્ય કરુણાવાળું ન બનાવી શકે. જાણે કે હાલનું જે નિર્વીર્ય, દુ:ખી, તુચ્છ અને કામચલાઉ ઉશ્કેરાટથી ભરેલી, તાત્કાલિક થાકી જતી નિમ્ન પ્રાણની શકિત. હજુ સુધી ચાલુ રહેલી શકિત અપૂર્ણ માનવને પરમાનંદની શકિત નહિ આપી શકે.

પરંતુ તમે કદાચ એમ કહેશો કે તમે પ્રભુ પાસેથી પાછા હઠતા નથી પરંતુ તેને બદલે તેમને તમે સ્વીકારો છો અને તેમના માટે તમે માગણી કરો છો (એ શરતે કે એ બધું બહુ વધારે પડતું દિવ્ય ન હોવું જોઈએ) પરંતુ તમે અતિમાનસ શકિતનો-ભવ્ય એકાકી, અજ્ઞેય, અલભ્ય, એક પ્રકારનો તપસ્યાયુકત નિરાકાર બ્રહ્મનો વિરોધ કરો છો. અતિમાનસનું આ રીતનું વર્ણન તમારા પ્રાણમય-મને સર્જન કરેલું ખોટું 'હાઉ' છે, જેથી કરીને તે પોતે જ તેનાથી ભય પામીને પોતાના વલણને ન્યાયી ઠરાવે. આવા વિચિત્ર વર્ણનની પાછળ એવો વિચાર હોય છે કે અતિમાનસ એ વેદનાના નિરાકાર અને અવ્યવહાર્ય પરિબ્રહ્મ જે બૃહદ્, ભવ્ય, ઠંડો, શૂન્ય, સુદૂર, વિનાશક અથવા અપ્રતિકારક છે તેની નવીન આવૃત્તિ છે; અલબત્ત, તે એ પ્રકારનું જ નથી કારણ કે તે નીચે અવતરણ પામી શકે છે, પરંતુ બધા વ્યવહારુ હેતુઓ માટે તે અનિષ્ટ છે! એ વસ્તુ વિચિત્ર લાગે છે કે અતિમાનસ કેવા પ્રકારનું હોઈ શકે

તેના માટે તમે તમારું અજ્ઞાન કબૂલ કરો છો, અને છતાં તમે તમારાં આ વલણોમાં તે કેવું છે તેના માટે નિશ્ચિતપણે જાહેર કરો છો, એટલું જ નહિ પરંતુ મારી તેના વિશેની અનુભૂતિનો સ્પષ્ટ અસ્વીકાર કરો છો અને તેમાં કોઈ વ્યવહારુ પ્રમાણિતતા નથી, અને મારા સિવાય બીજા કોઈના માટે તે ન્યાયોચિત પણ નથી ! મેં કોઈ પણ પ્રકારનો આગ્રહ કરેલો નથી અને પ્રસંગોપાત્ત ફક્ત ઉત્તર આપ્યો છે. કારણ કે હું તમને અત્યારે માનવીય અને દિવ્ય બનવાનું કહેતો નથી અને અતિમાનસ બનવા માટે તો તેનાથી પણ ઓછું પરંતુ જ્યારે તમને હલ્લાઓ આવે છે ત્યારે તમે કાયમ આ બિંદુ ઉપર આવો છો અને તેને કેન્દ્ર બનાવો છો અથવા તેને મુખ્ય આધાર તરીકે તો ખરું જ – અને તમારામાં નિરાશા આવે છે ત્યારે મારે તમને ઉત્તર આપવાની ફરજ પડે છે. અતિમાનસ, ભવ્ય, તટસ્થ, ઠંડું અને કડક નથી; પૂર્ણ પ્રાણમય અને શારીરિક આવિર્ભાવની વિરુદ્ધમાં અથવા વિસંવાદી પણ નથી પરંતુ તેનાથી ઊલટું પૂર્ણ રીતનું પૂર્ણ જ્ઞાનનું પ્રાણબળ અને પૃથ્વી ઉપરના શારીરિક જીવનની શકયતાને પોતાની અંદર તે ધારણ કરે છે. તેનું કારણ છે, તે તેવા પ્રકારનું છે એટલે; કારણ કે મારી પાસે પ્રગટ થયેલું અને મને તેનો સંપર્ક ન થયો ત્યાં સુધી હું તેની પાછળ જ કાર્યમાં રત રહેલો તે બીજા કારણસર નહિ – અને હું તેની થોડી શકિત અને અસર નીચે ઉતારી શકયો. મને પૃથ્વીની સાથે સંબંધ છે અને નહિ કે તેનાથી પર રહેલા બીજા વિશ્વોના માટે; હું પાર્થિવ સાક્ષાત્કારની શોધમાં છું, અને નહિ કે દૂર–સુદૂરના શિખરો ઉપરનું ઉડ્ડયન. બીજા બધા યોગો અહીંના જીવનને મિથ્યા અથવા પસાર થતી પરિસ્થિતિવાળું ગણે છે. ફક્ત અતિમાનસ યોગ જ, તમે એક પ્રગતિશીલ આવિર્ભાવ માટે પરમાત્માએ સર્જન કરેલી વસ્તુ તરીકે ગણે છે. અતિમાનસ એ ફક્ત સત્ય-ચેતના છે અને તે જીવનનું પૂર્ણ સત્ય, જડતત્ત્વમાં રહેલી ચેતનાનું પૂર્ણ સત્ય, તેના અવતરણની સાથે નીચે લાવે છે. માણસે ખરેખર તેમાં પહોંચવા માટે ઘણાં ઊંચાં શિખરો ઉપર ચઢવું પડે છે, પરંતુ તે જેમ જેમ વધારે ઊંચે જાય તેમ તેમ તેને તે વધારે અને વધારે નીચે ઉતારી લાવે. બેશક, પ્રાણ અને શરીરને, હાલ જેવાં છે તેવાં અવિદ્યાયુક્ત, અપૂર્ણ અને નિર્બળ વસ્તુઓ તરીકે રાખવાનાં નથી; પરંતુ શા માટે જે પરિવર્તન વધારે પૂર્ણ જીવન-યુક્ત, વધારે પૂર્ણ શારીરિક શકિતયુક્ત બનાવે તેને તટસ્થ, ઠંડું અને અનિચ્છનીય માની લેવું જોઈએ ? શરીર અને પ્રાણ જે સૌથી વધારે આનંદને હાલમાં ધારણ કરી શકે છે, તે એક પ્રાણમય-મનનો અથવા નાડીતંત્રનો અથવા શરીરના કોષોનો ટૂંક સમય માટે ટકી શકતો ઉશ્કેરાટ છે. જે મર્યાદિત અને અપૂર્ણ છે અને તરત જ ખલાસ થઈ જાય છે. અતિમાનસ પરિવર્તનથી કોષો, નાડીઓ, પ્રાણિક બળો, શરીર-

ધારી મનોમય શક્તિઓ સહસ્રગણા આનંદથી પરિપૂર્ણ બની શકે, અને એક જાતના પરમાનંદની તીવ્રતા ધારણ કરી શકે, જેનું વર્ણન પણ ન થઈ શકે અને જેને ખલાસ થઈ જવાની જરૂર પણ ન પડે! આ કેવું તટસ્થ ધૃણાસ્પદ અને અનિચ્છનીય! અતિમાનસ પ્રેમ એટલે એક અંતરાત્માનું બીજા અંતરાત્મા સાથે તીવ્રતાયુક્ત એકતા, મનની મન સાથે અને પ્રાણની પ્રાણ સાથે અને શરીરની ચેતનામાં એક સમગ્ર આનંદનું પૂર અને તેની સાથે ઐક્યની શારીરિક અનુભૂતિ, દિવ્ય પ્રેમીની શરીરના દરેક ભાગમાં, અને દરેક કોષોમાં હાજરી, તે વસ્તુ પણ કાંઈક બહુ તટસ્થ અને ભવ્ય પરંતુ અનિચ્છનીય છે? અતિમાનસ ફેરફારથી તમે જે વસ્તુનો આગ્રહ રાખો છો તે પોતે, સાધક સાથેનું શરીરધારી પ્રભુનું મુક્ત શારીરિક મિલન, જેમાં શક્તિઓના કોઈ સંઘર્ષો ન હોય, અને અનિચ્છનીય પ્રતિકારો ન હોય તે શક્ય બને છે અને તેની ખાતરી હોય છે અને તે મુક્ત રીતે બની આવે છે. તે પણ હું ધારું છું કે કાંઈક તટસ્થ અને અનિચ્છનીય હશે! આ રીતે હું પાનાંઓનાં પાનાંઓ સુધી લખી શકું પણ આ ક્ષણ માટે તે પૂરતું છે.

*

અતિમાનસ એવી વસ્તુ છે જેનો પાયો પૂર્ણ સ્થિરતામાં છે અને ગમે તેટલો તીવ્ર દિવ્ય પ્રેમ તેમાં હોવા છતાં તે તેની સ્થિરતામાં ખલેલ પહોંચાડતો નથી પરંતુ તેના ઊંડાણને વધારે છે અને ચૈતન્યની અનુભૂતિ અતિમાનસની ન હતી પરંતુ દિવ્ય પ્રેમ અને આનંદને તેમણે ઊર્ધ્વમાંથી પ્રાણમાં નીચે ઉતારેલો. પ્રાણનો પ્રત્યુત્તર એક તીવ્ર આવેગ અને પ્રભુ તરફના પ્રેમના ઉન્માદને પરિણામે આ બધા વિકારો દેખાય છે. ચૈતન્ય રાધા અનુભૂતિ માટેની આ સર્વોત્કૃષ્ટતાનો દાવો કરતા કારણ કે દિવ્ય આનંદ, આધ્યાત્મિક મનની અનુભૂતિઓ કરતાં ઉચ્ચતર હોય છે કારણ કે ઉપનિષદ્‌ની અનુભૂતિઓ પ્રમાણે આનંદ એ અનુભૂતિની ચરમ ભૂમિકા છે પરંતુ આ વસ્તુ એક તાર્કિક તારતમ્ય છે જેને પૂર્ણ રીતે સ્વીકારી શકાય નહિ. માણસે ઉચ્ચતમ આનંદ પ્રાપ્ત કરવા માટે અતિમાનસમાંથી પસાર થવું જ પડે અને અતિમાનસમાં બધી જ દિવ્ય શક્તિઓનું એકત્રીકરણ અને સંવાદ રહેલાં છે (જ્ઞાન વગેરે તેમજ પ્રેમ અને આનંદ). જુદા જુદા સાધકો એક યા બીજા પાસાંનો વધારે આગ્રહ રાખે છે, પરંતુ સૌથી ઊંચા સાક્ષાત્કાર અને અનુભૂતિના સાચા પાયા તરીકે આ બધાં પાસાંઓનું ઐક્ય હોવું જ જોઈએ.

*

(ભક્તિ યોગનાં) ભૂતકાળનાં સ્વરૂપોનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

ચૈત્યપુરુષની ભક્તિ પ્રગટ કરવા માટે અને તેનો વિકાસ કરવામાં સહજ રીતે જ જે સ્વરૂપો આવે તેને અપનાવવાં એ આપણી સાધનાનો યોગ્ય માર્ગ છે.

*

વૈદિક ઋષિઓએ જે વસ્તુ ન કરી, તે કરનાર હું એકલો જ નથી. ચૈતન્ય અને બીજાઓએ ભક્તિની તીવ્રતાનો જે વિકાસ કર્યો તેનો વેદમાં ઉલ્લેખ નથી અને આ પ્રકારનાં ઘણાં દૃષ્ટાંતો આપી શકાય. આધ્યાત્મિક અનુભૂતિઓ માટે ભૂતકાળની અનુભૂતિઓની મર્યાદા શા માટે હોવી જોઈએ ?

*

હું ધારતો નથી કે પહેલાંની થઈ ગયેલી કોઈ પણ જાતિ વડે નવી જાતિનું તાર્કિક રીતે સર્જન થઈ શકે. શા માટે નવીન જાતિના સર્જનનો ખ્યાલ તર્ક-વિહીન હોવો જોઈએ ? . . . પ્રાચીન આર્ષદ્રષ્ટાઓના વિચારોમાં મને કોઈ જાતની તકલીફ જણાતી નથી. જો આપણે ભૂતકાળના થઈ ગયેલા બધા ઋષિઓ અને સંતોની અનુભૂતિઓથી ઉપર જવું એ એટલું બધું આઘાતજનક હોય તો દરેક નવીન દ્રષ્ટા અથવા ઋષિએ એક પછી એક તે આઘાતજનક વસ્તુ કરેલી છે – બુદ્ધ, શંકર, ચૈતન્ય વગેરેએ બધાએ તે દુષ્ટ કાર્ય કરેલું છે. જો તે પ્રમાણે ન હોય તો નવીન દર્શન-શાસ્ત્રો, ધર્મો અને યોગની શાખાઓ શરૂ કરવાની તેમને શી જરૂર જણાઈ ? જો તેઓ કેવળ પ્રાચીન દ્રષ્ટાઓ અને ઋષિઓનાં જીવનચરિત્રો અને અનુભૂતિઓને પ્રમાણિત કરનાર અને નમ્રતાથી પુનરાવર્તન કરનાર જ હોત, અને જગતમાં કોઈ નવીન વસ્તુ ન લાવતા હોત, તો પછી એ બધી ધાંધલ-ધમાલ કરવાની જરૂર શી હતી ? અલબત્ત, તમે એમ કહી શકો કે તેઓ પ્રાચીન સત્યને સાચી રીતે સમજાવતા હતા – તો પછી એવો અર્થ થાય કે તે પહેલાં કોઈ પણ વ્યક્તિએ તે વસ્તુ સાચી રીતે સમજાવી નહોતી અથવા સમજ્યા નહોતા – તે પણ 'જૂઠી વસ્તુ' છે. અથવા તમે એમ કહી શકો કે બધા જ નવા સંતો (તેમના સમયકાળમાં 'ક્ષ'એ ઝંખેલા ભૂતકાળમાં નહોતા) દા. ત. શંકર, રામાનુજ, માધવ વગેરે દરેકે ભૂતકાળના દ્રષ્ટા અને ઋષિઓની એકની એક પવિત્ર વસ્તુનું પુનરાવર્તન કર્યા કર્યું અને તે પણ પહેલાં બની ગયેલી એકની એક જ વાતનું થાકયા વગર પુનરાવર્તન કર્યા કર્યું ? તો પછી આ રીતે દરેક બીજાઓને 'ખોટા કહે છે' તે પુનરાવર્તન શા માટે ? ખરેખર આ આઘાતજનક ભૂતકાળની માનનીયતા એક અદ્ભુત અને ભયજનક વસ્તુ છે ! છેવટે પરમાત્મા તો અનંત છે અને સત્યને પ્રગટ કરવાની પ્રક્રિયા એક અનંત

પ્રક્રિયા છે, અથવા તો તે પ્રમાણે ન હોય તો નવીન શોધ અને નવા વિધાન માટે થોડો ઘણો અવકાશ તો રહે છે. કદાચ નવીન સિદ્ધિ માટે પણ અવકાશ રહે છે. એ વસ્તુ એવી નથી કે એક કાચલીવાળું ફળ તોડી-ભાંગી નાખીને પહેલો જ દ્રષ્ટા અથવા ઋષિ તેની અંદર રહેલો ગર્ભ ખલાસ કરી નાખે; જ્યારે બીજા તેના તે જ ફળને ધાર્મિક રીતે વારંવાર તોડી નાખીને અને દરેક 'ભૂતકાળનો' દ્રષ્ટા અને સંત જૂઠો ન પડે તેનો ખ્યાલ રાખીને ભયથી ધ્રૂજતા જ રહેલા રહેવા જોઈએ.

*

શ્રીકૃષ્ણએ કદી પણ શારીરિક રૂપાંતર કરવા માટે પ્રયત્ન કર્યો નથી. તેથી તેમના દષ્ટાંતમાં તે પ્રકારની કોઈ પણ અપેક્ષા રાખી શકાય નહિ.

તે પ્રમાણે બુદ્ધ કે શંકર અથવા રામકૃષ્ણને પણ શરીરના રૂપાંતરનો ખ્યાલ નહોતો. તેમનું લક્ષ્ય આધ્યાત્મિક મુક્તિ સિવાય બીજું કાંઈ પણ નહોતું. કૃષ્ણએ કર્મોમાંથી મુક્ત થવાનો અર્જુનને ઉપદેશ આપેલો, પરંતુ તેમણે શારીરિક રૂપાંતર વિશે કદી વાત કરેલી નથી.

યુધિષ્ઠિરે હિમાલયમાં સ્વર્ગના રાજ્યમાં માનવશરીર સાથે પ્રવેશ કરેલો. આ વાતને ઐતિહાસિક હકીકત તરીકે લઈ શકીએ એમ હું જાણતો નથી, સ્વર્ગ હિમાલયમાં કોઈ જગાએ આવેલું નથી; એ એક ચેતનાનું અને પદાર્થનું જુદી જ ભૂમિકામાં આવેલું એક જુદું જ જગત છે. વાર્તાનો ગમે તે અર્થ હોઈ શકે, પરંતુ તે વસ્તુને પૃથ્વી ઉપરના શારીરિક રૂપાંતરના પ્રશ્ન સાથે કોઈ સંબંધ નથી.

*

રામકૃષ્ણએ પોતે કદી રૂપાંતર વિશે વિચાર કર્યો નહોતો. અથવા તેમણે તેના માટે પ્રયત્ન પણ કર્યો નહોતો. તેમને ભગવતી મા માટેની ભક્તિ જ જોઈતી હતી અને તેની સાથે ભગવતી જે કોઈ જ્ઞાન આપે તે તેઓ સ્વીકારતા અને તેમની પાસે જે કામ કરાવે તે કરતા. તેઓ શરૂઆતથી જ અંતઃપ્રેરણાવાળા અને ચૈતસિક હતા. અને જેમ જેમ વધારે સમય જતો તેમ તેમ તે પ્રમાણે વધારે અને વધારે બનતા જતા હતા. આપણે જે રૂપાંતરની શોધ કરીએ છીએ તેની તેમના શરીરમાં જરૂરિયાત નહોતી; કારણ કે જો કે તેઓ દિવ્ય માનવી વિશે વાત કરતા (ઈશ્વર કોટિ), કે તેવો માનવી ઊર્ધ્વમાં સીડી ઉપર ચડી પણ શકે છે અને નીચે જગતમાં ઊતરી પણ શકે છે; છતાં તેમને, પૃથ્વીની પ્રકૃતિમાં નવીન ચેતના અને નવીન જાતિ તથા દિવ્ય આવિર્ભાવ વિશે, ખ્યાલ નહોતો.

*

ચૈતન્ય અથવા રામલિંગમૂની સાથે ગમે તે વસ્તુ બની હોય, તેઓ શરીરના રૂપાંતરમાંથી ગમે તે રીતે પસાર થયેલા હોય, પરંતુ શરીરના અતિમાનસીકરણના લક્ષ્ય માટે તે બિલકુલ અગત્યનું નથી. તેમનું નવીન શરીર યા તો તે અ-શારીરિક હતું અથવા સૂક્ષ્મ શારીરિક હતું, અને પૃથ્વી ઉપરના જીવન માટે સાનુકૂળ નહોતું. જો તે પ્રમાણે ન હોત તો તેઓ પૃથ્વી ઉપરથી અદૃશ્ય થયા ન હોત. અતિમાનસીકરણના હેતુ માટે, માનવી જ્યાં સુધી શારીરિક જીવનમાં જીવે છે ત્યાં સુધી શરીર પૃથ્વી ઉપરની શારીરિક ચેતનાને ધારણ કરવા અને વ્યક્ત કરવા માટે યોગ્ય રહે છે. તે પૃથ્વી ઉપરના આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું પગથિયું છે, નહિ કે અતિ-શારીરિક જગત તરફના માર્ગમાં રહેલું એક પગલું. અતિમાનસ યોગમાં અતિમાનસીકરણનો ફેરફાર એ સૌથી મુશ્કેલ ભાગ છે અને અત્યારે આ પગલું ભરવું એ શક્ય છે કે કેમ અથવા આ ચેતનામાં પૂરતા પ્રમાણમાં ફેરફાર થઈ શકે કે કેમ તેના ઉપર તે આધાર રાખે છે, પરંતુ આ પગલાંનો પ્રકાર બીજા યોગોનાં જે પગથિયાં છે તેનાથી ભિન્ન છે. એટલે આ બધી ચર્ચાઓનો કોઈ ઉપયોગ નથી – માણસે પ્રથમ તો પૂરતા પ્રમાણમાં મન, અને પ્રાણ તથા શારીરિક ચેતનાનું અતિમાનસીકરણ કરવું જોઈએ – ત્યાર પછી જ વ્યક્તિ શરીરના અતિમાનસીકરણ વિશે વિચાર કરી શકે. સૌથી પ્રથમ ચૈતસિક અને આધ્યાત્મિક રૂપાંતર બની આવવું જોઈએ. ત્યાર પછી જ આપણે શરીર સુધીના સમગ્ર સ્વરૂપના અતિમાનસીકરણ વિશે ચર્ચા કરીએ તો તે વ્યવહારુ અને ઉપયોગી થઈ શકે.

*

દિવ્ય સાક્ષાત્કાર એટલે આધ્યાત્મિક સાક્ષાત્કાર – મનોમય આધ્યાત્મિક ભૂમિકા ઉપર અથવા અધિમનસ ભૂમિકા ઉપર આત્માનો – ભગવાનનો અથવા બ્રહ્મનો સાક્ષાત્કાર. એ વસ્તુ એવી છે (ખાસ તો મનોમય આધ્યાત્મિક સાક્ષાત્કાર) જેને હજારો માણસોએ પ્રાપ્ત કરેલો છે. એટલે અતિમાનસ સાક્ષાત્કાર કરવા કરતાં તે વસ્તુ કરવી, સ્પષ્ટ રીતે જ ઘણી સહેલી છે. ઉપરાંત જે વ્યક્તિએ આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો નથી, તેને કદી પણ અતિમાનસ સાક્ષાત્કાર થઈ શકે નહિ. . . . એટલું ખરું કે બેમાંથી કોઈ પણ વસ્તુ અસરકારક રીતે પ્રાપ્ત ન કરી શકાય, સિવાય કે સમગ્ર સ્વરૂપ તેના પ્રત્યે વધેલું હોય – અથવા તો સાચી અને ખૂબ ગંભીર ભાવના હોય અને સાધનાની સક્રિય વાસ્તવિકતા ન હોય. એ સાચું છે કે મારે મારા પોતાના માટે અતિમાનસ સાક્ષાત્કાર જોઈતો નથી પરંતુ પૃથ્વી માટે અને પૃથ્વી ઉપર જન્મ પામેલા સર્વ માનવો માટે જોઈએ છે. એટલા માટે કોઈ પણ

વ્યક્તિને અતિમાનસ સાક્ષાત્કાર જોઈતો હોય તો હું વાંધો ઉઠાવી શકું નહિ. તેનામાં પ્રથમ તો પ્રભુનો સંકલ્પ જોઈએ, અને અંતરાત્માનું સમર્પણ અને તે માર્ગે જવા માટે આધ્યાત્મિક સાક્ષાત્કારની (કર્મ, ભક્તિ, જ્ઞાન અને આત્મ-પરિપૂર્ણતા દ્વારા) જરૂર હોવી જોઈએ.

કેન્દ્રવર્તી સચ્ચાઈ એ પ્રથમ વસ્તુ છે અને કોઈ પણ એક અભીપ્સાને રાખવા માટે પૂરતી છે – આપણી અભીપ્સા સિદ્ધ કરવા માટે સંપૂર્ણ સચ્ચાઈની જરૂર છે.

દિવ્ય ચેતનાની ભિન્ન ભિન્ન અવસ્થાઓ હોય છે. તે જ પ્રમાણે રૂપાંતર માટે પણ ભિન્ન ભિન્ન અવસ્થાઓ હોય છે.

પ્રથમ ચૈતસિક રૂપાંતર હોય છે, જેમાં વ્યક્તિગત ચૈતસિક ચેતના મારફતે સર્વ વસ્તુઓ પ્રભુના સંપર્કમાં આવે છે. ત્યાર પછી આધ્યાત્મિક રૂપાંતર હોય છે જેમાં વિશ્વમય ચેતનામાં સર્વસ્વ પ્રભુમાં ડૂબી જાય છે. બીજું અતિમાનસ રૂપાંતર હોય છે જેમાં સર્વસ્વ દિવ્ય પ્રજ્ઞા (gnostic)ની ચેતનામાં અતિમાનસીકરણ થઈ જાય છે. હું જે અર્થમાં પૂર્ણતાની વાત કરું છું તેમાં છેવટના રૂપાંતરથી જ મન, પ્રાણ અને શરીરના પૂર્ણ રૂપાંતરની શરૂઆત થઈ શકે.

તમે બે બાબતમાં ભૂલ કરો છો. પ્રથમ, આ સિદ્ધિ માટેનો પ્રયત્ન નવીન નથી અને હું માનું છું કે કેટલાક યોગીઓએ તેને પ્રાપ્ત કરેલી છે – પરંતુ મારે જે રીતે જોઈએ છે તે રીતે નહિ. તેઓએ યોગસિદ્ધિ દ્વારા વ્યક્તિગત સિદ્ધિ તરીકે તે પ્રાપ્ત કરેલું, પરંતુ મારે જે રીતે જોઈએ છે તે રીતે નહિ. તેઓએ યોગસિદ્ધિ દ્વારા વ્યક્તિગત સિદ્ધિ તરીકે તે પ્રાપ્ત કરેલું – પ્રકૃતિના ધર્મ તરીકે નહિ. બીજું અતિમાનસ રૂપાંતર અને આધ્યાત્મિક મનોમય રૂપાંતર બન્ને એક નથી. તે મન, પ્રાણ અને શરીરનું એવું રૂપાંતર છે, જે મનોમય અથવા અધિમનસ – આધ્યાત્મિક તત્ત્વ પ્રાપ્ત કરી શકે નહિ. તમે જેનાં જેનાં દૃષ્ટાંતો આપ્યાં તે બધી આધ્યાત્મિક વ્યક્તિઓ હતી. પરંતુ ભિન્ન રીતોની. દા.ત., કૃષ્ણનું મન અધિમનસવાળું હતું, રામકૃષ્ણનું અંતઃપ્રેરણાવાળું, ચૈતન્યનું આધ્યાત્મિક – ચૈતસિક, બુદ્ધનું ઉચ્ચ પ્રકારનું દ્યુતિમતસ. મને B.G. વિશે ખબર નથી – તે તેજસ્વી લાગે છે, પણ ગોટાળા ભર્યા. તે બધું જ અતિમનસ કરતાં ભિન્ન લાગે છે. પછી તમે પરમહંસોનું પ્રાણમય દૃષ્ટાંત જુઓ. એમ કહેવાય છે કે તેમનો પ્રાણ યા તો બાળકની જેમ વર્તતો હોય છે (રામકૃષ્ણ) અથવા કોઈ ચક્રમ માણસ માફક, અથવા રાક્ષસની માફક અથવા તે કોઈ જડ માનવીની માફક વર્તતો હોય છે. (જડભરતની સરખામણી કરો.) વારુ, આ બધી વસ્તુઓમાં અતિમનસનું કોઈ પણ તત્ત્વ નથી.

વ્યક્તિ કોઈ પણ રૂપાંતરમાં પ્રભુનું યોગ્ય કરણ બની શકે છે. પ્રશ્ન એ રહે છે કે કઈ વસ્તુ માટેનું કરણ ?

*

પરમહંસ એ ખાસ પ્રકારની સાક્ષાત્કારની કક્ષા હોય છે, અને તેનાથી નિમ્ન કક્ષાની અથવા ઉચ્ચ કક્ષાની બીજી અવસ્થાઓ પણ હોય છે. તેમનાં સ્થળોમાં તે હોય તેનો મને કાંઈ વાંધો નથી પરંતુ મારે તમને યાદ આપવું પડશે કે મારા યોગમાં બધી જ પ્રાણમય ગતિઓએ ચૈતસિક અને આધ્યાત્મિક સ્થિરતા, જ્ઞાન અને શાંતિની અસર નીચે આવવું જ જોઈએ. જો તે ગતિઓ ચૈતસિક અથવા આધ્યાત્મિક શાસનની સાથે સંઘર્ષમાં આવે, તો તેઓ સમતુલાનો ભંગ કરે છે અને રૂપાંતરના પાયાના ચણતરને અટકાવે છે – જો બીજા માર્ગો માટે અસમતુલા સારી હોય તો તેઓ કયા માર્ગનું અનુસરણ કરે છે તે તેમને જોવાનું છે. તે મારા માર્ગમાં બંધબેસતું લાગતું નથી.

*

હું જાણતો નથી કે અમુક થોડાઘણા યોગીઓ સિવાય બીજાઓએ તેમની બાહ્ય પ્રકૃતિમાં ખરેખર રૂપાંતર કર્યું હોય. મેં જે બધા આશ્રમો જોયા છે, તેમાંના લોકો બીજા માનવીઓ જેવા જ હતા, સિવાય કે તેમનાં બાહ્ય કાર્યો ઉપર અમુક પ્રકારના ખાસ નૈતિક નિયમો મૂકવામાં આવ્યા હતા. (ખોરાક, કામવાસના વગેરે ઉપરના) પરંતુ તેમની સામાન્ય પ્રકૃતિ તો માનવપ્રકૃતિ જ હતી (જે પ્રમાણે નારદ અને જનકની વાતમાં આવે છે તે પ્રમાણે). પ્રાચીન યોગોમાં એક એવી પણ પદ્ધતિ છે કે પ્રારબ્ધ કર્મ હોય છે અને તેને લઈને બાહ્ય પ્રકૃતિનાં કાયમી તત્ત્વો ફેરફાર પામતાં નથી – ફક્ત વ્યક્તિ આંતર-સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે અને તે પ્રકૃતિમાંથી પોતે અલગ થઈ જાય છે જેથી કરીને મૃત્યુ સમયે તે ખરી પડે છે, જેવી રીતે મેલો થયેલો ડગલો સરી પડે છે, અને આત્મા મુક્ત થઈને નિર્વાણ પ્રાપ્ત કરે છે. આપણું લક્ષ્ય આધ્યાત્મિક રૂપાંતર છે અને નહિ કે નૈતિક નિયમન, પરંતુ આ વસ્તુ અંદરથી આધ્યાત્મિક ઇન્કાર દ્વારા સૌથી પ્રથમ કરવાની છે અને પછીથી ઊર્ધ્વમાંથી આવતા અતિમાનસ અવતરણથી બની આવશે.

*

વેદના વખતના કોઈ પણ ઋષિએ જન્મ લીધો હોય એવું હું જાણતો નથી. પુરાણની વાર્તાઓ પ્રમાણે ઘણા ઋષિઓ હોવા જોઈએ જેઓ જીતેન્દ્રિય અથવા

જીતક્રોધ ન હોય. પરંતુ એવા ઘણા ઋષિઓ છે જેઓએ આત્માની આંતર–અનુભૂતિથી સંતોષ માન્યો છે, પરંતુ તેમણે સપાટી ઉપરની રાજસિક અથવા તમોમય પ્રકૃતિની ગતિઓને ચાલુ રાખી છે અને એમ માનેલું છે કે આ બધી ગતિઓ શરીરના પતન સાથે ચાલી જશે.

*

અદ્ભુત ! આત્માનો સાક્ષાત્કાર જેમાં અહંમાંથી મુક્તિ, એકમેવની ચેતના સર્વમાં રહેલી ચેતના છે. વૈશ્વિક અવિદ્યામાંથી જેની સ્થાપના થયેલી છે અને ચરમ સીમામાં પરાત્પરનો સાક્ષાત્કાર રહેલો છે, સર્વોચ્ચ અનંત અને શાશ્વત પરમાત્માની સાથેના ઐક્યમાં જે ચેતનાનું જોડાણ થયેલું છે, તે બધાનો જે સાક્ષાત્કાર સમાવેશ કરે છે તે વસ્તુ કરવા લાયક નથી, અથવા તો બીજાને ભલામણ કરવા લાયક નથી – તે વસ્તુ "બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થતી સ્થિતિ નથી." – આ વિધાન અદ્ભુત છે !

તેમાં કાંઈ પણ નવીન નથી ! શા માટે કોઈ પણ નવીન વસ્તુ હોવી જોઈએ ? આધ્યાત્મિક શોધનો હેતુ જે વસ્તુ શાશ્વત રીતે સત્ય છે તેની જ શોધ કરવાનો છે, નહિ કે હાલમાં આવેલી કોઈ નવીન વસ્તુનો.

તમે પ્રાચીન યોગ તથા યોગીઓ તરફનું એ એકમાત્ર વલણ કયાંથી પ્રાપ્ત કર્યું ? વેદ અને તંત્રમાર્ગમાં જે જ્ઞાન રહેલું છે તે ક્ષુદ્ર અને તુચ્છ વસ્તુ છે ? તો પછી આશ્રમના સાધકોએ આત્મ-સાક્ષાત્કાર કરેલો છે અને તેઓ મુક્ત બનેલા જીવનમુક્તો છે, અહંકાર અને અવિશ્વાસમાંથી મુક્ત ? જો તે પ્રમાણે ન હોય તો તમે શા માટે એમ કહો છે, "તે બહુ મુશ્કેલ અવસ્થા નથી" "તેમનું લક્ષ્ય ઊંચું નથી." "તે એટલી બધી લાંબી પ્રક્રિયા છે ?"

મેં આ યોગ 'નવીન' છે એમ કહ્યું છે કારણ કે તેનું લક્ષ્ય આ જગતમાં જ પ્રભુની સર્વાંગ સંપૂર્ણતા માટેનું છે અને નહિ કે તેનાથી પર રહેલા જગતોમાં, અને તેનું લક્ષ્ય અતિમાનસ સાક્ષાત્કાર માટેનું છે. પરંતુ જ્યારે આ યોગનો હેતુ બીજા કોઈ પણ યોગના હેતુ જેવો જ હોય ત્યારે એક આધ્યાત્મિક સાક્ષાત્કાર માટે એક પ્રકારની ઉચ્ચતર ધૃણા કઈ રીતે ન્યાયી ઠરે છે ?

*

પ્રાચીન યોગો વિશે તેમને બિલકુલ સરળ, અગત્ય વગરના અને અર્થહીન

કહીને નિંદા કરવી અને બુદ્ધને, યાજ્ઞવલ્કયને અને બીજા પ્રાચીન મહાન આધ્યાત્મિક પુરુષોને અપખોડવા તે સ્પષ્ટ રીતે જ ખુલ્લેઆમ મૂર્ખાઈભર્યું નથી લાગતું ?

*

શા માટે માતાજી જ્ઞાન યોગને નાપસંદ કરે ? આત્માનો અને વૈશ્વિક સત્-તત્ત્વનો સાક્ષાત્કાર ( જેના વગર આત્માનો સાક્ષાત્કાર અપૂર્ણ છે ) એ આપણા યોગનાં અગત્યનાં પગથિયાં છે; તે બીજા યોગોની જાણે કે પૂર્ણાહુતિ છે પરંતુ આપણા યોગની શરૂઆત છે એટલે કે તે એવું બિંદુ છે જ્યાંથી તેનો લાક્ષણિક સાક્ષાત્કાર શરૂ થાય છે.

*

## ( ૬ )

રૂપાંતર એટલે પ્રકૃતિનો કોઈ પ્રકારનો ફેરફાર એમ હું કહેવા માગતો નથી – એટલે કે સંતપણું અથવા નૈતિક પૂર્ણતા અથવા યોગીઓની સિદ્ધ ( તાંત્રિકોની માફક ) અથવા ચિન્મય શરીર એવો અર્થ હું કહેવા માગતો નથી. હું ખાસ અર્થમાં રૂપાંતર શબ્દ વાપરું છું. ચેતનામાં એક મૌલિક અને પૂર્ણ ફેરફાર. તે ફેરફાર એક વિશિષ્ટ પ્રકારનો હોય છે અને તેમાં એવી સંકલ્પના છે કે માનવીના આધ્યાત્મિક વિકાસક્રમમાં એક સમર્થ અને મક્કમ પગલું આગળ ભરવું; જેમ મનોમય સ્વરૂપ, પ્રાણમય અને ભૌતિક પ્રાણી જગતમાં પ્રથમ દશ્યમાન થયું તે પ્રસંગે જે વસ્તુ બની તેના કરતાં એક વધારે મહત્તર અને ઉચ્ચત્તર પ્રકાશનો અને પૂર્ણતાવાળો વિકાસ થાય, તેનાથી ઓછું કાંઈ પણ બને અથવા ઓછામાં ઓછી તે પાયા ઉપર એક સાચી શરૂઆત ન થાય; અને સિદ્ધિ તરફ એક મૂળભૂત પ્રગતિ ન બની આવે તો મારો હેતુ સિદ્ધ થાય નહિ. હું જીવન અને યોગ પાસે જે માગણી કરું છું તેમાં કોઈ પણ આંશિક સાક્ષાત્કાર અથવા અનિશ્ચિતતાની સાથે મિશ્રણ થયેલી વસ્તુ મને સંતોષ આપી શકે નહિ.

દિવ્ય ચેતનાનું અવતરણ અને સાક્ષાત્કારનો પ્રકાશ બન્ને એકસરખાં નથી. સાક્ષાત્કાર પોતે આપણા સ્વરૂપનું સમગ્ર રૂપાંતર કરતું નથી. તે કદાચ ઊર્ધ્વમાં ચેતનાનું ઉદ્દ્ઘાટન અથવા ઊર્ધ્વકરણ અથવા વિશાળતા લાવી શકે અને પુરુષના ભાગમાં કોઈ સાક્ષાત્કાર લાવે પરંતુ પ્રકૃતિના ભાગોમાં કોઈ પણ પ્રકારનો મૌલિક

ફેરફાર ન પણ લાવી શકે. કોઈ પણ વ્યક્તિ ચેતનાના આધ્યાત્મિક શિખર ઉપર સાક્ષાત્કારનો થોડો પ્રકાશ પ્રાપ્ત કરી શકે પરંતુ જે નિમ્ન ભાગો રહેલા છે તે પરિવર્તન પામ્યા વગરના રહે. આવાં મેં સંખ્યાબંધ ઉદાહરણો જોયાં છે. પ્રકાશનું અવતરણ કેવળ મનમાં અથવા તો તેના અમુક ભાગમાં જ ન થવું જોઈએ પરંતુ, સાચું રૂપાંતર બની આવે તે પહેલાં, સમગ્ર સ્વરૂપમાં છેક નીચે શારીરિક સુધી તે બની આવવું જોઈએ. મનમાં અવતરણ કરેલો પ્રકાશ કદાચ તેનું આધ્યાત્મીકરણ કરે, અથવા એક યા બીજી રીતે મન અથવા તેના કોઈ ભાગમાં ફેરફાર કરે, પરંતુ તેથી કરીને પ્રાણમય પ્રકૃતિમાં ફેરફાર લાવે જ એવું નથી; પ્રાણમાં આવેલો પ્રકાશ, પ્રાણની ગતિઓને વિશુદ્ધ કરે, અથવા વિશાળ બનાવે, અથવા પ્રાણમય પુરુષમાં નીરવતા અથવા અચંચળતા લાવે, પરંતુ શરીર અને શારીરિક ચેતનાને જે પ્રકારની હતી તે પ્રકારની જ છોડી દે, અથવા તેનામાં જડતા લાવે અથવા તેની સમતુલાનો ભંગ કરે, અને પ્રકાશનું અવતરણ પૂરતું નથી, સમગ્ર ઊર્ધ્વતર ચેતના તેની શાંતિ, શક્તિ, જ્ઞાન, પ્રેમ અને આનંદનું અવતરણ બનવું જોઈએ. તે ઉપરાંત આ અવતરણ આંતર સ્વરૂપ મુક્ત કરવા માટે પર્યાપ્ત હોય, પરંતુ તે પૂર્ણ ન બને, અથવા આંતર સ્વરૂપમાં મહાન પરિવર્તન કરવા માટે તે પૂરતું હોય પરંતુ બાહ્ય સ્વરૂપ એક અપૂર્ણ, બેઢંગુ, રોગગ્રસ્ત અથવા બિનઅભિવ્યક્તિવાળું કરણ રહે. છેવટે સાધનાથી કરેલું રૂપાંતર, જ્યાં સુધી સ્વરૂપનું અતિમાનસીકરણ ન બને ત્યાં સુધી પૂર્ણ બની શકે નહિ. ચૈતસીકરણ પણ પૂરતું નથી, તે ફક્ત શરૂઆત જ છે.

આધ્યાત્મીકરણ અને ઊર્ધ્વતર ચેતનાનું અવતરણ પણ પૂરતું નથી, તે વચ્ચેનો ગાળો છે; અંતિમ સિદ્ધિમાં અતિમાનસ ચેતના અને શક્તિના કાર્યની જરૂર છે; વ્યક્તિને આનાથી થોડું ઓછું પ્રાપ્ત થાય છતાં તેને સંતોષપૂર્ણ કદાચ માને, પરંતુ પૃથ્વી ચેતનાએ એક યા બીજા સમયે, જે નિશ્ચિત રૂપનું આગળ પગલું લેવાનું છે તેને માટે તે પૂરતું નથી.

મેં કદી પણ એમ કહ્યું નથી કે મારો યોગ તેના મૂળ તત્ત્વોમાં કાંઈક તદ્દન નવીન વસ્તુ છે. મેં તેને સર્વાંગસંપૂર્ણ પૂર્ણયોગ કહ્યો છે અને તેનો અર્થ, તે પ્રાચીન યોગોની ઘણી પ્રક્રિયાઓ અને સારતત્ત્વને સમાવી લે છે – તેની નવીનતા, તેના લક્ષ્યમાં, સ્થાનમાં તેની પદ્ધતિની સમગ્રતામાં રહેલી છે. પહેલાંની પરિસ્થિતિઓમાં જે બધીને મેં "આ જગતની સમસ્યા" અથવા "યોગ પર દિપ્તીઓ" અથવા જે નવાં પુસ્તકનું[1] પ્રકાશન થવાનું છે તે બધાં પુસ્તકોમાં જે નિરૂપણ કર્યું છે,

૧. યોગના પાયા.

તેમાં એવું કાંઈ પણ નથી જે પ્રાચીન યોગોથી ભિન્ન હોય. જો કે તેના લક્ષ્યમાં તેની જે પરિજ્ઞાનતા રહેલી છે, તેની ગતિઓમાં રહેલો આત્મા અને તેની નજર સમક્ષ જે જે અંતિમ મહત્ત્વપૂર્ણ હેતુ રાખે છે – તેની માનસશાસ્ત્રીય પદ્ધતિ અને તેનાં કાર્યોમાં, તે ભિન્ન છે. પરંતુ આ પત્રોમાં તેમની વ્યવસ્થિત પદ્ધતિનો વિશદ વિકાસ ન થયો હોવાથી, જે લોકો આ વસ્તુથી બરાબર પરિચિત નથી તેઓ તેને બરાબર સમજી શક્યા નથી, કારણ કે તેની સાથે તેમનો મનોમય સંબંધ નથી અથવા તો તેની થોડીઘણી પણ તાલીમ નથી – યોગની પાછળની અવસ્થાઓ જે અજાણી છે અથવા એવા પ્રદેશો જેમાં માનવીએ પગ પણ મૂક્યો નથી તેની વિગતો મેં જાહેરમાં મૂકેલી નથી અને તે પ્રમાણે કરવાની હાલમાં મારી ઇચ્છા પણ નથી.

હું એ પણ સારી રીતે જાણું છું કે કેટલાક દેખાતા એકસરખી રીતના આદર્શો અને અપેક્ષાઓ છે – જાતિની પૂર્ણતા, કેટલીક તાંત્રિક સાધનાઓ, કેટલીક યોગની શાખાઓ, જેમણે પૂર્ણ શરીરની સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો છે વગેરે વગેરે, આ વસ્તુઓનો મેં સંદર્ભ આપેલો છે. અને એવું દૃષ્ટિબિંદુ પણ રજૂ કર્યું છે; કે કોઈ જાતિની ભૂતકાળની આધ્યાત્મિકતા એ પ્રકૃતિએ કરેલી તૈયારી હોય છે; આ તૈયારી જગતથી ઊર્ધ્વમાં પ્રભુની પ્રાપ્તિ માટે નહિ પરંતુ એક આગળ પગલું ભરવા માટે હોય છે. જે પૃથ્વી-ચેતનાનો વિકાસક્રમ હજુ પણ કરવાનો છે તેના માટે હોય છે. એટલે ભલે આ બધા આદર્શો થોડેઘણે અંશે સમાંતર હતા, અને તેઓ મારા આદર્શો સાથે એકરૂપ નથી, તેની મને બિલકુલ પરવા નથી. આ યોગ અને તેનું લક્ષ્ય નવીન તરીકે ન સ્વીકારાય તેની સાથે પણ મને કોઈ સંબંધ નથી; તે તો નજીવી વસ્તુ છે. જે લોકો તેને સ્વીકારીને વ્યવહારમાં ઉતારે, તેમને માટે તે સાચી વસ્તુ બનવી જોઈએ. અગત્યની વસ્તુ એ છે, કે તે લોકોએ તેને સિદ્ધ કરીને સાચી સાબિત કરવી જોઈએ; એ પણ અગત્યનું નથી કે તે નવીન કહેવાય, યા તો જે પ્રાચીન વસ્તુનું વિસ્મરણ થયું છે, તેનું પુનરાવર્તન હોય કે નવસંસ્કરણ હોય. મેં કેટલાક સાધકોને એક પત્રમાં તે વસ્તુ નવીન છે એમ ભારપૂર્વક કહેલું, જેથી તેઓ એમ સમજી શકે કે પ્રાચીન યોગોના લક્ષ્ય અને વિચારનું કેવળ પુનરાવર્તન કરવું એ મારી દૃષ્ટિએ પૂરતું નથી. વળી હું એક એવી વસ્તુની પ્રાપ્તિ માટે નિર્દેશ કરતો હતો, જે હજુ સુધી સિદ્ધ થઈ નથી પરંતુ તેનું સ્પષ્ટ દર્શન થયેલું નથી. જો કે બધા જ ભૂતકાલીન આધ્યાત્મિક પ્રયત્નો માટે તે સ્વાભાવિક હોવા છતાં તે હજુ પણ ગુપ્ત રહેલી વસ્તુ બહાર આવશે.

પ્રાચીન યોગની સરખામણીમાં તે આ રીતે નવો છે :

(૧) કારણ કે તેનો હેતુ જગતમાંથી નીકળી જઈને સ્વર્ગમાં કે નિર્વાણમાં

જીવન ધારણ કરવાનો નથી; પરંતુ અહીંના જ જીવનમાં અને અસ્તિત્વમાં ફેરફાર કરવાનો છે. આ વસ્તુ ગૌણ અથવા પ્રસંગોપાત્ત નથી પરંતુ તે તેનો સ્પષ્ટ અને કેન્દ્રવર્તી હેતુ તરીકેનો છે. જો બીજા યોગોમાં અવતરણ હોય તો તે વસ્તુ ફકત માર્ગ ઉપરનો એક પ્રસંગ અથવા ઊર્ધ્વીકરણમાંથી બની આવે છે — સાચી વસ્તુ ઊર્ધ્વગમન છે. અહીં ઊર્ધ્વમાં આરોહણ એ પ્રથમ પગથિયું છે, પણ તે ચેતનાના અવતરણ માટેનું છે. એ અવતરણ એક નવીન ચેતનાના અવતરણ માટેનું છે. એ અવતરણ એક નવીન ચેતના, જે ઊર્ધ્વગમન વખતે પ્રાપ્ત કરેલી તેનું છે અને એ વસ્તુ જ સાધનાની પ્રમાણિત વસ્તુ છે. તંત્રમાર્ગ અને વૈષ્ણવ માર્ગ પણ જીવનમાંથી મુકિતમાં પરિણમે છે; અહીં દિવ્ય જીવનની સિદ્ધિ અને આપણા યોગનો હેતુ છે.

(૨) કારણ કે જે વસ્તુની શોધ કરવાની છે તે વ્યકિતના પોતાના માટે જ વ્યકિતગત પ્રભુના સાક્ષાત્કારની સિદ્ધિ નથી, પરંતુ અહીં પાર્થિવ-ચેતના એક વિશ્વમય ચેતના – નહિ કે પરા–વૈશ્વિક સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે. તે ઉપરાંત જે વસ્તુ પ્રાપ્ત કરવાની છે તે એક ચેતનાની શકિત (અતિમાનસને) ને નીચે ઉતારીને પ્રાપ્ત કરવાની છે. પાર્થિવ પ્રકૃતિમાં તે વસ્તુ સંગઠિત થયેલી અથવા સક્રિય બનેલી નથી, તેમજ આધ્યાત્મિક જીવનમાં પણ તે પ્રમાણે બનેલું નથી, પરંતુ હજુ તેને સંગઠિત કરીને સીધેસીધી સક્રિય બનાવવાની છે.

(૩) કારણ કે આ હેતુને પ્રાપ્ત કરવા માટે એક એવી ટૂંકી પદ્ધતિનું આયોજન કરવામાં આવ્યું છે, જે તેનું લક્ષ્ય તેની સામે મૂકવામાં આવ્યું છે તેટલું જ સંપૂર્ણ અને સમગ્ર છે. દા.ત., ચેતનામાં અને પ્રકૃતિમાં સમગ્ર અને સંપૂર્ણ ફેરફાર, જૂની પદ્ધતિઓને ગ્રહણ કરવાની પણ કાર્યના એક ભાગ તરીકે જ, અને જે બીજાં અત્યારનાં કાર્યો સ્પષ્ટ અને નિશ્ચિત હોય તેમાં તે મદદરૂપ બને. આવી પદ્ધતિ (સમગ્ર રીતે) અથવા તેના જેવી જ બીજી કોઈ રીત, પ્રાચીન યોગોમાં જાહેર કરેલી અથવા સાક્ષાત્કાર કરેલી મળી આવી નથી. જો હું તે શોધી શકયો હોત તો એક માર્ગ તૈયાર કરવામાં તથા મારી શોધનો અને આંતર-સર્જન માટેનો ૩૦ વર્ષનો સમય મેં બરબાદ કર્યો ન હોત; અને જે માર્ગો અત્યારે ઝળહળતા હોત, તૈયાર કરેલા હોત, પૂર્ણ રીતનો જેનો નકશો આપવામાં આવ્યો હોત, જેની ફરસબંધી સરળ અને લીસી બનાવવામાં આવી હોય, તે પૂર્ણ સલામત બનાવાયા હોત તથા જાહેર હોત તથા જાહેર કરેલા હોત તે માર્ગો ઉપર સહિસલામતીથી મારા ઘરના માર્ગે પહોંચી ગયો હોત. આપણો યોગ જૂના માર્ગો ઉપર ફરીથી ચાલનાર નથી, પરંતુ એક આધ્યાત્મિક સાહસનો માર્ગ છે.

*

તે દ્વારા હું પૃથ્વી ઉપરના અતિમાનસના અવતરણ વિશે કહેવા માગતો હતો. અતિમાનસથી નીચે રહેલાં બધાં સત્યો ( અત્યાર સુધીમાં જે ઉચ્ચતમ રીતે આવિર્ભાવ પામેલ છે તેમાં મનોમય ભૂમિકાનાં ઉચ્ચતમ આધ્યાત્મિક સત્યો પણ આવી જાય ) યા તો આંશિક અથવા સાપેક્ષ અથવા ક્ષતિવાળા અને પાર્થિવ જીવનનું રૂપાંતર કરવા માટે ક્ષમતાવિહીન છે. અતિમનસ એક બૃહદ્ સત્ય-ચેતના છે જેના વિશે પ્રાચીન દ્રષ્ટાઓએ વાત કરેલી છે. અત્યાર સુધીમાં તેની ઝાંખીઓ થયેલી છે. કેટલીક વખત પરોક્ષ અસર અથવા દબાણની પણ અનુભૂતિ થયેલી છે પરંતુ તેને નીચે પૃથ્વીની ચેતનામાં ઉતારીને તેને નિશ્ચિત કરવામાં આવ્યું નથી. તેને નીચે ઉતારવું એ આપણા યોગનું લક્ષ્ય છે.

પરંતુ વધારે સારું એ છે કે આપણે નિષ્ફળ બૌદ્ધિક ચર્ચાઓમાં ન ઊતરીએ. બુદ્ધિયુકત મન, અતિમનસ શું છે તેનો સાક્ષાત્કાર પણ કરી શકે નહિ. તો પછી તેને જે વસ્તુની જાણ પણ નથી તેના વિશેની ચર્ચા ચાલુ રાખવી એનો ઉપયોગ શો ? ચેતનાની ઉચ્ચતર ભૂમિકાઓ સુધી પહોંચવા માટે એક સતત અનુભૂતિ અને ચેતનાનો વિકાસ અને પ્રકાશનો વિસ્તાર થવાથી ત્યાં પહોંચી શકાય છે અને નહિ કે તર્ક કરીને. તે ભૂમિકાઓ બુદ્ધિની ઉપરની છે અને તે ભૂમિકા ઉપરથી માનવી દિવ્ય પ્રજ્ઞા ( અતિમનસ ) ને જોવાની શરૂઆત કરે છે. તે ભૂમિકાઓ પણ અતિમનસ ભૂમિકાઓ નથી. પરંતુ તેના ઉપરથી માનવીઓ તેના વિશેનું કાંઈક જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

*

વેદના ઋષિઓએ પૃથ્વી માટે કદી અતિમાનસ પ્રાપ્ત કર્યું નહિ અથવા કદાચ તેમણે પ્રયત્ન પણ કર્યો નહિ હોય. તેઓએ વ્યકિતગત રીતે અતિમાનસ ભૂમિકા સુધી પહોંચવા માટે પ્રયત્ન કરેલો પરંતુ તેઓ તેને નીચે ઉતારી લાવ્યા નહિ અને તેને પૃથ્વી-ચેતનાના એક કાયમી ભાગરૂપ બનાવ્યું નહિ. ઉપનિષદોના કેટલાક શ્લોકોમાં પણ એવું સૂચન છે કે સૂર્યનાં દ્વારોમાંથી પસાર થવું અને તેમ છતાં પૃથ્વી ઉપરનું પોતાનું શરીર ટકાવી રાખવું એ અશકય છે ( અતિમાનસનું પ્રતીક ). આ નિષ્ફળતાને લઈને ભારતનો આધ્યાત્મિક પ્રયત્ન માયાવાદના શિખરે પહોંચ્યો. આપણો યોગ આરોહણનો અને અવતરણનો એમ દ્વિવિધ ગતિવાળો છે; વ્યકિત ચેતનાની એક પછી એક ઉચ્ચતર ભૂમિકાઓ ઉપર ચડે છે, પરંતુ તે જ સમયે તે તેમની શક્તિને નીચે ઉતારી લાવે છે. ફકત મન અને પ્રાણમાં જ નહિ પરંતુ શરીરમાં પણ. અને આ ભૂમિકાઓનું સૌથી ઉચ્ચ શિખર છે, જે તેનું લક્ષ્ય છે અને તે

અતિમાનસ છે. જ્યારે તેને નીચે ઉતારી શકાશે ત્યારે જ પાર્થિવ-ચેતનામાં દિવ્ય રૂપાંતર શકય બનશે.

*

વેદકાલીન ઋષિઓ અતિમનસ ભૂમિકા સુધી પહોંચ્યા હતા કે કેમ તે હું કહી શકું નહિ. પરંતુ ત્યાં પહોંચવાનું તેમનું લક્ષ્ય હતું. સ્વર્ ( સ્વર ) લોક એ સ્પષ્ટ રીતે જ મનના આલોકિત પ્રદેશો સૂર્યના કિરણો દ્વારા રચાયેલા પ્રદેશો છે. ઉપનિષદો પ્રમાણે જે લોકો સૂર્યનાં કિરણો સુધી ઊંચે ચડે છે તેઓ પાછા ફરે છે પરંતુ જેઓ સૂર્ય સુધી પહોંચી જાય છે તેઓ પાછા ફરતા નથી, એટલા માટે જ અતિમાનસ સુધીનું ઊર્ધ્વજ્ઞાનનું ભાવિ દર્શન કરાયેલું પરંતુ અહીં અતિમાનસનું અવતરણ અને સંગઠન કરાયેલું નહિ. ( સૂર્યનાં કિરણોના અવતરણથી આ રીતે તે જુદું પડે છે. ) આપણે ઋષિમુનિઓના પૂર્વ જન્મ વિશે ચિંતા કરવાની જરૂર નથી. હું માનું છું કે તેમની જરૂર હશે તો તેઓ આવી પહોંચશે.

*

એ બિલકુલ શકય છે કે ‘ તે શ્લોક ’ પરમાનંદ અને પ્રકાશના ઊર્ધ્વતર જગતોમાં ઉપર ચડવાનો ઉલ્લેખ કરે છે અને આ વસ્તુને મુક્તિ અથવા મોક્ષ કહી શકાય. પછીના સમયમાં આ ઊર્ધ્વતર જગતોમાંથી પાછા ફરવું એ અનિવાર્ય છે એવો વિચાર દૃઢ બન્યો અને તે વસ્તુમાં વૈશ્વિક અસ્તિત્વમાંથી પાછા ફરવાથી જ ‘ મુક્તિ ’ આવે છે. વેદના ઋષિઓએ અસત્ય અને અજ્ઞાનના ઉપરની અવસ્થામાં અથવા પ્રકાશિત જગતમાં ઊર્ધ્વમાં પહોંચવા માટેનું દર્શન કર્યું છે. તે ઉપનિષદમાં સૂર્ય અતિમાનસ સત્યનું પ્રતીક છે અને એમ કહેવાયું છે કે જેઓ તેમાંથી પસાર થાય છે તેઓ પાછા ફરી શકે છે પરંતુ જેઓ સૂર્યનાં પોતાનાં દ્વારો પસાર કરી ગયા હોય છે તેઓ પાછા ફરતા નથી; આ વસ્તુનો કદાચ એવો અર્થ થાય કે અતિમાનસમાં જ ઊર્ધ્વગમન કરવું, અધિમનસના સોનેરી ઢાંકણાથી ઊર્ધ્વમાં જવું એ નિશ્ચિત મોક્ષ છે. વેદ એવા સત્યની વાત કરે છે જે એવા સત્યથી ઢંકાયેલું છે જ્યાં સૂર્ય તેના રથમાંથી પોતાના અશ્વોને છોડી નાખે છે અને ત્યાં સહસ્ર કિરણોનું એકમાં સંવરણ કરે છે અને તેને લક્ષ્ય તરીકે ગણવામાં આવતું હતું. ઈશ ઉપનિષદ પણ સત્યના મુખને ઢાંકતા સોનેરી ઢાંકણની વાત કરે છે અને તેને ખસેડવાથી જ સત્યના ધર્મનું દર્શન થાય છે, અને તે સર્વોચ્ચ જ્ઞાન છે, જેમાં એકમેવ પુરુષનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ( સોઽહમસિ ) તેનું વર્ણન સૂર્યના ‘ કલ્યાણતમ્ ’ સ્વરૂપ તરીકે

કરવામાં આવ્યું છે – આ બધી વસ્તુઓ અતિમાનસ અવસ્થાઓનો સંદર્ભ આપે છે જેનું પ્રતીક સૂર્ય છે.

*

વૈદિક ઋષિઓ પ્રાચીન પ્રકારના ગુહ્યવિદો હતા. તેઓ બધા જ ભારતમાં, ગ્રીસમાં, ઇજિપ્તમાં સર્વ જગાએ, જે સત્યો અને પદ્ધતિઓ તેમને પ્રાપ્ત થયેલી તે બધી વસ્તુઓને પવિત્ર અને ગુપ્ત વસ્તુઓ તરીકે, ખાનગી રાખતા. જે તે વસ્તુઓને પ્રાપ્ત કરવા લાયક અધિકારીઓ ન હોય, જેઓ તેમને ખોટી રીતે સમજે અથવા તેમનો દુરુપયોગ કરે તથા જ્ઞાનને કલંક લગાડે તેવી વ્યક્તિઓની પાસે, તેઓ તે રહસ્યોને ખોલતા નહિ, એટલે તેમનાં લખાણો એવી રીતે આવરણયુક્ત હતાં કે જે સાધકો દિક્ષિત થયેલા હોય તેઓ જ તેમનો ગુપ્ત અર્થ સમજી શકે, निन्या वाचांसि निवाचानि कवये[1] – ગોપ્ય શબ્દો જેનો પ્રતીક અર્થ કેવળ દ્રષ્ટા જ સમજી શકે. તેઓ સામાન્ય જનતા માટે એક બાહ્ય અર્થ અથવા ધાર્મિક અર્થ તૈયાર રાખતા પરંતુ જેઓ દિક્ષિતો હોય તેમના માટે ગુપ્ત રહસ્યમય અને આધ્યાત્મિક અર્થ રાખતા. લોકો સાચું સત્ય ન શોધી શકે તેવો તેમનો હેતુ હતો. તેઓ એવું ઇચ્છતા કે લોકો ફક્ત બાહ્ય સત્યને જ જાણી શકે, કારણ કે તેઓ તેને જ યોગ્ય હોય છે.

*

આ શિક્ષણમાં મૂળભૂત ભેદ એ છે કે તેમાં એક સક્રિય દિવ્ય સત્ય છે – (અતિમનસ). અને હાલના અવિદ્યાના જગતમાં તે સત્ય નીચે અવતરણ પામી શકે છે, અને એક નવીન સત્ય-ચેતનાનું સર્જન કરી શકે છે અને જીવનનું દિવ્યીકરણ કરી શકે છે. પ્રાચીન યોગો સીધેસીધા મનમાંથી નિરપેક્ષ બ્રહ્મમાં પહોંચે છે અને બધા જ સક્રિય અસ્તિત્વોને અજ્ઞાન, માયા અથવા લીલા તરીકે ગણે છે; જ્યારે તમે અચલ અને કૂટસ્થ દિવ્ય સત્યમાં દાખલ થાઓ છો ત્યારે તેઓ કહે છે કે તમે વિશ્વમય અસ્તિત્વમાંથી બહાર નીકળી જાઓ છો.

*

આ યોગનું લક્ષ્ય અતિમનસમાં પરમાત્માની સાથેનું સચેતન ઐક્ય તથા પ્રકૃતિના રૂપાંતરનું છે. સામાન્ય યોગો સીધા જ મનમાંથી ઊપડીને વિશ્વમય શાંતિની નિરાકાર પરિસ્થિતિમાં પહોંચી જાય છે અને તેની મારફતે પરાત્પરમાં, ઊર્ધ્વમાં

---

૧. ઋગ્વેદ ૪–૩–૧૬.

અદૃશ્ય થવા માટે પ્રયત્ન કરે છે. આ યોગનું લક્ષ્ય મનથી ઉપર જઈને સચ્ચિદાનંદના દિવ્ય સત્યમાં પ્રવેશ કરવાનું છે, જે કેવળ અચલ છે એટલું જ નહિ પરંતુ સક્રિય પણ છે અને સમગ્ર સ્વરૂપને તે સત્યમાં ઊંચે ઉઠાવે છે.

*

પ્રભુ સાથેનું મિલન, હા – પરંતુ સંન્યાસ માર્ગ માટે તે ઐક્ય નિર્ગુણ બ્રહ્મ સાથેનું, અજ્ઞેય, અસ્તિત્વથી પર રહેલું અથવા જો ઈશ્વર સાથેનું હોય તો તે એવો છે જે અતિવૈશ્વિક ચેતનામાં રહેલો હોય છે. તે દૃષ્ટિબિંદુથી પતંજલિનું સૂત્ર પૂરતી સાબિતી છે.* જ્યારે તે યોગ વિશે વાત કરે છે ત્યારે તે યોગની પ્રક્રિયા વિશે, તે પ્રક્રિયામાં કયું લક્ષ્ય રાખવાનું છે તેના વિશે કહે છે – કારણ કે ચિત્તવૃત્તિના નિરોધથી વ્યક્તિ 'સમાધિમાં' પહોંચે છે અને 'સમાધિ' એ અસ્તિત્વથી પર રહેલા બ્રહ્મ સાથેનું ઐક્ય સાધવાનો એકમાત્ર અને પૂર્ણ માર્ગ છે.

*

પહેલાંના યોગોમાં આત્માની અનુભૂતિ થતી હતી, જે કાયમ મુક્ત હોય છે અને જે પ્રભુની શોધ કરીએ છીએ તેની સાથે ઐક્યમાં હોય છે. જ્ઞાન અને અનુભૂતિમાં વિઘ્નરૂપ ન બને તેટલા પૂરતા પ્રમાણમાં પ્રકૃતિનું રૂપાંતર સાધવાનું હતું. શારીરિક સુધીના પૂર્ણ રૂપાંતરની માગણી બહુ ઓછા માણસો કરતા અને તેવામાંથી ઘણા બીજી વસ્તુ કરતાં 'સિદ્ધિ' પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા હતા પરંતુ તેઓ પૃથ્વી-ચેતનામાં, નવીન પ્રકૃતિના આવિર્ભાવની માગણી કરતા નહિ.

*

માનવના મનથી ઊર્ધ્વમાં ઘણી ભૂમિકાઓ છે – અતિમાનસ એ માત્ર એક ભૂમિકા નથી; અને તે દરેક ભૂમિકા ઉપર આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકે છે કારણ કે તે બધી જ આધ્યાત્મિક ભૂમિકાઓ છે.

મન, પ્રાણ અને શારીરિક ખૂબ જટિલ રીતે ફક્ત બાહ્ય ચેતનામાં મિશ્રણ થયેલા હોય છે – આંતર મન, આંતર પ્રાણ અને આંતર શારીરિક દરેક એકબીજાથી અલગ અલગ હોય છે. જેઓ પ્રાચીન યોગો દ્વારા આત્માની શોધ કરે છે તેઓ પોતાની જાતને મન, પ્રાણ અને શરીરથી અલગ પાડે છે અને સર્વમાં આ બધી વસ્તુઓથી ભિન્ન તરીકેનો સાક્ષાત્કાર કરે છે. અતિમાનસની મદદ વગર પણ મન, પ્રાણ અને

* યોગશ્ચિત્તવૃત્તિ નિરોધ.

શારીરિકને દરેકને જુદાજુદા પાડવા એ ઘણું સહેલું છે. તે સામાન્ય યોગો દ્વારા પણ કરી શકાય છે. આ યોગ અને પ્રાચીન યોગો વચ્ચેનો ભેદ એ નથી કે તે યોગો આ વસ્તુઓ કરી શકવા અસમર્થ છે – તેઓ આ વસ્તુ પૂર્ણ રીતે કરી શકે છે – પરંતુ તેઓ આત્મ-સાક્ષાત્કારથી નિર્વાણ તરફ આગળ જાય છે અથવા તો કોઈ પ્રકારના સ્વર્ગમાં જાય છે અને જીવનનો ત્યાગ કરે છે. જ્યારે આ યોગ જીવનનો ત્યાગ કરતો નથી. પાર્થિવ જીવન અને અસ્તિત્વના રૂપાંતર માટે અતિમનસ જરૂરી છે, નહિ કે આત્મા સુધી પહોંચવા માટે માણસે પહેલાં આત્મ-સાક્ષાત્કાર કરવાનો છે અને ત્યાર પછી જ તે અતિમનસનો સાક્ષાત્કાર કરી શકે.

*

આ સાધનાના એક ભાગ તરીકે માણસને કોઈ પણ સાધનાની અનુભૂતિઓ થઈ શકે છે.

*

અધિમનસ અથવા અતિમનસનો વિકાસ થાય તેની પૂર્વે ઘણા લાંબા સમયે આત્માનો સાક્ષાત્કાર થાય છે; હજારો સાધકોને, બધા જ સમયે ઊર્ધ્વતર મનોમય ભૂમિકાઓમાં આત્માનો સાક્ષાત્કાર થયેલો છે, બુદ્ધે: પરત; પરંતુ તેમણે અતિમનસનો સાક્ષાત્કાર કરેલો નથી. માણસ ગમે તે ભૂમિકા ઉપર અંતરાત્મા અથવા આત્મા અથવા પ્રભુનો આંશિક સાક્ષાત્કાર કરી શકે છે, મનોમય, પ્રાણિક અથવા શારીરિક ભૂમિકા ઉપર પણ. જ્યારે માણસ મનની સામાન્ય ભૂમિકાથી ઊર્ધ્વમાં ઉચ્ચતર અને વિશાળતર ભૂમિકા ઉપર જાય છે ત્યારે આત્મતત્ત્વ તેની સચેતન વિશાળતા દેખાવા માટે શરૂઆત કરે છે.

આત્માની આ વિશાળતામાં પૂર્ણ પ્રવેશ થાય છે ત્યારે બધી જ મનોમય સક્રિયતાનો નિરોધ શક્ય બને છે; માણસને આંતરિક શાંતિ મળે છે. આ આંતરશાંતિ પ્રાપ્ત કર્યા પછી વ્યક્તિ કોઈ પણ પ્રવૃત્તિમાં હોવા છતાં શાંતિમાં રહી શકે છે; સ્વરૂપ પોતે અંતરમાં શાંત રહે છે, કરણોમાં કાર્ય ચાલુ રહે છે અને વ્યક્તિ કાર્યના અમલ માટે જરૂરી પ્રેરણા મેળવે છે. પછી તે મનોમય, પ્રાણમય અથવા શારીરિક હોય તો પણ એક ઉચ્ચ પ્રકારના સ્રોતમાંથી આવે છે અને તે કાર્ય કરતાં કરતાં પણ જે મૂળભૂત શાંતિ અને આત્માની સ્થિરતા હોય છે તેમાં ખલેલ પહોંચતી નથી.

અધિમનસ અને અતિમનસની ભૂમિકાઓ આ વસ્તુ કરતાં ઊર્ધ્વતર હોય છે; પરંતુ વ્યક્તિ તેમને સમજી શકે તે પહેલાં તેને આત્મસાક્ષાત્કાર થયેલો હોવો જોઈએ, તેનામાં

આધ્યાત્મિક મન તથા હૃદયનું પૂર્ણ કાર્ય થતું હોવું જોઈએ, ચૈતસિક જાગૃતિ, નિમ્ન પ્રકૃતિમાં કેદી થયેલી ચેતનાની મુક્તિ, અને આધારની વિશુદ્ધિ, અને ખુલ્લાપણું હોવાં જોઈએ. અત્યારે તમે તે અંતિમ વસ્તુઓ (અધિમનસ, અતિમનસ) વિશે વિચાર ન કરો, પરંતુ તમારી મુક્ત થયેલી પ્રકૃતિમાં રહેલી આ બધી પાયાની વસ્તુઓને પ્રાપ્ત કરો.

*

આધ્યાત્મીકરણ એટલે એક ઊર્ધ્વતર શાંતિ, બળ, પ્રકાશ, જ્ઞાન, વિશુદ્ધિ આનંદ વગેરેનું અવતરણ. આ બધી વસ્તુઓ ઉચ્ચતર મનથી માંડીને અધિમનસ સુધીની કોઈ પણ ઉચ્ચતર ભૂમિકામાં હોય છે, કારણ કે કોઈ પણ ભૂમિકામાં આત્માનો સાક્ષાત્કાર થઈ શકે છે. તે વસ્તુ એક સ્વલક્ષી રૂપાંતર લાવી શકે; પ્રકૃતિરૂપી કરણ એટલે સુધીનું રૂપાંતર પામે છે કે તે એક વિશ્વમય પ્રભુનું કરણ બને છે જેથી તે પ્રકારનું કાર્ય કરી શકે. પરંતુ અંતરમાં રહેલો આત્મા, સ્થિર, મુક્ત અને પ્રભુની સાથે ઐકયમાં રહે છે. પરંતુ આ વસ્તુ અપૂર્ણ, વ્યક્તિગત રૂપાંતર છે — કરણ તરીકેની પ્રકૃતિનું પૂર્ણ રૂપાંતર ત્યારે જ આવી શકે જ્યારે અતિમનસ રૂપાંતર બની આવે — ત્યાં સુધી પ્રકૃતિ ઘણી અપૂર્ણતાઓથી ભરેલી રહે છે. પરંતુ ઉચ્ચતર ભૂમિકામાં રહેલું આત્મતત્ત્વ જાણે કે મુક્ત હોય અને તેની અસર વગરનું હોય તે રીતે તેના ઉપર ધ્યાન આપતું નથી. આંતર સ્વરૂપ પણ નીચે રહેલા શારીરિક સ્વરૂપ સુધી પણ મુક્ત અને અસરહીન બની શકે છે. અધિમનસ અસરકારક જ્ઞાનના કાર્યમાં મર્યાદિત હોય છે. શક્તિના કાર્યમાં પણ મર્યાદાયુક્ત હોય છે અને આંશિક અને મર્યાદિત સત્યની અસર નીચે હોય છે. ફક્ત અતિમનસમાં જ પૂર્ણ સત્ય-ચેતના આપણા સ્વરૂપમાં આવી શકે છે.

*

સત્ય-ચેતનામાં રહેવું એટલે એવી ચેતનામાં રહેવું જેમાં વ્યક્તિ એક યા બીજી રીતે આધ્યાત્મિક રીતે જ પ્રભુ સાથે ઐકયમાં હોય. પરંતુ તેના ઉપરથી એમ નથી માનવાનું કે આ રીતે જીવવાથી તેને બધાં જ કર્મો વિશે, બધી જ વસ્તુઓ અને બધા જ માનવો વિશે પૂર્ણ, ચોક્કસ, અસ્ખલિત સત્ય પ્રાપ્ત થશે.

*

પરમાત્માનો સાક્ષાત્કાર કોઈ પણ ભૂમિકા ઉપર, જે ભૂમિકાના સામર્થ્ય અનુસાર થઈ શકે છે, કારણ કે પ્રભુ સર્વત્ર છે. યોગીઓ અને સંતો આધ્યાત્મિક

બનેલા મનની ભૂમિકા ઉપર તેનો સાક્ષાત્કાર કરે છે; તેનો અર્થ એ નથી કે તેઓ અતિમાનસ ચેતનાવાળા બની ગયા છે.

*

તે મહાન માણસ છે તેથી તે જે કાંઈ વિચારે છે અથવા જે કાંઈ કહે છે તે બધું જ સાચું હોય છે એવું ખરું ? અથવા તે પ્રકાશમાં રહે છે એટલે એમ માનવાનું ખરું કે તેનો પ્રકાશ કેવળ નિરપેક્ષ અને પૂર્ણ છે ? હું 'સત્ય-ચેતના' શબ્દ અતિમાનસને બદલે વાપરું છું. 'ક્ષ' અતિમાનસમાં નથી – તે સાચી ચેતનામાં હોઈ શકે અને છે પણ ખરો, પરંતુ તે તો બીજી જ બાબત છે.

*

કદાચ તમે 'ક્ષ'ના અભિપ્રાય સાથે સહમત હો, "પરમાત્મા અહીં છે તો તે બીજે ક્યાંથી અવતરણ કરે ?" પ્રભુ અહીં હોઈ શકે પરંતુ તેમણે જો તેમના પ્રકાશને અવિદ્યાના અંધકારથી પોતાની જાતને અવગુંઠિત કરી હોય, અને આનંદ ઉપર દુઃખનો બુરખો ઓઢયો હોય, તો તે વસ્તુ હું માનું છું કે આ ભૂમિકા ઉપર ઘણો મોટો તફાવત બતાવે છે અને વ્યક્તિ કદાચ તે બંધ કરેલા પ્રકાશમાં પ્રવેશ કરે તો પણ ચેતનામાં ઘણો તફાવત રાખે છે, પરંતુ આ ભૂમિકા ઉપર જે શક્તિનું કાર્ય છે તેને ઓછી અસર થાય છે, કારણ કે તે શક્તિ અંધકારમય અને મિશ્રિત લક્ષણોવાળી હોય છે.

*

દિવ્યબલ ગમે તે ભૂમિકા ઉપર કાર્ય કરી શકે છે — તે કેવળ અતિમનસ શક્તિથી મર્યાદિત નથી. અતિમાનસ એ પ્રભુની શક્તિનું ફક્ત એક પાસું જ છે.

*

પૂર્ણયોગનો જે સાધક અવૈયક્તિક બ્રહ્મ આગળ અટકી જાય છે તે પૂર્ણ યોગનો સાધક નથી. અવૈયક્તિક સાક્ષાત્કાર એ નીરવ આત્માનો સાક્ષાત્કાર છે, શુદ્ધ સત્નો, ચેતનાનો અને પરમાનંદનો – તેના પોતાનામાં અસ્તિત્વને ધારણ કરનાર સચેતન અને પરમાનંદ રૂપનું દર્શન નથી – તેથી તે નિર્વાણ તરફ દોરી જાય છે. પૂર્ણ યોગમાં આત્માનો સાક્ષાત્કાર અને અવૈયક્તિક સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર, ફક્ત એક પગથિયું છે, જો કે તે ઘણું અગત્યનું છે, અથવા તો પૂર્ણ જ્ઞાનનો એક ભાગ છે – તે શરૂઆત છે, નહિ કે ઉચ્ચતમ સાક્ષાત્કારનો છેડો.

*

શારીરિક ચેતનાની આ બધી લાગણીઓ તે પોતે પોતાની જાતે પ્રભુ તરફનું જે વલણ છે તે જ છે. તે છે એક પૂર્ણ નાસ્તિકતા અને અનુભૂતિ કરવાની અશક્તિ.

અવૈયક્તિક બ્રહ્મનું જ્ઞાન પોતે જ પૃથ્વી ઉપરની ભૌતિક હકીકતોને અસર કરતું નથી અથવા તેને કરવાની જરૂર પણ નથી. તે પોતાના સ્વરૂપમાં એક આત્મ-લક્ષી ફેરફાર ઉત્પન્ન કરે છે અને જો તે પૂર્ણ હોય તો તે સ્થૂલ અથવા અભૌતિક વસ્તુઓ તરફ એક નવીન દર્શન અને વળાંક રૂપ હોય છે. પરંતુ પરમાત્મા વિશેનું પૂર્ણ જ્ઞાન ભૌતિક વસ્તુઓમાં પણ ફેરફાર ઉત્પન્ન કરે છે, કારણ કે તે એક એવી શકિતને ઉત્પન્ન કરીને તેને કાર્ય કરતી કરે છે જે આ બધી સ્થૂલ વસ્તુઓને, તથા શારીરિક ચેતનાને નિરપેક્ષ, અજીત અને અપરિવર્તનીય લાગે છે તેના ઉપર પણ કાર્ય કરે છે.

*

શા માટે કોઈ વ્યકિત ( વિશ્વમય અને પરસ્પર પ્રભુને ) નક્કર રીતે પ્રેમ ન કરી ન શકે, અથવા તેની અનુભૂતિ ન કરી શકે ? ઘણા માણસોએ તે પ્રમાણે કરેલું છે. અને શા માટે એમ ધારી લો છો કે પ્રભુ અક્ષર, નીરવ અને તટસ્થ છે ? વિશ્વમય પ્રભુ વ્યકિતની એટલી જ નજીક આવી શકે જેટલા પ્રમાણમાં પોતાનો આત્મા અને પરાત્પર પ્રભુ તેની પોતાની નજીક હોય જેટલા પ્રમાણમાં સૌથી નજીક-નો મિત્ર અથવા પ્રેમી નજીક હોય. ફકત શારીરિક ચેતનામાં તેનો સાક્ષાત્કાર કરવાની મુશ્કેલી પડે.

વ્યકિતગત દેવત્વનો જૈનોને સાક્ષાત્કાર એ તેમની રીતે બરાબર છે – તેની ક્ષતિ એ છે તે બહુ વ્યકિતગત રીતનો અને એકાકી હોય છે.

*

મેં બીજા યોગોમાં શાંતિનું અવતરણ સાંભળ્યું નથી – મન શાંતિમાં ચાલ્યું જાય છે. તેમ છતાં જ્યારથી હું આરોહણ અને અવતરણ વિશે લખું છું ત્યારથી મને બધી દિશાઓમાંથી એમ કહેવામાં આવે છે કે આ યોગમાં કાંઈ પણ નવીન નથી – તેથી મને આશ્ચર્ય થાય છે કે લોકોને જાણ થયા સિવાય પણ આરોહણ-અવતરણ થતા નહિ હોય? અથવા તો તેમને તે પ્રક્રિયા જાણવામાં પણ નહિ આવતી હોય ? તે જાણે મસ્તક ઉપરથી ઊંચે ઊઠીને ત્યાં એક સ્થાન બનાવવા જેવું છે – જેનો મેં અને બીજાઓએ પણ આ યોગમાં અનુભવ કરેલો છે. જ્યારે મેં તેના વિશે

પ્રથમ વખત વાત કરેલી ત્યારે લોકો ટગર ટગર જોયા કરતા અને હું કોઈક અર્થહીન વાતો કરતો હોઉં એમ વિચારતા. પ્રાચીન યોગોમાં વિશાળતાનો અનુભવ થયો હશે, નહિ તો પછી વ્યકિતને વિશ્વની પોતાની અંદર અનુભૂતિ થાય નહિ અથવા શરીર ચેતનામાંથી મુક્ત થઈને ‘ અનાત્મન બ્રહ્મ ’ની સાથે ઐકય સાધી શકયા ન હોત. પરંતુ સામાન્યતયા જે રીતે તાંત્રિક યોગમાં કહેવાયું છે તે પ્રમાણે માણસ કહે છે કે ચેતના બ્રહ્મરંધ્રમાં મસ્તકની ટોચ ઉપર, શિખર ઉપર પહોંચી જાય છે. અલબત્ત, રાજયોગ સૌથી ઉત્તમ અનુભૂતિના સાધન તરીકે સમાધિ ઉપર ખૂબ ભાર મૂકે છે. પરંતુ સ્પષ્ટતયા જો માણસને જાગ્રત અવસ્થામાં ‘ બ્રહ્મ સ્થિતિ ’ ન થઈ હોય તો તે સાક્ષાત્કારમાં પૂર્ણતા નથી. ગીતા સ્પષ્ટ રીતે ‘ સમાહિત ’ની વાત કરે છે ( જે સમાધિમાં રહેવા બરાબર જ છે ). તેમ જ ‘ બ્રહ્મ સ્થિતિ ’નું એક જાગ્રત અવસ્થા તરીકે વર્ણન કરે છે જેમાં માણસ જીવન ધારણ કરે છે અને બધાં જ કર્મો ચાલુ રાખે છે.

*

મેં કાયમ તે પ્રમાણે જ વિચાર્યું છે. પ્રાચીન યોગો દ્વારા હું પોતે જ ચેતનાના અવતરણની અનુભૂતિઓની ગેરહાજરીને, એ પ્રકારની વર્ણવું છું કે તે યોગો ખાસ કરીને માનસશાસ્ત્રીય – આધ્યાત્મિક – ગુહ્ય અનુભૂતિઓની હારમાળામાં ખાસ કરીને મર્યાદિત છે – તેમાં ઊર્ધ્વતર અનુભૂતિઓ સ્થિર મનમાં અથવા કેન્દ્રીભૂત હૃદયમાં એક પ્રકારની ગરણીમાંથી પસાર થઈને આવે છે અથવા પ્રતિબિંબિત થયેલી હોય છે – આ અનુભૂતિનું ક્ષેત્ર બ્રહ્મરન્ધ્રમાંથી નીચે ઊતરીને આવે છે. લોકો આ વસ્તુઓથી ઊર્ધ્વમાં ફક્ત સમાધિમાં જ ગયેલા અથવા એવી અચલ ‘ મુકિત ’ની પરિસ્થિતિમાં પહોંચ્યા, જેમાં સક્રિય અવતરણ બિલકુલ નહોતું. જે કાંઈ સક્રિય હતું તે આધ્યાત્મિક – મનોમય અને પ્રાણિક – શારીરિક ચેતનાના પ્રદેશમાં બની આવતું. આ યોગમાં ચેતના ( મનોમય – આધ્યાત્મિક – ગુહ્ય અનુભૂતિનો અમુક જથ્થો, નિમ્ન પ્રકૃતિમાં તૈયાર થાય પછીથી જ ) ઊર્ધ્વમાં ચડે છે, અને બ્રહ્મરન્ધ્રથી ઉપરના એવા સ્તરોમાં જાય છે જે યોગ્ય આધ્યાત્મિક ચેતનાના સ્તરો છે, અને કેવળ ત્યાંથી જ શકિતને ગ્રહણ કરીને ત્યાં જ રહેવાને બદલે ત્યાંથી નિમ્ન ચેતનાને પૂરેપૂરી રૂપાંતરિત કરે છે. કારણ કે આધ્યાત્મિક ચેતનાની એક એવી સક્રિયતા હોય છે, જેનાં લક્ષણો પ્રકાશ, શકિત, આનંદ, શાંતિ, જ્ઞાન, અનંત વિશાળતા હોય છે અને તે વસ્તુઓને ધારણ કરવાની હોય છે અને સમગ્ર સ્વરૂપમાં નીચે ઉતારવાની હોય છે. નહિ તો પછી માનવી ‘ મુકિત ’ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ પૂર્ણતા અને રૂપાંતર પ્રાપ્ત કરી શકતો નથી ( સિવાય કે એક સાપેક્ષ મનોમય – આધ્યાત્મિક રૂપાંતર પ્રાપ્ત કરી શકે છે. ) પરંતુ જો હું તેવી વાત કરું તો મારી સામે માફ ન કરી શકાય એવો ઉહાપોહ થાય. લોકો એમ

કહે છે કે જે પ્રાચીન સંતો અને ઋષિઓ પાસે જ્ઞાન નહોતું તેવા જ્ઞાનની પ્રાપ્તિનો હું દાવો કરું છું, અને તે લોકોથી પણ ઊર્ધ્વમાં ચડયો હોઉં એવો દંભ કરું છું. તેના સંબંધમાં હું કહી શકું કે ઉપનિષદોમાં (ખાસ કરીને તૈત્તરિયમાં) આ ઉચ્ચતર ભૂમિકાઓ અને તેમના ગુણોનાં કેટલાંક સૂચનો છે તેમાં સમગ્ર ચેતનાનું સંવરણ કરીને તેમાં પહોંચી શકીએ એવી શકયતા છે. પરંતુ પાછળથી આ વાતની વિસ્મૃતિ થઈ ગઈ અને પછી લોકો બુદ્ધિને સૌથી ઉચ્ચ વસ્તુ તરીકે અને પુરુષ અને આત્મા તેનાથી થોડે ઊંચે જ છે એમ કહેવા લાગ્યા; પરંતુ આ ઉચ્ચતર ભૂમિકાઓનો તેમને સ્પષ્ટ ખ્યાલ નહોતો તેથી અજ્ઞેય અને અનિર્વચનીય સ્વર્ગોના પ્રદેશોમાં આરોહણ કરવું શકય છે પણ અવતરણ શકય નથી. એવું લોકો માનવા લાગ્યા – તેથી અહીં રૂપાંતરની કોઈ શકયતા નથી, કોઈ સ્રોત નથી. ફકત જીવનમાંથી નાસી છૂટવું અને ગોલોકમાં, બ્રહ્મલોકમાં અથવા શિવલોકમાં, અથવા નિરપેક્ષ બ્રહ્મમાં 'મુકિત' પ્રાપ્ત કરવાની તેઓ ઇચ્છા રાખતા.

*

એ પ્રમાણે બને છે કે લોકો ચેતનાનું અવતરણ પ્રાપ્ત કરી શકે છે અને તેમને ખ્યાલ પણ ન આવે કે તે અવતરણ છે, કારણ કે તેઓને ફકત પરિણામની જ અનુભૂતિ થાય છે. સામાન્ય યોગો આધ્યાત્મિક મનથી પર જતા નથી — લોકો મસ્તકની ટોચ ઉપર બ્રહ્મ સાથેનું મિલન અનુભવે છે. પરંતુ તેઓ મસ્તકથી ઉપરની ચેતના વિશે સભાન બનતા નથી. તે જ પ્રમાણે સામાન્ય યોગમાં નિમ્ન ચેતનાની (કુંડલિની) જાગૃતિ અને બ્રહ્મરંધ્ર તરફ ઊર્ધ્વગમન અનુભવે છે, જયાં પ્રકૃતિ બ્રહ્મ સાથે મિલન પામે છે; પરંતુ તેઓને અવતરણની અનુભૂતિ થતી નથી. કેટલાકને આ વસ્તુઓ પ્રાપ્ત થાય છે પરંતુ તેમને તેના ગુણ, સિદ્ધાંત અથવા સ્થાનની સાધનામાં જ્ઞાન પ્રાપ્ત થતું નથી. મેં તે વસ્તુઓને મારી પોતાની અનુભૂતિથી શોધી કાઢયું તે પહેલાં બીજાઓ પાસેથી તે વસ્તુઓ વિશે સાંભળ્યું પણ નથી કારણ કે પ્રાચીન યોગો જયારે આધ્યાત્મિક મન ઉપરથી સમાધિમાં ચાલ્યા જતા; અને આ ઊર્ધ્વતર ભૂમિકાએમાં સચેતન બનવા માટે તેઓ પ્રયત્ન કરતા નહિ – તેમનું લક્ષ્ય અતિચિતમાં ચાલ્યા જવાનું હતું. અને નહિ કે અતિચિતને જાગ્રત ચેતનામાં ઉતારી લાવવાનું, જયારે મારા યોગમાં યોગનું લક્ષ્ય તેને નીચે ઉતારી લાવવાનું છે.

*

વેદમાં કોઈ પણ વૈદિક દેવનો વ્યકિતગત પ્રાદુર્ભાવ કે અવતારનો ખ્યાલ કે અનુભૂતિ નથી. જયારે ઋષિઓ ઇન્દ્ર અથવા અગ્નિ અથવા સોમનું માનવ તરીકે

વર્ણન કરે છે ત્યારે તેઓ વિશ્વરૂપ હાજર રહેલા દેવનું અથવા શક્તિનું અથવા કાર્ય વિશે વાત કરે છે. જ્યારે તેઓ અગ્નિ વિશે વાત કરે છે તેમાં જ આ વસ્તુ સ્પષ્ટ થઈ જાય છે. તેઓ અગ્નિને મર્ત્યલોકમાં અમર, માનવીમાં રહેલો અમર્ત્ય પ્રકાશ, આંતરિક યોદ્ધો, માનવોમાં રહેલો અતિથિ કહે છે. તે જ પ્રમાણે ઇન્દ્ર અને સોમ વિશેનું વર્ણન છે. માનવમાં રહેલો દેવોનો આવાસ એટલે દિવ્ય શક્તિઓનું માનવ-પ્રકૃતિમાં થતું સર્જન – ઇન્દ્ર એટલે માનવમાં પ્રકૃતિમાં રહેલી પ્રકાશની શક્તિ અને સોમ એટલે આનંદની શક્તિ.

એ વસ્તુમાં શંકા નથી કે ઋષિઓ દેવોની સાક્ષાત્ હાજરી તેમનાથી ઊર્ધ્વમાં નજીક, ચારે બાજુ અથવા તેમના પોતાનામાં અનુભવતા; પરંતુ આ તો દરેકનો સામાન્ય અનુભવ હતો, ખાસ વિશિષ્ટ કે અંગત નહિ, કોઈ પ્રાદુર્ભાવ કે અવતાર નહિ. માણસ પરમાત્માની અથવા કોઈ દિવ્ય શક્તિની હાજરી, મસ્તકથી ઉપર યા હૃદયમાં અથવા કોઈ પણ કેન્દ્રમાં અનુભવી શકે અથવા જોઈ શકે; તેમની હાજરી અનુભવી શકે એટલું જ નહિ પરંતુ તેમનું જીવન-સ્વરૂપ ત્યાં રહેતું જોઈ શકે; વ્યક્તિ પોતાનાં કાર્યોમાં અથવા વિચારોમાં અથવા લાગણીઓમાં તેના દ્વારા શાસિત થઈ શકે: તેમાં પોતાનાં અલગ વ્યક્તિત્વને ખોઈ શકે, તાદાત્મ્ય સાધી શકે અને લય સાધી શકે.

પરંતુ તે બધું પ્રભુનો અથવા મહાશક્તિનો કોઈ અવતાર અથવા પ્રાદુર્ભાવ બની શકે નહિ. આ બધી વસ્તુઓ વૈશ્વિક અનુભૂતિઓ છે, જ્યાં કોઈ પણ યોગી પહોંચી શકે છે. પ્રભુની સાથે સંબંધ રાખીને આ સ્થિતિમાં પહોંચવું એ યોગનું સામાન્ય લક્ષ્ય છે.

અવતાર તેનાથી કોઈક વધારે છે, વ્યક્તિગત સ્વરૂપ માટે કાંઈક વિશિષ્ટ અને વ્યક્તિગત. દિવ્ય સ્વરૂપ દિવ્ય વ્યક્તિની અંદર પોતાનું માનવી તરીકે સ્થાપન કરે છે અને તેની દિવ્યતાનું બધી ગતિઓમાં પ્રસરણ થાય છે, જેથી કરીને બધા માનવીઓમાં એક અંગત સક્રિય ફેરફાર થાય છે અને સમગ્ર પ્રકૃતિમાં પણ ફેરફાર થાય છે; ફક્ત ચેતનાના લક્ષણમાં જ ફેરફાર નહિ અથવા તેના હાથમાં સમર્પણ નહિ, પરંતુ એક સૂક્ષ્મ નજીકનો વ્યક્તિગત ફેરફાર જ્યારે જન્મથી જ અવતાર થાય છે ત્યારે સંપૂર્ણ સચેતન (પ્રભુની) અવેજી હોય છે.

આ પ્રક્રિયા લાંબી, સૂક્ષ્મ અને ધીરજ માગતી પ્રક્રિયા છે. અવતાર લેનાર દિવ્ય વ્યક્તિ, એક પ્રભાવ તરીકે બીજી વસ્તુઓને છાયામાં ઢાંકી દે છે, પછી એક પછી એક કેન્દ્રમાં પ્રવેશ કરે છે, કેટલીક વખત એક જ રૂપમાં અથવા તો જુદાં

જુદાં સ્વરૂપોમાં અને પછીથી બધી પ્રકૃતિ અને કર્મોને હાથ ઉપર લઈ લે છે. તમે જે વસ્તુનું વર્ણન કરો છો તે આ પ્રક્રિયાને મળતી આવતી નથી; તે વસ્તુમાં દેવોનું, તમારી અંદર, વૈદિક અર્થ અને વૈદિક રીતે સ્થાપન કરવાનો પ્રયત્ન હોય એવું લાગે છે. જો તે સફળ થાય તો તેમની શક્તિઓ અને તેમની હાજરીની અનુભૂતિ તે વસ્તુ લાવી શકે; પરંતુ તે વસ્તુ અવતાર લાવી શકે નહિ. અવતાર નિર્મિત થયેલી વસ્તુ હોય છે, તે તમારે માટે પસંદ થયેલી વસ્તુ છે. માનવી પોતાના માટે, પોતાના અંગત સંકલ્પથી અવતારની પસંદગી અથવા સર્જન કરી શકે નહિ. તે માટે પ્રયત્ન કરવો એટલે આધ્યાત્મિક વિનાશને આમંત્રણ આપવું.

એક વસ્તુ કહેવી જ પડશે – આ યોગનો હેતુ અવતાર માટેનો નથી; આ હેતુ માટે તે વસ્તુ એક પરિસ્થિતિ અથવા સાધન છે. આપણું એક અને એકમાત્ર લક્ષ્ય છે આ જગતમાં અતિમાનસ ચેતના અને અતિમાનસ સત્યને નીચે ઉતારવું, આપણું લક્ષ્ય છે સત્ય, અને કેવળ સત્ય, સત્ય સિવાય બીજું કાંઈ પણ નહિ, અને જો આપણે સત્યને ધારણ કરી શકીએ નહિ, તો સો અવતારો થાય તો પણ પરવા નથી. પરંતુ સાચા અતિમાનસને નીચે ઉતારવું, અને બધા મનોમય મિશ્રણમાંથી મુક્ત થવું, એ સહેલી બાબત નથી. કેન્દ્રોમાં સૂર્યોનું કેવળ અવતરણ, અને સાતે સૂર્યોનું સાતે કેન્દ્રોમાં અવતરણ, એ ફક્ત બીજ છે; તે વસ્તુ પોતે આપોઆપ બની આવશે અને પૂર્ણ થશે નહિ. વ્યક્તિને સૂર્યોના અવતરણની અનુભૂતિ થાય, વ્યક્તિ પોતે પ્રયત્ન પણ કરે, એક અવતારની શરૂઆત કરે અને તેમ છતાં અંતે તેની પ્રકૃતિમાં કોઈ ક્ષતિ હોય અથવા કસોટીઓમાંથી પસાર થવામાં તે નિષ્ફળ જાય, અને પૂર્ણ આધ્યાત્મિક સફળતાની બધી સખત શરતોનું સંતોષપૂર્વક પાલન ન કરી શકે તો માનવી છેવટે નિષ્ફળ જાય. કેવળ અજ્ઞાની માનવીનું સમગ્ર મનોમય, પ્રાણમય અને શારીરિક પ્રકૃત્તિ ઉપર વિજય મેળવીને રૂપાંતર કરવાનું છે, એટલું જ નહિ, પરંતુ માનવીની અને અતિમાનસ ચેતનાની વચ્ચે રહેલી ત્રણે મનોમય ચેતનાના સ્તરો જે વચ્ચે આવેલા છે તેમાં પણ રૂપાંતર સાધવાનું છે. અને બધી જ મનોમય ચેતનાનામાં બને છે તે પ્રમાણે અતિમનસ મહાન અને મુખ્ય ભૂલોને આવકારવામાં શક્તિમાન છે. જ્યાં સુધી અતિમાનસ અસર, પ્રકાશ, શક્તિ અને આનંદમાં અવતરતો હોય, પરંતુ અતિમાનસ સત્યને ધારણ કરીને તેનું સંગઠન કરી સમગ્ર પ્રકૃતિના કાબૂ નીચે મૂકી શકાય નહિ, તેની પહેલાં કોઈએ એવો વિચાર ન કરવો જોઈએ કે તેનામાં અતિમાનસ છે, કારણ કે તે એક એવો ભ્રમ છે જે સિદ્ધિને અટકાવી દે છે.

એક વસ્તુ વધારે. જેમ જેમ અનુભૂતિઓ વધારે તીવ્ર બનતી જાય, ઊર્ધ્વ

બળો વધુ પ્રમાણુમાં ઊતરે, તેમ તેમ સ્ખલન અને ભૂલની શકયતાઓ વધારે બનતી જાય કારણ કે તીવ્રતા અને શકિતની ઊંચાઈ નિમ્ન પ્રકૃતિની ગતિઓને ઉશ્કેરે છે અને વધારે છે; અને તેની અંદર પૂર્ણ બળથી વિરોધી શકિતઓનું ઉત્થાન કરે છે. પરંતુ ઘણે ભાગે તેઓ સત્યનો બુરખો ધારણ કરે છે અથવા મનને રુચિ આપે એવા ન્યાયી કારણો બતાવી આપે છે – ખૂબ ધીરજ, સ્થિરતા, નમનીયતા, સમતુલા, અવૈયકિતક તટસ્થ અને અહંકાર તથા માનવ કામનાની છાયા વગરની સચ્ચાઈની, ખાસ જરૂર છે. પોતાના કોઈ પણ વિચાર માટે, કોઈ પણ અનુભૂતિ માટે, કોઈ પણ કલ્પના માટે અથવા મનોમય રચના કે પ્રાણુની માગણી માટે, કોઈ પણ આસકિત ન હોવી જોઈએ. તે બધી વસ્તુઓ ગમે તેટલી ન્યાયી અથવા વાજબી લાગતી હોય, છતાં તે વસ્તુઓને શોધી કાઢવા માટે વિવેકનો પ્રકાશ સતત હાજર હોવો જોઈએ, નહિ તો પછી પ્રકૃતિની અંદર સત્યને પોતાની વિશુદ્ધિમાં પોતાની જાતનું સ્થાપન કરવા માટે કોઈ તક રહેશે નહિ.

*

આ વર્ણનમાં જે પદ્ધતિઓનું વર્ણન કરેલું છે તે જ્ઞાનયોગની સુંદર રીતે પ્રસ્થાપિત થયેલી પદ્ધતિની રીતો છે: (૧) એક બિંદુએ એકાગ્રતા અને તેના પછી વિચારોને અટકાવી દેવા, (૨) મન, પ્રાણુ અને શરીરમાંથી સાચા આત્માને અલગ પાડી તેનો ભેદ પાડી શોધી કાઢવાની પદ્ધતિ અને તેની પાછળ રહેલો શુદ્ધ "હું" શોધી કાઢવો; આ વસ્તુ પણ બિનંગત આત્મતત્ત્વમાં અદશ્ય થઈ જાય છે. તેના સામાન્ય પરિણામ રૂપે આત્મા અથવા બ્રહ્મમાં ભળી જવાય – આને વિજ્ઞાનમય પુરુષ ( overself ) તરીકે માણુસ અર્થ ધારી લે કારણુ કે તે વસ્તુ સાચો પરાઆત્મા છે. આ બ્રહ્મ અથવા આત્મા સર્વ વ્યાપી છે, સર્વ વસ્તુઓ તેનામાં છે, તે પોતે સર્વમાં છે, પરંતુ બધામાં તેમ જ દરેકમાં એક વ્યકિતરૂપે નથી પરંતુ દરેકમાં સમાનરૂપે છે — જેવી રીતે દરેકમાં 'ઈથર' આવેલું છે તેવી રીતે. જ્યારે પરાઆત્મતત્ત્વમાં ( બ્રહ્મમાં ) પૂર્ણ રીતે લય પામી જવાય ત્યારે અહંકાર રહેતો નથી. તેમ જ કોઈ સ્વરૂપ ધારણુ કરેલ અલગ વ્યકિત અથવા વ્યકિતત્વ રહેતું નથી. બધું જ અભેદ અથવા અવિભાજ્ય એવી એકતા હોય છે, જે બધી રચનાઓમાંથી મુક્ત હોય છે, અથવા બધી રચનાઓને પોતાનામાં ધારણુ કરે છે અને તેને પોતાને કોઈ અસર થતી નથી; વ્યકિત ગમે તે કોઈ રીતે તેનો સાક્ષાત્કાર કરી શકે છે; એક એવો સાક્ષાત્કાર હોય છે જેમાં બધી વસ્તુઓ આત્મામાં ગતિ કરે છે અને આ આત્મા સર્વ ભૂતમાત્રમાં અચલ હોય છે; એક બીજો અને વધારે સંપૂર્ણ

અનુભવ હોય છે જેમાં તે પ્રમાણે છે એટલું જ નહિ, પરંતુ બધાનો સ્પષ્ટ સાક્ષાત્કાર આત્મા તરીકે, બ્રહ્મ, પરમાત્મા તરીકે થાય છે. પ્રથમ પ્રકારમાં સર્વ ભૂતમાત્રનો માયાના સર્જન તરીકે, નિકાલ કરી શકાય છે, અને કેવળ આત્મા સાચા તત્ત્વ તરીકે બાકી રહે છે – બીજી અનુભૂતિમાં તે બધાને આત્માના સાચા આવિર્ભાવ તરીકે જાણવા એ વધારે સહેલું છે, નહિ કે માયા તરીકે. પરંતુ વ્યક્તિ બધા પ્રાણીઓને અંતરાત્મા તરીકે ગણી શકે, શાશ્વત પ્રકૃતિમાં રહેલી સ્વતંત્ર વાસ્તવિકતાઓ, પરંતુ પરમાત્મા પર આધારિત-વેદાન્ત જેને વિશે પરિચિત હતું તે વિજ્ઞાનમય પુરુષના આ પ્રકારના લાક્ષણિક સાક્ષાત્કારો હતા. પરંતુ બીજી રીતે તમે એમ કહો કે આ વિજ્ઞાનમય પુરુષ હૃદય–કેન્દ્રમાં નિવાસ કરતો અનુભવાય છે, અને તેનું એ પ્રકારનું વર્ણન કરવામાં આવ્યું છે કે તે ગુપ્ત છે અને જ્યારે તે આવિર્ભાવ પામે છે ત્યારે સાચો ચિંતક, સર્વ કાર્યોનું મૂળ હોય છે, પણ આ સ્થિતિમાં વિચારો અને કાર્યને સત્યમાં દોરે છે. હવે પહેલું વર્ણન હૃદયમાં રહેલા પુરુષનું વર્ણન છે, જેનો ગીતાએ હૃદયમાં બિરાજેલા ઈશ્વર તરીકે વર્ણન કરેલું છે, અને ઉપનિષદોએ પુરુષ અંતરાત્મા તરીકે; બીજો મનોમય પુરુષને લાગુ પડે છે — ઉપનિષદોનો મનોમય : પ્રાણ શરીર નેતા; મનોમય પુરુષ અથવા પ્રાણ અને શરીરને દોરવણી આપતો પુરુષ. એટલે તમારો પ્રશ્ન એવા પ્રકારનો છે જે તમે આપેલી હકીકત આ બધી અનુભૂતિઓની સાથે સંબંધ ધરાવે છે અને સ્વીકારે છે, પરંતુ તે બધી અનુભૂતિઓને યોગ્ય રીતનો ભેદ અથવા ક્રમિકતામાં ગોઠવ્યા સિવાય અથવા એકમેવ સત્ તત્ત્વનાં જુદાં જુદાં પાસાંઓ વચ્ચેનો ભેદ વિચાર્યા સિવાય તમે એકબીજાને સાંકળી લીધેલાં છે. પરમ તત્ત્વને પહોંચવા માટે અથવા તેનો સાક્ષાત્કાર કરવા માટે હજારો માર્ગ છે અને તે દરેકને પોતાની અનુભૂતિઓ હોય છે.

તે અનુભૂતિઓને પોતપોતાનાં સત્યો હોય છે અને એક જ સારતત્ત્વના પાયા ઉપર સાચી સ્થિતિ ધરાવે છે પરંતુ તેમનાં પાસાંઓમાં જટિલ હોય છે અને બધા માટે સામાન્ય હોવા છતાં બધાં જ તેને એક જ રીતે અભિવ્યક્ત કરતાં નથી. આ બધા ભેદભાવો વિશે ચર્ચા કરવાનો બહુ ઉપયોગ નથી. અગત્યની વસ્તુ છે પોતાના માર્ગનું સારી રીતે અનુસરણ કરવું આ યોગમાં વ્યક્તિને ચૈત્ય પુરુષની અનુભૂતિ એક પરમાત્માના અંશ તરીકે થાય છે. પરમાત્મા હૃદયમાં બેઠેલો હોય છે અને પરમાત્મા પોતે જ ચૈત્ય પુરુષને ટેકો આપે છે – આ ચૈત્ય પુરુષ સાધનાને પોતાના હાથ ઉપર લે છે અને સમગ્ર સ્વરૂપને સત્ય તરફ; પ્રભુ પ્રત્યે વાળે છે અને તેનાં પરિણામો મનમાં, પ્રાણમાં અને શારીરિક ચેતનામાં પ્રત્યક્ષ થાય છે. અને મારે તે વિશે અહીં કહેવાની જરૂર નથી – પરંતુ તે પ્રથમ રૂપાંતર છે. પાછળથી આપણને

એક આત્મતત્ત્વ, બ્રહ્મ, પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. પ્રથમ તો શરીર પ્રાણ અને મનથી ઉપરના ભાગમાં, અને તે હૃદયની અંદર જ તેમને ટેકો આપતો હોય એ પ્રકારે નહિ — તેનો ઊર્ધ્વમાં રહેલા તત્ત્વ તરીકે, મુક્ત અને અનાસક્ત તરીકે, સર્વમાં સ્થિત — અક્ષર બ્રહ્મ તરીકે, તેમ જ સક્રિય દિવ્ય પરમાત્મા અને શકિત ઈશ્વર-શકિત, તરીકે સક્રિય રીતનો અનુભવ થાય છે; તે જગતને પોતાનામાં ધારણ કરે છે, અને તેમાં વ્યાપી રહેલો હોય છે, તેમ જ તેનાથી પણ પરાત્પર હોય છે અને સર્વ વિશ્વમય પાસાંઓનો આવિર્ભાવ કરતો હોય છે. પરંતુ આપણા માટે સૌથી અગત્યની બાબત એ છે કે તે પોતે એક પરાત્પર પ્રકાશ, જ્ઞાન, શક્તિ, વિશુદ્ધિ, શાંતિ અને આનંદ તરીકે આવિર્ભાવ પામે છે, અને આપણે તેમના વિશે સચેતન બનીએ છીએ અને તે સ્વરૂપમાં અવતરણ કરે છે અને સામાન્ય ચેતનાને બદલે ક્રમિક રીતે પોતાની ગતિઓથી તેને ભરી દે છે — આ બીજું રૂપાંતર છે.

આપણે એમ પણ સાક્ષાત્કાર કરીએ છીએ કે ચેતના ઊર્ધ્વમાં ગતિ કરે છે, અને ઘણી ભૂમિકાઓ પસાર કરીને, શારીરિક, પ્રાણમય, મનોમય, અતિમનસ અને આનંદમય ભૂમિકામાં જાય છે. આ કોઈ નવીન વસ્તુ નથી. તૈત્તિરિય ઉપનિષદમાં એવો નિર્દેશ થયેલો છે કે પાંચ પુરુષો છે. શારીરિક, પ્રાણિક, મનોમય પુરુષ અને સત્ય પુરુષ ( અતિમનસ ) અને આનંદમય પુરુષ; તે એમ કહે છે કે વ્યક્તિએ શારીરિક આત્માને પ્રાણમય આત્મામાં ખેંચી લેવો પડે છે, પ્રાણમયને મનોમયમાં, મનોમયને સત્ય આત્મામાં, સત્યાત્માને આનંદાત્મામાં, અને આ રીતે પૂર્ણતા પ્રાપ્ત થાય છે. પરંતુ આ યોગમાં આપણે આ ઊંચે લઈ જવાની પ્રક્રિયા વિશે જ સભાન બનવાનું નથી. પરંતુ ઊર્ધ્વતર આત્માની શક્તિને નીચે વરસાવવાનું પણ અનુભવીએ છીએ. તેથી કરીને અતિમનસ સત્ અને પ્રકૃતિના અવતરણની શકયતા થાય છે, જેથી કરીને આપણી હાલની પ્રકૃતિ ઉપર તે સ્વામીત્વ ધારણ કરીને તેનામાં પરિવર્તન કરે છે અને અવિદ્યા-પ્રકૃતિને સત્યજ્ઞાનમાં પલટી નાખે છે. અને અતિમાનસ મારફતે તે પ્રકૃતિને આનંદની પ્રકૃતિમાં ફેરવી નાખે છે — આ ત્રીજું અથવા અતિમાનસ રૂપાંતર છે.

તે કાયમ આ જ ક્રમમાં થતું નથી કારણ કે ઘણા માણસોમાં ચૈત્યપુરુષ હવાલો લે તે પહેલાં આધ્યાત્મિક અવતરણ પ્રથમ અપૂર્ણ રીતે થાય છે, પરંતુ એક પૂર્ણ અને વિઘ્ન રહિત આધ્યાત્મિક અવતરણ શકય બને તે પહેલાં ચૈતસિક વિકાસ પ્રાપ્ત કરવો જ પડે છે અને જ્યાં સુધી પ્રથમ બે રૂપાંતરો પૂર્ણ થયાં ન હોય ત્યાં સુધી અતિમાનસ રૂપાંતર અશકય છે. આ સમગ્ર વસ્તુને શકય એટલી ટૂંકાણમાં મૂકેલી છે.

*

તમે મારી પાસે જે સમજવા માગો છો તેના માટે એક પત્ર નહિ પરંતુ એક પુસ્તક લખવું પડે – કારણ કે લોકો આ વિશે ઘણું ઓછું જાણે છે. તેઓ કાંઈ પત્ર સમજશે નહિ અથવા ખોટી રીતે સમજશે. હું ધારું છું કે કોઈક દિવસ હું કાંઈક લખીશ પરંતુ અત્યારે વાત કરવી અતિમનસને પસંદ નહિ પડે. આધ્યાત્મિક રૂપાંતર વિશે કહેવું શકય છે અને હું મારો પત્ર તે મુદ્દા ઉપર પૂરો કરીશ.

મારે 'મ' ના સાક્ષાત્કારના પ્રશ્નોમાં વધારે ઊંડા ઊતરવું નથી. મેં કહ્યું છે તે પ્રમાણે સરખામણીઓ કરવાથી કોઈ ફાયદો નથી; દરેક માર્ગનો પોતાનો હેતુ, દિશા અને પદ્ધતિ હોય છે અને એકનું સત્ય બીજાના સત્યની સાથે અનુરૂપ બેસતું નથી. પરમાત્મા ( અથવા તમને પસંદ હોય તો આત્મા ) નાં ઘણાં ઘણાં પાસાંઓ છે અને તેમનો સાક્ષાત્કાર ઘણી રીતે થાય છે – આ બધા તફાવતો વિશે ચર્ચા કરવી એનો કોઈ અર્થ કે ઉપયોગ નથી.

'રૂપાંતર' એક એવો શબ્દ છે, જેનો મેં પોતે જ ઉપયોગ કર્યો છે. (અતિમાનસની જેમ ) અને તે પૂર્ણયોગના આધ્યાત્મિક ખ્યાલો અને આધ્યાત્મિક હકીકતોને અભિવ્યકત કરે છે. લોકોએ હવે તે શબ્દોને ઉપાડી લીધા છે અને જે સૂચિત અર્થ મેં મૂકયો છે તેની સાથે કોઈ પણ સંબંધ વગર તેમનો ઉપયોગ કરે છે. રૂપાંતર એટલે 'આત્મા'ની અસરથી પ્રકૃતિની વિશુદ્ધિ એવો અર્થ હું કરતો નથી; વિશુદ્ધિ એ ચૈતસિક ફેરફાર અથવા ચૈતસિક – આધ્યાત્મિક ફેરફાર છે – આ ઉપરાંત તે શબ્દોના ઘણા અર્થો થાય છે, અને ઘણી વખત તેનો નૈતિક અથવા બોધપ્રદ અર્થ આપવામાં આવે છે; જે મારા હેતુથી ભિન્ન છે. હું આધ્યાત્મિક રૂપાંતર એવા અર્થમાં કહું છું કે તેમાં કાંઈક સક્રિય છે. ( કેવળ આત્માની મુકિત અથવા એકમેવનો સાક્ષાત્કાર નહિ અને તે તો કોઈ પણ જાતના ચેતનાના અવતરણ સિવાય પણ બની શકે છે ) તે વસ્તુના સ્વરૂપના દરેક ભાગમાં છેક અવચેતન સુધી એક સક્રિય તેમજ અક્રિય આધ્યાત્મિક ચેતનાને ધારણ કરવાની છે. તે વસ્તુ આત્માની અસરથી બની આવતી નથી પરંતુ તેમાં જેવી ચેતના હોય છે તે મૂળભૂત રીતે તેવી જ રહે છે, ફકત તેમાં વિશુદ્ધિ આવે છે. મનમાં અને હૃદયમાં પ્રકાશ થાય છે અને મનમાં વિશ્રાંતિ. તેનો અર્થ કે એક દિવ્ય સક્રિય અને અક્રિય ચેતનાને આ બધા ભાગોમાં નીચે અવતરણ કરાવવાનું છે, અને હાલની ચેતનાની જગાએ તે ચેતનાનું સ્થાપન કરવાનું છે. આ વસ્તુ મન, પ્રાણ અને શરીરથી ઊર્ધ્વમાં અનાવરિત અને અમિશ્ર હોય છે. ઘણા માનવીઓ એક વસ્તુનો ઇન્કાર નહિ કરે કે આ ચેતનાની અનુભૂતિ નીચે ઊતરી શકે છે. અને મારો

અનુભવ છે કે આ પૂર્ણ અવતરણથી ઓછી કોઈ પણ વસ્તુ આ બુરખાને અને મિશ્રણને પૂર્ણ રીતે હઠાવીને, પૂર્ણ આધ્યાત્મિક રૂપાંતર સાધી શકાશે નહિ. હવામાં કરેલી કોઈ પણ તત્ત્વજ્ઞાનની ને બુદ્ધિની તાર્કિક દલીલો કે 'આત્માએ' શું **કરવું જ જોઈએ** અથવા કરી શકે અથવા કરવાની જરૂર છે યા તો કરવાની જરૂર નથી તે વસ્તુને આની સાથે કોઈ સંબંધ નથી યા તો તેની કોઈ કિંમત નથી. હું વધારામાં કહી શકું કે રૂપાંતર બીજા માર્ગોનું કેન્દ્રવર્તી ધ્યેય નથી, જે રીતે આ યોગનું છે – તે માર્ગોમાં તે ફક્ત એટલી જ વિશુદ્ધિ અને પરિવર્તનની માગણી કરવામાં આવે છે જેટલી મોક્ષ તરફ અને જીવનથી – પર રહેલી વસ્તુઓ તરફ દોરવા માટે જરૂરી હોય. આત્માનો પ્રભાવ સમગ્ર પ્રકૃતિમાં છેક ઉપરથી તળિયા સુધી એક નવીન ચેતનાનું પૂર્ણ અવતરણ શંકા વગર કરી શકે પરંતુ અહીંના જીવન માટે રૂપાંતર કરવાની બિલકુલ જરૂર નથી કારણ કે તેમાં જીવનમાંથી આધ્યાત્મિક રીતે મુક્ત થઈ જવાનું છે.

*

ઉપનિષદોમાં જે હૃદયની વાત કરી છે તે આપણું શારીરિક હૃદયનું કેન્દ્ર છે; તંત્રમાર્ગમાં તે હૃદ્પદ્મ છે. સૂક્ષ્મ કેન્દ્ર તરીકે, ચક્ર તરીકે, એમ માનવામાં આવે છે કે તેની ટોચ કરોડ ઉપર છે અને તે આગળ જતાં પહોળું થાય છે. આ જગામાં કોઈ એકને અથવા બીજાને બરાબર કઈ જગાએ અનુભૂતિ થાય છે તેની બહુ અગત્ય નથી; તેની ત્યાં અનુભૂતિ કરવી અને તેના દ્વારા સંચાલિત થવું એ મુખ્ય અગત્યની વસ્તુ છે. 'મ' ને કયો સાક્ષાત્કાર થયો તે હું કહી શકું નહિ – પરંતુ જે વસ્તુનું આત્મા તરીકે વર્ણન કરેલું છે તે ખરેખર આ પુરુષ અંતરાત્મા છે. પરંતુ અહીં તેનો સંબંધ મુક્તિ સાથે અને મુક્ત કર્મ સાથે છે, નહિ કે પ્રકૃતિના રૂપાંતર સાથે. ચૈતસિક સાક્ષાત્કારથી પ્રકૃતિમાં એક ચૈતસિક ફેરફાર થાય છે જે તેને વિશુદ્ધ કરે છે અને પ્રભુ તરફ સંપૂર્ણ રીતે દોરે છે. તેની પછી અથવા તેની સાથે સાથે એક વિશ્વાત્માની અનુભૂતિ આવે છે. પ્રાચીન યોગો આ બે વસ્તુઓને ધારણ કરતા હતા અને તેમની મારફતે તેઓ મોક્ષમાં અથવા નિર્માણમાં ચાલ્યા જતા અથવા તો તેઓ કોઈ સ્વર્ગીય પરાત્પર વસ્તુમાં ચાલ્યા જતા. અહીં જે યોગ કરવામાં આવે છે તેમાં મુક્તિ અને પરાત્પરતા બન્નેનો સમાવેશ થાય છે, પરંતુ તે મુક્તિ અથવા કોઈ નિર્વાણ આવે તો તેને પ્રથમ પગલાં તરીકે સ્વીકારે છે, અને નહિ કે સિદ્ધિના અંતિમ પગથિયા તરીકે. જે કોઈ પ્રકારનું તેનું પરાત્પર પ્રત્યેનું બહિર્ગમન થાય છે તે એક આરોહણ હોય છે પરંતુ તેની સાથે સાથે તેણે પ્રાપ્ત કરેલી

એક શકિત, પ્રકાશ અને ચેતનાનું તે અવતરણ કરે છે અને અહીં આ પૃથ્વી ઉપર તે અવતરણ થયું હોય તેનાથી આધ્યાત્મિક અને અતિમાનસ રૂપાંતર સિદ્ધ થાય છે. 'મ'ના વિચારોમાં આ વસ્તુની કબૂલાત નથી; તે અવતરણને નિરર્થક અને તાર્કિક રીતે અશકય વસ્તુ માને છે. "પરમાત્મા અહીં છે, તે કઈ જગાએથી અવતરણ પામશે ?" આ તેની દલીલ છે. પરંતુ પ્રભુ સર્વવ્યાપી છે, તે ઊર્ધ્વમાં તેમ જ અંતરમાં પણ છે, તેનાં ઘણાં નિવાસસ્થાનો છે, તેની શકિતના ધનુષ્યને ઘણી દોરીઓ બાંધેલી છે, તેની સક્રિય ચેતનાની ઘણી ભૂમિકાઓ છે અને તે દરેક ભૂમિકાનું પોતાનું તેજસ અને બળ હોય છે. તે પોતાના હૃદયના સ્થાનમાં જ કેદ નથી અથવા મનોમય – આધ્યાત્મિક સાક્ષાત્કારના કોઈ એકમાત્ર શબ્દમાં પુરાયેલો નથી. તેનું હૃદય અને મનનાં કેન્દ્રો કરતાં પણ ઉપર અતિમનસમાં સ્થાન છે અને તેનો પોતાનો સંકલ્પ હોય તો તે ત્યાંથી નીચે પણ અવતરણ કરી શકે છે.

*

મને લાગે છે કે રામતીર્થના સાક્ષાત્કારો બીજી કોઈ વસ્તુ કરતાં વધારે મનોમય હતા. તેમનું ઊર્ધ્વતર મન ખુલ્લું થયેલું અને ત્યાં તેમને વિશ્વાત્માની અનુભૂતિ થયેલી, પરંતુ તેમાં મને રૂપાંતરિત થયેલા મન અને પ્રાણની કોઈ સાબિતી મળતી નથી. જ્ઞાનયોગનું પરિણામ અથવા લક્ષ્ય તે પ્રકારના રૂપાંતરનું નથી. જ્ઞાનયોગનો સાક્ષાત્કાર થાય ત્યારે માણસને એવી અનુભૂતિ થાય છે કે તે કોઈ નીરવ, નિરાકાર અને વિશ્વમય (તેને આત્મા પણ કહેવાય છે) બૃહદ્‌માં જીવન ધારણ કરે છે અને બાકીનું સર્વ કેવળ રૂપો અને નામો દેખાય છે; આત્મા સાચી વાસ્તવિકતા છે, બીજું કાંઈ નહિ. "મારા પોતાના આત્માનો બીજાં રૂપો"માં સાક્ષાત્કાર થવો એ આ વસ્તુનો એક ભાગ છે અથવા તેના તરફનું પગલું છે, પરંતુ પૂર્ણ સાક્ષાત્કારમાં "મારું" ખરી પડવું જોઈએ જેથી કરીને **એકમાત્ર** આત્મા જ અથવા કેવળ બ્રહ્મ બાકી રહે; કારણ કે આત્મા બ્રહ્મનું કેવળ સ્વલક્ષી પાસું છે, જેવી રીતે ઈશ્વર તેનું પરલક્ષી પાસું છે. તે વેદાન્તનું 'જ્ઞાન' છે. તેનું પરિણામ શાંતિ, નીરવતા અને મુક્તિમાં આવે છે. જ્ઞાનયોગ પોતાની સમક્ષ સક્રિય પ્રકૃતિ (મન, પ્રાણ અને શરીર)નું રૂપાંતર કરવાનું લક્ષ્ય રાખતો નથી — તેનો તેને કોઈ ઉપયોગ નથી કારણ કે જ્યારે મુક્તિ પ્રાપ્ત થશે ત્યારે તે પ્રકૃતિ મૃત્યુ સમયે નાશ પામવાની છે એવો તેમાં ખ્યાલ રહેલો છે. ફક્ત એટલા ફેરફારની જરૂર છે કે 'અહંકાર'નો ખ્યાલ નાશ પામવો જોઈએ અને પરમ આત્મા બ્રહ્મનો જ સાચી વાસ્તવિક વસ્તુ તરીકેનો સાક્ષાત્કાર થવો જોઈએ.

*

મેં 'ર'નાં લખાણો વાંચ્યાં નથી તેમજ તેના વ્યકિતત્વ વિશે મને જાણ નથી અથવા તેનામાં કઈ ભૂમિકાની અનુભૂતિ છે તે પણ હું જાણતો નથી. તમે જે શબ્દોનું, તેનાં લખાણનું અવતરણ કરેલું છે તે કદાચ અનેક દેવદેવીઓ વિશે સાચી શ્રદ્ધાપૂર્ણ અનુભૂતિઓ હોઈ શકે; એ સ્પષ્ટ છે કે જો તેઓ એવો સિદ્ધાંત પ્રતિપાદન કરવા માગતા હોય કે પ્રભુ સર્વત્ર છે અને સર્વ વસ્તુઓ છે અને તેથી બધું જ શુભ અને દિવ્ય છે તો તે હેતુ માટે ઘણું અપૂરતું છે. પરંતુ વેદાન્તની સાધનામાં આ વસ્તુની અનુભૂતિ અથવા સાક્ષાત્કાર એ સર્વ-સામાન્ય છે. — હકીકતમાં તે અનુભૂતિ વગર, વેદાન્તની સાધના થઈ શકે નહિ. મને પોતાને ચેતનાની કેટલીક વિવિધ ભૂમિકાઓ ઉપર અસંખ્ય રૂપોમાં આ રીતની અનુભૂતિ થયેલી, અને મને કેટલાય કોડીબંધ માણસો મળેલા છે જેમને ખરેખર આ વસ્તુઓ પ્રાપ્ત થયેલી — કેવળ બૌદ્ધિક રીતના સિદ્ધાંત અથવા દર્શન નહિ. પરંતુ એક આધ્યાત્મિક વાસ્તવિકતા માફક અને એટલી બધી નક્કર રીતની કે સામાન્ય બુદ્ધિને તેમાં ગમે તેટલાં વિરોધાભાસી તત્ત્વો લાગે છતાં તેઓ તેમનો ઇન્કાર કરી શકે નહિ.

અલબત્ત, તેનો અર્થ એવો નથી કે અહીં રહેલું બધું જ શુભ છે અથવા તે પ્રકારની કિંમત આકારવામાં એક વેશ્યાગૃહ એ એક આશ્રમ જેટલો જ પવિત્ર છે; પરંતુ તેનો અર્થ એવો છે કે સર્વ વસ્તુઓ એકમેવના ભાગ તરીકે છે અને એક વેશ્યાના આંતર હૃદયમાં તેમજ એક સંતપુરુષના અથવા પવિત્ર માણસના આંતર-હૃદયમાં, પ્રભુ બિરાજમાન છે. તે ઉપરાંત એ અનુભૂતિમાં એક એવી શક્તિ છે જે જગતમાં શુભ તેમજ અશુભ તરીકે કાર્ય કરી રહી છે, આશ્રમની સફળતામાં (અને નિષ્ફળતામાં પણ). એક શકિતના ઉપયોગ દ્વારા આ જગતમાં વસ્તુઓ બની રહેલી છે, જો કે તે ઉપયોગ કરનારની પ્રકૃતિ અનુસાર બને છે. એક વ્યક્તિ તેનો ઉપયોગ પ્રકાશનાં કાર્યો માટે કરે છે, બીજી વ્યકિત અંધકારનાં કાર્યો માટે, અને તેનાથી બીજાં બન્નેનાં મિશ્રણયુકત કાર્યો માટે. હું ધારતો નથી કે કોઈ પણ વેદાન્તી (સિવાય કેટલાક આધુનિક) એવા વિચારો ધરાવે કે અહીં બધું શુભ છે, — ચુસ્ત વેદાન્તનો ખ્યાલ એવો છે કે અહીં રહેલી બધી જ વસ્તુઓ શુભ અને અશુભનું મિશ્રણ છે, અવિદ્યાની લીલા, અને તેથી કરીને દ્વંદ્વોની લીલા છે. ખ્રિસ્તી મિશનરીઓ, હું ધારું છું કે એમ માને છે કે પ્રભુ જે કાંઈ કરે છે તે બધું જ નૈતિક દૃષ્ટિબિંદુથી સારું છે, તેથી તાઓના પાદરીઓ વેશ્યાગૃહોને તેમની વિધિઓથી મદદ કરે છે એ જોઈને ખ્રિસ્તીઓ આઘાત પામે છે. પરંતુ ક્રિશ્ચિયન પાદરીઓએ યુદ્ધમાં માનવીઓના વિનાશ માટે પ્રભુની મદદનું આહ્વાન કરેલું નથી? અને તેમાંના કેટલાકે 'Te Deums'નું ગાન માનવીઓની સામૂહિક કતલ ઉપર અને

સ્ત્રીઓ તથા બાળકોના ભૂખમરા ઉપર કર્યું નથી? તાઓ-વાદી જે કેવળ અવૈયકિતકતામાં માને છે તે વધારે સાતત્યવાળો છે અને વેદાન્તવાદી જે એમ માને છે કે પરમાત્મા શુભ અને અશુભની પર છે, પરંતુ વિશ્વમય શકિતને પરમાત્માએ અહીં મૂકી છે અને તે દ્વંદ્વો દ્વારા કાર્ય કરે છે તેથી બન્ને શુભ અને અશુભ તથા આનંદ અને દુઃખ મારફતે કાર્ય કરે છે એવો એક સિદ્ધાંત છે. તે પરમાત્માની દ્વિવિધ હકીકત માટે કાંઈક સમજૂતી આપે છે. પરમાત્મા સર્વ પ્રકાશ, સર્વઆનંદ અને સર્વ સૌંદર્ય છે અને જગત તો પ્રકાશ અને અંધકારનું, આનંદ અને દુઃખનું, સારા અને કઢંગાનું મિશ્રણ છે. વેદાન્ત કહે છે કે જ્યાં સુધી તમે વિભકત કરતી અવિદ્યાને સ્વીકારો છો, ત્યાં સુધી જ વિભકત અવિદ્યા દ્વારા દ્વંદ્વો ઉત્પન્ન થાય છે, અને તમે તેમાંથી મુકત થઈ શકો નહિ. પરંતુ તમે અનુભૂતિમાં તેમાંથી પાછા ખસી જાઓ એ શકય છે. અને સર્વમાં પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટે તથા પ્રભુનો સર્વત્ર સાક્ષાત્કાર કરવા માટે ત્યાર પછી પ્રકાશ, આનંદ અને સૌંદર્યનો તે સર્વની પાછળ સાક્ષાત્કાર કરવાની શરૂઆત કરશો અને કરવા લાયક આ એક વસ્તુ જ છે. ઉપરાંત તમે એક શકિતનો સાક્ષાત્કાર કરવાની શરૂઆત કરો, અને તેનો તમે ઉપયોગ કરી શકો અથવા તમારી અંદર તેમજ બીજાની અંદર પ્રકાશની વૃદ્ધિ માટે તમે તેનો ઉપયોગ કરવા દો. નહિ કે "અહં"ના સંતોષ ખાતર અને અંધકાર અને અજ્ઞાનનાં કાર્યો માટે.

વસ્તુઓના ઘાતકીપણાના કોયડા વિશે મને ખબર નથી કે 'ર' કયો ઉત્તર આપશે. એક એવો ઉત્તર હોઈ શકે કે આપણી અંદર રહેલા પ્રભુની અનુભૂતિ ચૈત્ય પુરુષ મારફતે થાય છે, અને ચૈત્ય પ્રકૃતિ પ્રભુનો પ્રકાશ, સંવાદ, પ્રેમ જેવી જ છે પરંતુ તે મનોમય તથા અલગ કરતા પ્રાણમય અહંકારથી ઢંકાયેલો હોય છે અને તેમાંથી સંઘર્ષ, ધિક્કાર, ક્રૂરતા સ્વાભાવિક રીતે જ આવે છે. માટે માયાળુતામાં પ્રભુના સ્પર્શની અનુભૂતિ થાય છે, જ્યારે ક્રૂરતાનો અનુભવ એક બુરખામાં રહેલી અથવા પ્રકૃતિમાં રહેલી વિકૃતિ તરીકે થાય છે; જો કે તે વસ્તુ જે માણસોએ પ્રભુની અનુભૂતિ અને મિલનનો સાક્ષા-કાર કરેલો છે તેને બુરખા પાછળ રહેલી અનુભૂતિનો અનુભવ થતો નથી. મેં એવાં દૃષ્ટાંતો પણ જાણ્યાં છે, જેમાં સર્વ વસ્તુઓમાં પ્રભુનું દર્શન અને સાથે સાથે વિશ્વમય પ્રેમની તથા આંતરિક સંવાદિતાની વિશાળ અનુભૂતિ અને ચારે બાજુએ માયાળુતા અને મદદ પ્રસરાવવા માટે, અરે સૌથી અળખચડી અને સખત તથા ઘાતકી વસ્તુઓમાં પણ અદ્ભુત અસર કરેલી છે. કદાચ માયાળુતા વિશેના 'ર' ના વિધાનના પાયામાં આવો કાંઈક અનુભવ વર્ણવાયો છે. પ્રભુના કાર્ય માટે, વેદાન્તીના સાક્ષાત્કારની અનુભૂતિ એવા પ્રકારની હોય છે કે

ઇષ્ટ અને અનિષ્ટના ગોટાળાભર્યા મિશ્રણની પાછળ, કોઈક એવી વસ્તુ કાર્ય કરી રહી છે જેનો તે પરમાત્મા તરીકે સાક્ષાત્કાર કરે છે અને તેના પોતાના જીવનમાં તે પાછળ નજર નાખીને જોઈ શકે છે કે દરેક પગલું, સુખપૂર્વકનું કે દુ:ખપૂર્વકનું, તેની પ્રગતિ માટે જ આવેલું હોય છે અને તેના આત્માના વિકાસ માટે તો દરેક તેને કઈ રીતે દોરી ગયેલું તેનો તેને અનુભવ થાય છે. સ્વાભાવિક રીતે જ આ વસ્તુ તેના સાક્ષાત્કારની પૂર્ણ પ્રગતિ માટે આવેલી; તેની પહેલાં તેને શ્રદ્ધા ઉપર ચાલવાનું હતું અને તેની શ્રદ્ધા વારંવાર ડગી ગયેલી અને તેને થોડા સમય માટે દુ:ખ, શંકા અને નિરાશાને તાબે થવું પડેલું.

મને ખબર નથી કે મારાં લખાણો કોઈ પણ મુશ્કેલીનો ઉપાય લાવી શકે. ઘણે ભાગે તમને વેદાન્તની અનુભૂતિઓનાં વિધાનો મળશે અને હું તેમાંથી જ પસાર થયો છું. જો કે હાલ હું તેનાથી પર ગયેલો છું અને મને લાગે છે કે જે તેનાથી પણ ઊર્ધ્વમાં છે તેની તૈયારી માટેની પૂર્ણ અને મૌલિક તૈયારી છે. તેમ છતાં હું એમ ન કહી શકું કે તેમાંથી પસાર થવું અનિવાર્ય છે. પરંતુ ગમે તે ઉકેલ હોય પણ મને એમ લાગે છે કે વેદાન્તીનો જે આગ્રહ હોય છે કે માણસને ત્યાં પહોંચવા બે હકીકતોનો સ્વીકાર કરવો પડશે કે અહીં અનિષ્ટ અને દુ:ખનું સામ્રાજ્ય છે અને બીજી એક એવી વસ્તુ છે જે તેનાથી મુક્ત છે – તથા એક પ્રગતિકારક અનુભૂતિ વડે માણસ એક ઉકેલ પ્રાપ્ત કરી શકે – તે સમાધાન દ્વારા, એક વિજયવંત અવતરણ દ્વારા અથવા તેમાંથી નાસી છૂટીને તેનો ઉકેલ મેળવી શકાય. જો આપણે તેના એ મૂળભૂત સત્યનો સ્વીકાર કરીએ કે હાલની પરિસ્થિતિમાં અને વસ્તુઓની સમગ્ર બાહ્ય હકીકતમાં દુ:ખ અને અશુભનું સમ્રાજ્ય છે તો જે ઋષિઓએ અને રહસ્યવાદીઓએ કહ્યું છે કે પ્રભુનો સાક્ષાત્કાર થઈ શકે તેનો તે વસ્તુ ઇન્કાર કરે અને તો પછી આ દુ:ખ અને અશુભનો કોઈ ઉકેલ શકય લાગતો નથી.

*

ના, ખરેખર હું એમ કહેવા માગતો નથી કે જે વેદાન્તી આ દશ્યમાન જગતની પાછળ એક વધારે ઉચ્ચતર કાર્ય થતું જુએ છે તે આ ભૌતિક જગત કરતાં કોઈક જુદા જ જગતમાં રહે છે. મારો જો તે પ્રકારનો અર્થ હોય તો મેં જે કાંઈ લખ્યું છે તે મુદ્દા વગરનું અથવા અર્થહીન હોય. મારો કહેવાનો અર્થ એવો હતો કે વેદાન્તી જે આ જગતનાં બધાં દુ:ખો તથા અજ્ઞાન તથા કુરૂપતા અને અશુભની વચ્ચે રહે છે, અને આ બધાનું તેણે જે માપ કાઢયું છે, જેમાં મિત્રો દગાબાજ હોય છે અને છોડી જાય છે, જેમાં બાહ્ય વસ્તુઓ અને જીવનની કામનાઓ નિષ્ફળ

જાય છે, જેમાં આઘાત અને પ્રત્યાઘાતો છે, માંદગીએ અડ્ડો જમાવેલો છે અને જેમાં સતત મુશ્કેલી અને સંઘર્ષ છે તેમાં તેના યોગમાં ઠોકરો છે. એવું નથી કે તે જુદા જ જગતમાં જીવન ધારણ કરે છે, પરંતુ કસોટીઓ, ફટકાઓ અને જોખમોનો સામનો કરવાની તેની એક આગવી રીત છે. તે આ વસ્તુઓને આ જગતની પ્રકૃતિ તરીકે સ્વીકારે છે અને તે અહંકારપૂર્ણ ચેતનાનું પરિણામ છે જેમાં તે જીવે છે. એટલે તે એક બીજી જ ચેતનામાં વિકાસ પામવા પ્રયત્ન કરે છે, જેમાં આ બાહ્ય દૃશ્યમાન જગતની પાછળ રહેલી તે ચેતનાનો અનુભવ કરે છે, અને જેમ જેમ તે વિશાળ ચેતનામાં વિકાસ પામતો જાય છે તેમ તેમ જગતની પાછળ કાર્ય કરતી એક વિશાળ શક્તિની તેને વધારે અને વધારે અનુભૂતિ થતી જાય છે. આ વસ્તુ તેને આત્મામાં વિકાસ પામવામાં મદદ કરે છે અને તેને અહંકાર અને અજ્ઞાનમાંથી મુક્તિ મેળવવામાં પ્રભુત્વ પ્રાપ્ત કરવા તરફ દોરી જાય છે, અને તે જુએ છે કે તે બધાનો ઉપયોગ તે હેતુ માટે છે. જ્યાં સુધી તે વસ્તુઓ વિશેના આ વિશાળતર જ્ઞાનયુક્ત ચેતનામાં પહોંચતો નથી, ત્યાં સુધી તેણે શ્રદ્ધાથી આગળ ચાલવાનું છે, અને કેટલીક વખત તેની શ્રદ્ધા તેને દગો દે છે, પરંતુ તે પાછી ફરે છે અને સર્વ મુશ્કેલીઓમાંથી તેને પાર ઉતારે છે. દરેકને આ શ્રદ્ધા અને આ ચેતના સ્વીકારવાની ફરજ નથી પરંતુ આધ્યાત્મિક જીવન માટે કોઈક મહાન અને સાચી વસ્તુ તેની પાછળ રહેલી છે.

*

તમારી ભારત વિશે આલોચના અને 'ક્ષ'નું નિરીક્ષણ, "બીજા જગતોને બાદ રાખીને આ જગત વિશે જ ખ્યાલ રાખવાની મનોવૃત્તિ વિશે મને લાગે છે કે મારે કાંઈક કહેવું જોઈએ." મને બરાબર સમજાતું નથી કે કયા સંબંધમાં આ ટીકા થઈ છે અથવા "આ જગત વિશેનો ખ્યાલ" એટલે તે શું કહેવા માગે છે. પરંતુ આ બાબતમાં હું શું માનું છું તે કહેવું મને જરૂરી લાગે છે. હું જ્યારથી ભારતમાં આવ્યો ત્યાર પછીથી મારું જીવન અને મારો યોગ બન્ને કાયમ આ જગતના અને અન્ય જગત વિશેના રહેલા છે અને તેમાંથી કોઈ પણ પ્રકારના જગતને મેં બાતલ કરેલું નથી. બધા જ માનવ-રસો હું માનું છું કે આ જગતના છે અને તેમાંના ઘણાખરા મારા મનોમય ક્ષેત્રમાં આવેલા છે અને કેટલાક તો રાજકારણની માફક મારા જીવનમાં પ્રવેશેલા છે. પરંતુ સાથે સાથે જ જ્યારથી મેં ભારતભૂમિ ઉપર મુંબઈના એપોલો બંદર ઉપર પગ મૂક્યો ત્યારથી મને આધ્યાત્મિક અનુભૂતિઓ શરૂ થઈ, પરંતુ તે બધી વસ્તુઓએ મને આ જગતમાંથી અલગ કરી નાખ્યો નથી. પરંતુ તેમનો મારા ઉપર એક આંતરિક પ્રભાવ નાખેલો છે. દા.ત. એક અનંત

તત્ત્વ સ્થૂલ અવકાશની અંદર પ્રસરણ પામી રહેલ છે અને તેની અંદર ગર્ભિત રીતે ભૌતિક પદાર્થો અને શરીરો નિવાસ કરી રહેલ છે. તે જ સમયે મેં મારી જાતને એક પરા-ભૌતિક જગતો અને ભૂમિકાઓમાં પ્રવેશ કરતી જોઈ અને તેના ઉપર તે ભૂમિકાઓની અસરો હતી, અને સ્થૂલ ભૂમિકા ઉપર તેમની પણ અસર થતી હતી, તેથી કરીને હું જેને અસ્તિત્વના બન્ને છેડાઓ કહું છું અને તે બન્ને છેડાઓ વચ્ચે જે જે વસ્તુઓ રહેલી છે, તે બન્ને વચ્ચે મેં કોઈ અલગતાનો ભાવ અથવા અસમાધાનકારી વિરોધ હું કરી શકયો નથી. મારે માટે સર્વ બ્રહ્મ છે અને હું સર્વત્ર પ્રભુને નીરખું છું. દરેક વ્યકિતને આ સામાન્ય જગતના ભાવને ફેંકી દેવાનો હક છે અને અન્ય દુન્યવીપણાને પસંદ કરવાનો અધિકાર છે, અને જો તેને તે પસંદગીથી શાંતિ પ્રાપ્ત થતી હોય તો તે ઘણો ભાગ્યશાળી છે.

મને પોતાને શાંતિ પ્રાપ્ત કરવા માટે આ વસ્તુ કરવાની જરૂર પડી નથી. મારા યોગમાં પણ મારે મારા પોતાના દૃષ્ટિબિંદુમાં બન્ને જગતોનો સમાવેશ કરવાની સ્ફુરણા થયેલી – આધ્યાત્મિક તેમજ ભૌતિક – માણસોના હૃદયમાં તેમજ પાર્થિવ જીવનમાં દિવ્ય ચેતનાનું સ્થાપન કરવા માટે પ્રયત્ન કરવાની જરૂર પડી. તે પ્રયત્ન મેં મારી અંગત મુકિત માટે કરેલો નહિ પરંતુ અહીં આ પૃથ્વી ઉપરના દિવ્ય જીવન માટે કરેલો. મને પોતાને આ લક્ષ્ય બીજા યોગોની માફક જ આધ્યાત્મિક લક્ષ્ય લાગ્યું છે અને આ જીવનની હકીકત, પ્રાર્થિવ શોધ અને પૃથ્વી ઉપરની વસ્તુને પોતાના ક્ષેત્રમાં લે છે તે હું માનું છું કે કોઈ પણ રીતે તેની આધ્યાત્મિકતા ઉપર ડાઘ લગાડતું નથી અથવા તેનાં ભારતીય લક્ષણોને બદલતું નથી. જગતનું અને વસ્તુઓનું તથા પ્રભુ વિશેની વાસ્તવિકતા તથા પ્રકૃતિ વિશે, મારું દૃષ્ટિબિંદુ અને અનુભૂતિ આટલી તો કાયમ ઓછામાં ઓછી રહેલી જ છે. તેમાં વસ્તુઓ વિશેનું સમગ્ર સત્ય, જેટલું શકય હોય તેટલું મને આ પ્રકારનું લાગ્યું છે અને તેટલા માટે મેં તેની શોધનો પૂર્ણ રૂપાંતર તરીકે ઉલ્લેખ કરેલો છે. અલબત્ત, દરેક વ્યકિત આ વસ્તુનો ઈન્કાર કરવા માટે તથા સર્વાંગ સંપૂર્ણતામાં શ્રદ્ધા ન ધરાવવા માટે મુકત છે; પરંતુ તે વસ્તુનો અમલ મારા યોગને અશકય બનાવી આપશે. મારો યોગ અન્ય જગતોની પૂર્ણ અનુભૂતિનો ખરેખર સમાવેશ કરી શકે છે, પરમાત્માની ભૂમિકાનો તેમજ વચ્ચે રહેલી બધી ભૂમિકાઓનો, તેમજ આપણા જીવન ઉપર તેમજ તથા ભૌતિક વિશ્વ ઉપર થતી તેની અસરોનો સમાવેશ કરી શકે છે; પરંતુ એ પણ બિલકુલ શકય છે કે પરમ સત્‌ના અથવા ઈશ્વરના સાક્ષાત્કારના એક પાસાને વધારે અગ્રિમતા આપવી, તેમ જ શિવ, કૃષ્ણનો જગતના પ્રભુ તરીકે તેમજ આપણા પોતાના અને આપણા કાર્યના સ્વામી તરીકે, અથવા વિશ્વમય સચ્ચિદાનંદને જાણીને આ યોગનાં મુખ્ય

પરિણામો પ્રાપ્ત કરવા અને ત્યાર પછી તેમાંથી પણ આગળ જઈને સંપૂર્ણ પરિણામો પ્રાપ્ત કરવાં: શરત એ છે કે વ્યક્તિએ દિવ્ય જીવનનો આદર્શ સ્વીકારવો જોઈએ અને આ ભૌતિક જગત ઉપર આત્માનો વિજય પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખવું જોઈએ. વસ્તુઓ વિશેના અને અદિતત્ત્વના આ દષ્ટિબિંદુએ તથા અનુભૂતિએ મને 'દિવ્ય જીવન 'અને 'સાવિત્રી ' લખવાનું શકય બનાવ્યું. પરમાત્માનો, ઈશ્વરનો સાક્ષાત્કાર એ ખરેખર મુખ્ય વસ્તુ છે; પરંતુ તેની સાથે પ્રેમ અને ભક્તિ સહિતનો અભિગમ, પોતાનાં કાર્યો દ્વારા પ્રભુની સેવા કરવી અને તેને જાણવો, કેવળ બૌદ્ધિક પરિચયથી નહિ, પરંતુ આધ્યાત્મિક અનુભૂતિથી, એ પણ પૂર્ણ યોગના માર્ગમાં ખાસ મુખ્ય વસ્તુ છે. જો તમે 'ક' ના આગ્રહને સ્વીકારો કે આ જ વસ્તુ અને બીજો કોઈ પણ **તમારો** માર્ગ નથી, તો તમારે આ વસ્તુ પ્રાપ્ત કરવાની છે અને તેનો સાક્ષાત્કાર કરવાનો છે, તો કેવળ અન્ય જગતોની અનુભૂતિ એ **તમારો** માર્ગ હોઈ શકે નહિ. હું માનું છું કે તમે આ વસ્તુ પ્રાપ્ત કરવા તથા પ્રભુનો સાક્ષાત્કાર કરવા પૂરતા સમર્થ છો અને તમારામાં તમારી શક્તિ વિશે, વારંવાર જે શંકાઓ ઉત્પન્ન થાય છે, અને તે શંકાઓ જિદ્દી રીતે વારંવાર આવ્યા કરે છે અને તે શંકાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય એમ નથી એવું જે તમે માનો છો એમાં હું તમારી સાથે સહમત નથી. ઘણા માણસોની સાધનામાં આ પ્રમાણે જિદ્દી રીતે વારંવાર શંકાઓ ઉપસ્થિત થયાનું બનેલું છે અને તેમ છતાં તેઓ તેમાંથી બહાર નીકળીને અંતિમ ધ્યેય સુધી પહોંચેલા છે; મોટા મોટા યોગીઓની સાધના પણ આવા પ્રચંડ અને વારંવાર શંકાના આવતા હુમલાઓના પુનરાવર્તનમાંથી મુક્ત હોતી નથી અથવા તેઓ તેમના લક્ષ્ય બનેલા હોય છે. મેં તેનો નિર્દેશ ઘણી વાર સાવિત્રીમાં કરેલો છે અને તે મારી અનુભૂતિના પાયા ઉપર રચાયેલો છે. આ પ્રકારના બનાવોના પુનરાવર્તનમાં, તેની તે જ વિરોધી અનુભૂતિઓ સતત રીતે આવ્યા કરે છે — તેનો તે જ વિરોધી પ્રત્યાઘાત સાધનાના ભાવિમાં વિશ્વાસ, શ્રદ્ધા અને આત્મવિશ્વાસનો વિનાશ કરનારા વિચારો, પોતાને સત્યનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેને નિષ્ફળ બનાવનાર શંકાઓ, યોગને છોડી દેવાની તીવ્ર ઝંખના, અથવા બીજી જોખમકારક સલાહો અને હલ્લાઓ વગેરે એકસરખાં હોતાં નથી પરંતુ તેઓ એક જ પરિવારનાં સભ્યો હોય છે. જો વ્યક્તિ તેમનો પ્રકાર અને તેમનું મૂળ શોધી કાઢે તથા તેમનું નિરીક્ષણ કરવાની શક્તિ પ્રાપ્ત કરે, તેમનો દેખાવ અથવા રીત જાણી લે અને તેમની ખાઈમાં ધસી ન જાય અથવા તેમનામાં ભળી ન જાય અને તેમની દશ્યમાન ઘટનાઓનો સાક્ષી બની રહે અને તેમને સમજે, અને જ્યારે પ્રાણ વમળોમાં ગોથાં ખાતો હોય ત્યારે મન તેને અનુમતિ ન આપે તથા છેવટનું બાહ્ય સ્થૂલ મન પણ વિરોધી સૂચનો ઉપર વિચાર કરે ત્યારે વ્યક્તિ

છેવટે તેમના ઉપર વિજય પ્રાપ્ત કરે છે. છેવટે આ બધા હલ્લાઓ તેમની શક્તિ ગુમાવતા જાય છે અને પ્રકૃતિમાંથી ખરી પડે છે; વારંવાર થતું પુનરાવર્તન નબળું પડતું જાય છે અને છેવટે તેનામાં ટકવાની શક્તિ રહેતી નથી; જો અનાસક્તિ પૂરતા પ્રમાણમાં સમર્થ હોય તો પણ તેઓને થોડા જ સમયમાં અથવા તાત્કાલિક કાપી શકાય છે. સૌથી સમર્થ પ્રકારનું વલણ એવું લેવું કે આ બધી વસ્તુઓ જેવી છે તેવી રીતે જ તેમને જાણવી; સ્થૂલ મનમાં અથવા પ્રાણના ભાગમાં કોઈક ખુલ્લા ભાગો રહી ગયા હોય તેના ઉપર અંધકારનાં બળોનું આક્રમણ હોય છે, પરંતુ તે આપણો પોતાનો કોઈ ભાગ નથી અથવા આપણી પ્રકૃતિમાં આવેલું કોઈ નૈસર્ગિક સર્જન નથી. તેઓ એટલા માટે આવે છે કે સ્થૂલ મનમાં એક ગોટાળો અને અંધકાર ઉત્પન્ન કરે અને તેનામાં ભૂલ ભરેલા વિચારો ફેંકે અથવા જાગ્રત કરે, અંધકારમય વિચારો અથવા ખોટી છાપો ઉત્પન્ન કરે એ આ બધા હુમલાખોરોની ખાસ પદ્ધતિ હોય છે અને તેમને જો આ મનમાંથી ટેકો મળે જે મન પોતાનામાં વધારે પડતો વિશ્વાસ રાખે કે તેની પોતાની છાપો અને અનુમાનો બિલકુલ સાચાં જ છે તો તેમને તે દિવસથી જ એક ક્ષેત્ર પ્રાપ્ત થાય અને જ્યાં સુધી મન પોતાનું સાચું સ્થાન પ્રાપ્ત કરી લે નહિ અને બધાં વાદળોને વિખેરી નાખે નહિ ત્યાં સુધી તેઓ તેનો ગેરફાયદો ઉઠાવે છે. તેમની એક બીજી એવી તરકીબ હોય છે કે નિમ્ન પ્રાણમય ભાગોમાં કોઈ કચવાટની, ગણ-ગણાટની અસંતોષની ભાવના અથવા ઈર્ષ્યાની ભાવના જાગ્રત કરે છે અને તેમને ઘાયલ થયેલા રહેવા દે છે—આવા સમયે વ્યક્તિએ પોતાની પ્રકૃતિમાં રહેલા ખુલ્લા ભાગોને શોધી લેવા અને એવા હુમલાઓ સામેના તે દ્વારોને બંધ કરવાનું શીખી લેવું અથવા તો જેઓ તેમાં થઈને અંદર ધૂસી ગયા હોય તેમને બને તેટલા જલદી બહાર ફેંકી દેવા. તેમનું પુનરાવર્તન એ કાંઈ નિર્બળતાની સાબિતી નથી; જો વ્યક્તિ સાચું આંતરિક વલણ અખત્યાર કરે તો તેમના ઉપર વિજય પ્રાપ્ત થઈ શકે અથવા થાય છે. વ્યક્તિને પોતાના જીવનના અથવા કર્મોના સ્વામીમાં વિશ્વાસ હોવો જોઈએ, ભલે પછી તે ( પ્રભુ ) પોતાની જાતને ગુપ્ત રાખે અને જ્યારે સાચો સમય આવશે ત્યારે તે સ્વામી તેની પાસે તેની હાજરી પ્રગટ કરશે.

તમે કાયમ ગુરુવાદમાં શ્રદ્ધા રાખેલી છે; તો પછી હું તમને કહું છું કે તમારે તમારા ગુરુ અને તેની દોરવણીમાં શ્રદ્ધા મૂકવી, સિદ્ધિ માટે ઈશ્વર ઉપર આધાર રાખવો, મારાં પ્રેમ તથા સહાનુભૂતિ અને માતાજીનાં પ્રેમ અને શુભ ભાવના તથા પ્રેમાળ દયા ઉપર શ્રદ્ધા રાખવી; બધા જ હુમલાઓ સામે અડગ રહેવું, અને તમારા આધ્યાત્મિક લક્ષ્ય તરફ તથા સર્વ-સિદ્ધ અને સર્વ-સંતોષ આપતા સર્વ-

પરમાનંદરૂપ ઈશ્વરના સ્પર્શ માટે ધીરજપૂર્વક આગળ વધવું.

*

મેં વચન આપ્યું હતું તે પત્ર આજે મોકલું છું; તમે જોઈ શકશો કે તમારા પત્રના ચોક્કસ શબ્દોના ઉત્તરને બદલે આ પત્ર જીવનના દિવ્યીકરણનો બચાવ કરતો પત્ર છે. તે પત્ર મનોમય (અથવા વધારે તો પ્રાણિક) ખોટાં અર્થઘટનો અને શંકાઓ સામેના બચાવરૂપ છે. તે પત્રથી મન અથવા પ્રાણ વિશે ગેરસમજૂતીઓ ઊભી થાય છે અથવા તે આપણને તેના વિશેની સાચી સમજથી દૂર રાખે છે. આવું એટલા માટે બને છે કે તેમાં મારી પદ્ધતિ અને હેતુને બરાબર સમજવામાં આવ્યાં નથી જે મુખ્ય મુદ્દો કોઈ કોઈ જગાએ છે તેને ઉપસ્થિત કરે છે અથવા ઉત્તર આપે છે. બાકીનું બધું પછી આવી જશે.

પરંતુ બધી જ ભાષાના ઉપયોગમાં ખોટી સમજ ઊભી થવાની શકયતા છે એટલે આ પત્ર મોકલવા પાછળ કેટલીક વસ્તુઓ વધારે સારી રીતે સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે.

મેં હદ બહારના માનવીય વસ્તુઓ પરના આગ્રહ, (જે વિરોધાભાસી લાગે છે) તેના પ્રત્યુત્તર રૂપે દિવ્ય વસ્તુઓ ઉપર વધારે ભાર મૂકયો છે તેથી એવું સમજવાનું નથી કે હું દરેક માનવીય વસ્તુનો જેવી કે – માનવ પ્રેમ અથવા પૂજા અથવા કોઈ પણ માનવ અભિગમને મદદ કરતાં સ્વરૂપનો યોગના એક ભાગ તરીકે, ઇનકાર કરું છું. મેં એવું કયારેય કર્યું નથી, નહિ તો આ આશ્રમનું અસ્તિત્વ જ ન હોત. શરૂઆતમાં અથવા પાછળથી લાંબા સમય સુધી પણ માનવીય અભિગમ રાખવાની મંજૂરી ન આપવામાં આવે તો તેઓ યોગની શરૂઆત કરી શકે નહિ, અથવા યોગ ચાલુ રાખી શકે નહિ. આ ચર્ચા એટલા માટે ઉપસ્થિત થાય છે કે 'માનવીય' શબ્દ વ્યવહારમાં માનવ-પ્રાણ (અને બાહ્ય મન) સાથે જ તદ્રૂપતા સહિત ઉપયોગમાં આવે છે. એટલું જ નહિ પરંતું કેટલાક મનોમય – પ્રાણિક – અહંકાર-યુક્ત પ્રકૃતિનાં સ્વરૂપો તરીકે પણ ઉપયોગમાં આવે છે. પરંતુ માનવના પ્રાણમાં બીજી ઘણી વસ્તુઓ હોય છે, અને તેમાં ઘણી સુંદર વસ્તુઓ હોય છે. યોગ ફકત એટલી જ વસ્તુની માગણી કરે છે કે આ પદાર્થનો સાચી રીતે ઉપયોગ કરવો જોઈએ અને આધ્યાત્મિક વલણમાં કરવો જોઈએ. તે ઉપરાંત પ્રભુ પ્રત્યેનો માનવ-અભિગમ સતત તેની માનવ-રીતની બંડખોરી અને પ્રભુ-વિરોધની ફરિયાદમાં પરિણમવો ન જોઈએ અને તેની પણ એટલા માટે માગણી કરવામાં આવે છે કે

તેવા અભિગમથી સાચી રીતે સફળતા મળે અને જે માનવી તેવો અભિગમ રાખે તે સફળ થાય.

વિભકતતા એટલે માનવ-તત્ત્વોનો વિનાશ નહિ: તેનો અર્થ એવો છે કે એ તત્ત્વોને હાથ ઉપર લઈને પૂર્ણતા તરફનો માર્ગ ચીંધવો. તેમને વિશુદ્ધ અને સંપૂર્ણ કરીને ઉપર ઉઠાવવા જેથી કરીને તેઓ શકિતપૂર્ણ અને આનંદપૂર્ણ બને અને તેથી કરીને સમગ્ર પાર્થિવ જીવન તેની પૂર્ણ શકિતમાં અને દિવ્યાનંદમાં પહોંચે.

આ પરિવર્તન માટે જો માનવના પ્રાણમાં કોઈ પ્રતિરોધ ન હોત, તે પરિવર્તન માટે વિરોધ કરનાર વિરોધી બળોનું દબાણ ન હોત, એવાં બળો જેઓ અપૂર્ણતામાં અને વિકૃતિમાં આનંદ માણે છે, તો આ પરિવર્તન મુશ્કેલી વગર સાહજિક રીતે જ, વેદના વગર વૃદ્ધિ પામે – દા.ત. તમારી પોતાની કાવ્ય અને સંગીતની શકિતઓ, અહીં આધ્યાત્મિક અને ચૈતસિક પ્રભાવના પ્રકાશ તથા વર્ષાની અંદર ઝડપથી અને સરળતાથી ખીલી ઊઠી છે – કારણ કે તમારી અંદર રહેલી વસ્તુને પ્રગતિની ઈચ્છા હતી અને તમારો પ્રાણ તમારી અપૂર્ણતાઓને ઓળખવા માટે સહમત હતો તથા કોઈ પણ ખોટા વલણને ફેંકી દેવા માટે તૈયાર હતો – દા.ત. કેવળ કીર્તિની ઝંખનાને બદલે સમર્પણ કરવા અને પૂર્ણતા પ્રાપ્ત કરવા તે તૈયાર હતો. જીવનનું દિવ્યીકરણ એટલે હકીકતમાં જીવનની મહાન કલા; અત્યારે જીવનની કલા અહંકાર અને અવિદ્યા દ્વારા સર્જાય છે તેથી તે પ્રમાણમાં નીચલી કક્ષાની, બેઢંગી અને અપૂર્ણ થતી જાય છે. (અને તેથી નીચલી કક્ષાનાં કલા, સંગીત અને સાહિત્યનાં સ્વરૂપોની માફક તે પણ સામાન્ય મન અને પ્રાણને માટે વધારે આકર્ષક બને છે.) આ કલાએ એક આધ્યાત્મિક અને ચૈતસિક ચેતના પ્રત્યે ખુલ્લા થઈને અને સંસ્કારયુકત બનીને સાચી પૂર્ણતા પ્રત્યે પહોંચવું પડશે. જ્યારે તે પ્રકાશ અને જ્યોતિમાં ડૂબી જશે ત્યારે જ તેનો વિષય તેના ઉપર લાગેલા કાટથી મુકત થઈને સાચી ધાતુમાં પરિવર્તિત થશે.

કમનસીબે હાલમાં પ્રતિકાર છે, એક તમોગ્રસ્ત અને જિદ્દી પ્રત્યાઘાત. યોગમાં તેને લઈને એક નકારના તત્ત્વની જરૂરિયાત લાગે છે. માર્ગમાં નડતરરૂપે બનતી વસ્તુઓના એક ઈન્કારનું તત્ત્વ છે. અને જે સ્વરૂપો કુરૂપ અને નિરર્થક છે તેને અદૃશ્ય કરવા માટે એક દબાણની જરૂર છે. તથા જેઓ ઉપયોગી છે પરંતુ અપૂર્ણ છે તેમના ઉપર અથવા જે સ્વરૂપો તેમની સાચી ગતિ પ્રગટ કરવા અથવા ધારણ કરવા માટે વિકૃત બનેલા છે તેમના ઉપર દબાણ મૂકવાની જરૂર છે. પ્રાણતત્ત્વને પ્રથમ આ વસ્તુ દુ:ખદાયક લાગે છે કારણ કે તે તમોગ્રસ્ત છે, અને તે સમજતું

નથી અને બીજી રીતે તેમાંના કેટલાક ભાગોને, પોતાના બેઢંગા ખ્યાલોને તેણે વળગી રહેવું છે અને તેને પરિવર્તન પામવું નથી. ચૈતસિક વલણે તેમાં પ્રક્ષેપ કરવો એ ખૂબ સહાયરૂપ બને છે, કારણ કે ચૈત્ય પુરુષમાં એક સુખપૂર્વકની આત્મશ્રદ્ધા હોય છે, તૈયાર સૂઝ અને પ્રત્યુત્તર તથા નૈસર્ગિક સમર્પણ હોય છે; તે જાણે છે કે ગુરુ સ્પષ્ટ રીતે સહાય કરવા માટે હોય છે નહિ કે વિધિ માટે અથવા રાધાની પ્રાર્થનામાં જે પ્રમાણે હોય છે કે તેનો પ્રિયતમ તેના માટે જે કાંઈ કરે તે તેને દિવ્યાનંદ તરફ દોરી જાય છે, તેની માફક ગુરુ પણ દિવ્યાનંદ તરફ દોરી જાય છે.

સાથે સાથે તમારે યોગનું મૂલ્યાંકન ગતિના નકારાત્મક ભાગમાંથી કરવાનું નથી પરંતુ એક વિધાયક બાજુથી કરવાનું છે; કારણ કે નકારાત્મક પાસું કામચલાઉ અને અલ્પજીવી હોય છે અને તે અદૃશ્ય થઈ જશે, જ્યારે કેવળ વિધાયક ભાગ જ તમારા આદર્શ માટે તથા ભાવિ માટે મૂલ્યવાન છે. જો તમે નકારાત્મક બાજુવાળી પરિસ્થિતિઓ સ્વીકારો અને તેમના ઉપર જ ભાવિના ધર્મ તરીકે અને યોગના લક્ષણ તરીકે કામચલાઉ સ્થિતિ ઉપર આધાર રાખો તો તમે મહાન ગેરસમજ અને ગંભીર ભૂલ ઊભી કરશો. આ યોગ જીવનના ઇન્કાર માટેનો નથી અથવા પ્રભુ અને સાધકો વચ્ચેના નજીકપણા અને આત્મીયતા માટેના ઇન્કાર માટે પણ નથી. તેનું આદર્શ લક્ષ્ય, સ્થૂલ ભૂમિકા ઉપર તેમજ બીજી ભૂમિકાઓ ઉપર પણ આત્મીયતા અને એકતા રાખવાનું છે તેમ જ સૌથી વધારે દિવ્ય જીવનની વિશાળતા અને પૂર્ણતા તથા આનંદ માટેનું ધ્યેય હોય છે.

*

શ્રી અરવિંદને હકસલીનાં વિધાનો જેમની સાથે સંપૂર્ણ સહમતી છે તેના ઉપર કાંઈ પણ ટીકા[1] કરવાની નથી પરંતુ 'આપણે તેની ઊંચાઈએ કાયમ પહોંચી શકીએ' તે વાકયમાં એટલું સ્પષ્ટ છે કે 'આપણે' સમગ્ર માનવજાતિના સંદર્ભમાં

૧ આ ટીકાઓ શ્રી અરવિંદે નીચેના શબ્દસમૂહ ઉપર કરેલી. "આપણે તેની ઊંચાઈઓ ઉપર કાયમ પહોંચી શકીએ છીએ" અને આલ્ડસ હકઝલીએ તેના પુસ્તક 'The Perenial Philosophy' [૧૯૪૬ની આવૃત્તિ] પાન ૭૪ માં 'દિવ્ય જીવન'માં આવેલા નીચેના ફકરા ઉપર વિવેચન કરેલું.

"પૃથ્વી પરનો સ્પર્શ, પૃથ્વીનો પુત્ર જ્યારે અતિભૌતિક જ્ઞાનની શોધ કરે છે ત્યારે પણ તેને કાયમ નવચેતન આપે છે. તેમ પણ કહી શકાય કે અતિભૌતિક તત્ત્વના ઉપર પૂર્ણ સ્વામીત્વ ત્યારે જ પ્રાપ્ત કરી શકાય — આપણે તેવી ઊંચાઈએ પહોંચી શકીએ છીએ — જ્યારે આપણે શારીરિક તત્ત્વ ઉપર આપણા પગને મક્કમ

વપરાયેલું નથી, પરંતુ જેઓએ આંતરિક આધ્યાત્મિક જીવનમાં પૂરતા પ્રમાણમાં વિકાસ સાધેલો છે તેમને માટે વપરાયેલું છે. શક્ય છે કે શ્રી અરવિંદ પોતાની અનુભૂતિ વિશે વિચારતા હોય. ત્રણ વર્ષ સુધી તેમણે આધ્યાત્મિક પ્રયત્નો કર્યા છતાં તેમાં ફક્ત નાનાં પરિણામો પ્રાપ્ત થયાં. ત્યાર પછી એક યોગીએ તેમના મનને ‘નીરવ’ કરતાં શીખવ્યું : યોગીએ બતાવેલી પદ્ધતિથી ફક્ત બે કે ત્રણ દિવસમાં જ તે પ્રમાણે સફળતાપૂર્વક મનને શાંત કરવામાં સફળ થયા. વિચારો, લાગણીઓ અને સામાન્ય ચેતનાની બધી ગતિઓમાં પૂર્ણ શાંતિ હતી, સિવાય કે આજુબાજુની બધી વસ્તુઓનું દર્શન અને ઓળખ રહ્યાં. પરંતુ તેમાં કોઈ પણ ખ્યાલ કે પ્રતિભાવ નહોતો. ‘અહંકાર’નો ભાવ અદૃશ્ય થઈ ગયો અને સામાન્ય ચેતનાની બધી ગતિઓ તેમ જ વાણી અને કાર્ય ફક્ત પ્રકૃતિની યાંત્રિક ક્રિયાથી ચાલ્યા કરતી હતી; અને જાણે કે તે ગતિઓ પોતાની ન હોય એવું લાગતું હતું. પરંતુ જે દર્શન કરેલું તેમાં વસ્તુઓ બિલકુલ અવાસ્તવિક લાગતી હતી. આ અવાસ્તવિક્તાનો ભાવ જોરદાર અને વૈશ્વિક લાગતો હતો. ફક્ત કોઈક પરમ અવ્યાખ્યેય વાસ્તવિકતા સાચી દેખાતી હતી અને તે અવકાશ અને સમયથી પર હતી તથા કોઈ વિશ્વમય પ્રક્રિયાની સાથે સંકળાયેલી નહોતી, પરંતુ વ્યક્તિ જે .કોઈ જગાએ જાય ત્યાં તેનો ભેટો થતો હતો. આવા પ્રકારની સ્થિતિ અટકયા સિવાય થોડા મહિનાઓ સુધી ચાલુ રહી અને જ્યારે અવાસ્તવિકતાની ભાવના અદૃશ્ય થઈ ગઈ અને જ્યારે વિશ્વચેતનામાં ભાગ લેવાનો શરૂ કર્યો. ત્યારે પણ આ સંબંધને પરિણામે એક આંતરિક શાંતિ અને મુક્તિ બધી સપાટીની ગતિઓની પાછળ કાયમ ટકી રહી અને આ સાક્ષાત્કારનું સારતત્ત્વ પોતે નાશ પામ્યું નહિ. અને તે જ સમયે એક અનુભૂતિ વચ્ચે આવી પડી; કોઈક એવી વસ્તુ, જે પોતાના કરતાં કાંઈક જુદું જ હતું, જેણે તેમની સક્રિય પ્રવૃત્તિને હાથમાં લીધી અને તે તેમની મારફતે જ વાતચીત કરતી અને કાર્ય કરતી પરંતુ તેમાં તેમનો પોતાનો કોઈ વિચાર કે અગ્રેસરતા નહોતાં. આ કઈ વસ્તુ હતી તેને વિશે કાંઈ જ્ઞાન નહોતું, જ્યાં સુધી શ્રી અરવિંદને બ્રહ્મની સક્રિય બાજુનો, ઈશ્વરનો સાક્ષાત્કાર ન થયો ત્યાં સુધી આ પ્રમાણે બન્યું તેઓ તેના વડે જ સાધના અને કાર્યમાં પોતાની જાતને ગતિ કરતા અનુભવતા – આ બધા સાક્ષાત્કારો તેમજ બીજા બધા પણ પાછળથી આવ્યા. દા.ત. સર્વમાં રહેલ આત્મા અને આત્મામાં રહેલી સર્વ વસ્તુઓ અને સર્વ આત્મ તત્ત્વરૂપ હતું. પ્રભુ સર્વમાં

શીતે સ્થિર રાખીએ છીએ. જ્યારે જ્યારે તે ઉપનિષદ, આત્મતત્ત્વને વિશ્વમાં આવિર્ભાવ પામતું કલ્પના કરે છે ત્યારે કહે છે કે પૃથ્વી તેના માટે પગ મૂકવાનું સાધન છે.” ( અમેરિકન આવૃત્તિ પા. ૧૩ )

છે અને સર્વ પ્રભુમાં છે તે બધી ઊંચાઈઓનું શ્રી અરવિંદ નિરૂપણ કરે છે અને તેઓ કહે છે કે આપણે બધા તે ઊંચાઈઓએ પહોંચી શકીએ; કારણ કે તે વસ્તુઓ ત્યાર પછી લાંબો સમય સુધી તેમને મુશ્કેલીરૂપ રહી નહિ જે વસ્તુઓમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે દસકાઓ સુધી આધ્યાત્મિક પ્રયત્નો કરવા પડે છે તેવા આધ્યાત્મિક જ્ઞાનને કઈ રીતે આ જગતમાં તેમજ મનોવિજ્ઞાનની સપાટી ઉપર તથા બાહ્ય જીવનમાં બંધબેસતુ કરવું એ મહા મુશ્કેલી રૂપ હતું. તે ઉપરાંત પ્રકૃતિની ઉચ્ચ ભૂમિકાઓ ઉપર, તેમજ સામાન્ય મનોમય, પ્રાણમય અને શારીરિક ભૂમિકાઓમાં છેક અવચેતન અને અચેતન સુધી તેનું રૂપાંતર કઈ રીતે કરવું અથવા છેક પરમ સત્ય-ચેતના સુધી અથવા અતિમનસ સુધી સક્રિય રૂપાંતર સમગ્ર અને પૂર્ણ તથા નિરપેક્ષ બની શકે તે કેમ કરવું એ પણ એક પ્રકારની મુશ્કેલી હતી.

*

આ બધાં અવતરણોમાંથી[1] અહીં જે રૂપાંતરની વાત કરી છે તેની સાચી સમજ મને પડતી નથી. તે એવું લાગે છે જેમાં પ્રભુના પ્રેમની સાથેનો મનોમય અને નૈતિક સંબંધ હોય અને દિવ્ય પ્રેમ દ્વારા વિરહમાં રહેલી એક પ્રકારની એકતા, એક આધ્યાત્મિક તત્ત્વરૂપે લાગે છે.

વૈષ્ણવ યોગમાં એવો સિદ્ધાંત છે કે કેટલીક માનસિક નૈતિક, સંવેદનશીલ અને કદાચ શારીરિક શક્યતાઓનો (કારણ કે વૈષ્ણવો નવા ચિન્મય શરીરની વાત કરે છે) સાક્ષાત્કાર કરી પ્રભુ પ્રત્યેના પ્રેમની, તે પ્રેમ અને વિરહમાં એકતાનું દર્શન કરી પ્રકૃતિનું રૂપાંતર થઈ શકે છે. એટલે અહીં એશિયાના રહસ્યવાદની હારમાળા સાથે કોઈ નવીન વસ્તુની હાજરી આમાં નથી. તેમાં એક વૈયક્તિક દેવ તરફ તેઓ નજર કરે છે અને એક વ્યક્તિગત સ્વરૂપનું શાશ્વત પૂર્વ અસ્તિત્વ અને તેની ચાલુ હારમાળા ઉપર તેઓ ભાર મૂકે છે. પ્રકૃતિની સૌથી ઉચ્ચ આધ્યાત્મિક ઊર્ધ્વીકરણની શક્યતાઓ તંત્ર સાધનાનો એક ભાગ છે. ઘણાખરા યુરોપના લેખકો માફક આ લેખક પણ ફક્ત બુદ્ધવાદ અને મિથ્યાવાદનો જ જાણકાર હોય તેમ લાગે છે અને તેમને જ એશિયાના સમગ્ર જ્ઞાન તરીકે સ્વીકારતો હોય તેમ લાગે છે. પરંતુ તેમાં પણ તેમના વિચાર અને તેમની અનુભૂતિને ખોટી રીતે રજૂ કરે છે. તેના અંતિમ છેડા ઉપર અદ્વૈત પણ અસ્તિત્વના નાશને

---

૧. હેન્રી મેસીસનું ' લા ડીફેન્સ ડ-લ — ઓકસીડેન્ટ ( La defence de' l 'occident ) માંથી.

લક્ષ્ય તરીકે રાખતું નથી. તેમ જ તે શૂન્યને સ્વીકારતું નથી. સ્વરૂપનો અંત જોતું નથી અને મૂળ સાર તત્ત્વના વિનાશનું લક્ષ્ય રાખતું નથી, એક પ્રકારનો શૂન્યવાદનો બુદ્ધધર્મ તે વસ્તુનું લક્ષ્ય રાખે છે અને તેમ છતાં તે અસત્, શૂન્ય તત્ત્વને એક શાશ્વત તત્ત્વ તરીકે બીજી બાજુએ માન્ય રાખે છે. આ બધી સાધનાઓનું લક્ષ્ય કાળમાંથી શાશ્વતી પ્રત્યે જવાનું, અનંતને એક બાજુએ ખસેડીને અનંતને ધારણ કરવાનું, અહંકારનાં બધાં બંધનોને ફેંકી દઈને, તેમજ તેનાં પરિણામો, કામનાઓ, વેદનાઓ, મિથ્યા અસ્તિત્વ વગેરે બધાંનો ત્યાગ કરવો, જેથી કરીને સાચા આત્મ-તત્ત્વમાં જીવન ધારણ કરી શકાય. આ ક્રિશ્ચિયન લેખકનાં વર્ણનો જે અનુભૂતિઓની તે ના પાડે છે તેના વિશેનું પૂર્ણ અજ્ઞાન દર્શાવે છે. દા.ત. અનંતતા, મુક્તિ, પરમ શાંતિ, બ્રહ્માનંદનો પરમ આનંદ. તેમાં મર્યાદિત વ્યક્તિતાનો લોપ થાય છે. પરંતુ એક વિશ્વમયતામાં અને ત્યાર પછી પરાત્પર ચેતનામાં મુક્તિ પ્રાપ્ત થાય છે — વિચાર અને પ્રાણનો લોપ થાય છે પરંતુ એક અમર્યાદિત ચેતના અને જ્ઞાન અને સ્વરૂપમાં મુક્તિ પ્રાપ્ત થાય છે. વ્યક્તિતાનો લોપ થાય છે પરંતુ તેનો તેનાથી વધારે મહાન વસ્તુમાં ઉદય થાય છે નહિ કે ઓછી વસ્તુમાં અથવા કેવળ ' Neat 'માં ( ચોખ્ખાઈમાં ).

જો તે વસ્તુ જીવનનો ઇન્કાર કરે છે તો ક્રિશ્ચિયન આદર્શ પણ પૃથ્વી ઉપરના અસ્તિત્વથી પર રહેલા એક સ્વર્ગીય અસ્તિત્વનું લક્ષ્ય રાખે છે. ( આ એક માત્ર પૃથ્વીના જીવનથી પર રહેલું અસ્તિત્વ છે કારણ કે તેમાં પુનર્જન્મને સ્વીકારવામાં આવતો નથી. ) કારણ કે પૃથ્વી ઉપરનું જીવન દુઃખોની ખીણ છે અને એક વચ-ગાળાની કસોટી છે. તે આધ્યાત્મિક વ્યક્તિતા ઉપર ભાર મૂકે છે પરંતુ તે પ્રમાણે તો વૈષ્ણવ ધર્મ અને શૈવ ધર્મ તથા બીજા પણ એશિયાના ' આદર્શો ' છે. એશિયાના જ્ઞાનનાં ઘણાં પાસાંઓ વિશેનું લેખકનું અજ્ઞાન જ્ઞાનની કિંમતને બાતલ કરી દે છે.

જો વાકયરચનાઓ તમને ઉપરછલ્લી રીતે આપણા રૂપાંતરના આદર્શને મળતી આવતી લાગી તે સામાન્ય રીતની છે અને કોઈ પણ આધ્યાત્મિક સાધના તેને વિના સંકોચ સ્વીકારી શકે એવી છે. માયાવાદ પણ તેને પોતાના માર્ગ ઉપરની એક અવસ્થા અથવા અનુભૂતિ તરીકે રાજીખુશીથી સ્વીકારી શકે. તમે મુદ્દાને શબ્દોમાં કઈ રીતે મૂકો છો, ચેતનામાં અને જીવનમાં તમે ખરેખર કઈ રીતનું રૂપાંતર લાવવા માટે ઇચ્છા રાખો છો તેના ઉપર બધો આધાર છે. જો તમારું રૂપાંતર આત્માના પ્રભુ સાથેના મિલનથી " પાપમાંથી પવિત્રતા તરફ જવાનું હોય," અને " પ્રેમથી પૂર્ણ બુદ્ધિમય પ્રકાશ લાવવાનો હોય " — જેનું આ બધાં અવતરણોમાં ખૂબ સ્પષ્ટ

રીતે વર્ણન કરવામાં આવ્યું છે – તો પછી હું જે રીતનું રૂપાંતર સમજું છું તેની સાથે બિલકુલ તદ્રૂપ નથી, પરંતુ ઊલટું તેનાથી ઘણું દૂર છે; કારણ કે જે રૂપાંતર માટેનું મારું લક્ષ્ય છે તે પાપમાંથી સાધુતા તરફ નહિ, પરંતુ અવિદ્યાની નિમ્ન પ્રકૃતિમાંથી પ્રકાશની, શાંતિની, સત્યની, દિવ્ય શક્તિની અને પરમાનંદની, અવિદ્યાથી પર રહેલી દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર સાધવાનું છે. તે પરમ આત્મ-અસ્તિત્વ ધરાવતા શુભ તરફ મુસાફરી કરે છે અને પાપ અને પુણ્યના મર્યાદિત સંઘર્ષયુક્ત માનવ-ખ્યાલને પાછળ મૂકી દે છે; તેની અભીપ્સાનો સૂર્ય બૌદ્ધિક પ્રકાશ નથી, પરંતુ એક આધ્યાત્મિક અતિ-બૌદ્ધિક અતિમાનસ પ્રકાશનો સૂર્ય છે; તેનું ઉચ્ચતમ તત્ત્વ પવિત્ર સંતપણું નથી પરંતુ દિવ્ય ચેતના છે – અથવા તમને પસંદ પડે તો આત્મતત્ત્વપણું, આત્મપણું, સચેતન આત્મપણું, દિવ્યતા છે. એટલા માટે રૂપાંતરના આ બે પ્રકારમાં અથવા બે કક્ષાઓમાં પ્રચંડ તફાવત છે.

*

*(૧) એ એક ઐતિહાસિક સમર્પણ છે જેમાં આત્મા મુક્ત સક્રિયતાની ટોચ ઉપર પહોંચે છે અને વ્યક્તિ ત્યાં પોતાનું સમર્પણ સાધે છે જ્યાં વ્યક્તિની શક્તિઓ પ્રભુની કૃપાથી વિશુદ્ધ અને દેવત્વવાળી બને છે અને તેમ છતાં તેનું સારતત્ત્વ ઓછું થતું નથી. અથવા નાશ પામતું નથી.

મુક્ત સક્રિયતાનો શો અર્થ ? આપણે માટે મુક્તિ એટલે તમસ, મર્યાદા, ભૂલ અને વેદનામાંથી મુક્તિ, અવિદ્યામય નિમ્ન પ્રકૃતિનું રૂપાંતર, પરંતુ સાથે સાથે પ્રભુને એક પૂર્ણ સમર્પણ પણ ખરું. મુક્ત કર્મ એટલે આપણી અંદર થતું પ્રભુનું કાર્ય અને આપણી મારફતે થતું પ્રભુનું કાર્ય; બીજું કોઈ પણ કર્મ મુક્ત હોઈ શકે નહિ. તે વસ્તુ બીજા અને ત્રીજામાં સ્વીકારવામાં આવી હોય તેમ લાગે છે : પરંતુ આ દર્શન, આ ખ્યાલ આધ્યાત્મિક જ્ઞાન જેટલો જ પ્રાચીન છે – તે કેથોલિક ધર્મ માટે વિશિષ્ટ પ્રકારનો નથી. બીજું પ્રભુકૃપાથી વિશુદ્ધિ અને શક્તિઓનું દેવત્વ એટલે શું ? જો તે નૈતિક વિશુદ્ધિ હોય તો તે બહુ થોડે સુધી જ ચાલી શકશે અને તે દેવત્વ લાવતી નથી. વળી જો દેવત્વ બૌદ્ધિક પ્રકાશથી મર્યાદિત હોય, તો સૌથી ઉત્તમ હોય છતાં તે બહુમાં બહુ તો ક્ષુદ્ર બનાવ હોવો જોઈએ. ભારતીય આધ્યાત્મિકતામાં પણ આ પ્રમાણેનું લક્ષ્ય હતું. પરંતુ તેનું ક્ષેત્ર વધારે વિશાળ હતું અને તેની કક્ષા તે વસ્તુ કરતાં

*૧. આ બધા ફકરાઓ ફ્રેન્ચમાં છે તેનું અંગ્રેજી ભાષાંતર ઉપરથી ગુજરાતી અનુવાદ કરેલો છે. – અનુવાદક

વધારે ઊંચી હતી. મૂળ સારતત્ત્વના વિનાશના ભોગે કોઈ પણ આધ્યાત્મિક સાધના, શુદ્ધિ અથવા દેવત્વનું લક્ષ્ય રાખતી નથી – એવી કોઈ વસ્તુ હોઈ શકે જ નહિ. સ્વરૂપનું સારતત્ત્વ અવિનાશી છે. સૌથી ચુસ્ત અદ્વૈત સાધના પણ આ પ્રકારના કોઈ પણ વિનાશને લક્ષ્ય તરીકે રાખતી નથી; તેનું લક્ષ્ય મૂળ આત્મતત્ત્વની શુદ્ધતમ વિશુદ્ધિ હોય છે. રૂપાંતર આ મૂળભૂત વિશુદ્ધ આત્મતત્ત્વની શુદ્ધિને લક્ષ્ય તરીકે રાખે છે. પરંતુ તે પરાપ્રકૃતિની શુદ્ધિ અને દિવ્યતાની માગણી પણ કરે છે; સ્વરૂપનું મૂળભૂત તત્ત્વ નહિ પરંતુ આપણી અવિકસિત અપૂર્ણ પ્રકૃતિના અકસ્માતોનો નાશ થાય છે અને તેને બદલે દિવ્ય પ્રકૃતિનો આવિર્ભાવ થાય છે. એકમેવમાં માનતું અદ્વૈત અહંકારના નાશનું લક્ષ્ય રાખે છે, પરંતુ વ્યકિતના મૂળભૂત તત્ત્વના નાશનું નહિ. તેનો નાશ તે એકમેવની સાથેની તદ્રૂપતા દ્વારા, શાશ્વત આત્મતત્ત્વની વાસ્તવિકતામાં પ્રકૃતિના દ્વારા સર્જન થયેલા અહંકારને ઓગાળી નાખે છે. તેના માટે તે કહે છે કે માનવનું મૂળતત્ત્વ 'અહંકાર' નથી – સોઽહમ, તતત્વમ અસિ – રૂપાંતરના આપણા ખ્યાલમાં પણ અહંકારનું એકતત્ત્વ છે, તેનું વિશ્વમય અને દિવ્ય ચેતનામાં વિસર્જન છે; પરંતુ તે વિનાશ દ્વારા આપણો સાચો આધ્યાત્મિક પુરુષ પ્રાપ્ત કરીએ છીએ, જે પ્રભુનો શાશ્વત અંશ છે.

(૨) ક્રિશ્ચિયન લોકોનું ધ્યાન અને ચિંતનમાં, પ્રભુની સ્થિતિ અને દિવ્ય જીવનથી છૂટું પાડી શકાય એમ નથી. જો તેને આ (જગતમાંથી) અદૃશ્ય થવું પડે તો પણ તેની વ્યકિતતા એવા પ્રકારની હોય છે જે તેના વ્યકિતત્વથી ભિન્ન થવામાં જ વિજયી બને છે. તેની સ્થૂલ શારીરિક વ્યકિતતાના બંધનમાંથી તે છૂટો પડી જાય છે જેથી કરીને જીવંત પ્રભુ તેના વ્યકિતત્વને પોતાના હાથમાં લઈને તેની અંદર નિવાસ કરે.

(૩) 'મુક્તિ' એટલે પ્રકૃતિમાં રહેલી નિમ્ન વસ્તુઓને તેમાં રહેલી ઉચ્ચતમ વસ્તુઓથી ગૌણ ગણવી.

આ પરિચ્છેદો ઉપરના અર્થમાં આપણા આદર્શની લગભગ પહોંચતા ગણાય. પરંતુ "વ્યકિતત્વ" (Personality) શબ્દનો જે રીતે ઉપયોગ થયો છે તેમાં અહીં ગોટાળો થાય છે. વ્યકિતત્વ એક કામચલાઉ રચના છે, અને તેને શાશ્વત બનાવવું એટલે અવિદ્યા અને મર્યાદાને શાશ્વત બનાવવાં. સાચે 'હું' એટલે મનોમય અહંકાર નહિ અથવા અત્યારનું વ્યકિતત્વ ફક્ત બુરખો છે તે પણ નહિ, પરંતુ એક શાશ્વત 'હું', જે જુદી જુદી જિંદગીમાં જુદાં જુદાં વ્યકિતત્વો ધારણ કરે છે તે પૃથ્વી ઉપરના એકમાત્ર જીવન માટે ક્રિશ્ચિયન અને યુરોપીયન ખ્યાલ આ ભૂલ કરી

બેસે છે કે આપણું અત્યારનું વ્યક્તિત્વ એ જ જાણે આપણો સમગ્ર આત્મા હોય ...તે ઉપરાંત કેવળ શારીરિક વ્યક્તિત્વની સામે આપણી અવિદ્યા તેની સાથે આપણને જોડે છે, પરંતુ મનોમય વ્યક્તિતા અને પ્રાણમય વ્યક્તિતા પણ તેમાં આવી જાય છે. આ બધી ગાંઠોને છોડવી પડશે. મનના અને પ્રાણના અપૂર્ણ રૂપોથી ઉપર ઊઠવાનું છે. મનને મનથી પર રહેલી કોઈ વસ્તુમાં રૂપાંતર પામવાનું છે. પ્રાણને એક દિવ્ય પ્રાણમાં રૂપાંતર પામે તો જ સાચું રૂપાંતર થશે અને નહિ કે અવિદ્યાના પ્રકાશોનું ઊર્ધ્વીકરણ અથવા તેનું નવીન સ્વરૂપ.

(૪) આત્માનું આ એકાકીપણું (એશિયાના સંન્યાસીનું) તે આધ્યાત્મિક એકલતા કે આધ્યાત્મિક આરામ નથી. તે એક સક્રિય એકાકીપણું છે, જેમાં પાપમાંથી મુક્ત બનવાનું રૂપાંતર થાય છે. જોકે આત્માનું પ્રભુ સાથેનું મિલન એક પ્રેમપૂર્ણ બૌદ્ધિક પ્રકાશ હોય છે.

જે રૂપાંતર સાધવાનું છે તેના વર્ણનના ઉપર મેં વિવરણ કરેલું છે, અને તેમાં ફક્ત એક જ બાકી રહેલી વસ્તુ ઉમેરવાની છે. પ્રભુમાં રહેલા આત્માના એકાંતને ખરેખર સક્રિય બનાવવાનું છે તેમ જ નિષ્ક્રિય અને અચલ રાખવાનું છે; પરંતુ કોઈ પણ માણસ જેણે શાશ્વત આત્માની શાંતિ અને અક્રિય એકાંતને પ્રાપ્ત ન કર્યું હોય તે ઉચ્ચતર દિવ્ય પ્રકૃતિની મુક્તિ અને સર્વાંગસંપૂર્ણ અક્રિયતા મેળવી શકશે નહિ. કારણ કે ક્રિયાનો પાયો શાંતિ ઉપર આધાર રાખે છે અને શાંતિ વડે જ તે મુક્ત હોય છે.

(૫) ક્રિશ્ચિયન જીવન – એક રહસ્યવાદી પ્રગતિકારક વસ્તુ છે જેમાં સમૃદ્ધિ અને અનંતતાની વિશાળ અનુભૂતિ થાય છે, જે બુદ્ધિ-બહારની વસ્તુ છે.

રૂપાંતર વિશેનો આપણો ખ્યાલ આ રીતનો નથી, કારણ કે માનવી એક મનોમય સ્વરૂપ છે, જે પ્રાણ અને શરીર દ્વારા મર્યાદિત છે. તેની સમૃદ્ધિ અથવા વિશાળતા તે સૂત્રના અંતિમ છેડાથી વધારે ઉપર જઈ શકતી નથી. તે તો હાલની સંકુચિતતાને ફક્ત વિશાળ અને શોભાસ્પદ કરી શકે છે. તે તેના મનોમય અજ્ઞાનથી ઉપરના મહત્તર સત્ય અને પ્રકાશમાં ઉપર ચડી શકે નહિ અથવા જે ખ્યાલ આપણા રૂપાંતરનું લક્ષ્ય છે તે પ્રમાણે આ પાર્થિવ પ્રકૃતિમાં તે વસ્તુઓને નીચે ઉતારી શકે નહિ.

(૬) એશિયાના માણસ માટે વ્યક્તિત્વ એટલે માનવનું પ્રભુના કલ્યાણમાંથી પતન. સર્જનનો નૈસર્ગિક સિદ્ધાંત ઐક્યનો છે. ક્રિશ્ચિયન માટે એ વાસ્તવિક પ્રભુની

યોજના છે અને તે પ્રભુની કૃપા સર્વ સર્જનને ઐકયમાં નૈસર્ગિક રીતે જ મિલનની ટોચ ઉપર પહોંચાડવાનો સાદ કરે છે.

માનવનું એક જીવનનું આ વ્યક્તિત્વ અવિદ્યામાં થયેલું બંધારણ છે, અને તેથી તે પતન છે; તે સ્વરૂપની ઉચ્ચતમ ટોચ હોઈ શકે નહિ. તેમ જ આપણે એમ પણ સ્વીકારતા નથી કે તે પ્રકૃતિનું સર્વોત્તમ શિખર છે; પરંતુ આપણે કહીએ છીએ કે તેનાથી ઉચ્ચતર શિખરો છે, જેના ઉપર આપણે ચડવાનું છે અને તેમની શકિત-ઓને પાર્થિવ જીવનમાં પ્રગટ કરવાની છે. પ્રકૃતિમાં રહેલી ગુપ્ત દિવ્ય ચેતનાની ઉત્ક્રાંતિ એ પ્રકૃતિનું સર્જન છે, અને તે મર્યાદિત હોય છે. અને પ્રથમ તો અવિદ્યા દ્વારા ઢંકાયેલી હોય છે. તેને અવિદ્યામાંથી હજુ ઊંચે ચડવાનું છે — તેથી કરીને માનવ વ્યકિતમાંથી દિવ્ય પુરુષમાં ઉપર ચડવાનું છે. આ આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં પ્રભુની દિવ્ય યોજના પોતાના કેન્દ્રવર્તી અને સૂચક માર્ગો દ્વારા આવિર્ભાવ પામે છે અને સમગ્ર સર્જનને શિખરરૂપ કૃપા ઉપર ચડવા પુકાર કરે છે.

એટલા માટે તમે જોઈ શકશો કે આપણા આદર્શની સાથે આ રૂપાંતરનું જે સામ્ય લાગે છે તે ફક્ત ઉપરછલ્લું છે, ફક્ત શબ્દોમાં જ; પરંતુ શબ્દોની અર્થગહન-તામાં જે સંકુચિત છે, જે બીજા પ્રકારની છે અને અર્થમાં નથી. કેટલીક વસ્તુઓમાં સહમતી અને આકસ્મિક સરખાપણું લાગે છે તે તેમાં રહેલી એક સર્વ સામાન્ય વસ્તુ છે (ચેતનાનું થોડું પરિવર્તન) અને તે બધી જ સાધનાઓમાં હોય છે;કારણ કે પૂર્વમાં કે પશ્ચિમમાં રહેલી બધી જ સાધનાઓમાં એક સામાન્ય સાર તત્ત્વ હોય છે — તેમના વિકાસમાં, ફલકમાં તેઓ આ કે પેલા પાસા તરફ મુખ ફેરવે છે અથવા તો સત્યની સંપૂર્ણતા તરફના તેમના સંકલ્પમાં તેઓ એકબીજાથી ભિન્ન હોય છે.

*

ક્રિશ્ચિયન ખ્યાલ (સ્વર્ગના રાજ્યનો) અને અતિમનસના અવતરણના ખ્યાલ વચ્ચે કોઈ પણ સંબંધ નથી. ક્રિશ્ચિયન ખ્યાલમાં ધાર્મિક ઊર્મિ અને નીતિમય વિશુદ્ધિ વડે વસ્તુઓની એક સ્થિતિની માન્યતા રહેલી છે; પરંતુ આ વસ્તુઓમાં જગતમાં રૂપાંતર કરવાની શક્તિ નથી, ભલે પછી વ્યક્તિ માટે તે વસ્તુની ગમે તેટલી કિંમત હોય અને તેને માટે ગમે તેવો મનોમય આદર્શ હોય અથવા તે હેતુને માટે ગમે તે શકિતનો પુકાર કરવામાં આવ્યો હોય. ક્રિશ્ચિયન, રાજસિક અને તામસિક અહંકારને બદલે, સાત્ત્વિક ધાર્મિક અહંકારનું સ્થાપન કરવાની ધારણા રાખે છે, પરંતુ આ વસ્તુ કોઈ વ્યકિતગત સિદ્ધિ તરીકે થઈ શકે છે, છતાં તે સમગ્ર સમૂહમાં પોતાની જાતને

ચરિતાર્થ કરવામાં સફળ થઈ નથી અને સફળ થઈ શકે નહિ. તેની પાછળ કોઈ ઉચ્ચ-તર આધ્યાત્મિક કે મનોમય જ્ઞાન નથી, અને તે માનવ-પ્રકૃતિ અને મુશ્કેલીના મૂળના પાયાની અવગણના કરે છે – મન, પ્રાણ અને શરીરની દ્વિવિધતા જ્યાં સુધી ચેતનાની એક નવીન શક્તિ નીચે અવતરણ ન કરે, જે દ્વિવિધતાને તાબે ન થાય છતાં સક્રિય હોય, અને જે ચેતનાના કેન્દ્રને મનથી ઉપર ઉઠાવે નહિ, ત્યાં સુધી પ્રભુનું પૃથ્વી ઉપરનું રાજ્ય કેવળ એક આદર્શ જ રહેશે અને સામાન્ય પાર્થિવ ચેતના અને પાર્થિવ જીવનમાં સાચી વાસ્તવિકતા તરીકે સિદ્ધ બની શકશે નહિ.

*

વિભાગ ૩

# ધર્મ, નીતિ, આદર્શ અને યોગ

# ધર્મ, નીતિ, આદર્શ અને યોગ

આધ્યાત્મિક જીવન ( અધ્યાત્મ-જીવન ), ધાર્મિક-જીવન ( ધર્મ-જીવન ) અને સામાન્ય માનવ-જીવન જેનો નીતિ એક ભાગ છે, તે ત્રણે વસ્તુઓ ભિન્ન છે અને વ્યક્તિએ જાણવું જોઈએ કે પોતે કયા જીવનની ઇચ્છા રાખે છે અને ત્રણે વસ્તુઓમાં ગોટાળો ન કરવો જોઈએ. સામાન્ય જીવન એટલે સામાન્ય માનવ-ચેતનાનું જીવન, જે પોતાના સાચા આત્મતત્ત્વથી તથા પ્રભુથી છૂટું પડી ગયેલું છે અને તે મન, પ્રાણ અને શરીરની સામાન્ય ટેવો, જે અવિદ્યાના નિયમોથી શાસિત થાય છે તેનાથી દોરવાય છે. ધાર્મિક જીવન પણ તે જ અજ્ઞાની માનવ-ચેતનાની ગતિ છે અને તે પૃથ્વીના જીવનથી મોં ફેરવીને પ્રભુ પ્રત્યે જવા પ્રયત્ન કરે છે, પરંતુ તેમાં જ્ઞાન નથી અને કોઈ કોઈ ધર્મ કે પંથ દ્વારા રૂઢ થયેલા સિદ્ધાંતો અને નિયમો દ્વારા દોરવાય છે. આ પ્રકારનો કોઈ વાદ કે પંથ એ પ્રકારનો દાવો કરે છે કે તેણે પૃથ્વી-ચેતનાનાં બંધનોમાંથી મુક્તિનો માર્ગ શોધી કાઢયો છે અને તેનાથી પર રહેલા પરમાનંદમાં તે પહોંચી શકે છે. ધાર્મિક જીવન આધ્યાત્મિકતા માટેનો પ્રથમ અભિગમ હોઈ શકે, પરંતુ ઘણુંખરું તો તે અમુક વિધિ-વિધાનો અને પ્રક્રિયાઓ અથવા રૂઢ વિચારો અને રૂપોમાં કાંઈ પણ પરિણામ લાવ્યા સિવાય ગોળ ગોળ ફર્યા કરે છે. તેનાથી ઊલટું આધ્યાત્મિક જીવન ચેતનાના પરિવર્તનથી શરૂઆત કરે છે. સામાન્ય ચેતનામાંથી કોઈ પરિવર્તન, જે ચેતના અવિદ્યામય છે અને પોતાના સાચા આત્મતત્ત્વથી અને પ્રભુથી વિખૂટી પડી ગયેલી છે. અને તે ચેતનામાંથી એક મહત્તર ચેતનામાં પ્રવેશ કરે છે જેમાં વ્યક્તિ પોતાના સાચા આત્માને ઓળખે છે, અને પ્રથમ સીધા અને જીવંત સંપર્કમાં, અને પછીથી પ્રભુના ઐક્યમાં આવે છે. આધ્યાત્મિક સાધક માટે પ્રથમ આ ચેતનાનું પરિવર્તન શોધવાનું છે અને બીજી કોઈ પણ વસ્તુની તેને માટે કોઈ કિંમત નથી.

નૈતિકતા એ સામાન્ય જીવનનો એક ભાગ છે; બાહ્ય વર્તનને અમુક મનોમય નિયમો દ્વારા નિયમન કરવાનો તે એક પ્રયત્ન છે અથવા કોઈ માનસિક આદર્શની પ્રતિમા ઘડવા આ નિયમો ચારિત્ર્યનું ઘડતર કરવાનો પ્રયત્ન કરે છે. આધ્યાત્મિક જીવન મનથી ઉપર જાય છે; તે આત્માની ચેતનાના વધારે ઊંડાણોમાં પ્રવેશ કરે છે અને આત્માના સત્યમાંથી કાર્ય કરે છે. નૈતિક જીવનના પ્રશ્ન વિશે અને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની જરૂરિયાત વિશેના પ્રશ્નો જીવનનાં કયાં લક્ષ્યો ચરિતાર્થ કરવાં

છે તેના ઉપર આધાર રાખે છે. જો આધ્યાત્મિક ચેતનામાં પ્રવેશ કરવો એ તેનો એક ભાગ હોય તો ફક્ત નૈતિકતા તે વસ્તુ તમને આપી શકશે નહિ.

રાજકારણને અને આધ્યાત્મિક જીવનને કોઈ સંબંધ નથી. જો આધ્યાત્મિક માનવ પોતાના દેશ માટે કાંઈ કરે તો તે પ્રભુની ઇચ્છાને પૂર્ણ કરવા માટે કાર્ય કરે છે. તે પ્રભુ દ્વારા દર્શાવેલા કાર્યનો એક ભાગ હોય છે અને તેમાં કોઈ માનવ-હેતુ હોતો નથી. સામાન્ય માનવ જે સામાન્ય મનોમય અને પ્રાણમય હેતુઓથી કાર્ય કરે છે તે પ્રમાણે તેનું કોઈ પણ કાર્ય નહિ હોય. પરંતુ તે આત્માના સત્યમાંથી કાર્ય કરે છે અને તે જાણે છે કે તે સ્રોતમાંથી જ તેને આજ્ઞા મળતી હોય છે.

પત્રમાં પૂજાનો જે પ્રકાર બતાવ્યો છે તે ધાર્મિક જીવનને અનુરૂપ છે. જો તે સૌથી ઊંડાણપૂર્વકની ધાર્મિક ભાવનાથી કરવામાં આવે તો તે મન અને હૃદયને થોડા ઘણા તૈયાર કરી શકે પણ તેનાથી વધારે કાંઈ નહિ. પણ જો પૂજાને ધ્યાનના એક ભાગ તરીકે કરવામાં આવે અને આધ્યાત્મિક વાસ્તવિકતા અને આધ્યાત્મિક ચેતના પ્રત્યે સાચી અભીપ્સાથી કરવામાં આવે તથા પ્રભુ સાથેના સંપર્ક અને ઐક્યની ઝંખનાથી કરવામાં આવે તો તે આધ્યાત્મિક રીતે અસરકારક બને.

જો તમારા હૃદયમાં અને આત્મામાં એક આધ્યાત્મિક ફેરફાર માટેની સાચી અભીપ્સા હોય તો તમને માર્ગ અને દિવ્યમાર્ગદર્શક મળી રહેશે. આત્માનાં દ્વારો ખોલવા માટે કેવળ માનસિક શોધ અને પ્રશ્નો પૂછવા એ પૂરતું નથી.

*

સ્પષ્ટ રીતે જ પરમાત્મા પાસેથી શું પ્રાપ્ત થઈ શકે તે માટે તેની શોધ કરવી એ યોગ્ય વલણ નથી; પરંતુ જો આ વસ્તુઓ માટેનો તેમની શોધ માટે સંપૂર્ણ રીતનો નિષેધ હોત તો જગતમાંના ઘણાખરા લોકો તેના પ્રત્યે વળ્યા જ ન હોત. હું ધારું કે એટલા માટે તેની મંજૂરી આપવામાં આવી છે જેથી લોકો એક શરૂ-આત કરી શકે – જો તેમનામાં શ્રદ્ધા હોય તો તેઓ જે માગણી કરે તે પ્રાપ્ત કરી શકે અને પછી તેઓ વિચાર સાથે ભટકાઈ પડે કે છેવટે આ એક જ વસ્તુ કરવાની નથી અને પ્રભુની નજીક આ માટે બીજા વધારે સારા માર્ગો અને વધારે સારી ભાવનાઓ હોઈ શકે. જો તેઓ જે વસ્તુની ઇચ્છા રાખે તે પ્રાપ્ત ન થાય અને છતાં શ્રદ્ધા રાખે તો તે એવું દર્શાવે છે કે તેઓ તૈયાર થઈ રહ્યા છે. આપણે તે વસ્તુને તૈયાર ન થયેલા માણસો માટેની એક નાનાં બાળકોની એક શાળા તરીકે જોઈએ. પરંતુ અલબત્ત તે એક આધ્યાત્મિક જીવન નથી, એ એક પ્રકારનો, પ્રાથમિક પ્રકારનો ધાર્મિક અભિગમ છે. આધ્યાત્મિક જીવન માટે અર્પણનો અને નહિ કે માગણીનો નિયમ છે. તેમ છતાં સાધક પોતાની સાધનાના એક ભાગ માટે, તેની તંદુરસ્તી

સાચવવા માટે અથવા ફરીથી પ્રયત્ન કરવા માટે દિવ્ય બળની પાસે માગણી કરી શકે છે. જેથી કરીને તેનું શરીર આધ્યાત્મિક જીવન માટે યોગ્ય બની શકે અને પ્રભુના કાર્ય માટેનું એક શક્તિશાળી કરણ બની શકે.

*

એ સાચું છે કે ધર્મો સૌથી વધારેમાં વધારે પ્રકૃતિની સપાટીમાં ફેરફાર લાવી શકે. વધારામાં તેઓ તાત્કાલિક એક વિધિવિધાનની યાંત્રિક પૂજા અને રૂઢ થઈ ગયેલા સિદ્ધાંતોમાં નીચે સરી પડે છે.

*

હિંદુ ધર્મનું જે દષ્ટિબિંદુ ‘ જ ’ સ્વીકારે છે તે રીતે હું તેને સ્વીકારતો નથી. ધર્મ કાયમ અપૂર્ણ હોય છે કારણ કે માણસ જે અજ્ઞાની રીતથી પોતાની નિમ્ન પ્રકૃતિનું ઊર્ધ્વીકરણ કરવા માટે પ્રયત્ન કરે છે તેનું અને તેના આધ્યાત્મિક પ્રયત્નોનું તે મિશ્રણ હોય છે. મને હિંદુ ધર્મ એક ભવ્ય મંદિર જેવો લાગે છે, જે મંદિર ભગ્ન થયેલું છે, છતાં વિસ્તારમાં ખૂબ વિશાળ છે અને દરેક વિગતમાં કાયમ એક સૂચક રીતે ધૂની અને કલ્પનાશીલ છે – તેનું પતન થતું જાય છે અથવા કેટલીક જગાએ તે તૂટી-ફૂટી ગયેલ છે પરંતુ એવું ભવ્ય મંદિર, જેમાં અદશ્ય ( પ્રભુ ) પ્રત્યેની સેવા ચાલુ છે, અને જેઓ સાચી ભાવનાથી તેમાં પ્રવેશ કરે છે તેઓ ખરેખર તેની ( પ્રભુની ) હાજરી અનુભવે છે. બાહ્ય સામાજિક માળખું, જેણે તેના અભિગમ માટે બાંધેલું છે તે એક જુદી જ વસ્તુ છે.

*

હું માનવજાતિના અને ખાસ કરીને ભારતના આધ્યાત્મિક ઈતિહાસને એક દિવ્ય હેતુના એક સતત વિકાસ તરીકે ગણું છું. તે કોઈ એવું પુસ્તક નથી જેની સમાપ્તિ થઈ હોય પરંતુ તેની આગળની પંક્તિઓનું સતત પુનરાવર્તન કરતા રહેવાનું છે. ઉપનિષદો અને ગીતા પણ છેવટનાં નહોતાં. ભલે પછી દરેક વસ્તુ તેમાં બીજરૂપે રહેલી હોય. આ વિકાસમાં ભારતનો આધ્યાત્મિક ઈતિહાસ એક અગત્યનો તબક્કો છે અને મેં જે નામોનો નિર્દેશ કરેલો છે તેની તે વખતની ખાસ વિશિષ્ટ અગ્રિમતા મારા વિચારમાં છે— મને તે બધા એવા માર્ગોનું સૂચન કરતા લાગતા હતા, જેમાંથી આધ્યાત્મિક વિકાસને સીધેસીધા આગળ ઉપર ચાલવાનું હતું. અટકવાનું નહોતું, પરંતુ આગળ ચાલ્યા કરવાનું. હું એમ કહી શકું કે કોઈ પણ ધર્મ પ્રાચીન કે નવીન માનવજાતિના ભાવિ માટે કરવી તે મારા હેતુથી

બિલકુલ દૂર છે. એક હજુ સુધી બંધ રહેલા માર્ગને ખુલ્લો કરવાનો છે; મારો એવો ખ્યાલ છે. નહિ કે એક હજુ કોઈ એક નવા ધર્મની સ્થાપના કરવી.

*

જો તે વિધાનનો[1] એવો અર્થ થતો હોય કે ધર્મનું સ્વરૂપ કોઈ એક વસ્તુ છે જે શાશ્વત અને અપરિવર્તનશીલ છે, તો તે વસ્તુ સ્વીકારી શકાય નહિ. પરંતુ જો અહીં ધર્મનો અર્થ એવો હોય કે તે પ્રભુ સાથેના વ્યવહારનો એક માર્ગ છે તો એ સત્ય છે કે તે વસ્તુ આંતર-સ્વરૂપની માલિકીની છે અને તેને કોઈ અંગત સામાજિક કે દુન્યવી સગવડતા ખાતર, મકાન કે ડગલાની માફક બદલી ન શકાય. જો તેમાં ફેરફાર કરવો હોય તો આંતરિક આધ્યાત્મિક કારણોસર જ તેમાં ફેરફાર થઈ શકે – એવાં કારણો જેનાથી આંતર-ચેતનામાં કોઈ વિકાસ થતો હોય. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારના ધર્મ કે વાદ કે પદ્ધતિના સ્વરૂપ સાથે સંધાયેલી નથી. પરંતુ જો તે એક વસ્તુમાં ફેરફાર કરે તો તેણે બીજી વસ્તુ સ્વીકારી છે અને તે બાહ્ય કારણોસર, એટલે કે તેનામાં આંતરિક રીતનો કોઈ પણ ધર્મ નથી અને બન્ને જૂના કે નવા ધર્મો તેને માટે એક શૂન્ય સૂત્રરૂપ છે. તેના મૂળમાં હું માનું છું કે એવું રહેલું છે. અહીં જે પરિવર્તનની ભલામણ સામે વાંધો ઉઠાવાયો છે તે પરિવર્તનના હેતુઓ આવા છે. સત્યના ભિન્ન ભિન્ન અભિગમ માટેની પસંદગી, અથવા આંતરિક આધ્યાત્મિક આત્મ-અભિવ્યક્તિ માટેની ઇચ્છા નથી. તેનો હેતુ એક સામાજિક દરજ્જાનો મોહ છે અને તે ગણતરીમાં કોઈ આધ્યાત્મિક હેતુ નથી પરંતુ પૈસા ખાતર અથવા લગ્ન ખાતર કરવામાં આવેલ છે. જો માનવીના પોતાનામાં કોઈ ધર્મ ન હોય તો તે પોતાના કોઈ પણ હેતુ ખાતર તે ધંધાની માફક ફેરવી શકે છે; જો તેનામાં ધર્મ હોય તો તે ફેરવી શકે નહિ; તેના ફેરફાર માટે આંતરિક આધ્યાત્મિક જરૂરિયાત હોવી જોઈએ. જો માણસને પરમાત્મા માટે કૃષ્ણના સ્વરૂપની ભક્તિ

---

૧. આ બધી દલીલો આંબેડકરના ધર્માંતરના દૃષ્ટિબિંદુ ઉપર મહાત્મા ગાંધીનું જે નીચેનું વિધાન છે તે ઉપર છે:

"પરંતુ ધર્મ એ કોઈ મકાન કે ડગલો નથી જેને પોતાની ઇચ્છા પ્રમાણે ફેરવી શકાય. તે વસ્તુ વ્યક્તિના આત્માનો એક મુખ્ય ભાગ છે અને નહિ કે વ્યક્તિના શરીરનો ભાગ. ધર્મ એક એવું બંધન છે જે વ્યક્તિને તેના સર્જકની સાથે બાંધે છે અને શરીર જ્યારે નાશ પામે છે, જે તેને પામવાનું જ છે, ત્યારે ધર્મ તેની પાછળ ત્યાર પછી પણ ટકી રહે છે."

હોય તો તે સ્પષ્ટ રીતે જ એમ ન કહી શકે કે, " હું કૃષ્ણને બદલે ક્રાઈસ્ટનું સ્થાપન કરીશ જેથી કરીને મારો સામાજિક દરજ્જો વધે."

*

લક્ષ્ય તરફ પ્રગતિ કરવા માટે વૈરાગ્ય ચોક્કસ એક માર્ગ છે – પણ તે એક રૂઢ માર્ગ છે અને ખૂબ તપસ્યાનો માર્ગ છે, અને દર્દયુક્ત છે. માનવ-પ્રાણના આનંદો માટેની કામનાનો ત્યાગ કરવો, કોઈ પણ સાહિત્યિક અથવા બીજી સફળતા, પ્રશંસા અને કીર્તિ માટેનો આવેગ ગુમાવવો, આધ્યાત્મિક સફળતાના આગ્રહને અને યોગના આંતરિક ભોગને પણ ખોઈ નાખવો, આ બધી વસ્તુઓને લક્ષ્ય તરફ જવાના પગલા તરીકે કાયમ માન્યતા મળી છે – એ શરતે કે વ્યક્તિએ પ્રભુ ઉપર જ આધાર (આગ્રહ) રાખવો જોઈએ, હું પોતે કૃષ્ણે બતાવેલો સમતાનો વધારે શાંત માર્ગ પસંદ કરું છું નહિ કે વૈરાગ્યના દુ:પૂર્ણ માર્ગને. પરંતુ જો કોઈ વ્યક્તિની પ્રકૃતિમાં તે ફરજિયાત હોય, અથવા વ્યક્તિના આંતરિક સ્વરૂપમાં તે દબાણરૂપે હોય અને તે સાધનો દ્વારા જ તેનો માર્ગ બળપૂર્વક રસ્તો કરતો હોય, અને તે પ્રકૃતિની મુશ્કેલીઓ દ્વારા કરવો પડે એવો માર્ગ હોય, તો તેને યથાર્થ માર્ગ તરીકે માન્ય કરવો જોઈએ. તેવા પ્રસંગે જે વસ્તુમાંથી મુક્ત થવું જરૂરી છે તે પ્રાણમાં રહેલો વિષાદનો સૂર છે અને તમે જે ચીસની વાત કરો છો તે તેનો પ્રત્યુત્તર આપે છે – કે તે કદી પ્રભુને પ્રાપ્ત કરી શકશે નહિ, કારણ કે તેણે હજુ સુધી પ્રભુને પ્રાપ્ત કર્યા નથી અથવા તો તે માર્ગે કોઈ પ્રગતિ થઈ નથી. તેમાં ચોક્કસ પ્રગતિ થઈ છે. આ ચૈતસિક તત્ત્વનો ધક્કો, અને આ અનાસક્તિ પોતે જ તમારી અંદર કોઈ જગાએ વૃદ્ધિ પામે છે. જરૂર છે પકડી રાખવાની, એક જ માર્ગને વળગી રહેવાની, પછી ભલે બીજા બધા તમારા હાથમાંથી છૂટી જાય.

એ સ્પષ્ટ છે કે તમારી અંદર કોઈક વસ્તુ, તમારા ભૂતકાળના વળાંકનો કોઈ અપૂર્ણ ભાગ ચાલુ રહેલો છે જે આપણી ઓછા દુ:ખપૂર્ણ માર્ગ માટેની પસંદગી હોવા છતાં અને તમારી પણ હોવા છતાં તે આ વૈરાગ્યના માર્ગ ઉપર અને ભક્તિના ઝંઝાવાત ભર્યા માર્ગ ઉપર પણ તમને ઘસડે છે – કોઈ એવી વસ્તુ જે બાહ્ય પ્રકૃતિ સાથે **વેગથી** કાર્ય કરવા નિર્માણ થયેલી છે જેથી કરીને તે પોતાની જાતને મુક્ત બનાવી ગુપ્ત અભીપ્સાને સિદ્ધ કરે. પરંતુ આ બધાં તમને જે અવાજનાં સૂચનો છે અને કહે છે કે, " તમે સફળ થશો નહિ અને પ્રયત્ન કરવાનો કોઈ અર્થ નથી," તેને તમે સાંભળો નહિ; એ એવી વસ્તુ છે જે કદી આત્માના માર્ગે ચાલનારાઓએ કહેવી ન જોઈએ, ભલે પછી તે ક્ષણે ગમે તેટલી મુશ્કેલી હોય. તમે તમારી કવિતા-

ઓમાં જે બધી અભીપ્સા આટલી સુંદર રીતે વ્યક્ત કરો છો તેને ટકાવી રાખો, કારણ કે તે ત્યાં ચોક્કસ છે અને તે ઊંડાણોમાંથી આવે છે અને જો તે જ વેદનાના કારણરૂપ હોય – જે રીતે આ જગત અને આ પ્રકૃતિમાં મહાન અભીપ્સાનો કાયમ સામનો થાય છે — તો પછી તે પ્રગટ થવા માટેનું એક વચન અને ખાતરી છે અને ભાવિમાં તે વિજય પ્રાપ્ત કરશે.

*

મેં સંન્યાસી અને તામસી પ્રકારના વૈરાગ્યનો ભૂતકાળમાં વિરોધ કરેલો છે. તામસિક પ્રકારનો અર્થ હું એવો કરું છું જેમાં આત્મા જીવનથી હારેલો હોય છે; નહિ કે તેને ખરેખર જીવન ઉપર ઘૃણા થઈ હોય પરંતુ તે તેની સાથે ટકી ન શકયો હોય અથવા તેની બક્ષિસો જીતી ન શકયો હોય, કારણ કે આવો આત્મા યોગમાં એક દુર્બળ અથવા નબળાઓ માટેનાં અનાથાશ્રમમાં આવતો હોય તે રીતે આવે છે, અને પ્રભુ પાસે જગત-રૂપી વર્ગમાં નાપાસ થયેલાં બાળકો માટે એક આશ્વાસન ઇનામ હોય તેવા પ્રકારથી આવે છે, જે માણસે જગતની મળેલી બક્ષિસો અને ઇનામોનો સ્વાદ પ્રાપ્ત કર્યો હોય, પરંતુ તે તેને અપૂરતાં અને છેવટે રસ વગરનાં લાગતાં હોય તેવા માણસનો વૈરાગ્ય એક ઉચ્ચતર અને વધારે સુંદર આદર્શ તરફ વળે છે. અથવા આવા માણસનો વૈરાગ્ય જેણે જીવનનાં યુદ્ધો ખેલી લીધાં હોય, પરંતુ તેણે એ પ્રમાણે જોયું હોય કે તેનો અંતરાત્મા કોઈ વધારે મહાન વસ્તુની માગણી કરે છે, તેનો વૈરાગ્ય સહાયક હોય છે અને યોગ માટેનું સારું દ્વાર રૂપ છે. તે જ પ્રમાણે સાત્ત્વિક વૈરાગ્ય, જેણે જીવન શું છે તે જાણી લીધું હોય, અને તેનાથી ઉપર અને જીવનની પાછળ શું છે તેના તરફ વળે છે. હું સંન્યાસીનો વૈરાગ્ય એને કહું છું જે જીવનનો અને જગતનો પૂર્ણ રીતે ઇનકાર કરે છે, અને જેણે અવ્યાખ્યેયમાં અદૃશ્ય થઈ જવું છે — આ યોગમાં જેઓ આવે છે, તેમના માટે હું તે વસ્તુનો વિરોધ કરું છું, કારણ કે તે મારા લક્ષ્યને અનુ-રૂપ નથી. આપણે પ્રભુને જીવનમાં લાવવાના છે. પરંતુ જો કોઈ વ્યકિતને જીવન જે પ્રકારનું છે તેનાથી સંતોષ હોય તો પછી પ્રભુને જીવનમાં લાવવાની શોધ માટે કોઈ કારણ રહેતું નથી — તેથી આ જીવન જેવું છે, તેનાથી થતા અસંતોષથી ઉત્પન્ન થતો વૈરાગ્ય આ માર્ગમાં પૂર્ણ રીતે માન્ય છે અને મારા યોગ માટે એક અર્થમાં અનિવાર્ય પણ છે.

*

હું વૈરાગ્યની કામચલાઉ સ્થિતિને ઉપયોગિતાની બિલકુલ સ્વીકારું છું કારણ કે પ્રાણના તીવ્ર ખેંચાણને માટેનો તે ઉપાય છે. પરંતુ વૈરાગ્ય કાયમ જીવન તરફથી

મો ફેરવી લે છે, અને વૈરાગ્યમાં રહેલાં તામસિક તત્ત્વો – નિરાશા, નિર્બળતા વગેરે સ્વરૂપના અગ્નિને ઠંડો પાડી દે છે, અને કેટલાક પ્રસંગોમાં બે ટેકાઓ વચ્ચેથી નીચે પાડી દે છે, તેથી કરીને વ્યકિત પૃથ્વીને પણ ખોઈ બેસે છે, અને સ્વર્ગને પણ. એટલા માટે હું વૈરાગ્યને બદલે જે વસ્તુઓનો ઇનકાર કરવાનો છે તેનો મક્કમ અને શાંત ઇનકાર મૂકવાનું પસંદ કરું છું – કામવાસના, મિથ્યાભિમાન, અહં-કેન્દ્રીપણું, આસકિત વગેરે – પરંતુ તેમાં સાધના માટે અને પ્રભુના કાર્ય માટે જે પ્રવૃત્તિઓ અને શકિતઓ સાધનો બની શકે, તેનો ઇનકાર તેમાં આવી જતો નથી. દા.ત. કલા, સંગીત, કાવ્ય વગેરે. જો કે તે વસ્તુઓએ પણ એક આધ્યાત્મિક અથવા ચૈતસિક પાયો શોધી કાઢવાનો છે, એક ઊંડાણની અભીપ્સા, પ્રભુ પ્રત્યે તેમ જ દિવ્ય વસ્તુઓ પ્રત્યેનું વલણ. જીવનના ઇનકાર સિવાય પણ યોગ થઈ શકે છે. તેમાં જીવનના આનંદને અથવા પ્રાણના બળને નુકસાન પહોંચાડવાનું નથી.

*

ના, મેં એમ નથી કહ્યું કે તમે રાજસિક અથવા તામસિક વૈરાગ્યને પસંદ કરેલ છે. મેં તે કઈ રીતે પોતાની જાતે આવ્યો તે તમને સમજાવ્યું છે, કે સાત્ત્વિક વૈરાગ્ય જે પહેલાં આવવો જોઈએ તેની જગાએ પ્રાણની ગતિઓના પરિણામે આવ્યો અને પ્રભુની શોધ માટે તમે જગતમાંથી પાછા ફરવાના કારણભૂત બન્યા, અથવા તેમાં પરિણમ્યો. જ્યારે પ્રાણને એમ લાગે છે કે તેણે જીવનના આનંદને છોડી દેવાનો છે ત્યારે તે બેદરકાર અને આનંદહીન બને છે અને તેથી તે પાછો ફરે છે; તેમાંથી તામસિક વૈરાગ્ય આવે છે. જ્યારે પ્રાણ માટે જીવનમાંથી આનંદ ઊડી જવાની શરૂઆત થાય ત્યારે તે ફરિયાદ કરે છે કે તેની જગાએ તેને કાંઈ પણ પ્રાપ્ત થતું નથી ત્યારે રાજસિક વૈરાગ્ય આવે છે. કોઈ પણ વ્યકિત આ પ્રકારની ગતિઓને પસંદ કરતી નથી. તેઓ મનમાંથી સ્વતંત્ર રીતે માનવ-પ્રકૃતિના યાંત્રિક પ્રત્યાઘાતો રૂપે આવે છે. આ વસ્તુઓનો ઇનકાર કરવો જોઈએ અને તેને માટે અનાસકિત, એક વૃદ્ધિ પામતી શાંત અભીપ્સા, એક શુદ્ધ ભકિત, પ્રભુને તીવ્ર સમર્પણ કરવું, – આ વસ્તુઓ માટે મેં સાચી આગળ વધતી ગતિ માટે સૂચન કરેલું છે.

*

એક સાત્ત્વિક વૈરાગ્ય હોય છે – પરંતુ ઘણાખરા માણસોમાં રાજસિક અને તામસિક પ્રકારનો વૈરાગ્ય હોય છે. રાજસિક વૈરાગ્ય વ્યકિતના પોતાના જીવનની પરિસ્થિતિઓ માટેનું બંડ ચાલુ રાખે છે, જ્યારે તામસિક વૈરાગ્ય અસંતોષ, નિરાશા,

જીવનનો સામનો કરવાની અથવા વિજય પ્રાપ્ત કરવાની અશક્તિની લાગણી, જીવનની પકડો અને દુ:ખો નીચે દબાઈ જવાની લાગણીથી ઉત્પન્ન થાય છે. આ વસ્તુઓ જીવનના અસ્તિત્વની નિરર્થકતાની ભાવના લાવે છે, કોઈ ઓછી દુ:ખદાયક વસ્તુની શોધની કામના ઉત્પન્ન કરે છે અને અહીંના અસ્તિત્વમાંથી, જે વધારે ખાતરીભરી અને સુખી હોય તેવી મુક્તિની શોધ કરે છે. પરંતુ તે વસ્તુઓ આધ્યાત્મિક પ્રાપ્તિ માટેની શાંતિ અને આનંદ સાથેની એક પ્રકાશિત અભીપ્સા અથવા શુદ્ધ અભીપ્સા લાવી આપતાં નથી.

*

સત્ત્વગુણ મારફતે માર્ગ કરવો એ યોગનો સામાન્ય ખ્યાલ છે. તે પતંજલિના યમ અને નિયમ મારફતે તૈયારી અને વિશુદ્ધિ લાવે છે. અથવા બીજા યોગોમાં બીજાં સાધનો છે. દા.ત. ભક્તિમાર્ગની શાખાઓમાં પવિત્રતા, બુદ્ધનો અષ્ટાંગમાર્ગ, વગેરે વગેરે. આપણા યોગમાં સાત્વિકગુણના વિકાસની જગાએ સમતાનું સ્થાપન અને ચૈતસિક રૂપાંતર છે.

*

સ્પષ્ટ રીતે જ સાત્ત્વિક ગતિઓ કરતાં રાજસિક ગતિઓ સાધનામાં વધારે મુશ્કેલીઓ ઊભી કરે છે. શુભ ગુણો અને આત્મ-પ્રામાણિકતાની જાળ, માનવ-સેવાના આદર્શો, મનોમય આદર્શો, કૌટુંબિક લાગણીઓ વગેરે સત્ત્વગુણવાળા માણસની સૌથી મહાન મુશ્કેલીઓ છે. પરંતુ પહેલાં સિવાય, આ બધું મુશ્કેલ હોવા છતાં તેમાંથી પસાર થવું અથવા તેમનું રૂપાંતર કરવું એટલું બધું મુશ્કેલ નથી. તેમ છતાં કેટલીક વખત આ બધી મુશ્કેલીઓ રાજસિક મુશ્કેલીઓ જેવી જ ગુંદર જેવી ચીકણી હોય છે.

*

સંન્યાસ આસક્તિને દૂર કરતો નથી – તે ફક્ત આસક્તિ કરનાર વસ્તુઓથી દૂર નાસી જાય છે, જે કદાચ મદદ કરી શકે પરંતુ તે એટલો બધો સફળતાકારક મૂળ ઉપાય નથી.

*

આ એક એવી લાગણી છે ( કાલમાં રહેલી વસ્તુઓનું મિથ્યાત્વ ) જે સંન્યાસીની સાધના માટે જગતની આસક્તિમાંથી મુક્ત થવા માટે સહાયરૂપ થાય છે — પરંતુ કોઈ વિધાનાત્મક કે સક્રિય આધ્યાત્મિક હેતુ માટે સારી નથી.

*

જીવનનો જે સિદ્ધાંત હું સ્થાપન કરવા માગું છું તે આધ્યાત્મિક છે. નીતિ એ માનવના મન અને પ્રાણનો પ્રશ્ન છે અને તે ચેતનાના નિમ્ન સ્તરનો વિષય છે. એટલા માટે આધ્યાત્મિક જીવનનો પાયો નૈતિકતા ઉપર સ્થાપી શકાય નહિ. તેનું સ્થાપન આધ્યાત્મિક પાયા ઉપર થવું જોઈએ. એનો અર્થ એવો નથી કે આધ્યાત્મિક માનવી અનીતિમાન હોય – જાણે કે નીતિ સિવાય બીજો કોઈ પણ નિયમ ન હોય. આધ્યાત્મિક ચેતનાના કર્મનો નિયમ ઉચ્ચતર છે – નીતિ કરતાં નિમ્નતર નહિ – તે પ્રભુ સાથેની એકતા ઉપર રચાયેલો છે અને દિવ્ય ચેતનામાં ધારણ થાય છે અને તેના કર્મનો પાયો પ્રભુના સંકલ્પની આજ્ઞાધીનતા ઉપર રચાયેલો હોય છે.

*

તમે સાચું અને ખોટું, સુંદર અને કદ્રૂપ વગેરે વિશેની માન્યતાઓની જે વાત કરો છો તે માનવી માટે અને તેના જીવનના માર્ગદર્શન માટે જરૂરી છે. તેમનામાં જે તફાવતો છે તેના સિવાય માણસને ચાલી શકે નહિ. પરંતુ જ્યારે તે એક ઊર્ધ્વતર, ચેતનામાં, દિવ્ય પ્રકાશમાં પ્રવેશ કરે છે અથવા તેનો તેને સ્પર્શ થાય છે ત્યારે ત્યાં આ બધા ભેદો અદશ્ય થઈ જાય છે, કારણ કે તે સમયે તે શાશ્વત અને અનંત શુભ અને સત્યની નજીક જતો જાય છે અને જ્યારે તે ઋત-ચેતનામાં અથવા અતિમનસ ચેતનામાં પ્રવેશ કરવા શકિતમાન બને છે ત્યારે તે પૂર્ણ વસ્તુમાં પહોંચી જાય છે. પ્રભુ તરફથી માર્ગદર્શનની માન્યતા આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા ન્યાયી ઠરે છે અને તે સાધના માટે બહુ જરૂરી છે, જ્યારે માનવી દિવ્ય પ્રકાશમાં પહોંચે છે ત્યારે આ વસ્તુ સૌથી ઉચ્ચતમ અને પૂર્ણ સત્યમાં પહોંચે છે.

તમે પ્રાર્થના વિશે જે કહો છો તે સાચું છે. તે સૌથી ઉચ્ચ પ્રકારની પ્રાર્થના છે, પરંતુ બીજા પ્રકારની પ્રાર્થના પણ (જે વધારે અંગત છે) મંજૂર કરવામાં આવે છે અને તે ઇચ્છનીય પણ છે. સાચી રીતે અર્પણ કરેલી બધી જ પ્રાર્થનાઓ પ્રભુની વધારે નજીક લાવે છે અને તેની સાથેનો સાચો સંબંધ સ્થાપિત કરે છે.

તમે જે વિઘ્નોની વાત કરો છો તે સાધનામાં આવતાં સામાન્ય વિઘ્નો છે. તે વિઘ્નો સ્વરૂપના ભાગોમાં ખાસ કરીને પ્રાણની ખલેલ અને શારીરિક જડતાને લઈને આવે છે અને એ પ્રકારની ગતિઓને ચેતનામાંથી ક્રમે ક્રમે બાતલ કરવી પડે છે.

*

હું ધારું છું કે દરેક માનવી પોતાની પાસે હાજર રહેલાં બધાં બળોના સમૂહની શકયતાઓમાંથી પોતાના જીવનની વ્યવસ્થા બનાવવાનો પ્રયત્ન કરે છે. આત્મા (શારીરિક પુરુષ) અને કુટુંબનું ઘણા માણસો સ્થાપન કરે છે – કમાવું, કુટુંબનું સર્જન કરવું અને તેને ટકાવવું, પોતે પસંદ કરેલા સંજોગો અનુસાર કોઈક સ્થાન પ્રાપ્ત કરવા માટે કાર્ય કરવું, વેપારમાં અથવા કોઈ ધંધામાં સ્થાન વગેરે વગેરે. તેની સાથે દેશ અથવા માનવતાનો બહુ ઓછા માણસો સ્વીકાર કરે છે. કેટલાક કોઈ આદર્શને હાથ ઉપર લે છે અને તેને જીવનના મુખ્ય ધ્યેય તરીકે સ્વીકારે છે. કેવળ કેટલાક ધાર્મિક લોકો જ પ્રભુને પોતાના જીવનના કેન્દ્ર તરીકે સ્વીકારે છે – અને તે પણ થોડી અપૂર્ણ રીતે, સિવાય કે બહુ ઓછા માનવો. આમાંની કોઈ પણ વસ્તુ સલામત અથવા ચોક્કસ હોતી નથી; છેવટની વસ્તુ ખાસ ચોક્કસ ત્યારે જ બને જ્યારે તેને નિરપેક્ષ રીતે અનુસરવામાં આવે અને તેને જૂજ માણસો જ રાજીખુશીથી સ્વીકારી શકે. અવિદ્યાનું જીવન શકિતઓની એક લીલા હોય છે. બધું જ તેના અનુભવથી થતી પ્રગતિ ઉપર આધાર રાખે છે જેનાથી તે (અવિદ્યા સિવાયની) કોઈક બીજી વસ્તુમાં જ વૃદ્ધિ પામી શકે. તે બીજું એક નવીન ચેતના છે. તે નવી ચેતના પૃથ્વી ઉપરની ચેતના હોઈ શકે અથવા ઉપરના જીવનથી પેલે પાર ચેતના પણ હોઈ શકે.

*

કુટુંબ, સમાજ, દેશ તે બધા વધારે મોટા અહં છે. . .તે પ્રભુ નથી. વ્યકિત ત્યારે જ એમ કહી શકે કે તે પ્રભુ માટે કાર્ય કરે છે જ્યારે તે હેતુ માટે કાર્ય કરવાનો તેને દિવ્ય આદેશ વિશે સભાનતા પ્રાપ્ત થઈ હોય અથવા તેના પોતાનામાં દિવ્ય શકિતને કાર્ય કરતી અનુભવી શકે. નહિ તો પછી તે ફકત મનોમય ખ્યાલ જ હોય, જે ખ્યાલ પ્રભુની સાથે દેશ વગેરેની તદ્રૂપતા કરતો હોય.

*

દરેક વસ્તુ તમે તમારી સમક્ષ કયું લક્ષ્ય રાખો છો તેના ઉપર આધાર રાખે છે. જો માણસે આધ્યાત્મિક લક્ષ્યના સાક્ષાત્કાર માટે અજ્ઞાનનું સામાન્ય જીવન (સંસાર) છોડી દેવાની જરૂર હોય તો તેણે તે છોડી દેવું જોઈએ; આત્માની માગણી સાથે સામાન્ય જીવનનો હક ચાલી શકે નહિ.

જો આ માર્ગ માટે કર્મયોગની જ પસંદગી કરી હોય તો વ્યકિત સંસારમાં રહી શકે છે, પરંતુ મુકત રીતે, કર્મના ક્ષેત્ર તરીકે જ તેમાં રહેશે અને નહિ કે કોઈ

ફરજની ભાવનાથી; કારણ કે યોગી આંતરિક રીતે બધા બંધનો અને આસક્તિઓ-માંથી મુક્ત હોવો જોઈએ. બીજું કૌટુંબિક જીવન જીવવા માટે તેને કોઈ જરૂર નથી – વ્યક્તિ તેને છોડી દઈ શકે છે, અને કર્મના ક્ષેત્ર તરીકે તે કોઈ પણ પ્રકારના કાર્યને સ્વીકારી શકે છે.

અહીં જે યોગ કરવામાં આવે છે તેનું એક લક્ષ્ય એક ઊર્ધ્વતર ચેતનામાં આરોહણ કરવાનું છે અને તે ઊર્ધ્વતર ચેતનામાં જીવન ધારણ કરવાનું હોય છે પરંતુ સામાન્ય હેતુઓ સાથે નહિ. આનો અર્થ, જીવનમાં ફેરફાર તેમજ ચેતનામાં રૂપાંતર. પરંતુ બધાના સંજોગો એવા હોતા નથી કે તેઓ સામાન્ય જીવનમાંથી છૂટા થઈ શકે; તેથી સાધનાની શરૂઆતમાં તેને તેઓ એક અનુભવ અને આત્મસંયમના ક્ષેત્ર તરીકે સ્વીકારે છે. પરંતુ તેઓએ સંભાળપૂર્વક જોઈ લેવું જોઈએ કે તે ફક્ત અનુભવ માટેનું જ ક્ષેત્ર છે અને જે સામાન્ય કામનાઓ, આસક્તિઓ અને આદર્શો સામાન્ય જીવન સાથે સંકળાયેલા હોય છે તેમાંથી મુક્ત થવું જોઈએ; નહિ તો તે વસ્તુ તેમની સાધનામાં એક બોજારૂપ અને વિઘ્નરૂપ બનશે. જો વ્યક્તિને સંજોગોનુસાર ફરજ પડી ન હોય તો સામાન્ય જીવન ચાલુ રાખવાની કોઈ જરૂર નથી.

જો પ્રાણ એવી રીતે ટેવાયેલો હોય કે તે સામાન્ય ચેતનામાંથી ઉત્પન્ન થતી શક્તિઓમાંથી પોતાના હેતુઓ સર કરવા માટે ટેવાયેલો હોય તો જ વ્યક્તિ સામાન્ય કર્મો અને જીવન છોડીને તામસિક બને છે. પ્રાણને એવું લાગે છે કે તેની કામનાઓ અને પ્રવૃત્તિઓને તે છોડી દે તો તે અસ્તિત્વનો સર્વ આનંદ અને માધુર્ય ગુમાવે છે. પરંતુ જો વ્યક્તિનું લક્ષ્ય આધ્યાત્મિક હોય અને આંતરિક જીવન અને પ્રાણનો ભાગ તેમને સ્વીકારે, તો તે તેની અંદરથી જ શક્તિઓ ખેંચી લે છે અને તો પછી વ્યક્તિના સ્વરૂપને તામસિક બનવાનું જોખમ રહેતું નથી.

*

દિવ્ય પ્રકાશની શોધ માટે અથવા યોગની તાલીમ લેવા માટે સામાન્ય જીવનને છોડી જ દેવું જોઈએ એ અનિવાર્ય નથી. જે લોકોને પોતાનો માર્ગ સ્પષ્ટ કરવો હોય જેથી લોકોને ધાર્મિક અથવા કેવળ આંતરિક આધ્યાત્મિક જીવન જીવી શકે, તેમના માટે જ ઘણે ભાગે જગતનો સંપૂર્ણ રીતે ત્યાગ કરે છે. તેઓ વૈશ્વિક અસ્તિત્વમાંથી – માનવ જન્મ-મરણના ફેરામાંથી છૂટી જાય છે અને કોઈ ઊર્ધ્વતર સ્થિતિમાં અથવા પરાત્પર વાસ્તવિકતામાં ચાલ્યા જાય છે. નહિ તો પછી તે ત્યારે જ જરૂરી બને જ્યારે આંતરિક ઝંખનાનું દબાણ એટલું બધું મોટું હોય કે સામાન્ય

જીવન પાછળની દોડ પ્રભાવશાળી આધ્યાત્મિક લક્ષ્યની દોડ સાથે સુમેળમાં ન હોય. ત્યાં સુધી જે વસ્તુ જરૂરી છે તે એક એવી શકિત હોવી જોઈએ જે આંતરિક એકાંતમાં સાધના કરે, પોતાની જાતની અંદર નિવૃત્તિ પ્રાપ્ત કરવાની શકિત હોય, અને કોઈ પણ સમયે જરૂરી આધ્યાત્મિક હેતુ ઉપર એકાગ્રતા કરી શકે. એક એવી પણ શકિત હોવી જોઈએ જે એક નવીન આંતરિક વલણ દ્વારા સામાન્ય બાહ્ય જીવન સાથે વ્યવહાર કરી શકે અને તેમ છતાં જીવનની ઘટનાઓને એવાં સાધનો બનાવી શકે જેનાથી પ્રકૃતિનું આંતરિક રૂપાંતર થાય અને આધ્યાત્મિક અનુભૂતિનો વિકાસ થાય.

*

તમારા મિત્ર વિશે એમ કહેવું શકય નથી કે તે અહીં આવી શકે, કારણ કે તેનો આધાર એવી વસ્તુઓ ઉપર છે જે અહીં સ્પષ્ટ નથી – પહેલાં તો વ્યકિતએ આ માર્ગમાં પ્રવેશ મેળવવો જોઈએ અથવા એવું હોવું જોઈએ કે તેને તેના માટે બોલાવેલી હોવી જોઈએ; ત્યાર પછી અહીંના આશ્રમજીવન માટેનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કૌટુંબિક ફરજો માટેના પ્રશ્નનો આ રીતે પ્રત્યુત્તર આપી શકાય – કૌટુંબિક ફરજો ત્યાં સુધી જ હસ્તી ધરાવે છે જયાં સુધી ગૃહસ્થની સામાન્ય ચેતનામાં વ્યકિત હોય; જો આધ્યાત્મિક જીવનનો સાદ આવે તો તે વ્યકિત તે જીવનને વળગીને રહે છે અથવા છોડી દે છે, તેનો આધાર અંશત: વ્યકિત કયા પ્રકારના યોગનો માર્ગ અનુસરે છે અને આંશિક રીતે પોતાની આધ્યાત્મિક જરૂરિયાત કઈ છે તેના ઉપર રહેલો છે, એવા ઘણા માણસો છે જેઓ આંતરિક રીતે આધ્યાત્મિક જીવન જીવે છે અને તેમ છતાં કૌટુંબિક ફરજો બજાવે છે, નહિ કે સામાજિક ફરજો તરીકે પરંતુ કર્મયોગની સાધના માટેના એક ક્ષેત્ર તરીકે. બીજા એવા છે જેઓ આધ્યાત્મિક સાદ અથવા માર્ગને અનુસરવા માટે બધી જ વસ્તુઓનો ત્યાગ કરે છે અને જો તે વસ્તુ જે સાધના કરતા હોય તે યોગને માટે જરૂરી હોય અથવા તેમની અંદર રહેલા અંતરાત્માની તે આજ્ઞા હોય તો તેઓ તે પ્રમાણેનું યોગ્ય કાર્ય કરે છે.

*

મને સંદર્ભની ખબર નથી; પરંતુ હું માનું છું કે તે એવા અર્થમાં કહેવા માગે છે કે જયારે વ્યકિતને નિમ્નતર ધર્મમાંથી મુકત થવું હોય ત્યારે તેણે ઘણી વખત તેને છોડવો પડે છે જેથી તે બૃહત્તર ધર્મમાં પહોંચી શકે. દા.ત. સામાજિક ફરજો, દેવું ચૂકવવું, કુટુંબની સંભાળ લેવી, તમારા દેશની સેવામાં મદદ કરવી વગેરે વગેરે. જે માણસ આધ્યાત્મિક જીવન પ્રત્યે વળે છે તેણે તે બધું વારંવાર પાછળ મૂકી દેવું પડે છે અને લોકોની મોટી સંખ્યા તેના આ અધર્મ માટે તેને દોષ દે છે. પરંતુ

જો તે આ અધર્મ ન કરે તો તે કાયમ નિમ્નતર જીવન સાથે બંધાઈ જાય છે – કારણ કે ત્યાં કાયમ કોઈક ફરજ બજાવવાની રહે છે જ – અને તેથી તે આધ્યાત્મિક ધર્મ આચરી શકતો નથી, અથવા જ્યારે તે વૃદ્ધ થયો હોય અને તેની શકિતઓને નુકસાન પહોંચેલું હોય ત્યારે જ તે પ્રમાણે કરી શકે છે.

*

તમે તેનો ફોટોગ્રાફ મેળવી શકો છો — તેની પ્રકૃતિ કેવા પ્રકારની છે તે જોવા માટે મદદરૂપ બની શકે. પરંતુ તેના માટે તેને **સમજાવવાની** બહુ જરૂર નથી; તેના પત્રો ઉપરથી એવું લાગે છે કે તે આધ્યાત્મિક જીવન માટે બિલકુલ તૈયાર નથી. તેના જીવનનો આદર્શ આધ્યાત્મિક આદર્શને બદલે નૈતિક અને માનવસેવાનો હોય એવું હાલમાં લાગે છે અને તેની પાછળ તેને કૌટુંબિક આસકિત છે. પ્રભુની શોધ માટેની ઝંખના વિશે તે કહે છે તે અસ્પષ્ટ લાગણીથી સૂચન કરાયેલો મનોમય વળાંક છે. જો તેમાં કાંઈ પણ ચૈતસિક વસ્તુ હશે તો તે યોગ્ય સમયે બહાર આવશે; તેને ઉત્સાહ આપવાની જરૂર નથી અને અપરિપકવ ઉત્સાહ તેને કોઈ એવી વસ્તુ તરફ ધકેલી દે જેના માટે તે હજુ યોગ્ય ન બન્યો હોય.

*

યોગનું સાચું લક્ષ્ય પરોપકારવૃત્તિ નથી, પરંતુ પ્રભુની શોધ કરવાનું છે, દિવ્ય ચેતનામાં પ્રવેશ કરવાનું અને પ્રભુની અંદર પોતાના સાચા સ્વરૂપને ( જે આપણો અહંકાર નથી તેને ) શોધવાનું છે.

રિપુઓ ( ષડ્ રિપુઓ ) દમન દ્વારા જીતી શકાય નહિ; તેમાં ભલે થોડાઘણા અંશે સફળ થવાય તો પણ તે તેમને નીચે દબાવી રાખે છે, પરંતુ તેમનો નાશ કરી શકતું નથી. ઘણી વખત દબાણ કરવાથી તેમની શકિતમાં વૃદ્ધિ થાય છે. દિવ્ય ચેતના જ્યારે અહંકારપૂર્ણ પ્રકૃતિમાં પ્રવેશ કરે છે અને તેને વિશુદ્ધ કરીને તેમાં પરિવર્તન લાવે ત્યારે જ આ વસ્તુ બની શકે છે.

જો સાધક પોતાથી અંદર ઊંડાણમાંથી પોતાનું સમર્પણ કરે અને માર્ગમાં ખંતપૂર્વક આગળ ધપે ત્યારે જ તે સફળ થઈ શકે.

*

માનવજાતને ઉપયોગી થવાનો ખ્યાલ એ જૂનો ગોટાળો છે જે પશ્ચિમમાંથી આયાત કરેલા ઊંછીના વિચારોને લઈને આવેલો છે. એ સ્પષ્ટ છે કે માનવજાતિને

"ઉપયોગી" થવું એ યોગ માટે જરૂરી નથી; દરેક વ્યક્તિ જે માનવજીવન જીવે છે તે એક યા બીજી રીતે માનવજાતિને ઉપયોગી છે.

યોગ પ્રભુ પ્રત્યે વળે છે, નહિ કે માનવ પ્રત્યે. જો એક દિવ્ય અતિમનસ ચેતનાને અને શક્તિને નીચે ઉતારી શકાય અને આ ભૌતિક જગતમાં તેનું સ્થાપન કરી શકાય, તો સ્પષ્ટ રીતે જ પૃથ્વી ઉપર મહાન ફેરફારો થઈ શકે અને માનવ-જાતિ અને તેનું જીવન તેમાં આવી જાય છે. પરંતુ માનવજાતિ ઉપરની અસર તેના ફેરફારમાંનું એક પરિણામ રૂપે જ હોય; તે સાધનાનું લક્ષ્ય હોઈ શકે નહિ. સાધનાનું લક્ષ્ય ફક્ત એટલું જ હોઈ શકે કે દિવ્ય ચેતનામાં જીવન ધારણ કરવું અને તેનો જીવનમાં આવિર્ભાવ કરવો.

*

વિવેકાનંદના અવતરણમાં[1] જે મુદ્દા વિશે હું વાત કરું છું તે મને માનવજાતિ વિશેનો લાગતો નથી. તમે જોઈ શકશો કે હું વિવેકાનંદે કહેલા પૃષ્ઠના છેલ્લા વાક્ય ઉપર આધાર રાખું છું, નહિ કે ઈશ્વર વિશેના તે શબ્દો, જે દરિદ્ર અને પાપી અને ખૂની વિશેના છે. જગતમાં રહેલા પ્રભુ વિશેનો મુદ્દો છે સર્વ – ગીતાના સર્વ-ભૂતાનિ. તે કેવળ માનવજાતિ નથી, અને દરિદ્ર અથવા દુષ્ટ તો તેનાથી પણ ઓછો છે. સમૃદ્ધિવાન અથવા સારા માણસો પણ સર્વના એક ભાગરૂપે છે તેમ જ તેઓ પણ જેઓ નથી સારા કે નથી ખરાબ, નથી સમૃદ્ધિવાન કે નથી ગરીબ. તેમ જ (મેં

૧. મારી મોક્ષ માટેની સમગ્ર ઇચ્છા નાશ પામી છે. ભલે હું ફરી ફરીને જન્મ લઉં અને મારે હજારો દુઃખો સહન કરવાં પડે જેથી અસ્તિત્વ ધરાવતા એકમાત્ર ઈશ્વરની હું પૂજા કરી શકું, જે ઈશ્વરમાં હું માનું છું; – બધા જ અંતરાત્માઓનો એક સમગ્ર સરવાળો – અને તેનાથી પણ વધારે. મારો ઈશ્વર જે દુષ્ટ છે, મારો ઈશ્વર જે દુઃખી છે, મારો ઈશ્વર જે બધી જાતિઓમાં દરિદ્ર છે અને બધી જ જાતિઓ છે તેવો ઈશ્વર મારી ખાસ વિશિષ્ટ પૂજાનો લક્ષ્ય છે. તે જે ઉચ્ચ છે અને નીચ છે, સાધુ અને પાપી, ઈશ્વર અને જંતુ, તેની હું પૂજા કરું છું; તે દશ્યમાન, જ્ઞેય, વાસ્તવિક અને સર્વત્ર હાજર છે – બીજી બધી મૂર્તિઓને ભાંગી નાખો. જેનામાં ભૂતકાળનું જીવન નથી અથવા ભાવિનો જન્મ નથી, જેમાં આવન-જાવન પણ નથી, જેનામાં આપણે શાશ્વતીથી રહેલા છીએ અને એક તરીકે જ રહીશું, તેને જ ભજો. બીજી બધી મૂર્તિઓને ભાંગી નાખો."

(સ્વામી વિવેકાનંદના પત્રમાંથી; શ્રી અરવિંદે આ પત્રનો નિર્દેશ "યોગનો સમન્વય" શતાબ્દી ગ્રંથ ૧૯૭૨ના પૃષ્ઠ નંબર ૨૫૭ – ૨૫૮ ઉપર કરેલ છે.)

જે વિવરણ કર્યું તેમાં) માનવસેવાનો કોઈ પ્રશ્ન નથી, તેમ જ તેમાં દરિદ્રની સેવાનો પણ મુદ્દો નથી. પહેલાં મારી પાસે માનવસેવાનું નહિ પણ માનવજાતિનું દષ્ટિબિંદુ હતું – અને તેમાંનું કાંઈક "આર્ય"માં આપેલી મારી અભિવ્યક્તિને વળગી રહેલું હોય. પરંતુ મેં 'આપણો માનવજાતિનો' યોગવાળા દૃષ્ટિબિંદુમાંથી 'આપણો પ્રભુ માટેનો યોગ'વાળું દૃષ્ટિબિંદુ ફેરવી નાખ્યું હતું. પ્રભુ કેવળ પરાવૈશ્વિક જ નહિ પરંતુ વિશ્વમય અને વ્યક્તિને પણ સમાવી લે છે – કેવળ નિર્વાણ અથવા તેનાથી પરનું જીવન નહિ પરંતુ જીવન અને સર્વને તે પોતાનામાં ધારણ કરે છે; હું આ વસ્તુનો જ સર્વ જગાએ ભાર મૂકું છું.

*

મેં વિવેકાનંદ વિશે શું કહ્યું તે મને યાદ નથી, જો મેં એમ કહ્યું હોય કે તે મહાન વેદાન્તી હતા તો તે બિલકુલ સાચું છે. તેનો અર્થ એમ નહિ કે તેમણે જે કાંઈ કહ્યું અથવા કર્યું તેને સૌથી ઉચ્ચતમ સત્ય અથવા શ્રેષ્ઠ વસ્તુ તરીકે સ્વીકારવું જ જોઈએ. તેમનો સેવાનો આદર્શ તેમની પ્રકૃતિની જરૂરિયાત હતી અને તેણે તેમને ખૂબ મદદ કરી હશે – પરંતુ એટલા માટે એમ ન સ્વીકારવું જોઈએ કે તે વસ્તુને એક વૈશ્વિક આધ્યાત્મિક જરૂરિયાત અથવા આદર્શ તરીકે સ્વીકારવી. તેની જાહેરાત કરવા માટે તે રામકૃષ્ણનું મુખ હતું કે કેમ તે વિશે હું કાંઈ જાહેર કરી શકું નહિ. એટલું તો ચોક્કસ સ્પષ્ટ છે કે રામકૃષ્ણની એવી અપેક્ષા હતી કે તેઓ વૈશ્વિક મનને એક આધ્યાત્મિક દિશામાં ફેરવી આપે; એવી મહાન શક્તિ બને અને એ રીતે માનવું જોઈએ કે શિષ્યને જે સંદેશ મળ્યો હતો તે તેમના ગુરુ તરફથી મળ્યો હતો. તેમના કાર્યની વિગતો એ જુદી બાબત છે. એક અંધ માણસની માફક આગળ ધપવું, એ એવી લાગણી સહેલાઈથી આવે છે, જ્યારે પોતાના મન કરતાં એક વધારે મહાન શક્તિ વ્યક્તિને વિશાળ કાર્ય માટે ધક્કો આપતી હોય. કારણ કે મનને પોતાને બૌદ્ધિક રીતે ખબર પડતી નથી કે તેને કાર્યમાં ઘસડવામાં આવે છે અને તેથી કેટલીક વખત તેના વિશે શંકાઓની અને આશ્ચર્યની ક્ષણો આવે છે – અને તેમ છતાં તેને ફરજિયાત રીતે તે પ્રમાણે કરવું પડે છે. વેદાન્તનો સાક્ષાત્કાર (અદ્વૈતનો) એક નીરવ અચલ અથવા નિરપેક્ષ બ્રહ્મનો સાક્ષાત્કાર છે – વ્યક્તિ તે પ્રાપ્ત કરી શકે છે અને તેમ છતાં વ્યક્તિને પોતાના કાર્ય માટે તે જ શંકારહિત સ્પષ્ટતા ન હોય, કારણ કે અદ્વૈતવાદી માટે પોતાના કાર્ય ઉપર માયાની છાયા છવાયેલી રહે છે.

*

આજે મારા માથા ઉપર પત્રવ્યવહારનો કંચનજંઘા જેટલો પહાડ પડ્યો છે, અને તેથી હું માનવતા અને તેની પ્રગતિ વિશે લખી શક્યો નહિ. લોવેસ ડિકિન્સન પાછળના વિચારો નિરાશાવાદી આદર્શના, બીમાર પ્રકારના અને ફિક્કા નથી? મને પોતાને કાંઈ માનવજાત માટે અને તે શું છે તેના વિશે વધારે પડતું માન નથી. પરંતુ એમ કહેવું કે બિલકુલ કોઈ જાતની પ્રગતિ નથી, એ એટલી જ અતિશયોક્તિભર્યો નિરાશાવાદ છે જેટલો ૧૯ મી સદીમાં પ્રગતિશીલ માનવતાના આનંદમય ઉદ્ગારો, આશાવાદની અતિશયોક્તિ હતી. તમે મોકલેલું પ્રકરણ હું વાંચીશ, જો કે મને આ વસ્તુઓ માટે કઈ રીતે સમય કાઢીશ એ એક અદ્ભુત ચમત્કાર લાગે છે! અને તે એક દિવ્ય નિર્માણ હોય તો જ બની શકશે.

હા, તમે જે પ્રગતિ કરી રહ્યા છો તે સાચા પ્રકારની છે; તેની નિશાનીઓ ઓળખી શકાય છે અને છેવટે માનવજાતિની પ્રગતિ માટેનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે પોતાની જાત ઉપર જ ગતિ કરવી. તે કદાચ તમને વ્યક્તિગત અથવા અહંકારયુક્ત લાગે, છતાં તે પ્રમાણે નથી; તે એક સામાન્ય બુદ્ધિની વસ્તુ છે. ગીતા જે પ્રમાણે કહે છે તે પ્રમાણે "જે વસ્તુ શ્રેષ્ઠ માણસો કરે છે તે બાકીના માટે આદર્શરૂપ હોય છે."[૧]

કેટલાક એવા મંદ ભાગો હોય છે જે લોકોને પાછળ ખેંચી રાખે છે અને કઈ વ્યક્તિ વિભક્ત નથી? પરંતુ શ્રેષ્ઠ વસ્તુ તે છે કે પોતાના અંતરાત્મામાં શ્રદ્ધા રાખવી, જે પ્રભુનો દિવ્ય સ્ફુલ્લિંગ અંદર રહેલો છે અને તેમાં અને જ્યાં સુધી તે પૂરતા પ્રમાણમાં જ્યોતિ ન બને ત્યાં સુધી તેને પોષણ આપવું.

*

આવી લાગણીઓ રાખવાથી કોઈ ફાયદો નથી. વ્યક્તિએ જગત શું છે તે કડવાશ રાખ્યા સિવાય જોવું જોઈએ કારણ કે કડવાશ આપણા અહંકારમાંથી અને નિરાશામાં પરિણમેલી અપેક્ષાઓમાંથી આવે છે. જો માણસને પ્રભુનો વિજય પ્રાપ્ત કરવો હોય તો તેણે તેને પ્રથમ પોતાની અંદર પ્રાપ્ત કરવો જોઈએ.

*

પોતાના આધ્યાત્મિક વિકાસ અને અનુભૂતિ ઉપર એકાગ્રતા કરવી એ સાધક માટે પ્રથમ જરૂરિયાત છે. બીજાઓને મદદ કરવા આતુર રહેવું એ વ્યક્તિને પોતાના આંતરિક કાર્યથી દૂર લઈ જાય છે. પોતાના આત્મામાં વિકાસ સાધવો તે બીજાઓને

---

૧. यद् यद् आचरति श्रेष्ठः तदेव इतरो जनाः ।

શ્રેષ્ઠ મદદરૂપ છે, કારણ કે ત્યાર પછી સ્વાભાવિક રીતે જ આપણી અંદરથી કાંઈક એવું વહે છે જે આજુબાજુઓમાં જાય છે અને તેમને મદદ કરે છે.

*

જો વ્યકિતને પોતાને કઈ રીતે કાર્ય કરવું તે વિશે પ્રકાશ મળેલો ન હોય તો કર્મ ઉપરનો આટલો બધો આગ્રહ રાખવાની વૃત્તિ એ મૂર્ખતા છે. "યોગમાં જીવનનો સમાવેશ કરવાનો છે અને નહિ કે જીવનનો ત્યાગ" એનો અર્થ એવો નથી કે આપણે જીવન જેવું છે તેવું સ્વીકારવા માટે આપણે બંધાયેલો છીએ; કારણ કે જીવનમાં અજ્ઞાનની ઠોકરો તથા દુ:ખ તથા માનવનો સંકલ્પ અને બુદ્ધિ તથા આવેગ અને પ્રેરણાનો અંધકારમય ગોટાળો ઉત્પન્ન થયેલો હોય છે. કર્મના વકીલો એમ વિચારે છે કે માનવ બુદ્ધિ અને શકિત એક નવીન ધસારાને લઈને બધી વસ્તુ-ઓને બરાબર વ્યવસ્થિત કરી શકે છે. બુદ્ધિનો વિકાસ થયા પછી શકિતનો જે ભયં-કર જથ્થો હાલ છે તેની બરાબરી કરનાર ઈતિહાસમાં કોઈ દાખલો નથી; તે એક માત્ર સાબિતી છે કે તેઓ જે મજૂરી કરે છે તે એક ભ્રમયુકત ખાલીપણું છે. યોગ એ રીતનું પગલું લે છે કે ફકત ચેતનાના ફેરફારથી જ જીવનનો સાચો પાયો શોધી શકાય. અંદરમાંથી બહાર તરફ એ જ ખરેખર સાચો નિયમ છે. પરંતુ અંદર એટલે સપાટીની પાછળ લગભગ ૧/૪ ઇંચ ઊંડું નહિ. વ્યકિતએ ખૂબ ઊંડાણમાં ઊતરીને ચૈત્યપુરુષ, આત્મા, અંદર રહેલ દિવ્ય વાસ્તવિકતા શોધવી જોઈએ અને પછી જ આપણે જે અંધ અને કાયમ ગોટાળાનું પુનરાવર્તન કરતાં, અપૂરતા અને અપૂર્ણ હતા તેના બદલે આપણે શું બની શકીએ તેનું સાચી અભિવ્યકિતરૂપ જીવન જીવી શકીએ. આપણે પસંદગી બેની વચ્ચે કરવાની છે. જ્યાં સુધી આપણે આપણી અંદર તેમ જ બહાર દેવત્વવાળા માનવીની રચના ન કરીએ ત્યાં સુધી આપણે જૂના ગોટાળામાં રહીને કૂટાતા અથડાતા ઓચિંતા કોઈ વસ્તુને શોધી કાઢવાની છે અને સ્થિર અને અલગ રહીને આપણે અંદરથી દિવ્ય પ્રકાશ શોધવાનો છે.

*

મને 'ક્ષ'ના યોગ તરફના વળાંકમાં કદી વિશ્વાસ નહોતો – તેની પ્રવૃત્તિમાં તે વધારે સારો થતો જાય છે અને તેનો કાબૂ આવતો જાય છે એમ મેં માન્યું નથી. તેને બંધનો અટકાવે છે – મહત્ત્વાકાંક્ષા અને પ્રાણમાંથી કાર્ય કરવાની અને નેતાગીરી કરવાની જરૂરિયાત, તેમ જ મનમાં રહેલો એક મનોમય આદર્શ, આ બે વસ્તુઓ ભ્રમને વધારે ઉત્સાહી બનાવે છે. આધ્યાત્મિક માર્ગમાં એક ચોક્કસ પ્રકારની વાસ્ત-વિકતાની જરૂર હોય છે – વ્યક્તિએ વસ્તુઓ જે રીતની છે તેનું ખરેખરું મૂલ્ય

આંકવું જોઈએ, જે બહુ ઓછું છે, સિવાય કે ઉત્ક્રાંતિમાંના પગલા તરીકે. ત્યાર પછી વ્યક્તિ યા તો આરામનો અને મુક્તિનો એક આધ્યાત્મિક અચલ માર્ગ અનુ-સરી શકે અથવા તો વધારે ઉચ્ચતર સત્યને જીવનમાં નીચે ઉતારવાનો આધ્યાત્મિક સક્રિય માર્ગ ગ્રહણ કરી શકે.

*

તમારા પ્રશ્ન વિશે – ટાગોર ચોક્કસ એવા યુગના હતા જેને તેના આદર્શોમાં શ્રદ્ધા હતી અને જેના ઇનકારો સર્જનાત્મક માન્યતાઓ હતી. તે ઘણો મોટો તફા-વત દર્શાવે છે. તમે તેમની પાછળના વિકાસ વિશે જે નોંધો કરી છે તે સાચી હોય અથવા ન પણ હોય પરંતુ આ મિશ્રણ પણ તે સમયનો પ્રવાહ હતો, અને એક એવી કોઈક નવીન અને સાચી આશાનું મિશ્રણ હતું. હવે પ્રચંડ વિરોધી બનાવોને લઈને તે બધા આદર્શો ભાંગીને ભુક્કો થઈ ગયા છે અને દરેક વ્યક્તિ પોતાની નિર્બળતાને ખુલ્લી કરે છે – કે તેની જગ્યાએ શું મૂકવું તે કોઈ પણ જાણતું નથી. શંકા અને સૂત્રોનું મિશ્રણ ‘ હેઈલ હિટલર ’ અને ફાસિસ્ટોની સલામી અને પંચવર્ષીય યોજનાઓ અને દરેકને એક પ્રસ્તર આકૃતિમાં ભીંસી દેવા એક બાજુએ બધા આદર્શોનો એક નબળો ઇનકાર કરવો અને બીજી બાજુએ એક અંધ “ મારી આંખો બંધ કરો અને બીજા બધા, દરેકની આંખો બંધ કરી દો ”, એવા એક અંધકારમાં ભૂસકો મારીને એવી આશા રાખવી કે કોઈક મક્કમ પાયો ત્યાં મળી આવશે, તે આપણને બહુ દૂર સુધી લઈ જશે નહિ, અને ત્યાં બીજું છે પણ શું? જ્યાં સુધી નવીન આધ્યાત્મિક મૂલ્યો શોધી કાઢવામાં નહિ આવે, ત્યાં સુધી કોઈ પણ પ્રકાશનું ટકાઉ સર્જન શક્ય નથી.

*

એ વિચિત્ર છે કે આ બધા બુદ્ધિવાદીઓ સર્જન વિશેની વાતો ચાલુ રાખે છે જે સમયે તેઓ એક શૂન્યમાં ભાંગીને ભુક્કો થતા જાય છે અને તેને બચાવવા માટે તેઓમાં એક આંગળી ઊંચી કરવાની પણ તાકાત નથી. તેઓ કઈ વસ્તુનું સર્જન કરવાના છે અને કયા પદાર્થમાંથી ? જો હિટલર પોતાનો ઘોડો લઈને અને મુસોલિની તેનું એરંડિયું લઈને ગમે તે ક્ષણે આવી શકે છે અને બધું જ સાફ કરી શકે અથવા ધોકાવીને ધૂળ કરી નાખે તો પણ તેનો શો અર્થ છે ?

*

હા, પરંતુ માનવ-બુદ્ધિ એક બહુ સગવડવાળું અને સમાધાનકારક સાધન છે અને તે તેની સમક્ષ અંગત લાભ, પક્ષાપક્ષી અને પૂર્વગ્રહે મૂકેલા વર્તુળમાં જ

ફક્ત કાર્ય કરે છે; રાજકારણીઓ ખોટી અથવા બિનસચ્ચાઈથી તર્ક લડાવે છે અને તેમની બુદ્ધિનાં પરિણામોને ઠોકી બેસાડવાની તેમનામાં શક્તિ હોય છે, જેથી કરીને જગતના બધા બનાવોનો તેઓ ખીચડો કરી શકે; બુદ્ધિશાળીઓ – તેમનાં મન જે રીતે બતાવે તે રીતે તર્ક કરે છે અને બધાને બતાવે છે અને તે સત્યથી ઘણું વેગળું હોય છે કારણ કે તે બુદ્ધિયુક્ત પૂર્વગ્રહ દ્વારા અને મનની અંદર જન્મ લેતા શિક્ષણ દ્વારા સ્થાપિત થતું દૃષ્ટિબિંદુ હોય છે; પરંતુ જયારે તેઓ તે જુએ તો પણ તેમનામાં તે વસ્તુની ઉપર દબાણ લાવવાની શક્તિ નથી. તેથી અંધ શક્તિ અને દૃશ્યમાન દૌર્બલ્ય વચ્ચે જગત ગતિ કરી રહ્યું છે અને એક મનોમય ગોટાળા મારફતે તેનું ભાવિ નિર્મિત થાય છે.

*

તમે એ પ્રમાણે લખો છો જાણે કે યુરોપમાં જે ચાલી રહ્યું છે તે પ્રકાશની શક્તિઓ અને અંધકારની શક્તિઓ વચ્ચેનું યુદ્ધ હોય, પરંતુ મહાન વિગ્રહ દરમિયાન જે હતું તે પ્રમાણે અત્યારે નથી. તે બે પ્રકારના અજ્ઞાન વચ્ચેની લડાઈ છે. અમારું લક્ષ્ય એક ઉચ્ચ પ્રકારના સત્યને નીચે ઉતારવાનું છે, પરંતુ તે સત્ય પોતાની જ શક્તિ ઉપર જીવંત રહેવા શક્તિમાન હોવું જોઈએ અને તેનો આધાર એક યા બીજા અજ્ઞાનના કોઈ એકના ઉપર ન હોવો જોઈએ. એ કારણને લઈને આપણે કોઈ રાજકીય અથવા સામાજિક ચર્ચા અને સંઘર્ષોમાં ભળવું જોઈએ નહિ; તે વસ્તુ તો આપણા પ્રયત્નને નીચલી ભૂમિકા ઉપર પકડી રાખે છે અને તે સત્યનું નીચે અવતરણ કરવામાંથી અટકાવે છે, જે સત્ય આ બધી વસ્તુઓમાંનું કાંઈ નથી, પરંતુ તેનો ધર્મ અને પાયો ભિન્ન છે. તમે એમ કહો છો કે જાણે બ્રહ્મતેજ ક્ષાત્રતેજ દ્વારા જીતાતું હોય, પરંતુ તેવું કયાં બને છે? યુદ્ધે ચડેલો કોઈ પણ પક્ષ તેમાંનો કોઈ પ્રતિનિધિ નથી.

*

## વિભાગ ૪

# તર્ક, વિજ્ઞાન અને યોગ

# તર્ક, વિજ્ઞાન અને યોગ

યુરોપનો દાર્શનિક વિચાર તેની પદ્ધતિ અને પરિણામમાં બુદ્ધિથી પર જઈ શકતો નથી — એવા ચિંતકોમાં પણ નહિ જેઓ પ્રભુ અથવા નિરપેક્ષ અસ્તિત્વ અને ગુણને સાબિત કરવા અથવા સમજાવવા પ્રયત્ન કરે છે. પરંતુ બુદ્ધિ સર્વોચ્ચ સત્યને જાણવા શક્તિશાળી નથી. તે ફક્ત સત્યની શોધની સરહદ સુધી પહોંચી શકે, અને તેના પ્રતિનિધિરૂપ ટુકડાઓ પકડી શકે અને તેમને જોડવાનો પ્રયત્ન કરી શકે પરંતુ કદી મૂળ સત્ય સુધી પહોંચી શકે નહિ. તે કોઈ એવી રચનાત્મક આકૃતિ બનાવી શકે જે સત્યનું પ્રતિનિધિત્વ લાગે અથવા એવી આકૃતિઓનું કોઈ સંયોજન બનાવી શકે. તેથી કરીને યુરોપના વિચારોને અંતે તેણે જાહેર કરેલો કે ગુપ્ત રાખેલો અજ્ઞેયવાદ કાયમ રહેવો જ જોઈએ. બુદ્ધિ જો સચ્ચાઈથી તેના અંત સુધી પહોંચે, તો તેને પાછા ફરવું પડે છે અને આ પ્રમાણે જાહેર કરવું પડે છે. "હું જાણી શકું નહિ એવું કાંઈક છે અથવા મને એવું લાગે છે કે કોઈ એવું પરમ તત્ત્વ છે જે મારી પહોંચ બહારનું છે, કોઈક એવી વાસ્તવિકતા છે પરંતુ તેના સત્ય વિશે હું ફક્ત અટકળ જ કરી શકું : તે યા તો અજ્ઞેય છે અથવા મારાથી જાણી શકાય એમ નથી." અથવા તેણે માર્ગ ઉપરનો કોઈ થોડો પ્રકાશ ગ્રહણ કર્યો હશે તો તે આ પ્રમાણે પણ કહી શકે : "મનથી પર રહેલી કદાચ કોઈક ચેતના છે કારણ કે મને તેની ઝાંખીઓ થાય છે અને મને તેનામાંથી સૂચનો મળતાં હોય એવું લાગે છે. જો તે પર રહેલી વસ્તુનો તેને સ્પર્શ થયો હોય તો અને તે ઊર્ધ્વમાં રહેલા કોઈ તત્ત્વની ચેતના પોતે જ હોય અને ત્યાં પહોંચવાનો તમે કોઈ માર્ગ શોધી શકો તો આ 'કાંઈક' જાણી શકાય, નહિ તો તે જાણવાની બીજી કોઈ રીત નથી."

ફક્ત બુદ્ધિ મારફતે જ પરમ સત્યની શોધ કરવાનો અંત આ પ્રકારના અજ્ઞેયવાદમાં પરિણમે છે અથવા કોઈ બુદ્ધિવાદી પદ્ધતિમાં અથવા મને રચેલા સૂત્રોમાં. આવી પદ્ધતિઓ અને સિદ્ધાંતો સેંકડો થઈ ગયા છે અને બીજા પણ કેટલા સેંકડો થઈ શકે, પરંતુ કોઈ પણ નિશ્ચિત હોતા નથી. દરેક વસ્તુની જાત માટે કોઈ કિંમત

હોઈ શકે. એકસરખી શક્તિ અને આવડતવાળી બુદ્ધિ માટે જુદી જુદી પદ્ધતિઓ અને તેના જુદાં જુદાં પરિણામો આવી શકે અને એક સરખી અસર ઉપજાવી શકે. આ બધી તર્કયુક્ત મજૂરીનો ઉપયોગ માનવ-મનને તાલીમ આપવાનો હોય છે પણ તે પેલી 'પરમ કોઈક' વસ્તુ અને અંતિમ તત્ત્વ પ્રત્યે વિચાર વાળવામાં અને તેનો ખ્યાલ રાખવામાં મદદ કરે; પરંતુ તર્કયુક્ત બુદ્ધિ ફક્ત અસ્પષ્ટ રીતે જ દર્શાવી શકે કે તે ફાંફાં મારી રહી છે અથવા તો તેના આવિર્ભાવના આંશિક અથવા એક બીજા સાથેનાં વિરોધી પાસાંઓનું સૂચન કરી શકે; તે તેમાં પ્રવેશ કરીને જાણી શકે નહિ. જયાં સુધી આપણે ફક્ત બુદ્ધિના પ્રદેશમાં જ રહીએ ત્યાં સુધી તેના પ્રત્યે નિષ્પક્ષપાતી ચિંતન, જેનો આપણે વિચાર કરીએ છીએ અને શોધ કરીએ છીએ તેના વિશે સતત વિચારો ફેંકયા કરીએ અને આ કે પેલી રીતે શકય એવા તત્ત્વજ્ઞાનની રચના કરી શકીએ અને અભિપ્રાય આપીએ અથવા તારણ કાઢીએ. આ રીતે તટસ્થ એવી સત્યની શોધ કોઈ પણ વિશાળ અને નમનીય બુદ્ધિ માટે શકય વલણ બની શકે. પરંતુ આપણે કોઈ પણ તારણ કાઢીએ તે ફક્ત તાર્કિક ધારણા જ હોવાની. તેનું આધ્યાત્મિક મૂલ્ય કોઈ પણ હોઈ શકે નહિ: તે આત્મા જે શોધે છે તેને માટે કોઈ નિશ્ચિત અનુભૂતિ યા તો આધ્યાત્મિક ખાતરી આપી શકે નહિ. જો બુદ્ધિ જ આપણું સૌથી ઉચ્ચતમ શકય સાધન હોય અને અતિભૌતિક સત્યમાં પહોંચવા માટે આપણી પાસે બીજાં કોઈ સાધનો ન હોય તો ડહાપણભર્યું અને વિશાળ અજ્ઞેયવાદ જ આપણું અંતિમ વલણ રહેવું જોઈએ. આવિર્ભાવમાં રહેલી વસ્તુઓ થોડી કક્ષાએ જાણી શકાય, પરંતુ તે પરમ તત્ત્વ અને મનથી પર રહેલી જે કોઈ વસ્તુ છે તે કાયમ આપણા માટે અજ્ઞેય જ રહે છે.

એ વસ્તુ ત્યારે જ બને જો મનથી પર રહેલી એક મહત્તર ચેતના હોય અને આપણે તેની નજીક પહોંચી શકીએ. તો જ આપણે અંતિમ વાસ્તવિકતાને જાણી શકીએ અને તેમાં પહોંચી શકીએ. બૌદ્ધિક અટકળ કે તાર્કિક વિચારસરણી આવી મહત્તર ચેતના છે કે નહિ તે વિશે આ ક્ષેત્રમાં બહુ દૂર સુધી લઈ જઈ શકે નહિ. આપણને જેની જરૂર છે તે તેની અનુભૂતિની, તેને પહોંચવાની, તેમાં પ્રવેશ કરવાની અને તેમાં જીવન જીવવાની. જો આપણે તેને પ્રાપ્ત ન કરી શકીએ તો બૌદ્ધિક અટકળો અને તર્ક અચૂક ગૌણ બને છે, એટલું જ નહિ પરંતુ તેમના અસ્તિત્વને તેઓ ગુમાવી બેસે છે. તત્ત્વજ્ઞાન એક સત્યની બૌદ્ધિક અભિવ્યક્તિ તરીકે રહી શકે – પણ તે આ મહાન શોધને અભિવ્યક્ત કરવાના સાધન તરીકે અને તેની બધી સામગ્રી, મનોમય પરિભાષામાં જે લોકો હજુ પણ મનોમય બુદ્ધિમાં જીવે છે તેમની પાસે પ્રગટ કરી શકે નહિ.

તમે જોઈ શકશો કે આ વસ્તુ પશ્ચિમના ચિંતકો બ્રેડલી અને બીજાઓ વિશેના તમારા મુદ્દાનો ઉત્તર આપે છે. તે લોકો બૌદ્ધિક ચિંતન મારફતે એક વિચારથી પર રહેલી વસ્તુ સુધી પહોંચ્યા છે અને તેઓએ બ્રેડલી માફક તેમનાં પરિણામોને જે પરિભાષામાં અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે તેનાથી આર્યમાં રજૂ કરાયેલી કેટલીક અભિવ્યક્તિઓ યાદ આપે છે તેનો પડઘો તેમની પરિભાષામાં પાડે છે; તે વિચાર પોતે જ નવીન નથી; તે વેદ જેટલો જ પ્રાચીન છે; તે વસ્તુનું બુદ્ધ ધર્મમાં ક્રિશ્ચિયન પ્રજ્ઞાવાદમાં અને સુફીવાદની જુદાં જુદાં રૂપોમાં પુનરાવર્તન થયેલું છે. મૂળમાં તે બૌદ્ધિક ચિંતન દ્વારા શોધાયેલું નહિ, પરંતુ જે લોકો ગુહ્યવાદીઓ હતા તેમણે તેમની આંતરિક આધ્યાત્મિક સાધના દ્વારા શોધેલું. ઈ. સ. પૂર્વે સાતમી અને પાંચમી સદી વચ્ચે જ્યારે પૂર્વ અને પશ્ચિમ આ જ્ઞાનને બૌદ્ધિક રીતે મૂકતા હતા ત્યારે પૂર્વમાં આ જ્ઞાન ટકી રહ્યું. પશ્ચિમમાં જ્યાં સત્યની શોધ માટે બુદ્ધિને એક-માત્ર અને સૌથી શ્રેષ્ઠ સાધન તરીકે સ્વીકારવામાં આવી ત્યાર પછી આ જ્ઞાન ઝાંખું પડવા માંડ્યું. પરંતુ તેમ છતાં ત્યાં પણ તે સતત રીતે પાછું આવવા પ્રયત્ન કરતું હતું; નૂતન પ્લેટોવાદીઓ તેને પાછું લાવ્યા, અને અત્યારે એમ લાગે છે કે નૂતન હેગેલ-વાદીઓ અને બીજાઓ (ખાસ તો રશિયાનો ઓસ્પેન્સ્કી અને બીજા એક બે જર્મનીના વિચારકો, હું માનું છું) તેને પહોંચવા પ્રયત્ન કરતા હોય, તેવું લાગે છે. પરંતુ તેમ છતાં તેમાં એક તફાવત છે.

પૂર્વમાં ખાસ કરીને ભારતમાં, તત્ત્વજ્ઞાનના વિચારકોએ, જેમ પશ્ચિમમાં બન્યું તેમ, બુદ્ધિ દ્વારા સર્વોચ્ચ સત્યના સ્વરૂપનો નિર્ણય કરવા પ્રયત્ન કરેલો છે. પરંતુ સૌ પ્રથમ તો તેમણે માનસિક ચિંતનને સત્યની શોધ માટેના સાધન તરીકે પ્રથમ સ્થાન આપેલ નથી, પરંતુ તેને ગૌણ સ્થાન તો આપેલું છે. પ્રથમ સ્થાન આધ્યાત્મિક સહજ-સ્ફુરણા અને પ્રકાશને તથા આધ્યાત્મિક અનુભૂતિને આપેલું છે; આ પરમ સત્-તાનો જે બૌદ્ધિક તારતમ્ય વિરોધ કરે તેને અપ્રમાણિત ગણવામાં આવે છે. બીજું, દરેક તત્ત્વજ્ઞાનની શાખાએ તે ચેતનાની પરમ અવસ્થાને પહોંચવા માટે એક વ્યવહારુ માર્ગથી પોતાની જાતને સુસજ્જિત કરેલી છે તેથી કરીને જો કોઈ પણ વ્યક્તિ વિચારથી શરૂઆત કરે તો પણ તેનું લક્ષ્ય મનોમય વિચારથી પર રહેલી ચેતનામાં પહોંચવાનું હોય છે. દરેક દર્શનશાસ્ત્રના સ્થાપકે (અને તેઓ પણ જેમણે તેનું કાર્ય અથવા શાખાને આગળ ચલાવી છે તેઓ) એક દાર્શનિક ચિંતક અને સાથે સાથે યોગી એમ બન્ને હોય છે. જે લોકો કેવળ તાત્ત્વિક વિચારકો હતા તેમને તેમના પાંડિત્ય માટે માન પ્રાપ્ત થતું, પરંતુ તેઓ સત્ય-શોધકોની હરોળમાં કદી સ્થાન પ્રાપ્ત કરતા નહિ. અને જે દર્શનશાસ્ત્રોમાં આધ્યાત્મિક અનુભૂતિનાં શક્તિશાળી સાધનો ન હતાં તેઓ

મૃત થઈ ગયાં અને ભૂતકાળની વસ્તુ બની ગયાં; કારણ કે તેઓ આધ્યાત્મિક સંશોધન અને સાક્ષાત્કાર માટે સક્રિય રહ્યાં નહોતાં.

પશ્ચિમમાં આ વસ્તુથી બિલકુલ ઊલટું જ બન્યું. વિચાર, બુદ્ધિ અને તાર્કિક વિચારસરણી સૌથી શ્રેષ્ઠ સાધન તરીકે અને સૌથી ઉચ્ચતમ ધ્યેય તરીકે પણ ગણનાપાત્ર બની; તત્ત્વજ્ઞાનમાં વિચાર એ જ આદિ અને અંત તરીકે ગણાવા લાગ્યા. બૌદ્ધિક વિચાર અને ચિંતન દ્વારા જ સત્યની શોધ કરવાની રહે છે. આધ્યાત્મિક અનુભૂતિને પણ બુદ્ધિની કસોટીની આગળથી પસાર થવાનો હુકમ થાય છે, જો તેને સાચી તરીકે પ્રમાણિત કરવું હોય તો – અને આ વસ્તુ ભારતની સ્થિતિ કરતાં બિલકુલ ઊલટી સ્થિતિ છે. જે લોકો જોઈ શકે છે કે મનોમય વિચારને પાર કરીને એક અતિમનસ 'અન્ય' તત્ત્વને સ્વીકારવાનું છે તેઓ પણ એવી લાગણીમાંથી મુક્ત બની શકતી નથી કે તે મનોમય વિચાર પોતાની જાતનું ઊર્ધ્વીકરણ અને રૂપાંતર કરે છે અને આ જે બીજું સત્ય છે તેને ત્યારે જ પહોંચાય જ્યારે મનોમય મર્યાદા અને અવિદ્યાની જગાએ તે સત્યનું સ્થાપન થાય. બીજું પશ્ચિમની વિચારસરણી સક્રિય બનવામાંથી અટકી ગઈ છે; તેણે વસ્તુઓના સિદ્ધાંતની શોધ કરી છે અને નહિ કે સાક્ષાત્કારની. પ્રાચીન ગ્રીક લોકોમાં આ વિચારસરણી સક્રિય રહેલી, પરંતુ તે નીતિશાસ્ત્ર અને કલાત્મક હેતુઓ માટે અને નહિ કે આધ્યાત્મિક લક્ષ્યો માટે. પાછળથી તે વધારે અને વધારે શુદ્ધ બૌદ્ધિક બનતું ગયું અને પાંડિત્યપૂર્ણ રહ્યું : તે કેવળ બૌદ્ધિક વિચારસરણી જ રહી અને એક આધ્યાત્મિક પ્રયોગ, આધ્યાત્મિક શોધ અને આધ્યાત્મિક રૂપાંતર દ્વારા સત્યની પ્રાપ્તિ માટેનાં કોઈ વ્યવહારુ માર્ગો અને સાધનોમાં રહી નહિ. જો આ જાતનો તફાવત ન હોત તો તમારા જેવા સાધકો માટે પૂર્વ તરફના માર્ગદર્શન માટે કોઈ કારણ ન રહેત, કારણ કે કેવળ બૌદ્ધિક ક્ષેત્રમાં પશ્ચિમના ચિંતકો પૂર્વના ઋષિઓ જેટલા જ સક્ષમ છે. આધ્યાત્મિક માર્ગ એવો છે જે બૌદ્ધિક ભૂમિકાઓથી પર જાય છે; તે બાહ્ય સ્વરૂપ તરફથી આંતરિક આત્મામાં પહોંચાડે છે જે વસ્તુ યુરોપના મનના અતિ-બૌદ્ધિકવાદ દ્વારા ગુમ થઈ ગયેલ છે.

બ્રેડલે અને જોકીમનાં તમે જે અવતરણો મોકલ્યાં છે તેમાં હજુ બુદ્ધિનું જે તેનાથી પર રહેલું તત્ત્વ છે તેના વિશેનું ચિંતન છે અને તેના વિશે એક બુદ્ધિગમ્ય, તાર્કિક ધારણયુક્ત નિર્ણય બાંધે છે. જે પરિવર્તનનું તે વર્ણન કરવા પ્રયત્ન કરે છે, તે સક્રિય નથી. જો આ લેખકો મનોમય પરિભાષામાં કોઈ સાક્ષાત્કારની વાત કરતા હોય, અરે માનસિક અને છતાં કોઈ 'આ વિચાર કરતાં કોઈ અન્ય વસ્તુ'ની સહજસ્ફુરણાની અનુભૂતિની વાત કરતા હોય, તો વ્યક્તિને તેઓ જે ભાષાનો

ઉપયોગ કરે છે તેના આવરણ મારફતે પણ જે માણસ તૈયાર હોય તેને અનુભૂતિ થવી જોઈએ, અને તે જ અનુભૂતિની નજીક તેણે તેને લઈ જઈ શકે, અથવા તો તેઓ બૌદ્ધિક નિર્ણય ઉપર પહોંચ્યા પછી આધ્યાત્મિક અનુભૂતિમાં પહોંચ્યા હોત, તો તે માટેનો રસ્તો શોધીને અથવા પહેલાંથી જે રસ્તો શોધાયેલો છે તેને અનુસરીને તેમના વિચારમાં આગળ વધીને વ્યકિત તે જ સંક્રાંતિ મારફતે પોતાની જાતને તૈયાર કરતી હોય, પરંતુ આ થકવી નાખે તેવા વિચારમાં આવું કાંઈ નથી. તે કોઈ બુદ્ધિના પ્રદેશમાં જ રહી જાય છે અને તે પ્રદેશ શંકા વગર કહી શકાય કે અદ્ભુત છે, પરંતુ તે આધ્યાત્મિક અનુભવ માટે સક્રિય બનતું નથી.

વ્યકિત સંપૂર્ણ વાસ્તવિકતા વિશે 'વિચાર કરીને' નહિ, પરંતુ ચેતનાના ફેરફારને લઈને વ્યકિત અવિદ્યામાંથી વિદ્યામાં પસાર થઈ શકે — એ એવું જ્ઞાન છે જે જ્ઞાન દ્વારા આપણે જે જાણીએ છીએ તે બની શકીએ છીએ. બાહ્ય ચેતનામાંથી નીકળી જઈને આપણે એક નજીકની આંતરચેતનામાં પહોંચવાનું, અહંકાર અને શરીરની મર્યાદાઓની બહાર આપણી ચેતનાને વિશાળ કરવી. આપણા આંતર-સંકલ્પ અને અભીપ્સા દ્વારા તથા પ્રકાશ તરફ આપણા મનને ખુલ્લું કરીને તે ચેતનાને ઊંચે લઈ જવી અને તેમ તેમ કરતાં તે પોતાના મનથી પર આવી જાય. પરમાત્માના અવતરણને નીચે ઉતારી લાવી અને આત્માર્પણ અને સમર્પણ દ્વારા મન, પ્રાણ અને શરીરનું રૂપાંતર પ્રાપ્ત કરવું — આ જ સત્ય પ્રત્યેનો[1] પૂર્ણ માર્ગ છે; આપણે આ વસ્તુને અહીં સત્ય કહીએ છીએ અને આપણા યોગમાં તેને લક્ષ્ય તરીકે રાખીએ છીએ.

*

યોગ એ વિચારોની વસ્તુ નથી પરંતુ આધ્યાત્મિક અનુભૂતિની વસ્તુ છે. કોઈ પણ પ્રકારના આધ્યાત્મિક અથવા આધ્યાત્મિક વિચારોના સમુદાયને ફક્ત આકર્ષવાથી તે તેની સાથે કોઈ સાક્ષાત્કારો લાવતું નથી. યોગ એટલે ચેતનામાં પરિવર્તન, કેવળ મનોમય સક્રિયતા ચેતનાનું પરિવર્તન કરતી નથી; તે ફક્ત મનમાં ફેરફાર કરે છે

૧. મેં કહ્યું છે કે અતિમાનસનો ખ્યાલ પ્રાચીન કાળથી અસ્તિત્વમાં તો હતો જ. ભારતમાં તેમ જ અન્યત્ર તેનાથી ઊંચે ચડીને તેને પહોંચવા માટે પ્રયત્ન થયેલો, પરંતુ તે વસ્તુને જીવનના એક ભાગરૂપ બનાવી લેવું અને સમગ્ર પ્રકૃતિના શારીરિક પ્રકૃતિના પણ રૂપાંતર માટે તેને કઈ રીતે નીચે લઈ આવવું, તે તેમને હાથ લાગેલું નહિ.

અને જો તમારું મન પૂરતા પ્રમાણમાં ગતિમાન હોય તો તે એક વસ્તુમાંથી બીજી વસ્તુ સુધી અંત સુધી ગતિ કર્યા કરે અને તેમ છતાં તેને કોઈ ચોક્કસ માર્ગ અથવા આધ્યાત્મિક બારું જડે નહિ. મન ફક્ત વિચાર કરી શકે અને શંકા અને પ્રશ્નો ઉઠાવી શકે, સ્વીકારે અને પોતાનો સ્વીકાર પાછો ખેંચી શકે, રચનાઓ રચે અને તેમને વિખેરી શકે, નિર્ણય પસાર કરે અને ફરીથી તેમાં ફેરફાર કરે. તે ફક્ત સપાટી પરનાં સૂચનો ઉપરથી સપાટીનો નિર્ણય બાંધી શકે છે અને તેથી તે સત્યના કોઈ ઊંડાણપૂર્વકની અને મક્કમ અનુભૂતિ પ્રાપ્ત કરી શકે નહિ. તે પોતે યા તો પોતાની જાતને સત્યની નહેર ત્રણ રીતે બનાવી શકે. યા તો તેણે પોતાના આત્મામાં બિલકુલ શાંત બનવું જોઈએ અને વધારે વિશાળ અને મહત્તર ચેતના માટે જગા કરી આપવી જોઈએ અથવા તેણે પોતે એક આંતરિક પ્રકાશ પ્રત્યે તટસ્થ બનીને તે પ્રકાશને એક અભિવ્યક્તિના સાધન તરીકે ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ અથવા તો હાલની પોતાની પ્રશ્ન પૂછનાર સપાટી પરના મનમાંથી પરિવર્તન પામી પ્રકાશિત મન બનવું જોઈએ. એક એવું દૃષ્ટિમય મન જે દિવ્ય સત્યનું સીધેસીધું દર્શન કરી શકે તે માટે યોગ્ય કરણ બનવું જોઈએ.

જો તમારે યોગના માર્ગમાં કાંઈ કરવાની ઇચ્છા થાય, તો તમારે કયા માર્ગે જવું છે તે માટે તમારે ચોક્કસ નિર્ણય કરી લેવો જોઈએ. તમારે મોઢું ભાવિ તરફ રાખીને તમારા ભૂતકાળ તરફ પાછા ફરી ફરીને જોવું તેનાથી કોઈ ફાયદો નથી; આ રીતે તો તમે કોઈ જગાએ પહોંચશો નહિ. જો તમે તમારા ભૂતકાળ સાથે બંધાયેલા હો તો તમે ત્યાં પાછા ફરો અને પછી તમે જે માર્ગને પસંદ કરો તેને અનુસરો; પરંતુ તમે જો આ માર્ગને પસંદ કરો તો તમારે એકાગ્રતાથી તેમાં જ રહીને ત્યાર પછી હરેક ક્ષણે ભૂતકાળમાં જોવાનું તમારે બંધ કરવું જોઈએ.

*

મેં ઘણા વખતથી શંકાઓ ઉપર દલીલ કરીને પ્રત્યુત્તર આપવાની પદ્ધતિ છોડી દીધી છે, કારણ કે મને તે બિલકુલ નિરુપયોગી લાગી છે. યોગ બૌદ્ધિક દલીલો અથવા નિબંધ માટેનું ક્ષેત્ર નથી. કોઈ તર્કની અથવા ચર્ચા કરતા મનના પ્રયત્નથી યોગની સાચી સમજ અને તેનું અનુસરણ માણસને પ્રાપ્ત થતું નથી. એક શંકાશીલ આત્મા, 'પ્રામાણિક શંકા' વિશે એવો દાવો કરે જેથી બુદ્ધિને સંતોષ થાય અને દરેક મુદ્દો ન્યાયસર ઠરે તે બાહ્યમાં રહેલા મનના કાર્ય માટેના ક્ષેત્રમાં બરાબર છે. પરંતુ યોગ મનનું ક્ષેત્ર નથી. જે ચેતનાનું સ્થાપન કરવાનું છે તે મનોમય અથવા તાર્કિક ચર્ચાની ચેતના નથી. યોગનો એવો પણ નિયમ છે કે જ્યાં સુધી મન શાંત

ન થયું હોય, અને મનમાં બૌદ્ધિક તેમ જ તાર્કિક મનનો સમાવેશ થાય છે અને તે પોતાની જાતને સ્થિરતાથી અથવા પ્રશાંતિથી એક ઊર્ધ્વતર અને ઊંડાણવાળી ચેતના તથા દર્શન અને જ્ઞાન પ્રત્યે ખુલ્લું ન કરે ત્યાં સુધી સાધના તેના લક્ષ્ય પ્રત્યે પહોંચી શકે નહિ. એટલા માટે જ ભારતની આધ્યાત્મિક પ્રણાલીમાં ગુરુ તરફ શંકાવિહીન ખુલ્લાપણાની માગણી કરવામાં આવે છે. ગુરુ ઉપર દોષારોપણ, ટીકા અને હુમલાને સાધનાના સૌથી ચોક્કસ વિઘ્ન તરીકે ઠપકાપાત્ર ગણવામાં આવતું.

જો શંકાના તત્ત્વને દલીલોથી જીતી શકાય તો તર્કથી સંતોષ આપવાની માગણીમાં કોઈક હેતુ ખરો. પરંતુ શંકાનું તત્ત્વ પોતાના માટે જ શંકા ઊભી કર્યા કરે અને તેના ખાસ ધર્મ માટે મનને એક કરણ તરીકે વાપરે તો મન પ્રામાણિક અને તેને દાબી ન શકાય એવા ઉકેલ માટે સચ્ચાઈથી શોધ કરવાનો વિચાર કરતું નથી. માનસિક પરિસ્થિતિઓ કાયમ બદલાયા કરે છે અને એ તો જાણીતું છે કે લોકો એકબીજાનું સમાધાન કર્યા સિવાય દલીલો કાયમ ચાલુ રાખ્યા કરે. જિદ્દી રીતે ઊઠી આવતી શંકાઓનો કાયમ પ્રત્યુત્તર આપવો તે વસ્તુએ આ આશ્રમમાં ઘણા લાંબા સમય સુધી વિઘ્નો નાખ્યા કર્યા છે અને આ રીતે યોગના લક્ષ્યને નિષ્ફળ બનાવે છે અને તેના સિદ્ધાંતથી વિરુદ્ધ જાય છે. તેનાથી કોઈ આધ્યાત્મિક કે બીજો ફાયદો થતો નથી. કોઈ માણસ જો શંકાના મૂળ પાયા ઉપર વિજય પ્રાપ્ત કરે તો તે પોતાની અંદર રહેલા ચૈતસિક પુરુષના વિકાસ વડે જ બની શકે અથવા ચેતનાની વિશાળતાથી બને પણ બીજા કોઈ ઉપાયોથી નહિ. જિજ્ઞાસાની ભાવનામાંથી ઉત્પન્ન થતા પ્રશ્નો જે હુમલાયુક્ત કે આત્મપ્રક્ષેપ કરનારા ન હોય, પરંતુ જ્ઞાનની ભૂખના ભાગ રૂપે હોય, તેના પ્રત્યુત્તર આપી શકાય, પરંતુ "શંકાનું" તત્ત્વ અસંતોષી છે અને તેને કદી સંતોષ આપી શકાતો નથી.

*

એક હજાર મનોમય પ્રશ્નો અને ઉત્તરોમાંથી અહીં અથવા પેલી જગાએ એક કે બે પ્રશ્નો જ સક્રિય મદદરૂપ થઈ શકે એમ છે – જ્યારે ફક્ત એક જ આંતરિક પ્રતિભાવ અથવા થોડો પણ ચેતનાનો વિકાસ જે વસ્તુ હજારો પ્રશ્નો અને ઉત્તરો ન કરી શકે તે કાર્ય કરશે. આ યોગ ઉપદેશથી શરૂઆત કરતો નથી પરંતુ આંતરિક પ્રભાવથી કરે છે. પ્રશ્નો પૂછવાને બદલે તમે તમારી પરિસ્થિતિઓ અને અનુભૂતિઓનું વર્ણન કરો તથા મદદ પ્રત્યે ખુલ્લા થાઓ તે ઘણું વધારે અગત્યનું છે.

*

સમગ્ર જગત આધ્યાત્મિક ચિંતક તેમ જ ભૌતિકવાદી માણસ પણ જાણે છે કે સામાન્ય રીતે સર્જન થયેલા અને ઉત્ક્રાંતિ પામેલા પ્રાણી માટે પ્રકૃતિની અજ્ઞાનાવસ્થામાં અથવા અચિતમાં આ જગત નથી ગુલાબની પથારી કે નથી આનંદપૂર્ણ પ્રકાશનો માર્ગ. તે મુશ્કેલ મુસાફરી છે, એક યુદ્ધ અને સંઘર્ષ, વારંવાર દુ:ખયુક્ત અને અટકાયત કરતો વિકાસ, એક એવું જીવન જે તમસ, જૂઠાણું અને વેદનાથી ઘેરાયેલું છે. તેને મનોમય, પ્રાણમય તથા શારીરિક આનંદો અને મોજશોખ છે, પરંતુ આ વસ્તુઓ એક વચગાળાનો રસ આપે છે – અને તેને પણ પ્રાણમય પુરુષ જતો કરવા અનિચ્છુક છે – અને છેવટે તે કડવાશ, થાક અને ભ્રમમાં પરિણમે છે તે પછી શું કરવું ? એમ કહેવું કે પ્રભુ અસ્તિત્વ ધરાવતો નથી એ સહેલું છે – પરંતુ તે કોઈ જગાએ દોડી જતું નથી – તે તમે જ્યાં છો ત્યાં ને ત્યાં તમને રાખે છે અને તેમાંથી કોઈ ભાવિ કે ફલ પ્રાપ્ત થતું નથી – રસેલ કે કોઈ પણ ભૌતિકવાદી તમને કહી શકશે નહિ કે તમે કઈ દિશામાં જાઓ છો અથવા તમારે કઈ દિશામાં જવું જોઈએ. પ્રભુ ઓળખાઈ શકે એવી રીતે આ બહિર્જગતના સંજોગોમાં આવિર્ભાવ પામતા નથી – તે કબૂલ છે. આ બધાં કાર્યો કોઈ બિનજવાબદાર સરમુખત્યાર કોઈ જગાએ રહેલો છે તેનાં આ કાર્યો નથી – કોઈ સત્-તત્ત્વની પ્રકૃતિ અનુસાર તેની યોજના પ્રમાણે કાર્યો બને છે. વ્યક્તિ એમ કહી શકે કે એ એક અમુક પ્રકારનો કોઈ હેતુ અથવા અસ્તિત્વનો કોયડો છે જેમાં આપણે સૌએ પ્રવેશ કરવાની અને સાથ આપવાની ખરેખર સંમતિ આપેલી છે. તે કાર્ય દુ:ખદાયક અનિશ્ચિત અને જેનું ભાવિ આપણે અગાઉથી ન જોઈ શકીએ એવી મુશ્કેલીઓથી ભરપૂર છે તો તેમાંથી બહાર નીકળવાની બેમાંથી કોઈ પણ એક શકયતા છે. બુદ્ધધર્મ અનુસાર નિર્વાણ અથવા માયાવાદી માર્ગ માફક જગતમાંથી બહાર નીકળી જવું અથવા પોતાની જાતની અંદર પ્રવેશ પ્રાપ્ત કરીને પ્રભુની ત્યાં શોધ કરવી કારણ કે તે ઉપરછલ્લી સપાટી ઉપરથી શોધી શકાય તેવો નથી. જેમણે આ પ્રયત્ન કરેલો છે અને આવી વ્યક્તિઓ કાંઈ સેંકડો નથી પરંતુ હજારો છે તેમણે યુગોથી પ્રમાણિત કરેલું છે કે પ્રભુ ત્યાં છે અને એટલા માટે યોગનું આસ્તિત્વ છે. તે બહુ લાંબો સમય લે છે ? માયાના ગાઢ બુરખા નીચે છુપાયેલો છે અને આપણા પ્રકારનો તાત્કાલિક પ્રત્યુત્તર આપતો નથી ? અથવા તે ફક્ત એક અનિશ્ચિત પસાર થતી ઝાંખી આપે છે અને પછી પાછો ફરી જઈને આપણે તૈયાર થઈ જઈએ તેની રાહ જુએ છે પણ પ્રભુનું જો કોઈ મૂલ્ય હોય તો તેને અનુસરવા માટે થોડી તકલીફ અને સમય અને શ્રમ લેવા જેટલું તેનું મૂલ્ય નથી ? અથવા આપણે એવો આગ્રહ રાખીએ છીએ કે કોઈ પણ જાતની સાધના અથવા ભોગ અથવા વેદના અથવા તકલીફ વગર તે પ્રાપ્ત થવો જોઈએ ? આવા પ્રકારની માગણી-

કરવી એ બિલકુલ બુદ્ધિ વગરની છે. એ ચોક્કસ છે કે આપણે તેને આપણી અંદર પ્રાપ્ત કરવાનો છે અને પરદા પાછળથી તેને શોધી કાઢવાનો છે ત્યાર પછી જ આપણે તેને બહાર નીહાળી શકીશું. અને બુદ્ધિને તેને માન્ય નહિ કરવો પડે પરંતુ અનુભૂતિથી તેની હાજરીને બળપૂર્વક માન્ય કરવી પડશે — જેવી રીતે કોઈ માણસ કોઈ વસ્તુનો ઇનકાર કરે છે, તેને જુએ છે અને પછીથી તે ઇનકાર કરી શકતો નથી. પરંતુ તેના માટેના માર્ગો સ્વીકારવા જ જોઈએ અને તેમાં સંકલ્પનું ધૈર્ય તથા શ્રમમાં રહેલી ધીરજને પણ માન્ય કરવી પડે.

*

તમારો નિરુત્સાહી મિત્ર શા માટે એમ ઇચ્છે છે કે દરેકે તેની સાથે સહમત થવું જોઈએ, અને તેણે પસંદ કરેલા વર્તન અથવા માન્યતાના માર્ગે ચાલવું જોઈએ? રાજકારણી માનવીઓનાં આ સ્વપ્નોનો સાક્ષાત્કાર કદી થતો નથી અથવા તો માનવ-મન અને જીવનને ભયંકર રીતે દબાણ મૂકવાથી બને છે, અને તે કર્મ કરનારા માનવી માટેની સૌથી આધુનિક તરકીબ છે. 'અવતારી' પ્રભુઓ — ગુરુઓ અને આધ્યાત્મિક માનવીઓ જેમના વિશે તે કડવાશપૂર્ણ ફરિયાદો કરે છે, તેઓ આશા-ઓમાં વધારે સંતોષી હોય છે અને ગણ્યાગાંઠયા અથવા એકાદ આશ્રમ ભરાય એટલા સાધકોથી તેઓ સંતોષ માને છે, અને આ વિશે પણ તેઓની માગણી હોતી નથી; પરંતુ તેઓ આવે જ જાય છે. તેથી કરીને આ લોકોને ઉતારી પાડવામાં આવેલા 'અવતારો' — રાજકીય નેતાઓ કરતાં બુદ્ધિ અને ડહાપણની વધારે નજીક નથી? — સિવાય કે તેમાંનો કોઈ એક વૈશ્વિક ધર્મનું સ્થાપન કરવાની ભૂલ ન કરી બેસે પરંતુ આપણું તે પ્રકારનું દષ્ટાંત નથી. વધારામાં તમારી અંધશ્રદ્ધાને લીધે તમારી બુદ્ધિ ખોઈ બેસવા માટે તે તમને ઉતારી પાડે છે. પરંતુ વસ્તુઓ વિશેનું તેમનું દષ્ટિબિંદુ, એક તાર્કિક શ્રદ્ધા સિવાય બીજું શું છે? તમે તમારી શ્રદ્ધા પ્રમાણે માન્યતા રાખો છો, જે બિલકુલ નૈસર્ગિક છે, તે પોતાના અભિપ્રાય પ્રમાણે માને છે તે પણ સ્વાભાવિક છે, પરંતુ જ્યાં સુધી વસ્તુઓના સાચા સત્યને પ્રાપ્ત કરવાની શકયતાનો પ્રશ્ન છે તેમાં કાંઈ તે વધારે સારી રીત નથી. તેમનો અભિપ્રાય તેમની બુદ્ધિ પ્રમાણેનો છે. અને તે જ પ્રમાણે તેમના રાજકીય વિરોધીઓના અભિપ્રાયો તેમની બુદ્ધિ પ્રમાણેના છે, અને તેમ છતાં તેના વિચાર કરતાં બિલકુલ વિરુદ્ધના ખ્યાલમાં તેઓ બિલકુલ મક્કમ છે. તર્ક કઈ રીતે બતાવી શકે કે શું સાચું છે? વિરોધી પક્ષો તેમનાં મોઢાં લાલચોળ થઈ જાય ત્યાંસુધી દલીલો કરી શકે — પરંતુ તેઓ કોઈ પણ નિર્ણય પર આવી શકશે નહિ. છેવટે જેનામાં વધારે શકિત હોય, તેને મનાવે અથવા વસ્તુઓનું વલણ જેના તરફનું અનુકૂળ હોય તેને મનાવે. પરંતુ

જગત જે રીતનું છે તે કોણ જોઈ શકે અને કહે કે વસ્તુઓનું વલણ કાયમ જ સાચી બુદ્ધિયુકત હોય છે — પછી સાચી બુદ્ધિ જે વસ્તુને કહી શકાય તે વસ્તુ ગમે તે હોય હકીકતમાં તો કોઈ એવી ક્ષતિ વગરની તર્કશ્રેણી નથી જે સાચો નિર્ણય અને એક-બીજાના વિરોધી અભિપ્રાય વચ્ચે તટસ્થ રહીને પણ આપી શકે. એક મારી બુદ્ધિ છે, એક તમારી, એક ‘ક્ષ ’ની, એક ‘ય ’ની અને તેમનો ગુણાકાર અસંખ્ય વિસં-વાદોના સૂરવાળો અભિપ્રાય હોય છે. દરેક વ્યકિતઓ વિશેના પોતાના દષ્ટિબિંદુથી પોતાના અભિપ્રાય પ્રમાણે એટલે કે તેના મનોમય બંધારણ અને મનોમય પસંદગી પ્રમાણે વિચારે છે. તેથી જે શ્રદ્ધા આ રહસ્યમય જગતમાં રહેલી એકબીજાની વિરુદ્ધની વસ્તુઓ વચ્ચે કોઈક વસ્તુ ઉપર આધાર રાખવાનું સાધન છે, તેને ખોવાથી શો ફાયદો ? જો વ્યકિત કોઈ એવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે જે ખરેખર વસ્તુને જાણી શકે તો વાત જુદી છે, પરંતુ જ્યાં સુધી આપણામાં એવું અજ્ઞાન હોય જે દલીલો જ કર્યા કરે, વારુ, તેમ છતાં શ્રદ્ધા માટે કોઈ જગા હોય — એવું જ્ઞાન જેનાથી જાણવાલાયક વસ્તુ જાણી શકાય અને તે ગમે તેટલું દૂર હોય અને છતાં શંકારહિત હોય, પછી ભલે તે વસ્તુઓને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. તમારે તર્ક કરવા માટે થોડી બુદ્ધિ તો રહે છે જેમ બીજા બધા તર્કો હોય છે તે પ્રમાણે અને પોતાની માન્ય-તાને મનાવવા માટે, પણ જેમને માનવું જ નથી તેને તમે મનાવી ન શકો, એટલે કે જે જગા ઉપર તર્કવિદ્યા નૃત્ય કરતી હોય તે ક્ષેત્રને જ તેઓ સ્વીકારતા ન હોય એવા માણસો હોય છે. તર્કશાસ્ત્ર છેવટે તો મનનું એક ગણતરીનું માપબદ્ધ નૃત્ય જ છે અને બીજું કાંઈ પણ નથી.

*

તમારું સ્વપ્ન ખરેખર ચંદ્રપ્રકાશ નહોતો, તે એક આંતરિક અનુભૂતિ હતી અને તેનું પૂર્ણ મૂલ્ય આંકી શકાય. બીજા પ્રશ્નોમાં ખૂબ ગૂંચ છે અને એક વાકય વડે ગોર્ડિયન ગાંઠ કાપવા માટે હું હથિયાર સજ્જ નથી. તમારા પોતાના સત્યને સીધેસીધું અનુસરવામાં તમે બિલકુલ સાચા છો અને તેના ઉકેલ માટે તમારે ‘ક્ષ ’નું કે બીજા કોઈનું વિધાન કે ઉકેલની જરૂર નથી. જ્યાં સુધી માનવીને વધારે ખાતરી-ભરી આંતરસૂઝ અને વધારે જ્ઞાન ન મળ્યું હોય ત્યાં સુધી શ્રદ્ધા અને બુદ્ધિ બન્ને-ની જરૂર હોય છે. શ્રદ્ધા વગર તે કોઈ પણ માર્ગ ઉપર ચોક્કસ પ્રગતિ કરી શકે નહિ અને તર્કયુકત બુદ્ધિ વગર તે ચાલી શકે પણ શ્રદ્ધારૂપી લાકડીનો ટેકો હોય તો તેનાથી તે અંધકારમાં પણ ચાલી શકે. ‘ક્ષ ’ પોતાની શ્રદ્ધાનો પાયો બુદ્ધિ ઉપર રચે છે એટલું જ નહિ પરંતુ બીજી તર્કસરણીઓ ઉપર સ્થાપિત કરે છે; અને તર્ક-

વાદી, તર્ક કરનાર અથવા તાર્કિક વ્યક્તિને થોડીઘણી શ્રદ્ધા હોવી જોઈએ. પછી ભલે તે શ્રદ્ધા પોતાની બુદ્ધિ ઉપર જ પૂરતા પ્રમાણમાં અને સત્તાવાળી હોય. પરંતુ બન્ને ભૂલ કરી શકે છે અને તે એવાં જ હોવાં જોઈએ કારણ કે તે બન્ને માનવ-મનનાં જ કરણો છે, જેની પ્રકૃતિ જ ભૂલ કરવાની છે અને તેથી તેઓ મનની મર્યાદાઓમાં જ ભાગ પડાવે છે. દરેકે પોતાની પાસે રહેલા પ્રકાશથી જ ચાલવું જોઈએ પછી ભલે તેમાં અંધકારમય જગાઓ હોય જેમાં તે ઠોકરો ખાતો હોય.

આ બધી જ વસ્તુ તેમ છતાં હાલની માનવ–સંસ્કૃતિ વિશેના પ્રશ્નથી જુદી જ બાબત છે. આ વસ્તુને બચાવવાની નથી; જે બચાવવાનું છે તેને ચોક્કસ બચાવી લેવામાં આવશે, જો કે તે એટલું બધું સરળ નહિ હોય જે આપણી ઇચ્છા અથવા કલ્પના પ્રમાણે અથવા તે લોકો કલ્પના પ્રમાણે તાત્કાલિક બની આવશે. હાલની પરિસ્થિતિમાં ચોક્કસ ફેરફાર થવો જોઈએ પરંતુ તે મહાન સત્યના પાયા ઉપર નવીન રચનાથી બની આવશે કે વિનાશ દ્વારા, તે પ્રશ્ન રહે છે. માતાજીએ એ પ્રશ્નને મુલતવી રાખ્યો છે અને હું પણ તે જ પ્રમાણે કરી શકું. છેવટે તો તે પ્રાજ્ઞ પુરુષ સિવાય કે તે કોઈ પયગમ્બર હોય કે મદ્રાસના એસ્ટ્રોલોજિક બ્યુરોના નિયામક હોય. તેમણે પરોક્ષ સ્થાનેથી ( Asquithian ) સંતોષ રાખવો પડશે. આશાવાદ કે નિરાશાવાદ બન્નેમાંથી એક પણ શક્ય નથી: તે ફક્ત મનનાં વલણો જ છે અથવા પોતાના સ્વભાવનાં વલણો છે.

એટલા માટે આપણે વધારે પડતા આશાવાદી અથવા અતિશય નિરાશાવાદી બન્યા સિવાય ‘ રાહ જુઓ અને જોઈએ કે શું બને છે ’.

*

સાધકો પાસે આધ્યાત્મિક વસ્તુઓની જે માગણી કરવામાં આવી છે તે અજ્ઞાની શ્રદ્ધાની નહિ પરંતુ જ્યોતિર્મય શ્રદ્ધા હોય છે, પ્રકાશમાં રહેલી શ્રદ્ધા અને નહિ કે અંધકારમાંની શ્રદ્ધા. તેની વહેમી બુદ્ધિ અંધ તરીકે કહે છે કારણ કે તે બાહ્ય દેખાવોથી અથવા કહેવાતી હકીકતો દ્વારા દોરાતી નથી – કારણ કે તે પાછળ રહેલા સત્યને જુએ છે. અને બીજું તે સાબિતીની તથા સાક્ષી-પુરાવાની ઉપર ચાલવાની બે ઘોડીઓ ઉપર ચાલતી નથી. તે એક સહજ પ્રેરણા છે, અને તે પ્રેરણાને ન્યાયી ઠરાવવા માટે તે અનુભૂતિ ઉપર રાહ જોતી નથી પરંતુ અનુભૂતિ ઉપર દોરી જનારી સહજ સ્ફુરણા હોય છે. જો મને રૂપાંતરમાં શ્રદ્ધા હોય તો હું મારો હાથ મૂકીને રૂપાંતરની પ્રગતિને ખુલ્લી કરી આપું. પરંતુ જો હું શંકાથી શરૂઆત કરું

અને આગળ ઉપર વધારે શંકા રાખીને ચાલુ તો મારી મુસાફરીમાં હું કેટલે દૂર સુધી જઈ શકું ?

*

શ્રદ્ધા અને શંકાના પ્રશ્નમાં તમે શ્રદ્ધા શબ્દ ઉપરનો જે ભારપૂર્ણ અર્થ મૂકો છો અને ક્ષેત્ર દર્શાવો છો તેને હું તે પ્રમાણે માનતો નથી. મારે એક નહિ પણ ઘણા પત્રો આ સ્થિતિની સ્પષ્ટતા કરવા માટે લખવા પડશે. મને એમ લાગે છે કે તમે શ્રદ્ધા એટલે મનની માન્યતા એવો અર્થ કરો છો જે હકીકતમાં મનની પાસે અને ઇન્દ્રિયોની પાસે એક શંકાના રૂપમાં મૂકો છો અને તેને કોઈ મક્કમ ટેકો નથી હોતો.

હું એ પ્રકારના અર્થમાં લઉં છું કે તે એક આપણા આંતર સ્વરૂપમાં અતીન્દ્રિય વસ્તુઓનું સત્ય હોય છે. તેની સહજ-સ્ફુરણાગમ્ય માન્યતા હોય છે. તે એવી વસ્તુઓ વિશેની શ્રદ્ધા હોય છે જે સ્થૂલ સાબિતી દ્વારા માન્ય થઈ શકે નહિ, પરંતુ અનુભૂતિનો વિષય હોય છે. મારો મુદ્દો એ છે કે આ શ્રદ્ધા સૌથી ઇચ્છનીય પ્રાથમિક વસ્તુ છે ( એ કેવળ જરૂરી અથવા અનિવાર્ય નથી – કારણ કે એવી અનુભૂતિઓના પણ પ્રસંગો હોય છે જેમાં શ્રદ્ધા પુરોગામી નથી હોતી.) અને તે અનુભૂતિ માટે ઇચ્છનીય છે, જો હું શ્રદ્ધા ઉપર આટલો બધો ભાર મૂકતો હોઉં તો- અને શરૂઆતની શંકા તથા ઇનકારને ફેંકી દેવા કરતાં વિધાનાત્મક ભાર મૂકું તો- એટલા માટે કે ઇનકાર અને શંકા એ વિઘ્ન કરતાં બળોના હાથમાં કરણો બનેલા હોય છે . . .

ભૌતિકવાદીના ઇનકારને હું પ્રાથમિક ઇનકાર કહું છું કારણ કે તે પોતે જેનો ઇનકાર કરે છે તેની વિચારણા કરવા તે પરીક્ષા કરવાની પણ ના પાડે છે. પરંતુ લીઓનાર્ડ વુલ્ફની માફક તે ઇનકારની શરૂઆત પણ 'કવેક કવેક' કરે છે. અને તેના પોતાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે, માટે તે સાચું હોઈ શકે નહિ એમ માને છે. બીજી બાજુએ, પ્રભુ અને દિવ્યકૃપા અને યોગ તથા ગુરુ વર્ગમાં શ્રદ્ધાને પ્રાથમિક વસ્તુઓ ગણતો નથી કારણ કે તેનો આધાર એક મહાન માનવ-સમુદાયની અનુભૂતિ ઉપર રહેલો છે, અને તે સૈકાઓ અને યુગોથી, એકઠો થતો જ જાય છે, એટલું જ નહિ પરંતુ તેનું વ્યકિતગત સહજ દર્શન પણ થયેલું હોય છે. એટલા માટે એ સહજ સ્ફુરણાયુકત દર્શન છે અને તેને સેંકડો અને હજારો માણસોએ પ્રમાણિત કરેલું છે, જેમણે મારી પહેલાં પણ તે વસ્તુની કસોટી કરેલી છે.

*

મેં શંકા વિશે લખવાનું શરૂ કર્યું છે પરંતુ તેમ કરવામાં પણ મને 'શંકા'-ની અસર થાય છે કે ગમે તેટલું લખાણ હું કરીશ અથવા બીજું કાંઈ પણ કરું પરંતુ માનવીમાં જે શાશ્વત શંકા છે, તે તેના જન્મગત અજ્ઞાનની સજા છે – તેને સમજાવી શકાશે કે કેમ ? પ્રથમ તો સંતોષકારક રીતે લખવું એનો અર્થ ૬૦થી ૬૦૦ પાનાં સુધી લખવું એવો અર્થ થાય અને તેમ છતાં ૬૦૦૦ પૃષ્ઠ પણ પૂરતા પ્રમાણમાં શંકાનું નિવારણ કરી ન શકે કારણ કે શંકા પોતે જ પોતાના માટે હસ્તી ધરાવતી હોય છે; તેનું કાર્ય જ શંકા કરવાનું છે અને તેને સમજણ પડે છતાં પણ તે શંકા કર્યા જ કરે; તેને મહેમાન તરીકે રાખનારને ફક્ત એટલું જ સમજાવવાનું કે તેને રહેવા અથવા ખોરાક આપવા માટે સ્થાન આપે અને તે પ્રામાણિક સત્ય શોધક છે એવો દંભ કરે. આ પાઠ હું પોતાના મનના અનુભવથી અને બીજાઓના મનના અનુભવ ઉપરથી પણ શીખ્યો છું; શંકામાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે કે પોતાના વિવેકને સત્ય અથવા જૂઠાણાનો શોધક બનાવવો અને તેના સંરક્ષણ નીચે મુક્ત રીતે અને હિંમતપૂર્વક અનુભૂતિનું બારણું ખોલી નાખવું.

તેમ છતાં મેં લખવાની શરૂઆત કરી છે, પરંતુ હું શંકાથી શરૂઆત નહિ કરું, પરંતુ પ્રભુ માટેની લાગણીથી શરૂઆત કરીશ, એક સઘન ખાતરીભરી રીતે, એવી રીતે જે રીતે આપણે સ્થૂલ ઘટનાને ઇન્દ્રિયો દ્વારા પકડી શકીએ છીએ તે રીતે. હવે, પ્રભુ વિશે ખરેખર એક ખાતરી હોવી જોઈએ, જે કેવળ સઘન નહિ પરંતુ ભૌતિક જગતમાં જે કોઈ વસ્તુ કાન અથવા આંખ અથવા સ્પર્શથી ઇન્દ્રિયગમ્ય થાય તેનાથી પણ વધારે સઘન. પરંતુ તે ખાતરી મનોમય વિચારની ખાતરી હોતી નથી. પરંતુ વિશિષ્ટ પ્રકારની અનુભૂતિ હોય છે. જ્યારે પ્રભુની શાંતિ તમારા ઉપર નીચે ઊતરી આવે, જ્યારે દિવ્ય હાજરી તમારી અંદર સ્થાપિત થઈ જાય, જ્યારે તમારા ઉપર એક આનંદ મહાસાગરની માફક ધસી આવે, અને તમે દિવ્ય શક્તિના ઉચ્છ્વાસ દ્વારા પવનની માફક ઘસડાતા પાંદડાની માફક અહીંથી તહીં ફેંકાઓ; જ્યારે સમગ્ર સર્જન ઉપર તમારો દિવ્ય પ્રેમ ફૂલની માફક ખીલી ઊઠે, જ્યારે દિવ્યજ્ઞાન અને પ્રકાશ તમારી અંદર ઉભરાઈ જાય અને એક ક્ષણની અંદર જે પહેલાં અંધકારમય, દુઃખમય અને તમોમય હતું તે બધું જ પ્રકાશિત થઈ જાય; અને તેમનું રૂપાંતર થઈ જાય. જ્યારે જે કાંઈ છે તે બધું એકમાત્ર વાસ્તવિકતાના એક ભાગ રૂપ થઈ જાય; જ્યારે વાસ્તવિકતા તમારી ચારે બાજુ, આસપાસ સર્વત્ર જગાએ હોય ત્યારે તમને એક આધ્યાત્મિક સ્પર્શની તાત્કાલિક અનુભૂતિ થાય. તે વસ્તુ એક આંતરદર્શન વડે થાય, એક પ્રકાશિત અને દૃષ્ટિમય વિચારથી થાય, એક પ્રાણમય સંવેદનથી બની આવે અને તમારી શારીરિક ઇન્દ્રિય

દ્વારા પણ બની આવે અને દરેક જગાએ ફક્ત પ્રભુને જ જોઈ શકો, સાંભળી શકો અને સ્પર્શ કરી શકો ત્યાર પછી તમે જે રીતે દિવસનો પ્રકાશ અથવા હવા અથવા આકાશમાં રહેલા સૂર્ય વિશે શંકા કરતા નથી અથવા ઈનકાર કરી શકતા નથી તે રીતે જ તમે પ્રભુ વિશે શંકા કે ઈનકાર કરી શકતા નથી – કારણ કે આ સ્થૂલ વસ્તુઓ વિશે તમે ખાતરી રાખી શકતા નથી પરંતુ તમારી ઈન્દ્રિયો તમારી પાસે જે રીતે રજૂ કરે છે તે પ્રમાણે તે વસ્તુઓ છે. પરંતુ પ્રભુની સઘન અનુભૂતિઓમાં શંકા કરવી અશક્ય છે.

અનુભૂતિ કાયમ ટકી રહે તે માટે કહેવાનું કે શરૂઆતમાં જે પ્રાથમિક આધ્યાત્મિક અનુભૂતિઓ થાય તે કાયમી રહે એવી આશા તમે કેવી રીતે રાખી શકો? – બહુ ઓછા માણસોમાં તે પ્રમાણે બને છે અને તેમના માટે પણ અનુભૂતિની તીવ્રતા એક સરખી હોતી નથી; ઘણાખરા માણસોને અનુભૂતિ આવે છે અને ત્યાર પછી તે પરદા પાછળ છુપાઈ જાય છે અને માનવનો તે ભાગ તૈયાર થાય અને તે વૃદ્ધિને તે વધારે પ્રમાણમાં ઝીલી શકે ત્યાં સુધી તે રાહ જુએ છે તો પછીથી તે કાયમ ટકી રહે છે, પરંતુ એટલા માટે જ તેના વિશે શંકા ઉઠાવવી તે ખરેખર અતિશય બુદ્ધિવિહીનતા છે. માણસ હવાના અસ્તિત્વ વિશે શંકા કરતો નથી કારણ કે કાયમ જ જોરદાર પવન વાતો નથી અથવા કોઈ સૂર્યના પ્રકાશ વિશે શંકા સેવતો નથી, કારણ કે સંધ્યાકાળ અને પ્રભાત વચ્ચે આખી રાત્રી હોય છે. મુશ્કેલી રહેલી છે માનવ-ચેતનામાં, જેમાં આધ્યાત્મિક અનુભૂતિ તેને માટે કોઈ અસાધારણ વસ્તુ હોય છે અને હકીકતમાં તે પરા-સાધારણ હોય છે. આ આપણી મર્યાદિત સામાન્ય ચેતના પ્રથમ તો એક મહત્તર અને તીવ્રતર દિવ્ય અનુભૂતિનો સ્પર્શ કરવા માટે પણ મુશ્કેલી અનુભવે છે, અથવા તો તે વસ્તુ એટલી બધી હળવી અને જડ પદાર્થ બની જાય છે કે તે મનની અથવા પ્રાણની અનુભૂતિ બની જાય છે અને જ્યારે આધ્યાત્મિક અનુભૂતિ તેની ધસારાભરી શક્તિ લઈને નીચે ઊતરી આવે છે ત્યારે સામાન્ય માનવચેતના તેને ધારણ કરી શકતી નથી. અથવા ધારણ કરે તો તેને પકડી શકતી નથી અથવા ટકાવી રાખી શકતી નથી. તેમ છતાં, મન વડે જે અનંત તત્ત્વની સામે દીવાલ ઊભી કરેલી હોય છે તેમાં એક ગાબડું પડે છે અને પછી તે વધારે અને વધારે પહોળું થતું જાય છે, કેટલીક વખત ધીમે ધીમેથી અને કેટલીક વખત ઝડપથી; છેવટે પછી દીવાલ રહેતી નથી અને તે શાશ્વત રીતે ટકી રહે છે.

પરંતુ જો મન કાયમ વચ્ચે દખલ કરતું હોય તો પ્રભુ વિશેની નિર્ણયાત્મક અનુભૂતિઓ પ્રાપ્ત થઈ શકે નહિ, તેમ જ અવસ્થાની નવીન સ્થિતિ કાયમ ટકી શકે

નહિ કારણ કે મન પોતાનો આગવો હક, પૂર્વ નિર્ણયો અને અજ્ઞાની સિદ્ધાંતોને પકડી રાખે છે. જો મન પોતા માટે ખાતરી કરવા માગતું હોય અને તેના મનોમય સાપેક્ષ પરિણામોના સત્યને વળગી રહેતું હોય અને પોતાનો તર્ક, શંકા, પરીક્ષણ અને જ્ઞાનની આસપાસ પોતાની લાગણીઓ અને ઠોકરોવાળું અજ્ઞાન રાખ્યા કરે, તો પણ આ વસ્તુઓ ટકી રહી શકતી નથી. આ મહત્તર વસ્તુઓ પ્રશાંત થયેલી ચેતનાના ક્રમિક ખુલ્લાપણાથી જ આવે છે અને તેને સ્થિરતાથી આધ્યાત્મિક ચેતના તરફ વાળી લે છે. જો તમે એમ પૂછો કે પ્રભુએ આવા અગવડપૂર્ણ પાયા ઉપર આવી રચના કેમ કરી છે તો તે નિષ્ફળ પ્રશ્ન છે કારણ કે આમાં બીજું કાંઈ નથી પરંતુ વસ્તુઓની પ્રકૃતિ દ્વારા માનવ-શાસ્ત્રીય દબાણપૂર્વકની જરૂરિયાત છે. તે પ્રમાણે એટલા માટે છે કે પ્રભુ વિશેની આ અનુભૂતિ મનોમય રચનાઓ નથી, પ્રાણિક ગતિઓ નથી; તે મૂળભૂત વસ્તુઓ છે. તે વિચારની વસ્તુઓ નથી પરંતુ વાસ્તવિક વસ્તુઓ છે. તેનો મનોમય અનુભવ થતો નથી પરંતુ તેનો આપણા પોતાના મૂળ પદાર્થમાં, સારભૂત તત્ત્વમાં અનુભવ કરી શકાય છે – એટલું ખરું કે મન કાયમ ત્યાં હોય છે અને વચ્ચે દખલ કરી શકે છે. તે પોતે પ્રભુ વિશે પોતાની રીતની મનોમયતા દાખલ કરી શકે છે અને કરે છે, વિચારો, માન્યતાઓ, લાગણીઓ, આધ્યાત્મિક સત્યનાં મનોમય પ્રતિબિંબો, અરે એક પ્રકારનો મનોમય સાક્ષાત્કાર, જે ઊર્ધ્વતર સત્યની આકૃતિ વિશે પુનરાવર્તન કર્યા કરે છે અને આ બધું પણ મૂલ્ય વગરનું નથી, પરંતુ તે સઘન આત્મીય અને શંકા વગરનું હોતું નથી. મન પોતે જ અંતિમ ખાતરી રાખવા માટે અશક્તિમાન છે, તે જે કાંઈ માને છે તેમાં પણ શંકા કરી શકે છે, જે કાંઈ તે મક્કમ રીતે હા પાડે તેમાં પણ તે ઈનકાર કરી શકે છે; તેને જે કાંઈ હાથ લાગે છે તેને તે ખોઈ શકે છે અને જરૂર છોડી દે છે. તે વસ્તુ તેની પસંદગી છે, ઉમદા અધિકાર છે, હક છે; તમે તેનાં વખાણ માટે જે કાંઈ કહી શકો તે બધું જ બની શકે, પરંતુ આ બધી મનની પદ્ધતિઓ દ્વારા તમે એવી આશા ન રાખી શકો (શારીરિક ઘટનાની પહોંચ બહાર અને ભાગ્યે જ તેમાં પણ) કે તમે જેને અંતિમ ખાતરી કહો તેવી વસ્તુમાં તે પહોંચી શકે નહિ. આ પ્રકારના ફરજિયાત કારણને લઈને પ્રભુ વિશે મનોમયતા કરવી અથવા પ્રશ્ન કરવાથી તે પોતાના હક તરીકે પ્રભુને લાવી શકે નહિ. જો ચેતના કાયમ ક્ષુદ્ર મનોમય ગતિઓમાં અટવાયેલી હોય – અને ખાસ કરીને તેની સાથે કાયમ હોય છે તે મુજબ, પ્રાણમય ગતિઓ, કામનાઓ, પૂર્વગ્રહો વગેરેનું લશ્કર તેમાં સામેલ હોય – તો જન્મગત બુદ્ધિની અપૂર્ણતાને આપણે એક બાજુએ મૂકી દઈએ તો પણ તે જગાએ નવીન જ્ઞાનની વ્યવસ્થા માટે અથવા મૂળભૂત અનુભૂતિઓ માટે અથવા

આત્માના ઊંડાણના તથા આરોહણ અને અવતરણના પ્રચંડ પ્રવાહો માટે, જગા ક્યાંથી રહે? મનને માટે તેની પ્રક્રિયાઓની મધ્યમાં પણ ઓચિંતાનું આશ્ચર્ય થાય અને તે ગભરાઈ જઈને એક બાજુએ ફેંકાઈ જાય અને બધું જ આધ્યાત્મિક અનુભૂતિના ધસમસતા પ્રવાહથી ઓચિંતા ઉભરાઈ જાય. પરંતુ જો તે પાછળથી પ્રશ્નો પૂછવાનું, શંકા કરવાનું અથવા સિદ્ધાંતો રચવાનું અને કલ્પનાઓ કરવાનું શરૂ કરે કે આ બધું તેમાં રહેલું છે તે સાચું છે કે નથી, તો પછી આધ્યાત્મિક શક્તિ બીજું શું કરી શકે, સિવાય કે તે પાછી હઠી જઈને મનના બુદ્બુદો શાંત થાય અને અટકી જાય ત્યાં સુધી રાહ જુએ?

જે લોકો બુદ્ધિયુક્ત મનને પ્રમાણભૂત ગણીને આધ્યાત્મિક અનુભૂતિનો નિર્ણય બાંધે છે તેમને હું એક સરળ પ્રશ્ન પૂછીશ. પ્રભુ મન કરતાં કોઈક ઊતરતી વસ્તુ છે કે તેનાથી મહત્તર? મનોમય ચેતના જે તપાસ માટે ફાંફાં મારે છે, અંતવિહીન દલીલો કરે છે, વણછીપી શંકા ઉત્પન્ન કર્યા કરે છે અને જડ અને અનમનીય તર્ક છે, તે દિવ્ય ચેતના કરતાં કોઈ મહત્તર વસ્તુ છે, યા દિવ્ય ચેતનાની સમાન છે કે પછી તે તેના કાર્ય અને મહત્તામાં ઊતરતી વસ્તુ છે? જો તે વધારે મહાન હોય તો પ્રભુની શોધ કરવા માટે કોઈ કારણ નથી. જો તે સમાન હોય તો આધ્યાત્મિક અનુભૂતિ બિલકુલ બિનજરૂરી છે. પરંતુ જો તે ઊતરતી હોય તો તે પ્રભુને કઈ રીતે પડકાર આપીને, તેનો ન્યાય આપવા માટે બૉર્ડ ઑફ એક્ઝામિનર પાસે પ્રભુને એક ઉમેદવાર તરીકે કઈ રીતે રજૂ કરી શકે? અથવા પ્રભુની પરીક્ષા કરવા માટે તેને એક સૂક્ષ્મદર્શક યંત્ર પાસે એક જંતુની માફક ચોંટાડી શકે? પ્રાણમય પ્રાણી પોતાની પ્રાણમય અંધ-પ્રેરણાથી, સંસ્કારો અને આવેગોથી, માનવીના મનનો ન્યાય તોળીને તેનું અર્થઘટન અને ઊંડાણ કઈ રીતે માપી શકે? તે તેમ કરી શકે નહિ કારણ કે માનવમનનું કાર્ય વધારે વિશાળ અને વધારે જટિલ રીતે કાર્ય કરે છે અને તેને પ્રાણીની પ્રાણમય ચેતના અનુસરી શકે નહિ, કારણ કે માનવ-મનનું કાર્ય વધારે વિશાળ, વધારે જટિલ રીતે કાર્ય કરે છે અને પ્રાણીની ચેતના તેને અનુસરી શકે નહિ. તો પછી દિવ્ય ચેતનામાં માનવ મન કરતાં એટલી બધી અનંત વિશાળતા, વધારે જટિલતા અને વધારે મહત્તર શક્તિઓ અને પ્રકાશો હોય છે અને તે એવા માર્ગોએ જાય છે જેનો મન ન્યાય આપી શકે નહિ, તેનું અર્થઘટન કરી શકે નહિ તથા સ્ખલન કરતી બુદ્ધિ દ્વારા અને મર્યાદિત અર્ધ-જ્ઞાનથી તેનું ઊંડાણ માપી શકે નહિ એ સમજવું એટલું બધું અઘરું છે? સીધી સાદી બાબત એટલી જ છે કે આત્મા અને મન બન્ને એક જ વસ્તુ નથી. યોગીએ આધ્યાત્મિક ચેતનામાં દાખલ થવાનું છે – (આ બધામાં હું અતિમાનસની વાત તો બિલકુલ કરતો જ

નથી ) જો માણસે પ્રભુની સાથેના કાયમી સંપર્કમાં અથવા ઐકયમાં દાખલ થવાની ઇચ્છા હોય તો એટલું જ સમજવું જોઈએ કે આ વસ્તુ પ્રભુની ધૂન નથી અને મને પોતાની મર્યાદાઓને ઓળખીને પોતાની જાતને શાંત કરવી જોઈએ, પોતાની માગણીઓ છોડી દેવી જોઈએ અને પોતાની અંધકારગ્રસ્ત ભૂમિકા કરતાં, પોતાનામાં રહેલા પ્રકાશ કરતાં જે પોતાનાથી વધારે મહત્તર પ્રકાશ હોય તેના પ્રત્યે ખુલ્લા થઈને તેણે પોતાની જાતનું સમર્પણ કરવું જોઈએ.

આનો અર્થ એવો નથી કે મનનું આધ્યાત્મિક જીવનમાં કોઈ પણ સ્થાન નથી; પરંતુ એટલું ખરું કે તે એક મુખ્ય કરણ પણ બની શકે નહિ, તેમ જ તે એવી પણ શકિત નથી જેના નિર્ણયને પ્રભુએ તાબે થવું જોઈએ. જે મહત્તર ચેતનાની નજીક તે પહોંચવા પ્રયત્ન કરે છે તેમાંથી તેને શીખવાનું છે અને તેના ઉપર પોતાનાં પ્રમાણો લાદવાનાં નથી; તેણે પ્રકાશને ગ્રહણ કરવાનો છે, ઉચ્ચતર સત્ય પ્રત્યે ખુલ્લા થવાનું છે, માનસિક સિદ્ધાંત અનુસાર કાર્ય ન કરતી એક મહત્તર શકિતને માન્ય કરવાની છે અને પોતાની જાતનું સમર્પણ કરવાનું છે તથા તેની અર્ધ-પ્રકાશ અને અર્ધ-અંધકારમય ચેતનામાં ઉપરથી આવતી ચેતના વડે પોતાને સભર કરવાની મંજૂરી આપવાની છે જેથી કરીને તે કઈ જગાએ અંધકારમય હતું તે જોઈ શકે, જ્યાં તે સંવેદન વગરનું હતું ત્યાં સંવેદનશીલ બને અને જ્યાં મૂંઝાયેલું, અચોક્કસ પ્રશ્નપૂર્ણ અને નિરાશા-યુકત હતું તેને બદલે તેમાં આનંદ, સિદ્ધિ, ખાતરી અને શાંતિ પ્રાપ્ત કરી શકે.

જ્યારથી માનવીઓએ પ્રભુની શોધ કરવાની શરૂઆત કરી ત્યારથી આ સ્થિતિ યોગે ધારણ કરેલી છે, જે સ્થિતિનો પાયો અનુભૂતિ ઉપર હોય છે. જો તે સાચી વસ્તુ ન હોય તો યોગમાં કોઈ સત્ય નથી અથવા તેની જરૂર પણ નથી. જો તે સાચી વસ્તુ હોય તો તે તેના પાયા ઉપર આ મહત્તર ચેતનાની જરૂરિયાતના દષ્ટિબિંદુથી આપણે જોઈ શકીએ કે આધ્યાત્મિક જીવન માટે ઉપયોગી છે કે કેમ ? આધ્યાત્મિક સાધક માટે ગમે તે વસ્તુ અથવા બધી જ વસ્તુને માની લેવાની માગણી કરવામાં આવતી નથી. આવી અતિવિશ્વાસપૂર્ણ અને નિર્વીર્ય સત્તા કેવળ બુદ્ધિહીન છે એટલું જ નહિ પરંતુ બિલકુલ બિનઆધ્યાત્મિક છે. આધ્યાત્મિક જીવનની દરેક ક્ષણે જ્યાં સુધી માનવીને પૂર્ણ રીતે ઉચ્ચતર પ્રકાશમાં પ્રવેશ ન મળ્યો હોય ત્યાં સુધી તેણે સજાગ રહેવું પડે છે અને આધ્યાત્મિક સત્ય તેમ જ આધ્યાત્મિકતાની નકલ કરતી અને સ્વાંગ ધરતી કોઈ વસ્તુ અથવા તેની જગાએ મન વડે ઉત્પન્ન કરનાર પ્રતિ-નિધિઓ અને પ્રાણમય કામનાઓ વચ્ચેનો તફાવત જાણવા, શકિતમાન બનવું જોઈએ. પ્રભુનાં સત્યો અને અસુરનાં જૂઠાણાંઓ વચ્ચે તફાવત જાણવાની શકિત યોગ

માટેની મુખ્ય જરૂરિયાત છે. પ્રશ્ન એ રહે છે કે તે એક નકારાત્મક અને વિનાશક શંકાની પદ્ધતિ છે, જે ઘણી વખત જૂઠાણાનો વિનાશ કરે છે, પરંતુ સાથે સાથે તે જ નિષ્પક્ષ ફટકાથી સત્યનો પણ ઇનકાર તે શ્રેષ્ઠ રીતે કરી શકે છે, કે પછી તે એક વધારે વિધાનાત્મક રીતે સહાયક અને શોધ કરતી પ્રકાશપૂર્ણ શકિત પ્રાપ્ત કરવી જોઈએ. તે અંતર્ગત અજ્ઞાનથી ફરજિયાત રીતે સત્ય અને અસત્યની એક સરખી શંકાના આધારથી અને ઇનકારના દંડાથી જોવા માટે ફરજિયાત રીતે ઘસડાતી નથી ને? મનોમય માન્યતાનો અવિવેક એ આધ્યાત્મિકતા અથવા યોગનું શિક્ષણ નથી; તે જ શ્રદ્ધાની વાત કરે છે. તે કઢંગી મનોમય માન્યતા નથી. પરંતુ પોતાની અંદર રહેલા માર્ગદર્શક પ્રકાશ પ્રત્યે આત્માની વફાદારી છે; એવી વફાદારી જે તેને અંદર રહેલા પ્રકાશ પ્રત્યે દોરી જાય છે અને તે શ્રદ્ધાએ ત્યાં સુધી ટકી રહેવાનું છે જ્યાં સુધી તે આંતર-પ્રકાશ તેને જ્ઞાનમાં ન પહોંચાડે.

*

હું કોઈની પણ પાસે વિવેકહીન શ્રદ્ધાની માગણી કરતો નથી, હું એક મૂળભૂત શ્રદ્ધાની માગણી કરું છું જેમાં ધૈર્યપૂર્ણ અને સ્થિર વિવેકયુકત રક્ષણ હોય — કારણ કે આધ્યાત્મિક સાધકની ચેતના માટે આ વસ્તુઓ જ યોગ્ય છે અને મેં પોતે પણ આ વસ્તુઓનો જ ઉપયોગ કર્યો છે અને મેં શોધ્યું કે તેમાં નિષ્કારણ રીતે ઉત્પન્ન થયેલ કોયડાની જરૂરિયાત નાશ પામી, "તમારે યા તો દરેક અતિભૌતિક વસ્તુને શંકાથી જોવી જોઈએ અથવા સંપૂર્ણ રીતે વિશ્વાસપૂર્ણ બનવું જોઈએ." આ વસ્તુ જ ભૌતિકવાદીઓની દલીલ માટેનો વ્યાપાર કરવાનો મુદ્દામાલ છે. હું જોઈ શકું છું કે મારો ઇનકાર હોવા છતાં તમારી દલીલ વારંવાર આ સિદ્ધાંત પકડી રાખે છે — અને મારા વિધાનને ટેકો આપે છે કે શંકાના તત્ત્વને કદી સંતોષી શકાય નહિ કારણ કે તેનો સ્વભાવ છે કે કદી સંતોષ પ્રાપ્ત કરવો જ નહિ. તે તો તેની જૂની દલીલ કરવાના ક્ષેત્રમાં પુનરાવર્તન કરવાનું ચાલુ જ રાખે છે. આ ભૌતિક જગતમાં સામાન્ય વસ્તુ પુષ્કળ પ્રમાણમાં છે, શ્રદ્ધાના પ્રશ્નને એક બાજુએ મૂકી રાખીએ તો પણ કોઈ પણ સાચો બુદ્ધિમાન મુકત મનનો માણસ (બુદ્ધિવાદીઓની માફક અથવા કહેવાતા મુક્ત વિચારશીલ માણસો, જેઓ દરેક મુદ્દા ઉપર પ્રાથમિક કક્ષાની બુદ્ધિવિહીન અશ્રદ્ધાના વિવિધ રજજૂઓથી બંધાયેલા હોતા નથી) તેમણે એકદમ એમ બૂમ ન મારવી જોઈએ કે આ બધું ગપ્પાં-જૂઠાણું છે. પરંતુ તેમણે જ્યાં સુધી જરૂરી અનુભૂતિ અને જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય ત્યાં સુધી પોતાના નિર્ણયને મુલતવી રાખવો જોઈએ, અજ્ઞાનમાં ઇનકાર કરવો એ અજ્ઞાનના સ્વીકાર કરતાં વધારે સારી વસ્તુ નથી.

*

મન અથવા પ્રાણને તાત્કાલિક ગતિ આપનાર ગમે તે હેતુ હોય છતાં જો સ્વરૂપમાં પ્રભુ માટે સાચી શોધ રહેલી હોય તો તે વસ્તુ છેવટે પ્રભુના સાક્ષાત્કાર પ્રત્યે દોરી જવી જ જોઈએ. આપણી અંદર રહેલા અંતરાત્મામાં પ્રભુ પ્રત્યે એક અહૈતુકી ઝંખના હોય છે જ. તેનો હેતુ અથવા વિશિષ્ટ લક્ષ્ય એક અંતઃપ્રેરણાનું અનુસરણ કરીને મન તથા પ્રાણને આંતરઝંખનાનું અનુસરણ કરવાનું હોય છે. જો મન અને પ્રાણ પોતાના આત્માને કેવળ પ્રભુ પ્રત્યેનો પ્રેમ અનુભવી અને સ્વીકારી શકે તો સાધના તેની પૂર્ણ શકિત પ્રાપ્ત કરી શકે અને ઘણી મુશ્કેલીઓ અદશ્ય થઈ જાય. પરંતુ તેઓ તેમ ન કરે તો પણ તે પ્રભુમાં તેઓ જે વસ્તુની શોધ કરે છે તે પ્રાપ્ત કરી શકે અને તેની મારફતે તેઓને કોઈ વસ્તુનો સાક્ષાત્કાર થશે અને પોતાની મૂળભૂત કામનાની મર્યાદાની પાર પણ જઈ શકે . . . હું એમ કહી શકું કે આનંદ વિહીન પ્રભુ એ મૂર્ખાઈ છે. જેનો સ્વીકાર કરવા માટે મનનું અજ્ઞાન જ જોખમ લઈ શકે ! રાધાનો પ્રેમ આવી કોઈ વસ્તુ ઉપર આધાર રાખતો નથી પરંતુ એટલો જ અર્થ છે કે પ્રભુના માર્ગે જે કાંઈ આવી પડે, દુઃખ કે આનંદ, મિલન અથવા વિરહ, અને દુઃખ ગમે તેટલું લાંબું ચાલે તો પણ રાધાનો પ્રેમ અતૂટ હોય છે અને તેની શ્રદ્ધા અને ખાતરીને પોતાના દિવ્ય પ્રેમના લક્ષ્ય ઉપર, જેવી રીતે એક તારા ઉપર નજર માંડેલી હોય તે રીતે મક્કમ રીતે વળગેલી જ રહે છે.

તો પછી આ આનંદ છેવટે શું છે ? મન તેમાં એક માનસિક આનંદમય પરિસ્થિતિ સિવાય બીજું કાંઈ જોઈ શકતું નથી – પરંતુ તે જો ફક્ત એટલું જ હોત તો ભકતો અને ગુહ્યવાદીઓ જે એક તીવ્ર આનંદ રાખે છે તે હોઈ શકે નહિ. જ્યારે તમારી અંદર આનંદનો પ્રવેશ થાય છે ત્યારે પ્રભુ તમારી અંદર પ્રવેશ કરે છે અને જાણે કે પ્રભુએ તમારી ઉપર હુમલો કર્યો હોય તેમ તમે પ્રકાશથી ઉભરાઈ જાવ છો અને તે પ્રકાશનું પૂર પ્રભુ પોતે જ તમારી આસપાસ હોય તેવું હોય છે. એટલું ખરું કે પ્રભુ તેનાથી ઘણો વધારે છે અને આ ઉપરાંત બીજી ઘણી વધારે વસ્તુઓ હોય છે અને તે બધામાં તેની એક દિવ્ય હાજરી, એક દિ ય સ્વરૂપ, એક વ્યકિત હોય છે; કારણ કે પ્રભુ કૃષ્ણ છે, શિવ છે, પરાત્પર ભગવતી મા છે. પરંતુ દિવ્યાનંદ મારફતે તમે આનંદમય કૃષ્ણને જોઈ શકો છો કારણ કે આનંદ એ કૃષ્ણનું સૂક્ષ્મ શરીર અને સ્વરૂપ છે; શાંતિ મારફતે તમે શાંતિમય શિવને જોઈ શકો છો. પ્રકાશમાં, મુકિત આપતા જ્ઞાનમાં, પ્રેમમાં સિદ્ધિ આપતી અને ઊર્ધ્વીકરણ શકિતમાં, તમે ભગવતી 'મા'ની હાજરીને પ્રાપ્ત કરી શકો છો. ભકતો અને ગુહ્યવાદીઓની અનુભૂતિઓ તેમને આ દર્શનમાં આટલા બધા આનંદમય બનાવે છે અને તેમને દુઃખમય રાત્રીઓ અને વિરહમાંથી સહેલાઈથી પસાર કરવાની શકિત મળે

છે; જ્યારે આ આત્મદર્શન થાય છે ત્યારે તે સહેજ અથવા ટૂંકા ગાળાના આનંદને પણ એક એવું બળ અથવા મૂલ્ય આપે છે જે બીજી કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકે નહિ, અને આનંદ પોતે જ તેમનામાં ટકી રહેવાની, પાછા ફરવાની અને વૃદ્ધિ પામવાની એક વિકસિત શક્તિ એકત્રિત કરી આપે છે.

હું રસેલના ઉપાલંભોનો બહુ સારો પ્રત્યુત્તર આપી શકીશ નહિ કારણ કે પ્રભુ વિશેનો જે ખ્યાલ છે કે તે એક બાહ્ય સર્વશક્તિમાન શક્તિ છે જેણે આ જગતનું 'સર્જન' કરેલું છે અને એક સર્વસત્તાધીશ અને ધૂની રાજવી તરીકે તેનું શાસન કરી રહ્યો છે – ક્રિશ્ચિયન અથવા સેમેટિક ખ્યાલ – તે પ્રકારનો મારો ખ્યાલ કદી પણ નથી; મારી ત્રીસ વર્ષની સાધના દરમિયાન મને જે દર્શન અને અનુભૂતિ થયેલાં છે તેનાથી તે બિલકુલ ઊલટું છે, એ ખ્યાલથી પણ વિરુદ્ધ છે કે તેમાં કલાત્મક વિરોધનું લક્ષ્ય છે – કારણ કે યુરોપમાં રહેલો નાસ્તિકવાદ એક છીછરો અને બાલિશ બાહ્ય વિધિ-વિધાનવાળો ધર્મ તથા અપૂરતા અને કઢંગા અંધ સિદ્ધાંતોવાળા ખ્યાલવાળો એક છીછરો અને લગભગ બાલિશ પ્રત્યાઘાત છે. પરંતુ હું જ્યારે પ્રભુના સંકલ્પ વિશે કહું છું ત્યારે હું બીજું કાંઈક કહેવા માગું છું એવી વસ્તુ જે અવિદ્યાના આ ઉત્ક્રાંતિ પામતા જગતમાં અહીં નીચે ઊતરી આવેલ છે, જે વસ્તુઓની પાછળ રહેલું છે, જે અંધકાર ઉપર પોતાના પ્રકાશ વડે દબાણ મૂકે છે; આ અજ્ઞાનપૂર્ણ જગતની પરિસ્થિતિમાં અત્યારે શ્રેષ્ઠ અને શક્ય રીતે વસ્તુઓને દોરતું અને છેવટે પ્રભુની એક મહત્તર શક્તિના અવતરણ તરફ દોરી જતી વસ્તુ છે. આ જગત જે પ્રકારનું છે તેના વડે મર્યાદિત થતી વસ્તુ એ સર્વશક્તિમાન વસ્તુને અટકાવી શકતી નથી પરંતુ તે શક્તિપૂર્ણ રીતે કાર્યાન્વિત છે અને તેથી તે પ્રકાશ, શાંતિ, સંવાદ, આનંદ, પ્રેમ, સૌંદર્ય અને આનંદના સામ્રાજ્યને લઈને આવે છે; કારણ કે આ બધી વસ્તુઓ દિવ્ય પ્રકૃતિની છે. ત્યાં દિવ્ય કૃપા હર ક્ષણે કાર્ય કરવા તૈયાર છે, પરંતુ જેમ જેમ માણસ અજ્ઞાનના ધર્મમાંથી પ્રકાશના ધર્મમાં વિકાસ પામતો જાય છે તેમ તેમ તે આવિર્ભાવ પામે છે. તે વસ્તુનો એવો અર્થ નથી કે તે એક પોતાની મરજી પ્રમાણેની પ્રભુની ધૂન છે, ભલે પછી તેની વચ્ચે વચ્ચે આવતી દખલ ગમે તેટલી અદ્ભુત હોય, પરંતુ તે વિકાસમાં રહેલી એક સહાય છે. તે એક પ્રકાશ છે જે માર્ગદર્શન આપે છે અને છેવટે મુક્તિ આપે છે. જો આપણે જગતની હકીકતો જે રીતે છે તે રીતે સ્વીકારીએ અને સમગ્ર રીતે આધ્યાત્મિક અનુભૂતિઓની હકીકતો સ્વીકારીએ, જે બેમાંથી ગમે તે એકનો પણ ઇનકાર થઈ શકે નહિ અથવા તેમને બાજુએ મૂકી શકાય નહિ, તો પછી મને દેખાતું નથી કે બીજો કયો પ્રભુ હોઈ શકે. આ દિવ્ય પરમાત્મા આપણને અંધકારમાંથી દોરી

શકે, કારણ કે અંધકાર આપણી અંદર અને ચારે બાજુ રહેલો છે. પરંતુ તે આપણને પ્રકાશ તરફ દોરી જાય છે અને બીજી કોઈ વસ્તુ પ્રત્યે દોરતો નથી.

*

'નિરાકાર' વિશે બુદ્ધિની ખોટી રજૂઆત વિશેનો મુદ્દો (કોઈ પરિચિત અવ્યક્ત વિધાનાત્મક વસ્તુ છે તેના વિશે કેવળ નકારાત્મક અભિવ્યક્તિનું પરિણામ) બહુ સારી રીતે થયેલું છે, અને કેન્દ્રમાં રહેલા સત્યને સાચી રીતે સ્પર્શ કરે છે. જે કોઈ વ્યક્તિએ બ્રહ્મનો આનંદ પ્રાપ્ત કર્યો હોય તે બ્રહ્મ ઠંડો છે, એવા આરોપ ઉપર સ્મિત કરવા સિવાય બીજું કાંઈ થઈ શકે નહિ; તેમાં એક અચલ પરમાનંદની નિરપેક્ષતા છે, એક શાંત અને પરિચિત એવા આનંદની તીવ્રતાની એકાગ્રતા હોય છે, અને તે આનંદની જે વ્યક્તિને અનુભૂતિ થયેલી ન હોય તેને તે વિશેનું સૂચન કરવું પણ અશક્ય છે. શાશ્વત વાસ્તવિકતા ઠંડી પણ નથી અને શુષ્ક પણ નથી અથવા ખાલી પણ નથી. તમે ઉનાળાના મધ્યાહ્નના સૂર્યના પ્રકાશને ઠંડો કહો અથવા દરિયાને સૂકો કહો અથવા પૂર્ણ સભર વસ્તુને ખાલી કહો તેના જેવું તે છે. જ્યારે તમે રૂપને તેમ જ બીજી બધી વસ્તુઓને તાકાત કરીને તેમાં પ્રવેશ કરો છો ત્યારે પણ તે અદ્ભુત પૂર્ણતાથી ઊભરાઈ જાય છે – એટલે કે તે ખરેખર પૂર્ણ હોય છે; જ્યારે તેમાં હકાર તરીકે અથવા નકાર તરીકે પણ પ્રવેશ કરો છો ત્યારે પણ તેમાં શૂન્યતાનો અથવા શુષ્કતાનો પ્રશ્ન રહેતો નથી. તેમાં સર્વસ્વ હોય છે અને માણસ સર્વસ્વ તરીકે કલ્પના કરી શકે તેનાથી પણ વધારે. એટલા માટે જ બુદ્ધિ માથું અડાવીને જ્યારે એમ કહે છે, કે હું સર્વજ્ઞ ન્યાયાધીશ છું ત્યારે તેનો સામનો કરવો પડે છે; જો તે તેની મર્યાદામાં રહે તો આપણે તેની વિરુદ્ધ કાંઈ કહેવાનું નથી, પરંતુ તે શબ્દો અને વિચારોની એવી રચના કરે છે જેને સત્યને લગાડી પણ શકાય નહિ; બુદ્ધિ પોતાના અજ્ઞાનમાં એવી મૂર્ખાઈભરી વસ્તુઓ વિશે બબડાટ કરે છે અને તેની પોતાની રચનાઓની એવી દીવાલ ઊભી કરે છે તેના કરતાં સત્ય તેની પોતાની શક્તિઓ તથા ક્ષેત્રમાં ઘણું મહાન છે અને તેને અંદર પ્રવેશ કરવા દેવાનો પણ ઇનકાર કરે છે.

*

જો કોઈ માણસમાં અંધાપો હોય તો કારણ કે માનવબુદ્ધિ છેવટે તો શ્રેષ્ઠ હોય છતાં નિર્વીર્ય છે — તે સ્વાભાવિક રીતે જ સૂર્યપ્રકાશનો ઇનકાર કરે છે, જો કોઈનું ઉચ્ચતમ નૈસર્ગિક દર્શન, ઝાંખું પ્રકાશિત ધુમ્મસ હોય તો તેમ માનવું પણ

એટલું જ સ્વાભાવિક છે કે જે બધું જ ઊંચું દર્શન કેવળ ધુમ્મસપૂર્ણ ઝાંખો પ્રકાશ છે. પરંતુ તે બધા માટે પ્રકાશનું અસ્તિત્વ હોય છે અને આધ્યાત્મિક સત્ય ધુમ્મસ અને ચળકાટ કરતાં વધારે મોટી વસ્તુ છે.

*

પ્રો. સોરલીએ 'આ જગતની સમસ્યા' ઉપર જે લખ્યું છે તેના સંદર્ભમાં કહેવાનું કે તે પુસ્તક મારા વિચારોને પૂર્ણ રીતે રજૂ કરવા માટે નહોતું; કારણ કે તે ઘણુંખરું સાધકો માટે લખાયેલું હતું. તેથી તેમાં કેટલીક વસ્તુઓ તો માન્ય તરીકે જ સ્વીકારેલી. ઘણાખરા મુખ્ય વિચારો – જેવા કે અધિમનસ વગેરેના – સ્પષ્ટ કર્યા વગરના છે. વિચારો સ્પષ્ટ રીતે બુદ્ધિગમ્ય બને તે માટે ખૂબ ચોકસાઈથી બૌદ્ધિક-રૂપમાં મૂકવા જોઈએ, જેટલી રીતે અતિબૌદ્ધિક વસ્તુઓ માટે શક્ય બને તે રીતે. તે પુસ્તકમાં જે લખાયેલું છે તે જેઓ અનુભૂતિમાં ઘણા આગળ નીકળી ગયા છે તેમને જ સ્પષ્ટ થાય છે, પરંતુ ઘણાખરા માટે તો તે ફક્ત સૂચનરૂપે જ હોઈ શકે.

તેમ છતાં હું એમ વિચારતો નથી કે જે અતિ-બૌદ્ધિક વસ્તુઓ અંતર્હિત છે તેમનો ફરજિયાત રીતે બુદ્ધિની પરિભાષામાં ભેદ રાખવો જ જોઈએ; કારણ કે મૂળ-ભૂત રીતે તે વસ્તુ કલ્પનાશીલ વિચાર દ્વારા પ્રાપ્ત કરેલા વિચારોની અભિવ્યક્તિ નથી. વ્યક્તિએ આધ્યાત્મિક જ્ઞાનમાં અનુભૂતિ દ્વારા પહોંચવાનું છે. તેમ જ વસ્તુઓની ચેતનામાં પણ પહોંચવું જોઈએ. તે ચેતના સીધેસીધી અનુભૂતિમાંથી જ ઊઠી આવે છે અથવા તો તેમાં ગર્ભિત રહેલી હોય છે, અથવા તેમાં અંતર્હિત હોય છે. એટલે પછી જ્ઞાન એટલે મૂળભૂત ચેતના અને નહિ કે વિચાર અથવા પોતે ઘડેલો ખ્યાલ. દા.ત. મારી પ્રથમ મુખ્ય અનુભૂતિ – મુક્ત રીતના વિચારની અને ક્રાંતિકારી – જો કે તે અંતિમ અને સંપૂર્ણ નહોતી છતાં બધા વિચારોને બાકાત કરીને તેમને શાંત કર્યા ત્યાર પછી જ આવેલી – પ્રથમ તો આપણે જેને આધ્યાત્મિક રીતે અગત્યની અથવા સ્થિરતા અને શાંતિની સઘન ચેતના કરી શકીએ તે આવી, ત્યાર પછી કોઈ એક માત્ર અને પરમ વાસ્તવિકતાની સભાનતા આવી; તેની હાજરીમાં વસ્તુ કેવળ રૂપોમાં જ અસ્તિત્વ ધરાવતી હતી, પરંતુ તે રૂપોમાં કોઈ પણ પ્રકારનો પદાર્થ ન હતો અથવા તો તે રૂપો સાચાં વાસ્તવિક અને ઘન ન હતાં, પરંતુ આ બધું એક આધ્યાત્મિક દર્શનમાં સ્પષ્ટ થતું હતું અને તેમાં મૂળભૂત સાર તત્ત્વ હતું અને તે અવૈયક્તિક રીતનું હતું. અને તેમાં વાસ્તવિકતાનો કે બિનવાસ્તવિકતાનો અથવા બીજી કોઈ પણ વસ્તુનો સહેજ પણ ખ્યાલ કે વિચાર નહોતો. કારણ કે બધા જ ખ્યાલો અને વિચારો બિલકુલ શાંત થઈ ગયેલા અથવા એક નિરપેક્ષ પ્રશાંતિમાં બિલકુલ

ગેરહાજર હતા. આ વસ્તુઓનું એક શુદ્ધ ચેતના દ્વારા સીધેસીધું જ્ઞાન થતું હતું અને તેથી વિચારોની, શબ્દોની કે નામોની કોઈ જરૂર નહોતી અને તે જ સમયે આ આધ્યાત્મિક અનુભૂતિનું મૂળભૂત લક્ષણ કેવળ મર્યાદિત હોતું નથી. તે વિચાર વગર કાર્ય કરે છે અને વિચાર સહિત પણ કાર્ય કરી શકે છે, એટલું ચોક્કસ કે મનને પ્રથમ વિચાર એવો આવે કે વિચારનો આશ્રય લઈએ એટલે વ્યક્તિ ફરી પાછી બુદ્ધિના પ્રદેશમાં આવી જાય છે—અને શરૂઆતમાં ઘણા લાંબા સમય સુધી પણ એ પ્રમાણે બને પરંતુ મને એવી અનુભૂતિ નથી થઈ કે તેનો વિચ્છેદ ન કરી શકાય. અહીં ત્યારે બને જ્યારે વ્યક્તિ પોતાને થયેલી અનુભૂતિનું એક બુદ્ધિગમ્ય વર્ણન કરે, પરંતુ એક બીજા પ્રકારના વિચારનો પણ ઉદ્ભવ થાય છે. જાણે કે તે એક શરીર અથવા અનુભૂતિનું રૂપ હોય અથવા જે ચેતના તેમાં સમાયેલી હોય તેનું રૂપ હોય—અથવા તો તે ચેતનાનો કોઈ ભાગ હોય—અને આ વસ્તુ તેના સ્વભાવમાં મને બૌદ્ધિક લાગતી નથી. તેનામાં એક જુદો જ પ્રકાશ હોય છે, એક જુદી જ શક્તિ, એક ઇન્દ્રિયની અંદર જુદી જ ઇન્દ્રિય, જે વિચારોને શબ્દોથી મઢવાની જરૂર પડતી નથી તેવા વિચારો સાથે આ સ્પષ્ટ હોય છે, એવા વિચારો જેમનું આપણે સીધેસીધું ચેતનામાં દર્શન કરી શકીએ એવા પ્રકારની, એક પ્રકારની ઇન્દ્રિયનો સ્પર્શ થતો હોય, જેની રચના પોતાની સભાનતામાં એક સ્પષ્ટ રીતે વ્યક્ત થતી હોય (મને લાગે છે કે આ વસ્તુ અતિશય ગુહ્ય અથવા બુદ્ધિમાં ન ઊતરે તેવી નથી. પરંતુ એમ કહી શકાય કે વિચારો સીધેસીધા શબ્દોમાં પરિવર્તન પામે છે અને તેઓ બુદ્ધિના પ્રદેશના હોય છે—કારણ કે શબ્દો એ બુદ્ધિનાં ચલણી નાણાં છે પરંતુ વસ્તુ ખરેખર તેવી જ છે કે તે અનિવાર્ય રીતે તે પ્રમાણે જ બને? મને કાયમ એ પ્રમાણે લાગ્યું છે કે શબ્દો મૂળભૂત રીતે વિચારશીલ મન કરતાં કોઈ બીજી જગાએથી આવેલાં હતાં, જો કે ચિંતક મને તેનો કબજો લઈ લીધો, તેમને પોતાના માટે ઉપયોગી બનાવી લીધો અને પોતાના ઉપયોગ માટે તેને મુક્ત રીતે ચલણી ઉપયોગ કર્યો. તેમ છતાં પણ બૌદ્ધિક ન હોય તેવી વસ્તુની અભિવ્યક્તિ માટે શબ્દોનો ઉપયોગ કરવો શક્ય નથી? 'હાઈસમેન' માને છે કે કવિતા ત્યારે જ સંપૂર્ણ કાવ્યમય બને જ્યારે તે બિલકુલ અબૌદ્ધિક હોય, અથવા બુદ્ધિવિહીન હોય. એ ઘણું વિરોધાભાસી છે, પરંતુ હું એમ માનું છું કે તે એમ કહેવા માગે છે કે તેને જો બુદ્ધિની કઠિન કસોટીમાં મૂકવામાં આવે તો તે અતિશયોક્તિપૂર્ણ લાગે કારણ કે તે કોઈ એવી દૃષ્ટિની વસ્તુ હોય છે જેમાં વિચારો જે વસ્તુ લાવે તેના કરતાં જુદી જ દૃષ્ટિ લાવે એવું શક્ય નથી, કે જે શબ્દો તેમાંથી ઉત્પન્ન થાય, જે ભાષા તેને અભિવ્યક્ત કરવા માટે વપરાય તે પરાચેતનાની આધ્યાત્મિક અનુભૂતિની વિશિષ્ટ શક્તિ ન હોઈ શકે? તેમ છતાં એમ કહી શકાય કે વ્યક્તિ જ્યારે આધ્યા-

ત્મિક અનુભૂતિને બુદ્ધિને પોતાને સમજાવવા માટે પ્રયત્ન કરે, ત્યારે તે જુદી વસ્તુ બની જાય છે.

જુદી જુદી ભૂમિકાઓનું અર્થઘટન કરવું એ ખરેખર મારે માટે આધ્યાત્મિક અનુભૂતિનો એક અગત્યનો અને મૂળભૂત ભાગ છે. તેના વગર હું જે યોગની સાધના કરું છું અને મારું જે લક્ષ્ય છે તેનું અસ્તિત્વ હોઈ શકે નહિ. તેને માટેનું લક્ષ્ય પૃથ્વી ઉપર એક ઉચ્ચતર ચેતનાને અભિવ્યક્ત કરવાનું, પહોંચવાનું અથવા ધારણ કરવાનું છે અને નહિ કે પૃથ્વી ઉપરથી એક ઉચ્ચતર જગતમાં અથવા કોઈ પરમ નિરપેક્ષ (બ્રહ્મ)માં પહોંચવાનું. પ્રાચીન યોગો (બધા જ નહિ) બીજી રીતે પ્રતિપાદન કરતા હતા. પરંતુ હું માનું છું કે તેનું કારણ એવું હોવું જોઈએ કે તેઓને કોઈ પણ આધ્યાત્મિક માણસને માટે પૃથ્વી લગભગ અશકય સ્થાન લાગતું હતું અને રૂપાંતર માટેનો પૃથ્વીનો પ્રતિકાર અતિશય જિદ્દી હતો. વિવેકાનંદની ઉપમા માફક પૃથ્વીની પ્રકૃતિ કૂતરાની પૂંછડી જેવી લાગતી અને હરેક વખતે તમે તેને સીધી કરો કે તરત જ પાછી હતી તેવી વળાંકવાળી બની જાય. પરંતુ આ બાબતનું મૂળભૂત વિધાન બહુ સ્પષ્ટ રીતે ઉપનિષદોમાં 'જાહેર કરાયેલું' છે; જેમાં એટલે સુધી કહેલું છે કે પૃથ્વી મૂળભૂત પાયો છે અને બધાં જ જગતો પૃથ્વી ઉપર આવેલાં છે. અને બધા વચ્ચે એક સ્પષ્ટ ભેદ રાખવો અથવા સમાધાન ન થઈ શકે એવો ભેદ જોવો એ અજ્ઞાન છે; દિવ્ય સાક્ષાત્કાર અહીં પૃથ્વી ઉપર જ અને બીજી કોઈ પણ જગાએ અથવા બીજા કોઈ જગતમાં જઈને કરવાનો નથી. આ વિધાન શુદ્ધ વ્યક્તિગત સાક્ષાત્કારને જ વાજબી ઠેરવવા માટે થયેલું પરંતુ તે એક વધારે વિશાળ પ્રયત્નનો પાયો પણ એ જ રીતે બની શકે.

દેવો વિશેનું ચોક્કસ એ સત્ય હું સ્વીકારું છું કે તેઓ એકમેવનાં ઘણાં રૂપો અને વ્યક્તિત્વો છે અને આ વસ્તુ ભારતના દેવવાદનું આધ્યાત્મિક સારતત્ત્વ છે – અને તે એકમેવ કેવળ એક પરમાત્મા માટેની શોધનું ગૌણ પાસું છે. પરંતુ પ્રોફેસર સોરલીએ જે પરિચ્છેદનો ઉલ્લેખ કરેલો છે (પાનું ૫૬) તે બીજી વસ્તુની સાથે સંબંધ ધરાવે છે – નાનાંનાનાં દેવસત્ત્વો અને રાક્ષસોનો જે ઉલ્લેખ છે તે અન્ય ભૂમિકાનાં અતિભૌતિક સત્ત્વો છે. તેનો અર્થ એવો નથી કે તેઓ ખરેખર દેવોનાં સાચાં સ્વરૂપો છે અને પૂજા માટેના હકદાર છે. તેનાથી ઊલટું એમ ખાસ સૂચન કરવામાં આવ્યું છે કે તેમનો પ્રભાવ સ્વીકારવો એટલે ભૂલો તરફ અને સંઘર્ષ તરફ ગતિ કરવી. અથવા સાચા આધ્યાત્મિક માર્ગમાંથી બીજા માર્ગે ખસી જવું. એટલું ખરું કે તેમનામાં સર્જન કરવાની શક્તિ હોય છે, તેઓ તેમની પોતાની રીતે સ્વરૂપો સર્જી શકે છે અને તે પણ તેમના મર્યાદિત પ્રદેશમાં, પરંતુ તે રીતે તો

માણસો પણ તેમના પોતાના પ્રદેશોમાં અને મર્યાદાઓમાં બાહ્ય તેમ જ આંતરિક રીતનાં સર્જનો કરી શકે છે. – અને માનવીની સર્જક-શક્તિ અતિભૌતિક પ્રદેશો પણ દબાણ કરી શકે છે.

હું સહમત છું કે સંન્યાસ વિશે અતિરેક થઈ શકે છે; માણસ માને છે તે પ્રમાણે તેને પણ સ્થાન છે – એક માત્ર નહિ – આત્મ પ્રભુત્વનું, પરંતુ જે સંન્યાસી-વૃત્તિ જીવનને કાપી નાખે છે તે એક અતિરેક છે. જો કે તેમાં વ્યક્તિને અદ્‌ભુત પરિણામો પ્રાપ્ત થાય, જે બીજી રીતે ભાગ્યે જ પ્રાપ્ત થયાં હોત. જગતમાં શક્તિઓની લીલા કોયડારૂપ છે, અને તેમાં કોઈ પણ બુદ્ધિના જડ નિયમમાંથી તે છટકી જાય છે, અને તેવો અતિરેક પણ ઘણી વખત ઉપયોગમાં એટલા માટે લેવામાં આવે છે કે માનવ સિદ્ધિ અને જ્ઞાન અને અનુભૂતિનો પૂર્ણ વિકાસ સાધવા માટે તે જરૂરી બને. પરંતુ તેમ છતાં તે એક અતિરેક તો હતો જ, અને તે જે દાવો કરે છે કે તે સાચા લક્ષ્ય તરફ જવાનો એકમાત્ર અનિવાર્ય માર્ગ છે તે ખોટું છે.

*

પ્રોફેસર સોરલીની શાંત, પ્રકાશિત અને સ્વચ્છ મન ઉપર કરેલી ટીકા સાથે મારે કોઈ વિરોધ નથી, કારણ કે તે એક પ્રક્રિયાની યોગ્ય રીતની રજૂઆત છે જેના વડે મન તેની અક્ષુબ્ધ સપાટી ઉપર અથવા પદાર્થમાં ઊર્ધ્વતર સત્યના પ્રતિબિંબને માટે પોતાની જાતને તૈયાર કરે છે – એક વસ્તુનો ખાસ ખ્યાલ રાખવાનો છે – આ મનની શુદ્ધ શાંતિ એક જરૂરી શરત છે, એક આવશ્યક વસ્તુ, પરંતુ તેને લાવવા માટે એક કરતાં વધારે માર્ગ છે. આપણે દૃષ્ટાંતરૂપે સમજીએ તો તેમાં કેવળ મનનો પોતાનો જ પ્રયત્ન નથી કે તે તેનામાં દખલ કરતાં આવેગો અથવા લાગણીઓ અથવા તેનાં સ્વાભાવિક આંદોલનો અથવા શારીરિક જડતાનો તમોમય ધુમાડો મનને નિદ્રા અથવા મૂર્છામાં નાખી દે અને તેમાંથી મુક્ત થવા મન પ્રયત્ન કરે છે; પરંતુ તેની જાગ્રત શાંતિથી તે બની આવે છે – કારણ કે જ્ઞાનયોગના માર્ગની આ સામાન્ય રીતની સાધના હોય છે. આ વસ્તુ બીજી રીતે પણ બની આવે છે – એક મહાન આધ્યાત્મિક નીરવતા ઊર્ધ્વમાંથી ઊતરી આવે છે અને મન, હૃદય અને પ્રાણની ઊર્મિઓમાં તથા શારીરિક પ્રક્રિયાઓને પોતાની સત્તામાં લઈ લેતી શાંતિ ઊતરી આવે છે. એક પ્રકારનું આવું ઓચિંતુ અવતરણ અથવા વારંવાર દબાણ કરતી શક્તિની આવી અવતરણની હારમાળા, આધ્યાત્મિક અનુભૂતિની બહુ જાણીતી ઘટના છે. અથવા વ્યક્તિ આ હેતુ માટે એક યા બીજી પ્રક્રિયા શરૂ કરે તો તેમાં સામાન્ય રીતે બહુ શ્રમ કરવો પડે અને તેને શરૂઆતથી જ એક ઝડપી શાંતિ વચ્ચે ઊતરી

આવીને પોતાનો આવિર્ભાવ કરે અને શરૂઆતમાં જે સાધનોનો ઉપયોગ કર્યો હોય તેના કરતાં ઘણા વધારે પ્રમાણમાં અસર કરે. કોઈ પદ્ધતિથી વ્યકિત શરૂઆત કરે પરંતુ તે કાર્ય ઊર્ધ્વમાંથી દિવ્યકૃપા પોતાના હાથમાં લઈ લે તે બ્રહ્મ જેના માટે વ્યકિત અભીપ્સા રાખે છે અથવા તો આત્માની અનંતતાનો ઉદ્રેક હોય છે. હું પોતે આ છેવટના માર્ગે મનની નિરપેક્ષ શાંતિમાં પહોંચ્યો હતો અને મને તેની વાસ્તવિક અનુભૂતિ થઈ તે પહેલાં, મારે માટે આ વસ્તુ કલ્પના બહારની હતી.

*

એક બીજો મુદ્દો પણ અગત્યનો છે – આ ઉજ્જ્વલતાનો, સ્વચ્છતાનો અને શાંતિનો બરાબર પ્રકાર – તે શેનું બનેલું છે, એ ફકત એક માનસશાસ્ત્રીય હકીકત છે કે બીજું કાંઈ વધારે છે. પ્રોફેસર સોરલી કહે છે કે આ બધા શબ્દો છેવટે રૂપકો છે અને તેમને વ્યકત કરવાની તેને ઇચ્છા છે અને એક વધારે ભાવવાચક ભાષામાં એ વસ્તુને પ્રગટ કરવાનું સફળ થાય છે, પરંતુ જ્યારે મેં શબ્દો લખ્યા ત્યારે હું રૂપકોના ઉપયોગ વિશે સચેતન નહોતો. જો કે હું સચેતન છું કે આ શબ્દો બીજાઓને માટે સપાટીના લાગે. હું એમ પણ વિચારું છું કે જે લોકોને તે અનુભૂતિનો અર્ધ ભાગ પણ થયો હશે તેમને તે સ્પષ્ટ થશે એટલું જ નહિ પરંતુ તે પોતાની આંતર અવસ્થાનું સ્પષ્ટ ચોક્કસ વર્ણન લાગશે, નહિ કે વસ્તુ સમજાવવા માટેના કેવળ ભાવવાચક ભાવને. એ સાચું છે કે ગુહ્યવાદી પોતાની અનુભૂતિઓને વ્યકત કરવા માટે રૂપકો, પ્રતીકો અને પ્રતિમાઓની સતત સહાય ઉપયોગમાં લે છે; તે વસ્તુ અનિવાર્ય છે, કારણ કે તે અનુભૂતિને તેણે એવી ભાષામાં વ્યકત કરવી પડે છે જે મન દ્વારા વ્યકત કરવાની હોય છે અથવા તેના વડે વિકસિત કરેલી હોય અથવા તેનાથી ઉપજાવી હોય, કારણ કે તે ઘટના મનોમય ચેતના કરતાં કોઈ બીજી જ ચેતનાની ઘટના હોય છે. અને સાથે સાથે તે ઘણી જટિલ અને સૂક્ષ્મ રીતે સઘન હોય છે. આ સૂક્ષ્મ સઘન વસ્તુ પણ ઇન્દ્રિયગમ્ય રીતે ઇન્દ્રિયગમ્ય વાસ્તવિકતા હોય છે અને તે એવી ચેતનાની ઘટના હોય છે જેના પ્રત્યે ગુહ્યવાદી પહોંચે છે અને તે વસ્તુ રૂપક અને પ્રતીકનો ઉપયોગ વાજબી ઠેરવે છે. તે વસ્તુ બૌદ્ધિક ચિંતનની ખાસિયત મુજબની પ્રક્રિયા માટે જે ભાવવાચક ભાષાનો ઉપયોગ કરે છે તેના કરતાં વધુ જીવંત અને સાચું અનુલેખન છે. જે પ્રતીકોનો જે ઉપયોગ થાય છે તેઓ ગેરમાર્ગે દોરનારાં હોય અથવા તેમનું વર્ણન બરાબર ચોક્કસ ન હોય તો તેનું કારણ લેખકની અનુભૂતિની, તેમની અભિવ્યકિતની શકિત, તેની તીવ્રતાના પ્રમાણમાં અપૂરતી હોય છે. વિજ્ઞાની પ્રકાશનાં મોજાંઓ અથવા અવાજનાં આંદોલનો વિશે વાત કરે તો એવા રૂપકનો ઉપયોગ કરે જે ભૌતિક હકીકતને અનુરૂપ હોય,

સંપૂર્ણ અને બંધબેસતાં હોય. કોઈ આંદોલન ન હોય, એક સતત વહેતા પ્રકાશ અથવા અવાજના તથા પાણીની ગતિશીલ ગતિનો, એવી કોઈ વસ્તુ માટે કારણ નથી પરંતુ જ્યારે હું મનની ઉજ્જ્વલતાની, સ્વચ્છતાની અને શાંતિની વાત કરું છું ત્યારે મારી મદદે રૂપકને બોલાવવાનો મને કોઈ વિચાર આવતો નથી. તેના માટે જે વર્ણન કરવાનું હોય તે એટલું ચોક્કસ અને નિશ્ચયાત્મક હોવું જોઈએ જાણે કે હું હવાની વિશાળતા અથવા પાણીના સમુદાયનું વર્ણન કરતો હોઉં કારણ કે ગુહ્ય-વાદીની મનોમય અનુભૂતિ – જ્યારે તે આવે છે ત્યારે કોઈ અમૂર્ત સ્થિતિ અથવા પતનતી પરિસ્થિતિ અથવા ચેતનાનું કોઈ અપ્રાપ્ય તત્ત્વ હોતું નથી, તે એક વિસ્તાર પામતા સૂક્ષ્મ પદાર્થની અનુભૂતિ હોય છે. જેમાં મોજાંઓ, પ્રવાહો અને આંદો-લનો હોઈ શકે અથવા હોય છે. તે ભૌતિક વસ્તુઓ હોતી નથી પરંતુ તેમ છતાં તે નિશ્ચયાત્મક દર્શનીય અને આંતર ઇન્દ્રિયથી નિયંત્રિત એટલા પ્રમાણ-માં હોય છે જેટલી ભૌતિક શકિતની ગતિ અથવા શારીરિક ઇન્દ્રિયો દ્વારા પદાર્થ ગ્રહણ કરી શકાય. મનની સ્થિરતા એટલે બધા યાંત્રિક વિચારો, વિચારની રચનાઓ, વિચારના પ્રવાહો જે મનના પદાર્થને ઉશ્કેરે છે તે બધા માટેનો આરામ, અને ઘણા માટે તો તે પૂરતા પ્રમાણમાં મનોમય શાંતિ છે. પરંતુ આ વિચારની ગતિઓ અથવા લાગણીની ગતિઓના આરામમાં પણ જો માણસ વધારે ઝીણવટથી તપાસે તો તે જોઈ શકે કે મનોમય પદાર્થ બહુ સૂક્ષ્મ આંદોલનોની સ્થિર સ્થિતિ છે અને તે સહેલાઈથી જાણમાં આવતું નથી. પરંતુ પછીથી બિલકુલ સ્પષ્ટ થાય છે – અને તે સતત ચાલતા આંદોલનની સ્થિતિ અવતરણ કરતા સત્યના સ્પષ્ટ પ્રતિબિંબ અથવા ગ્રહણશીલતા માટે એટલી જ નુકસાનકારક છે જેટલી વિચારની ગતિની રચના હોય - કારણ કે તે એક એવા પ્રકારનું માનસીકરણ છે જે ઊર્ધ્વતર સત્યની વાસ્તવિકતાને ઝાંખું પાડે છે. અથવા વિકૃત કરે છે, અથવા મનોમય પ્રતિબિંબોના ટુકડા કરી નાખે છે, જ્યારે હું પ્રશાંત મતની વાત કરું છું ત્યારે હું એવા મનની વાત કરું છું જેમાં આવી બધી દખલો ન હોય. જેમ જેમ તે સ્થિર થતું જાય છે તેમ તેમ પ્રશાંતિ ખૂબ ગાઢ રીતે વૃદ્ધિ પામતી જાય છે અને તેના પરિણામે એવી ઇન્દ્રિય-ગમ્ય વિશુદ્ધિ થાય છે, જેવી સ્થૂલ વાતાવરણની શાંતિ અને વિશુદ્ધિને વ્યકિત જોઈ શકે. હું જેને પ્રકાશિતતા કહું છું – તે એક જુદી વસ્તુ છે – તે પ્રકાશની ઘટનામાં પરિણમે છે અને ગુહ્યવાદની અનુભૂતિમાં સામાન્ય હોય છે. તે પ્રકાર કોઈ રૂપક નથી. જેવી રીતે 'ગેટે'એ તેની છેલ્લી ક્ષણોમાં વધારે પ્રકાશની માગણી કરી હતી – તે પોતાની જાતને એક સ્પષ્ટ પ્રકાશ તરીકે રજૂ કરે છે અને તે આંતર ઇન્દ્રિય દ્વારા ખરેખર દેખાય છે અને અનુભવાય છે. પ્રશાંત અને સ્વસ્થ મનની ઉજ્જ્વલતા

એ આ પ્રકાશનું સંશયાતીત પ્રતિબિંબ હોય છે અને પ્રકાશ આવિર્ભાવ પામે તે પહેલાં અનુભવાય છે – અને પ્રકાશનું આ પ્રતિબિંબ એક જરૂરી શરત છે જેથી કરીને વ્યક્તિને જે સત્ય ગ્રહણ કરીને ધારણ કરવાનું છે તે તેમાં પ્રવેશ કરીને તેના માટે વિકાસશીલ શક્તિ તૈયાર કરવાની છે. વિષયના આ ભાગમાં મેં જરા લંબાણપૂર્વક ભાર મૂકયો છે કારણ કે તે અતિભૌતિક વસ્તુઓનું સઘન ગુહ્ય રીતનું દર્શન અને અમૂર્ત મનોમય દર્શન વચ્ચેનો ભેદ બતાવી આપે. આ વસ્તુ આધ્યાત્મિક સાધક અને બુદ્ધિવાદી ચિંતક વચ્ચે ઘણી ગેરસમજૂતી ઉત્પન્ન કરવાનું મૂળ બને છે. તેઓ એક જ પ્રકારની ભાષા વાપરે છતાં તેમના દર્શનોના પ્રકાર જુદી જ જાતના હોય છે. તે બન્ને ચેતનાની જુદી જ કક્ષાઓ હોય છે અને તેઓ સહમત થાય છતાં તેમાં ઘણી વખત અમુક ભેદની ખાઈ રહેલી હોય છે.

*

તે વસ્તુ આપણને સીધા જ પ્રોફેસર સોરલીએ ઉઠાવેલા પ્રશ્નમાં મૂકી દે છે. મૂલ્ય અથવા આધ્યાત્મિક અનુભૂતિનો કેવો સંબંધ છે અને ધારી લઈએ તે પ્રમાણે શું એ સાચું છે કે ગુહ્યવાદીએ તેની અનુભૂતિની સચ્ચાઈ ખાતર અથવા તેની અભિવ્યક્તિની સચ્ચાઈ ખાતર બુદ્ધિને ન્યાયાધીશ તરીકે સ્વીકારવી જ જોઈએ? એટલું બહુ સરળ છે કે અનુભૂતિમાં પોતાનામાં બુદ્ધિ પોતાની મર્યાદાઓ અથવા નિયમ લાદવાનો હક કરી શકે નહિ, કારણ કે આ પ્રયત્નનું લક્ષ્ય તત્ત્વ અને વસ્તુ જ સામાન્ય પૃથ્વીથી સ્થાપિત અને ઈન્દ્રિય શાસિત મનોમય બુદ્ધિની પારના પ્રદેશમાં જવાનું છે. તે એવું છે જાણે કે મને મારા પગે દોરડું બાંધીને પાર્થિવ ભૂમિકા ઉપર બાંધીને એમ કહેવામાં આવે કે પર્વતના ઉપર ચડી જા અથવાં ઊંચે ઊડ અને એ શરતે કે હું તે કાર્ય કરું ત્યારે મારે મારા પગ પૃથ્વી ઉપર જ ટેકવી રાખવા. પાંખો ઉપર ઊડવા કરતાં પૃથ્વી ઉપર ચાલવું અને મક્કમ ધરતી ઉપર રહેવું એ સૌથી શ્રેષ્ઠ વસ્તુ છે. નહિ તો પછી નીચે તૂટી પડવાનું સાહસ અને બધી ભૂલો, ભ્રમ, અતિશયોક્તિ અને કલ્પનાના પ્રકાશનાં જોખમો લેવાં અથવા બીજું શું શું ન થાય? પૃથ્વી ઉપર ચાલતી બુદ્ધિના ગુહ્યવાદી ઉપરના આ બધા આરોપો છે; પરંતુ જો મારે તે કોઈ પણ રીતે કરવું હોય તો મારે તે જોખમ ઉઠાવવું જોઈએ, તર્કવાદી બુદ્ધિ માનવીની સામાન્ય અનુભૂતિને પાયારૂપ રાખે છે અને વસ્તુઓ વિશે સપાટી ઉપરના કાર્યની બાહ્ય દૃષ્ટિ અને ખ્યાલ રાખે છે અને તે આરામમાં ત્યારે જ રહે છે જ્યારે પાર્થિવ અનુભૂતિ અને તેણે એકઠો કરેલો મસાલો જે મનોમય પાયો રચે છે તેમાં પાયો રચે છે તેમાં કાર્ય કરતી હોય. ગુહ્યવાદી એક એવા પ્રદેશમાં પહોંચે છે જ્યાં આ મનોમય પાયો તૂટી પડે છે, જ્યાં આ વસ્તુ બધી સ્થાપિત ધોરણોથી

પર જાય છે, જ્યાં દર્શન અને જ્ઞાનનો બીજો જ નિયમ અને સિદ્ધાંત હોય છે. તેનો એકમાત્ર કાર્યવ્યાપાર આ બધી મર્યાદાઓને તોડીને તેમાંથી એક નવીન ચેતનામાં પહોંચવાનું હોય છે જે વસ્તુઓને જુદી જ દષ્ટિબિંદુથી જુએ છે અને આ નવીન ચેતના જો કે સામાન્ય બાહ્ય બુદ્ધિના સ્વીકૃત મુદ્દાઓનો સમાવેશ કરે છે છતાં તે તેમનાથી મર્યાદિત થતી નથી અથવા તે બૌદ્ધિક દષ્ટિબિંદુથી તેને જોવા માટે બંધાયેલી નથી અથવા તેના ખ્યાલની રીત પ્રમાણે અથવા તર્ક પ્રમાણે કે અનુભૂતિની સ્થાપિત થયેલી રજૂઆતથી બંધાયેલી હોતી નથી. જે કોઈ ગુહ્યવાદી ગુહ્યપ્રદેશમાં અથવા આત્માના પ્રદેશમાં બુદ્ધિને પોતાના પરમ પ્રકાશ તરીકે અથવા માર્ગદર્શક તરીકે પ્રવેશ કરે છે તેની કોઈ પણ વસ્તુનું દર્શન ન થાય એવું જોખમ લે છે અથવા તે એવા મનોમય સાક્ષાત્કાર પ્રત્યે પહોંચે જેના માટે બુદ્ધિવાદી ચિંતકની કલ્પનાઓ તેના માટે પહેલેથી નક્કી કરી હોય તેમાં પહોંચે.

અલબત્ત, ભારતમાં આધ્યાત્મિક વિચારનો એક પ્રવાહ આધુનિક બુદ્ધિવાદીની માગણી સાથે સહમત થાય છે અને બુદ્ધિને એક પરમ ન્યાયાધીશ તરીકે સ્વીકારે છે. પરંતુ તે એવી બુદ્ધિની વાત કરે છે જે આધ્યાત્મિક અનુભૂતિની પ્રત્યક્ષ હકીકતને તેઓ જોઈ શકે એટલા પ્રમાણમાં જ માન્ય કરવા તથા સ્વીકારવા તૈયાર હોય છે. તે વસ્તુ ભારતના તત્ત્વજ્ઞાનીઓએ કાયમ એક અર્થમાં કરેલી જ છે; કારણ કે તેઓએ એવા સામાન્યીકરણો સ્થાપિત કરેલા જેમનું તેમના દર્શનના પ્રકાશ દ્વારા જ આધ્યાત્મિક અનુભૂતિઓનું બુદ્ધિગમ્ય તારણ કરેલું હોય છે પરંતુ તે અનુભૂતિના પાયા ઉપર અને આધ્યાત્મિક સાધકોની સાબિતી સાથે એવી ઉચ્ચ પ્રકારની સાબિતી આપેલી છે જે બૌદ્ધિક ચિંતન અથવા અનુભૂતિથી ઉચ્ચતર કક્ષાની હોય છે. આ રીતે આધ્યાત્મિક અને ગુહ્ય અનુભૂતિની સ્વતંત્રતા ટકાવી રાખવામાં આવી છે, અનુભૂતિમાંથી જે સામાન્ય નિયમો તારવેલા હોય છે તેમાં તાર્કિક બુદ્ધિ ન્યાયાધીશ તરીકે બીજી હરોળમાં આવે છે. આ વસ્તુ હું ધારું છું કે પ્રોફેસર સોરલીની નજીક આવે છે – તે એમ માને છે કે અનુભૂતિ પોતે એક અનિવર્ચનીયતાના પ્રદેશની છે, પરંતુ જે ક્ષણે હું તેની રજૂઆત કરું, તે વિશે કાંઈક કહું કે તરત હું પાછો વિચાર કરતા મનમાં પહોંચી જાઉં છું, હું તેની ભાષા અને વિચારની રીતો તથા અભિવ્યક્તિ અપનાવું છું અને તેથી મારે બુદ્ધિને ન્યાયાધીશ તરીકે સ્વીકારવાની ફરજ પડે છે. જો હું તે પ્રમાણે ન કરું તો જે નિસરણી ઉપર હું ચડ્યો તેને હું નીચે પાડી દઉં છું – મન મારફતે મનથી પર – અને હું હવામાં લટકી પડું. એ સ્પષ્ટ નથી કે મારી પોતાથી અનુભૂતિનું સત્ય આ આધાર વગરની સ્થિતિમાં સાચું ઠરે કે કેમ, પરંતુ તે કોઈ પણ રીતે વિચાર અથવા જીવન માટેનાં પરિણામોમાં,

ટેકા વગરનું અલગ અને અવ્યવહાર્ય બની જાય એવું ન બની જવું જોઈએ. ત્રણ ધારણાઓ એવી છે જેમને હું સ્થાપિત તરીકે લઈ શકું અથવા અહીં માન્ય રાખી શકાય અને તે ત્રણેને એકઠી કરી શકાય. પ્રથમ તો આધ્યાત્મિક અનુભૂતિ પોતે જ મનથી પરની વસ્તુ છે, અનિર્વચનીય છે અને હું ધારું છું કે અવિચારણીય છે. બીજી વસ્તુ તેની અભિવ્યક્તિ છે, અનુભૂતિની રજૂઆત અથવા અર્થઘટન. તેમાં તમે છોડી દીધેલી ચેતનાના પ્રદેશમાં તમે પાછા આવી પડો છો અને તેના નિર્ણયોને તમારે માન્ય કરવા પડે, તેની પરિભાષા અને સ્થાપિત ધોરણોને સ્વીકારવાં પડે અને તે જે નિર્ણય આપે તે સ્વીકારવો પડે. તમે અનિર્વચનીયની મુક્તિનો ત્યાગ કરો છો અને તમારા પોતાનું પ્રભુત્વ રહેતું નથી. છેવટે, આધ્યાત્મિક સત્ય પોતે સાચું હોય, પોતાની સ્વ-અનુભૂતિમાં, પરંતુ તમે તેને વિશે જે વિધાન કરો તે ભૂલને પાત્ર હોય અથવા અહીં કેવળ બુદ્ધિ જ તમારો એકમાત્ર ન્યાયાધીશ હોય.

આ બધાં વિધાનો જે રીતે છે તે રીતે સ્વીકારવા માટે હું તૈયાર નથી એવું મને લાગે છે. એ સાચું છે કે આધ્યાત્મિક અને ગુહ્ય અનુભૂતિ વ્યક્તિને પ્રથમ એક અન્ય પ્રકારના મનમાં (અન્ય પ્રકારના જીવનમાં) દોરી જાય છે અને ત્યાર પછી મનથી પર; એ સાચું છે કે અંતિમ સત્યને અચિંત્ય, અવ્યાખ્યેય અને અજ્ઞેય તરીકે વર્ણવવામાં આવેલું છે – વાણી ત્યાં પહોંચી શકતી નથી તેમ જ મન પણ ત્યાં પહોંચી શકતું નથી; હું એમ જોઈ શકું છું કે આ વસ્તુ માનવમન માટે તે પ્રમાણે છે પણ તેના પોતાના સ્વત્વ માટે નહિ – કારણ કે તેના પ્રત્યે તેનું વર્ણન સચિત્, કાંઈ અતિમાનસ રીતે જ્ઞેય, જ્ઞાન, અને શાશ્વત રીતે આત્મ-સભાન હોય છે. અને ઘણા માણસોના અભિપ્રાય પ્રમાણે આ અંતિમ અવ્યાખ્યેય-ના અંતિમ સાક્ષાત્કારની વાત નથી. તે જેને એક પરમ સમાધિમાં જ પહોંચી શકાય છે. તેમાં મનોમય અથવા બીજી કોઈ પણ સભાનતામાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવાની હોય છે. પરંતુ તેનો મનની પ્રકાશિત શાંતિમાં અનુભવ થાય છે. મન એક અમર્યાદા શાંતિની વિશાળતામાં જુએ છે અને તેમાં જઈને મન અદશ્ય થાય છે, પરંતુ તેની તે અંતિમ તત્ત્વની અનિવર્ચનીય અનુભૂતિ પહેલાં અથવા તેમાં નિમગ્ન થાય તે પહેલાં, કોઈ શક્તિ અથવા પરમ વાસ્તવિકતાની હાજરીનું મનના પદાર્થની અંદર અવતરણ થવું શક્ય છે અને તે મનના પદાર્થમાં કોઈ ફેરફાર કરે છે, તેને પ્રકાશિત કરે છે. આ અનુભૂતિની કોઈક પ્રકારની અભિવ્યક્તિ થઈ શકે અથવા વિચારમાં અભિવ્યક્તિ કરવી શક્ય બનવી જોઈએ. અથવા આપણે એમ પણ ધારીએ કે આ અવ્યાખ્યેય અને અજ્ઞેયનાં ઘણાં પાસાંઓ હોઈ શકે, અને તે પાસાં-

ઓ બિલકુલ અચિંતનીય અને એવાં અવ્યાખ્યેય ન હોય જેમનું બિલકુલ ચિંતન ન કરી શકાય અથવા વ્યકત ન કરી શકાય.

જો તે પ્રમાણે ન હોત તો, આધ્યાત્મિક સત્ય અને અનુભૂતિનું વર્ણન અશકય બની ગયું હોત. વધારેમાં વધારે વ્યકિત તેના વિશે કલ્પના કરી શકે, પરંતુ તે પ્રવૃત્તિ હવામાંની વસ્તુ બની જાય, કોઈ શૂન્યમાં રહેલી વસ્તુ અને તેને માટે કોઈ પણ સ્થાપિત ધોરણ અથવા સ્વીકૃત મુદ્દાઓ હોઈ શકત તથા પરમાત્મા અને અંતિમ તત્ત્વ કયું છે તે વિશેનું કેવળ શકય વિચારોનો કાર્યક્ષમ વ્યવહાર અશકય બની જાય. તે ઉપરાંત એક અકલિત રીતે એક ચેતનામાંથી બીજી અવર્ણનીય પરા-ચેતનામાં એક યા બીજી રસ્તે પરિવર્તન હોઈ શકે. યુરોપમાં તેમ જ ભારતમાં ઘણું ગુહ્યજ્ઞાન આ રીતે જ ખરેખર પહોંચેલું. ક્રિશ્ચિયન ગુહ્યવાદીઓએ એક સમગ્ર અંધકારનું વર્ણન કર્યું છે, એક એવા પૂર્ણ અંધકાર જેને મનોમય પ્રકાશો સ્પર્શી શકતા નથી, જેમાંથી વ્યકિતએ આરપાર નીકળીને તે પ્રકાશિત અવર્ણનીય તત્ત્વમાં પહોંચવાનું છે. ભારતના સન્યાસીઓએ મનનો બિલકુલ ઉચ્છેદ કરવાની શોધ કરી અને વિચાર-મુકત સમાધિમાં પહોંચવાની શોધ કરી છે અને તેમાંની જો કોઈ વ્યકિત પાછી ફરે તો ત્યાં કઈ વસ્તુ હતી તેના વિશેનો કોઈ વ્યવહાર અથવા અભિવ્યકિત અહીં પાછી લાવી શકાય નહિ સિવાય કે એક અવ્યકત અસ્તિત્વ અને પરમાનંદ વિશેની સ્મૃતિ. પરંતુ તેમ છતાં તે પહેલાં પણ પરમ રહસ્યની થઈ ગયેલી અનુભૂતિઓ હતી, પરમોચ્ચના અથવા મુખ્ય વૈશ્વિક અસ્તિત્વ રચનાઓ વિશેની અનુભૂતિઓ જેમને આધ્યાત્મિક સત્ય તરીકે માન્ય રાખવામાં આવેલા અને તેના પાયા ઉપર ઋષિ મુનિઓ અને ગુહ્ય વિશારદોએ તેમની પોતાની અનુભૂતિ વિશે રચના કરવામાં ખચકાટ અનુભવ્યો નથી અને તે ચિંતકોએ અસંખ્ય દર્શનશાસ્ત્રો તેના ઉપર બાંધ્યાં અને તેના ઉપર ધર્મનાં પુસ્તકો લખ્યાં. પ્રશ્ન એક જ રહે છે કે કઈ વસ્તુ આ વ્યવહાર અને અભિવ્યકિતનું સર્જન કરે છે, ચેતનાની એક જુદી જ વ્યવસ્થાની હકીકતોનું પ્રસરણ મનને પહોંચાડે છે અને તે અભિવ્યકિતની અથવા મૂળભૂત અનુભૂતિની સચ્ચાઈ કોણ નક્કી કરે છે ? જો કોઈ સાચી હકીકત પ્રાપ્ત કરવી શકય ન હોય તો પછી બુદ્ધિના નિર્ણયનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી – ફકત નીચે બેસીને કેવળ એક ઢંગ વગરના વિરોધાભાસમાં અવર્ણનીયની વાત કરવી, અચિંત્યનું ચિંતન કરવું, અવ્યવહાર્યને અને અજ્ઞેયને જ્ઞાનમાં ઉતારવું.

*

મેં લીઓનાર્ડ વુલ્ફનો લેખ વાંચ્યો છે પરંતુ પ્રોફેસર સોરલીના પત્ર ઉપરના મારા વિવરણમાં તે વિશે ચર્ચા કરવાની ઇચ્છા રાખતો નથી – કારણ કે અજ્ઞાનપૂર્ણ રીતે બીજાને નીચે ઉતારી પાડવાની અને સસ્તા કટાક્ષવાળી વાતોનું તેમાં જે વર્ણન છે તેમાં આ પ્રસંગનાં તેનાં વિધાનો અને આધ્યાત્મિક વિચાર અથવા અનુભૂતિ વિરુદ્ધ જે વાતો કરી તેમાં કાંઈ તથ્ય નથી; તેમાં ઉપરછલ્લો તર્ક છે અને ગુહ્યવાદ માટેની બિલકુલ ગેરસમજમાંથી તે ઉત્પન્ન થયેલ છે. તેની વિરુદ્ધની તેની મુખ્ય ચાર દલીલો છે અને તેમાંની કોઈની કોઈ પણ કિંમત નથી.

**પહેલા નંબરની દલીલ :** જ્યારે પતનનો સમય આવેલો છે ત્યારે જ ગુહ્યવાદ અને ગુહ્યવાદીઓ ઉત્પન્ન થયા છે. જીવન-શક્તિમાં ઓટ આવેલી હોય અને તેમના બૂમબરાડા ચાલુ થાય ત્યારે એ પતનનું લક્ષણ છે. આ દલીલ બિલકુલ ખોટી છે. પૂર્વમાં જ્યારે લોકોના જીવનમાં અને સંસ્કૃતિમાં અથવા ભરતીમાં ભરપૂર પૂર આવેલું ત્યારે મહાન આધ્યાત્મિક ગતિઓ ઉત્પન્ન થઈ છે અને તેમણે અભિવ્યક્તિનો એક શક્તિશાળી વેગ તથા વિચારોની સમૃદ્ધિ અને કલા તથા જીવનને તેમણે જ ગતિ આપેલી છે; ગ્રીસમાં, ગુહ્યવાદીઓ અને રહસ્યપૂર્ણ વસ્તુઓ પૂર્વ-ઐતહાસિક કાળની શરૂઆતમાં હતાં અને મધ્યકાળમાં પણ હતાં ( પાયથેગોરાસ એક મહાન રહસ્યવાદીઓમાંનો એક છે ) અને તે કેવળ જીવનના પતનકાળમાં કે ઓટમાં જ થયા નથી; જ્યારે રોમની સંસ્કૃતિ તેના ઉચ્ચ શિખર પર હતી, ત્યારે ગુહ્યવાદી શાખાઓ વિકસી હતી; ઈટલી, ફ્રાંસ અને સ્પેનની ઘણી મહાન આધ્યાત્મિક વ્યક્તિઓ એવા સમયે ઉત્પન્ન થઈ જ્યારે સમૃદ્ધિ, સ્પષ્ટ રીતે જ પડતીથી બિલકુલ સ્પર્શાયેલી પણ નહોતી. આ ઉતાવળિયું અને મૂર્ખાઈ ભર્યું સર્વસામાન્ય વિધાન કરેલું છે તેમાં કોઈ પણ જાતનું સત્ય નથી, અને તેથી તેની કોઈ પણ કિંમત નથી.

**બીજા નંબરની દલીલ :** આધ્યાત્મિક અનુભવને સત્ય તરીકે સ્વીકારી શકાય નહિ ( એ એક ભ્રમ છે ) સિવાય કે પાસેના રહેલા ઓરડામાંની ખુરશીને આંખે બતાવવાથી જે રીતે તે ખુરશીનું અસ્તિત્વ સાબિત કરી શકાય તે રીતનું હોય. અલબત્ત, આધ્યાત્મિક અનુભૂતિને તે રીતે સાબિત ન કરી શકાય કારણ કે તે સ્થૂલ હકીકતોની જાતની હોતી નથી અને તે શારીરિક રીતે જોઈ શકાતી નથી અથવા તો તેનો તે રીતનો સ્પર્શ અનુભવાતો નથી. લેખકે જે વિધાન કરેલું છે તેનો અર્થ તો એટલો જ થાય છે કે જે વસ્તુ દરેકને નિયમનની જરૂર વગર પણ વિકાસ વગર પણ અથવા, અંગત શોધ વગર પણ સહેલાઈથી સ્પષ્ટ થઈ જાય તેને જ સાચી માનવી જોઈએ. આ એવી સ્થિતિ છે જેને સ્વીકારવામાં આવે તો જ્ઞાન અથવા

સત્યને ખૂબ સાંકડી મર્યાદાઓમાં બાંધી દેવામાં આવે અને મહાન માનવ-સંસ્કૃતિનો ઉચ્છેદ ઉડાવી દે. એક આધ્યાત્મિક શાંતિ – એવી શાંતિ જે બધી સમજથી પર રહેલી છે – સમગ્ર જગતમાં રહેલા બધા ગુહ્યવાદીઓનો સામાન્ય અનુભવ છે, તે એક વાસ્તવિક હકીકત છે, પરંતુ તે આધ્યાત્મિક હકીકત છે, અદશ્યની હકીકત, અને વ્યક્તિ જ્યારે તેમાં પ્રવેશ કરે છે અથવા તો તે શાંતિ વ્યક્તિમાં પ્રવેશ કરે છે ત્યારે તે વ્યક્તિ જાણે છે કે તે તેના અસ્તિત્વનું સત્ય છે અને તે જ વસ્તુ જીવનની તેમ જ દશ્યમાન બધી વસ્તુઓની પાછળ કાયમ રહેલી છે. પરંતુ હું આ અદશ્યમાન સાચી હકીકતોને લીઓનાર્ડ વુલ્ફની પાસે કઈ રીતે સાબિત કરી શકું ? તે ઊંધો ફરી જઈને એમ કહેશે, કે આ નિશાની તો પતનનો કાયમનો બડબડાટ છે અને તે તેને પોતાને અંગત જ્ઞાન ન હોય એવા જ્ઞાન અને અનુભૂતિ વિશે બીજો છીછરો લેખ હોશિયારીથી લખવા માટે – મારી પાસેથી ઘૃણાથી ચાલ્યો જશે.

**ત્રીજા નંબરની દલીલ :** આધ્યાત્મિક અનુભૂતિના પાયા ઉપર રચાયેલા સામાન્ય સિદ્ધાંતો બુદ્ધિવિહીન છે અને સાબિત થયા વગરના છે. કઈ રીતે બુદ્ધિવિહીન ? શું તે બધા જ મૂર્ખાઈભર્યા અને અચિંત્ય છે કે પછી તેઓ બુદ્ધિથી પર રહેલી અનુભૂતિઓ વિશેના છે જ્યાં સામાન્ય બૌદ્ધિક પ્રમાણો લાગુ પડતાં નથી ? કારણ કે જે રીતે બાહ્ય મન અને ઇન્દ્રિયોને દેખાય તેવી રચનાવાળા નથી ? અને આંતર સાક્ષાત્કાર જે આ બધી ઘટનાઓથી ચડિયાતી હોય તેવી આ ઘટનાઓ છે ? ગુહ્યવાદીઓની એવી માન્યતા છે અને તે વસ્તુને ફક્ત એટલું કહીને રદીઓ ન આપી શકાય કે આ બધી સર્વસામાન્ય વસ્તુઓ સામાન્ય અનુભૂતિની સાથે સુમેળમાં નથી માટે તે નિરર્થક અને ખોટી વસ્તુ છે. 'જોડ' અથવા રાધાકૃષ્ણએ જે કાંઈ લખેલું હોય તેની તરફેણ કરવાનું હું સ્વીકારું નહિ – દા.ત. એવા પ્રકારનું વિધાન કે "વિશ્વ સારું છે" પરંતુ હું લેખકે જે ઘણાં બધાં વિધાનો કરેલાં છે કે જે બધાં બુદ્ધિ વગરનાં છે તેમને હું મંજૂર કરી શકું નહિ. "સર્વાંગ સંપૂર્ણ વ્યક્તિતા" એ તેમના માટે અર્થ વગરનું હોઈ શકે, પરંતુ મારા માટે તો તેનો બહુ સ્પષ્ટ અર્થ છે. કારણ કે તે અનુભૂતિનું સત્ય છે – અને જો આધુનિક માનસશાસ્ત્રમાં વિશ્વાસ રાખવાનો હોય તો તે બુદ્ધિ વગરનું નથી, કારણ કે આપણા સ્વરૂપમાં કેવળ સચેતન ભાગ જ નથી પરંતુ અચેતન અથવા અવચેતન અથવા ગુપ્ત પૃષ્ઠસ્થ ચેતના પણ છે અને તે બન્ને વિશે સભાન બનવું અને કોઈક પ્રકારની પૂર્ણતા પ્રાપ્ત કરવી એ અશક્ય વસ્તુ નથી. તે બન્નેથી પર થઈ જવું એ પણ તર્કસંગત અર્થવાળું છે. જો આપણે એટલું કબૂલ કરીએ કે જે રીતે અવચેતન છે તે રીતે જે આપણા સ્વરૂપનો એક પરાચેતન ભાગ પણ છે; આપણે પ્રકૃતિના અથવા અનુભૂતિના

છૂટા પડી ગયેલા ભાગોમાં સંવાદ સ્થાપવો એ પણ નિરર્થક અથવા હાંસી ઉડાવવા લાયક શબ્દસમૂહ નથી. એમ કહેવું કે કર્મનો નિયમ નિર્માણ અને સ્વતંત્ર સંકલ્પ બન્નેનું સમાધાન કરે છે તો તે મૂર્ખાઈ નથી; કારણ કે તેમાં ધારી લેવાનું છે કે આપણા પોતાના ભૂતકાળનાં કર્મોને લઈને આપણો ભૂતકાળ નિર્મિત થયો અને તે આપણા વર્તમાનનાં પરિણામોને ઘણેખરે અંશે નિર્મિત કરશે, પરંતુ આપણી વર્તમાનની સંકલ્પશકિતને બાદ કરીને નહિ, કારણ કે તે તેમાં ફેરફાર કરે છે અને એક હજુ જે ભાવિમાં વસ્તુ બનવાની છે તેના માટેના આપણા અસ્તિત્વની નવીન નિયતિનું સર્જન કરે છે. જગતનું મૂલ્ય એ શબ્દસમૂહ બિલકુલ બુદ્ધિગમ્ય છે જો આપણે સમજીએ કે તે એક ક્રમિક મૂલ્ય વિશે કહેવાયું છે; તે આ ક્ષણના સારા કે ખરાબ અનુભવો દ્વારા વિકાસ પામે છે, તેને સમગ્ર રીતે જોવાનું છે. પ્રભુ વિશેના વિધાનનો કોઈ પણ અર્થ નથી. જો તેને આપણે એક પ્રખ્યાત થયેલા ધર્મમાં પ્રચલિત ઉપરછલ્લા પ્રભુના વિચારના–સંદર્ભમાં લઈએ તો; પરંતુ તે વિધાનોનાં પૂર્ણ તાર્કિક પરિણામ છે કે એક અનંત અને શાશ્વત તત્ત્વ પોતાની અંદર, સમય અને દશ્યમાન પરિસ્થિતિમાં સાંત રહેલી વસ્તુઓનો આવિર્ભાવ કરે છે. વ્યકિત પ્રભુ વિશેનો આ જટિલ વિચાર સ્વીકારી શકે અથવા તો ઇનકાર કરી શકે, જે વિચાર હજારો ઋષિ મુનિઓએ બધા જ સમય દરમ્યાન કરેલી ખૂબ લાંબી આધ્યાત્મિક સાધનાની સાથે સહમત છે, પરંતુ મને એ સમજાતું નથી કે શા માટે તે વસ્તુને અતાર્કિક ગણવી જોઈએ. જો તેનો અર્થ એવો હોય કે તે બન્ને રીતે જ નહિ પરંતુ દરેક રીતમાં પ્રાપ્ત થવો જોઈએ તો પણ મને સમજાતું નથી કે શા માટે તે સમજ બહારનું અને અમાન્ય થઈ શકે. છેવટે એક સમન્વયાત્મક અને વૈશ્વિક દષ્ટિબિંદુ હોઈ શકે પણ તે વસ્તુઓ વિશેની એવી ચેતના હોઈ શકે જે વિરોધો અને વિભકતતાથી નથી અથવા ફકત પૃથક્કરણાત્મક અને પસંદગી કરતી અથવા ટુકડા પાડતી બુદ્ધિથી બંધાયેલી નથી.

**ચોથા નંબરની દલીલ** : અંતઃપ્રેરણા માટેની દલીલ સમજાવી ન શકવા માટેની અશકિત અથવા બુદ્ધિ સાબિત ન કરી શકવા માટેનું આચ્છાદન છે. ‘જોડ’ અને ‘રામકૃષ્ણ’ની તર્કસરણી એવી છે. અને જ્યારે તેમની બુદ્ધિ નિષ્ફળ જાય છે ત્યારે તેઓ પ્રેરણાનું રક્ષણ લે છે. આ મુદ્દો આટલી બધી સહેલાઈથી અને સીધે-સીધો ટૂંકા માર્ગે નિકાલ કરી શકાય તેવો છે? હકીકતમાં ગુહ્યવાદી પોતાના આંતર જ્ઞાન ઉપર, આંતર અનુભૂતિ ઉપર આધાર રાખે છે; પરંતુ જો તે તત્ત્વજ્ઞાનની ચર્ચા કરે તો તેણે બુદ્ધિને સમજ પાડવી પડે, જો કે કેવળ ફકત તર્ક દ્વારા જ નહિ કે તેણે જે સત્ય જોયેલું છે તે કેવુ છે, તેને આટલું કહેવું જ પડે–“હું એવું

સત્ય સમજાવું છું કે બહિર્ઘટના અને બુદ્ધિ કરતાં ઉચ્ચતર રહેલું છે અને આ બાહ્ય ઘટના ઉપર બુદ્ધિ આધાર રાખે છે તેથી તેનાથી પર રહેલું છે. તે સત્ય એક પ્રકારની સીધી જ અનુભૂતિ ઉપર આધાર રાખે છે અને તે આંતર અનુભૂતિમાંથી ઉત્પન્ન થતી અંત:પ્રેરણાનું સત્ય છે; તે અંતઃજ્ઞાન જગતના બાહ્ય દશ્યમાન વ્યાપારને યોગ્ય એવા પ્રતીકો દ્વારા યોગ્ય રીતે સમજાવી શકાય નહિ, છતાં પણ તે પ્રતીકો દ્વારા મારાથી જેટલી સારી રીતે મને મદદ કરે એવા કોઈ વિધાન કરવાની મને ફરજ પડે છે જે તમને બૌદ્ધિક રીતે સ્વીકાર્ય હોય." એટલા માટે સજાગ રહીને જાણે કે રૂપકો અને પ્રતીકો સહિત વાપરવામાં કોઈ છેતરપિંડીવાળી દુષ્ટતા નથી. દા.ત. ફોકસની ઉપમા, જે દલીલ તરીકે વાપરવામાં આવી નથી પરંતુ સૂચન કરતી એક કલ્પના છે. હું પોતે જ વાંચતાં વાંચતાં નિરીક્ષણ કરું છું કે લેખક પોતે જ રૂપકોનો વારંવાર આશ્રય લે છે; શરૂઆત કરે છે 'બતકની બોલી' અને 'જોડ' બરાબર પ્રત્યુત્તર આપી શકે કે તે એટલા માટે કરે છે જેથી વિરુદ્ધ પક્ષને તે પાડી દે, જેથી કરીને જે તત્ત્વજ્ઞાનને તે ધિક્કારે છે અને નિષ્ફળ માને છે તેનો મજબૂત દાર્શનિક પ્રત્યુત્તર આપવાની જરૂરિયાતમાંથી તે બચી જાય. કોઈ પણ માન્યતાની તીવ્રતા એ સત્યનું માપ નથી, તેમ જ અવિશ્વાસની તીવ્રતા એ પણ સાચું માપ નથી.

અંત:પ્રેરણાનું સાચું લક્ષણ અને તેનો બૌદ્ધિક મનની સાથેનો સંબંધ એ બીજો જ અને ઘણો વિશાળ અને જટિલ પ્રશ્ન છે જેની મારે અત્યારે ચર્ચા કરવી નથી. હું ફક્ત એટલું જ દર્શાવવા માગું છું કે આ લખાણ બિલકુલ અપૂર્ણ અને સપાટી ઉપરનું વિવેચન છે. આધ્યાત્મિક અનુભૂતિ અને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન અને તેની પરિસ્થિતિઓની સામે પ્રશ્ન ઉઠાવી શકાય, પરંતુ તેના માટે ગંભીર ઉત્તર મેળવવા માટે કોઈ વધારે સારા વકીલ દ્વારા તે પ્રશ્ન મુકાવો જોઈએ અને તે વસ્તુએ પ્રશ્નના કેન્દ્રને સ્પર્શ કરવો જોઈએ જે અહીં રહેલી છે. જેવી રીતે હકીકતોનો એક પ્રકાર હોય છે જેના માટે તાત્કાલિક હાથ ઉપર આવતી આપણી ઇન્દ્રિયો છે પરંતુ તેઓ બહુ અપૂર્ણ માર્ગદર્શકો છે, જે રીતે એક પ્રકારનાં સત્યોને એક વિભાગ હોય છે જેને આપણે તીક્ષ્ણ પરંતુ અપૂર્ણ તર્કના પ્રકાશ દ્વારા શોધીએ છીએ, તે જ પ્રમાણે ગુહ્યવાદી માટે વધારે સૂક્ષ્મ પ્રકારનાં સત્યો હોય છે જે ઇન્દ્રિયો અને આપણા તર્ક બન્નેથી પર હોય છે. પરંતુ તેની ખાતરી એક આંતરિક સીધેસીધા જ્ઞાન દ્વારા અને સીધી અનુભૂતિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. આ સત્યો પરા-ઇન્દ્રિય સત્ય હોય છે. પરંતુ તેથી કરીને ઓછા સાચા હોતા નથી; તે બધી વસ્તુઓની ચેતના ઉપર અતિશય ઘેરી અસર પાડે છે અને તેના પદાર્થ અને ગતિમાં ફેરફાર કરી નાખે છે અને તેની સાથે ખાસ કરીને ઊંડી શાંતિ અને ટકી રહેતો આનંદ, દર્શન અને જ્ઞાનનો મહાન પ્રકાશ, નિમ્ન

પાશવી પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવાની શકયતા, આધ્યાત્મિક આત્મવિકાસના મહાન ક્ષેત્રો લઈ આવે છે એને આ સત્યો સિવાય આ બધી વસ્તુઓ હસ્તી ધરાવતી નથી. વસ્તુઓ ઉપરનું એક નવીન દષ્ટિબિંદુ ઉત્પન્ન થાય છે અને જો તેનું પૂર્ણ અનુસરણ કરીએ તો મહાન મુક્તિ, આંતર-સંવાદ, બધા ભાગોનું એકત્રીકરણ લાવે છે – અને ઉપરાંત ઘણી ઘણી શકયતાઓ આવે છે. એટલું સાચું છે કે આ વસ્તુઓની અનુભૂતિ માનવજાતિની ઘણી નાની લઘુમતિએ અનુભવી છે, પરંતુ તેમ છતાં તેમના માટે સ્વતંત્ર સાક્ષીઓનો એક સમુદાય બધા જ સમયે અને બધી જ પરિસ્થિતિમાં રહેલો છે. તેમાં ભૂતકાળમાં થયેલી મહાન બુદ્ધિશાળી વ્યક્તિઓ, જગતના કેટલાક મહાન અદ્ભુત માનવોનો પણ તેમાં સમાવેશ છે. આ બધી શકયતાઓને તાત્કાલિક એક ભ્રમ તરીકે કાઢી નાખવાની છે, અને તે ફક્ત એટલા જ કારણે કે રસ્તે ચાલતા સામાન્ય માનવીઓની સમજ બહાર તે વસ્તુ છે, એટલું જ નહિ પરંતુ ઘણા બુદ્ધિથી ખેડાયેલા માનવીઓથી પણ સહેલાઈથી પકડી શકાતી નથી, અથવા એટલા માટે કાઢી નાખવાની તેમની પદ્ધતિ સામાન્ય ઇન્દ્રિય અથવા તર્કથી સમજાય તેનાથી વધારે મુશ્કેલ છે ? જો તેમાં કાંઈ પણ સત્ય હોય તો તેઓ માટે આ વસ્તુ એક એવી શકયતા ઊભી કરતું નથી કે માનવ દ્વારા કરાતી આત્મશોધે જગતની શોધની ઉચ્ચતમ કક્ષા શોધવા માટે પ્રયત્ન કરવો જોઈએ ? તે શ્રેષ્ઠ રીતે બને તો, તે વસ્તુને સાચી ગણીને તે સરસ શોધ બની શકે – તેને નિમ્નતમ કક્ષામાં લઈએ તો એક ફક્ત શકયતા છે, જે રીતે માનવે, પ્રાપ્ત કરેલી બધી વસ્તુઓ તેમની પ્રથમની કક્ષામાં ફક્ત શકયતાઓ જ હતી; તે એક મહાન અને કદાચ બહુ ફળદાયક સાહસ પણ બની શકે એમ છે.

*

## ( ૨ )

જો કોઈ આધ્યાત્મિક દષ્ટિબિંદુથી બિલકુલ ઊલટું દષ્ટિબિંદુ રાખીને શરૂઆત કરે અને વિકટોરિયન અજ્ઞેયવાદીની માફક વસ્તુઓ પ્રત્યે જુએ તો તેને સમજાવવા માટે કાંઈ પણ કહી શકાય એમ હું માનતો નથી. તેના યોગની અનુભૂતિના મૂલ્ય વિશેની શંકાઓના મુદ્દાઓમાં આત્મલક્ષી અને શુદ્ધ વ્યક્તિગત રીતનાં મૂલ્યો સિવાય પણ તે એમ રજૂ કરે કે તે અનુભૂતિ વૈજ્ઞાનિક સત્યનું લક્ષ્ય રાખતી નથી અને એમ પણ કહી ન શકાય કે તે છેવટનું સત્ય પ્રાપ્ત છે, કારણ કે તે અનુભૂતિઓ

જોનારના વ્યક્તિત્વથી રંગાયેલી અનુભૂતિઓ હોય છે એમ તે કહેશે. તો આપણે એમ પણ પૂછી શકીએ કે વિજ્ઞાને શું અંતિમ સત્ય પ્રાપ્ત કરેલું છે? ઊલટું જેમ જેમ વિજ્ઞાન આગળ વૃદ્ધિ પામતું જાય છે તેમ તેમ સ્થૂલ ભૂમિકા ઉપરનું અંતિમ સત્ય પણ દૂર દૂર જતું જાય છે. વિજ્ઞાને એટલી ધારણા રાખીને શરૂઆત કરેલી છે કે અંતિમ સત્ય ભૌતિક તત્ત્વ અને વસ્તુગત હોવું જોઈએ – અને વસ્તુગત અંતિમ તત્ત્વ ( અથવા તેનાથી પણ ઓછી વસ્તુ ) બધી જ આત્માગત ઘટનાઓ વિશે સમજ આપશે. યોગ તેનાથી ઊલટી દિશામાં શરૂઆત કરે છે કે અંતિમ સત્ય આધ્યાત્મિક અને સ્વલક્ષી છે અને તે અંતિમ પ્રકાશની અંદર આપણે વસ્તુ-ગત ઘટનાઓને જોવી જોઈએ. તે બંને વિરુદ્ધ ધ્રુવો છે અને તે બે વચ્ચેની ખીણ ઘણી પહોળી છે.

તેમ છતાં યોગ આટલે સુધી તો વૈજ્ઞાનિક છે કે તે આત્મલક્ષી પ્રયોગથી શરૂ-આત કરે છે અને તેની બધી શોધોનો પાયો અનુભૂતિ ઉપર માંડે છે; મનોમય સહજ પ્રેરણાશક્તિ ફક્ત પ્રથમ પગથિયા તરીકે સ્વીકારે છે અને તેમને સાક્ષાત્કાર તરીકે ગણવામાં આવતી નથી – તે બધી અનુભૂતિ દ્વારા અને તેના અનુવાદમાં થઈને સાબિત થઈને સાચી ઠરવી જોઈએ. અનુભૂતિના પોતાના મૂલ્ય માટે, સ્થૂલ મન શંકા કરે છે કારણ કે તે આત્મલક્ષી છે નહિ કે પરલક્ષી. પરંતુ આ તફાવતનું મૂલ્ય વધારે છે? બધું જ જ્ઞાન અને અનુભૂતિ મૂળમાં આત્મલક્ષી નથી. વસ્તુરૂપી બાહ્ય સ્થૂલ વસ્તુઓ માનવીઓ એક સરખી રીતે જુએ છે કારણ કે તેમનું મન અને ઇન્દ્રિયોનું બંધારણ એક સરખું છે; જો મન અને ઇન્દ્રિયોની જુદા પ્રકારની રચના હોત તો સ્થૂલ જગતનો તેમનો હેવાલ જુદો જ હોત – વિજ્ઞાને પોતે જ આ વસ્તુ બહુ સ્પષ્ટ કરેલી છે. પરંતુ તમારા મિત્રનું દષ્ટિબિંદુ એ પ્રકારનું છે કે યોગની અનુભૂતિ વ્યક્તિગત છે, અને દ્રષ્ટાના વ્યક્તિત્વથી રંગાયેલી છે. અમુક પ્રદેશમાં થતી અનુભૂતિને કોઈ રૂપ અથવા નિરૂપણ આપવામાં આવ્યું હોય તો તે અમુક પ્રમાણમાં સાચું હોઈ શકે પરંતુ અહીં પણ જે તફાવત છે તે ઉપરછલ્લો છે. એ હકીકત છે કે યૌગિક અનુભૂતિ સર્વત્ર એક સરખી રીતે ગતિ કરતી હોય છે. ખરેખર તેમાં ઘણી દિશાઓમાં કાર્ય થાય છે. ફક્ત એક જ દિશામાં નહિ; એટલું સ્વીકારવું જ પડે કે આપણે અનેક બાજુઓવાળા અનંતની સાથે કામ લઈએ છીએ અને તેના અભિગમ માટે ઘણા રસ્તાઓ હોય છે; પરંતુ એમાંની વિશાળ રેખાઓ તો બધી જગા-એ સરખી જ હોય છે અને સહજ પ્રેરણાએ; અનુભૂતિઓ, ઘટનાઓ બધા યુગોમાં તથા દૂર દૂરના દેશોમાં એકબીજાથી સ્વતંત્ર રીતે કાર્ય કરતી સાધાનાઓમાં એક પ્રકારનાં

જ રહેલાં હોય છે યુરોપના મધ્યકાલીન ભક્ત કે, યોગીની અનુભૂતિઓ મધ્યકાલીન ભારતના ભક્ત અથવા યોગીની અનુભૂતિઓ જેવી જ હોય છે – ભલે પછી તેમનાં નામ, રૂપ, ધાર્મિક રંગો વગેરે જુદા જુદા હોય – પરંતુ તત્ત્વ તો ચોક્કસ એક પ્રકારનું જ હોય છે – છતાં આ બધા લોકો એકબીજાની સાથે પત્રવ્યવહાર કરતા નહોતા અને આજના ન્યૂયૉર્કથી માંડીને યોકોહામા સુધીના વિજ્ઞાનીઓ એકબીજાનાં પરિણામો વિશે જાણકાર હોય છે તે પ્રમાણે તેઓ જાણકાર નહોતા. આ વસ્તુ એટલું તો બતાવી શકશે કે કોઈક એવી વસ્તુ છે જે એક સરખી, વિશ્વરૂપ અને સાચી માની શકાય તેવી છે – ભલે પછી તેના મનોમય અનુવાદના તફાવતને કારણે રજૂઆત કરવાનો રંગ જુદો જુદો હોય.

હું માનું છું કે અંતિમ સત્ય માટે, બન્ને, વિકટોરિયન અજ્ઞેયવાદી અને હિંદનો વેદાન્તી પણ, આપણે કહી શકીએ કે સહમત થઈ શકે એમ છે કે, તે ઢંકાયેલું છે છતાં તે હાજર તો છે જ. બન્ને તે અજ્ઞેય છે એમ વાત કરે છે, ભેદ ફક્ત એટલો જ છે કે વેદાન્તી એમ કહે છે કે મન દ્વારા તે અજ્ઞેય છે અને વાણી દ્વારા અનિર્વચનીય છે, પરંતુ તેમ છતાં મનોમય દર્શન કરતાં વધારે ઊંડી અથવા વધુ ઊંચી એવી કોઈ વસ્તુ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે અને મન પણ તેનાથી બાહ્ય નથી જ. આંતર અનુભૂતિમાં તેનાં જે હજારો સ્વરૂપો છે તેનું પ્રતિબિંબ ઝીલી શકે છે અને વાણી તેને વ્યક્ત કરી શકે છે. હું માનું છું કે વિકટોરિયન અજ્ઞેયવાદી આ બીજા લક્ષણનો છેદ ઉડાવી દેશે. એ એમ જાહેર કરશે કે આ અજ્ઞેય તત્ત્વનું અસ્તિત્વ શંકાસ્પદ છે અને જો તે અસ્તિત્વમાં હોય તો પણ આ અજ્ઞેયની સંપૂર્ણ અજ્ઞેયતા માટે જ તે અસ્તિત્વ ધરાવે છે.

*

તમે મને પૂછો છો કે યોગમાં કઈ વસ્તુ સ્વીકારતાં પહેલાં તમારે ચકાસણી માટેની તમારી અભિરુચિને છોડીને યોગમાં સહજ રીતે જ દરેક વસ્તુને સ્વીકારવી જોઈએ કે કેમ – અને ચકાસણી એટલે તમે એમ કહેવા માગો છો કે સામાન્ય બુદ્ધિના ધોરણથી ચકાસણી, આ વસ્તુનો ફક્ત એટલો જ ઉત્તર હું આપી શકું કે યોગની અનુભૂતિઓ એ આંતર પ્રદેશની વસ્તુઓ હોય છે, તેમની દર્શન અને ચકાસણી માટેની પોતાની પદ્ધતિ હોય છે અને બીજું બધું એવું હોય છે જે સ્થૂલ ઇન્દ્રિયોના પ્રદેશનું હોતું નથી એટલું જ નહિ, પરંતુ બૌદ્ધિક અથવા વૈજ્ઞાનિક તપાસના ક્ષેત્રનું પણ હોતું નથી. જે રીતે વિજ્ઞાનની તપાસ સ્થૂલ ઇન્દ્રિયોની પરની હોય છે અને એવા અનંત અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રદેશમાં પ્રવેશ કરે છે જેના વિશે

ઇન્દ્રિયો કાંઈ પણ કહી શકતી નથી અથવા કસોટી કરી શકતી નથી – કારણ કે આપણે ઇલેક્ટ્રોનને જોઈ શકતા પણ નથી તેમ જ સ્પર્શી શકતા પણ નથી તેમ જ ઇન્દ્રિય-મનની સાબિતી વડે તેના વિશે જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી કે તે અસ્તિત્વ ધરાવે છે કે નહિ અથવા તો તે સાબિતી વડે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે કે નહિ, જે રીતે આપણી બધી ઇન્દ્રિયો અને શારીરિક અનુભવ આપણને દરરોજ કહે છે, તે નક્કી કરી શકતા નથી – તે જ પ્રમાણે આધ્યાત્મિક શોધ વિજ્ઞાન અથવા બુદ્ધિની તપાસના પ્રદેશની બહાર હોય છે. સામાન્ય તર્કબુદ્ધિની મદદથી આધ્યાત્મિક અનુભૂતિની બાબતોની પરીક્ષા થઈ શકે નહિ અને આપણે નક્કી ન કરી શકીએ કે આ વસ્તુઓ હસ્તી ધરાવે છે કે નહિ અથવા તેમનો કેવો ધર્મ છે અથવા કેવું લક્ષણ છે. વિજ્ઞાનમાં જે રીતે કરીએ છીએ તે પ્રમાણે અહીં પણ તમારે એક પછી એક અનુભૂતિને એકત્રિત કરવાની છે, અને ગુરુએ જે રીતે કહેલી હોય તે પદ્ધતિ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક તેનું અનુસરણ કરવાનું હોય છે અથવા પ્રાચીન પદ્ધતિઓ અપનાવવાની હોય છે; તમારે એક સહજ પ્રેરણા યુક્ત વિવેક વિકસાવવાનો હોય છે જે બધી અનુભૂતિઓની એકબીજા સાથે સરખામણી કરે, અને સમગ્રમાં દરેક અનુભૂતિનું શું સ્થાન છે, તેમનો શો અર્થ છે, દરેક કેટલી હદ સુધી અને કયા ક્ષેત્રમાં સાચી છે, તથા એક બીજી અનુભૂતિઓ જે પ્રથમ અસંવાદી લાગતી હતી તેમને કઈ રીતે સંવાદી બનાવવી – વગેરે વગેરે – કરવાનું છે. આધ્યાત્મિક અનુભૂતિની સાબિતી માટે તે એકમાત્ર માર્ગ છે. મેં પોતે બીજી પદ્ધતિનો પ્રયત્ન કરેલો છે અને મને તે બિલકુલ અશક્ય અને અસંગત લાગી છે. તેના બદલે તમે પોતે જાતે તે રીતે આરપાર નીકળવા માટે તૈયાર ન હો તો – જે બહુ ઓછા માણસો કરી શકે છે સિવાય કે જેઓ અદ્ભુત આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચેલા હોય – તો તમારે તમારા ગુરુનું માર્ગદર્શન સ્વીકારવાનું રહે છે, જે રીતે તમે વિજ્ઞાનમાં સમગ્ર વિજ્ઞાનના ક્ષેત્રમાં અને તેના પ્રયોગોમાં પોતાની જાતે પ્રયોગો કરવાને બદલે તમે વિજ્ઞાન શિક્ષકને સ્વીકારો છો તે પ્રમાણે ગુરુને સ્વીકારવાના છે.– તમે જ્યાં સુધી પૂરતા પ્રમાણમાં અનુભવ અને જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય ત્યાં સુધી તો તે પ્રમાણે કરવું જ પડે. જો આ બાબતને તમે પ્રથમથી જ સ્વીકારો તો તમારે સ્વીકારવી જ જોઈએ કારણ કે મને સમજાતું નથી કે જે વસ્તુ સામાન્ય બુદ્ધિથી પરની છે તેને ચકાસવા માટે સામાન્ય બુદ્ધિથી કઈ સાબિતીઓ વડે તમે તેમને ન્યાય આપી શકો ?

તમે 'વ' અથવા 'ક્ષ'ની કહેવતો ટાંકો છો. તે બધી કહેવતોની કિંમત આંકનાં પહેલાં મને તેમનાં આધ્યાત્મિક દર્શનો અને અનુભૂતિઓની કસોટી કરવા

માટે તેમણે શું કર્યું તે જાણવું પસંદ પડશે. 'વ' એ તેની આધ્યાત્મિક અનુભૂતિઓની કઈ રીતે પરીક્ષા કરી – તેમાંની કેટલીક તો સામાન્ય વિધાનાત્મક, મનને માટે વિશ્વાસપાત્ર નથી જેવી રીતે કેટલાક પ્રખ્યાત યોગીઓના કહેવાતા ચમત્કારોની ઉપર વધારે ભરોસો ન મૂકી શકાય તે રીતે. હું 'ક્ષ' વિશે કાંઈ જાણતો નથી પરંતુ તેની કઈ કસોટીઓ હતી અને તેણે કઈ રીતે તે કરી? તેની પદ્ધતિઓ કઈ છે? તેનાં કસોટી પ્રમાણ કયાં છે? મને લાગે છે કે કોઈ પણ સામાન્ય માનવી બુદ્ધની છાયા-આકૃતિ દીવાલમાંથી નીકળીને હયગ્રીવની સાથે વાતચીત કરે, એ સાચી હકીકત છે, એની કોઈ પણ પરીક્ષા કરી શકે નહિ. તે વસ્તુ તેણે સીધેસીધી અથવા 'વ'ની કેવળ સાક્ષી ઉપર આધાર રાખવો પડે અને તે એક જ વસ્તુ છે કે સીધેસીધું તેને ભ્રમજાળ તરીકે અથવા મનોમય કલ્પના છે જેમાં અવાજનો પણ ભ્રમ સાથેસાથે થયો હોય, એમ માની ઇનકાર કરવો પડે. મન કઈ રીતે 'તેમની' કસોટી કરે તે મને સમજાતું નથી. અથવા મારે મારા સામાન્ય મન દ્વારા નિર્વાણની અનુભૂતિની કઈ રીતે ચકાસણી કરવી? મારે સામાન્ય સ્પષ્ટ બુદ્ધિની મદદ વડે કયા પરિણામ ઉપર આવવું? મને તેની કલ્પના પણ આવતી નથી. મેં એક જ વસ્તુ કરી જે હું કરી શકું – મારી તે અનુભૂતિને એક સમર્થ અને નક્કર સત્ય તરીકે સ્વીકારવી, અને જ્યાં સુધી મને પૂરતા પ્રમાણમાં યૌગિક જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેને પૂરેપૂરી વિકસવા દેવી અને તેનાં પ્રાયોગાત્મક પરિણામો ઉત્પન્ન થવા દેવાં. છેવટે આંતરિક જ્ઞાન અથવા અનુભૂતિ વગર તમે અથવા બીજી કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિઓના આંતરજ્ઞાન અને અનુભૂતિની પરીક્ષા કઈ રીતે કરી શકો?

મેં વારંવાર કહ્યું છે કે વિવેક રાખવો એ પૂર્ણ રીતે માન્ય છે એટલું જ નહિ પરંતુ આધ્યાત્મિક અનુભૂતિમાં અનિવાર્ય છે. પરંતુ તે વિવેક જ્ઞાનના પાયા ઉપરનો હાવો જોઈએ, નહિ કે અજ્ઞાનના પાયા ઉપર તર્કબુદ્ધિ નહિ તો તમે તમારા મનને ગ્રંથિમાં બાંધીને પૂર્વખ્યાલો વડે તમારી અનુભૂતિને અટકાવી દેશો અને આધ્યાત્મિક સત્ય અથવા અનુભૂતિનો સ્વીકાર કરી શકવામાં પ્રથમ જેવા જ ખ્યાલ રાખશો. તમારો વિચાર કે સમર્પણ પ્રેમ દ્વારા જ આવી શકે એ એક દષ્ટાંત છે. યૌગિક અનુભૂતિમાં એ પૂર્ણ રીતે સાચુ છે કે સાચા પ્રેમથી થયેલું સમર્પણ, એટલે ચૈતસિક અને આધ્યાત્મિક પ્રેમ દ્વારા થયેલું સમર્પણ, સૌથી સમર્થ, સરળ અને અસરકારક છે, પરંતુ વ્યક્તિ, તે ઉકેલને સામાન્ય બુદ્ધિથી માન્ય કરીને સમર્પણની સમગ્ર અનુભૂતિને તેટલા જ સિદ્ધાંતમાં બાંધી લઈને તેના આધાર ઉપર એમ જાહેર ન કરી શકે કે સમર્પણ કરતાં પહેલાં જ્યાં સુધી વ્યક્તિ પૂરેપૂરો પ્રેમ ન કરે ત્યાં સુધી સમર્પણ માટે રાહ જોવી જોઈએ. યાંત્રિક અનુભૂતિ બતાવે છે કે સમર્પણ મન અને

સંકલ્પ દ્વારા પણ બની શકે છે, એક સ્પષ્ટ અને સચ્ચાઈભર્યું મન, જે સમર્પણની જરૂરિયાત જુએ છે અને એક સ્પષ્ટ અને સચ્ચાઈભર્યો સંકલ્પ જે બીજા ભાગો અનિચ્છુક હોય તેના ઉપર દબાણ કરે છે. તે ઉપરાંત તેવી અનુભૂતિ એ પણ દર્શાવે છે કે સમર્પણ કેવળ પ્રેમ દ્વારા જ આવી શકતું નથી પરંતુ પ્રેમ પણ સમર્પણ દ્વારા આવી શકે છે અથવા તેની સાથે વૃદ્ધિ પામે છે અને એક અપૂર્ણ પ્રેમ તરફથી પૂર્ણ પ્રેમ તરફ જઈ શકે છે. વ્યક્તિ પ્રભુ વિશે જ્ઞાન મેળવવા માટે અથવા તેને પહોંચવા માટે એક તીવ્ર ખ્યાલ અને સંકલ્પથી શરૂઆત કરે છે અને પોતાના સામાન્ય અંગત ખ્યાલો, કામનાઓ અને આસક્તિઓનું વધારે અને વધારે સમર્પણ કરે છે; કાર્ય કરવા માટે અથવા કાર્યની ધરેડમાં પણ સમર્પણની ઝંખના કરે છે જેથી કરીને પ્રભુ પોતે જ દરેક વસ્તુને પોતાના હાથમાં લઈ લે. સમર્પણ એટલે આપણા નાનકડા મન અને તેના મનોમય વિચારો અને પસંદગીઓને એક દિવ્ય પ્રકાશ અને મહત્તર જ્ઞાનમાં છોડી દેવા; આપણા ક્ષુદ્ર, અંગત મુશ્કેલીભર્યા, અંધ, ઠોકર ખાતા સંકલ્પનો એક મહાન, સ્થિર, શાંત પ્રકાશિત સંકલ્પ અને શક્તિમાં ત્યાગ કરવો, આપણી નાનકડી અશાંત ઘવાયેલી લાગણીઓને એક વિશાળ તીવ્ર દિવ્ય પ્રેમ અને આનંદમાં મુક્ત કરી દેવી, આપણો લઘુ વેદનાયુક્ત વ્યક્તિત્વને એકમેવની વ્યક્તિતા છે જે તમોમય બહિર્ગમન કરે છે તેનું તેમાં એક પરમાત્મામાં વિલીનીકરણ કરવું. જો વ્યક્તિ પોતાના વિચારો અને તર્કો ઉપર જ આગ્રહ રાખે તો મહત્તર પ્રકાશ અને જ્ઞાન આવી શકે નહિ અથવા તેમનું આગમન નિષ્ફળ જાય અથવા નિમ્ન દખલગીરીથી તેમનામાં દરેક પગલે વિઘ્ન આવે, જો વ્યક્તિ પોતાની કામનાઓ અને ધૂનોનો આગ્રહ રાખે, તો તે મહાન પ્રકાશિત સંકલ્પ અને બળ તેની સાચી શક્તિથી કાર્ય કરી શકે નહિ — કારણ કે તમે તેને તમારી કામનાઓનો સેવક બનવાનું કહો છો, જો માણસ પોતાની ક્ષુદ્ર લાગણીઓના માર્ગનો ત્યાગ કરવાનો ઇનકાર કરે, તો શાશ્વત પ્રેમ અને પરમ આનંદનું અવતરણ થઈ શકે નહિ, બેઢંગા ઊર્મિમય પાત્રમાંથી તે ઉભરાઈ જાય અથવા તેની સાથે મિશ્રણ થઈ જાય. ગમે તેટલા પ્રમાણની સામાન્ય બુદ્ધિ પણ ઉચ્ચતર વસ્તુ ત્યાં આવે તેના માટે નિમ્નતર ચેતના પર વિજય મેળવવા માટેની જરૂરિયાતનો ઉકેલ લાવી શકે નહિ.

અને જો કોઈને એમ લાગે કે જગતમાંથી નિવૃત્તિ લેવી એ ઉચ્ચતર પરમાત્માને પોતાની જાતનું અર્પણ કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે જેથી કરીને નિમ્ન પ્રકૃતિની ગરબડ માટે શક્ય એટલા પ્રસંગો નિવારી શકાય. તો તે શા માટે ન કરવું ? તેઓ જે લક્ષ્ય માટે આવ્યા છે તે એ પ્રમાણે જ છે અને તેમને જે સાધનો ઉત્તમ લાગે એટલા માટે જ તેમને દોષ દેવો અથવા તેમનામાં અશ્રદ્ધા રાખવી અથવા તેમને માટે

અપમાનકારક વિશેષણોથી ઠેકડી ઉડાવવી? — તેઓ સખત, અમાનવીય અને એવા છે? તમારો પ્રાણ તેમાંથી પાછો હઠે છે અને તમારું પ્રાણમય મન આવાં વિશેષણો પૂરાં પાડે છે, અને તે વસ્તુ તમને આંચકો આપે છે અને નહિ કે નિવૃત્તિની વસ્તુ. કારણ કે પ્રાણ અથવા તેનો સામાજિક ભાગ એકાંતમાંથી આંચકો અનુભવે છે, કારણ કે વિચારશીલ મન તો તેને પસંદ કરે છે. કવિ પોતાને માટે એકાંત શોધે છે અથવા પ્રકૃતિ સાથે એકાંતમાં રહે છે જેથી તે અંતઃપ્રેરણાને સાંભળી શકે; ચિંતક એકાંતમાં વસ્તુઓના ચિંતનમાં ડૂબી જાય છે જેથી કરીને તે વધારે ગહન જ્ઞાનની સાથે ગોષ્ઠિ કરે; વિજ્ઞાની તેની પ્રયોગશાળામાં પોતાની જાતને પૂરી દે છે, જેથી કરીને પ્રકૃતિનાં ગહન સત્યોને પ્રયોગો દ્વારા જાણી શકે; આ બધી નિવૃત્તિઓ કઠોર અને અમાનુષી નથી તે જ પ્રમાણે સાધક પોતાની અનિવાર્ય એકાગ્રતામાં જાય, જેની તેને ખરેખર જરૂર લાગે છે તે ખોટું નથી; તે લક્ષ્ય પ્રત્યે જવાનું સાધન છે — એવું લક્ષ્ય જેના ઉપર તેનું હૃદય એકાગ્ર થયેલું હોય છે. તે જ પ્રમાણે યોગી અને ભકત જેને પાયાની અનુભૂતિઓ થાય છે તે પણ કાંઈ કઠોર અથવા અમાનુષી એકાંતમાં જતો નથી. એકના પોતાના સ્વરૂપમાં પ્રભુ અને સમગ્ર જગત આવેલા છે, અને બીજાના હૃદયમાં પોતાનો પરમ પ્રેમી અથવા આનંદ આવેલો છે.

આ વસ્તુ એકાંત શું છે તેના વિશે તમારું અજ્ઞાન ઉપર રચાયેલું એકાંતનું અવમૂલ્યન તમે કરો છો તેની વિરુદ્ધ હું કહું છું, પરંતુ મેં ઘણી વખત કહ્યું છે તે પ્રમાણે હું કેવળ એકાંતની સલાહ આપતો નથી, કારણ કે હું માનું છું કે તે ભયંકર યુકિત છે, જે કદાચ માંદગી અને મહાન ભૂલ તરફ દોરી જાય.

તે જ પ્રમાણે હું નિવૃત્તિને કોઈના ઉપર એક પદ્ધતિ તરીકે ઠોકી બેસાડતો નથી અથવા મંજૂરી આપતો નથી સિવાય કે વ્યકિત પોતે તેના માટે માગણી કરે, તેની જરૂરિયાત અનુભવે અને તેનો આનંદ માણે અને અંગત સાબિતી આપે કે તે આધ્યાત્મિક અનુભૂતિ માટે મદદરૂપ બને છે. તે કોઈના ઉપર એક સિદ્ધાંત તરીકે લાદવાની નથી કારણ કે તે વસ્તુઓ કરવા માટેની એક મનોમય રીત છે, સામાન્ય મનની રીત — જ્યારે તેની જરૂરિયાત લાગે ત્યારે તેને જરૂરિયાત તરીકે સ્વીકારવાની છે પરંતુ સામાન્ય નિયમ તરીકે નહિ.

તમે તમારા પત્રમાં પ્રભુ તરફના પ્રત્યુત્તરનું જે વર્ણન કરેલું છે તેને યૌગિક અનુભૂતિની ભાષામાં તે પ્રમાણે કહી શકાય નહિ — આ મહાન શાંતિ પ્રકાશ, આરામ, વિશ્વાસ, મુશ્કેલીઓનો ઘટાડો, ખાત્રી વગેરેને તમારી પોતાની પ્રકૃતિનું પ્રભુ પ્રત્યેનો પ્રત્યુત્તર કહેવાય. એક શાંતિ અને પ્રકાશ હોય છે જે પ્રભુનો પ્રત્યુત્તર હોય

છે પણ તે વિશાળ શાંતિ હોય છે, એક મહાન પ્રકાશ જેને તમે એક હાજરી તરીકે અનુભવો છો, પોતાની અનંત જાત નહિ, પોતાની પ્રકૃતિના ભાગ તરીકે નહિ પરંતુ એવી કોઈ વસ્તુ જે ઉપરથી આવે છે. જો કે છેવટે તે પ્રકૃતિનો કબજો લઈ લે છે – અથવા તો તે પોતે દિવ્ય હાજરી હોય છે જે પોતાની સાથે ખરેખર એક પરમ મુક્તિ, સુખ અને ખાત્રી દોરી લાવે છે. પરંતુ પ્રભુના પ્રથમ પ્રત્યુત્તરો વારંવાર તે પ્રકારના હોતા નથી – તે ઘણે ભાગે સ્પર્શ તરીકે આવે છે, એક એવું દબાણ હોય છે જેને ઓળખવા અને સ્વીકારવા માટેની પરિસ્થિતિમાં વ્યક્તિએ હોવું જોઈએ, અથવા તો તે એક ખાત્રીનો અવાજ હોય છે, ઘણી વખત ખૂબ "શાંત નાનકડો અવાજ", એક ક્ષણ માટે દિવ્ય પ્રતિમા અથવા હાજરી, કેટલીક વખત દિવ્ય માર્ગદર્શનનો કાનમાં આવતો ઝીણો અવાજ હોય છે, અને આમ તે ઘણાં રૂપો લઈ શકે. ત્યાર પછીથી તે વસ્તુ પાછી હઠી જાય છે, જ્યાં સુધી તે સ્પર્શ માટે ફરી ફરીથી આવવાનું અને વધારે વખત ટકી શકવાનું સામર્થ્ય આપણી પ્રકૃતિમાં ન આવે ત્યાં સુધી પછીથી તે કોઈક વધારે દબાણ કરતું, વધારે નજીક અને આત્મીય બને છે. પરમાત્મા શરૂઆતમાં પોતાની જાતે આપણા ઉપર દબાણ કરતો નથી – તે પરિચય માટે, સ્વીકાર માટે માગણી કરે છે. એટલા માટે મને શાંત પડી જવું જોઈએ, અને તેની પાસે કસોટીઓ મૂકવી ન જોઈએ તેમ જ માગણીઓ કરવી ન જોઈએ – સાચી અંતઃપ્રેરણા માટે અવકાશ રહેવો જોઈએ, જે તાત્કાલિક સાચા સ્પર્શને ઓળખી જાય અને તેને સ્વીકારે.

હવે તમારા મનની ઘોંઘાટિયા પ્રવૃત્તિ વિશે જોઈએ જે તમારી એકાગ્રતાને અટકાવે છે. પરંતુ તે અથવા તો એક વધારે થકવી નાખે તેવી, જિદ્દી, ભાંગીને ભૂકો કરે એવી યાંત્રિક ક્રિયા વ્યક્તિની એકાગ્રતા માટે કાયમી મુશ્કેલીરૂપ હોય છે. અને તેના ઉપર વિજય મેળવવા માટે તેને ઘણો લાંબો સમય લાગે છે. તે અથવા તો ઊંઘવાની ટેવ જે જાગ્રત અવસ્થાને અથવા સચેતન સમાધિને અથવા અંદર નિમગ્ન બની બીજી વસ્તુઓને દેશવટો અપાયો હોય તેવી સમાધિની અવસ્થા એ ત્રણ સ્વરૂપો યૌગિક એકગ્રતામાં આવી જાય છે. પરંતુ તો યોગ, તેની પક્રિયા અને તેની મુશ્કેલીઓ વિશેનું તમારું અજ્ઞાન તમને નિરાશ કરે છે અને તમારી જાતને કાયમ માટે અયોગ્ય જાહેર કરે છે, અને તે પણ આવા ફક્ત સામાન્ય વિઘ્નને લઈને બને છે. સામાન્ય મનનો આગ્રહ અને તેના ખોટા તર્કો, સંવેદનો અને નિર્ણયો, મનની અવ્યવસ્થિત ક્રિયા અથવા તેની યાંત્રિક ક્રિયા, બુરખામાં ઢંકાયેલા પ્રાથમિક સ્પર્શને પ્રત્યુત્તર આપવાની મંદતા, વગેરે વગેરે સામાન્ય વિઘ્નો મન ઠોકી બેસાડે છે. જેવી રીતે અભિમાન, મહત્ત્વાકાંક્ષા, મિથ્યાભિમાન, જાતીય વૃત્તિ, લોભ, પોતાના

અહંકારને માટે વસ્તુઓની માલિકી કરવી, વગેરે મુશ્કેલીઓ અને વિઘ્નો પ્રાણ આપણી અંદર નાખે છે. જે રીતે પ્રાણની મુશ્કેલીઓની સામે યુદ્ધ આપીને વિજયવંત બની શકાય તે રીતે પણ મનની મુશ્કેલીઓ સાથે પણ બની શકે. ફક્ત વ્યક્તિએ એટલું સમજવું જોઈએ કે આ વિઘ્નો અનિવાર્ય છે અને તેથી તેમને વળગી પણ ન રહેવું તેમ જ તેમનાથી ડરવું પણ નહિ કે દબાઈ પણ ન જવું, કારણ કે તે ત્યાં હોય છે જ. માણસ જ્યાં સુધી પોતે મનની પાછળ દૂર સાક્ષીવત્ ઊભો ન રહી શકે ત્યાં સુધી ધીરજ રાખવી જોઈએ. જે રીતે તે પ્રાણથી અલગ રહીને તે વધારે ઊંડાણ-વાળા અને વધારે વિશાળ મનોમય અને પ્રાણમય પુરુષોનો પોતાની અંદર અનુભવ કરી શકે છે, તેવી રીતે શાંતિ માટે તથા સાચા દિવ્ય શબ્દ અને સાચી શક્તિ તથા સાચી શાંતિને સીધેસીધી ગ્રહણ કરી શકે છે. જો આપણી પ્રકૃતિ પ્રથમ મુશ્કેલીઓ સાથે લડી લેવાનો નિર્ણય કરે તો પ્રથમ અર્ધો માર્ગ લાંબો અને કંટાળાજનક લાગે છે તથા પ્રભુના પ્રત્યુત્તરની ખામી વિશેની ફરિયાદ ઉત્પન્ન કરે છે, પરંતુ પ્રભુ તો ખરેખર બધો જ સમય ત્યાં હોય છે, અને પરદા પાછળ કામ કરી રહેલો હોય છે અને તેના પ્રત્યુત્તરને તમે ઓળખો એટલા માટે રાહ જોઈ રહેલો હોય છે. અને તે પ્રત્યુત્તર પ્રત્યે તમારો પ્રત્યુત્તર શક્ય બને તેના માટે પણ તે ( પરમાત્મા ) રાહ જોઈ રહેલો હોય છે.

*

અહીં વ્યક્તિને સત્યના સીધા મૂળમાંથી આવતા પ્રવાહની અનુભૂતિ થાય છે અને આ પ્રવાહ આપણે ઇચ્છીએ તેટલી વાર આવતો નથી. અહીં એવું મન છે જ કેવળ વિચાર કરે છે એટલું જ નહિ પરંતુ જોઈ શકે છે – અને તે કેવળ વસ્તુ-ઓની સપાટીઓ જ જોતું નથી પરંતુ તેના હાર્દમાં નજર પહોંચાડી શકે છે. ઘણું ખરું બૌદ્ધિક વિચાર અંત વગર અને લક્ષ્ય વગર વસ્તુઓની સપાટીઓ સાથે કુસ્તી કર્યા કરે છે જાણે કે તેને બીજું કાંઈ કરવાનું જ ન હોય. તાંત્રિકો પાસે વાક્-શક્તિની ( વાણીની શક્તિ ) ભૂમિકાનું વર્ણન આપવા માટે એક શબ્દ સમૂહ **पश्यन्ति वाक्** – એટલે દેખતો શબ્દ છે, અહીં તે **पश्यन्ति बुद्धि** – દેખતી બુદ્ધિ છે, એટલા માટે છે કે દ્રષ્ટા પોતાની અંદર વિચારોથી પર જઈને અનુભૂતિમાં પહોંચેલો છે, પરંતુ એવા ઘણા માણસો છે જેમની પાસે અનુભૂતિની મહાન સમૃદ્ધિ હોય છે પરંતુ એ સમૃદ્ધિ તેમના વિચારોની આંખને એટલી બધી હદે સ્પષ્ટ કરતી નથી; આત્માને અનુભુતિ થાય છે, પરંતુ તો એક મિશ્ર અને અપૂર્ણ રીતના અનુવાદો કરતું હોય છે, અને વિચારોમાં ભૂલો અને ગોટાળાઓ કરતું હોય છે. આવા માણસની પ્રકૃતિમાં સાચા દર્શનની બક્ષિસ હોવી જ જોઈએ.

આધુનિક બુદ્ધિવાદીઓ ચળકતાં ધુમ્મસો અને ઝાકળોને સત્યના પ્રકાશ તરીકે ગણે છે. તેમનો આટલી ઝડપી અને નિર્ણયાત્મક રીતે નિકાલ કરી દેવો એ એક સિદ્ધિ છે. આધુનિક માનસે આટલા બધા લાંબા સમયથી અને જિદ્દી રીતે રખડપટ્ટી કરી છે — અને આપણે પણ તેમની સાથે જ છીએ — તે રખડપટ્ટી અસત્ય ચળકાટની ખીણ છે અને તેનાં ધુમ્મસોને એક સ્પષ્ટ દર્શનના સૂર્યપ્રકાશથી અહીં થયેલું છે તે પ્રમાણે આટલી સહેલાઈથી વિખેરી શકાય તેમ નથી. અહીં આધુનિક માનવવાદ અને માનવકલ્યાણ વિશે, લાગણીપ્રધાન આદર્શવાદીના મિથ્યા પ્રકાશ વિશે અને બિનઅસરકારક બુદ્ધિપ્રધાન માનવ વિશે, સમન્વયયુક્ત સર્વશુભવાદ અને તેના જેવી જ બીજી બધી વસ્તુઓ વિશે જે પ્રશંસનીય સ્વચ્છ મનથી કહેવામાં આવ્યું છે તે લક્ષ્યને પહોંચી જાય છે. આ બધાં સાધનોથી માનવજાતિની જીવનરીતિમાં ફેરફાર થઈ શકવાનો નથી, અને તે ફેરફાર અત્યારે આવશ્યક છે, પરંતુ તે ફેરફાર માટે તો મૂળ પરમ વાસ્તવિકતા છે તેના તળિયે પહોંચવું જોઈએ — કેવળ વિચારો અને મનોમય રચનાઓ દ્વારા નહિ; પરંતુ ચેતનાના પરિવર્તન દ્વારા, એક આંતરિક અને આધ્યાત્મિક પરિવર્તન દ્વારા. પરંતુ સત્ય એવા પ્રકારનું છે જેને હાલના અનેક અવાજોના કોલાહલ અને ગોટાળા અને વિપત્તિઓના ઘોંઘાટમાં સાંભળવું મુશ્કેલ છે.

અહીં બાહ્ય ઘટનાની ભૂમિકા, બહિર્મુખ પ્રકૃતિની ભૂમિકા અને દિવ્ય વાસ્તવિકતા વચ્ચેની ભૂમિકા વચ્ચે ઘણો તીવ્ર ભેદ કરાયેલો છે અને આંતરજ્ઞાનના પ્રથમ શબ્દોમાં તેને સ્થાન મળે છે. આ પૃષ્ઠોમાં ભેદને જે વળાંક આપવામાં આવ્યો છે તે એક બુદ્ધિયુક્ત ખુલાસો જ નથી. જ્યારે તમે સરહદની પેલી પાર ડગલું ભરો છો અને આંતર આધ્યાત્મિક ભૂમિકાની ઉપર ઊભા રહીને બાહ્ય જગતની સામે નજર કરો છો ત્યારે જે સ્પષ્ટ અને ચોક્કસ ખાતરીબંધ હકીકતો જુઓ છો તેને અહીં બહુ સઘન રીતે વર્ણવાયું છે. જેટલા તમે વધારે ઊંડા અથવા ઉપરની બાજુએ જાઓ તેમ તેમ વસ્તુઓનું દશ્ય વધારે અને વધારે બદલાતું જાય છે. અને જે બાહ્ય જ્ઞાનની વિજ્ઞાન રચના કરી રહ્યું છે તે જ્ઞાન સાચું પણ ઘણી મર્યાદિત જગા લે છે. વિજ્ઞાન, ઘણાખરા મનોમય અને બાહ્ય જ્ઞાનની માફક, તમને ફક્ત પ્રક્રિયાનું સત્ય આપે છે. હું એટલું ઉમેરી શકું કે તે તમને પ્રક્રિયાનું સમગ્ર સત્ય આપી શકે નહિ; કારણ કે તમે કેટલાક ચિંતન કરી શકો એવા મુદ્દાઓને પકડો છો પરંતુ જે ચિંતન ન કરી શકાય એવા મહત્ત્વના મુદ્દાઓને છોડી દો છો; તમે ભાગ્યે જ કઈ રીતે વસ્તુઓ બને છે તે જાણી શકતા નથી પરંતુ કઈ પરિસ્થિતિ હેઠળ વસ્તુઓ બને છે તે જાણી શકો છો. છેવટે વિજ્ઞાનના વિજયો અને ચમત્કારો તેમને સમજાવતો

સિદ્ધાંત, તેનું તર્કશાસ્ત્ર, સમગ્રનું રહસ્ય તો એટલું જ પહેલા જેટલું જ અંધકારયુક્ત અને કાયમ કદાચ વધારે રહસ્મય રહે છે; આ સમૃદ્ધ અને વિશાળ અને વિવિધ પ્રકારની સ્થૂલ જગતની તેણે જીવન, અને ચેતના અને મન અને તેનાં કાર્યોની જે ઉત્ક્રાંતિ વિશેની યોજના વિજ્ઞાને ગોઠવી છે, તે એક વિદ્યુત અણુઓનો ગ્રામ્ય સમૂહ, જે એક સરખા છે અને તેમની ગોઠવણી અને સંખ્યામાં જ ફેરફાર છે, તે એક બુદ્ધિ રહિતનું જાદુ છે અને તે વસ્તુ સૌથી મહાન ગુહ્યવાદીની કલ્પના વિચારી શકે તેના કરતાં પણ વધારે મુંઝવનારી છે. છેવટે વિજ્ઞાન આપણને એક એવી વિરોધાભાસી પરિસ્થિતિમાં મૂકી આપે છે કે કોઈ વ્યવસ્થિત અને જડ રીતે નિશ્ચિત થયેલો અકસ્માત છે, એક એવી અશકયતા બની છે જે કોઈ પણ રીતે બની આવેલ છે – આ રીતે તે એક નવીન એક સ્થૂલ માયા, અઘટન – ઘટના – પટીયસી વસ્તુ બતાવી આપે છે; અને તે અશકય વસ્તુને બહુ કુશળતાપૂર્વક ઉત્પન્ન કરે છે, એક ચમત્કાર, જે તાર્કિક રીતે કદી બની શકે નહિ અને તેમ છતાં તે વાસ્તવિક રીતે બનેલો છે, અવિરોધ્ય રીતનો વ્યવસ્થિત છે, અને તેમ છતાં અગમ્ય અને સમજાવી ન શકાય તેવો છે; અને આ વસ્તુ એટલા માટે છે કે વિજ્ઞાન કોઈ ખાસ વસ્તુ ચૂકી ગયેલ છે; જે વસ્તુ બની છે અને તે અમુક રીતે કઈ રીતે બનેલી છે તે તેણે જોઈ છે અને ચકાસી છે, પરંતુ અશકયને જે વસ્તુએ આ શકય બનાવ્યું છે તેના પ્રત્યે તેણે આંખમીંચામણાં કરેલાં છે અને તે વસ્તુ કોઈક વસ્તુ પ્રગટ કરે છે. જો તમે દિવ્ય વાસ્તવિકતાને ગુમ કરી દો તો વસ્તુઓમાં કોઈ મૂળભુત રહસ્ય રહે નહિ; કારણ કે તમે જેની સાથે વ્યવહાર કરી શકો એવા આભાસી પ્રચંડ સપાટી ઉપરના પડની અંદર તમે રહો છો. તમે તે જાદુગરની લીલાનું જ પૃથક્કરણ કરવા પ્રયત્ન કરો છો, પરંતુ જ્યારે તમે તે જાદુગરની પોતાની ચેતનામાં પ્રવેશ કરો ત્યારે જ તમે તેની લીલાની વ્યવસ્થા, રહસ્ય અને વર્તુળોની અનુભૂતિ સમજવાની શરૂઆત કરશો. હું "શરૂઆત" એટલા માટે કહું છું કે દિવ્ય વાસ્તવિકતા એટલી બધી સરળ નથી કે તેના પ્રથમ સ્પર્શથી જ તમે તેના વિશે બધું જાણી શકો, અથવા તમે તેને કોઈ એક સિદ્ધાંતમાં બાંધી શકો. તે અનંત છે અને તમારી સમક્ષ અનંત જ્ઞાનને ખુલ્લું કરે છે જેની સાથે બધાં સાધનાનાં જ્ઞાનને એકત્રિત કરો તો પણ એક નજીવી વસ્તુ બની રહે. તેમ છતાં તમે એક મૂળભુત તત્ત્વનો સ્પર્શ તો કરો છો, વસ્તુઓની પાછળ રહેલું શાશ્વત તત્ત્વ, અને તે **तत्** ના પ્રકાશમાં સર્વ વસ્તુઓ ગહન રીતે તેજોમય બની રહેલી જુઓ છો તથા તે અંગત રીતે બુદ્ધિગમ્ય બને છે.

મેં તમને પહેલાં એક વખત કહેલું છે કે વસ્તુઓની પાછળ રહેલી આધ્યા-

ત્મિક વાસ્તવિકતાની સપાટી ઉપર અથવા કહેવાતી સપાટી ઉપર કેટલાક શુભ વૃત્તિવાળા વિજ્ઞાનીઓ બિનઅસરકાર કરીતે ચંચુપ્રહાર કરે છે તેના વિશે હું શું વિચારું છું. અને મારે તેના વિશે બીજું કાંઈ લાંબું કહેવું નથી. વધારે અગત્યની બાબત વિરોધી તત્ત્વો તરફથી અને શંકાશીલ વ્યકિતઓ તરફથી નવા હુમલામાં જે મહાન ભયના ભણકારા આવી રહેલા છે, તે વિશેનું કહેવાનું છે. વધારે ભયજનક તો આ બધા આધ્યાત્મિક અને અતિભૌતિક અનુભૂતિના સત્યની સામે જે પ્રહારો કરી રહેલા છે અને એક નવો વિનાશનો વ્યૂહ રચીને તે બધી અનુભૂતિઓને પોતાની રીતે અર્થઘટન કરીને તેનો સ્વીકાર કરી વિનાશ કરી રહ્યા છે. આ ડરને માટે કેટલોક મજબૂત પાયો હોઈ શકે પરંતુ મને શંકા છે કે જો આ વસ્તુઓની એક વખત ચકાસણી કરવામાં આવે તો, માનવજાતિનું મન ઘણા લાંબા સમય સુધી તેમણે આપેલી સમજૂતીઓથી સંતોષ પામશે કે કેમ એ શંકા છે. ખરી રીતે તો તેમણે આવડત વગરની ઉપરછલ્લી અને બાહ્ય સમજૂતીઓ આપેલી હોય છે જે કોઈ પણ વસ્તુની સાચી સમજ નથી. જે ધર્મના રક્ષકો જ્યારે એમ કહે છે કે આધ્યાત્મિક અનુભૂતિ માત્ર અંતર્મુખ રીતે જ સાચી ઠરે છે ત્યારે તેઓ એક નિર્બળ પાયા ઉપર ઊભા રહેલા હોય છે અને તેમને સહેલાઈથી જીતી શકાય છે. તેમના વિરોધી અને તેમની આધ્યાત્મિક અને અતિભૌતિક અનુભૂતિઓનો સ્વીકાર કરવાની મંજૂરી આપે છે અને મને લાગે છે કે તેઓ તેમની પોતની જાણ બહાર તેમના ભૌતિક કિલ્લાઓના દરવાજા ખોલી આપે છે. તેમના સ્થૂલ ક્ષેત્રમાં જામી પડેલા લોકો અતિભૌતિક વસ્તુઓનો સ્વીકાર કરવાનો અથવા તેમની ચકાસણી કરવાનો પણ ઇનકાર કરે છે તેમાં જ તેમના રક્ષણનો કિલ્લો રહેલો હતો; એક વખત તેઓ તે કિલ્લો છોડી દે તો પછી માનવ મન કોઈ ઓછી નકારાત્મક કે કોઈ વધારે હકારાત્મક વસ્તુ પ્રત્યે જોરથી ગતિ કરીને એ સ્થૂલવાદીઓના સિદ્ધાંતોના મરેલા શરીર ઉપર થઈને અને તેમના વિનાશ કરનારા ખુલાસાઓના તથા ચાલાકીભર્યા મનોવિજ્ઞાનિક છાપોના ભંગારો ઉપર થઈને પસાર થઈ જશે. ત્યાર પછી એક બીજો ભય ઉત્પન થતાં – સત્યના ઇનકારનો ભય નહિ, પરંતુ ભૂતકાળમાં થયેલી ભૂલનું જૂના કે નવા સ્વરૂપે પુનરાવર્તન. એક બાજુએ આંધળી, ઝનૂની તમોમય સાંપ્રદાયિકતાનું ઉત્થાન, અને બીજી બાજુએ પ્રાણમય ગુહ્યવાદ અને અર્ધ-આધ્યાત્મિકતાની ખાડીઓ અને કળણોમાં પડી જવું — આ ભૂલોને લઈને જ ભૂતકાળમાં અને તેની માન્યતાઓ ઉપર જે હુમલા થયેલા તેમાં સાચું બળ આવેલું. પરંતુ આવી છાયાઓ આપણને સરહદની રેખા ઉપર અથવા સ્થૂલ ભૌતિકવાદી અંધકાર અને પૂર્ણ પરમ પ્રકાશની વચ્ચે આવેલા પ્રદેશોમાં હંમેશાં મળતી રહે છે. આ બધું હોવા છતાં, પૃથ્વીની અંધકારગ્રસ્ત ચેતનામાં પણ પરમ પ્રકાશનો વિજય થશે, અને એ

એકમાત્ર અંતિમ નિશ્ચિત વસ્તુ છે. પરંતુ આ બધા કાલ્પનિક ભ્રમો આપણને સરહદની રેખા ઉપર અથવા મધ્યવર્તી પ્રદેશોમાં એટલે કે સ્થૂલ અંધકારયુક્ત પ્રદેશો અને પૂર્ણ પરમ પ્રકાશની વચ્ચે આવેલા પ્રદેશોમાં ભેટે છે. આ બધું છતાં પરમ પ્રકાશનો વિજય, અંધકારમય પૃથ્વી-ચેતનાના પ્રદેશમાં ચોક્કસ બની આવશે તેની ખાતરી છે.

કલા, કવિતા, સંગીત એ યોગ નથી? એ વસ્તુઓ જેમ તત્ત્વજ્ઞાન કે વિજ્ઞાન કે આધ્યાત્મિક વસ્તુ નથી તે પ્રમાણે. અહીં પણ આધુનિક બુદ્ધિની એક વિચિત્ર નબળાઈ દેખાઈ આવે છે – તેની મન અને આત્મા વચ્ચેની ભેદ પારખવાની અશક્તિ; તે મનોમય નૈતિમ અને કલાત્મક આદર્શોને આધ્યાત્મિકતા તરીકે સહેલાઈથી સ્વીકારી લે છે; એ સત્ય હકીકત છે તત્ત્વજ્ઞાની કે કવિને થતી મનોમય સ્ફુરણાઓ એક સઘન આધ્યાત્મિક અનુભૂતિ કરતાં ઘણી ટૂંકી હોય છે; તે દૂર દૂરના ઝબકારા હોય છે છાયાયુક્ત પ્રતિબિંબો હોય છે, પ્રકાશના કેન્દ્રમાંથી આવતાં કિરણો નહિ. એ પણ ઓછું સાચું નથી કે શિખરો પરથી જોતાં ઉચ્ચ મનોમય ઊંચાઈઓના પ્રદેશો અને આ બાહ્ય અસ્તિત્વના નીચેનાં આરોહણો વચ્ચે બહુ તફાવત નથી. ઊર્ધ્વની દષ્ટિએથી જોતાં લીલાની બધી શક્તિઓ દષ્ટિમાં એક સરખી લાગે છે, તે બધી જ પ્રભુના છદ્મવેશો છે. પરંતુ આપણે એટલું ઉમેરવું જોઈએ કે પ્રભુના સાક્ષાત્કાર તરફનાં પ્રથમ સાધનોમાં તે બધી શક્તિઓને ફેરવી શકાય છે. આત્મા વિશે તત્ત્વજ્ઞાનની રીતે કરેલું કોઈ પણ વિધાન એક માનસિક વિચાર છે, એ જ્ઞાન નથી, અનુભૂતિ નથી; પરંતુ કેટલીક વખત પ્રભુ તેને સ્પર્શ માટેનું સાધન બનાવે છે; મનમાંથી ઓચિંતુ એક વિઘ્ન ભાંગી જાય છે, કાંઈક દષ્ટિગોચર થાય છે, કોઈ આંતરિક ભાગમાં એક ગહન પરિવર્તન થાય છે અને પ્રકૃતિના પાયામાં કોઈક સ્થિર, સમતાયુક્ત, અવર્ણનીય વસ્તુ પ્રવેશ કરે છે. વ્યક્તિ કોઈ પહાડની ધાર ઉપર ઊભેલી હોય છે અને પ્રકૃતિમાં એક વિશાળતા, એક સર્વવ્યાપકતા અને અનામી બૃહદ્‌ની ઝાંખી થાય છે; અને પછી ઓચિંતાં કોઈ દિવ્ય સ્પર્શ આવે છે, કોઈ સાક્ષાત્કાર, એક પૂર રેલાઈ આવે છે. મનોમય રૂપ આધ્યાત્મિકતામાં પોતાની જાતને ગુમ કરી દે છે, અને વ્યક્તિ ઉપર અનંતનો હુમલો થાય છે. સરિતા તીરે કોઈ પવિત્ર કાલીના મંદિર પાસે તમે ઊભા હો છો અને શું જુઓ છો? – એક શિલ્પ, સ્થાપત્યનો સુંદર નમૂનો, પરંતુ એક રહસ્યમય ક્ષણમાં, ઓચિંતા જ તેને બદલે ત્યાં કોઈ દિવ્ય હાજરી, એક શક્તિ, એક દિવ્ય મુખ તમારી અંદર નજર કરતું દેખાય છે. તમારી આંતરિક દષ્ટિ વિશ્વજનનીનાં દર્શન કરતી હોય છે. આ પ્રકારના જ સ્પર્શો કલા, સંગીત, કાવ્ય દ્વારા એમના સર્જકને અથવા તેમની અનુભૂતિ

કરનારને મળી આવે છે. વાંચનાર શબ્દનો થડકો અનુભવે છે, જોનાર રૂપની પાછળનું ગુપ્ત રહસ્ય અનુભવે છે. સંગીત સાંભળનાર તેના ધ્વનિમાં કોઈ એવો સંદેશ અનુભવે છે જે તેના સર્જકે સચેતન રીતે મૂક્યું હોય તેનાથી પણ કાંઈક વિશેષ રીતનું હોય. લીલામાં રહેલી બધી વસ્તુઓ બારીઓ બની જાય છે જેમાંથી ગૂઢ રહેલી પરમ વાસ્તવિકતા તરફ તે ખૂલતી હોય. તેમ છતાં જ્યાં સુધી આપણે બારીઓમાં થઈને જોવામાં સંતુષ્ટ રહીએ ત્યાં સુધી ફક્ત શરૂઆતનો જ લાભ પ્રાપ્ત કરી શકીએ છીએ. એક દિવસે આપણે મુસાફરી માટેની લાકડી હાથમાં લઈને જે જગાએ પરમ વાસ્તવિકતા સદા આવિર્ભાવ પામેલી અને હાજર રહેલી હોય છે તે જગાએ પહોંચવા માટે નીકળી પડવું જોઈશે. કેવળ છાયાયુક્ત પ્રતિબિંબોથી સંતોષ પામીને પટયા રહેવું એ આધ્યાત્મિક રીતે તો બિલકુલ ઓછું સંતોષકારક છે. આ પ્રતિબિંબો જે દિવ્ય પ્રકાશને બદલે આવેલાં છે તેને આકાર આપવા માટે પ્રયત્ન કરે છે અને તે પ્રકાશની શોધ અનિવાર્ય છે. પરંતુ આ પરમ વાસ્તવિકતા અને આ દિવ્ય પ્રકાશ માનવના સ્તર કરતાં ઉપર આવેલી ઉચ્ચ ભૂમિકામાં આવેલા છે એટલું જ નહિ પરંતુ આપણી અંદર પણ ઓછા આવેલા નથી તેથી આપણા જીવનની પ્રવૃત્તિઓ અને આકૃતિઓનો આપણે ઉપયોગ કરી શકીએ છીએ; જે રીતે માણસ પ્રભુને એક ફૂલ, એક પ્રાર્થના, પ્રભુને એક કાર્ય અર્પણ કરે, તે રીતે વ્યક્તિ સૌંદર્યનું એક સર્જન કરેલું રૂપ, એક ગીત, એક કાવ્ય, એક પ્રતિમા, એક સંગીતનો રાગ અર્પણ કરી શકે અને તેના દ્વારા એક સ્પર્શ, એક પ્રત્યુત્તર કે એક અનુભૂતિ પ્રાપ્ત કરી શકે. અને જ્યારે આપણે તે દિવ્ય ચેતનામાં પ્રવેશ મેળવીએ અથવા તો તે ચેતના આપણી અંદર વૃદ્ધિ પામે છે ત્યારે પણ જીવનમાં આ બધી વસ્તુઓ મારફતે તેની અભિવ્યક્તિ થાય તેને યોગમાંથી બાકાત કરવામાં આવતી નથી; આ સર્જનાત્મક પ્રવૃત્તિઓને તેમનું સ્થાન મળી શકે છે, જો કે તેને માટે પ્રભુના ઉપયોગ અને સેવા માટે બીજી કોઈ પણ વસ્તુને મૂકી શકાય તેના કરતાં આંતરિક રીતે કોઈ વધારે અગત્યનું સ્થાન હોતું નથી. કલા, કવિતા, સંગીત તેમના સામાન્ય વ્યવહારમાં કાર્ય કરતા હોય છે ત્યારે મનોમય અને પ્રાણમય મૂલ્યોનું સર્જન કરે છે, નહિ કે આધ્યાત્મિક મૂલ્યોનું; પરંતુ તેમને એક ઊર્ધ્વ હેતુ તરફ દોરી શકાય છે, અને પછીથી જેમ બધી જ વસ્તુઓ તથા આપણી ચેતનાને પ્રભુની ચેતના સાથે જોડાણ કરી આપે છે, તે પ્રમાણે તે બધી વસ્તુઓનું રૂપાંતર થાય છે અને તે આધ્યાત્મિક બને છે, અને તેમને યોગના જીવનના એક ભાગ તરીકે મંજૂર રાખી શકાય છે. બધી જ વસ્તુઓને જે નવું મૂલ્ય પ્રાપ્ત થાય છે તે તેમની પોતાની અંદરથી નહિ, પરંતુ જે ચેતના તેમનો ઉપયોગ

કરતી હોય છે તેમાંથી પ્રાપ્ત થાય છે; કારણ કે એક જ વસ્તુ મહત્ત્વની છે, જરૂરી છે, અનિવાર્ય છે, અને તે પ્રભુની દિવ્ય વાસ્તવિકતા પ્રત્યે સચેતન બનવું, અને તેમાં જીવન ધારણ કરવું અને કાયમ માટે તેમાં જ રહેવું.

*

મુશ્કેલી એ છે કે તમે વિજ્ઞાની નથી અને તમે પદાર્થશાસ્ત્રી – જે સૌથી મુશ્કેલ છે, કારણ કે તે સાયન્સનું સૌથી સ્થૂલ ક્ષેત્ર છે તેના ઉપર તમારા વિચારો લાદો છો. જો તમે પોતે વિજ્ઞાની હોત અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક સત્યો ઉપર તમારા વિચારોનો પાયો અથવા તમારી શોધો રચાયેલી હોત – તો પણ તમને ખૂબ મુશ્કેલીથી સાંભળવામાં આવત — અથવા તો તમારા અભિપ્રાયનું કોઈ વજન હોય. નહિ તો પછી તમે એવા આરોપ પ્રત્યે ખુલ્લા થાઓ છો કે તમને જેમાં સત્તા નથી તેવા ક્ષેત્રમાં તમે ચંચુપાત કરો છો, જે રીતે કોઈ સાયન્ટિસ્ટ પોતાની શોધોની તાકાત ઉપર એમ જાહેર કરે કે ભગવાન નથી. જ્યારે વિજ્ઞાની એમ કહે કે, "વિજ્ઞાનિક રીતે બોલતા, ભગવાન એક ધારલી વસ્તુ છે જેની અત્યારે કોઈ જરૂર નથી" ત્યારે તે મૂર્ખાઈભરી વાત કરે છે – કારણ કે પ્રભુનું અસ્તિત્વ એક ધારી લીધેલી વસ્તુ નથી, હોઈ શકે પણ નહિ અને તે વૈજ્ઞાનિક ધારણા કે પ્રશ્નની બાબત છે જ નહિ તે પ્રમાણે; તે પ્રશ્ન તો આધ્યાત્મિક અથવા તત્ત્વજ્ઞાનનો પ્રશ્ન છે અને તેના વિશે તમે વૈજ્ઞાનિક રીતે બોલી શકો જ નહિ – તેના તરફી અથવા તેની વિરુદ્ધમાં તત્ત્વજ્ઞાની અથવા આધ્યાત્મિક દ્રષ્ટાને તે અર્થવિહીન છે, એમ બોલવાનો અધિકાર છે; પરંતુ તમે વિજ્ઞાની માટે વિજ્ઞાનના ક્ષેત્રમાં તમારો નિયમ લાગુ પાડો તો તમારી વિરુદ્ધ તે વાંધો ઊભો જ રહે છે.

સર્વ જ્ઞાનની એકતા માટે, તે વસ્તુ હકીકત છે નહિ કે ધારણાની, જ્ઞાનની યાંત્રિક પ્રક્રિયા કેટલાંક પરિણામો પ્રત્યે દોરી જાય છે, ઉચ્ચતર પદ્ધતિ બીજાં કેટલાંક પરિણામો પ્રત્યે, અને તે બન્ને ઘણા મુદ્દાઓ ઉપર મૂળભૂત રીતે અસંમત બને. તો તે ખાઈ ઉપર સેતુ કઈ રીતે બાંધવો ? કારણ કે દરેક પોતાના ક્ષેત્રમાં સાચા હોય એમ લાગે છે; તે પ્રશ્ન ઉકેલવાનો છે, પરંતુ તમે જે રીતે દરખાસ્ત મૂકો છો તે રીતે તમે તેનો ઉકેલ લાવી શકો નહિ અને ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં તો તે બિલકુલ બની શકે નહિ. માનસશાસ્ત્રમાં આપણે કહી શકીએ કે યાંત્રિક અથવા ભૌતિક રીતનું વલણ વસ્તુઓને અંધ છેડાથી પકડે છે, અને તેથી તેમાંથી કોઈ પરિણામ નિષ્પન્ન થતું નથી – કારણ કે માનસશાસ્ત્ર મૂળભૂત રીતે યાંત્રિક અને માપી શકાય એવી વસ્તુ નથી, તે શરીર-ચેતનાના ભૌતિક સાધનોની પેલે પાર રહેલા વિશાળ ક્ષેત્ર તરફ ખુલ્લું થાય છે. જીવશાસ્ત્રમાં આપણે યાંત્રિકતાની પેલે પાર કોઈ વસ્તુની ઝાંખી કરી શકીએ છીએ;

કારણ કે તેમાં શરૂઆતથી જ ચેતનાની કોઈ હિલચાલ ઉત્પન્ન થાય છે જે પ્રગતિકારક હોય છે અને આત્મ-અભિવ્યક્તિ માટે વધારે અને વધારે પોતાની વ્યવસ્થા કરતી હોય છે. પરંતુ પદાર્થ વિજ્ઞાનમાં તો તમે યાંત્રિક નિયમના પ્રદેશમાં હો છો જેમાં પ્રક્રિયા એ સર્વસ્વ છે અને ગતિ આપતી ચેતનાએ સંપૂર્ણ રીતે પોતાની જાતને ગુપ્ત રાખવાનું પસંદ કરેલું છે – તેથી કરીને, " વૈજ્ઞાનિક રીતે વાત કરીએ " તો તે ત્યાં હસ્તી ધરાવતી નથી. માણસ તેને ગુહ્યવાદ અથવા યોગ દ્વારા જ શોધી શકે છે, પરંતુ ગુહ્ય વિજ્ઞાન અને યોગની પદ્ધતિઓ ભૌતિક વિજ્ઞાનનાં સાધનો દ્વારા તેને માપી શકે નહિ કે તેનું અનુસરણ કરી શકે નહિ – અને તેથી બન્ને વચ્ચેની ખાઈ અસ્તિત્વમાં રહે છે જ. તે કોઈ એક દિવસે સાંધી શકાશે, પરંતુ તેનો સેતુ બાંધનાર ભૌતિકશાસ્ત્રી બની શકશે નહિ, કારણ કે તે તેની શક્તિ બહારનો પ્રદેશ છે અને તેમાં પ્રયત્ન કરવા માટે તેને કહેવું એ બિનઉપયોગી છે.

*

ગુહ્યવાદીઓ અને અધ્યાત્મવાદીઓની ભૌતિકશાસ્ત્રના વિજ્ઞાનીઓને સંતોષ આપવાની કામના મૂર્ખાઈભરી અને અતાર્કિક છે. ભૌતિક વિજ્ઞાનીઓને તેમનું પોતાનું ક્ષેત્ર હોય છે અને તેમનાં પોતાનાં સાધનો અને પ્રમાણો હોય છે. બીજા પ્રકારની ઘટનાઓને તે પ્રમાણે ચકાસવી એ સ્થૂલ કસોટીઓને આધ્યાત્મિક સત્યને લાગુ પાડવા જેટલી મૂર્ખાઈ ભરી છે. પ્રભુનું ' ડિસેક્સન ' કરી શકીએ નહિ અથવા આત્માને સૂક્ષ્મદર્શક યંત્રમાં જોઈ શકીએ નહિ. તે જ પ્રમાણે આપણે શરીરવિહીન તત્ત્વોને અથવા મનોમય શારીરિક ઘટનાઓને સ્થૂલ ઘટનાઓને લાગુ પડી શકે એવી કસોટીઓ અને નિયમો નીચે લાવવા માગીએ, તો તે ખોટી અને અસંતોષકારક પદ્ધતિ છે. તે ઉપરાંત ભૌતિકવાદી વિજ્ઞાની તેની પોતાની પદ્ધતિમાં અને સિદ્ધાંતોમાં જે વસ્તુને સ્વચ્છ રીતે પેક ન કરી શકે અને તેના ઉપર લેબલ ન મારી શકે તથા વિવરણમાં ન મૂકી શકે તેવી વસ્તુને સ્વીકારવા માટે ઘણે ભાગે સહમત થાય જ નહિ. ' ડૉ. જુલ્સ રોમાં ' પોતે જ એક વિજ્ઞાની તેમજ મહાન લેખક છે તે માણસ એવી વસ્તુઓ જોઈ શકે અને વાંચી શકે જેનાં પરિણામોની નોંધ લેવા માટે અથવા સ્વીકારવા માટે વિજ્ઞાનીઓ ઇનકાર કરે, તેને સાબિત કરવા માટે પ્રયોગો કરે છે. ' ખુદાબક્ષ ' આગળ આવે છે અને તેને હકપૂર્વક અને દ્વિધા વગર બધી જ કાયદે-સરની કસોટીઓમાં તે સાબિત કરે છે, છતાં વિજ્ઞાનીઓ તે હકીકતોને માનવા અથવા નોંધ લેવા માટે પણ બિલકુલ તૈયાર નથી, જો કે તેનાં પરિણામોનો કોઈ ઇનકાર પણ થઈ શકે એમ નથી. તે અગ્નિ ઉપર વગર ઈજાએ ચાલે છે અને અત્યાર

સુધીના સૂચવેલા બધા જ ખુલાસાઓને તે ઉડાડી મૂકે છે – તેઓ કોઈ બીજું જ કારણ બતાવે છે અને વધારે મૂર્ખાઈભરી સમજૂતી પ્રાપ્ત કરે છે! જે લોકોએ એવો નિશ્ચય કર્યો હોય કે અમારે માનવું જ નથી, તેમને કઈ રીતે સમજાવવા પ્રયત્ન કરી શકાય?

*

વૈજ્ઞાનિક મન કોઈ પણ વસ્તુને વિભાગીકરણ કર્યા સિવાય છોડતા નથી. તેમણે પ્રભુનું પણ વિભાજન કરેલું નથી?

*

વિજ્ઞાનીઓનાં મન સ્થૂલ વસ્તુઓ સાથે અને જે વસ્તુઓને માપી શકાય તેમની સાથે કામ કરવા ટેવાયેલા હોય છે. અને તેથી કોઈ પણ વિષયમાં તે ઘણા સારા દેખાય છે. આઇન્સ્ટાઇનના વિચારો તેના ક્ષેત્ર બહાર વિચિત્ર અને બાલિશ લાગે છે, કોઈ સાધારણ આદર્શવાદ જે વાસ્તવિકતાઓને પકડતો નથી. જે પ્રમાણે કોઈ માણસ મહાન પંડિત હોય અને તેમ છતાં સરળ અને મૂર્ખ હોય તે પ્રમાણે કોઈ માણસ મહાન વિજ્ઞાની હોય, પરંતુ તેનું મન અને વિચારો બીજી વસ્તુઓ માટે તુચ્છ હોઈ શકે.

*

માનસશાસ્ત્રીઓને મનોમય ગતિઓની સાથે કાર્ય કરવાનું હોવાથી તેઓ સહેલાઈથી સમજી શકે છે કે મનોમય ગતિઓ વચ્ચે અને શારીરિક પ્રક્રિયાઓ વચ્ચે સાચું સંતુલન નથી. વધારેમાં વધારે મન અને શરીર એક બીજા પ્રત્યે પ્રત્યાઘાત આપે છે, કારણ કે બન્ને એક સાથે રહે છે. પરંતુ 'હકસલી' જેવા મહાન ભૌતિકશાસ્ત્રીએ પણ જોયેલું કે મન ભૌતિક વસ્તુ કરતાં ઘણી જુદી જ વસ્તુ છે અને ભૌતિક પરિભાષાની અંદર તેને સમજાવવું શક્ય નથી. અને ત્યાર પછી જ ભૌતિક વિજ્ઞાન ઘણું ઉદ્ધત અને ઉદ્દંડ થયું અને દરેક વસ્તુને પોતાની ગુલામીમાં અને પ્રક્રિયાઓમાં લાવવા પ્રયત્ન કરવા લાગ્યું. હવે સૈદ્ધાંતિક રીતે તે તેની મર્યાદાઓને સામાન્ય રીતે ઓળખવા લાગ્યું છે, પરંતુ ઘણાખરા વિજ્ઞાનીઓમાં જૂનું માનસ હજુ પણ ઘરેડમાં પડેલું છે અને તે વસ્તુમાંથી તેઓ મુક્ત થઈ શકતા નથી.

આ લેખ[1] વાંચવાથી એવું લાગે છે જાણે તે પ્રોફેસર દ્વારા લખાયો હોય અને નહિ કે દર્શનશાસ્ત્રી દ્વારા. તમે જે વાત કરો છો તે મને લાગે છે કે ૧૯મી સદીનો તત્ત્વજ્ઞાન માટેનો ધિક્કાર રહેલો છે તે પ્રમાણેનો છે; બધી જ વિચારધારા વૈજ્ઞાનિક હકીકતો ઉપર તથા વૈજ્ઞાનિક સામાન્યીકરણો ઉપર રચાયેલી હોવી જોઈએ એટલે કે દર્શનશાસ્ત્રને વિજ્ઞાનની દાસી બનાવવું જોઈએ; અને તત્ત્વજ્ઞાનને ભૌતિક-શાસ્ત્રનું અનુસરણ કરનાર સૈનિક તથા તેના પોતાના નગરમાં તેના પોતાના સર્વોપરી હકમાંથી તેને બાકાત કરવાનો વિચાર. તત્ત્વજ્ઞાનીને પોતાનો પ્રદેશ છે, અને તેનાં પોતાનાં સાધનો છે તે હકીકત તે ભૂલી જાય છે તે વૈજ્ઞાનિક શોધોને જે રીતે અસ્તિત્વની બીજી હકીકતોનો ઉપયોગ કરે છે તે રીતે ઉપયોગ કરી શકે. પરંતુ જે કોઈ નિયમો વિજ્ઞાન દર્શાવે તેમને તે પોતાના પ્રમાણો પ્રમાણે નિર્ણય આવે છે – કે તેમને તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપર લઈ જવા માટે તેમાં સત્ય છે કે કેમ અને જો હોય તો કેટલે સુધી ? તેમ છતાં આ ભૌતિક વિજ્ઞાનના દિવસોમાં, તે અજ્ઞેયની

---

૧. એક સાધકે નીચેના શ્રી અરવિંદના પત્રમાં ઉત્પન્ન કરેલા મુદ્દાઓના પ્રત્યુત્તર રૂપે આ પત્ર લખાયેલો છે.

"માર્ચ ૨૮, ૧૯૩૪ના 'લિસનર' ( Listener ) ના પાના નં. ૫૧૧ ઉપર બે એક આશ્ચર્યજનક ધારણાઓ છે.

– પહેલું, તત્ત્વજ્ઞાન પ્રયોગાત્મક વિજ્ઞાનમાંનું એક વિજ્ઞાન છે, અને અન્વેષક સંસ્થા માટેની અંધારામાં ગોઠવેલી પ્રયોગશાળા ( Seance ) છે અને – બીજું કે અનુજીવન ( Survival ), તેને અમરત્વથી જુદું પાડવાની જરૂર નથી. સ્પષ્ટીકરણ કરવા માટે ઘણાખરા તત્ત્વજ્ઞાની ચિંતકોએ આ તફાવત કરેલો છે જ્યારે તેમના વિરોધમાં આવો વિવાદાસ્પદ મોરચો કરવામાં આવ્યો છે ત્યારે તેના પ્રત્યે ઉપેક્ષા સેવવી બરાબર નથી. . .એટલું ચોક્કસ કે કોઈ માણસને વિજ્ઞાન માટે વ્યવહારુ પ્રયોગ કરવા માટેનું વલણ હોય, તો ચૈતસિક શોધમાં પણ તે પ્રમાણે કરવું પ્રશંસનીય છે – પરંતુ, સિવાય કે એમ ધારી લેવામાં આવે કે બધી જ સંસ્કૃત માનવજાતિ, અથવા ઓછામાં ઓછા તત્ત્વજ્ઞાનીઓએ આ કળા ધારણ કરેલી અને વિકસાવેલી હોવી જોઈએ, તે આધુનિક પરિણામોને શા માટે તમોમય અને ક્ષુદ્ર ગણવાં માટે ઠપકો મળવો જોઈએ અને શા માટે તેઓએ પોતાની જાતને તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં બંધ કરી દેવા જોઈએ ?

( એક પરિચિત વ્યક્તિ સાથેની દૂર દૂરની ટેલિફોન ઉપરની તેના સ્વપ્ન વિશેની વાતચીતના સંદર્ભમાં )

મહાન અનંતતામાં અથવા અમર્યાદ સાત તત્ત્વમાં તેની જે અમર્યાદાઓ છે અને તેની વસ્તુઓ વિશેની પદ્ધતિની ચલાયમાન સ્થિતિ છે તેની શોધ થાય તે પહેલાં તે પ્રકારના વલણ માટે કોઈ કારણ રહેતું હતું પરંતુ આધ્યાત્મિકતાને માનસશાસ્ત્ર શોધના નામે બિરદાવવું ? તે વિજ્ઞાન નથી; તે એક તમોમય અને દ્વિઅર્થી મુસદ્દાઓ છે જેમાંથી ફક્ત થોડાઘણા અને શંકાસ્પદ સામાન્ય નિયમો તારવી શકાય. વળી જ્યાં તે વસ્તુઓ ગુહ્યવાદને સ્પર્શે છે તેમાં તે ગુહ્ય પ્રદેશોના નિમ્ન કક્ષાના પ્રદેશોને જ સ્પર્શે છે — જ્યાં ઘણું ઘણું અસત્ય, અને બનાવટ અને ગૂંચવણવાળી ભૂલો હોય છે જે રીતે પૃથ્વી ઉપર હોય છે તે રીતની, અથવા તેનાથી પણ વધારે. તત્ત્વજ્ઞાનની આ અંધકારમય અને ગોટાળાભરી વસ્તુ સાથે કઈ રીતે કામ પડે ? તેની ઘણીખરી ટીકાઓ હું સમજી શકતો નથી. શા માટે ભાવિમાં બનતા બનાવ અંગેની ભવિષ્યવાણી અથવા સમય વિશેના ખ્યાલને બદલે – ખાસ કરીને તત્ત્વજ્ઞાનીના ખ્યાલને વ્યક્તિના બનાવોને એકબીજાની સાથેના સંબંધોને બદલી શકે અથવા તો જે બળો પરસ્પર કાર્ય કરે છે તે વિશેના ખ્યાલોને અથવા તો ચેતનાની શકયતાઓને; પરંતુ સમય તો જે પહેલાં હતો તે પ્રમાણે જ રહે છે.

સ્વપ્ન એ ખરેખર સૂક્ષ્મ ભૂમિકા ઉપરના વ્યવહારને સમજવા માટેનો એક પ્રયત્ન છે. ટેલિફોન અને સિનેમા વિશે તમે જે કહો છો તેમાં કાંઈક અર્થ છે, પરંતુ મને એમ લાગે છે કે તે વસ્તુઓ અને બીજી હાલની વસ્તુઓ બીજા પ્રકારે સ્વીકારી શકાઈ હોત જો તેઓ તેમાં સહમત થયા હોત અને જુદા ભાવે રજૂ કરી હોત. માનવજાત આ બધી શોધો માટે આધ્યાત્મિક રીતે તૈયાર નહોતી,

---

વાસ્તવિક જીવનમાં હું ધારું છું કે પત્રોના આદાન-પ્રદાન કરતાં ટેલિફોન ઉપરની વાતચીત ઓછી સંતોષકારક છે. જે યુગમાં માનવના એકબીજાની સાથેનું વર્તન અને સંબંધો તૂટતા જાય છે ત્યારે ટેલિફોન અને સિનેમાનો ઉદય થવો એ કોઈ પ્રતીકાત્મક વસ્તુ નથી લાગતી ? જુઠાણું પ્રમાદ અને આત્મકેન્દ્રીપણાને લઈને બીજાઓ પ્રત્યે તે બેદરકાર બનેલો છે અને દરેક માણસ થોડેઘણે કે મહદ્ અંશે બીજા માટે એક અર્થહીન છાયા અને છેતરપિંડીયુક્ત અવાજ બનતો જાય છે, — ' માન્ચેસ્ટર ગાર્ડિયન ', ' એલગર મેમોરિયલ કોન્સર્ટ ' ઉપરની સંગીતની વિવેચકની ટીકામાં " કલામાં રહેલા ઔદાર્ય અને કોમળતાની " વિરુદ્ધ જે પ્રતિભાવ કાર્ય કરી રહેલા છે, તેના વિશે કેટલાક સારા મુદ્દાઓ પણ છે. એવી કલા જે ફેશનરૂપ ગણાય તેના સર્જકો તરીકે અથવા ઉપભોક્તા તરીકે માનવીની કોઈ જરૂરિયાત હું જોતો નથી; કદાચ, તેમ છતાં આસુરિક સંસ્કૃતિમાં માનવોની કોઈ પણ રીતે બાહ્ય સપાટી ઉપરની અને ' અસુરોના અવતારો ' તરીકેની જરૂરિયાત કદાચ હોય. '

અથવા બીજી રીતે પણ બૌદ્ધિક રીતે તૈયાર ન હોતી. કલા વિશેનું પતન બીજા કારણો-સર કદાચ થયું હોય, નિરાશ થયેલો આદર્શવાદ પાછો હઠી જઈને તેનાથી વિરુદ્ધ વસ્તુ વ્યક્ત કરે, એક શુષ્ક અને છિદ્રાન્વેશી બુદ્ધિવાદ જે આદર્શ, રંગદર્શી અથવા ઊર્મિમય અથવા બીજી કોઈ પણ વસ્તુ જે તર્કથી ઉચ્ચતર છે, અને બુદ્ધિ તો ઇન્દ્રિયોના પ્રકાશથી જ આગળ ગતિ કરે છે – તે આ બધી વસ્તુઓથી મૂર્ખ ન બનવાનો નિશ્ચય કરે. ભૂતકાળના અસુરો અંતે તો મહાન સત્ત્વો હતાં; પરંતુ હાલના અસુરો વિશેની એ મુશ્કેલી છે કે તેઓ ખરેખર અસુર નથી, પરંતુ નિમ્ન પ્રાણમય જગતના, હિંસાત્મક, પાશવી અને દુષ્ટ સત્ત્વો છે, અને તે ઉપરાંત સંકુચિત મનના અજ્ઞાની અને તમોમય છે. પરંતુ હાલનો છિદ્રાન્વેષી સાંકડો બુદ્ધિવાદ જે અત્યારે ફૂલ્યો અને ફાલ્યો છે તે લાંબો સમય ટકશે નહિ – તે શુષ્કતાની વૃદ્ધિ કરીને પોતાનો જ અંત આણવાનો પ્રયત્ન કરે છે – માનવીઓ જીવનનાં નવાં ઝરણાંઓની જરૂરિયાતને અનુભવવાની શરૂઆત કરે છે.

*

તમે જે બે પ્રશ્નો મૂક્યા છે તેની આધ્યાત્મિક સાધનાના દૃષ્ટિબિંદુથી બહુ અગત્ય મને લાગતી નથી.

૧. વિજ્ઞાન અને અધ્યાત્મકતા વિશેનો પ્રશ્ન લગભગ ૨૦ વર્ષ પહેલાં કદાચ અગત્યનો હશે અને વીસમી સદીનાં પ્રથમનાં વર્ષોમાં માનવોના મનમાં તે રમતો હશે પરંતુ અત્યારે તો તેની કોઈ અગત્ય નથી. વિજ્ઞાન પોતે જ એવી ફલશ્રુતિ ઉપર આવેલું છે કે એક વખત આશા રાખી હતી તે પ્રમાણે વસ્તુઓના સત્યને અથવા તેમના વાસ્તવિક પ્રકારને અથવા દૃશ્યમાન ઘટનાની પાછળ કઈ વસ્તુ રહેલી છે તેનો નિશ્ચય તે કરી શક્યું નથી; તે ફક્ત ભૌતિક વસ્તુઓની પ્રક્રિયા વિશે કાર્ય કરી શકે છે તેમ જ તે કઈ રીતે બની આવે છે, અથવા તો માણસો કઈ રીતે તેમની સાથે વ્યવહાર કરી શકે અથવા તેમનો ઉપયોગ કરી શકે તે વિશેની રેખાઓ આપી શકે. શબ્દોમાં ભૌતિક વિજ્ઞાનનું ક્ષેત્ર હવે ચોક્કસ નિર્મિત થઈ ચૂકેલું છે, અને મર્યાદિત છે, તેમ જ પ્રભુ વિશેના અથવા અંતિમ વાસ્તવિકતા વિશેના પ્રશ્નો અથવા તત્ત્વજ્ઞાનના અથવા આધ્યાત્મિક પ્રશ્નો તેના ક્ષેત્રની બહારના છે. સમગ્ર-ખંડસ્થ યુરોપમાં આ પ્રમાણે સમજવામાં આવે છે. ફક્ત ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં ભૌતિક વિજ્ઞાનના પાયા ઉપર આ બધી વસ્તુઓ વિશે તાર્કિક રીતે સમજવાનો થોડોઘણો પ્રયત્ન ચાલુ છે.

માનસશાસ્ત્ર વગેરે કહેવાતાં વિજ્ઞાનો જે મન અને માનવીઓની સાથે સંબંધ રાખે છે તે એટલાં બધાં ભૌતિક વિધાનની ઉપર આધાર રાખનારાં છે કે તેઓ તેમની સાંકડી મર્યાદાઓની બહાર જઈ શકતાં નથી. જો સાયન્સ પ્રભુ તરફ પોતાનું મુખ ફેરવે તો તે નવું વિજ્ઞાન બની જાય જે હજુ સુધી વિકાસ પામેલું નથી. તે પ્રાણ-જગતનાં અને મનનાં બળોની સાથે સીધા સંપર્કમાં રહે અને તેથી કરીને મનથી ઉપર જે વસ્તુ રહેલી છે તેમાં પહોંચી જાય; પરંતુ અત્યારનું સાયન્સ છે તે કરી શકે એમ નથી.

૨. આધ્યાત્મિક દષ્ટિબિંદુથી શિક્ષિત હિંદુઓનું ભૌતિકવાદ તરફનું વલણ એ કામચલાઉ ઘટના છે અને તે બહુ અગત્યનો બનાવ નથી, એવા યુગો આવેલા છે જેમાં રાષ્ટ્રો, ખંડો અથવા જુદી જુદી સંસ્કૃતિના માનવોના મને ભૌતિકવાદ તરફ ઝોક લીધેલો, અને આધ્યાત્મિક માન્યતાથી દૂર ગયેલ, યુરોપમાં આવો સમય ૧૯મી સદીમાં આવેલો. પરંતુ આવો સમયગાળો ટૂંકો હોય છે. પશ્ચિમ યુરોપે ભૌતિકવાદમાં રહેલી શ્રદ્ધા ગુમાવી છે અને કોઈ બીજી જ વસ્તુની ખોજમાં લાગી ગયેલું છે. પછી ભલે તે પ્રાચીન ધર્મો તરફ વલણ રાખે અથવા કાંઈક નવીન વસ્તુ માટે ફાંફાં મારે. રશિયા અને એશિયા અત્યારે તે ભૌતિકવાદના પ્રવાહમાંથી જ પસાર થાય છે, આ બધા પ્રવાહો માનવ-વિકાસમાં રહેલી કોઈ ચોક્કસ જરૂરિયાત માટે જ આવે છે – પ્રાચીન રૂપોની ગુલામીમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે અને નવીન સત્ય અને નવીન સત્યનાં રૂપો માટે ક્ષેત્ર ખાલી કરવા માટે તથા જીવનમાં અને જીવનની પાછળ જે વસ્તુ રહેલી છે તેમાં કાર્ય કરવા માટે આવા ગાળાઓ આવે છે.

*

મને લાગે છે કે 'ક્ષ' તેના વિચારો જીન્સ, એડિંગટન અને બીજા અંગ્રેજી વૈજ્ઞાનિકોના તત્ત્વજ્ઞાનનાં તારણોને, વૈજ્ઞાનિક હકીકતોમાં પરિવર્તન કરવા પ્રયત્ન કરે છે અને તેમના ઉપર આધાર રાખે છે; તેઓ વધારે ચોક્કસ એવા વૈજ્ઞાનિક માનવો છે જેઓ આ પ્રકારની મિશ્રણવાળી બાબતનો વિરોધ કરે છે તેમના તરફ પ્રશંસાથી જોવું જોઈએ; ઉપરાંત આધ્યાત્મિક શોધનો પોતાનો જ્ઞાનનો સંગ્રહ છે જે સાયન્સના સિદ્ધાંતો અથવા તેના શુદ્ધ ભૌતિક ક્ષેત્રમાં કરેલી શોધો ઉપર બિલકુલ આધાર આપતી નથી, 'ક્ષ'નો પ્રયત્ન જીન્સ અને અન્ય વિજ્ઞાનીઓ જેવો છે જે ૧૯મી સદીમાં થયેલા કેટલાક વૈજ્ઞાનિક માનવીઓના અયોગ્ય પ્રયત્નની સામેનો પ્રત્યાઘાત છે, તે લોકો અને બીજા પણ ઘણા છે જેઓએ વિજ્ઞાનની શોધની

પ્રગતિનો લાભ ઉઠાવીને ધાર્મિક ભાવનાને શકય બને તેટલી ઉતારી પાડવા અને વિનાશ માટે પ્રયત્ન કરેલો છે. તેમણે તત્ત્વજ્ઞાનને એક અસ્પષ્ટ શબ્દોનો વિલાસ કહીને દોષ દેવા પ્રયત્ન કર્યો છે અને વિજ્ઞાનને વિશ્વના એકમાત્ર સત્યની ચાવી તરીકે ઉન્નત કક્ષાનું ગણાવ્યું છે. પરંતુ મને લાગે છે કે તેવું વલણ અત્યારે મૃત-પ્રાય: અથવા મરણાસન્ન છે. તમે સૂચવો છો તે પ્રમાણે વિજ્ઞાનીઓ પોતાના ક્ષેત્રની મર્યાદા સમજતા થયા છે. મેં એટલું ખાસ નિરીક્ષણ કર્યું છે કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચેનો સંઘર્ષ કદી ભારતમાં ઉત્પન્ન થયેલો નહિ ( જ્યાં સુધી યુરોપિયન શિક્ષણનો સમય આવ્યો ત્યાં સુધી ) કારણ કે ધર્મએ કદી વૈજ્ઞાનિક શોધોમાં માથું અડાવ્યું નથી અને વિજ્ઞાનીઓએ કદી ધાર્મિક અથવા આધ્યાત્મિક શોધમાં પ્રશ્ન ઉઠાવ્યો નથી કારણ કે બન્ને વસ્તુઓને અલગ અલગ જ રાખવામાં આવેલી જો કે એક બીજાથી વિરુદ્ધ નહિ.

*

સાયન્સ વિશે 'ક્ષ' જે લખે છે તેમાં મહાન દોષ એ છે કે સાયન્સ હજુ પણ ભૌતિકવાદી છે એ ખ્યાલ આગ્રહપૂર્વક જારી રાખે છે અથવા તો જીન્સ અને એડિં-ગ્ટન સિવાયના બીજા વિજ્ઞાનીઓ મૂળભૂત રીતે જ ભૌતિકવાદીઓ છે. આ સાચી હકીકત નથી. ઘણાખરા યુરોપખંડના વિજ્ઞાનીઓએ અસ્તિત્વનાં મૂળભૂત તત્ત્વોનો વિજ્ઞાન ઉકેલ આપી શકે એ ખ્યાલનો ત્યાગ કરેલો છે. તેઓ એમ માને છે કે સાયન્સને ફક્ત પ્રક્રિયા સાથે સંબંધ છે અને નહિ કે મૂળભૂત તત્ત્વો સાથે – તેઓ જાહેર કરે છે કે તત્ત્વજ્ઞાન અને ધર્મને લગતા મહાન પ્રશ્નો વિશે સાયન્સે કોઈ પણ પ્રકારનો નિર્ણય આપવો એ તેના હાથની બાબત નથી. આધુનિક વિજ્ઞાનના વિકાસ-માં આ પ્રચંડ ફેરફાર થયેલો છે. સાયન્સ હાલ નથી ભૌતિકવાદી કે નથી આદર્શ-વાદી, જે નક્કર પહાડ ઉપર ભૌતિકવાદ બંધાયો હતો અને ૧૯મી સદીમાં જે સ્થિર ભૂમિ લાગતી હતી તે અત્યારે ધ્રૂજી ઊઠી છે અને તેના ભુક્કા ઊડી ગયા છે. ભૌતિક-વાદ એક તાત્ત્વિક ધારણા જ બની રહી છે, જે પ્રમાણે બીજા વાદો બનેલા છે. એક પ્રકારની ધાર્મિક સત્તાની માફક તે ક્ષતિવિહીન વિજ્ઞાની તારણો છે એવો હક તે કરી શકે એમ નથી. મારા જેવી વ્યક્તિઓ જેમનો ઉછેર ૧૯મી સદીના વૈજ્ઞાનિક ભૌતિક-વાદના નિરપેક્ષ શાસનકાળમાં થયો તેઓને આ તફાવત અત્યારે સ્પષ્ટ જણાઈ આવે છે. જે માર્ગ લગભગ બંધ હતો, સિવાય કે કોઈ તેની સામે બળવો પુકારે, તે અત્યારે આધ્યાત્મિક સત્યો, આધ્યાત્મિક વિચારો અને આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રત્યે ખુલ્લો થઈ ગયો છે. તે જ સાચી ક્રાંતિ છે. મનોમયતા એક અધવચ્ચેનો માર્ગ છે,

પરંતુ મનોમયતા અને પ્રાણિકતા બંને અસ્તિત્વની હકીકતો, વૈજ્ઞાનિક સત્યો અને બીજાં બધાં ઘણાં સત્યો માટે શકય એવી એક ધારણા છે. વૈજ્ઞાનિક હકીકતો કોઈ પણ વ્યકિતને એક વિશિષ્ટ પ્રકારની તત્ત્વજ્ઞાનની દિશા સ્વીકારવા ફરજ પાડતી નથી. માણસો હવે તટસ્થ બનતા જાય છે અને તે હકીકતો એક બાજુ યા તો બીજી બાજુએ પણ ઉપયોગમાં લઈ શકાય છે, જો કે ઘણાખરા વૈજ્ઞાનિકો આ રીતે ઉપયોગ કરવાની મંજૂરી આપતા નથી. કોઈએ પણ એમ કહ્યું નથી કે ભૌતિકશાસ્ત્રમાં થયેલી નવી શોધોએ ધાર્મિક કે દેવળોના વિચારોને ટેકો આપ્યો હોય; તોઓએ ફક્ત એટલું જ વિધાન કરેલું છે કે વિજ્ઞાને તેનો પ્રાચીન ભૌતિકવાદનો સિદ્ધાંત ગુમાવ્યો છે અને તેના પહેલાંના વખતના ખૂંટે બંધાયેલા વિચારોમાં મહાન ક્રાંતિકારી ફેરફાર થયો છે.

'આહનાના' મારા કાવ્યના ગ્રંથમાં આ ક્રાંતિની મેં અપેક્ષા રાખેલી અને આગાહી કરેલી "વિજ્ઞાનનું દર્શન" અને "ચંદ્રપ્રકાશમાં."

*

મને લાગે છે આવી બધી અટકળોમાં મારો રસ ઊઠી ગયેલો છે; આવી અનિશ્ચિત બૌદ્ધિક તર્કસરણીઓમાં સમય ન ગુમાવવા માટે હું ગંભીર છું. અર્ધી સદી પહેલાં ભૌતિકવાદી વિજ્ઞાનની જે રૂઢ માન્યતા હતી તે રીતે તમે તમારો મુદ્દો વિજયીની અદાથી રજૂ કરો તેમાં મને કોઈ વાંધો નથી; તે સમયના સંકુચિત વિચારોની મર્યાદાથી પર રહેલી વસ્તુઓને તેઓ વિજયી રીતે અટકાવી દઈને તત્ત્વજ્ઞાન અને ગુહ્યવાદના વિચારોને કેવળ શબ્દજાળ અને ચંદ્રપ્રકાશની કલ્પના ગણતા — એ સ્પષ્ટ છે કે જો કેવળ ભૌતિક શકિતઓ જ ભૌતિક જગતમાં અસ્તિત્વ ધરાવી શકે, તો પછી પૃથ્વી ઉપર દિવ્ય જીવનની કોઈ શકયતા રહી શકે નહિ. કોઈના કહેવા પ્રમાણે તત્ત્વજ્ઞાનને 'મનની છિદ્ર બારી' વિજ્ઞાનના નક્કર અને સઘન સામાન્ય જ્ઞાનની સામે ટકી શકે નહિ. મેં વિચારેલું કે પશ્ચિમ ખંડના ઘણા વૈજ્ઞાનિક માણસો પણ કબૂલ કરે છે કે વિજ્ઞાન વસ્તુઓની સાચી વાસ્તવિકતા વિશે નિર્ણય લઈ શકે એમ નથી. તે નક્કી કરવા માટે તેમની પાસે કોઈ સાધનો નથી. તેઓ વસ્તુઓની ભૌતિક સપાટી ઉપરથી તેમનામાં રહેલી ભૌતિક શકિતના કાર્યની પ્રક્રિયા અને તે કઈ રીતે બની આવે છે તેની શોધ કરીને વર્ણન કરી શકે છે. તે વસ્તુએ ઉચ્ચતર વિચાર અને ધારણો તથા આધ્યાત્મિક અનુભૂતિઓ અને ગુહ્યવાદ તથા રહસ્યવાદ માટેનું ક્ષેત્ર ખુલ્લું કર્યું છે એટલું જ નહિ પરંતુ જે વસ્તુઓને બધા અશકય અને બુદ્ધિવિહીન માનતા હતા તે મહાન વસ્તુઓને ખુલ્લી કરી છે. જયારે હું ઇંગ્લૅન્ડમાં હતો ત્યારે

વસ્તુઓની એ પ્રમાણેની પરિસ્થિતિ હતી. જો તે વસ્તુ પાછી ફરીથી આવવાની હોય અને રશિયાનો તર્કવાદી ભૌતિકવાદ જગતને દોરવાનો હોય તો તે નિર્માણને આજ્ઞાધીન બનવું જોઈએ અને દિવ્ય જીવનને બીજાં હજારો વર્ષ સુધી સંતોષથી રાહ જોવી પડશે. પરંતુ આપણાં કોઈ સામાયિક તે પ્રકારની કુસ્તીનું ક્ષેત્ર બને તે વિચાર મને પસંદ નથી એટલું જ બસ છે. આ વિષય ઉપરનો તમારો પહેલાંનો લેખ છે તેની છાપ ઉપરથી હું અત્યારે લખું છું, કારણ કે ત્યાર પછીના તમારા લેખોને મેં કાળજીપૂર્વક જોયેલા નથી. હું એટલું ચોક્કસ કહી શકું કે હાલના પાછળના લેખો પૂરેપૂરા સમજ આપે એવા હશે અને તે વાંચીને કદાચ મને પછીથી માલૂમ પડશે કે મારું દૃષ્ટિબિંદુ ખોટું હતું અને હું જે રીતે આત્માનો ભૌતિક વસ્તુ ઉપરનો વિજય શક્ય માનવાની હિંમત કરતો હતો તે એક મુદ્દો ગુહ્યવાદી જ માની શકે એવું છે. પરંતુ હું ખરેખર એ પ્રકારનો મક્કમ તત્ત્વજ્ઞાની છું; તેથી, હું જો તમારા ભૌતિકવાદી વિચારો વિશેનો ખુલાસો અમારા કોઈ સામાયિકમાં રજૂ કરવા માટે મંજૂરી આપું, તો મને જે વિષયમાંથી રસ ઊઠી ગયેલો છે તે વસ્તુને મારે સ્વીકારવી પડે અને મારું સ્થાન ફરી સ્થાપન કરવા મને લખવાનું મન થઈ જાય અને ભૌતિક વિજ્ઞાનના દાવાની સામે સાઠમારી કરવી પડે, એવું વિજ્ઞાન જેની પાસે ચકાસણીનું કોઈ પણ સાધન નથી જેનાથી સાચા નિર્ણય ઉપર તે આવી શકે – કદાચ હકીકતમાં મારે 'દિવ્ય જીવન' ફરીથી લખવું પડે અને તે વિજયી 'ભૌતિકવાદીના નકાર'ના પ્રત્યુત્તરરૂપે લખવું પડે? હું ફક્ત આટલી જ સમજૂતી આપી શકું એમ છું, અને મારી પાસે આ વિષયની ચર્ચા કરવાનો સમય નથી અને તેથી હું લાંબા સમયથી અને તમને નિરાશ કરતા મૌનમાં રહેલો છું.

*

હું જાણું છું કે અધ્યાત્મ અને ગુહ્યવિદ્યા તરફના આધુનિક વલણની તે રશિયન સમજૂતી છે. તે વસ્તુઓ મૂડીવાદી સમાજની પડતીની બનતી ઘટના છે. પરંતુ માનવ-જાતિના ઇતિહાસની બધી બનતી ઘટનાઓમાં, સચેતન કે અચેતન રીતે આર્થિક કારણ જ જોવું, તે કાર્લમાર્ક્સના બોલ્શેવિક સંદેશાની ખામીનો એક ભાગ છે. માનવ-પ્રકૃતિ એટલી બધી સરળ અને સીધા સૂતરના વણેલા એક દોરડાની બનેલી નથી – તેમાં ઘણી રેખાઓ હોય છે અને દરેક રીતે તેના જીવનની એક જરૂરિયાત બનાવે છે. આધ્યાત્મિક અથવા યોગીના જ્ઞાનની રેખા તેમાંની એક છે અને માનવ તેનો જુદી જુદી રીતે સંતોષ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, દા.ત. બધા પ્રકારના વહેમો તરીકે, અજ્ઞાની ધર્માંધતા તરીકે, આધ્યાત્મિક વાદ તરીકે અથવા રાક્ષસી વૃત્તિ તરીકે અને એવા ઘણા પ્રકારોમાં વિચારે છે પરંતુ માનવી તેના આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન

દ્વારા, ઊર્ધ્વજ્ઞાન દ્વારા અને એવા અન્ય પ્રકાર દ્વારા, તેના વધારે પ્રકાશિત ભાગોમાં સ્થાપન કરીને, અને સૌથી ઉચ્ચતમ રીતે તે સર્વમય સાથે, શાશ્વતની સાથે અથવા પ્રભુની સાથે ઐકય સાધીને સંતોષ પ્રાપ્ત કરે છે. આધ્યાત્મિક શોધ તરફનું વલણ યુરોપમાં શરૂ થયેલું અને ૧૯ મી સદીમાં વિજ્ઞાનના ભૌતિકવાદથી, બુદ્ધિ અને તર્કની સંપૂર્ણતાનો જે દંભ હતો તેમાંથી પીછેહઠ થઈ અને તેનાથી કોઈક વધારે ઊંડાણ-વાળી વસ્તુની શોધ માટેનો તલસાટ ઉત્પન્ન થયો. તે યુદ્ધ પહેલાંની ઘટના હતી અને સામ્યવાદી અને મૂડીવાદી જગતની જે સફળતા અને વિજયનો ઘમંડ હતો તેની ભીતિ તે સમયે ઉત્પન્ન નહોતી થઈ. તે વસ્તુ એક અમીરોના ભૌતિક જીવન અને તેના આદર્શો વિરુદ્ધ એક બંડ તરીકે શરૂ થયેલી અને નહિ કે તેની સેવા કરવા માટે અથવા તેને પવિત્ર કરવાના પ્રયત્ન તરીકે થયેલી. યુદ્ધકાળ પછી જે ભ્રમ વિરસન થયો તેનાથી તેને પોષણ પણ મળ્યું અને તેનાથી તેનો વિરોધ પણ થયો — વિરોધ એટલા માટે કે યુદ્ધ પછીનું જગત નિરાશાવાદમાં પાછું સરકી પડયું અથવા ઇન્દ્રિયગમ્ય ભોગો તરફ વળ્યું અથવા ફાસીઝમ અને કોમ્યુનિઝમ વિચારસરણીની ગતિઓમાં પડયું; તેને પોષણ એટલા માટે મળ્યું કે જીવન માટે ભૂતકાળના અથવા વર્તમાનના આદર્શો તથા સર્વ મનોમય, પ્રાણમય અથવા ભૌતિક ઉકેલોમાં અસંતોષ પેદા થયો અને તેમાંથી કેવળ એક આધ્યાત્મિક માર્ગ જ બાકી રહ્યો. એ સાચું છે કે યુરોપિયન માનસમાં આ વસ્તુઓ ઉપરનો પ્રકાશ ન હોવાને લઈને ભ્રામક ભૂત-પ્રેતાદિ વિદ્યા સાથે તેઓએ રમત માંડી અથવા થીઓસોફી અથવા પ્રાચીન ધર્મનો આધાર શોધ્યો; પરંતુ હું જે વધારે ઊંડાણપૂર્ણ મનની વાત કરું છું તે તેમની પાસેથી પસાર થઈ ગઈ અથવા તેમની આરપાર થઈને વધારે મોટા પ્રકાશની શોધ તરફ ગઈ. હું એવા ઘણા માણસોના સંસર્ગમાં આવેલો છું અને ઉપરનું વલણ ઘણું સ્પષ્ટ દેખાતું જાય છે તેઓ પણ ઘણા દેશોમાંથી આવે છે અને ત્યાં ઇંગ્લૅન્ડ અથવા અમેરિકાના માનવીઓની ફક્ત જૂજ સંખ્યા છે. રશિયાની વાત જુદી છે — બીજા દેશો કરતાં ભિન્ન રીતે તે સામંતશાહી ધર્મમાં અટકી પડેલું અને કોઈ ક્રાંતિના યુગમાંથી પસાર થયેલું નહિ — એટલે જ્યારે ક્રાંતિ આવી ત્યારે સ્વાભાવિક રીતે તે ધર્મવિરોધી અને નાસ્તિક બન્યું. જ્યારે આ તબક્કો પૂરો થયો ત્યારે જ રશિયન ગુહ્યવાદ પોતાનો સાંકડો ધર્મ છોડીને આધ્યાત્મિક દિશા પકડશે. એ સાચું છે કે ગુહ્યવાદની ઊથલપાથલ થવાથી બોલ્શેવિઝમ અને તેનો પ્રયત્ન એક પંથ બની ગયો છે અને નહિ કે રાજકારણનું ધ્યેય. તેને લઈને જ પૃથ્વી ઉપરના એક સ્વર્ગીય રહસ્યને બદલે એક કેવળ શુદ્ધ સામાજિક માળખું બાંધેલું છે. પરંતુ ઘણે ભાગે રશિયા સામ્યવાદી પાયા ઉપર જે ૧૯મી સદીનો આદર્શ પ્રાપ્ત કરવા માટે

ઝંખતું હતું તેને પ્રાપ્ત કરવા માટે જ પ્રયત્ન કરે છે – અને તે આદર્શ ભાંગી પડેલો છે – એક ઔદ્યોગિક હરીફાઈના પર્યાવરણની મધ્યમાં અથવા તેની વિરુદ્ધમાં; તે વધારે સારી રીતે સફળ થશે કે કેમ તે તો ભાવિ નક્કી કરશે – કારણ કે હાલ તો તેણે જે દબાણ અને ભયંકર તણાવમાંથી મુક્તિ પ્રાપ્ત કરેલ છે, જે હજુ પૂર્ણ થયેલ નથી, તેને તે પકડી રાખે છે.

*

આઈન્સ્ટાઈનનો સિદ્ધાંત જે ભૌતિક વિશ્વ વિશે મર્યાદિત છે તેના કરતાં ઈશ ઉપનિષદનું વૈશ્વિક અસ્તિત્વની પ્રકૃતિનું વિધાન ખરેખર ઘણું વિશાળ છે. તે શ્લોકમાં[1] રહેલા વિધાનમાંથી તમે ઘણો બૃહત્તર સાપેક્ષવાદનો નિયમ તારવી શકો છો. આ દૃષ્ટિબિંદુથી તેનો અર્થ આ પ્રમાણે છે – કારણ કે તેમાં તેનાથી પણ ઘણું વધારે સમાયેલું છે – એક કેવળ નિરપેક્ષ – પરમ વાસ્તવિકતા અસ્તિત્વ ધરાવે છે, પરંતુ તે અચલ છે અને કાયમ એક જ પ્રકારની છે. વૈશ્વિક ગતિ એક આ પરમ વાસ્તવિકતામાં રહેલી ચેતનાની એક ગતિ છે અને તેનું સત્ય કેવળ એક પરાત્પર જ પકડી શકે એમ છે કારણ કે તે ( તત્ ) ને તે ( Self-evident ) આત્મસાત્ છે, જ્યારે દેવો ( મન ઇન્દ્રિયો વગેરે ) તેના વિશે જે જાણકારી પ્રાપ્ત કરે છે તે પણ અચોક્કસ અપૂર્ણ અને સાપેક્ષ છે કારણ કે તેઓ તેને અનુસરવા પ્રયત્ન કરે છે, પરંતુ તેમાંના કોઈ તેને, તે પરમ સત્યને પહોંચી શકતા નથી ( જાણી શકતા કે ગ્રહણ કરી શકતા નથી ); તે દરેક પોતાના દૃષ્ટિબિંદુથી[2] મર્યાદિત છે, તેમના જાણ માટેનાં સાધનો ઓછાં શક્તિશાળી છે અથવા તેમની ચેતનામાં ઓછી શક્તિ છે વગેરે. ભારતીય અથવા ખાસ તો વેદાન્તી માનસનું આ રીતનું વલણ છે, જે એમ માને છે કે વિશ્વમાં રહેલી વસ્તુઓ વિશેનું આપણું જ્ઞાન, દર્શન અને અનુભૂતિ, તેમ જ જગત પોતાને વિશેનું વ્યાવહારિક જ્ઞાન, એ સાપેક્ષ, વ્યાવહારિક અને ઉપયોગી –

---

૧. "એક અચલ, જે મન કરતાં પણ વધારે વેગવાન છે, જેને દેવો પણ પહોંચી શકતા નથી, કારણ કે તે આગળ અને આગળ કાયમ ગતિ કરે છે. તે, સ્થિર રહીને, બીજા જ્યારે દોડે છે ત્યારે તેમનાથી પણ આગળ નીકળી જાય છે" ( ઈશ ઉપનિષદ્ શ્લોક ૪, શ્રી અરવિંદનું ભાષાંતર જુઓ 'આઠ ઉપનિષદો' શ્રી અરવિંદ ( ૧૯૬૫, આવૃત્તિ, પાનું ૫ ).

૨. ઉપરાંત દેવો સ્થળ અને સમયમાં રહેલા છે અને તેને આધીન છે, તેમની ગતિ સ્થળ અને સમયનો એક ભાગ છે, નહિ કે તેનાથી ચડિયાતી વસ્તુ.

શંકરે આ રીતે જાહેર કરેલું – તે જ્ઞાન કેવળ મિથ્યા છે, જ્યારે વસ્તુઓ વિશેનું સાચું જ્ઞાન આપણી મનોમય અને ઇન્દ્રિયગમ્ય ચેતના કરતાં કયાંય પર રહેલું છે. આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ વૈજ્ઞાનિક છે પરંતુ દર્શનશાસ્ત્રનું વિધાન નથી. તેનું સ્વરૂપ અને ક્ષેત્ર જુદાં જ છે – પરંતુ હું માનું છું કે, જો કોઈ વાસ્તવિક અર્થમાં તેનાથી પણ પાછળ જાય અને તેનાથી પણ ઊર્ધ્વતર જાય કે કેમ તે પ્રમાણે છે તો તે વ્યક્તિ તેને વેદાન્તના પરિણામ સાથે સાંકળી શકે. પરંતુ બુદ્ધિની પાસે તેને ન્યાયી ઠેરવવા માટે, તમારે તે દર્શાવવા માટે એક સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવું પડશે કે કઈ રીતે તેનો સંબંધ થાય છે – તે આપોઆપ બની આવતું નથી.

જીન્સ વિશે તો ઘણા માણસો એમ કહેશે કે તેનાં તારણો ન્યાયયુક્ત નથી. આઇન્સ્ટાઇનનો નિયમ ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્ર માટે કેટલાક સંબંધો ઉપર વૈજ્ઞાનિક સામાન્યીકરણના પાયા ઉપર રચાયેલો છે અને જો તે સાચો છે તો, તે ક્ષેત્રની મર્યાદામાં રહીને સાચો છે, અથવા તમે એમ કહી શકો કે ભૌતિક પ્રક્રિયાઓ અને ગતિઓના વૈજ્ઞાનિક નિરીક્ષણ અને માપદંડમાં સાચો છે; પરંતુ તમે તે વસ્તુને એકાએક તત્ત્વજ્ઞાનના સામાન્યીકરણમાં કઈ રીતે ફેરવી શકો ? તો એ છેક એક મહાન ખાઈ ઉપરની છે – અથવા એક વસ્તુને બીજી વસ્તુમાં ફેરવવા માટેનો બળપૂર્વકનો પ્રયત્ન છે. તે તો મર્યાદિત ભૌતિક પરિણામને અમર્યાદિત સર્વેક્ષણ કરનાર સિદ્ધાંતમાં રૂપાંતર કરવાનું બને. આઇનસ્ટાઇનનો સિદ્ધાંત બરબર કયા અર્થમાં છે તે હું બરાબર જાણતો નથી, પરંતુ તેનો અર્થ એવો છે ખરો કે સમય અને બીજી વસ્તુઓના આપણા વૈજ્ઞાનિક માપદંડો, જે સંજોગોમાં આપણે ઉપયોગ કરીએ છીએ, તે સાપેક્ષ છે કારણ કે આ બધી પરિસ્થિતિઓને આપણે ઉડાવી દઈ શકતા નથી ? તેમાંથી તત્ત્વજ્ઞાન શું તારણ કાઢે છે — જો કોઈ પણ તેમાંથી તારણ નીકળતું હોય તો — એ વસ્તુ દર્શનિકો માટે નિશ્ચિત કરવાની વસ્તુ છે અને નહિ કે ભૌતિક વિજ્ઞાનીઓ માટે — વેદાન્તીક સ્થિતિ એ પ્રકારની હતી કે મન પોતે જ (અને ઇન્દ્રિયો પણ) એક મર્યાદિત શક્તિ છે અને તે પોતે પોતાની રજૂઆતો, રચનાઓ અને ઘડતરો કરે છે અને તે બધાને પરમ વાસ્તવિકતા ઉપર લાદે છે. અને તે વસ્તુ વધારે મહત્તર અને વધારે જટિલ બની જાય છે. હું પોતે એમ માનું છું કે આધુનિક વિજ્ઞાને ઘણાં સ્થાનો એવાં પ્રાપ્ત કર્યાં છે જે આ દષ્ટિબિંદુને મદદરૂપ છે – જો કે વસ્તુઓની ખરી પ્રકૃતિને સાબિત કરવા માટે તેઓ પૂરતા સફળ નથી થતા.

મેં ફક્ત મારા વાંધાઓનો જ ઉલ્લેખ કર્યો છે. હું પોતે કેટલાંક મૂળભૂત

સત્યો, બધી જ ભૂમિકાઓમાં રહેલાં છે તે અને દરેક જગાએ એક પરમ વાસ્તવિકતા રહેલી છે તે જોઉં છું પરંતુ તેમ છતાં જે સાધનો વાપરવામાં આવે છે અને શોધકો જે શોધ માટેના માર્ગો લે છે અને જુદા જુદા રસ્તાએ। લે છે (ભૌતિક, ગુહ્ય અને આધ્યાત્મિક રીતો) અને તેમ છતાં બુદ્ધિ માટે એક સેતુ હજુ બાંધવાનો છે. માણસ સરખામણી બતાવી શકે, પરંતુ એ દઢતાપૂર્વક માની શકાય નહિ કે વિજ્ઞાન આધ્યાત્મિક જ્ઞાનનાં પરિણામોને પોતાના કાબૂ નીચે રાખી શકે અથવા તો તેમનો કિલ્લો ભાંગી શકવા ઉપયોગી બને. બીજી બાજુ પણ વિચાર કરી શકાય અને ઉત્તમ વસ્તુ છે કે બન્નેનું વિધાન કરી શકાય — તેથી આ વસ્તુ તમારા સિદ્ધાંતને નિરાશ કરવા માટે નથી.

*

સર જેમ્સ જીન્સ અથવા તો કોઈ પણ બીજો વિજ્ઞાની એમ કેમ માની શકે કે જીવન કેવળ એક અકસ્માતરૂપે અસ્તિત્વમાં આવ્યું અથવા વિશ્વમાં બીજી કોઈ પણ જગાએ જીવન નથી અથવા તો આ પ્રકારના સંજોગોમાં બીજી જગાએ જીવન હોય તો તે આ પ્રમાણે જ બરાબર હોઈ શકે અથવા અસ્તિત્વ ધરાવી શકે જ નહિ? આ બધા કેવળ માનસિક તુક્કાઓ જ છે અને તેમાંથી કોઈ પરિણામ આવતું નથી જો સમગ્ર જગત એક અકસ્માત હોય તો જ જીવન પણ અકસ્માત હોઈ શકે — એવી વસ્તુ જે અકસ્માતથી સર્જન થઈ હોય અને અકસ્માતથી જ શાસિત હોય. આવા પ્રકારની ધારણા માટે સમય વ્યય કરવો એનો કોઈ ઉપયોગ નથી, કારણ કે એ વસ્તુ એક ક્ષણજીવી પરપોટા જેવી છે.

ભૌતિક વિશ્વ એક પ્રચંડ મકાનનો બાહ્ય વિભાગ છે અને તેની પાછળ બીજાં બાંધકામો પણ રહેલાં છે. જ્યારે વ્યક્તિ તે સમગ્ર બાંધકામનું જ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે જ તેને ભૌતિક વિશ્વના સત્યનું અમુક જ્ઞાન પ્રાપ્ત થાય. ભૌતિક તત્ત્વની પાછળ પ્રાણમય, મનોમય અને આધ્યાત્મિક ક્ષેત્રો છે જે તેનાં સૂચક છે (તેની અગત્ય સમજાવે છે) જો પૃથ્વી જ ફક્ત એવું એકમાત્ર ક્ષેત્ર હોય જ્યાં સ્થૂલ તત્ત્વમાં અધ્યાત્મની ઉત્ક્રાંતિ હોય — (એમ આપણે માની લઈએ) — તો તે એક સમગ્ર યોજનાનો એક ભાગ હોય. બાકીનું બીજું બધું દુર્વ્યય છે એવો ખ્યાલ તો એક માનવ વિચારે છે અને તે વિચાર બૃહદ્ વૈશ્વિક આત્મતત્ત્વ, જેની ચેતના અને જીવન છે જે સર્વત્ર વ્યાપી રહેલ છે અને તે પથ્થરમાં અને માટીમાં પણ છે અને તેટલા જ પ્રમાણમાં માનવબુદ્ધિમાં પણ રહેલી છે તે વસ્તુને સ્પર્શ પણ કરતો નથી. પરંતુ આ એક અટકળનો પ્રશ્ન છે અને આપણા વ્યવહારુ હેતુ માટે બિલકુલ

ભિન્ન પ્રકારનો છે. આપણા માટે તો માનવ–શરીરમાં રહેલી આધ્યાત્મિક ચેતનાના વિકાસનો પ્રશ્ન અગત્યનો છે.

આ વિકાસમાં કેટલાક તબક્કાઓ છે – સમગ્ર તબક્કાઓમાંથી પસાર થઈને છેવટના તબક્કામાં ન પહોંચીએ ત્યાં સુધી સમગ્ર સત્યનું જ્ઞાન પ્રાપ્ત થાય નાહિ. તમે એવી અવસ્થામાં છો જેમાં આત્માએ સાક્ષાત્કાર તરફ પ્રગતિ કરવાની શરૂઆત કરી છે. આત્મ બધાં બંધનોમાંથી મુક્ત થાય છે અને તેના કાયમી અસ્તિત્વ માટે કોઈ પણ એક ઉપર આધાર રાખતો નથી, એટલા માટે તમારા માટે એ સ્વાભાવિક છે કે તમે શરીરને બિલકુલ ગૌણ રીતે અનુભવો છો અને જે રીતે 'જીન્સ' પાર્થિવ-જીવનને આકસ્મિક ગણે છે તે રીતે તમને લાગે છે. આવી સ્થિતિને લઈને જ માયાવાદીઓએ પૃથ્વી ઉપરના જીવનને છેવટનું જીવન ન ગણતાં, જગતને મિથ્યા વિચારતા, પરંતુ સફરનો આ એક તબકકો છે. આ અક્ષર, ભિન્ન, અરૂપ આત્માની પાછળ, એક વધારે મહાન ચેતના છે જેમાં નીરવતા અને વૈશ્વિક સક્રિયતા બંનેનું ઐકય છે પરંતુ તે જ્ઞાન શરીરધારી માનવના દીવાલમાં રુદ્ધ થયેલા અજ્ઞાન કરતાં એક જુદા જ પ્રકારનું છે. આત્મા દિવ્ય વાસ્તવિકતાની એક બાજુ જ છે. જ્યારે વ્યક્તિ તે મહત્તર ચેતનામાં પ્રવેશ કરે છે, તે વૈશ્વિક ચેતનામાં, અને જ્યારે રૂપ તથા પ્રાણ તથા મન આકસ્મિક દેખાતાં નથી, ત્યારે જ વૈશ્વિક અસ્તિત્વની મહત્તા તે ચેતનામાં પ્રાપ્ત થાય છે. તેમાં પણ બે સ્થિતિઓ હોય છે, અધિમનસ અને અતિ-મનસ, અને જ્યાં સુધી ત્યાં છેવટ સુધી વ્યક્તિ પહોંચતી નથી ત્યાં સુધી ચેતનાના અસ્તિત્વનું પૂર્ણ સત્ય પૂર્ણ રીતે વાસ્તવિક દેખાતું નથી. તમને જે અનુભૂતિ થાય છે તેનું નિરીક્ષણ કરો, અને એટલું જાણો કે એક અવસ્થા તરીકે તે મૂલ્યવાન છે અને તે અનિવાર્ય પણ છે, પરંતુ તે અવસ્થાની અનુભૂતિને છેવટના જ્ઞાન તરીકે સ્વીકારશો નહિ.

*

હું 'બર્ગસન' વિશે અભિપ્રાય આપી શકું એટલી વિગતમાં તેનું વાચન કર્યું નથી. હું જાણું છું તે પ્રમાણે, તેનામાં જીવન વિકલ્પમાં રહેલી અંતર્હિત અંતઃપ્રેરણાનું સક્રિય સર્જનનું કાંઈક સર્જન હોય એમ લાગે છે, પરંતુ તેને ઊર્ધ્વમાં રહેલી સાચી પરાબૌદ્ધિક અંતઃપ્રજ્ઞા વિશેનું જ્ઞાન નથી. જો તેમ હોય તો જે અંતઃપ્રેરણાને તે વસ્તુઓના એકમાત્ર ગુપ્ત રહસ્ય તરીકે સ્વીકારે છે તે પરાત્પરનો કોઈક અન્ય ગૌણ આવિર્ભાવ છે અને તે ફક્ત 'સૂર્યની રશ્મિઓ' છે.

*

ના, ('બર્ગસનનો' E'lan Vital) એ અતિમનસ નથી. પરંતુ બર્ગસનની "અંતઃપ્રેરણા", એક પ્રાણની પ્રેરણા લાગે છે. જે ખરેખર અતિમનસનું વિભાજન છે અને તે 'સ્થૂલમાં જીવનતત્ત્વ' જ્ઞાન તરીકે કાર્ય કરવા માટેનું પરિવર્તન પામેલ રૂપ છે. આ વસ્તુ હું નિશ્ચિતપણે કહી શકું નહિ, પરંતુ મારામાં તેણે તેવી છાપ ઉત્પન્ન કરેલી છે.

*

બર્ગસન ચેતનાને (ચિત્) તેના મૂળભૂત સત્યમાં જોતો નથી પરંતુ એક સર્જનાત્મક બળ, ચિન્મય શક્તિ = એક પરાત્પર જીવન શક્તિના ભૌતિક તત્ત્વમાં અવતરણ કરે છે અને ત્યાં કામ કરે છે, એવું તેનું કહેવું છે.

*

[E'lan Vital) સચ્ચિદાનંદ નહિ પરંતુ પ્રાણશક્તિના બુરખા નીચે ચિત્-શક્તિ. હું માનું છું કે બર્ગસન જીવન-શક્તિવાદમાં માને છે (અને તે એક બાજુ ભૌતિકવાદ અને બીજી બાજુએ આદર્શવાદનો વિરોધી છે) અને તેમાં સમયનું તીવ્ર દર્શન છે (ઉપનિષદોના સમયમાં ઋષિઓ એવી ધારણા રાખતા કે કાલ એ જ બ્રહ્મ છે અને કેટલીક શાખાઓ આ વિચારસરણીમાં માન્યતા ધરાવતી) એટલે તેના માટે બ્રહ્મ = ચેતના-શક્તિ = કાલ-શક્તિ = જીવનશક્તિ. પરંતુ છેવટના બે તે સ્પષ્ટ રીતે જુએ છે જ્યારે પ્રથમ જે સર્જન માટેની બિલકુલ વાસ્તવિક વસ્તુ છે, તેને તે અસ્પષ્ટ રીતે જુએ છે.

*

બર્ગસને જે અંધપ્રેરણા અને સહજસ્ફુરણાની વાત કહી છે તે પ્રાણમય છે પરંતુ તે પ્રકારની મનોમય પ્રેરણાનો પણ વિકાસ કરી શકાય છે — અને તે કદાચ તે વસ્તુનું જ સૂચન કરે છે — અને તે વસ્તુ વિચાર ઉપર આધાર રાખતી નથી — પરંતુ તે વસ્તુઓની સાથે સીધા મનોમય પ્રકારના સંબંધમાં હોય છે. આ વસ્તુ ચોખ્ખો ગુહ્યવાદ નથી. જો કે તે તેના તરફ પ્રથમ પગલું છે.

*

હું ધારું છું કે ગુહ્યવાદીઓ ભૌતિક તત્ત્વ વિશે શું કહે છે તે બર્ગસન જાણતો હોવો જોઈએ અને તેના ઉપર તેણે પોતાની રજૂઆત અથવા મૂલ્ય મૂકેલું

છે. તેથી તમારા સૂચનની તેના ઉપર કોઈ અસર થશે નહિ. તે એમ કહે, "તે વસ્તુ વિશે હું બધું જ જાણું છું."

*

ભૌતિક પ્રકૃતિના સામાન્ય ક્રમથી બહાર બનતા આ અદ્ભુત બનાવો, ભારતમાં વારંવાર બની આવે છે અને બીજી જગાએ પણ તેના વિશે લોકો અજાણ નથી; યુરોપમાં જેને Poltergeist ઘટનાઓ કહીએ તેના સમાન આ બનાવો છે. આવી અસામાન્ય ઘટનાઓ વિશે વિજ્ઞાનીઓ કાંઈ વાત કરતા નથી અથવા આવા અસામાન્ય બનાવો વિશે તેઓ વિચારતા પણ નથી. સિવાય કે તેના વિશે હસી કાઢવું – તેને ઉડાવી દેવું અથવા તો સાબિત કરવું કે તે તો કેવળ અતિભૌતિક આવિર્ભાવોના ડોળ કરતી બાળકોની ચાલાકીઓ છે.

વિજ્ઞાનના નિયમો પ્રકૃતિની ભૌતિક પ્રક્રિયાઓનું જ પદ્ધતિસરનું બ્યાન આપે છે – એક વાસ્તવિક પદ્ધતિ તરીકે તેમનો ઉપયોગ એક ભૌતિક પ્રક્રિયાનું નવસર્જન કરવામાં અથવા વિસ્તૃતી કરવામાં જ ઉપયોગી થઈ પડે છે, પરંતુ એ સ્પષ્ટ છે કે તે વસ્તુના પોતાના વિશે કોઈ હકીકત આપી શકે નહિ. પાણી એટલે કેવળ હાઈડ્રોજન અને ઓકિસજનને સાથે મૂકવાં એટલું જ નથી – તે બેનું મિશ્રણ એક નવીન વસ્તુ જેને પાણી કહીએ છીએ તેનું સ્થૂલીકરણ કરવા માટે એક પ્રક્રિયા અથવા રીત છે, તે નવીન વસ્તુ ખરેખર શું છે એ જુદી બાબત છે. હકીકતમાં પદાર્થની જુદી જુદી ભૂમિકાઓ હોય છે; સ્થૂલ, સૂક્ષ્મ અને વધારે સૂક્ષ્મ અને તે રીતે પાછા જતાં જતાં જેને કારણ ( Causal ) પદાર્થ કહીએ છીએ તે વસ્તુ હોય છે જે વસ્તુ વધારે સ્થૂલ હોય છે તેને સૂક્ષ્મ અવસ્થામાં પરિવર્તન કરી શકાય છે અને સૂક્ષ્મ વસ્તુ સ્થૂલ રૂપમાં લાવી શકાય છે; તે ભૌતિકકરણ અને વિભૌતિકકરણની સમજૂતી આપી શકે છે. આ બધી ગુહ્ય પ્રક્રિયાઓ હોય છે અને તેને ગ્રામ્ય રીતે જાદુમાં ગણવામાં આવે છે. સામાન્ય રીતે જાદુગર પોતે શું કરે છે તેનું કારણ અથવા તો તે શા માટે બને છે તે જાણતો નથી; તેણે તો ફક્ત સૂત્ર અથવા પ્રક્રિયા જાણી હોય છે અથવા તો સૂક્ષ્મ ભૂમિકાઓ ઉપરનાં મૂળભૂત સત્ત્વો ઉપર કાબૂ ધરાવે છે, અને તે તેનું કાર્ય કરી આપે છે. તિબેટના લોકો આવી ગુહ્ય પ્રક્રિયાનો વિશાળ રીતનો ઉપયોગ કરે છે. તિબેટમાં રહેલાં મેડમ નીલનાં પુસ્તકો તમે વાંચો તો આ વસ્તુઓમાં તેમના નિષ્ણાતપણાનો તમને ખ્યાલ આવે, તિબેટના લામાઓ પણ ગુહ્ય શકિતઓ ( મનોમય અને પ્રાણમય )ના નિયમો વિશે કાંઈક જાણે છે અને સ્થૂલ વસ્તુઓ ઉપર તે નિયમો કેવી રીતે કાર્ય કરે છે તેનું તેમને જ્ઞાન છે. તે એવી

વસ્તુ છે જે કેવળ જાદુથી ઉપરની વસ્તુ છે. મનઃશકિત અથવા પ્રાણશકિતનો સીધે-સીધો પ્રયોગ. તેનો લગભગ અમર્યાદ રીતે વિસ્તાર થઈ શકે છે. એટલું યાદ રાખવું જોઈએ કે શકિત મૂળભૂત રીતે બધી જ ભૂમિકાઓમાં એક જ હોય છે. તે ફકત વધારે અને વધારે ગાઢ સ્વરૂપ ધારણ કરે છે અને તેથી મનોમય શકિત અને પ્રાણ-મય શકિતમાં ભૌતિકશકિત અથવા પદાર્થ ઉપર સીધેસીધું કાર્ય કરવું અશકય નથી, અને જો તેઓ તે પ્રમાણે કરે તો કોઈ ભૌતિક વસ્તુ પાસે એવી વસ્તુ કરાવે અથવા ભૌતિક વસ્તુઓ સાથે એવી રીતે વસ્તુ કરે કે જે વસ્તુ સામાન્ય સ્થિતિ અથવા નિયમ પ્રમાણે અસામાન્ય લાગે અને તેથી દેખીતી રીતે અશકય જણાય.

ભૌતિક વસ્તુના સર્જન માટે કોસ્મિક કિરણો કારણભૂત કઈ રીતે બને તે મને સમજાતું નથી; તે પૃથ્વી ઉપરના જીવનની સમજૂતી માટે સર ઓલીવર લોજે સમ-જાવ્યું કે તે બીજા ગ્રહ ઉપરથી આવ્યું તેના જેવું લાગે છે. વસ્તુ તો પ્રશ્નને એક ડગ પાછળ હટાવે છે – અથવા તો કોસ્મિક કિરણો કઈ રીતે અસ્તિત્વમાં આવ્યાં ? પરંતુ એ એક હકીકત છે કે ઘણા લાંબા સમય પહેલાં સાંખ્યએ રૂપોના પાયા તરીકે અગ્નિનો નિર્દેશ કરેલો છે. એટલે કે ત્રણ શકિતઓ પ્રકાશ, વિદ્યુત અને વાયુમાં રહેલું અગ્નિતત્ત્વ ( અગ્નિની વૈદિક ત્રિમૂર્તિ ) જેને આપણે ભૌતિક તત્ત્વ કહીએ છીએ તેનું પ્રવાહી અને ઘન સ્વરૂપ કરવાની તાકાત છે.

એ સ્પષ્ટ છે કે કોઈ પણ સામાન્ય માનવી આ રીતે વસ્તુઓ બનાવી શકે નહિ. સિવાય કે તેનામાં મૂળપ્રકૃતિમાં ચૈતસિક તત્ત્વ (એટલે કે ગુહ્ય તત્ત્વ)ની શકિત હોય. અને તેમ છતાં તેની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકે તેની પહેલાં તેણે તે કરવાનો નિયમ જાણવો જોઈએ. માનવો, વસ્તુઓ અને ઘટનાઓમાં અસર ઉપ-જાવવા માટે આધ્યાત્મિક બળ, અથવા મનોમય શકિત અથવા સંકલ્પ શકિતનો ઉપયોગ કરવો કાયમી શકય હોય છે; પરંતુ આ શકયતાઓનો ઉપયોગ કરવા માટે અને તે આકસ્મિક અને અણઘટ રીતે ન વપરાય તેના માટે જ્ઞાન અને તાલીમ ખૂબ જરૂરી છે અને પછીથી તે અજ્ઞાન રીતે અને ઇચ્છા મુજબ ઉપયોગમાં લઈ શકાય છે અથવા તેમાં પૂર્ણતા પ્રાપ્ત થઈ શકે છે. તે પ્રમાણે હોય છતાં પણ, “ સમગ્ર ભૌતિક જગત ઉપર કાબૂ હોવો ” એ વધારે પડતી મોટી બાબત છે, જો કે કોઈક સ્થળ ઉપર અંશતઃ કાબૂ પ્રાપ્ત કરવો એ વધારે શકયતાવાળું છે અથવા કેટલાક પ્રસંગોએ વધારે વિશાળ રીતે ભૌતિક તત્ત્વ ઉપર કેટલાક પ્રકારનો કાબૂ પ્રાપ્ત થઈ શકે છે.

*

વિજ્ઞાનના મત પ્રમાણે સમગ્ર જગત બીજું કાંઈ નથી પરંતુ શકિતની લીલા છે – તેને એક ભૌતિક શકિત કહેવામાં આવે છે પરંતુ હવે એમાં એક શંકા ઉપસ્થિત થઈ છે કે જેને વૈજ્ઞાનિક રીતે ભૌતિક વસ્તુ કહેવામાં આવે છે તે શકિતની ઘટના સિવાય કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે કે કેમ ? વેદાન્ત પ્રમાણે સમગ્ર જગત એક આધ્યાત્મિક તત્વની શકિતની લીલા છે, એક મૌલિક ચેતનાની શકિત, પછી તે માયા કે શકિત હોય, અને તેના પરિણામે તે મિથ્યા અથવા વાસ્તવિક પણ હોય. આ જગતમાં જ્યાં સુધી માનવના સંબંધ વિશે વિચારીએ ત્યાં સુધી તેમાં આપણે મનોમય-શકિત, પ્રાણમય-શકિત અને ભૌતિક તત્ત્વમાં રહેલી શકિત વિશે સભાન બનીએ છીએ; પરંતુ એમ માનવામાં આવે છે કે તે બધી શકિતઓ પાછળ એક આધ્યાત્મિક શકિત અથવા બળ છે અને તેનામાંથી તે બધી ઉદ્ભવી છે. બળ અથવા શકિત સિવાય કોઈ પણ એવું કાર્ય નથી જેનું પરિણામ આવી શકે. જો આધ્યાત્મિક ચેતના જેવી કોઈ વસ્તુ ન હોય તો, યોગની વાસ્તવિકતા હોઈ શકે નહિ, અને જો યોગ બળ, આધ્યાત્મિક બળ અથવા યોગશકિત ન હોય તો યોગમાં કોઈ અસરકારક તત્ત્વ ન હોય. જો યોગ-ચેતના અથવા આધ્યાત્મિક-ચેતનામાં કોઈ શકિત અથવા બળ ન હોય તો તે કદાચ મૃતવત્ અથવા અવાસ્તવિક ન હોય, પરંતુ તે જડ હોય અને તેની કોઈ અસર કે પરિણામ ન હોય. તે જ પ્રમાણે જે માણસ યોગી અથવા ગુરુ બનવા પ્રયત્ન કરે અને તેનામાં આધ્યાત્મિક ચેતના ન હોય અથવા તેની આધ્યાત્મિક ચેતનામાં શકિત ન હોય – કોઈ યોગ બળ અથવા આધ્યાત્મિક બળ – તેવો માણસ પોતા માટે ખોટો દાવો રજૂ કરે છે તે યા તો દંભી હોય છે અથવા આત્મવંચના કરનારો ઊંટવૈદ્ય જેવો નિર્બળ મનુષ્ય છે; અને તેનાથી વધારે તો તેનામાં આધ્યત્મિક બળ ન હોય અને બીજાને અનુસરણ કરવા માટે તેણે માર્ગ બનાવ્યો છે એવો દાવો કરે તો તે તેનાથી પણ વધારે નિમ્ન કક્ષાનો છે. જો યોગ એક વાસ્તવિક વસ્તુ હોય, જો તે આધ્યત્મિકતાના ભ્રમ કરતાં કોઈ સારી વસ્તુ હોય, તો યોગ શકિત અથવા આધ્યાત્મિક બળ જેવી કોઈક વસ્તુ હોવી જોઈએ.

એ સ્પષ્ટ છે કે જો આધ્યાત્મિક બળ અસ્તિત્વ ધરાવતું હોય તો તેણે આધ્યાત્મિક પરિણામો આપવાં જ જોઈએ – તેથી જે સાધકો એમ કહે છે કે તેમને ગુરુની શકિતની અનુભૂતિ થાય છે અથવા પ્રભુના કાર્યમાં તેમને દિવ્ય મદદ મળી રહે છે અને તેમની આધ્યાત્મિક સિદ્ધિ અથવા અનુભૂતિમાં માર્ગદર્શન મળે છે. તેમના દાવામાં કોઈ બુદ્ધિહીન વસ્તુ નથી. કોઈ વ્યકિતગત સંબંધમાં તે પ્રમાણે બને યા ન બને, તે અંગત પ્રશ્ન છે. પરંતુ તે વિધાન બિનભરોસાપાત્ર અને અસત્ય

કહેવાય નહિ કે આવી વસ્તુ બની શકે જ નહિ. વધારામાં જો એ વસ્તુ સાચી હોય કે આધ્યાત્મિક બળ એ મૂળભૂત શક્તિ હોય અને બીજી બધી શક્તિઓ તેમાંથી ઉત્પન્ન થતી હોય તો પછી આધ્યાત્મિક બળ મનોમય, પ્રાણમય અને શારીરિક પરિણામો ઉત્પન્ન કરી શકે છે એમ માનવું તર્કહીન નથી. તે મનોમય પ્રાણમય અથવા શારીરિક શક્તિઓ મારફતે કાંઈ કરી શકે અને તે પણ આ શક્તિઓ જે સાધનો દ્વારા કાર્ય કરી શકે તે સાધનો દ્વારા જ; અથવા તે સીધેસીધી મન, પ્રાણ અથવા ભૌતિક પદાર્થ ઉપર કાર્ય કરે અને પોતાના વિશિષ્ટ અને તાત્કાલિક કાર્યના ક્ષેત્રમાં કાર્ય કરતી હોય તેમ પ્રથમ પુરાવારૂપે કોઈ પણ રીતની શક્યતા છે. માંદગીના ઉપાયના પ્રસંગમાં કોઈ વ્યક્તિ બે દિવસથી માંદગી, દુખાવો અને તાવમાં સપડાયેલી હોય; તે વ્યક્તિ કોઈ દવા લેતી નથી પરંતુ છેવટે ગુરુ પાસે ઉપાયની માગણી કરે છે; બીજી સવારે તે સાજી, તાકાતવાન અને શક્તિપૂર્ણ થઈ જાય છે. જો તે એમ વિચારે કે તેના ઉપર કોઈ શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે શક્તિ તેની અંદર દાખલ કરવામાં આવી છે અને કાર્ય કરનાર આધ્યાત્મિક શક્તિ છે, તો તેના માટે કાંઈક વાજબી કારણ છે. પરંતુ બીજા પ્રસંગે, દવાઓનો ઉપયોગ કરવામાં આવે અને તે જ સમયે કોઈ અદૃશ્ય શક્તિને ભૌતિક સાધનોમાં મદદ કરવા માટે પુકાર કરવામાં આવે, કારણ કે એ હકીકત છે કે દવાઓ કદાચ સફળ થાય યા તો ન પણ થાય – તેની ચોક્કસ ખાતરી નથી. અહીં બાહ્ય નિરીક્ષકની બુદ્ધિ માટે (એવી વ્યક્તિ જે શક્તિનો ઉપયોગ કરતો નથી, ડૉક્ટર માટે પણ નહિ કે દર્દી માટે પણ નહિ) તે વસ્તુ અનિશ્ચિત રહે છે કે દરદી ફક્ત દવાઓથી સાજો થયો કે દવાઓની સાથે આધ્યાત્મિક બળના સાધન દ્વારા. ગમે તે વસ્તુ શક્ય છે અને એમ ન કહી શકાય કે દવાઓનો ઉપયોગ થયો એટલે આધ્યાત્મિક બળ ભરોસાપાત્ર નથી અને તે જૂઠું છે. તેનાથી ઊલટું એ પણ શક્ય છે કે ડૉક્ટરના પોતાનામાં કાર્ય કરતી શક્તિની અનુભૂતિ થઈ હોય અથવા તે એમ જોઈ શક્યો હોય કે દર્દી ઔષધીય, વિજ્ઞાન ન માની શકે એવી ઝડપથી સાજો થતો જતો હોય, દર્દીને પોતાને એવી અનુભૂતિ થાય કે કોઈ શક્તિ તેનામાં કાર્ય કરે છે અને તંદુરસ્તી, શક્તિ અને ઝડપી ઉપાય તેની પોતાની અંદર લાવે છે એ માનવું આયોગ્ય નથી. શક્તિનો ઉપયોગ કરનાર, પરિણામોનું નિરીક્ષણ કરે છે, અને જે ચિહ્નો દેખાતાં હોય તે ઓછાં થતાં જુએ છે, જે ચિહ્નો તે કાર્ય કરતો ન હતો ત્યારે વૃદ્ધિ પામતાં હતાં અને કાર્ય કર્યા પછીથી તાત્કાલિક ઘટે છે, અને ઉપાય પૂર્ણ થાય ત્યાં સુધી ડૉક્ટર મૌન સૂચનો દ્વારા કાર્ય કરતો રહે છે. (બીજી બાજુએ, તે પોતે જુએ કે ઉપાયની સામેનાં વિરોધી બળો કાર્ય કરતાં રહે છે અને આધ્યાત્મિક બળ મોકલ્યા પછી સંતોષ રાખીને પાછું

ખેંચી લે છે, અને અપૂર્ણ સફળતા મળે છે ) આ બધામાં ડૉકટર, દર્દી અથવા શકિત પ્રયોજક, અંશત: અથવા મૂળભૂત રીતે આધ્યાત્મિક શકિત દ્વારા ઇલાજ થયેલો છે એમ માને તે યોગ્ય છે. તેમની અનુભૂતિ તેમના પોતાના માટે જ સાચી છે એ ખરું, નહિ કે બાહ્ય તર્ક કરનાર નિરીક્ષક માટે. પરંતુ તે નિરીક્ષકને એમ કહેવાનો અધિકાર નથી કે તેઓનો અનુભવ માનવાલાયક નથી અથવા તો ખોટો છે.

બીજો મુદ્દો : આ ઉપરથી એવું ફલિત થતું નથી કે આધ્યાત્મિક શકિતએ બધા જ પ્રસંગોમાં સફળ થવું જ જોઈએ અથવા તો જો તે સફળ ન થાય તો એવું સાબિત થઈ શકે નહિ કે તેનું અસ્તિત્વ નથી. કોઈ પણ શક્તિ માટે એ પ્રમાણે કહી શકાય નહિ. અગ્નિની શકિત બાળે છે પરંતુ એવી વસ્તુઓ પણ છે જેને તે બાળતો નથી; કેટલાક સંજોગોમાં જે માણસ ઉઘાડા પગે હોળીના લાલ-ચોળ કોલસા ઉપર ચાલે છે તેના પગને પણ દઝાડતો નથી. તે એમ સાબિત નથી કરતું કે અગ્નિમાં બળ નથી અથવા અગ્નિ–શક્તિ જેવી વસ્તુ નથી.

વધારે લખવાનો મારી પાસે સમય નથી; તેમ તેની જરૂર પણ નથી. આધ્યાત્મિક શકિતને માન્ય કરવી એવું બતાવવાનો મારો હેતુ ન હતો પરંતુ તેમાં વિશ્વાસ રાખવો એ ચોક્કસ ભ્રમ નથી અને તેમાં વિશ્વાસ રાખવો તર્કયુકત છે એટલું જ નહિ પરંતુ એ શકય પણ છે.

*

આંતરિક તેમ જ બાહ્ય રીતે અદૃશ્ય શક્તિ સ્પષ્ટ પરિણામો ઉત્પન્ન કરે છે તે યોગિક ચેતનાનો પૂર્ણ અર્થ છે. તમારો યોગ વિશેનો પ્રશ્ન કે તેમાં કેવળ શકિતની લાગણી અનુભવાય, પરંતુ પરિણામ ન આવે એ ખરેખર વિચિત્ર છે. આવી અર્થ-હીન ભ્રમણાથી કોણ સંતોષ પામે અને તેને શકિત કઈ રીતે કહે ? જો અમારી પાસે એવાં અનુભૂતિઓનાં હજારો દૃષ્ટાંતો ન હોત જેમાં એક આંતરિક શકિત મનમાં પરિવર્તન લાવે, તેની શક્તિઓનો વિકાસ કરે, નવીન શક્તિઓની વૃદ્ધિ થાય, જ્ઞાનની નવી ક્ષિતિજો ખોલે, પ્રાણમય ગતિઓ ઉપર કાબૂ પ્રાપ્ત કરાવે, ચારિત્ર્યમાં પરિવર્તન લાવે, માનવો અને વસ્તુઓ ઉપર અસર કરે, બનાવોમાં ફેરફારો કરે વગેરે વગેરે તો અમે અત્યારે જે રીતે બોલીએ છીએ તે રીતે કહીએ નહિ. તે ઉપરાંત, તેનાં પરિણામોમાં નહિ પરંતુ તેની ગતિઓમાં પણ તે શક્તિ વાસ્તવિક અને સઘન હોય છે. જયારે હું બળ અથવા શકિતની અનુભૂતિ વિશે વાત કરું ત્યારે હું કેવળ અનુમાન ઉપર બંધાયેલી લાગણીની વાત કરતો નથી, પરંતુ તેની સઘન અનુભૂતિ વિશે, અને પરિણામે તેને અસરકારક રીતે મોકલવા માટે, તેનામાં ફેરફારો કરવા વિશે

અને તેની ગતિ વિશે તથા તેના જથ્થા અને તીવ્રતા માટે સજ્ઞાન હોવા વિશે, અને તે જ પ્રમાણે બીજી શક્તિ અથવા વિરોધી બળોની શક્તિ વિશે, સજ્ઞાન રીતે વાત કરું છું; આ બધી જ વસ્તુઓ શકય છે અને યોગના વિકાસ પ્રમાણે સ્વાભાવિક બને છે.

અતિમનસ, શકિત ન હોય, તો તે એવી શકિત નથી જે શરતો અને મર્યાદા સિવાય કાર્ય કરી શકે. અતિમનસ બળ શરતો અને મર્યાદામાં કાર્ય કરતું નથી. યોગ અથવા સાધનાનું કાર્ય કરવાનું હોય તો તેમાં શરતો અને નિયમો હોય છે, જે તરંગી અથવા ધૂની હોતા નથી; તેઓ વસ્તુઓની પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. આ બધા નિયમો સહિત, જેમાં સંકલ્પશકિત, ગ્રહણશીલતા, સંમતિ, આત્મ-ખુલ્લાપણું અને સમર્પણને યોગશકિતમાં માન આપવું પડે છે, સિવાય કે તેને પરાત્પરની સંમતિ પ્રાપ્ત થઈ હોય અને જેમાં બધી વસ્તુઓથી ઉપરવટ થઈને કાર્ય કરવાનું હોય, પરંતુ તેમાં તેવી સંમતિ ભાગ્યે જ આપવામાં આવે છે. જો અતિમનસ શકિત પૂર્ણ રીતે નીચે ઊતરી આવે, અને નહિ કે તેની અસરો અધિમનસ મારફતે મોકલે, તો વસ્તુઓને સ્પષ્ટ રીતે તે હેતુ તરફ દોરી શકાય – કારણ કે ત્યાર પછી તેની સંમતિ અલભ્ય ન બને. કારણ કે દિવ્ય સત્યનો ધર્મ કાર્યરત બની જાય, અને તે અજ્ઞાનતા ધર્મ પ્રમાણે તેને સતત સંતુલિત રાખવો પડે નહિ.

તેમ છતાં મેં જે રીતે વર્ણન આપ્યું તે રીતે યોગ-બળ કાયમ વાસ્તવિક અને સત્ય હોય છે અને તેનાં વાસ્તવિક પરિણામો આવે છે. પરંતુ તે દશ્યમાન હોતાં નથી – એક ફટકો પડે અથવા પૂર ઝડપે દોડતી મોટર કાર જે રીતે કોઈને ધક્કો મારીને પાડી દે અને સ્થૂલ ઈન્દ્રિયો દ્વારા તેનું દર્શન થાય તે રીતનું દર્શન નહિ. કેવળ સ્થૂલ મન કઈ રીતે જાણી શકે કે તે શકિત અસ્તિત્વ ધરાવે છે અને કાર્ય કરે છે? તેના પરિણામો દ્વારા? તે કઈ રીતે જાણે કે પરિણામો યૌગિક શક્તિથી આવેલાં છે અને બીજી કોઈ વસ્તુઓ દ્વારા નહિ? બેમાંથી એક વસ્તુ તો હોવી જોઈએ યા તો સ્થૂલ મને પોતાની ચેતનાને અંતરમાં ઊતરવાની મંજૂરી આપવી પડે જેથી કરીને તે આંતરિક વસ્તુઓ વિશે સભાન બને, અને અદૃશ્ય અને પરા-ભૌતિક દ્વારા અનુભૂતિને માનવી પડે અને પછીથી એ અનુભૂતિ દ્વારા, નવીન શકિતઓના ખુલ્લાપણાથી તે આ બધી શક્તિઓ વિશે સજ્ઞાન બને, અને તેમને જોઈ શકે, અનુભવી શકે તથા તેનાં કાર્યોને જે રીતે વિજ્ઞાની પ્રકૃતિના અદૃશ્ય બળોનો ઉપયોગ કરે છે તે રીતે તેમની ક્રિયાઓનો ઉપયોગ કરી શકે. અથવા તો વ્યક્તિએ શ્રદ્ધા રાખવી જોઈએ અને નિરીક્ષણ કરવું જોઈએ અને પોતાની જાતને ખુલ્લી કરવી જોઈએ અને

તે પછી વસ્તુઓ કઈ રીતે બની આવે છે તે જોવાની શરૂઆત કરશે અને જાણશે કે જ્યારે શકિતને અંદર બોલાવવામાં આવી ત્યાર પછી થોડા સમય પછી પરિણામ આવવાની શરૂઆત થઈ. ત્યાર પછી તેના પુનરાવર્તન અને ફરી ફરી પુનરાવર્તન થવા માંડયાં, વધારે સ્પષ્ટ અને નક્કર પરિણામો આવ્યાં અને તેની સંખ્યા વધવા માંડી; પરિણામો વધારે સ્થિર રીતે આવવા લાગ્યાં અને શક્તિ કાર્ય કરે છે તેની અનુભૂતિ અને સજાગતા આવવા લાગી – ત્યાં સુધીમાં અનુભૂતિ હરરોજની, નિયમિત, સામાન્ય અને પૂર્ણ વસ્તુ બને છે. આ બે મુખ્ય પદ્ધતિઓ છે, એક આંતરિત રીતે જે બાહ્યમાંથી કાર્ય કરે છે અને બીજી બાહ્ય, જે બાહ્યમાંથી કાર્ય કરી આંતરિક શકિતને બોલાવે છે, અને છેવટે તે વસ્તુ સમગ્રમાં અંદર પ્રસરી જાય છે અને બાહ્ય ચેતનામાં પણ દશ્યમાન થાય છે. પરંતુ જો કોઈ કેવળ બાહ્યમાં જ રહેવાના વલણને અપનાવે, તો તેમાંથી કાંઈ નિષ્પન્ન થતું નથી, કેવળ બાહ્ય નક્કર વસ્તુ રહે છે, અને તે આંતરિક સઘન વસ્તુ સાથે જોડાણ કરવામાં અસંમત થાય છે – નહિ તો પછી સ્થૂલ મન દરેક પગલે શંકાઓનું નૃત્ય કર્યા કરે છે જે આવિર્ભાવ પામતી અનુભૂતિનો વિકાસ સાધવાનો ઈન્કાર કરે છે; વિજ્ઞાની પણ જે નવીન પ્રયોગ કરે છે, તે પણ જો તેના મનને તે પ્રમાણે ચાલવા દે, તો કદી તે પ્રયોગોમાં સફળ થાય નહિ.

*

નક્કર ? તમે નક્કર એટલે શું કહેવા માગો છો ? આધ્યાત્મિક શક્તિમાં તેની પોતાની સઘનતા હોય છે; તે કોઈ પણ રૂપ લઈ શકે છે (દા.ત. કોઈ ઝરણા જેવું) અને તેના વિશે વ્યકિત સભાન હોય છે અને તેને જે વસ્તુ ઉપર મોકલવાની તેની ઈચ્છા હોય તેના તરફ તેને સઘન રીતે મોકલી શકે છે.

આધ્યાત્મિક ચેતનામાં અંતર્હિત રહેલી શક્તિ વિશેની વાસ્તવિકતા વિશેનું આ વિધાન છે. પરંતુ એવી પણ કોઈક વસ્તુ છે, જેમ કે કોઈ પણ સૂક્ષ્મ બળનો સંકલ્પપૂર્વકનો ઉપયોગ – તે આધ્યાત્મિક, મનોમય કે પ્રાણિક પણ હોઈ શકે – જગતમાં રહેલા કોઈ મુદ્દા ઉપર વિશિષ્ટ પ્રકારનું પરિણામ લાવવા માટે તેનો ઉપયોગ થાય છે. જેવી રીતે અદશ્ય સ્થૂલ વસ્તુઓનાં મોજાંઓ હોય છે (કોસ્મિક કિરણોનાં મોજાં વગેરે) અથવા વિદ્યુત તરંગો હોય છે, તે પ્રમાણે મનોમય તરંગો, વિચાર-આંદોલનો, લાગણીનાં મોજાંઓ પણ હોય છે – દા.ત. ગુસ્સો, દુ:ખ વગેરે જે બહાર જાય છે અને બીજાઓ ઉપર અસર કરે છે અને તેમને જ્ઞાન પણ હોતું નથી કે તે કયાંથી આવે છે, અથવા તે આવે છે કે કેમ; પરંતુ તે વ્યકિત પરિણામ અનુભવી શકે

છે. જેનામાં ગુહ્ય જ્ઞાન હોય છે અથવા જેમની આંતર-ઈન્દ્રિયો જાગ્રત હોય છે, તેઓ તેમને આવતા અનુભવે છે અને તેમનો ઉપરનો હલ્લો પણ અનુભવી શકે છે; ખરાબ કે સારી અસરો આ રીતે પોતાની જાહેરાતો કરે છે. તે કોઈ પણ હેતુ વગર અથવા સ્વાભાવિક રીતે પણ બની શકે છે, પરંતુ જાણીબૂઝીને પણ તેમનો ઉપયોગ કરી શકાય છે. તે પ્રમાણે એક શક્તિના હેતુમય સર્જન માટે પણ, આધ્યાત્મિક કે કોઈ પણ પ્રકારની શક્તિનો ઉપયોગ થઈ શકે છે. તે ઉપરાંત અસરકારક સંકલ્પશક્તિનો અથવા વિચારનો પણ બાહ્ય કર્મ, વાણી અથવા કોઈ સાધનની મદદ વગર સીધે-સીધો ઉપયોગ કરી શકાય છે. અને તે વસ્તુને કોઈ પણ અર્થમાં સઘન ન કહી શકાય અને તેમ છતાં તે અસરકારક બની શકે છે આ બધી વસ્તુઓ કોઈ કલ્પનાના તુક્કા અથવા ભ્રમ નથી, પરંતુ સાચી ઘટનાઓ છે.

*

તમને કોઈ બળ ( શક્તિ )ની અનુભૂતિ થતી નથી એ હકીકત સાબિત કરતી નથી કે તે ત્યાં નથી. વરાળ-યંત્ર તેને ગતિ આપતી શક્તિની અનુભૂતિ કરતું નથી પરંતુ બળ તો ત્યાં છે જ. માણસ વરાળયંત્ર નથી ? તે થોડા ઓછા પ્રમાણમાં વધારે સારું યંત્ર છે, કારણ કે તે તેની સપાટી ઉપર રહેલી કોઈક એવી વસ્તુ વિશે ગણગણે છે, જેના વિશે તે સભાન છે અને પોતાને ‘ પોતાની જાત ’ કહે છે અને તેની અંદર રહેલી અવચેતન, પૃષ્ઠસ્થ અને અતિચિત્ શક્તિઓ, તેને જે ગતિ આપે છે તેના વિશે બિલકુલ અચેતન છે ( આ હકીકતનું આધુનિક માનસ-શાસ્ત્રે વધારે અને વધારે સ્થાપન કરવા માંડયું છે. જોકે તેણે ફક્ત નિમ્ન શક્તિ ઉપર જ કાબૂ જમાવ્યો છે અને નહિ કે ઊર્ધ્વ શક્તિ ઉપર — તેથી તમારે તમારું તર્કયુક્ત નાક તેમાં ન અડાવવું ) તે બૌદ્ધિક રીતે સપાટી ઉપરનાં પરિણામો વિશે મૂર્ખાઈથી ચીંચીં કરે છે અને તે બધાં પરિણામો તેના ‘ ઉન્નત પોતાપણા ’ને આધારે છે એમ જણાવે છે અને તે હકીકત વિશે અજાણ છે કે તેની ‘ ઉમદા જાત ’ તો તેના દષ્ટિબિંદુથી ઘણે ઊંડે ઊંડે ઝાંખી બુદ્ધિના ચમકારાની પાછળ બુરખામાં તથા તેના ધુમ્મસમય પ્રાણમય લાગણીઓ અને ઊર્મિઓમાં આવેલાં સંવેદનો અને છાપોની પાછળ બુરખામાં છુપાયેલી છે. તેથી તમારી દલીલ બિલકુલ મૂર્ખાઈભરી અને નિષ્ફળ છે. અમારું લક્ષ્ય છે ગુપ્ત શક્તિઓને દીવાલની બહાર ખુલ્લામાં લાવવી, જેથી કરીને પોતાની જાત વિશે કેટલીક છાયાઓ અને વીજળીના ચમકારા જે બુરખામાંથી એવી રીતે દેખાય અથવા તો જાણે કે અટકી રહેલા હોય છે, તેઓ ઝરણારૂપે બહાર નીકળીને નદી બને. પરંતુ આ વસ્તુ તાત્કાલિક બની આવે એવી આશા રાખવી એ વધારે પડતી માગણી છે અને તે અધીરાઈભર્યું, અજ્ઞાન અને અનુભવની ખામી

બતાવે છે. જો પ્રથમ તેઓ ફક્ત ઝમવા માંડે તો ભાવિમાં તેનો વરસાદ થશે એવા વિશ્વાસને ન્યાયી ઠરાવે છે. તમે કબૂલ કરો છો કે એક કે બે વખતે કોઈ શક્તિ નીચે ઊતરી આવતી તમે અનુભવેલી. તે સાબિત કરે છે કે શક્તિ ત્યાં હતી અને હજુ કાર્ય કરે છે. પરંતુ તમારી પરસેવો પાડતી મજૂરી તેને અનુભવવા માટે વિઘ્નરૂપ છે. ઉપરાંત જે ઝમવાની ક્રિયા થઈ છે તે નીચે વરસાદ વરસવાની ખાતરી આપે છે. વ્યક્તિએ સતત આગળ ચાલવાનું છે અને શક્તિ ઝડીઓથી વરસે તેના માટે તેનામાં ધીરજ હોવી જોઈએ, નહિ તો પછી અને જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેણે ધીરે ધીરે ગતિ કર્યા કરવાની છે. યોગમાં અનુભૂતિ પોતે જ એક વચન છે, અને તે ભાવિનું દર્શન છે, પરંતુ જ્યાં સુધી પ્રકૃતિ સિદ્ધિ માટે તૈયાર ન બને ત્યાં સુધી તે બંધ રહે છે. દરેક યોગી જે પોતાના ભૂતકાળની અનુભૂતિ ઉપર નજર રાખે તેને માટે આ ઘટના સાહજિક હોય છે. તમને થોડા સમય પહેલાં આનંદની આવી ટૂંકી મુલાકાતો થયેલી. તમારામાં જળો જેવી પ્રકૃતિ ન હોય તો કાંઈ વાંધો નથી — યોગીઓની ફક્ત એક જળો જેવી જ એક જાત નથી. તમે કોઈ પણ રીતે ચોંટી રહો, વળગી રહો અથવા ચોંટી જાઓ, તો તેટલું પૂરતું છે.

*

આવી વસ્તુઓ વિશે વાતચીત કરવી જોઈએ નહિ પરંતુ તે ગુપ્ત રાખવી જોઈએ....સામાન્ય બિનઆધ્યાત્મિક વસ્તુઓમાં પણ અદૃશ્ય અથવા સ્વલક્ષી બળોના કાર્ય વિશે શંકા ઉત્પન્ન થાય છે અને એવી ચર્ચા જેમાં ભૌતિક ખાતરી હોતી નથી, જ્યારે આધ્યાત્મિક બળ પોતે જ અદૃશ્ય વસ્તુ હોવાથી તેનું કાર્ય પણ અદૃશ્ય રીતે થાય છે એટલા માટે અમુક અમુક પરિણામ આધ્યાત્મિક બળને લઈને આવ્યું એ સાબિત કરવું નિરર્થક છે. દરેકે તેના વિશે પોતે જ વિચાર કરી લેવાનો કારણ કે જો તેને સ્વીકારવામાં આવે, તો તે તેની સાબિતિ અથવા દલીલના પરિણામે નહિ, પરંતુ અનુભૂતિના, શ્રદ્ધાના, હૃદયના ઊંડાણના આંતરદર્શનના અથવા ઊંડાણ-પૂર્વકની બુદ્ધિના પરિણામે આવે છે. આ વસ્તુઓ બાહ્ય દેખાવોની પાછળ રહેલી વસ્તુઓને જુએ છે અથવા તેમની પાછળ શું છે તે જોઈ શકે છે. આધ્યાત્મિક ચેતના પોતાના માટે તે પ્રકારનો દાવો કરતી નથી; તે પોતાના વિશેનું સત્ય જાહેર કરે છે પરંતુ અંગત સ્વીકૃતિ માટે તકરાર કરતી નથી. આધ્યાત્મિક બળ માટે એક સામાન્ય અને અવૈયક્તિક સત્ય જુદી બાબત છે પરંતુ તેને માટે સમય પાકયો છે કે કેમ અથવા તો કેવળ તર્કયુક્ત બુદ્ધિ દ્વારા તે સમજી શકાય એમ છે કે કેમ તેને વિશે મને શંકા છે.

*

આ બધા પ્રશ્નો વિશે જો હું યૌગિક દષ્ટિબિંદુથી લખું તો અને તે તર્કયુક્ત પાયા ઉપર હોય છતાં હાલના અભિપ્રાયોની સાથે ઘણા સંઘર્ષમાં ચોક્કસ હોવાનું. દા.ત. ચમત્કારો વિશે ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ દ્વારા નિર્ણયની મર્યાદાઓ વગેરે. આ બધા વિષયો વિશે લખવાનું મેં બને ત્યાં સુધી ટાળ્યું છે કારણ કે મારે એવી વસ્તુઓ વિશે જાહેરાત કરવી પડે તે સમજમાં ઊતરી શકે નહિ. મારે સ્થૂલ ઇન્દ્રિયો અથવા તેના પાયા ઉપર કાર્ય કરતી તર્કશક્તિ સિવાય બીજી સામગ્રીનો સંદર્ભ લેવો પડે. મારે એવા નિયમો અને બળો વિશે વાત કરવી પડે જે બુદ્ધિગમ્ય અથવા ભૌતિક વિજ્ઞાન સાબિત ન કરી શકે એવી હોય. મારાં જાહેર લખાણો તેમજ સાધકો સાથેના લખાણમાં આ વસ્તુઓ વિશેનો મેં ઉલ્લેખ નથી કર્યો કારણ કે તે સામાન્ય જ્ઞાન અને તેના પાયા ઉપર રચાયેલી સમજૂતીના ક્ષેત્રની બહારની વસ્તુ છે. કેટલાક માણસોને આ વસ્તુઓનું જ્ઞાન હોય છે, પરંતુ ઘણે ભાગે તેઓ આ વિશે વાતચીત કરતા નથી જ્યારે બીજા ઘણાના જાહેર અભિપ્રાયો યા તો માન્ય કરવામાં આવે છે અથવા અમાન્ય થાય છે પરંતુ બન્ને પ્રસંગોમાં તે જ્ઞાનની અનુભૂતિ સિવાયના હોય છે.

*

તમે જે તમારી અનુભૂતિ અને તમારા વિચારો વિશે લખો છો તેમાંથી એમ લાગે છે કે જાણે તે જૂના વિચારો અને ગતિઓ ઉપર ઊઠી આવતાં હોય. સાધનાના સરળ માર્ગ ઉપર આવું વારંવાર બની આવે છે. મનોમય સાક્ષાત્કારો અને આ પ્રકારના વિચારો ફક્ત અર્ધ-સત્ય હોય છે, અને તે પ્રમાણે પણ કાયમ હોતું નથી; એક વખત માણસ મનથી ઉપર જનારી સાધના હાથમાં લે ત્યાર પછી આ બધી વસ્તુઓને બહુ અગત્ય આપવી તે ભૂલ છે. તે બધી વસ્તુઓ ખોટી રીતે લગાડવા માટેની ભૂલ માટેની ફળદ્રુપ ભૂમિ બને છે.

તમને આવેલા વિચારોનું જો નિરીક્ષણ કરશો તો તમે જોઈ શકશો કે તે બિલકુલ અપર્યાપ્ત છે. દા.ત.

( ૧ ) ભૌતિક વસ્તુ ફક્ત દેખાવમાં જડ છે. આધુનિક વિજ્ઞાન પણ કબૂલ કરે છે કે ભૌતિક વસ્તુ ફક્ત ક્રિયામાં રહેલી શક્તિ છે, અને આપણે ભારતમાં જાણીએ છીએ તે પ્રમાણે, ચેતનાની ક્રિયા એ શક્તિ છે.

( ૨ ) ભૌતિક જગતમાં રહેલી પ્રકૃતિ જડ દેખાય છે, પરંતુ તે પણ એક બાહ્ય દેખાવ છે. હકીકતમાં પ્રકૃતિ આત્માની સચેતન શક્તિ છે.

(૩) ભૌતિક તત્ત્વમાં આત્મતત્ત્વને નીચે ઉતારી લાવવું એટલે જડ પ્રકૃતિમાં તેનો લય કરવો, એવું નથી. આત્માનું અવતરણ એટલે પ્રકાશ, ચેતના અને શક્તિનું અવતરણ, નહિ કે અચેતનતા અને જડતાની વૃદ્ધિ કરવી, જે જડ-લયનો અર્થ કરીએ છીએ તે પ્રમાણે.

(૪) આત્મા બીજી બધી જગાએ જેમ રહેલો છે તે પ્રમાણે જડતત્ત્વમાં અસ્તિત્વ ધરાવે જ છે. તે ફક્ત સપાટી ઉપરની બાહ્ય અચેતનતા છે અથવા તેની અંદર ચેતના અંતર્હિત છે તેમાં જે આધ્યાત્મિક ચેતના તેની અંદર ગુપ્ત રહેલી છે તેને જડ તત્ત્વમાં જાગ્રત કરવાની છે.

(૫) અમે ભૌતિક જગતમાં જે જે વસ્તુ ઉતારવાનું લક્ષ્ય રાખીએ છીએ તે અતિમનસ ચેતના, પ્રકાશ અને શક્તિ છે, કારણ કે આ એક જ વસ્તુ જગતમાં સાચું રૂપાંતર સાધી શકે એમ છે.

જો કોઈ સમયે અચેતનતા અથવા જડતાની વૃદ્ધિ થાય તો એટલા માટે કે આધ્યાત્મિક રૂપાંતરમાં સામાન્ય પ્રકૃતિ વિરોધ કરે છે. પરંતુ તેને ઉપર ઉઠાવવામાં આવે છે જેથી કરીને તેની સાથે કાર્ય કરી શકાય અને તેને નિર્મૂળ કરી શકાય. જો તેને સંતાઈ રહેવા દેવામાં આવે અને બહાર કાઢવામાં ન આવે તથા ઊંચે ઉઠાવવામાં ન આવે તો આ મુશ્કેલીનો ઉકેલ ન આવે અને સાચું રૂપાંતર સાધી શકાય નહિ.

*

જો ભૌતિક શક્તિમાં સર્જકશક્તિ ન હોત તો ભૌતિક વિશ્વનું અસ્તિત્વ હોત જ નહિ. જડતત્ત્વ અચેતન નથી અથવા તેનામાં સક્રિય શક્તિ નથી એમ પણ નથી – ફક્ત તેમાં કાર્ય કરતી ચેતના અને બળ અંતર્હિત છે. તેને માનસશાસ્ત્રીઓ, જેમાંથી બધી વસ્તુઓ બહાર આવે છે તેવું 'અચિત્' નામ આપે છે – પરંતુ તે ખરેખર અચિત્ હોતું નથી.

*

[1]'ગુણ'ની પહેલાં 'ધી' આર્ટિકલ મૂકવાની જરૂર નથી – અંગ્રેજીમાં

---

૧. આ સમજૂતી 'યોગ અને તેનાં લક્ષ્યો' (૧૯૬૮નું પ્રકાશન)પાનું ૧૩ ઉપર આપેલા ફકરાને અનુલક્ષીને છે.

'જડતત્ત્વ પોતે જ, તમને એક દિવસ જાણ થશે, કે જડ નથી, તે પદાર્થ નથી પરંતુ ચેતનાનું એક રૂપ છે, ગુણ છે; અને તે ગુણ ઇન્દ્રિયગમ્ય બનવાના ગુણના પરિણામે તેવું લાગે છે.'

તેનાથી અર્થ બદલાઈ જાય. આ પરિચ્છેદમાં જડતત્ત્વને ઇન્દ્રિયગમ્ય ગુણ તરીકે ગણવામાં આવતો નથી, હું એમ માનતો નથી કે તેનો કોઈ અર્થ હોય. તેને કોઈ શક્તિ અથવા ચેતનાની ક્રિયાના પરિણામરૂપ ગણવામાં આવ્યું છે. તે ચેતના ઇન્દ્રિયોની જાણ માટે પોતાના તે પ્રકારનાં રૂપો આગળ ધરે છે અને આ ઇન્દ્રિયગમ્યતાનો ગુણ, આપણે એમ કહી શકીએ કે જડતત્ત્વનો દેખાવ આપે છે એટલે કે કોઈ પ્રકારની તેમની પદાર્થતા તેમની અંદર અંતર્હિત છે – પરંતુ વાસ્તવિકતામાં તેઓ આત્મ-અસ્તિત્વ ધરાવતા પદાર્થો નથી પરંતુ ચેતનાનાં સ્વરૂપો છે. મુદ્દો એ છે કે ૧૯મી સદીનું વિજ્ઞાન જે વસ્તુને આત્મ-અસ્તિત્વ ધરાવતું જડતત્ત્વ સ્થાપિત કરે છે, તેવું તત્ત્વ છે જ નહિ.

*

તમારી તર્કયુક્ત બુદ્ધિ તમારી બંધ કોટડીમાં પુરાયેલી અને ઇન્દ્રિયયુક્ત ચેતનાની મર્યાદાવાળી વાતો કરે છે. તમારી વાતો ભૌતિક અવકાશમાં રહેલી ઘટનાઓ સાથેના અણઘડ સંબંધોની વાતોને અનુરૂપ છે. અવકાશ શું છે — સચેતન સ્વરૂપનો વિસ્તાર, જેમાં ચિત્-શક્તિ પોતાના સંજોગોનું ઘડતર કરે છે તે સિવાય અવકાશ એટલે શું ? સૂક્ષ્મ શારીરિક ભૂમિકામાં એક નહિ પણ ચેતનાના ઘણા સ્તરો હોય છે અને તે દરેક પોતાના સ્વરૂપમાં ફરે છે એટલે કે પોતાના અવકાશમાં. મેં કહ્યું છે કે દરેક સૂક્ષ્મ ભૂમિકા અનેક જગતોની ક્રમિક હારમાળા એકબીજા સાથે સંકળાયેલી છે. દરેક અવકાશ કોઈ પણ એક બિંદુએ મિલન પામે છે, એકબીજાની આરપાર જાય છે અથવા એકબીજા સાથે સંલગ્ન છે; તે પ્રમાણે એક મિલન બિંદુમાં અથવા આકસ્મિક મિલનમાં, કેટલાક સૂક્ષ્મ પદાર્થો હોય અને આપણે જે વસ્તુને આશરે અવકાશ કહેતા હોઈએ છીએ તેમાં તેમનો સમાવેશ થતો હોય અને તેમ છતાં તેઓ એકબીજાની સાથે કોઈ પણ સંબંધમાં ન હોય. જો કોઈ સંબંધ સ્થપાય તો તે સાધકની અનેકમુખી ચેતના તેનું સર્જન કરે છે અને તેમાં તેમના મિલનની જગા સ્પષ્ટ થાય છે.

બીજી રીતે, પદાર્થો વચ્ચે અવકાશના જુદા જૂદા પ્રદેશોમાં સંબંધ હોય અને તે એકબીજાની સાથે સંકળાયેલા હોય છે, જે રીતે સ્થૂલ ભૌતિક પદાર્થો અને તેમના ભાગો એકબીજા સાથે સંકળાયેલા હોય છે. ત્યાં તમે એક અવકાશ અને બીજા અવકાશ વચ્ચેના સંબંધો વિશે સહેલાઈથી વિચાર કરી શકો છો.

*

સમય અને અવકાશ મર્યાદિત નથી, તેઓ અનંત છે — તેઓ એવા શબ્દો છે

જેમાં ચેતનાનો વિસ્તાર હોય છે અને તેમાં વસ્તુઓ બની આવે છે અથવા વસ્તુઓ અમુક સંબંધ, ક્રમ અને વ્યવસ્થામાં ગોઠવાયેલી હોય છે. તે ઉપરાંત સમય અને અવકાશના જુદાજુદા ક્રમો હોય છે; તે પણ ચેતના ઉપર આધાર રાખે છે. શાશ્વત (પરમાત્મા) સમય અને અવકાશમાં વિસ્તરેલા છે પરંતુ તેઓ સમય અને અવકાશથી પણ પર રહેલા છે. સમયાતીતતા અને સમય બન્ને શાશ્વત અસ્તિત્વના બે પારિભાષિક શબ્દો છે. અવકાશહીન શાશ્વત એ કોઈ અવિભાજ્ય અવકાશની અનંતતા નથી; તેઓ તો કાંઈ નજીક પણ નથી અને દૂર પણ નથી, અહીં પણ નથી કે ત્યાં પણ નથી – સમયાતીત શાશ્વત તત્ત્વ વર્ષોમાં, કલાકોમાં કે યુગોમાં મપાતું નથી; તેની અનુભૂતિનું વર્ણન શાશ્વત ક્ષણ તરીકે કરવામાં આવેલું છે. પરંતુ મનને માટે આ અવસ્થાનું વર્ણન થઈ શકતું નથી, સિવાય કે નકાર દ્વારા – માણસોએ પોતાનાથી ઊર્ધ્વમાં જવું જોઈએ અને ત્યાં તેનો સાક્ષાત્કાર કરવો જોઈએ.

*

આ [1]વિરોધનો પાયો, માનવના અવકાશ વિશેના ત્રણ પરિમાણોના વિચાર ઉપર તેમ જ અવકાશના વિભાજન ઉપર રચાયેલો છે, અને તે વસ્તુઓનો પાયો પણ માનવની ઇન્દ્રિયોની મર્યાદિત પ્રકૃતિ ઉપર છે. કેટલાંક સત્ત્વો માટે અવકાશ એક પરિમાણનું હોય છે, બીજાઓ માટે બે પરિમાણો અને કેટલાક માટે ત્રણ પરિમાણો પણ હોય છે. તત્ત્વજ્ઞાનમાં એ વસ્તુ બરાબર જાણીતી છે કે અનંત તત્ત્વ એક બિંદુમાં પણ હોઈ શકે અને કેવળ અવકાશના વિસ્તારમાં જ નહિ – જે રીતે સમયમાં વિસ્તારની શાશ્વતતા હોય છે એ રીતે; પરંતુ એવી શાશ્વતી પણ હોય છે જે કાળથી સ્વતંત્ર હોય છે જેથી કરીને તેની અનુભૂતિ એક ક્ષણમાં થઈ શકે – માણસે તેની અનુભૂતિ માટે લાખો અને કરોડો વર્ષ સુધી તેનો વિચાર કરવાનો હોતો નથી. તે જ પ્રમાણે એકની વિરુદ્ધ અનેકનો જિદ્દી ભેદ સ્વીકાર્યો છે, કે એકમેવ અનેક હોઈ શકે નહિ અથવા તો સર્વને સમજવા માટે સરવાળો કરવો પડે અને તે સિવાય સર્વ આત્મ-અસ્તિત્વ ધરાવી શકે નહિ એ બધું અણઘડ મનોમય ખ્યાલો છે અને તે સાંત મન દ્વારા ઉત્પન્ન કરેલા છે અને તે બધાં અનંતને લાગુ પાડી શકાય નહિ. જો આ સમગ્ર સર્વ આ રીતનું ભૌતિક અને બિનઆધ્યાત્મિક પ્રકારનું હોય, અને તે પ્રાથમિક ગણિતશાસ્ત્ર અને ભૂમિતિની સાથે બંધાયેલું હોય, તો પોતાની અંદર રહેલા વિશ્વનો, દરેકમાં રહેલ સર્વનો અને દરેક સર્વમાં રહેલ છે,

---

૧. પરાત્પર પ્રભુ, જે સર્વવ્યાપી અને સર્વધારક, અનંત છે, તે કઈ રીતે માનવ-શરીરની નાનકડી જગામાં અવતાર ધારણ કરી શકે ?

બિંદુમાં વિશ્વ છે, તે બધું અશક્ય બને. તમારી બધી 'ક્ષ' વ્યક્તિઓ તત્ત્વજ્ઞાનના મૂળભૂત તત્ત્વો વિશે સ્પષ્ટ રીતે અજાણ છે, નહિ તો પછી તેઓએ આવા વિરોધો ઉઠાવ્યા ન હોત.

*

સર્વ વસ્તુઓની એક આત્મતત્ત્વ તરીકેની અનુભૂતિ દ્વારા જ વ્યક્તિ એકતામાં પહોંચી શકે – એકતા આધ્યાત્મિક ચેતનામાં રહેલી છે. – ભૌતિક દૃષ્ટિબિંદુ એ એક લાખો દૃષ્ટિબિંદુઓમાંનું એક છે – તેથી તે ઐક્ય માટેનો પાયો નથી. પરંતુ તમે એક વખત ચેતનાના ઐક્યમાં પહોંચો, તો તેની મારફતે તમે મનોમય પદાર્થ, મનોમય શક્તિ વગેરે, પ્રાણમય પદાર્થ (ગતિમાન) અને પ્રાણમય શક્તિ, ભૌતિક પદાર્થની એકતા અને શક્તિઓની એકતા અનુભવી શકો. સ્વરૂપ–સ્વરૂપની ચેતના-ચેતનાની શક્તિ – ચેતનાનું સ્વરૂપ, સર્વ વસ્તુઓ ખરેખર તે જ છે તે આત્મતત્ત્વ.

*

એ બિલકુલ સાચું છે કે 'વહેમ' શબ્દ જે લોકો ભૌતિકવાદી વિચારસરણીની સાથે જે વિચારસરણી સંમત ન હોય તેની માન્યતાને ધોકો મારી પાડી દેવા માટેનું હાથવગું સાધન છે, એટલે કે સ્થૂલ મન ભૌતિક પ્રક્રિયાના દેખાતા નિયમની સાથે કામ લે છે તે. તે ઉપરાંત પોતે જેને અતિભૌતિક સત્યો માનેલાં હોય તેનાં તાર્કિક ધારાધોરણો પ્રમાણે જે વિચારો સુસંગત ન હોય તેમનો નિકાલ કરી લેવા માટે પણ તે શબ્દ વપરાય છે. ઘણા યુગો સુધી માનવ એવી માન્યતાઓ સેવતો હતો જેમાં એવી અંતર્હિત શક્તિ માનેલી જે સ્થૂલ મનના સિદ્ધાંતો માટે અજાણ હતી અને જે શક્તિને બાહ્ય બુદ્ધિ અને ઇન્દ્રિયો સાક્ષી આપી શકતાં નહિ. સાયન્સ જ્ઞાનની એક એવી પદ્ધતિ લઈને આવ્યું જેણે ચેતનાના આ બાહ્ય ક્ષેત્રનો વિસ્તાર વધાર્યો અને તેણે એમ વિચાર્યું કે આ પદ્ધતિ દ્વારા સર્વ અસ્તિત્વની સમજૂતી આપી શકાશે. તેણે જે પ્રાચીન માન્યતાઓ હતી તેનું પરીક્ષણ કર્યા સિવાય તેમનો 'વહેમો' તરીકે આ રીતે ઉચ્છેદ ઉડાવી દીધો – સાચી, અર્ધ-સત્ય અથવા ખોટી કહીને એક સપાટામાં આ સર્વસ્વ કચરાપેટીમાં ફેંકી દેવાયું કારણ કે તે માન્યતાઓ ભૌતિક વિજ્ઞાનના ઉપર આધાર રાખતી નહોતી અને તેના મસાલાની (data) બહારની વસ્તુ હતી અથવા તો તેઓ તેના દૃષ્ટિબિંદુની સાથે સુમેળમાં નહોતી અથવા નહોતી લાગતી. અતિ-ભૌતિક અનુભૂતિના ક્ષેત્રમાં પણ એટલી વસ્તુઓનો જ સ્વીકાર કરવામાં આવતો જે વસ્તુ મનોમય તાર્કિક સમજૂતી આપી શકે અને તે પણ વિચારોની અમુક સરહદ સુધી જ – બાકીનું બધું, જેને સમજવા

માટે ગુહ્ય, રહસ્યમય અથવા સપાટી નીચેથી ઊંડાણમાંથી ઉદ્ભવતી વસ્તુઓને ‘વહેમ’ તરીકે ગણીને બાજુ પર મૂકી દેવામાં આવતી. જે સામાન્ય માન્યતાઓ હતી, જે કેટલીક વખત કલ્પનાના ફલરૂપે હતી પરન્તુ બીજી કેટલીક વખત પરંપરાથી ચાલી આવતી અનુભૂતિઓનું જ્ઞાન હતું અથવા સાચી પ્રકૃતિદત્ત પ્રેરણાઓ હતી તે બધાનું ભાવિ પણ તેવું જ નીવડ્યું. આ બધું એક ઉતાવળિયું અને બિનકાયદેસરનું કાર્ય હતું, અને તે પોતે જ એક મર્યાદિત ક્ષેત્રને ખરેખર લાગુ પડે એવી નવીન પદ્ધતિ માટે સર્વ-સંતોષકારક હતું, તે ‘વહેમ’ના પાયા ઉપર રચાયેલી વસ્તુ હવે તો ધીરે ધીરે સ્પષ્ટ થતી જાય છે. હું તમારી સાથે સહમત છું કે ‘વહેમ’ શબ્દ બિલકુલ વપરાવો ન જોઈએ અથવા તો ખૂબ સંભાળપૂર્વક વપરાવો જોઈએ. જે ધર્મ પોતે કૃપાળતા હોય અને પોતાનો પક્ષપાત હોય તેનો સ્વીકાર ન કરતી માન્યતાઓને તે લાગુ પાડવો તે સ્પષ્ટ રીતે જ કાળ-વિપર્યાસ ( કાળક્રમ દોષ ) છે.

જે વસ્તુઓને તે સમયે દોષ દેવામાં આવતો પરંતુ જે હાલમાં ફરીથી માન પામતું થયે તે અભિપ્રાયની વિરુદ્ધનું વલણ અત્યારે વૃદ્ધિ પામતું જાય છે, એ ઘણું ધ્યાન ખેંચે તેવી બાબત છે. તમે જે દષ્ટાંતો આપો છો, તેમાં વૃદ્ધિ કરવા માટે બીજા સેંકડો દૃષ્ટાંતો આપી શકાય.

વ્યક્તિ બરાબર સમજી શકતી નથી કે હસ્તાક્ષરશાસ્ત્રમાં રહેલી માન્યતાને શા માટે બુદ્ધિ વગરની અને વહેમ તરીકે કાઢી નાખવી ન જોઈએ; મને એ માનવું બિલકુલ તર્કયુક્ત લાગે છે કે માનવીના હસ્તાક્ષર તેના સ્વભાવ અને પ્રકૃતિને અનુરૂપ હોય છે અથવા તેનું પરિણામ છે અને તે પ્રમાણે જો હોય તો હસ્તાક્ષરની પરીક્ષા તેના ચારિત્ર્યની સમજૂતી સાબિત કરી શકે. હવે તો એ હકીકત જાણીતી થયેલી છે કે દરેક માનવીના પોતાનામાં એક વૈયક્તિકતા હોય છે અને બીજા માનવીઓ કરતાં તેનું પોતાનું અમુક ઘડતર હોય છે અને સામાન્ય માનવ-યોજનામાં ઝીણા ઝીણા ઘણા ભેદભાવો અને તફાવતો હોય છે – આ વસ્તુઓ નાની નાની શારીરિક ખાસિયતો વિશે સાચું છે, અને સ્પષ્ટ રીતે તે જ પ્રમાણે માનસશાસ્ત્રીય ખાસિયતો વિશે પણ સાચું છે; તે બન્ને વચ્ચે કોઈ પણ જાતનું સંકલન ધારી લેવું એ તર્કહીન નથી. તે પાયા ઉપર હસ્તરેખાશાસ્ત્રનું પણ કોઈક સત્ય હોઈ શકે કારણ કે એ હકીકત જાણીતી છે કે એક માનવીના હાથની રેખા બીજા માનવીના હાથની રેખાથી ભિન્ન હોય છે અને આ વસ્તુ તેમ જ સામુદ્રિકશાસ્ત્રના તફાવતો માનસશાસ્ત્રીય લક્ષણો ધારણ કરે છે તે અશક્ય નથી. બૌધિક અસરો નીચે તાલીમ લીધેલા મનની મુશ્કેલીઓ આ રેખાઓ અથવા જ્યોતિષશાસ્ત્રની સામગ્રી દ્વારા જ્યારે ભાગ્ય

વિશે નિશાનીઓ તરીકે મૂલવવામાં આવે છે ત્યારે, વધે છે કારણ કે આધુનિક બુદ્ધિવાદે ભાવિનું નિર્માણ થઈ ચૂક્યું છે અથવા નિર્માણ થઈ શકે છે તે સ્વીકારવાનો મક્કમતાપૂર્વક ઇન્કાર કરેલો છે. પરંતુ આ વસ્તુ પણ આધુનિક માનસના 'વહેમો' જેવું વધારે અને વધારે લાગતું જાય છે, એક માન્યતા જે વિજ્ઞાનના પાયાના ખ્યાલોથી વિચિત્ર રીતે ઊલટી પ્રકારની માન્યતા. કારણ કે સાયન્સે ગઈ કાલ સુધી એવી માન્યતા સેવેલી છે કે પ્રકૃતિમાં દરેક વસ્તુનું નિર્માણ થયેલું છે અને વિજ્ઞાન તે નિર્માણના નિયમોને શોધવાનો પ્રયત્ન કરે છે અને તેના પાયા ઉપર બનતી સ્થૂલ ઘટનાઓના ભાવિ વિશે આગાહી કરવાનો પ્રયત્ન કરે છે. જો તે પ્રમાણે હોય તો એમ માનવું બિલકુલ તર્કસંમત છે કે જગતમાં બનતી માનવને લગતી ઘટનાઓની નિયતિ વિશે અદશ્ય એવા સંબંધો છે અને તેથી ભાવિમાં બનનારી ઘટનાઓ વિશે આગાહી કરી શકાય તે વસ્તુ જ્યોતિષશાસ્ત્ર અનુસાર કે હસ્તરેખા દ્વારા બની શકે કે કેમ તે તપાસનો વિષય છે અને તે વસ્તુની શકયતાનો તાત્કાલિક ઉચ્છેદ ઉડાવી દેવાથી કોઈ આગળ પ્રગતિ કરી શકે નહિ. જ્યોતિષશાસ્ત્રનો દાવો ઠીક ઠીક પ્રમાણમાં મજબૂત છે; અને હસ્તરેખા વિજ્ઞાન પણ અસ્તિત્વ ધરાવે છે.

બીજી બાજુએ, બીજી દિશામાં વધુ પડતી ઝડપથી દોડી જવું એ પણ સહિસલામત નથી. આ ક્ષેત્રની દરેક વસ્તુને માની લેવી અને આ જ્ઞાનની મુશ્કેલ શાખાઓની મર્યાદા અને ક્ષતિના તત્ત્વ તરફ આંખમીચામણાં કરવાં એ તેનાથી વિરુદ્ધ વલણ છે — અતિશય શ્રદ્ધાને લઈને તેમના ઉપર અશ્રદ્ધા થવામાં મદદ થઈ કારણ કે તેમની ક્ષતિઓ અમુક ચોક્કસ હતી. ગ્રહો ભાવિનું નિર્માણ કરે છે તે વસ્તુ સ્થાપિત થયેલી મને લાગતી નથી — જો કે તે શકય હોઈ શકે પરંતુ તે એવું દેખાડે છે કે જાણે તે સૂચન કરતા હોય – અથવા તો કેટલીક ચોક્કસ વસ્તુઓ અથવા ભાવિ માટેની શકયતાઓ દર્શાવતા હોય. જ્યોતિષશાસ્ત્રીઓ પણ કબૂલ કરે છે કે માણસની પોતાની અંદર કોઈ નિર્માણનું એવું તત્ત્વ હોય છે જે તે શાસ્ત્રની આગાહીના ક્ષેત્રને મર્યાદિત કરે છે અને કેટલીક નિશ્ચિત ફલાદેશ કરેલી વસ્તુઓને બદલાવી શકે છે. જગતમાં વસ્તુઓના કોઈ પણ નિર્માણ કરવામાં ઘણી એકબીજામાં ગૂંચાયેલી શકિતઓની જટિલતા હોય છે અને જ્યારે આપણે એક દોરીને ગૂંચમાંથી છૂટી પાડીએ છીએ અને તેને અનુસરીએ છીએ ત્યારે આપણને અદ્ભુત પરિણામો મળે છે પરંતુ આપણે તેને ફકત એકમાત્ર આધારરૂપ ચાવી તરીકે સ્વીકારી શકીએ નહિ. મનની પદ્ધતિઓ બહુ રૂઢ હોય છે અને સાચી વસ્તુ અથવા સમગ્ર સત્યના ઉકેલ માટે એટલી બધી સાદી હોય છે કે મૂળ વાસ્તવિકતા અથવા તેની અલગ ઘટનાઓને તે સમજી શકે નહિ.

માનવીના સ્વરૂપના શારીરિક અથવા મનોમય, કોઈ પણ નાના ભાગનું નિરીક્ષણ કરીને તેના વિશે ઘણુંખરું જાણવાની શકયતા વિશેના તમારા વિધાનને હું સ્વીકારી શકું, પરંતુ હું એમ માનું છું કે એ પ્રમાણે કહેવું વધારે પડતું છે જાણે કે તેના વાળના એક નાના ટુકડા ઉપરથી સમગ્ર માનવની પુનઃરચના કરવા જેવું. માનવસ્વરૂપમાં રહેલાં તત્ત્વોની જટિલતા અને વિધવિધતાના મારા જ્ઞાન ઉપરથી મારે કહેવું જોઈએ કે આવી પ્રક્રિયા જોખમકારક છે અને આવા અનુમાન ઉપર બંધાયેલી રચનાની અતિશય ખાતરી રાખવાથી ઘણો વિશાળ અજ્ઞાતનો ભાગ છાયા પાથરીને ઊભો રહે છે.

*

હું ધારું છું કે ‘વહેમ’ જેવી કોઈ વસ્તુ છે તેનો ઈન્કાર કરવા સુધી ન જઈ શકીએ -- કોઈ રૂઢ થઈ ગયેલી માન્યતા, જેના માટે કોઈ પણ પાયો ન હોય અને તે પણ અનિશ્ચિત અને કોઈ પણ સંબંધ વગરનો હોઈ શકે. માનવમન આવી વસ્તુઓને સહેલાઈથી પકડી લે છે, આવી વસ્તુઓ જે હોઈ શકે અથવા તેમના પોતાનામાં સાચી હોય, અને આ એવા પ્રકારનું મિશ્રણ હોય છે જે જ્ઞાનની શોધમાં ઘણી ગૂંચવણો ઊભી કરે છે. પરંતુ સ્પષ્ટ રીતે આ મિશ્રણને લઈને, આ વહેમની પાછળ કોઈક જગાએ અથવા તો તેનાથી બહુ દૂર નહિ એવી જગાએ ઘણે ભાગે કોઈ વાસ્તવિક સત્ય રહેલું હોય છે તેથી માણસે આ શબ્દ વાપરતાં પહેલાં બહુ સાચવેત રહેવું જોઈએ અથવા તો તે શબ્દની, સાવરણીથી. સાચી, અંશતઃ સાચી વસ્તુને અથવા તો અજ્ઞાત વસ્તુને વાળીઝૂડી નાખવી ન જોઈએ અને તેનાથી સાફ થયેલી જમીન જ એકમાત્ર સત્ય છે એમ ન માનવું જોઈએ.

*

જ્યારે મેં ‘રૂઢ અંધ માન્યતા’ વાકય લખેલું ત્યારે હું ધાર્મિક માન્યતાઓ વિશે ખરેખર વિચાર કરતો ન હતો, પરંતુ સામાન્ય જાહેર વિચારો અને માન્યતાઓ વિશે મેં વિચારેલું. આ વસ્તુ વિશેની તમારી લાગણી બિલકુલ બરાબર છે. માણસ પોતાના માર્ગમાં ખરેખર શ્રદ્ધા રાખી તેનું અનુસરણ કરી શકે, અને તેમ કરવું જોઈએ અને બીજાઓ પણ જે પોતે માને તેનાથી ભિન્ન અશ્રદ્ધાવાળા હોય તેમને તેણે ધિક્કારવા ન જોઈએ તેમ જ ઉતારી પાડવા ન જોઈએ કારણ કે તે પોતે જ શ્રેષ્ઠ અને વિશાળતમ સત્ય જુએ છે એ માનવું ભૂલભરેલું છે. આધ્યાત્મિક ક્ષેત્ર ઘણાં પાસાંઓવાળું છે અને તેમાં ઘણી જટિલતાઓ છે અને તેમાં અનુભૂતિઓની અનેક પ્રકારની વિવિધતાઓ માટે અવકાશ છે તે ઉપરાંત, બધા

જ મનોમય અહંકાર—અને આધ્યાત્મિક અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ અને તેથી કરીને આ શ્રેષ્ઠતાની ભાવનાનું લાલન ન કરવું જોઈએ.

**નોંધ**: આ યોગનું એક સચ્ચાઈભર્યું અને સમગ્ર તથા એકાગ્ર અનુસરણ એવી ભૂમિકાએ દોરી જવું જોઈએ જ્યાં આવું રૂઢ મનોમય વિભાજન અસ્તિત્વ ધરાવતું નથી, કારણ કે તે મનોમય દીવાલો હોય છે અને દિવ્ય સત્ય અને દિવ્ય જ્ઞાનની આસપાસ તે ઊભી થાય છે અને તેથી કરીને બીજાઓ તરફથી તે કપાઈ જાય છે; પરંતુ મનથી ઉપરના પ્રદેશમાંથી લીધેલું આ દૃષ્ટિબિંદુ પરિજ્ઞાનક હોય છે અને તેમાં દરેક પોતપોતાની જગાએ સમગ્રમાં સમાઈ જાય છે.

*

માનવીના સ્વરૂપના શારીરિક અથવા મનોમય, કોઈ પણ નાના ભાગનું નિરીક્ષણ કરીને તેના વિશે ઘણુંખરું જાણવાની શકયતા વિશેના તમારા વિધાનને હું સ્વીકારી શકું, પરંતુ હું એમ માનું છું કે એ પ્રમાણે કહેવું વધારે પડતું છે જાણે કે તેના વાળના એક નાના ટુકડા ઉપરથી સમગ્ર માનવની પુનઃરચના કરવા જેવું. માનવસ્વરૂપમાં રહેલાં તત્ત્વોની જટિલતા અને વિધવિધતાના મારા જ્ઞાન ઉપરથી મારે કહેવું જોઈએ કે આવી પ્રક્રિયા જોખમકારક છે અને આવા અનુમાન ઉપર બંધાયેલી રચનાની અતિશય ખાતરી રાખવાથી ઘણો વિશાળ અજ્ઞાતનો ભાગ છાયા પાથરીને ઊભો રહે છે.

*

હું ધારું છું કે 'વહેમ' જેવી કોઈ વસ્તુ છે તેનો ઇન્કાર કરવા સુધી ન જઈ શકીએ -- કોઈ રૂઢ થઈ ગયેલી માન્યતા, જેના માટે કોઈ પણ પાયો ન હોય અને તે પણ અનિશ્ચિત અને કોઈ પણ સંબંધ વગરનો હોઈ શકે. માનવમન આવી વસ્તુઓને સહેલાઈથી પકડી લે છે, આવી વસ્તુઓ જે હોઈ શકે અથવા તેમના પોતાનામાં સાચી હોય, અને આ એવા પ્રકારનું મિશ્રણ હોય છે જે જ્ઞાનની શોધમાં ઘણી ગૂંચવણો ઊભી કરે છે. પરંતુ સ્પષ્ટ રીતે આ મિશ્રણને લઈને, આ વહેમની પાછળ કોઈક જગાએ અથવા તો તેનાથી બહુ દૂર નહિ એવી જગાએ ઘણે ભાગે કોઈ વાસ્તવિક સત્ય રહેલું હોય છે તેથી માણસે આ શબ્દ વાપરતાં પહેલાં બહુ સાચવેત રહેવું જોઈએ અથવા તો તે શબ્દની, સાવરણીથી. સાચી, અંશતઃ સાચી વસ્તુને અથવા તો અજ્ઞાત વસ્તુને વાળીઝૂડી નાખવી ન જોઈએ અને તેનાથી સાફ થયેલી જમીન જ એકમાત્ર સત્ય છે એમ ન માનવું જોઈએ.

*

જ્યારે મેં 'રૂઢ અંધ માન્યતા' વાકય લખેલું ત્યારે હું ધાર્મિક માન્યતાઓ વિશે ખરેખર વિચાર કરતો ન હતો, પરંતુ સામાન્ય જાહેર વિચારો અને માન્યતાઓ વિશે મેં વિચારેલું. આ વસ્તુ વિશેની તમારી લાગણી બિલકુલ બરાબર છે. માણસ પોતાના માર્ગમાં ખરેખર શ્રદ્ધા રાખી તેનું અનુસરણ કરી શકે, અને તેમ કરવું જોઈએ અને બીજાઓ પણ જે પોતે માને તેનાથી ભિન્ન અશ્રદ્ધાવાળા હોય તેમને તેણે ધિક્કારવા ન જોઈએ તેમ જ ઉતારી પાડવા ન જોઈએ કારણ કે તે પોતે જ શ્રેષ્ઠ અને વિશાળતમ સત્ય જુએ છે એ માનવું ભૂલભરેલું છે. આધ્યાત્મિક ક્ષેત્ર ઘણાં પાસાંઓવાળું છે અને તેમાં ઘણી જટિલતાઓ છે અને તેમાં અનુભૂતિઓની અનેક પ્રકારની વિવિધતાઓ માટે અવકાશ છે તે ઉપરાંત, બધા

જ મનોમય અહંકાર—અને આધ્યાત્મિક અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ અને તેથી કરીને આ શ્રેષ્ઠતાની ભાવનાનું લાલન ન કરવું જોઈએ.

**નોંધ:** આ યોગનું એક સચ્ચાઈભર્યું અને સમગ્ર તથા એકાગ્ર અનુસરણ એવી ભૂમિકાએ દોરી જવું જોઈએ જ્યાં આવું રૂઢ મનોમય વિભાજન અસ્તિત્વ ધરાવતું નથી, કારણ કે તે મનોમય દીવાલો હોય છે અને દિવ્ય સત્ય અને દિવ્ય જ્ઞાનની આસપાસ તે ઊભી થાય છે અને તેથી કરીને બીજાઓ તરફથી તે કપાઈ જાય છે; પરંતુ મનથી ઉપરના પ્રદેશમાંથી લીધેલું આ દષ્ટિબિંદુ પરિજ્ઞાનક હોય છે અને તેમાં દરેક પોતપોતાની જગાએ સમગ્રમાં સમાઈ જાય છે.

*

વિભાગ ૫

# સ્વરૂપની ભૂમિકાઓ અને વિભાગો

# સ્વરૂપની ભૂમિકાઓ અને વિભાગો

માણસો પોતાની જાતને જાણતા નથી અને પોતાના સ્વરૂપના ભિન્ન ભાગોને છૂટા પાડવાનું તેમને આવડતું હોતું નથી. કારણ કે સામાન્યતયા સ્વરૂપના બધા જ ભાગોને મન, એવું નામ આપીને તેમને ભેગા કરી દઈ તેઓ એક જૂથમાં બાંધી દે છે. માણસ એવું કરે છે કારણ કે મહદઅંશે માનસિક જ્ઞાન તથા માનસિક સમજણ વડે તે પોતાના એ ભાગોને જાણતો યા તો અનુભવતો હોય છે; આથી પોતાની ચેતનાની વિભિન્ન અવસ્થાઓને અને પોતાનાં જ કાર્યોને માણસો સમજતા હોતા નથી અને કદાચ પણ જો સમજે તો તે કેવળ સપાટી ઉપરની જ સમજ હોય છે. આપણી પ્રકૃતિ ઘણી અટપટી છે એવું જાગ્રત રીતે જાણવું, પોતાની પ્રકૃતિને કાર્યમાં પ્રેરતી જુદી જુદી શક્તિઓને જોવી, એ સઘળી શક્તિઓને દોરી શકે એવું જ્ઞાન પ્રાપ્ત કરી તેના દ્વારા પોતાની પ્રકૃતિ પર સંયમ મેળવવો એ યોગસાધનાની સ્થાપના કરવા માટે જરૂરી છે. આપણી ચેતના ઘણા ભાગોની બનેલી છે અને તેની સમગ્ર ક્રિયામાં, આપણા વિચારોમાં, સંકલ્પમાં, ઇન્દ્રિયજન્ય અનુભવોમાં, લાગણીઓમાં તથા કર્મોમાં, અંતઃકરણનો દરેક ભાગ પોતાનો ફાળો આપે છે. પરંતુ આપણે તેના સ્રોતને કે તેની ગતિને જોતા નથી. આપણે ચેતના ઉપરનાં અસ્તવ્યસ્ત પરિણામો જ જોઈએ છીએ અને એ ગોટાળા ઉપર અનિશ્ચિત અને પરિવર્તનશીલ એવી કોઈક વ્યવસ્થિતતા સ્થાપન કરી શકીએ છીએ.

આનો ઉકેલ ચેતનાના જે ભાગો દિવ્ય જ્યોતિ પ્રત્યે ખુલ્લા થયેલા હોય તેમના તરફથી આવી શકે છે, એટલે મનથી ઉપર આવેલી દિવ્ય ચેતનાની જ્યોતિને સાદ કરવો, ચૈત્ય પુરુષને યા અંતરાત્માને સમગ્ર પ્રકૃતિને મોખરે સ્થાપન કરવો તથા બાહ્ય મનને આધ્યાત્મિક શક્તિ પ્રત્યે જાગ્રત કરે એવી સમર્થ અભીપ્સાનો અગ્નિ જાગ્રત કરવો તથા તેના વડે પ્રાણમય પુરુષમાં પણ અગ્નિ પ્રગટાવી આપે એમાંથી જ બહાર નીકળવાનો માર્ગ છે.

*

સ્વરૂપના એકેએક વિભાગની પોતાની ભિન્ન પ્રકૃતિ હોય છે અથવા તે એક જ ભાગમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ હોય છે.

*

મારા અનુભવ પ્રમાણે ચેતના એવી વસ્તુ નથી જે કુદરતનાં બળો પ્રત્યે વ્યકિતનાં પ્રતિકાર્યો ઉપર આધાર રાખતી કોઈ ઘટના હોય. આ પ્રતિકાર્યો પ્રત્યે કેવળ નજર રાખવી અને તેના ઉપરથી તેમનો અર્થ ઘટાવવો એટલી જ વસ્તુમાં ચેતનાનો સમાવેશ થતો નથી. જો તે પ્રમાણે હોય તો જ્યારે વ્યકિત શાંત અને સ્થિર થઈ જાય અને કોઈ પણ પ્રતિભાવ ન આપે ત્યારે તે જોયા કરે અને કોઈ અર્થ ઘટાવવાની ક્રિયા બંધ કરે ત્યારે તે ચેતનારહિત છે એમ માનવું પડે. આ પ્રમાણે માનવું એ યોગની કેટલીક મૂળભૂત અનુભૂતિઓનો વિરોધ કરવા બરાબર છે. દા.ત. યોગની અનુભૂતિમાં વ્યકિત શાંત રીતે સ્થિરતાથી ચેતનાને અનંત વિસ્તારમાં ફેલાયેલી જુએ છે અને તે વ્યકિતના આધારે ટકેલી હોતી નથી પરંતુ અવૈયક્તિક અને વિશ્વમય ચેતના હોય છે. તે અર્થ ઘટાવતી નથી પરંતુ સ્થિર રીતે આત્મ-સભાન હોય છે, પ્રત્યાઘાતો ઉપર તે આધાર રાખતી નથી, પરંતુ તે પ્રત્યાઘાતો ન હોય તે છતાં ટકી રહેતી હોય છે. આત્મગત વ્યકિતતા પોતે જ ચેતનાનું એક ઘડતર હોય છે, અને તે ચેતના એક અંતર્હિત શક્તિ છે, નહિ કે કામચલાઉ આવિર્ભાવ-વાળી વ્યકિતમાં રહેલી સક્રિયતા – તે આત્મા અથવા પુરુષની શકિત છે.

ચેતના અસ્તિત્વમાં રહેલી અંતર્ગત વાસ્તવિકતા છે. સપાટી ઉપર તે સક્રિય ન હોય છતાં તે ત્યાં હોય છે, પણ શાંત અને સ્થિર હોય છે. સપાટી ઉપર તે અદશ્ય દેખાતી હોય ત્યારે પણ ત્યાં હોય છે જ. અને બાહ્ય વસ્તુઓ ઉપર તે પ્રત્યાઘાત કરતી નથી, અથવા તેમના વિશે સંવેદનશીલ પણ હોતી નથી. તે અંતરમાં પાછી હઠી ગઈ હોય છે અથવા અંદરમાં સક્રિય અથવા નિષ્ક્રિય હોય છે. આપણને જ્યારે તે બિલકુલ ગેરહાજર જણાય ત્યારે પણ તે ત્યાં હાજર હોય છે અને આપણી દષ્ટિમાં આપણું સ્વરૂપ અચેતન અને જડ લાગે છે.

ચેતના આત્માની અને વસ્તુની સભાનતાની શકિત જ ફક્ત નથી પરંતુ તેનામાં સક્રિય અને સર્જનાત્મક શકિત પણ હોય છે. તે પોતાના પ્રત્યાઘાતો નક્કી કરે છે અથવા તે પ્રતિભાવોમાંથી મુક્ત પણ રહી શકે છે તે શકિતઓનો પ્રત્યુત્તર આપી શકે છે, એટલું જ નહિ પરંતુ પોતાની અંદરથી શકિતઓનું સર્જન કરી શકે છે. ચેતના ચિત્ છે પણ સાથે તે ચિત્-શકિત પણ છે.

ચેતનાનું ઘણે ભાગે મનની સાથે તાદાત્મ્ય ગણવામાં આવે છે. પરંતુ મનોમય ચેતના તો માનવના સ્તરની જ છે અને તે ચેતના, ચેતનાના બધા જ શક્ય ક્ષેત્રના વિસ્તારોમાં પહોંચી શકતી નથી, જે રીતે માનવની દષ્ટિ રંગોની બધી જ ક્રમિક હારમાળાઓમાં પહોંચી શકતી નથી અથવા તો માણસની શ્રાવણેન્દ્રિય અવાજના બધા જ ક્રમબદ્ધ અવાજોને સાંભળી શકતી નથી – કારણ કે તેનાથી ઘણે ઊંચે અને નીચે એવી ઘણી વસ્તુઓ છે જે માનવ માટે અદૃશ્ય અને અશ્રાવ્ય છે. તેથી માનવ-મર્યાદાની ઉપર તેમજ નીચે ચેતનાની ઘણી ક્રમિક હારમાળા હોય છે જેની સાથે સામાન્ય માનવનો સંપર્ક પણ નથી હોતો, અને તે વસ્તુ તેને અચેતન લાગે છે – અતિમાનસ અથવા અધિમનસ અને અવચેતન ક્ષેત્ર-વિસ્તાર તેના માટે એવા લાગે છે.

જ્યારે યાજ્ઞવલ્ક્ય એમ કહે છે કે બ્રહ્મની સ્થિતિમાં ચેતના નથી, ત્યારે માનવ જે રીતની ચેતના વિશે જાણે છે તેના વિશે વાત કરે છે. બ્રહ્મની અવસ્થા એક સત્‌ની અવસ્થા છે જે પોતાના વિશે સજ્ઞાન (સ્વયં પ્રકાશ) હોય છે – સચ્ચિદાનંદ, સત્-ચિત્-આનંદ હોય છે. તે પરમ तत्‌ની પણ ઉપરની અવસ્થા એમ કહેવામાં આવે છે – પરાત્પરમ્ – ત્યારે તેનો અર્થ એવો નથી થતો કે એ અવસ્થા અસત્‌ની અથવા અચિત્‌ની અવસ્થા હોય છે, પરંતુ તે પરમોચ્ચ પાયાથી પણ ઊર્ધ્વની સ્થિતિ હોય છે; જેનું ઋગ્વેદમાં 'उपरिबुध्न' એવી વિરોધાભાસી ભાષામાં વર્ણન કરેલું છે તેનાથી ઉપર આવેલી છે. જે રીતે ચીનના તાઓ અને બુદ્ધના શૂન્યના વર્ણનમાંથી ફલિત થાય છે કે તે શૂન્ય છે અને તેમાં સર્વ વસ્તુઓ સમાયેલી છે તે જ પ્રમાણે અહીં પણ ચેતનાના નકાર વિશે સમજવાનું છે. પરા-ચિત્ અને અવચેતન બે સાપેક્ષ પરિભાષા છે; જ્યારે આપણે પરા-ચિત્‌માં ઊંચે જઈએ છીએ ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે આપણી પાસે અત્યારે જે ઉચ્ચતમ ચેતના છે તેનાથી પણ ઘણી વધારે ઉચ્ચ સ્થિતિની તે છે અને તેને લઈને આપણી સામાન્ય ચેતના ત્યાં પહોંચી શકતી નથી અને જો આપણે અવચેતનમાં ત્યાં નીચે અવતરણ કરીએ તો આપણને ત્યાં એવી ચેતના મળી આવે છે જે આપણા મનની મર્યાદાની સૌથી નિમ્ન ચેતનાની કક્ષાની છે તેનાથી પણ કાંઈક જુદી જ છે અને તેથી સામાન્ય રીતે આપણે ત્યાં પહોંચી શકતા નથી. અચિત્ પોતે જ એક ચેતનાની અંતર્ગત સ્થિતિ છે જે તાઓ અથવા શૂન્યની માફક એક જુદી જ રીતે બધી જ વસ્તુઓને ઠાંસીને સમાવેલી હોય છે, જેને લઈને ઉપરથી અથવા અંદરથી થતા દબાણની નીચે તેમાંથી બધી વસ્તુઓની ઉત્ક્રાંતિ થાય 'એક નિદ્રાધીન શક્તિયુક્ત જડ આત્મા.'

ચેતનાની કક્ષાએ વિશ્વરૂપ અવસ્થાઓ હોય છે અને તેઓ આત્મગત વ્યક્તિતાના દષ્ટિબિંદુ ઉપર આધાર રાખતી નથી; તેના બદલે વ્યક્તિગત આત્મલક્ષિતાની દષ્ટિ ચેતનાની કક્ષા અનુસાર નિર્માણ થાય છે જેમાં તેની પ્રકૃતિના પ્રકાર અનુસાર અથવા તેની ઉત્ક્રાંતિની કક્ષા અનુસાર તેની વ્યવસ્થા હોય છે.

એ સ્પષ્ટ છે કે ચેતના એટલે એવી કોઈ વસ્તુ જે સમગ્ર રીતે તત્ત્વતઃ એક જ પ્રકારની હોય છે, પરંતુ તે અવસ્થા, સ્થિતિ અને કાર્યાન્વિતતા અનુસાર ભિન્ન હોય છે. તેમાં કેટલીક કક્ષાઓ અથવા પરિસ્થિતિઓ, આપણે જેને ચેતના કહીએ છીએ તેની ક્રિયાઓ, દબાયેલી અથવા અવ્યવસ્થિત અથવા જુદી રીતે ગોઠવાયેલી સ્થિતિમાં અસ્તિત્વ ધરાવે છે; જ્યારે બીજી અવસ્થાઓમાં બીજી પ્રક્રિયાઓ જે આપણી અંદર દબાયેલી અવ્યવસ્થિત હોય અથવા ગુપ્ત હોય, અથવા ઓછી આવિર્ભાવ પામેલી હોય, ઓછી તીવ્ર હોય, વિસ્તાર પામેલી હોય તેમનો આવિર્ભાવ થતો હોય અને પેલી ઉચ્ચતર કક્ષાઓ અને આપણી ઉચ્ચતમ મનોમય મર્યાદાની પણ ઉપર રહેલી વસ્તુ કરતાં વધારે શક્તિશાળી રીતે આવર્ભાવ પામે.

*

ચેતના પોતાની જાતને ક્યાં મૂકે છે અથવા કઈ જગાએ એકાગ્ર થઈ છે તેના ઉપર તે બધાનો આધાર છે. જો ચેતના અહંકારની અંદર પોતાની જાતને મૂકે અથવા એકાગ્ર થાય તો તમે અહંકારની સાથે તદ્રૂપ થાઓ છો – જો મનની ઉપર હોય તો તમે મનની અને તેની પ્રવૃત્તિઓની સાથે એકરૂપ થાઓ છો. જો ચેતના પોતાનું દબાણ બાહ્ય બાજુએ મૂકે તો તે બાહ્ય સ્વરૂપનું જીવન કહેવાય અને તે પોતે આંતરમન અને પ્રાણ અને અંતરતમ ચૈત્યપુરુષને વિસ્મૃતિમાં પડી જાય છે, જો તે અંતર્ગત બને તો અને તેની એકાગ્રતાનું દબાણ ત્યાં મૂકે તો, તે પોતાની જાતને સમાંતર સ્વરૂપ તરીકે ઓળખે છે, અથવા એનાથી વધારે ઊંડાણમાં જાય તો ચૈત્યસ્વરૂપ તરીકે, જો તે શરીરની બહાર જઈને એવી ભૂમિકામાં ઊર્ધ્વગમન કરે જ્યાં આત્મતત્ત્વ તેની વિશાળતા અને મુક્તિ માટે સ્વાભાવિક તથા સભાન હોય, તો તે પોતાની જાતને આત્મા તરીકે જાણે છે, અને નહિ કે મન, પ્રાણ અને શરીર તરીકે. આ ચેતનાનું દબાણ બધા ભેદો ઉત્પન્ન કરે છે. એટલે જ વ્યક્તિએ પોતાની ચેતનાને હૃદયમાં અથવા મનમાં એકાગ્ર કરવી જોઈએ, જેથી તે આંતર સ્વરૂપમાં જાય અથવા ઊર્ધ્વમાં. ચેતનાનું વલણ દરેક વસ્તુનો નિર્ણય કરે છે. વ્યક્તિને વિશિષ્ટ રીતે મનો-

મય, પ્રાણમય, શારીરિક કે ચૈતસિક, બદ્ધ કે મુક્ત પુરુષમાં અલગ રીતે કરેલી અથવા પ્રકૃતિમાં અંતર્હિત રહેલી નિશ્ચિત કરે છે.

*

ચેતનાને પોતાની વિવિધ રીતે એકાગ્રતાના દબાણ માટે સ્પષ્ટ વ્યક્તિના 'હું' ની જરૂર પડતી નથી – જે કોઈ જગાએ તે પોતાનું દબાણ મૂકે છે ત્યાં આ 'હું' વળગી જાય છે અને તેથી વ્યક્તિ ધારે છે કે હું મનોમય પ્રાણી છું કે શરીરધારી છું. અથવા તો બીજું કાંઈ છું. મારી પોતાની ચેતના પોતાનું વજન ગમે ત્યાં મૂકી શકે છે; આ રીતે કે અન્ય કોઈ રીતે – તે શારીરિકની અંદર નીચે જઈ શકે છે, અને મારી સ્થૂલ પ્રકૃતિમાં કાર્ય કરતી કરતી તે સમય પૂરતી બીજી બધી વસ્તુઓને પાછળ અથવા ઉપરના ભાગમાં મૂકી દે છે, અથવા તે મસ્તકથી ઉપરના ભાગમાં જઈને મન, પ્રાણ અને શરીરથી ઊર્ધ્વમાં રહે છે અને તે બધા ભાગોને નિમ્ન પ્રકારનાં કરણો તરીકે જુએ છે અથવા તેમના તરફ બિલકુલ જોતી નથી અને મુક્ત નિરાકાર આત્મતત્ત્વમાં નિમગ્ન બની જાય છે. અથવા તે પોતાને એક સક્રિય વિશ્વરૂપ ચેતનામાં ફેંકીને તે રૂપ બની જાય છે અથવા બીજી અસંખ્ય વસ્તુઓ કરી શકે છે. આ રીતે કરવામાં જેને તમે 'હું' તરીકે બહુમાન આપો એવા 'હું'ના ચક્ર પર બેઠેલી દખલ કરતી માખીની મદદ લેવાની જરૂર જોતી નથી. ખરો 'હું' – જો તમારે તે શબ્દ વાપરવો હોય તો એક સ્પષ્ટ રીતનું વ્યક્તિત્વ, એ વ્યક્તિતા નથી એટલે કે એક તદ્દન અલગ એવો મર્યાદિત સ્પષ્ટ અહંકાર નથી. તે વિશ્વ જેટલો વિશાળ છે, અરે તેનાથી પણ ઘણો વધારે વિશાળ અને તે પોતાની અંદર સમગ્ર વિશ્વને સમાવી શકે છે. પણ તે 'અહંકાર' નથી પરંતુ આત્મા છે.

ચેતના એક મૂળભૂત વસ્તુ છે, એકમાત્ર અસ્તિત્વમાં રહેલી મૂળભૂત વસ્તુ – તે શક્તિ છે, ગતિ છે. ચેતનાની ગતિ જ વિશ્વનું અને વિશ્વમાં રહેલા સર્વ પદાર્થનું સર્જન કરે છે – કેવળ વિરાટ બ્રહ્માંડોમાં જ નહિ પરંતુ અણુનું પણ – એ ચેતનાની પોતાની વ્યવસ્થા છે. દા.ત. ચેતના જ્યારે ગતિમાન હોય, અથવા ગતિના દબાણમાં પોતાની જાતને ક્રિયામાં ભૂલી જાય ત્યારે તે બાહ્ય રીતે 'અચેતન શક્તિ' બને છે. જ્યારે તે રૂપોમાં પોતાની જાતનું વિસ્મરણ કરે છે ત્યારે તે ઈલેક્ટ્રોન, અણુ અથવા સ્થૂલ પદાર્થ બને છે. વાસ્તવિક રીતે તે શક્તિમાં કાર્ય કરતી સ્થિર ચેતના છે, અને તે રૂપોનું નિર્માણ કરે છે અને રૂપોની ઉત્ક્રાંતિ કરે છે. જ્યારે તેને જડ તત્ત્વમાંથી પોતાની જાતને મુક્ત કરવાની ઈચ્છા થાય છે ત્યારે તે ધીરે ધીરે વિકાસક્રમની રીતે તે જ રૂપમાં પ્રાણરૂપે, પ્રાણીરૂપે અને માનવીરૂપે પ્રગટ થાય છે અને તે પોતાને

તિરોભૂત સ્થિતિમાંથી હજુ પણ વધારે આગળ વિકાસ પામીને ફક્ત માનવી કરતાં પણ કાંઈક વિશેષ બની શકે છે. જો આ વસ્તુ તમારી સમજમાં આવે તો પછી તેનાથી આગળની બાબત સમજવી મુશ્કેલ નહિ બને કે ચેતના પોતે સ્થૂલ ચેતનારૂપે, પ્રાણમય ચેતનારૂપે, મનોમય તથા ચૈતન્યરૂપ ચેતનારૂપે પોતાની સ્વરચના કરી શકે છે – આ બધી ચેતનાઓ મનુષ્યમાં હાજર હોય છે, પરંતુ તે બધી બાહ્ય ચેતનામાં મિશ્રિત થઈ ગયેલી હોવાથી તેમનું સાચું સ્વરૂપ આંતર સ્વરૂપની પાછળ પ્રગટ થાય છે. એટલે એ ચેતનાઓના જ્ઞાન માટે વ્યક્તિ જે બાહ્ય ચેતનામાં રહે છે તેમાં જે ચેતનાનું મર્યાદિત વજન છે તેને મુક્ત કરીને તેમના વિશે આત્મ-સ્વરૂપમાં સભાન બનવું જોઈએ અને ત્યાં એકાગ્ર થવું જોઈએ. આપણી અંદર રહેલી ચેતના જે બાહ્ય દબાણ અથવા એકાગ્રતામાં રહે છે, તેણે આ બધી બાહ્ય વસ્તુને એક બાજુ પાછળ મૂકી દેવી પડે, જાણે કે એક પ્રકારની દીવાલ અથવા પડદા પાછળ તેને મૂકવી પડે. જો તેણે અસ્તિત્વના આંતર-વિભાગોમાં પોતાની જાતને સ્થિર કરવા માટે આ દીવાલ અથવા પડદાને તોડી પાડવો પડે – આ વસ્તુને અંતર્મુખ જીવન કહીએ છીએ. ત્યાર પછી જ આપણું બાહ્ય સ્વરૂપ એક નાનકડી ઉપરછલ્લી સપાટી ઉપરની વસ્તુ દેખાશે, અને આપણી અંદર રહેલા વિશાળ, સમૃદ્ધ અને અસીમ સામ્રાજ્ય વિશે સભાન બનીએ છીએ. તે જ પ્રમાણે આપણી અંદર રહેલી ચેતનાએ ચૈત્યપુરુષ દ્વારા ટકાવી રાખેલાં મન, પ્રાણ અને શરીરના નિમ્ન સ્તરો અને તેનાથી ઉપર આવેલા ઊર્ધ્વ સ્તરો વચ્ચે એક ઢાંકણ કે આવરણ, જે કાંઈ તમારે કહેવું હોય તે ઊભું કરેલું છે. આ ઊર્ધ્વ પ્રદેશો આધ્યાત્મિક ચેતનાના પ્રદેશો છે જેમાં આત્મા કાયમ મુક્ત અને અનંત રીતે રહેલો છે અને તે આ ઢાંકણ અથવા આવરણને તોડી શકે છે અથવા ખુલ્લું કરી શકે છે અને ત્યાં મુક્ત, વિશાળ અને પ્રકાશિત બની શકે છે અથવા તો તે ઊર્ધ્વચેતનાનો પ્રભાવ, પ્રતિબિંબને નીચે ઉતારીને છેવટે ઊર્ધ્વચેતનાને હાજરી અને શક્તિને નિમ્ન પ્રકૃતિમાં લાવી શકે છે.

ચેતના તે વસ્તુ છે – તે વિભાગોની બનેલી નથી, તે સ્વરૂપમાં રહેલીમૂળ ભૂત વસ્તુ છે અને તેને જે પસંદ પડે તે વિભાગનો તે આવિર્ભાવ કરે છે – તેનો વિકાસ ઉપરથી નીચે ક્રમિક રીતે આવીને કરે છે, આધ્યાત્મિક સ્તરોમાંથી નીચે જડતત્ત્વમાં તિરોભૂત થાય છે, અથવા તો તેમાંથી ઊર્ધ્વકાર્યમાં પ્રગટીકરણ કરે છે, અને તેને આપણે વિકાસક્રમ કહીએ છીએ. જો તે તમારી અંદર અહંના ભાવ મારફતે કાર્ય કરવાનું પસંદ કરે તો તમે એમ વિચારો છો કે તે તમારો વ્યક્તિગત 'હું' છે, જે સર્વ વસ્તુઓ કરે છે – જો તે તમારા મર્યાદિત કાર્યના ક્ષેત્રમાં પોતાની જાતને મુક્ત કરે, તો તમે તમારા 'હું'ની લાગણીમાં વિસ્તાર પામતા જાઓ છો અને તે અનંતની અંદર

ફૂટી નીકળે છે, અને પછી તે રીતનું 'હું'નું અસ્તિત્વ ધરાવતી નથી અથવા તમે તેને ફેરવી નાખો છો અથવા તમે આધ્યાત્મિક વિશાળતામાં ખીલી ઊઠો છો. બેશક, આ વસ્તુને આધ્યાત્મિક ભૌતિકવાદી વિચારમાં ચેતના તરીકે નામ અપાતું નથી, કારણ કે તે વિચાર સાયન્સ દ્વારા શાસિત થયેલો હોય છે અને વિજ્ઞાન ચેતનાને અચિત જડતત્ત્વમાંથી પ્રગટ થતી દૃશ્યમાન પદાર્થ (Phenomenon) તરીકે જુએ છે. તેમાં બાહ્ય વસ્તુઓ વિશેની પદ્ધતિના કેટલાક પ્રતિકારોનો સમાવેશ થાય છે પરંતુ તે ચેતનાની બાહ્ય ઘટના છે, નહિ કે ચેતના પોતે. એટલું જ નહિ પરંતુ તે ચેતનાની શક્ય દૃશ્યમાન ઘટનાનો ઘણો નાનકડો અંશ છે અને ચેતના જે અસ્તિત્વનાં મૂળભૂત વાસ્તવિકતા છે, તેની ચાવી એ વિચાર આપી શકતો નથી.

હાલ પૂરતું એ પૂરતું છે. તમારે આગળ પ્રગતિ કરતાં પહેલાં તમારી જાતને તેમાં સ્થાપન કરવાનું છે – કારણ કે તે મૂળભૂત વસ્તુ છે.

*

ચેતના બે તત્ત્વોની બનેલી છે; પોતાની જાત વિશેની વસ્તુઓ વિશેની અને શક્તિઓ વિશેની સભાનતા અને સચેતન-શક્તિ. સભાનતા પ્રથમ જરૂરી વસ્તુ છે. તમારે વસ્તુઓ વિશે સાચી ચેતનામાંથી, સાચી રીતે સભાન બનવાનું છે અને તેમને તેમના સત્યમાં જોવાની છે. પરંતુ સભાનતા પોતે જ પૂરતી વસ્તુ નથી. ચેતનાને અસરકારક કરવા માટે એક સંકલ્પ અને શક્તિ હોવાં જરૂરી છે. કોઈ વ્યક્તિ સભાન હોય કે કઈ વસ્તુનું રૂપાંતર કરવાનું છે, પરંતુ કઈ વસ્તુનો નિકાલ કરવાનો છે અને તેની જગાએ કઈ વસ્તુનું સ્થાપન કરવાનું છે તે પણ તે જાણતો હોય, પરંતુ રૂપાંતર કરવા માટે તે અશક્ત હોય એમ બની શકે. બીજી વ્યક્તિમાં સંકલ્પશક્તિ હોય, પરંતુ સાચી સભાનતાના અભાવે યોગ્ય રીતે અને યોગ્ય જગાએ ને શક્તિને બંધબેસતી કરી શકતો ન હોય. સાચી ચેતનામાં રહેવાનો એ ફાયદો હોય છે કે તમારામાં સાચી સભાનતા હોય છે અને તેની સંકલ્પશક્તિ માતાજીના સંકલ્પ-ની સાથે સંવાદમાં હોવાથી, તમે માતાજીની શક્તિને ફેરફાર કરવા પુકાર કરી શકો છો. જે લોકો મન અને પ્રાણમાં જ રહેતા હોય તેઓ આ વસ્તુ સારી રીતે કરી શકતા નથી; તેઓને ઘણે ભાગે પોતે જાતે જ પ્રયત્ન કરવો પડે છે અને તેમની સભાનતા અને મનની તથા પ્રાણની શક્તિ વિભક્ત અને સંપૂર્ણ હોવાને લઈને જે કાર્ય થાય છે તે અપૂર્ણ હોય છે અને તે ચોક્કસ હોતું નથી. ફક્ત અતિમાનસમાં જ સભાનતા, સંકલ્પ અને શક્તિ કાયમ એક જ ગતિરૂપ હોય છે, અને સ્વયંભૂ રીતે જ અસરકારક હોય છે.

## ૨

સચ્ચિદાનંદ એક જ તત્ત્વ છે અને તે ત્રણ પાસાંવાળું છે. પરાત્પરમાં તે ત્રણ પાસાંઓ ત્રણ તરીકે રહેતાં નથી પરંતુ એક જ હોય છે – સત્ – એ જ ચેતના છે, ચેતના એ જ આનંદ છે અને આ રીતે તે ત્રણે અવિભાજ્ય છે. એ અવિભક્ત છે એટલું જ નહિ પરંતુ એકબીજાની સાથે એવા એકરૂપ છે કે તે બિલકુલ ભિન્ન નથી. આવિર્ભાવના ઉચ્ચતર સ્તરોમાં તેઓ ત્રિવિધ બને છે. – તે અવિભક્ત હોવા છતાં એકનું વધારે પ્રાધાન્ય કરીને તેના પાયા ઉપર બીજાં પાસાંઓની નેતાગીરી કરે છે. નીચેની નિમ્ન ભૂમિકાઓમાં તેઓ દેખાવમાં ભિન્ન દેખાય છે, જો કે તેમની ગુપ્ત વાસ્તવિકતામાં નહિ અને તેમાંનું એક પાસું બીજા પાસાં વગર પણ દશ્યમાન રીતે અસ્તિત્વ ધરાવે છે. તેથી કરીને આપણને જે અચિત્ જેવું દેખાય છે, અથવા દુ:ખમય અસ્તિત્વ લાગે છે અથવા આનંદ વગરની ચેતના લાગે છે તેના વિશે આપણે સભાન બનીએ. અનુભૂતિમાં રહેલાં દુ:ખ અને અજ્ઞાન અને જૂઠાણું અને મૃત્યુ તથા આપણે જેને અચિત્ કહીએ છીએ તે તેમની આ વિભક્તતા સિવાય આવિર્ભાવ પામ્યાં ન હોત – તે સિવાય ભૌતિક તત્ત્વની વિશ્વરૂપ અચિતતામાંથી આ મર્યાદિત અને દુ:ખમય ચેતનાની ઉત્ક્રાંતિ ન થઈ હોત.

*

અતિમનસ, સચ્ચિદાનંદ અને નિમ્ન સ્તરોની વચમાં આવેલું છે. દિવ્ય ચેતનાનું આત્મનિર્માણ કરતા સત્યને ફક્ત એ જ ચેતના ધારણ કરે છે અને બીજા સર્જનો માટે તે જરૂરી છે.

મન, પ્રાણ અને શરીરના સંબંધમાં વ્યક્તિ બેશક સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરી શકે છે – પરંતુ તે કોઈ એક એવી અચલ વસ્તુ હોય છે, જેની હાજરી વડે નિમ્ન પ્રકૃતિને ટકાવી રાખે છે, પરંતુ તે રૂપાંતર કરતી નથી. કેવળ અતિમનસ જ નિમ્ન પ્રકૃતિમાં રૂપાંતર લાવી શકે છે.

*

અતિમાનસ શકિત જ મન, પ્રાણ અને શરીરમાં રૂપાંતર કરી શકે છે — સચ્ચિદાનંદ ચેતના નહિ. સચ્ચિદાનંદ દરેક વસ્તુને નિષ્પક્ષ રીતે ટકાવી રાખે છે. પરંતુ શુદ્ધ

સચ્ચિદાનંદની અનુભૂતિ પ્રાપ્ત કરીને જ અતિમાનસ તરફ આરોહણ અને અતિ-માનસનું અવતરણ ( ઘણો લાંબે સમયે ) શકય બને છે. પરંતુ પ્રથમ તો વ્યકિતએ મનોમય, પ્રાણમય અને શારીરિક રચનાઓની સામાન્ય મર્યાદામાંથી મુક્ત થવું જોઈએ અને પછી જ સચ્ચિદાનંદની અનુભૂતિ, શાંતિ, સ્વસ્થતા વિશુદ્ધિ અને વિશાળતા આ પ્રકારની મુકિત આપે છે.

અતિમાનસને શૂન્યમાં ચાલ્યા જવા સાથે કોઈ સંબંધ નથી. મન પોતાની મર્યાદાઓને ઓળંગી જાય છે અને એક નકારાત્મક અને સ્થિર સ્થિતિનો માર્ગ કરવા માટે તેને અપનાવે છે, જે મહાન શૂન્ય તરફ પહોંચાડે છે. મન પોતે અજ્ઞાન હોવાથી, તેણે પોતાની જાતને બાકાત કરવાની છે, જેથી કરીને તે પરમ સત્યમાં પહોંચી શકે – અથવા તો તે પોતે એમ ધારે છે કે એ રીતે જ તેમાં પહોંચી શકાય. પરંતુ અતિમાનસ ઋત-ચેતના તથા દિવ્ય જ્ઞાન હોવાથી, તે હેતુ માટે તેણે પોતાની જાતનું વિલીનીકરણ કરવાની જરૂર રહેતી નથી.

*

અતિમાનસ ચેતનામાં કોઈ પ્રશ્નો હોતા જ નથી – મન જે વિભકતતા ઉત્પન્ન કરે છે તેને લઈને પ્રશ્નો ઉપસ્થિત થાય છે. અતિમનસ સત્યને એક સમગ્રરૂપે જુએ છે અને તે સમગ્રમાં દરેક વસ્તુ તેની જગાએ હોય છે. અતિમનસ આધ્યાત્મિક પણ હોય છે. પરંતુ પ્રાચીન યોગો આધ્યાત્મિક બનેલા મન મારફતે સચ્ચિદાનંદમાં પહોંચે છે અને તેઓ સચ્ચિદાનંદની શાશ્વત સ્થિરતાના ઐકયમાં ચાલ્યા જાય છે, અથવા શુદ્ધ સત્-તામાં ( Existence ) ચાલ્યા જાય છે; નિરપેક્ષ અને શાશ્વત અથવા શુદ્ધ બિન-અસ્તિત્વમાં પહોંચે છે જે નિરપેક્ષ અને શાશ્વત છે. આપણો યોગ આધ્યાત્મિક મનના સ્તરમાં સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરીને અતિમાનસ ભૂમિકા-માં તેનો સાક્ષાત્કાર કરવા માટે આગળ વધે છે.

પરમ પરાવૈશ્વિક સચ્ચિદાનંદ સર્વથી ઉપર રહેલા છે. અતિમાનસને તેની આત્મ-સભાનતા અને વિશ્વ-સજ્ઞાનતાની શકિત તરીકે વર્ણવી શકાય, અને તેમાં જગતનો સમાવેશ થયેલો છે અને જગત તેનાથી બહાર નથી એવું જ્ઞાન થાય છે. એટલે પરમ સચ્ચિદાનંદમાં જીવન ધારણ કરવા માટે વ્યકિતએ અતિમનસમાંથી પસાર થવું જ પડે. જો વ્યક્તિ આવિર્ભાવમાંથી અલગ રીતે પરાવૈશ્વિક ચેતનામાં હોય તો પ્રશ્નો અને તેના ઉકેલો માટે કોઈ સ્થાન રહેતું નથી. જો વ્યકિત પરાત્પર-માં અને વૈશ્વિક દૃષ્ટિમાં એકી સમયે રહેતી હોય તો અતિમનસ ચેતના દ્વારા જ પરમ સચ્ચિદાનંદની ચેતનામાં રહી શકે – તેથી તે પ્રશ્ન જ કયાંથી ઉત્પન્ન થાય ?

શા માટે વૈશ્વિક સચ્ચિદાનંદની આવૃત્તિ અને તેના અતિમાનસની આવૃત્તિ વચ્ચે ભેદ રહેવો જોઈએ ? તમે મનની પરિભાષામાં બન્નેનો વિચાર કરો છો તેમાંથી કદાચ તમારી મુશ્કેલી ઉત્પન્ન થાય છે.

અતિમનસ શક્તિ બિલકુલ ભિન્ન ચેતના છે. આધ્યાત્મિક બનેલા મનથી જ જુદી નહિ પરંતુ આધ્યાત્મિક મન અને અતિમાનસ ભૂમિકાની વચ્ચે અંતરાલમાં રહેલી બધી ભૂમિકાઓથી પણ ભિન્ન ચેતના. એક વખત વ્યક્તિ અધિમનસમાંથી ઊર્ધ્વમાં અતિમનસમાં જાય છે ત્યારે તે એવી ભૂમિકામાં પ્રવેશ કરે છે જેને બીજી ભૂમિકાઓનાં ધોરણો લાગુ પડતાં નથી અને તેમાં એકનું એક સત્ય દા.ત. સચ્ચિદાનંદ અને આ વિશ્વનું સત્ય જુદી જ રીતે નિહાળવામાં આવે છે અને તેને લઈને જુદી જ ક્રિયાત્મકશીલતાનું પરિણામ આવે છે. આ એવી હકીકતમાંથી પરિણમે છે કે અતિમનસમાં અવિભક્ત જ્ઞાન હોય છે, જ્યારે અધિમનસ એકતામાંથી વિભાજન દ્વારા કાર્ય કરે છે અને વિભાજનને પ્રથમ હકીકત માને છે કારણ કે તેની જ્ઞાન પ્રાપ્ત કરવાની સ્વાભાવિક પ્રક્રિયા તે રીતની છે.

બધી ભૂમિકાઓમાં સચ્ચિદાનંદની મૂળભૂત અનુભૂતિ શુદ્ધ સત્, ચિત્ અને આનંદ એકસરખી જ હોય છે અને મન તેના વિશે એકમાત્ર સત્ય તરીકે ઘણી વખત સંતોષ માને છે અને બાકીનાં બધાંને મહાન મિથ્યાતત્ત્વના ભાગ તરીકે બાકાત કરી નાખે છે, પરંતુ પરમ તત્ત્વની અથવા સત્-તાની એક ક્રિયાત્મક અનુભૂતિ પણ હોય છે, ( દા.ત. એક અને અનેક, વ્યક્તિગત અને અવૈયક્તિક, અનંત અને સાંત વગેરે ) જે સંપૂર્ણ જ્ઞાન માટે ખાસ જરૂરી છે. નિમ્ન ભૂમિકાઓમાં રહેલી ક્રિયાત્મક અનુભૂતિ ઉચ્ચતર ભૂમિકાઓમાં, અંતરાલ આધ્યાત્મિક ભૂમિકાઓમાં અને અતિમાનસ ભૂમિકામાં એકસરખી હોતી નથી. આ બધી ભૂમિકાઓમાં વિરોધી તત્ત્વોને એક સાથે મૂકીને પછી તેમાં સંવાદ લાવવાનો હોય છે, જ્યારે અતિમાનસમાં તે બધા એકસાથે મળી જાય છે અને અવિભાજ્ય એક બને છે; આ વસ્તુમાં ઘણો મોટો તફાવત રહેલો છે.

જગત ક્રિયાત્મક છે, એક ગતિ – ક્રિયાત્મકતા અને ગતિને બદલે સચ્ચિદાનંદની અનુભૂતિ સ્થિરતા છે. સચ્ચિદાનંદ અને જગતનું પૂર્ણ ક્રિયાત્મક સત્ય અને તેનું પરિણામ અતિમાનસ સિવાય બીજી કોઈ પણ પ્રક્રિયાની ચેતનાથી પકડી શકાય એમ નથી કારણ કે બીજી બધી જ ( નિમ્ન ) ભૂમિકાઓનાં કરણો નીચલી કક્ષાનાં હોય છે અને તેથી સ્થિરતાની અનુભૂતિની પરિપૂર્ણતા વચ્ચે તથા ક્રિયાત્મક શક્તિ અને જ્ઞાનની અપૂર્ણતા વચ્ચે ઘણો વિસંવાદ છે. તે વસ્તુ બીજી ભૂમિકા-

ઓની ઊતરતી કોટિના પ્રકાર અને ઓછી શકિતના પરિણામે બની આવે છે. આ કારણને લઈને જ અન્ય આધ્યાત્મિક ભૂમિકાઓની ચેતના, તે નીચે ઊતરી આવે છતાં પૃથ્વી ચેતનામાં સંપૂર્ણ પરિવર્તન લાવી શકે નહિ. તે ફક્ત થોડો ફેરફાર કરી શકે અથવા તેને સમૃદ્ધ બનાવી શકે. પૂર્ણ રૂપાંતર માટે તો અતિમાનસ શકિત અને તેની પ્રકૃતિનું અવતરણ જરૂરી છે.

માણસ સચ્ચિદાનંદના બે ભાગ વિશે કહી શકે નહિ કારણ કે સચ્ચિદાનંદ કાયમ એક જ હોય છે – પરંતુ ચેતનાની કક્ષાની અનુભૂતિ પ્રમાણે સચ્ચિદાનંદ અને સ્વ વિશેના જ્ઞાનનો તફાવત હોય છે.

પરમાત્માનો અંગત સાક્ષાત્કાર કેટલીક વખત સાકાર પણ હોઈ શકે. કેટલીક વખત નિરાકાર. આકાર વગરનો હોય ત્યારે જીવંત પ્રભુના વ્યકિતત્વની દિવ્ય હાજરી દરેક વસ્તુમાં અનુભવાય છે. આકાર સાથે તે હાજરી તે એકમેવની પ્રતિમા હોય છે જેનું પૂજન કરી શકાય છે. ભક્ત અથવા સાધકની પાસે પ્રભુ પોતાનું વ્યક્તિસ્વરૂપ પ્રગટ કરે છે. વ્યકિત જે રૂપની પૂજા કરે છે અથવા જેની ઝંખના કરે છે તે સ્વરૂપમાં તેને જુએ છે અથવા તો કોઈ દિવ્ય વ્યકિતત્વ જે તેની ભકિતનું લક્ષ્ય હોય છે તેમાં તેને જુએ છે. પ્રભુ કઈ રીતે આવિર્ભાવ પામે છે તેનો આધાર ઘણી વસ્તુઓ ઉપર છે અને તેને એક નિયમમાં સમાવી લેવાનું શકય નથી કારણ કે તે ઘણી બધી વિવિધ રીતે આવિર્ભાવ પામે છે. કેટલીક વખત રૂપધારી દિવ્ય હાજરી હૃદયમાં દેખાય છે. કેટલીક વખત બીજા કોઈ પણ કેન્દ્રમાં, કેટલીક વખત ઊર્ધ્વમાં રહીને તેને માર્ગદર્શન આપે છે. કેટલીક વખત તે બહાર પોતાની નજર સમક્ષ એક શરીરધારી વ્યકિત તરીકે દેખાય છે. આ વસ્તુમાં પ્રભુ સાથે એક અંગત સંબંધ બંધાય છે અને તેની પાસેથી સતત માર્ગદર્શન મળે છે અથવા તો જો તેની આંતર-અનુભૂતિ થાય તો અંદર દર્શન થાય અને એક સતત દિવ્ય હાજરીની ખૂબ તીવ્ર અને સઘન અનુભૂતિ થાય એ તેનો ફાયદો છે. પરંતુ વ્યકિતએ પોતાની ભકિત અને શોધની વિશુદ્ધિ વિશે ખૂબ ખાતરીપૂર્ણ રહેવું જોઈએ કારણ કે શરીરધારી સંબંધનો આ પ્રકારનો ગેરફાયદો રહેલો છે કે બીજી શકિતઓને સ્વરૂપની નકલ કરીને અથવા બનાવટી અવાજ ધારણ કરીને માર્ગદર્શન આપે અને જો તે એવી પ્રતિમાઓ રચીને, જે સાચી વસ્તુ નથી, તેનાથી વધારે બળ પ્રાપ્ત કરે. કેટલાક લોકોમાં ગર્વ, મિથ્યાભિમાન અથવા કામના હોવાથી તેઓ આ રીતે ગેરમાર્ગે દોરાય અને તેઓને જે સુંદર ચૈતસિક દર્શન – નહિ કે મનોમય દર્શન થતું હતું તેનાથી તેઓ વંચિત થયા હતા – આવા પ્રકારના પ્રસંગોમાં

ખોટી દોરવણી અને ભૂલો માટે તાત્કાલિક માતાજીના પ્રકાશ પ્રત્યે તેઓ વળી શકે છે.

*

( ૧ ) હું પરાવૈશ્વિક વાસ્તવિકતા એટલે પરમ સચ્ચિદાનંદ એમ કહેવા માગું છું અને સચ્ચિદાનંદ આ આવિર્ભાવો તથા સર્વ પ્રકારના આવિર્ભાવોથી પર રહેલું છે. અને તેમના કાર્ય વડે બંધાયેલું નથી અને તેમ છતાં તેમાંથી જ સર્વ પ્રકારના આવિર્ભાવો તથા અખિલ વિશ્વ ઉત્પન્ન થાય છે.

( ૨ ) અતિમનસ અને વિશ્વાતીત ચેતના બન્ને એક નથી. જો તે પ્રમાણે હોય તો અતિમનસ જગત હોઈ શકે નહિ અને અતિમનસ તત્ત્વનું ભૌતિક જગતની અંદર અવતરણ થઈ શકે નહિ — ફરીને પાછા આપણે એ ખ્યાલમાં પહોંચી જવું પડે કે દિવ્ય સત્ય અને પરમ વાસ્તવિકતા વિશ્વાતીત સ્થિતિમાં જ અસ્તિત્વ ધરાવી શકે — કોઈ પણ વિશ્વ ફક્ત અર્ધ-સત્ય જ હોય અથવા તો અવિદ્યાનો મિથ્યા ભ્રમ જ હોઈ શકે.

( ૩ ) હું અતિમનસ એટલે ૠત-ચેતના કહું છું. પછી તે ચેતના વિશ્વથી ઉપર રહેલી હોય અથવા તો વિશ્વની અંદર હોઈ તેના દ્વારા જ પરમાત્મા પોતાના મૂળ તત્ત્વને અને સ્વરૂપને જાણે છે એટલું જ નહિ પરંતુ પોતાના આવિર્ભાવને પણ જાણે છે. એ ચેતનાનો મૂળભૂત ગુણ એ છે કે તે તદ્રૂપતા દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. અને તેના વડે જ આત્માનું જ્ઞાન મેળવે છે. તેના વડે જ દિવ્ય સચ્ચિદાનંદનું જ્ઞાન મળે છે અને તે ઉપરાંત આવિર્ભાવના સાતત્યનું પણ જ્ઞાન પ્રાપ્ત થાય છે; કારણ કે આ બધું જ તે (तत्) પોતે જ છે — सर्वं खलु इदं ब्रह्म; वासुदेवः सर्वम् વગેરે. મન જ્ઞાન મેળવવા પ્રયત્ન કરતા અજ્ઞાનનું કરણ છે — અતિમાનસ પોતે જ જ્ઞાતા છે કારણ કે તે તેની સાથે એકતામાં છે. તેમજ જ્ઞેય વસ્તુ પોતે જ છે અને તેથી પોતાના સત્યના પ્રકાશમાંથી બધી વસ્તુઓને જુએ છે. તે બધી વસ્તુઓના સાચા આત્મતત્ત્વનો પ્રકાશ છે અને તે પ્રકાશ અતિમાનસ પોતે જ છે. તે કેવળ નિષ્ક્રિય નહિ પરંતુ ક્રિયાત્મક શક્તિ પણ છે. તે કેવળ જ્ઞાન નથી પરંતુ જ્ઞાન પ્રમાણેની સંકલ્પશક્તિ છે — અતિમાનસમાં એવી શક્તિ છે જે સીધેસીધી પ્રકાશ અને સત્યનું જગત આવિર્ભાવ કરી શકે છે, જે જગતમાં સર્વ વસ્તુઓ એકમેવ પરમાત્માની એકતા અને સંવાદના પાયા ઉપર પ્રકાશમય રીતે રહેલી હોય છે. તેમાં અજ્ઞાનનો પડદો અથવા કોઈ પણ આવરણ ક્ષોભ જન્માવી શકતું નથી તેથી અતિમનસ સર્વ શક્ય આવિર્ભાવોથી પર રહેલું હોય એવું નથી પરંતુ જે

હાલના આવિર્ભાવરૂપ મન પ્રાણ અને સ્થૂલ ત્રિવિધ તત્ત્વ આપણને હાલમાં અનુભૂતિ થાય છે તેનાથી પર રહેલું છે.

( ૪ ) અધિમનસ અતિમનસનું એક પ્રતિનિધિ છે. આ ફક્ત એક રૂપક છે. તે અત્યારના ઉત્ક્રાંતિ પામતા જગતને એક ટેકો આપી રહેલું છે જેમાં આપણે અહીં સ્થૂળ તત્ત્વમાં જીવન ધારણ કરીએ છીએ. જો અતિમનસ શક્તિએ એક સીધેસીધી સર્જનાત્મક શક્તિ તરીકે અહીંથી પોતાનું કાર્ય શરૂ કર્યું હોત તો આપણે જે રીતનું અત્યારનું જગત જોઈએ છીએ તે અશક્ય બન્યું હોત ને શરૂઆતથી જ દિવ્ય પ્રકાશથી પરિપૂર્ણ હોત. ભૌતિક તત્ત્વની અચેતનતામાં તે તિરોભાવ પામેલું ન હોત. અને પરિણામે જડ તત્ત્વમાં ચેતનાનો પ્રયત્નપૂર્વકનો ક્રમે ક્રમે જે વિકાસ થાય છે તે બન્યું ન હોત. એક પરાર્ધ એટલે ચેતનાના વિશ્વનો ઊર્ધ્વગોળાર્ધ, અને અપરાર્ધ એટલે નિમ્ન ગોળાર્ધની વચ્ચે એક રેખા દોરવામાં આવી છે. ઊર્ધ્વ-ગોળાર્ધ સત્, ચિત, આનંદ.અને મહસ્ ( અતિમાનસ )નો બનેલો છે. નીચેનો અર્ધ-ગોળાર્ધ મન, પ્રાણ અને ભૌતિક તત્ત્વનો બનેલો છે. આ બે ગોળાર્ધની વચ્ચે અંતરાલમાં જે રેખા દોરેલી છે તે અધિમનસ છે, જે પોતે તેજોમય હોવા છતાં અતિમાનસના અવિભાજ્ય પ્રકાશને આપણી પાસે પૂર્ણ રીતે આવવા દેતી નથી. અધિમનસના બધા પ્રકાશનો આધાર અતિમનસ ઉપર છે, પરંતુ અતિમનસના પ્રકાશને ગ્રહણ કરવામાં તેનું વિભાજન કરી નાખે છે, વહેંચી નાખે છે; તે જુદાં જુદાં સ્વરૂપોમાં, શકિતઓમાં તેના વિભાગો પાડી નાખે છે અને બધા પ્રકારની વિધવિધતાઓ ઉપજાવે છે. દરેક વિભાગ કરવામાં તે ચેતનાને વધારે અને વધારે આગળ જતાં જતાં ઓછી ઓછી નાની અને સંકુચિત કરતી જાય છે. દા.ત. જ્યારે આપણે મનમાં પહોંચીએ છીએ ત્યારે તે એની પોતાની ચેતનાને જ સંપૂર્ણ અથવા મુખ્ય સત્ય તરીકે ગણે છે અને બાકીની બધી વસ્તુઓને ગૌણ અથવા વિરુદ્ધની વસ્તુઓ ગણે છે. અધિમનસના આ કાર્યને આપણે ઉપનિષદ્‌ના આ પ્રમાણેના શબ્દો લાગુ પાડી શકાય 'સત્યનું મુખ હિરણ્યમય ઢાંકણ વડે ઢંકાયેલું છે ' ( हिरण्येन पात्रेण सत्यस्यापिहितं मुखम ) અથવા તો આપણે વેદના પણ પેલા શબ્દો લગાડી શકીએ ( ऋतेन ऋतम् अपिहितम ). અહીં અધિમનસની એક પ્રકારની વિદ્યા-અવિદ્યામયી માયા કાર્ય કરે છે અને તેને લઈને અવિદ્યાનું પ્રાબલ્ય શક્ય બને છે. આ પ્રાથમિક ભેદક સિદ્ધાંતને લઈને, દા.ત. મન એમ માની લે છે કે અવૈયક્તિક તત્ત્વ એ જ સત્ય છે અને વ્યક્તિગત તત્ત્વ એક બુરખો છે, અથવા તો વૈયક્તિક પરમાત્મા એ જ સૌથી મહાન સત્ય છે અને અવૈયક્તિકતા એ ફક્ત પાસું જ છે. એટલા માટે જ બધી તત્ત્વજ્ઞાનની એકબીજાની વિરોધી વિચારસરણીઓ અને ધર્મોનો

ઉદય થાય છે અને તે દરેક મનની આગળ રજૂ થયેલું સત્યનું એક સ્વરૂપ અથવા શકયતાને વસ્તુઓની સંપૂર્ણ સમજૂતી તરીકે જાહેર કરે છે. પરમાત્માના બધા દેવો-માંથી એક દેવને તમામ દેવો કરતાં સાચા શ્રેષ્ઠ દેવ તરીકે જાહેર કરે છે અને તેના જેટલો કે તેનાથી વધારે ઊંચો કોઈ પણ દેવ હોઈ શકે નહિ એમ કહે છે. આ વિભાજનનો સિદ્ધાંત માનવના મનોમય જ્ઞાનને દરેક જગાએ અનુસરે છે, અને જયારે તે એમ વિચારે છે કે તેણે અંતિમ તત્ત્વની એકયતા પ્રાપ્ત કરી છે ત્યારે પણ તે એકયતા ફકત એક રચના ઉપર જ ઘડેલી એકયતા છે અથવા તો તેનો પાયો ફકત અક સ્વરૂપ ઉપર જ રચાયેલો હોય છે. આ રીતે જ ભૌતિકશાસ્ત્રનો વિજ્ઞાની પોતાના જ્ઞાનની એકતા વસ્તુઓના ભૌતિક સ્વરૂપ ઉપર રચે છે, અથવા માયાવાદી વિચારે છે કે તેણે નિરપેક્ષ અદ્વૈતને પ્રાપ્ત કર્યું છે અને તે અસ્તિત્વને તે વિભાગમાં કાપી નાખીને એક તત્ત્વને, ઉપરની બાજુને બ્રહ્મ કહે છે અને નીચેના ભાગને માયા કહે છે. આ કારણને લઈને મનોમય જ્ઞાન કદી કોઈ વસ્તુના અંતિમ ઉકેલ ઉપર આવી શકતું નથી. કારણ કે અધિમનસે અસ્તિત્વનાં સ્વરૂપોને અસંખ્ય વિભાગોમાં વહેંચી નાખેલાં છે અને માણસ આ રીતે કાયમ અનેક તત્ત્વજ્ઞાનની વિચારસરણીઓ અને ધર્મોની સંખ્યામાં વધારો કરી શકે છે.

અધિમનસમાં પોતાનામાં આ પ્રકારની અવ્યવસ્થા અથવા ગોટાળો નથી કારણ કે અધિમનસ જાણે છે કે સર્વ વસ્તુઓનો આધાર, મૂળ તત્ત્વ અને મૂળ શક્તિ પેલું એક (तत्) છે પરંતુ તેને તેની યોગ્ય ક્રિયાત્મક લીલામાં તે તેની વૈવિધ્યપૂર્ણ ભેદક શક્તિ ઉપર વધુ ભાર મૂકે છે અને તેની દરેક ભિન્ન શક્તિ અથવા સ્વરૂપને આવિર્ભાવ પામવા માટે પૂર્ણ તક આપે છે; તે વિસંવાદ અને સંઘર્ષ ઉત્પન્ન ન થાય એટલા માટે પેલા એકત્વ ઉપર જ આધાર રાખે છે. દરેક દેવ જાણે કે પોતાનું અલગ જગત રચે છે પરંતુ તે બીજાઓ સાથે સંઘર્ષમાં આવતા નથી. પ્રત્યેક સ્વરૂપ, દરેક વિચાર વસ્તુઓ પાછળ રહેલું દરેક બળ, પોતપોતાની અલગ પૂર્ણ શકિતનો અથવા પ્રભાવનો અનુભવ કરી શકે છે અને પોતાનાં મૂલ્યો ભોગવી શકે છે, પરંતુ તેમાં વિસંવાદ ઉત્પન્ન થતો નથી કારણ કે અધિમનસને અનંત તત્ત્વનું ભાન હોય છે અને સાચા અનંત તત્ત્વમાં (અવકાશના અનંતમાં નહિ) અનંત તત્ત્વો સંવાદમાં રહી શકે છે પરંતુ અધિમનસનું સુરક્ષિત એકત્વ જે તેને ટકાવે છે અને શાસન કરે છે તે નીચેમાં રહેલી ભૂમિકાઓ ઉપર સંક્રાન્ત થાય ત્યારે ટકી રહેતું નથી કારણ કે જયારે ચેતના એક પછી એક પગથિયું નીચે ઊતરે છે ત્યારે વિભાજન અને અનેકતા ઉપરનો ઝોક વધતો જાય છે, અને મનની અંદર જે એકત્વની ચેતના રહેલી છે તે બિલકુલ અસ્પષ્ટ, અમૂર્ત, અનિશ્ચિત બની જાય છે. જે ફકત

બાહ્ય રૂપની મૂર્ત વસ્તુઓ જ મૂર્તરૂપે દેખાય છે – તે દૃશ્યમાન વસ્તુઓ રૂપ અને રજૂઆતમાં તેમની પ્રકૃતિ પ્રમાણે દેખાય છે–તેમાં પરમાત્માનું એકત્વનું આત્મદષ્ટિબિંદુ અદૃશ્ય થતું જાય છે. મનની પાસે જે સામગ્રી આવે છે તેનું તે વિભાજન કરીને, ટુકડા કરીને પછી તાણાવાણાની માફક ગોઠવે છે; તે બધાંનો સમન્વય કરીને સમગ્રરૂપે જોઈ શકે છે, પરંતુ જ્યારે તે પદાર્થોનું વાસ્તવિક સત્ય શોધે છે ત્યારે તેને અમૂર્ત વિચારોનો જ આશ્રય લેવો પડે છે. આધ્યાત્મિક સાધક અથવા ગુહ્ય વિદ્ તત્ત્વનું જે મૂર્ત દર્શન, અનુભૂતિ અને સંપર્ક શોધે છે તે તેને મળી શકતાં નથી. આત્મતત્ત્વને અથવા તો દિવ્ય વાસ્તવિકતાને સીધેસીધી અને સાચી રીતે જાણવા માટે મનને શાંત પડી જવું જોઈએ. અને તેના માટે આ વસ્તુઓના કેટલાક પ્રકાશનું તેનામાં પ્રતિબિંબ પાડવું જોઈએ. અથવા તો મનને પોતાની જાતથી ઉપર ચાલ્યા જવું જોઈએ અને પોતાનું રૂપાંતર કરવું જોઈએ. આ વસ્તુ ત્યારે જ શક્ય બને જ્યારે તેનામાં ઊર્ધ્વ પ્રકાશ અવતરણ પામે અથવા પોતે ઊર્ધ્વમાં આરોહણ કરે અને અસ્તિત્વના ઊર્ધ્વતર પ્રકાશમાં પોતે નિમગ્ન બને. જડતત્ત્વમાં, જ્યારે આપણે મનથી પણ નીચે ઊતરી જઈએ ત્યારે આપણે આનાથી પણ વધારે ટુકડા પાડવાની પરિસ્થિતિમાં અને વિભાજનમાં જઈએ છીએ. પેલું એકમેવ તત્ત્વ ગુપ્ત રીતે ત્યાં રહેલું જ છે. પરંતુ તેનું આપણને જ્ઞાન થતું નથી. અને આપણે અહીં અજ્ઞાનની પૂર્ણતા જોઈએ છીએ, એક મૂળભૂત અચેતનતા જોઈએ છીએ જેમાંથી વિશ્વએ અચિતમાંથી ચેતનામાં અને જ્ઞાનમાં ઉત્થાન કરવાનું છે.

(૫) જો આપણે વૈકુંઠ અથવા ગોલોકને દરેકને વિષ્ણુનું અથવા કૃષ્ણનું જગત છે એમ માનીએ તો સ્વાભાવિક રીતે જ તેનું સ્થાન અથવા મૂળ, આપણે અધિમનસની ભૂમિકામાં શોધવાં પડે. અધિમનસ દેવોની ઉચ્ચતમ જગતોની ભૂમિકા છે, પરંતુ વૈકુંઠ અને ગોલોક એ માણસના સ્વરૂપના ખ્યાલોની અવસ્થા છે અને તે માનવતાથી પર રહેલી ઉચ્ચતર ભૂમિકાઓ છે. ગોલોક પ્રેમ, સૌંદર્ય અને આનંદપૂર્ણ આધ્યાત્મિક તેજોથી પૂર્ણ જગત છે (ગાય એ આધ્યાત્મિક પ્રકાશનું પ્રતીક છે) અને આત્માઓ એ પ્રકાશના રક્ષકો અને માલિકો છે. ગોપો અને ગોપીઓ આ આવિર્ભાવને માટે અમુક કોઈ ચોક્કસ એક જ ભૂમિકાના નથી – હકીકતમાં મનોમય, પ્રાણમય કે સૂક્ષ્મ સ્થૂલ ભૂમિકા ઉપરની કોઈ પણ ચેતનાની ભૂમિકા ઉપર આ વસ્તુનું પ્રતિબિંબ પડી શકે છે, અથવા તેમને ગ્રહણ કરી શકાય છે અથવા તે પરિસ્થિતિઓ પ્રાપ્ત કરી શકાય છે, એટલા માટે તમે જે ખુલાસો કરો છો તેને બાકાત કરવામાં આવતો નથી પરંતુ તે પ્રમાણે શક્ય છે.

( ૬ ) નિર્વાણની કોઈ ભૂમિકા અથવા જગત તરીકે વર્ણન આપી શકાય નહિ, કારણ કે નિર્વાણનો ધસારો જગતમાંથી અને જગતનાં મૂલ્યોમાંથી દૂર થઈ જવાનો હોય છે, એટલે કે તે એક એવી ચેતનાની અવસ્થા છે અથવા પરાચેતના છે જેનું કોઈ નિવાસસ્થાન અથવા ભૂમિકા નથી. આ નિર્વાણ એક કરતાં વધારે પ્રકારના હોઈ શકે છે ( લય અથવા વિસર્જન ). માનવ એ શરીરધારી મનોમય પુરુષ છે અને તે પોતાના આધ્યાત્મિક મનસ્ મારફતે વિશ્વમય ચેતનામાંથી પાછો હઠી જવાનો પ્રયત્ન કરે છે. તે સિવાય તે બીજું કાંઈ કરી શકતો નથી અને આ વસ્તુને જ તે નિર્વાણ અથવા લય દેખાય છે, કારણ કે આવું નિર્વાણ પામવા માટે તેણે જગતથી પર રહેલાં કોઈ તત્ત્વમાં મનનો અથવા મનની ઉપર આધાર રાખતી સર્વ વસ્તુઓનો, જેમાં તેના અહંકારનો પણ સમાવેશ થઈ જાય, તે સર્વનો લય સાધવો એ જ એક સ્વાભાવિક અને અનિવાર્ય માર્ગ છે, જેથી તે સર્વમાંથી પાછો હઠી જઈ શકે. તેનાથી વધારે ભાવાત્મક સાધના છે, જેમાં વ્યક્તિ ઊર્ધ્વમાં આરોહણ કરે છે પરંતુ તેને માટે પાછા હઠી જવું એ અનિવાર્ય બનતું નથી. પોતાની હાલની ચેતનામાંથી ઊર્ધ્વ ચેતનામાં જઈને મનોમય પુરુષનું રૂપાંતર સાધી શકાય છે, પરંતુ એક બીજો પણ માર્ગ છે જેનો મેં ઉલ્લેખ કરેલો છે કે નિર્વાણની અમુક અનુભૂતિ મારફતે પસાર થઈને પણ તેમાં પહોંચી જવું એ શક્ય છે. એવા નિર્વાણના માર્ગમાં મન બિલકુલ શાંત થઈ જાય છે, પ્રવૃત્તિઓ રચનાઓ અને પ્રતીકો અટકી જાય છે. એ એટલી પૂર્ણ રીતે બને છે કે તેમાં કેવળ મન જ શાંત થઈ જતું નથી પરંતુ ઇન્દ્રિયો પણ શાંત થઈ જાય છે અને સમગ્ર જગતમાં રહેલી ઘનતા અને વાસ્તવિકતા તેમના માટે ખાલી બની જાય છે અને જગતના બધા પદાર્થો નક્કર રૂપ વગરના દેખાય છે, તે પદાર્થોને કોઈ સ્થાન હોતું નથી. અથવા તો તે બધા કોઈ અનામી એવા અનંત તત્ત્વમાં તરતા હોય એવું લાગે છે. આ અનંતતા અથવા આ કોઈ तत् એ કાંઈક ઉપર રહેલી વસ્તુ હોય છે. તે એકમાત્ર વાસ્તવિક સાચું તત્ત્વ લાગે છે, એક નિરપેક્ષ સ્વસ્થતા, શાંતિ અને મુક્તિ એ પરિણામરૂપ અવસ્થા બની આવે છે. આ અવસ્થામાં કર્મ ચાલુ રહે છે પરંતુ તેમાં વ્યક્તિ કોઈ ભાગ લેતી નથી અથવા કોઈ વસ્તુની શરૂઆત કરતી નથી, પરંતુ પેલી શાંત, મુક્ત ચેતનામાં જ રહે છે, કોઈ અનામી શક્તિ બધું કાર્ય કરી આપે છે. છેવટે પેલું ઊર્ધ્વ ચેતનાનું અવતરણ થાય છે જે ચેતનાનું રૂપાંતર કરે છે અને વ્યક્તિને પ્રકાશિત જ્ઞાન, કર્મ અને આનંદને માટે એક શાંતિ અને મુક્તિનો પાયો રચી આપે છે. પરંતુ આવો માર્ગ ભાગ્યે જ બની આવે છે. ઊર્ધ્વતર ચેતનાના કાર્યને શક્ય બનાવવા માટે સામાન્ય રીતે મનની શાંતિ, ચેતનાની મુક્તિ, મનનાં અપૂર્ણ પ્રતીકો અથવા રજૂઆતોના

સત્યમાં અથવા તેની છેવટની માન્યતાનાં મૂલ્યોમાંથી પાછા હઠી જવાની ક્રિયા એટલું પૂરતું છે.

(૭) હવે વિશ્વમય ચેતના અને નિર્વાણ વિશે વિશ્વમય ચેતના એ ઘણો જટિલ વિષય છે. પ્રથમ શરૂઆતથી સમજીએ તો તેનામાં બે મુખ્ય બાજુઓ છે. એક મુક્ત, અનંત, શાંતિ, નિષ્ક્રિય એવો આત્મા જે સર્વમાં એકરૂપે અને સર્વથી પર છે તેની અનુભૂતિ, અને બીજી બાજુએ વિશ્વરૂપ શક્તિ અને તેનાં બળો, કાર્યો અને રચનાઓની અનુભૂતિ – આ બીજી અનુભૂતિ જ્યાં સુધી વ્યક્તિ પોતાનું રૂપ સમગ્ર વિશ્વમાં પ્રસરેલું અનુભવવા ન લાગે અને તે પોતે સર્વને ધારણ કરે છે અને તેનાથી પણ વધારે વિશાળ છે એવું ન અનુભવે, ત્યાં સુધી તે પૂર્ણ રીતે તેને પ્રાપ્ત થઈ કહેવાય નહિ, ત્યાં સુધીમાં વ્યક્તિને વિશ્વમય બળો, સત્ત્વો, વ્યવહારો સાથે આપલે થઈ શકે અને સીધા સંપર્કો પણ થઈ શકે, પરંતુ તેના મનની વિશ્વરૂપ મન સાથે, તેનો પ્રાણ વિશ્વ પ્રાણ સાથે અને તેની ભૌતિક ચેતના વિશ્વરૂપ ભૌતિક ચેતના સાથે તથા શરીરની પૂર્ણ એકતા પ્રાપ્ત થતાં નથી. તે ઉપરાંત એક વિશ્વમય આત્મ તત્ત્વનો તેને સાક્ષાત્કાર થઈ શકે પરંતુ તેની સાથે ક્રિયાત્મક વિશ્વરૂપ ચેતનાની એકતાનો સાક્ષાત્કાર ન પણ થાય. અથવા તેનાથી ઊલટું એવું પણ બને કે તેનામાં કોઈ પ્રકારની ક્રિયાત્મક ચેતનાની વિશ્વમયતાનો અનુભવ થાય છતાં તેને મુક્ત સ્થિર આત્મતત્ત્વ જે સર્વ-વ્યાપી હોય તેના સાક્ષાત્કારમાંથી તે બાતલ રહે. જો વ્યક્તિ પેલી મહત્તર શક્તિઓ સાથે સંકળાયેલી રહીને તેનો આનંદ પ્રાપ્ત કરવામાં રચીપચી રહે તો તેને પેલો શાંત મુક્તાવસ્થાનો માર્ગ બંધ થઈ જાય. વળી આ એકરૂપતા અથવા વિશ્વરૂપતાની પ્રાપ્તિ એક ભૂમિકા કે સ્તરમાં વધારે હોય, અને બીજી ભૂમિકામાં ઓછું હોય. તે તાદાત્મ્ય મનોમય ભૂમિકામાં પ્રધાનપણે વિશેષ હોય યા તો તેનું ઊર્મિમય ભૂમિકામાં વધારે પ્રાધાન્ય હોય (અને તે વિશ્વરૂપ સહાનુભૂતિ અથવા પ્રેમ મારફતે થાય) અથવા બીજા પ્રકારની પ્રાણમય ભૂમિકામાં (પ્રાણમય ભૂમિકાનાં વિશ્વમય બળોને લઈને) તેનું પ્રાધાન્ય હોય, અથવા શારીરિક ભૂમિકા ઉપર પણ હોય. હરકોઈ રીતે તેનો પૂર્ણ સાક્ષાત્કાર થાય છતાં એટલું સ્પષ્ટ છે કે આ વિશ્વરૂપ લીલા કોઈ એવી વસ્તુ હોય છે જે વ્યક્તિને એક મર્યાદિત રૂપની, અવિદ્યામય અને અપૂર્ણ સ્વરૂપની લાગે. મુક્ત થયેલો આત્મા આ અપૂર્ણતાઓ અને મુશ્કેલીઓથી અસ્પર્શ્ય અને અચલ રહીને તે લીલાને માન્ય રાખી શકે, અને પોતાને જે કર્મ સોંપવામાં આવ્યું હોય તે કાર્ય કરી શકે, સર્વને મદદરૂપ બનવા પ્રયત્ન કરે અથવા પરમાત્માનું કરણ બની રહે એવું બને પરંતુ તે કર્મમાં કે તેના કરણ બનવામાં તેને પૂર્ણતા જેવું ન લાગે અથવા પરમાત્માનો પૂર્ણ પ્રકાશ, શક્તિ કે આનંદ પ્રાપ્ત ન પણ થાય. આ

પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે વિશ્વરૂપ અસ્તિત્વની આનાથી પણ વધારે ઉચ્ચતર ભૂમિકાઓમાં જવાનું છે અથવા તો તે ભૂમિકાઓને પોતાની ચેતનામાં અવતરણ કરાવવાની રહે છે — અને આ વસ્તુને દૃષ્ટિ સમક્ષ ન રાખી હોય અથવા સ્વીકારવામાં ન આવી હોય તો નિર્વાણ તરફના ઝોકમાં વ્યક્તિએ એક મુક્ત થવાના માર્ગ તરીકે ટકી રહેવાનું છે. બીજો માર્ગ છે, મૃત્યુ પછી આ ઊર્ધ્વતર સ્તરોમાં આરોહણ કરવાનો—ધર્મોએ જેને સ્વર્ગો તરીકે કહેલા છે, અને તેઓ એક વધારે મહાન, જ્યોતિર્મય આનંદમય દિવ્ય ઝંખનાના પ્રદેશોનાં પ્રતીકો તરીકે સૂચવાયેલા છે.

પરંતુ, અહીં કોઈ પૂછે કે જો ઊર્ધ્વમાં રહેલી ભૂમિકાઓ અથવા અધિમનસ પોતે પોતાની સર્વ શક્તિ, પ્રકાશ, મુક્તિ અને વિશાળતા સહિત પોતાની ચેતનાનો આવિર્ભાવ કરે, અને આ બધી વ્યક્તિગત ચેતનામાં અહીં આ બધી વસ્તુઓનું અવતરણ થાય તો પછી જગતનો નકાર અથવા નિર્વાણનું વલણ અને દિવ્ય પરાત્પર તરફ જવાની ઝંખના રાખવી એ બિનજરૂરી નથી ? પરંતુ પરિણામ એ આવે કે વ્યક્તિ ઊર્ધ્વ ચેતનાને પ્રાપ્ત કરે અને અધિમનસ પ્રાપ્ત કરીને જો કે તે પરમાત્માના ઐક્યમાં રહે અને એક તેજોમય વિશાળ, મુક્ત ચેતનામાં રહે અને સમગ્ર વિશ્વને પોતાનામાં સમાવી લે, તથા મહાન શક્તિઓનાં સર્જનનો, આધ્યાત્મિક તેમજ બાહ્ય ચેતનાની નહેર બને તેમ છતાં આ જગત મૂળભૂત રીતે જેવું છે તેવું જ રહે – તેની અંદર રહેલાં આત્મતત્ત્વ અને તેનાં માધ્યમ તથા સામગ્રી જેના ઉપર તે કાર્ય કરે, તે બન્ને વચ્ચે એક ખીણ રહી જવાની. એક આંતર ચેતના અને તે જેમાં કાર્ય કરે છે તે જગત વચ્ચે વ્યક્તિની સિદ્ધિ આંતરિક રીતે આત્મલક્ષી રીતે અને વૈયક્તિક રીતે પૂર્ણ પ્રકારની હોઈ શકે, પરંતુ તેની ક્રિયાત્મકતાનું પરિણામ અપૂર્ણ, અસમાન અને મિશ્ર પ્રકારનું રહેવાનું. આંતર અને બાહ્ય રીતનો પૂર્ણ સંવાદ સધાવાનો નહિ. અહીં રહેલ અસ્તિત્વની એક નવીન પૂર્ણ સંવાદિતા જે તેમાં પ્રગટ થાય તેને સાચી રીતે દિવ્ય કહી શકાય નહિ. તે કાર્ય તો ફક્ત અતિમાનસ જેવી જ ચેતના કરી શકે. તે કોઈ પણ પરિસ્થિતિથી મર્યાદિત નથી, અને તેના મૂળ સ્રોતની સાથે ને પૂર્ણ એકતામાં રહેલી હોય છે; એ એક એવી સત્ય-ચેતના (ઋત-ચેતના) છે જેનામાં પોતાની બિનશરતી સર્જનો કરવાની શક્તિ છે. તે ઊર્ધ્વ ગોળાર્ધના કોઈ પણ સંવાદ અને લય નિમ્ન ગોળાર્ધના સૌથી નીચેના સ્તર ઉપર સ્થાપિત કરી શકે છે. તે આ પ્રકારનું સર્જન કરશે કે કેમ તેનો આધાર અસ્તિત્વનો વિકાસક્રમ કઈ દિશામાં થઈ રહ્યો છે તેના ઉપર છે. આ જગતનું અસ્તિત્વ તેની પ્રકૃતિ પ્રમાણે જો કોઈ અપૂર્ણ અસ્તિત્વ હોય અને તેનો વિનાશ થવાનું નિર્માણ થયેલું હોય તો પછી આ અર્થ વગરના વિશ્વમાંથી મુક્તિ મેળવવા માગતા આત્મા

માટે છેવટના બે માર્ગ છે. કાં તો તેણે નિર્વાણની કોઈ અભાવાત્મક રીતે ઊર્ધ્વમાં ચાલ્યા જવું અથવા ભાવાત્મક રીતે અધિમનસની ચળકતી ઢાલને તોડી નાખીને, હિરણ્મય પાત્રને તોડીને જગતના ઉપરના પ્રદેશમાં ચાલ્યા જવું. આ જગતમાં રહેવા માટે અમિતાભ બુદ્ધની માફક તેનામાં જગત પ્રત્યે કરુણા રહેલી હોય અથવા તો તેના અંતરમાં રહેલા પરમાત્માના સંકલ્પે તેને આ જગતમાં હજુ પણ અજ્ઞાનના અંધકારમાં રહેતા માનવીઓ માટે તેમને મદદ કરવા જીવન ધારણ કરવા માટેની અને તેમના પ્રકાશ માટેના સંઘર્ષપૂર્ણ પ્રયત્નમાં ભાગીદાર થવા માટે તેમને આજ્ઞા આપી હોય; તેનાથી ઊલટું જો આ જગત આધ્યાત્મિક તિરોધાન અને ઉત્ક્રાંતિની લીલા હોય અને તેમાં એક પછી એક શક્તિ, છેક ઊર્ધ્વની પણ પ્રગટ થવાની હોય જે રીતે અનિશ્ચિત અચેતનતામાંથી જડ તત્ત્વ, પ્રાણ અને મન હાલ પ્રગટ થયાં છે તેવી રીતે, તો પછી પ્રગતિનું એક બીજું શિખર પણ પ્રાપ્ત કરવાની શક્યતા છે.

નિર્વાણ તરફના વલણ માટે બે હેતુરૂપ બળો તેની પાછળ રહેલાં છે. એક આ જગતની અપૂર્ણતા, દુ:ખ, મૃત્યુ અને વેદનાનું ભાન – બુદ્ધ માટેનો મૂળભૂત હેતુ જગતનું તેમને આ રીતનું ભાન થયેલું તે હતો, પરંતુ આપત્તિઓમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે નિર્વાણ જરૂરી નથી. જો એવા ઊર્ધ્વ જગતો હોય જેમાં આવી અપૂર્ણતા, દુ:ખ, મૃત્યુ અને વેદના ન હોય અને તેમાં પહોંચી શકાતું હોય તો નિર્વાણ જરૂરી નથી. પરંતુ તે મુક્તિની શક્યતામાં પણ સામે એવો વિચાર આવે છે કે આવા ઊર્ધ્વ જગતો પણ નાશવંત છે અને અજ્ઞાનના ભાગરૂપના જ છે. અને વ્યક્તિ જ્યાં સુધી આ અવિદ્યા ઉપર વિજય પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે જગતો-માંથી ફરી ફરીને તેણે આપણા આ જગતમાં પાછા ફરવું પડે છે, અને મૂળભૂત વાસ્તવિક સત્ય તથા આ વિશ્વરૂપ જગત એ સત્ય અને જૂઠાણા તરીકે એકબીજાના વિરોધી છે અને એકીસાથે રહી શકે એમ નથી. તો પછી નિર્વાણ માટે બીજો હેતુ ફલિત થાય છે, અને તે છે વિશ્વમાંથી ઉપર ચાલ્યા જવાનો પુકાર. જો પરમાત્મા કેવળ વિશ્વાતીત હોય એટલું જ નહિ પરંતુ તે વિશ્વથી અલગ રહેલા અને અવ્યવ-હાર્ય હોય અને તેને પ્રાપ્ત કરવા માટે અહીં જે કાંઈ હોય તેને 'નેતિ' 'નેતિ' કર્યા સિવાય પહોંચી ન શકાતું હોય, તો કોઈક પ્રકારનું નિર્વાણ અથવા પૂર્ણ નિર્વાણ એ અનિવાર્ય વસ્તુ બની જાય. પરંતુ બીજી રીતે જો પરમાત્મા પરાત્પર હોય પણ અવ્યવહાર્ય ન હોય અને તેની સાથે અનુસંધાન કરી શકાતું હોય તો તેને પ્રાપ્ત કરવાનો સાદ રહે છે જ અને આત્મા આ ચિત્રવિચિત્ર વિશ્વરૂપ લીલાનો તે પરમાત્માના આનંદ માટે ત્યાગ કરે પરંતુ તેને માટે સંપૂર્ણ નિર્વાણ અનિવાર્ય નહિ બને; સાધકની પાસે પરમાત્માના દિવ્ય આનંદની એકતાનો એક માર્ગ રહે

છે. આ કારણને લઈને વિશ્વરૂપ ચેતના પૂરતી નથી અને તેનામાંથી બહાર નીકળવાનું વલણ મજબૂત રહે છે – જો અધિમનસના સોનેરી ઢાંકણને ખોલી નાખવામાં આવે, અને તેનાથી ઉપર જઈ શકાય તો અતિમાનસ સાથે ક્રિયાત્મક સંબંધ સ્થાપિત થઈ શકે અને તેનો પ્રકાશ અને શકિત અહીં ઉતારી શકવાનું આપણું લક્ષ્ય હોય તો જ નિર્વાણ કરતાં કાંઈક જુદી જ વસ્તુ બની શકે.

*

પરમાત્મા દરેક જગાએ ચેતનાની સર્વ ભૂમિકાઓ ઉપર રહેલા છે પરંતુ તેના સ્વરૂપનાં ભિન્ન ભિન્ન પાસાંઓ આપણી સમક્ષ રજૂ થાય છે. પરંતુ એક પરમ તત્ત્વ છે જે આ સર્વ ભૂમિકાઓ અને શેતો અને સ્વરૂપોથી પર રહેલું છે અને તેમાંથી આ બધું નિષ્પન્ન થાય છે.

*

પરમાત્મા ચેતનાની સર્વ ભૂમિકાઓમાં, દરેક જગાએ રહેલા છે. અવગુંઠિત અથવા અર્ધ આવિર્ભાવવાળા, અથવા આવિર્ભાવ પામતા હોય છે; અતિમાનસમાં પરમાત્મા અવગુંઠન અથવા પરદા વગર પોતાના ‘સ્વરૂપમાં’ આવિર્ભાવ પામવાની શરૂઆત કરે છે.

*

હું માનતો નથી કે યોગિક જ્ઞાનની એ પદ્ધતિ અને બીજી પદ્ધતિ વચ્ચે સંપૂર્ણ પારસ્પરિક સંબંધ શોધી શકાય. બધી જ પદ્ધતિઓ એક જ વસ્તુ સાથે વ્યવહાર કરે છે, પરંતુ તેમના દૃષ્ટિબિંદુમાં, દર્શનની કક્ષાઓમાં તફાવત હોય છે. જેનું દર્શન થયું હોય છે અને અનુભૂતિ થયેલી હોય છે તે વિશેના મનોમય ખ્યાલો જુદા જુદા હોય છે અને તેમાં ભિન્ન ભિન્ન વ્યાવહારિક દૃષ્ટિબિંદુ હોય છે. તેથી જે માર્ગ તેઓ બતાવે છે અને અનુસરણ કરે છે તેમાં તેમની પદ્ધતિની ભિન્નતા હોય છે અને દરેક પદ્ધતિ પોતાના સિદ્ધાંતો અને યોજના ઘડે છે.

પ્રાચીન ભારતની પદ્ધતિમાં ફક્ત એક પરમ ત્રિપુટિ છે – સચ્ચિદાનંદ. અથવા તમે ઊર્ધ્વ ગોળાર્ધની પરમ તત્ત્વ તરીકે વાત કરતા હો તો તેમાં ત્રણ ભૂમિકાઓ હોય છે. સત્‌ની ભૂમિકા, ચિત્‌ની અને આનંદની. અતિમનસને ચોથી ભૂમિકા તરીકે તેમાં વધારી શકાય, કારણ કે તે બીજી ત્રણ ભૂમિકાઓ ઉપર ખેંચાણ કરે છે અને તે ભૂમિકા ઊર્ધ્વ ગોળાર્ધની છે. ભારતીય પદ્ધતિઓ બન્ને તદ્દન ભિન્ન શકિતઓ અને ચેતનાના સ્તરો વચ્ચે ભેદ પાડતી નહોતી. તેમાંના એકને આપણે અધિમનસ

કહી શકીએ અને બીજાને સાચું અતિમનસ અથવા દિવ્ય વિજ્ઞાન. આ કારણને લઈને જ તેઓ માયા (અધિમનસ શકિત અથવા વિદ્યા–અવિદ્યા) વિશે ગોટાળામાં પડી ગયા અને તેને પરમ સર્જક શકિત તરીકે સ્વીકારી લીધી. આટલે ટૂંકે રસ્તે અટકી જઈને તે વસ્તુ ફક્ત અર્ધ તેજોમય હતી તેથી રૂપાંતરના રહસ્યને તેઓ ગુમાવી બેઠા — જો કે વૈષ્ણવ અને તંત્રમાર્ગે તેને શોધવા ફાંફાં માર્યાં અને કેટલીક વખત તો તેઓ સફળતાની સીમાએ પહોંચી ગયેલા. બીજી બધી પદ્ધતિઓ માટે આ વસ્તુ, હું ધારું છું કે ક્રિયાત્મક દિવ્ય સત્યની શોધ માટેના સર્વ પ્રયત્નોમાં વિઘ્નરૂપ નીવડી. હું એવા કોઈ પણ માર્ગ માટે જાણતો નથી જેમણે એવી કલ્પના ન કરી હોય, કે જેનું તેમણે અધિમનસના તેજનું અવતરણ ન અનુભવ્યું હોય અને તેને તેમણે સાચા પ્રકાશ અથવા વિજ્ઞાન તરીકે ન માન્યું હોય. આથી કરીને તેઓ ત્યાં જ અટકી ગયા અને તેનાથી આગળ જઈ શકયા નહિ અથવા તેમણે એવું તારણ કર્યું કે આ પણ કેવળ માયા અથવા લીલા જ હતી અને કરવા લાયક એક જ વસ્તુ હતી કે પરમ તત્ત્વના કોઈ અચલ આક્ય નીરવતામાં ઉપર ચાલ્યા જવું.

કદાચ પરમ દિવ્ય તત્ત્વનો અર્થ હાલના આવિર્ભાવનાં ત્રણ મૂળભૂત તત્ત્વો હોઈ શકે. ભારતીય પ્રણાલિમાં આ ત્રણ ઈશ્વર, શકિત અને જીવ અથવા સચ્ચિદાનંદ, માયા અને જીવ છે. પરંતુ આપણી પદ્ધતિમાં, જે અત્યારની આવિર્ભાવથી પરની વસ્તુની સાધના કરે છે તેને માટે આ વસ્તુઓ માન્ય રાખી શકાય. જો આપણે ચેતનાઓની ભૂમિકાની દષ્ટિબિંદુથી જોઈએ તો ત્રણ ઉચ્ચતમ તત્ત્વો કહી શકાય – આનંદ (જેના ઉપર સત્ અને ચિત્ આધાર રાખે છે) અતિમનસ અને અધિમનસ નિમ્ન ગોળાર્ધના શિખર ઉપર હોય છે, અને તમારે તેની આરપાર જવાનું છે અને અધિમનસથી ઉપર જવાનું છે. જો તમે અતિમનસ સુધી પહોંચો તો તેનાથી પણ પર સચ્ચિદાનંદની સૃષ્ટિઓ છે.

તમે અધિમનસની નીચેની ખાઈ વિશે વાત કરો છો. પરંતુ માનવ અચેતનતા સિવાય બીજી કોઈ ખાઈ છે ખરી? ચેતનાની ભૂમિકાઓ ક્રમબદ્ધ હારમાળાઓમાં અથવા કક્ષાઓમાં કોઈ પણ જગાએ ખરેખરની ખાઈ નથી, એકબીજાની સાથે સંકળાયેલી શ્રેણીઓ હોય છે અને વ્યકિત એક પછી એક પગથિયે આરોહણ કરી શકે છે. અધિમનસ અને માનવમનની વચ્ચે એક એકથી વધારે તેજોમય શ્રેણીના પ્રદેશો છે; પરંતુ તે માનવ માટે અતિચિતના પ્રદેશો હોવાથી (સિવાય કે સૌથી નિમ્નમાં રહેલા એક કે બે પ્રદેશો, જેનો તેને સીધેસીધો સંપર્ક થાય છે. માનવમન તેને ઉચ્ચતર અચિત તરીકે ગણી લે છે, એટલે એક ઉપનિષદ ઈશ્વર ચેતના વિશે ‘સુષુપ્તિ’, ગાઢ

નિદ્રા તરીકે વર્ણન કરે છે, કારણ કે ફક્ત સમાધિની સ્થિતિ દરમિયાન જ માનવી તેમાં પ્રવેશ કરે છે. જ્યાં સુધી તે તેની જાગ્રત ચેતના ઊર્ધ્વ અવસ્થામાં પ્રયત્ન ન કરે ત્યાં સુધી તે સુષુપ્તિમાં જ રહે છે.

સ્વરૂપ અને તેના વિભાગની રચનામાં હકીકતમાં એકસાથે બે તંત્ર રચનાઓ સક્રિય હોય છે : એક કેન્દ્રવર્તી, જેમાં કેન્દ્રમાં ચૈત્યપુરુષ હોય છે અને તેની આજુ-બાજુ અનેક વર્તુળો અથવા કોશોની શ્રેણીઓ આવેલી હોય છે. બીજા પ્રકારની રચના એક શિરોલંબ રચના હોય છે અને તેમાં આરોહણ અને અવતરણનાં પગ-થિયાંની હારમાળા હોય છે, અથવા એક ઉપર બીજી ભૂમિકાઓના સ્તરો હોય છે અને તેમાં અતિમનસ – અધિમનસની ભૂમિકાઓનું એક મહત્ત્વનું બિંદુ હોય છે. આ ભૂમિકામાં માનવચેતનામાંથી દિવ્ય ચેતનામાં સંક્રમણ થઈ શકે છે. આ સંક્રમણ માટે, જો તે સમયે જ રૂપાંતર બની રહે તો તેના માટે ફક્ત એક જ રસ્તો – માર્ગ રહેલો છે. પ્રથમ તો રૂપાંતર અંતરમાં બનવું જોઈએ. એક પોતાની અંદરના ઊંડાણમાં જવાનું અને સૌથી અંતરમમાં રહેલા ચૈત્યપુરુષને શોધીને તેને અગ્રભાગે લાવવાનો, અને તે જ સમયે સાથેસાથે પ્રકૃતિના આંતરતન, આંતરપ્રાણ અને આંતરશારીરિક ભાગો-ને પણ ખુલ્લા કરવા. તે પછી એક આરોહણ કરવાનું રહે છે, અને રૂપાંતરના દરેક તબક્કે ઊર્ધ્વીકરણ કરતાં કરતાં નિમ્ન ભાગોમાં પણ પરિવર્તન કરતા જવું. જ્યારે વ્યક્તિ આંતર રૂપાંતર કરે છે ત્યારે સમગ્ર નિમ્ન પ્રકૃતિનું ચૈતસીકરણ થાય છે જેથી કરીને તે દિવ્ય રૂપાંતર માટે તૈયાર થાય. ઊર્ધ્વમાં આરોહણ કરતાં કરતાં, વ્યક્તિ માનવ-મનની પર-ચેતનામાં દરેક તબક્કે પહોંચે છે અને એક નવીન ચેતનામાં પરિવર્તન થાય છે અને આ નવીન ચેતના સમગ્ર પ્રકૃતિમાં પ્રસરી રહે છે. આ રીતે બુદ્ધિથી પર આરોહણ કરીને તે પ્રકાશિત ઊર્ધ્વ મનમાંથી પસાર થઈને એક આંતર-સ્ફુરણાની ચેતનામાં પહોંચે છે, ત્યાર પછી આપણે બધી વસ્તુઓને બુદ્ધિના કરણમાંથી નિહાળતા નથી પરંતુ એક ઊર્ધ્વતર અંતઃપ્રજ્ઞાનાં સંકલ્પ, લાગણીઓ, ઊર્મિઓ, સંવેદનો અને ભૌતિક સ્પર્શ મારફતે જોઈએ છીએ. તેથી જ્યારે આપણે અંતઃ-સ્ફુરણામાંથી અતિમનસની ઊંચાઈએ પહોંચીએ છીએ ત્યારે એક નવીન ફેરફાર થયેલો હોય છે. એ આપણે અધિમનસ ચેતનામાંથી સર્વ વસ્તુઓને જોઈએ છીએ. અને અનુભવીએ છીએ – તેમ જ આપણાં મન, હૃદય, પ્રાણ અને શરીર અધિમનસ વિચાર, અધિમનસ દૃષ્ટિ, સંકલ્પ, લાગણીઓ અને શક્તિઓની લીલા તથા સંપર્કથી ભરપૂર બનેલાં હોય છે. પરંતુ છેવટનું પરિવર્તન તો અતિમનસ પરિવર્તન છે કારણ કે એક વખત ત્યાં પહોંચીએ – પ્રકૃતિમાં અતિમનસ રૂપાંતર થાય ત્યારે આપણે અજ્ઞાનથી પર થઈ જઈએ છીએ, અને ચેતનાના પરિવર્તનની પછી જરૂર પડતી

નથી, જો કે એથી પણ વધારે દિવ્ય પ્રગતિ અને એક અનંત વિકાસ પ્રાપ્ત કરવાનું હજુ શકય છે.

*

એક અવિદ્યાની સૃષ્ટિ છે. સત્યની પણ સૃષ્ટિઓ છે. સર્જન માટે કોઈ શરૂઆત કે અંત નથી. એક ખાસ વિશિષ્ટ સર્જન માટે એમ કહી શકાય કે તેની શરૂઆત અને અંત છે.

*

તમારે ખાસ યાદ રાખવું જોઈએ કે નિમ્ન ભૂમિકાઓમાં ઊર્ધ્વ જગતનાં પ્રતિબિંબો પડે છે, અને વિકાસની તે કક્ષા માટે તેને સહેલાઈથી પરમોચ્ચ તત્ત્વ તરીકે અનુભવી શકાય છે. પરંતુ પરમ સચ્ચિદાનંદ કોઈ જગત નથી. એ તો વિશ્વાતીત છે. આ વિશ્વ સાથે સંકળાયેલી શ્રેણીમાં સત્ (સત્યલોક) એ સર્વોચ્ચ જગત છે.

*

એક મૂળભૂત તપોલોક હોય છે, જેમાં મુખ્ય તત્ત્વ ચિત્ત હોય છે. તેમજ તેની તપસ્શક્તિ હોય છે. પરંતુ નીચેની ભૂમિકાઓમાં પણ બીજા તપોલોકની સૃષ્ટિઓ હોય છે. એક મનોમય સ્તરમાં હોય છે અને બીજો પ્રાણમય કક્ષામાં હોય છે. તમે જે સત્ત્વને જોયું તે આવી તપોલોકની સૃષ્ટિઓમાંથી આવ્યું હશે.

*

આપણે જે સ્થૂલ વિશ્વ જોઈએ છીએ તેની ઉપર એક પ્રાણમય ભૂમિકા (સ્વયંભૂ અસ્તિત્વ ધરાવતી) આવેલી હોય છે – પ્રાણ અને સ્થૂલ ભૂમિકાઓની ઉપર એક મનોમય ભૂમિકા (આત્મ-અસ્તિત્વ ધરાવતી) હોય છે. આ ત્રણેને એકસાથે – મનોમય, પ્રાણમય અને સ્થૂલ ભૂમિકાઓને – નિમ્ન ગોળાર્ધનું વિવિધ જગત કહેવામાં આવે છે. તે બધા પૃથ્વી ચેતનામાં ઉત્ક્રાંતિ દ્વારા સ્થાપિત થયેલાં છે – પરંતુ તેમનો પણ વિકાસ થયો તે પહેલાં પૃથ્વીની જે પાર્થિવ ચેતના અને ભૌતિક ભૂમિકા છે તેનાથી ઉપર તેઓ આત્મ-અસ્તિત્વ ધરાવે છે.

*

જો આપણે સૃષ્ટિઓની અથવા ભૂમિકાઓના સ્તરોને સમગ્ર રીતે જોઈએ તો તે બધા એક મહાન જટિલ ગતિમાં પરસ્પર સંકળાયેલા છે. ઊર્ધ્વતર વિશ્વો નિમ્ન-

તર ભૂમિકાઓ ઉપર અસર કરે છે, નિમ્ન ભૂમિકાઓ ઊર્ધ્વ તરફ પ્રતિકાર્ય કરે છે અને તેમની પોતાની ભૂમિકાઓમાં તેમની પદ્ધતિ પ્રમાણે એવી વસ્તુનો વિકાસ સાધે છે અથવા આવિર્ભાવ કરે છે જે ઉચ્ચતર ભૂમિકાઓની શક્તિ અને કાર્ય હોય. સ્થૂલ જગતે પ્રાણ જગતના દબાણને લઈને પ્રાણ ( જીવન ) વિકસાવ્યું, મનોમય ભૂમિકાના દબાણને લઈને મનનો વિકાસ કર્યો. હવે અતિમાનસ ભૂમિકાના દબાણની આજ્ઞાધિનતા અતિમનસને પ્રગટ કરવા પ્રયત્ન કરી રહ્યું છે. વધુ વિગતમાં જોઈએ તો વિશિષ્ટ બળો, ગતિઓ, શક્તિઓ અને ઊર્ધ્વ જગતનાં સત્ત્વો આ નિમ્ન ભૂમિકા ઉપર તેમને યોગ્ય અને અનુરૂપ રૂપોને સ્થાપિત કરવા માટે જે ભૌતિક ભૂમિકા સાથે તેમને સાંકળી શકે તેવા કાર્યના પુનર્નિર્માણ માટે ધસારો કરી શકે છે અને આ જગતમાં જે કોઈ વસ્તુનું સર્જન થયેલું છે તેને ટેકો આપનારાં સૂક્ષ્મ આવરણો અને તેનાં પોતાનાં રૂપો મૂકેલાં છે; જેને લઈને ઊર્ધ્વમાંથી કાર્ય કરતાં બળોની ઉપર તેઓ આધાર રાખી શકે અને સંપર્કમાં આવી શકે. દષ્ટાંત તરીકે માણસને પોતાનું સ્થૂલ ભૌતિક શરીર છે તે ઉપર સૂક્ષ્મતર કોશ છે અથવા શરીરો હોય છે, જેના વડે એ આવરણની પાછળ રહેલી ચેતનાની પાર-ભૌતિક ભૂમિકાઓ સાથે સીધા સંબંધનું જીવન જીવી શકે છે અને તે ભૂમિકાઓની શક્તિઓ, ગતિઓ અને સત્ત્વો દ્વારા પ્રભાવિત થતી હોય છે. આપણા જીવનમાં જે જે બનતું હોય છે તેની પાછળ ગુહ્ય પ્રાણમય ભૂમિકાની ગતિઓ અને રૂપો અગાઉથી અસ્તિત્વમાં હોય છે; આપણા મનમાં જે કાંઈ બને છે તેની પાછળ ગુહ્ય મનોમય ભૂમિકાઓમાં રહેલી ગતિઓ અને રૂપો અગાઉથી અસ્તિત્વ ધરાવતી હોય છે. આપણે જેમ જેમ ક્રિયાત્મક યોગમાં આગળ આગળ પ્રગતિ કરતા જઈએ છીએ તેમ તેમ તે પ્રમાણેની વસ્તુઓનું પાસું વધારે અને વધારે સ્પષ્ટ થતું જાય છે, ટકી રહે છે અને અગત્યનું બને છે.

પરંતુ આ વસ્તુને બહુ રૂઢિચુસ્ત રીતે તેમજ યાંત્રિક અર્થમાં લેવાની નથી. તે એક પ્રચંડ નમનીય ગતિ છે. અને તેમાં સર્વ શક્યતાઓની લીલા રહેલી છે અને તેમને ગ્રહણ કરવા માટે ચેતનામાં એક સ્થિતિસ્થાપક અને સૂક્ષ્મ કુશળતા અથવા ગ્રહણશીલતાની જરૂર હોવી જોઈએ. એક અતિશય રૂઢ રીતની તાર્કિક અથવા ગણિતની માફક સૂત્રાત્મકતામાં તેને સમાવી શકાય નહિ; જો કે ત્રણ મુદ્દાઓ ઉપર વજન મૂકવાની જરૂર છે જેથી કરીને આ નમનીયતા આપણા દષ્ટિબિંદુમાંથી ચાલી ન જાય.

પ્રથમ તો દરેક ભૂમિકાનો તેની નીચે અને ઉપર રહેલી ભૂમિકાઓ સાથે સંબંધ હોવા છતાં, તે દરેક ભૂમિકા પોતે એક સૃષ્ટિ હોય છે અને તેની પોતાની ગતિઓ, બળો, સત્ત્વો, પ્રકારો અને રૂપો હોય છે. આ બધાં જાણે પોતાના માટે અસ્તિત્વ ધરાવતાં હોય છે, તેના પોતાના નિયમો હોય છે અને તેના પોતાના આવિર્ભાવોમાં

પેલી મહાન શ્રેણીઓના સભ્યો માટે જાણે કે કોઈ નિસ્બત ન હોય એવું બાહ્ય રીતે લાગે છે. આ રીતે જો આપણે પ્રાણમય ભૂમિકા અથવા સૂક્ષ્મ શારીરિક ભૂમિકાનો વિચાર કરીએ તો આપણે તેમાં ઘણા સ્તરો જોઈ શકીએ છીએ. તેમાંના ઘણા, પોતાનું આગવું અસ્તિત્વ ધારણ કરે છે અને તેમને ભૌતિક જગત સાથે કોઈ સંબંધ હોતો નથી અને તેના ઉપર અસર કરવા માટે અથવા પ્રભાવ નાખવા માટે તેઓ કોઈ ગતિ કરતાં નથી, અને ભૌતિક જગતના સિદ્ધાંતમાં પોતાને અનુરૂપ કોઈ વસ્તુને ઉતારવા માટે તેનાથી પણ ઓછો પ્રયત્ન કરે છે. વધારેમાં વધારે આપણે એટલું જ કહી શકીએ કે પ્રાણમાં, સૂક્ષ્મ ભૌતિકમાં અથવા બીજી કોઈ પણ ભૂમિકામાં કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ હોય તો એવી શકયતા હોય છે કે તેને અનુરૂપ ગતિ પ્રગટ કરવાની આ ભૌતિક જગતમાં સંભવિતતા થાય છે. પરંતુ તે નિષ્ક્રિય અથવા ગુહ્ય રહેલી શકયતાની ક્રિયાત્મક સંભવિતતા કરવા માટે તેનું એક વાસ્તવિક ભૌતિક સર્જન માટે ઝંખના અથવા કોઈક વધારે વસ્તુની જરૂર રહે છે. તે કોઈ ભૌતિક ભૂમિકામાંથી થતો પુકાર હોઈ શકે. દા.ત. ભૌતિક ભૂમિકાની કોઈ શક્તિ અથવા ભૌતિક ભૂમિકા ઉપરની કોઈ વ્યક્તિ, જે પાર-ભૌતિક શક્તિ અથવા જગતની સાથે અથવા તેના કોઈ ભાગ સાથે સંપર્કમાં આવે અને તે વસ્તુને પાર્થિવ જીવનમાં ઉતારી લાવવા માટે ગતિ કરે; અથવા એમ પણ બની શકે કે આ પ્રમાણે બનવા માટે પ્રાણમય ભૂમિકામાં અથવા બીજી કોઈ પણ ભૂમિકામાં પોતાનામાં કોઈ પ્રેરણા ઉત્પન્ન થાય. દા.ત. કોઈ પ્રાણમય સત્યને પૃથ્વી તરફ પોતાની કોઈ ગતિનો વિસ્તાર કરવાની ઇચ્છા થાય અને તેને પૃથ્વીમાં કોઈ સામ્રાજ્ય સ્થાપન કરવું હોય અથવા પોતાના પ્રદેશમાં જે શક્તિઓની લીલા હોય અને જેનું તે પ્રતિનિધિરૂપ હોય તેનું સ્થાપન કરવા માટે પણ એમ બને. અથવા તો ઊર્ધ્વમાંથી આવતી કોઈ ચેતનાનું દબાણ હોય, આપણે એમ કહીએ કે કોઈ અતિમાનસ અને મનોમય શક્તિ ઊર્ધ્વમાંથી પોતાની રચનાનો નીચે પ્રક્ષેપ કરે અને પ્રાણમય ભૂમિકા ઉપર પોતાનાં રૂપો અને ગતિઓનો વિકાસ કરે જેના દ્વારા પોતાનું આત્મસર્જન ભૌતિક વિશ્વમાં સંક્રાન્ત કરવાના સાધન તરીકે તેમનો ઉપયોગ કરે, અથવા તો આ બધી વસ્તુઓ એકીસાથે કાર્ય કરે, અને જ્યારે તે પ્રમાણે બને ત્યારે એક પ્રભાવશાળી સર્જન માટેની સૌથી મોટી શકયતા બને છે.

પછીથી પરિણામરૂપે એવું બને છે કે પ્રાણમય ભૂમિકાનો અથવા બીજી કોઈ ઊર્ધ્વ ભૂમિકાનો કોઈ અંશ પાર્થિવ અસ્તિત્વની સાથે સંબંધમાં આવે છે. પરંતુ આ વસ્તુ પણ પૃથ્વી એક જ સમયે પ્રગટ કરે અથવા પોતાની નમનીયતામાં સમાવી શકે તેના કરતાં ઘણી વધારે મહાન એવી શકયતાઓના સમુદાયનું સર્જન કરે છે.

આ સર્વ શકયતાઓ પોતાની જાતને સિદ્ધ કરી શકતી નથી – કેટલીક તો બિલકુલ નિષ્ફળ જાય છે અથવા સૌથી વધુમાં વધુ એકાદ વિચાર એવો મૂકતી જાય છે જેનો કોઈ ખાસ અર્થ રહેતો નથી. કેટલીક શકયતાઓ ગંભીર રીતે પ્રયત્ન કરે છે અને તેમનો પણ વિરોધ થાય છે. અને તેઓ પરાજય પામે છે અથવા થોડો સમય કાર્યાન્વિત રહેવા છતાં કોઈ પરિણામ પ્રગટ કરતી નથી. બીજી કેટલીક અર્ધ રીતે પ્રગટ થાય છે અને ઘણે ભાગે એવું જ પરિણામ આવે છે તેનું કારણ એ છે કે પ્રાણમય અથવા બીજાં પાર–ભૌતિક બળો સંઘર્ષમાં ઊતરે છે અને તેમને ભૌતિક ચેતના અને સ્થૂલ ચેતનાના પ્રતિકારનો સામનો કરીને વિજય પ્રાપ્ત કરવાનો હોય છે એટલું જ નહિ, એ શકયતાઓમાં રહેલાં, એકબીજા પ્રત્યે રહેલાં વિનાશક તત્ત્વોનો પણ તેમને સામનો કરવાનો રહે છે. થોડીઘણી શકયતાઓ પોતાનાં પરિણામોનો વધારે પૂર્ણ અને સફળતાપૂર્વકના સર્જનનો પ્રક્ષેપ કરવામાં સફળ થાય છે.

એટલે તમે જો આ સર્જનને તેના ઊર્ધ્વ ભૂમિકાના મૂળભૂત સર્જન સાથે સરખાવો તો તમને એક ગાઢ સરખામણી જણાશે અથવા તમને પરાભૌતિક જગત-માંની વસ્તુની આ ભૌતિક જગતમાં બરાબર સર્જનની પ્રતિકૃતિ અથવા પરાભૌતિક જગતની વસ્તુનું ભૌતિક જગતમાં અનુવાદ થયેલો હોય છે – છતાં ત્યાં પણ તેનું મળતા-પણું ફક્ત દેખાવમાત્ર હોય છે કારણ કે તે પાર – ભૌતિક વસ્તુનું બીજા પ્રકારની રીતના પદાર્થ અને લયમાં, જુદા જ પ્રકારના ભાષાંતરના પ્રગટીકરણમાં તફાવત હોય છે. જે વસ્તુ પ્રગટ થઈ હોય તે કોઈક નવીન વસ્તુ હોય છે અને તેને લઈને જ સર્જન સાર્થક બને છે. દા. ત. અતિમાનસ ભૂમિકા ઉપર થયેલું સર્જન આ પૃથ્વી ઉપર તે જ રીતનું થાય તો તેનો ઉપયોગ શો ? સૈદ્ધાંતિક રીતે જો તત્ત્વ તેનું તે જ હોય, છતાં તેમાં કોઈ બીજી વસ્તુ હોય છે, જે પરમાત્માની વિજયી નવીન આત્મ-શોધ હોય છે તે બીજા સંજોગોમાં હોતી નથી.

એમાં શંકા નથી કે સૂક્ષ્મ શારીરિક એ શારીરિક ભૂમિકાની સૌથી નજીકની વસ્તુ છે અને તે તેના જેવું જ હોય છે. તેમ છતાં પરિસ્થિતિઓ જુદી જુદી હોય છે અને તે વસ્તુ પણ ભિન્ન હોય છે. દા. ત. સૂક્ષ્મ શારીરિક એક સ્વતંત્રતા, નમનીયતા, તીવ્રતા, શકિત, રંગ અને અનેક પ્રકારની લીલા હોય છે ( અને તેમાં એવી હજારો વસ્તુઓ હોય છે જે અહીં નથી ) અને તે વસ્તુની આ પૃથ્વી ઉપર હયાતી હોવાની આપણને શકયતા લાગતી નથી. અને તેમ છતાં અહીં કોઈ એવી વસ્તુ છે, પરમાત્માની એવી કોઈ ગુપ્ત શકયતા, જે પેલા સૂક્ષ્મ શારીરિકમાં, તેને ઘણી વિશાળ સ્વતંત્રતા

હોવા છતાં હોતી નથી. આ વસ્તુ સર્જન માટે વધારે મુશ્કેલી ઉત્પન્ન કરે છે, તેમ છતાં કરેલી મહેનત પરિણામે ન્યાયી ઠરે છે.

*

ઘણીખરી વસ્તુઓ ભૌતિકમાં બની આવે તે પહેલાં પ્રાણમય ભૂમિકામાં બની આવે છે; પરંતુ પ્રાણમય ભૂમિકામાં જે કાંઈ સર્વ બની આવે છે તે ભૌતિકમાં પ્રગટ થતું નથી અથવા તો જે રીતે ત્યાં બને છે તે રીતે જ બની આવતું નથી. કાયમ અથવા ખાસ કરીને ભૌતિક ભૂમિકાની ભિન્ન પરિસ્થિતિને લઈને તેમનાં રૂપોમાં, સમયમાં અને સંજોગોમાં ફેરફાર થાય છે.

*

આ દર્શનો એકંદરે સમગ્ર રીતે જોતાં સાચાં છે. દરેક ભૂમિકા પોતાના માટે સાચી છે પરંતુ અતિમનસની સરખામણીમાં આંશિક સત્ય ધરાવે છે. જ્યારે આ ઊર્ધ્વભૂમિકાનાં સત્યો નૈતિક ભૂમિકામાં પ્રવેશ કરે છે ત્યારે તેઓ ત્યાં તે ભૂમિકામાં પોતાનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરે છે, પરંતુ સ્થૂલ ભૂમિકાના સંજોગો નીચે તેઓ ફક્ત થોડા અંશે જ તે પ્રમાણે કરી શકે છે. કેવળ અતિમનસ જ આ મુશ્કેલી ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે.

*

દિવ્ય સૃષ્ટિઓ શરીરથી ઉપરના ભાગમાં રહેલી છે. શરીરના જે ભાગો તે ભૂમિકાઓની સાથે સંકળાયેલા હોય છે તે – સૂક્ષ્મ શારીરિક, ઉચ્ચતર, મધ્ય અને નિમ્ન પ્રાણ અને મનોમયની ભૂમિકા. દરેક ભૂમિકાનાં જે જગતો હોય છે તેની સાથે શરીરનો જે ભાગ તે ભૂમિકાનો હોય તે દરેક ભૂમિકા સાથે તે ભાગ વ્યવહાર કરે છે.

*

આ શબ્દોનો અર્થ[૧] બાહ્ય ચેતના, આંતર ચેતના અને પર ચેતના થાય છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત શબ્દો એટલા માટે વાપરવામાં આવેલા છે કે માનવીની સામાન્ય ચેતનામાં ફક્ત બાહ્ય ચેતના જ જાગ્રત હોય છે, આંતર સ્વરૂપમાં ફક્ત પૃષ્ઠસ્થ ચેતના રહેલી હોય છે અને તે નિદ્રામાં જ સીધેસીધું કાર્ય કરે છે ત્યારે જ તેની ગતિઓ સ્વપ્ન અને દર્શનમાં જ અનુભવાય છે; જ્યારે પર-ચેતના (અતિમનસ, અધિમનસ વગેરે) તે કક્ષાથી પણ પર રહેલાં છે અને તે મનને માટે એક ગાઢ નિદ્રા સમાન હોય છે.

*

---

૧. માંડુક્ય ઉપનિષદમાં ૧ વૈશ્વાનર, તૈજસ અને પ્રજ્ઞા

પરંતુ તમારે આ વસ્તુને આત્માની સાથે જોડવાની શી જરૂર છે? પરાત્પર અથવા વિશ્વરૂપ બ્રહ્મ અથવા આત્માની આ ચાર અવસ્થાઓને આ ચાર નામો[1] આપેલાં છે. તેઓ સત્‌ની અને ચેતનાની ફક્ત અવસ્થાઓ છે – સ્થૂલ ચેતનાને ટેકો આપનારી જાગ્રત ચેતના, આત્મા જે સ્વપ્નાવસ્થા અથવા સૂક્ષ્મ ચેતનાને ટેકો આપે છે. આત્મા જે ગાઢ નિદ્રા (સુષુપ્ત ચેતના) અથવા કારણ ચેતના અને પરા-ચેતનામાં રહેલો આત્મા. વ્યક્તિ તેમાં ભાગ લઈ શકે છે, પરંતુ આ બધી આત્માની અવસ્થાઓ છે. કેવળ આત્મા અથવા અંતરાત્મા નહિ. આ બધી અભિવ્યક્તિઓનો સંદર્ભ માંડુક્ય ઉપનિષદમાં આપેલો છે.

*

આ બે જોડકાંઓમાં ત્રણ નામોનો દરેકનો એકસરખો જ અર્થ થાય છે. વિશ્વ અથવા વિરાટ = બહિર્વિશ્વનો આત્મા, હિરણ્યગર્ભ અથવા તૈજસ (તેજોમય આત્મા) = આંતર ભૂમિકાનો આત્મા, પ્રજ્ઞા અથવા ઈશ્વર = અતિચિત આત્મા, સર્વ વસ્તુઓનો સ્વામી અને પરમોચ્ચ આત્મા જેના ઉપર સર્વનો આધાર છે. મનોમય પુરુષ કદી ઈશ્વર હોઈ શકે નહિ.

*

વિરાટ બાહ્ય આવિર્ભાવ છે અને આપણે જો આવિર્ભાવની પાછળ કઈ વસ્તુ રહેલી છે તે જાણ્યા સિવાય આપણે તે બધાને બાહ્ય તરીકે સ્વીકારી લઈએ તો પછી આપણે દેવત્વવાદના બૌદ્ધિક સ્ખલનમાં પડીશું અને પરમાત્મા આ બાહ્ય આવિર્ભાવથી વિશેષ છે, તેનો સાક્ષાત્કાર કરી શકીશું નહિ, અને ફક્ત તેનાથી જ્ઞાન પ્રાપ્ત થશે નહિ. પ્રાણમાં આપણે જે કાંઈ અંધકારમય અને અપૂર્ણ છે તેને સ્વીકારી લેવાની તે જ રીતે ભૂલ કરીશું અને તે પણ એવી ભાષામાં જે રીતે પ્રકાશ અને દિવ્ય-પૂર્ણતાને સ્વીકારી લીધી હોય. પરિણામે બીજી પણ ઘણી ભૂલોમાં પડીશું.

## ૩

અતિમાનસ એટલે દિવ્ય પ્રકૃતિની પૂર્ણ ઋત-ચેતના, જેમાં વિભાજન અને અવિદ્યાના તત્ત્વ માટે કોઈ પણ જગા હોઈ શકે નહિ. તેમાં રહેલો પ્રકાશ અને જ્ઞાન બધાં મનોમય તત્ત્વો અથવા મનોમય ગતિઓ કરતાં ઉચ્ચ પ્રકારનો હોય છે. અતિ-

૧. વૈશ્વાનર, તૈજસ, પ્રજ્ઞા અને કૂટસ્થ.

મનસ અને માનવ-મનની વચ્ચે ઘણી કક્ષાઓ, ભૂમિકાઓ અથવા ચેતનાના સ્તરો આવેલા છે — ને બધાની જુદી જુદી રીતે વ્યકિત ગણતરી કરી શકે છે. એ પ્રદેશમાં મનનું તત્ત્વ અથવા સામગ્રી, અને પરિણામે તેની ગતિઓ પણ વધારે અને વધારે પ્રકાશિત સમર્થ અને વિશાળ બનતાં જાય છે. આ કક્ષાઓમાં અધિમનસની કક્ષા સૌથી ઊંચી હોય છે. તે પ્રકાશ અને શકિતઓથી ભરપૂર હોય છે પરંતુ તેનાથી પણ ઉપર રહેલી ચેતનાના દષ્ટિબિંદુથી જોતાં અધિમનસ એ અવિદ્યા તરફથી ગતિમાં આત્માનું જે પૂર્ણ અને ભેદ વગરનું જ્ઞાન હોય છે તેનાથી તે મુખ ફેરવે છે. કારણ કે તે પોતાનાં સત્ત્વો સત્યમાંથી જ પ્રાપ્ત કરે છે છતાં અહીં આ અધિમનસમાં સત્યનાં પાસાંઓનું વિભાજન શરૂ થઈ જાય છે; શકિતઓનાં અને તેમનાં કાર્યોનો ભેદ પડે છે, જાણે કે તેઓ સ્વતંત્ર સત્યો હોય, અને આ પ્રક્રિયા આપણે જેમ જેમ મન, પ્રાણ અને સ્થૂલ તત્ત્વ તરફ નીચે ઊતરતા જઈએ છીએ તેમ તેમ ઉપરમાં રહેલાં અવિભાજ્ય સત્યમાંથી એક પૂર્ણ વિભાજન, અને ખંડો થતાં જાય છે. હવે પછી અતિમનસનું લક્ષણ જે મૂળભૂત, સમગ્ર પૂર્ણ સંવાદયુકત અને એકીકરણનું જ્ઞાન હોય છે તે પ્રમાણે રહેતું નથી અથવા હંમેશાં સંવાદપૂર્ણ જ્ઞાન હોતું નથી, જે કાયમ એકરૂપ હોય. અતિમનસમાં મનોમય ભેદો અને વિરોધો અટકી જાય છે; આપણા વિભાજન કરતાં અને પૃથક્કરણ કરતાં મને સર્જન કરેલા પ્રશ્નો અદશ્ય થઈ જાય છે અને સત્ય એક સમગ્ર રૂપનું તેજોમય તત્ત્વ હોય તેવું લાગે છે. અધિમનસમાં અવિદ્યાનું સાચું પતન હોતું નથી પરંતુ તેમાં એવું પ્રથમ પગલું ભરાય છે જે અનિવાર્ય રીતે પતન કરે છે.

*

અતિમનસ એ એકમાત્ર સત્ય હોય છે, તે પોતાની શકિતઓનો આવિર્ભાવ કઈ રીતે કરવો તે નક્કી કરે છે અને તેની યોજના ઘડે છે — આ બધી શકિતઓ અનેકવિધ એકતા હોય તેવી રીતે કાર્ય કરે છે અને તે બધી શક્તિઓમાં કોઈ વિરોધ અથવા અથડામણ હોતી નથી, પરંતુ તેમનામાં સંવાદ હોય છે. તે બધી શકિતઓમાં રહેલા અંતર્ગત એકમાત્ર સંકલ્પ પ્રમાણે કાર્ય કરે છે. અધિમનસ આ બધાં સત્યો અને શકિતઓ ઝીલે છે અને દરેક કાર્યને એક સ્વતંત્ર બળ તરીકે કાર્ય કરતી મૂકે છે અને તેને માટે જે પરિણામો નક્કી થાય તે આવવા દે છે — તેમના કાર્યમાં સંવાદ હોઈ શકે, પરંતુ તે સંવાદ સમન્વય પ્રકારનો અને ઘણે ભાગે આંશિક હોય છે. આ સંવાદ અંતર્ગત અને અનિવાર્ય હોતો નથી. જેમ જેમ વ્યકિત અધિમનસના ઉચ્ચતમ સ્તરોમાંથી નીચે અવતરણ કરે છે તેમ તેમ તે શકિતઓમાં

વિચ્છેદ, સંઘર્ષ અને અથડામણ વધતાં જાય છે. વિચ્છેદ પ્રભાવશાળી બનતો જાય છે, અવિદ્યાનો વિકાસ થાય છે અને અસ્તિત્વની સંભવિતતા સંઘર્ષમય બનતી જાય છે, અંદરોઅંદર સંઘર્ષ કરતાં અર્ધ-સત્યોનું મિશ્રણ બને છે અને તે ઉકેલ્યા વગરની અથવા બાહ્ય રીતે ઉકેલી ન શકાય એવી સમસ્યાઓ અને કૂટપ્રશ્ન દેખાય છે.

*

નીચેની કોઈ પણ ભૂમિકાના સત્ય કરતાં અતિમનસ વધારે મહાન અને વધારે પૂર્ણ સત્ય આપણને ન આપી શકતું હોય તો તેને પહોંચવા માટે પ્રયત્ન કરવાનો કોઈ અર્થ નથી. દરેક ભૂમિકાને પોતાનું સત્ય હોય છે. તેમાંનાં કેટલાંક સત્યો ઉચ્ચતર ભૂમિકાનાં સત્યો હોતાં નથી. દા.ત. કામના, અહંકાર, મનોમય, પ્રાણમય અને શારીરિક અવિદ્યાનાં સત્યો હોય છે – પરંતુ ત્યાં રહેલા માનવમાં અહંકાર અથવા ઇચ્છા ન હોય તો તામસિક યાંત્રિક માનવ બને. આપણે જ્યારે ઊંચે જઈએ ત્યાર બાદ અહં અને કામના સત્યો લાગતાં નથી, તેઓ જૂઠાણાં હોય છે જે સાચા માનવીને અને સાચા સંકલ્પને વિકૃત કરી મૂકે છે. પ્રકાશની શક્તિઓ અને અંધકારની શક્તિઓ વચ્ચેના સંઘર્ષ અહીં સત્ય છે — જેમ જેમ આપણે ઊર્ધ્વમાં આરોહણ કરીએ તેમ તેમ તે સત્ય ઓછું અને ઓછું થતું જાય છે. અને અતિમનસમાં એમાં કોઈ સત્ય રહેતું નથી. બીજાં સત્યો રહે છે પરંતુ તેમનાં લક્ષણો અને અગત્યતાનો સમગ્ર રીતે ફેરફાર થાય છે. વૈયકિતક પરમાત્મા અને અવૈયક્તિક પરમાત્મા વચ્ચેનો ભેદ અથવા વિરોધ અધિમનસનું સત્ય છે — પરંતુ અતિમનસમાં તેના વચ્ચે ભેદનું સત્ય હોતું જ નથી. તે બન્ને અવિભક્ત રીતે એક જ હોય છે પરંતુ જે વ્યકિતએ અધિમનસના સત્યમાં જીવન ધારણ કરીને તેમના પર સ્વામીત્વ પ્રાપ્ત કર્યું હોતું નથી, તે અતિમનસ સત્યમાં પહોંચી શકતો નથી. માનવના મનનું અણઘડ અભિમાન એક તીક્ષ્ણ ભેદ પાડે છે, અને બીજા બધાને અસભ્ય કહે છે અને તેને એકદમ સૌથી ઊર્ધ્વ સત્યમાં કૂદી પડવું હોય છે, પછી ભલે તે ગમે તે વસ્તુ હોય. પરંતુ તે એક મહત્ત્વાકાંક્ષી અને ઉદ્ધતાઈ ભરેલી ભૂલ છે. માણસે એક પછી એક પગથિયાં સર કરવાં પડે છે. અને દરેક પગથિયે પોતાનો પગ સ્થિર કરવો પડે છે, જેથી કરીને તે ટોચ ઉપર પહોંચી શકે.

*

મને સમજ પડતી નથી. વ્યકિતગત પરમાત્માનો અર્થ અવતાર નથી. મેં એ પ્રમાણે કહ્યું છે કે પરમાત્માનાં બે સ્વરૂપો વચ્ચેનો ભેદ અધિમનસ ઉત્પન્ન કરે છે અને તે પરમાત્માનાં જુદાં જુદાં પાસાંઓને સ્વીકારે છે અને તે બધાંનો જુદાં જુદાં

તત્ત્વો તરીકે જુદું જુદું વિભાજન કરે છે. આ રીતે તે સત્, ચિત્ અને આનંદને જુદાં જુદાં પાડે છે જેથી કરીને તેમનાં ત્રણ સ્વરૂપો એકબીજાથી જુદાં પડે. ખરી રીતે તો સાચી વાસ્તવિકતામાં તેઓ ભિન્ન નથી. તે ત્રણે સ્વરૂપો એકબીજાંમાં એવાં તો એકમેક થઈ ગયેલાં હોય છે અને એટલાં બધાં અવિભાજ્ય રીતે એકત્વવાળાં છે કે તેઓ અભેદની રીતે એકમાત્ર વાસ્તવિકતા હોય છે. તે જ પ્રમાણે વૈયક્તિક અને અવૈયક્તિક, સગુણ અને નિર્ગુણ, શાંત અને સક્રિય બ્રહ્મ છે. દિવ્ય વાસ્તવિકતામાં તેઓ એકબીજાંથી ભિન્ન અને વિરોધી સ્વરૂપો નથી. આપણે જેને અવૈયક્તિક કહીએ છીએ અને બીજાને વૈયક્તિક કહીએ છીએ તે અભિન્ન એક જ સત્યમાં એકત્રિત થયેલા હોય છે. 'એકત્રિત થયેલા' શબ્દો પણ ખોટા છે કારણ કે તેઓ કદી ભિન્ન થયેલાં નથી કે જેથી તેમને એકત્રિત કરવાં પડે. અવૈયક્તિક પરમાત્મા જ કેવળ એકમાત્ર સત્ય છે અથવા તો વૈયક્તિક પરમાત્મા જ એકમાત્ર ઉચ્ચતમ સત્ય છે. એ બધી તકરારો મને ઉત્પન્ન કરેલી તકરારો છે અને તે અધિમનસના ભેદસર્જક તત્ત્વમાંથી ઊતરી આવેલી છે. મન જે રીતે સ્વરૂપોનો ભેદ પાડે છે તે રીતે અધિમનસ કદી ઇનકાર કરતું નથી. અધિમનસ એક સત્યનાં જુદાં જુદાં પાસાંઓ તરીકે સ્વીકારે છે, પરંતુ તેમનું વિભાજન કરીને તે વધારે અજ્ઞાની અને વધારે મર્યાદિત તથા વિભક્ત મનમાં સંઘર્ષ ઉત્પન્ન કરે છે કારણ કે મન માટે એક સત્યમાં બે વિરોધી તત્ત્વો એકીસાથે કઈ રીતે રહી શકે તે સમજવું મુશ્કેલ છે તેમજ પરમાત્મા કઈ રીતે 'નિર્ગુણો ગુણી' હોઈ શકે તે તેનાથી સમજી શકાય જ નહિ — તે બે શબ્દોની પાછળ કઈ વસ્તુ રહેલી છે તેની તેને અનુભૂતિ ન હોવાને લઈને તે દરેક શબ્દને જુદાં જુદાં, અને તે અર્થમાં લે છે. અવૈયક્તિક બ્રહ્મ એ સત્, ચિત્ અને આનંદ છે નહિ કે કોઈ વ્યક્તિ, પરંતુ એક અવસ્થા, વૈયક્તિક પરમાત્મા અસ્તિત્વમય, સચેતન અને આનંદમય હોય છે : ચેતના, અસ્તિત્વ અને આનંદને જુદી જુદી રીતે સ્વીકારીએ તો તે પરમાત્માના અસ્તિત્વની ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે પરંતુ હકીકતમાં (વૈયક્તિક પુરુષ અને શાશ્વત સ્થિતિ) અવિભક્ત છે અને એક જ વાસ્તવિકતા છે.

*

મનની ભાષામાં નહિ પણ આધ્યાત્મિક મનની ભાષામાં પણ અતિમનસ શું છે તે ભાગ્યે જ કહી શકાય કારણ કે તે એક જુદા પ્રકારની ચેતના છે અને જુદી રીતે જ કાર્ય કરે છે, તેના વિશે જે કાંઈ કહેવામાં આવે તે સમજાય નહિ અથવા તેના વિશે ગેરસમજ થાય. આપણે તેમાં વિકાસ કરીએ ત્યારે જ તે શું છે તે જાણી

શકાય. અને આ વસ્તુ પણ ન બને જ્યાં સુધી મન એક લાંબી પ્રક્રિયા દ્વારા ઊર્ધ્વીકરણ કરીને પ્રકાશિત બને અને શુદ્ધ અંતઃસ્ફુરણામય ન બની જાય, (અંતઃસ્ફુરણા મિશ્રણવાળી વસ્તુ હોતી નથી) તથા તે પોતે અધિમનસમાં પોતાનું એકત્રીકરણ કરતું નથી ત્યાં સુધી તે સમજી શકે નહિ; ત્યાર પછી અધિમનસનું પણ ઊર્ધ્વારોહણ કરી શકાય છે અને તેને અતિમનસથી ભરપૂર કરવામાં આવે છે અને પછી તેનું રૂપાંતર થાય છે.

અતિમનસમાં સર્વ વસ્તુ સ્વયંજ્ઞાન ધારણ કરનારી અને આત્મ-પ્રકાશિત હોય છે. તેમાં વિભાજનો, વિરોધો અથવા ભિન્ન અલગ સ્વરૂપો હોતાં નથી. મનનું તત્ત્વ એવું હોય છે કે તેમાં જ્ઞાનના વિભાગો પાડવામાં આવે છે અને દરેક ભાગને બીજા ભાગની સામે વિરોધમાં મૂકવામાં આવે છે. અધિમનસ ઉચ્ચ અવસ્થાએ પહોંચે ત્યારે તેની નજીક જઈ પહોંચે છે અને તેને ભૂલભરી રીતે અતિમનસ તરીકે માનવામાં આવે છે – પરંતુ અધિમનસ છેક અતિમનસમાં પહોંચી શકતું નથી – સિવાય કે તેનું ઊર્ધ્વીકરણ અને રૂપાતર થાય.

*

અધિમનસની શકિત દ્વારા (કેટલીક વખત સીધી રીતે અને કેટલીક વખત આડકતરી રીતે) મન તેના સાંકડા વિભાગોમાંથી મુક્ત બને છે અને સાધકની અંદર વિશ્વરૂપ ચેતના ખુલ્લી થાય છે અને તે વિશ્વરૂપ ચેતના તથા વિશ્વરૂપ બળો વિશે સભાન બને છે. આ જગતમાં મૂળમાંથી અગાઉથી બનેલી વ્યવસ્થા અધિમનસ ભૂમિકા ઉપરથી અથવા ઓછામાં ઓછું તેના દ્વારા કરવામાં આવે છે. કારણ કે તે નિશ્ચિત કરતાં આંદોલનો અધિમનસમાંથી મૂળભૂત રીતે આવે છે. પરંતુ એવા પ્રકારનાં જ આંદોલનોની ગતિઓ બધી જ ભૂમિકાઓ ઉપર, મનની, પ્રાણની અને ભૌતિક ભૂમિકા ઉપર પણ હોય છે; પરંતુ આ બધી આંદોલનની ગતિઓ વિશે સજ્ઞાન બનવા માટે નિમ્નતર ચેતનાની અવસ્થા બિલકુલ સ્વચ્છ અથવા પ્રકાશિત હોવી જોઈએ અને તેમણે વસ્તુઓની યોજના સમજવી જોઈએ અથવા અજ્ઞાન કરણ બની રહેવું જોઈએ અથવા તેમનામાં થોડી અમુક હદ સુધીની નિર્ણાયક સર્જક સંકલ્પબળ અથવા શકિત ધારણ કરવાં જોઈએ. પરંતુ નિમ્ન ભૂમિકાઓનાં તત્ત્વો કાયમ અધિમનસ શકિતઓ સાથે મિશ્રિત થઈ જાય છે અને જ્યારે તેઓ અવતરણ કરે છે ત્યારે તેમનાં સત્યો અને શકિતને ઘટાડી દે છે, અથવા જૂઠી બનાવી દે છે અથવા તેમાં વિકૃતિ દાખલ થઈ જાય છે.

અધિમનસ, ચેતનાની નીચેની ભૂમિકાઓમાં, અતિમનસ પ્રકાશનો કાંઈક અંશ

સંક્રાન્ત કરી શકે છે. પરંતુ જ્યાં સુધી અતિમનસ પોતે જ સીધેસીધું પ્રગટ ન થાય ત્યાં સુધી તેનો પ્રકાશ અધિમનસમાં ઘટી જાય છે અને એથી પણ નીચેની ભૂમિકાઓમાં વ્યક્તિગત પ્રકૃતિની જરૂરિયાતો, માગણીઓ અને આજુબાજુની શક્યતાઓના પ્રમાણમાં તે પ્રકાશ વધારે અને વધારે ઘટી જાય છે. આ ઘટેલા અને મર્યાદિત થયેલા પ્રકાશની સફળતા દા.ત. તે પ્રમાણે શારીરિકના વિશુદ્ધિકરણમાં ઝડપી અને નિરપેક્ષ હોતી નથી. જે રીતે અતિમનસનું સીધેસીધું કાર્ય થાય છે તે હજુ સાપેક્ષ હોય છે, અને વ્યક્તિગત પ્રકૃતિની અને વિશ્વરૂપ બળોની સમતુલામાં તેને કામ કરવાનું હોય છે. તે કાર્યમાં વિરોધી શક્તિઓ વિરોધ કરે છે અને નિમ્ન ભૂમિકાનાં બળો કાર્ય કરવા માટે અટકી જવા તૈયાર થતાં નથી; એટલે તેના પરિણામમાં રૂકાવટ થાય છે, ભૌતિક પ્રકૃતિની તેમાં પૂરેપૂરી સંમતિ નથી હોતી એટલે તેનો કાર્યપ્રદેશ અને અસર મર્યાદિત બની જાય છે.

*

અતિમાનસ અવતરણ શક્ય બને તે પહેલાં અધિમનસમાં પહોંચીને તેને નીચે અવતરણ કરાવવું જરૂરી હોય છે — કારણ કે અધિમનસ એવો માર્ગ છે જેની મારફતે મનને અતિમનસમાં પહોંચવાનું હોય છે.

વસ્તુઓના સર્જક સત્યની ભિન્ન ભિન્ન વ્યવસ્થાઓ અધિમનસ ભૂમિકામાંથી ઉત્પન્ન થાય છે. અધિમનસ ચેતનામાંથી તેઓ સહજ પ્રજ્ઞાની ભૂમિકામાં આવે છે અને ત્યાંથી પસાર થઈને તેઓ આલોકિત અને ઊર્ધ્વમનસમાં જઈને રહે છે, ત્યારે તેઓ આપણા માટે બુદ્ધિગ્રાહ્ય બને છે. પરંતુ તેઓ પસાર થતા જાય છે ત્યારે વચ્ચેના માર્ગમાં તેઓ તેમની શક્તિ અને નિશ્ચિતતા ગુમાવતા આવે છે. સીધેસીધું જે સત્ય તેમણે જોયેલું હોય છે તેની જે શક્તિ પહેલાં તેમનામાં હોય છે તે માનવમનની અંદર ખોઈ બેસે છે, કારણ કે માનવબુદ્ધિ પાસે તેઓ અમૂર્ત વિચાર રૂપે જ રજૂ થાય છે, નહિ કે સાક્ષાત્કાર પામેલા સત્ય તરીકે કે ઇનકાર ન જ કરી શકાય એવા સઘન અનુભૂતિના પ્રત્યક્ષ દર્શન તરીકે, એવું દર્શન જે સઘન અને નિર્વિવાદ હોય.

*

અધિમનસની ભિન્ન ભિન્ન ભૂમિકાઓ હોય છે. એક મનોમય સ્તર, જે મનોમય જગતમાં જે કાંઈ સ્વરૂપોનું ઘડતર થાય છે તેમનું સીધેસીધું સર્જન કરે છે — એ છે મનોમય — અધિમનસ — એથી ઉપર અધિમનસ અંતઃસ્ફુરણા છે.

તેનાથી ઉપર અધિમનસની એવી ભૂમિકાઓ છે, જે અતિમાનસની સાથે વધારે અને વધારે પ્રમાણમાં સંકળાયેલી હોય છે અને તેનામાં આંશિક અતિમાનસ લક્ષણો હોય છે. અધિમનસના સૌથી ઉચ્ચતર સ્તર એ અતિમાનસિક-અધિમનસ અથવા અધિ-માનસિક-વિજ્ઞાન છે. પરંતુ જ્યાં સુધી તમે ઉચ્ચતર અનુભૂતિ પ્રાપ્ત ન કરો ત્યાં સુધી આ બધી વસ્તુઓ તમે સમજી શકો નહિ – તમે અત્યારે તે કરી શકો નહિ. કેવળ તે લોકો જેઓએ પૂર્ણ વિશ્વરૂપ ચેતનાને પ્રાપ્ત કરી છે, તેઓ જ આ વસ્તુ કરી શકે છે, અને તેઓ પણ શરૂઆતમાં તે પ્રમાણે કરી શકતા નથી. તે કરી શકાય તે પહેલાં વ્યક્તિએ પ્રથમ તો પૂર્ણ રીતે ઉચ્ચતર મન, પ્રકાશિત મન અને અંતઃ-પ્રજ્ઞાની અનુભૂતિઓમાંથી પસાર થવું પડે.

*

તે એટલું બધું સરળ નથી – પરંતુ આપણી અનુકૂળતા ખાતર આપણે અધિ-મનસને ચાર ભૂમિકાઓમાં વિભાગ પાડી શકીએ – મનોમય-અધિમનસ અને જે તમે ત્રણ લખ્યા તે વિભાગો ( અંતઃપ્રજ્ઞામય અધિમનસ, સાચું અધિમનસ અને અતિમાનસિક–અધિમનસ ), પરંતુ તે દરેક ભૂમિકામાં પણ ઘણા સ્તરો હોય છે અને તેમાંના દરેક સ્તરે પોતાને એક ભૂમિકા તરીકે ગણી શકાય.

*

તે વસ્તુ અશકય નથી – કોઈ પણ વધારે વિશાળ ભૂમિકા ઉપર તે પૂરેપૂરું શકય છે — અનંતતા દરેક જગા ઉપર છે પરંતુ તેની અનુભૂતિ ત્યારે જ થાય જ્યારે માણસ પોતાની વ્યકિતગત મર્યાદાને તોડીને ઓળંગી જાય.

મનોમય અધિમનસમાંથી અતિમાનસિક અધિમનસ તરફના સંક્રમણમાં અને ત્યાંથી અતિમનસ ચેતનામાં જતાં ઘણા તબક્કાઓ રહેલા છે. ‘ આ છેવટનું ઉચ્ચતમ અધિમનસ છે ’ એ પ્રમાણે કહેવામાં ઉતાવળ ન કરશો.

*

તમે જેને અતિમાનસિક – અતિમનસ[1] કહો છો તે પણ ફક્ત અધિમનસ જ

---

૧. આ રીતની અભિવ્યકિત એ ‘ ખોટો ખ્યાલ ’ છે કારણ કે અધિમનસ કદી અતિમનસ હોઈ શકે નહિ, વધારેમાં વધારે તે ઉચ્ચતર મૂલ અતિમનસમાંથી થોડો પ્રકાશ અને સત્ય ગ્રહણ કરી શકે છે.

છે – તે અતિમનસનો એક ભાગ પણ નથી. વ્યક્તિ સાચા અતિમનસમાં પ્રવેશ પામી શકતી નથી (સિવાય કે કોઈ પ્રકારની સમાધિ અવસ્થામાં) પરંતુ જ્યાં સુધી અધિમનસના સત્યને જીવનમાં, વાણીમા, કર્મમાં અને બાહ્ય જ્ઞાનમાં સઘન રીતે ઉતાર્યું નથી, કેવળ ધ્યાનમાં અને આંતર અનુભૂતિમાં જ નહિ, ત્યાં સુધી સાચા અતિમનસમાં પ્રવેશ કરી શકતી નથી.

*

આર્યમાં જે સમયે 'યોગનો સમન્વય'નાં છેલ્લાં પ્રકરણો લખાયાં હતાં, તે સમયે 'અતિમનસ' નામનું તત્ત્વ શોધાયું નહોતું, તેથી તેમાં તેનો ઉલ્લેખ નથી. આ પ્રકરણોમાં અતિમનસ ભૂમિકામાં જ્યારે અતિમનસની ક્રિયા અવતરણ પામે છે અને અધિમનસના કાર્યને હાથ ઉપર લે છે અને તેનું રૂપાન્તર કરે છે, તેનું વર્ણન કરેલું છે. ઉચ્ચતમ અતિમનસ અથવા પરમતત્ત્વની દિવ્ય મનીષા (guesis) પોતે જ સ્વ-અસ્તિત્વ ધરાવે છે અને તે તેનાથી પણ ઘણે ઊંચે રહેલી છે. છેવટનાં પ્રકરણોમાં એ દર્શાવવાનો હેતુ હતો કે આ પણ કેટલું બધું મુશ્કેલ હતું અને માનવમન અને અતિમનસ વચ્ચે કેટલી બધી ભૂમિકાઓ હતી, અને અવતરણ કરતું અતિમનસનું પણ કેટલું બધું નિમ્નતર ભૂમિકાઓમાં મિશ્રણ થઈ જાય છે તથા એવી વસ્તુમાં પરિવર્તન થઈ જાય છે જે ઋત-સત્ય કરતાં કેટલું બધું ઓછું હોય છે. પરંતુ આ પાછળનાં પ્રકરણો લખાયાં નહોતાં.

*

'આર્ય'મા અધિમનસ અને અતિમનસનો ભેદ કહેવામાં આવ્યો નથી કારણ કે તે સમયે, અત્યારે હું જેને અધિમનસ કહું છું તેને અતિમનસની એક નિમ્ન પ્રકારની ભૂમિકા ધારતો હતો. કારણ કે હું મનોમય ભૂમિકામાંથી તે વસ્તુને નિહાળતો હતો. અધિમનસની સાચી ક્ષતિ, તેમાં રહેલી મર્યાદા જેને લઈને અવિદ્યાના જગતનું સર્જન થયું, તેની પૂર્ણ જાણ ત્યારે જ થાય જ્યારે વ્યક્તિ તેને શારીરિક ચેતનામાંથી જુએ, વ્યક્તિ પરિણામમાંથી (ભૌતિક તત્ત્વમાં રહેલા અજ્ઞાનમાંથી) તેના કારણ તરફ નજર કરે (સત્યનું અધિમનસ ચેતનામાં થતું વિભાજન) તેની પોતાની ભૂમિકામાં તે સત્યનું વિભાજન અને તેનાં અનેકવિધ પાસાંઓવાળું દેખાય છે, અને તેથી મન તેને અતિમનસ પ્રદેશ તરીકે સહેલાઈથી સ્વીકારી લે છે. મન પણ જ્યારે અધિ-મનસના પ્રકાશથી છલોછલ બની જાય છે ત્યારે તેને પોતાને એવી અદ્ભુત અનુભૂતિ થાય છે કે જાણે તે દિવ્ય સત્યમાં જીવન ધારણ કરતું હોય. જ્યારે આપણે પ્રાણની સાથે વ્યવહાર કરવાનું થાય છે અને ખાસ કરીને તો શારીરિક ચેતના સાથે, ત્યારે

જ મુશ્કેલી અનુભવાય; તેવા પ્રસંગોમાં મુશ્કેલીનો સામનો કરવો અનિવાર્ય બની જાય છે. અને અધિમનસ અને અતિમનસ વચ્ચેનો તીક્ષ્ણ ભેદ સમજવો પડે છે – કારણ કે તે સમયે એ સ્પષ્ટ સમજાય છે કે અધિમનસ શક્તિ (તેના પ્રકાશો અને ભવ્યતાઓ હોવા છતાં) અવિદ્યા ઉપર વિજય મેળવવા માટે પૂરતી નથી, કારણ કે તે પોતે જ વિભાજનના ધર્મની અસર નીચે હોય છે, જેમાંથી અવિદ્યાનું સર્જન થયેલું છે. માણસે તેનાથી પર જવાનું છે અને અધિમનસનું અતિમાનસીકરણ કરવાનું રહે છે જેથી કરીને મન અને બાકીનું બધું છેવટનું રૂપાંતર પામી શકે.

*

કદાચ તે જેને અધિમનસ કહે છે તે પ્રથમના ચેતનાના 'ઉપરિ-મનસ' સ્તરો છે. અથવા તે વિશાળતર મન અથવા પ્રાણમય-સ્તરોની અનુભૂતિઓ હોઈ શકે – માનવમન માટે આ બધી અનુભૂતિઓ એટલી બધી મોટી હોય છે કે તેમને માણસ અધિમનસ અથવા અતિમનસ તરીકે સહેલાઈથી સ્વીકારી લે છે. જો કોઈ માનવી વિશ્વરૂપ ચેતનામાં ખુલ્લો થાય તો તેને આડકતરી રીતે અધિમનસ ચેતનાના સ્પર્શો પ્રાપ્ત થાય છે અને જો તે વિશ્વરૂપ ચેતનામાં મુક્ત રીતે પ્રવેશ કરે તો તે વધારે પ્રમાણમાં પ્રાપ્ત થાય છે જ્યાં સુધી સ્વરૂપનો કોઈક ભાગ પણ વિશાળતામાં અને શાંતિમાં સ્થાપન ન થયો હોય તો વ્યક્તિને સીધેસીધી અધિમનસની અનુભૂતિ આવી શકતી નથી.

*

અંતઃપ્રજ્ઞા આલોકિત મનથી ઉપર રહેલી છે. આલોકિત મન એક મહાન તેજોમયતાને લઈને ઊર્ધ્વમાં ગયું હોય છે, અને તે અંતઃપ્રજ્ઞા અને પ્રેરણાનાં રૂપો પ્રત્યે વધારે પ્રમાણમાં ખુલ્લું હોય છે. અંતઃપ્રજ્ઞા (intuition) એ પ્રથમ ભૂમિકા છે, જેમાં સાક્ષાત્કારની પૂર્ણ શકયતા તરફ સાચું ઉદ્‌ઘાટન થયેલું હોય છે – તેની મારફતે જ વ્યક્તિ વધારે આગળ પ્રગતિ કરી શકે છે – પ્રથમ અધિમનસમાં અને ત્યાર પછી અતિમનસમાં.

*

અંતઃપ્રજ્ઞા વસ્તુઓના સત્યને સીધા આંતર-સ્પર્શ દ્વારા જોઈ શકે છે. સામાન્ય મનોમય બુદ્ધિ જે રીતે શોધખોળ કરીને ઇન્દ્રિયો વગેરે મારફત આડકતરી રીતે સંપર્ક સાધીને વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તે પ્રમાણે તેને કરવું પડતું નથી. પરંતુ અતિમનસની સાથે અંતઃપ્રજ્ઞાની સરખામણી કરીએ તો, અંતઃપ્રજ્ઞાની મર્યાદા એ છે કે તે વસ્તુઓને એક એક મુદ્દાવાર ઝબકારાઓથી જુએ છે, જ્યારે

અતિમનસ સમગ્રને એકીસાથે જોઈ શકે છે જ્યારે અંતઃપ્રજ્ઞા મનમાં ઊતરે છે ત્યારે એ મનની ગતિઓમાં મિશ્રિત થઈ જાય છે અને તેથી એક પ્રકારના અંતઃ-સ્ફુરણાત્મક મનની ક્રિયા ઉત્પન્ન કરે છે, અને તે સત્ય શુદ્ધ હોતું નથી, તે ઉચ્ચતર સત્ય અને મનોમય શોધની વચ્ચેની વસ્તુ હોય છે. તે ચેતનાને એક વચગાળાના તબક્કામાંથી પસાર કરે છે અને તે જ તેનું ખરેખરું કાર્ય છે.

*

મનોમય અંતઃપ્રજ્ઞાનું જ્ઞાન સત્યનું કાંઈક સીધેસીધું સ્વરૂપ ગ્રહણ કરે છે પરંતુ તેમાં પૂર્ણતા કે ખાતરી હોતાં નથી. અને તે સહેલાઈથી એવી સામાન્ય મનોમય સામગ્રી સાથે મિશ્રિત થઈ જાય છે, જે ભૂલભરેલી હોય છે, જ્યારે તેનો વ્યવહાર કરવાનો હોય ત્યારે તે સહેલાઈથી અર્ધ-સત્ય બને છે. અથવા તો તેનો એવી રીતનો ખોટો અર્થ કરવામાં આવે છે અને તેને એવી ખોટી-ખરી રીતે વ્યવહારમાં ઉતારવામાં આવે છે કે તે ભૂલ બની જાય છે. વળી, મન અંતઃપ્રજ્ઞાની એવી રીતની નકલ કરે છે કે સાચી અને ખોટી અંતઃપ્રજ્ઞા વચ્ચેનો ભેદ પારખવો મુશ્કેલ બની જાય છે, એ કારણને લઈને જ બુદ્ધિશાળી મનુષ્યો મનોમય અંતઃપ્રજ્ઞા તરફ અવિશ્વાસથી જુએ છે અને તેની બુદ્ધિ મારફત કસોટી કરીને ખાતરી કર્યા સિવાય તેને સ્વીકારી શકાય કે તેનુ અનુસરણ ન કરી શકાય એવું પ્રતિપાદિત કરે છે. જે અધિમનસ અંતઃપ્રજ્ઞામાંથી આવે છે તેમાં પ્રકાશ, એક ખાતરી અને સત્યની અસરકારક શક્તિ હોય છે અને તે પ્રકારની વસ્તુઓ મનોમય અંતઃપ્રજ્ઞા તેની ઉચ્ચતમ સ્થિતિમાં હોય તો પણ તેવી હોતી નથી.

*

જે પ્રમાણે ઊર્ધ્વ મન અને પ્રકાશિત મનની અંતઃપ્રજ્ઞા હોય છે તે પ્રમાણે જ મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક અંતઃપ્રેરણાઓ હોય છે.

*

દર્શનશાસ્ત્રીઓ અને ટીકાકારોના વધારે પડતા બુદ્ધિવાદને લઈને ' બુદ્ધિ ' સાથે ' વિજ્ઞાન ' અને ' અંતઃપ્રજ્ઞા 'નું તાદાત્મ્ય સમજવાની ભૂલ ઉત્પન્ન થઈ. હું એમ માનતો નથી કે બુદ્ધિમાં તેનાથી એક જુદા પ્રકારની અંતઃપ્રજ્ઞાનો સમાવેશ થઈ જાય છે – બુદ્ધિવાદીઓ બૌદ્ધિક વિચારની એક ઝડપી પ્રક્રિયાને અંતઃપ્રજ્ઞા તરીકે માનતા – અને હજુ પણ તેઓનો તેવો જ ખ્યાલ છે. તૈતરીય ઉપનિષદમાં ' વિજ્ઞાન 'નો અર્થ

બિલકુલ સ્પષ્ટ છે – તેનું મૂળ તત્ત્વ ઋતમ્‌, આધ્યાત્મિક સત્ય છે; પરંતુ પાછળથી તેનું બુદ્ધિ સાથેનું તાદાત્મ્ય સામાન્ય રીતે મનાવા લાગ્યું.

*

હું નથી ધારતો કે તેઓ બુદ્ધિનો અર્થ અંત:પ્રજ્ઞા કરતા હોય; તેઓ બુદ્ધિને જ્ઞાનના કરણ તરીકે માન્ય કરે છે, અને તેથી તેમાં બધા જ્ઞાનનો સમાવેશ કરે છે, અને વિજ્ઞાનમય કોશ એક જ્ઞાનનો કોશ હોવાથી તેઓ એમ વિચારે છે કે તેનો અર્થ બુદ્ધિ થવો જોઈએ. સ્પષ્ટ રીતે તે પ્રમાણેનો અર્થ નથી. તમે જે વસ્તુનું વર્ણન લખેલું છે તેનો અર્થ બુદ્ધિ કરતાં કોઈક ઉચ્ચતર વસ્તુ છે. તે ઉપનિષદનું સત્યમ્‌ ઋતમ્‌, બૃહદ્‌ છે – વેદની ઋત ચેતના.

## ૪

'કેન્દ્રસ્થ સ્વરૂપ' શબ્દસમૂહ આપણા યોગમાં, આપણાં અંદર રહેલા પ્રભુના અંશને માટે વપરાય છે. તે અંશ બાકીના બધા અંશોને ટેકો આપે છે અને જન્મ અને મૃત્યુમાંથી પસાર થઈએ છતાં તે ટકી રહે છે. આ કેન્દ્રસ્થ સ્વરૂપનાં બે રૂપો હોય છે – ઊર્ધ્વમાં રહેલો જીવાત્મા જે આપણું સાચું દિવ્ય સ્વરૂપ છે. જ્યારે આપણામાં ઊર્ધ્વ આત્મજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આપણે તેના વિશે સભાન બનીએ છીએ – એક બીજું સ્વરૂપ નીચે રહેલો 'ચૈત્ય પુરુષ' છે – તે આપણાં મન, પ્રાણ અને શરીરની પાછળ રહીને ટેકો આપે છે. જીવાત્મા જીવનના આવિર્ભાવથી પર હોવાથી તે તેના ઉપર અધ્યક્ષપણું રાખે છે; ચૈત્ય પુરુષ જીવનમાં થતા આવિર્ભાવ પાછળ રહીને તેને ટેકો આપે છે.

ચૈત્ય પુરુષનું સ્વાભાવિક વલણ એવું હોય છે કે તે પોતે પ્રભુનો દિવ્ય બાળક છે, પ્રભુનો પુત્ર, પ્રભુનો ભક્ત છે એમ અનુભવે છે; તે પોતે પ્રભુનો અંશ હોય છે અને તત્ત્વત: પ્રભુની સાથે ઐક્યમાં હોય છે. પરંતુ આવિર્ભાવની ક્રિયામાં પ્રભુની સાથેની તદ્રુપતામાં પણ ભિન્નતા હોય છે. તેનાથી ઊલટું જીવાત્મા કાયમ પ્રભુની સાથે તાદાત્મ્યમાં રહે છે અને તે તાદાત્મ્યમાં તે વિલીન પણ થઈ શકે છે. પરંતુ તે પણ જ્યારે આવિર્ભાવની ક્રિયાશીલતા ઉપર અધ્યક્ષ રહે છે તે ક્ષણે જ બહુવિધ રૂપોવાળા પરમાત્માના એક કેન્દ્ર તરીકે પોતાને જાણે છે, નહિ કે પરમેશ્વર તરીકે. આ તફાવત યાદ રાખવો જરૂરી છે, કારણ કે નહિ તો પછી એક થોડો પણ પ્રાણનો

અહંકાર સાધકમાં પ્રવેશ કરી જાય તો તે સાધક પોતાની જાતને પ્રભુનો અવતાર ગણવા માંડે છે અથવા તો રામકૃષ્ણની સાથે રહેતા 'હૃદય'ને જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે તે પોતાના મગજની સમતુલા ગુમાવી બેસે છે.

*

સંસ્કૃત ભાષામાં જીવાત્માના બે અર્થ થાય છે — [1]'જીવતાં પ્રાણીઓ' અને વ્યક્તિગત આત્મા, જે જીવંત પ્રાણીઓને જન્માંતરની ઉત્ક્રાંતિમાં ટકાવી રાખે છે. બીજા પ્રકારના અર્થમાં તેને માટે જીવાત્મા શબ્દ વપરાય છે — જીવંત પ્રાણીનો આત્મા અથવા શાશ્વત આત્મતત્ત્વ. ગીતા તેને રૂપકના અર્થમાં 'પરમાત્માનો શાશ્વત અંશ' કહે છે — પરંતુ તમે વિભાગીકરણ શબ્દ વાપર્યો છે તે વધારે સખત શબ્દ છે. તે શબ્દ રૂપોને લાગુ પાડી શકાય પરંતુ તેમાં રહેલા આત્માને લાગુ ન પાડી શકાય. પરંતુ વિવિધત્વવાળા પરમાત્મા એ એક એવી શાશ્વત વાસ્તવિકતા છે જે અહીં પૃથ્વી ઉપરના સર્જન પછી થયેલી છે. જીવાત્માનું વિસ્તારપૂર્વકનું વર્ણન આ રીતે કરી શકાય : 'આ પૃથ્વી ઉપરના સર્જન થયેલા પ્રાણીનો વ્યક્તિરૂપ થયેલો આત્મા અથવા આત્મા તરીકે બહુવિધ પરમાત્માનો થયેલો આવિર્ભાવ.' જીવાત્મામાં તત્ત્વત: ફેરફાર અથવા વિકાસ થતો નથી, તેનું તત્ત્વ વ્યક્તિગત ઉત્ક્રાંતિથી પર રહેલ છે; ઉત્ક્રાંતિમાં પોતાનામાં તેનું પ્રતિનિધિત્વ ચૈત્યપુરુષ લે છે જે બાકીની બધી પ્રકૃતિને ટેકો આપે છે.

અદ્વૈત વેદાન્ત જાહેર કરે છે કે જીવનું સાચું અસ્તિત્વ હોતું નથી કારણ કે પરમાત્મા અવિભાજ્ય છે. વેદાન્તની બીજી શાખા જીવનું સાચું અસ્તિત્વ માન્ય રાખે છે પરંતુ તેનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારતી નથી — તેઓ કહે છે કે તે એક તત્ત્વ છે, અને આવિર્ભાવમાં ભિન્ન દેખાય છે અને આવિર્ભાવ વાસ્તવિક, શાશ્વત અને મિથ્યા ન હોવાથી તેને અવાસ્તવિક કહી શકાય નહિ. દ્વૈતની શાખાઓ 'જીવ'ને સ્વતંત્ર કક્ષાના તત્ત્વ તરીકે પ્રતિપાદિત કરે છે અથવા પ્રભુ, આત્મા અને પ્રકૃતિની ત્રિવિધતા ઉપર સ્થાપિત થયેલી વસ્તુ તરીકે જ ગણે છે.

*

---

૧. બંગાળમાં જ્યારે કોઈ વ્યક્તિ નાના પ્રાણીને મારી નાખવા તૈયાર થાય છે ત્યારે લોકો તેનો વિરોધ કરે છે અને કહે છે, "તેને મારીશ નહિ — તે કૃષ્ણનો જીવ છે ( તેનું જીવંત પ્રાણી )."

જીવાત્મા એ ચૈત્યપુરુષ નથી – સંસ્કૃતમાં જે ચૈત્યપુરુષનો અર્થ છે તેની સમકક્ષ પ્રમાણે ચૈત્યપુરુષને નક્કી કરેલ છે. જીવાત્મા એ વ્યક્તિગત આત્મતત્ત્વ છે – કેન્દ્રસ્થ સ્વરૂપ.

કેન્દ્રસ્થ સ્વરૂપ એ પ્રકારનું છે જે જન્મ પામતું નથી, જેનો વિકાસ થતો નથી. પરંતુ બધા જ વ્યક્તિગત આવિર્ભાવની ઉપર અધ્યક્ષસ્થાને રહે છે. ચૈત્ય-પુરુષ તેનો અહીં પ્રક્ષેપ છે – કારણ કે ચૈત્યપુરુષ વિકાસની અંદર રહેલો છે અને આપણી સમગ્ર ઉત્ક્રાંતિને અંદરથી ટેકો આપી રહેલો છે; તે બધી અનુભૂતિઓનો સારતત્ત્વ ગ્રહણ કરે છે અને તેનાથી વ્યક્તિત્વનો પ્રભુ તરફનો વિકાસ સાધે છે.

આત્માતત્ત્વ એકી વખતે સર્વમાં એક અને અનેક હોય છે – તત્ત્વતઃ એક હોય છે. તે વ્યક્તિગત આત્મા તરીકે આવિર્ભાવ પામે છે અને તેને પ્રકૃતિમાં રહેલ પરમાત્માના શાશ્વત અંશ તરીકે વર્ણવી શકાય. આત્મા તરીકે તે આવિર્ભાવનું કેન્દ્ર, હોય છે વ્યક્તિગત હોય છે પરંતુ તેની વિશ્વરૂપતામાં તે વિસ્તાર પામે છે અને તે પરાત્પર પ્રત્યે ઊર્ધ્વમાં ચડે છે.

*

જીવાત્મા એટલે આપણે વ્યક્તિગત આત્મા સમજીએ છીએ. તત્ત્વતઃ તે બીજા બધા આત્માઓ સાથેનું એક આત્મતત્ત્વ હોય છે, પરંતુ પરમાત્માની બહુવિધતામાં તે એક વ્યક્તિગત આત્મા હોય છે, વિશ્વનું એક વ્યક્તિગત કેન્દ્ર – અને તે સર્વ વસ્તુઓને પોતાની અંદર જુએ છે અને પોતાને સર્વ વસ્તુઓમાં અથવા તેની ચેતનાની અવસ્થા અને દૃષ્ટિબિંદુ પ્રમાણે, બન્ને રીતે એકસાથે નિહાળે છે.

*

આત્મતત્ત્વ અથવા આત્મા તેની પ્રકૃતિ અનુસાર યા તો પરાત્પર હોય છે અથવા વિશ્વરૂપ ( પરમાત્મા, આત્મા ), જ્યારે તે વ્યક્તિરૂપ બને છે અને કેન્દ્રસ્થ સ્વરૂપ બને છે ત્યારે તે જીવાત્મા બને છે. જીવાત્મા વિશ્વાત્મા સાથે પોતાનું ઐક્ય અનુભવે છે પરંતુ તે જ સમયે તેનું કેન્દ્રસ્થ સ્વરૂપ અલગ રીતનો પરમાત્માનો અંશ હોય છે.

*

આત્મા કેન્દ્રસ્થ સ્વરૂપનો ( જીવાત્માનો ) પ્રતિનિધિ હોય છે. પ્રકૃતિમાં રહેલ તમામ વ્યક્તિરૂપ અસ્તિત્વને આધાર આપતો તે પરમાત્માનો સ્ફુલિંગ છે; ચૈત્ય-

પુરુષ તે આત્માનું એક સચેતન સ્વરૂપ હોય છે અને તે ઉત્ક્રાંતિમાં વિકાસ પામતો રહે છે – આ ઉત્ક્રાંતિ એક ટકી રહેલી પ્રક્રિયા છે, જેમાં પ્રથમ જડતત્ત્વમાં પ્રાણનો વિકાસ થાય છે. પ્રાણમાં મનનો અને છેવટે અધિમનસમાં મનનો વિકાસ થાય છે અને અધિમનસ અતિમનસ સત્યમાં વિકાસ પામે છે. આ બધી કક્ષાઓમાં થતી ઉત્ક્રાંતિમાં આત્મા પ્રકૃતિને ટેકો આપતો રહે છે, પરંતુ તે આમાંની કોઈ વસ્તુ હોતો નથી.

આ બાહ્ય વસ્તુગત અને ઉપરછલ્લી અંતર્ગત દેખાતી પ્રકૃતિ એ નિમ્ન પ્રકૃતિ – ‘ અપરા-પ્રકૃતિ ’ – છે તે જ આ બધાં મનો, પ્રાણો અને શરીરોનો આવિર્ભાવ કરે છે. ‘ પરા-પ્રકૃતિ ’ તેની પાછળ ગુપ્ત રીતે આવેલી છે, અને તે પરમાત્માની પ્રકૃતિ છે. તે પરમ ચિન્મય શક્તિ છે જે બહુરૂપ પરમાત્માને ‘ અનેક ’ રૂપ તરીકે આવિર્ભાવ આપે છે. આ ‘અનેક’ પોતે જ તેની પોતાની ‘ પરા-પ્રકૃતિ ’માં અનેક શાશ્વત આત્માઓ બનેલાં છે. આ આત્માઓ આ જગતના સંબંધમાં જીવાત્માઓ તરીકે દેખાય છે. અને પ્રાકૃતિક અસ્તિત્વો ( પ્રાણીઓ ), ‘ સર્વભૂતાનિ ’ને ટેકો આપે છે. જે પરિવર્તનશીલ સંભવન ( Becoming ) છે તેમાં ક્ષર (નાશવંત, પરિવર્તનશીલ) પુરુષ છે તેમાં આ જીવાત્માનાં સ્વરૂપો છે. જીવ ( અથવા જીવાત્મા ) અને પ્રાણીઓ, ‘ સર્વભૂતાનિ ’ બન્ને એક જ વસ્તુઓ નથી. જીવાત્મા આ બધા સર્જનની સાથે સંકળાયેલ હોવા છતાં તેનાથી પર રહેલ છે; ‘સર્વભૂતાનિ’ પ્રકૃતિનાં પ્રાણીઓ છે. માનવ, પક્ષી, પશુ, સર્પ એ બધાં પ્રકૃતિનાં અસ્તિત્વો છે, પરંતુ તેમનામાં જે વ્યક્તિગત આત્મા છે તે એક ક્ષણ માટે પણ માણસ, પંખી, પ્રાણી કે સર્પ નથી; આ બધાં પરિવર્તનોમાં, ઉત્ક્રાંતિમાં તેમની અંદરનો જીવાત્મા તો એકનો એક છે. તે એક આધ્યાત્મિક સત્ ( અસ્તિત્વ ) છે અને તે પ્રકૃતિની લીલાને અનુમતિ આપતો રહે છે.

પરમાત્મામાં જે મૂળભૂત અને શાશ્વત તત્ત્વ છે તે છે સત્ – ( being ), ચેતનામાં, પરિસ્થિતિઓમાં, શક્તિઓમાં, રૂપો વગેરેમાં જે દિવ્ય શક્તિ દ્વારા વિકાસ પામે છે તે છે સંભવન્ ( becoming ), શાશ્વત પરમાત્મા સત્ છે; કાલમાં રહેલું વિશ્વ અને તેમાં જે કાંઈ બહાર નજરે પડે છે તે છે સંભવન્. પોતાની પરા-પકૃતિમાં રહેલું શાશ્વત સત્ એકીસમયે એક તેમ જ અનેક છે, પરંતુ જ્યારે પરમાત્માની બહુવિધતા ‘ સર્વભૂતાનિ ’ની પાછળ ઊભી રહે છે ત્યારે તે એ પ્રકારની દેખાય છે અથવા આપણે કહીએ છીએ કે તે જીવ બને છે ‘ પરાપ્રકૃતિર્જીવભૂતા ’ આનાથી ઊલટું ચૈત્ય પુરુષનાં બે સ્વરૂપો છે. એક ચૈતસિક અસ્તિત્વ અથવા આત્મા જે તેની પાછળ ઊભો રહેલો છે તે, અને બીજું પ્રકૃતિમાં થતા પોતાના વિકાસમાં જે વ્યક્તિત્વ ધારણ કરતું હોય છે એની આગળ રહેલું તેનું સ્વરૂપ.

આત્મા અથવા ચૈત્ય તત્ત્વ એક જ અર્થમાં અક્ષર છે કે તે પરમાત્માની બધી શક્યતાઓ પોતાની અંદર ધારણ કરે છે, પરંતુ તે શક્યતાઓનો તેણે પોતે વિકાસ કરવાનો છે અને તેની ઉત્ક્રાંતિમાં એ એક વિકાસ પામતી ચૈતસિક વ્યક્તિનું રૂપ ધારણ કરે છે તથા આવિર્ભાવની ઉત્ક્રાંતિમાં વ્યક્તિગત પ્રકૃતિનો વિકાસ કરે છે અને આ રીતે ઉત્ક્રાંતિમાં ભાગ લે છે. તે એક પરમાત્માના દિવ્ય અગ્નિનો સ્ફુલિંગ છે અને ચૈત્યપુરુષના કરણ તરીકે મન, પ્રાણ અને શરીરની પાછળ વિકાસ પામતો રહે છે અને તે અવિદ્યાની પ્રકૃતિનું રૂપાંતર કરીને વિદ્યાની પ્રકૃતિમાં પહોંચે છે, તેથી આ ચૈત્ય પુરુષ જે વિકાસ પામતો રહે છે તે આત્મા અથવા મૂળભૂત ચૈતસિક અસ્તિત્વમાં રહેલી સર્વ વસ્તુઓને પોતાનામાં કોઈ પણ સમયે ધારણ કરતો નથી, એ ચૈત્ય પુરુષ જે શાશ્વત વસ્તુનું તત્ત્વ છે તે સારરૂપે વિશ્વાતીત વસ્તુ છે અને આત્માના અહીં થયેલા પ્રક્ષેપમાં એક કામચલાઉ વ્યક્તિતા અર્પણ કરે છે.

કેન્દ્રસ્થ સ્વરૂપ એક એવું સત્ છે જે જન્માંતરોમાં એક પછી એક જન્મમાં અધ્યસ્થસ્થાને રહે છે, પરંતુ તે અજન્મા છે કારણ કે તે સત્‌માં નીચે ઊતરતું નથી પરંતુ તેની ઉપર જ રહે છે – તે મનોમય, પ્રાણમય અને શારીરિક પુરુષને અને વ્યક્તિત્વના બીજા બધા ભિન્ન ભાગોને એકત્રિત કરીને ટકાવી રાખે છે. તે મનોમય પુરુષ દ્વારા અને મનોમય વિચાર અને સંકલ્પ દ્વારા અથવા તો ચૈત્યપુરુષ દ્વારા જીવન ઉપર કાબૂ રાખે છે. આ કાબૂ પ્રકૃતિમાં જે સૌથી સમર્થ ભાગ હોય તેના દ્વારા અથવા તો જે વસ્તુ સૌથી અગ્રભાગે હોય તેના વડે કરે છે. જો તે તેનું શાસન ન રાખે તો ચેતનામાં ઘણી અવ્યવસ્થા થઈ જાય છે અને વ્યક્તિત્વનો દરેક ભાગ પોતાના માટે એવી રીતે કાર્ય કરે જેનાથી વિચાર, લાગણીઓ અથવા કર્મોમાં કશો સુમેળ રહી શકે નહિ.

ચૈત્ય પુરુષ ઉપરમાં નહિ પરંતુ પાછળ આવેલો છે – તેનું સ્થાન હૃદયની પાછળ છે. તેની શક્તિ જ્ઞાન નહિ પરંતુ મૂળભૂત અથવા આધ્યાત્મિક લાગણી છે – તેને સત્યનું સ્પષ્ટ દર્શન છે અને તેનું એક એવું અંતર્ગત દર્શન છે જે આત્મ-દર્શન અને આત્મ-લાગણી હોય તેના જેવું. તે આપણું અંતરતમ તત્ત્વ છે અને બીજા બધા આપણા મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપોને ટેકો આપે છે પરંતુ સાથે સાથે તેમના માટે તે ઘણો ઢંકાયેલો હોય છે અને તે તે સ્વરૂપો ઉપર જાણે પ્રભાવ પાડતો હોય તે રીતે કાર્ય કરે છે નહિ કે સીધેસીધો ચક્રવર્તી શાસકની માફક સીધી સત્તા ચલાવતો; વિકાસની જ્યારે ઉચ્ચ અવસ્થા સ્થપાઈ જાય ત્યાર પછી તેનું સીધેસીધું કાર્ય સામાન્ય બની આવે છે અથવા તે યોગ દ્વારા તે પ્રમાણે બની આવે છે. તમને ભાવિના બનાવો વિશે જે અંતઃસ્ફુરણાઓ થાય છે અથવા કેટલાંક

કાર્યનાં પરિણામો વિશે તમને જે ચેતવણી આપે છે એવું લાગે છે તે ચૈત્યપુરુષમાંથી આવતું નથી. તે તમારા આંતર સ્વરૂપના કોઈ ભાગમાંથી આવે છે, કેટલીક વખત આંતર પ્રાણમાંથી અથવા કેટલીક વખત સૂક્ષ્મ શારીરિક પુરુષમાંથી આવે છે. આંતર સ્વરૂપ – આંતર મન, આંતર પ્રાણ, આંતર અથવા સૂક્ષ્મ શારીરિક – બાહ્ય મનને બાહ્ય પ્રાણને અને બાહ્ય શારીરિકને કેટલીય વસ્તુઓ વિશે જાણ નથી હોતી, તેના વિશે તે જ્ઞાન ધરાવે છે કારણ કે આંતર સ્વરૂપ પ્રકૃતિનાં ગુહ્ય બળોની સાથે વધારે સીધા સંપર્કમાં હોય છે. ચૈત્ય પુરુષ તો આ બધાં આંતર સ્વરૂપોનું પણ અંતરતમ સ્વરૂપ છે; ચેતનાના સૌથી ઊંડાણના તત્ત્વમાં સત્યનું દર્શન હોય છે અને તેના માટે શુભ તત્ત્વ, સત્ય તત્ત્વ અને સુંદર તત્ત્વ તથા પરમાત્મા વિશે સભાન હોવું, એ તેનો અધિકાર છે.

કેન્દ્રસ્થ સ્વરૂપ – જીવાત્મા જે અજન્મા છે તથા ઉત્ક્રાંતિ પામતો નથી પરંતુ વ્યકિતના જન્મ અને ઉત્ક્રાંતિની ઉપર અધ્યક્ષ સ્થાને રહે છે – તે ચેતનાની દરેક ભૂમિકા ઉપર પોતાનો પ્રતિનિધિ મૂકે છે. સાચો ‘મનોમય પુરુષ’ એ તેની મનોમય ભૂમિકા ઉપરનો પ્રતિનિધિ છે, સાચો ‘પ્રાણમય પુરુષ’ એ તેની પ્રાણમય ભૂમિકાનો પ્રતિનિધિ છે અને સાચો ‘અન્નમય પુરુષ’ તેની શારીરિક ભૂમિકા ઉપરનો પ્રતિનિધિ છે એટલે દરેક માનવી, જ્યાં સુધી તેની અવિદ્યા ચાલુ રહે છે ત્યાં સુધી જે ભૂમિકા ઉપર તે પ્રધાનપણે રહેતો હોય છે તે તે ભૂમિકા ઉપર – મનોમય, પ્રાણમય અથવા શારીરિક ભૂમિકા ઉપરના પુરુષની કેન્દ્રની આસપાસ જીવન જીવે છે અને તે તે ભૂમિકા ઉપરનો પુરુષ તે તેના માટે કેન્દ્રસ્થ પુરુષ બને છે. પરંતુ જે સાચો પ્રતિનિધિ છે તે મન, પ્રાણ અને શારીરિકની માછળ ગુપ્ત રીતે બેઠેલો હોય છે – તે જ આપણો ચૈત્ય પુરુષ અથવા અંતરતમ સ્વરૂપ.

આપણે જ્યારે અંતરતમ જ્ઞાન પ્રાપ્ત કરતા થઈએ છીએ ત્યારે આપણી અંદર રહેલા આ ચૈત્ય પુરુષ વિશે સભાન બનતા જઈએ છીએ અને તે અગ્રભાગે આવતો જાય છે અને સાધનામાં દોરવણી આપે છે. ત્યાર પછી આપણે આવિર્ભાવથી પર રહેતા જીવાત્મા અથવા અવિભકત આત્મા અથવા આત્મ તત્ત્વ વિશે સભાન બનતા જઈએ છીએ, જેનો આ ચૈત્યપુરુષ પોતે આપણામાં રહેલો પ્રતિનિધિ છે.

*

સાચું આંતર સ્વરૂપ – સાચું મનોમય, સાચું પ્રાણમય અને સાચું શારીરિક દરેક પોતાની ભૂમિકાનું પ્રતિનિધિ છે અને કેન્દ્રસ્થ સ્વરૂપને પ્રત્યુત્તર આપે છે પરંતુ સમગ્ર પ્રકૃતિ અને ખાસ કરીને બાહ્ય પ્રકૃતિ તેમ જ સામાન્ય મનોમય, પ્રાણમય

અને શારીરિક વ્યક્તિત્વ તેને પ્રત્યુત્તર આપતું નથી. ચૈત્યપુરુષ એ વિકાસના હેતુ માટે કેન્દ્રસ્થ સ્વરૂપ છે – તે વિકાસ પામે છે અને વૃદ્ધિ પામે છે; પરંતુ તેનાથી પર એક કેન્દ્રસ્થ સ્વરૂપ છે જેના વિશે મન સભાન નથી અને તે અસ્તિત્વની ઉપર અદશ્ય રીતે અધ્યક્ષ સ્થાનમાં રહે છે અને આ આવિર્ભાવ પામેલી પ્રકૃતિમાં ચૈત્ય પુરુષ તેનો પ્રતિનિધિ છે. તે કેન્દ્રસ્થ સ્વરૂપ જીવાત્મા છે.

*

ચૈત્ય પુરુષ પરમાત્માનો સ્ફુલિંગ છે – પરંતુ મને ખબર નથી કે તેને જીવાત્માનો અંશ કહેવાય કે કેમ – તે વસ્તુ એક જુદી જ રીતે આગળ મૂકવામાં આવી છે.

*

વારુ, એ વસ્તુ સમજાવવી જરા મુશ્કેલ છે. સૌથી સારો રસ્તો એ છે કે મારા જવાબને હું છૂટાં છૂટાં કેટલાંક વિધાનોમાં વહેંચી નાખું – કારણ કે આ સમગ્ર વસ્તુ એટલી બધી ગૂંચવાઈ ગયેલી છે કે એ સિવાય બીજો માર્ગ નથી.

( ૧ ) અદ્વૈતના શુદ્ધ 'હું'ની સાથે, મને જીવાત્મા વિશે જે અનુભૂતિ થઈ છે તેને સરખાવી ન શકું. આ અહં એટલે હું એમ ધારું કે તમે એમ કહેવા માગો છો કે તે ( સોઽહમ્ ) 'હું તે છું' એવો અર્થ છે અને તે દર્શન દ્વારા તે પોતે પરમાત્મામાં લય પામી જાય છે. માયાવાદીઓના અદ્વૈત પ્રમાણે આ જીવાત્મા, ઈશ્વરની માફક, મિથ્યાભાસી માયામાં રહેલા બ્રહ્મનો બાહ્યાભાસ છે. ઈશ્વર, જગતનો સ્વામી, એવું કાંઈ નથી, એમ તેઓ કહે છે, કારણ કે જગત છે જ નહિ – સિવાય કે માયા; તે જ પ્રમાણે જીવાત્મા પણ નથી – તે કેવળ માયામાં રહેલી નિમ્ન ( મિથ્યા ) ચેતના દ્વારા વ્યક્તિરૂપે પરમાત્માને જુએ છે. તેના બદલે જેઓ ઈશ્વરની સાથે મિલનની ઇચ્છા રાખે છે, તેઓ 'જીવ' વિશે માને છે કે અનુભવે છે કે તે ઈશ્વર ઉપર આધાર રાખતું એક સ્વતંત્ર સ્વરૂપ છે. અથવા તે એવું તત્ત્વ છે જે ઈશ્વરની સાથે તત્વતઃ એક જ છે છતાં તેનાથી તે ભિન્ન છે. પરંતુ આ ભિન્નતા તેની તાત્વિક શાશ્વત એકતાની માફક શાશ્વત ભેદયુક્ત છે. – અને જીવાત્મા વિશેના પરમાત્મા સાથેના સંબંધના બીજા વિચારો પણ છે. તેથી આ શુદ્ધ 'હું', જો તેનું તે વર્ણન કરવાનું હોય તો તે ભિન્ન ભિન્ન માણસો પાસે ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં આપણે એમ કહી શકીએ કે પોતાની જાતે ભિન્ન રૂપે રજૂ કરે છે. જો તમે એમ પૂછો કે એ પ્રમાણે શા માટે તો મેં જે 'ક્ષ'ને જવાબ આપ્યો છે તે તમે જોઈ લેશો. અધિમનસ વસ્તુઓના સત્યને ઘણા

પ્રકારનાં સ્વરૂપોમાં રજૂ કરે છે અને મન, આધ્યાત્મીકરણ થયેલું મન પણ, એક યા બીજા સ્વરૂપને વસ્તુઓના સાચા સત્ય તરીકે, કેવળ એકમાત્ર સત્ય તરીકે રજૂ કરે છે. આ બધા ભેદો પાડનાર મન છે, પરંતુ તેનો કોઈ વાંધો નથી કારણ કે, માણસનું મનોમય સ્વરૂપ, આ આત્માને અથવા વ્યક્તિત્વ પ્રાપ્ત કરેલી ચેતનાને અથવા તમારે જે નામ આપવું હોય તે તત્ત્વને, પોતાની રીતે જોતું હોય છે અને અનુભવતું હોય છે. છેવટે મનને જ્યાં જવાનું હોય છે ત્યાં જ તે પહોંચે છે. મને લાગે છે કે આ વિષયમાં પ્રથમ પગથિયા તરીકે આટલું ઘણું સ્પષ્ટ છે.

(૨) કોઈ પણ માણસ ઊર્ધ્વના પ્રદેશમાં અથવા સક્રિય આધ્યાત્મિક ભૂમિકાઓમાં ગયા સિવાય, અથવા આ યોગમાં બને છે તે પ્રમાણે શરીરથી ઉપરના પ્રદેશમાં પોતાની જાતને સ્થિર કર્યા સિવાય પણ, આત્માનો, બ્રહ્મનો કે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે છે, એ હકીકતનો હું બિલકુલ ઇન્કાર કરતો નથી. તે ભલે મસ્તક ઉપરના સહસ્રદલના ચક્રમાંથી કરવામાં આવ્યું હોય, છતાં તે સહસ્રાર ચક્ર ફક્ત આધ્યાત્મિક મન સુધી જ વિસ્તરે છે અને તેની અનુભૂતિ મસ્તકની ટોચ ઉપર થાય છે, તેથી તેનાથી વધારે ઊંચેનું આરોહણ એ અનિવાર્ય નથી. પરંતુ તે સિવાય પણ, તમે કહો છો તે પ્રમાણે વ્યક્તિ ઘણી સારી રીતે આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. જો તે મન અને હૃદયની પાછળના ભાગમાં હઠી જાય તો અને પ્રકૃતિના ભાગોમાંથી પોતાની જાતને અનાસક્ત કરી દે અને તે પોતે પોતાની જાતને મન, પ્રાણ અને શરીરની સાથે તાદાત્મ્ય સાધવાનું અટકાવી શકે તો તે એક આંતર-શાંતિમાં પહોંચી જાય છે. વ્યક્તિએ તેને માટે આંતર મન અથવા આંતર પ્રાણના સામ્રાજ્યોની પણ ખોજ કરવાની જરૂર નથી, તેમ જ એ પણ જરૂરી કે ફરજિયાત નથી કે ઉપરના સ્તરો ઉપર તેણે ઉડ્ડયન કરવું. આત્મા સર્વત્ર રહેલો છે અને પૂર્ણ અનાસક્તિમાં અને નીરવતામાં પ્રવેશ કરવાથી અથવા કેવળ અનાસક્તિ અથવા નીરવતા વ્યક્તિને ગમે તે જગાએથી આત્માની કોઈક ઝાંખી, કોઈ પ્રતિબિંબ અથવા પૂર્ણ પ્રતિબિંબ અથવા આત્માની હાજરીનું ભાન થાય છે. અથવા તમે મુક્ત, વિશાળ, નીરવ, શાશ્વત અને અનંત તત્ત્વમાં પોતાની જાતને નિમગ્ન પણ કરી શકો. અનુભૂતિ, પછી ભલે તે 'શુદ્ધ અહં' ગમે તે પ્રકારનો હોય તેને થાય તો જે ચેતનાને આ સાક્ષાત્કાર થાય તેને સત્-તત્ત્વના વ્યક્તિગત આત્મા તરીકેનો જીવાત્માનો સાક્ષાત્કાર સમજવો.

(૩) વ્યક્તિને એવો પણ પોતાની જાત વિશે અનુભવ થાય છે કે તે પોતે મન નથી પરંતુ ચિંતક છે, પોતે હૃદય નથી પરંતુ આત્મા અથવા 'હું' છે અને લાગણીઓને ટેકો આપી રહેલો છે; પ્રાણ નથી પણ પ્રાણને ટેકો અપાનાર છે. પોતે શરીર નથી પરંતુ તે એવું તત્ત્વ છે જેણે શરીર ધારણ કરેલું છે. આ આત્મતત્ત્વ સ્પષ્ટ

રીતે સક્રિય પણ હોઈ શકે અને નીરવ પણ હોઈ શકે. અથવા તો તમે એમ પણ કહી શકો કે તે સ્થિર અને સક્રિય હોવા છતાં, તેની નીરવતામાંથી તે પ્રકૃતિની ક્રિયાશીલતાનો ઉદ્‌ભવ કરી શકે છે. વ્યક્તિ એવું પણ અનુભવી શકે કે આ આત્મા સર્વમાં રહેલો છે તેમ જ પોતાની અંદર રહેલો સાચો 'હું' પણ છે. બધું જ અનુભૂતિ ઉપર આધાર રાખે છે. ઘણે ભાગે, તે પુરુષની અનુભૂતિ હોય છે અને ઘણી વખત તેનો પ્રથમ અનુભવ નીરવ સાક્ષી તરીકે પ્રકૃતિને ટેકો આપતા તત્ત્વ તરીકે થાય છે; પરંતુ પુરુષની જ્ઞાતા અને ઈશ્વર તરીકેની પણ અનુભૂતિ થઈ શકે છે. કેટલીક વખત તેની અનુભૂતિ આપણા કેન્દ્રના મનોમય પુરુષ તરીકે અથવા તેની મારફતે થાય છે, કોઈ કોઈ વખતે પ્રાણમય પુરુષરૂપે અથવા તેની દ્વારા થાય છે અને આ રીતે આપણે આપણા આત્મતત્ત્વ અથવા આત્મા વિશે સભાન બનીએ છીએ. કેટલીક વખત આપણી અંદર રહેલો ગુપ્ત ચૈત્ય પુરુષ પોતે સાચી વ્યક્તિરૂપ છે એવો અનુભવ પણ શકય છે; અથવા વ્યક્તિ ચૈત્ય પુરુષના શુદ્ધ 'હું' તરીકે સભાનતા પ્રાપ્ત કરે છે અને બીજા બધા પુરુષો મન અથવા પ્રાણની ભૂમિકાઓમાં રહેલા તેના પ્રતિનિધિઓ છે એવી રીતે સભાન બને છે. પોતાની અનુભૂતિ અનુસાર આપણે આમાંના કોઈ પણ તત્ત્વને જીવ તરીકે અથવા શુદ્ધ 'હું' (આ બીજો શબ્દ બહુ સંશયાત્મક શબ્દપ્રયોગ છે) તરીકે વાત કરી શકીએ, અથવા સાચા પુરુષ તરીકે અથવા સાચી વ્યક્તિતા તરીકે કહી શકીએ. આ જીવ યા તો શુદ્ધ અહં પોતે વિશ્વરૂપ અથવા પરમાત્માનો પોતે અંશ છે અથવા તેના ઉપર પૂર્ણ આધાર રાખનાર છે એ જાણે છે અને તે પોતે તેમાં લય પામી શકે છે અથવા ત્યાં સુધી ઊર્ધ્વારોહણ કરી અને તે રૂપ બને છે અથવા તેની સાથે એકત્વમાં રહી શકે છે. આ બધી વસ્તુઓ બનવી શકય છે અને તેના માટે મનથી ઉપરની અનુભૂતિ અથવા તેના ઉપર રહેલા સ્થિર શાશ્વત તત્ત્વની અનુભૂતિની જરૂર નથી.

(૪) તો પછી પ્રથમ તો કોઈ એમ પૂછી શકે કે આપણે એમ કેમ ન કહેવું કે જે જીવાત્માનો આ રીતે સાક્ષાત્કાર થઈ શકે તે શુદ્ધ 'હું' છે જેનો નિમ્નતર આત્માને અનુભવ થાય છે અને જેની મારફત તે તેનો મોક્ષ પ્રાપ્ત કરે છે; અને બીજું, મનોમય ભૂમિકાથી ઉપર જવાની શી જરૂર છે? વારુ, પ્રથમ તો આ શુદ્ધ 'હું'ની વ્યક્તિત્વરહિત આત્મતત્ત્વમાં અથવા બ્રહ્મમાં અથવા જે કોઈ શાશ્વત તત્ત્વ હોય તેમાં મોક્ષ પામવા માટે વચગાળાના માધ્યમ તરીકે કોઈ અનિવાર્ય જરૂર નથી. બૌદ્ધો કોઈ પણ આત્મા કે આત્મતત્ત્વ કે શુદ્ધ 'હું'ની અનુભૂતિ સ્વીકારતા નથી. તેઓ ચેતનાને સંસ્કારોની ગાંસડી તરીકે સ્વીકારે છે, અને તે સંસ્કારોનો નિકાલ કરી નાખવાનું કહે છે અને આ રીતે કોઈ શાશ્વત તત્ત્વમાં

મોક્ષ પ્રાપ્ત કરે છે — પરંતુ તેઓ શાશ્વત તત્ત્વનું વર્ણન કરવાની ના પાડે છે અને તેને શૂન્ય કહે છે એટલે જે લોકોને શાશ્વત તત્ત્વમાં મોક્ષ પામવાની ઇચ્છા હોય અને ઊર્ધ્વમાં રહેલા પ્રકાશવાળા આધ્યાત્મિક મનની ઉપર ચડ્યા સિવાય સંતોષ રહેતો હોય એવા લોકોએ આ શુદ્ધ 'હું' અથવા જીવાત્માની અનુભૂતિ મેળવવી એ બંધનકારક નથી. મને પોતાને મનથી ઉપરની આધ્યાત્મિક ભૂમિકાઓનું કોઈ પણ પ્રકારનું જ્ઞાન નહોતું, તે પહેલાં નિર્વાણની અનુભૂતિ અને બ્રહ્મમાં નીરવતાની અનુભૂતિ થયેલી; પ્રથમ તો તે અનુભૂતિથી મારામાં સ્થિરતા આવેલી અને જાણે કે બધી જ મનોમય, લાગણીમય અને આંતર-પ્રક્રિયાઓ ભૂંસાઈ ગઈ — જો કે શરીરે ખરેખર જોવાનું, ચાલવાનું, બોલવાનું અને બીજા કાર્યો કરવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ તે ફક્ત એક ખાલી યાંત્રિક મશીન તરીકે કામ કરતું, બીજું વિશેષ કાંઈ નહિ. હું શુદ્ધ 'હું' વિશે બિલકુલ અજ્ઞાન બનેલો નહિ તેમ જ કોઈ આત્મા, બિન-વૈયક્તિક કે બીજા કોઈ પ્રકારનો હોય તેવી મારામાં સજ્ઞાનતા નહોતી. — મને ફક્ત તત્‌ની એકમાત્ર સાચી વાસ્તવિકતા વિશે સભાનતા હતી. બાકીનું બધું જ બિલકુલ સત્ત્વહીન, શૂન્ય અને બિનવાસ્તવિક લાગતું, પરંતુ તે સાચી વાસ્તવિકતાનો કોને સાક્ષાત્કાર થયેલો ? તે એક અનામી ચેતના હતી જે તત્‌ સિવાય બીજું કાંઈ નહોતી;[1] વ્યક્તિ ભાગ્યે જ આ રીતે આટલું કહી શકે કારણ કે તેના વિશે કોઈ મનોમય ખ્યાલ પણ નહોતો, તેમ જ મને કોઈ નિમ્ન કોટિના કે બાહ્ય આત્મા જેને આ કે પેલા નામથી બોલાવી શકાય તેનું પણ ભાન નહોતું, જે નિર્વાણની આ ચેતનાને પહોંચવા પ્રયત્ન કરી રહ્યો હોય. વારુ, તો પછી તમારા શુદ્ધ 'હું'નું અને આ બધામાં રહેલા નિમ્ન 'હું'નું શું બને છે ? ચેતના ( ચેતનાનો આ કે તે અંશ અથવા તો કોઈ પણ પ્રકારનો 'હું' ) પોતાની અંદરની બધી વસ્તુઓને ખાલી કરી નાખીને અવાસ્તવિક પરિસ્થિતિ વિશે અથવા એવું કાંઈક વાસ્તવિક અવર્ણનીય તત્ત્વ બે વિશે જ સજ્ઞાન હતી. તમે એમ કહી શકો કે એવી કોઈક ચેતના હોવી જ જોઈએ જે આ બધાનું દર્શન કરતી હોય. તે જો શુદ્ધ 'હું' ન હોય તો બીજું શું હોય ? પરંતુ જો તે પ્રમાણે હોય તો તે એવી કોઈક વસ્તુ હતી જેને માટે આ બધાં નામો અયોગ્ય લાગે છે.

(૫) મેં કહ્યું છે કે સામાન્ય આધ્યાત્મિક હેતુઓ માટે મનની ઉપરના

---

૧. એ ધ્યાનમાં રાખશો કે આ વસ્તુઓ વિશે હું વિચાર કરતો નહોતો, તેમના વિશે મારામાં કોઈ વિચારો કે ખ્યાલો પણ નહોતા, તેમ જ તે બધા કોઈ 'હું'ની આગળ પણ પોતાને રજૂ કરતા નહોતા, તે ફક્ત તે પ્રમાણે હતા અથવા તે પ્રમાણે દેખાતા હતા.

પ્રદેશોમાં જવું અનિવાર્ય નથી — પરંતુ આ યોગનાં લક્ષ્યો માટે તે અનિવાર્ય છે. કારણ કે આ યોગનું લક્ષ્ય ઋત-ચેતનાના પ્રકાશમાં આપણા સ્વરૂપના સમગ્ર ભાગો વિશે સભાન બનીને તેમને મુક્ત કરી રૂપાંતર સાધવાનું છે અને તે સર્વ ભાગોને એકત્રિત કરવાના છે. આ ઋત-ચેતના ઊર્ધ્વમાં રહેલી છે અને જો આપણે સંપૂર્ણ અંતર્ગતિ અને પરાત્પર અને ઊર્ધ્વ ગતિ ન કરીએ તો તે ચેતનામાં પહોંચી શકાય એમ નથી. તેને લઈને જ મારાં બધાં વિધાનોની મનોવૈજ્ઞાનિક જટિલતા રહેલી છે. હું જે તત્ત્વની વાત કરું છું તે નવીન નથી — કારણ કે તેના વિશે ઉપનિષદોમાં અને બીજી જગાએ તેમાંનું ઘણું આવેલું છે. પરંતુ મેં તેના વિશે પૂર્ણ રીતે સંગૃહિત કરેલાં વિધાનોથી નવીન રીતે રજૂઆત કરેલી છે અને તેના વિકાસ માટે મેં પૂર્ણ યોગ તરફ આ બધાં તત્ત્વોને વાળ્યાં છે. કોઈ પણ વ્યક્તિને તે બધું સ્વીકારવું જરૂરી નથી, સિવાય કે તેનું લક્ષ્ય પણ આ દિશામાં હોય; બીજાં લક્ષ્યો માટે તે બધું બિનજરૂરી છે અને કદાચ વધારે પડતું પણ થઈ જાય.

(૬) પરંતુ જ્યારે કોઈ વ્યક્તિએ આંતરખોજ પૂરેપૂરી કરેલી જ હોય છે અને ઊર્ધ્વારોહણ કરેલું હોય, જ્યારે તેની ચેતના ઊર્ધ્વમાં સ્થિત થયેલી હોય, ત્યારે તેની પાસેથી એવી અપેક્ષા ન રાખી શકાય કે જે રીતે વ્યક્તિ નીચેથી વસ્તુઓનું દર્શન કરે તે પ્રમાણે જ તેણે ઉપરથી પણ વસ્તુઓનું દર્શન કરવું. મારા માટે જીવાત્મા અજન્મા છે અને તે વ્યક્તિગત સ્વરૂપ અને તેના વિકાસક્રમો ઉપર અધ્યક્ષ સ્થાન રાખે છે, તે સ્વરૂપની સાથે સંબંધમાં હોવા છતાં તેનાથી તથા તેના વિકાસક્રમના ઉપર રહેલો છે. તેના અસ્તિત્વના સ્વભાવ અનુસાર પોતાની જાતને વિશ્વરૂપ તેમ જ પરાત્પર તરીકે તેમ જ વ્યક્તિ સ્વરૂપે પણ જાણે છે અને તેના સ્વરૂપના સત્ય તરીકે, મૂળ તરીકે પરમાત્માની અનુભૂતિ કરે છે. તેમ જ તેની પ્રકૃતિના સ્વામી તરીકે અને પોતાના અસ્તિત્વના મૂળ સમ્રાટ તરીકે પણ પરમાત્માને જાણે છે. તે પરમાત્મામાં લીન થયેલો રહે છે અને શાશ્વત તત્ત્વ સાથે કાયમ એકતામાં રહેલો છે, પોતાની અભિવ્યક્તિ અને કરણરૂપ ક્રિયાશીલતા પરમાત્માની જ છે એ વિશે સભાન છે અને તે પ્રેમ અને આનંદ માટે પરમાત્મા પર જ નિર્ભર છે જેને તત્ ઉપર ભક્તિ હોય છે તેથી તે પ્રેમ અને આનંદ મારફતે તેની સાથે એકતામાં છે, તેની સાથે તદ્રુપતા સાધી શકે છે, બહુરૂપતામાં સંવાદ સાધી શકે છે, અને તેમાં વિરોધ રહેતો નથી, કારણ કે પોતે જુદી જ ચેતના અને જુદું જ અસ્તિત્વ છે. મનની તેમ જ આધ્યાત્મિક મનની ચેતના કરતાં પણ જુદી ચેતના અને અસ્તિત્વ છે. એ અનંતની આંતરિક ચેતના છે, કેવળ તત્ત્વમાં જ નહિ પરંતુ શક્તિમાં પણ તે અનંત છે. પોતાની આત્મ-સભાનતા તરીકે વસ્તુઓ રૂપ હોય છે અને તેમ છતાં કાયમ એક જ અને એક

જ પ્રકારનો હોય છે. આ ત્રિવિધ પ્રકારનો સાક્ષાત્કાર એટલા માટે જ મનની સમજ માટે મુશ્કેલીરૂપ છે પરંતુ અતિમનસ ચેતના માટે અથવા સામાન્ય રીતે ઊર્ધ્વ ગોળાઈ માટે બિલકુલ સ્વાભાવિક, સરળ અને અસંદિગ્ધ હોય છે. બધી જ આધ્યાત્મિક ભૂમિકાઓમાં તેને જ્ઞાન તરીકે જોઈ શકાય છે અથવા અનુભવી શકાય છે. પરંતુ પૂર્ણ રીતે અવિભાજ્ય જ્ઞાન તરીકે અને તેની સંપૂર્ણ ક્રિયાશીલતાનો સાક્ષાત્કાર અતિમાનસ ચેતનાની ભૂમિકા ઉપર અથવા તેની મારફતે જ થઈ શકે અથવા તેનું અહીં આ પૃથ્વી ઉપર અવતરણ થાય તો તેની મારફતે થઈ શકે.

( ૭ ) શુદ્ધ 'અહં'નું વર્ણન જીવાત્માના સાક્ષાત્કારનું વર્ણન કરવા માટે બિલકુલ અપૂર્ણ છે. તેનું વર્ણન 'સાચો પુરુષ' અથવા દિવ્ય વ્યક્તિત્વ એમ કરી શકાય પરંતુ તે પણ બરાબર નથી. 'હું' શબ્દમાં ગર્ભિત અર્થ તરીકે અહંકાર, અથવા અલગતાનું સૂચન કરે છે; પરંતુ આ રીતના આત્મદર્શનમાં કોઈ જાતની જુદાઈ નથી કારણ કે અહીં જે વ્યક્તિ હોય છે તે એકમેવના કાર્ય કરવા માટેનું એક આધ્યાત્મિક જીવંત કેન્દ્ર છે, અને તે બીજી બધી વસ્તુઓથી અલગ છે એવું તેને લાગતું નથી કારણ કે તે સર્વ એકમેવ પરમાત્મા જ છે.

(૮) જીવાત્માના પ્રતિનિધિરૂપે એક શક્તિ અહીં વ્યક્તિરૂપ પ્રકૃતિમાં આવી રહેલી છે; આ શક્તિ એ પુરુષ છે અને તે પ્રકૃતિને ટકાવી રહેલ છે. આ શક્તિ ચૈતસિક ચેતનામાં કેન્દ્રિત થયેલી છે; તે મન, પ્રાણ અને શારીરિક સ્વરૂપમાં તેમ જ પ્રકૃતિમાં કરણરૂપે કાર્ય કરી રહે છે તેથી આ બધાં તત્ત્વોને અથવા તેમાંનાં કોઈને પણ જાણે કે તે જીવ હોય તે પ્રમાણે માની લેવું એ શક્ય છે. તેમ છતાં મારે પોતાને આ બધાં તત્ત્વો તથા જીવ વચ્ચે ભેદ પાડવો જરૂરી બને છે. આ ભેદ કેવળ સ્પષ્ટ વિચારસરણી થાય એટલા માટે નહિ પરંતુ આ યોગ કરવા માટે એક સંપૂર્ણ ક્રિયાશીલ આત્મજ્ઞાન અને અનુભૂતિની ખાસ જરૂર છે. નહિ તો આ યોગની સાધના મુશ્કેલીરૂપ બને. આ બધું વ્યક્તિ માટે મનોમય રીતે સ્પષ્ટ કરવું અનિવાર્ય નથી; વ્યક્તિ તેની અનુભૂતિ કરી શકે છે અને જો કોઈ માણસ એક આંતર દૃષ્ટિથી સ્પષ્ટ રીતે જુએ તો યોગના લક્ષ્ય તરફ પ્રગતિ કરવા માટે એટલું પૂરતું છે. તેમ છતાં મનોમય રૂઢિગતતા અને ક્ષતિમાં પડ્યા સિવાય મનમાં આ વસ્તુ સ્પષ્ટ થઈ જાય, તો આ યોગના સાધકને માટે આ વસ્તુઓ વધારે સરળ બને. પરંતુ સાધનામાં નમનીયતા ટકાવી રાખવી જ જોઈએ, કારણ કે નમનીયતાની ખાત્રી એક પદ્ધતિસરની બૌદ્ધિક રચના માટે જોખમરૂપ છે; માણસે પોતે

જ વસ્તુઓમાં નજર નાખવી જોઈએ અને કોઈ વિચારથી બંધાઈ જવું ન જોઈએ. સાચી આધ્યાત્મિક અનુભૂતિ સિવાય આમાંની કોઈ વસ્તુ ખરેખર સમજી શકાય નહિ.

*

આ બધાં લખાણો અને બીજી જગાએ મેં જીવ અને જીવાત્મા શબ્દોનો એક જ અર્થમાં પ્રયોગ કરેલો છે – મને કદી એવું લાગ્યું નથી કે તેમાં તફાવત હોઈ શકે. જો મને તે પ્રમાણે લાગ્યું હોત તો મેં સ્પષ્ટ ભેદ દર્શાવ્યો હોત – બન્ને શબ્દો એક સરખા છે – અને તેથી મેં કોઈ અનુમાનથી સમજવાનું બાકી ન રાખ્યું હોત.

અતિમનસની ત્રિવિધ અવસ્થાના પ્રકરણનાં લખાણમાં મેં એ પ્રકારે વર્ણન કરેલું છે કે પરમાત્માના સર્વોચ્ચ આત્મનિર્માણની શક્તિ તરીકે અતિમનસે કઈ રીતે ત્રણ સ્થિતિઓનો આવિર્ભાવ કરેલો છે, અને અતિમાનસ સર્જનમાં જીવાત્માની ચેતના કેવા પ્રકારની હોય છે. એવું કોઈ પણ કહેલું નથી કે જીવાત્માનું સ્થાન કેવળ અતિમાનસ ભૂમિકામાં જ છે. જો તે પ્રમાણે હોય તો માણસને પોતાના વ્યક્તિગત આત્મા અથવા આત્મતત્ત્વનું જ્યાં સુધી તે અતિમાનસ ભૂમિકામાં ન પહોંચે ત્યાં સુધી તેને જ્ઞાન થાય જ નહિ. વળી તેનો પોતાનો અહં વિશ્વરૂપ તત્ત્વમાં લય પામી ગયો હોય એવી અનુભૂતિ થાય છતાં પણ તેને આત્માનો અનુભવ થઈ શકે નહિ. પરંતુ તેનાથી પણ ઘણા સમય પહેલાં તેને અજન્મા અને વિકાસક્રમથી બહાર રહેલા આત્માની દિવ્ય ચેતનાના એક કેન્દ્ર તરીકેની સભાનતા આવી શકે છે. અતિમાનસમાં પહોંચતાં પહેલાં પણ વિશ્વરૂપ આત્મા અથવા વ્યક્તિરૂપ આત્માની અનુભૂતિ થઈ શકે છે. જો તે પ્રમાણે ન હોત તો મનોમય માનવી માટે આ ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિ અશક્ય બની જાત અને મુક્તિ અશક્ય બને; તેણે પહેલાં અતિમાનસ સ્વરૂપ પ્રાપ્ત કરવું પડે. પુરુષ અંગે એવી બાબત છે કે તે દરેક ભૂમિકા ઉપર આવેલો છે; એક મનોમય પુરુષ છે અને તે પ્રાણ અને શરીરનો નેતા છે. એ પ્રમાણે ઉપનિષદો કહે છે. તે જ પ્રમાણે એક પ્રાણમય અને અન્નપુરુષ છે; એક ચૈત્યપુરુષ છે જે આ બધાને પોતાનો ટેકો આપે છે અને જાણે કે ધારણ કરે છે, આપણે એમ કહી શકીએ કે આ જીવાત્માના પ્રક્ષેપો છે અને આપણા સ્વરૂપની જુદી જુદી ભૂમિકાઓ ઉપર પ્રકૃતિને ટેકો આપવાને માટે ત્યાં મૂકવામાં આવેલા છે. ઉપનિષદ્ એક અતિમાનસ પુરુષ વિશે તેમ જ આનંદમય પુરુષ વિશે પણ વાત કરે છે, અને જો પૃથ્વીની ઉત્ક્રાંતિમાં અતિમાનસની અને આનંદમય પુરુષની પ્રકૃતિનું સંગઠન કરવામાં આવે તો આ બધા પુરુષો અહીં રહેલી ગતિઓને ટેકો આપી રહેલા છે એ વિશે આપણે સભાન બનીએ છીએ.

ચૈત્યપુરુષ વિશે કહેવાનું કે તે વિકાસક્રમમાં પ્રવેશ કરે છે, જન્મ સમયે શરીરમાં પ્રવેશ કરે છે અને મૃત્યુ પામે ત્યારે તેમાંથી બહાર નીકળી જાય છે; પરંતુ હું જાણું છું તે પ્રમાણે જીવાત્મા અજન્મા અને શાશ્વત છે. જો કે આવિર્ભાવ પામેલ વ્યક્તિત્વને તે ઉપરથી ટેકો આપે છે. તમને પસંદ હોય તો તમે એમ કહી શકો કે ચૈત્યપુરુષ એટલે જન્મમાં પ્રવેશ કરતો જીવાત્મા, પરંતુ જો બે વચ્ચે ભેદ કરવામાં ન આવે તો આત્માનું સ્વરૂપ અસ્પષ્ટ બની જાય અને ગોટાળો ઉત્પન્ન થાય છે. દાર્શનિક જ્ઞાન માટે અને આધ્યાત્મિક અનુભૂતિની એક ઘણી અગત્યની વસ્તુ તરીકે આ ભેદ સમજવો ખાસ જરૂરી છે. અંગ્રેજીમાં વપરાતા શબ્દ 'Spirit' ની માફક આત્મા શબ્દ પણ સામાન્ય રીતે ઘણા અર્થમાં વપરાય છે, પરંતુ આધ્યાત્મિક તેમજ દર્શનશાસ્ત્રના જ્ઞાન માટે આપણે જે શબ્દો વાપરીએ તેમાં ખૂબ સ્પષ્ટતા અને ચોકસાઈ જરૂરી છે કારણ કે આપણે જે વ્યક્ત કરવા માગીએ તે શબ્દોના ગોટાળાઓને લઈને વિચાર અને દર્શનમાં ગોટાળો ઉત્પન્ન ન થાય.

*

જીવનનો સાક્ષાત્કાર એક વ્યક્તિસ્વરૂપ આત્મતત્ત્વ, આત્મા અથવા કેન્દ્રસ્થ સ્વરૂપ તરીકે પ્રકૃતિથી ઊર્ધ્વમાં રહેલો, સ્થિર અને પ્રકૃતિની ગતિઓથી અસ્પર્શ્ય હોય એવો થાય છે. પરંતુ તે વિકાસક્રમને ટેકો આપે છે પરંતુ તેની અંદર ભાગ લેતો નથી. આ સાક્ષાત્કાર દ્વારા વ્યક્તિની અંદર નીરવતા, મુક્તિ, વિશાળતા, પ્રભુત્વ, વિશુદ્ધિ અને એક વિશ્વરૂપતાની અનુભૂતિ થાય છે અને વ્યક્તિ પોતે આ દિવ્ય વૈશ્વિકતાનું એક કેન્દ્ર હોય છે તેવો તેને સામાન્ય અનુભવ થાય છે. ચૈત્યપુરુષનો સાક્ષાત્કાર હૃદયના પાછળના ભાગમાં રહેલા પુરુષ તરીકે થાય છે. તેની અનુભૂતિ જીવાત્મા માફક વિશ્વરૂપતાની અનુભૂતિ તરીકે થતી નથી, પરંતુ તે વ્યક્તિગત અંતરાત્મા તરીકે હૃદયના પાછળના ભાગમાં રહીને સ્વરૂપની મનોમય, પ્રાણમય, શારીરિક અને ચૈતસિક ઉત્ક્રાંતિ પ્રકૃતિમાં રહેલા સ્વરૂપની કરે છે. તેનો સાક્ષાત્કાર ત્યારે ભક્તિ, આત્માર્પણ, સમર્પણ, બધી જ ગતિઓનું પરમાત્મા તરફનું વલણ, વિવેક અને જે જે કાંઈ દિવ્ય સત્ય, શિવ તથા સુંદર હોય તેની તે પસંદગી તે કરે છે અને જે કાંઈ જૂઠાણું, અશુભ, વિરૂપ, સંઘર્ષમય હોય તેનો તે ઇન્કાર કરે છે અને સર્વ અસ્તિત્વની સાથે સહાનુભૂતિ અને પ્રેમ દ્વારા એકતા તથા આત્મા અને પરમાત્માના સત્ય પ્રત્યે તે ખુલ્લો થાય છે.

*

આત્માની ચેતનામાં રહેવું એટલે વસ્તુઓની ઉપર રહેલી સ્થિર એકચતામાં

અને શાંતિમાં જીવન ધારણ કરવું અને જગતની અંદર તે ચેતનામાં પ્રસરેલા હોઈએ છતાં તેનાથી અલગ રહેવું. પરંતુ ચૈતસિક ચેતના માટે બે વસ્તુઓ છે, જગત અને જગતની અંદર રહેલું ચૈતસિક ચેતનાનું પોતાનું કાર્ય. જીવાત્મા જગતમાં નીચે ઊતરેલો હોતો નથી. તે તેનાથી ઊર્ધ્વમાં રહે છે; તે કાયમ એક જ તત્ત્વનો એક જ પ્રકારનો જ હોય છે, અને તેમ છતાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને, મનોમય વગેરે જે અહીં કાર્ય કરી રહેલાં છે તેમને અહીં ટેકો આપતો રહે છે. ચૈતસિક તત્ત્વ એવી વસ્તુ છે જે અહીં નીચે આવેલું છે – સર્વ વસ્તુઓનું રૂપાંતર કરવા માટે સર્વ વસ્તુઓનું પ્રભુને અર્પણ કરવાનું તેનું કાર્ય છે.

*

સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર બેમાંથી કોઈ પણ પ્રકારમાં થઈ શકે છે – આત્મ-તત્ત્વ અથવા આત્મામાં અને અંતરાત્મા અથવા ચૈત્ય પુરુષમાં. તેમાં ભેદ એટલો જ છે કે એક તત્ત્વની વિશ્વરૂપ તત્ત્વ તરીકે અનુભૂતિ થાય છે જ્યારે બીજા પ્રકારમાં વ્યક્તિરૂપ અનુભૂતિ થાય છે અને તે મન, પ્રાણ અને શરીરને ટેકો આપે છે. જ્યારે વ્યક્તિને આત્માનો પ્રથમ સાક્ષાત્કાર થાય છે ત્યારે તેને સર્વ વસ્તુઓમાંથી અલગ-તાની અનુભૂતિ થાય છે; આત્મા પોતે જ અસ્તિત્વ ધરાવે છે અને અનાસક્ત હોય છે; આ સાક્ષાત્કારને સૂકા નાળિયેરના અંદરના ગોટાની ઉપમા આપી શકાય. જ્યારે વ્યક્તિને ચૈત્યપુરુષનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તે પ્રમાણેની અનુભૂતિ થતી નથી; કારણ કે આ અનુભૂતિમાં પરમાત્મા સાથેનું ઐક્ય અનુભવાય છે અને તેનો પરમાત્મા ઉપર આધાર હોય તેમ તે અનુભવે છે અને તે પરમાત્માને જ કેવળ સંપૂર્ણ સમર્પણ કરે છે અને પોતાની અંદર રહેલી પ્રકૃતિમાં રૂપાંતર કરવાની તેનામાં શક્તિ છે અને પોતાનો સાચો મનોમય પુરુષ, સાચો પ્રાણમય પુરુષ અને સાચો શારીરિક પુરુષ શોધી કાઢવાની શક્તિ છે.

'હું' અથવા તો નાનકડા અહંનું પ્રકૃતિ દ્વારા બંધારણ બનેલું છે અને તે તાત્કાલિક મનોમય, પ્રાણમય અને શારીરિક રચનામાં એટલા માટે બંધાયેલ છે કે વ્યક્તિરૂપ બાહ્ય ચેતના અને કાર્યને કેન્દ્રીભૂત કરવામાં તે મદદ કરે છે. જ્યારે વ્યક્તિ પોતાનું સાચું સ્વરૂપ શોધી કાઢે છે, ત્યાર પછી અહંકારનો ઉપયોગ પૂરો થાય છે અને આ રચનાને વિખરાઈ જવું પડે છે – અને તેની જગાએ સાચા સ્વરૂપની તેને અનુભૂતિ થાય છે.

*

આત્માની ચેતના એ મનથી ઉપરની ચેતના છે. આત્મા એ પરમાત્માની સાથે કાયમ ઐક્યમાં હોય છે — આધ્યાત્મિક ચેતના એવી ચેતના છે જે પરમાત્માની સાથે કાયમ એકતામાં હોય છે અથવા ઓછામાં ઓછી પરમાત્મા સાથેના સંપર્કમાં હોય છે.

ચૈતસિક ચેતના પરમાત્મામાંથી આવેલો એક સ્ફુલિંગ હોય છે અને તે દરેક વસ્તુમાં હોય છે અને વ્યકિત જેમ જેમ ઉત્ક્રાંતિ સાધે છે તેમ તેમ તેનામાં વિકસતો જાય છે અને ચૈત્યપુરુષ તરીકે, અંતરાત્મા તરીકે તે આવિર્ભાવ પામતો જાય છે; તે કાયમ પ્રભુની અને સત્યની શોધ ચાલુ રાખે છે અને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે તેને પરમાત્માનું અને સત્યનું મિલન થાય છે ત્યારે તે તેમને પ્રત્યુત્તર આપે છે.

*

જીવાત્મા એ જ આત્મા, બ્રહ્મ અથવા પરમાત્મા તત્ત્વ છે.

જ્યારે એકમેવ પરમાત્મા તેમની અંદર અંતર્હિત રહેલી બહુવિધતાનો આવિર્ભાવ કરે છે ત્યારે આ મૂળગત આત્મતત્ત્વ અથવા આત્મા તે આવિર્ભાવ માટે કેન્દ્રસ્થ સ્વરૂપ બને છે; જે અહીં ઉત્ક્રાંતિમાં રહેલ વ્યકિતઓ અને પાર્થિવ જીવનધારી-ઓ ઉપર અધ્યક્ષ સ્થાન રાખે છે, પરંતુ તે પોતે પરમાત્માનો એક શાશ્વત અંશ છે અને પાર્થિવ આવિર્ભાવની પહેલાં અસ્તિત્વ ધરાવે છે — પરાપ્રકૃતિર્જીવભૂતા.

આ નિમ્ન આવિર્ભાવમાં અપરા પ્રકૃતિમાં આ પરમાત્માનો શાશ્વત અંશ આત્મા તરીકે, પરમાત્માના અગ્નિના સ્ફુલિંગ તરીકે પોતાના વ્યકિતગત વિકાસક્રમને ટેકો આપી રહેલ છે, તેમ જ મનોમય, પ્રાણમય અને શારીરિક પુરુષને પણ ટેકો આપી રહેલ છે. ચૈત્યપુરુષ એક સ્ફુલિંગ છે જે અગ્નિરૂપમાં વિકાસ પામે છે અને ચેતનાની વૃદ્ધિની સાથે વિકાસ કરે છે. એટલા માટે ચૈત્યપુરુષ વિકાસશીલ છે, અને તે જીવાત્મા, જે વિકાસક્રમથી પણ અગાઉ અસ્તિત્વ ધરાવે છે, તેના જેવો નથી.

પરંતુ માનવી આત્મ-તત્ત્વ અથવા જીવાત્મા વિશે સભાન નથી; તે ફક્ત પોતાના અહં વિશે સભાન છે અથવા તો તે મનોમય પુરુષ જે પ્રાણ અને શરીર ઉપર કાબૂ ધરાવે છે તેના વિશે સભાન છે. પરંતુ વધારે ઊંડાણમાં જતાં તે તેના અંતરાત્મા અથવા ચૈત્યપુરુષને તેના સાચા કેન્દ્ર તરીકે, હૃદયમાં રહેલા પુરુષ વિશે સજ્ઞાન બને છે; ચૈત્યપુરુષ ઉત્ક્રાંતિમાં આવેલું કેન્દ્રસ્થ સ્વરૂપ છે અને તે જીવાત્મા,

જે પરમાત્માનો શાશ્વત અંશ છે તેમાંથી નીચે ઊતરી આવે છે અને તેનો પ્રતિનિધિ છે. જ્યારે સંપૂર્ણ ચેતના વિશે આપણે સભાન બનીએ છીએ ત્યારે જીવાત્મા અને ચૈત્યપુરુષ એકબીજાની સાથે જોડાઈ જાય છે.

'અહં' પ્રકૃતિની રચના છે; પરંતુ તે કેવળ શારીરિક પ્રકૃતિની જ રચના નથી અને તેથી તે શરીરની સાથે જ તે અટકી જતો નથી એક મનોમય અને પ્રાણમય અહં પણ હોય છે.

અહીં રહેલી સ્થૂલ ચેતનાનો પાયો કેવળ અજ્ઞાન જ નથી પરંતુ અચિત્ પણ છે — એટલે કે ચેતના જડ વસ્તુના રૂપોમાં અને જડતત્ત્વની શકિતમાં અંતર્હિત છે. કેવળ ભૌતિક ચેતના જ અવિદ્યાને લઈને સત્યથી વિખૂટી પડી ગયેલી નથી પરંતુ પ્રાણમય અને મનોમય ચેતના પણ સત્યથી અલગ પડી જવાનું કારણ અજ્ઞાન છે.

*

ઘણે ભાગે પરમાત્મા જીવ અને તેની પ્રકૃતિ મારફત કાર્ય કરે છે, અને જીવ અને પ્રકૃતિ અહંકાર મારફત કાર્ય કરે છે અને અહં બાહ્ય કરણો દ્વારા કાર્ય કરે છે — અને તે અવિદ્યાની લીલા હોય છે,

*

જીવ અને જીવાત્મા વચ્ચે આ ભાષામાં કોઈ ભેદ નથી — એટલે આ વસ્તુનો ભેદ કરી શકાય નહિ. અપરા પ્રકૃતિ એટલે આ બધાં મનો, પ્રાણો અને શરીરોનું આવિર્ભાવ કરનારી પ્રકૃતિ. પરા-પ્રકૃતિ પરમાત્માની પોતાની પ્રકૃતિ છે — એક પરમ ચિન્મય શકિત જે બહુવિધ પરમાત્માનો 'અનેક' તરીકે આવિર્ભાવ કરે છે.

*

શરીર વ્યકિતગત આત્મા નથી — તે બાહ્ય વ્યકિતત્વનો પાયો છે અથવા શારીરિક આત્માનો પાયો છે, એ પ્રમાણે તમારે કહેવું હોય તો કહી શકો; પરંતુ તે વ્યકિતગત આત્મા નથી. વ્યકિતરૂપ આત્મા તો કેન્દ્રસ્થ સ્વરૂપ (જીવાત્મા) છે અને તે નિમ્ન પ્રકૃતિમાં ચૈત્યપુરુષ તરીકે આવિર્ભાવ પામે છે — તે પરમાત્માનો સીધે સીધો અંશ છે.

*

જીવાત્મા સર્વ ભૂમિકાઓથી પર રહેલો છે. તેને કોઈ નિશ્ચિત આકાર કે રંગ નથી, જો કે તે પોતાની જાતને હરકોઈ રૂપે રજૂ કરી શકે છે.

*

(અ) દરેક જીવાત્મા તત્ત્વતઃ એક હોવા છતાં બીજા જીવાત્માઓથી ભિન્ન હોય છે. ગીતા પ્રમાણે જીવ પરમાત્માનો (એકમેવ) સનાતન અંશ છે. વિશ્વરૂપ સત્-તા અને ચેતનાના અનેક કેન્દ્રોમાંનાં એક કેન્દ્ર તરીકે પણ તેને કહી શકાય.

(બ) તત્ત્વતઃ એક જીવની પ્રકૃતિ બીજા બધા જીવાત્માની પ્રકૃતિ જેવી જ હોય છે — પરંતુ આવિર્ભાવમાં દરેક જીવ પોતાના સ્વભાવની રૂપરેખા આંકે છે.

(ક) ના, કૂટસ્થ એ અક્ષર પુરુષ છે – તે જીવાત્મા નથી.

(ડ) જીવાત્માનું સ્થાન આધ્યાત્મિક ભૂમિકા ઉપર હોય છે, જે કાયમ મનની ઉપરની ભૂમિકા હોય છે પરંતુ ત્યાં ઉપરમાં પણ તે કોઈ એક ભૂમિકામાં ચોક્કસ રીતે મુકરર થયેલો રહેતો નથી.

(ઈ) ના, (એક ચૈત્યપુરુષ બીજા ચૈત્યપુરુષ સાથે જોડાતો નથી) એક-બીજા સાથે આત્મીયતા, સંવાદ અને સહાનુભૂતિમાં રહે છે, પરંતુ ઐક્યમાં નહિ. તેની એકતા પરમાત્મા સાથે હોય છે.

*

જીવાત્મા[1] સ્ફુલિંગ-આત્મા અને ચૈત્યપુરુષ ત્રણે એક જ વાસ્તવિકતાનાં જુદાં જુદાં સ્વરૂપો છે અને તેમનું એકબીજા સાથે મિશ્રણ ન કરવું જોઈએ કારણ કે તે આંતર-અનુભૂતિની સ્પષ્ટતામાં ગોટાળા કરે છે.

જીવાત્મા અથવા આત્મા આવિર્ભાવ પામેલા અથવા કરણરૂપ સ્વરૂપથી સ્વયંભૂ રીતે આવેલો છે. તે જન્મ અને મૃત્યુથી પર રહેલો છે, હંમેશાં એકનો એક હોય છે. તે વ્યક્તિરૂપ આત્મા છે, વ્યક્તિનું શાશ્વત સાચું સ્વરૂપ તે જ છે.

પ્રકૃતિનાં બધાં જીવંત પ્રાણીઓનાં હૃદયમાં રહેલો પરમાત્માનો દિવ્ય સ્ફુલિંગ એ આત્મા છે. તે આવિર્ભાવ પામેલા સ્વરૂપથી ઉપર બેઠેલો નથી; તે આત્માના આવિર્ભાવમાં પ્રવેશ કરે છે; તેના પ્રકૃતિદત્ત ઘટનાના સંભવનમાં એક ભાગરૂપે

---

૧. આ પત્રનો મૂળ પાઠ બે પ્રસંગોએ શ્રી અરવિંદે પાછળથી સુધારેલો. કોઈ કોઈ જગ્યાએ બંને પાઠોમાં થોડો ફેરફાર હોવાથી બન્નેને અનુક્રમે છાપવામાં આવ્યા છે.

રહેવા તે સંમત થાય છે, અને સ્થૂલ પ્રકૃતિના વિકાસક્રમને તે ટેકો આપે છે. પરમાત્માની ચેતનાની એકધારી શકિતને તે પોતાની સાથે લેતો જાય છે, અને જે શકયતાઓએ અત્યાર સુધી રૂપો ધારણ કરેલાં નથી તેમનો તેને પોતાની અંદર સમાવેશ કરેલો હોય છે. તે શકિતનું વિકાસક્રમની અંદર રૂપો આપવાનું કાર્ય છે. પૃથ્વીના સૌથી ઊંચેથી માંડીને નીચલી કક્ષા સુધીના પાર્થિવ જીવંત પ્રાણીઓમાં આ પરમાત્માનો સ્ફુલિંગ રહેલો છે.

ચૈત્યપુરુષ આધ્યાત્મિક વ્યકિતતા છે અને આત્માએ વિકાસક્રમમાં તેને મૂકેલી છે. વ્યકિતએ આધ્યાત્મિક વિકાસ કેટલો સાધેલો છે અને નજીકના ભાવિમાં તેનો કેટલો વિકાસ સાધી શકવાની શકયતા છે તેની અવસ્થા પ્રમાણે તેનો વિકાસ નોંધાય છે. ચૈત્યપુરુષ મનોમય, પ્રાણમય અને શારીરિક પ્રકૃતિની પાછળ ઊભેલો છે અને તે બધાના વિકાસની સાથે વૃદ્ધિ પામે છે અને જન્મજન્માન્તરોમાં તે અનુભૂતિ-ઓને સાથે લઈ જાય છે. તે ચૈત્યપુરુષ હોય છે. શરૂઆતમાં તો તે મનોમય, પ્રાણ-મય અને શારીરિક ભાગોથી ઢંકાયેલો હોય છે; તે ભાગોની મર્યાદાઓથી તેનું પ્રગટીકરણ મર્યાદિત થાય છે; તે પ્રકૃતિના પ્રતિકારોથી બદ્ધ થઈ જાય છે પરંતુ જેમ જેમ તેનો વિકાસ થાય છે તેમ તેમ તે અગ્રભાગે આવવા સામર્થ્યવાન બને છે અને મન, પ્રાણ અને શરીર ઉપર શાસન કરી શકે છે. સામાન્ય ચેતનાના માણસોમાં મન, પ્રાણ અને શરીર ઉપર તેના પ્રગટીકરણ માટે તે આધાર રાખે છે અને તેમને હાથ ઉપર લેવા માટે અને તેમનો મુક્ત ઉપયોગ કરવા માટે, શકિતશાળી હોતો નથી. માનવીનું જીવન યા તો પશુ કોટિનું હોય છે અથવા તો માનવ પ્રકારનું, પણ દિવ્ય કોટિનું નહિ. જ્યારે સાધના દ્વારા ચૈત્યપુરુષ સત્તાશાળી બને છે અને તેનાં કરણોનો મુકત ઉપયોગ કરે છે, ત્યારે તેની પ્રભુ પ્રત્યેની ઝંખના તીવ્ર અને પૂર્ણ બને છે અને મન, પ્રાણ અને શરીરની કેવળ મુકિત જ નહિ પરંતુ રૂપાંતર પણ શકય બને છે.

આત્મા અથવા આત્મતત્ત્વ મુકત અને જન્મ તથા મરણથી પર હોવાને લઈને જીવાત્મા વિશેની અનુભૂતિ, જેમાં તેની પરમાત્મા અથવા વિશ્વરૂપ આત્માની સાથે એકતાની અનુભૂતિ છે એ મુકિતનો અનુભવ આપવા માટે પૂરતી છે. પરંતુ જીવન અને પ્રકૃતિના રૂપાંતર માટે ચૈત્યપુરુષની પૂર્ણ સભાનતા અને જાગૃતિ અનિવાર્ય છે.

ચૈત્યપુરુષ આવી અવસ્થામાં પોતાના સાચા સ્વરૂપ વિશે, જીવાત્મા સાથે તેની એકતાનો અનુભવ કરે છે પરંતુ તે તેનામાં અદશ્ય થતો નથી અથવા તો પોતે જીવાત્મા બનતો નથી. તે ચૈતસિક અને આધ્યાત્મિક પ્રગટીકરણ કરવા માટે પ્રકૃતિમાં દિવ્ય આવિર્ભાવ કરવા માટે, તેના કરણ રૂપે રહે છે.

તમે જે ઊર્ધ્વમાં બિંદુ જોયું તે જીવાત્માના પ્રતીકરૂપનું દર્શન હોઈ શકે. તે વ્યક્તિગત આત્મા, સાગરના બિંદુની માફક રહે છે, એક વિશ્વરૂપ પરમાત્માનો વ્યક્તિગત અંશ હતો; તમને જે ભૂમિકા ઉપર અભીપ્સા થાય છે તે ઊર્ધ્વચેતનાના ખુલ્લાપણા માટેની અભીપ્સા છે જેથી કરીને તમારું સ્વરૂપ ત્યાં ઊર્ધ્વચેતનામાં રહી શકે અને અજ્ઞાનમાં નહિ. જીવાત્મા વાસ્તવિક રીતે પરમાત્માની સાથે એકતામાં જ હોય છે, પરંતુ તેની આધ્યાત્મિક માગણી, ચેતનાનો બાકીનો ભાગ પણ કરે, અને તેને સાક્ષાત્કાર પ્રાપ્ત થાય તે માટેની હોઈ શકે.

ત્યાર પછી ચૈત્યપુરુષની અભીપ્સા આ માગણીને સમગ્ર નિમ્ન પ્રકૃતિના ઉદ્ઘાટન માટે, મન, પ્રાણ અને શરીરને તેઓ પરમાત્મા પ્રત્યે ખુલ્લાં થાય તેના માટે તેમનામાં નીચે ઉતારે છે અને તે પરમાત્માના પ્રેમ અને એકતા માટે માગણી કરે છે, અને આ કરણરૂપ સ્વરૂપ અને પ્રકૃતિમાં ઊર્ધ્વ ચેતનાનું અવતરણ કરાવીને મન, પ્રાણ અને શરીરના રૂપાંતર માટે તીવ્ર ઝંખના રાખે છે.

આ યોગની પૂર્ણતા માટે બન્ને પ્રકારની અભીપ્સા જરૂરી છે. જ્યારે ચૈત્યપુરુષ મન, પ્રાણ અને શરીર ઉપર પોતાની અભીપ્સાનું સ્થાપન કરે છે ત્યારે તેઓ પણ તે પ્રમાણે અભીપ્સા કરે છે અને તેથી તમારા નિમ્ન સ્વરૂપની ભૂમિકામાંથી આવતી અભીપ્સા તરીકે આ વસ્તુની તમને અનુભૂતિ થઈ. તમને જે ઊર્ધ્વમાં અભીપ્સાની અનુભૂતિ થઈ તે જીવાત્માની ઉચ્ચ ચેતના પ્રાપ્ત કરવાની અભીપ્સા છે અને તેને એકમેવ પરમાત્માનો તમારા સ્વરૂપમાં આવિર્ભાવ પામી તેનો સાક્ષાત્કાર થાય તે માટેની અભીપ્સા છે. તેથી બન્ને અભીપ્સાઓ એકબીજાને મદદ કરે છે. નિમ્ન સ્વરૂપની અભીપ્સા શરૂઆતમાં તો ત્રુટક ત્રુટક હોય છે અને તેમાં સામાન્ય ચેતના દખલરૂપ બને છે; સાધના દ્વારા તેને સ્પષ્ટ, સતત્ અને સામર્થ્યવાન તથા ટકાઉ બનાવવી જોઈએ.

તમને જે શાંતિ, વિશુદ્ધિ અને સ્થિરતાની અનુભૂતિ, તે નિમ્ન ચેતનાનું ઊર્ધ્વ ચેતના સાથેનું ઐક્ય, અથવા સમર્થ સંપર્કને લઈને બની આવેલી છે; તે શરૂઆતમાં કાયમી બનતી નથી, પરંતુ સ્થિરતા અને શાંતિ વારંવાર બની આવવાથી અને વધારે વખત ટકી રહેવાથી તે વધારે સમય ટકી રહે છે અને છેવટે નિમ્ન ચેતનામાં ઊર્ધ્વચેતનાનું સ્થાપન થાય ત્યારે શાશ્વત શાંતિ અને સ્થિરતા તથા નીરવતા પૂર્ણ રીતે ઊતરી આવે છે.

*

જીવાત્મા અથવા, સ્ફુલિંગ-આત્મા અને ચૈત્યપુરુષ એક જ વાસ્તવિકતાનાં

ત્રણ ભિન્ન સ્વરૂપો છે અને એ ત્રણેનું એકબીજાની સાથે મિશ્રણ ન કરવું જોઈએ કારણ કે તેને લઈને અંતર અનુભૂતિની સ્પષ્ટતામાં ગોટાળો થઈ જાય છે.

જીવાત્મા અથવા અંગ્રેજીમાં જેને સામાન્ય રીતે Spirit કહેવામાં આવે છે, તે આવિર્ભાવ પામેલા અથવા કરણરૂપ સ્વરૂપથી, સ્વયંભૂ રીતે આવેલો છે. તે જન્મ અને મૃત્યુથી પર રહેલો છે અને એનો એ જ રહે છે. તે વ્યક્તિરૂપ આત્મા છે. વ્યક્તિનું તે શાશ્વત સાચું સ્વરૂપ છે.

આત્મા પરમાત્માનો એક સ્ફુલિંગ છે અને તે આવિર્ભાવ પામેલા સ્વરૂપથી ઉપર બેઠેલો નથી પરંતુ સ્વરૂપના આવિર્ભાવમાં સ્થૂલ જગતમાં, તેના વિકાસક્રમને ટેકો આપવા માટે નીચે આવે છે. પ્રથમ તો એ દિવ્ય ચેતનાની કોઈ પણ રૂપરેખા વગરની શક્તિ હોય છે. તેનામાં બધી શક્યતાઓ હોય છે પરંતુ હજુ તેમણે આકાર લીધો હોતો નથી. એ શક્યતાઓનો આકાર આપવો એ વિકાસક્રમનું કાર્ય છે. આ સ્ફુલિંગ સૌથી નીચેની કક્ષાથી માંડી સૌથી ઉચ્ચ કક્ષાના જીવંત પ્રાણીઓમાં હાજર હોય છે.

આત્મા તેના વિકાસક્રમમાં ચૈત્યપુરુષની રચના કરે છે. એ ચૈત્યપુરુષ મન, પ્રાણ અને શરીરને ટેકો આપે છે, તેના અનુભવો દ્વારા વૃદ્ધિ પામતો રહે છે, અને એક જન્મથી બીજા જન્મમાં પ્રકૃતિને દોરી જાય છે. તે ચૈતસિક ચેતના અથવા ચૈત્યપુરુષ છે. પ્રથમ તો તે મન, પ્રાણ અને શરીર દ્વારા ઢંકાયેલો હોય છે પરંતુ જેમ જેમ તે વિકાસ પામતો જાય છે તેમ તેમ અગ્રભાગે આવે છે. અને મન, પ્રાણ અને શરીર ઉપર કાબૂ રાખવા શક્તિમાન બનતો જાય છે; સામાન્ય માનવીમાં પોતાની જાતને પ્રગટ કરવા માટે મન, પ્રાણ અને શરીર ઉપર આધાર રાખે છે અને તેમને હાથમાં લઈને તેમનો મુક્ત ઉપયોગ કરી શકતો નથી. વ્યક્તિનું જીવન યા તો પશુ-કોટિનું અથવા માનવકોટિનું હોય છે પરંતુ દિવ્ય પ્રકારનું નથી હોતું. જ્યારે સાધના દ્વારા ચૈત્યપુરુષ સામર્થ્યયુક્ત થાય છે ત્યારે તે પોતાનાં મન વગેરે કરણોનો મુક્ત રીતે ઉપયોગ કરી શકે છે અને પછીથી પ્રભુ તરફનું તેનું વલણ સંપૂર્ણ બને છે અને મન, પ્રાણ અને શરીરની કેવળ મુક્તિ જ નહિ પરંતુ રૂપાંતર પણ શક્ય બને છે.

આત્મા મુક્ત હોવાથી તે જન્મ અને મૃત્યુથી પર રહેલો છે. એટલે જીવાત્માની અનુભૂતિ થાય ત્યારે એવી અનુભૂતિ થાય છે કે તે પરમાત્મા સાથે યા તો વિશ્વરૂપ આત્મા સાથે તે તાદાત્મ્યમાં છે અને તેમાંથી મુક્તિનો અનુભવ થાય છે, આધ્યાત્મિક રીતની મુક્તિ માટે આ અનુભવ જરૂરી છે. પરંતુ જીવન અને પ્રકૃતિનું રૂપાંતર

કરવું હોય તો ચૈત્યપુરુષની જાગૃતિ જરૂરી છે. અને પ્રકૃતિ ઉપર તેની સત્તાનું સ્થાપન થવું એ અનિવાર્ય વસ્તુ છે.

ચૈત્યપુરુષ તેના સાચા સ્વરૂપ જીવાત્મા સાથેના ઐક્યનો સાક્ષાત્કાર કરે છે. પરંતુ તે જીવાત્મા બની જતો નથી.

ઉપર જે બિંદુ દેખાય છે તે પરમાત્માના અંશરૂપ જીવાત્માનું જ પ્રતીકાત્મક રીતે જોવાની રીત હોઈ શકે. તે જગાએ રહેલી અભીપ્સા એ સ્વાભાવિક રીતે જ ઊર્ધ્વ ચેતનાને ખુલ્લી કરવાનું દ્વાર છે જેથી કરીને વ્યકિત ઊર્ધ્વ ચેતનામાં રહે અને અવિદ્યામાં નહિ. જીવાત્મા પોતે તો વાસ્તવિક રીતે પરમાત્માની સાથે એકતામાં જ હોય છે પરંતુ સાચી જરૂર તો એ છે કે બાકીની ચેતનાએ પણ તે વસ્તુનો સાક્ષાત્કાર કરવો જોઈએ.

ચૈત્યપુરુષની અભીપ્સા સારી યે નિમ્ન-પ્રકૃતિ – મન, પ્રાણ અને શરીરને પ્રભુ પ્રત્યે ખુલ્લા કરવાની હોય છે. તેને પ્રભુ પ્રત્યે પ્રેમ અને ઐકય સાધવાની અભીપ્સા હોય છે. તે હૃદયમાં પ્રભુની હાજરી અને શક્તિની માગણી કરતો હોય છે. તેને આ કરણરૂપ વ્યકિત અને પ્રકૃતિમાં ઊર્ધ્વ ચેતનાનું અવતરણ કરીને તે દ્વારા મન, પ્રાણ અને શરીરના રૂપાંતર માટેની તીવ્ર ઇચ્છા હોય છે.

બન્ને અભીપ્સાઓ જરૂરી છે અને આ યોગની પૂર્ણતા માટે અનિવાર્ય છે. જ્યારે ચૈત્યપુરુષ મન, પ્રાણ અને શરીર ઉપર તેની અભીપ્સા સ્થાપિત કરે છે ત્યારે તેઓ પણ તે પ્રમાણે અભીપ્સા કરે છે. તમને જે નિમ્ન સ્વરૂપની ભૂમિકામાંથી અભીપ્સાનો અનુભવ થયો તે આ વસ્તુ હતી. ઊર્ધ્વમાંથી આવતી અભીપ્સા એ જીવાત્માની અભીપ્સા છે અને તે ઊર્ધ્વચેતના છે અને તેમાં પરમાત્માના સાક્ષાત્કારને તમારા સ્વરૂપમાં આવિર્ભાવ પામે તે માટેની અભીપ્સા છે. એટલે આ બન્ને અભીપ્સાઓ એકબીજાને સહાય કરે છે. નિમ્ન સ્વરૂપની અભીપ્સા પહેલાં તો ત્રુટક ત્રુટક હોય છે અને સામાન્ય ચૈતનાનું તેના ઉપર દબાણ થાય છે. સાધના દ્વારા તેને સ્પષ્ટ, સતત ચાલુ રહેતી સામર્થ્યયુક્ત અને સ્થાયી બનાવવાની છે.

નીચેની ચેતના અને ઊર્ધ્વચેતના એકત્રિત થાય ત્યારે શાંતિ, વિશુદ્ધિ અને સ્વસ્થતાનો અનુભવ થાય છે. તે સામાન્ય રીતે ત્રુટક ત્રુટક હોય છે અથવા તે અંદર વધારે ઊંડાણવાળી ચેતનામાં ચાલ્યો જાય છે અને બાહ્ય સપાટી ઉપરની ચેતનાનાં તોફાનો અને સંઘર્ષોથી ઢંકાયેલો રહે છે. શરૂઆતમાં ભાગ્યે જ સ્થાયી રહેતો હોય છે. પરંતુ જેમ જેમ તે વારંવાર બનતો રહે છે અને સ્વસ્થતા અને

શાંતિ વધારે ટકતાં બને છે અને છેવટે ઊર્ધ્વ ચેતનાની સ્વસ્થતા અને શાંતિ અને નીરવતાનું નિમ્ન પ્રકૃતિમાં સ્થાપન થઈ જાય છે, ત્યારે તે સ્થાઈ બને છે.

*

યોગની અનુભૂતિમાં આત્મા અથવા સત્-તત્ત્વ મૂળભૂત રીતે પરમાત્માની સાથે એકયમાં હોય છે અથવા તે પરમાત્માનો અંશ હોય છે અને તેનામાં બધી જ દિવ્ય સંભાવિતતાઓ હોય છે. પરંતુ આવિર્ભાવમાં તે બે સ્વરૂપો રજૂ કરે છે, પુરુષ અને પ્રકૃતિ. પ્રકૃતિમાં પરમાત્મા ગુપ્ત રીતે રહેલો હોય છે અને પુરુષ પ્રકૃતિને અધીન રહેલો હોય છે. અહીં પ્રકૃતિ નિમ્ન પ્રકૃતિ તરીકે કાર્ય કરે છે, અજ્ઞાન અથવા અવિદ્યાની શક્તિ તરીકે. પુરુષ પોતે તો દિવ્ય છે પરંતુ પ્રકૃતિના અજ્ઞાનમાં પડેલો હોવાથી તેના વ્યક્તિરૂપ બાહ્ય રૂપમાં પ્રકૃતિની અપૂર્ણતા સાથે અપૂર્ણ બને છે. આ રીતે આત્મા તથા ચૈતસિક તત્ત્વ, જે પુરુષ તરીકે વિકાસક્રમમાં પ્રવેશ કરીને તેને ટેકો આપે છે તેનામાં પોતાનામાં બધી જ દિવ્ય શક્યતાઓ ધારણ કરે છે; પરંતુ જે વ્યક્તિગત ચૈત્યપુરુષને તે પોતાના પ્રતિનિધિ તરીકે મૂકે છે તે પ્રકૃતિની અપૂર્ણતાને અપનાવી લે છે અને જ્યાં સુધી તેને પૂર્ણ ચૈતસિક તત્ત્વની પ્રાપ્તિ થાય નહિ અને વિકાસક્રમમાં વ્યક્તિગત પ્રક્ષેપ થયેલા, ઊર્ધ્વમાં રહેલા આત્મતત્ત્વ સાથે એકતા પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી તે વિકાસ સાધ્યા કરે છે. સ્વરૂપમાં રહેલી દરેક ભૂમિકા ઉપરની આ દ્વિવિધતાને — તે કેવળ આત્મતત્ત્વ કે ચૈતસિક તત્ત્વ વિશે જ સાચું નથી પરંતુ મનોમય, પ્રાણમય અને શારીરિક પુરુષ વિશે પણ તે પ્રમાણે છે — સમજવી જોઈએ અને યોગની અનુભૂતિઓને પૂર્ણ રીતે સમજી શકાય તે પહેલાં સ્વીકારવી જોઈએ.

પુરુષ તો બધા સમય દરમિયાન એક જ હોય છે, પરંતુ પ્રકૃતિની દરેક ભૂમિકા ઉપર તેનું એક સ્વરૂપ પ્રતિનિધિ રૂપ હોય છે, જે તે ભૂમિકાને અનુરૂપ હોય છે. મનોમય ભૂમિકામાં મનોમય પુરુષ, પ્રાણમય ભૂમિકામાં પ્રાણમય પુરુષ, ભૌતિક ભૂમિકામાં શારીરિક પુરુષ. તૈત્તિરિય ઉપનિષદ પુરુષની બીજી બે ભૂમિકાઓ વિશે પણ કહે છે. એક જ્ઞાનની અથવા સત્યની ભૂમિકા અને બીજી આનંદની ભૂમિકા, અને તે દરેક ભૂમિકાનો પણ પુરુષ હોય છે. અને જો કે તેમના તરફથી તેમની અસરો નીચે ઊતરી આવે છે છતાં, માનવ મનને માટે તે ભૂમિકાઓ અતિ-ચિત્ રહેલી છે, અને તેમની પ્રકૃતિ અહીં સુગ્રથિત રીતની હોતી નથી.

*

વ્યક્તિગત આત્માનું સામાન્ય રીતે પરાત્પર તત્ત્વ અને વિશ્વરૂપ આત્માના

અંશ તરીકે વર્ણન કરવામાં આવે છે — ચેતનાના ઊર્ધ્વતર અને સૂક્ષ્મતર સ્તરોમાં તેને પોતાને તે રીતનું જ્ઞાન હોય છે, પરંતુ નિમ્ન સ્તરોમાં ચેતના વધારે અને વધારે આચ્છાદિત હોવાથી તે સપાટી ઉપર રહેલી વ્યક્તિતા અને પ્રકૃતિનાં સર્જનો સાથે તદ્રુપ બનતો હોવાથી પોતાના દિવ્ય મૂળ વિશે અજ્ઞાત બની જાય છે. જ્યારે કોઈ વ્યક્તિ આત્મા વિશે સભાન બને છે ત્યારે તેને તે સ્વયંભૂ અને શાશ્વત એવી કોઈ વસ્તુ તરીકે અનુભવે છે અને તે મનોમય, પ્રાણમય અને શારીરિક વ્યક્તિતા સાથે એકતામાં હોતો નથી — મનોમય વગેરે તત્ત્વો પ્રકૃતિમાં રહેલાં તેનાં નાનાં નાનાં પ્રગટીકરણો જ હોય છે. લોકો જે પોતાની જાત વિશે કહે છે તે અહં અથવા મન અથવા પ્રાણશક્તિ અથવા શરીર હોય છે. પરંતુ તે એટલા માટે કે તેઓ પ્રકૃતિની રચનાઓની પરિભાષામાં વિચાર કરતા હોય છે અને તેમની પાછળ કયું તત્ત્વ છે તે જોતા નથી.

*

કેન્દ્રસ્થ સ્વરૂપ અને આત્મા બન્ને ભિન્ન ભિન્ન રીતે પરમાત્માના અંશો છે. હકીકતમાં તો તેઓ બન્ને એક જ તત્ત્વનાં બે પાસાંઓ છે, પરંતુ એક પ્રકૃતિથી ઉપર રહીને વિકાસક્રમમાં ભાગ લેતો નથી જ્યારે બીજું સ્વરૂપ પ્રકૃતિમાં રહીને ચૈત્યપુરુષનો વિકાસક્રમ સાધે છે.

*

વ્યક્તિરૂપ સ્વરૂપ ( જીવાત્મા ) પરમાત્માનો અંશ છે. વિશ્વરૂપ આત્મતત્ત્વ અથવા આત્મા જે સર્વમાં એકનો એક જ હોય છે, તે પરમાત્માનો અંશ નહિ પરંતુ પરમાત્માનું એક સ્વરૂપ છે.

*

આત્મા મૂળભૂત સ્વરૂપે પરમાત્મા પોતે જ છે. તે અંશ નથી. ‘એક અંશ પણ નહિ’, અથવા ‘ ફક્ત એક પાસું ’ એ શબ્દપ્રયોગનો કોઈ અર્થ નથી. પાસું એ કોઈ પ્રકારે અંશથી નીચેની કક્ષાની વસ્તુ નથી.

*

તમને ‘ મૂળભૂત તત્ત્વ ’ એટલે શું એ ખબર છે ? કોઈ વસ્તુનું મૂળતત્ત્વ જે કાયમ એક જ હોય છે, અને તે મૂળતત્ત્વની રચનાઓ અને વિકાસક્રમો વચ્ચે ફેર હોય છે. દા.ત. સોનાનું એક મૂળતત્ત્વ હોય છે અને સોનું તેના બીજા અનેક આકારો ધારણ કરી શકે છે.

*

મૂળ તત્ત્વની કદી વ્યાખ્યા આપી શકાતી નથી – તેનું ફક્ત અસ્તિત્વ હોય છે એટલું જ કહી શકાય.

*

પરમાત્મા આત્મા કરતાં વિશેષ હોય છે. તે પ્રકૃતિ પણ હોય છે અને પોતાની અંદર સર્વ વસ્તુઓને ધારણ કરે છે.

*

સક્રિય સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે પુરુષને પ્રકૃતિની ગુલામીમાંથી છોડાવવો એટલું જ પૂરતું નથી. વ્યક્તિના પુરુષનો પોતાની નિમ્ન પ્રકૃતિ સાથેનો જે સહયોગ છે, જેમાં અવિદ્યાનાં બળો લીલા કરી રહ્યાં છે, તેના બદલે પરમ દિવ્ય શક્તિ મા ભગવતી સાથે તેણે સંબંધ સ્થાપન કરવાનો છે.

મા ભગવતીને નિમ્ન પ્રકૃતિ અને તેની શક્તિઓની યાંત્રિકતા સાથે તદ્રુપતા સમજવી એ ભૂલ છે. અહીં પ્રકૃતિ એ ફક્ત યાંત્રિકતા છે અને અજ્ઞાનમાં વિકાસના કાર્ય માટે તેનો પ્રક્ષેપ કરવામાં આવ્યો છે. અવિદ્યામય મનોમય, પ્રાણમય અને શારીરિક પુરુષ પોતે જ પરમાત્મા ન હોવાથી, જો કે તે પરમાત્મા તરફથી જ આવે છે – તે પ્રમાણે પ્રકૃતિની યાંત્રિકતા એ દિવ્ય ભગવતી મા નથી. એમાં શંકા નથી કે મા ભગવતીનું કાંઈક તત્ત્વ તેમાં રહેલું છે અને ઉત્ક્રાંતિના હેતુ માટે તેને ટકાવી રાખતી યાંત્રિકતા પાછળ પણ તે રહેલું છે. પરંતુ મા ભગવતી પોતે અંદર રહેલી અવિદ્યાની શક્તિ નથી. પરંતુ તે પરમાત્માની ચેતના, શક્તિ, પ્રકાશ અને પરાપ્રકૃતિ છે અને આપણે મુક્તિ માટે અને દિવ્ય સિદ્ધિ માટે તેના તરફ વળીએ છીએ.

સ્થિર, મુક્ત અને શક્તિઓની લીલાનું નિરીક્ષણ કરતી, પરંતુ જે તેમાં આસક્ત થતી નથી એવી પુરુષ ચેતનાનો સાક્ષાત્કાર થવો એ મુક્તિનું સાધન છે. સ્થિરતા, અનાસક્તિ, એક શાંત શક્તિ અને આનંદ (આત્મરતિ)ને નીચે પ્રાણમય ચેતનામાં અને શારીરિક તેમજ મનોમય ચેતનામાં ઉતારી લાવવાના છે. જો આ વસ્તુનું ત્યાં સ્થાપન થાય તો પછીથી વ્યક્તિ પ્રાણમય બળોનાં વાવાઝોડાંનો શિકાર બનશે નહિ. પરંતુ આ સ્વસ્થતા, શાંતિ, નીરવતા, સામર્થ્ય અને આનંદ એ મા ભગવતીની શક્તિનું આધારમાં ફક્ત શરૂઆતનું અવતરણ છે. તેનાથી ઉપર એક જ્ઞાન છે, એક ક્રિયાત્મક શક્તિ છે, એક સક્રિય આનંદ છે જે સામાન્ય પ્રકૃતિ તેની શ્રેષ્ઠ સ્થિતિમાં અને પૂર્ણ સાત્ત્વિક હોય છતાં તેવાં હોતાં નથી પરંતુ તે દિવ્ય પ્રકૃતિનાં હોય છે.

તેમ છતાં પ્રથમ તો સ્વસ્થતા, શાંતિ અને મુક્તિની જરૂર હોય છે. સક્રિય

બાજુને વધારે ઝડપથી નીચે ઉતારી લાવવી એ સલાહકારક નથી, કારણ કે તો પછી તે એવું અવતરણ હોય જે મુશ્કેલ પરિસ્થિતિવાળી અને અશુદ્ધ પ્રકૃતિમાં ઊતરી આવે તો તેને પચાવી શકાય નહિ અને તેને પરિણામે ગંભીર ઊથલપાથલો ઉત્પન્ન થાય.

*

પ્રકૃતિ એટલે શકિત અથવા ચિન્મય શકિતની બાહ્ય અથવા ક્રિયાત્મક બાજુ, જે જગતોની રચના કરે છે અને તેમને ગતિ આપે છે. અહીં તેનું બાહ્ય સ્વરૂપ યાંત્રિક, શકિતઓ અને ગુણો વગેરેની લીલારૂપ દેખાય છે. તેની પાછળ એક જીવંત ચેતના અને પરમાત્માની શકિત, દિવ્ય શકિત રહેલી છે. પ્રકૃતિ પોતે એક નિમ્ન કક્ષાની અને એક ઊર્ધ્વ કક્ષાની, એમ વિભાજિત થયેલી છે – નિમ્ન પ્રકૃતિ અવિદ્યાની પ્રકૃતિ છે. મન, પ્રાણ અને સ્થૂલ તત્ત્વની પ્રકૃતિ, જે પરમાત્માની ચેતનામાંથી અલગ પડી ગયેલી છે; ઊર્ધ્વ પ્રકૃતિ એ દિવ્ય સચ્ચિદાનંદની દિવ્ય પ્રકૃતિ છે અને તેનામાં અતિમનસની શકિતનો આવિર્ભાવ કરે છે; તે હંમેશાં પરમાત્મા વિશે સભાન હોય છે અને અવિદ્યા અને પરિણામોમાંથી મુકત હોય છે. જયાં સુધી માનવ અવિદ્યામાં રહેલો છે ત્યાં સુધી તે નિમ્ન પ્રકૃતિનો ગુલામ છે, પરંતુ આધ્યાત્મિક વિકાસ સાધીને તે પરાપ્રકૃતિ વિશે સભાન બને છે અને તેના સંપર્કમાં આવવા માટે અભીપ્સા રાખે છે. તે તેમાં આરોહણ કરી શકે છે, અને તે પરાપ્રકૃતિ તેની અંદર અવતરણ કરી શકે છે – આ પ્રકારનું આરોહણ અને અવરોહણ, મન, પ્રાણ અને સ્થૂલ તત્ત્વની નિમ્ન પ્રકૃતિમાં રૂપાંતર સાધી શકે છે.

*

## ૫

ચૈત્યપુરુષની વ્યાખ્યા[૧] એ રીતે ન આપી શકાય કે તે આપણા સ્વરૂપનો અંશ છે, જે અતિમનસ ભૂમિકાની સાથે સીધેસીધો સંપર્કમાં રહે છે; જો કે એક

૧. કોઈએ પૂછેલું કે ચૈત્યપુરુષ શું છે ? તેને આપણા સ્વરૂપનો અંશ કહી શકાય જે સીધો જ અતિમનસ સાથે સંપર્કમાં રહે છે તેવી વ્યાખ્યા આપી શકાય ? મેં એવો ઉત્તર આપેલો કે એવી વ્યાખ્યા આપી શકાય નહિ કારણ કે પ્રાણીઓમાં તેમજ ઘણાખરા માનવોમાં રહેલો ચૈત્યપુરુષ અતિમનસના સીધા સંપર્કમાં હોતો નથી. તેથી તેની એવી વ્યાખ્યા ન કરી શકાય.

વખત પણ તેનો અતિમનસ સાથે સંપર્ક થઈ જાય તો તેને તાત્કાલિક પ્રત્યુત્તર આપી શકે છે. આપણી અંદર રહેલો ચૈત્ય અંશ એક એવી વસ્તુ છે જે સીધે-સીધી પરમાત્મામાંથી જ ઊતરી આવેલી છે અને તે પરમાત્મા સાથે સંપર્કમાં રહે છે. તેના મૂળમાં તે એક એવું કેન્દ્ર હોય છે જે દિવ્ય શક્યતાઓથી સભર હોય છે અને આપણાં નિમ્ન પ્રકારનાં મન, પ્રાણ અને શરીરના વિવિધ આવિર્ભાવને તે ટેકો આપતો રહે છે. આ દિવ્ય તત્ત્વ બધાં જ જીવંત પ્રાણીઓમાં હોય છે પરંતુ તે સામાન્ય ચેતનાની પાછળ છુપાયેલું રહે છે; શરૂઆતમાં તેનો વિકાસ થતો નથી અને તેનો વિકાસ થાય ત્યારે પણ તે હંમેશાં અથવા તો વારંવાર અગ્રભાગે આવતો નથી; અપૂર્ણ કરણો જેટલાં પ્રમાણમાં તેને પ્રગટ કરવાની મંજૂરી આપે તેટલા પ્રમાણમાં તે પ્રગટ થાય છે. અને તે પણ તેમનાં કરણો દ્વારા અને તેમની મર્યાદામાં રહીને તે પ્રમાણે પ્રગટ થાય છે. પ્રભુ પ્રત્યે વળવાની અનુભૂતિ દ્વારા તે ચેતનામાં વૃદ્ધિ પામે છે અને જ્યારે જ્યારે આપણામાં કોઈ ઊર્ધ્વગામી ગતિ બની આવે છે, ત્યારે દરેક વખતે તે સામર્થ્ય પ્રાપ્ત કરે છે અને છેવટે આ ઊંડાણની અને ઊર્ધ્વ-ગતિઓના સંચય દ્વારા એક ચૈતસિક વ્યક્તિત્વ ખીલી ઊઠે છે – અને આપણે તેને સામાન્ય રીતે ચૈત્યપુરુષ કહીએ છીએ. જ્યારે માનવી આધ્યાત્મિક જીવન પ્રત્યે વળે છે ત્યારે ઘણે ભાગે ગુપ્ત રીતે આ ચૈત્યપુરુષ જ તેનું સાચું કારણ હોય છે અને તેને જીવનમાં તે જ સૌથી મહાન મદદ કરે છે. એટલા માટે જ યોગમાં આપણે ચૈત્યપુરુષને પાછળના ભાગમાંથી અગ્રભાગે લાવવાનો રહે છે.

અંગ્રેજી ભાષામાં Soul (આત્મા) અને ચૈતસિક (Psychic) બહુ અસ્પષ્ટ રીતે તેમજ જુદા જુદા અર્થમાં વપરાય છે. તે ભાષામાં સામાન્ય રીતે વ્યવહારમાં મન અને આત્મા વચ્ચે સ્પષ્ટ ભેદ કરવામાં આવતો નથી અને ઘણી

---

પરંતુ એક વખત માનવ ચેતના અને અતિમાનસ ચેતના વચ્ચે સંપર્ક સધાયા પછી ચૈત્યપુરુષ મન, પ્રાણ અને શારીરિક કરતાં તાત્કાલિક પ્રત્યુત્તર આપે છે. તેમાં વિશેષ બાબત એ છે કે તે પ્રત્યુત્તર વધારે વિશુદ્ધ પ્રકારનો હોય છે. મન, પ્રાણ અને શરીર અતિમાનસ પ્રભાવને આવકાર આપે છે તેમાં ઘણી વસ્તુઓનું મિશ્રણ થવા દે છે અને તેના સત્યને બગાડી નાખે છે. ચૈત્યપુરુષ પ્રત્યુત્તરમાં શુદ્ધ હોય છે અને આવું કોઈ મિશ્રણ થવા દેતો નથી.

જો ચૈત્યપુરુષ જાગ્રત થયો હોય અને નીચે અવતરણ કરતી અતિમાનસ શક્તિને માટે તેને જ મુખ્ય આધાર તરીકે સ્વીકાર્યો હોય તો જ અતિમાનસ રૂપાંતર બની શકે.

વખત તો આનાથી પણ વધારે ગંભીર ગોટાળો થાય છે; કારણ કે ' Soul ' અને ' Psychic ' શબ્દો માટે ' કામનાનો પ્રાણમય પુરુષ ' અથવા જૂઠા આત્માનો અને કામનામય-પુરુષનો અર્થ કરવામાં આવે છે અને નહિ કે સાચો આત્મા અને ચૈત્યપુરુષ. ચૈત્યપુરુષ એ મન અથવા પ્રાણથી બિલકુલ જુદું જ તત્ત્વ છે. તે હૃદયમાં, જ્યાં મન અને પ્રાણ મળે છે તેની પાછળ ઊભો હોય છે. તેનું કેન્દ્ર ત્યાં હોય છે, હૃદયમાં નહિ પરંતુ હૃદયની પાછળ; કારણ કે માણસો જેને હૃદય કહે છે તે ઊર્મિઓનું સ્થાન છે અને માનવીની લાગણીઓ મનોમય – પ્રાણમય – આવેગો હોય છે અને સામાન્ય રીતે તેમનું સ્વરૂપ ચૈતસિક હોતું નથી. આ પાછળના ભાગમાં રહેલી ગુપ્ત શક્તિ, જે મન અને પ્રાણ-શક્તિથી ભિન્ન હોય છે, તે જ સાચો આત્મા, આપણી અંદર રહેલો ચૈત્યપુરુષ હોય છે. તેમ છતાં ચૈત્યપુરુષની શક્તિ મન, પ્રાણ અને શરીર ઉપર કાર્ય કરી શકે છે અને વિચારો, દૃષ્ટિ તથા લાગણીઓને વિશુદ્ધ બનાવે છે ( અને આવી લાગણી ચૈતસિક લાગણી બને છે ) અને પછી આપણાં સંવેદનો અને કાર્યો અને બાકીનું બધું વિશુદ્ધ બને છે અને તે બધી આપણી અંદર રહેલી ગતિઓને દિવ્ય બનાવવા માટે તૈયાર કરે છે.

ચૈત્યપુરુષનું ભારતીય ભાષામાં ' હૃદયમાં રહેલા પુરુષ ' તરીકે અથવા ' ચૈત્ય પુરુષ '[૧] તરીકેનું વર્ણન કરાય છે. પરંતુ આ હૃદય અંતરમાં રહેલું અથવા ગુપ્ત હૃદય સમજવાનું છે ( હૃદયે ગુહાયામ્ ) અને નહિ કે બાહ્ય પ્રાણમય – ઊર્મિમય કેન્દ્ર. એ સાચું ચૈતસિક તત્ત્વ છે. ( તે પ્રાણમય કામના કરતાં ભિન્ન છે ) – આર્યનાં પૃષ્ઠોમાં તે વસ્તુ વિશે વાત કરવામાં આવી છે અને તમે ઉલ્લેખ કરો છો તે આ ' ચૈતસિક તત્ત્વ ' છે.

*

---

૧. ચિત્ત અને ચૈતસિક અંશ એ બન્નેમાં બિલકુલ સરખાપણું નથી. ચિત્ત આપણી ચેતનાનો એક જુદા જ પ્રકારનો ' વિભાગ ' છે જેમાં આપણી બહિર્ચેતનાનાં મુખ્ય કાર્યોનો સમન્વય કરીને તેમને યોગ્ય જગાએ મૂકીએ છીએ. આ વસ્તુનું જ્ઞાન મેળવવા માટે આપણે આપણી સપાટીની અથવા બાહ્ય પ્રકૃતિની પાછળ જવાની જરૂર રહેતી નથી.

અહીં ' વિભાગ 'નો અર્થ ચૈતસિક તત્ત્વોનો એક અન્ય પ્રકારનો વર્ગ એવો લેવાનો છે. (તત્ત્વ–વિભાગ) ચૈતસિક તત્ત્વ એક વર્ગમાં આવે છે – અતિમનસ, મનસ, પ્રાણ, ચૈતસિક, શારીરિક – એ પ્રસરે અને તે બન્ને આંતર તેમજ બાહ્ય પ્રકૃતિને આવરી લે છે. ચિત્ત બીજા જ વર્ગ અથવા વિભાગનું તત્ત્વ છે – બુદ્ધિ,

પ્રાચીન પદ્ધતિઓમાં ચૈત્યપુરુષનો ઉલ્લેખ હૃદયમાં રહેલા પુરુષ તરીકે કરવામાં આવ્યો છે ( ગુપ્ત હૃદય - હૃદયે ગુહાયામ્ ) અને આપણે જેને ચૈત્યપુરુષ તરીકે વ્યાખ્યા કરીએ છીએ અને જે હૃદય-કેન્દ્રની આસપાસ રહેલો છે તેની સાથે બરાબર સામ્ય દર્શાવે છે. એમ પણ માનવામાં આવતું હતું કે આ તત્ત્વ જ મૃત્યુ પછી શરીરમાંથી બહાર નીકળીને ટકી રહે છે – આ વસ્તુ પણ આપણા શિક્ષણને અનુરૂપ છે. આ વસ્તુ જ શરીરની બહાર જઈને વળી પાછી ફરે છે, અને નવ જન્મને પૂર્વ જીવન સાથે જોડી આપે છે. આપણે એમ પણ કહીએ છીએ કે ચૈત્યપુરુષ એ આપણી અંદર રહેલો પરમાત્માનો અંશ છે – તે જ પ્રમાણે હૃદયમાં રહેલા પુરુષનું વર્ણન કેટલીક જગાએ વ્યક્તિગત પ્રકૃતિના ઈશ્વર તરીકે વર્ણન કરવામાં આવેલું છે.

અંગ્રેજી ભાષામાં Soul ( આત્મા ) બહુ અસ્પષ્ટ અર્થમાં વાપરવામાં આવે છે – તેમાં ઘણી વખત સમગ્ર બિન-શારીરિક ચેતના જેમાં કામનાઓ અને આવેગો સહિતનો પ્રાણ પણ સમાવેશ થાય તેવો ઉલ્લેખ કરવામાં આવે છે. એટલા માટે જ 'ચૈત્યપુરુષ' શબ્દનો ઉપયોગ કરવો પડે છે, જેથી કરીને કરણરૂપ ભાગોથી આ દિવ્ય અંશનો ભેદ પારખી શકાય.

*

એમ લાગે છે કે 'ક્ષ' એ ધારેલું કે હું ચૈત્યપુરુષ એટલે પ્રકાશિત અહં એવો અર્થ કરું છું. પરંતુ ચૈત્યપુરુષ એટલે હું શું કહેવા માગું છું તે માણસો સમજતા નથી, કારણ કે ચૈતસિકનો અર્થ અંગ્રેજી ભાષામાં આંતર મનોમય, આંતર-પ્રાણમય અથવા આંતર-શારીરિકની ગમે તે વસ્તુ, અથવા કોઈ પણ અસામાન્ય અથવા ગુહ્ય વસ્તુ અથવા આપણા બાહ્ય સ્વરૂપની વધારે સૂક્ષ્મ ગતિઓ પણ તેમાં આવી જાય છે અને આમ બધું ગોટાળાયુક્ત અર્થવાળું છે – તે ઉપરાંત રહસ્યમય ઘટનાઓ પણ ઘણી વખત ચૈતસિક ઘટનાઓ તરીકે ઓળખાય છે. સ્વરૂપના ભિન્ન ભિન્ન ભાગો વચ્ચેનો ભેદ તેમને માટે અજાણ છે. ભારતમાં પણ પ્રાચીન ઉપનિષદોનું જ્ઞાન જેમાં આ બધા ભેદો સમજાવવામાં આવ્યા છે, તે નષ્ટ થયું છે.

---

મનસ, ચિત્ત, પ્રાણ વગેરે – જે વર્ગીકરણ સામાન્ય રીતના ભારતીય માનસશાસ્ત્રમાં કરેલું છે; તેમાં માનવના બાહ્ય સ્વરૂપનું જ માનસશાસ્ત્ર આવે છે. આ વર્ગમાં ભારતીય ચિંતકોએ આપણી બાહ્ય ચેતનાનાં મુખ્ય કાર્યોનો જ સમન્વય કરીને તેમને યોગ્ય જગાએ મૂકી આપેલાં છે. આમ ચિત્ત બાહ્ય ચેતનાનું એક મુખ્ય કાર્ય છે અને તેને સમજવા માટે આપણે બાહ્ય પ્રકૃતિની પાછળ જવાની જરૂર રહેતી નથી.

જીવાત્મા ચૈત્યપુરુષ (પુરુષ અંતરાત્મન), મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ બધાનો એકસાથે ગોટાળો કરવામાં આવે છે.

*

મને આ વાકયનો બરાબર અર્થ શો થાય તે સમજાતું નથી. ચૈત્યપુરુષના વર્ણન માટે તે બહુ અસ્પષ્ટ અને મર્યાદિત છે. અંતઃકરણ એટલે સામાન્ય રીતે શરીરથી વિરુદ્ધ અર્થમાં રહેલ મન અને પ્રાણ – આત્મા માટે શરીર એ બાહ્ય કરણ છે અને મન–પ્રાણ આંતરિક કરણ છે. વિશુદ્ધ મન અને વિશુદ્ધ પ્રાણ કરતાં ચૈતસિકનો અર્થ હું ભિન્ન રીતનો લઉં છું. જાગ્રત અને મુકત ચૈત્યપુરુષના કાર્યના પરિણામે એક વિશુદ્ધ મન અને વિશુદ્ધ પ્રાણ બને છે પરંતુ તેવું મન અને પ્રાણ એ પોતે જ ચૈતસિક તત્ત્વ નથી.

બીજું 'અહંભાવ'નો શો અર્થ કરીએ છીએ તેના ઉપર પણ તેનો આધાર રહેલો છે. પરંતુ ચૈતસિક એ 'ભાવ' નથી. તે પુરુષ છે. 'અહંભાવ' એ પ્રકૃતિની રચના છે, તે સ્વરૂપ અથવા પુરુષ નથી. 'અહંભાવ' અદૃશ્ય થઈ શકે છે અને તેમ છતાં પુરુષ ત્યાં હાજર હોય છે.

મુકત ચૈત્યપુરુષનો હું એવો અર્થ કરું છું કે તે તમોમય અને અવિદ્યાનાં કરણોની શરતોમાં રહીને પડદા પાછળથી પ્રગટ થવા માટે બંધાયેલો નથી, પરંતુ તે અગ્રભાવે આવીને મન, પ્રાણ અને શરીરની ક્રિયાઓ ઉપર નિયંત્રણ કરીને તેમાં ફેરફાર કરી શકે છે.

જો કોઈ વખત તેનો ઉલ્લેખ વિશુદ્ધ અને પૂર્ણ તત્ત્વ તરીકે કરવામાં આવ્યો હોય તો મન, પ્રાણ અને શારીરિક કરણોની ચૈતસિક વિશુદ્ધ ક્રિયા એવો અર્થ લેવાનો. એક વિશુદ્ધ આંતર સ્વરૂપનો અર્થ એવો નથી કે તે વિશુદ્ધ ચૈત્યપુરુષ છે પરંતુ તે છે વિશુદ્ધ આંતર મન, આંતર પ્રાણ અને આંતરશરીર. મેં ચૈત્યપુરુષ માટે 'જાગ્રત અને મુકત' વિશેષણો વાપરેલાં છે.

આધ્યાત્મિક વ્યકિતતા એ અસ્પષ્ટ શબ્દ છે અને તેના ભિન્ન ભિન્ન અર્થ કરી શકાય. મેં ચૈતસિક તત્ત્વ વિશે લખેલું છે કે તે આત્મા છે અથવા પરમાત્માના અગ્નિનો સ્ફુલિંગ છે. અને તે પૃથ્વી ઉપર વ્યકિતના વિકાસક્રમને ટેકો આપે છે અને ચૈત્ય પુરુષ એ આત્માની ચેતના છે જે પોતાની જાતનો વિકાસ સાધે છે અથવા જે તેનાં કરણો તરીકે મન, પ્રાણ અને શરીરનાં જન્માંતરોમાં, પોતાનું

પ્રગટીકરણ ત્યાં સુધી કરે છે જ્યાં સુધી સર્વ વસ્તુઓ પ્રભુની સાથે એકતા માટે તૈયાર ન થઈ જાય. આનાથી વિશેષ શું કહેવું તે મને ખબર નથી.

*

પ્રકૃતિમાં રહેલો પુરુષ એ ક્ષર પુરુષ છે — તેની પાછળ ઊભો રહેલો પુરુષ અક્ષર પુરુષ છે.

અહંભાવ અને પુરુષ બન્ને ભિન્ન વસ્તુઓ છે. અહંભાવ એ પ્રકૃતિનું યાંત્રિક સ્વરૂપ છે — પુરુષ એ સચેતન સ્વરૂપ છે.

ચૈત્યપુરુષ વિકાસ પામે છે તેથી તે અક્ષર નથી.

ચૈત્યપુરુષ ખાસ કરીને વ્યકિતનો આત્મા હોય છે અને તે વ્યકિતગત પ્રકૃતિના આવિર્ભાવમાં વિકાસ સાધે છે અને ઉત્ક્રાંતિમાં ભાગ લે છે. તે પરમાત્માના દિવ્ય અગ્નિનો સ્ફુલિંગ છે અને તે મન, પ્રાણ અને શારીરિકની પાછળ રહીને ચૈત્યપુરુષ તરીકે વિકાસ પામે છે. જ્યાં સુધી અવિદ્યાની પ્રકૃતિનું વિદ્યાની પ્રકૃતિ-માં રૂપાંતર કરી શકે ત્યાં સુધી તે વિકાસશીલ રહે છે. આ વસ્તુઓ ગીતામાં કહેલી નથી પરંતુ ગીતાના મુદ્દાઓ વડે આપણે આપણા જ્ઞાનને મર્યાદિત કરી શકીએ નહિ.

*

ના, અંતઃપ્રજ્ઞાપૂર્ણ આત્મા એ બિલકુલ ભિન્ન વસ્તુ છે અથવા તો અંતઃ-સ્ફુરણા એવી ચેતના છે જે મનથી ઉપરના કોઈ ભાગે આવેલી છે. ચૈત્યપુરુષ સ્વરૂપની પાછળના ભાગમાં હોય છે — એક સરળ અને સચ્ચાઈપૂર્ણ પરમાત્મા પ્રત્યેની ભકિત જે શુભ છે, સત્ય છે અને પ્રભુ પ્રત્યે દોરી જવામાં સહાયરૂપ છે તેની હૃદયપૂર્વકની સમજ અને તેનાથી વિરુદ્ધ જે કાંઈ હોય તેમાંથી સહજ જ્ઞાનથી જ પાછા હઠી જવું, આ બધાં તેનાં દૃષ્ટિગોચર લક્ષણો છે.

*

[1]મૂળ તત્ત્વરૂપે રહેલો આત્મા તથા ચૈત્યપુરુષ વચ્ચેનો ભેદ પાડવો જોઈએ. દરેક તેમજ સર્વ વસ્તુઓ પાછળ આત્મા રહેલો છે. તે પરમાત્માનો સ્ફુલિંગ છે —

---

૧. આ પત્રનો મૂળ પાઠ શ્રી અરવિંદે પાછળથી બે પ્રસંગોએ સુધારેલો. બન્ને પુનરાવર્તન કરેલા પાઠોમાં કેટલીક જગાએ ઠીક ઠીક ફેરફાર થયો છે. બન્ને પાઠો અહીં અનુક્રમે આપવામાં આવેલા છે.

કોઈ પણ વ્યક્તિ તેના વગર અસ્તિત્વ ધરાવી શકે નહિ. પરંતુ એટલું પણ શક્ય છે કે કોઈ પ્રાણમય અને શરીરધારી પ્રાણી હોઈ શકે જેને આત્માનું તત્ત્વ ટેકો આપી રહ્યું હોય, પરંતુ સ્પષ્ટ રીતનો વિકાસ પામેલો ચૈત્યપુરુષ તેની પાછળ ન હોય.

બેશક. એક આંતર મન, આંતર પ્રાણ અને આંતર-શારીરિકનું ઘડાયેલું આંતર સ્વરૂપ હોય છે. પરંતુ તે ચૈત્યપુરુષ હોતો નથી. ચૈત્યપુરુષ એ સર્વ પ્રાણીઓનું અંતરતમ સ્વરૂપ હોય છે અને તે આ બધાથી ભિન્ન હોય છે. અંગ્રેજી ભાષામાં ચૈતસિક ( psychic ) શબ્દ બાહ્ય મન, બાહ્ય પ્રાણ અને બાહ્ય શરીર કરતાં કોઈ પણ બીજી જ વસ્તુ અથવા ઊંડાણવાળી વસ્તુ તરીકે સમજવામાં આવે છે, અથવા તો તે શબ્દ કેટલીક વખત કોઈ પણ ગુહ્ય વસ્તુ અથવા અતિ-શારીરિકનું સૂચન કરે છે; પરંતુ આવો ઉપયોગ ગોટાળો અને ભૂલ કરે છે અને તેથી આપણે તેને સંપૂર્ણ રીતે છોડી દેવો પડે છે.

બાહ્ય સપાટી ઉપરની ગતિઓ દ્વારા ચૈત્યપુરુષ ઢંકાયેલો હોય છે અને તેનાં ત્રણ બાહ્ય કરણો મારફતે બની શકે તેટલી સારી રીતે પોતાને પ્રગટ કરે છે. પરંતુ આ બધાં કરણો આંતર સ્વરૂપ અથવા ચૈતસિક તત્ત્વ કરતાં બાહ્ય બળો દ્વારા વધારે નિયંત્રિત થાય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે તેઓ આત્માથી પૂર્ણ રીતે અલગ થઈ ગયેલા છે. જે રીતે મન અને પ્રાણ શરીરમાં રહેલાં છે તે રીતે જ આત્મા પણ શરીરમાં રહેલો છે જ – પરંતુ શરીર એ કેવળ આ સ્થૂલ શારીરિક (ભૌતિક) શરીર જ નથી પરંતુ સૂક્ષ્મ શરીર પણ હોય છે. જ્યારે આ સ્થૂલ શરીર પડી જાય છે ત્યારે પ્રાણમય અને મનોમય કોશો જ્યાં સુધી તેમનું વિસર્જન ન થાય ત્યાં સુધી આત્માના વાહક તરીકે ચાલુ રહે છે.

વનસ્પતિ અથવા પ્રાણીનો આત્મા સુષુપ્ત હોતો નથી – ફક્ત તેની અભિવ્યક્તિ માટેનાં કરણો માનવ પ્રાણીનાં કરણો કરતાં ઓછાં વિકાસ પામેલાં હોય છે. વનસ્પતિમાં ચૈતસિક તત્ત્વ ઘણું હોય છે, પ્રાણીમાં પણ તે ઘણું હોય છે. વનસ્પતિમાં પ્રાણમય-શારીરિક તત્ત્વોનો જ ફક્ત તેના સ્વરૂપમાં વિકાસ થયેલો હોતો નથી; વનસ્પતિના સ્વરૂપની પાછળ રહેલી ચેતના પોતાની અભિવ્યક્તિ કરે એવી વિકાસ પામેલી અથવા સંગઠિત થયેલી મનોમયતા હોતી નથી – પ્રાણી એક પગલું વધારે આગળ ભરે છે; તેનામાં એક પ્રાણમય મન હોય છે અને તે થોડે અંશે પ્રગટ થાય છે. પરંતુ તેની ચેતના મર્યાદિત હોય છે, તેની મનોમયતા મર્યાદિત હોય છે અને

તેની અભિવ્યક્તિ પણ મર્યાદિત હોય છે; માનવમાં જેટલું શક્ય છે તેના કરતાં તેમનું ચૈત્ય તત્ત્વ પ્રગટ થાય, તેમાં એક ઓછી વિકાસ પામેલી ચેતના અને અનુભૂતિ હોય છે. તેમ છતાં પ્રાણીઓમાં આત્મા હોય છે અને માનવીમાં રહેલાં ચૈતસિક તત્ત્વોને ખૂબ સહેલાઈથી તેઓ પ્રત્યુત્તર આપી શકે છે.

બેશક, માણસનું 'ભૂત' તે તેનો આત્મા નથી. તે તો માણસ તેના પ્રાણમય શરીરમાં દેખાય છે અથવા તો તેના પ્રાણના બંધારણનો કોઈ ટુકડો હોય છે જેનો કોઈ પ્રાણમય શક્તિ અથવા પ્રાણમય જગતના સત્ત્વએ પોતાના હેતુ માટે કબજો જમાવેલો હોય છે. કારણ કે સામાન્ય રીતે પ્રાણમય પુરુષ તેના વ્યક્તિત્વ સાથે થોડા સમય માટે શરીરના વિસર્જન પછી ટકી રહે છે; ત્યાર પછી તે પ્રાણમય ભૂમિકામાં ચાલ્યો જાય છે અને ત્યાં જ્યાં સુધી તેનો પ્રાણમય કોશ વિખેરાઈ જતો નથી ત્યાં સુધી ટકી રહે છે. ત્યાર પછી વ્યક્તિ મનોમય કોશમાં કોઈ મનોમય જગતમાં ચાલ્યો જાય છે; પરંતુ છેવટે આત્મા તેનો મનોમય કોશ પણ છોડી દે છે અને પોતાના આરામના સ્થળે ચાલ્યો જાય છે. મનોમય તત્ત્વ પ્રબળ વિકાસ પામેલું હોય તો મનોમય સ્વરૂપ ટકી રહી શકે છે, અને તે જ પ્રમાણે ખૂબ વિકાસ પામેલું પ્રાણમય તત્ત્વ પણ ટકી રહી શકે છે, પરંતુ ચૈત્યપુરુષની આસપાસ તેઓ કેન્દ્રિત થયેલાં હોવાં જોઈએ અને તેઓ સંગઠિત બનેલાં હોય તો જ ટકી શકે છે અને પછી તેઓ ચૈત્યપુરુષની અમરતાના ભાગીદાર બની રહે છે. પરંતુ સામાન્ય રીતે આ પ્રમાણે બનતું નથી. મનોમય, પ્રાણમય અને શારીરિક અંશો ઓગળી જાય છે અને આત્મા તેના પુનર્જન્મમાં એક નવીન મનસ, પ્રાણ અને શરીર ધારણ કરે છે, અને જે સામાન્ય રીતે માનવામાં આવે છે તે રીતે તેની જૂની પ્રકૃતિની નકલ પ્રાપ્ત કરતો નથી. આવાં પુનરાવર્તન અર્થહીન અને નિષ્ફળ છે અને પુનર્જન્મનો જે હેતુ છે તે નિષ્ફળ બને છે. તેનો હેતુ અનુભવ દ્વારા પ્રકૃતિમાં પ્રગતિ સાધવાની છે, પ્રકૃતિમાં રહેલા આત્માના વિકાસક્રમમાં આત્મખોજ માટે તેની વૃદ્ધિ કરવાની છે. આત્મા તે જ સમયે પોતાના પૂર્વ જીવનમાં અને વ્યક્તિઓમાં રહેલાં જે અગત્યનાં તત્ત્વો હતાં તેની છાપ ટકાવી રાખે છે અને જે નવ જન્મ થાય છે અને વ્યક્તિત્વ ઘડાય છે તે પૂર્વ જન્મ અને ભાવિજન્મ માટે આત્માની જરૂરિયાત વચ્ચે સમતુલા જાળવે છે.

નોંધ: એવા પ્રસંગો બનેલા છે જેમાં બાહ્ય સ્વરૂપનો ઝડપી પુનર્જન્મ થાય છે અને તેની ભૂતકાળની વ્યક્તિતાનો સંબંધ ચાલુ હોય છે એટલું જ નહિ પરંતુ પૂર્વ જન્મની સ્મૃતિ પણ હોય છે, પરંતુ આ અપવાદરૂપ છે ત્યારે જ બની આવે

છે જ્યારે અકાલ મૃત્યુ દ્વારા હતાશા થયેલી હોય છે અને અપૂર્ણ રહેલા અનુભવને ચાલુ રાખવા માટે પ્રાણતત્ત્વમાં સમર્થ સંકલ્પશક્તિ હોય છે.

*

તત્ત્વની રીતે આત્માનો અને ચૈત્યપુરુષનો ભેદ સમજવાની જરૂર છે. સર્વ પ્રાણીમાત્રની પાછળ આત્મા રહેલો છે જે પરમાત્માનો સ્ફુલિંગ છે — તેના વિના કોઈ અસ્તિત્વ ધારણ કરી શકે નહિ. પરંતુ એ પણ શક્ય છે કે કોઈ વ્યક્તિ પ્રાણમય અને શારીરિક સ્વરૂપને ધારણ કરતી હોય અને તેની પાછળ સ્પષ્ટ રીતનો વિકાસ પામેલો ચૈત્યપુરુષ ન હોય. તેમ છતાં કોઈ એવું સામાન્ય વિધાન ન કરી શકે કે કોઈ આદિવાસી માનવમાં આત્મા નથી હોતો અથવા તો કોઈ પણ સ્થળે આત્માનું પ્રગટીકરણ હોતું નથી.

આંતર સ્વરૂપ, આંતર મન, આંતર પ્રાણ અને આંતર શારીરિકનું બનેલું હોય છે, પણ તે ચૈત્યપુરુષ નથી. ચૈત્યપુરુષ તો આંતરતમ સ્વરૂપ હોય છે અને આ બધાંથી બિલકુલ ભિન્ન હોય છે. અંગ્રેજીમાં ચૈતસિક શબ્દ ( Psychic )નો ઉપયોગ બાહ્ય મન, પ્રાણ અને શરીરથી ભિન્ન હોય એવી કોઈ પણ ગહન વસ્તુ વિશે વાપરવામાં આવે છે અથવા કેટલીક વખત ગુહ્ય અથવા અતિશારીરિક વસ્તુ માટે વાપરવામાં આવે છે; પરંતુ આવો અર્થ ગોટાળો અને ભૂલ ઉત્પન્ન કરે છે અને તેથી આપણે જ્યારે યોગ વિશે બોલીએ અથવા લખીએ ત્યારે તે શબ્દનો ઉપયોગ સંપૂર્ણ રીતે છોડી દઈએ છીએ. સામાન્ય રીતે આપણે કેટલીક વખત Psychic શબ્દ વાપરીએ છીએ તે પણ શિથિલ પ્રચલિત અર્થમાં અથવા કવિતામાં, જેમાં આપણે કાયમ બૌદ્ધિક ચોકસાઈ વાપરવાની હોતી નથી. આપણે આત્મા વિશે પણ કેટલીક વખત સામાન્ય અર્થમાં અથવા વધારે બાહ્ય અર્થમાં અથવા તો સાચા ચૈતસિક તત્ત્વના અર્થમાં વાપરીએ છીએ.

ચૈત્યપુરુષ સપાટી પરની ક્રિયાઓ દ્વારા ઢંકાઈ ગયેલો હોય છે અને તેનાં બાહ્ય કરણો દ્વારા બને તેટલી સારી રીતે વ્યક્ત કરતો હોય છે. આ બાહ્ય કરણો ચૈત્યપુરુષની આંતરિક અસર કરતાં વિશેષ પ્રમાણમાં બાહ્ય બળો દ્વારા જ શાસિત થતો હોય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે આ કરણો આત્માથી તદ્દન અલગ પડી ગયેલાં હોય છે. જેવી રીતે શરીરમાં મન અને પ્રાણ આવેલાં છે તે રીતે જ આત્મા પણ તેની અંદર છે — પરંતુ જે શરીરમાં તે નિવાસ કરે છે તે સ્થૂલ શારીરિક ચોકઠું જ નથી. એ શરીર સૂક્ષ્મ પ્રકારનું પણ છે. જ્યારે સ્થૂલ શરીરનો કોષ ખરી પડે છે ત્યારે શરીરના પ્રાણમય અને મનોમય કોષો જ્યાં સુધી પૂરેપૂરાં ઓગળી ન જાય ત્યાં સુધી આત્માના વાહકો તરીકે ટકી રહે છે.

કોઈ છોડ કે પ્રાણીનો આત્મા પૂરેપૂરો નિષ્ક્રિય નિદ્રાવસ્થામાં હોતો નથી. માત્ર તેમની પાસે અભિવ્યક્તિ માટેનાં સાધનો માનવની પાસે જેવાં વિકસિત છે તેવાં વિકસિત હોતાં નથી. છોડની અંદર ઘણું ચૈતસિક તત્ત્વ હોય છે, પશુની અંદર પણ ઘણું ચૈતસિક તત્ત્વ હોય છે. છોડના સ્વરૂપમાં માત્ર પ્રાણમય શારીરિક તત્ત્વ જ વિકાસ પામેલું હોય છે તેથી તે પોતાની જાતને વ્યક્ત કરી શકતો નથી. પશુમાં પ્રાણમય મન હોય છે એટલે તે વ્યક્ત કરી શકે છે, પરંતુ તેની ચેતના મર્યાદિત હોય છે અને તેની અનુભૂતિઓ પણ મર્યાદિત હોય છે; તેથી માણસમાં જેટલી ચેતના અને અનુભૂતિ હોય છે અથવા તેનામાં વિકાસની જેટલી શક્યતા હોય છે તેટલા પ્રમાણમાં પ્રાણીની ચેતના અને અનુભૂતિનો વિકાસ થઈ શકતો નથી. તેમ છતાં પ્રાણીઓમાં આત્મા હોય છે અને માનવમાં રહેલા ચૈત્યપુરુષ પ્રત્યે તેઓ સહેલાઈથી પ્રત્યુત્તર આપી શકે છે.

બેશક, માણસનું 'ભૂત' એ તેનો આત્મા નથી. તે વસ્તુ યા તો માણસ પ્રાણમય શરીરમાં દૃશ્યમાન થાય છે અથવા તો માણસના કોઈ પ્રાણમય ટુકડા ઉપર કોઈ પ્રાણમય શક્તિએ અથવા સત્ત્વે કબજો જમાવેલો હોય છે. આપણો પ્રાણમય અંશ શરીરના વિસર્જન પછી પણ સામાન્ય રીતે થોડો સમય ટકી રહે છે અને ત્યાર પછી પ્રાણમય ભૂમિકામાં ચાલ્યો જાય છે અને ત્યાં પ્રાણમય કોષ ઓગળી જાય ત્યાં સુધી રહે છે. ત્યાર પછી પ્રાણમય અંશ જો મનોમય રીતે વિકાસ પામેલો હોય તો તે મનોમય કોષમાં રહીને કોઈ મનોમય લોકમાં જાય છે અને છેવટે ચૈત્યપુરુષ મનોમય કોષને પણ છોડી દે છે અને તેના આરામ કરવાના સ્થાનમાં પહોંચી જાય છે. જો મનોમય તત્ત્વ પ્રબળ વિકાસ પામેલું હોય તો આપણો મનોમય અંશ ટકી રહે છે: એ રીતે આપણો પ્રાણમય અંશ પણ ટકી શકે છે. પરંતુ તેના માટે તેઓ સાચા ચૈત્યપુરુષની આજુબાજુ સંગઠિત થઈને ચૈત્યપુરુષની આસપાસ કેન્દ્રિત થયા હોય તો જ. કારણ કે ત્યાર પછી તેઓ ચૈત્યપુરુષના અમરત્વના ભાગીદાર બને છે. નહિ તો પછી ચૈત્યપુરુષ મન અને પ્રાણને પોતાની અંદર સમાવી લે છે અને જન્મ ગ્રહણ કરવા માટેની નિદ્રામાં પ્રવેશ કરે છે.

*

લોહી ચૂસનાર પ્રેતમાં (Vampire) ચૈત્યપુરુષ હોતો નથી, કારણ કે તે પ્રેત પ્રાણમય સત્ત્વ હોય છે -- પરંતુ બધા જ માનવોમાં (તેના ઉપર પ્રાણમય સત્ત્વે અથવા વેમ્પાયરે કબજો જમાવ્યો હોય છતાં) તે બધાની પાછળ એક ઢંકાયેલો ચૈત્યપુરુષ હોય છે.

*

આત્માનું વર્ણન પરમાત્માના દિવ્ય અગ્નિના સ્ફુલિંગ તરીકે, જીવન તત્ત્વ અને ભૌતિક તત્ત્વમાં કરવામાં આવ્યું છે તે એક પ્રતીક છે. તેનું વર્ણન ચેતનાના સ્ફુલિંગ તરીકે કરવામાં આવ્યું નથી.

મનોમય, પ્રાણમય અને શારીરિક ચેતના પણ હોય છે – અને તે ચૈતસિક ચેતના કરતાં ભિન્ન પ્રકારની હોય છે. ચૈત્યપુરુષ અને ચેતના બન્ને એક નથી.

જ્યારે આત્મા અથવા 'પરમાત્માના અગ્નિનો સ્ફૂલિંગ' એક ચૈતસિક વ્યક્તિતામાં વિકાસ પામવાની શરૂઆત કરે છે, ત્યારે તે ચૈતસિક વ્યક્તિતાને ચૈત્ય પુરુષ કહેવામાં આવે છે.

આત્મા અથવા દિવ્ય સ્ફુલિંગ સંગઠિત પ્રાણ અને મનના વિકાસ પહેલાં હાજર હોય છે. આત્મા એ પરમાત્માનું કોઈક તત્ત્વ છે જે તેની અંદર રહેલા દિવ્ય તત્ત્વ તરીકે વિકાસક્રમમાં નીચે ઊતરે છે જેથી કરીને વ્યક્તિના વિકાસક્રમમાં તેને અજ્ઞાનમાંથી બહાર નીકળી પ્રકાશમાં પ્રવેશ કરવામાં સહાય કરે છે. વિકાસક્રમ દરમિયાન તે એક ચૈતસિક વ્યક્તિ અથવા આત્માની વ્યક્તિતાનો વિકાસ કરે છે અને તે મન, પ્રાણ અને શરીરરૂપી કરણોનો ઉપયોગ કરીને જન્માંતરોમાં વિકાસ કરતો જાય છે. આત્મા અમર છે જ્યારે બાકીના બીજા બધા વિખેરાઈ જાય છે; તે એક પછી એક જીવનમાં પસાર થતો જાય છે અને તેની અનુભૂતિઓનું સાર-તત્ત્વ તથા વ્યક્તિના વિકાસનું સાતત્ય સાથે લેતો જાય છે.

સમગ્ર ચેતનાએ મનોમય, પ્રાણમય અને શારીરિક ચેતનાએ પણ આરોહણ કરવાનું છે અને ઊર્ધ્વ ચેતના સાથે મિલન સાધવાનું છે. એક વખત તે મિલન થઈ જાય પછી ઊર્ધ્વ ચેતનાએ તેમની અંદર અવતરણ કરવાનું છે. આ બધી વસ્તુઓની પાછળ ચૈત્યપુરુષ રહેલો છે અને તેમને ટેકો આપી રહેલો છે.

*

અતિમનસ એ ઋત-ચેતના છે. તેની નીચે અધિમનસ આવેલું છે, જે તત્ત્વ પરમાત્માની શક્તિઓને ગ્રહણ કરે છે અને તેમને છૂટી પાડવા માટેનું કાર્ય કરે છે. તે દરેક શક્તિ પોતાના હક પ્રમાણે કાર્ય કરે છે અને પોતાનું વિશ્વ રચનાનું કાર્ય કરે છે, અથવા તો જો બીજી શક્તિઓ સાથે રહીને તેને કાર્ય કરવાનું હોય તો પોતાનું તત્ત્વ જેટલું શક્ય હોય તેટલા પ્રમાણમાં રાખવા માટે દબાણ કરે છે. અધિમનસમાં અવતરણ કરતા આત્માઓ પણ આ પ્રમાણે જ છે. વિભક્ત વ્યક્તિતાનું તત્ત્વ અહીંથી શરૂ થાય છે. શરૂઆતમાં તો પોતાના દિવ્ય મૂળ વિશે તે સભાન

હોય છે, પરંતુ જેમ જેમ તે નીચે ઊતરતું જાય છે તેમ તેમ તે વધારે વિભક્ત અને આદિ મૂળની વિસ્મૃતિવાળું થતું જાય છે અને તેના ઉપર વિભાજન અને અહંનું શાસન સ્થપાતું જાય છે. કારણ કે મન અધિમનસ કરતાં સત્યથી વધારે દૂર છે, પ્રાણમય પ્રકૃતિ અજ્ઞાનતાનાં બળોના સાક્ષાત્કારમાં નિમગ્ન હોય છે, જ્યારે જડ તત્ત્વમાં સમગ્ર વસ્તુ એવી દેખાય છે જાણે કે મૂળભૂત અચિત જ હોય. અધિમનસની માયા આ જગતનું શાસન કરે છે, પરંતુ જડ તત્ત્વમાં તે ગાઢ રીતનું અચિતરૂપ બનેલ છે જેમાંથી ચેતના ફરીથી પ્રગટ થાય છે અને ઊર્ધ્વારોહણ કરે છે અને જડ તત્ત્વમાં પ્રાણ અને મન લઈ આવે છે અને મનને ઊર્ધ્વતર પ્રદેશો તરફ ખુલ્લું કરી પહોંચાડે છે – જે પ્રદેશો સત્યની સાથે સીધા સંપર્કોમાં હોય છે તેમાં (અંતઃપ્રજ્ઞા, અધિમનસ અને અતિમનસ).

*

ઘડાયેલા આત્માઓ ઘડાયેલા સજીવોમાં પ્રવેશ કરે છે - પ્રોટોપ્લાઝમ (જીવરસ) વગેરેમાં; તે ફક્ત પરમાત્માનો સ્ફુલિંગ હોય છે, નહિ કે વિકાસ પામેલો આત્મા.

*

ચૈત્ય તત્ત્વ પ્રભુનો સ્ફુલિંગ છે અને વ્યક્તિગત અસ્તિત્વમાં અહીં ઉત્ક્રાંતિમાં રહેલો છે. તે ચૈત્યપુરુષના રૂપમાં વૃદ્ધિ પામે છે અને ઉત્ક્રાંતિ સાધે છે – તેથી સ્પષ્ટ રીતે જ તેનામાં પરમાત્માની શક્તિઓ હયાત હોઈ શકે નહિ. ફક્ત તેની હાજરી વ્યક્તિને પ્રભુ પ્રત્યે ખુલ્લા થવા માટે અને દિવ્ય ચેતનામાં વિકાસ કરવા માટે શક્તિમાન બનાવે છે અને જ્યારે તે કાર્ય કરે છે ત્યારે તે સત્ય અને પ્રકાશને અર્થે જ હોય છે અને પ્રભુ પ્રત્યે વેગથી આગળ ધપાવવા માટે જ કાર્ય કરે છે.

*

આ ચૈત્યપુરુષનું જ કાર્ય છે — તેણે દરેક ભૂમિકા ઉપર કાર્ય કરવાનું છે, જેથી કરીને દરેકને સાચા સત્ય અને પરમાત્માની વાસ્તવિકતા પ્રત્યે જાગ્રત કરે.

*

દરેક આત્મા વિકાસ પામેલો અને સક્રિય હોતો નથી; તેમજ દરેક આત્મા યોગની સાધના કર્યા સિવાય સીધેસીધો પરમાત્મા પ્રત્યે વળતો નથી. લાંબા સમય સુધી તે પરમાત્માની શોધ સીધેસીધી કરવાને બદલે માનવીઓ અને વસ્તુઓ દ્વારા કરે છે.

*

તમે મારો ઉત્તર બિલકુલ સમજ્યા નથી એવું લાગે છે. સામાન્ય ચેતના, જેમાં મન વગેરે જાગ્રત થયાં હોતાં નથી, તેમાં ચૈત્યપુરુષ તેમની મારફતે બની શકે એટલી સારી રીતે કાર્ય કરે છે, પરંતુ અવિદ્યાના નિયમો પ્રમાણે જ.

*

બધું જ પ્રકૃતિની માલિકીનું છે – આત્મા પોતે જ પરિસ્થિતિ અનુસાર અને પ્રકૃતિના કરણ દ્વારા કાર્ય કરે છે.

*

આત્મા હંમેશાં વિશુદ્ધ (પવિત્ર) હોય છે પરંતુ તેમાં રહેલાં જ્ઞાન અને અંતર્હિત રહેલાં હોય છે, અને જેમ જેમ ચૈત્યપુરુષ વિકાસ પામતો જાય છે અને વધારે સામર્થ્યયુક્ત બનતો જાય છે તેમ તેમ તેઓ બહાર આવતાં જાય છે.

*

ચૈત્યપુરુષ એ જન્મ અને પુનર્જન્મના સમયગાળામાં વિકાસ પામતો આત્મા છે અને આત્મા એ પરમાત્માનો અંશ છે – પરંતુ આત્મા સાથે બુરખાધારી પરમાત્મા–હૃષીકેશ – કાયમ હોય છે.

*

પરમાત્મા હંમેશાં આંતર–હૃદયની અંદર હોય છે, અને તેનો કદી ત્યાગ કરતા નથી.

*

ચૈત્યપુરુષ કાયમ અંતરસ્થ પરમાત્માની સાથે સંપર્કમાં હોય છે – વ્યક્તિમાં રહેલો ગુપ્ત પરમાત્મા.

*

તે બન્ને (ચૈત્યપુરુષ અને હૃદયમાં રહેલી પરમાત્માની હાજરી) તદ્દન ભિન્ન વસ્તુઓ છે. ચૈત્યપુરુષ વ્યક્તિનું પોતાનું વ્યક્તિગત આત્મ સ્વરૂપ હોય છે. તે પરમાત્મા નથી, જો કે તે પરમાત્મામાંથી ઊતરી આવેલ છે અને પરમાત્મા તરફ વિકાસ કરતો કરતો જાય છે.

*

ચૈત્યપુરુષ પરાત્પર પરમાત્મા સાથે સીધા જ સંપર્કમાં હોય છે અને પ્રકૃતિને પરમાત્મા તરફ ઊંચે દોરી જાય છે.

*

ચૈતસિક પુરુષ વ્યકિતના વિકાસક્રમનો આધાર હોય છે; તે વિશ્વરૂપ ચેતનાની સાથે સીધેસીધા સંપર્કમાં અને વ્યકિતગત મન પ્રાણ અને શરીર મારફતે કાર્ય કરતો એમ બન્ને રીતે સંકળાયેલો હોય છે.

*

ચૈત્ય પુરુષનો સાધના માટેનો ફાળો આ પ્રમાણે હોય છે :

( ૧ ) પ્રેમ અને ભકિત પરંતુ આ પ્રેમ પ્રાણમય, માગણીઓથી ભરેલો અને અહંકારયુકત નહિ, પરંતુ બિનશરતી અને માગણી વગરનો તથા સ્વયંભૂ હોય છે. ( ૨ ) અંતઃકરણમાં શ્રી માતાજીનો સંપર્ક અથવા હાજરી. ( ૩ ) અંદરથી આવતું અચૂક માર્ગદર્શન. ( ૪ ) મન, પ્રાણ અને શારીરિક ચેતનાને ચૈતસિક પ્રભાવ અને માર્ગદર્શન નીચે મૂકીને તે બધાને શાંત અને વિશુદ્ધ કરવાં. ( ૫ ) આ બધી નિમ્ન ચેતનાને ઉચ્ચતર આધ્યાત્મિક ચેતના પ્રત્યે ખુલ્લી કરી એ પ્રકૃતિમાં તેનું અવતરણ કરવા માટે એ ચેતનાને પૂર્ણ ગ્રહણશીલતા અને સાચું વલણ રાખી શકે કારણ કે ચૈતસિક તત્ત્વ દરેક વસ્તુમાં સાચો વિચાર, સાચું દર્શન, સાચી લાગણી અને સાચું વલણ લાવી આપે છે.

માણસ પોતાની મનોમય અને પ્રાણમય ચેતનાને ઉપર ઊંચે લઈ જઈ શકે છે અને ઊર્ધ્વમાંથી શકિત, આનંદ, પ્રકાશ અને જ્ઞાનને નીચે લઈ આવી શકે છે પરંતુ માણસનું સ્વરૂપ જો તૈયાર હોતું નથી અથવા પૂરતું વિશુદ્ધ નથી હોતું તો આ વસ્તુ બનવી બહુ મુશ્કેલ હોય છે અને તેનાં પરિણામો અચોક્કસ આવે છે એટલું જ નહિ પરંતુ જોખમકારક પણ હોય છે. એટલે ચૈત્ય પુરુષની સાથે ઊંચે ચડવું એ શ્રેષ્ઠ માર્ગ છે એટલે તમે આ રીતે ચૈતસિક કેન્દ્રમાંથી ઊર્ધ્વમાં જતા હશો તો તે વધારે સારું રહેશે.

તમે જે કહો છો તેમાં એવો નિર્દેશ છે કે ચૈતસિક કેન્દ્ર અને મનોમય કેન્દ્ર એકબીજાના સંપર્કમાં રહેલાં છે અને તમે તેમની મારફતે ઊર્ધ્વ ચેતનામાંથી વસ્તુઓને નીચે ઉતારી લાવો છો. પરંતુ તમે તમારા મસ્તકના કેન્દ્રને બદલે મસ્તકના કેન્દ્રની ઉપરનું કેન્દ્ર અથવા તેનાથી પણ વધારે ઉપર રહેલા કેન્દ્રની વિશાળતામાં

પહોંચ્યા નથી. જ્યારે તમારા સચેતન બનેલા ભાગો ધીરે ધીરે મસ્તકની ટોચ પાસે પહોંચે અને ત્યાર પછી તેનાથી પણ ઊર્ધ્વમાં જાય ત્યારે જ બને છે. પરંતુ આ વસ્તુ માટે તમારે બહુ ખેંચતાણ ન કરવી, અથવા દબાણ વાપરવું નહિ; તે તેની જાતે જ બની આવશે.

*

ચૈત્યપુરુષ એ આત્મા છે, હૃદયમાં રહેતો ગુપ્ત પુરુષ અને તે તેની હાજરીથી મન અને પ્રાણ અને શરીરના કાર્યને ટેકો આપે છે. પ્રાણ એટલે તૈત્તિરીય ઉપનિષદમાં કહેલો પ્રાણમય પુરુષ. જીવન-શકિતની પાછળ એ રહેલો છે; અજ્ઞાનમાં આવેલા તેના બાહ્ય સ્વરૂપમાં તે કામનામય આત્માનું સર્જન કરે છે. ઘણાખરા માણસોમાં આ કામનામય આત્મા શાસન કરે છે અને લોકો ભૂલથી તેને ઘણી વખત સાચો આત્મા તરીકે માની લે છે.

આત્મા એ ઊર્ધ્વમાં રહેલું આત્મતત્ત્વ છે; તે પ્રાણના કલંકોથી શુદ્ધ, કલંક-રહિત અને અસર રહિત હોય છે. તેના ઉપર કામના, અહંકાર કે અજ્ઞાન કોઈ અસર કરી શકતા નથી. વ્યકિતના સાચા સ્વરૂપ તરીકે તેનો સાક્ષાત્કાર થાય છે. તે આત્મા છે એટલું જ નહિ પરંતુ વધારે વિશાળ રીતે જોઈએ તો સર્વમાં રહેલા એક જ સ્વરૂપે રહેલું તથા વિશ્વમાં રહેલા આત્મતત્ત્વ તરીકે પણ તેનો સાક્ષાત્કાર થાય છે. ત્યાર પછી તે પરમાત્મા, પરમ દિવ્ય પુરુષ કહેવાય છે; આ તફાવત, તથા ચૈત્યપુરુષ અને પ્રાણ તત્ત્વ વચ્ચેનો તફાવત, એ બેને કોઈ સંબંધ નથી. જે આત્મા તરીકે ઓળખાય છે તે પ્રાણમય પુરુષ નથી.

ઘણાખરા માણસોમાં પ્રાણ કામનામય-આત્મા તરીકે અને કામનામય-પ્રકૃતિ તરીકે ચેતના ઉપર મોટા પ્રમાણમાં શાસન ચલાવે છે કારણ કે માણસો ઉપર કામનાનું રાજ્ય ચાલતું હોય છે. પરંતુ માનવ-પ્રકૃતિની સપાટી ઉપર ચેતનાનો સાચો શાસક મનોમય પુરુષ હોય છે. ઉપનિષદ અનુસાર મનોમય પુરુષ, પ્રાણ – શરીર – નેતા – છે. ચૈત્યપુરુષનો પ્રભાવ ચેતનાના પાછળના ભાગમાં હોય છે, પરંતુ વ્યકિત-એ સામાન્ય ચેતનામાંથી બહાર નીકળીને પોતાના અંતરતમ સ્વરૂપમાં પહોંચવાનું છે અને એ ચૈત્યપુરુષને ચેતનાનો શાસક બનાવવાનો હોય છે અને તે પ્રમાણે બનવું જોઈએ. યોગનું આ એક મુખ્ય લક્ષ્ય હોય છે. પ્રાણ ચેતનાનું કરણ બનવો જોઈએ નહિ કે તેનો શાસક.

પ્રાણમય સ્વરૂપ 'અહં' નથી – અહં એ મનોમય, પ્રાણમય અને શારીરિક સ્વરૂપનો બનેલો હોય છે. 'અહં' એટલે આપણી બાહ્ય સ્વરૂપની સાથે આપણું

તાદાત્મ્ય અને આપણી ઉપર આવેલા આપણા સાચા તથા આપણી અંદર રહેલા આપણા ચૈત્યપુરુષ વિશેનું અજ્ઞાન એટલે અહં.

અમુક અર્થમાં આપણી અંદર રહેલા ભિન્ન ભિન્ન પુરુષો અથવા સ્વરૂપો, ચૈત્યપુરુષ, મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ અને શારીરિક પુરુષ એ બધા આત્માના પ્રક્ષેપો છે, પરંતુ તેનું પૂર્ણ સત્ય ત્યારે જ સમજાય જ્યારે આપણે આપણા આંતર સ્વરૂપમાં પહોંચીએ અને આપણી જાત વિશેનું આંતર સત્ય પૂર્ણ રીતે જાણીએ. આપણે ઉપર સપાટીમાં અથવા અવિદ્યામાં હોઈએ ત્યારે આપણી મનોમય, પ્રાણ-મય અને શારીરિક પ્રકૃતિ કાર્ય કરે છે અને પ્રકૃતિના કાર્યમાં જાણે કે પુરુષ વિકૃત બની જાય છે. આપણે સાચા મનોમય પુરુષ કે આપણા સાચા શારીરિક પુરુષ વિશે પણ સભાન હોતા નથી; આપણા સાચા પુરુષો ઢંકાયેલા અને શાંત રીતે પાછળના ભાગમાં બેઠેલા હોય છે. આપણને સાચું જ્ઞાન પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી આપણે તો આપણા મનોમય અહં, પ્રાણમય અહં અને શારીરિક અહંને આપણા સાચા સ્વરૂપ તરીકે જાણીએ છીએ.

*

આત્મા અને પ્રાણ-શક્તિ બન્ને તદ્દન ભિન્ન શક્તિઓ છે. આત્મા પરમાત્માનો સ્ફુલિંગ છે અને તે વ્યક્તિરૂપ પ્રકૃતિને ટેકો આપે છે; મન, પ્રાણ અને શરીર પ્રકૃતિના આવિર્ભાવ માટેનાં કરણો છે. ઘણા ભાગના માણસોમાં આત્મા ગુપ્ત રહે છે અને બાહ્ય પ્રકૃતિના કાર્ય દ્વારા ઢંકાયેલો રહે છે. તેઓ પ્રાણમય પુરુષને આત્મા તરીકે માનવાની ભૂલ કરે છે, કારણ કે પ્રાણમય તત્ત્વ શરીરને સંચાલિત કરીને ગતિ આપે છે. પરંતુ આ પ્રાણમય પુરુષ કામનાઓ અને ક્રિયાશીલ બળો, સારા અને નરસાનું બનેલું હોય છે; તે કામનામય આત્મા હોય છે નહિ કે સાચો આત્મા. જ્યારે સાચો ચૈત્યપુરુષ અગ્રભાગે આવે છે અને કરણરૂપ પ્રકૃતિનાં કાર્યો ઉપર પ્રભાવ નાખીને શાસન ચલાવે છે ત્યારે માણસ પ્રાણમય કામના ઉપર કાબૂ પ્રાપ્ત કરવાની શરૂઆત કરે છે અને દિવ્ય પ્રકૃતિમાં વિકાસ પ્રાપ્ત કરવાની શરૂઆત કરે છે.

*

(૧) આત્મા અને ચૈત્યપુરુષ લગભગ એક જ છે, સિવાય કે એવી વસ્તુ-ઓમાં પણ, જેમાં ચૈત્યપુરુષે વિકાસ સાધેલો ન હોય તેમાં પરમાત્માનો સ્ફુલિંગ રહેલો છે, જેને આત્મા કહી શકીએ છીએ. ચૈત્યપુરુષને સંસ્કૃત ભાષામાં હૃદયમાં રહેલો પુરુષ અથવા ચૈત્યપુરુષ કહેવામાં આવે છે. (ચૈત્યપુરુષ એ ઉત્ક્રાંતિ દરમિયાન વિકાસ પામતો આત્મા છે.)

(૨) પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદ સાંખ્ય પદ્ધતિ અનુસાર છે – પુરુષ નીરવ સાક્ષી ચેતના છે, જે પ્રકૃતિનાં કાર્યોને ટગર ટગર જોયા કરે છે – પ્રકૃતિ એટલે પ્રકૃતિનું બળ જેને વ્યક્તિ કાર્ય કરનાર પ્રકૃતિ શક્તિ તરીકે અનુભવે છે અને વ્યક્તિ જ્યારે કાર્ય કરનાર પોતાના અહંભાવમાંથી મુક્ત થાય છે ત્યારે આ બે મૂળ તત્ત્વોનો તેને સાક્ષાત્કાર થાય છે. તે વસ્તુનો અનુભવ, મન, પ્રાણ અને શારીરિક ચેતનામાં થાય છે – ખાસ કરીને મનમાં જ્યાં મનોમય પુરુષ પોતાના સ્થાનમાં રહીને બીજાં કરણો ઉપર નિયંત્રણ કરે છે. (મનોમયઃ પુરુષઃ પ્રાણ-શરીર-નેતા.)

(૩) પ્રજ્ઞા, તૈજસ વગેરે જુદા વર્ગીકરણમાં આવે છે અને તેમને સ્વરૂપના જુદા જુદા ભાગો સાથે કોઈ કાર્ય કરવાનું હોતું નથી પરંતુ તે ત્રણ અવસ્થાઓ છે. (જાગૃત, સ્વપ્ન અને સુષુપ્ત — સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ અવસ્થાઓ)

હું માનું છું કે આપણે આ બધી ભિન્ન ભિન્ન વસ્તુઓનો સંબંધ એક-બીજાની સાથે સાંકળવાનો પ્રયત્ન ન કરવો જોઈએ – કારણ કે તેમ કરવાથી ગોટાળો ઉત્પન્ન થવાનો સંભવ છે. તેઓ એક જુદા જ વર્ગીકરણની વસ્તુઓ છે – અને અનુભૂતિઓના જુદા જ પ્રકારો છે.

*

તમારી અંદર રહેલો મનોમય પુરુષ તમારી અંદર જે વસ્તુ ચાલી રહી છે તેને જોયા કરે છે, નિરીક્ષણ કરે છે અને પછી નિર્ણય આપે છે. ચૈત્યપુરુષ આ પ્રમાણે સાક્ષીરૂપ બનીને તપાસ રાખી નિરીક્ષણ કરતો નથી, પરંતુ પોતાની અંદર રહેલી વિશુદ્ધ પ્રકૃતિ અને દિવ્ય સહજસ્ફુરણા દ્વારા તે સીધેસીધી અને તેજોમય રીતે સહજપ્રજ્ઞાથી બધી વસ્તુઓ અનુભવે છે અને જાણે છે. તેથી તે જ્યારે અગ્રભાગે આવે છે ત્યારે તમારી પ્રકૃતિમાં કઈ સાચી અને કઈ ખોટી ગતિઓ છે તેને જલદી પ્રગટ કરી દે છે.

માણસનું સ્વરૂપ આ બધાં તત્ત્વોનું બનેલું છે – પાછળ રહેલું ચૈતસિક તત્ત્વ જે સર્વ વસ્તુઓને ટેકો આપે છે, આંતર મનોમય, આંતર પ્રાણમય અને શારીરિક તત્ત્વ, તેમજ બાહ્યમાં રહેલી, મન, પ્રાણ અને શરીરની બહિર્મુખ પ્રકૃતિ, જે તેની અભિવ્યક્તિ માટેનું કરણ છે. પરંતુ તે બધાથી ઉપર એક કેન્દ્રસ્થ સ્વરૂપ (જીવાત્મા) છે જે પોતાના આવિર્ભાવ માટે તે સર્વનો ઉપયોગ કરે છે; તે દિવ્ય પરમાત્માનો અંશ છે; પરંતુ બાહ્ય મનુષ્યની પાછળ આ પોતાની સાચી વાસ્તવિકતા ઢંકાયેલી હોય છે, પરંતુ માણસ પોતાના આ અંતરતમ આત્મા અને આત્મતત્ત્વની જગાએ પોતાના મનોમય અને પ્રાણમય અહંનું સ્થાપન કરે છે. જે લોકો પોતાની જાતને

જાણે છે તેઓ તેમના જીવાત્મા વિશે સભાન બને છે; તેમ છતાં તે મન, પ્રાણ અને શરીરના કાર્યની પાછળ હંમેશાં ઊભો રહેલો હોય છે અને તેનું પ્રતિનિધિત્વ સીધે-સીધું ચૈત્યપુરુષ લે છે, જે પરમાત્માનો સ્ફુલિંગ છે. વ્યક્તિ પ્રકૃતિની અંદર રહેલા ચૈત્ય તત્ત્વનો વિકાસ થાય ત્યારે જ માણસ પોતાના ઊર્ધ્વમાં રહેલા કેન્દ્રસ્થ સ્વરૂપના સચેતન સ્પર્શની શરૂઆત કરતો થાય છે. આ પ્રમાણે જ્યારે બને છે, અને કેન્દ્રસ્થ સ્વરૂપ જ્યારે પ્રકૃતિની ગતિઓનું નિયંત્રણ કરવા અને સંગઠિત કરવાનો સચેતન સંકલ્પ કરે છે ત્યારે જ વ્યક્તિમાં વાસ્તવિક આધ્યાત્મિક, નહિ કે આંશિક અને કેવળ મનોમય અથવા નૈતિક પ્રભુત્વ, આત્મપ્રભુત્વ સ્થાપિત થાય છે.

*

ઉપનિષદ જે મનોમય પુરુષની વાત કરે છે તે મનોમય નાડીતંત્રનો સમૂહનો ભાગ નથી – તે પ્રાણ–શરીર–નેતા એવો મનોમય પુરુષ છે; એવો મનોમય પુરુષ જે પ્રાણ અને શરીરને દોરે છે, જો મનોમય નાડીતંત્રના સમૂહનો એક ભાગ હોય તો આ રીતે તેનું વર્ણન કરી શકાય નહિ. તેમજ નાડીઓના સમૂહતત્ત્વ અથવા તેનો કોઈ ભાગ પુરુષ હોય શકે નહિ – કારણ કે તે સમૂહ પ્રકૃતિએ રચેલો હોય છે. તેને મનોમય તરીકે ઉપનિષદે વર્ણવેલો છે કારણ કે ચૈત્યપુરુષ પડદાની પાછળ ઢંકાયેલો હોય છે અને માનવ પ્રાણ અને શરીરમાં મનોમય પુરુષ હોવાથી તે મનોમય જીવન જીવે છે અને નહિ કે ચૈતસિક જીવન. તેથી કરીને તેના માટે મનોમય પુરુષ એ પ્રાણ અને શરીરનો નેતા છે. તેની પાછળ રહેલો ચૈત્યપુરુષ જે આ સમગ્ર વસ્તુઓને ટેકો આપે છે તેના વિશે તે સચેતન હોતો નથી અથવા તેની શ્રેષ્ઠ પળોમાં તેને વિશે ઝાંખી રીતે સભાન હોય છે. માનવમાં ચૈત્યપુરુષના પ્રતિનિધિત્વ તરીકે મનોમય પુરુષને મુખ્ય પ્રધાન તરીકે ગણવામાં આવે છે અને ચૈત્યપુરુષ ફક્ત બંધારણીય રાજા છે; પ્રકૃતિ પોતાના કાર્ય માટેની સંમતિ મનોમય પુરુષ પાસેથી લે છે. તેમ છતાં ઉપનિષદોનું વિધાન બાહ્ય વસ્તુનું ફક્ત ઉપરછલ્લું સત્ય જ રજૂ કરે છે; તે ફક્ત માનવ માટે અને માનવની અવસ્થા સુધી જ સત્ય છે – કારણ કે પ્રાણીની અંદર કદાચ તે પ્રાણમય પુરુષ હોય, જે તેનો નેતા હોય, મન અને શરીરનો નેતા. એ કારણને લઈને જ મેં પુનર્જન્મ અને કર્મના[1] પુસ્તકને પ્રકાશન માટે મંજૂરી આપી નથી, કારણ કે આ પુસ્તકમાં

૧. આર્યમાં છૂટક છૂટક રીતે ૧૯૧૫ થી ૧૯૨૧ સુધીમાં પ્રથમ છપાયેલા કેટલાક લેખોની અપૂર્ણ હારમાળા, જે પછીથી પુસ્તકરૂપે પૂર્ણ કર્યા સિવાય પ્રકાશિત થયેલી અને તેનું શીર્ષક 'પુનર્જન્મની સમસ્યા' ( The Problem of Rebirth ) ( ૧૯૫૨ ફેબ્રુઆરી ) આપવામાં આવેલું.

સુધારો કરવાનો હતો અને તેની જગાએ વધારે ઊંડાણવાળું સત્ય મૂકવાનું હતું. મારી ઇચ્છા તેમાં પાછળથી તે પ્રમાણે કરવાની હતી, પરંતુ બાકીના લેખો પૂરા કરવાનો મને સમય મળ્યો નહિ.

*

તમે જે 'કરુણ–હાસ્યાસ્પદ' એવી પરસ્પર વિરોધી વાત કરો છો તે એવી હકીકતમાંથી આવે છે કે માનવી એક જ ટુકડાઓમાંથી બનાવાયેલો નથી પરંતુ ઘણા ટુકડાઓનો બનેલો છે, અને માનવીના દરેક ભાગને તેની પોતાની વ્યક્તિતા હોય છે. આ વસ્તુને હજુ માણસો પૂરતી રીતે સમજ્યા નથી – માનસશાસ્ત્રીઓને કાંઈક કાંઈક ઝાંખી થવા લાગી છે, પરંતુ કોઈ દ્વિવિધ કે બહુવિધ વ્યક્તિત્વનો વિશિષ્ટ દૃષ્ટાંત તેમની પાસે આવે છે ત્યારે જ તેઓ તેને ઓળખી શકે છે. યોગનું લક્ષ્ય છે એક મજબુત કેન્દ્રસ્થ સ્વરૂપનો વિકાસ કરવો (જો તેનામાં તે રીતનો વિકાસ ન થયેલો હોય તો) અને બાકીનાં બીજાં સ્વરૂપોને તેની આસપાસ સંવાદમાં ગોઠવવા, અને જે કોઈ ભાગમાં ફેરફાર કરવાનો હોય તે કરવો. જો આ કેન્દ્રસ્થ સ્વરૂપ એ ચૈત્યપુરુષ હોય તો બહુ મુશ્કેલ કામ નથી. તે જો મનોમય પુરુષ હોય, મનોમય: પુરુષ: પ્રાણ-શરીર-નેતા, તો તે કાર્ય વધારે મુશ્કેલ બને છે – સિવાય કે મનોમય પુરુષ પરમાત્માની મહત્તર સંકલ્પ અને શક્તિ દ્વારા હંમેશાં તેના સંપર્કમાં રહે અને તેની મદદ પ્રાપ્ત કરવાનું શીખી શકે.

*

તમે જે રીતે પ્રશ્ન મૂક્યો છે તેને હું સમજી શકતો નથી. દરેક ભાગને બીજા ભાગથી સ્પષ્ટ રીતે છૂટો રાખીને તેનું કાર્ય કરવા દેવું જોઈએ અને તે દરેક ભાગે ચૈતસિક તત્ત્વમાંથી અથવા ઊર્ધ્વમાંથી પોતાની અંદર સત્યને દાખલ થવા દેવું જોઈએ. ઊર્ધ્વમાંથી આવતું સત્ય તે બધા ભાગોના કાર્યને વધારે અને વધારે સંવાદમય બનાવશે. પરંતુ જ્યારે અતિમાનસ સિદ્ધ થશે ત્યારે જ સંપૂર્ણ સંવાદ પ્રાપ્ત થઈ શકશે.

*

તમને જે અનુભૂતિ થાય છે તે યૌગિક ચેતના અને આત્મ-જ્ઞાનની પ્રથમ શરત છે. સામાન્ય મન પોતાની જાતને ફક્ત એક અહંકાર અને તેની સાથેની બધી પ્રકૃતિની ગતિઓનો ખીચડો કરે છે અને પોતાની જાતને આ બધી ગતિઓમાં તાદાત્મ્ય સાધે છે અને વિચારે છે, 'આ હું કરી શક્યો છું, હું આ વસ્તુઓનો

અનુભવ કરું છું, હું વિચારું છું, હું આનંદમાં અથવા દુઃખમાં છું વગેરે. પ્રથમ આત્મજ્ઞાનની શરૂઆત થાય છે ત્યારે તમે તમારી પ્રકૃતિમાંથી અને તેની ગતિઓમાંથી અલગ પડી જાઓ છો, અને ત્યાર પછી તમે જોઈ શકો છો કે તમારા સ્વરૂપમાં ઘણાં ભાગો છે, ઘણા વ્યક્તિત્વો છે અને તે દરેક ભાગ પોતાના માટે જ અને પોતાની રીતે જ કાર્ય કરે છે. તમને બે ભિન્ન સ્વરૂપોનો અનુભવ થયો તે – એક તમારો ચૈત્યપુરુષ જે તમને માતાજી તરફ ખેંચે છે અને બીજો ભાગ એક બાહ્ય સ્વરૂપ, ઘણે ભાગે પ્રાણમય સ્વરૂપ, જે તમને બહાર ખેંચી લાવીને નિમ્ન પ્રકૃતિની લીલા તરફ નીચે ઢસડી લાવે છે. તમારી અંદર મનની પાછળ પણ રહેલો એક પુરુષ છે, જે નિરીક્ષણ કરે છે, જે સાક્ષી પુરુષ છે અને તે પ્રકૃતિની લીલાથી અનાસક્ત રહીને તેનું નિરીક્ષણ કરે છે અને કઈ વસ્તુ પસંદ કરવી તે જાણી શકે છે. તેણે પોતાની જાતને હંમેશાં ચૈત્યપુરુષની નજીક રાખવી જોઈએ અને તેની ગતિઓને ટેકો આપવો જોઈએ અને નિમ્ન પ્રકૃતિની નિમ્નગામી અને બહિર્મુખ ગતિઓનો ઇનકાર કરવો જોઈએ અને તેને ચૈત્યપુરુષના કાબૂ નીચે લાવીને તેના પ્રભાવ નીચે ફેરફાર કરવા મૂકવી જોઈએ.

*

તમે જે પરિસ્થિતિનું વર્ણન કરો છો તેનો સાર એવો નથી કે યોગ ન કરવો જોઈએ પરંતુ તમારે સ્થિર રીતે આગળ વધીને તમારા સ્વરૂપના બન્ને ભાગો વચ્ચે જે ખાઈ છે તેને પૂરી દેવી જોઈએ. જે વિભાજન છે તે સામાન્ય છે અને માનવ પ્રકૃતિમાં વૈશ્વિક છે અને ઉચ્ચતર ભાગોમાં રહેલા સંકલ્પની વિરુદ્ધમાં નિમ્ન પ્રકારના આવેગને અનુસરવામાં આવે એવું લગભગ દરેકમાં બને છે. અર્જુને કૃષ્ણને પ્રશ્ન પૂછયો તેમાં આ ઘટનાનો ઉલ્લેખ આવે છે, 'લોકોને પાપ કરવું હોતું નથી, છતાં શા માટે તેનું આચરણ કરે છે, જાણે કે તેમને કોઈ શક્તિ બળપૂર્વક તેમાં જોડતી હોય ?' અને હોરેસે પણ સ્પષ્ટ રીતે આ રીતે અભિવ્યક્તિ કરેલી છે, 'હું વધારે સારી કઈ વસ્તુ છે તે સમજું છું અને તેને અનુમોદન આપું છું, પરંતુ હું ખરાબ વસ્તુને અનુસરું છું.' એક સતત પ્રયત્ન અને અભીપ્સામાં વ્યક્તિ એક એવા વળાંકના બિંદુએ આવી પહોંચે છે જ્યારે ચૈત્યપુરુષ પોતાનો પ્રભાવ ફેલાવે છે અને જે વસ્તુ નાનો એવો તુચ્છ ફેરફાર લાગે છે પણ તે પ્રકૃતિની સમગ્ર સમતુલાને ફેરવી નાખે છે.

*

તમે બાહ્ય જાગ્રત ચેતનાને એવી રીતે સ્વીકારો છો જાણે કે તે સાચો પુરુષ અથવા સાચું વ્યક્તિત્વ અથવા સ્વરૂપ હોય અને તમે એવું તારતમ્ય કાઢો છો કે

તે આ વસ્તુ નથી પણ કોઈક બીજી જ વસ્તુ છે જેને આ સાક્ષાત્કાર થયો છે અથવા સાક્ષાત્કારમાં સ્થિર રહેલ છે. તો આવો સાક્ષાત્કાર કોઈને થયો નથી – કારણ કે અહીં એવું કોઈ નથી સિવાય કે જાગ્રત ચેતના. આ ભૂલને લઈને જ અજ્ઞાન ટકી રહે છે, અને તેમાંથી મુક્ત થઈ શકાતું નથી. અજ્ઞાનમાંથી બહાર નીકળવા માટેનું પ્રથમ પગથિયું એ છે કે સાચી હકીકત સ્વીકારી લેવી કે આ બાહ્ય ચેતના વ્યક્તિનો આત્મા નથી, તેની સાચી જાત નથી, તેનું સાચું વ્યક્તિત્વ નથી, પરંતુ સપાટી ઉપરનું કામચલાઉ ઘડતર છે અને તે સપાટી ઉપરની લીલાના હેતુ માટે રચાયેલું છે. આત્મા એ અંતરમાં રહેલો પુરુષ છે અને તે બહારની સપાટી ઉપર રહેલો નથી – બાહ્ય વ્યક્તિત્વ એ લેટિન શબ્દ ' Persona ' છે જેનો મૂળભૂત અર્થ બુરખો થતો હતો.

*

ચૈત્યપુરુષનું તમે કહો છો તેવું સ્થાન છે કારણ કે ચૈત્યપુરુષ નિમ્ન પ્રકૃતિમાં રહેલા પરમાત્મા સાથેના સંપર્કમાં હોય છે, પરંતુ આંતર-મન, આંતર-પ્રાણ અને આંતર-શારીરિક, વિશ્વરૂપ ચેતનાના ભાગરૂપ હોય છે અને દ્વંદ્વો તરફ ખુલ્લાં હોય છે – ફક્ત તેઓ બાહ્ય મન, બાહ્ય પ્રાણ અને બાહ્ય શરીર કરતાં વધારે વિશાળ હોય છે, અને પરમાત્માના પ્રભાવને વધારે વિશાળ રીતે અને સહેલાઈથી સ્વીકારી શકે છે.

*

અંગ્રેજીમાં જે રીતે Soul (આત્મા) બહુ અસ્પષ્ટ રીતે વપરાય છે તે જ રીતે અંતરાત્મા શબ્દ પણ બહુ અસ્પષ્ટ રીતે વપરાય છે – આ રીતનો ઉપયોગ કરવાથી તેની અંદર સર્વ વસ્તુઓ, આંતર-સ્વરૂપ, આંતર-મન, આંતર-પ્રાણ, આંતર-શારીરિકને પણ તથા અંતરતમ સ્વરૂપ અને ચૈતસિક તત્ત્વને પણ આવરી લેવામાં આવે છે.

*

યુરોપનું માનસ ઘણે ભાગે આત્મા + શરીરના સૂત્રથી પર કદી જઈ શક્યું નથી – અને ઘણું કરીને તે આત્મામાં મનનો સમાવેશ કરે છે અને શરીર સિવાયની બાકીની વસ્તુઓનો પણ મનમાં સમાવેશ કરે છે. કેટલાક ગુહ્યવિદો આત્મતત્ત્વ, અંતરાત્મા અને શરીર વચ્ચેનો ભેદ પાડે છે. તેમ છતાં તેમનામાં કોઈ એવો અસ્પષ્ટ ભાવ હોય છે કે આત્મા અને મન બન્ને એક જ વસ્તુ નથી, કારણ કે એક એવું વાક્ય પણ છે કે " આ માણસમાં આત્મા નથી ", અથવા " તે માણસ એક આત્મા છે. " અને તેનો અર્થ એવો છે કે તેનામાં કાંઈક એવું તત્ત્વ છે જે કેવળ મન અને

શરીરથી પર રહેલું છે. પરંતુ આ બધું ઘણું અસ્પષ્ટ છે. તેમનામાં મન અને આત્મા વચ્ચે સ્પષ્ટ ભેદ નથી અને મન અને પ્રાણ વચ્ચે કોઈ ભેદ નથી અને ઘણુંખરું તો તેઓ પ્રાણતત્ત્વને જ આત્મા માને છે.

*

પરંતુ તે વસ્તુને[1] પશ્ચિમનું વૈજ્ઞાનિક માનસ વિવાદાસ્પક માને છે અથવા ગઈ કાલ સુધી તે વસ્તુ વિવાદાસ્પદ હતી અને આજે પણ તે સાબિત થઈ શકે એમ નથી એવું તે માને છે. એવું માનવામાં આવે છે કે આત્મા વિશેનો ખ્યાલ એક ભ્રમ છે — શરીર વિશે તેમ કહી શકાય નહિ. શરીરની અનુભૂતિઓ આત્મા વિશેનો ખ્યાલ ઉપજાવી કાઢે છે અને જીવવા માટેની કામના, ભ્રમણાની નીચે લાંબા જીવન માટેના એવા ખ્યાલમાં પરિણમે છે કે આત્મા શરીર પછીથી પણ જીવંત રહે છે. પશ્ચિમના લોકો ક્રિશ્ચિયન ખ્યાલ પ્રમાણે ટેવાયેલા છે કે શરીરની સાથે આત્માનું સર્જન થાય છે — તે વિચાર ક્રિશ્ચિયન લોકોએ જ્યુ લોકો પાસેથી લીધેલો. જ્યુ લોકો પ્રભુમાં માનતા હતા, પરંતુ અમરત્વમાં નહિ — તેથી કરીને પશ્ચિમનું માનસ પુનર્જન્મના ખ્યાલની વિરુદ્ધ છે. ધર્મગુરુઓ પણ એવું માનતા હતા કે આત્મા શરીરમાં જન્મ લે છે. પરમાત્મા પ્રથમ શરીર ઘડે છે અને ત્યાર પછી તે શરીરમાં આત્માનું (પ્રાણનું ?) સ્ફુરણ કરે છે. યુરોપના લોકો માટે આ ભૂતકાળનો મનોમય વારસો ભૂલવા માટેનું કાર્ય બહુ મુશ્કેલ છે.

*

ચૈત્યપુરુષનું ઉપનિષદોમાં 'અંગૂઠાથી મોટા કદનો નહિ !' (અંગુષ્ઠમાત્ર પુરુષઃ) એવું વર્ણન આપવામાં આવ્યું છે ! ખરેખર તો આ એક પ્રતીકમય વર્ણન છે કારણ કે જ્યારે કોઈ વ્યક્તિ કોઈ માણસના ચૈત્યપુરુષનો આકાર જુએ છે તો તે તેનાથી મોટો હોય છે. આંતર સ્વરૂપ માટે માણસને એમ લાગે છે કે તે મોટું છે કારણ કે સાચું મનોમય અથવા સાચું પ્રાણમય અથવા સાચા શારીરિક સ્વરૂપની ચેતના, બાહ્ય ચેતના જે શરીરથી મર્યાદિત છે તેનાથી વધારે વિશાળ હોય છે. જો બાહ્ય વિભાગો સમગ્ર ચેતનાનો સમાવેશ કરતા હોય એવું લાગે તો વ્યક્તિ જ્યારે શારીરિક ચેતનામાં નીચે ઊતરે છે અને પ્રકૃતિની સમગ્ર પ્રક્રિયાઓ તેના ઉપર લીલા કરતી હોય એવું અનુભવે છે — ત્યારે મનોમય અને પ્રાણમય ગતિઓ પણ શારીરિક ચેતના મારફતે અનુભવાય છે અને જાણે કે જુદી જ ભૂમિકા-

---

૧. એવી માન્યતા કે શરીર આત્મા માટેનું એક કામચલાઉ, એક જિંદગી માટેનું નિવાસસ્થાન છે.

ઓની વસ્તુઓ હોય તેવું લાગે છે. પરંતુ જ્યારે વ્યક્તિ આંતર સ્વરૂપમાં જીવન ધારણ કરતો થાય છે ત્યારે તે એવી ચેતના વિશે સભાન બનતો જાય છે જે વિશ્વરૂપ ચેતનામાં ફેલાતી હોય અને બાહ્ય ચેતના તો ફક્ત સપાટી ઉપરની એક એવી ગતિ-રૂપ હોય છે જે વિશ્વશક્તિઓએ તેના ઉપર ફેંકેલી હોય.

*

હા, ચૈત્યપુરુષને એક રૂપ હોય છે. પરંતુ તે ફોટામાં દેખાતું નથી; કારણ કે ચૈત્યપુરુષનો હંમેશાં અથવા સામાન્ય રીતે એવો આકાર હોતો નથી જે સ્થૂલ શરીરને મળતો આવતો હોય; તે કેટલીક વખત ભિન્ન રૂપનો હોય છે. જ્યારે આપણે ફોટા સામે જોઈએ ત્યારે જે દેખાય છે તે એક આકાર નથી હોતો પરંતુ ચેતનાની કોઈ એવી વસ્તુ હોય છે જે યા તો શરીર દ્વારા પ્રગટ થતી હોય અથવા કોઈ પણ રીતે શરીરની આરપાર આવતી હોય છે. વ્યક્તિ ફોટા મારફતે તેનું દર્શન કરી શકે છે અથવા તેને અનુભવી શકે છે.

*

આત્મા કોઈ પણ આકાર દ્વારા મર્યાદિત નથી, પરંતુ ચૈત્યપુરુષ પોતાની અભિ-વ્યક્તિ માટે એક સ્વરૂપ તૈયાર કરે છે જે રીતે મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ શારી-રિક પુરુષો રૂપો લે છે તે પ્રમાણે — એટલે કે વ્યક્તિ પોતાના ચૈત્યપુરુષને જોઈ શકે છે અથવા બીજો માણસ પણ તેના ચૈત્યપુરુષને અમુક અમુક રૂપમાં જોઈ શકે છે. પરંતુ આ દર્શન બે પ્રકારનું હોય છે — આ સ્વરૂપની પોતાની વિશિષ્ટતાવાળું આ જીવનમાં ધારણ કરાયેલું રૂપ કોઈ જોઈ શકે છે અને બીજાં કેટલાંક પ્રતીકાત્મક રૂપો હોય છે, જેવાં કે કોઈ વ્યક્તિ પોતાના ચૈત્યપુરુષને માતાના ખોળામાં એક નવજન્મ પામેલા બાળક તરીકે જુએ.

જો આ સંદર્ભમાં સાધકે પોતાના ચૈતસિક તત્ત્વને સ્ત્રીના રૂપમાં ખરેખર જોયું હોય, તો તે ફક્ત એક ચૈત્યપુરુષનો ગુણ અથવા તેને વ્યક્ત કરતી કોઈ રચનાત્મક વિશિષ્ટ બાજુ જ હોઈ શકે.

*

૬

માનવીને હંમેશાં બે પ્રકારની જુદી જુદી ચેતનાઓ હોય છે, એક બાહ્ય ચેતના જેમાં તે સામાન્ય રીતે જીવે છે અને બીજી આંતર ચેતના જે ગુપ્ત હોય છે અને જેને વિશે તે કાંઈ પણ જાણતો નથી. જ્યારે વ્યક્તિ સાધના કરે છે ત્યારે આંતર-ચેતના ખુલ્લી થવાની શરૂઆત થાય છે અને તે અંદર જઈને ત્યાં બધી જાતની અનુભૂતિઓ પ્રાપ્ત કરે છે. જેમ જેમ સાધના પ્રગતિ કરતી જાય તેમ તેમ વ્યક્તિ પોતાના આંતર-સ્વરૂપમાં વધુ અને વધુ જીવે છે. અને બાહ્ય ચેતના વધારે અને વધારે સપાટી ઉપરની બનતી જાય છે. શરૂઆતમાં આંતર ચેતના સ્વપ્નવત્ લાગે છે અને બાહ્ય ચેતના જાગ્રત, વાસ્તવિક જેવી લાગે છે. પાછળથી આંતર ચેતના વાસ્તવિક વસ્તુ લાગે છે અને ઘણા માનવોને બાહ્ય ચેતના જાણે કે સ્વપ્ન અથવા મિથ્યા ભ્રમ લાગે છે. અથવા તો કોઈ સપાટી ઉપરની વસ્તુ અને બાહ્ય વસ્તુ લાગે છે. આંતર-ચેતના એક ગાઢ શાંતિ, પ્રકાશ, સુખ, પ્રેમ, પ્રભુ પ્રત્યેની નિકટતાનું અથવા પ્રભુની હાજરીનું અથવા માતાજીની હાજરીનું સ્થાન લાગે છે. પછીથી વ્યક્તિ બન્ને ચેતનાઓ વિશે સભાન બને છે. એક આંતર-ચેતના અને બીજી બાહ્ય જેનું તેની સામેની બાજુએ અને બીજા કરણમાં પરિવર્તન કરવાનું છે — તે પણ શાંતિ, પ્રકાશ અને પ્રભુના ઐક્યથી પૂર્ણ બનવી જોઈએ. હાલ તમે બન્ને વચ્ચે ગતિ કરો છો અને આ સમયે જે કાંઈ લાગણીઓ તમને થાય છે તે બિલકુલ સ્વાભાવિક છે. તમારે તે વિશે બિલકુલ ચિંતાતુર થવાની જરૂર નથી પરંતુ આંતર-ચેતનાના પૂર્ણ વિકાસ માટે રાહ જુઓ, જેથી જીવન ધારણ કરતા થઈ શકો.

આંતર-સ્વરૂપ એટલે ચૈત્યપુરુષ અથવા આંતર-સ્વરૂપ એમ કહેવાનો મારો અર્થ નથી. ચૈત્યપુરુષને જ પ્રેમ, ભક્તિ અને માતાજીની સાથે મિલનનો અનુભવ થાય છે. હું જે કહેતો હતો તે આંતર મન, આંતર પ્રાણ અને આંતર શારીરિક વિશે હતું. ચૈત્યપુરુષના ગુપ્ત સ્થાન પર પહોંચવા માટે વ્યક્તિએ આ બધી વસ્તુઓમાંથી પસાર થવાનું છે. જ્યારે માણસ બાહ્ય ચેતના છોડીને અંદર પ્રવેશ કરે છે ત્યારે તે અહીં પ્રવેશ કરે છે. કેટલાક માણસો અથવા ઘણાખરા પ્રથમ આંતર પ્રાણમાં પ્રવેશ કરે છે, બીજા આંતર મનમાં અથવા આંતર શારીરિકમાં ઊર્મિમય પ્રાણ એ સૌથી સીધો માર્ગ છે કારણ કે ચૈત્યપુરુષનું કેન્દ્ર સ્થાન ઊર્મિમય કેન્દ્ર પાછળ હૃદય

કેન્દ્રમાં રહેલું હોય છે. આપણા હેતુ માટે એ અનિવાર્ય છે કે આપણે આ બધા આંતર પ્રદેશો વિશે સભાન બનવું જોઈએ, કારણ કે જો તેઓ જાગ્રત થાય નહિ તો ચૈત્ય-પુરુષ માટે પોતાની પ્રવૃત્તિને લાયક યોગ્ય અને પૂરતા પ્રમાણનાં કારણો ઉપલબ્ધ ન થાય. જો કે તો પછી તેનાં કરણો માટે ફક્ત બાહ્ય મન, બાહ્ય પ્રાણ અને શરીર જ રહે અને આ કરણો બહુ ટૂંકાં, સાંકડાં અને તમોગ્રસ્ત હોય છે. તમે હજુ સુધી તો ફક્ત આંતર પ્રાણની બહારની સીમા સુધી જ પહોંચ્યા છો અને ત્યાં પણ તમે હજુ સુધી અલ્પ પ્રમાણમાં સભાન છો. ત્યાં વધારે પ્રમાણમાં સચેતન બનીને અને પછી ત્યાંથી વધારે ઊંડાણમાં જશો ત્યારે ચૈત્યપુરુષમાં પહોંચશો. તે જ સહિસલામત સ્થાન છે, (નિરાપદ સ્થાન) જેના વિશે તમે કહો છો તેવું સ્થાન ત્યાર પછી તમને જે આંતર પ્રાણના બહારની સીમાનાં ગોટાળાભર્યાં દર્શનો અને અનુભૂતિઓ થાય છે તેનાથી થતી દખલ બંધ થઈ જશે.

*

આંતર ચેતના એટલે આંતર-મન, આંતર-પ્રાણ અને આંતર-શારીરિક તથા તેમની પાછળ રહેલો ચૈત્યપુરુષ જે તેમનું અંતરતમ સ્વરૂપ છે. પરંતુ આંતર મન એટલે ઊર્ધ્વ મન નહિ; આંતર મન વિશ્વરૂપ બળોના વધારે સંપર્કમાં રહે છે અને ઊર્ધ્વ ચેતના પ્રત્યે વધારે ખુલ્લું હોય છે અને બાહ્ય અથવા સપાટી ઉપરના મન કરતાં તે વધારે ઊંડાણભર્યું અને વિશાળ ફલક ઉપર કાર્ય કરવાની શક્તિ ધરાવે છે. પરંતુ તેની મૂળભૂત પ્રકૃતિ તો તેવી જ હોય છે. ઊર્ધ્વતર ચેતના સામાન્ય મન કરતાં ઊર્ધ્વમાં રહેલી છે અને તેની કાર્ય કરવાની રીતમાં ભિન્ન હોય છે; તેનું સ્તર ઊર્ધ્વ મનથી માંડીને પ્રકાશિત મન, અંતઃપ્રજ્ઞા અને અધિમનસ મારફતે છેક અતિમનસની સીમા સુધી વિસ્તરેલું છે.

જો ચૈત્યપુરુષ મુક્ત થાય અને સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરે તો આ બધું અવિદ્યામાં ફાંફાં મારવાનું બંધ થઈ જાય. પરંતુ ચૈત્યપુરુષ અવિદ્યામય મન, પ્રાણ અને શારીરિકથી ઢંકાયેલો છે અને અવિદ્યાના ધર્મ પ્રમાણે તેમની મારફત કાર્ય કરવાની તેને ફરજ પડે છે. જો આ ઢાંકણમાંથી તે મુક્ત થાય તો તે પોતાની પ્રકૃતિ પ્રમાણે કાર્ય કરી શકે અને મુક્ત અભીપ્સા સાથે ઊર્ધ્વ ચેતનાના સીધા સંપર્કમાં રહીને અવિદ્યામય પ્રકૃતિમાં રૂપાંતર સાધવાની શક્તિ સહિત તે કાર્ય કરી શકે.

*

આપણા સ્વરૂપમાં મનોમય પ્રાણ અથવા સૂક્ષ્મ શારીરિકની ભૂમિકાઓના મહત્તર ગુણો હોય છે — તે પુરુષ હોય છે અને ચૈત્યપુરુષની માફક, જો કે બીજી રીતે, તે

પરમાત્માનો પ્રક્ષેપ હોય છે, તેથી તે ચેતનાના સંપર્કમાં હોય છે અને તેનું કાંઈક પ્રતિબિંબ પડતું હોય છે, જો કે તે સંપૂર્ણ રીતે તે જ વસ્તુ નથી – તે વિશ્વરૂપ સત્યના સંવાદમાં હોય છે.

*

માણસમાં તેની સમગ્ર પ્રાણમય પ્રકૃતિની પાછળ તેનો સાચો પ્રાણમય પુરુષ હોય છે. પરંતુ તે ગુપ્ત અને અચલ હોય છે, જે સપાટી ઉપરની પ્રાણમય પ્રકૃતિથી ભિન્ન હોય છે. સપાટી ઉપરનો પ્રાણ સંકુચિત, અજ્ઞાનમય, મર્યાદિત તથા તમોમય કામનાઓ, આવેગો, ઝંખનાઓ, બંડો તથા અસ્થાયી આનંદો અને દુઃખો, ઉત્સાહો અને નિરુત્સાહોથી તમોગ્રસ્ત રીતે પૂર્ણ છે. જ્યારે સાચો પ્રાણમય પુરુષ વિશાળ, બૃહદ, સ્થિર સામર્થ્યયુક્ત, અમર્યાદિત, ચોક્કસ અને અચલ છે, સર્વ શક્તિ, સર્વ જ્ઞાન અને સર્વ આનંદ પ્રાપ્ત કરી શકે એવો હોય છે. તે ઉપરાંત તે અહંકાર રહિત હોય છે, કારણ કે તે જાણે છે કે તે પોતે પરમાત્માનો પ્રક્ષેપ અને કરણ છે; તે દિવ્ય યોદ્ધો છે, વિશુદ્ધ અને પૂર્ણ; તે સર્વ દિવ્ય સાક્ષાત્કારો પ્રાપ્ત કરવાની કરણરૂપ શક્તિ છે. તમારી અંદર આ સાચો પ્રાણમય પુરુષ જાગ્રત થયો છે અને તમારી અંદર અગ્રભાગે આવ્યો છે. તે જ પ્રમાણે એક સાચો મનોમય પુરુષ હોય છે તથા સાચો શારીરિક પુરુષ પણ હોય છે. જ્યારે આ પુરુષો આવિર્ભાવ પામે છે ત્યારે તમારી અંદર રહેલા દ્વિવિધ અસ્તિત્વ વિશે તમે સભાન બનો છો; તમારી પાછળ રહેલ તત્ત્વ હંમેશાં સ્થિર અને સામર્થ્યયુક્ત હોય છે, ફક્ત બાહ્ય અસ્તિત્વ જ મુશ્કેલીરૂપ અને તમોગ્રસ્ત હોય છે, પરંતુ જો તમારી પાછળ રહેલું સાચું સ્વરૂપ સ્થિર રહે અને તેમાં તમે જીવતા થાઓ, તો મુશ્કેલી અને તમોગ્રસ્તતા ફક્ત બાહ્ય સપાટી ઉપર જ રહે; આવી પરિસ્થિતિમાં પછી બાહ્ય ભાગોની સાથે વધારે સમર્થ રીતે કાર્ય કરી શકાય અને તે ભાગોને પણ મુક્ત અને પૂર્ણ બનાવી શકાય.

*

સાચો પ્રાણ ઊર્ધ્વ ચેતનાની ગતિઓને સ્વીકારી શકે છે અને ત્યાર પછી તેનાથી પણ વધારે શક્તિશાળી અતિમાનસ શક્તિ અને આનંદને ઝીલી શકે છે. જો તે પ્રમાણે ન હોય તો ઊર્ધ્વ ચેતનાનું અવતરણ અશક્ય બની જાય અને અતિમાનસિકરણ પણ અશક્ય બની જાય. એનો અર્થ એવો નથી કે તેના પોતાનામાં તેની સત્તા વડે આ શક્તિઓને તે ધારણ કરે છે અને જ્યારે વ્યક્તિ આ સાચા પ્રાણમય તત્ત્વ તરીકે સભાન બને છે ત્યારે સાચા પ્રાણમાં અંતર્હિત થયેલી હોય તેવી રીતે આ વસ્તુઓને પ્રાપ્ત કરે છે.

*

સાચો પ્રાણ એ આંતર ચેતનામાં રહેલો છે; બાહ્ય પ્રાણ વ્યક્તિત્વની સપાટીમાં પ્રકૃતિની હાલની લીલા માટેનું એક કરણ છે. જ્યારે પરિવર્તન આવે છે ત્યારે સાચો ઋણ બાહ્ય પ્રાણની ગતિઓમાં પોતાના સત્યની સાથે સંવાદમાં ન હોય તે વસ્તુઓનો ઇનકાર કરે છે અને તેની પોતાની અભિવ્યક્તિનું કરણ બનાવે છે, નહિ કે નિમ્ન પ્રકૃતિમાંથી આવતાં સૂચનોને પ્રત્યુત્તર આપતું કરણ. બન્ને વચ્ચેનો મોટો તફાવત લગભગ અદૃશ્ય થાય છે.

*

સાચી પ્રાણમય ચેતના એક એવી ચેતના છે જેમાં પ્રાણ પૂર્ણ સમર્પણ કરે છે, પોતાની જાતનું પરમાત્માના કરણમાં રૂપાંતર કરે છે, કોઈ પણ માગણી કરતી નથી, કોઈ પણ કામના માટે આગ્રહ રાખતી નથી; ફક્ત માતાજીની શક્તિને જ પ્રત્યુત્તર આપે છે, અને બીજી કોઈ પણ શક્તિને નહિ. તે સ્થિર, બિન-અહંકારી, પૂર્ણ વફાદારી અને આજ્ઞાધીનતા દર્શાવે છે, અને તેમાં કોઈ મિથ્યાભિમાન કે મહત્વાકાંક્ષા હોતાં નથી, અને ફક્ત એક વિશુદ્ધ અને પૂર્ણ કરણ બનવાની જ માગણી કરે છે, પોતાની જાત માટે કોઈ ઇચ્છા કરતી નથી, સિવાય એક જ ઇચ્છા કે પોતાની અંદર અને દરેક જગાએ સત્યનો વિજય થાય અને પરમાત્માનો વિજય પ્રાપ્ત થાય તથા પરમાત્માનું કાર્ય સિદ્ધ થાય.

*

તે ( પ્રકાશિત પ્રાણ ) દિવ્ય શક્તિના સંપર્કમાં હોય છે અથવા ઉચ્ચતર સત્યના સંપર્કમાં હોય છે અને પોતાની જાતનું રૂપાંતર સાધવા તથા સાચું કરણ બનવાનો પ્રયત્ન કરે છે – તે સામાન્ય ગતિઓનો ઇનકાર કરે છે.

*

જો આંતર સ્વરૂપ આવિર્ભાવ ન પામે અથવા કાર્ય ન કરે તો બાહ્ય સ્વરૂપ કદી પણ રૂપાંતર પામશે નહિ.

*

બાહ્ય ચેતના ઘણુંખરું સામાન્ય જીવનમાં પોતાની જાતને પ્રગટ કરે છે. તે બાહ્ય, મનોમય, પ્રાણમય અથવા શારીરિક ચેતના હોય છે. થોડા ઘણા સાધકો સિવાય બાકીના બીજા બધામાં તે આંતર સ્વરૂપની સાથે બહુ સંપર્કમાં હોતી નથી – ધીરે ધીરે સાધનાથી ક્રમે ક્રમે વ્યક્તિ તે બન્ને સ્વરૂપોને એકત્રિત કરે છે.

*

આંતર મન અને આંતર-પ્રાણ પોતાનો પ્રભાવ જમાવે છે અને તેમની શક્તિઓ અથવા સૂચનોને બહાર મોકલે છે. બાહ્ય ચેતના પોતાનાથી બને તેટલી સારી રીતે કેટલીક વખત તેમને ગ્રહણ કરે છે અને કેટલીક વખત તેમને અનુસરતી નથી. બાહ્ય ચેતના ઉપર તેઓ કેટલું કાર્ય કરે છે તેનો આધાર વ્યક્તિ કેટલા આંતર જીવનમાં જીવે છે તેના ઉપર છે. દા.ત. કવિ, સંગીતકાર, કલાકાર, ચિંતક ઘણે ભાગે આંતર જીવનમાં જીવતા હોય છે – તેઓ પ્રતિભાશાળી વ્યક્તિઓ હોય છે અને પોતાના આદર્શ મુજબ જીવતા હોય છે. પરંતુ એવા પણ પુષ્કળ માણસો છે જેઓમાં આંતર જીવન બહુ ઓછું હોય છે અને તેઓ સમગ્ર રીતે પ્રકૃતિનાં બળોના નિયંત્રણમાં હોય છે.

*

જેમ જેમ માણસ એક જીવન પછી બીજા જીવનમાં અનુભવ એકત્રિત કરતો થાય છે, મનોમય અથવા પ્રાણમય, તેમ તેમ આંતર મન અને આંતર પ્રાણ પણ આપણે જે રીતે આપણી આંતર અનુભૂતિઓનો ઉપયોગ કરીએ છીએ અને સ્વરૂપના વિકાસ માટે તેમનો જેટલો ઉપયોગ થાય છે તે પ્રમાણે તે વિકાસ પામતાં જાય છે.

*

બાહ્ય સ્વરૂપ અભિવ્યક્તિનું એક સાધન છે નહિ કે પોતાની જાત. માણસે તેની સાથે પોતાની એકતા સાધવાની નથી કારણ કે તે જે અભિવ્યક્તિ કરે છે, તે જૂની અવિદ્યામય પ્રકૃતિ દ્વારા પોતાનું ઘડાયેલું વ્યક્તિત્વ છે. જો તેની સાથે તદ્રુપતા કરવામાં ન આવે તો વ્યક્તિ તેમાં એવું પરિવર્તન સાધી શકે જેથી તે પોતાનું સાચું પ્રકાશપૂર્ણ વ્યક્તિત્વ પ્રગટ કરી શકે.

*

તેઓ (બાહ્ય મન, પ્રાણ અને શરીર) નાનાં છે પરંતુ બાહ્ય રીતે તુચ્છ દેખાતાં છતાં તેઓ અગત્ય વગરનાં નથી – કારણ કે તેઓ બાહ્ય જગત અને આત્મા વચ્ચે આંતર વ્યવહાર કરવા માટેનો જરૂરી માર્ગ છે.

*

બાહ્ય ચેતના શરીરની મર્યાદામાં અને શરીર ઉપર આધાર રાખતા વ્યક્તિગત મનના નાના ટુકડામાં અને ઇન્દ્રિયોમાં પુરાયેલી હોય છે – તે બાહ્ય વસ્તુ જ જોઈ શકે છે, કેવળ વસ્તુઓ જ. પરંતુ આંતર ચેતના વસ્તુની પાછળ જોઈ શકે છે; તે

વ્યકિતગત અથવા વિશ્વરૂપ બળોની લીલા વિશે સભાન હોય છે — કારણ કે તે વૈશ્વિક કાર્ય સાથેના સચેતન સંપર્કમાં હોય છે.

*

આપણું આંતર સ્વરૂપ, વિશ્વરૂપ મન, પ્રાણ અને જડ તત્ત્વના સંપર્કમાં હોય છે; તે સર્વના એક ભાગરૂપે હોય છે, પરંતુ તે હકીકતને લઈને જ તેને મુક્તિ અને શાંતિ પ્રાપ્ત થતાં નથી. તમે કદાચ આત્મા વિશે વિચારતા હો, અને તમે તેનો આંતર સ્વરૂપની સાથે ગોટાળો કરતા હશો.

*

આંતર સ્વરૂપ કદી ઉપરના સ્થાનમાં ન હોઈ શકે, તે ઊર્ધ્વની સાથે જોડાઈ શકે, તેમાં પ્રસરણ પામી શકે અને ઊર્ધ્વતત્ત્વ તેનામાં પણ પ્રવેશ પામી શકે. જો તે ઊર્ધ્વમાં સ્થિત હોય તો પછી તે આંતર સ્વરૂપ ન હોઈ શકે.

*

તમે આંતર સ્વરૂપ ચૈત્યપુરુષની આસપાસ હોય છે એમ કયા અર્થમાં કહો છો તે મને સમજાતું નથી. બાહ્ય મન, પ્રાણ અને શારીરિક કરતાં તે ચૈતસિક તત્ત્વની વધારે નજીક હોય છે, પરંતુ તેથી એ ફક્ત ચૈતસિક તત્ત્વ પ્રત્યે જ ખુલ્લું હોય છે અને બીજાં વૈશ્વિક બળો પ્રત્યે ન ખુલ્લું હોય એવી કોઈ ખાતરી મળતી નથી.

*

ચૈત્યપુરુષની પાછળ શાંતિ હોઈ શકે — પરંતુ આંતર-મન, આંતર-પ્રાણ અને આંતર-શારીરિક ખાતરીપૂર્વક નીરવ ન હોય — તેઓ તો ગતિઓથી સભર હોય છે. ઊર્ધ્વ ચેતનાનો પાયો શાંતિ ઉપર હોય છે.

*

આંતર સ્વરૂપ ઘણે ભાગે અશાંત હોતું નથી, પરંતુ તે બાહ્ય સ્વરૂપની માફક સ્થિર યા તો અસ્થિર પણ હોઈ શકે.

*

દરેકમાં રહેલા આંતર વિભાગો ગ્રામ્ય ચેતના અથવા ઊર્ધ્વ ચેતનાવાળા હોઈ શકે, જે પ્રમાણે તેઓ અવિદ્યાનાં બાહ્ય બળો તરફ વળેલા હોય કે ઊર્ધ્વમાંથી આવતાં બળો અને ચૈત્યપુરુષનાં આંતરિક દબાણ તરફ અભિમુખ થયેલા હોય તે પ્રમાણે હોય

છે. બધી શક્તિઓ ત્યાં રમત માંડી શકે છે. બાહ્ય સ્વરૂપ જ અમુક લક્ષણમાં, અમુક વલણોમાં અને અમુક ગતિઓમાં નિશ્ચિત થયેલું હોય છે.

*

આંતર સ્વરૂપ પોતાના માટે સમય લે છે, જે કેટલીક વખત શારીરિક પરિવર્તન કરતાં ધીમો હોય છે અથવા વધારે ઝડપી હોય છે.

*

## ૭

વ્યક્તિ કેવળ ભૌતિક શરીરમાં જ મર્યાદિત હોતી નથી – ફક્ત બાહ્ય ચેતનાને જ એ પ્રમાણે લાગણી થાય છે. જ્યારે માનવી આ મર્યાદિતતાની લાગણીથી પર થાય છે ત્યારે તેને શરીરની સાથે જોડાયેલી આંતર-ચેતનાનો પ્રથમ અનુભવ થાય છે, પરંતુ તે કેવળ તેટલામાં જ રહેતો નથી પરંતુ શરીરથી પર રહેલી ચેતનાની ભૂમિકાઓ છે એવું તેને પછીથી લાગે છે અને એક એવી ચેતના જે શરીરની આસપાસ વિંટળાયેલી છે, અને તે પણ પોતાની જાતનો એક ભાગ છે, વ્યક્તિગત સ્વરૂપનો એક ભાગ, જેની મારફતે વ્યક્તિ વિશ્વરૂપ બળોની સાથે તેમજ અન્ય સત્ત્વોની સાથે સંપર્કમાં આવે છે.

આ છેલ્લી બાબત જે મેં કહી તેને મેં પર્યાવરણની ચેતના કહી છે.

*

દરેક માણસને એક પોતાની વ્યક્તિગત ચેતના હોય છે, જે તેના શરીરમાં બંધાયેલી હોય છે, અને તે તેની આસપાસના સંજોગો સાથે પોતાના શરીર અને ઇન્દ્રિયો મારફતે અને આ ઇન્દ્રિયોના ઉપયોગ કરતા મન મારફત સંપર્કમાં આવે છે.

તેમ છતાં તેને જાણ પણ ન હોય તે રીતે સર્વ સમયે વિશ્વરૂપ બળો તેનામાં વરસતાં જ હોય છે. તે પોતે તો ફક્ત સપાટી ઉપર ઊઠી આવતા વિચારો, લાગણીઓ વગેરે વિશે સભાન હોય છે અને તે બધી વસ્તુઓને તેની પોતાની વસ્તુઓ તરીકે સ્વીકારી લે છે. ખરેખર તો તે બધાં બહારથી અંદર આવતાં મનનાં આંદોલનો, પ્રાણનાં આંદોલનો અને લાગણીઓ અને આવેગો વગેરેનાં આંદોલનો તરીકે અંદર

પ્રવેશ કરે છે, અને તેઓ તેની પોતાની અંદર અમુક રૂપો ધારણ કરે છે અને અંદર પ્રવેશ કર્યા પછી બહાર સપાટી ઉપર ઊઠી આવે છે.

પરંતુ તે બધાં બળો એકાએક શરીરમાં પ્રવેશ કરતાં નથી. માણસ પોતાની આસપાસ એક પર્યાવરણયુક્ત ચેતના જેને થિયોસૉફિસ્ટો Aura (પ્રભાચક્ર) કહે છે, તેમાં પ્રથમ તેઓ પ્રવેશ કરે છે – જો તમે તમારી આ પર્યાવરણયુક્ત ચેતના વિશે સચેતન હો તો પછી તમે વિચારને, આવેગને કે સૂચનને અથવા માંદગીના શક્તિશાળી સૂચનને પકડી શકો છો અને તેને તમારી અંદર પ્રવેશ કરતાં અટકાવી શકો છો. તમે તમારી અંદર આવેલી વસ્તુઓને ફેંકી દો, છતાં તેઓ એકદમ ચાલી જતી નથી પરંતુ તમારી આ પર્યાવરણની ચેતનાના વાતાવરણમાં આશ્રય લે છે અને પછી ફરીથી ત્યાંથી પ્રવેશ કરવા માટે પ્રયત્ન કરે છે. અથવા તો તેઓ થોડા અંતરે બહાર ચાલી જાય છે પરંતુ તેઓ બહારની સીમાઓ ઉપર અથવા તેનાથી પણ થોડે દૂર રહે છે, અને પ્રવેશ કરવાની તેમને તક મળે ત્યાં સુધી તેઓ રાહ જુએ છે.

*

તે બન્ને (અવચેતન અને પર્યાવરણની ચેતના) બિલકુલ ભિન્ન વસ્તુઓ છે. અવચેતનમાં સંઘરાયેલી વસ્તુઓ – છાપો, સ્મૃતિઓ ત્યાંથી સચેતન ભાગોમાં ઊઠી આવે છે. પર્યાવરણના ભાગમાં વસ્તુઓ સંઘરાતી નથી પરંતુ ચોંટી જાય છે, જો કે તેઓ ત્યાં હરીફરી શકે છે. તે ચંચળતાથી ભરપૂર હોય છે અને તરંગોનું ક્ષેત્ર હોય છે. અથવા બળોને આવન-જાવન કરવાનો માર્ગ હોય છે.

*

તે (પર્યાવરણની ચેતના) ત્યારે શાંત થઈ શકે જ્યારે તેનામાં વિશાળતા આવે. આપણે તેના વિશે સચેતન બની શકીએ છીએ અને તેની આરપાર જે પસાર થતું હોય તેની સાથે કાર્ય કરી શકીએ છીએ. તેના વગરનો માણસ જગતના બાકીના ભાગ સાથે સંપર્કવિહીન રહે.

*

## ૮

વ્યક્તિમાં રહેલી ચેતના પોતાની જાતને વિશાળ કરીને એક બહાર રહેલી વિશ્વરૂપ ચેતનામાં પરિણમે છે અને તેની સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરી શકે છે, તેમાં પ્રવેશ કરી શકે છે, તેની ગતિઓને જાણી શકે છે, તેના ઉપર કાર્ય કરી શકે છે અથવા તેનામાંથી ગ્રહણ કરી શકે છે, તેના જેટલી જ બરોબર થઈ શકે છે અથવા તેને પણ ધારણ કરી શકે છે. પ્રાચીન યોગોની ભાષામાં તેને તમારી પોતાની અંદર રહેલું બ્રહ્માનંદ કહેવાતું.

વિશ્વરૂપ ચેતના એટલે વિશ્વની ચેતના, વિશ્વરૂપ આત્મતત્ત્વની અને વૈશ્વિક પ્રકૃતિની ચેતના, તેમજ બધાં પ્રાણીઓ અને તેમાં રહેલાં બળોની ચેતના. તે સર્વ સમગ્ર રીતે એટલું જ સચેતન છે, જે રીતે વ્યક્તિ અલગ રીતે સચેતન છે, જો કે તે ભિન્ન રીતે. વ્યક્તિની ચેતના તેના ભાગરૂપે છે, પરંતુ તે ભાગ પોતાને એક અલગ સ્વરૂપ તરીકે માને છે. પરંતુ તે પોતે જે કાંઈ છે તેમાંનું ઘણુંખરું વિશ્વરૂપ ચેતનામાંથી તેની અંદર આવે છે. પરંતુ તે બન્ને વચ્ચે ભેદ પાડનારી એક અવિદ્યાની દીવાલ છે. એક વખત તે દીવાલ તૂટી પડે ત્યારે વ્યક્તિ વિશ્વરૂપ આત્મા વિશે સભાન બને છે, તે વિશ્વરૂપ પ્રકૃતિની ચેતના વિશે અને તેની અંદર લીલા કરતાં બળો વગેરે વિશે સભાન બને છે. જે રીતે સ્થૂલ વસ્તુઓ અને બનાવો વિશે તેને હાલ અનુભવો થાય છે તે પ્રમાણે જ તે સર્વ વસ્તુઓને અનુભવે છે. તે સર્વ વસ્તુઓને પોતાના વિશાળતર અથવા વિશ્વરૂપ આત્મતત્ત્વ સાથે એકરૂપ જાણે છે.

એક વૈશ્વિક મનોમય, વૈશ્વિક પ્રાણમય અને વૈશ્વિક ભૌતિક પ્રકૃતિ હોય છે અને તેમાં રહેલાં બળો અને ગતિઓની પસંદગીમાંથી વ્યક્તિગત મન, પ્રાણ અને શારીરિક ઘડાય છે. મન, પ્રાણ અને શરીરની આ પ્રકૃતિથી આત્મા પર રહેલો છે. તે પરાત્પરની વસ્તુ છે અને તેને લઈને આપણે ઊર્ધ્વમાં રહેલી પરા પ્રકૃતિ પ્રત્યે ખુલ્લા થઈ શકીએ છીએ.

પરમાત્મા કાયમ એક તત્ત્વ છે અને તે જ અનેક તત્ત્વો છે. વ્યક્તિગત આત્મા એકમેવનાં 'અનેક' પાસાંઓનો એક ભાગ છે અને તે આ પાર્થિવ પ્રકૃતિમાં ઉત્ક્રાંતિ માટે એક ચૈત્યપુરુષ અહીં મૂકે છે. મુક્તિમાં વ્યક્તિનો આત્મા પોતાની જાતને એક (જે અનેક પણ છે) તરીકે સાક્ષાત્કાર કરે છે. તે એકમેવમાં ડૂબકી મારી

દે છે અને તેમાં નિમજ્જન થઈ જાય છે અથવા તેના તળિયે પોતાની જાતનો લોપ કરી દે છે – તે જ અદ્વૈતનો લય છે. તે પરમાત્મા સાથે પોતાના ઐક્યનો અનુભવ કરે છે અને તેમ છતાં અનેક જે એકમેવ છે તેના ભાગ તરીકે પરમાત્માનો આનંદ લે છે, તે દ્વૈતાદ્વૈત મુક્તિ છે; તે અનેકનાં પાસાંને અગ્રભાગે રાખીને પરમાત્માનો જ બની રહે છે તે વિશિષ્ટાદ્વૈત છે, અથવા તે શાશ્વત વૃંદાવનમાં કૃષ્ણ સાથે લીલા કરતો રહે છે તે દ્વૈત મુક્તિ છે. અથવા તો મુક્તિ પ્રાપ્ત કર્યા પછી પણ લીલામાં અથવા આવિર્ભાવમાં રહી શકે છે અથવા તેને પસંદ પડે તેટલી વખત તે આવિર્ભાવમાં નીચે ઊતરી શકે છે. માનવ દર્શનશાસ્ત્રોથી પરમાત્મા બંધાયેલો નથી – તેની લીલામાં તેમજ તેના મૂળભૂત તત્ત્વમાં તે મુક્ત છે.

*

વિશ્વરૂપ 'universal' અને 'વૈશ્વિક' (cosmic) શબ્દો વચ્ચે કોઈ તફાવત નથી. સિવાય કે વિશ્વરૂપ શબ્દ વૈશ્વિક શબ્દ કરતાં વધારે મુક્ત અર્થમાં વપરાય છે. વિશ્વરૂપ એટલે 'વિશ્વને લગતું', વૈશ્વિક રીતનું સામાન્ય અર્થમાં પરંતુ તેનો અર્થ 'સર્વ માટે સામાન્ય' પણ લઈ શકાય. દા.ત., 'આ વિશ્વરૂપ નબળાઈ છે.' – પરંતુ તમે એમ ન કહી શકો કે 'આ વૈશ્વિક નબળાઈ છે.'

*

(૧) આધ્યાત્મિક ચેતના એવી ચેતના છે જેમાં આપણે આત્મા, જીવાત્મા અને પરમાત્માની સભાનતામાં પ્રવેશ કરીએ છીએ અને આપણે દરેક વસ્તુમાં તેમની મૂળભૂત વસ્તુને જોઈ શકીએ છીએ તથા બળોની લીલાને અને દૃશ્યમાન વ્યાપારને એક મૂળભૂત વાસ્તવિકતાના ઉદ્‌ગમ સ્થાનમાંથી નીકળતી નિહાળીએ છીએ.

(૨) વૈશ્વિક ચેતના એવી ચેતના છે જેમાં અહંકારની વ્યક્તિગત મનની અને શરીરની મર્યાદાઓ અદૃશ્ય થઈ જાય છે અને વ્યક્તિ વૈશ્વિક વિશાળતા વિશે સભાન બને છે. આવી વિશાળતા વૈશ્વિક આત્મતત્ત્વથી સભર હોય છે અને વિશ્વરૂપ જડતત્ત્વની શક્તિઓ અને વિશ્વરૂપ અધિમનસ શક્તિઓ વિશે સભાન હોય છે. પરંતુ વ્યક્તિ આ બધી વસ્તુઓ વિશે એકસાથે સચેતન બનતી નથી. વિશ્વરૂપ ચેતનાનું ઉદ્ઘાટન ક્રમિક રીતે થાય છે. એમાં એવું નથી હોતું કે અહંકાર, શરીર અને અંગત મન નાશ પામે છે, પરંતુ વ્યક્તિ એ બધાને પોતાની જાતના એક ભાગ તરીકે અનુભવે છે. વ્યક્તિને બીજા બધા માણસો પણ પોતાની જાતના એક ભાગ તરીકે અથવા પોતાની જાતનાં ભિન્ન ભિન્ન પુનરાવર્તનો લાગે છે, પોતાનો જ

આત્મા પ્રકૃતિ દ્વારા બીજાં શરીરોમાં ફેરફાર પામેલો હોય એવું લાગે છે. અથવા ઓછામાં ઓછું વિશાળતર વિશ્વરૂપ આત્મતત્ત્વમાં તે જીવન ધારણ કરતો થાય છે અને ત્યાર પછી પોતાની વધારે મહત્તર વાસ્તવિકતામાં તે રહેતો થાય છે. હકીકતમાં બધી વસ્તુઓની પ્રકૃતિ અને દેખાવ બદલવાની શરૂઆત કરે છે; જે લોકો પોતાની જાતની અંદર બંધાયેલા રહે છે તેના કરતાં આવી વ્યક્તિની વિશ્વ વિશેની અનુભૂતિ બિલકુલ ભિન્ન હોય છે. વ્યક્તિ વસ્તુઓ વિશે એક ભિન્ન પ્રકારની અનુભૂતિથી જ્ઞાન પ્રાપ્ત કરે છે, જે વધારે સીધેસીધું હોય છે અને તેના માટે બાહ્ય મન અને ઇન્દ્રિયો ઉપર તેને આધાર રાખવો પડતો નથી. તેમાં એવું નથી કે ભૂલ થવાનો સંભવ જ ન હોય કારણ કે જ્યાં સુધી કાંઈ પણ પ્રકારનું મન જ્ઞાનને ઉતારવા માટેનું કરણ તરીકે હોય, ત્યાં સુધી ભૂલ થવી શક્ય બને છે; પરંતુ અનુભૂતિની, દર્શનની, જ્ઞાનની અને વસ્તુઓ સાથેના સંપર્ક માટેની એક નવીન પ્રકારની વિશાળ અને ગહન રીત હોય છે; અને જ્ઞાનના સીમાડાઓને અમર્યાદ કક્ષા સુધી પાછું વીંટી શકાય છે. વૈશ્વિક ચેતનામાં જે વસ્તુ વિશે સાવધાન બનવાનું છે તે એક વિસ્તૃત બનેલા 'અહં' વિશે તથા વિરોધી બળોના વિશાળ હુમલાઓ વિશે છે – કારણ કે તેઓ પણ વૈશ્વિક ચેતનાના ભાગ રૂપે હોય છે – અને એક વૈશ્વિક માયા (અજ્ઞાન, અવિદ્યા) આત્માને વિશ્વરૂપ સત્યમાં વિકાસ સાધવામાંથી અટકાવવા પ્રયત્ન કરે છે. આ વસ્તુઓ અનુભવમાંથી શીખવાની છે; મનોમય-શિક્ષણ અથવા સમજૂતી બિલકુલ અપૂર્ણ છે. વિશ્વરૂપ ચેતનામાં સહિસલામત રીતે પ્રવેશ કરવા માટે તથા તેમાંથી સહિસલામતિથી પસાર થવા માટે એક સમર્થ કેન્દ્રસ્થ અહંકાર રહિત સત્યનિષ્ઠા હોવી જરૂરી છે તથા એક એવો ચૈત્યપુરુષ હોવો જોઈએ જે સત્યના દિવ્યીકરણ તથા પરમાત્મા પ્રત્યે અસ્ખલિત રીતે લઈ જવા માટે પ્રકૃતિના અગ્રભાગે રહેવો જોઈએ.

(૩) સામાન્ય ચેતના એવી છે જેમાં માણસ ફક્ત અથવા મુખ્યત્વે બુદ્ધિથી બાહ્ય મનથી અને ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે અને શક્તિઓ વગેરેને ફક્ત બાહ્ય આવિર્ભાવો અને પરિણામો દ્વારા જાણે છે, અને આ બધા મસાલાઓમાંથી બાકી બધી વસ્તુઓનું અનુમાન કરે છે. તેમાં કેટલીક વખત મનોમય પ્રેરણાની રમત હોય, કોઈક વખત ઊંડાણમાંથી આવતાં ચૈતસિક દર્શન અથવા આધ્યાત્મિક સૂચનો વગેરે હોઈ શકે – પરંતુ સામાન્ય ચેતનામાં આ બધી વસ્તુઓ આકસ્મિક રીતે બનતી હોય છે અને તેના મૂળભૂત ગુણોમાં ફેરફાર થતો હોતો નથી.

*

સામાન્ય માણસ પોતાની અંગત ચેતનામાં જીવે છે અને તે મન અને ઇન્દ્રિયો દ્વારા વસ્તુઓની જાણકારી મેળવે છે જાણે કે તેનાથી બહાર રહેલા જગતની તેની ચેતનાની બહાર રહેતી વસ્તુઓના સંપર્કમાં આવતો હોય. જ્યારે ચેતના વિસ્તાર પામે છે ત્યારે તે વસ્તુઓના સીધા સંપર્કમાં આવે છે, કેવળ બાહ્ય રૂપો અને પ્રભાવ સાથે જ નહિ પરંતુ તેમની અંદર જે તત્ત્વ રહેલું છે તેના સંપર્કમાં, પરંતુ તેમ છતાં તેનો વિસ્તાર વધારે ટૂંકો હોય છે. પરંતુ ચેતના વધારે વિસ્તાર પામી શકે છે, અને વિશ્વમાં રહેલી વસ્તુઓની હારમાળાના વિશ્વ સાથેના સંપર્કમાં આવે છે, અને જાણે કે તે વસ્તુઓને ધારણ કરતી હોય તેવું લાગે છે – જેને પોતાની જાતની અંદર વિશ્વનું દર્શન કરવું કહેવાય – અને એક રીતે તે બધી વસ્તુઓની સાથે તદ્રૂપતા સાધે છે. સર્વ વસ્તુઓને પોતાના આત્મામાં જોવી અને પોતાના આત્માને સર્વ વસ્તુઓમાં જોવો – સર્વત્ર એક જ સ્વરૂપ વિશે સભાન બનવું, ભિન્ન ભિન્ન ભૂમિકાઓ, તેમનાં બળો અને તેમનાં સત્ત્વો વિશે સીધેસીધા સભાન બનવું – એ વિશ્વરૂપતા છે.

*

હા, ચોક્કસ ( વૈશ્વિક મનમાં શારીરિક મનનું તળ પડેલું હોય છે ). વ્યક્તિમાં એવી વસ્તુ નથી જે વૈશ્વિક શક્તિમાં ન હોય. બધા સામાન્ય હેતુઓ માટે વ્યક્તિ ફક્ત વૈશ્વિક બળો માટેનું એક અલગ પાડેલું કેન્દ્ર હોય છે જો કે તેનો આત્મા તો ઊર્ધ્વમાંથી, પરાત્પરમાંથી આવે છે.

*

માનવ એક અલગ ચેતનામાં રહેતો હોવાથી, જે સામાન્ય જગતમાં અહીં બધા જીવન ધારણ કરે છે, તેમાંથી પ્રાપ્ત થતા અનુભવોમાંથી તે એક પોતાના મનોમય જગતનું સર્જન કરે છે. જે પ્રમાણે બીજાઓનાં મનોમય જગતો રચાયેલાં હોય છે તે પ્રમાણે તેનું મનોમય જગત પણ સર્જન પામે છે અને પોતાના જગતમાં બીજાઓના વિચારો અને લાગણીઓને તે પોતાની અંદર ગ્રહણ કરે છે અને તેને વિશે તેને જાણ પણ નથી હોતી, અને તે બધી વસ્તુઓનો પોતાના અલગ જગતની રચનાની સામગ્રી તરીકે ઉપયોગ કરે છે.

*

સમગ્ર જીવન વિશ્વબળોની લીલા છે. વ્યક્તિ આ બધાં વૈશ્વિક બળોને એક અંગત રૂપ આપે છે પરંતુ કોઈ વિશિષ્ટ બળના કાર્યને પ્રત્યુત્તર આપવો કે પ્રતિકાર

કરવો તે પોતે પસંદ કરી શકે છે. ફક્ત ઘણાખરા માણસો પસંદગી કરતા નથી – તે બળોની લીલામાં ભાગ લે છે. તમારી માંદગી, વિષાદો વગેરે આવાં બળોની લીલા છે. જ્યારે વ્યક્તિ પોતાની જાતને તેમનામાંથી મુક્ત કરે છે ત્યારે જ તે સાચી વ્યક્તિ બની શકે છે અને સાચું જીવન પ્રાપ્ત કરી શકે છે – પરંતુ વ્યક્તિ ખરેખર મુક્તિ ત્યારે જ મેળવી શકે છે જ્યારે તે પરમાત્મામાં જીવન ધારણ કરતી થાય.

*

આ બધા આવેગો પ્રકૃતિ મોકલે છે. દરેક વ્યક્તિ તરફ પ્રકૃતિ અનેક પ્રકારનાં બળો અને અનુભૂતિઓ મોકલે છે – તમારે એક સચેતન પુરુષ તરીકે પસંદ કરવાનું છે કે તમારે તે પ્રમાણે કરવું છે કે નહિ; તમે વસ્તુ ખોટી છે એમ જાણો તેનો ઇનકાર કરવો જોઈએ. જે વસ્તુ સાચી અને યોગ્ય હોય તેને જ સ્વીકારો. પ્રકૃતિમાં એક ઊર્ધ્વ અને એક નિમ્ન, એક સાચી અને એક જૂઠી પ્રકૃતિ છે. પ્રભુ તમારી પાસે એવી ઇચ્છા રાખે છે કે તમારે સત્યમાં અને ઊર્ધ્વ પ્રકૃતિમાં વિકાસ સાધવો અને જૂઠી અને નિમ્ન પ્રકૃતિનો ઇનકાર કરવો.

*

વ્યક્તિ એક શક્તિ જ નહિ પરંતુ એક આવેગ, વિચાર અથવા સંવેદનને પણ ઝીલે છે. વ્યક્તિ તેને બીજાઓ પાસેથી સ્વીકારે છે. પ્રકૃતિનાં સત્ત્વોમાંથી અથવા જો પ્રકૃતિ પોતે જ પોતાની શક્તિ, તેને એક પ્રકારનું તૈયાર કરેલું સ્વરૂપ આપવાનું પસંદ કરે તો તેને ગ્રહણ કરે છે.

*

( ૧ ) એક કામના વગરનો પ્રાણ પણ હોઈ શકે, જો માણસમાંથી કામના અદૃશ્ય થઈ જાય તો તેની સાથે પ્રાણ અદૃશ્ય થતો નથી.

( ૨ ) પ્રકૃતિ એટલે વિશ્વરૂપ પ્રકૃતિ. પ્રાણમય પુરુષમાં વિશ્વરૂપ પ્રકૃતિ પ્રવેશ કરીને કામનાઓ ઉત્પન્ન કરે છે અને તેની ટેવ મુજબ વ્યક્તિગત પ્રકૃતિ તરીકે પ્રત્યુત્તર આપે છે. પરંતુ જે આદત મુજબની કામનાઓ પ્રકૃતિ માનવની અંદર ફેંકે છે તેમનો ઇનકાર કરીને તેમને દેશનિકાલ કરવામાં આવે તો પુરુષ પ્રાણમય તો રહે છે પરંતુ પ્રાણમય કામનાઓની જૂની વ્યક્તિગત પ્રકૃતિ ત્યાં રહેતી નથી – એક નવીન પ્રકૃતિનું સર્જન થાય છે અને તે ઊર્ધ્વના સત્યને પ્રત્યુત્તર આપે છે, પરંતુ નિમ્ન પ્રકૃતિને પ્રત્યુત્તર આપતી નથી.

( ૩ ) ( પ્રત્યુત્તર આપવાની ટેવનું ) વિશ્વરૂપ પ્રકૃતિએ તેનું નિર્માણ કરેલું છે અને આત્મા અથવા પુરુષે તેને સ્વીકારી છે. તેના સ્વીકારમાં જ જવાબદારી રહેલી છે. પુરુષ એવો હોય છે જે અનુમતિ આપે છે અથવા ઇનકાર કરે છે. પ્રાણીમાં સામાન્ય પ્રાણનાં આંદોલનોને પ્રાણમય પુરુષ પ્રત્યુત્તર આપે છે; માનવી તેમને પ્રત્યુત્તર આપે છે પરંતુ તેનામાં મનોમય કાબૂ હોય છે; તેનામાં પણ જો મનોમય પુરુષ જાગ્રત હોય તો એવી શકિત હોય છે જેથી તે પસંદ કરી શકે કે તેણે કામનાને સ્વીકારવી કે કેમ ? અથવા તેના સ્વરૂપને તાલીમ આપવી કે કેમ ? અથવા તેના ઉપર વિજય પ્રાપ્ત કરવો. છેવટે ઊર્ધ્વ પ્રકૃતિને નીચે ઉતારી લાવવાની એક શકયતા હોય છે જે પ્રકૃતિ કામનાઓની ગુલામ ન હોય પરંતુ બીજા પ્રકારના પ્રાણિક તત્ત્વ પ્રમાણે કાર્ય કરે.

*

વ્યકિતનું મન જ્યાં સુધી પોતાની વ્યકિતતામાં પુરાયેલું હોય છે ત્યાં સુધી તે વૈશ્વિક સંકલ્પના કાર્યને સમજી શકતું નથી, કારણ કે વ્યકિતગત ચેતનાએ બાંધેલા ધોરણો તેમને લાગુ પડતાં નથી. શરીરનો એક કોષ પણ જો સચેતન હોય તો એ પ્રમાણે વિચારે કે માનવી અને તેનાં કાર્યો પોતાના જેવા બીજા અસંખ્ય કોષોના સંબંધો અને કાર્યોના પરિણામ રૂપે બને છે અને નહિ કે એક સંગઠિત થયેલા આત્મતત્ત્વ દ્વારા. જ્યારે માણસ વૈશ્વિક ચેતનામાં પ્રવેશ કરે છે ત્યારે જ તે કાર્ય કરતા બળોને અને કઈ રીતે તેઓ કાર્ય કરે છે અને કોના ઉપર તેઓ કાર્ય કરે છે તે જોઈ શકે છે અને આમ એક વૈશ્વિક આત્મતત્ત્વ તથા વૈશ્વિક મન અને સંકલ્પની ઝાંખી પ્રાપ્ત કરી શકે છે.

*

એવી કોઈ અવિદ્યા નથી જે વૈશ્વિક અવિદ્યાના ભાગરૂપ ન હોય; ફકત વ્યકિતમાં તે એક મર્યાદિત રચના અને ગતિ બને છે, જ્યારે વૈશ્વિક અવિદ્યા વિશ્વરૂપ ચેતનાની એક સમગ્ર ગતિ છે અને તે પરમ સત્યથી અલગ પડી ગયેલી છે અને એક એવી નિમ્ન પ્રકારની ગતિમાં પહોંચી છે જ્યાં સત્યની વિકૃતિ થયેલી છે, ઘટાડો થયેલો છે અને મિશ્રણ થયેલું છે, તથા જૂઠાણું અને ભૂલોથી છવાયેલું છે. વૈશ્વિક સત્ય એક એવો વિશ્વરૂપ ચેતનાનું વિશ્વ વિશેનું દૃષ્ટિબિંદુ છે, જેમાં વસ્તુઓ તેમના મૂળ તત્ત્વમાં દેખાય છે અને તેમનો પરમાત્મા સાથેનો સાચો સંબંધ કેવો છે અને એકબીજા પ્રત્યે પણ કેવો સંબંધ છે તેની તેને જાણ થાય છે.

*

વૈશ્વિક સત્ય એ વસ્તુઓનું એવું સત્ય છે જે વસ્તુઓની વિશ્વમાં હાલની અભિવ્યકિત છે. દિવ્ય સત્ય વિશ્વથી સ્વતંત્ર છે, તેમાંથી ઊર્ધ્વમાં રહેલું છે અને તે વિશ્વનું સર્જન કરે છે.

*

યોગીની અનુભૂતિઓ આધ્યાત્મિક અનુભૂતિઓ હોય છે — શકિતઓની લીલા અને આત્માની સાથેના તેના સંબંધની અનુભૂતિ, માર્ગદર્શકનું કાર્ય, વસ્તુઓના દેખાવો, ઘટનાઓ વગેરેના દેખાવની પાછળ કઈ વસ્તુ રહેલી છે તેની અનુભૂતિ હોય છે. પુરુષ અને પ્રકૃતિનાં કાર્યોની પાછળ રહેલી આવી વાસ્તવિકતા વગેરેની અનુભૂતિ હોય છે. દિવ્ય સત્ય એ પરમાત્માની મૂળભૂત વસ્તુનું સત્ય છે તેમ જ ચેતના, આત્મા, જ્ઞાન, પ્રકાશ, શકિત અને આનંદ વગેરેનું સત્ય છે. તે એવી વસ્તુ છે જેમાંથી વૈશ્વિક ચેતના તેની ગતિઓ પ્રયત્ન કરે છે પણ તે એવી વસ્તુ છે જે વૈશ્વિક ચેતના કરતાં વધારે છે.

*

## ૯

મન શબ્દ સામાન્ય ભાષામાં સમગ્ર ચેતના માટે વિવેક વગર વપરાય છે, કારણ કે માનવ એ મનોમય પ્રાણી છે અને દરેક વસ્તુને મનોમય રૂપ આપે છે. પરંતુ આપણા આ યોગની ભાષામાં મન અને મનોમય શબ્દો પ્રકૃતિના તે ભાગનો ખ્યાલ આપે છે જે ભાગ બુદ્ધિ અને જ્ઞાનના તે ભાગ સાથે સંબંધ ધરાવે છે જેમાં ખ્યાલો, મનોમય વિચારો અને દર્શનો, વસ્તુઓ તથા વિચારનાં પ્રતિકાર્યો સાથે સાચી મનોમય ક્રિયાઓ અને રચનાઓ, મનોમય દર્શન, માનસિક સંકલ્પ વગેરે આવી જાય છે — અને તે બુદ્ધિનો જ એક ભાગ હોય છે — આ બધાં માટે આ શબ્દો વપરાય છે. મનની ચેતનાનો અને પ્રાણમય ચેતનાનો કાળજીપૂર્વક ભેદ પાડવો જરૂરી છે; ભલે પછી પ્રાણની અંદર મનનું તત્ત્વ વ્યાપેલું હોય. પ્રાણ એ જીવનનું તત્ત્વ છે; એમાં કામનાઓ, સંવેદનો, લાગણીઓ, આવેગો, કાર્ય માટેની શકિતઓ કામના પૂર્ણ કરવા માટેનો સંકલ્પ, માનવમાં રહેલા કામનામય આત્માનાં પ્રતિકાર્યો, પદાર્થોના ઉપર પોતાનો હક જમાવવાની વૃત્તિ તથા તેના જેવી જ બીજી વૃત્તિઓ, ક્રોધ, ભય, લોભ, કામવાસના વગેરે બધાંનો આ ક્ષેત્રમાં સમાવેશ થાય છે. મન અને

પ્રાણ આપણી ચેતનાની સપાટી ઉપર સેળભેળ થઈ ગયેલાં હોય છે, પરંતુ તેમાંના પ્રત્યેક તત્ત્વની શકિત ભિન્ન હોય છે. માણસ જ્યારે સામાન્ય સપાટીની ચેતનાની પાછળ જાય છે ત્યારે તે તેમને ભિન્ન ભિન્ન તરીકે જોઈ શકે છે, તેમની વચ્ચેનો ભેદ પારખી શકે છે અને આ જ્ઞાનની મદદથી સપાટી ઉપરનાં મિશ્રણોનું પૃથક્કરણ કરી શકે છે. કેટલીક વખત તો સાધકનું મન લાંબા કે ટૂંકા સમય સુધી, ઘણી વખત તો ઘણા લાંબા સમય સુધી યોગસાધના કરવાનો આદર્શ અથવા પ્રભુનો સ્વીકાર કરતું હોય છે છતાં તેનો પ્રાણ સંમતિ આપતો નથી અને અસમર્પિત રહે છે અને તેની કામના, આવેગ અને સામાન્ય જીવનના આકર્ષણના માર્ગને જીદ્દીપણે વળગી રહે એ શકય છે. સાધનાની તીવ્ર મુશ્કેલીઓનું ઘણુંખરું કારણ આ બે તત્ત્વો વચ્ચેનો સંઘર્ષ અને વિસંવાદનો આભારી છે.

*

સંત ઓગસ્ટિન પ્રભુનો માણસ અને મહાન સંત હતો, પરંતુ મહાન સંતો કાયમ અથવા ઘણી વખત મહાન માનસશાસ્ત્રીઓ અથવા મહાન ચિંતકો હોતા નથી. આ બાબતમાં તે માનસશાસ્ત્ર કેવળ છીછરી ધર્મ શાખાઓનું હોય છે, ભલે પછી તે રસ્તે ચાલનાર સામાન્ય માણસનું ન હોય, જેટલાં મનોમય વિધાનો છે એટલી જ તેમાં ક્ષતિઓ હોય છે અને તેનાથી પણ ઘણી વધારે, કારણ કે કેટલીક ક્ષતિઓ વ્યકત થયેલી હોતી નથી, પણ તે લખે છે તેમાં અંતર્હિત હોય છે. હું જાણું છું કે આ બધી ભૂલો લગભગ વિશ્વરૂપ છે, કારણ કે યુરોપમાં કહેલી માનસશાસ્ત્રીય ચકાસણી ( કારણ કે ચકાસણી વગર કોઈ નક્કર જ્ઞાન પ્રાપ્ત થતું નથી ) એ ફક્ત શરૂઆત છે અને તે બહુ દૂર પહોંચેલી નથી, અને માણસના મન ઉપર જે વસ્તુ હજુ સુધી સામ્રાજ્ય ચલાવે છે તે આપણી ચેતનાના બાહ્ય દેખાવોનાં ઉપરછલ્લાં વિધાનો છે, જે આપણી પ્રથમ નજરે ચડે છે; અને તેનાથી વધારે કોઈ નહિ. પરંતુ સાચા જ્ઞાનની ત્યારે જ શરૂઆત થાય છે જ્યારે આપણે આપણી ચેતનાના બાહ્ય સપાટી ઉપરના દૃશ્યમાન વ્યાપારમાંથી બહાર નીકળી જઈને તેમના સાચા કાર્ય-કારણ માટે તેમની પાછળ નજર કરીએ. બાહ્ય મનની અને ઇન્દ્રિયોના ઉપરછલ્લા દૃષ્ટિબિંદુ પ્રમાણે સૂર્ય એક અગ્નિનો ગોળો છે અને પૃથ્વીની આસપાસ હવાની વચ્ચે ચક્કર ચક્કર ફરે છે અને તારાઓ આકાશમાં આવેલી ચળકતી નાની નાની વસ્તુઓ રાત્રિ દરમિયાન આપણા લાભ માટે મૂકવામાં આવી છે. વૈજ્ઞાનિક તપાસ આપણા બાલિશ પ્રથમના દૃષ્ટિબિંદુને તોડી પાડે છે. સૂર્ય એક ઘણી મહાન ઘટના છે. આપણા વાતાવરણથી લાખો માઈલ દૂર છે અને તેની આસપાસ આપણી નાનકડી પૃથ્વી પ્રદક્ષિણા કરે છે અને તારાઓ પણ પ્રચંડ હારમાળાનાં પ્રચંડ સભ્યો છે, અને તેઓ અવર્ણનીય અંતરે આવેલાં છે અને તેમને આ નાનકડી પૃથ્વી અને તેના પ્રાણીઓ સાથે કાંઈ

પણ સંબંધ નથી. બધું વિજ્ઞાન આ પ્રમાણે છે. ઇન્દ્રિયગમ્ય દૃષ્ટિબિંદુ અથવા વસ્તુઓના બાહ્ય આભાસનો એક વિરોધ અને સામાન્ય અને બિનશિખાઉ બુદ્ધિથી ગ્રાહ્ય ન કરી શકાય તેવાં સત્યોની સ્થાપના. આ જ પદ્ધતિ માનસશાસ્ત્રમાં પણ અનુસરવાની છે. જો આપણે આપણી ચેતના કેવી છે તે ખરેખર જાણવું હોય તો અથવા કઈ રીતે તે રચાય છે અને તેના કાર્યમાં કયું રહસ્ય છુપાયેલું છે અથવા તેની અવ્યવસ્થામાંથી કયા માર્ગે બહાર નીકળવું તે જાણવા માટે આ પદ્ધતિનું જ અનુસરણ કરવું પડે.

અહીં કેટલીક સામાન્ય અને અગત્યની ક્ષતિઓ છે :

( ૧ ) કે મન અને આત્મા બન્ને એક જ વસ્તુ છે.

( ૨ ) કે બધી ચેતનાને મન તરીકે ઓળખી શકાય.

( ૩ ) કે બધી જ ચેતના એટલા માટે એક આધ્યાત્મિક પદાર્થ છે.

( ૪ ) કે શરીર એક કેવળ ભૌતિક તત્ત્વ છે, સચેતનન નથી અને તેથી તે પ્રકૃતિના આધ્યાત્મિક ભાગ કરતાં બિલકુલ ભિન્ન વસ્તુ છે.

પ્રથમ તો આત્મા અને મન બન્ને ભિન્ન વસ્તુ છે, અને તે બન્નેનો ગોટાળો ન કરવો જોઈએ. મન એક કરણરૂપ તત્ત્વ છે અથવા કરણરૂપ ચેતના છે જેનું કાર્ય વિચાર કરવાનું અને જોવાનું છે. આત્મા એ મૂળભૂત તત્ત્વ છે અથવા એવી ચેતના જેને મનમાં વિચાર કરવાની અથવા ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર નથી, કારણ કે જે કોઈ જ્ઞાન તેનામાં છે તે સીધેસીધું અથવા મૂળભૂત જ્ઞાન છે, ‘ સ્વયંપ્રકાશ ’.

ત્યાર પછી ફલિત થાય છે કે બધી જ ચેતના અનિવાર્ય રીતે આધ્યાત્મિક બનેલી હોતી નથી, અને એ વસ્તુ સાચી હોવી જરૂરી પણ નથી અને છે પણ નહિ કે શાસન કરતી વસ્તુ અને શાસિત વસ્તુ બન્ને એક જ હોય, બિલકુલ ભિન્ન ન હોય, એક જ પદાર્થની બનેલી હોય અને તેથી એકબીજાની સાથે બંધાયેલી હોય અથવા એકબીજી સંમત થવી જ જોઈએ.

ત્રીજું એ પણ સાચું નથી કે મન પોતે જ મન ઉપર હુકમ ચલાવે છે અને તે પોતે જ પોતાના વડે બિનઆજ્ઞાંકિત રીતે વર્તે છે. પહેલું તો મનના ઘણા ભાગ છે અને તે દરેક ભાગ પોતે જ એક શક્તિ છે અને તેની પોતાની રચનાઓ, કાર્યો અને રસો હોય છે અને તેઓ એકબીજી સાથે સંમત ન પણ થાય. મનનો એક ભાગ આધ્યાત્મિક અસર નીચે હોય અને તેને પ્રભુ વિશે વિચાર

કરવો પસંદ હોય તથા આધ્યાત્મિક પ્રેરણાને આજ્ઞાંકિત રહેતો હોય જ્યારે બીજો કોઈ ભાગ બુદ્ધિપ્રધાન, વૈજ્ઞાનિક અથવા સાહિત્યિક હોય અને તેને પોતાની રચનાઓને માન્યતાઓ અથવા શંકાઓને અનુસરવું પસંદ હોય. તેનામાં મનોમય પસંદગીઓ અને રસો હોય જે તેના પોતાના શિક્ષણના અને પ્રકૃતિના અનુસાર સંવાદમાં હોય, પરંતુ સંત ઓગસ્ટિનમાં શાસન કરનારી જે વસ્તુ હતી તે કદાચ ચિંતક મન અથવા બુદ્ધિ હતી, જ્યારે જે વસ્તુ ઉપર આજ્ઞા ચાલતી હતી તે પ્રાણ, અને મન અને પ્રાણ હતાં, ભલે ગમે તે વ્યક્તિ તેને માટે જે કહેવું હોય તે કહે, છતાં તે બન્ને એક નથી. વિચારશીલ મન અથવા બુદ્ધિ ગમે તેટલાં અપૂર્ણ હોય છતાં બુદ્ધિ અને તર્ક દ્વારા માનવીમાં જીવંત હોય છે. જ્યારે બીજી બાજુએ પ્રાણ એ કામનાઓ, આવેગો, શક્તિના ધસારાઓ, લાગણીઓ, જીવનની ચરિતાર્થતા માટેની શોધો, માલિકી હક અને આનંદનો બનેલો હોય છે; આ વસ્તુઓ તેના કાર્યો અને તેની પ્રકૃતિ છે. આપણામાં રહેલો તે ભાગ જીવન અને તેની ગતિઓમાં પોતાના હક માટે જ પ્રયત્ન કરતો હોય છે અને તેને વસ્તુઓ ઉપરની માલિકી છોડવી ગમતી નથી. ભલે તે પછી સુખના પ્રમાણમાં અથવા વધારે પ્રમાણમાં દુ:ખો લાવે; તેના જીવનના નાટકમાં એક ભાગરૂપે અશ્રુ અને દુ:ખોનો મોજશોખ કરવાની પણ શક્તિ હોય છે. તો પછી ચિંતનશીલ બુદ્ધિ અને પ્રાણની વચ્ચે કઈ સમાન વસ્તુ છે અને શા માટે પ્રાણે મનની આજ્ઞા માનવી જોઈએ અને પોતાની પ્રકૃતિને ન અનુસરવું ? સંત ઓગસ્ટિન સૂચન કરે છે તે પ્રમાણે બુદ્ધિ રહિત રહેવાને બદલે બિનઆજ્ઞાધીન રહેવું એ સંપૂર્ણ સામાન્ય વસ્તુ છે. અલબત્ત, માનવી પોતાના પ્રાણ ઉપર માનસિક કાબૂ સ્થાપન કરી શકે છે અને જેટલા પ્રમાણમાં તે કાબૂ રાખે તેટલા પ્રમાણમાં તે માણસ છે – કારણ કે વિચારશીલ મન એ પ્રાણ કરતાં વધારે ઉમદા અને વધારે પ્રકાશમય તત્ત્વ અને ચેતના છે. અને તેટલા માટે તેણે કાબૂ રાખવો જ જોઈએ અને જો માનસિક સંકલ્પ બળવાન હોય તો પ્રાણ ઉપર રાજ્ય ચલાવી શકે છે. પરંતુ આ નિયમ જોખમકારક, અપૂર્ણ અને ખૂબ આત્મસંયમથી પાળી શકાય છે. કારણ કે જો મન વધારે પ્રકાશિત હોય તો પ્રાણ પૃથ્વીની વધારે નજીકનું તત્ત્વ છે, વધારે તીવ્ર છે, વેગવાળું છે અને શરીરને સીધેસીધું સ્પર્શ કરી શકે છે. એક પ્રાણમય મન હોય છે જે કલ્પનામાં, કામનાઓના વિચારમાં અને કાર્ય કરવાના સંકલ્પમાં જીવન ધારણ કરે છે, અને પોતાના આવેગમાંથી જ આનંદ પ્રાપ્ત કરે છે. અને આ વસ્તુ બુદ્ધિને પોતાની પકડમાં લઈ શકે છે અને તેને પોતાની સાથીદાર બનાવે છે અને પોતે જે કાંઈ કરે તેને ન્યાયી સાબિત કરવાની સલાહ આપીને તેના માટેની દલીલો, બહાનાંઓ પૂરા પાડે છે. માનવીમાં કામનાઓની જ એકમાત્ર શક્તિ હોય છે, જે પ્રાણનો મુખ્ય આધાર હોય છે અને બુદ્ધિનો છેદ ઉડાવી શકે એટલી

સામર્થ્યયુકત હોય છે. જેમ ગીતામાં કહ્યું છે તે પ્રમાણે 'તોફાની દરિયા ઉપરની નાવડી માફક' – 'નાવમિવામ્ભસિ'.

છેવટે શરીર મનની આજ્ઞાને યાંત્રિક રીતે અનુસરે છે જાણે તેને તે રીતનું બનાવવામાં આવ્યું હોય અથવા તાલીમ આપવામાં આવી હોય; પરંતુ શરીરનો મનની સાથેનો સંબંધ દરેક વસ્તુમાં નૈસર્ગિક રીતે પૂર્ણ કરણનો હોતો નથી. શરીરને પોતાને પણ એક ચેતના હોય છે અને જો કે તે મનથી ગૌણ કરણ છે અથવા તેની સેવકની ચેતના હોવા છતાં, તે બિન-આજ્ઞાંકિત પણ બની શકે છે અથવા આજ્ઞા પાળવામાં નિષ્ફળ પણ જઈ શકે છે. ઘણી વસ્તુઓમાં દા.ત. તંદુરસ્તીની બાબતોમાં અને માંદગીની બાબતોમાં, બધી જ યાંત્રિક પ્રક્રિયાઓમાં, શરીર પોતાની મરજી મુજબ જ કાર્ય કરે છે અને તે મનનું સેવક હોતું નથી. જો તે થાકી જાય તો, તે મનના સંકલ્પની સામે એક ઠંડો વિરોધ પણ દર્શાવી શકે છે. તે મનને પણ તમસ, જડતા, શિથિલતા તથા અવચેતનના ધુમાડાથી આચ્છાદિત કરી દઈ શકે છે, જેથી મન કાર્ય કરી શકે નહિ. જ્યારે મન દ્વારા સૂચન કરવામાં આવે ત્યારે હાથ ઊંચો થઈ શકે છે, એમાં શંકા નથી પરંતુ જ્યારે પગને ચાલવાનું કહેવામાં આવે છે ત્યારે પહેલાં તો તે આજ્ઞા માનતા નથી; તેમને પોતાના પેટે ઘસડવાનું વલણ અને ગતિ છોડી દેવાનું શીખવું પડે છે અને પછીથી સીધા ટટ્ટાર ચાલવાની ટેવ પાડવી પડે છે. જ્યારે તમે શરૂઆતમાં હાથને સીધી લીટી દોરવાની કહો અથવા સંગીત વગાડવાનું કહો ત્યારે તે પ્રમાણે કરી શકતા નથી અથવા કરી શકશે પણ નહિ. તેને તાલીમ આપવી પડે છે, શિક્ષણ આપવું પડે છે અને ત્યાર પછી તેની પાસેથી જે કરાવવાની જરૂરિયાત હોય તે કુદરતી રીતે જ કરે છે. આ બધી વસ્તુઓ સાબિત કરે છે કે એક શરીર ચેતના છે, જે મનના હુકમ અનુસાર કાર્યો કરે છે, પરંતુ તેનામાં જાગૃતિ લાવવી પડે છે, તેને તાલીમ આપવી પડે છે અને તે રીતે તે સચેતન કરણ બને છે. તેને એવી રીતની પણ તાલીમ આપી શકાય કે કેવળ એક માનસિક સૂચન અથવા સંકલ્પ શરીરને માંદગીમાંથી મુકત કરી દે, પરંતુ આ બધી વસ્તુઓ, આ મન અને શરીરનો વહેવાર, મન અને પ્રાણના સંબંધ પ્રમાણે એક પાયા ઉપર રચાયેલો હોય છે. અને સંત ઓગસ્ટિન માને છે તે તેટલો સરળ અને પ્રથમ કક્ષાનો હોતો નથી.

આ વસ્તુ એક બીજો જ પ્રશ્ન અથવા બીજા જ પાયાની વાત કરે છે જેનાં કારણો વધારે સ્પષ્ટ છે, અને જો આપણે સંતોષકારક રીતે દૂર દૂર જવા માટે તૈયાર હોઈએ તો તેમાંથી બહાર નીકળવાનો એક માર્ગ છે અને તે છે યોગનો માર્ગ.

નોંધ : આ બધું એક બહુવિધ વ્યકિતત્વમાં ફાળો આપતાં તત્ત્વો અને અગત્યની વસ્તુ કરતાં બિલકુલ ભિન્ન વસ્તુ છે, અને તેના માટે માનસશાસ્ત્રની શોધ-ખોળ એક પ્રાથમિક શરૂઆત છે જેનો આધાર અસ્પષ્ટ છે તે વધારે જટિલ વસ્તુ છે.

*

જ્યારે મન પરમાત્મા અને સત્ય પ્રત્યે વળે છે અને જ્યારે તે નિરપેક્ષ રીતે અથવા પ્રમુખતઃ તેને જ અનુભવે છે અને પ્રત્યુત્તર આપે છે, ત્યારે તેને ચૈતસિક મન કહેવામાં આવે છે — એ એવી વસ્તુ હોય છે જેની રચના મનોમય ભૂમિકા ઉપર ચૈત્યપુરુષના પ્રભાવથી બનેલી હોય છે.

આધ્યાત્મિક મન એવું મન હોય છે જે પૂર્ણ હોય ત્યારે આત્મા વિશે સભાન હોય છે, પ્રભુનું પ્રતિબિંબ પાડે છે, આત્માની પ્રકૃતિનું દર્શન કરે છે અને સમજે છે અને આત્માના આવિર્ભાવ સાથેના કેવા સંબંધો હોય છે તે જાણે છે; આત્મામાં જ જીવન ધારણ કરે છે અથવા તેના સંપર્કમાં હોય છે. સ્વસ્થ, વિશાળ અને ઊર્ધ્વતર જ્ઞાન પ્રત્યે જાગૃત હોય છે, શકિતઓની લીલાથી વ્યગ્ર બનતું નથી. જ્યારે તે તેની મુકત ગતિને પ્રાપ્ત કરે છે, ત્યારે તેનું કેન્દ્રવર્તી સ્થાન, ઘણે ભાગે મસ્તકની ઉપરના સ્થાનમાં અનુભવાય છે, જો કે તેના પ્રભાવ નીચે સમગ્ર સ્વરૂપ મારફત તે અનુભવાય છે અને બાહ્યમાં અવકાશ મારફતે અનુભવાય છે.

*

આધ્યાત્મિક ધારણા શકિત એટલે ફકત સાચી આધ્યાત્મિક અનુભૂતિ અને આધ્યાત્મિક વિકાસ માટેની નૈસર્ગિક શકિત. તે ગમે તે ભૂમિકા ઉપર હોઈ શકે છે પરંતુ તેના સ્વાભાવિક પરિણામ રૂપે માણસ સહેલાઈથી આત્માના અને ઊર્ધ્વતર ભૂમિકાઓના સંપર્કમાં આવે છે.

ચૈતસિક મન અને મનોમય ચૈતસિક તત્ત્વ લગભગ એક જ છે — જ્યારે મનની એવી ગતિ થાય છે જેમાં ચૈત્યપુરુષનો પ્રભાવ અગ્રભાગે હોય છે ત્યારે તેને મનમાં ચૈતસિક તત્ત્વ અથવા ચૈતસિક મન કહેવામાં આવે છે.

*

ઊર્ધ્વતર મન એ આધ્યાત્મિક મનની એક ભૂમિકા છે; તે પ્રથમ અને સૌથી નિમ્ન કક્ષાની સામાન્ય મનોમય ભૂમિકાથી ઉપર હોય છે. આંતર મન એ પ્રકારનું

હોય છે જે સપાટી ઉપરના મનની પાછળ હોય છે. ( આપણી સામાન્ય મનોમયતા પાછળ ) અને તેની સીધેસીધી સાધના દ્વારા અનુભૂતિ થાય છે ( સપાટી ઉપરના મનની વૃત્તિઓથી તે ભિન્ન હોય છે. દા.ત., તત્ત્વજ્ઞાન, કાવ્ય, આદર્શવાદ વગેરેથી ). સપાટી ઉપર રહેવાની ટેવને તોડીને તેના ઊંડાણમાં જવાથી અનુભૂતિ થાય છે.

વિશાળતર મન એક સામાન્ય શબ્દપ્રયોગ છે જેમાં મનનાં એવાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે જે આપણે અંદર ઊતરીએ ત્યારે પ્રાપ્ત કરી શકીએ છીએ અથવા જેમાં વિશાળતા પ્રાપ્ત કરતા વૈશ્વિક ચેતનામાં પહોંચીએ છીએ.

સાચો મનોમય પુરુષ અને આંતર મનોમય બન્ને એક નથી – સાચો મનોમય પુરુષ, સાચો પ્રાણમય પુરુષ અને સાચો શારીરિક પુરુષ એટલે તે ભૂમિકાનો પુરુષ જે નિમ્ન પ્રકૃતિની ક્ષતિ અને અવિદ્યામય વિચાર અને સંકલ્પમાંથી મુકત થયેલ હોય છે અને ઊર્ધ્વમાંથી આવતા જ્ઞાન અને માર્ગદર્શન પ્રત્યે સીધેસીધો ખુલ્લો થયેલો હોય છે.

ઊર્ધ્વ પ્રાણ ઘણે ભાગે પ્રાણમય મન અને ઊર્મિશીલ સ્વરૂપનો નિર્દેશ કરે છે અને તેનાથી ભિન્ન રૂપનો મધ્ય પ્રાણ છે, જેનું આસન નાભિમાં છે અને સક્રિય, સંવેદનશીલ અને તીવ્ર હોય છે. તથા નિમ્ન પ્રાણ તેનાથી પણ ભિન્ન છે અને તે માનવની નાની નાની પ્રાણમય કામનાઓ અને પ્રાણના પ્રત્યાઘાતોનો બનેલો હોય છે.

*

અહીં દરેક વસ્તુ જે પ્રાથમિક ભૂમિકાની છે તે બધી અચિતમાંથી, ભૌતિક તત્ત્વમાંથી વિકાસ પામેલી છે – પરંતુ મૂળભૂત મનોમય સ્વરૂપ તો તે પહેલાં પણ અસ્તિત્વ ધરાવતું હોય છે અને મનોમય ભૂમિકામાં અંતર્હિત હોતું નથી. અહીં ફકત વ્યક્તિગત મનોમય તત્ત્વ વિકાસ પામતું રહે છે અને તે અચિતમાંથી કોઈ વસ્તુ તરીકે ઉપર ઊઠી આવે છે અને ઊર્ધ્વમાંથી આવતા દબાણ નીચે વૃદ્ધિ પામતું હોય છે.

તપાસ કરીને જાણવાનું વલણ પોતે જ સારું છે, પરંતુ તેને પણ કાબૂમાં રાખવું જોઈએ. સાધનાની પ્રકૃતિ માટે ચેતનામાં વૃદ્ધિ કરવી અને અનુભૂતિ કરવી અને એક સહજ સ્ફુરણાત્મક જ્ઞાન પ્રાપ્ત કરવું એ ખાસ જરૂરી છે.

મસ્તકની ઉપરના ભાગમાં એક વિશ્વરૂપ અથવા દિવ્ય ચેતના અને બળ છે. કુંડલિની એટલે ચક્રોમાં રહેલી સુપ્ત શક્તિ.

*

મુખ્ય મનને ત્રણ પ્રકારના વિભાગોમાં વહેંચવામાં આવેલા છે – વિચારશીલ મન, ક્રિયાત્મક મન અને બહિર્મુખ મન – એમાં પ્રથમ મન છે તે વિચારો અને જ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. બીજા પ્રકારનું મન વિચારને સિદ્ધ કરવા માટે મનોમય શક્તિઓને પોતાનામાંથી બહાર કાઢે છે અને ત્રીજા પ્રકારના મનનો સંબંધ આ પ્રકારના વિચારોને જીવનમાં વ્યક્ત કરવા માટે ( કેવળ વાણી દ્વારા જ નહિ, પરંતુ તેને કોઈ પણ પ્રકારનું રૂપ આપી શકાય ) તેની સાથે હોય છે. ' ભૌતિક મન ' શબ્દ અસ્પષ્ટ છે કારણ કે તેમાં આ બહિર્મુખ મન અને શારીરિકમાં રહેલું મન એ બન્નેનો ભેગો સમાવેશ થઈ જાય છે.

મુખ્ય પ્રાણમય મન એ પ્રાણમય ઊર્મિઓ, કામનાઓ, આવેગો વગેરે અને મુખ્ય મન તે બન્ને વચ્ચે એક પ્રકારનું મધ્યસ્થી સ્થાન ભોગવે છે. એ કામનાઓ, લાગણીઓ, ઊર્મિઓ, આવેગો, મહત્ત્વાકાંક્ષાઓ, કાબૂ પ્રાપ્ત કરવાની અને સક્રિય કરવાની વૃત્તિઓને પ્રગટ કરીને તેમનો મનોમય રૂપોમાં પ્રક્ષેપ કરે છે. ( શુદ્ધ કલ્પનાઓ અથવા મહત્તા કે સુખ વગેરેનાં સ્વપ્નો જે માણસો સેવે છે તે પ્રાણમય મનની પ્રવૃત્તિનું એક વિશિષ્ટ રૂપ છે ). મનનો એક આનાથી પણ નિમ્ન સ્તરણ પ્રાણમાં રહેલો હોય છે, જે પ્રાણમય વસ્તુઓને, બુદ્ધિના કાર્યને વચ્ચે લાવ્યા સિવાય પ્રગટ કરવાનું કાર્ય કરે છે. આ મનોમય પ્રાણ મારફતે પ્રાણમય આવેગો, શિઘ્ર વૃત્તિઓ અને કામનાઓ ઉપર ઊઠી આવે છે અને બુદ્ધિમાં પ્રવેશ કરીને તેને ઢાંકી દે છે અથવા વિકૃત કરી નાખે છે.

જે રીતે પ્રાણમય મન એ પ્રાણમય દષ્ટિ વડે અને વસ્તુઓ પ્રત્યેની લાગણીઓથી મર્યાદિત છે ( જ્યારે સક્રિય બુદ્ધિ એ રીતે મર્યાદિત નથી કારણ કે તે વિચાર અને તર્ક વડે કાર્ય કરે છે ) તે જ રીતે ભૌતિક સ્વરૂપમાં રહેલું મન અથવા મનોમય શારીરિક, વસ્તુઓ પ્રત્યેની ભૌતિક દષ્ટિ અને અનુભવો વડે મર્યાદિત હોય છે. બાહ્ય જીવન અને વસ્તુઓના સંપર્ક વડે પ્રાપ્ત થયેલા અનુભવોને તે મનોમય રૂપ આપે છે, પરંતુ તે તેનાથી વધારે આગળ જતું નથી. ( જો કે તે પ્રમાણે તે કુશળતાથી કરી શકે છે ) તેને બદલે તે બહિર્મુખ વસ્તુઓની સાથે તર્ક અને ઉચ્ચતર બુદ્ધિથી વ્યવહાર કર્યા કરે છે. પરંતુ વ્યવહારમાં આ બન્ને પ્રકારનાં મન સેળભેળ થઈ જતાં હોય છે. યાંત્રિક મન એ મનોમય શારીરિક સ્વરૂપનું ખૂબ નિમ્ન પ્રકારનું કાર્ય છે, અને તેને પોતાને સ્વતંત્ર રીતે કાર્ય કરવા દેવામાં આવે તો તે માત્ર પ્રચલિત વિચારોનું પુનરાવર્તન કર્યા કરે છે અને બાહ્ય જીવન અને વસ્તુઓની પ્રત્યે ભૌતિક ચેતનાનાં સ્વાભાવિક પ્રતિકાર્યોની નોંધ રાખે છે.

ઊર્ધ્વ પ્રાણથી નિમ્ન પ્રાણમાં એ તફાવત છે કે નિમ્ન પ્રાણને કેવળ નાની નાની લાલસાઓ, ક્ષુદ્ર કામનાઓ, નાના આવેગો વગેરે સાથે સંબંધ હોય છે. સામાન્ય લાગણીપ્રધાન માણસની દૈનિક જીવનની આ સામગ્રી બને છે – જ્યારે પ્રાણમય શારીરિક પોતે એક નાડીતંત્રનું બનેલું સ્વરૂપ હોય છે જે વસ્તુઓની ભૌતિક ચેતના સાથેના સંપર્કો પ્રત્યે પ્રાણમય કાર્ય–પ્રતિકાર્યો કરતું હોય છે.

*

સક્રિય અને રચનાત્મક મનના ભાગ માટે એ બિલકુલ સ્વાભાવિક છે કે તે મનના ચિંતનશીલ અને વિવેકશીલ ભાગ જે રીતે કાર્ય કરવામાં નિયંત્રણ કરી શકે તેના કરતાં વધારે ઝડપી હોય છે. તે બન્ને વચ્ચે એક પ્રકારની સમતુલા પ્રાપ્ત કરવી એ એક પ્રશ્ન છે.

*

વિચારશીલ મન માણસોને દોરવણી આપતું નથી, તેમ તેમના ઉપર વધારે પ્રભાવ પણ પાડતું નથી – પ્રાણમય અભિરુચિઓ અને પ્રાણમય મન સત્તા ચલાવે છે. ઘણાખરા માણસો માટે, જીવનના પ્રસંગોમાં તે ફક્ત પ્રાણનું એક કરણ હોય છે.

*

સાચું વિચારશીલ મન શારીરિકનો ભાગ નથી, એ એક અલગ શક્તિ હોય છે. શારીરિક મન, મનનો એક એવો ભાગ છે જે સ્થૂલ વસ્તુઓ સાથે જ સંબંધ ધરાવતો હોય છે – તે ઇન્દ્રિયગત મન ઉપર આધાર રાખે છે, પદાર્થો અને બાહ્ય કાર્યોને જ નિહાળે છે, બાહ્ય વસ્તુઓ જે સામગ્રી આપે તેના ઉપરથી તે વિચારો બાંધે છે, તેમનામાંથી જ તે અનુમાનો તારવે છે, અને જ્યાં સુધી ઊર્ધ્વ-માંથી તેને પ્રકાશ ન મળે ત્યાં સુધી તે બીજા કોઈ સત્યને જાણતું નથી.

*

શારીરિક મન કેવળ બાહ્ય વસ્તુઓ સાથે જ વ્યવહાર કરી શકે છે. બીજી વસ્તુઓ માટે માણસે મનથી જ ( બુદ્ધિથી ) વિચાર કરવો પડે છે અને નિશ્ચય કરવો પડે છે, નહિ કે તેના શારીરિક ભાગ વડે.

*

શારીરિક મનના સ્વરૂપના તે ભાગમાં કોઈ બુદ્ધિ હોતી નથી સિવાય કે તેની ધૂનો, તેની ટેવો અથવા તેનું તમસ પ્રત્યેનું વલણ.

*

શારીરિક મન જ દરેક વસ્તુ સહેલી બને એવું ઇચ્છે છે.

*

શારીરિક મનને એવી ટેવ હોય છે કે તે વસ્તુઓનો ઉપયોગ હોય કે ન હોય છતાં નિરીક્ષણ કર્યા કરે છે.

*

પુનરાવર્તન કર્યા કરવું એ મનોમય શારીરિકની ટેવ હોય છે – સાચું વિચારશીલ મન ને પ્રમાણે કરતું નથી, તે મનોમય-શારીરિક અથવા શારીરિક-મનનો સૌથી નિમ્ન ભાગ હોય છે જે એ પ્રમાણે કર્યા કરે છે.

*

પરંતુ અહીં તમે મનના શારીરિક ભાગનું જે વર્ણન આપ્યું છે તેમાં મુખ્ય ભૂલ છે – તમે ત્યાં જે વર્ણન કર્યું છે તે યાંત્રિક મનોમય શારીરિક અથવા શરીર મન વિશેનું છે, અને જ્યારે તેને પોતાની આગવી રીતે કાર્ય કરવાનું હોય છે ત્યારે તે પોતાના પ્રચલિત વિચારો અને ક્રિયાઓનું પુનરાવર્તન કર્યા કરે છે અથવા તો વધારેમાં વધારે એટલું કરે છે કે જીવનના પરીઘમાં આવતી વસ્તુઓ પ્રત્યે તે યાંત્રિક રીતના પ્રત્યાઘાતો અને પ્રતિક્રિયાઓનો વધારો કરે છે. સાચું શારીરિક મન એ બુદ્ધિને ગ્રહણ કરનારું અને બહિર્મુખ કરનારી વસ્તુ છે અને તેનાં બે કાર્યો હોય છે – પ્રથમ બાહ્ય વસ્તુઓ ઉપર કાર્ય કરવું અને એક માનસિક વ્યવસ્થા કરવી જેથી તે તેમની સાથે કાર્ય કરી શકે અને બીજું જે કાંઈ વિચારશીલ અને ક્રિયાત્મક મન પોતાના હેતુ માટે તેના તરફ જે હેતુ માટે વસ્તુઓ મોકલે તેને રૂપ આપીને અસરકારક બનાવવાની એક નહેર બનવું.

*

યાંત્રિક મન એક પ્રકારના એન્જિન જેવું હોય છે. – જે કોઈ વસ્તુ તેના તરફ આવે છે તેને તે પોતાના યંત્રમાં નાખે છે અને તેની પરવા કર્યા સિવાય ચક્કર ચક્કર ફેરવ્યા કરે છે.

*

જે કોઈ ક્રિયા બનેલી હોય તેનું ઉપયોગ વગર પુનરાવર્તન કર્યે જવું એ મનોમય-શારીરિકની પ્રકૃતિ છે. આપણે તેને યાંત્રિક મન કહીએ છીએ – બાલ્યાવસ્થામાં તે શકિતશાળી હોય છે, કારણ કે વિચારશીલ મન વિકાસ પામેલું હોતું નથી અને તેના રસ માટેના વિષયોનું ક્ષેત્ર ટૂંકું હોય છે. પાછળથી તે માનસિક પ્રક્રિયાઓના અંતઃપ્રવાહમાં રહે છે. અત્યારે તે કદાચ બીજાં મનોમય શારીરિક લક્ષણોની સાથે ઉપર ઊઠી આવ્યું હશે કારણ કે તે હવે શારીરિકમાં રહેલું છે, જેમાંથી તેનું કાર્ય થયું છે. કેટલીક વખત એવું પણ બને છે કે જ્યારે મન શાંત થાય છે ત્યારે આ વસ્તુઓ પણ શાંત થઈ જાય ત્યાં સુધી તે ઉપર ઊઠી આવે છે.

*

તમે જે વર્ણન કરો છો તેના ઉપરથી એવું લાગે છે કે તમે યાંત્રિક મનના સંસર્ગમાં આવેલા છો, જેનું લક્ષણ એવું હોય છે કે તેના તરફ જે કોઈ વિચારો આવ્યા કરે છે તેને વર્તુળમાં ચક્કર ચક્કર ફેરવ્યા કરે. કેટલીક વખત જ્યારે વિચારશીલ મન સ્થિર બને છે ત્યારે આવું બની આવે છે. આ સ્થૂલ મનનો એક ભાગ છે અને તે ઉપર ઊઠી આવે, તેનાથી તમારે વ્યગ્ર થવાની અથવા ભીતિ પામવાની જરૂર નથી, પરંતુ તમે જુઓ છો કે તે શું છે અને તેને તમે સ્થિર કરો તથા તેની ક્રિયાઓને કાબૂમાં લઈ લો.

*

પ્રાણમય મન ખાસ કરીને તેના વધારે યાંત્રિક ચક્રાકાર ગતિઓમાં ઉત્સાહી અને સર્જનાત્મક હોય છે એટલે તે વસ્તુ શારીરિક સ્વરૂપની ચક્રગતિ હોવી જોઈએ. તે વસ્તુ અને યાંત્રિક મન ઘણા લાંબા સમય સુધી આ પ્રમાણે ચાલે છે, પરંતુ આ બધાંએ પણ શાંત થઈ જવું પડે છે અને જ્યારે શાંતિ અને નીરવતા ખૂબ વધે અને પૂર્ણ થાય ત્યારે પછીથી ઊર્ધ્વતર ભૂમિકાઓમાંથી જ્ઞાન પ્રાપ્ત થાય છે – શરૂઆતમાં ઊર્ધ્વ મનમાંથી આ વસ્તુ વિચારની અને દર્શનની એક નવીન ક્રિયા ઉત્પન્ન કરે છે, જે સામાન્ય માનસિક ગતિના સ્થાને આવી જાય છે. તે કાર્ય પ્રથમ વિચારશીલ મનમાં બની આવે છે અને ત્યાર પછી પ્રાણમય મન અને શારીરિક મનમાં પણ પ્રવેશ કરે છે અને તેથી આ બધા રૂપાંતર પામવાની શરૂઆત કરે છે. આ પ્રકારનો વિચાર ઉદ્દેશવિહીન અને અસ્થિર હોતો નથી પરંતુ સ્પષ્ટ અને હેતુપૂર્વકનો હોય છે – જ્યારે જરૂર પડે અને તેનો પુકાર થાય ત્યારે જ તે આવે છે અને તેનાથી શાંતિમાં ખલેલ પડતી નથી. ત્યાર પછી આપણે જેને વિચાર કહીએ છીએ તે તત્ત્વ ગૌણ બની જાય છે અને પછીથી જેને અંતઃસ્ફુરણા કહી શકાય તે તેની જગાએ આવે છે. પરંતુ જ્યાં સુધી મન પૂર્ણ શાંતિ ધારણ કરવા માટે શક્તિમાન બને નહિ

ત્યાં સુધી આ ઊર્ધ્વતર જ્ઞાન, વિચાર કે દર્શન નીચે ઊતરી આવતાં નથી અથવા જો તે અંશતઃ આવે તો, તે નિમ્ન ચેતના સાથે મિશ્રિત થવાની અથવા નકલ બનવાની શકયતા છે જે વળી પાછું મુશ્કેલીરૂપ અને ભારરૂપ બને – એટલે શાંતિ જરૂરી વસ્તુ છે.

*

જ્યારે ઊર્ધ્વ ચેતના યાંત્રિક મનનો કાબૂ લઈ લે છે ત્યારે તે યાંત્રિક મટી જાય છે.

*

મનસ વગેરે શબ્દો સામાન્ય માનસશાસ્ત્રના છે જે સપાટી પરની ચેતનાને લાગુ પડે છે. આપણા યોગમાં એક ભિન્ન પ્રકારનું વર્ગીકરણ કરીએ છીએ અને તે યૌગિક અનુભૂતિ ઉપર રચાયેલું છે. મનસની ગતિઓના તેમાં તે પ્રત્યુત્તરો આપવામાં આવે છે, તેમાં બે ભિન્ન વસ્તુઓ હોય છે – એક શારીરિક મનનો ભાગ, જે શારીરિક પ્રાણની સાથે વ્યવહાર કરે છે, તે શારીરિક ઇન્દ્રિયોમાંથી ગ્રહણ કરે છે અને તે બુદ્ધિની પાસે રજૂ કરે છે – એટલે કે વિચારશીલ મનના કોઈ એક અથવા બીજા ભાગ પાસે તે રજૂ થાય છે. તે બુદ્ધિ પાસેથી પાછું ગ્રહણ કરીને વિચાર અને સંકલ્પને સંવેદન અને ક્રિયાનાં અંગો પ્રત્યે પસાર કરે છે. ચેતનાના સામાન્ય કાર્યમાં આ વસ્તુ ખાસ અનિવાર્ય છે, પરંતુ સામાન્ય ચેતનામાં આ બધી વસ્તુઓનું એકબીજામાં મિશ્રણ થઈ જાય છે અને તેમાં કોઈક સ્પષ્ટતા અથવા નિયમ રહેતો નથી. યોગમાં માણસ ભિન્ન ભિન્ન ભાગો અને તેનાં કાર્યો વિશે સભાન બને છે, અને દરેકને યોગ્ય જગાએ અને ઊર્ધ્વ ચેતનાના કાબૂ નીચે યોગ્ય કાર્યવાહી માટે મૂકે છે અથવા તો દિવ્ય શકિતના કાબૂ નીચે તેમને મૂકે છે. પછીથી બધી વસ્તુઓ આધ્યાત્મિક ચેતનાથી સભર બને છે અને દરેક ભિન્ન ભિન્ન ભાગનું નૈસર્ગિક રીતે જ સાચું દર્શન અને સાચી ક્રિયા બને છે કારણ કે તે બધાનું નિયંત્રણ ઊર્ધ્વની ચેતનામાંથી થાય છે અને તેણે આપેલા હુકમો કદી ખોટા પડતા નથી, અથવા તેમનો પ્રતિકાર કરવામાં આવતો નથી, યા તેમનામાં ગોટાળો થતો નથી.

*

શારીરિક મનમાં બુદ્ધિયુક્ત તર્કનું અને સહયોગનું કાર્ય થઈ શકે છે અને તે બુદ્ધિનું પ્રતિનિધિત્વ ધરાવતું હોય છે અને પ્રાચીન માનસશાસ્ત્ર પ્રમાણે તેને કદાચ

મનસનું પરિણામ ન ગણે. તેમ છતાં શારીરિક મનના કાર્યનો વિશાળ ભાગ મનના ભાગને અનુરૂપ હોય છે પરંતુ તેમાં આપણે જે પ્રાણમય મન અને નાડીતંત્રના સ્વરૂપને વિશિષ્ટ ગુણ તરીકે લઈએ છીએ તેનો પણ મોટા ભાગનો તેમાં સમાવેશ થાય છે. આ યોગના નામકરણની ક્રિયાને આ પ્રાચીન નામાભિધાનની ક્રિયાની બરાબર ગણવી તે થોડું મુશ્કેલ કાર્ય છે, કારણ કે પ્રાચીન શબ્દોમાં સપાટી ઉપરની ચેતનાની મિશ્રિત ક્રિયા હોય છે અને તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું હોય છે — જ્યારે આપણા યોગમાં જે વસ્તુ સપાટી ઉપર ભેળસેળ થઈ ગઈ હોય છે તેને છૂટી છૂટી પાડવામાં આવે છે અને સપાટી ઉપરની સજ્ઞાનતામાં જે વસ્તુ છુપાયેલી હોય છે તેની પાછળ જે ગૂઢ કાર્ય હોય છે તેના પ્રકાશમાં તે પ્રમાણે કરવામાં આવે છે. એટલા માટે આપણે ભિન્ન પ્રકારનું વર્ગીકરણ અપનાવવાનું રહે છે.

શારીરિક મને પ્રથમ તો ઊર્ધ્વતર ચેતના પ્રત્યે ખુલ્લા થવાનું છે — ત્યાર પછી તેની મર્યાદાઓ ઉપર વિજય પ્રાપ્ત થાય છે અને જે પરા-શારીરિક છે તેને તેનામાં સ્વીકારે છે અને ઉચ્ચતર જ્ઞાનની સાથે વસ્તુઓને સંવાદમાં જોવાની શરૂઆત કરે છે. પછીથી તે જ્ઞાનને શારીરિક જીવનના વ્યવહારમાં ઉપયોગી દર્શનો અને કાર્યમાં બાહ્યીકરણ કરવા માટેનું સાધન બને છે. તે વસ્તુઓને જે પ્રકારની છે તે રીતે જુએ છે અને તેમની સાથે વિશાળતર સત્ય પ્રમાણે સાચા દર્શન અને સાચા સંકલ્પ અને અસરો પ્રત્યે સાચા પ્રત્યાઘાતની રીતે વ્યવહાર કરે છે.

*

હું પોતે આ શબ્દો (મનસ વગેરે) તે નિયમ પ્રમાણે વાપરતો નથી — તે બધા પ્રાચીન યોગના માનસશાસ્ત્રીય ભાષાના શબ્દો છે.

*

(મનસનું કાર્ય) વસ્તુઓને જાણવી અને પદાર્થો પ્રત્યે માનસિક પ્રત્યાઘાત આપવો અને પોતાની છાપોની બુદ્ધિ વગેરેને જાણ કરવી.

*

ચિત્ત મનોમય ચેતનાનો સામાન્ય પદાર્થ છે, જે મનસને અને બીજી બધી વસ્તુઓને ટેકો આપે છે — એ અનિશ્ચિત ચેતના છે અને તે વિચારો અને સ્મૃતિઓ અને કામનાઓ અને સંવેદનો અને દર્શનો તથા શીઘ્રવૃત્તિઓ અને લાગણીઓ (ચિત્તવૃત્તિ)માં નિશ્ચિત બને છે.

*

ચિત્ત એવી ચેતના છે જેમાંથી બધી રચનાઓ બંધાય છે, પરંતુ તે રચનાઓ મન અથવા પ્રાણ અથવા બીજી શક્તિથી ઘડાય છે – તેઓ જાણે કે આત્મ-અભિવ્યક્તિ માટે ચિત્તનાં કરણો હોય છે.

*

તે બન્ને રીતે બને છે – ચિત્ત આ વસ્તુઓને ગ્રહણ કરે છે, અને પ્રાણ તથા મનને રચના કરવા સોંપે છે અને તે બધી જ વસ્તુઓ બુદ્ધિ તરફ મોકલાય છે, પરંતુ તે બુદ્ધિ પાસેથી વિચારો પણ સ્વીકારે છે અને બધાને કામનાઓમાં અને સંવેદનોમાં અને શીઘ્ર આવેગોમાં ફેરવી નાખે છે.

*

હા, પરંતુ ચિત્ત કામનાઓ અને સંવેદનોને બુદ્ધિ પાસેથી સ્વીકારતું નથી. તે બુદ્ધિ પાસેથી વિચારો લે છે અને તેમનું કામનાઓમાં રૂપાંતર કરે છે.

*

ચિત્તમાં કાયમ અથવા ઘણે ભાગે ફેરફાર કરતો પ્રતિભાવ ઉત્પન્ન થાય છે. (બહારથી આવતા અને ગ્રહણ કરતા વિચારો વગેરે પ્રત્યે) – સિવાય કે તે તેમને ફક્ત ગ્રહણ કરીને સંગ્રહ કરતી ક્રિયા કરે અને કરણો તરફ તેમને મોકલે નહિ.

*

હા, ચોક્કસ, પરંતુ ચિત્તનો સમગ્ર વ્યાપાર ઉપરથી, નીચેથી અથવા ચારે બાજુથી વસ્તુઓને ગ્રહણ કરવાની હોવાથી, તે પોતે નિશ્ચિત કરી શકતું નથી, જેમ કે કયા વિચારો ગ્રહણ કરશે અથવા નહિ કરે. તેને બુદ્ધિ અથવા પ્રાણમય સંકલ્પ અથવા કોઈ ઉચ્ચતર શક્તિની મદદ મેળવવાની રહે છે. પાછળથી જ્યારે ઉચ્ચતર ચેતના નીચે ઊતરી આવે છે ત્યારે તેમાં રૂપાંતર થાય છે અને સ્વાભાવિક રીતે જ સ્વરૂપમાં રહેલા દિવ્ય તત્ત્વની વૃદ્ધિને સહાયકારક હોય તેને અથવા સારી વસ્તુને અથવા દિવ્ય વસ્તુને ગ્રહણ કરે છે અને અસત્ય વસ્તુનો ઇનકાર કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે.

ચિત્તનો ખરેખર અર્થ તો સામાન્ય ચેતના જેમાં મન, પ્રાણ અને શારીરિક ચેતના આવી જાય છે – પરંતુ વ્યવહારમાં તેનો અર્થ ચેતનામાં રહેલી કોઈક કેન્દ્રવર્તી વસ્તુ તરીકે લઈ શકાય. જો તે પરમાત્મામાં કેન્દ્રસ્થ થાય તો, ત્યાર પછીનું બીજું બધું ઓછી યા વધુ ઝડપે એક સ્વાભાવિક પરિણામ તરીકે પ્રાપ્ત થાય છે.

*

ચિત્ત હૃદયની નજીક નથી – જો તમે તેને નિમ્નતર ચેતનાના પદાર્થ તરીકે ગણતરી કરતા હો તો, તેને કોઈ ખાસ સ્થાન નથી. ચેતનાની આ સામગ્રીમાં આ જીવનની બધી વસ્તુઓ હોય છે, પરંતુ પૂર્વ જીવનની બધી જ સ્મૃતિ વીંટળાઈને અને અંતર્હિત થઈને બીજી જગાએ ગોઠવાય છે. અલબત્ત, ઘણાખરા માણસો માટે આ ચેતનાનું મુખ્ય કેન્દ્ર હૃદય હોય છે અને તેથી તમને એવી ભાવના થાય છે કે તે ભૂમિકામાં તેની બધી પ્રક્રિયાઓ એકત્રિત થાય છે.

*

શરીરના કોઈ પણ ભાગ વિશે હોય છે તે પ્રમાણે ચિત્તને પણ હોય છે. ચિત્તનો એક અવચેતન ભાગ હોય છે, જે ભૂતકાળની વસ્તુઓની છાપનો સંગ્રહ કરે છે અને તે સ્વપ્નોમાં, ચેતના તરફ તેનાં રૂપો મોકલે છે અથવા જૂની ગતિઓની ટેવનો સંગ્રહ કરી જ્યારે પણ તેને કોઈ તક પ્રાપ્ત થાય ત્યારે તે બધીને સપાટી ઉપર મોકલે છે.

*

યોગ વાસિષ્ઠમાં 'વાસના' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તેનો અર્થ 'કામના' થતો નથી. સામાન્ય રીતે તેનો અર્થ વિચાર અથવા ચિત્તમાંથી ઉદ્ભવતી મનોમય લાગણી, કલ્પનાઓ, છાપો, સ્મૃતિઓ વગેરે થાય છે. પસંદગી અને અપ્રસન્નતાની, દુઃખ અને આનંદની છાપો. વાસિષ્ઠ એમ કહેવા માગે છે કે સામાન્ય માનવીમાં જે વિચારો, છાપો, પ્રેરણાઓ વગેરે કાર્ય કરવા પ્રવૃત્તિ કરે છે તે ચિત્તમાંથી ઉત્પન્ન થાય છે. જીવન-મુક્તમાં જે વસ્તુઓ ઉત્પન્ન થાય છે તે સીધેસીધી સત્ત્વમાંથી આવે છે — સ્વરૂપની મૂળભૂત ચેતનામાંથી – બીજા શબ્દોમાં કહીએ તો તેઓ મનોમય હોતી નથી, પરન્તુ આધ્યાત્મિક રચનાઓ હોય છે. આપણે એમ કહી શકીએ કે ચિત્તવૃત્તિને બદલે તે સત્ત્વપ્રેરણા હોય છે, આંતર સ્વરૂપમાંથી આવતાં સૂચનો કે કઈ વસ્તુનો વિચાર કરવો કે કાર્ય કરવું યા અનુભૂતિ કરવી. જ્યારે ચિત્ત સક્રિય હોતું નથી અને મન શાંત હોય છે – તે જ્યારે મુક્તિ પ્રાપ્ત થાય ત્યારે તે પ્રમાણે બને છે, અને કોઈ પણ વ્યક્તિ તેના સિવાય જીવન-મુક્ત બની શકતી નથી અને ત્યાર પછી જે શેષ વસ્તુ બાકી રહે છે અને જુએ છે અને વસ્તુઓ કરે છે, તે એક મૂળ તત્ત્વની ચેતના હોય છે. સાચા આત્માની અથવા સાચા સ્વરૂપની ચેતના.

*

હું ધારું કે મહત્ ચેતનાની મૂળભૂત વસ્તુ અને મૂળ ગર્ભ પ્રકૃતિની ચેતના છે. (તે અંતર્હિત રહેલી છે નહિ કે ઉત્ક્રાંત થયેલી) જેમાંથી વ્યક્તિત્વ અને રચના આવે છે.

*

તન્માત્રા સ્થૂલ વસ્તુનો ફક્ત પાયો છે. સાંખ્યમાં પ્રધાન (પ્રકૃતિનો) પાયો છે. જેમાંથી બુદ્ધિ અને બાકીનું બધું જ આવે છે. વેદાન્તમાં આધ્યાત્મિક પદાર્થમાંથી સર્વ વસ્તુઓ આવે છે.

## ૧૦

પ્રાણમય સ્વરૂપના ચાર ભાગ છે – પ્રથમ મનોમય પ્રાણ છે. તે પ્રાણમય સ્વરૂપમાં રહેલી લાગણીઓ, કામનાઓ, આવેશો, સંવેદનો અને બીજી ક્રિયાઓનો વિચાર, વાણી યા તો બીજી કોઈ રીતે મનોમય અભિવ્યક્તિ કરે છે; બીજો ભાગ તે ઊર્મિમય પ્રાણ છે, અને તે પ્રેમ, આનંદ, દુઃખ, ધિક્કાર અને બીજી વિવિધ લાગણીઓનું સ્થાન છે. ત્રીજો ભાગ તે કેન્દ્રવર્તી પ્રાણ છે. તે મહત્ત્વાકાંક્ષા, અભિમાન, ભય, કીર્તિ માટેનો પ્રેમ, આકર્ષણો અને ઘૃણાઓ જેવી જુદી જુદી ઇચ્છાઓ જેવી વિશેષ પ્રબળ ઝંખનાઓ તથા પ્રત્યાઘાતોનું સ્થાન છે. અને બીજી ઘણી પ્રાણ-શક્તિઓનું ક્ષેત્ર છે. છેવટે ચોથો ભાગ નિમ્ન પ્રાણ છે. માણસના જીવનનો દરરોજ મોટો ભાગ રોકી લેતી નાની નાની ઇચ્છાઓ અને લાગણીઓનો તે બનેલો હોય છે. દા. ત. ખોરાકની ઇચ્છા, જાતીય ઇચ્છા, નાની નાની પસંદગીઓ અને અણગમા, મિથ્યાભિમાન, ઝઘડાઓ, પ્રશંસા પ્રાપ્ત કરવાનો મોહ, ઠપકો મળતાં ગુસ્સો કરવો આવી આવી અનેક પ્રકારની ઇચ્છાઓ અને બીજી અનેક વસ્તુઓ આ નિમ્ન પ્રાણમાં આવેલી છે. તેમનાં કેન્દ્રો અનુક્રમે આ પ્રમાણે છે: (૧) ગળાથી માંડીને હૃદય સુધીનો પ્રદેશ. (૨) હૃદય (એ બેવડું કેન્દ્ર છે. આગળના ભાગમાં તે ઊર્મિ અને પ્રાણને અધીન છે અને પાછળના ભાગમાં તે ચૈત્યપુરુષને અધીન છે.)-(૩) હૃદયથી માંડી નાભિ સુધી. (૪) નાભિથી નીચેનો પ્રદેશ.

*

પ્રકૃતિનો એક એવો ભાગ છે જેને મેં પ્રાણમય મન કહેલું છે; આ પ્રકારના મનનું કાર્ય વિચાર કરવો અને તર્ક કરવો, જોવું, ગણતરી કરવી, અથવા વસ્તુઓનું મૂલ્ય કરવાનું નથી, કારણ કે તે કાર્ય તો શુદ્ધ વિચારશીલ મનનું, બુદ્ધિનું કાર્ય છે – પ્રાણમય મનનું કાર્ય યોજના કરવી, સ્વપ્ન સેવવાં અથવા શું થઈ શકે તેની કલ્પના કરવાનું છે – તે ભાવિ માટેની રચનાઓ કરે છે અને સંજોગો અનુકૂળ બને તો સંકલ્પશક્તિ તેને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરે છે. અથવા તે સંજોગોને અનુકૂળ બનાવવા માટે પણ કાર્ય કરી શકે છે. કાર્યરત માણસોમાં આ શક્તિ ઘણે ભાગે અગ્રભાગે હોય છે અને તેમની પ્રકૃતિને તે દોરવણી આપે છે; મહાન કાર્યો કરનારામાં તે શક્તિ ઘણા મોટા પ્રમાણમાં હોય છે, પરંતુ કોઈ માણસ કાર્યશીલ ન હોય તેમ છતાં, અથવા તેને વ્યવહારુ સફળતા ન મળે છતાં, અથવા તેના સંજોગો સાનુકૂળ ન હોય છતાં અથવા તે ફક્ત નાની તુચ્છ બાબતો અને સામાન્ય બાબતો કરી શકતો હોય એવો હોય છતાં તેનામાં આ પ્રાણમય મન તો હોય છે જ. તે તેમનામાં ઓછા પ્રમાણમાં કાર્ય કરે છે, અથવા તેને થોડા વધારે મોટા પ્રમાણમાં કાર્ય કરવાની જરૂર પડે તો, ઘણી વખત તો તે શૂન્યમાં યોજના ઘડે છે, અને જાણે છે કે તેની યોજના સિદ્ધ થવાની નથી અથવા તો તે બીજી રીતે મહાન વસ્તુઓ વાતો, સાહસોની કલ્પના કરે છે અને મહાન કાર્યોની કલ્પના કરે છે જેમાં તે પોતે જ મુખ્ય પાત્ર અથવા સર્જક હોય. તમે તમારી પોતાની અંદર જે વસ્તુ ધસી આવે છે તેનું વર્ણન કરો છો તે આ પ્રાણમય મન અથવા તમારી કલ્પના છે, જે આ બધી વસ્તુઓની રચના કરે છે; તેનું કાર્ય વિશિષ્ટ રીતે તમને લાગુ પડતું નથી, પરંતુ જે ઘણા માણસોમાં બની આવે છે તે રીતે લગભગ ઘણી રીતે તમારામાં કાર્ય કરે છે – પરંતુ આ કાર્ય દરેક માણસમાં તેની કલ્પના, રસ, અનુકૂળ વિચારો અથવા ઈચ્છાઓ પ્રમાણે બનતું હોય છે. તમારે તેના કાર્ય ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવું જોઈએ અને તમારા મગજની તે પકડ ન લઈ લે અને તેને જ્યારે અને જ્યાં ગમે ત્યાં દોરી જાય તે પ્રમાણે બનવા ન દેવું જોઈએ. સાધનામાં જ્યારે અનુભૂતિઓ આવવાની શરૂઆત થાય છે ત્યારે એ ખૂબ અગત્યનું છે કે શક્તિને જે પ્રમાણે તેની ઈચ્છા પ્રમાણે કામ લેવું હોય તે પ્રમાણે બનવા ન દેવું કારણ કે તો પછી તે ખોટી અનુભૂતિઓ, તેની પ્રકૃતિ અનુસાર, ઉત્પન્ન કરે છે અને સાધકને સમજાવે છે કે આ અનુભૂતિઓ સાચી છે અથવા તે મિથ્યા ઘડતરો ઉત્પન્ન કરીને તેને એવી રીતે સમજ આપે છે કે તેણે આ વસ્તુઓ જ કરવાની છે; જૂઠાણાની શક્તિઓએ ઉત્પન્ન કરેલી આ શક્તિ સાધકને ગેરમાર્ગે દોરીને તેના પ્રભાવમાં ખેંચી જઈને તેને એ પ્રમાણે સમજાવેલ છે કે તેની મારફતે તેમને મહાન આધ્યાત્મિક, રાજકીય અથવા સામાજિક કાર્ય આ જગતમાં કરવાનું છે અને તેમને

નિરાશા અને નિષ્ફળતા તરફ દોરી ગયેલ છે. તમારી અંદર પણ તે અત્યારે ઉત્પન્ન થતી જાય છે, જેથી કરીને તમે સમજી શકો કે તે કઈ વસ્તુ છે અને તમે તેનો ઇન્કાર કરો. જેથી કરીને તમે વધારે ગહન અથવા મહત્તર આધ્યાત્મિક અનુભૂતિઓને તમારી અંદર સહીસલામત રીતે શરૂ કરી શકો અને ટકાવી શકો એટલા માટે તમારે પ્રાણમય ભૂમિકાની કેટલીક વસ્તુઓમાંથી બહાર નીકળવાનું છે.

શાંતિનું અવતરણ એ વારંવાર સાધનાની પ્રથમ મુખ્ય હકારાત્મક અનુભૂતિ હોય છે. શાંતિની આવી અવસ્થામાં વિચારશીલ મન (બુદ્ધિ) શાંત પડી જવા યોગ્ય બને છે, અને તેની ઘણીખરી ક્રિયાઓ શાંત પડી જાય છે અને તે પ્રમાણે જ્યારે તે શાંત બને છે ત્યારે ઘણી વખત યા તો જો તમે સજાગ ન હો તો આ પ્રાણમય મન અંદર ધસી આવી શકે છે અથવા એક પ્રકારનું યાંત્રિક શારીરિક અથવા આકસ્મિક રીતે આવતા અવચેતન મન ઉપર આવવાની શરૂઆત કરીને કાર્ય કરે છે; આ બધી વસ્તુઓ શાંતિમાં ખલેલ પાડનારી મુખ્ય વસ્તુઓ છે; અથવા તો નિમ્ન પ્રાણમય મન પણ તકલીફ ઊભી કરવા પ્રયત્ન કરે છે; તે વસ્તુ અહંકાર અને આવેગો અને તેમની બધી લીલા લઈ આવે છે. આ બધી એવાં તત્ત્વોની નિશાનીઓ છે જેમનો નિકાલ લાવવાનો છે કારણ કે જો તેઓ ટકી રહે અને ઊર્ધ્વતર શક્તિઓ જેવી કે શક્તિ અને બળ, જ્ઞાન, પ્રેમ અથવા આનંદ નીચે અવતરણ કરવાની શરૂઆત કરે તો પેલી નિમ્નતર વસ્તુઓ તેમનાં જે પરિણામો આવવાં જોઈએ તેની વચમાં દખલ કરે અને તેથી કરીને ઉચ્ચતર ચેતના યા તો પાછી હઠી જાય અથવા તેમનું અવતરણ નિમ્ન શક્તિઓથી આચ્છાદિત થઈ જાય અને તે ઊર્ધ્વતર શક્તિઓ જે પ્રેરણા આપે તેનો દુરુપયોગ, નિમ્ન પ્રકૃતિ પોતાના હેતુઓ માટે કરે. તે કારણને લઈને ઘણા સાધકોને મહાન અનુભૂતિઓ થયા પછી પણ એક વિરાટ અહં, ચડતી-પડતી, મહત્ત્વાકાંક્ષા, પ્રબળ જાતીયતા અથવા બીજા પ્રાણમય આવેગો અથવા વિકૃતિઓના પંજામાં ફસાઈ જાય છે. એટલા માટે પ્રાણની પૂર્ણ વિશુદ્ધિ પ્રથમથી જ બની આવે તે સારું છે. અથવા હકારાત્મક અનુભૂતિઓની સાથ સાથ તેની વિશુદ્ધિ થતી જવી જોઈએ – ખાસ કરીને એવી પ્રકૃતિઓ જેમાં પ્રાણ પ્રબળ રીતે સક્રિય હોય.

*

તે (પ્રાણમય મન) સક્રિય (બુદ્ધિપ્રધાન નહિ) સંકલ્પ, ક્રિયાશીલતા, ઇચ્છા વગેરેનું બનેલું છે – તેનામાં બળ અને ચારિતાર્થતા અને સંતોષ અને માલિકી, આનંદ અને શોક આપ-લે, વૃદ્ધિ, વિકાસ, સફળતા અને નિષ્ફળતા, સદ્ભાગ્ય અને દુર્ભાગ્ય વગેરેની સાથે સંકળાયેલું હોય છે.

*

પ્રાણમય વિચાર, પ્રાણમય ક્રિયાઓને પ્રગટ કરે છે, પ્રાણમય બળોની લીલા – તેમના વિશે તે મુક્ત અને સ્વતંત્ર રીતે જે રીતે વિચારશીલ મન કરી શકે – તે પ્રમાણે વિચારી શકતો નથી – સાચું વિચારશીલ મન પ્રાણમય ક્રિયાઓથી ઊર્ધ્વમાં રહીને તેમને જે રીતે બહારની વસ્તુઓનું નિરીક્ષણ કરીને ન્યાય આપી શકે તે રીતે જોઈને તથા નિરીક્ષણ કરીને નિર્ણય આપી શકે છે. ઘણાખરા માણસોમાં તેમ છતાં વિચારશીલ મન (બુદ્ધિ) ઉપર પ્રાણમય મનનો હુમલો થાય છે અને તે મુક્ત રહી શકતું નથી.

*

આ પ્રાણમય મનની સામાન્ય પ્રક્રિયા હોય છે. પ્રાણમય મન આ વસ્તુ વિશે શું કરવું તેના વિશે કલ્પના કરે છે, વિચાર કરે છે અને યોજના ઘડે છે અને પેલી વસ્તુઓને કઈ રીતે ગોઠવવી તેના વિશે પણ આ રીતે જ વર્તે છે. એ સ્પષ્ટ છે કે તેનો ઉપયોગ માનવ પ્રકૃતિમાં અને માનવ કાર્યમાં રહેલો છે. પરન્તુ તે અકસ્માત રીતે (જવલ્લે જ) અને અતિશયતાથી કાર્ય કરે છે. અને જે વસ્તુઓ ખરેખર કરવાની હોય તેના ઉપર એકાગ્રતા કર્યા વગર અથવા તેની શક્તિઓમાં શિસ્ત કે સંયમ આવ્યા સિવાય કાર્ય કરે છે.

*

આ રીતે ઊંઘમાં અથવા જાગ્રત અવસ્થામાં તમારામાં જે વસ્તુઓ આવે છે તે પ્રાણમય મનની પ્રકૃતિની વસ્તુઓ છે. તેમાં વસ્તુઓ અને કાર્યો વિશે કલ્પનાઓ અને પ્રક્રિયાઓ હોય છે અને મનની પાસે તે હરકોઈ વસ્તુ પોતાની રજૂઆત કરે છે. જે જે વસ્તુઓ મનની સામે પ્રત્યક્ષ થાય છે તેમાં માણસમાં રહેલી પ્રાણમય કલ્પના ત્યારે જ કાર્ય કરે છે જ્યારે તે કલ્પના કરે, અનુમાન કરે અને ભાવિ માટેની યોજનાઓ અને વિચારોની રચના કરે. સામાન્ય જીવનમાં રહેલી ચેતના માટે તેનો ઉપયોગ કરે છે, પરંતુ તેણે શાંત થઈ જવું જોઈએ અને તેની જગાએ યોગની ઊર્ધ્વતર ક્રિયાઓનું સ્થાપન થવું જોઈએ. ઊંઘમાં પણ તમે જેમાં પ્રવેશ કરો છો તે પ્રાણમય ભૂમિકા છે જો તેના પર બરાબર દૃષ્ટિ રાખવામાં આવે અને તેમનું સંયોજન થાય તો પ્રાણમય ભૂમિકા ઉપર પણ જે કાંઈ અનુભૂતિ થાય તેનું મૂલ્ય હોય છે અને તે એવું જ્ઞાન આપે છે જે ઉપયોગી હોય છે. અને પ્રાણમય સ્વરૂપ અને પ્રાણમય ભૂમિકા ઉપર કાબૂ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ તમારામાં તે બધી વસ્તુઓ એક અનિયમિત રીતે અવચેતનામાંથી ઉપર ઊઠી આવે છે. – અને તે જ મુશ્કેલીનું કારણ છે. સમગ્ર વસ્તુને શાંત કરી દેવાની છે અને અમે તે પ્રમાણે બને

તે માટે પ્રયત્ન કરીશું. જ્યારે મેં તમારી જાતને ખુલ્લી કરવાનું કહેલું ત્યારે મારો કહેવાનો એક એટલો જ સરળ અર્થ હતો કે તમારે તમારા મનમાં ચોક્કસ નિશ્ચિત કરી લેવું જોઈએ કે મદદ આવી રહેલી છે અને તમારે તેને ગ્રહણ કરવા માટેનો સંકલ્પ કરવો – એવું અનિવાર્ય રીતે જરૂરી નથી કે તમારે જ તમારી જાતને ખુલ્લી કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

*

આ કલ્પનાઓ જે મૂળમાંથી આવે છે તેને અને બુદ્ધિને કોઈ સંબંધ નથી અને કોઈ પણ બૌદ્ધિક વિરોધોની તેને પરવા હોતી નથી. તે કલ્પનાઓ યા તો પ્રાણમય મનમાંથી આવે છે અને તે વસ્તુ જ તે બધાનું એક જ મૂળ છે જેમાંથી આ બધી સુંદર કલ્પનાઓ અને લાંબી વાર્તાઓ માણસો પોતાની જાતને કહે છે. તે વાર્તાઓના નાયકો તેઓ પોતે જ હોય છે અને તેઓ મહાન કાર્યો કરતા હોય છે અથવા જે નાનાં નાનાં સત્ત્વો શારીરિક મનની સાથે જોડાયેલાં હોય છે તેમનામાંથી તે વસ્તુઓ આવે છે. આ મન કોઈ પણ એકાદું સૂચન ગમે ત્યાંથી આવતું હોય તેને સ્વીકારી લે છે અને તેને મનની પાસે રજૂ કરે છે, જેથી તે જોઈ શકે કે તે સ્વીકારવામાં આવશે કે કેમ. જો વ્યક્તિ પોતાની જાતનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરે તો તેને ખૂબ વિચિત્ર અને અણધારી બુદ્ધિવિહીન મૂર્ખાઈભરી વસ્તુઓ તેના મગજની મારફત પસાર થતી અથવા તેની અંદર ડોકિયાં કરતી દેખી શકાશે. સામાન્ય રીતે માણસ હસી કાઢે છે અથવા ભાગ્યે જ તેમની નોંધ લે છે અને તે વસ્તુઓ જે અસંબદ્ધ વિચારના જગતમાંથી આવી હતી તેમાં પાછી ફરે છે.

*

વળી પાછું તે પ્રાણમય-મન છે. તેનામાં પ્રમાણતાનું અથવા માપનું ભાન હોતું નથી. અને તેને કોઈક મહાન વસ્તુને તાત્કાલિક સિદ્ધ કરવાની અથવા તેવા બનવાની આતુરતા હોય છે.

*

( દિવાસ્વપ્ન ) તે બધું પ્રાણમય મન છે. દરેક માનવીમાં આ વસ્તુ હોય છે, આવી કલ્પનાઓ કરવાની ટેવ – તે બહુ અગત્યની વસ્તુ નથી, પરંતુ તેમાંથી મુક્ત થવું જરૂરી છે. કારણ કે તેનો પાયો અહંકાર ઉપર રચાયેલો હોય છે.

*

સામાન્ય પ્રકૃતિમાં પ્રાણમય મન આ કલ્પનાઓ સિવાય ચલાવી શકે નહિ – તેથી કરીને આવી ટેવ લાંબા સમય સુધી ચાલુ રહે છે. તેમાંથી અનાસક્ત અને તટસ્થ રહેવું એ ઉત્તમ વસ્તુ છે. પછી થોડા સમય પછીથી તે પોતે જ ઘૃણા પામીને પોતાની ટેવ છોડી દેશે.

*

વાર્તાલાપ કરવાની આ પ્રકારની ટેવ (બીજા માણસ સાથે મનમાં જ વાત-ચીત કરવી.) પ્રાણમય મનની સાથે ઘણી સામાન્ય રીતે બનતી આવે છે. તે સૂક્ષ્મ ભૂમિકા ઉપર કાર્ય કરવાની એક રીત છે. તેમાં તેને રસ પડે છે, ખાસ કરીને જો શારીરિક ક્રિયા બંધ કરવામાં આવે અથવા તો અટકાવવામાં આવે તો આ પ્રમાણે બને છે.

*

ઊર્મિમય અને ઊર્ધ્વ પ્રાણનો મુદ્દો થોડો મુશ્કેલ છે. એક એવું વર્ગીકરણ કરીએ જેમાં શુદ્ધ મનને એવી વસ્તુ તરીકે સ્વીકારીએ કે તે વિચારતી, જોતી અને બુદ્ધિનો સંકલ્પ કરતી વસ્તુ છે, તો ઊર્મિમય પ્રાણને મનના એક ભાગ તરીકે ગણવું જોઈએ એટલે કે મનોમય ચેતનામાં રહેલી પ્રાણમય ચેતના. પ્રથમ પસંગમાં 'ઊર્ધ્વતર પ્રાણ' શબ્દમાં સચેતન પ્રાણ-શક્તિની વિશાળ ક્રિયા એક ભાગરૂપ બની જાય છે જે સર્જનની સાથે, શક્તિ અને બળની સાથે તથા વિજયની સાથે સંબંધ ધરાવે છે. તેમાં આપવાની અને આત્માર્પણની અને જગતમાંથી ગ્રહણ કરવાની વસ્તુ છે અને શક્તિની પાસે વધારે આગળનું કાર્ય કરવામાં શક્તિનો વ્યય થાય છે; તે પોતાની જાતને જીવનની વધારે વિશાળ ક્રિયાઓમાં ફેંકે છે અને પ્રકૃતિના વિશાળ પદાર્થો પ્રત્યે પ્રત્યુત્તર આપે છે. બીજા પ્રકારના વર્ગીકરણમાં ઊર્મિમય પુરુષ પ્રાણમય પ્રકૃતિની ટોચ ઉપર બેઠેલો હોય છે અને તે બન્ને એકઠાં થઈને ઊર્ધ્વપ્રાણ બને છે. તેનાથી ઊલટો નિમ્ન પ્રાણ છે. તે કાર્ય અને ઇચ્છાઓની ક્ષુદ્ર ગતિઓ સાથે સંબંધ ધરાવે છે અને તે પ્રાણમય શારીરિક સુધી ખેંચાય છે જ્યાં તે વધારે બાહ્ય પ્રવૃત્તિઓ અને બધાં જ શારીરિક સંવેદનો, ભૂખો, ઝંખનાઓ અને સંતોષો જેવી વસ્તુઓને ટેકો આપે છે. 'નિમ્નતર' શબ્દને ઘૃણાજનક અર્થમાં લેવાનો નથી; તે ભૂમિકા-ઓની ક્રમબદ્ધ શ્રેણીમાં એક સ્થાન વિશે જ સૂચન કરે છે. તે ભૂમિકાઓની ક્રમબદ્ધ શ્રેણીમાં એક સ્થાન વિશે સૂચન કરે છે કારણ કે પાર્થિવ પ્રાણીઓની પ્રકૃતિમાં આ ભાગ ઘણો તમોગ્રસ્ત અને વિકૃતિઓથી ભરપૂર હોવા છતાં – લાલસા, સર્વ પ્રકારનો લોભ, મિથ્યાભિમાન, ક્ષુદ્ર મહત્ત્વાકાંક્ષાઓ, ક્ષુદ્ર ગુસ્સાઓ, ઈર્ષા, અદેખાઈ, વગેરે

તેના સામાન્ય મહેમાનો છે. છતાં તેની એક બીજી બાજુ પણ છે જે તેને આંતર-સ્વરૂપ અને બાહ્ય જીવન વચ્ચે મધ્યસ્થી તરીકે અનિવાર્ય બનાવે છે.

એ સાચી હકીકત નથી કે દરેક ચૈતસિક અનુભૂતિ એક શુદ્ધ અને સાચી દિશામાં જતા પ્રાણમય પ્રવાહનો પોતાની અંદર સમાવેશ કરે છે; જ્યારે તેને કાર્યમાં પોતાની જાતને બહિર્મુખ કરવી હોય ત્યારે તે પ્રમાણે બને છે. ચૈતસિક અનુભૂતિ પોતે જ બિલકુલ સ્વતંત્ર વસ્તુ છે અને તેનાં પોતાનાં વિશિષ્ટ રૂપો હોય છે. ચૈત્યપુરુષ સ્વરૂપના બીજા બધા ભાગોની પાછળ ઊભો રહે છે. તેનું બળ સાચી આત્મશક્તિ છે. પરંતુ જો ચૈત્યપુરુષ અગ્રભાગે આવેલો હોય તો તે બીજા બધા ભાગોને પરિપૂર્ણ કરી શકે છે; મન, પ્રાણ અને શારીરિક ચેતના તેની છાપને સ્વીકારી શકે છે અને તેના પ્રભાવ હેઠળ રૂપાંતર પામી શકે છે. જ્યારે પ્રકૃતિ પૂરો વિકાસ સાધે છે ત્યારે તેની મનોમયતામાં ચૈતસિક તત્ત્વ હોય છે, તે જ પ્રમાણે પ્રાણમાં તથા શારીરિકમાં પણ ચૈતસિક વસ્તુ હોય છે, જ્યારે તે ત્યાં હોય છે અને સામર્થ્યયુક્ત હોય છે ત્યારે જ આપણે કોઈ વ્યક્તિ વિશે એમ કહી શકીએ કે તેનામાં સ્પષ્ટ રીતનો આત્મા છે. પરંતુ કેટલાક માનવોમાં આ તત્ત્વની એવી ખામી હોય છે કે તેમનામાં બિલકુલ આત્મા છે કે કેમ તે કહેવા માટે આપણે શ્રદ્ધા રાખવી પડે છે. ઊર્મિમય સ્વરૂપના કેન્દ્રની પાછળ ચૈત્યપુરુષનું કેન્દ્ર હોય છે; ઊર્મિમય સ્વરૂપ જ સક્રિય રીતે ચૈત્યપુરુષની સૌથી નજીકની વસ્તુ છે, અને ઘણાખરા માણસોમાં ઊર્મિમય કેન્દ્ર મારફતે જ ચૈત્યપુરુષ પાસે ખૂબ સહેલાઈથી પહોંચી શકાય છે, અને ચૈતસિક બનેલી ઊર્મિ મારફતે જ તેનું સહેલાઈથી પ્રગટીકરણ કરી શકાય છે. ઘણા માણસો તેથી કરીને આ એક વસ્તુને બીજી વસ્તુ તરીકે ઓળખવાની ભૂલ કરે છે; પરંતુ તે બન્ને વચ્ચે ઘણો મહાન તફાવત છે. ઊર્મિઓ તેમના લક્ષણમાં સામાન્ય રીતે પ્રાણમય હોય છે અને નહિ કે ચૈતસિક પ્રકારનો એક ભાગ.

એ ખાસ યાદ રાખવું જોઈએ કે આ વર્ગીકરણ માનસશાસ્ત્રીય આત્મજ્ઞાન અને સાધના તથા તાલીમ માટે અનિવાર્ય છે, છતાં તેમનો શ્રેષ્ઠ ઉપયોગ ત્યારે જ થાય જ્યારે તેને રૂઢ બનાવીને તેનો એક ખાસ સિદ્ધાંત બનાવી ન લેવાય. કારણ કે વસ્તુઓ એકબીજીમાં બહુ સહેલાઈથી ભળી જાય છે અને આ બધી શક્તિઓનો સમન્વય પૃથક્કરણ જેટલો જ અગત્યનો છે. દા.ત. મન દરેક જગાએ છે. શારીરિક મનને નિયમ તરીકે પ્રાણની નીચે મૂકવામાં આવે છે, અને છતાં તે શુદ્ધ મનનો નીચેના ભાગમાં થયેલો વિસ્તાર છે. અને તે પોતાની કક્ષામાં ઉચ્ચતર મનોમય બુદ્ધિના સીધા સંપર્કમાં આવી શકે છે. આ ઉપરાંત શરીરનું એક તમોમય મન પણ હોય છે, કોષોનું, અણુ-પરમાણુઓનું પણ. 'હેગેલ' નામના જરમન ભૌતિકવાદીએ અણુમાં

રહેલા સંકલ્પની પણ કોઈ જગાએ વાત કરી છે અને આધુનિક વિજ્ઞાને ઇલેકટ્રોનની પ્રક્રિયામાં અસંખ્ય વ્યકિતગત ભિન્ન પ્રક્રિયાઓના સંબંધની વાત કરી છે. તેમાં તે એક એવા દર્શન સુધી પહોંચેલું છે કે આ વસ્તુ કોઈ રહસ્યમય વાસ્તવિકતાનું સ્વરૂપ નહિ, પરંતુ કોઈ છાયા નાખતું તત્ત્વ છે. આ શારીરિક મન એક સ્પષ્ટ સત્ય છે; તેની તમોમયતાને લઈને અને પોતાની જૂની ગતિઓને યાંત્રિક રીતે વળગી રહેવાની ટેવને લઈને અને તેની વિસ્મૃતિ તથા નવીન વસ્તુનો સહેલાઈથી ઇનકાર કરવાને લીધે, અતિમાનસના બળનું પ્રસરણ કરવામાં તથા શરીરની ક્રિયાશીલતાના રૂપાંતરમાં એક મુખ્ય વિઘ્ન તરીકે આપણને તેનું જ્ઞાન થાય છે. બીજી બાજુએ, જો તેનામાં અસરકારક રીતનું રૂપાંતર એક વખત થઈ આવે તો જડ પ્રકૃતિમાં તે અતિમાનસ પ્રકાશ અને બળની સ્થિરતા માટે તે ઘણું કીમતી સાધન બની શકશે.

*

ઊર્ધ્વ પ્રાણના ભાગોમાં કયા પ્રતિભાવો આવી શકે, તે કયું રૂપ ધારણ કરે તે સ્પષ્ટ રીતે કહેવું શકય નથી કારણ કે તે ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ સાથે ભિન્ન ભિન્ન સ્વરૂપો લઈ શકે છે. એ બિલકુલ સામાન્ય વસ્તુ છે કે ઊર્ધ્વતર ચેતનાના અવતરણના દરેક બિંદુએ કોઈક પ્રકારનો પ્રતિકાર થવાનો જ, કારણ કે અત્યારની પ્રકૃતિના ભિન્ન ભિન્ન ભાગોમાંનો દરેક ઓછી કે વધારે રીતે વસ્તુઓને જોવાની, કાર્ય કરવાની અને અનુભવવાની, પોતાની સ્થાપિત કરેલી રીતને વળગી રહે છે અને દરેક વ્યકિતએ પોતાના પૂર્વ જીવનમાં અથવા હાલના જીવનમાં પોતાના માટે ઉત્પન્ન કરેલા પોતાના પ્રદેશની ટેવ મુજબની પ્રક્રિયાઓ અને રચનાઓની વસ્તુઓ પ્રત્યે પ્રત્યાઘાત અનુભવે છે. તેને માટે આ બધી ખાસ જરૂરી વસ્તુઓ છે, મનની અને પ્રાણની તથા શારીરિક ચેતનાની સામાન્ય નમનીયતા, આ બધી વસ્તુઓ પ્રત્યેની આસકિત છોડી દેવાની તૈયારી, ઊર્ધ્વ ચેતના પોતાની સાથે જે કોઈ વસ્તુઓ લઈને આવે તેને સ્વીકારવાની તૈયારી, પછી ભલે તે વસ્તુઓ પોતાના ગ્રહણ કરેલા વિચારો, લાગણીઓ અને પ્રકૃતિની ટેવોથી ઊલટી પ્રકારની હોય. પ્રકૃતિના કોઈ પણ ભાગમાં જેટલી વધારે નમનીયતા તેટલા પ્રમાણમાં ત્યાં પ્રત્યાઘાત હળવો બને છે.

પ્રકૃતિના ઊર્ધ્વ પ્રાણના ભાગો એટલે હું પ્રાણમય મન, ઊર્મિમય પ્રકૃતિ અને સ્વરૂપની સક્રિય જીવનશકિતના અર્થમાં કહું છું. પ્રાણમય મન એ પ્રાણમય સ્વરૂપનો એવો ભાગ છે જે રચના કરે છે, યોજના કરે છે, કલ્પના કરે છે, જીવનની ઝંખનાઓ અને ઇચ્છાઓ પ્રમાણે વસ્તુઓ અને વિચારોને ગોઠવે છે, શકિત અથવા માલિકી માટેનો સંકલ્પ કરે છે, કાર્ય માટેનો સંકલ્પ કરે છે અને પ્રાણમય અહંના

પ્રકૃતિ પ્રત્યેના પ્રત્યાઘાતો આપે છે. તેને બુદ્ધિયુક્ત સંકલ્પથી જુદો પાડવાનો છે. આ સંકલ્પ વસ્તુઓને શુદ્ધ વિચારશીલ મન અથવા વિવેકયુક્ત બુદ્ધિ અથવા મનોમય પ્રેરણા અથવા સીધી દૃષ્ટિ અને નિર્ણયની આજ્ઞાઓ પ્રમાણે વસ્તુઓની યોજના કરે છે અને ગોઠવણી કરે છે. પ્રાણમય મન બુદ્ધિની સેવા માટે વિચારનો ઉપયોગ કરતું નથી પરંતુ જીવનની ઝંખના અને જીવનની શકિત માટે તેનો ઉપયોગ કરે છે અને જ્યારે તે તર્કનો ઉપયોગ કરે છે ત્યારે તે આ શકિતઓની આજ્ઞાને ન્યાયી ઠેરવવા માટે તેનો ઉપયોગ કરે છે; તેમનાં સૂચનોને, જીવનશકિતઓના કાર્ય માટે વિવેકયુક્ત સંકલ્પથી શાસિત થવાને બદલે તેમનાં સૂચનોને બુદ્ધિ ઉપર લાદે છે. તેના બધા વિભાગો સહિત, ઉચ્ચ પ્રાણ છાતીમાં સ્થપાયેલો છે અને હૃદયનું કેન્દ્ર તેનો કિલ્લો છે અને નાભિ સુધીના બધા ભાગો ઉપર તે સામ્રાજ્ય ચલાવે છે.

મારે ઊર્મિમય પ્રકૃતિ વિશે કાંઈ કહેવાની જરૂર નથી કારણ કે તેનાં લક્ષણો અને પ્રક્રિયાઓ વિશે બધાને જ્ઞાન છે. નાભિની નીચેના પ્રદેશોમાંથી પ્રાણમય આવેગો અને સંવેદનો અને જીવનની નાની નાની ઝંખનાઓ જે સામાન્ય માનવીના જીવન અને પ્રકૃતિનો મોટો ભાગ બનેલો છે તેના ઉપર તેનું સામ્રાજ્ય છે. આ વસ્તુને આપણે નિમ્ન પ્રાણમય પ્રકૃતિ કહીએ છીએ. મૂલાધાર એ શારીરિક ચેતના અને પ્રકૃતિના સ્થૂલ વિભાગોનો મુખ્ય આધાર છે.

અંતરાત્મા એ આત્મા છે, પ્રભુનો અંશ જે ઉત્ક્રાંતિ સાધતી વ્યકિતનો અંતરમય પાયો છે, તે મન, પ્રાણ અને શરીરને ટેકો આપે છે. મન, પ્રાણ અને શરીર પ્રકૃતિના કરણરૂપ ભાગો છે. અને તેમની મારફતે તે ભૌતિક અચેતનતામાંથી દિવ્ય પ્રકાશ અને અમરત્વ જે તેનું સાચું સ્વરૂપ છે તેમાં વૃદ્ધિ પામવા માટે પ્રયત્ન કરે છે. આ કરણોની મર્યાદાઓ તેના ઉપર નિમ્ન ગતિઓનો સ્વીકાર કરાવે છે અને આત્મા અને પ્રકૃતિ વચ્ચે સમાધાન સધાવે છે, અને તેમના પારસ્પરિક વ્યવહારમાંથી પ્રગતિ કરવાનાં સાધનો તેને પ્રાપ્ત થાય છે છતાં તેમની આ ગતિઓમાં રૂકાવટ કરે છે. ચૈત્યપુરુષ એ આત્મરૂપ અથવા વ્યકિતગત આત્મા છે, અને તે આ ઉત્ક્રાંતિ મારફતે અને જન્માંતરમાંથી પસાર થતાં થતાં બધી જ વસ્તુઓ અવિદ્યાથી પર રહેલી એવી ઊર્ધ્વતર ઉત્ક્રાંતિ માટે તૈયાર થઈ જાય ત્યાં સુધી તે પ્રમાણે બને છે.

ચૈત્યપુરુષનો સાક્ષાત્કાર, તેની જાગૃતિ અને તેને અગ્ર ભાગે લાવવો તેનો આધાર મુખ્યત્વે પ્રભુની સાથે વ્યકિતનો કેવો સંબંધ તેણે કેટલી હદે વિકસાવ્યો છે તેના ઉપર રહેલો છે. ભકિત, પ્રેમ, આધાર, આત્માર્પણ, મનોમય પ્રાણમય અને શારીરિક અહંમાંથી મુકત થવાના અને આત્મ-પ્રક્ષેપના પ્રસંગોના ઇનકાર ઉપર છે.

આનંદ એક પ્રાણની લાગણી છે જેવી રીતે તેનાથી વિરોધી લાગણી શોક છે.

*

પરંતુ એ વસ્તુ સાચી છે કે ગુસ્સો પણ, જે નિમ્ન પ્રાણની વસ્તુ છે અને તેથી શરીરની નજીકની વસ્તુ છે, તે અનિવાર્ય રીતે આવી અસરો ઉત્પન્ન કરે છે?[૧] એટલું ચોક્કસ કે માનસશાસ્ત્રી જ્યાં સુધી બીજો માણસ ગુસ્સે થયો છે તેની શારીરિક નિશાની ન બતાવે ત્યાં સુધી તે ગુસ્સે થયો છે એવું જાણી શકે નહિ, પરંતુ તે પ્રમાણે જ માણસ શું વિચારે છે તે પણ જ્યાં સુધી માણસ બોલે કે લખે નહિ ત્યાં સુધી તેની જાણ પણ થઈ શકે નહિ – તેના ઉપરથી એવું તારતમ્ય કાઢી શકાય કે બોલવામાં અથવા લખવામાં અમુક નિશાનીઓ ન આવે ત્યાં સુધી તેના વિચારની અવસ્થાની કલ્પના પણ ન કરી શકાય? કોઈ જાપાનનો માણસ જે પોતાની લાગણીઓ ઉપર કાબૂ રાખવાને ટેવાયેલો છે અને કોઈ બાહ્ય નિશાની આપતો નથી (જો તે ગુસ્સે થયો હોય તો તેની તમને પ્રથમ નિશાની તરીકે તમારા પેટમાં છુરી ભોંકી દીધેલી હશે અને તે પણ એવા હુમલાખોર દ્વારા જે ખૂબ સ્થિર અને સ્મિત કરતો હશે.) તેની આ વસ્તુઓ વિશે તમને બિલકુલ જાણ નહિ થાય – તે ગુસ્સે થયો હશે ત્યારે પણ – તેની છાતી પણ ઊંચી-નીચી થતી નહિ હોય – તેની જગાએ એક સ્થિર અગ્નિ હશે જે તેનો ગુસ્સો પોતે કાર્યમાં સિદ્ધ નહિ થાય ત્યાં સુધી સળગ્યા કરશે.

*

સમર્થ પ્રાણ એવો છે જે જીવનશક્તિથી ભરપૂર હોય છે અને તેમાં મહત્ત્વાકાંક્ષા, બહાદુરી, મહાન ઉત્સાહ, કાર્ય માટે અથવા સર્જન માટેનું બળ, એક વિશાળ વિસ્તાર પામતી પ્રક્રિયા, પછી તે આપવામાં ઉદારતાવાળી હોય કે માલિકી પ્રાપ્ત કરવા માટેની હોય, અને નેતાગીરી તથા સત્તાની ભૂખ સિદ્ધ કરવા અને તેને અમલમાં મૂકવા માટેની શક્તિ – આવાં બધાં ઘણાં રૂપો પ્રાણમય સામર્થ્યનાં હોય છે. આવા પ્રાણ માટે પોતાની જાતનું સમર્પણ કરવું એ દુષ્કર કામ હોય છે કારણ કે તેનામાં તેની પોતાની શક્તિઓનો ખ્યાલ હોય છે – પરંતુ જો તે સમર્પણ કરી શકે તો તે પ્રભુના કાર્ય માટેનું પ્રશંસનીય કરણ બની શકે.

*

ના, નિર્બળ પ્રાણમાં આધ્યાત્મિકતા તરફ વળવાનું સામર્થ્ય હોતું નથી – અને નિર્બળ હોવાથી ખોટી અસરની નીચે ઘણી સહેલાઈથી આવી જાય છે અને

૧. શારીરિક નિશાનીઓ જેવી કે છાતીમાં હાંફ, મોઢું લાલ લાલ થઈ જવું વગેરે.

છેલ્લા પ્રશ્ન વિશે હું બહુ ઓછું કહી શકું તેમ છું – હું માનું છું કે સનતકુમાર બ્રહ્માના ચાર માનસપુત્રોમાંના એક છે. તેથી તે શિવના પુત્ર સ્કંદની સાથે તેનું તાદાત્મ્ય હોઈ શકે નહિ.

*

ઊર્મિમય સ્વરૂપ પોતે જ પ્રાણનો એક ભાગ છે.

*

ઊર્મિમય સ્વરૂપનું કેન્દ્ર હૃદય છે અને ઊર્મિઓ પ્રાણમય ગતિઓ છે. જ્યારે હૃદય વિશુદ્ધ બને છે ત્યારે ઊર્મિઓ ચૈતસિક લાગણીઓમાં પરિવર્તન પામે છે, અથવા તો તેઓ ચૈતસિક બનેલી પ્રાણમય ગતિઓ બને છે.

*

સત્ય અને પવિત્ર વિચારો, ઊર્મિઓ અને આવેગો માનવીનાં મન, હૃદય અને પ્રાણમાંથી ઉદ્ભવી શકે કારણ કે ત્યાં બધું દૂષિત નથી. હૃદયને અશુદ્ધ બનાવી શકાય પરંતુ એનો અર્થ એવો નથી કે તેમાંનું બધું જ અશુદ્ધ છે.

*

હૃદયથી ઉપરના ભાગમાં પ્રાણમય મન છે. પરંતુ સંવેદનની ઉત્પત્તિ એ ઊર્મિ કરતાં નીચેના ભાગમાં આવે છે નહિ કે ઊર્ધ્વના ભાગમાં.

ઊર્મિ કરતાં સંવેદન શારીરિકની વધારે નજીક છે.

કામનાનું સ્થાન હૃદયથી નીચેના ભાગમાં, કેન્દ્રસ્થ નાભિપ્રદેશમાં અને નિમ્ન પ્રાણમાં હોય છે, પરંતુ તે ઊર્મિને અને પ્રાણમય મનને ગતિ આપે છે.

*

હું નિમ્ન પ્રાણની ગતિઓ અને હૃદયની ઊર્મિ વચ્ચેનો ભેદ આ વસ્તુઓ જ્યાંથી ઉત્પન્ન થાય છે તેની નોંધ કરીને કરું છું. અલબત્ત, ગુસ્સો, બીક, ઈર્ષા હૃદયને સ્પર્શે છે. જે રીતે તેઓ મનને પણ સ્પર્શે છે પરંતુ તેઓ નાભિપ્રદેશ અને આંતરડાંઓ પાસેથી ઉત્પન્ન થાય છે. ( એટલે કે નિમ્નતર પ્રાણ અથવા સૌથી ઊંચેના ભાગે મધ્ય પ્રાણ ) સ્ટીવન્સને અપહરણ ( Kidnapped ) પુસ્તકમાં એક નોંધપાત્ર પરિચ્છેદમાં નાયક એવી નોંધ લે છે કે તેની બીક મુખ્યત્વે હૃદયમાં નહિ પરંતુ હોજરીમાં અનુભવાય છે. પ્રેમ, આશા વગેરેનું મુખ્ય સ્થાન હૃદયમાં હોય છે અને તે જ પ્રમાણે દયા વગેરેનું.

*

તેને પોતાને ઇચ્છા હોય તો પણ પોતાની રૂઢ પ્રકૃતિથી પર રહેલી કોઈ પણ વસ્તુને સ્વીકારવી તેને મુશ્કેલ લાગે છે સમર્થ પ્રાણમાં જો સંકલ્પ હોય તો તે જ વસ્તુ તે ઘણી સહેલાઈથી કરી શકે છે – તેની એક મુખ્ય મુશ્કેલી અહંકારનું અભિમાન અને તેની શક્તિઓ પ્રત્યેનું આકર્ષણ હોય છે.

છાતીને પ્રાણ કરતાં ચૈતસિક તત્ત્વની સાથે વધારે સંબંધ હોય છે. મજબુત પ્રાણવાળા માનવીનું શરીર સારું હોઈ શકે પણ ઘણી વખત તે પ્રમાણે હોતું નથી – તે શારીરિકમાંથી વધારે પ્રમાણમાં ખેંચે છે, જાણે કે તે તેનું ભક્ષણ કરતું હોય.

*

મને લાગે છે કે મેં કહ્યું છે કે (એક જૂની ઈચ્છા) શારીરિક પ્રાણના અવચેતન ભાગમાં પડી રહેલી. જેવી રીતે શારીરિક મન છે તે પ્રમાણે શારીરિક પ્રાણ છે – એક એવો પ્રાણ જે પૂર્ણ રીતે સ્થૂલ વસ્તુઓ ઉપર જ વળેલો હોય છે, કામનાઓ અને લાલસાઓ અને શારીરિક સ્તર ઉપરના આનંદ-ઉપભોગ માટેની ઝંખનાઓથી ભરપૂર હોય છે.

*

શારીરિક પ્રાણ એ ક્ષુદ્ર કામનાઓ અને લાલસાઓ વગેરેનું સ્વરૂપ છે – પ્રાણમય શારીરિક એ નાડીતંત્રનું સ્વરૂપ છે; તે બન્ને એકબીજાં સાથે ગાઢ રીતે સંકળાયેલાં હોય છે.

*

પ્રાણમય-શારીરિક બાહ્ય વસ્તુઓ પ્રત્યેના બધા જ રોજિંદા ક્ષુદ્ર પ્રત્યાઘાતો ઉપર નિયંત્રણ કરે છે – નાડીતંત્રના પ્રત્યાઘાતો અને શરીર ચેતના ઉપર અને ઊર્મિઓ અને સંવેદનોનાં કોઈ પ્રતિકાર્યો વગેરે; માનવીના સામાન્ય કાર્યોના ઘણા ભાગ માટે તે કારણભૂત હોય છે અને કામવાસના, ગુસ્સો, હિંસા વગેરે ઉત્પન્ન કરવામાં શુદ્ધ પ્રાણના નિમ્ન ભાગો સાથે તે જોડાઈ જાય છે. તેના સૌથી નિમ્ન ભાગોમાં (પ્રાણમય – સ્થૂલ) તે દુ:ખ, શારીરિક માંદગી વગેરેનો કાર્યકર્તા હોય છે.

*

હા – તેઓ (નિમ્ન પ્રાણ, શારીરિક પ્રાણ અને સૌથી સ્થૂલ પ્રાણ) વૃદ્ધિ પામતી ચેતનામાં ઘણાં સ્પષ્ટ બની જાય છે, અને તેમના વચ્ચેનો ભેદ સમજવો એ જરૂરી છે – નહિ તો કોઈ માણસ નિમ્ન પ્રાણમાં પ્રભાવ અથવા કાબૂ પ્રાપ્ત કરે

અથવા શારીરિક પ્રાણના કોઈ ભાગ ઉપર કાબૂ પ્રાપ્ત કરે અને ત્યાર પછી તેને આશ્ચર્યથી સમજ પડે કે કોઈ પણ બહારની વસ્તુ અથવા સ્પષ્ટ રીતે અજ્ઞેય એવી કોઈ વસ્તુ હજુ સુધી પણ વિરોધ કરે છે – તે ભૌતિક પ્રાણ હોય છે અને તે બીજી બધી બાકીની વસ્તુઓ સાથે વિરોધી અસર ઉત્પન્ન કરી શકે છે.

*

સ્વરૂપનો નાડીતંત્રનો ભાગ એ પ્રાણનો એક ભાગ છે – તે પ્રાણમય શારીરિક છે, તે જીવન-શકિત, પ્રત્યાઘાતો, કામનાઓ, જરૂરિયાતો અને શરીરનાં સંવેદનોની જાળમાં સપડાય છે. શુદ્ધ પ્રાણ એક જીવન-શકિત છે અને તે પોતાની પ્રકૃતિ પ્રમાણે આવેગો, ઊર્મિઓ, લાગણીઓ, ઇચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓ વગેરેમાં કાર્ય કરે છે. તેમનાં સૌથી ઉચ્ચ કેન્દ્રને આપણે ઊર્મિઓનું બાહ્ય હૃદય કહીએ છીએ, જ્યારે એક એવું આંતરહૃદય હોય છે જેમાં ઊર્ધ્વતર અથવા ચૈતસિક લાગણીઓ અને ભાવનાઓ હોય છે, તેમાં ઊર્મિઓ અથવા અંત:પ્રેરણાની ઝંખનાઓ અને આત્માના આવેગો હોય છે. આપણો પ્રાણમય ભાગ, અલબત્ત, આપણી પૂર્ણતા માટે જરૂરી છે, પરંતુ તે સાચું કરણ ત્યારે જ બને છે જ્યારે તેની લાગણીઓ અને વલણો ચૈત્યપુરુષના સ્પર્શથી વિશુદ્ધ બનેલાં હોય અને આધ્યાત્મિક પ્રકાશ અને શકિત તેમને પોતાના હાથમાં લઈને તેના ઉપર નિયંત્રણ કરતાં હોય.

*

મને સૂક્ષ્મ પ્રાણની જાણ નથી. આપણે એમ કહી શકીએ કે સૂક્ષ્મ શારીરિક જેથી કરીને સ્થૂલ ( ભૌતિક ) શારીરિકથી તેને જુદું પાડી શકાય કારણ કે આપણા સામાન્ય અનુભવમાં બધું જ શારીરિક તત્ત્વ સ્થૂલ છે. પરંતુ પ્રાણ તો તેના ગુણ પ્રમાણે અ-ભૌતિક વસ્તુ છે, અને તેથી તેને માટે "સૂક્ષ્મ" વિશેષણ નિરર્થક છે. સ્થૂલ પ્રાણ એટલે એવો પ્રાણ જે જડતત્ત્વમાં અંતર્હિત છે, અને તે તેની ગતિ-ઓમાં અને સ્થૂલ શારીરિક તત્ત્વથી બંધાયેલો છે. તેનું કાર્ય શરીરને ટેકો આપીને શક્તિનો સંચાર કરવાનું છે, તથા જીવનની શક્તિને ધારણ કરીને તેની વૃદ્ધિ, ગતિ વગેરેમાં મદદ કરવી તથા બાહ્ય તન્માત્રાઓ પ્રત્યે સંવેદનશીલ બનાવવું.

*

આ પ્રશ્નનો કોઈ ઉપયોગી અર્થ નથી – કારણ કે પ્રાણમય શારીરિક બળોને ગમે તે જગાએથી શરીર ગ્રહણ કરી શકે છે, ચારે બાજુએથી, નીચેના ભાગમાંથી અથવા તો ઊર્ધ્વમાંથી. ભૂમિકાઓની ક્રમિક શ્રેણી એકબીજાના સંદર્ભમાં આવેલી

છે, નહિ કે શરીરના સંબંધમાં. એકબીજાના સંદર્ભમાં પ્રાણમય શારીરિક સ્થૂલ મનથી નીચેના ભાગમાં છે, પરંતુ સ્થૂલ તત્ત્વથી ઉપરના ભાગમાં છે, પરંતુ એકી સમયે આ બધી શકિતઓ એકબીજામાં પ્રવેશ કરે છે.

*

શરીર શક્તિ એ પ્રાણમય-શારીરિક શકિત દ્વારા આધાર આપતાં ભૌતિક બળોનું પ્રગટીકરણ છે. તે પ્રાણમય શકિત જડ તત્ત્વમાં સીધેસીધી અંદર પ્રવેશ કરે છે અને તેના ઉપર નિયંત્રણ રાખે છે.

*

પ્રાણ-શકિત એટલે જીવન-શકિત. જ્યાં જ્યાં જીવન છે, વૃક્ષમાં કે પ્રાણીમાં કે માનવીમાં ત્યાં ત્યાં જીવન-શકિત હોય છે. પ્રાણ વિના જડ તત્ત્વમાં જીવન હોઈ શકતું નથી અને કોઈ જીવંત કાર્ય બની શકતું નથી. પ્રાણ એક જરૂરી બળ છે, અને શારીરિક જીવનમાં જો એક કરણરૂપ પ્રાણ ન હોય તો કાંઈ થઈ શકતું નથી અથવા સર્જન થઈ શકતું નથી. સાધનામાં પણ પ્રાણમય શકિતની જરૂર રહે છે.

પરંતુ પ્રાણ જો અસંસ્કૃત હોય અને કામના આવેગ તથા અહંકારનો ગુલામ હોય તો તે જેટલો મદદગાર થઈ શકે તેટલો જ નુકસાનકારક પણ છે. સામાન્ય જીવનમાં પણ પ્રાણ ઉપર મનનો અને મનોમય સંકલ્પનો કાબૂ રાખવો પડતો હોય છે નહિ તો તે અવ્યવસ્થા અને વિપત્તિ લાવે છે. જ્યારે લોકો કોઈ વ્યક્તિને પ્રાણમય વ્યકિત તરીકે કહેતા હોય છે ત્યારે તેનો અર્થ એવો હોય છે કે તે માણસ મન અથવા આત્માના કોઈ પણ પ્રકારના અંકુશ વગર પ્રાણમય શકિતના કાબૂમાં છે. પ્રાણ એ કરણ તરીકે સારો છે પણ માલિક તરીકે બૂરો છે.

પ્રાણને મારી નાખવાનો નથી કે તેનો નાશ કરવાનો નથી, પરંતુ તેને ચૈત્યપુરુષ અને આધ્યાત્મિક કાબૂ નીચે રાખીને તેને વિશુદ્ધ કરી તેનું રૂપાંતર કરવાનું છે.

*

શારીરિક દરેક પગલે પ્રાણ ઉપર અધાર રાખે છે – તે પ્રાણની મદદ સિવાય કાંઈ પણ કાર્ય કરી શકે નહિ – એટલે એ બિલકુલ સ્વાભાવિક છે કે તેણે તેનાં સૂચનો સ્વીકારવાં જોઈએ.

*

શરીર સિવાય શારીરિક જીવન ટકી શકે નહિ અને શરીર જીવન-શક્તિ સિવાય

જીવંત રહી શકે નહિ, પરંતુ જીવનમાં પોતાનામાં એક અલગ અસ્તિત્વ હોય છે અને તેનું પોતાનું એક સ્વતંત્ર શરીર, પ્રાણમય શરીર હોય છે, જે રીતે મનનું પોતાનું પણ એક સ્વતંત્ર અસ્તિત્વ હોય છે તેમ તે તેની પોતાની ભૂમિકા ઉપર અસ્તિત્વ ધરાવી શકે છે. સમગ્ર વ્યવસ્થાતંત્ર ચૈત્યપુરુષ દ્વારા સંગઠિત થાય છે અને તે જ સર્વનો આધાર છે.

## ૧૧

આપણા સ્વરૂપની દરેક ભૂમિકાને – મન, પ્રાણ તથા શરીરને તેની પોતાની ચેતના હોય છે. તે ચેતના દરેક ભૂમિકા ઉપર અલગ અલગ હોવા છતાં એકબીજા સાથે સંકળાયેલી છે અને એકબીજા ઉપર કાર્ય પ્રતિકાર્ય કરતી હોય છે. પરંતુ આપણાં બાહ્ય મન અને ઈન્દ્રિયો માટે, તેમજ આપણી જાગ્રત અવસ્થાની અનુભૂતિમાં તે બધી એકબીજા સાથે ગૂંચવાઈ ગયેલી હોય છે. દા.ત., શરીરને તેની પોતાની ચેતના છે અને તે તેમાંથી કાર્ય કરે છે. આપણા પોતાના મનોમય સંકલ્પ સિવાય, અથવા તેની ઈચ્છાની વિરુદ્ધ પણ તે કામ કરતું રહે છે અને આપણી સપાટી ઉપરનું મન આ શરીર-ચેતના વિશે ઘણું ઓછું જાણે છે, તેને અપૂર્ણ રીતે જ અનુભવે છે તથા તેનાં પરિણામોને જુએ છે પરંતુ તેનાં કારણો શોધવામાં ખૂબ મુશ્કેલી પડે છે. શરીરની આ અલગ ચેતના વિશે સભાન બનવું એ યોગનો એક ભાગ છે. શરીરની ચેતનાને જોવી, તેની ક્રિયાઓને અનુભવવી અને અંદરથી તેમજ બહારથી જે બળો તેના ઉપર કાર્ય કરતાં હોય તેમને જોવાં તથા આપણી ચેતનાની છેક ગુપ્ત અને આપણે માટે અવચેતન એવી ક્રિયાઓ ઉપર કઈ રીતે કાબૂ પ્રાપ્ત કરીને તેને દોરવણી આપવી એ પણ યોગનો એક ભાગ છે. પરંતુ આ શારીરિક ચેતના પોતે આપણી અંદર રહેલી વ્યક્તિરૂપ બનેલી ચેતનાનો માત્ર એક ભાગ જ છે, એ શરીર ચેતનાને વિશ્વરૂપ સ્થૂલ પ્રકૃતિનાં ગુપ્ત રહેલાં સચેતન બળોમાંથી આપણે એકત્રિત કરીને તેનું બંધારણ બાંધીએ છીએ.

પ્રકૃતિની એક વિશ્વરૂપ સ્થૂલ ચેતના છે અને આપણી પોતાની પણ તેના અંશરૂપે એક સ્થૂલ ચેતના છે. એ વિશ્વરૂપ સ્થૂલ ચેતના આપણી સ્થૂલ ચેતનાને સંચાલિત કરે છે. આપણી કેન્દ્રસ્થ સત્તા સ્થૂલ જગતમાં પોતાને વ્યક્ત કરવા અને આધાર આપવા આ જગતના સર્વ બાહ્ય પદાર્થો અને ગતિઓ અને બળોની સાથે

પ્રત્યક્ષ કાર્ય કરવા માટે તેનો ઉપયોગ કરે છે. શારીરિક ચેતનાની ભૂમિકા બીજી ભૂમિકાઓ ઉપરથી તેમની શક્તિઓ અને પ્રભાવો ગ્રહણ કરે છે અને તેના પોતાના પ્રદેશમાં તેમની રચનાઓ કરે છે. એટલા માટે આપણામાં એક સ્થૂલ મન છે તેમજ પ્રાણમય મન અને શુદ્ધ મન છે; આપણી અંદર એક પ્રાણમય–શારીરિક ભાગ પણ છે – નાડીતંત્રનું સ્વરૂપ – તેમજ શુદ્ધ પ્રાણ પણ છે આજે તે બન્ને આપણા સ્થૂલ જડ શારીરિક ભાગ દ્વારા, જે આપણી અનુભૂતિ માટે સંપૂર્ણ અવચેતન ભાગ છે તેના દ્વારા ઘણે ભાગે નિયંત્રિત કરાય છે.

સ્થૂલ મન એવા પ્રકારનું મન છે જે સ્થૂલ વસ્તુઓ અને સ્થૂલ ઘટનાઓ ઉપર ચોંટેલું હોય છે, અને તેમને જ જુએ છે અને સમજી શકે છે અને તેમની સાથે તેમની પ્રકૃતિ પ્રમાણે વ્યવહાર કરે છે, પરંતુ ઊર્ધ્વ બળોને પ્રત્યુત્તર આપવામાં તેને મુશ્કેલી પડે છે. જો તેને તેની રીતે રહેવા દઈએ તો અતિશારીરિક પદાર્થોના અસ્તિત્વ વિશે તે શંકાશીલ હોય છે અને તેમના વિશે તેને કશો પ્રત્યક્ષ અનુભવ હોતો નથી અને તેમની તેને કોઈ ચાવી પણ મળી શકતી નથી; તેને આધ્યાત્મિક અનુભૂતિઓ થાય તો પણ તેને તે સહેલાઈથી ભૂલી જાય છે, તેની છાપ અને પરિણામની અસર ભૂંસાઈ જાય છે અને તેમનામાં શ્રદ્ધા રાખવી એ તેના માટે બહુ મુશ્કેલ કાર્ય બને છે. આ સ્થૂલ મનને ઊર્ધ્વ આધ્યાત્મિક અને અતિમાનસની ભૂમિકાઓની ચેતના દ્વારા પ્રકાશિત કરવું એ એટલું જ જરૂરી છે; જે રીતે આપણા સ્વરૂપની ઊર્ધ્વ પ્રાણમય શક્તિ અને ઊર્ધ્વ મનોમય તત્ત્વની માનવના આત્મ-વિકાસમાં, સંસ્કૃતિમાં અને શિષ્ટતામાં આ સ્થૂલ મનને પ્રકાશિત કરવાની જરૂર છે. તે આ યોગનું એક લક્ષ્ય છે.

આથી ઊલટું આપણો પ્રાણમય શારીરિક ભાગ આપણી શારીરિક પ્રકૃતિને નાડીતંત્રનાં સંવેદનો, પ્રતિસંવેદનો આવતાં હોય છે, તેનું વાહક છે. તે નાનાં નાનાં સંવેદનો, કામનાઓ, બાહ્ય, શારીરિક અને સ્થૂલ ભૌતિક જીવનના સંપર્કો પ્રત્યે ભિન્ન ભિન્ન પ્રકારના પ્રત્યાઘાતોનું એક ક્ષેત્ર છે, અને કરણ છે. આ પ્રાણમય શારીરિક ભાગ ( જેને શુદ્ધ પ્રાણનો નિમ્નતમ અંશ આધાર આપતો હોય છે.) આપણા બાહ્ય જીવનની ઘણીખરી નાની નાની પ્રક્રિયાઓનું એક માધ્યમ હોય છે. યોગ દ્વારા રૂપાંતર કરવાના કાર્યમાં આ તેની ટેવ મુજબના પ્રત્યાઘાતો અને જિદ્દી ક્ષુદ્રતાઓ મુખ્ય વિઘ્નરૂપ હોય છે. વળી પ્રકૃતિમાં રહેલા આપણા શારીરિક સ્વરૂપ ઉપર મન અને શરીરની વેદનાઓ અને રોગના મુખ્ય ભાગની જવાબદારી આ પ્રાણમય શારીરિક અંશને લઈને જ હોય છે.

આપણો જે સ્થૂલ જડ અંશ છે તેની જગા નક્કી કરી આપવાની જરૂર નથી, કારણ કે તે સ્પષ્ટ રીતે દેખાતી આવે તેવી વસ્તુ છે. પરંતુ એટલું યાદ રાખવું ખાસ જરૂરી છે કે આ અંશને પણ તેની પોતાની ચેતના છે. આપણાં અંગો, કોષો, તંતુઓ, ગ્રંથિઓ અને ઇન્દ્રિયોની એક તમોમય ચેતના છે. આ તમોમયતાને પ્રકાશિત કરવાની છે તેમ જ ઊર્ધ્વતર ભૂમિકાઓનું અને પ્રભુની દિવ્ય ક્રિયાનું તેને સીધું કરણ બનાવવાનું છે. આપણે યોગમાં શરીરને સજ્ઞાન બનાવવાનું કહીએ છીએ તે આ વસ્તુ છે – એટલે કે શરીરની પોતાની જે આ તમોમય અને મર્યાદિત એવી અર્ધઅવચેતના છે, તેમાંથી નીકળીને એક સાચી, જાગ્રત અને પ્રત્યુત્તર આપી શકે તેવી સજ્ઞાનતાથી તે પૂર્ણ બની રહેવું જોઈએ.

બધી જ ભૂમિકાઓ ઉપર આપણા સમગ્ર સ્વરૂપની આરપાર એક આંતર ચેતના તેમ જ બાહ્ય ચેતના રહેલી છે. સામાન્ય માણસ પોતાની જાતની ફક્ત સપાટી ઉપરની ચેતના વિશે જ સભાન હોય છે અને તે સપાટી દ્વારા ઢંકાયેલી બધી વસ્તુઓ વિશે બિલકુલ અજાણ હોય છે. અને તેમ છતાં સપાટી ઉપર જે વસ્તુ છે અને આપણી જાત વિશે આપણે જે જાણીએ છીએ અને વિચારીએ છીએ અને આપણે પોતે જે કાંઈ છીએ તેને વિશે માન્યતા રાખીએ છીએ તે આપણા સ્વરૂપનો એક ઘણો નાનો અંશ છે, અને એક ઘણો વિશાળ ભાગ આપણી સપાટી ઉપરની ચેતના કરતાં નીચેના ભાગમાં ઢંકાયેલો હોય છે, અથવા વધારે ચોક્કસ રીતે કહીએ તો તે ભાગ આપણી અગ્રભાગની ચેતના પાછળ, એક બુરખા પાછળ ગુપ્ત રહેલી છે. અને તેને ગુહ્યજ્ઞાન દ્વારા જ જાણી શકાય છે. આધુનિક મનોવિજ્ઞાન અને ચૈતસિક વિજ્ઞાને આ સત્યના એક ક્ષુદ્ર જેવા અંશને જોવાની શરૂઆત કરી છે. ભૌતિકવાદી માનસ-શાસ્ત્ર આ ગુપ્ત રહેલા અંશને અચિત તરીકે જાહેર કરે છે અને તેમ છતાં તેઓ વ્યવહારુ રીતે કબૂલ કરે છે કે આ અંશ સપાટી ઉપર રહેલી સચેતન તત્ત્વ કરતાં ઘણો વિશાળ અને વધારે શક્તિશાળી અને ગહન છે – જે રીતે ઉપનિષદોમાં આપણી અંદર રહેલાં અનિચિત તત્ત્વને સુષુપ્તિ કહે છે, જો કે આ સુષુપ્ત અવસ્થા, એમ કહેવાય છે કે ઘણી અનંત રીતની મહાન બુદ્ધિયુક્ત, સર્વજ્ઞ, સર્વ શક્તિશાળી, પ્રજ્ઞા ઈશ્વર છે, ચૈતસિક વિજ્ઞાન આ ગુપ્ત રહેલી ચેતનાને પૃષ્ઠસ્થ ચેતના કહે છે અને અહીં પણ એવું માલૂમ પડે છે કે સપાટી ઉપર રહેલી નાનકડી ચેતના કરતાં આ પૃષ્ઠસ્થ ચેતનામાં વધારે શક્તિઓ, વધારે જ્ઞાન અને પ્રક્રિયાઓ માટેનું વધારે મહાન ક્ષેત્ર છે, પરંતુ સાચી બાબત એ છે કે જે પાછળના ભાગમાં જે આ બધી વસ્તુઓ રહેલી છે તે એક સાગર છે. અને આપણી જાગ્રત ચેતના તો તેનો ફક્ત એક તરંગ છે, અથવા તો તરંગોની હારમાળા છે. અને તે સમુદ્રનું વર્ણન એકાદ

શબ્દમાં કરી શકાય તેમ નથી, કારણ કે તે ઘણી જટિલ વસ્તુ છે. તેનો કેટલોક ભાગ અવચેતનનો બનેલો છે અને આપણી જાગ્રત ચેતનાની નીચે આવેલ છે. કેટલોક ભાગ તેના સ્તર સુધી જ છે પરન્તુ તેની પાછળ પણ રહેલો છે અને તેનાથી ઘણો વિશાળ છે. કેટલોક ભાગ ઊર્ધ્વમાં છે અને આપણે માટે તે અતિચિત છે. આપણે જેને મન કહીએ છીએ તે કેવળ બાહ્ય મન છે, એક સપાટી ઉપરનું મનોમય કાર્ય છે. અને તેની પાછળ રહેલા વધારે વિશાળતર મનની આંશિક અભિવ્યકિત માટે તે એક કરણ છે – આપણે જેને મન કહીએ છીએ તે કેવળ બાહ્ય મન છે, એક સપાટી ઉપરનું મનોમય કાર્ય છે અને તેના પાછળ રહેલા વધારે વિશાળતર મનની આંશિક અભિવ્યકિત માટે તે એક કરણ છે—આપણે સામાન્ય તથા આ વિશાળ મન વિશે સજ્ઞાન હોતા નથી અને તેની જાણ થવા માટે આપણે આપણી પોતાની આંતર ચેતનામાં જવાની જરૂર રહે છે તે જ પ્રમાણે આપણી અંદર રહેલા પ્રાણતત્ત્વ વિશે જે જાણીએ છીએ તે કેવળ બાહ્ય પ્રાણ છે. એક સપાટી ઉપરની પ્રક્રિયા જે ગુપ્ત રહેલા વિશાળ પ્રાણને અંશત: પ્રગટ કરે છે અને તેના વિશે જાણવા માટે પણ આપણે અંતરમાં ઊંડે જવું પડે છે. તે જ પ્રમાણે આપણે જેને આપણું શારીરિક સ્વરૂપ કહીએ છીએ તે એક વધારે મહાન અને વધારે સૂક્ષ્મ અદશ્ય શારીરિક ચેતનાનો દશ્યમાન પ્રક્ષેપ છે. અને તે ઘણું જટિલ, ઘણું સજ્ઞાન, ગ્રહણશીલતામાં ઘણું વિશાળ અને ઘણું ખુલ્લું અને નમનીય તથા મુકત છે.

જો તમે આ સત્યને સમજો અને અનુભવો, તો જ તમને સાક્ષાત્કાર થઈ શકે કે આંતર મનોમય, આંતર પ્રાણમય અને આંતર શારીરિક ચેતના એટલે શું. પરંતુ એ ખાસ નોંધવું જોઈએ કે આ 'આંતર' શબ્દ બે ભિન્ન અર્થમાં વપરાયેલો છે. કેટલીક વખત તે એવી ચેતનાનો નિર્દેશ કરે છે જે બાહ્ય સ્વરૂપના બુરખાની પાછળ છે, મનોમય અથવા પ્રાણમય અથવા શારીરિકની અંદર રહેલી છે. તે વિશ્વરૂપ મન, વિશ્વરૂપ પ્રાણ-બળો અને વિશ્વરૂપ શારીરિક બળોના પ્રત્યક્ષ સંપર્કમાં છે. તેનાથી ઊલટું કેટલીક વખત આપણે તેનો અર્થ અંતરતમ મનોમય, અંતરતમ પ્રાણમય અને અંતરતમ શારીરિકના અર્થમાં લઈએ છીએ અને તેને આપણે વધારે સ્પષ્ટ રીતે સાચી મનોમય, સાચી પ્રાણમય અને સાચી શારીરિક ચેતના કહીએ છીએ જે આત્માની વધારે નજીક છે અને જે પરમાત્માના પ્રકાશ અને શકિતને વધારે સહેલાઈથી અને વધારે પ્રત્યક્ષ રીતે પ્રત્યુત્તર આપી શકે છે.

જો આપણે આપણા બાહ્ય સ્વરૂપમાંથી પાછા હઠી જઈને આ આંતર સ્વરૂપ અને આંતર પ્રકૃતિ વિશે સભાન ન બનીએ તો સાચો યોગ કરવો શકય નથી અને કોઈ પણ જાતનો પૂર્ણયોગ તો નહિ જ. કારણ કે ત્યાર પછી જ આપણે આપણા બાહ્ય

આત્મતત્ત્વની મર્યાદાઓ તોડી શકીએ છીએ. આપણું બાહ્ય સ્વરૂપ કેવળ બાહ્ય સ્પર્શોને જ સચેતન રીતે સ્વીકારી શકે છે અને કેવળ બાહ્ય મન અને ઈન્દ્રિયો દ્વારા જ પરોક્ષ રીતે વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને જે વિશ્વરૂપ ચેતના અને વિશ્વ-રૂપ બળો આપણી મારફત અને આપણી આસપાસ લીલા કરી રહ્યા છે તેના વિશે સભાન બને છે. અને ત્યાર પછી જ આપણે આપણી અંદર રહેલા પરમાત્મા વિશે સીધેસીધા સજ્ઞાન બની શકીએ છીએ અને પરમાત્માના પ્રકાશ અને પરમાત્માની શક્તિના પ્રત્યક્ષ સ્પર્શમાં રહી શકીએ. નહિ તો આપણને પ્રભુની અનુભૂતિ કેવળ બાહ્ય નિશાનીઓ અને બાહ્ય પરિણામોમાંથી થઈ શકે અને આવો માર્ગ બહુ મુશ્કેલ અને અચોક્કસ તથા આકસ્મિક અને સાતત્ય વગરનો છે અને તે કેવળ એક માન્યતા તરફ દોરી જાય છે, પરંતુ જ્ઞાન પ્રત્યે નહિ; પ્રત્યક્ષ ચેતનામાં અને પ્રભુની સતત હાજરીની સભાનતામાં નહિ.

કેટલાક જુદા પ્રસંગોમાં તમને અનુભૂતિના બે વિરુદ્ધ ધ્રુવવાળાં દષ્ટાંતો આપું, એક બિલકુલ દશ્યમાન બાહ્ય ઘટનાનો જે દર્શાવે છે કે આંતર સ્વરૂપ કઈ રીતે વિશ્વરૂપ શકિતઓની સજ્ઞાનતા વિશે ખુલ્લું થાય છે અને એક આધ્યાત્મિક અનુ-ભૂતિ, જે દર્શાવે છે કે કઈ રીતે આંતર ચેતના પરમાત્મા પ્રત્યે ખુલ્લી થાય છે. માંદગીનું દષ્ટાંત લો. જો આપણે કેવળ બાહ્ય શારીરિક ચેતનામાં રહીએ તો સામાન્ય રીતે આપણે જાણતા નથી કે આપણે માંદા પડીશું. જ્યાં સુધી આપણા શરીરમાં રોગનાં ચિહ્નો પોતાની જાતે જાહેર કરે નહિ કે તેઓ શરીરમાં રહેલાં છે. પરંતુ જો આપણે આંતર શારીરિક ચેતનાનો વિકાસ કરીએ તો આપણે પરિસ્થિતિગમ્ય સૂક્ષ્મ શારીરિક વાતાવરણ વિશે સભાન બનીએ છીએ અને તે વાતાવરણની આરપાર આવતાં માંદગીનાં બળોને અનુભવીએ છીએ, દૂરથી જ આપણને તેની અનુભૂતિ થાય છે અને જો આપણે કઈ રીતે કાર્ય કરવું તે શીખ્યા હોઈએ તો આપણા સંકલ્પ દ્વારા અથવા બીજી કોઈ પણ રીતે તેને અટકાવી શકીએ છીએ. તે જ રીતે આપણી આસપાસ રહેલા એક પ્રાણમય શારીરિક અથવા નાડીતંત્રના પડ વિશે સભાન હોઈએ છીએ જે આપણા શરીરમાંથી બહાર પ્રસરણ પામે છે અને તેનું રક્ષણ કરે છે અને તેને તોડી તેની મારફત ધસી આવતાં વિરોધી બળો વિશે આપણને સમજ પડે છે, અને તેથી આપણે વચ્ચે પડીએ છીએ, તેમને અટકાવી દઈએ છીએ અથવા નાડીતંત્રને વધારે શકિતશાળી બનાવી શકીએ છીએ; અથવા આપણે માંદગી, તાવ અથવા શરદીનાં લક્ષણો સ્થૂલ શરીરમાં પ્રગટ થાય તે પહેલાં તેમને સૂક્ષ્મ શારીરિક કોશમાં અનુભવી શકીએ છીએ અને ત્યાં અને ત્યાં જ તેમનો વિનાશ કરીને તેઓ શરીરમાં પ્રગટ થાય તે પહેલાં જ અટકાવી શકીએ. હવે દિવ્ય શકિત

પ્રકાશ અને આનંદ માટેના પ્રકારનું દૃષ્ટાંત લો. જો આપણે બાહ્ય શારીરિક ચેતનામાં જ જીવીએ તો તે નીચે અવતરણ પામે અને પડદા પાછળ કાર્ય કરતાં હોય છતાં આપણને કોઈ અનુભવ થશે નહિ અને તેનાં પરિણામો ઘણા લાંબા સમય પછી દેખાશે. અથવા વધારેમાં વધારે આપણને મનમાં એક પ્રકારની વિશુદ્ધિ અને શાંતિ અનુભવાય, પ્રાણમાં એક આનંદનો અનુભવ થાય, શારીરિકમાં એક સુખની અવસ્થા લાગે અને આપણે પરમાત્માના સ્પર્શ વિશે અનુમાન બાંધી શકીએ. પરંતુ જો આપણે શારીરિક ચેતનામાં સભાન હોઈએ તો આપણને શરીર, અવયવો, નાડીઓ, રક્ત, શ્વાસ અને સૂક્ષ્મ શરીરની મારફતે પ્રકાશ તથા આનંદની શકિતનો સ્રોત વહેતો અનુભવી શકીએ અને તે સૌથી સ્થૂલ ભૌતિક કોષોને અસર કરે અને તેમને સચેતન અને આનંદપૂર્ણ બનાવે અને આપણે પ્રભુની શકિત અને પ્રભુની હાજરીની અનુભૂતિ પ્રત્યક્ષ રીતે અનુભવીએ. હજારો શકય દૃષ્ટાંતોમાંથી આ ફક્ત બે જ દૃષ્ટાંત છે અને સાધક આ વસ્તુની સતત અનુભૂતિમાં રહી શકે છે.

*

દરેક વસ્તુને સ્થૂલ ભાગ હોય છે. મનનો પણ સ્થૂલ અંશ હોય છે; એક મનોમય શારીરિક ભાગ હોય છે, શરીરનું મન અને તેનો ભૌતિક ભાગ. તે જ પ્રમાણે ઊર્મિમય સ્વરૂપને પણ એક સ્થૂલ અંશ હોય છે. તેના માટે બીજા ઊર્મિમય વિભાગ કરતાં અલગ સ્થાન હોતું નથી. માણસ ફકત તેનો ભેદ પારખી શકે છે, પણ ચેતના તે પ્રમાણે કરવા માટે પૂરતા પ્રમાણમાં સૂક્ષ્મ બની હોય તો જ તે પ્રમાણે બની શકે છે.

*

તે (ભૌતિક તત્ત્વ) શારીરિકનો સૌથી સ્થૂલ ભાગ હોય છે – એક મનોમય શારીરિક હોય છે, એક પ્રાણમય શારીરિક અને એક ભૌતિક શારીરિક વિભાગ.

*

હા, અથવા છેવટે (સ્થૂલ ચેતના) શારીરિક ચેતનાનો એક સ્વતંત્ર ભાગ છે. દા.ત. સ્થૂલ મન સાંકડું અને મર્યાદિત હોય છે અને ઘણી વાર મૂર્ખાઈ ભર્યું હોય છે, પણ તે જડ હોતું નથી. તેનાથી ઊલટું જડ ચેતના અચેતન હોય છે અને સાથે સાથે અવચેતન પણ હોય છે – શકિત દ્વારા જયારે તેને ગતિ મળે ત્યારે જ તે સક્રિય બને છે નહિ તો તે અક્રિય અને સ્થિર હોય છે. જ્યારે વ્યકિત આ ભૂમિકાના સીધા સંબંધમાં આવે છે ત્યારે શરીરમાં જડતા અને સ્થિરતાનો અનુભવ થાય છે; પ્રાણમય શારીરિકમાં થકાવટ અથવા પ્રમાદ અનુભવાય છે અને શારીરિક

મનમાં પ્રકાશ અને પ્રવૃત્તિનો અભાવ થાય છે અથવા તેમાં ફક્ત સામાન્ય વિચારો અને સાધારણ આવેગો ઉત્પન્ન થાય છે. મને પોતાને આ ભૂમિકામાં કોઈ પણ પ્રકારનો પ્રકાશ તથા શક્તિ પ્રાપ્ત કરવામાં ઘણો લાંબો સમય લાગેલો. પરંતુ એક વખત તેની અંદર પ્રકાશ થાય છે ત્યારે તેનો એક ફાયદો એ થાય છે કે અવચેતન સચેતન બને છે અને આ વસ્તુને લઈને સાધનામાંથી એક ઘણું મોટું મૂળભૂત વિઘ્ન ખસી જાય છે.

*

સ્થૂલ શારીરિક એટલે પાર્થિવ અને શારીરિક સ્થૂલ ચેતના – અને તેની અનુભૂતિ બાહ્ય ઇન્દ્રિયગમ્ય મન અને ઇન્દ્રિયો કરે છે. પરંતુ તે સ્થૂળ તત્ત્વનો સમગ્ર વિભાગ નથી. એક સૂક્ષ્મ શારીરિક વિભાગ પણ છે અને તેની અંદર વધારે સૂક્ષ્મ ચેતના આવેલી છે, જે દષ્ટાંત તરીકે શરીરથી દૂર અંતરે પણ જોઈ શકે છે. અને તેમ છતાં વસ્તુઓ વિશે કેવળ મનોમય અને પ્રાણમય રીતે જ નહિ પરંતુ પોતાની રીતે તેમના વિશે અનુભવ પ્રાપ્ત કરી શકે છે અને સજ્ઞાન બની શકે છે. મન અને પ્રાણ તો દરેક જગાએ આવી રહેલાં છે – શરીરના કોષોમાં, પથ્થરમાં, અથવા અણુ પરમાણુઓમાં પણ એક તમોગ્રસ્ત મન અને પ્રાણ રહેલાં છે.

*

શરીરની નાડીઓ સ્થૂલ શરીરનો એક ભાગ છે, પરંતુ તેમનો વિસ્તાર સૂક્ષ્મ શરીરમાં પણ થયેલો હોય છે અને તે બન્ને વચ્ચે એક સંપર્ક હોય છે.

*

હા, સૂક્ષ્મ શરીરમાં નાડીઓ હોય છે.

હા, કોશો એ શરીરો માટેનો શબ્દ છે, કારણ કે દરેક એકબીજા ઉપર ગોઠવાઈ ગયેલા હોય છે, અને એક આચ્છાદન તરીકે કાર્ય કરે છે અને તેમને ફેંકી દઈ શકાય છે. આ રીતે સ્થૂલ શરીર પોતે અન્નમય કોશ કહેવાય છે અને તેને ફેંકી દેવાની ક્રિયાને મૃત્યુ કહેવાય છે.

*

આ વસ્તુને શરીરની આસપાસ વીંટળાયેલો મજ્જાતંતુનો કોશ કહેવાય છે. તમે કદાચ સૂક્ષ્મ કોશને અને મજ્જાતંત્રના આવરણને એક જ દૃષ્ટિબિંદુથી જુઓ છો. 'સૂક્ષ્મ દેહ'માં 'સ્થૂળ દેહ'નો સમાવેશ થયેલો હોય છે, ફક્ત તેની મર્યાદાઓથી તે બંધાયેલો હોતો નથી.

*

તમે દરેક કોશનો ભેદ પ્રેરણાથી અથવા અનુભૂતિથી જ પારખી શકો છો અને ત્યાર પછી તમે વિવિધ કોશોનું પ્રત્યક્ષ જ્ઞાન સ્થાપિત કરી શકો.

*

બીજી ભૂમિકાઓ ઉપર સ્વરૂપનો દેખાવ સ્થૂલ શરીર જેવો જ હોવો જોઈએ એ પ્રમાણે નથી. ઘણી વખત પ્રાણમય સ્વરૂપ અથવા ચૈતસિક અથવા મનોમય સ્વરૂપ જે આકાર ધારણ કરે છે તે શારીરિક આકાર કરતાં ઘણું ભિન્ન હોય છે. જ્યારે તેઓ એકંદરે એકબીજા જેવાં જ લાગે છે ત્યારે પણ કાયમ કોઈક પ્રકારનો તફાવત હોય છે જ.

*

## ૧૨

આપણા યોગમાં અવચેતનાનો અર્થ ચેતનાની સપાટી નીચે તદ્દન ડૂબી ગયેલો આપણા સ્વરૂપનો ભાગ, જેમાં જાગ્રત ચેતના અને સુબદ્ધ વિચાર, સંકલ્પશક્તિ કે લાગણી હોતી નથી અથવા વ્યવસ્થિત પ્રતિકાર્યો હોતાં નથી તેમ છતાં અવચેતનાનો એ સાગર પદાર્થ માત્રના સંસ્કાર અસ્પષ્ટ રીતે ગ્રહણ કરે છે અને પોતાની અંદર સંગ્રહ કરે છે, અથવા તે અવચેતનાના સાગરમાંથી બધા પ્રકારની ઉત્તેજનાઓ, જિદ્દી રૂઢ ક્રિયાઓ, ગ્રામ્ય રીતે પુનરાવર્તન પામતી અથવા વિચિત્ર રૂપોમાં ઢંકાયેલી, સ્વપ્નમાં અથવા જાગ્રત પ્રકૃતિમાં પણ મોજાંઓની માફક બહાર ઊછળી આવે છે, કારણ કે જો આ સંસ્કારો ઘણે ભાગે સ્વપ્નાવસ્થામાં અસંબદ્ધ અને અવ્યવસ્થિત રીતે ઊછળી આવે છે છતાં જાગ્રત અવસ્થામાં પણ અવચેતના કાર્ય કરી શકે છે અને કરે છે. જૂના વિચારો, પ્રાણમય અને શારીરિક ટેવોના યાંત્રિક પુનરાવર્તન રૂપે ઉત્પન્ન થાય છે. અથવા સંવેદનો, કાર્યો, ઊર્મિઓ જે આપણા સચેતન વિચાર અથવા સંકલ્પમાંથી ઉત્પન્ન થતાં નથી તેને અજ્ઞાનથી ભરેલી ઉત્તેજના આપે છે એટલું જ નહિ પરંતુ જાગ્રત વિચારોના જ્ઞાન-પસંદગી અથવા સૂચનોથી ઊલટી રીતના સંસ્કારો ઉત્પન્ન થાય છે. અવચેતનામાં એક પ્રકારનું તમોગ્રસ્ત મન પણ હોય છે જે ભૂતકાળના જિદ્દી સંસ્કારો, છાપો, આસક્તિઓ, રૂઢ થયેલા ખ્યાલો, ભૂતકાળમાં બંધાયેલી ટેવ પ્રમાણેના પ્રત્યાઘાતોથી ભરેલું હોય છે. વળી અવચેતનામાં એક અજ્ઞાનભરી પ્રાણશક્તિ પણ હોય છે જેમાં ટેવ મુજબની કામનાઓના,

સંવેદનોના અને મજ્જાતંત્રના પ્રત્યાઘાતોનાં બીજોથી તે ભરપૂર હોય છે. અવચેતનામાં એક ખૂબ અજ્ઞાનભર્યું જડતત્ત્વ હોય છે જે શરીરની સ્થિતિની સાથે સંબંધ ધરાવતું હોય તેના ઉપર નિયંત્રણ રાખે છે તે જ આપણી માંદગી માટે જવાબદાર છે; રૂઢ થઈ ગયેલી અથવા વારંવાર આવતી માંદગી એ મુખ્યત્વે કરીને અવચેતન અને તેની દુરાગ્રહી સ્મૃતિ અથવા શરીર-ચેતના ઉપર જે કોઈ વસ્તુનો પ્રભાવ પાડેલો હોય છે તેની પુનરાવર્તન કરવાની ટેવને આભારી છે. પરંતુ આ અવચેતનનો આપણા સ્વ-રૂપનો જે પૃષ્ઠસ્થ ભાગોમાં ચેતના રહેલી છે તે બે વચ્ચે સ્પષ્ટ ભેદ સમજવો જોઈએ. જે રીતે આંતર અથવા સૂક્ષ્મ શારીરિક ચેતના, આંતર પ્રાણ અથવા આંતર મનોમય જે ભેદ હોય છે તે પ્રમાણે; કારણ કે આ બધી વસ્તુઓ બિલકુલ તમોગ્રસ્ત અથવા અસંબદ્ધ અથવા અવ્યસ્થિત હોતી નથી પરંતુ તેઓ ફક્ત સપાટી ઉપરની ચેતનાથી ફક્ત ઢંકાયેલી હોય છે. આપણી સપાટી ઉપરની ચેતના ઉપર સતત આંતર ચેતનાના સ્પર્શો વ્યવહારો અથવા પ્રભાવો આ બધાં મૂળોમાંથી આવે છે પરંતુ તેને ઘણે ભાગે ખબર પડતી નથી કે તે બધું ક્યાંથી આવે છે.

*

ના, પૃષ્ઠસ્થ ચેતના એવા સામાન્ય શબ્દ માટે વપરાય છે જે સ્વરૂપના એવા બધા ભાગો હોય છે જે જાગ્રત સપાટી ઉપર હોતા નથી. યુરોપિયન માનસશાસ્ત્રીઓ તે જ અર્થમાં અવચેતન શબ્દ વારંવાર વાપરે છે કારણ કે તેમને તે બન્નેના તફાવતની જાણ નથી. પરંતુ જ્યારે હું તે શબ્દ વાપરું છું ત્યારે તે કાયમ સામાન્ય શારીરિક ચેતના નીચે આવેલી ચેતના માટે જ વાપરું છું નહિ કે પાછળ આવેલી વસ્તુ માટે. અર્થમાં આંતર મનોમન, આંતર પ્રાણમય, આંતર શારીરિક અને ચૈતસિક ચેતના એ અવચેતન ભાગો નથી પરંતુ તેમને પૃષ્ઠસ્થ ચેતના તરીકે કહી શકાય.

*

અવચેતન જાગ્રત શારીરિક ચેતનાથી નીચે આવેલો છે – તે એક યાંત્રિક અજ્ઞાન-મય, અસંબદ્ધ, અર્ધ અચેતન પ્રદેશ છે. જેમાં પ્રકાશ અને સજ્ઞાનતા મુશ્કેલીથી આવે છે. આંતર પ્રાણ અને શારીરિક એ બિલકુલ ભિન્ન વસ્તુઓ છે. – તેમનામાં સપાટી ઉપરની પ્રાણમય અને શારીરિક ચેતના કરતાં વધારે નમનીય, સૂક્ષ્મતર, મુક્ત અને વધારે સમૃદ્ધ ચેતના છે અને તેઓ સત્ય તરફ વધારે ખુલ્લાં હોય છે, અને વિશ્વરૂપ ચેતનાના સીધા સંપર્કમાં હોય છે.

*

પ્રકૃતિના અન્ય મુખ્ય ભાગોની માફક અવચેતન સમષ્ટિગત તેમ જ વ્યક્તિગત પણ હોય છે. પરંતુ અવચેતનાના જુદા જુદા સ્તરો હોય છે. પૃથ્વી ઉપર જે કાંઈ હોય તે સઘળું અચિત કહેવાય એવા તત્ત્વના ઉપર પ્રતિષ્ઠિત છે, જો કે હકીકતમાં તે બિલકુલ અચિત નથી હોતું. પરંતુ એમ કહી શકાય કે તે 'અવ' ચેતન હોય છે. એટલે કે ચેતના, દબાયેલી અથવા તિરોભૂત હોય છે. તેમાં સર્વ આવેલું છે પરંતુ પ્રગટ થયેલું કે રચના પામેલું હોતું નથી.

અવચેતન આ અચિત તત્ત્વ અને સચેતન મન પ્રાણ અને શરીરની વચ્ચે રહેલું છે. જડતત્ત્વનાં મંદ અને અચેતન તત્ત્વોમાંથી જીવન-શક્તિ પ્રત્યે શરૂઆતમાં જે જે પ્રતિકાર્યો મુશ્કેલીઓથી સપાટી ઉપર આવે છે અને સતત ધીરે ધીરે વિકાસ સાધતી આત્મ–નિર્માણની ચેતના બંધાય છે, તેની સર્વ શકયતા અવચેતત ધારણ કરે છે; તેમાં વસ્તુઓ વિચાર રૂપે, વિભાજન રૂપે અથવા સચેતન પ્રતિકાર્ય રૂપે તેમાં આવેલી હોતી નથી પરંતુ આ બધી વસ્તુઓના એક પ્રવાહી પદાર્થ તરીકે હોય છે. તે ઉપરાંત જીવનમાં જે સચેતનરૂપે અનુભવાય છે તે સઘળું અવચેતનમાં નીચે ડૂબી જાય છે – પરંતુ તે ચોક્કસ સ્મૃતિ રૂપે નહિ. પરંતુ અનુભૂતિના તમો-ગ્રસ્ત છતાં દુરાગ્રહી સંસ્કારો તરીકે અવચેતનામાં પડી રહે છે. અને આ વસ્તુઓ ગમે તે સમયે સ્વપ્નરૂપે ભૂતકાળના વિચારોના, લાગણીઓના અને ક્રિયાઓના યાંત્રિક પુનરાવર્તન રૂપે ક્રિયા કે ઘટનામાં ઓચિંતી પ્રગટ થતી "ગ્રંથિઓ" રૂપે વગેરે તે ગમે તે રૂપે ચેતનાની સપાટી ઉપર આવે છે. અવચેતનને લઈને જ બધી વસ્તુઓ પોતાનું પુનરાવર્તન કરે છે. અને બાહ્ય દેખાવ સિવાય બીજો કોઈ ફેરફાર કદી થતો નથી. એટલા માટે જ લોકો એમ કહે છે કે માણસનો સ્વભાવ અથવા ચારિત્ર્ય બદલી શકાય નહિ અને આ કારણને લઈને જ આપણે જે આશા રાખીએ છીએ કે આપણે અંદરની વસ્તુઓ દૂર દૂર ફેંકી દીધેલી અથવા કાઢી નાખી છે, તે ફરીને પાછી આવતી હોય છે. અવચેતનામાં જ આ બધાં બીજો હોય છે. અને મન, પ્રાણ તથા દેહના સંસ્કારો પણ ત્યાં જ વસે છે. વળી મૃત્યુ અને માંદગીનો આધાર અને અજ્ઞાનનો છેલ્લો કિલ્લો (જે દુર્જેય દેખાય છે) તે અવચેતન જ હોય છે. જે વસ્તુઓનો પૂર્ણ રીતે નિકાલ કર્યા સિવાય તેમને દબાવી દેવામાં આવે છે તે સઘળી અવચેતનમાં ડૂબીને તળિયે રહે છે અને ગમે તે સમયે સપાટી ઉપર આવવા માટે અથવા અંકુરિત થવા માટે તત્પર એવા બીજ તરીકે ત્યાં રહે છે.

*

અવચેતન પ્રકૃતિનો સંપૂર્ણ પાયો નથી; અવિદ્યાનો તે ફક્ત નિમ્ન સ્તરનો

પાયો છે, અને તે નિમ્ન પ્રાણ અને શારીરિક બાહ્ય ચેતનાને ખાસ અસર કરે છે. અને આ બધી વસ્તુઓ પ્રકૃતિના ઊર્ધ્વભાગને અસર કરે છે. તે કઈ વસ્તુ છે અને તે કેવી રીતે કાર્ય કરે છે તે જોવું સારું હોવા છતાં આપણે આ તમોગ્રસ્ત બાજુ અથવા કરણરૂપ સ્વરૂપની આ દેખાતી બાજુ તરફ વધારે પડતા વ્યસ્ત ન રહેવું જોઈએ. આપણે તે વસ્તુને આપણી પોતાની જાત તરીકે ન ઓળખવી જોઈએ. તે વસ્તુ તો અવિદ્યા દ્વારા આપણા સાચા સ્વરૂપ ઉપર નાખેલો જૂઠાણાનો બુરખો છે. આપણું સાચું સ્વરૂપ તો આપણું આંતર સ્વરૂપ છે. તેમાં પરમાત્મા તરફ પહોંચવાની અને પ્રગટ કરવાની ઘણી વિશાળ શકયતાઓ છે. આપણી અંદર રહેલો અંતરતમ આત્મા ચૈત્યપુરુષ મૂળભૂત તત્ત્વમાં શુદ્ધિ, દિવ્ય તત્ત્વ અને તે સર્વ કાંઈ જે શુભ અને સત્ય અને સુંદર છે તેના પ્રત્યે કાયમ વળેલો હોય છે. આંતર સ્વરૂપે બાહ્ય સ્વરૂપને હાથ ઉપર લેવું જોઈએ અને તેને અજ્ઞાનમય અવચેતન પ્રકૃતિની ઉપર ઊઠતી આવતી વસ્તુઓનું કરણ બનાવવાનું નથી પરંતુ પરમાત્માનું કરણ બનાવવાનું છે. એ વસ્તુ કાયમ ખાસ યાદ રાખવાની છે કે દિવ્ય ચેતના પ્રત્યે પ્રકૃતિનું ઊર્ધ્વ પ્રત્યે ખુલ્લાપણું ત્યારે જ થાય છે જ્યારે તે ઊર્ધ્વ ચેતના ઉપરથી નીચે સમગ્ર આંતર અને બાહ્ય ચેતનામાં મનોમય, પ્રાણમય અને શારીરિકમાં તથા પૃષ્ઠસ્થ ચેતનામાં જે કાંઈ આપણે ગુપ્ત રીતે અથવા છડે ચોક છીએ તેમાં ઊતરી શકે છે. આપણો આ મુખ્ય વ્યવસાય હોવો જોઈએ. કેવળ અવચેતન ઉપર જ સમગ્ર રીતે વ્યસ્ત રહેવું અને તે અપૂર્ણ પાસામાં જ મગ્ન રહેવું એ વિષાદ ઉત્પન્ન કરે છે અને તેનો ત્યાગ કરવો જોઈએ. આપણે સાચી સમતુલા જાળવવી જોઈએ અને હકારાત્મક બાજુ ઉપર વધારે ઝોક રાખવો જોઈએ. અને બીજા વિશે જાણ તો રાખવી જોઈએ, પરંતુ તેનો ઇનકાર કરવા માટે તથા તેનામાં પરિવર્તન લાવવા માટે આ વસ્તુ તેમજ માતાજી ઉપર સતત શ્રદ્ધા અને તેમનો જ આશ્રય એ વસ્તુ જે રૂપાંતર બની આવાનું છે તેને માટે જરૂરી છે.

નોંધ : આ વસ્તુઓ માટે પ્રાણમય ટેવોને ઓચિંતી અને નિશ્ચયપૂર્વક રીતે તેમને તોડી નાખવાથી ક્રિયા એ ચોક્કસ સૌથી સરળ અને ઉત્તમ માર્ગ છે.

*

અવચેતન એક ઢંકાયેલી અને અપ્રગટ તથા અકથિત ચેતના છે, આપણી બધી સચેતન શારીરિક પ્રવૃત્તિઓની નીચે તે કાર્ય કરે છે. જે રીતે આપણે પરચેતનાને એવી ઊર્ધ્વની ચેતના તરીકે કહીએ છીએ જેમાંથી સ્વરૂપમાં વસ્તુઓનું અવતરણ થાય છે, તે પ્રમાણે અવચેતન શરીર ચેતનાથી નીચેની વસ્તુ છે, અને તેમાંથી નીચે રહેલી વસ્તુઓ શારીરિકમાં અને મનની પ્રકૃતિમાં ઉપર ઊઠી આવે છે.

જે રીતે ઊર્ધ્વ ચેતના આપણે માટે પરચેતના છે અને આપણી બધી જ આધ્યાત્મિક શકયતાઓને અને પ્રકૃતિને આધાર આપે છે તે જ પ્રમાણે અવચેતના આપણા સ્થૂલ સ્વરૂપનો પાયો છે અને શારીરિક પ્રકૃતિમાં જે કાંઈ ઉપર ઊઠી આવે છે તેને આધાર આપે છે.

માણસો સામાન્ય રીતે તેમના સ્વરૂપની આ બન્ને ભૂમિકામાંથી એક પણ વિશે સચેતન હોતા નથી પરન્તુ સાધના કરવાથી તેઓ સભાન બની શકે.

અવચેતન આપણા જીવનના ભૂતકાળના અનુભવોના બધા જ સંસ્કાર સંઘરી રાખે છે અને તે બધા સંસ્કારો ત્યાંથી સ્વપ્ન-અવસ્થામાં રૂપો ધારણ કરીને ઉપર ઊઠી આવે છે; સામાન્ય નિદ્રામાં આવતાં ઘણાંખરાં સ્વપનાંઓ અવચેતનમાં સંઘ-રાયેલી છાપોમાંથી બનેલી રચનાઓ હોય છે.

એકની એક વસ્તુઓનું આપણી શારીરિક ચેતનામાં વારંવાર પુનરાવર્તન થયા કરે છે તેને લઈને તે ટેવોમાંથી છુટકારો મેળવવો મુશ્કેલ બને છે. તેનું મોટું કારણ અવચેતના તેમને ટેકો આપ્યા કરે છે. અવચેતન બુદ્ધિહીન ટેવોથી ભરપૂર હોય છે.

જ્યારે આપણી પ્રકૃતિના સર્વ અન્ય ભાગોમાંથી વસ્તુઓનો ઇનકાર કરવામાં આવે છે ત્યારે તે વસ્તુઓ આપણી આસપાસ રહેલા આવરણની ચેતનામાં ચાલી જાય છે અને આપણે તેમાંથી બીજાઓ સાથે આદાન-પ્રદાન કરીએ છીએ તેમ જ વિશ્વરૂપ ચેતનાની સાથે સંબંધમાં આવીએ છીએ અને ત્યાંથી પાછા ફરવા પ્રયત્ન કરીએ છીએ અથવા તો તે બધા અવચેતનામાં ડૂબી જાય છે અને ઘણા લાંબા સમય સુધી નિદ્રાધીન રહ્યા પછી પણ ઉપર ઊઠી આવે છે. અને તેથી આપણે એમ માનીએ છીએ કે તેઓ ચાલી ગયેલ છે.

જ્યારે શારીરિક ચેતનામાં ફેરફાર થતો હોય છે ત્યારે મુખ્ય વિરોધ અવચેતના-માંથી આવે, છે તે સતત જડતા, નબળાઈ, તમોમયતા, બુદ્ધિની ખાત્રી ટકાવી રાખે છે, અથવા પાછા લાવે છે અને આ વસ્તુ શારીરિક મનને અને પ્રાણને અસર કરે છે અને શરીરની પ્રકૃતિમાં જ્યાં અશકિતઓ હોય છે તેમાં અજ્ઞાનમય ભયો, ઇચ્છાઓ, ગુસ્સાઓ, શારીરિક પ્રાણની લાલસાઓ અથવા માંદગીઓ, પ્રમાદો, દુઃખો વગેરેને ટકાવી રાખે છે.

જો શરીરમાં પ્રકાશ, સામર્થ્ય અને માતાજીની ચેતના લાવવામાં આવે તો તે અવચેતનને પણ ભેદી શકે છે અને તેના અજ્ઞાન અને વિરોધને પણ ફેરવી શકે છે.

જ્યારે અવચેતનમાંથી કોઈ એટલી પૂર્ણ વસ્તુને ભૂંસી નાખવામાં આવે છે કે તેનું બીજ પણ તેમાં રહે નહિ અને આજુબાજુની ચેતનામાંથી પણ તેને એટલી પૂર્ણ રીતે હાંકી કાઢવામાં આવ્યું હોય કે તે પાછું પણ ફરી શકે નહિ ત્યારે જ આપણને ખાતરી થઈ શકે કે આપણે તે વસ્તુનો કાયમ માટે નિકાલ કરી નાખ્યો છે.

*

મૂલાધાર ચક્ર એ શુદ્ધ શારીરિક ચેતનાનું ખાસ કેન્દ્ર છે અને એની નીચેનો શારીરિક ભાગ કેવળ સ્થૂલ શારીરિક ભાગ છે, અને તે જેમ જેમ વધારે અને વધારે નીચે જતો જાય છે તેમ તેમ વધુ ને વધુ અચેતન બનતો જાય છે પરંતુ અવચેતનાનું મુખ્ય સ્થાન તો શરીરની નીચે હોય છે જે રીતે ઊર્ધ્વ ચેતનાનું (પરચેતના) સાચું સ્થાન શરીરના ઉપરના ભાગમાં હોય છે. સાથે સાથે અવચેતનનો અનુભવ ગમે ત્યાં થઈ શકે છે એટલે કે તેનો ચેતનાની ગતિની નીચે કોઈ પણ ભાગમાં થઈ શકે છે અને એક રીતે તેને નીચેથી ટેકો આપતો હોય છે અથવા ચેતનાને નીચે પોતાની તરફ ખેંચતો હોય છે એવો અનુભવ થાય છે. બધી જ ટેવને વશ થયેલી એવી ગતિઓ અને ખાસ કરીને શારીરિક અને નિમ્ન પ્રાણમય ગતિઓનો મુખ્ય આધાર અવચેતના છે. જ્યારે પ્રાણમય અથવા શારીરિક ચેતનામાંથી કોઈ વસ્તુને બહાર ફેંકી દેવામાં આવે છે ત્યારે ઘણુંખરું તે અવચેતનમાં નીચે ઊતરી જાય છે અને જાણે કે બીજ રૂપે તેમાં પડી રહે છે અને જ્યારે શક્ય બને ત્યારે તે ઉપર આવી શકે છે. એ કારણને લઈને પ્રાણમાં અભ્યાસરૂપ થયેલ ક્રિયાઓમાંથી મુક્ત બનવું એટલું બધું મુશ્કેલ બને છે, અથવા ચારિત્ર્ય બદલવું બહુ મુશ્કેલ છે; કારણ કે પ્રાણની ગતિઓને દબાવવામાં આવે અથવા નિગ્રહ કરવામાં આવે તો પણ આ અવચેતનાના મૂળમાંથી તેને ટેકો મળે છે અથવા તેને પુનર્જીવન મળે છે અને અવચેતનનાના ગર્ભાશયમાં આ બધી વૃત્તિઓ સંઘરાયેલી હોય છે, તેમાંથી તે ફરી ફરીને ઊઠી આવે છે અને વારંવાર પુનરાવર્તન થયા કરે છે. અવચેતનાનું કાર્ય બુદ્ધિરહિત, યાંત્રિક અને પુનરાવર્તન થયા કરતું હોય છે. તે બુદ્ધિની દલીલો અથવા મનોમય સંકલ્પશક્તિને સાંભળતું નથી. તેનામાં જ્યારે ઊર્ધ્વતર પ્રકાશ અને બળને નીચે ઉતારી લાવવામાં આવે છે ત્યારે જ તેનામાં રૂપાંતર થઈ શકે છે.

*

ટેવને વશ થયેલા કાર્યનો આધાર અવચેતના હોય છે – તે સારી તેમજ ખોટી ટેવોને ટેકો આપી શકે છે.

*

અવચેતન આપણી અંદર રહેલી વિકાશીલતાનો પાયો છે, પરંતુ તે આપણી સમગ્ર ઢંકાયેલી પ્રકૃતિ નથી તેમજ આપણે જે કાંઈ છીએ તે સર્વનું મૂળ અવચેતન નથી, પરંતુ અવચેતનમાંથી વસ્તુઓ ઉપર ઊઠી આવી શકે છે અને આપણા સચેતન ભાગોમાં આકાર ધારણ કરી શકે છે અને આપણી નાનકડી પ્રાણમય અને શારીરિક પ્રેરણાઓ, ક્રિયાઓ, ટેવો, ચારિત્ર્યનાં રૂપો વગેરે બધાંનું મૂળ આ અવચેતન છે.

આપણા કાર્યનાં ત્રણ ગુહ્ય મૂળો રહેલાં છે – પરચેતન, પૃષ્ઠસ્થ ચેતના અને અવચેતના. પરંતુ તે કોઈના પણ ઉપર આપણો કાબૂ હોતો નથી; અથવા આપણે તે કોઈ પણ વિશે સભાન હોતા નથી. આપણે તો માત્ર સપાટીના સ્વરૂપ વિશે જ સચેતન છીએ અને તે સ્વરૂપ કેવળ કરણ તરીકેની જ વ્યવસ્થા થયેલી છે. બધી વસ્તુઓનું આદિમૂળ તો સામાન્ય પ્રકૃતિ છે – વિશ્વરૂપ પ્રકૃતિ, જે દરેક વ્યક્તિમાં પોતાનું વિશિષ્ટ વ્યક્તિરૂપ ધારણ કરે છે; કારણ કે આ સામાન્ય વિશ્વરૂપ પ્રકૃતિ, અમુક ગતિઓની ટેવો, વ્યક્તિત્વ, ચારિત્ર્ય, શક્તિઓ, સ્વભાવો અને વલણો આપણી અંદર જમા કરે છે અને તે વસ્તુનું બંધારણ અત્યારે થયું હોય કે આપણા જન્મની પૂર્વે થયું હોય તો પણ આપણે જેને આપણી પોતાની જાત કહીએ છીએ તે એ વસ્તુ જ હોય છે. આમાંનું ઘણુંખરું પેલા ત્રણ અજ્ઞાત સ્રોતોમાં છૂપું રહેલું હોય છે અને આપણી રોજિંદી ક્રિયાઓ જેનો આપણે સચેતન સપાટી ઉપરના ભાગોમાં ઉપયોગ કરીએ છીએ તે આ ત્રણ મૂળો જે ચેતનાની સપાટી નીચે અથવા તેની પાછળ આવેલાં છે તેમાં રહેલાં છે.

પરંતુ આપણે આપણા સ્વરૂપની સપાટી ઉપર જે હોઈએ છીએ તેના ઉપર વૈશ્વિક પ્રકૃતિનાં મોજાંઓ ધસી આવતાં હોવાથી આપણું સ્વરૂપ સતત ગતિમાન રહે છે, ફેરફાર પામે છે, વિકાસ પામે છે યા તો પુનરાવર્તન કરે છે. વૈશ્વિક પ્રકૃતિની એ લહેરો આપણી ચેતનાની સપાટી ઉપર સીધેસીધી અથવા બીજાઓ મારફતે આડકતરી રીતે, સંજોગોની મારફતે અથવા બીજાં માધ્યમો અથવા વાહકો દ્વારા, આપણી અંદર પ્રવેશ કરે છે તે વિશ્વ-પ્રકૃતિનો થોડો અંશ આપણા સચેતન ભાગોમાં વહે છે અને ત્યાં કાર્ય કરે છે, પરંતુ આપણું મન તેના મૂળ તરફ ઉદાસીન રહે છે પરંતુ તેને પોતાને અપનાવી લઈને પોતાની માલિકીની વસ્તુ તરીકે ગણે છે; આ વિશ્વ-પ્રકૃતિનો કેટલોક અંશ ગુપ્ત રીતે અવચેતનામાં પ્રવેશ કરે છે, અથવા તેમાં ઊંડો ઊતરી જાય છે અને ત્યાંથી ચેતનાની જાગ્રત સપાટી ઉપર આવવાની તકની રાહ જુએ છે; એ પ્રકૃતિનો ઘણો મોટો ભાગ પૃષ્ઠસ્થ ચેતનામાં ચાલ્યો જાય છે અને ગમે તે સમયે બહાર આવે છે – અથવા પ્રગટ ન પણ થાય છતાં વણવપરાયેલી વસ્તુઓ તરીકે પડી રહે છે. કેટલોક ભાગ આરપાર નીકળી જાય છે

અને જેને સ્વીકારવામાં આવતો નથી, તે ભાગ પાછો ફેંકાઈ જાય છે અથવા વિશ્વરૂપ ચેતનાના સાગરમાં ટુકડા થઈને પાછો ચાલ્યો જાય છે. આપણી પ્રકૃતિ આપણને પૂરી પાડવામાં આવેલી શક્તિઓની એક સતત પ્રક્રિયા છે અને તેમાંથી (અથવા તેના નાના સરખા સમુદાયમાંથી) આપણે આપણી ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકીએ છીએ. આપણને તે જેવું નિશ્ચિત અને કાયમને માટે બંધાયેલું લાગે છે તે ખરેખર તો શક્તિઓની લીલા હોય છે, એક ગતિમાન પ્રવાહ હોય છે. તેમાં કોઈ સ્થિર અથવા નિશ્ચિત બંધાયેલી વસ્તુ નથી; તેમાં સ્થિરતાનો જે આભાસ થાય છે તે એક પ્રકારનાં આંદોલનોનું અને આકારોનું પુનરાવર્તન તથા પુનર્જાગૃતિને આભારી હોય છે. આમ હોવાથી વિવેકાનંદની ઉક્તિ અને હોરેસની કહેવત – કે પ્રકૃતિનું રૂપાંતર થઈ શકતું નથી, છતાં અવચેતનાનું રૂઢ વિરોધી વલણ હોવા છતાં પણ પ્રકૃતિનું રૂપાંતર થઈ શકે છે. પરંતુ તે ઘણું મુશ્કેલ કાર્ય છે; કારણ કે આ પુનરાવર્તન અને પુનર્જાગૃતિનો જિદ્દી પ્રયોગ પ્રકૃતિના સ્વામીત્વમાં રહેલો છે.

આપણી પ્રકૃતિમાંથી જે અનિષ્ટ વસ્તુઓને આપણે બહાર ફેંકી દીધેલી હોય છે તેમ છતાં તે ફરી ફરીને પાછી આવે છે. પરંતુ તેનો આધાર તમે તે વસ્તુઓને તમે ક્યાં ફેંકી દો છો તેના ઉપર છે. ઘણી વખત તો એ ક્રિયામાં એક રીતસરની પદ્ધતિ હોય છે. મન તેની મનોમય વૃત્તિઓનો, પ્રાણ પોતાના પ્રાણતત્ત્વનો અને શરીર પોતાની શારીરિક વૃત્તિઓનો ત્યાગ કરે છે – આ બધી ત્યાગ કરેલી વસ્તુઓ સામાન્ય રીતે વૈશ્વિક પ્રકૃતિના જે તે પ્રદેશોમાં ચાલી જાય છે. આપણી આજુબાજુ રહેલું જે ચેતનાનું સૂક્ષ્મ વાતાવરણ હોય છે અને જેને આપણે આપણી સાથે કાયમ લઈને ફરતા હોઈએ છીએ અને બાહ્ય પ્રકૃતિની સાથે આપણે જેની મારફતે આપ-લે કરતા હોઈએ છીએ તે આપણી આજુબાજુના વાતાવરણની ચેતનામાં તે વસ્તુઓ પડી રહે છે. અને તેમાંથી તે વારંવાર આપણી પ્રકૃતિમાં જુદી રીતે ધસી આવ્યા કરે છે. તે ત્યાં સુધી ધસી આવ્યા કરે છે જ્યાં સુધી તેમનો પૂરેપૂરો ઇનકાર કરવામાં ન આવે અથવા તેમને એટલે દૂર ન ફેંકી દેવામાં આવે કે આપણી પાસે ફરીને પાછી આવી શકે નહિ. પરંતુ જો વિચારશીલ મન અને મનોમય સંકલ્પ તેનો ત્યાગ કરે, પરંતુ પ્રાણનો તેને મજબૂત ટેકો મળતો હોય, તો તે મનમાંથી તો દૂર ફેંકાઈ જાય છે પરંતુ પ્રાણમાં ઊંડે ઊંડે નીચે ઊતરી જાય છે અને ત્યાં ધમપછાડા કરે છે અને મનની ચેતનામાં ફરીને ધસી આવવા અને પાછો તેનો કબજો મેળવવા પ્રયત્ન કરે છે અને તેને ફરજ પાડીને કે પરવા કરીને મનની અનુમતિ મેળવવા પ્રયત્ન કરે છે. જ્યારે ઊર્ધ્વ પ્રાણ પણ – એટલે હૃદય અથવા પ્રાણની વિશાળતર

ક્રિયાશકિત તેનો ત્યાગ કરે છે ત્યારે પ્રાણમાંથી દૂર જઈને નિમ્ન પ્રાણમાં રોજિંદી નાની ક્રિયાઓની ગતિઓમાં ડૂબી જાય છે અને ત્યાં આશ્રય લે છે. જ્યારે નિમ્ન પ્રાણ પણ તેનો ત્યાગ કરે છે ત્યારે તે શારીરિક ચેતનામાં ઊંડે ઊતરી જાય છે અને જડતાનો આશ્રય લઈને અથવા યંત્રવત્ પુનરાવર્તન કરીને ત્યાં વળગી રહેવાનો પ્રયત્ન કરે છે. ત્યાંથી પણ તેને કાઢવામાં આવે ત્યારે તે અવચેતનમાં નીચે ઊતરી જાય છે અને સ્વપ્નમાં નિષ્ક્રિયતામાં અને અતિશય તમોગુણની અવસ્થામાં જાય છે. અચેતનતા એ અવિદ્યાનો અંતિમ આશ્રય છે.

સામાન્ય પ્રકૃતિમાંથી જે મોજાં આપણી અંદર ફરી ફરીને ઉત્પન્ન થાય છે તે પ્રકૃતિની નિમ્ન પ્રકારની શકિતઓનું એક સ્વાભાવિક વલણ છે એમ સમજવું અને વ્યકિતની પોતાની ક્રિયાને ચાલુ રાખવી અને પોતાની ચેતનામાં જે વસ્તુઓ રોપી હતી તેમજ વ્યકિતએ જે ભાગો તોડી નાખેલા તેમને ફરી બાંધવા માટે તે પ્રયત્ન કરે છે. તેથી તે ક્રિયાઓ ફરી ફરીને વ્યકિતથી ઉપર પાછી આવે છે એટલું જ નહિ પરંતુ વધારે ઝનૂનપૂર્વક અને પ્રચંડ ઉગ્રતાથી ચડી આવે છે; કારણ કે તે જુએ છે કે તેમની અસરોનો વ્યકિતએ ઇનકાર કરેલો છે. પરંતુ જો આજુબાજુની ચેતનામાંથી તેમની પૂરેપૂરી સફાઈ કરેલી હોય તો તે શકિતઓ લાંબો સમય ટકી શકતી નથી – સિવાય કે ‘ વિરોધી શકિતઓ ’ તેમાં આવી પહોંચે. પરંતુ એમ બને ત્યારે પણ તે શકિતઓ ખરેખર હુમલો લાવી શકે છે. પરંતુ જો સાધકે પોતાના અંતરાત્મામાં પોતાની સ્થિતિ સુદૃઢ કરી લીધી હોય તો તેઓ ફક્ત હુમલો કરશે પરંતુ પછીથી પાછી ફરી જશે.

એ સાચું છે કે આપણા સ્વરૂપનો ઘણો ભાગ આપણે પોતે લઈને આવ્યા હોઈએ છીએ – અથવા આપણા ઘણા ગમા-અણગમા, વિશ્વરૂપ પ્રકૃતિ તરફનાં આપણાં પ્રતિકાર્યોનું વલણ, આપણે આપણા પૂર્વ જીવનમાંથી લઈને આવ્યા હોઈએ છીએ. આપણા બાહ્ય સ્વરૂપને વંશપરંપરાનો નિયમ પ્રબળ અસર કરે છે પરંતુ વંશપરંપરાની બધી જ અસરોનો બાહ્ય પ્રકૃતિમાં સ્વીકાર થતો નથી; આપણે ભાવિમાં જે બનવાના છીએ તેના સુમેળમાં જે જે વસ્તુઓ હોય અથવા ભાવિને અટકાવનારી ન હોય તેવી જ અસરોનો સ્વીકાર થાય છે.

*

તેણે અવચેતન અને બાહ્ય પ્રકૃતિ વિશે જે લખ્યું છે તે સાચું છે. પરંતુ પૃષ્ઠસ્થ ચેતનાનો ભાગ પણ નાનોસૂનો કહી શકાય નહિ, કારણ કે તેમાંથી જ વધારે સારા સ્વરૂપ માટેની તથા વધારે સારી માનવજાતિ માટેની મહત્તર અભીપ્સાઓ,

આદર્શો અને ઝંખનાઓ, જેના વગર માનવી ફક્ત એક વિચારશીલ પ્રાણી જ બની રહે તે બધું આવે છે. તે ઉપરાંત કલા, કાવ્ય, તત્ત્વજ્ઞાન પણ આવે છે જે બધી જ્ઞાનની તરસ, ભલે અંધકારના અજ્ઞાનને હઠાવી ન શકે પરંતુ રાહત તો આપે જ છે.

પરચેતનાનો કાર્ય પ્રદેશ મનોમય-અર્ધ-પશુમાંથી ધીરે ધીરે વિકાસ કરીને તેને આધ્યાત્મિક માનવ બનાવવાનો છે. અને તેને પણ તુચ્છ ભાગ ગણી શકાય છે.

*

અવચેતન વિશે – તે માનવીના સ્વરૂપનો ગૌણ મનોમય પાયો છે અને તે સંસ્કારો, અંધપ્રેરણાઓ, ટેવ મુજબની પ્રક્રિયાઓનો ભંડાર છે. તેના ઉપર જે કાંઈ ક્રિયાની છાપ પડે છે તેનો તે સંગ્રહ કરે છે. જો વ્યક્તિ તેની અંદર સાચી પ્રક્રિયાની છાપ પાડે, તો તેનો સંગ્રહ કરીને તેને ઉપર મોકલશે. એટલા માટે જ સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર થઈ શકે તે પહેલાં અવચેતનને જૂની પ્રક્રિયાઓમાંથી વિશુદ્ધ કરવું પડે છે. જ્યારે ચેતનાના જાગ્રત ભાગોમાં ઊર્ધ્વ ચેતના એક વખત પ્રતિષ્ઠિત થાય છે ત્યારે તે ઊર્ધ્વ ચેતના નીચે અવચેતનામાં જાય છે અને તેનું પણ રૂપાંતર થાય છે, અને ત્યાં પોતાનું કઠણ તળિયું તે બનાવે છે. ત્યાર પછી અવચેતના તરફથી આવતી મુશ્કેલી વધારે વખત શક્ય રહેશે નહિ. પરંતુ તે બની આવે તે પહેલાં માણસ પોતાનો સાચો સંકલ્પ મૂકીને અને અવચેતનાના ભાગોમાં આવતી પ્રતિક્રિયાની સાચી ટેવ પાડીને તે મુશ્કેલી ઘટાડી શકે છે.

*

અવચેતન ટેવો અને સ્મૃતિઓનું ઘર છે અને જ્યારે જ્યારે તેનાથી શક્ય બને ત્યારે અથવા અસ્ખલિત રીતે તે જૂના દાબી રાખેલા પ્રત્યાઘાતો અને પડઘાઓની તથા મનોમય, પ્રાણમય અને શારીરિક પ્રતિકાર્યોની પુનરાવૃત્તિ કર્યા કરે છે. આપણા સ્વરૂપના ઉચ્ચતર ભાગોમાંથી આવતી નવીન અને સાચી વસ્તુઓનું સ્થાપન થવું જોઈએ અને અવચેતના કરતાં વધારે ખંતીલી અને આગ્રહપૂર્વકની સાધના ચાલુ રાખી તેમાંથી આવતા જૂના પ્રત્યાઘાતોનો ત્યાગ કરવો જોઈએ.

*

જેવી રીતે આપણે કોઈ વિષય ઉપર એકાગ્રતા કરી શકીએ છીએ અથવા કોઈ મુદ્દા ઉપર દૃષ્ટિબિંદુ રાખી શકીએ છીએ તે પ્રમાણે શરીરના કોઈ વિશિષ્ટ ભાગ ઉપર અથવા શરીરના કોઈ બિંદુ ઉપર સંકલ્પની એકાગ્રતા કરી શકીએ છીએ

અને ત્યાં રહેલી ચેતના ઉપર આપણે હુકમ છોડી શકીએ છીએ. તે હુકમ અવચેતનામાં પહોંચે છે.

*

માનવનું મન પ્રાણીના મનની માફક સંસ્કારોમાં જ ઘણું ભાગે જીવે છે અને તે સંસ્કારો અવચેતનામાંથી ઊઠી આવે છે.

*

સ્વરૂપનો સાધારણ પ્રકૃતિનો કેટલો બધો ભાગ શારીરિક અવચેતનમાં રહે છે તેનો તમને ખ્યાલ નથી. મનોમય અને પ્રાણમય ગતિઓનો જે અભ્યાસ પડી ગયેલો હોય છે તે ત્યાં સંગ્રહાયેલો હોય છે અને ત્યાં અવચેતનામાંથી જાગ્રત મનમાં આવે છે. ચેતનાના ઉપલા સ્તરોમાંથી તેમને હાંકી કાઢવામાં આવે તો તેઓ 'પણીઓની' આ ગુફાઓમાં ( અવચેતનમાં ) આશ્રય લે છે. જાગ્રત અવસ્થામાં તેમને મુક્ત રીતે બહાર પડવાની તક આપવામાં ન આવતી હોવાથી તેઓ નિદ્રા દરમિયાન સ્વપ્નરૂપે બહાર આવે છે. જયારે તેમને અવચેતનામાંથી પણ દૂર કરવામાં આવે છે અને ત્યાં છૂપા સ્તરોમાં જ્યોતિનું અવતરણ કરાવી તેમના બીજોનો પણ નાશ કરવામાં આવે છે ત્યારે તેઓ કાયમને માટે અટકી જાય છે. જેમ જેમ તમારી ચેતના અંતરનાં ઊંડાણોમાં વધારે ગહન બનતી જાય છે અને ઊર્ધ્વ ચેતનાનો પ્રકાશ આ નિમ્નતર ઢંકાયેલા ભાગોમાં નીચે ઊતરે છે, ત્યારે આ જે અત્યારે ફરી ફરીને આ રીતે આવતી વસ્તુઓ અદશ્ય થઈ જાય છે.

*

તમે એક દિવ્ય અવચેતન વિશે મને પૂછેલું કે તે કઈ વસ્તુ છે. તમને જે દર્શન થયું તેમાં તમે વર્ણન કરો છો તે પ્રમાણે તમને પાતાલના દશ્યમાં વિશ્વરૂપ અવચેતન દેખાડાયું હતું અને વિશ્વરૂપ હોવાથી તેને કોઈ સીમાઓ અથવા અંત નહોતાં – અંધકારરૂપ અનંત અચિત જેમાંથી આ ભૌતિક વિશ્વનો ઉત્પત્તિ થઈ છે – તેની આજુબાજુ બધી દિશાઓમાં અંધકારરૂપી દીવાલો હતી, અને એવું પણ લાગે છે કે તેને તળિયું પણ નહોતું – ઉપરથી ઊર્ધ્વ ચેતનાનો પ્રકાશ નીચે ઊતરીને – તે મન અને હૃદય તથા પ્રાણ અને શરીર મારફતે નીચે આ અવતચેનમાં પ્રસરે તો આ અવચેતનમાં પ્રકાશ થઈ શકે.

*

અહીં સ્પષ્ટ રીતે જ પાતાલ અને અવચેતના માટેનું નામ છે – ત્યાં રહેલાં સત્ત્વોને 'માથાં' હોતાં નથી, એટલે કે ત્યાં મનોમય ચેતના હોતી નથી; તે બધા માણસોની પોતાનાં સ્વરૂપોની એવી અવચેતન ભૂમિકા હોય છે કે તેમાંથી બધા પ્રકારનાં બુદ્ધિરહિત અને અજ્ઞાનયુક્ત (માથાં વગરનાં) અંધ પ્રેરણાઓ, આવેગો, સ્મૃતિઓ વગેરે તેમાંથી ઉત્પન્ન થાય છે અને તે વસ્તુઓ તેમનાં કાર્યો અને લાગણીઓ ઉપર અસર કરે છે અને તેમનું સાચું મૂળ કયાં છે તે તેમને મળતું પણ નથી. આ જગત અથવા ભૂમિકામાંથી રાત્રે ઘણાં અસંબદ્ધ સ્વપ્નો આવે છે. આપણી ઉપર રહેલું જગત પર ચેતનાની સત્-તાનું જગત છે – માનવચેતનાથી પર રહેલું – અને તે પ્રકારનાં ઘણાં જગતો છે; આ બધાં દિવ્ય જગતો હોય છે.

*

અવચેતનાના અંધારા કૂવાઓ ઊંડા હોય છે અને જ્યાં સુધી તેમને પૂરેપૂરા સાફ કરવામાં આવતા નથી ત્યાં સુધી જૂના સ્રોતોમાંથી પાણીના ફુવારાઓ કાયમ ઊડયા કરવાની શકયતા છે.

*

જગત ચેતના સ્વીકારે અથવા જાણે તેના કરતાં અવચેતનામાં વધારે ભયજનક વસ્તુઓ હોય છે.

*

આપણી ચેતનાને રોજિંદા જીવનના અનુભવો પ્રાપ્ત થાય છે તે અવચેતનાની સ્મૃતિમાં નોંધાઈ જાય છે અને તેમાંથી તેમને મનોમય ચેતનામાં ઉપર લાવી શકાય છે. અથવા તો તેઓ પોતે જ તેમાં આવી શકે છે. પરંતુ આપણે જેને સ્મૃતિ કહીએ છીએ તે વસ્તુને સચેતન મનની અંદર પાછળના ભાગમાં નોંધેલી હોય છે અને પોતાની ઇચ્છા પ્રમાણે તે વસ્તુને અગ્રભાગે લાવવામાં આવે છે – તે સચેતન સ્મૃતિ હોય છે.

*

શબ્દો, કલ્પનાઓ અને વિચારોની સ્પષ્ટ સ્મૃતિ લાવવી એ સચેતન મનનું કાર્ય છે અને નહિ કે અચેતન મનનું. અલબત્ત સ્મૃતિ પાછળ ચાલી જાય છે અથવા એમ કહીએ કે મનના પાછળના ભાગમાં ચાલી જાય છે, પરંતુ તેને બહાર લાવી શકાય છે. તે ઉપરાંત સ્મૃતિ ગુમ થઈ જાય છે અથવા ભૂંસાઈ

જાય છે અને તેથી કરીને માણસની ખોટી સ્મૃતિ પણ હોય છે અથવા માણસ તે વસ્તુને બિલકુલ ભૂલી જાય છે. પરંતુ તે વસ્તુ પણ સચેતન મનનું અપૂર્ણ કાર્ય હોય છે. તે અવચેતનાનું કાર્ય હોતું નથી. અવચેતન જે વસ્તુનો સંગ્રહ કરે છે તે સંસ્કારોનો એક જથ્થો હોય છે. સ્પષ્ટ અથવા ચોક્કસ છાપો નહિ અને આ વસ્તુઓ સ્વપ્ન અવસ્થામાં અસંગત, ગૂંચવાડાભરી અને વિકૃત અવસ્થામાં આવે છે. અથવા જાગ્રત અવસ્થામાં એક યાંત્રિક પુનરાવર્તન અથવા પુનર્સર્જન રૂપે એકના એક સૂચનો, આવેગો ( અવચેતન પ્રાણ ) અથવા સંવેદનો તરીકે આવ્યાં કરે છે. બન્ને ક્રિયાઓમાં સ્પષ્ટ સમજી શકાય તેવો ભેદ હોય છે.

*

પૃષ્ઠસ્થ ( Subliminal ) ચેતનાની સ્મૃતિમાં ચોક્કસ છાપો સંઘરાઈ જાય છે. જે કોઈ વસ્તુ પૃષ્ઠસ્થ હોય છે તેને સામાન્ય મનોવિજ્ઞાન અવચેતન તરીકે વર્ણવે છે; પરંતુ આપણા યોગના મનોવિજ્ઞાનમાં આપણે તે પ્રમાણે કરી શકતા નથી કારણ કે જે ચેતના તેમને ધારણ કરે છે તે આપણી જાગ્રત અથવા સપાટી ઉપરની ચેતના કરતાં તો ઘણી વિશાળ અને ઘણી ચોક્કસ હોય છે. તો પછી આપણે તેને અવચેતન કઈ રીતે કહી શકીએ ? સચેતન સ્મૃતિ તેને કહેવાય જેને આપણે કોઈ વસ્તુની સ્મૃતિને આપણી ઇચ્છા પ્રમાણે ગમે તે ક્ષણે ઉપર લાવી શકીએ. તે આપણા કાબૂની વસ્તુ છે. પૃષ્ઠસ્થ ચેતના વસ્તુઓને ધારણ કરી શકે, એવી વસ્તુઓને પણ જેને મન સમજી શકતું ન હોય. દા.ત. તમે કોઈ વ્યક્તિને હીબ્રુ ભાષામાં વાતચીત કરતી સાંભળો તો પૃષ્ઠસ્થ ચેતના તેને ગ્રહણ કરીને કોઈ અસામાન્ય સ્થિતિમાં ચોક્કસ રીતે ઉપર લાવી શકે. દા.ત. હિપ્નોટિક સ્થિતિમાં અવચેતન સ્મૃતિ એ સંસ્કારોની સ્મૃતિ છે; જ્યારે તે વસ્તુઓ સ્વપ્નાવસ્થામાં ઉપર આવે છે ત્યારે તેનું પરિણામ કોઈ અસંબદ્ધ અથવા કલ્પના મુજબની પુનર્રચનાનું કાર્ય બની જાય છે અથવા તો તે વસ્તુઓનું સારતત્ત્વ હોય છે. તેનું મનોમય અવશેષ હોય તે ઉપર આવે છે. દા. ત. જાતીયતા, ભય અથવા મનોપૃથક્કરણ કરનારાઓ કહે છે તમે કોઈ વિશિષ્ટ વિષયાસક્તિ ( libido ) પરંતુ આ પાછળની વસ્તુઓનું જે પ્રગટીકરણ થાય છે તે સ્મૃતિ આપે તે રીતનું હોવું જરૂરી નથી – જો તે યાંત્રિક મનને શારીરિક ચેતનામાં પકડી પાડે અને તેની મદદથી પ્રગટ થાય તો તે એકના એક જ રૂપોનું પુનરાવર્તન કર્યા કરે. પરંતુ એવું પણ બને કે વાસ્તવિક જીવનની કોઈ વસ્તુની સાથે મેળ ન ખાય એવી બિલકુલ ભિન્ન વસ્તુ પણ હોય.

*

અવચેતન મન (sub-mind) પૂર્વજન્મમાંથી અથવા સામાન્ય પાર્થિવ-જીવનના પ્રાણમય સંસ્કારોને અથવા બીજી ભૂમિકાઓના સંપર્કો પૂરા પાડે છે. માણસે આ બધી દખલોમાંથી મુક્ત થવું જોઈએ, જેથી કરીને તેને સાચી અનુભૂતિ થાય.

*

હું જાણતો નથી કે એવો કોઈ શબ્દ હોય (પ્રાચીન પુસ્તકોમાં અવચેતનને અનુરૂપ શબ્દ) – આ ભૂમિકાને અવચેતન ભૂમિકા બદલે ઘણે ભાગે અવચેતન ભૂમિકા તરીકે ઓળખવામાં આવતી – તે ખરેખર કદાચ અભિન્ન જડ પ્રકૃતિ હોઈ શકે. અથવા બીજાવસ્થા, વેદમાં તે વસ્તુને પણીઓને ગુફા તરીકેનું પ્રતીક આપવામાં આવ્યું છે. કદાચ યોગ-વાસિષ્ઠ જેવા પુસ્તકોમાં જોતાં અવચેતન વિશે કાંઈક મળી રહે. જો કે એ સ્પષ્ટ શબ્દોમાં ન પણ હોય.

## ૧૩

કેન્દ્રો અથવા ચક્રોની સંખ્યા સાત છે.

(૧) મસ્તકની ઉપર આવેલું સહસ્રદલ પદ્મ.
(૨) ભ્રૂ-મધ્યમાં આજ્ઞા ચક્ર (સંકલ્પ, સૂક્ષ્મ દૃષ્ટિ, ક્રિયાશીલ વિચારશક્તિ)
(૩) કંઠનું પદ્મ – બહિર્મન (વિશુદ્ધાખ્ય ચક્ર)
(૪) હૃદય-પદ્મ – ઊર્મિમય કેન્દ્ર. ચૈત્ય સ્વરૂપ તેની પાછળ આવેલું છે.
(૫) નાભિ ચક્ર – સાચો ઊર્ધ્વપ્રાણ (મણિપુર ચક્ર)
(૬) નાભિની નીચે – નિમ્ન પ્રાણ – (સ્વાધિષ્ઠાન ચક્ર)
(૭) મૂલાધાર — સ્થૂલ (શારીરિક) ચેતના.

આ સર્વે ચક્રો શરીરની મધ્યમાં (મેરુ દંડ ઉપર) આવેલાં છે; એમ માનવામાં આવે છે કે તેઓ કરોડરજ્જુ સાથે સંધાયેલાં છે. પરંતુ આ સર્વ વસ્તુઓ સૂક્ષ્મ શરીરમાં સૂક્ષ્મ દેહમાં આવેલી છે. જો કે એ ખરું કે જ્યારે ચેતના જાગ્રત થાય છે ત્યારે તેમની ક્રિયાઓનું ભાન વ્યક્તિને તે વસ્તુઓ સ્થૂલ શરીરમાં બનતી હોય એ પ્રકારે થાય છે

*

આપણા યોગની પ્રક્રિયામાં એક ચક્રનો એક નિશ્ચિત માનસશાસ્ત્રીય ઉપયોગ હોય છે તેમ એક સામાન્ય કાર્ય હોય છે. ' મૂલાધાર ' શારીરિકથી માંડીને અવચેતન સુધીના પ્રદેશનું નિયંત્રણ કરે છે. નાભિ નીચેનું કેન્દ્ર — ' સ્વાધિષ્ઠાન ચક્ર ' — નિમ્ન પ્રાણ ઉપર કાબૂ રાખે છે; નાભિ ચક્ર — 'નાભિપદ્મ' અથવા 'મણિપુર' – ઊર્ધ્વ પ્રાણ ઉપર; હૃદય કેન્દ્ર – ' હૃદ્ પદ્મ '— અથવા 'અનાહત' – ઊર્મિમય સ્વરૂપનું નિયંત્રણ કરે છે; કંઠ ઉપરનું કેન્દ્ર – ' વિશુદ્ધ ' — પ્રગટ કરતા અને બહિર્મુખ મન ઉપર કાબૂ રાખે છે; ભ્રૂમધ્ય ચક્ર – ' આજ્ઞા ચક્ર ' – ક્રિયાશીલ મન, સંકલ્પ, સૂક્ષ્મદષ્ટિ મનોમય રચના ઉપરનું નિયંત્રણ કરે છે; 'સહસ્રદલ પદ્મ' – શરીર ઉપર રહીને ઊર્ધ્વ વિચાર-શીલ મન ઉપર કાબૂ રાખે છે; તેનાથી પણ વધારે ઊર્ધ્વતર દ્યુતિમનસનો પણ સમાવેશ કરે છે અને સૌથી ઊંચે અંતઃપ્રેરણા તરફ ખુલ્લું થાય છે જેની મારફતે અથવા એક ધસમસતા પૂરની માફક સીધેસીધું અધિમનસ બાકીના બધાની સાથે વ્યવહાર કરી શકે છે અથવા તાત્કાલિક સંપર્ક સાધી શકે છે.

*

મેં કદી હૃદયના કેન્દ્રમાં બે પદ્મ હોવાનું સાંભળ્યું નથી. પરંતુ તેમાં બે શક્તિઓનું સ્થાન છે. અગ્રભાગે ઊર્દ્વપ્રાણ અથવા ઊર્મિમય સ્વરૂપ છે અને પાછળના ભાગમાં ગુહ્યપણે રહેલો આત્મા અથવા ચૈત્ય પુરુષ રહેલો છે.

આ પદ્મોના રંગો અને તેમની પાંખડીઓની સંખ્યા અનુક્રમે નીચેથી ઉપર જતાં આ પ્રમાણે છે :

(૧) મૂલાધાર અથવા શારીરિક ચેતનાનું કેન્દ્ર, ચાર પાંખડીઓ – લાલ રંગ.
(૨) પેડુમાં આવેલું ચક્ર – છ પાંખડીઓ, ઘેરો જાંબલી રંગ.
(૩) નાભિ ચક્ર – દસ પાંખડીઓ – જાંબલી રંગ.
(૪) હૃદ્ – કેન્દ્ર – બાર પાંખડીઓ – સુવર્ણ રંગી લાલ રંગ.
(૫) કંઠમાં આવેલું કેન્દ્ર – સોળ પાંખડીઓ – ભૂખરો રંગ.
(૬) ભ્રૂ – મધ્યમાં આવેલું – કપાળમાં આવેલું ચક્ર – બે પાંખડીઓ – શ્વેત રંગ.
(૭) મસ્તકની ઉપર આવેલું સહસ્રદલ પદ્મ, ભૂરો રંગ અને તેની આસ-પાસ સોનેરી રંગની આભા.

આપણા યોગના પ્રમાણે તેમનાં કાર્યો :

(૧) સ્થૂલ ચેતના અને અવચેતનાનું નિયંત્રણ.

( ૨ ) નાની નાની પ્રાણની ક્રિયાઓ ક્ષુદ્ર લાલચો, આસક્તિઓ, નાની નાની ઈન્દ્રિઓને લગતી ક્રિયાઓનું નિયંત્રણ.

( ૩ ) વિશાળ પ્રાણમય શક્તિઓ અને આવેગો અને વિશાળતર કામનાઓની ગતિઓનું નિયંત્રણ.

( ૪ ) ઊર્ધ્વતર પ્રાણમય સ્વરૂપ અને તેનાથી ઊંડાણમાં પાછળ ચૈત્યપુરુષ છે તેવા સ્વરૂપનું નિયંત્રણ.

( ૫ ) મનની ક્રિયાઓ અને મનની શક્તિઓની અભિવ્યક્તિ અને બાહ્યગમન ઉપર નિયંત્રણ.

( ૬ ) વિચાર, સંકલ્પ શક્તિ, સુક્ષ્મ દર્શનનું નિયંત્રણ.

( ૭ ) ઊર્ધ્વ વિચારશીલ મન અને આલોકિત મન ઉપરનું નિયંત્રણ અને અંતઃપ્રેરણા તથા અધિમનસ પ્રત્યે ખુલ્લાપણું.

સાતમું ચક્ર અને મગજ એક જ વસ્તુ છે એમ કેટલાક લોકો માને છે પણ તે ભૂલ છે. મગજ તો ફક્ત સહસ્રદલ અને આજ્ઞાચક્ર વચ્ચે સંપર્ક જાળવવાની નહેર છે. સહસ્રદલને કેટલીક વખત શૂન્ય ચક્ર, શૂન્ય – કહેવામાં આવે છે અને તેનું કારણ એમ હોઈ શકે કે યા તો તે શરીરમાં નહિ પરંતુ તેની ઉપર દેખાતા અવકાશમાં રહેલું છે અથવા એ કારણ પણ હોય કે મસ્તક ઉપર આરોહણ કરતાં વ્યક્તિ સૌથી પ્રથમ આત્માની નીરવતામાં અથવા આત્મસ્વરૂપમાં પ્રવેશ કરે છે.

*

જ્યારે અમે યોગમાં હૃદયમાં એકાગ્રતા કરવાની વાત કરીએ છીએ ત્યારે અમે ઊર્મિમય કેન્દ્ર વિશે કહીએ છીએ અને તે કેન્દ્ર બળ કેન્દ્રની માફક શરીરની વચ્ચે કરોડરજ્જુની સમાંતર હોય છે. તે જે ચાર ભૂમિકાઓની વાત છે તે ( ૧ ) મસ્તકની ટોચ અથવા ઊર્ધ્વમનનું કેન્દ્ર, ( ૨ ) ભ્રૂમધ્ય કેન્દ્ર અથવા સંકલ્પ અને સૂક્ષ્મ દૃષ્ટિનું કેન્દ્ર, ( ૩ ) કંઠનું કેન્દ્ર અથવા બહુર્મુખ મન અને ( ૪ ) હૃદય એટલે કે મનોમય–પ્રાણ, ઊર્મિકેન્દ્ર અને તેની પાછળ ચૈત્યપુરુષ ( આત્મા, હૃદયમાં રહેલો પુરુષ ).

ચિત્ત અથવા દિવ્યપ્રજ્ઞાથી ઊલટું, ચિત્ત એ ફક્ત મનોમય-પ્રાણની ચેતના છે જેમાંથી વિચારો, લાગણીઓ, સંવેદનો વગેરેની રોજિંદી સામગ્રી ( સામાન્ય ) ઉત્પન્ન થાય છે. તમને જે બળની અનુભૂતિ થાય છે તે કોઈક જુદી જ વસ્તુ છે; તે વ્યક્તિને ઊલ્લંઘી જતું એક વિશાળતર બળ છે, અને વ્યક્તિ જ્યારે તે પૂર્ણ રીતે અનુભવે છે, ત્યારે તેની અનુભૂતિ વિશ્વરૂપ બળ તરીકે થાય છે અથવા વિશ્વરૂપ

શક્તિના એક ભાગ તરીકે થાય છે અથવા તે ઊર્ધ્વમાંથી આવતું તેની પ્રકૃતિ પ્રમાણેનું દિવ્ય બળ હોય છે.

તેનું મન મહત્તર બળના કાર્ય માટે હજુ સુધી તૈયાર થયેલું નથી કારણ કે તે મનોમય ખ્યાલો અને પ્રક્રિયાઓથી ભરેલું છે. અને આ કારણને લઈને જ તે બે વચ્ચેના ઘર્ષણને લઈને ગરમી પેદા થાય છે.

જ્યારે બીજી શક્તિ પાછી જશે અને મગજ ઉપર પછીથી કાબૂ રાખવા પ્રયત્ન કરશે નહિ, ત્યાર પછી વ્યક્તિનું મનોમય કાર્ય રાહત અનુભવશે. (ઠંડકની અનુભૂતિનું તે કારણ છે.) ફક્ત નીરવ થયેલા મનમાં જ (સ્થિર, ખાલી હોવું જરૂરી છે) મહત્તર શક્તિને ગ્રહણ કરી શકાય છે અને ને શરીરની પ્રક્રિયા ઉપર વધારે પ્રત્યાઘાત અને વિરોધ વગર કાર્ય કરી શકે.

*

તમે મુશ્કેલી ઉપર વિજય પ્રાપ્ત કર્યો અને તમને સરસ ધ્યાન થયું તે સારી વસ્તુ છે. તમારું નિરીક્ષણ કે મુશ્કેલી ફક્ત મસ્તક અને કંઠમાં રહેલાં છે અને ખાસ કરીને કંઠમાં તે બહુ સૂચક છે. આ બન્ને મનોમય કેન્દ્રો છે અને તેથી એ સ્પષ્ટ છે કે મુશ્કેલી સ્થૂલ મનમાંથી આવે છે. મનનો ઊર્ધ્વ ભાગ શુદ્ધ મનનો વિચારશીલ ભાગ છે, અથવા બુદ્ધિનો તે ભાગ સમજે છે, નિરીક્ષણ કરે છે અને માર્ગદર્શન આપે છે; કંઠનો ભાગ બહિર્ગમન કરનારા મનનો છે અને તે બાહ્ય અને સ્થૂલ વસ્તુઓ સાથે કાર્ય કરે છે અને તેમને પ્રત્યુત્તર આપે છે. તેની પ્રક્રિયા કાયમ સાધનામાં મુખ્ય મુશ્કેલીરૂપ હોય છે. જો તે શાંત બને તો તમે જોયું તે પ્રમાણે સમગ્ર સ્વરૂપને શાંત કરવા માટે વધારે સહેલું પડે છે.

ચાર અનુભૂતિઓમાંની છેલ્લી અનુભૂતિ, જેમાં આંતર-સ્વરૂપ છે તેમાં, સ્તરો એકબીજામાં ગોઠવાયેલા છે, સીડીનાં પગથિયાંની માફક અને તે ઘણી સૂચક અને ઘણી સાચી છે. આંતર ચેતના આ રીતની જ ગોઠવાયેલી છે. આ સીડીના મુખ્ય પાંચ વિભાગો છે. મસ્તકની ટોચથી ઉપરના ભાગમાં કેટલાક એવા સ્તરો છે (અથવા આપણે તેમને ભૂમિકાઓ કહીએ છીએ) જેમના વિશે આપણે સચેતન હોતા નથી પરંતુ સાધના દ્વારા જ આપણે તેમને વિશે સભાન બનીએ છીએ. મસ્તકની ટોચથી માંડીને કંઠ સુધી મનના સ્તરો છે (તે ઘણા છે) જેમાંના મુખ્ય ત્રણ આ પ્રમાણે છે. મસ્તકની ટોચ ઉપરનું સ્તર ઊર્ધ્વ ચેતના સાથે વ્યવહાર રાખે છે, બીજું સ્તર ભ્રૂમધ્ય વચ્ચે રહેલું છે જેમાં વિચાર, સૂક્ષ્મ દષ્ટિ અને સંકલ્પ રહેલાં છે. ત્રીજું કંઠમાં રહેલું છે જે બહિર્ગમન કરનારું મન છે. બીજો મુખ્ય વિભાગ ખભાઓથી

માંડીને નાભિ સુધીનો છે, અને તેમાં રહેલા ઊર્ધ્વ પ્રાણના સ્તરો છે જેના ઉપર હૃદયનું કેન્દ્ર પ્રમુખસ્થાન ભોગવે છે. તેમાં ઊર્મિમય સ્વરૂપ રહેલું છે અને પાછળ ચૈત્યપુરુષ ગુપ્ત રીતે રહેલો છે. નાભિની નીચે બાકી રહેલું પ્રાણ સ્વરૂપ છે અને તેમાં પણ અનેક સ્તરો રહેલા છે. કરોડરજ્જુના છેવટના નીચે ભાગમાં શુદ્ધ શારીરિક ચેતનાના સ્તરો છે, સ્થૂલ સ્તર અને પગની નીચે અચિત્ રહેલું છે અને તેના પણ ઘણા સ્તરો છે.

કપાળનો મધ્યભાગ ફૂટીને તેમાંથી પ્રકાશ નીકળે છે એવી અનુભૂતિ, તેમાંથી સૂક્ષ્મ દૃષ્ટિ, સંકલ્પ અને દર્શનના કેન્દ્રનું ઉદ્ઘાટન સૂચવે છે. જ્યારે આ કેન્દ્ર ખૂલે છે ત્યારે આંતર મનોમય ચેતના ખુલ્લી થાય છે અને તેની મારફતે ઊર્ધ્વ ચેતનાનો પ્રવાહ વહે છે – અહીં તે ઉદ્ઘાટન મારફતે માતાજીનો સફેદ પ્રકાશ બહાર વહેતો હતો.

તમે જે પ્રકાશો જોયા તે ઊર્ધ્વ ચેતના, ઋત ચેતના અથવા દિવ્ય ચેતનાના ઘણા પ્રકાશો હતા (શક્તિઓ, બળો, પ્રકાશથી પરિપૂર્ણ). પહેલાં પ્રકાશનું વહન થયું અને ચંદ્ર દેખાયો એટલે આધ્યાત્મિક પ્રકાશને શકય બનાવ્યો. જ્યારે આધ્યાત્મિક પ્રકાશ હોય છે ત્યારે જ માતાજીની હાજરી પ્રગટ થાય છે અને તેમનું કાર્ય સત્યની, પરમાત્માની શક્તિઓ લાવી આપે છે અને તેઓ સાધકને તે શક્તિઓ આપે છે.

*

જ્યારે આપણે મસ્તક, હૃદય વગેરેમાં રહેલા પુરુષ વિશે વાત કરીએ છીએ ત્યારે આપણે એક રૂપકનો ઉપયોગ કરીએ છીએ. જે મૂલાધાર ચક્રમાંથી કુંડલિની જાગ્રત થાય છે તે સ્થૂલ શરીરમાં નથી પરંતુ સૂક્ષ્મ શરીરમાં રહેલી છે (સૂક્ષ્મ શરીર એવી વસ્તુ છે જેમાં આપણું સ્વરૂપ ઊંડી સમાધિમાં બહાર ચાલ્યું જાય છે અથવા મૂળગત રીતે મૃત્યુ સમયે બહાર ચાલ્યું જાય છે) તે જ પ્રમાણે બધાં કેન્દ્રની બાબતમાં છે. પરંતુ આ સૂક્ષ્મ શરીર શરીરમાં ઓતપ્રોત થતું હોય છે અને સ્થૂલ શરીરની અંદર પ્રસરી રહેલું હોય છે, એટલે આ ચક્રો અને શુદ્ધ શારીરિક ચેતનાનાં કેટલાંક ચક્રો વચ્ચે અમુક પ્રકારનો વ્યવહાર ચાલુ રહે છે એટલા માટે આપણે રૂપકની રીતે શરીરના આ કે પેલા કેન્દ્રમાં રહેલા પુરુષની વાત કરીએ છીએ. આવા મળતાપણાને લીધે જ્યારે આનંદ અથવા બીજી કોઈ વસ્તુ આપણા સ્વરૂપમાં દાખલ થાય છે ત્યારે તે સૂક્ષ્મ શરીરમાં વ્યાપી જાય છે. પરંતુ તે શરીર મારફતે તે સ્થૂલ શરીર અને તેની ચેતના સાથે વ્યવહાર રાખે છે, અને તેથી એવું લાગે છે કે તે સ્થૂલ શરીરમાં પણ વ્યાપી ગયેલું છે, પરંતુ આત્મા કોઈ ગ્રંથિમાં રહેલો છે એ પ્રમાણે કહેવા

કરતાં તે બધું બિલકુલ જુદી જ વસ્તુ છે. સ્થૂલ શરીર એક એન્જિન છે અને જગત સાથેના વ્યવહાર અને કાર્ય માટેનું આત્માનું એક સાધન છે, અને તે પણ સાધનનો એક નાનકડો ભાગ છે. આ વાતને આટલી હદ સુધી વધારીને કહેવી એ બેહૂદું છે. એ એક પ્રકારનો ખોટો ભૌતિકવાદ છે અને તે સાયન્સ વિશેના અલ્પ-જ્ઞાનવાળા લોકોના મનને ભરમાવવા માટેનો હેતુ રાખે છે, પરંતુ આવું કહેવાથી શો ફાયદો? હવે તો હરેક વ્યક્તિ જાણે છે કે ભૌતિકવાદી સાયન્સ વસ્તુઓનું સત્ય બતાવતું નથી પરંતુ પદાર્થોના અમુક અનુભવોને વ્યકત કરવાની પરિભાષા છે. એ શાસ્ત્ર પદાર્થોનાં બંધારણ, તેમનું ગણિત, એક સુસંયોજિત અને ઉપયોગમાં લઈ શકાય એવું તેમની પ્રક્રિયાઓનું જ્ઞાન છે – તેનાથી વધારે કાંઈ નહિ. સ્થૂલ વસ્તુ પોતે જ કોઈ એવી વસ્તુ છે (કદાચ શકિતનું એક રૂપ?) જેના બંધારણ વિશે આપણને ઉપરછલ્લું જ ધ્યાન છે. તે આપણા મનને અને ઈન્દ્રિયોને અને કેટલાંક પરીક્ષણ કરતાં સાધનોને જે ઉપરછલ્લી રીતે જણાય છે તે રીતે આપણે જાણીએ છીએ (અને હવે એવી શંકા થાય છે કે તે યંત્રો પોતાને જે પરિણામ લાવવું હોય તે નક્કી કરે છે અને પ્રકૃતિ, જે પ્રકારનાં યંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે તેના પ્રમાણે પોતાના પ્રત્યુત્તરો ગોઠવી આપે છે) પરંતુ કોઈ પણ વિજ્ઞાની આનાથી વધારે જાણતો નથી કે જાણી શકે તેમ નથી.

*

કઈ રીતે આત્મતત્ત્વ એક સ્થૂલ ગ્રંથિમાં સમાઈ શકે? હું જે પ્રમાણે જાણું છું તે પ્રમાણે જીવાત્મા અથવા આત્મા શરીરમાં બંધાયેલો નથી પરંતુ શરીર આત્મામાં સમાયેલું છે. જ્યારે આપણને આત્મા વિશે સંપૂર્ણ જ્ઞાન થાય છે ત્યારે આપણે એક વિશાળ ચેતના તરીકે તેની અનુભૂતિ કરીએ છીએ જેમાં શરીર એક ખૂબ નાનકડી વસ્તુ છે તથા આનુષંગિક ગૌણ વસ્તુ છે અથવા એવી વસ્તુ છે જે તેમાં સમાયેલી છે અને નહિ કે આત્માનો સમાવેશ કરનારી વસ્તુ.

*

આપણે ચક્રો વિશે ફકત યોગના સંદર્ભમાં જ વાત કરી શકીએ. સામાન્ય માણસોમાં ચક્રો ખૂલેલાં હોતાં નથી. જ્યારે માણસ સાધના કરે ત્યારે જ ચક્રો ખૂલે છે કારણ કે ચક્રો એક આંતર ચેતનાનાં કેન્દ્રો છે. અને તે કેન્દ્રો સૂક્ષ્મ શરીરમાં આવેલાં છે એટલે સામાન્ય માણસોમાં તેઓ એટલાં બધાં સક્રિય હોતાં નથી – કારણ કે તેવા માનવીઓમાં બાહ્ય ચેતના સક્રિય હોય છે. ચક્રો એ ચેતનાનાં કેન્દ્રો છે.

તેમના ઉદ્ઘાટનને લઈને જ યૌગિક અથવા આંતર ચેતના વિકાસ પામે છે, નહિ તો તમે સામાન્ય બાહ્ય ચેતનામાં જ બંધાયેલા રહો છો.

*

આ વસ્તુ ચૈતસિક બનેલું ઊર્ધ્વ મનનું સ્વરૂપ હોવું જોઈએ – તેનું મસ્તકની ઉપરનું સ્થાન તે વસ્તુનો નિર્દેશ કરે છે. બીજા શબ્દોમાં તમે તમારા ઊર્ધ્વતર મનોમય સ્વરૂપ વિશે સજ્ઞાન બનેલા છો અને તે ઊર્ધ્વમાં રહેલા પરમાત્મા સાથે તાત્કાલિક સંપર્કમાં રહે છે તેમજ હૃદયમાં રહેલા ચૈત્યપુરુષ સાથેના સંપર્કમાં છે અને દિવ્ય સત્ય વિશે સભાન છે અને તે વસ્તુઓમાં ચૈતસિક અને આધ્યાત્મિક સૂક્ષ્મ દૃષ્ટિ અને દર્શન આપે છે.

મસ્તકથી ઉપરના ભાગમાં ઊર્ધ્વ ચેતનાનું કેન્દ્ર છે – સહસ્રદલ પદ્મ. પરંતુ જ્યારે સહસ્રદલ પદ્મ ખૂલે છે ત્યારે ઘણે ભાગે કપાળના કેન્દ્રનું આંશિક કાર્ય થાય છે.

સામાન્ય મન જ્યારે ઉત્તમ કાર્ય કરે છે ત્યારે તેમાં મુક્ત બુદ્ધિ હોય છે અને તે અંતઃપ્રજ્ઞા અને ઊર્ધ્વમાંથી આવતાં સૂચનોને ગ્રહણ કરે છે. પરંતુ તેમને તે બુદ્ધિગમ્ય બનાવે છે. તે સપાટી ઉપરનું જ હોય છે અને વસ્તુઓને બહારથી જ જુએ છે, સિવાય કે તેને અંતઃપ્રજ્ઞા અને બીજી શક્તિઓ જરા વધારે ઊંડાણમાં જોવા માટે મદદ કરતી હોય; જ્યારે આ સામાન્ય મન, અંદર રહેલા આંતર મન અને ચૈતસિક ચેતના પ્રત્યે તથા ઊર્ધ્વમાં ઊર્ધ્વ મન પ્રત્યે અને ઊર્ધ્વ ચેતના પ્રત્યે સામાન્યતયા ખુલ્લું થાય છે. ત્યાર પછી જ તેનું આધ્યાત્મીકરણ થાય છે અને તેના ઊર્ધ્વ સ્તરો આધ્યાત્મિક મનોમય ચેતનામાં, જેનું આ ઊર્ધ્વ મન તો એક શરૂઆત છે, તેમાં નિમગ્ન થાય છે. આ રીતનું નિમજ્જન એ આધ્યાત્મિક રૂપાંતરનો એક ભાગ છે.

મનને માટે ઘણાં કેન્દ્રો છે : ( ૧ ) સહસ્રદલ, જેમાં આધ્યાત્મિક મન, ઊર્ધ્વ મન, અંતઃપ્રજ્ઞાયુક્ત મન કેન્દ્રિત થયેલાં છે અને તે શુદ્ધ અંતઃપ્રજ્ઞા અને અધિમનસનું ગ્રહણશીલ કેન્દ્ર છે. ( ૨ ) કપાળમાં રહેલું કેન્દ્ર આંતર-વિચાર, સંકલ્પ અને દર્શન માટેનું કેન્દ્ર છે ( ૩ ) કંઠ ચક્ર બહિર્મુખ સ્થૂલ મનનું કેન્દ્ર છે.

*

સહસ્રદલવાળું પદ્મ મસ્તકના ઉપરના ભાગમાં છે. તે સાતમું અને સૌથી ઊંચે રહેલું કેન્દ્ર છે.

સામાન્ય રીતે જેઓ ફક્ત શરીરમાં રહેલાં કેન્દ્રોને જ સ્વીકારે છે તેઓ છ કેન્દ્રો ગણાવે છે અને સહસ્રદલને બાદ કરે છે.

*

એ સ્પષ્ટ છે કે સહસ્રદલ પદ્મ મારફતે ઉચ્ચતર અંતઃપ્રજ્ઞા, આલોકિત મનસ અને અધિમનસ એ સર્વે પોતાનાં કિરણો પસાર કરે છે.

*

અતિમનસ શરીરમાં ગોઠવાયેલું નથી, અને તેથી તેને માટે અલગ કેન્દ્ર નથી; પરંતુ જે કોઈ વસ્તુ મનની ઉપરથી આવે છે તે પોતાના પસાર થવાના માર્ગ માટે સહસ્રદલનો ઉપયોગ કરે છે અને તેથી તેમાં કાંઈક વસ્તુ ખુલ્લી કરે છે.

*

મસ્તક ઉપરનું કેન્દ્ર સહસ્રદલનો એક ભાગ હોવું જોઈએ, જે વ્યક્તિગત સ્વરૂપ અને ઊર્ધ્વમાં રહેલી અનંત ચેતના વચ્ચે સીધેસીધો વ્યવહાર કરવાનું કેન્દ્ર છે. આજ્ઞાચક્ર અને તેની વચ્ચે કોઈ પણ સક્રિયતાનું મુખ્ય કેન્દ્ર માની શકાય એમ નથી. પરંતુ છ કે સાત મુખ્ય કેન્દ્રો સિવાય, શરીરના ભિન્ન ભિન્ન ભાગોમાં ઘણાં નાડીયંત્રોનાં કેન્દ્રો હોઈ શકે.

*

મસ્તક ઉપરનું કેન્દ્ર શરીર ચેતના અને તેની સાથે તે જે કાંઈ મન અને પ્રાણને ધારણ કરે છે તેની અને શરીરની ઉપર રહેલી ઊર્ધ્વ ચેતનાને પસાર થવાનું સ્થાન છે. તે જગાએ બન્ને ચેતનાઓ મિલન સાધવાની શરૂઆત કરે છે.

*

ખુલ્લું સહસ્રદલનું કેન્દ્ર સામાન્ય મન અને ઉપર રહેલી ઊર્ધ્વ ચેતના વચ્ચે રહેલા ઢાંકણની મુશ્કેલી દૂર કરે છે. જો આજ્ઞા ચક્ર પણ ખુલ્લું થયું હોય તો ઊર્ધ્વ ચેતના અને આંતર મન તથા બાહ્ય મન (કંઠનું ચક્ર) ની વચ્ચે સ્પષ્ટ વ્યવહાર કરવો શક્ય બને છે. જ્ઞાનના સાક્ષાત્કાર માટે તથા મનોમય પ્રકાશ અને રૂપાંતર માટે એનું ખૂલવું એ મુખ્ય શરત છે. હૃદયનું કેન્દ્ર ચૈતસિક અને પ્રાણમય ચેતનાનું નિયંત્રણ કરે છે. પ્રાણમાં કાર્ય કરવા માટે તેનું ખુલ્લા થવું એ ચૈતસિક પ્રભાવને મદદરૂપ થાય છે અને ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવામાં તેનો હેતુ પૂર્ણ થાય છે.

*

મગજ એ ફક્ત શારીરિક (સ્થૂલ) ચેતનાનું કેન્દ્ર છે. જ્યાં સુધી વ્યક્તિ શારીરિક મનમાં રહે છે અથવા શરીર ચેતના સાથે પોતાની તદ્રુપતા માને છે ત્યાં સુધી વ્યક્તિ પોતે તેમાં પ્રતિષ્ઠિત થયેલી હોય છે એમ અનુભવે છે. ત્યાર પછી વ્યક્તિ મગજમાં સહસ્રાર મારફતે વસ્તુઓ ગ્રહણ કરે છે. જ્યારે વ્યક્તિ શરીરમાં પ્રતિષ્ઠિત થવાનું બંધ કરે છે ત્યાર પછી જ મગજ એક વિરામસ્થાન (સ્ટેશન) રહેતી નથી પરંતુ એક નિષ્ક્રિય અને શાંત ચેતનાને પસાર કરનારી નહેર બની રહે છે.

*

કપાળમાં આંખોની વચ્ચે પરંતુ થોડે ઊંચે આજ્ઞાચક્ર આવેલું છે, અને તે આંતર સંકલ્પનું, આંતર દૃષ્ટિનું પણ તથા સક્રિય મન વગેરેનું કેન્દ્ર છે. (આ સામાન્ય બાહ્ય માનસિક સંકલ્પ અને દૃષ્ટિ નથી પરંતુ કોઈક વધારે શક્તિશાળી વસ્તુ છે અને તે આંતર સ્વરૂપની વસ્તુ છે) જ્યારે આ કેન્દ્ર ખૂલે છે અને ત્યાં રહેલી શક્તિ સક્રિય બને છે ત્યારે એક વધારે શક્તિશાળી, સંકલ્પશક્તિ, નિશ્ચય કરવાની શક્તિ, રચના, અસરકારકતા અને સામાન્ય મન પ્રાપ્ત કરી શકે તેનાથી પરની વસ્તુઓ ખૂલી જાય છે.

*

સૂક્ષ્મ દર્શનનું કેન્દ્ર કપાળનું ભ્રૂમધ્ય કેન્દ્ર છે. જ્યારે તે ખૂલે છે ત્યારે માણસને આંતરદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, વસ્તુઓ અને માણસોનાં આંતરરૂપો અને ચિત્રો જોઈ શકે છે અને વસ્તુઓ અને માણસોને આંતરચેતનામાંથી સમજવા લાગે છે અને કેવળ બાહ્યમાંથી જ નહિ. તેનામાં એક એવી સંકલ્પશક્તિનો વિકાસ થાય છે જે આંતરિક રીતે (યૌગિક રીતે) વસ્તુઓ અને માણસો વગેરે ઉપર કાર્ય કરે છે. તેનું ઉદ્ઘાટન ઘણી વખત સામાન્ય મનોમય ચેતનાથી ઊલટી રીતે યૌગિક ચેતનાથી શરૂઆત થાય છે.

*

આ કેન્દ્ર (આજ્ઞાચક્ર) મેં દર્શાવ્યું તે જગાએ છે, પરંતુ તેનું દબાણ સમગ્ર કપાળમાં અને ભ્રૂકુટીઓ ઉપર અથવા તેની આજુબાજુની કોઈ પણ જગાએ અનુભવાય છે. તે કેન્દ્રમાંથી ચારે બાજુ પ્રસરણ પામે છે.

*

હા, ત્યાં એક ત્રીજું નેત્ર ખૂલે છે (કપાળની મધ્યમાં) – તે ગુહ્ય દર્શન અને તેની સાથે ગુહ્ય શક્તિનું સૂચન કરે છે – તે આજ્ઞાચક્ર સાથે સંકળાયેલું છે.

*

જો કપાળનું કેન્દ્ર ખૂલે તો એટલું ચોક્કસ કે સહસ્રદલ એટલા પૂરતા પ્રમાણમાં ખૂલ્યું હોવું જ જોઈએ જેથી તેનાથી ઊર્ધ્વમાં આવેલાં ઊર્ધ્વ બળોને નીચે ઉતારવાનો માર્ગ ખુલ્લો કરે. ચૈતસિક પુરુષ એ જુદી જ વસ્તુ છે – તે કેન્દ્રોની પાછળ રહેલો છે અને ભિન્ન ભિન્ન માણસો સાથે તેના ઉદ્‌ઘાટનનો સમય બદલાતો હોય છે – હકીકતમાં તે કેન્દ્રનું ઉદ્‌ઘાટન નથી પરંતુ ચૈત્યપુરુષને અગ્રભાગે આવવાની બાબત છે.

*

આ યોગમાં સામાન્ય નિયમ છે ઉપરથી નીચે આવવું. તૈયારીની અવસ્થામાં થોડા ફેરફારો હોઈ શકે દા.ત. પ્રથમ હૃદયનું કેન્દ્ર અંશતઃ ખુલ્લું થાય અથવા ઊર્ધ્વ પ્રાણનું કેન્દ્ર પ્રથમ સક્રિય બને છે, પરંતુ તેનો અર્થ કે તેમાં વધારે સંઘર્ષ અને મુશ્કેલી હોય છે.

*

તમે જાણતા નથી કે આંતર સ્વરૂપ એટલે આંતર મન, આંતર પ્રાણ અને આંતર શારીરિક અને તેની સાથે અંતરતમ ભાગ તરીકે પાછળ રહેલો ચૈત્યપુરુષ આ બધી વસ્તુઓ માટે એક જ કેન્દ્ર કઈ રીતે હોઈ શકે ?

*

હા, કંઠમાં રહેલું કેન્દ્ર એ શારીરિક (સ્થૂલ) મનનું કેન્દ્ર છે. તે બહિર્ગ-મનનું કેન્દ્ર છે – વાણીમાં, અભિવ્યક્તિમાં, સ્થૂલ વસ્તુઓ વગેરે સાથે મનોમય રીતે કાર્ય પાડવું વગેરે રીતનું. તેનું ઉદ્‌ઘાટન સામાન્ય બહિર્ગમન કરનારી મનોમયતામાં રહેવાને બદલે, સ્થૂલ મનને દિવ્ય ચેતનાના પ્રકાશ પ્રત્યે ખુલ્લું કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

*

ગળું અને કંઠ તથા ચહેરાની નીચેનો ભાગ બહિર્ગમન કરતા મન, તથા સ્થૂલ મનોમયતાનો પ્રદેશ છે. કપાળ આંતર મનનો પ્રદેશ છે. મસ્તકની ઉપરના ભાગમાં મનની ઊર્ધ્વ ભૂમિકાઓ છે.

*

ના, મનોમયતાના સક્રિય પ્રાણના ભાગ સાથે સંકળાયેલ છે. મજબૂત નાક-વાળા માણસ માટે એવું મનાય છે કે તેનામાં સામર્થ્યયુક્ત સંકલ્પશક્તિ અથવા મજબૂત મનોમય વ્યક્તિત્વ હોય છે – જો કે મને ખબર નથી કે તે અનિવાર્ય રીતે

સાચું હોય. પરંતુ પ્રાણમય શારીરિકનું શું ? અલબત્ત, નાક એ પ્રાણનો માર્ગ છે અને પ્રાણ, પ્રાણમય શારીરિકને ટેકો આપે છે.

*

તે શારીરિક સંવેદન બિલકુલ ન હોઈ શકે પરંતુ સૂક્ષ્મ શરીરનું સંવેદન હોઈ શકે. કાન અંતરમનના કેન્દ્ર અને વિચાર-શક્તિઓ અથવા વિશ્વરૂપ પ્રકૃતિના વિચાર-આંદોલનો વચ્ચેનો વ્યવહારનો માર્ગ છે.

*

સ્થૂલ મન તે પ્રમાણે કાર્ય કરે છે. સ્થૂલ મન અથવા બહિર્મુખ મનનું કેન્દ્ર સ્થૂલ શરીરમાં રહેલા કંઠમાં હોય છે અને તે વાણીની સાથે સંકળાયેલું હોય છે – પરંતુ તે મગજની સાથેના જોડાણથી કાર્ય કરે છે. બધી જ શક્તિઓ જેમને ચેતનાને આવરી લીધી છે તેઓ મનના કેન્દ્રને શકય હોય તો વિંટળાઈ વળીને કાર્ય કરવા માટે ઊંચે ચડે છે – તે વિંટળાઈ વળે છે કારણ કે નહિ તો પછી તેમને સમાવી લેવાની ક્રિયા પૂર્ણ બને નહિ.

*

વાણીનું અંગ ( જીભ ) શારીરિક મનોમય અથવા અભિવ્યકિત કરતા બહિર્મુખ મનનું કરણ છે.

*

વાણી કંઠસ્થ કેન્દ્રમાંથી ઉત્પન્ન થાય છે પરંતુ તેનો સંબંધ જે કાંઈ તેનું નિયંત્રણ કરતું કેન્દ્ર અથવા ચેતનાની ભૂમિકાનું નિયંત્રણ કરે છે તેની સાથે હોય છે — એટલે કે વ્યક્તિ જે જગાએથી વિચાર કરે છે તેની સાથે જો વ્યકિત મસ્તકથી ઉપરની ચેતનામાં જાય તો વિચાર મસ્તકના ઉપરના ભાગમાંથી આવે છે અને વ્યકિત ત્યાં રહીને બોલી શકે છે એટલે કે વાણીની દિશા તે પ્રદેશમાંથી આવે છે.

*

'પશ્યંતિ' એ એવી વાણી છે જેમાં સત્યનું દર્શન સમાયેલું છે – 'પરા' કદાચ સાક્ષાત્કાર કરતી અને અંતઃ પ્રજ્ઞાયુકત વાણી છે. મને બીજા બધા પ્રકારની વાણીના ગુણો વિશે ચોક્કસ ખ્યાલ નથી ( વૈખરી અને મધ્યમા ).

તાંત્રિકો વાણીનાં આ સ્વરૂપોને જુદાં જુદાં ચક્રોમાં ગોઠવે છે. વાણી આંતરિક પણ હોય અને બાહ્ય પણ હોય, અને દરેક ઉપર એક જ શક્તિની મહોર મારેલી હોય. પરંતુ જો બાહ્યમાંથી પાછા હઠી જઈને તેનું માપ કાઢવાનું હોય તો 'પરા'નો એવો અર્થ થવો જોઈએ કે તે મનથી પર રહેલો કોઈ કારણ-પ્રદેશ હોવો જોઈએ.

*

કંઠનું કેન્દ્ર બહિર્મુખ (સ્થૂલ) મન છે, હૃદય એ ઊર્મિમય મન અને ઊર્ધ્વ પ્રાણની શરૂઆતનું કેન્દ્ર છે. જો હૃદયના કેન્દ્રની ઉપર ગમે તેટલી હદ સુધી શારીરિક મન સત્તા ચલાવતું હોય તો તે બાહ્યમાંથી આવતા હુમલાઓ પ્રત્યે અચૂક ખુલ્લું થશે. તેથી શારીરિક અને નાડીયંત્રની ચેતના ઉપર અસર થશે. હૃદયનો સંબંધ ચૈત્યપુરુષ અને ઊર્ધ્વ ચેતના સાથે હોવો જોઈએ.

*

સ્થૂલ હૃદય છાતીમાં ડાબી બાજુએ આવેલું છે પરંતુ યોગનું હૃદયકેન્દ્ર છાતીના મધ્ય ભાગમાં આવેલું છે ( હૃદ્કેન્દ્ર ).

*

ચૈતસિક અને ઊર્મિય કેન્દ્રની ટોચ (બધા કેન્દ્રની ટોચના ભાગની માફક ) કરોડરજ્જૂમાં રહેલી છે. તેનો પાયો આગળના ભાગમાં છાતીના હાડકાના મધ્ય ભાગમાં રહેલો હોય છે.

*

હૃદય આપણા સ્વરૂપનું કેન્દ્ર છે અને બાકીના સ્વરૂપના ભાગ ઉપર સત્તા ચલાવે છે કારણ કે ચૈતસિક સ્વરૂપ અથવા ચૈત્યપુરુષ ત્યાં રહેલો છે. એ અર્થમાં સર્વ વસ્તુઓ તેમાંથી વ્યક્ત કરે છે, કારણ કે ચૈત્યપુરુષ જ દરેક વખતે એક નવીન મન, નવો પ્રાણ અને નવું શરીર પોતાના માટે સર્જન કરે છે.

*

ચૈત્યપુરુષ (જે આત્મા છે) તે પોતાના માટે આધારમાં કેન્દ્રો બનાવતો નથી. કેન્દ્રો ત્યાં રહેલાં જ છે. ત્યાં જે કેન્દ્રો હોય તેનો ચૈત્યપુરુષ કબજો લઈ શકે છે — હૃદય કેન્દ્ર અને નાભિનું કેન્દ્ર અને નાભિની નીચેનો બે કેન્દ્રોનો : મન અને પ્રાણનો પણ વિનાશ થતો નથી — તેઓ ચૈત્યપુરુષના પ્રભાવ નીચે હોય છે અને

તેમનું ચૈતસીકરણ થાય છે અથવા ઉપરમાંથી આવતી ઊર્ધ્વતર ચેતના તેમનો કબજો લઈ લે છે અને તેમનું પોતાનાં કરણોમાં રૂપાંતર કરે છે.

*

કોઈ પણ વ્યક્તિ ચૈતસિક કેન્દ્ર અથવા કોઈ પણ કેન્દ્ર મારફત પસાર થતી નથી. સાધનાના દબાણ નીચે કેન્દ્રો ખૂલે છે. તમે એમ કહી શકો કે શક્તિ કેન્દ્રમાં અવતરણ પામે છે અથવા ઊર્ધ્વગમન કરે છે.

*

ઊર્મિમય કેન્દ્રની નીચે મુખ્ય પ્રાણનું કેન્દ્ર નાભિમાં છે – તેની પણ નીચે નાનકડી પ્રાણમય ગતિઓનું બીજું એક કેન્દ્ર છે – નાભિ અને મૂલાધારની વચ્ચે.

નિમ્ન પ્રાણની શક્તિ મગજમાં દોડી જાય છે અથવા મનમાં ગૂંચવણ ઉત્પન્ન કરે છે અને મનોમય આત્મનિગ્રહને અટકાવે છે. અથવા તો મનને તેનું ગુલામ બનાવી દે છે. અને આવેગોને ન્યાયી ઠેરવવા માટે તર્કનો ઉપયોગ કરે છે.

*

સ્થૂલ મનનું કેન્દ્ર કંઠમાં અને મુખમાં છે – પ્રાણમય શારીરિક બે સૌથી નીચેનાં કેન્દ્રોની વચ્ચે રહેલું છે – અને ભૌતિક ચેતના મૂલાધારમાં રહેલી છે.

*

નાડીઓ સમગ્ર શરીરમાં વહેંચાયેલી હોય છે. પરંતુ પ્રાણમય શારીરિક કાર્ય તેના મૂળ ભાગમાં મૂલાધાર ચક્ર અને તેનાથી સહેજ ઉપર આવેલા કેન્દ્રની વચ્ચે એકાગ્ર થયેલું હોય છે.

*

યૌગિક રીતે, મનોમય શારીરિક રીતે, વગેરે વગેરે રીતે, હોજરી, હૃદય અને આંતરડાંઓ પ્રાણમય ગતિઓને ધારણ કરે છે – ત્યાં જ ક્રોધ, ભય, પ્રેમ, તિરસ્કાર અને પ્રાર્થીના સર્વ મનોમય હકો અથડા-અથડીમાં રહે છે અને શારીરિક અને નૈતિક પાચનને બગાડે છે. મૂલાધાર શુદ્ધ સ્થૂલ ચેતનાનું સ્થાન છે.

*

તે (કરોડરજ્જૂનો છેવટનો ભાગ) સ્થૂલ કેન્દ્રનું સ્થાન છે અને તે ઉપરાંત કામવાસનાનું કેન્દ્ર છે. તેની ટોચ કરોડરજ્જૂના અંતભાગમાં છે અને તે ત્યાંથી આગળ પ્રક્ષેપ કરે છે – ગુહ્યેન્દ્રિય અને તેનાં કાર્યો ઉપર સત્તા ચલાવે છે.

*

કરોડરજ્જૂના છેવટના તળિયે રહેલું સૌથી નીચેનું કેન્દ્ર, તેમાં ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે પરંતુ તેના અગ્રભાગમાં તે જાતીય ક્રિયાઓનો આધાર છે.

*

ના, અવચેતન એટલું બધું અસ્પષ્ટ છે કે તેને કેન્દ્ર નથી. તેને એક સ્તર છે – પગના તળિયાની નીચે જે રીતે શરીરના ઉપર પર-ચેતનાનું સ્તર છે, પરંતુ ત્યાં રહ્યા રહ્યા પણ તે ગમે તે જગાએ ઉપર ઊઠી આવી શકે છે.

*

હા, તે (મગજ) અવચેતનની સાથે થોડોઘણો સંબંધ ધરાવે છે.

*

વિભાગ ૬

# દિવ્ય અને વિરોધી શક્તિઓ

## (૧) જૂઠાણું અને અવિદ્યા[1] :

અજ્ઞાન એટલે અવિદ્યા, ભેદ પાડતી ચેતના અને અહંકારયુક્ત મન અને પ્રાણ જે તેમાંથી વહે છે, તેમજ વિભક્ત કરતી ચેતના માટે જે કાંઈ સ્વાભાવિક હોય તેવો મન અને પ્રાણનો અહંકાર. આ અવિદ્યા એક એવી ગતિના પરિણામે ઉત્પન્ન થઈ છે જેમાં વિશ્વરૂપ બુદ્ધિએ અતિમનસ (દિવ્ય વિજ્ઞાન)ના પ્રકાશમાંથી પોતાની જાતને અલગ કરી અને તેણે સત્ય ગુમાવી દીધું - સ્વરૂપનું સત્ય, દિવ્ય ચેતનાનું સત્ય, શક્તિ અને કાર્યનું સત્ય, આનંદનું સત્ય, તેને લઈને દિવ્ય વિજ્ઞાનના પ્રકાશમાં સર્જન થયેલા પૂર્ણ સત્ય અને દિવ્ય સંવાદવાળા જગતને બદલે આપણી પાસે એવું જગત છે જે નિમ્નતર વૈશ્વિક બુદ્ધિના અંશરૂપ સત્યો ઉપર રચાયેલું છે, જેમાં સર્વ વસ્તુઓ અર્ધસત્ય છે, અર્ધ ભૂલ. આને લઈને જ શંકર જેવા કેટલાક પ્રાચીન ચિંતકોએ મહત્તર-શક્તિ જે તેની પાછળ રહેલી છે, તેનું દર્શન કર્યા સિવાય તેને માયા તરીકે છાપ મારી અને તે માયાને પરમાત્માની ઉચ્ચતમ સર્જક શક્તિ તરીકે ઓળખાવી. આ સર્જનની ચેતનામાં સર્વ વસ્તુઓ, યા તો મર્યાદિત છે અથવા પૂર્ણ પ્રકાશમાંથી અલગ થઈ ગઈ હોવાથી વિકૃત બનેલી છે; જે સત્ય તે જુએ છે તે પણ ફક્ત અર્ધ-વિદ્યા છે, એટલા માટે તેને અવિદ્યા કહેવાય છે.

બીજી બાજુએ જૂઠાણું આ અવિદ્યા નથી, પરંતુ તેનું અંતિમ પરિણામ છે. આ સર્જનમાં દખલ કરનાર આસુરી શક્તિએ તેનું સર્જન કરેલું છે અને તેથી તે સત્યથી અલગ થઈ ગયેલ છે અને તેથી જ્ઞાનમાં મર્યાદિત છે અને ભૂલ પ્રત્યે ખુલ્લું છે એટલું જ નહિ પરંતુ સત્યની વિરુદ્ધનું તે બંડ છે અથવા તે સત્યને પકડીને તેને વિકૃત બનાવવાની તેને ટેવ પડી ગઈ છે. આ શક્તિ, અંધકારમય આસુરિક શક્તિ અથવા રાક્ષસી માયા પોતાની વિકૃત થયેલી ચેતનાને સાચા જ્ઞાન તરીકે આગળ ધરે છે અને પોતાની જિદ્દપૂર્વકની વિકૃતિઓ અથવા સત્યથી ઊલટી વસ્તુઓને વસ્તુઓના સત્ય તરીકે જાહેર કરે છે. આ વિકૃત વ્યક્તિતાઓને અને વિકૃત ચેતનાની શક્તિઓને આપણે વિરોધી સત્ત્વો, વિરોધી બળો કહીએ છીએ. અવિદ્યાની સામગ્રીમાંથી વિરોધી બળોએ ઉત્પન્ન કરેલી વિકૃતિઓને તેઓ વસ્તુઓના સત્ય તરીકે આગળ ધરે છે તે જ યૌગિક અર્થમાં જૂઠાણું, મિથ્યા, મોહ છે.

---

૧. શ્રી અરવિંદના પુસ્તક 'મા'માં આવતા કેટલાક શબ્દો સમજાવવા માટે આ પત્ર લખવામાં આવ્યો હતો.

## (૨) શક્તિઓ અને આભાસો :

આ બધી શકિતઓ અને સત્ત્વોને અવિદ્યાના જગતમાં તેમણે જે જૂઠાણાંઓનું સર્જન કરેલું છે તેમને ટકાવી રાખવામાં રસ હોય છે અને તે જૂઠાણાંઓને સત્ય તરીકે આગળ ધરે છે જેને માણસોએ અનુસરવું જ જોઈએ. ભારતમાં તેમને અસુરો, રાક્ષસો અને પિશાચોનું નામ અપાયેલું છે (તેઓ અનુક્રમે મનોમય પ્રાણની, મધ્ય પ્રાણની અને નિમ્ન પ્રાણની ભૂમિકાઓનાં સત્ત્વો હોય છે). તેઓ દેવો, પ્રકાશની શકિતઓના વિરોધીઓ હોય છે. આ પણ શકિતઓ છે, કારણ કે તેમને પણ તેમનું વિશ્વરૂપ ક્ષેત્ર હોય છે જેમાં તેઓ કાર્ય કરે છે અને સત્તા ચલાવે છે (પહેલાના દેવો, पूर्वे देवः, એમ મહાભારતમાં કોઈ જગાએ કહેવામાં આવેલું છે) વિશ્વરૂપ ચેતનાની પાછળ રહેલી દિવ્ય સંકલ્પશકિતની સામે બળવો કરીને તેઓનું અંધકારમાં પતન થયેલું છે. 'આભાસો' શબ્દ, તેઓ જગત ઉપર શાસન ચલાવવા માટે જે રૂપો ધારણ કરે છે તેને અનુલક્ષીને વપરાયેલો છે, અને આ રૂપો ખોટાં રૂપો હોય છે અને જૂઠાણાંના અવતાર હોય છે, કેટલીક વખત અર્ધ-દિવ્ય હોય છે.

## (૩) શક્તિઓ અને વ્યક્તિત્વો :

શકિત શબ્દનો ઉપયોગ સમજાવવામાં આવ્યો છે – જે કોઈ વસ્તુ અથવા જે કોઈ વ્યકિત, વિશ્વરૂપ સચેતન શકિત વાપરી શકે છે અને જગતની પ્રક્રિયામાં સત્તા ચલાવી શકે છે અથવા જગતમાં કોઈ પ્રકારની ગતિ કરે છે અને તેને લાગુ પાડી શકાય. પરંતુ તમે જે ચાર[1] શબ્દો વિશે વાત કરો છો તે પણ શકિતઓ છે. તે ચાર શકિતઓ પરમ ચેતના અને શકિત, દિવ્ય ભગવતી માના ભિન્ન શકિતઓના આવિર્ભાવ છે, અને તેમના વડે વિશ્વમાં તે શાસન ચલાવે છે અથવા કાર્ય કરે છે; અને એકીસમયે તેઓ દિવ્ય વ્યકિતત્વો છે; કારણ કે દરેક એવું સ્વરૂપ છે જે પરમાત્માના ભિન્ન ગુણો અને વ્યકિતગત ચેતના-સ્વરૂપો પ્રગટ કરે છે. બધા જ મહાન દેવો આ રીતે પરમાત્માનાં વ્યકિતસ્વરૂપો છે – એક ચેતના જે અનેક વ્યકિતતાઓમાં લીલા કરે છે – एकं सत् बहुधा – માનવના સ્વરૂપમાં પણ ઘણાં વ્યક્તિત્વો હોય છે, નહિ કે ફક્ત એક જ વ્યકિતત્વ, જે રીતે પ્રાચીન સમયમાં માનવામાં આવતું હતું તે પ્રમાણે : કારણ કે સર્વ ચેતના એક જ સમયે એક અને અનેક હોઈ શકે છે. "શકિતઓ અને વ્યકિતતાઓ" એક જ સ્વરૂપનાં ભિન્ન ભિન્ન પાસાંઓનું વર્ણન છે; શકિત અનિવાર્ય રીતે અવૈયકિતક હોય છે એમ નથી,

---

૧. માહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી.

અને તમે જે રીતે સૂચન કરો છો તે રીતે 'અવ્યક્તમ્' ચોક્કસ હોતી નથી – તેનાથી ઊલટું, દિવ્ય આવિર્ભાવનાં જગતોમાં કાર્ય કરતો તે એક આવિર્ભાવ છે.

## (૪) પ્રાદુર્ભાવો :

પ્રાદુર્ભાવો, તમે જે તમારા પત્રોમાં માતૃકાઓ વિશે કહો છો તેનાં વર્ણનને અનુરૂપ હોય છે. માતાજીનો પ્રાદુર્ભાવ એ તેમની ચેતનાની અને શકિતની એક એવી વસ્તુ છે જે તેમનામાંથી બહાર મૂકવામાં આવે છે, અને જ્યાં સુધી તે લીલામાં રહે છે ત્યાં સુધી તેમના ગાઢ સંપર્કમાં હોય છે, અને જ્યારે તે લીલાની જરૂર ન હોય ત્યારે તેના મૂળમાં પાછી ચાલી જાય છે, પરંતુ કાયમ તેને ફરીથી બહાર કાઢીને લીલામાં મૂકી શકાય છે. પરંતુ તેમની સાથેના સંપર્કને અટકાવનારી દોરીને તોડી શકાય છે, અથવા ઢીલી મૂકી શકાય છે અને જે વસ્તુ પ્રાદુર્ભાવ તરીકે બહાર આવી હતી તે એક સ્વતંત્ર દિવ્ય સ્વરૂપ તરીકે પોતાના માર્ગે આગળ જઈ શકે છે અને જગતમાં પોતાની લીલા સાથે જ રહે છે. બધા જ દેવો તેમનાં સ્વરૂપોમાંથી આ પ્રકારના પ્રાદુર્ભાવો બહાર મૂકી શકે છે અને તેમની ચેતના શકિતના સારતત્ત્વમાં તે પ્રાદુર્ભાવોમાં તદ્રુપ હોય છે પરંતુ તેમના જેટલા જ સરખા પ્રભાવનાં હોતાં નથી. અમુક અર્થમાં વિશ્વ પોતે જ પરમતત્ત્વનો આવિર્ભાવ કરી શકે. સાધકની ચેતનામાં માતાજીનો પ્રાદુર્ભાવ એક એવો દેખાવ અથવા રૂપ ધારણ કરશે જે રૂપની સાથે તેને પરિચિતતા હોય.

એક અર્થમાં માતાજીની ચાર શકિતઓ, તેમના મૂળતત્ત્વને લઈને પ્રાદુર્ભાવ કહી શકાય; જે રીતે દેવોને પરમાત્માના આવિર્ભાવ કહી શકાય; પરંતુ તે ચાર શકિતઓ વધારે કાયમી અને નિશ્ચિત રૂપની છે. તેઓ એકીસાથે સ્વતંત્ર સ્વરૂપો છે, જેમને આદ્યાશકિતએ લીલામાં મૂકેલા છે; અને તેમ છતાં તે માતાજીના, મહાશકિતના અંશો છે, અને તેમની મારફતે તે કાયમ અલગ સ્વરૂપ તરીકે આવિર્ભાવ કરી શકે છે અથવા તે બધાં સ્વરૂપોને ભિન્ન વ્યકિતત્વો તરીકે એકત્રિત કરીને પોતાની ઇચ્છા પ્રમાણે પોતાની અંદર રાખી શકે છે, કેટલીક વખત પાછળના ભાગમાં, કેટલીક વખત લીલામાં. અતિમાનસ ભૂમિકામાં તે બધાં સ્વરૂપો તેમની અંદર જ હોય છે, અને સ્વતંત્ર રીતે કાર્ય કરતાં નથી, પરંતુ અતિમાનસ મહાશકિતના અંગત અંશો તરીકે તે બધાં ગાઢ એકતામાં અને એકબીજાં સાથે સંવાદમાં રહેલાં હોય છે.

## (૫) દેવો :

આ ચાર શકિતઓ માતાજીનાં વૈશ્વિક દેવત્વો છે અને જગતની લીલામાં

કાયમ રહેલાં છે; તેઓ વધારે મહાન દેવો વચ્ચે રહે છે અને તે સંદર્ભમાં છે, જ્યારે એમ કહેવામાં આવ્યું છે કે આ ત્રિવિધ જગતમાં માતાજી મહાશકિત તરીકે ત્યાં ( અધિમનસ ભૂમિકામાં ) દેવોથી પણ ઊર્ધ્વમાં રહેલાં છે. પહેલાં કહેવાયું છે તે પ્રમાણે દેવો તેમના મૂળમાં અને તત્ત્વોમાં પરમાત્માના પ્રાદુર્ભાવો છે અને તેમને પરાત્પરમાંથી, પરાત્પર ભગવતી આદ્યશકિતએ બહાર મૂકેલાં છે, તેમના વૈશ્વિક કાર્યમાં તેઓ પરમાત્માની શકિતઓ અને વ્યકિતત્વો છે અને તેમને દરેકને તેમનું જગતમાં વિશ્વરૂપ સ્થાન અને કાર્ય છે. તેઓ અવૈયકિતક તત્ત્વો નથી, પરંતુ વિશ્વરૂપ વ્યકિતત્વો છે. જો કે સામાન્ય રીતે અવૈયકિતક બળોની ગતિઓની પાછળ તેઓ પોતાની જાતને ઢાંકી શકે છે, અને ઢાંકી પણ દે છે. પરંતુ અધિમનસ અને ત્રિવિધ જગતમાં તેઓ સ્વતંત્ર સ્વરૂપો તરીકે દેખાય છે, તેમ છતાં તેઓ અતિ-મનસમાં પાછાં ફરે છે ત્યારે એકમાં ભળી જાય છે અને એક સંવાદમય કાર્યમાં એકત્વવાળાં હોય છે, અને એક જ પુરુષ, દિવ્ય પુરુષોત્તમનાં બહુવિધ વ્યકિતત્વો હોય.

( ૬ ) હાજરી :

'હાજરી' શબ્દમાં એવું સૂચન કરવાનો અર્થ છે કે પરમાત્માના સ્વરૂપ વિશે એક એવી અનુભૂતિ અને દર્શન થાય છે કે માણસના પોતાના અસ્તિત્વમાં અને તેની ચેતનામાં કોઈ હાજરી હોય એવી તેને અનુભૂતિ થાય છે અથવા તેમના એવી રીતના સંપર્કમાં આવે છે કે જેથી તેના ગુણનાં વર્ણન કરવાની જરૂર રહેતી નથી. આ રીતે 'અવર્ણનીય હાજરી' વિશે એટલું જ કહી શકાય કે તે ( પરમાત્મા ) ત્યાં છે અને તેનાથી વધારે કાંઈ કહી શકાય નહિ તેમજ કહેવાની જરૂર પણ રહેતી નથી, જો કે તે જ સમયે વ્યકિત જાણે છે કે તે સર્વ ત્યાં રહેલું છે, વ્યકિતતા અને અવ્યકિતતા, શકિત અને આનંદ અને પ્રકાશ અને બાકીનું બધું પણ, અને આ બધું વ્યાખ્યાતીત હાજરીમાંથી વહી આવે છે. કેટલીક વખત આ શબ્દ વધારે નિરપેક્ષ અર્થમાં પણ વપરાય છે, પરંતુ તેમાં પણ મૂળભૂત સૂચક તત્ત્વ તે જ છે — મૂળભૂત ( દિવ્ય ) હાજરીનું મૂળભૂત દર્શન, જે સર્વને ટેકો આપી રહેલું છે.

( ૭ ) પરાત્પર માતાજી :

આ આદ્યાશકિત કહેવાય છે; તે વિશ્વથી ઊર્ધ્વમાં રહેલી પરમ ચેતના અને પરમ શકિત છે અને તેના દ્વારા જ બધા દેવો આવિર્ભાવ પામે છે, અને પરાત્પર ઈશ્વર પણ તે શકિત મારફતે જ આવિર્ભાવમાં આવે છે — તે અતિમાનસ પુરુષોત્તમ, જેના દેવો એ શકિતઓ અને વ્યકિતત્વ રૂપો છે.

*

અલબત્ત, દેવો અસ્તિત્વ ધરાવે છે – એટલે કે એવી શકિતઓ રહેલી છે જે જગતથી પર રહેલી છે અને પરમાત્માનાં કાર્યોને જગતમાં ઉતારે છે. ફક્ત સ્થૂલ મન જે સ્થૂલ વસ્તુઓ હોય તેમને જ માને છે અને આ વસ્તુઓનો ઇનકાર કરે છે. અન્ય જગતોનાં સત્ત્વો પણ અસ્તિત્વ ધરાવે છે – દેવો અને અસુરો, વગેરે.

*

બધી જ ભૂમિકાઓ ઉપર, સર્વત્ર દેવો રહેલા છે.

*

પરમાત્માનું સાક્ષ્ય પાસું એ પરમ બ્રહ્મ છે, નહિ કે દેવો. દેવો સક્રિય પરમાત્માના વ્યકિતરૂપો અને શકિતઓ છે. તમે એવી રીતે વાત કરો છો જાણે કે વિકાસક્રમ એ માત્ર સર્જન હોય; સર્જન અથવા આવિર્ભાવ એ ઘણી વિરાટ વસ્તુ છે અને તેમાં ઉત્ક્રાંતિ પહેલાં પણ ઘણા સ્તરો અને વિશ્વો અસ્તિત્વ ધરાવતાં હોય છે. તે બધાં પણ ભિન્ન ભિન્ન લક્ષણો ધરાવે છે અને તેમનામાં ભિન્ન ભિન્ન પ્રકારનાં સત્ત્વો રહેલાં છે. ઉત્ક્રાંતિ પહેલાં પણ તે સત્ત્વો અસ્તિત્વ ધરાવતાં હતાં તે હકીકત તેમને બહુ ભિન્ન બનાવી દેતી નથી. અસુરોનું જગત વિકાસક્રમ પહેલાંનું છે, અને તે જ પ્રમાણે મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ શારીરિક દેવોનાં જગતો – પરંતુ આ બધાં સત્ત્વો એકબીજાથી બિલકુલ ભિન્ન હોય છે. મહત્તર દેવો અધિમનસ ભૂમિકાના હોય છે. અતિમનસમાં તેઓ પરમાત્માના એકીકરણ થયેલાં સ્વરૂપો હોય છે, અધિમનસમાં તેઓ ભિન્ન ભિન્ન વ્યકિતસ્વરૂપો તરીકે દેખાય છે. કોઈ પણ દેવ પ્રાદુર્ભાવ દ્વારા નીચે શારીરિક ( સ્થૂળ ) ભૂમિકા ઉપર આવી શકે છે, અને જે કોઈ માનવીના આવિર્ભાવની દિશામાં તેને આત્મીયતા હોય તેની સાથે ઉત્ક્રાંતિમાં જોડાઈ શકે છે. પરંતુ આ વસ્તુઓ એવી છે જેને મન સહેલાઈથી સમજી શકતું નથી; કારણ કે મનની પાસે વ્યકિતત્વ વિશેનો બહુ રૂઢ ખ્યાલ બંધાયેલો હોય છે – આ મુશ્કેલી ત્યારે જ અદૃશ્ય થાય જ્યારે વ્યકિત ઊર્ધ્વમાં રહેલી વધારે નમનીય ચેતનામાં પ્રવેશ કરે છે, જેમાં વ્યકિત એકમાં સર્વ અને સર્વને એકમાં અનુભવવાની નજીક હોય છે.

*

અધિમનસના ઘડવૈયાઓએ કોઈ પણ અનિષ્ટ વસ્તુનું ઘડતર કરેલું નથી – નિમ્ન બળો અધિમનસમાંથી શકિત ગ્રહણ કરે છે અને તેનાં સ્વરૂપોને વિકૃત કરી નાખે છે.

*

અવતરણમાં જૂઠાણું મનથી શરૂઆત કરે છે. વિકાસક્રમના આરોહણમાં તે ક્યાંથી શરૂઆત કરે છે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ હું ધારું છું કે આપણે એમ કહી શકીએ કે સભાન જૂઠાણું મનની શરૂઆત સાથે જ શરૂ થાય છે, એવું મનસ જે પ્રાણમાં અંતર્હિત છે અથવા તેમાંથી બહાર નીકળવાની શરૂઆત કરે છે ત્યારે.

*

દેવો વિશ્વરૂપ આત્મતત્ત્વમાં આવેલા છે – જો વ્યક્તિ વિશ્વરૂપ આત્મતત્ત્વની સાથે તાદાત્મ્યમાં હોય તો તેને તેમની હાજરીનો અનુભવ થાય છે. તે ઉપરાંત વ્યક્તિને અભિમાની (વિશ્વ પોતાનામાં છે તેવી) પણ અનુભૂતિ થાય છે, જેમાં મહિમા (સમગ્ર વિશાળ વિશ્વ) હાજર હોય છે. આ બધી વસ્તુઓ અનુભૂતિ માટે છે, જ્ઞાન માટે છે અને તે રીતે તેમને સમજવાની છે. કોઈ પણ વ્યક્તિગત વલણ તેમને આપવું જોઈએ નહિ.

*

વળી, તમે આત્મા એટલે શું સમજો છો? મારા વિધાનનો ફક્ત એટલો જ અર્થ છે કે એવું કોઈ પણ અસ્તિત્વ નથી જેની પાછળ પ્રભુનો કોઈ આધાર ન હોય. પરંતુ આત્મા શબ્દના સંદર્ભ અનુસાર ઘણા અર્થો થાય છે; તે અર્થમાં હોય કે તે પ્રકૃતિની રચનાને ટેકો આપનાર પુરુષ હોય, જેને આપણે સત્-તા કહીએ છીએ, જો કે યોગ્ય શબ્દ સંભવન (becoming) છે; બીજા અર્થમાં માણસ જેવા વિકાસશીલ પ્રાણીમાં તે ચૈત્યપુરુષ હોય; તેનો અર્થ એવો પણ થાય કે પરમાત્માનો દિવ્ય સ્ફુલિંગ જેને પરમાત્માએ ભૌતિક જગતમાં અવતરણ કરીને જડતત્ત્વમાં મૂકેલો છે અને અહીં રહેલી બધી ઉત્ક્રાંત થતી રચનાઓને ટેકો આપે છે. અસુર જેવી બિન-ઉત્ક્રાંતિશીલ પ્રાણીમાં ચૈત્યપુરુષ હોતો નથી અને હોઈ શકે પણ નહિ; ચૈત્યપુરુષ એવા દેવમાં પણ હોઈ શકે નહિ જેનો પોતાના અસ્તિત્વ માટે તેની જરૂર ન હોય. પરંતુ દેવમાં એક પુરુષ અને પ્રકૃતિ છે અથવા તે પુરુષની પ્રકૃતિની શક્તિ હોય છે. કોઈ પણ પ્રકારના જગતના કોઈ પણ સત્ત્વને ઉત્ક્રાંતિમાં દાખલ થવું હોય તો તેણે પૃથ્વી ઉપર નીચે આવવું પડે અને તેને માનવશરીર ધારણ કરવું પડે છે અને ઉત્ક્રાંતિમાં તેનો ભાગ સ્વીકારવો પડે છે. પ્રાણમય સત્ત્વોને આ વસ્તુ કરવી નથી તેથી તેઓ માણસોનો કબજો લેવા માટે પ્રયત્ન કરે છે, જેથી કરીને તેઓ ભૌતિક જગતની ભૌતિક વસ્તુઓનો આનંદ લઈ શકે અને તેમને ઉત્ક્રાંતિનો બોજો સ્વીકારવો ન પડે અથવા રૂપાંતરની પ્રક્રિયા જે

છેવટની ટોચે લઈ જાય છે તેમાં પડવું ન પડે. મને લાગે છે કે આ વસ્તુ સ્પષ્ટ સમજી શકાય તેમ છે અને મુશ્કેલીનો ઉકેલ લાવે છે.

*

તમે જે ત્રણ તબક્કાની વાત કરો છો તે ઉત્ક્રાંતિની અવસ્થાઓ નથી પરંતુ પરમાત્માની જડત્વમાં થયેલી અવક્રાંતિ છે. દેવો અને અસુરો જડત્વમાં ઉત્ક્રાંતિ પામતા નથી, કારણ કે જે અમુક પ્રકારનાં સત્ત્વો માટે એક પુરુષ અને પ્રકૃતિ જરૂરી છે – આ પુરુષ તેના પ્રતિનિધિ તરીકે મનોમય અને પ્રાણમય પુરુષ મૂકી શકે છે અને જે રીતે એક યા બીજા મનોમય અથવા પ્રાણમય જગતમાં તે કેન્દ્રિત હોય છે તે પ્રમાણે તેને મૂકે છે. આટલું પૂરતું છે.

આ વસ્તુમાં કોઈ પણ મૂળભૂત ભેદ નથી, કારણ કે સર્વ મૂળભૂત રીતે પરમાત્માનું તત્ત્વ છે, પરંતુ તે આવિર્ભાવનો તફાવત છે. વ્યવહારુ રીતે આપણે એમ કહી શકીએ કે જીવાત્મા એ અનેક સ્વરૂપના પરમાત્માનું એક સ્વરૂપ છે અને તે એકમેવ પરમાત્મા ઉપર આધાર રાખે છે; આત્મા એ એક જ છે જે અનેક-ને ટેકો આપે છે. ચૈત્યપુરુષનું જીવાત્મામાં વિલિનીકરણ થતું નથી, પરંતુ તેની સાથે તે જોડાઈ જાય છે અને તેથી શાશ્વત સત્ જે ઊર્ધ્વમાંથી આવિર્ભાવને ટેકો આપે છે તેમાં અને તે જ સત્-તત્ત્વ આવિર્ભાવને અંદરથી ટેકો આપે છે તે બેમાં કોઈ ભેદ નથી, કારણ કે ચૈત્યપુરુષ તેની મારફતે પરમાત્માની લીલા વિશે પૂર્ણ રીતે સભાન બનેલો હોય છે. જેને આપણે લય કહીએ છીએ તે પરમાત્માની ચેતનામાં બને છે જ્યારે જીવાત્મા પોતાની જાતને પરમાત્માની ચેતના સાથે એવી રીતે એકરૂપ અનુભવે છે કે બીજું કાંઈ પણ ત્યાં રહેતું નથી.

*

દેવોમાં રૂપાંતર થતું નથી કારણ કે તેઓ અમુક પ્રકારમાં રૂઢ થયેલા હોય છે અને તેઓ ઉત્ક્રાંતિશીલ સત્ત્વો નથી પરંતુ તેઓ રૂપાંતર માટે નીચે આવી શકે છે – એટલે કે તેઓ વસ્તુ પ્રત્યેના પોતાના વિચારો અને દૃષ્ટિબિંદુને છોડી દઈને પર-માત્માની ઉચ્ચતર સંકલ્પશક્તિ અને અતિમાનસ સત્યના સંવાદમાં રહી શકે છે.

*

'પ્રાણજગતનાં સ્વર્ગો' – 'The Life of Heavens'[૧] માં તમે કઈ

૧. શ્રી અરવિંદનું કાવ્ય જુઓ Collected Poems and Plays, Vol. 2, Pages 282–84.

જગાએ એવું શોધ્યું કે હું અથવા બીજું કોઈ પણ એવું કહે છે કે પૃથ્વી ઉપરની પરિસ્થિતિઓ ભવ્ય છે અને દિવ્ય જીવનને અનુરૂપ છે ? તેવી અસર બતાવતો એક પણ શબ્દ તેમાં નથી ! પ્રાણજગતનાં સ્વર્ગો એ પ્રાણમય દેવોનાં સ્વર્ગો છે અને તેમાં એક સપૂર્ણ સંવાદ હોય છે પરંતુ તે સંવાદ ઊર્ધ્વીકરણ થયેલી અને સંતોષાયેલી ઇન્દ્રિયોનો અને પ્રાણમય કામનાઓનો જ સંવાદ હોય છે. જો કોઈ દિવ્ય સંવાદ લાવવો હોય તો સર્વ શક્તિઓને ઉચ્ચતમ સ્તરે લઈ જઈને તેમનો એકસાથે સંવાદ સ્થાપવો જોઈએ.

બધાં જ બિન-ઉત્ક્રાંતિશીલ જગતો પ્રાણજગતનાં સ્વર્ગોની માફક તેમના પોતાના સંવાદમાં મર્યાદિત હોય છે. પરંતુ પૃથ્વી ઉત્ક્રાંતિશીલ જગત છે અને ભૌતિક જગત તરીકે પણ બિલકુલ ભવ્ય અથવા સંવાદશીલ નથી (સિવાય કે કેટલાક દેખાવોમાં). પરંતુ તે ખૂબ દુઃખપૂર્ણ, અસંવાદી અને અપૂર્ણ છે, છતાં તે અપૂર્ણતામાં પણ વધારે ઊર્ધ્વ તરફની અને ઘણી બાજુએથી પૂર્ણતા માટેની ઝંખના છે. તેમાં ધારણ કરાયેલું છેલ્લું સાંત તત્ત્વ પણ પરમ અનંત પ્રત્યેની ઝંખના રાખે છે. (તેમાં ઇન્દ્રિયગમ્ય આનંદોથી સંતોષ થતો નથી કારણ કે પૃથ્વીની પરિસ્થિતિઓમાં તે જોઈ શકે છે કે તે મર્યાદિત વસ્તુ છે.) પ્રભુ કીચડમાં પુરાયેલો છે (અને કીચડ ભવ્ય હોતો નથી અને તેથી ભવ્યતા અથવા સૌંદર્ય માટેની અહીં કોઈ માગણી નથી) પરંતુ તે હકીકત જ એવી જરૂરિયાત ઉત્પન્ન કરે છે કે તે કારાગારને તોડીને એવી ચેતનામાં પહોંચવું જે ઊર્ધ્વતર પ્રદેશોમાં ઊંચે ચડયા કરે અને આ રીતે તે વસ્તુ એક 'વધારે ગહન શક્તિ' છે, પરંતુ તે મહાન ભવ્યતા અથવા પૂર્ણતા નથી. તે વસ્તુ મનને સત્ય લાગે અથવા ન લાગે પરંતુ ભારતીય આધ્યાત્મિક અનુભૂતિનું તે રૂઢિગત વલણ છે. કોઈ પણ યોગીને પૂછો, તે કહેશે કે પ્રાણજગતનાં સ્વર્ગો બાલિશ વસ્તુઓ છે; પુરાણોમાં એમ કહેવાયું છે કે દેવોને પણ અહીં પૃથ્વી ઉપર આવવું પડે અને તેમને પણ જો તેમની મુક્તિની ઇચ્છા હોય તો તેમણે શરીર ધારણ કરવું પડે, અને તેમની મર્યાદિત પૂર્ણતાના અહંકારનો ત્યાગ કરવો પડે; તેમણે છેવટની સાંત વસ્તુમાં પ્રવેશ કરવો પડે, જો તેમને અનંતમાં પહોંચવાની ઇચ્છા હોય તો. કાવ્ય એ કોઈ દાર્શનિક મુસદ્દો નથી, અથવા તે કોઈ ધાર્મિક શ્રદ્ધાનો વ્યાપાર નથી – તે એક દર્શનનું અથવા કોઈ પ્રકારની અનુભૂતિનું, પછી તે પાર્થિવ હોય કે આધ્યાત્મિક હોય, તેની અભિવ્યક્તિ છે. અહીં પ્રાણજગતોનું દર્શન છે. તેની પૂર્ણતા તેની મર્યાદાનું અને સાથે સાથે પૃથ્વીનો અથવા આત્માનો અથવા પાર્થિવ ચેતનાની પાછળ રહેલી શક્તિની પોતાની માગણી છે. તેને તે અર્થમાં લેવાની છે, વસ્તુઓનાં કોઈ પાસાંની અભિવ્યક્તિ તરીકે, નહિ કે

માનસિક રૂઢ સિદ્ધાંત તરીકે. તેની પાછળ એક ગહન સત્ય રહેલું છે જો કે તે વસ્તુનું સમગ્ર સત્ય ન પણ હોય. વળી તે કાવ્યમાં અહીં રહેલા દિવ્ય જીવનનો પ્રશ્ન જ નથી. જો કે ઊર્ધ્વારોહણના અવ્યકત શકય પરિણામ રૂપે તેનું સૂચન છે — કારણ કે પૃથ્વીને બાજુ પર મૂકી દેવામાં આવી નથી. ( ' તેમ છતાં મારી નીચે પૃથ્વીનું હૃદય ધબકતું હતું.' ) તેમ છતાં તે કાવ્ય ઉચ્ચતમ શિખર તરફના આરોહણની અભિવ્યકિત કરે છે. પ્રાણજગતોનાં સ્વર્ગોની પેલે પાર દૂર દૂર અને પૃથ્વીનો આત્મા તે શકિતની માગણી કરે છે અને દિવ્ય જીવનના અવતરણની કોઈ વાત તેમાં કહેવામાં આવી નથી.

*

દેવોને પોતાના આનંદો હોય છે, જોકે તેઓ ભૌતિક પ્રકારના ન પણ હોય.

*

ઊર્ધ્વ સત્ત્વો એકબીજાંની સાથે અસંવાદમાં ન હોઈ શકે કારણ કે તેઓ નિમ્નતર અજ્ઞાનને અધીન હોતાં નથી.

*

કોઈ પણ આવિર્ભાવની ભૂમિકા રૂપો વગરની હોતી નથી — કારણ કે રૂપો વગર સર્જન અથવા આવિર્ભાવ પૂર્ણ બની શકતાં નથી. પરંતુ પરા-ભૌતિક ભૂમિકાઓ સ્થૂલ ભૂમિકાઓ માફક રૂપોથી બંધાયેલી હોતી નથી. ત્યાંનાં રૂપો અભિવ્યકિત કરે છે, પરંતુ નિશ્ચિત કરનારાં હોતાં નથી. પ્રાણમય ભૂમિકામાં અગત્યની વસ્તુ શકિત અથવા લાગણી હોય છે અને રૂપ તેને અભિવ્યકત કરે છે. પ્રાણમય સત્યને તેનું પોતાનું રૂપ હોય છે પરંતુ તે તેમાં ફેરફાર પણ કરી શકે છે અથવા બીજાં રૂપોમાં પોતાનું રૂપ ઢાંકી શકે છે. મનોમય ભૂમિકા ઉપર જે મુખ્ય વસ્તુ જરૂરી છે તે દર્શન, વિચાર, મનોમય સંદર્ભ હોય છે અને રૂપ તે વસ્તુને પ્રગટ કરે છે અને આ મનોમય સ્વરૂપો પણ તેમનામાં ફેરફાર કરી શકે છે — કોઈ પણ વિચારને જુદી જુદી રીતોમાં અથવા જુદાં જુદાં પાસાંઓમાં વ્યકત કરવા માટે અનેક રૂપો હોઈ શકે. રૂપ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ સ્થૂલ પ્રકૃતિમાં જે આકારો હોય છે તેના કરતાં વધારે નમનીય અને ફેરફાર થઈ શકે એવાં રૂપો હોય છે.

દેવો વિશે એવું છે કે માનવીઓ જે રૂપો બાંધે છે તેમને તેઓ સ્વીકારે છે, પરંતુ આ રૂપો જે ભૂમિકાના દેવો હોય છે તે ભૂમિકાઓમાંથી આવતાં હોવાથી

માનવના મન માટે વધારે પડતી પ્રેરણાવાળાં હોય છે. બધાં જ સર્જનને બે બાજુઓ હોય છે, એક રૂપવાળી અને બીજી અરૂપ – દેવો પણ રૂપો વગરના હોય છે અને તેમ છતાં તેમને રૂપો હોય છે, પરંતુ કોઈ મહાન દેવ ઘણાં રૂપો લઈ શકે છે. અહીં આપણે જે માહેશ્વરી છે તે ત્યાં ગ્રીસમાં પેલાસ એથીની છે. માહેશ્વરીને પોતાને પણ તેમના ઓછા પ્રમાણના આવિર્ભાવમાં ઘણાં રૂપો હોય છે, દુર્ગા, ઉમા, પાર્વતી, ચંડી વગેરે. દેવો માનવ સ્વરૂપમાં મર્યાદિત હોતા નથી – અને માણસોએ પણ કાયમ તેમને ફક્ત માનવ-આકારમાં જોયેલા નથી.

*

સિંહ અને તેની પીઠ ઉપરની દુર્ગા એ દિવ્ય ચેતના, જે શારીરિક – પ્રાણમય અને પ્રાણમય – ઊર્મિમય બળનું દિવ્યીકરણ થયેલું છે તેની મારફતે કાર્ય કરતી દિવ્ય ચેતનાનું પ્રતીક છે.

*

સિંહ એ દુર્ગાદેવીનો વિશિષ્ટ ગુણ છે, તે દેવી વિશ્વજનનીનું વિજય પામતું અને રક્ષણ કરતું પાસું છે.

( મૃત્યુનું ) યમનું મસ્તક એ દિવ્ય શકિતએ હરાવેલા અને હણેલા અસુર- ( દેવોનો દુશ્મન )નું પ્રતીક છે.

*

મહાકાલી અને કાલી બન્ને એક નથી. કાલી એક ઓછી શકિતનું સ્વરૂપ છે. ઉચ્ચતર ભૂમિકાઓમાં મહાકાલીનું સ્વરૂપ ઘણે ભાગે સોનેરી રંગનું હોય છે.

*

તેઓ જે મનોવૈજ્ઞાનિક શકિતઓ તેમની સાથે લાવે છે તેનો હું નિર્દેશ કરું છું.

મિત્ર – સંવાદ

વરુણ – વિશાળતા

અર્યમાન – શકિત, તપસ્યા

બૃહસ્પતિ – પ્રજ્ઞા ( શબ્દ અને જ્ઞાન )

વિશ્નુ – વિશ્વરૂપ ચેતના

વાયુ – પ્રાણ-જીવન.

*

હા, મિત્રમાં બે શકિતઓનું મિલન છે. ( મહાલક્ષ્મી અને મહાસરસ્વતી )

*

વાયુ અને ઇન્દ્ર એ વિશ્વરૂપ દેવો છે અને વૈશ્વિક તત્ત્વોના કાર્ય ઉપર પ્રમુખ સ્થાન ભોગવે છે – તેઓ દરેક માણસમાં રહેલા 'મનોમય પુરુષ' અથવા 'પ્રાણમય પુરુષ' નથી.

પુરુષ એ મૂળભૂત સત્-તા છે અને પ્રકૃતિની લીલાને ટેકો આપે છે; દેવ ( ઇન્દ્ર, વાયુ વગેરે ) એક સક્રિય સત્-તા છે અને જે ભૂમિકાના તે દેવ હોય તેના કાર્ય માટે પ્રકૃતિમાં તે આવિર્ભાવ પામે છે.

*

બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એક વિશ્વરૂપ દેવની ફક્ત ત્રણ શકિતઓ અને વ્યકિત રૂપો છે.

*

બ્રહ્મા પરમાત્માની શકિત છે જે રચના અને સર્જનની પાછળ રહેલી છે.

*

વિષ્ણુ સર્જનહાર હોવાથી, તે ત્રણે દેવો વિશે એમ કહેવાય છે કે તેઓ વિશ્વનું સર્જન કરે છે. શિવ પણ રૂઢિગત રીતે સંહારક મનાય છે.

*

શિવ અને અધિમનસ વચ્ચે કોઈ ખાસ સંબંધ નથી – અધિમનસ સર્વ દેવો માટેનું ઊંચેનું સ્થાન ( સ્ટેશન ) છે. જ્યાં સુધી તેનું કાર્ય સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તેને અધિમનસ ન કહેવું એ વધારે સારું છે જેથી ભૂલો થવાનો સંભવ ન થાય.

*

મહાશિવ એટલે જે સામાન્યતયા શિવ તરીકે પૂજાય છે તેના કરતાં વધારે મહાન આવિર્ભાવ – પરમાત્માના આવિર્ભાવની મહત્તર શક્તિનું સર્જક નૃત્ય.

*

તે કદાચ ઉચ્ચતમ મનોમય ભૂમિકાનો સક્રિય સર્જક તત્ત્વનો પ્રદેશ હોઈ શકે જેને તમે પાર્વતી-શંકરના જગત તરીકે જોયો.

*

શિવ તપસનો સ્વામી છે. શક્તિ એ તપસની શક્તિ છે. કૃષ્ણ, દેવ તરીકે આનંદ, પ્રેમ અને ભક્તિનો સ્વામી છે; અવતાર તરીકે તે જ્ઞાન અને કર્મના ઐક્યનો આવિર્ભાવ કરે છે અને પાર્થિવ ઉત્ક્રાંતિને આ વસ્તુઓ મારફતે પરમાત્મા સાથે આનંદ, પ્રેમ અને ભક્તિ દ્વારા એકતામાં લઈ જાય છે.

દેવી એ દિવ્ય શક્તિ છે – પરમાત્મા, ભગવતી મા અને જગતોની શક્તિની ચેતના અને શક્તિ, બધી જ શક્તિઓ તેની છે, કેટલીક વખત દેવી-શક્તિનો અર્થ વિશ્વરૂપ જગત-બળની શક્તિ છે; પરંતુ આ તો શક્તિની ફક્ત એક જ બાજુ છે.

*

હું ધારું છું કે તે દિવ્ય પ્રેમ અને આનંદના સ્વામી તરીકે શ્રી કૃષ્ણનું પ્રતીક છે — અને તેની વાંસળી શારીરિક સ્વરૂપને સ્થૂલ જગતની આસક્તિમાંથી જાગ્રત કરવા માટે અને તે દિવ્ય પ્રેમ અને આનંદ પ્રત્યે વળવા માટે સાદ કરે છે.

*

વાંસળી સાથેનો બાળક શ્રીકૃષ્ણ છે. દિવ્ય આનંદમાંથી પ્રભુએ જગતની લીલામાં નીચે અવતરણ કર્યું છે; તેની વાંસળી એ પુકારનું સંગીત છે. તેનો હેતુ મર્ત્ય જીવનની નિમ્ન પ્રકારની અજ્ઞાનમય લીલાનું રૂપાંતર કરવાનો છે અને તેની જગાએ તેની દિવ્ય લીલા અને આનંદ આપીને તેનું સ્થાપન કરવાનું છે. તમારી અંદર રહેલા ચૈત્યપુરુષે તે સાદ સાંભળ્યો અને તેની પાછળ અનુસરણ કર્યું.

*

આ ગીતાનો પ્રશ્ન છે ( બાળક કૃષ્ણ એ વૃંદાવનનો કૃષ્ણ છે ); આ કૃષ્ણ આધ્યાત્મિક જ્ઞાન, સંકલ્પ અને ભક્તિ લાવે છે – અને નહિ કે ફક્ત પ્રેમ અને ભક્તિ જ.

આંખ એ આધ્યાત્મિક ચેતનાનું દર્શન સૂચવે છે – અને ભૂરો વિશાળ પ્રદેશ ચેતનાનું સૂચન કરે છે.

*

બુદ્ધ નિમ્ન પ્રકૃતિની અવિદ્યા ઉપરનો વિજય દર્શાવે છે.

*

નારદ દિવ્ય પ્રેમ અને જ્ઞાનનો ભાવ દર્શાવે છે.

*

ગણેશ એવી શકિત છે જે જ્ઞાનના બળ વડે વિઘ્નોનું હરણ કરે છે. કાર્તિક એ વિરોધી શકિતઓ ઉપરના વિજયનું પ્રતીક છે. અલબત્ત, જે નામો આપવામાં આવ્યાં છે તે માનવ-નામો છે પરંતુ તે દેવો અસ્તિત્વ ધરાવે છે.

*

ગણેશ (બીજી વસ્તુઓ સાથે) આધ્યાત્મિક જ્ઞાનનો દેવતા છે – તેથી તમે આ જ્ઞાનને પ્રાપ્ત કરો છો. તેથી તમે તમારી જાતને આ સ્વરૂપમાં ગણેશની સાથે તાદાત્મ્યમાં જોઈ.

*

મોર એ વિજયનું પક્ષી છે અને કાર્તિક એ દિવ્ય બળોનો દોરનાર છે.

*

## ૨

વિરોધી બળો અસ્તિત્વ ધરાવે છે અને એશિયામાં વેદ અને ઝોરોસ્ટર (ઇજીપ્તની ગુહ્ય વિદ્યાઓ અને કબાલા) તથા યુરોપમાં પણ પ્રાચીન સમયથી માંડીને અત્યાર સુધી યૌગિક અનુભૂતિમાં જાણીતી વસ્તુઓ છે. જ્યાં સુધી આપણે સામાન્ય મન અને તેના વિચારો તથા ખ્યાલોમાં રહીએ છીએ ત્યાં સુધી આ વસ્તુઓની અનુભૂતિ અથવા જ્ઞાન થતાં નથી; કારણ કે તેમાં ફકત બે પ્રકારની અસરોની જ જાણ થાય છે, પોતાના અને બીજાના વિચારો અને લાગણીઓ અને કાર્યો વિશે અને પર્યાવરણની લીલા તથા સ્થૂલ શકિતઓ વિશેની અસર. પરંતુ આપણે એક વખત વસ્તુઓનું આંતરિક દષ્ટિબિંદુ જોવાની શરૂઆત કરીએ પછી વસ્તુઓ બદલાઈ જાય છે. આપણને એવો અનુભવ થવાની શરૂઆત થાય છે કે સર્વ વસ્તુઓ શકિતઓનું કાર્ય છે,

મનોમય તેમ જ શારીરિક ( સ્થૂલ ), પ્રકૃતિ તથા બળોનું, અને તેઓ આપણી પ્રકૃતિ સાથે લીલા કરી રહ્યા છે. અને આ બધાં સચેતન બળો હોય છે અથવા એક ચેતના દ્વારા તેમને ટેકો મળી રહેલો છે અથવા તો તેમની પાછળ ચેતના રહેલી છે. આપણે એક મહાન વિશ્વરૂપ કાર્યની મધ્યમાં છીએ અને કેવળ પોતાના જ અને સ્વતંત્ર વ્યકિતત્વના પરિણામ તરીકે દરેક વસ્તુને સમજાવવી એ અશકય છે. તમે પોતે જ એક વખત લખેલું છે કે તમારા વિષાદ વગેરેનાં કટોકટીઓ તમારા ઉપર એવી રીતે આવેલી, જાણે કે તમારા ઉપર તેઓ ફેંકવામાં આવેલી હોય અને તમે પોતે નિશ્ચય કરી શકો અથવા નિકાલ કરી શકો તે પહેલાં તેઓ ખલાસ થઈ ગયેલી. તેનો અર્થ તે વૈશ્વિક બળોનું કાર્ય હતું અને નહિ કે તમારા પોતાના વ્યકિતત્વનું સ્વતંત્ર કાર્ય. પરંતુ તમે પોતે આ દખલ અને દબાણના મૂળ વિશે સભાન નથી તેમ જ બીજાઓ પણ નથી. અને તેના કારણની હું તમને જાણ કરું છું જેમણે પ્રાણ-ભૂમિકા ઉપરનાં વસ્તુઓ વિશે આંતરદષ્ટિનો વિકાસ કરેલો હોય છે તેમને વિરોધી બળોની ખૂબ અનુભૂતિ હોય છે. પરંતુ જયાં સુધી તેઓ ગુપ્ત રહે છે ત્યાં સુધી તમારે અંગત રીતે ચિંતા કરવાની જરૂર નથી.

વ્યકિતને આ જ્ઞાન પ્રાપ્ત થાય તે પહેલાં મનોમય ભૂમિકા ઉપરની અનુભૂતિઓ થાય છે, કારણ કે ત્યાં મન અને વિચારો સત્તાધીશ હોય છે અને વ્યકિતને બળોની લીલાની અનુભૂતિ થતી નથી. પ્રાણમય ભૂમિકા ઉપર જ તે વસ્તુ સ્પષ્ટ થાય છે. મનોમય ભૂમિકા ઉપર તેઓ વધારેમાં વધારે સૂચનો તરીકે આવિર્ભાવ પામે છે અને નહિ કે સઘન શકિતઓ તરીકે. વળી, જો વ્યકિત વસ્તુઓને ફક્ત મનથી જ જુએ છે ( ભલે પછી તે આંતર-મન હોય ) તો તે પ્રાકૃતિક બળોની સૂક્ષ્મ રમત જોઈ શકે છે. પરંતુ તેમનો સચેતન હેતુ શું હોઈ શકે તેને જાણી શકાતું નથી. અને આપણે તેને વિરોધી શકિત તરીકે જાણી શકીએ છીએ.

*

અસુરો બે પ્રકારના હોય છે – એક પ્રકારના અસુરો તેમના મૂળ તત્ત્વમાં દિવ્ય હતા પરંતુ પોતાની સ્વચ્છંદી શકિત અને પ્રભુવિરોધી હેતુને લઈને તેઓ દિવ્યતામાંથી નીચે પડી ગયેલા છે; હિંદુ શાસ્ત્રોમાં તેમનું પહેલાના અથવા પ્રથમ વખતના દેવો તરીકે વર્ણન આપવામાં આવ્યું છે; આવા અસુરોમાં રૂપાંતર લાવી શકાય છે અને વિશ્વના અંતિમ હેતુઓ માટે તેમનું રૂપાંતર જરૂરી પણ છે. પરંતુ સામાન્ય અસુર આ પ્રકારનો હોતો નથી. તે ઉત્ક્રાંતિ પામતું સ્વરૂપ નથી, પરંતુ એક પ્રકારના લક્ષણ ધરાવતું દઢ સ્વરૂપ છે અને તે સર્જનના એક નક્કી કરેલા

સિદ્ધાંતનું પ્રતિનિધિત્વ ધરાવે છે જેમાં વિકાસ નથી તેમજ ફેરફાર પણ નથી અને તે પ્રમાણે બનવાનો હેતુ પણ નથી. આ અસુરો અને બીજાં વિરોધી સત્ત્વો, રાક્ષસો અને પિશાચો અને બીજા ક્રિશ્ચિયન પરંપરામાં વર્ણવેલા પ્રેતો ( Devils )ને મળતા આવે છે અને તેઓ પ્રભુના હેતુના વિરોધીઓ હોય છે તેમજ માનવ-વિકાસના હેતુ માટે પણ વિરોધી હોય છે; તેઓ તેમની પોતાની અંદર રહેલા હેતુમાં જેને માટે તેઓ અસ્તિત્વ ધરાવે છે તેમાં ફેરફાર કરતા નથી કારણ કે તે અનિષ્ટ ફેલાવે છે; પરંતુ તેમનો પાપની માફક નાશ કરવો પડે છે. અસુરમાં આત્મા હોતો જ નથી, તેમજ ચૈત્યપુરુષ જેને ઊર્ધ્વ અવસ્થામાં વિકાસ સાધવાનો હોય છે તે પણ તેમાં હોતો નથી; તેનામાં એક અહંકાર હોય છે અને ઘણે ભાગે ઘણો મોટો 'અહં'; તેમનામાં મન હોય છે. કેટલીક વખત તો ખૂબ બુદ્ધિશાળી મન; પરંતુ તેમના વિચાર અને લાગણીઓનો પાયો પ્રાણમય હોય છે અને નહિ કે મનોમય. તે તેમની કામનાનો ગુલામ હોય છે અને નહિ કે સત્યની સેવા કરનાર. કોઈ વિશિષ્ટ પ્રકારના કાર્ય માટે પ્રાણમય તત્ત્વે તેની રચના કરેલી હોય છે અને નહિ કે કોઈ દિવ્ય રચના અથવા આત્મા.

*

અસુરો અને રાક્ષસો પૃથ્વી ઉપરનાં સત્ત્વો નથી, પરંતુ પરા-ભૌતિક જગતનાં હોય છે; પરંતુ તેઓ પાર્થિવ જીવન ઉપર કાર્ય કરે છે અને માનવના જીવન અને ચારિત્ર્ય અને કાર્ય ઉપર દેવોના વર્ચસ્વને પડકાર આપે છે. તેઓ અંધકારની શકિતઓ હોય છે અને પ્રકાશની શકિતઓ સામે યુદ્ધે ચડે છે.

કેટલીક વખત તેઓ માનવીનો કબજો લઈ લે છે જેથી કરીને તેમની મારફતે તેઓ કાર્ય કરી શકે અને કેટલીક વખત તેઓ માનવ-શરીરમાં જન્મ લે છે. જ્યારે લીલામાં તેમનો ઉપયોગ બંધ થઈ જાય છે ત્યારે તેઓમાં રૂપાંતર થશે અથવા તેઓ અદશ્ય થઈ જશે અથવા પાર્થિવ લીલામાં દખલ કરવાનું છોડી દેશે.

*

અસુરો ખરેખર મનોમય અથવા વધારે ચોક્કસ રીતે કહીએ તો પ્રાણમય મનની ભૂમિકાની અંધકારમય બાજુ છે. મન એ અસુરો માટેનું ક્ષેત્ર છે. તેમનું મુખ્ય લક્ષણ અહંકારયુકત સામર્થ્ય અને સંઘર્ષ હોય છે અને તેઓ ઊર્ધ્વ ધર્મનો ઈનકાર કરે છે. અસુરોમાં આત્મ-સંયમ હોય છે, તપસ અને બુદ્ધિ, પરંતુ તે બધું તેમના અહંકારના પોષણ અર્થે હોય છે. નિમ્ન પ્રાણની ભૂમિકામાં તેના જેવાં જ

બળોના આપણે રાક્ષસો કહીએ છીએ અને તેઓ ઉગ્ર આવેગો અને ઉગ્ર પ્રભાવોનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રાણમય ભૂમિકા ઉપર બીજા પ્રકારનાં પણ સત્ત્વો હોય છે જેમને પિશાચો અને પ્રમથો કહેવામાં આવે છે. તેઓ વધારે ઓછા શારીરિક-પ્રાણમાં આવિર્ભાવ પામે છે.

સ્થૂલ ભૂમિકા ઉપર તેમને મળતાં આવતાં સત્ત્વો તમોમય સત્ત્વો હોય છે, અને સત્ત્વોના કરતાં વધારે પ્રમાણમાં બળો હોય છે, જેમને થિઓસૉફિસ્ટો તત્ત્વરૂપો કહે છે. તેઓ રાક્ષસો અને અસુરો માફક વ્યક્તિત્વવાળાં સ્વરૂપો હોતાં નથી, પરંતુ અવિદ્યામય અને તમોમય બળો હોય છે જેઓ સૂક્ષ્મ શારીરિકમાં કાર્ય કરતાં હોય છે. જેને આપણે ભૂતો કહીએ છીએ તેઓ આ વર્ગમાં આવે છે. તેઓ બે પ્રકારનાં તત્ત્વો હોય છે, કેટલાંક તોફાની અને બીજાં તકલીફ ન કરે તેવાં.

જ્યાં સત્યનું સામ્રાજ્ય હોય છે તેવી ઉચ્ચ ભૂમિકાઓમાં અસુરો હોતા નથી, સિવાય કે વૈદિક અર્થમાં — 'પરમાત્મા તેના સામર્થ્યમાં.' મનોમય અને પ્રાણમય અસુરો ફક્ત શક્તિનો ખોટા માર્ગનો વળાંક હોય છે.

*

હા, કેટલાક પ્રકારના અસુરો ઘણા ધાર્મિક હોય છે, તેમના ધર્મ વિશે ખૂબ ચુસ્ત અને તેમના નૈતિક વર્તન માટે નિયમમાં ખૂબ કડક. બીજાઓ, કેટલાક, તેમનાથી બિલકુલ વિરુદ્ધ હોય છે. બીજા કેટલાક એવા હોય છે જે આધ્યાત્મિક વિચારોનો ઉપયોગ કરે છે પરંતુ તેમાં શ્રદ્ધા ધરાવતા નથી, અને સાધકને વિકૃત વળાંક આપીને છેતરવા માટે આધ્યાત્મિક વિચારોનો ઉપયોગ કરે છે. તે વસ્તુનું જ શેક્સપિયરે વર્ણન કરેલું, "સેતાન પોતાનો હેતુ બર લાવવા માટે શાસ્ત્રોનો ઉલ્લેખ કરે છે."

અત્યારની પરિસ્થિતિમાં તેઓ સૌથી વધારે એટલું કાર્ય કરે છે કે સાધનાની સિદ્ધિ અથવા પ્રગતિ અટકાવવા માટે સ્થૂલ મન, પ્રાણ અને સ્થૂલ ભાગોમાં તમોમયતા અને નિર્બળતા વધારવા માટે પ્રયત્ન કરે છે.

*

ગાંધર્વો પ્રાણમય ભૂમિકાના હોય છે, પરંતુ તેઓ પ્રાણમય દેવો છે અને નહિ કે અસુરો. ઘણા અસુરો દેખાવમાં સુંદર હોય છે અને તેમની પોતાની સાથે પ્રભાવ અથવા આભા પણ ધારણ કરે છે. રાક્ષસો, પિશાચો વગેરે જ દેખાવમાં બેડોળ અથવા દુષ્ટ હોય છે.

*

વિરોધી બળો : પૃથ્વીમાં તેઓ એટલા હેતુ માટે છે કે અચિત્ અને અવિદ્યાની શકયતાઓને પૂર્ણ તક આપવી – કારણ કે આ જગતનો હેતુ તેની છેવટની અવસ્થામાં અતિમાનસનો સંવાદ સાથે આ શકયતાઓનું કાર્ય કરવું. આ આશ્રમમાં જે જીવન અને કાર્યનો વિકાસ થાય છે તેને સમગ્ર જગતના પ્રશ્ન સાથે કાર્ય કરવાનું છે – અને તેથી તેણે તેમની સાથે મુલાકાત કરવાની છે – તે તેમને બાજુએ મૂકી દઈ શકે નહિ – અને માનવમાં રહેલી વિરોધી શક્તિઓના કાર્ય સાથે સંગ્રામ લડવાનો છે.

*

વિશ્વ તેના દેખાવમાં ખરેખર એક કઠોર અને નિષ્ફળ રમત છે જેમાં તકનાં પાસાંઓ, અંધકારની શક્તિઓ અને તમોગ્રસ્તતા, જૂઠાણું, મૃત્યુ અને દુઃખના સ્વામીઓની તરફેણમાં ફેંકાય છે એ ચોક્કસ હકીકત છે અથવા અત્યાર સુધી હતી. પરંતુ આપણે તે જેવું છે તેવું જ સ્વીકારવાનું છે અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટેનો માર્ગ શોધવાનો છે. જો આપણે પ્રાચીન ઋષિઓએ બતાવેલો બહાર નીકળવાનો માર્ગ છોડી દઈએ તો આધ્યાત્મિક માર્ગ બતાવે છે કે તે સર્વની પાછળ એક સમતા, શાંતિ, સ્થિરતા અને મુક્તિનો વિશાળ પ્રદેશ છે અને તેમાં જ પ્રવેશ કરવાથી આપણને એક એવી દષ્ટિ મળે છે જે જોઈ શકે છે કે અને આપણે આશા રાખી શકીએ કે એવી શક્તિ પ્રાપ્ત કરીએ જે વિજય મેળવી શકે.

*

જો વિરોધી બળો ન હોત અને તેમ છતાં વિકાસશીલ જગત હોત તો તેમાં હજુ પણ અવિદ્યા હોત, પરંતુ તેમાં અજ્ઞાનની વિકૃતિ ન હોત. એક પ્રગતિશીલ આવિર્ભાવમાં આ કે પેલી અવસ્થાના શ્રેષ્ઠ હેતુઓ માટે તેનું આ અપૂર્ણ કરણો મારફતે આંશિક સત્ય માટે જ કાર્ય ચાલુ રહ્યું હોત.

*

તેઓ વિરોધી બળો નથી. તેઓ ફક્ત સામાન્ય પ્રકૃતિનાં બળો છે. વિરોધી બળો એવાં હોય છે જે દરેક વસ્તુને વિકૃત કરવા ઇચ્છે છે અને પ્રભુની સાથે તેઓએ બંડ કરેલું હોય છે અને યોગના વિરોધી હોય છે.

*

પ્રકાશનાં નાનાં બળો સત્યની શોધ માટે ખૂબ આગ્રહી હોય છે જેથી કરીને તેઓ તેમના તર્કને અથવા તેમના નિયમને વધારે અસરકારક બનાવી શકે. વિરોધી બળો વધારે પડતા ઉપયોગી વાદમાં માનતાં હોય છે અને સત્યની બહુ દરકાર રાખતા નથી. તેઓ ફક્ત સફળતા જ ઇચ્છે છે. વધારે મહાન બળો (દા.ત. અધિમનસ) સક્રિય

હોય છે અને ચેતનાને અસરકારક બનાવવા માટે કાયમ પ્રયત્ન કરે છે, પરંતુ તેઓ ચેતના માટે વધારે આગ્રહ રાખે છે. જ્યારે વિરોધી બળો તેના માટે બિલકુલ દરકાર કરતાં નથી. તમે જેટલા વધારે અચેતન હો અને તેમનું સ્વાભાવિક સાધન બનો તેટલા વધારે પ્રમાણમાં તેઓ ખુશ થાય છે – કારણ કે અચેતના જ તેમને તક આપે છે.

*

જગત સાથેનો સંપર્ક અને વિરોધી બળો વિશે એવું છે કે તે બેશક સાધકની એક મુખ્ય મુશ્કેલી છે. પરંતુ જગતનું તેમજ વિરોધી બળોનું રૂપાંતર કરવું એ વધારે મોટું કાર્ય છે અને તેના માટે વ્યક્તિગત રૂપાંતર રાહ જોઈ શકે નહિ. ખાસ કરવાની વસ્તુ એ છે કે એવી શક્તિમાં જીવન ધારણ કરવું કે આ બધી વસ્તુઓ, આ ખલેલ કરતાં તત્ત્વો આપણી અંદર પ્રવેશ કરી શકે નહિ અથવા જો પ્રવેશ કરે તો આપણામાં ખલેલ પહોંચાડી શકે નહિ. અને પેલી શક્તિથી એટલા વિશુદ્ધ અને સામર્થ્યયુક્ત થવું કે પોતાની જાતની અંદરથી કાંઈ પણ વિરોધી શક્તિને પ્રત્યુત્તર ન આપવો. જો આપણી આસપાસ એક રક્ષણ કરનારું આવરણ હોય, એક એવી આંતર શુદ્ધિ કરનારી શક્તિનું આવરણ હોય અને તેના પરિણામે આપણા આંતર-સ્વરૂપમાં એક ઊર્ધ્વ ચેતનાનું સ્થાપન થયેલું હોય, અને આપણી પહેલાંની અવિદ્યામય ચેતનાના સ્થાને સૌથી બાહ્ય સક્રિય ભાગોમાં પણ તે ચેતના સ્થાપન થયેલી હોય તો જગત અને વિરોધી બળો વિશે કાંઈ ચિંતા કરવાની જરૂર નથી – ઓછામાં ઓછું પોતાના આત્મા માટે તો ખાસ કોઈ પરવા નથી કારણ કે એક વિશાળ કાર્ય રહેલું છે, વ્યક્તિગત નહિ, જેમાં તેમની સાથે કામ લેવાનું છે, પરંતુ હાલના તબક્કે તે આપણું મુખ્ય કાર્ય ન બનવું જોઈએ.

*

નિમ્ન પ્રકૃતિની ક્રિયાઓ વિશુદ્ધ બનતી જાય છે. અસુરોમાં એટલી સહેલાઈથી રૂપાંતર થતું નથી.

*

અસુરો માટે એ પ્રમાણે છે કે તેમનામાંના ઘણાઓએ પશ્ચાત્તાપનાં લક્ષણો અથવા રૂપાંતર માટેની શક્યતા હજુ સુધી જણાવ્યાં નથી. અવિદ્યાના જગતમાં તેઓ સમર્થ હોય તેમાં આશ્ચર્ય નથી કારણ કે તેમને તો લોકોને તેમના નિમ્ન પ્રકૃતિ તરફના શાપિત થયેલા માર્ગનું અનુસરણ કરવા માટે જ સમજાવવાનું છે, જ્યારે પરમાત્મા કાયમ પ્રકૃતિના રૂપાંતર માટે સાદ આપે છે એટલે એમાં આશ્ચર્ય

પામવાનું કારણ નથી કારણ કે અસુરનું વધારે સહેલું કાર્ય છે અને તેની યોજનાની વધારે વહેલી શરૂઆત હોય છે પરંતુ તે કામચલાઉ સફળતા ભાવિને માટે બંધનરૂપ નથી.

*

કેટલાંક પ્રાણમય સત્ત્વો ખૂબ બુદ્ધિશાળી હોય છે પરંતુ તેઓ પ્રકાશ સાથે મૈત્રી બાંધતાં નથી – તેઓ ફક્ત વિનાશને દૂર કરવા પ્રયત્ન કરે છે અને પોતાના સમય માટે રાહ જુએ છે.

*

દુષ્ટ બળો અવિદ્યા દ્વારા સત્યની થયેલી વિકૃતિઓ હોય છે. કોઈ પણ પૂર્ણ રૂપાંતરમાં તેમણે અદૃશ્ય થવું જ પડશે અને તેમની પાછળ રહેલા સત્યને મુક્ત કરવું પડશે. આ રીતે તેઓ વિનાશ દ્વારા રૂપાંતર પામેલા કહેવાશે.

*

વિભાગ ૭

# અવતારનો હેતુ

ખરેખર, પૃથ્વી-ચેતના માટે પ્રભુ પોતે પોતાનો આવિર્ભાવ કરે છે એ હકીકત જ સૌથી મહાન ભવ્ય છે. અહીંના અજ્ઞાનનો વિચાર કરો, અને પ્રભુ પોતે જ સીધેસીધા હસ્તક્ષેપ ન કરે અને જ્યોતિમાં જ્યોતિરૂપે આ તમોમયતાને ચીરીને બહાર ન આવે તો શું થાય – કારણ કે અવતારના આવિર્ભાવનો એ જ અર્થ છે.

*

અવતાર એક દિવ્ય ચેતના અને સત્-તા છે, જે શરીર મારફતે આવિર્ભાવ પામે છે. તે કોઈ પણ ભૂમિકામાં આવી શકે છે.

*

સર્વવ્યાપી વૈશ્વિક પરમાત્મા વિશ્વના કાર્યને ટેકો આપે છે; જો પરમાત્માનો અવતાર થાય તો તેથી કરીને ત્રણ અથવા ત્રણસો લાખ વિશ્વમાંથી પણ તેમની વિશ્વરૂપ હાજરીનો અથવા વિશ્વરૂપ કાર્યનો ઘટાડો થતો નથી.

*

અવતરણ કરતી શક્તિ (અવતાર) તેનું પોતાનું સ્થળ, શરીર અને આવિર્ભાવ માટેનો સમય પોતે જ પસંદ કરે છે.

*

જ્યારે કોઈ વિશિષ્ટ પ્રકારનું કાર્ય કરવાનું હોય અને ઉત્ક્રાંતિમાં કટોકટી આવે છે ત્યારે અવતારની જરૂર હોય છે. અવતાર એ વિશિષ્ટ આવિર્ભાવ છે પરંતુ બાકીના સમયમાં પ્રભુ વિભૂતિ તરીકે સામાન્ય માનવની મર્યાદામાં કાર્ય કરતો હોય છે.

*

જો ઉત્ક્રાંતિ સાથે અવતાર સંકળાયેલો ન હોય તો પછી તેનો કોઈ અર્થ નથી. હિન્દુ ધર્મમાં જે દશ અવતારોનો ક્રમ છે, તે પોતે જ જાણે વિકાસક્રમની એક હારમાળા છે. પ્રથમ મત્સ્ય અવતાર છે, ત્યાર પછી ઉભયચારી પ્રાણી કૂર્માવતાર જે પાણી અને જમીન બન્ને પરનું પ્રાણી છે. એ પછી જમીન પરનું પ્રાણી છે (વરાહ) એ પછી માણસ અને પશુ એ વચ્ચેનું અનુસંધાન કરનાર નર-સિંહ

અવતાર – આવે છે. ત્યાર પછી વામન તરીકે માનવ, નાનકડો, અવિકસિત સ્થૂલ દેહધારી છતાં પોતાનામાં પ્રભુને ધારણ કરતો હોય છે, અને અસ્તિત્વને પોતાના સ્વામીત્વમાં રાખે છે. ત્યાર પછી અધિમનસના પરમ માનવમાં પહોંચાડે છે. કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ અવતારો એ આ છેલ્લી ત્રણ કક્ષાઓના, આધ્યાત્મિક વિકાસની કક્ષાઓમાં પ્રતિનિધિઓ છે – કૃષ્ણ અધિમનસની શકયતા ખોલી આપે છે. બુદ્ધ તેનાથી પણ પરની પરમ મુક્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે મુક્તિ હજી નકારાત્મક છે; એમાં વિકાસક્રમને ભાવાત્મક રીતે પૂર્ણ કરવા માટે પૃથ્વી ઉપર પાછા ફરવાનું નથી. આ ક્ષતિને કલ્કિ પૃથ્વી ઉપર પ્રભુના રાજ્યને લઈ આવીને, તથા વિરોધ કરતાં આસુરી બળોનો સંહાર કરીને પૂરી કરશે. આ ક્રમિક પદ્ધતિ ધ્યાન ખેંચે તેવી અને અસંદિગ્ધ પ્રકારની છે.

અવતારના જીવનો વચ્ચેના જીવન વિશે એ યાદ રાખવું જરૂરી છે. કૃષ્ણ પૂર્વ જીવન વિશેની ઘણી જિંદગીઓ વિશે કહે છે, કેવળ થોડીઘણી પરમ જિંદગીઓ વિશે નહિ; અને બીજું, જ્યારે તે પોતે પરમાત્મા તરીકે વાત કરે છે ત્યારે એક શ્લોકમાં પોતાની જાતને વિભૂતિ તરીકે ઓળખાવે છે. – वृष्णिनाम् वासुदेवः આ ઉપરથી આપણે એમ માની શકીએ કે ઘણી જિંદગીઓમાં તેમણે વિભૂતિ તરીકે આવિર્ભાવ કરેલો અને પોતાની દિવ્ય ચેતનાને તેમણે ઢાંકી દીધી હતી. જો આપણે એટલું માન્ય રાખીએ કે અવતારનો હેતુ, વિકાસક્રમને દોરવાનો છે, તો આ વસ્તુ બિલકુલ તર્કસંમત છે કે પરમાત્મા અવતાર તરીકે મહાન સંક્રાંતિકાળના તબક્કાઓમાં મદદ કરવા બહાર આવે છે અને ઓછા સંક્રાંતિકાળમાં મદદ કરવા માટે વિભૂતિ તરીકે આવે છે.

*

જો તેનાથી પર કોઈ વસ્તુ હોય તો તે ( અધિમનસ મુક્તિ ) સર્વોચ્ચ હોઈ શકે નહિ – પરંતુ ઊર્ધ્વ મનમાં પણ એક મુક્તિ રહેલી છે. પરંતુ જ્યારે હું પરમ મુક્તિની વાત કરું છું ત્યારે હું બુદ્ધિના અને અદ્વૈતવાદના દષ્ટિબિંદુને માન્ય રાખું છું, અને તેને એ રીતે કહીને સુધારું છું કે આ પ્રકારના નિર્વાણનું દષ્ટિ-બિંદુ નકારાત્મક છે. કૃષ્ણએ અધિમનસની શકયતાને ખુલ્લી કરી, અને તેના બે પ્રકારના સાક્ષાત્કાર બતાવ્યા, સક્રિય અને અક્રિય. બુદ્ધે મનમાંથી પરમતત્ત્વમાં નિર્વાણ પામવાનો પ્રયત્ન કર્યો જે રીતે તેની પાછળ શંકરે જુદી જ રીતે તે પ્રમાણેનો પ્રયત્ન કર્યો. બન્ને બીજા તબક્કાઓને છોડીને એક બાબતમાં સહમત છે અને બન્નેએ અનામી, અરૂપ, નિરપેક્ષ તત્ત્વને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલો છે. જ્યારે કૃષ્ણ વિકાસક્રમના

સામાન્ય માર્ગે દોરવણી આપતા હતા, ત્યાર પછીનું સામાન્ય પગલું એ નિર્ગુણ નિરપેક્ષ તત્ત્વ નથી પરંતુ અધિમનસ છે. હું ધારું છું કે શંકરની માફક બુદ્ધે એકદમ આગળ જવામાં ભૂલ કરી છે કારણ કે તેણે મુક્તિની સક્રિય બાજુ છોડી દીધી છે. એટલા માટે જ કલ્કિ દ્વારા તે ભૂલને સુધારવાની છે.

મેં દશ અવતારનું વર્ણન 'ઉત્ક્રાંતિની કથા' તરીકે કર્યું છે અને તેની રજૂઆત કેવી રીતે કરવી તેટલું જ હું સમજાવતો હતો, તે વસ્તુ વિશેનું મારું પોતાનું દષ્ટિબિંદુ હું આપતો નહોતો.

*

કલ્કિ વિશેની વિગતોને વધારે પડતું મહત્ત્વ ન આપવું જોઈએ – આ વિગતો તે ભવિષ્યના ઇતિહાસની વિગતો માટે કોઈ ભવિષ્યવાણી કરવાનો પ્રયત્ન નથી, પરંતુ તે એક પ્રતીકરૂપનું જ કથન છે. એમાં જે કહેવાયું છે તે ભાવિમાં આવનારી કોઈ વસ્તુ છે, પરંતુ તેનો સાંકેતિક ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેનાથી વિશેષ કાંઈ નહિ.

તે જ પ્રમાણે પુરાણમાં વર્ણવેલા યુગોમાં આપેલી વર્ષોની સંખ્યાને પણ વધારે પડતું મહત્ત્વ ન આપવું જોઈએ. અહીં પણ કાલ અને યુગો ઉત્ક્રાંતિના ચક્રમાં ક્રમિક તબક્કાઓ સૂચવે છે – માનવતાના ક્રમિક યુગોની પૂર્ણ સ્થિતિ, અવગતિ અને વિનાશ, અને ત્યાર પછી નવસર્જન – ગણિતની બધી ગણતરીઓ એ અગત્યનું તત્ત્વ નથી. કલિયુગનો અંત હવે આવી ગયો છે અથવા આવે છે અને નવો સત્યયુગ આવે છે તે વિશેની દલિલો ઘણી પરિચિત છે અને ઘણા માણસો એવા છે જેમણે તે પ્રમાણે માન્યું છે.

*

મેં ફક્ત અવતારોની પૌરાણિક યાદી લીધી છે અને મેં તેનું અર્થઘટન ઉત્ક્રાંતિની કથા તરીકે કર્યું છે, જેથી કરીને એમ દર્શાવી શકાય કે અવતારવાદના સિદ્ધાંત પાછળ વિકાસક્રમનો ખ્યાલ અંતર્હિત છે. બુદ્ધને અવતાર તરીકે સ્વીકારવો કે તેની જગાએ બીજાને અવતાર તરીકે મૂકવો ( કેટલીક યાદીઓમાં બુદ્ધની જગ્યાએ બલરામ આવે છે ) તે વ્યક્તિગત પ્રશ્ન છે. બુદ્ધની જાતક કથાઓ બુદ્ધના પૂર્વાવતાર વિશેની કથાઓ છે અને ઘણી વખત તેમાં ઉપદેશ સમાયેલો હોય છે, અને તે કથાઓ હિંદુ પદ્ધતિનો એક ભાગ નથી. બુદ્ધવાદીઓ માટે બુદ્ધ અવતાર હતા જ નહિ, તે આધ્યાત્મિક ઉત્ક્રાંતિની સીડી ઉપર ચડતો આત્મા હતો અને છેવટે તે

મુક્તિના અંતિમ પગથિયે ચડેલો – જો કે હિંદુ તત્ત્વજ્ઞાનના પ્રભાવે બુદ્ધવાદમાં ઊર્ધ્વમાં એક શાશ્વત બુદ્ધના વિચારને વિકસાવેલો. તે વિચાર વૈશ્વિક અથવા મૂળભૂત બુદ્ધવાદી વિચાર નહોતો. પરમાત્મા પોતાના અવતારના આવિર્ભાવમાં સૌથી નીચેના પગથિયાથી વિકાસક્રમની હારમાળા પસંદ કરે છે કે કેમ અને દરેક તબક્કે વિભૂતિ તરીકે આવિર્ભાવ પામે છે કે કેમ એ એવો પ્રશ્ન છે જેનો ઉત્તર અનિવાર્ય રીતે નકારાત્મક હોતો નથી. આપણે જો ઉત્ક્રાંતિનો વિચાર સ્વીકારીએ તો આ વસ્તુને પણ તેમાં સ્થાન હોઈ શકે.

જો બુદ્ધે કૃષ્ણ કરતાં કોઈ ભિન્ન ઉપદેશ આપ્યો હોય તો આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં તેમનું આગમન જરૂરી નથી એ રીતે તેને અટકાવી શકાય નહિ. પ્રશ્ન ફક્ત એટલો જ છે કે નિરપેક્ષ નિર્વાણની ઊંચાઈઓના પગથિયા ઉપર ચડવાનો પ્રયત્ન, વિશ્વરૂપ અસ્તિત્વના નકાર મારફતે કરવાનું પગથિયું જરૂરી હતું કે કેમ, કારણ કે એ હકીકત છે કે માનવી પરમોચ્ચ તત્ત્વને પહોંચવાનો પ્રયત્ન **नेति, नेति,** દ્વારા પણ કરી શકે છે અને **इति, इति** માર્ગે પણ શકે છે:

*

બુદ્ધે સ્પષ્ટ રીતે કોઈ અજ્ઞાત તત્ત્વને મંજૂર રાખેલું છે જે શાશ્વત અને અવ્યક્ત છે. અદ્વૈત પણ તે સ્વીકારે છે. બુદ્ધે કદી પણ એમ કહ્યું નથી કે તે વૈયક્તિક પ્રભુનો અવતાર હતા, તેમણે એટલું જ કહ્યું છે કે તે બુદ્ધ હતા. હિંદુઓએ તેમને અવતાર બનાવી દીધા. જો બુદ્ધે પોતાની જાતને અવતાર તરીકે જોઈ હોત, તો તે અવતાર અવૈયક્તિક સત્યનો અવતાર હોત.

*

હું જાણતો નથી કે ઐતહાસિક રીતે બીજો કોઈ બુદ્ધ થઈ ગયેલો હોય. હું માનું છું કે વૈષ્નવ પુરાણોએ અવતારોની યાદી નક્કી કરી હતી, કારણ કે તે બધાં પુરાણ પ્રમાણે વિષ્ણુના અવતાર હતા. તે બધા માણસોએ તે અવતારોને છેવટની માન્યતા શંકર પછી આપી હશે, કારણ કે ત્યાર પછી જ બુદ્ધવાદ અને બ્રાહ્મણવાદની તકરાર હકીકતમાં બંધ પડેલી. થોડા સમય સુધી બુદ્ધના બદલે બલરામનું નામ મૂકવાનું વલણ હતું અથવા એમ કહેવાતું કે બુદ્ધ એ વિષ્ણુનો અવતાર હતો, પરંતુ તે અસુરોને ગેરમાર્ગે દોરવાને માટે થયેલો. વિષ્ણુપુરાણમાં 'માયામોહ' ની વાર્તામાં સ્પષ્ટ રીતે બુદ્ધને જ લક્ષ્યમાં રાખવામાં આવેલા છે.

*

જો કોઈ દિવ્ય ચેતના અને શક્તિ નીચે ઊતરી આવીને આપણે જે વ્યક્તિત્વને બુદ્ધ કહીએ છીએ તેની મારફતે તેણે મહાન કાર્ય કર્યું હોય તો બુદ્ધને આપણે અવતાર કહી શકીએ – તેમની તપસ્યા અને જ્ઞાનની પ્રાપ્તિ એ આવિર્ભાવનો ફક્ત એક પ્રસંગ છે.

તેને બદલે જો બુદ્ધ બીજા માનવીઓ જેવા જ માનવી હોત જેણે કોઈ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેનો ઉપદેશ કર્યો, તો પછી તે અવતાર નહોતા — કારણ કે તેવા પ્રકારના હજારો માનવીઓ થઈ ગયા છે અને તે બધાને અવતાર કહી શકાય નહિ.

*

કૃષ્ણ એ અતિમાનસ પ્રકાશ નથી. કૃષ્ણનું અવતરણ એટલે અધિમનસ દેવનું અવતરણ, જે અતિમનસ અને આનંદના અવતરણને તૈયાર કરે છે, જો કે તે તૈયારી પોતે જ વાસ્તવિક રીતે કાર્ય કરતી નથી. કૃષ્ણ આનંદમય છે; તે અધિમનસ મારફત વિકાસક્રમને ટેકો આપે છે અને આનંદ પ્રત્યે દોરી જાય છે.

*

કોઈ વ્યક્તિ આધ્યાત્મિક મંડળ (સંગઠન)ના પ્રમુખ સ્થાને હોઈ શકે અથવા કોઈ ધર્મના પયગંબર હોઈ શકે અથવા એક અવતાર પણ હોઈ શકે અને છતાં તે આ જીવનમાં અતિમાનસ ચેતના અને તેનાથી ઊર્ધ્વમાં પહોંચી ન શકે.

*

યુગે યુગે[૧] એક સામાન્ય અર્થમાં વાપરી શકાય, જે રીતે અંગ્રેજીમાં એક યુગથી બીજા યુગ સુધી (age to age) કહેવાય છે તેવા અર્થમાં અને તેનો પૌરાણિક ગણતરી પ્રમાણેના યુગનો અર્થ લેવાનો નથી. પરંતુ બહુનિ[૨]માં અસંખ્ય જન્મોનો ઉલ્લેખ છે અને ખાસ કરીને જ્યારે तव च ની સાથે તેને જોડવામાં આવેલ છે ત્યારે તે અર્થ સ્પષ્ટ થાય છે – ઘણા જન્મો ફક્ત વિભૂતિ રીતના હોય જે એક પછી એક અવતારના સૂત્ર ઉપર ચાલતા હોય. દરેક જન્મમાં અને દરેક જીવનમાં, અર્જુનનું તેમની સાથે જ રહેવું એ વિષે કાંઈ પણ કહેવામાં આવ્યું નથી, પરંતુ ઘણા જન્મોમાં, એ અલબત્ત શક્ય છે.

*

---

૧. તેના ઘણા જન્મો વિશે કૃષ્ણ ગીતામાં કહે છે – સંભવામિ યુગે યુગે– ગીતા, અધ્યાય ૪, શ્લોક ૮.

૨. बहुनि मे व्यतितानि जन्मनि तव चार्जुन – અ. ૪, ૫.

દરેક સ્વરૂપ પોતાના નવજન્મમાં એક નવીન મન, નવીન પ્રાણ અને નવું શરીર તૈયાર કરે છે – નહિ તો 'જહોન સ્મિથ' કાયમ જહોન સ્મિથ જ રહે અને તેને ' પિયુષ કાન્તિ ઘોષ ' બનવાની કોઈ તક ન રહે. અલબત્ત, તેની અંદર એવાં જૂનાં વ્યક્તિત્વો હોય જે નવીન જીવનમાં ફાળો આપતાં હોય – પરંતુ અત્યારે નવીન દેખાતા વ્યક્તિત્વની વાત કરું છું, બાહ્ય માનવી, મનોમય, પ્રાણમય અને શારીરિક માનવીની આ વાત છે. જન્મજન્માંતરની કડી ચૈત્યપુરુષ સાચવી રાખે છે અને તે જ એક જ માણસના ભિન્ન ભિન્ન આવિર્ભાવો કરે છે. એટલે એટલું માની લેવું જોઈએ કે દરેક અવતારે દરેક વખતે એક નવીન વ્યક્તિત્વ ધારણ કરવું જોઈએ, એવું વ્યકિતત્વ જે નવીન સમય, કાર્ય અને પર્યાવરણને યોગ્ય રીતે અનુકૂળ હોય. તેમ છતાં વસ્તુઓ વિશેના મારા દષ્ટિબિંદુ પ્રમાણે એક નવીન વ્યક્તિત્વનો તેની પાછળ આવતા અવતારના જન્મોની ક્રમબદ્ધ હારમાળાઓ હોય છે, એવા જન્મો, જેમાં એક પછી એક યુગમાં વચગાળાના વિકાસક્રમમાં અનુસરણ થતું હોય અને સહાય મળતી હોય.

*

હું ધારું છું કે ઘણા ઓછા માણસોએ તેમને (કૃષ્ણને) અવતાર તરીકે ઓળખ્યા હતા – એટલું ચોક્કસ છે કે તે અવતાર તરીકેની વસ્તુ સર્વસામાન્ય રીતે મનાઈ નહોતી. તેમની પાસે જે સૌથી નજીકના હતા તેમણે તે રીતની ગણતરી કરેલી નહિ. ઓછા પ્રખ્યાત લોકો જેવા કે વિદુર વગેરે જેવા તે વસ્તુ જાણતા હતા.

*

જે લોકો કૃષ્ણની સાથે હતા, તેઓ દેખાવમાં બીજા માણસો જેવા જ હતા. તેઓ એકબીજા સાથે એવી રીતે બોલતા અને વર્તન કરતા જેવી રીતે માણસો એકબીજા સાથે વ્યવહાર કરે છે અને તેમની આજુબાજુ રહેલા માણસો દ્વારા પણ તેમને દેવો તરીકે વિચારવામાં આવતા નહિ. ઘણાખરા માણસો કૃષ્ણને પણ માણસ તરીકે જ ઓળખતા – બહુ ઓછા તેમની પરમાત્મા તરીકે પૂજા કરતા હતા.

*

આપણે સામાન્ય રીતે કહીએ તો અવતાર એવું સ્વરૂપ છે જેમાં પરમાત્માની હાજરી અને શકિત વિશે તે સચેતન છે. આ પરમાત્માનો તેની અંદર જન્મ થયેલો છે અથવા તેની અંદર તેનું અવતરણ થયેલું છે અને તે પરમાત્મા અવતારની

અંદર રહીને તેનો સંકલ્પ અને જીવન અને કાર્ય ઉપર શાસન ચલાવે છે. અવતાર આંતરિક રીતે આ દિવ્ય શકિત અને હાજરી સાથે પોતાનું તાદાત્મ્ય અનુભવે છે.

વિભૂતિ માટે એમ માનવામાં આવે છે કે તે તેની અંદર પ્રભુની કોઈ શકિત ધારણ કરે છે અને તેના વડે જગતમાં તે ખૂબ શકિતપૂર્વકનું કાર્ય કરી શકે છે. પરંતુ તેને વિભૂતિ બનાવવા માટે એટલું પૂરતું હોય છે; તેનામાં ખૂબ મહાન શકિત હોઈ શકે, પરંતુ એની ચેતના સ્વયંભૂ અથવા અંતસ્થ રહેલી દિવ્યતાની ચેતના હોતી નથી. આ વિષય ઉપર ગીતા મુખ્ય પ્રમાણભૂત સાધન છે અને તેના વડે આપણે અવતાર અને વિભૂતિનો ભેદ સમજી શકીએ છીએ. આપણે જો આ તફાવતને સમજીએ તો આપણે રામ અને કૃષ્ણ વિશે, જે કાંઈ તેમના સંબંધે કહેવાયું છે તેના ઉપરથી નિશ્ચિત રીતે સ્વીકારી શકીએ કે તેઓ અવતારો હતા. બુદ્ધ પણ એ રીતના જણાય છે જો કે તેમનામાં રહેલી શકિત વધારે પ્રમાણમાં અવૈયકિતક ચેતના હતી એમ લાગે છે. રામકૃષ્ણએ પણ તેમની અંદર રહેલા રામ કોણ હતા અને કૃષ્ણ કોણ હતા તે વિશે વાત કરેલી ત્યારે તે દિવ્ય ચેતનાની જ તેમણે વાત કરેલી. પરંતુ ચૈતન્યનો દૃષ્ટાંત વિશિષ્ટ છે; કારણ કે તેમણે કરેલાં વર્ણન વિશે તેમણે પોતાને કૃષ્ણના ભકત તરીકે જાહેર કરેલા અને તેનાથી વધારે કાંઈ નહિ, પરંતુ તેમની મહાન ક્ષણોમાં તેઓ કૃષ્ણને અભિવ્યકત કરતા, તેમનું મન અને શરીર તેજોમય બની જતાં, અને પોતે જ કૃષ્ણ બની જઈને પ્રભુ તરીકે બોલતા અને વર્તતા. એમના સમયના લોકોએ તેમની અંદર કૃષ્ણનો અવતાર જોયો હતો, એક દિવ્ય પ્રેમનો આવિર્ભાવ જોયો હતો.

શંકર અને વિવેકાનંદ ચોક્કસ વિભૂતિઓ હતા; તેમને તેનાથી વધારે ગણી શકાય નહિ, જો કે વિભૂતિઓ તરીકે પણ તેઓ મહાન હતા.

*

ચૈતન્યને કૃષ્ણના અને દિવ્ય પ્રેમના અવતાર તરીકેની સ્થિતિ માટે શંકા લાવવાનો મારો હેતુ ન હતો. તેમના વિશેની બધી માહિતીઓમાંથી તે પ્રકારના આવિર્ભાવનું લક્ષણ સ્પષ્ટ જણાય છે, અને તેમની અંદર કૃષ્ણનાં દર્શન થતાં હતાં તે વિશે જે કહેવાયું છે તે સ્વીકારીએ તો દિવ્ય પુરુષની ભવ્યતાના જે ઉભરાઓનો સ્ફોટ થતો હતો તે આ અવતારની કથામાં સૌથી અદ્‌ભુત વાત છે. રામકૃષ્ણમાં આવિર્ભાવ એટલો બધો તીવ્ર ન હતો પરંતુ ઘણાં પાસાંઓવાળો હતો અને સદ્‌ભાગ્યે તેમના વાર્તાલાપોની અને કાર્યની પ્રમાણભૂતતા વિશે કાંઈ પણ શંકા હોઈ શકે નહિ કારણ કે તે બધાની દૈનિક નોંધ મહેન્દ્રનાથ ગુપ્ત જેવા કુશળ નિરીક્ષકે

રાખેલી છે. હું તે બન્ને આધ્યાત્મિક વ્યક્તિઓની સરખામણીમાં પડવા માગતો નથી બન્નેએ અદ્ભુત પ્રભાવ ફેલાવ્યો છે અને તેમના પોતાના કાર્યમાં પરમોચ્ચ કાર્ય કરેલું છે.

*

તેમણે ( રામકૃષ્ણે ) કદી પોતાની આત્મકથા લખી નથી – તેમણે જે કાંઈ કહ્યું છે તે તેમના શિષ્યો અને બીજા માણસો સાથેના વાર્તાલાપોમાં કહ્યું છે. તેઓ ચોક્કસ જે રીતે ક્રાઈસ્ટ અથવા ચૈતન્ય હતા તેવા જ અવતાર હતા.

*

મહંમદે પોતે જ પોતે અવતાર છે એ પ્રકારના વિચારનો ઇનકાર કર્યો હતો એટલે આપણે તેમને એક પયગંબર તરીકે ગણવા જોઈએ. પ્રભુનું એક કરણ, વિભૂતિ, ક્રાઈસ્ટે પિતા ( પ્રભુ ) સાથે પુત્ર તરીકેનો સાક્ષાત્કાર કરેલો એટલે તેઓ અંશાવતાર હોવા જોઈએ.

*

લીઓનાર્દો-દ-વિન્ચી પોતાનામાં યુરોપના નવીન યુગને, ઘણી બાજુએથી પોતાની અંદર ધારણ કરતા હતા પરંતુ તેમાં અવતારવાદ અથવા ચેતનાનું અવતરણ અથવા આધ્યાત્મિક શક્તિઓનું દબાણ હતું તેવો કોઈ પ્રશ્ન જ નહોતો. તેણે જે આવિર્ભાવ કરવાનો હતો તેમાં ગુહ્યવાદનો કોઈ ભાગ નહોતો.

*

## ૨

અવતારની ઘટનાને બે બાજુઓ હોય છે, દિવ્ય ચેતના અને તેને વ્યક્ત કરનાર કરણરૂપ વ્યક્તિત્વ. દિવ્ય ચેતના સર્વસામર્થ્યયુક્ત છે પરંતુ તેણે એક કરણયુક્ત વ્યક્તિને પ્રકૃતિની તેની શરતો નીચે મૂકેલું હોય છે અને તેની લીલાના નિયમો પ્રમાણે તેનો ઉપયોગ કરે છે. જો અવતાર ફક્ત એક ચમકારો મારતી આશ્ચર્યની બાબત હોય, તો તે મારા માટે કોઈ ઉપયોગી વસ્તુ નથી. જો તે પ્રકૃતિમાં રહેલા સર્વશક્તિમાન પ્રભુની વ્યવસ્થા તરીકેનો સુસંબદ્ધ ભાગ હોય તો હું તેને સમજી શકું અને સ્વીકારી શકું.

*

મેં કહ્યું છે કે અવતાર એવી વ્યક્તિ છે જે માનવજાત માટે ઊર્ધ્વ ચેતનાનો માર્ગ ખોલવા માટે આવે છે – જો કોઈ પણ એ માર્ગનું અનુસરણ ન કરે તો આપણો તેના વિશેનો ખ્યાલ પણ, જે ક્રાઈસ્ટ, કૃષ્ણ અને બુદ્ધ વિશેનો છે, તે પણ બધું ખોટું છે અથવા તો અવતારનું સમગ્ર જીવન અને કાર્ય પણ બિલકુલ નિષ્ફળ છે. 'ક્ષ' એમ કહેવા માગે છે કે એવો કોઈ માર્ગ નથી અને તેમનું અનુસરણ કરવાની કોઈ શકયતા પણ નથી, તેમ જ અવતારના સંઘર્ષો અને દુઃખો અવાસ્તવિક છે અને બધું ખોટું છે, — જે પ્રભુનો પ્રતિનિધિ છે તેના માટે સંઘર્ષની કોઈ શકયતા નથી. આવો ખ્યાલ સમગ્ર અવતારવાદને અર્થહીન બનાવે છે; તો પછી તેનો કોઈ તર્ક નથી, તેની જરૂર પણ નથી, તેમાં કોઈ અર્થ પણ નથી. પરમાત્મા સર્વસમર્થ હોવાથી લોકોને ઊર્ધ્વમાં ઉઠાવી શકે છે અને તેના માટે પૃથ્વી ઉપર નીચે ઊતરવાની તકલીફ લેવાની પણ જરૂર નથી. જો જગતની વ્યવસ્થાના ભાગ તરીકે માનવજાતિનો સમગ્ર બોજો તેણે પોતાના ઉપર લેવાનો હોય અને માર્ગ ખુલ્લો કરવો હોય તો જ અવતારવાદનો કોઈ અર્થ રહે.

*

એવું માનવામાં આવતું નથી કે અવતારે બિન-માનવીય રીતે કાર્ય કરવું — તે માનવકાર્યને ઉપાડે છે અને અગ્રભાગમાં માનવચેતનામાં રહીને માનવપદ્ધતિઓનો ઉપયોગ કરે છે અને તેની પાછળ પ્રભુ રહેલા હોય છે. જો તે પ્રમાણે તેમણે ન કર્યું હોત તો તેમનો માનવશરીર ધારણ કરવાનો કોઈ અર્થ રહે નહિ અને કોઈ વ્યક્તિને પણ તે ઉપયોગી થાય નહિ. નહિ તો તે પોતે ઊર્ધ્વમાં વધારે સારી રીતે રહી શકયા હોત અને ત્યાંથી રહીને અહીં બધું કાર્ય કરી શકયા હોત.

*

પ્રભુ અને માનવ વચ્ચેના ભેદ વિશે પણ એવું છે કે તે મનસર્જિત મુશ્કેલી છે. પ્રભુ માનવમાં રહેલો છે, અને માણસ જ્યારે પોતે માનવસિદ્ધિ પૂર્ણ કરીને પોતાની ઉચ્ચતમ અભીપ્સાઓને અને વલણોને પણ ઓળંગી જાય છે, ત્યારે તે પોતે જ પ્રભુ બની જાય છે. તમારો વિષાદ તે વસ્તુ સમજી શકયો નહિ – કે જ્યારે પ્રભુ અવતરણ કરે છે ત્યારે તે માનવજાતિનો બોજો પોતાની ઉપર લે છે, જેથી કરીને તે પાર કરી જાય – પ્રભુ પોતે માનવ બને છે જેથી કરીને માનવજાતિને બતાવી શકે કે કઈ રીતે પ્રભુ બનવું. પરંતુ જો તે કેવળ નિર્બળ વ્યક્તિ હોય, જેનામાં કોઈ દિવ્ય હાજરી ન હોય, અથવા તેની પાછળ દિવ્ય બળ ન હોય, તો તે વસ્તુ બની શકે નહિ – તે સમર્થ હોવો જોઈએ જેથી કરીને જે લોકો તેના સામર્થ્યને સ્વીકારી

શકે, તેમનામાં તે પોતાનું બળ મૂકી શકે. તેથી તેનામાં દ્વિવિધ તત્ત્વ હોય છે — અગ્રભાગે માનવ અને પશ્ચાદ્‌ભૂમિકામાં પ્રભુ — અને તે કારણને લઈને જ તે અમાપ હોય એવી છાપ આપણી અંદર પડે છે — જેના વિશે તમે ફરિયાદ કરી છે. જો તમે ફક્ત માનવ-પાસાં ઉપર જ નજર નાખો, અને સ્થૂલ આંખથી જ જુઓ અને બીજું કાંઈ પણ જોવા માટે તૈયાર ન હો, તો તમને ફક્ત એક માનવી જ દેખાશે — જો તમે પ્રભુ માટે નજર કરો તો તમને પ્રભુ પ્રાપ્ત થશે.

*

એ સાચી વસ્તુ છે કે મર્યાદિત માનવબુદ્ધિ માટે પ્રભુનો માર્ગ અથવા તેના હેતુ માટે નિર્ણય કરવો અશક્ય છે — તે અનંતનો સાંત સાથે કાર્ય કરવાનો માર્ગ છે.

*

તમે તમારા મન દ્વારા પ્રભુ અને તેમના કાર્યને સમજવાની આશા ન રાખી શકે, પરંતુ એક સાચી અને દિવ્ય ચેતનાનો તમારી અંદર વિકાસ કરીને સમજી શકો. જો પરમાત્મા પોતાનો બુરખો હઠાવીને પોતાનો સમગ્ર પ્રભાવ પ્રગટ કરે તો મન કોઈ દિવ્ય હાજરીને અનુભવી શકે; પરંતુ તે પરમાત્માનું કાર્ય તથા તેની પ્રકૃતિ સમજી શકે નહિ. તમારા સાક્ષાત્કારના પ્રમાણમાં અને તે મહાન ચેતનાનો તમારી અંદર જન્મ અને વિકાસ થતો જાય તેમ તેમ તમને પરમાત્માનાં દર્શન થાય અને તેમના પાર્થિવ ગુપ્ત વેશોની પાછળ પણ રહેલા તેમનું કાર્ય તમે સમજી શકો.

*

કોઈ અવતાર અથવા વિભૂતિને તેમના કાર્ય માટે જરૂરી હોય એટલું જ્ઞાન હોય છે. તેનાથી વધારે જ્ઞાનની તેમને જરૂર પણ હોતી નથી. રોમમાં શું ચાલી રહ્યું હતું તે જાણવું બુદ્ધને જરૂરી હતું એમ કહેવાનો શો અર્થ ? અવતાર પણ તેની સમગ્ર સર્વજ્ઞતા અને સર્વશક્તિમત્તાનો આવિર્ભાવ કરતો નથી; તે આવા બિનજરૂરી કાર્ય માટે આવેલો પણ હોતો નથી; તે બધી વસ્તુઓ તેની પશ્ચાદ્‌ ભૂમિકામાં હોય છે પરંતુ તેની અગ્રભાગની ચેતનામાં હોતું નથી. વિભૂતિ વિશે એવું છે કે વિભૂતિને એ પણ જાણવાની જરૂર નથી કે તે પરમાત્માની શક્તિ છે. દા.ત. કેટલીક જુલિયસ સીઝર જેવી વિભૂતિઓ નાસ્તિક પણ હતી. બુદ્ધ પોતે વૈયક્તિક પ્રભુમાં માનતા નહોતા. તેઓ એક અવ્યક્ત અને અવર્ણનીય એવા શાશ્વત તત્ત્વમાં માનતા હતા.

*

વસ્તુઓને સારી રીતે કરવાની માનવની રીત એક સ્પષ્ટ માનસિક સંબંધથી થાય છે; તેઓ વસ્તુઓને મનથી જુએ છે અને કાર્ય કરે છે અને તેમને જે વસ્તુની જરૂર છે તે એક મનોમય અને માનવની પૂર્ણતા. જ્યારે તેઓ દિવ્યતાના આવિર્ભાવ વિશે વિચાર કરે છે, ત્યારે તેઓ એવું વિચારે છે કે સામાન્ય માનવને લગતી વસ્તુઓ કરવામાં પણ તે અદ્ભુત પૂર્ણતા હોવી જોઈએ – એક અદ્ભુત (અસાધારણ) વેપારની શક્તિ, અસાધારણ રાજકીય કાવ્યમય અથવા કલાત્મક શકિત, એક સ્પષ્ટ સ્મૃતિની શકિત જેમાં ભૂલો ન થાય, અને ત્યાં કોઈ નિષ્ફળતા અથવા હાર ન મળે એવી શકિત અથવા તેઓ વસ્તુઓ વિશે એવું વિચારે છે કે, જેમને તેઓ અતિમાનવ વસ્તુઓ કહે છે, જેવી કે ખોરાક બિલકુલ ન લેવો, અથવા કપાસના સટ્ટા માટે ભાવિ આંકડા કહી દેવા, અથવા ખીલાઓની પથારી ઉપર સૂવું, અથવા ખીલાઓને ખાઈ જવા. પરમાત્માના આવિર્ભાવને અને આ બધી વસ્તુઓને કોઈ સંબંધ નથી– આવા માનવ-વિચારો ખોટા છે.

દિવ્યતા જુદી ચેતના પ્રમાણે કાર્ય કરે છે. ઊર્ધ્વમાં રહેલા સત્યની ચેતના પ્રમાણે, અને નીચે રહેલી લીલા પ્રમાણે ને લીલાની જરૂરિયાત પ્રમાણે કાર્ય કરે છે, નહિ કે માનવના વિચારો પ્રમાણે કે તેણે શું કરવું અથવા શું ન કરવું જોઈએ. આ વસ્તુ માણસે પ્રથમ સમજવી જોઈએ, નહિ તો પછી પરમાત્માના આવિર્ભાવ વિશે માનવી કાંઈ પણ સમજી શકશે નહિ.

*

જો પરમાત્મા મૂળતત્ત્વમાં સર્વસમર્થ ન હોય તો તે કોઈ પણ જગાએ સર્વ-સમર્થ ન હોઈ શકે — અતિમાનસમાં કે બીજી કોઈ પણ જગાએ. તે પોતાનું કાર્ય પરિસ્થિતિઓ અનુસાર મર્યાદિત કરવાનું અથવા નિશ્ચિત કરવાનું પસંદ કરે છે તેથી તેના સર્વશકિતપણામાં કોઈ ઘટાડો થતો નથી. તેની આત્મ-મર્યાદિતના એ પોતે જ તેના સર્વ-સામર્થ્યનું કાર્ય છે...

શા માટે પરમાત્માએ તેનાં પોતાનાં બધાં કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરવા માટે બંધાઈ જવું જોઈએ ? તેને નિષ્ફળતા વધારે માફક આવે અને તેનાથી વધારે મદદ થતી હોય તો તેમના અંતિમ લક્ષ્ય માટે શું ? પરમાત્મા વિશેના આ કેવા રૂઢ પ્રાથમિક વિચારો !

પૃથ્વી ઉપરની લીલા માટે કેટલીક પરિસ્થિતિઓનું નિર્માણ કરવામાં આવેલું હોય છે અને જ્યાં સુધી આ પરિસ્થિતિઓમાં ફેરફાર ન થાય ત્યાં સુધી કેટલીક વસ્તુઓ કરવામાં આવતી નથી – તેથી આપણે એમ કહીએ છીએ કે તે વસ્તુઓ

અશક્ય છે, તે થઈ શકે નહિ. જો પરિસ્થિતિઓમાં ફેરફાર થાય તો તેની તે જ વસ્તુઓ કરવામાં આવે છે અને તો જ ન્યાયી બને છે – પ્રકૃતિના કહેવાતા નિયમો અનુસાર કાયદેસર તેને મંજૂર રાખી શકાય તેવા ફેરફારો થાય છે ત્યાર પછીથી આપણે કહીએ છીએ કે તે કરી શકાય એમ છે. પરમાત્મા પણ રમતની શરતો અનુસાર કાર્ય કરે છે. તે નિયમોમાં ફેરફાર કરી શકે, પરંતુ તે પહેલાં તેમાં તેણે ફેરફાર કરવો પડે છે, અને તે પહેલાં શરતોને ટકાવી રાખે છે પરંતુ અદ્‌ભુત ચમત્કારોની હારમાળા દ્વારા કાર્યમાં તે આગળ વધતો નથી.

*

જો અવતાર દંભ હોય, જો બીજા કોઈ માટે તેમનો ઉપયોગ પણ ન હોય, અથવા તેમની સાચી અસર ન થતી હોય, તો અવતારવાદ પૂર્ણ રીતે બુદ્ધિવિહીન અવાસ્તવિક અને અર્થહીન વસ્તુ છે. પરમાત્માએ પોતાની જાત માટે દુઃખ સહન કરવાની કે સંઘર્ષ કરવાની કોઈ જરૂર નથી. જો તેઓ આ વસ્તુઓ પોતાની ઉપર લઈ લે તો એટલા માટે કે જગતનો ભાર વહન કરીને જગતને અને માનવીઓને મદદ કરી શકે; અને જો આ દુઃખો અને સંઘર્ષો કાંઈ મદદરૂપ થતા હોય, તો અવતારો વાસ્તવિક હોવા જોઈએ. છેતરપિંડી કે જૂઠાણું કોઈ મદદ કરી શકે નહિ. માણસોના પોતાના સંઘર્ષો અને દુઃખો જેટલા વાસ્તવિક છે તેટલા જ અવતારો પણ વાસ્તવિક છે. – પરમાત્મા તે બધા સહન કરે છે અને તે જ સમયે તેમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવે છે. નહિ તો પછી તેણે માનવપ્રકૃતિને પોતાના ઉપર ઓઢી લીધી હોય તેનો કોઈ અર્થ નથી કે તેનો કાંઈ ઉપયોગ નથી કે કોઈ કિંમત નથી. જો તમે અવતારવાદમાંથી તેમનો અર્થ જ કાઢી લો તો પછી અવતારોને સ્વીકારવાનો શો ઉપયોગ છે?

*

જો તમારી દલીલ એવી હોય કે અવતારનાં જીવન-કાર્યો અને સંઘર્ષો ( દા. ત. રામના, કૃષ્ણના ) અવાસ્તવિક છે કારણ કે પરમાત્મા ત્યાં રહેલો છે અને જાણે છે કે તે બધું માયા છે, તો પછી માણસમાં પણ એક અમર આત્મ-તત્ત્વ, અથવા આત્મા છે જે અસ્પૃશ્ય અને દિવ્ય છે; તમે એમ કહી શકો કે માનવનાં દુઃખો અને અજ્ઞાન તેના ઉપર લાદવામાં આવેલાં છે; તે જૂઠાં અને અવાસ્તવિક છે. પરંતુ જે માણસને તે બધાં વાસ્તવિક લાગે અને જો અવતારને તેનું કાર્ય અને મુશ્કેલીઓ ગંભીર અને વાસ્તવિક લાગે તો તેનું શું?

જો દિવ્યતાનું અસ્તિત્વ કોઈ ખાસ અસર ન કરતું હોય, તો તેને કેવળ

સૈદ્ધાંતિક રીતે સ્વીકારવાનો શો ઉપયોગ ? પરમાત્માનો અવતારમાં આવિર્ભાવ માનવીને મદદ કરે છે અને તે દિવ્યતાનો સાક્ષાત્કાર કરવા માટેનો માર્ગ શોધે છે. જો તે બે વચ્ચેનો એટલો બધો મોટો ભેદ હોય કે અવતારે જે માર્ગ શોધેલો છે તેને અનુસરવા માટેની બધી શક્યતાને માનવપ્રકૃતિ તેની પ્રકૃતિ પ્રમાણે અટકાવી દે, તો તેનો ફક્ત એટલો જ અર્થ થાય કે માનવમાં એવી કોઈ દિવ્યતા નથી જે અવતારમાં રહેલી દિવ્યતાને પ્રત્યુત્તર આપી શકે.

*

હું ફરીને કહું છું કે પરમાત્મા જ્યારે પાર્થિવ પ્રકૃતિનો બોજો પોતાના ઉપર લઈ લે છે ત્યારે તે પૂર્ણ રીતે, સચ્ચાઈપૂર્વક અને કોઈ પણ જાતની ચાલાકી કે દંભ વગર સ્વીકારી લે છે. જો તેની પાછળ કોઈ એવી વસ્તુ હોય જે બુરખાઓ પાછળથી કાયમ બહાર આવે, તો તે મૂળભૂત તત્ત્વમાં તે જ વસ્તુ છે, અને બીજાઓ પાછળ જે વસ્તુઓ રહેલી છે તે વધારે મહત્તર કક્ષાની હોય છે – અને તે વસ્તુને જાગ્રત કરવા માટે જ ત્યાં હોય છે.

ચૈત્યપુરુષ પણ જે લોકોને આધ્યાત્મિક માર્ગ માટેની ઇચ્છા હોય તેમના માટે તે પ્રમાણે કાર્ય કરે છે – માણસોએ તેને અનુસરવા માટે અસાધારણ માનવીઓ બનવાની જરૂર નથી. તમે તે ભૂલ કરી રહ્યા છો – મહાનતાનું જ ગાણું ગાવાનું કાર્ય, જાણે કે ફક્ત મહાન માણસો જ આધ્યાત્મિક બની શકે છે.

*

તમે રામ ઉપરનાં વિધાનો કર્યાં છે તેનાથી મને થોડી ગૂંચવણ થઈ છે. વાલ્મીકિના રામ ઉપર નબળાઈનો આરોપ મૂકી ન શકાય; તેને કાયમ એક યોદ્ધા તરીકે માનવામાં આવેલ છે અને ભારતની 'લડાયક જાતિઓએ' તેમને દેવ બનાવેલા. તેમણે જે માનવથી નીચેની કક્ષાના પ્રતિસ્પર્ધીઓ સામે છેતરપિંડી કરી તે તેમની વીરતાની વિરોધી વાત નથી – કારણ કે કાયમ માનવીએ (મહાન યોદ્ધાઓ અને શિકારીઓએ પણ) માનવથી નીચેની કક્ષાનાં પ્રાણીઓ સાથે તે રીતનો વ્યવહાર કરેલો છે. હું ધારું છું કે મધુસૂદને બંગાલીઓની નજરમાં વાલ્મીકિના નાયકને ઝાંખો પાડી દીધેલો છે અને તેને એક સામાન્ય માનવ બનાવી દીધેલો છે પરંતુ તે પ્રમાણભૂત રામ રામ નથી, પછી ભલે ગમે તે માણસ ગમે તેમ કહે, કારણ કે રામ એક મહાકાવ્યનું પાત્ર છે – તે અવતાર હોય યા ન હોય છતાં. એક રૂઢિગત નૈતિકતા માટે, બધી જ નીતિમત્તા પરંપરાગત હોય છે – માણસ રૂઢિઓ સિવાય જીવી શકે નહિ, પછી તે મનોમય હોય કે નૈતિક, નહિ તો તેને પોતાને પ્રાણમય પ્રકૃતિનાં

અંધાધૂંધી કરનારાં બળોના સાગરમાં તે ગુમ થઈ ગયો હોય એવું તેને લાગે છે. રસેલ જેવાઓ અને બર્નાડ શો જેવાઓને પણ એક પ્રકારના સામાજિક નિયમોનું ઉલ્લંઘન કરીને તેમને સ્થાને બીજા નિયમોનું સ્થાપન કરવું પડે છે. મનથી પર જઈને જ માનવી રિવાજોથી પર થઈ શકે છે – કૃષ્ણ એ પ્રમાણે કરી શકયા કારણ કે તેઓ મનોમય માનવ–સ્વરૂપ નહોતા, પરંતુ અધિમનસ દેવ હતા અને માનવ-ચેતના કરતાં વધારે મહત્તર ચેતનામાં મુક્ત રીતે કાર્ય કરતા હતા. રામ એ પ્રકારના નહોતા, તે સાત્ત્વિક મનના અવતાર હતા – મનોમય, ઊર્મિમય અને નૈતિક ચેતનાના અવતાર – અને તેમણે તેમના યુગના અને જાતિના ધર્મનું અનુસરણ કર્યું હતું. તે વસ્તુ ગાંધીના સ્વભાવને અનુકૂળ આવે, અને તમને પ્રતિકૂળ થાય. પરંતુ જે રીતે કૃષ્ણમાંથી ગાંધીને સ્વભાવગત વિરોધ લાગ્યો તેને લઈને કૃષ્ણને અવતાર નહોતા એમ સાબિત કરી શકાતું નથી, તે પ્રમાણે તમારા સ્વભાવગત અણગમાને લઈને રામ અવતાર નહોતા એવું પ્રતિપાદન થઈ શકતું નથી. તેમ છતાં મારો મુખ્ય મુદ્દો એ છે કે અવતારવાદ આ પ્રશ્નો ઉપર બિલકુલ આધાર રાખતો નથી પરંતુ તેના અર્થ તથા હેતુ માટેનો તેનો પાયો જુદો જ હોય છે.

*

મારો હેતુ રામનો જોરદાર બચાવ કરવાનો નથી – મેં ફક્ત વાલી વિશેના મુદ્દાઓને જ હાથ ઉપર લીધા છે કારણ કે હાલના સમયમાં એક મહાન પુરુષના વ્યક્તિત્વને સામાન્ય સ્તર ઉપર રહીને નીચું પાડવા માટે તે બધા મુદ્દાઓનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ અવતારવાદના મુદ્દા ઉપરથી આધુનિક પ્રમાણના આધારે તેમનો નૈતિક પૂર્ણતાનો બચાવ કરવાનો વિચાર હું ન કરું. નેપોલિયન અથવા સીઝર પણ જે નૈતિકતાના અથવા સમાજવાદના વિવેચનકારો હતા અથવા પોતાના જે બાહ્યાડંબરો હતા તેમને વિભૂતિઓ તરીકે સાબિત કરવા માટે બચાવ કરવાનો વિચાર પણ હું ન કરું. વિભૂતિ, અવતાર વગેરે એવા શબ્દો જે જેમનો પોતાનો અર્થ અને પોતાનું ક્ષેત્ર હોય છે અને તેમને માનવ-માપદંડ પ્રમાણેના નૈતિકતા અથવા બિન-નૈતિકતા અથવા પૂર્ણતા અને અપૂર્ણતા સાથે કોઈ સંબંધ નથી અથવા તેમને માણસો સમક્ષ નવીન દૃષ્ટાંત મૂકાવવા કે નવીન નૈતિક વલણો બતાવવાનો અથવા નવીન આધ્યાત્મિક ઉપદેશો આપવા સામે કોઈ સંબંધ નથી. આ વસ્તુ કરવામાં આવે યા ન પણ આવે, પરંતુ તે બધું આ વસ્તુનું સારભૂતતત્ત્વ નથી.

ઉપરાંત રામના માનવ-વ્યક્તિત્વ વિશે તમારા વ્યવહારની પદ્ધતિ મને સાચી લાગતી નથી. વાલ્મીકિએ જે પશ્ચાદ્ભૂમિ આપી છે તેને સમગ્ર રીતે ધ્યાનમાં લેવી

જોઈએ. (તે આધુનિક માનવીની વાર્તા હોય તે પ્રમાણે તેની સાથે વર્તાવ ન કરવો જોઈએ.) વાલ્મીકિએ તેના નાયકના વ્યક્તિત્વને, કાર્યોને અને કર્મોને જે અગત્ય આપી છે તેને પણ સમજવી જોઈએ. જો તેને તે ભૂમિકામાંથી ઉઠાવી લેવામાં આવે, અને આધુનિક નૈતિક મનની પૃથક્કરણ કરનાર છરીથી અંગ વિચ્છેદન કરવામાં આવે તો તેનો હેતુ બિલકુલ માર્યો જાય છે. આ રીતે જો કૃષ્ણનું વર્ણન કરવામાં આવે તો તે વિલાસી અને તરકટી વ્યક્તિ બને. જો કે તેમણે રાજકારણમાં મહાન કાર્યો કરેલાં છે – પરંતુ રામે પણ યુદ્ધમાં તે પ્રમાણે જ કરેલું છે. એકાઈલિસ અને ઓડિસીને તેમની ભૂમિકામાંથી બહાર ખેંચી લેવામાં આવે તો, એક ભયંકર અહંકારી જંગલી હોય અને બીજો ઘાતકી અને લુચ્ચાઈ કરતો જંગલી માણસ બને. હું મારી જાતને મહાભારત, ઈલિયડ અને રામાયણના વાતાવરણમાં તેમના ભાવ અને સૂચક અર્થમાં જોવાનું ઈચ્છું છું અને તે બધા નાયકોનાં બાહ્ય કાર્યોની વિગત તપાસું તે પહેલાં તે સમયના કાલના તત્ત્વમાં મારી જાતને તદ્રૂપ બનાવું છું.

અવતાર તરીકે હું રામને સ્વીકારું છું, કારણ કે તે આ પદ્ધતિમાં બંધ બેસે છે – અને મને સાચી રીતે તે જગા પૂરે છે એમ લાગે છે – અને જ્યારે હું રામાયણ વાંચું છું ત્યારે એક મહાન આનંદનો પ્રવાહ આવે છે જે હું અનુભવું છું અને તેનાથી આ વાર્તા બનેલી છે – જો કે, તે કેવળ પરિઓની વાર્તા હોય એવું લાગે છે – તે પાર્થિવ ઉત્ક્રાંતિમાં એક કટોકટી ભરી સંક્રાંતિકાળના બનાવની કથા છે. તે મુખ્ય પાત્રના વ્યક્તિત્વને અને કામને એક વિશાળ વિશ્વરૂપ પ્રતીક આપે છે અને બનાવોની જુદી જ પદ્ધતિમાં બીજા કોઈ માણસે આ કાર્ય હાથમાં લીધું હોત તો ન બની શકત. અવતાર અદ્ભુત કાર્યો કરવા માટે બંધાયેલો નથી, પરંતુ તેનાં કાર્યો અથવા તેનું કામ અથવા તે પોતે જે કાંઈ છે તે બધાને અથવા તેમાંના કોઈ એકને – એક એવો મર્મ અને અસરકારક પ્રભાવ આપવા માટે પૃથ્વીની અને તેની જાતિઓના ઈતિહાસમાં કોઈ એક વિશિષ્ટ તત્ત્વના એક ભાગરૂપ હોવાં જોઈએ, એટલા પૂરતો બંધાયેલો છે.

તેમ છતાં, જો કોઈ વ્યક્તિ હું જે રીતે જોઉં છું તે રીતે ન જુઓ અને રામને તેમના સ્થાનમાંથી ફેંકી દેવાની તેની ઈચ્છા હોય તો મને તેમાં કોઈ વાંધો નથી — મને રામ માટે કોઈ ખાસ પક્ષપાત નથી — સિવાય કે તેમના સ્થાને એવી વ્યક્તિને મૂકવામાં આવે જે તેમની ખાલી પડેલી જગા યોગ્ય રીતે ભરી શકે. તે જગાએ કોઈ એવી વ્યક્તિ હતી, જે વાલ્મીકિના રામ કે બીજો કોઈ રામ, અથવા એવી કોઈ વ્યક્તિ, જે રામ ન પણ હોય.

ઉપરાંત હું એવું પણ કહેવા માગતો નથી કે તમારી રામ વિશેની ટીકાના સત્યને હું સ્વીકારું છું, ભલે તેને કકડે કકડે લેવામાં આવી હોય. પરંતુ તેની ચર્ચા કરવા માટે મારે આજે સમય નથી. વાલીને હણવાના કાર્યમાં અને સીતાને વનવાસ આપવાની બાબતમાં હું મારું સ્થાન જાળવી રાખું છું. ભલે વાલીએ તે પદ્ધતિ માટે વાંધો ઉઠાવ્યો હોય, જો કે તે વિરોધ તેણે પછીથી પાછો ખેંચી લીધો હતો અને રામનાં સગાંવહાલાંના અભિપ્રાયની વિરુદ્ધ હોવા છતાં પ્રાચીન ધર્મના વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી, જુદો હોય છતાં, હું સ્વીકારું છું – નહિ કે કોઈ વિશ્વરૂપ નૈતિક પ્રમાણ અનુસાર – પરંતુ તે ધર્મ અત્યારે અસ્તિત્વ ધરાવતો નથી, કારણ કે તે માપદંડ વાતાવરણ અને કાળક્રમ અનુસાર બદલાયા કરે છે.

*

ના, ચોક્કસ નહિ — અવતાર કોઈ આધ્યાત્મિક પયગંબર બનવા માટે બંધાયેલો નથી. ખરું જોતાં અવતાર હકીકતમાં કદી ફક્ત પયગંબર હોતો નથી. તે તો એક સિદ્ધ કરનાર અને સ્થાપન કરનાર હોય છે — કેવળ બાહ્ય વસ્તુઓનો જ સ્થાપન કરનાર નહિ, જો કે બાહ્ય ક્ષેત્રમાં પણ તે કાંઈક સિદ્ધ તો કરે છે જ, પરંતુ મેં કહ્યું તે પ્રમાણે પૃથ્વીના વિકાસમાં જે જરૂરી વસ્તુ હોય એવી કોઈ તાત્ત્વિક અને મૂળભૂત વસ્તુને સિદ્ધ કરી જાય છે. આ વિકાસક્રમ કોઈ દેહધારી આત્મા એક પછી એક ક્રમિક અવસ્થાઓમાંથી પસાર થઈને પ્રભુ તરફ પહોંચે છે. તે વિકાસક્રમની આધ્યાત્મિક ભૂમિકાનું સ્થાપન કરવાનું કામ રામનું લેશ પણ નહોતું — તેથી તેમણે તે બાબતમાં જરા પણ માથું માર્યું નથી. તેમનું કામ રાવણનો સંહાર કરવાનું, અને રામરાજ્યની સ્થાપના કરવાનું હતું. બીજા શબ્દોમાં કહીએ તો ભાવિને માટે સાત્ત્વિક સંસ્કારી કોટિના માનવની શકયતા સિદ્ધ કરવા માટે તે આવ્યા હતા. એવો માણસ, જે પોતાના જીવનનું સંચાલન બુદ્ધિ દ્વારા, સૂક્ષ્મ ઊર્મિઓ દ્વારા, નીતિદ્વારા, અથવા કાંઈ નહિ તો નૈતિક વિચારો દ્વારા જેવા કે સત્ય, આજ્ઞાંકિતતા, સહકાર અને સંવાદ દ્વારા, ગૃહજીવન અને સમાજજીવનમાં વ્યવસ્થાની ભાવના દ્વારા, પોતાનું જીવન ગાળે તે માટે આવેલા — આ બધી વ્યવસ્થાને રામે એવા જગતમાં સ્થાપન કરવાની હતી જેમાં અરાજકતાનાં બળો ભરપૂર હતાં, જેમાં પશુમાનસ અને પ્રાણમય અહંકારનાં બળો પોતાના સંતોષને જ જીવનનો નિયમ બનાવતાં હતાં, અથવા બીજા શબ્દોમાં જેમાં વાનર અને રાક્ષસોનું રાજ્ય હતું. રામ અને તેમના જીવનના કાર્યનો આ અર્થ છે અને આ વસ્તુ તેમણે કેટલા પ્રમાણમાં સિદ્ધ કરી, અથવા ન કરી તેના પ્રમાણમાં તેમને અવતાર તરીકે અથવા તો તે અવતાર ન હતા. તેનો નિર્ણય કરી શકાય. તેમનું કાર્ય એક દાક્ષિણ્ય-

વાળા ક્ષત્રિયનો સુખાંત નાટકનો ભાગ ભજવવાનું નહોતું પરંતુ તેમાં પ્રચંડ ભયંકર પ્રાણી જે વાલિ હતો તેને મારવાનું તેમનું કાર્ય હતું, અને પશુને વશ કરવાનું તેમનું કાર્ય હતું. તેમનું કાર્ય એક પૂર્ણ માનવના આદર્શ બનવાનું નહોતું, પરંતુ એક વિશાળ રીતના સાત્ત્વિક પ્રતિનિધિત્વ ધરાવતા માનવનું, એક વફાદાર પતિ અને પ્રેમી, એક પ્રેમાળ અને આજ્ઞાંકિત પુત્ર, એક કોમળ અને સંપૂર્ણ ભ્રાતા, પિતા અને મિત્ર બતાવવાનું કાર્ય હતું – તેઓ સર્વપ્રકારના લોકોના મિત્ર છે, સમાજે તરછોડેલા ગુહકના પણ, પશુઓના નેતાઓના મિત્ર, સુગ્રીવ, હનુમાન, ગીધ જટાયુના મિત્ર અને રાક્ષસ વિભિષણના પણ મિત્ર છે. તેઓ જે કાંઈ હતા તે એકલા તેજસ્વી અને નોંધપાત્ર હતા એટલું જ નહિ પરંતુ બિલકુલ સહજ અને અનિવાર્ય રીતે તેવા હતા. તેમાં કોઈ હરિશ્ચન્દ્ર કે શિબિ માફક આ કે પેલી વસ્તુમાં બળ-જબરીનો સૂર નથી. પરંતુ એક ચોક્કસ પ્રકારની સંવાદયુક્ત પૂર્ણતા છે. પરંતુ સૌથી વધારે તો તેમનું કાર્ય તો જેના ઉપર સામાજિક વિચાર અને તેની સ્થિરતાનો આધાર છે એવા, સત્ય અને માન, ધર્મની ભાવના, જાહેર સમાજની ભાવના અને એક સુવ્યવસ્થાની વસ્તુઓનું પ્રતિસ્થાપન થાય એવી વસ્તુઓનું ઉદાહરણરૂપ થવાનું હતું.

સત્ય અને ગૌરવ માટે, તેમના પિતૃપ્રેમ અને પિતા પ્રત્યેની આજ્ઞાધીનતા કરતાં પણ વધારે – જો કે તે માટે પણ – તેમણે પોતાના અંગત હક્કોનું બલિદાન આપ્યું. તે રાજાએ અને સભાએ તેમને રાજા તરીકે ચૂંટી કાઢેલ અને છતાં ચૌદ શ્રેષ્ઠ વર્ષોનું બલિદાન આપ્યું, એટલું જ નહિ પરંતુ ચૌદ વર્ષ વનવાસમાં દેશનિકાલ થયા. જાહેર જીવન માટે અને સમાજવ્યવસ્થાની તેમની ભાવનાને લઈને ( પ્રાચીન ભારતીયો ) ગ્રીકો અને રોમનોના દષ્ટિબિંદુમાં તે નાગરિક તરીકે મહાન અને પરમ ગુણ હતો. કારણ કે તે સમયે એક સુગ્રથિત સમાજની વ્યવસ્થા, અને નહિ કે અલગ વ્યકિતનો વિકાસ અને સંતોષ, માનવ-ઉત્ક્રાંતિની તાતી જરૂરિયાત હતી, અને એ પ્રમાણે તેમણે પોતાનું સુખ અને ગૃહસ્થી તરીકેનું સુખ તથા સીતાના સુખનું બલિદાન આપ્યું. આ બાબતમાં રામ પ્રાચીન જાતિઓની નૈતિક ભાવના સાથે એકરૂપ હતા, જો કે પાછળથી આધુનિક માનવની રંગદર્શી વ્યકિતગત સંવેદનશીલ નૈતિકતાથી ભિન્ન હતી. આધુનિક માનવ તેવી કડક નીતિનો સ્વીકાર ઓછો કરી શકે કારણ કે પ્રાચીન લોકોમાં સામાજિક સુવ્યવસ્થાની ભાવના માટે વ્યકિતના સુખનું બલિદાન આપવામાં આવતું. છેવટે રામનું કાર્ય રાવણના સમ્રાટપણાને, રાક્ષસોની હરકતોને, સાફ કરી નાખી એક સાત્ત્વિક માનવના આદર્શનું સ્થાપન કરવા માટે તથા જગતને સલામત બનાવવાનું હતું. આ બધું તેમણે એક દિવ્ય ઉત્સાહથી પોતાના વ્યકિતત્વમાં તથા

કાર્યમાં એવી રીતે કર્યું કે તેમનું વ્યક્તિત્વ ભારતીય સંસ્કૃતિના મન ઉપર બે સુવર્ણ યુગો સુધી છવાઈ રહ્યું છે. અને તેઓ જે ગુણોનું પ્રતિનિધિત્વ ધરાવતા, તેમને સર્વ દેશોમાં રહેલા માનવીઓની બુદ્ધિ અને આદર્શવાળા માનવીઓ ઉપર સત્તા ચલાવેલી છે. અને માનવના પ્રાણની સતત બંડખોરી હોવા છતાં પણ જ્યાં સુધી વધારે ઉચ્ચ આદર્શ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ચાલુ રહેવાની શકયતા છે. અને આ બધું હોવા છતાં તમે એમ કહો છો કે તે અવતાર ન હતા ? તમને પસંદ હોય તો — કોઈ પણ રીતે ઘણી ઓછી મહાન વિભૂતિઓ થઈ, તેમાંના તેઓ એક હતા. તમે હાલમાં તેમને સ્થાનભ્રષ્ટ કરી શકો – કારણ કે માણસ હાલમાં સાત્ત્વિક આદર્શથી સંતોષ પામતો નથી અને તેનાથી વધારે ઉચ્ચ આદર્શની શોધમાં છે – પરંતુ તેમનાં કાર્ય અને અર્થની છાપ પૃથ્વીની ઉત્ક્રાંતિ પામતી માનવજાતિના ભૂતકાળ ઉપર અચૂક જડાયેલી રહેવાની. મેં જ્યારે તેમની ગેરહાજરી દ્વારા ખાલી પડેલી જગાની વાત કરી ત્યારે મારે પયગંબર અને બુદ્ધિશાળી માનવોની હારમાળામાં રહેલી ખાલી જગાની વાત કરવાનો ઉદ્દેશ ન હતો પરંતુ અવતારવાદની યોજનામાં પડેલી ખાલી જગાની વાત હતી. — કોઈ એવી વ્યક્તિ હતી જે સાત્ત્વિક હનુમાનનો અવતાર હતી. જે રીતે કૃષ્ણ એ અધિમનસના અતિમાનવનો અવતાર હતા – હું તે જગા રામ સિવાય કોઈ પૂરી શકે એવા કોઈને જોઈ શકતો નથી. આધ્યાત્મિક શિક્ષકો અને પયગંબરો ( અને તેમાં ચિંતકો, વિજ્ઞાનીઓ, કલાકારો, કવિઓ વગેરે ) — ગમે તેટલા મહાન હોય છતાં વિભૂતિ હોય છે, પરંતુ અવતાર નહિ. કારણ કે કોઈ પણ રીતે બધા જ ધર્મના સ્થાપકો અવતાર બને છે. જોસેફ સ્મિથ ( હું ધારું છું કે તે નામ છે ). અસિસિનો સંત ફ્રાંસિસ, કાલ્વિન અને લો યોમા અને બીજા ઘણા બધા, તેમ જ ક્રાઈસ્ટ, ચૈતન્ય અથવા રામકૃષ્ણ બધા અવતારો બને.

શ્રદ્ધા, ચમત્કારો, વિજય ગોસ્વામી વગેરે વિશે બીજા પ્રસંગે વાત. મારે રામ વિશે આટલું વધારામાં કહેવું હતું – અને તે પણ ફક્ત એક ઈશારો જ છે. તેમાં હું અવતારવાદના સામાન્ય સિદ્ધાંત વિશે લખવાનું વિચારતો નહોતો.

ઉપરાંત આ વસ્તુ રામના બચાવ માટે પૂર્ણ અથવા ઉચ્ચતમ બચાવ નથી. એ વસ્તુ માટે તો મારે આખી રામાયણની વાત શું કહેવા માગે છે, તે લખવું પડે, વાલ્મીકિનાં મુખ્ય પાત્રો વિશે તેમણે કેવી રજૂઆતો કરી છે, તેની પ્રશંસા કરવી પડે, ( તે કોઈ પુસ્તકમાંથી આપેલાં દષ્ટાંતો નથી પરંતુ એવાં પુરુષો અને સ્ત્રીઓ છે જેમાં માનવપ્રકૃતિની ક્ષતિઓ અને ગુણો રહેલાં છે, જે રીતે બધા મહાન માણસોમાં પણ હોય છે તે રીતનાં ) તેમજ મારે એ પણ બતાવવું પડે કે આપણે જેને રામ તરીકે

એક વ્યક્તિને ઓળખીએ છીએ તે બહાર દેખાતા અને કરણરૂપ માણસની પાછળ પ્રભુ કઈ રીતે કાર્ય કરતા હતા અને જે વસ્તુ માટે કાર્ય કરવાનું હતું તેમાં રામના જીવનનો દરેક પ્રસંગ કેવી રીતે એક જરૂરી પગલારૂપ હતો. રામના રુદન વિશે મેં મારા અધૂરા પત્રમાં ઉત્તર આપેલો જ છે. તમે વધારે ઠંડો અને વધારે સખત એવો નોરડિક આદર્શ, દક્ષિણના માનવીઓ ઉપર ઠોકી બેસાડવા પ્રયત્ન કરો છો. દક્ષિણના માનવીઓ ઊર્મિઓની અભિવ્યક્તિઓને માન આપવાનું એક સદ્ગુણ તરીકે સ્વીકારતા, નહિ કે ઊર્મિઓને દબાવી દેવાનું. તમે એકાઇલસ, યુલિસિસ અને બીજાં મહાન પાત્રો, ઈરાન અને ભારતના મહાન પુરુષોનાં રુદનોની નોંધ તપાસો – ખાસ કરીને પાછળના બન્ને દેશોના લોકોએ પ્રેમી તરીકે રુદન કરેલું છે.

*

રામને કામ (કામવાસના) કે પ્રેમ શા માટે ન હોવા જોઈએ ? પ્રાચીન ભારતમાં એમ માનવામાં આવતું હતું કે પતિ કે પત્ની વચ્ચે એ બન્ને વસ્તુઓ સાથે જ હોય છે. રામે સીતાના વિરહમાં જે કાર્ય કર્યું તે જૂના સમયમાં વાલ્મીકિનો કાવ્યનો આદર્શ હતો અને તે પ્રમાણે કાલિદાસનો પણ અને બીજાઓનો પણ હતો, જેમાં પૂર્ણ પ્રેમીએ આવા સંજોગોમાં કેવી રીતે વર્તવું. સાચા રામે તે બધું કરવાની તકલીફ લીધી હતી કે કેમ એ જુદી જ બાબત છે.

અચેતન અવતાર – શા માટે નહિ ? વૈષ્ણવો ચૈતન્યને એક અવતાર માને છે પરંતુ તેમને પ્રભુ વિશેનું ભાન, જ્યારે પ્રભુ અગ્ર ભાગે આવતા અને ખાસ સંજોગોમાં તેમનો કબજો લઈ લેતા, ત્યારે જ થતું હતું. ક્રાઈસ્ટે કહ્યું છે, "હું અને મારા પિતા એક છીએ" તેમ છતાં તેઓ તેમની અને પ્રભુની વચ્ચે ભેદ હોય તે રીતે બોલતા. – રામકૃષ્ણ શરૂઆતના સમયમાં પ્રભુને શોધનાર સાધક જ હતા, તેમને પ્રભુની સાથે એકતાનું પહેલેથી ભાન નહોતું. આ બધા પ્રખ્યાત ધાર્મિક અવતારો હતા અને તેઓ રામ જેવા કર્મ-કુશળ માણસ કરતાં વધારે સભાન હોવા જોઈએ. અને અવતારમાં એક સંપૂર્ણ અને કાયમી સભાનતા હોય એમ આપણે માનીએ તો વિરલ પ્રસંગોમાં એક અર્જુન પાસે અથવા થોડા ભક્તો કે શિષ્યો સિવાય બીજાઓ પાસે શા માટે તે વાતને જાહેર કરવી જોઈએ ? બીજાઓએ શોધી કાઢવું જોઈએ કે તે કોણ છે ? જો બીજા લોકો એ અવતાર સમક્ષ તે **तत्** (પરમાત્મા) છે એમ વાત કરે તો તેઓ તે બાબતનો ઈનકાર કરતા નથી. અવતાર હંમેશાં પોતાની વાત કરતા નથી અને કદાચ કદી પણ ન કહે, અથવા ફક્ત ગીતામાં આવતી કોઈ પળોમાં જ એમ કહે કે "હું પ્રભુ છું."

*

રામ ઉપરની તમારી નવીન વિશેષ નોંધોનો ઉત્તર આપવાનો આજે રાત્રે સમય નથી. તમે ગૂંચવાયેલા છો કારણ કે તમે અવતાર વિશે આધુનિક પ્રમાણો અને આધુનિક નૈતિક અને આધ્યાત્મિક માપદંડો (જે 'સીતી' અને 'બંકિમે' આપેલા છે) તેને વળગી રહ્યા છો – જ્યારે હું બીજા જ દૃષ્ટિબિંદુથી શરૂઆત કરું છું અને આ માનવના માપદંડોના પ્રમાણોનો મક્કમતાપૂર્વક ઇનકાર કરું છું. પ્રાચીન અવતારો (બુદ્ધ સિવાયના) પૂર્ણતાનાં પ્રમાણો કે આધ્યાત્મિક ઉપદેશકારો નહોતા. ભલે પછી કૃષ્ણ કહે છે તે પ્રમાણે કોઈ અસાધારણ ચેતનાની ક્ષણોમાં ગીતા કહેવાયેલી હોય, અને પછીથી તાત્કાલિક તે ચેતના ચાલી ગઈ હોય. હું એમ કહી શકું કે તેઓ વૈશ્વિક માનવીઓના પ્રતિનિધિરૂપ હતા જેઓ પૃથ્વી ઉપરની માનવજાતિના ઉત્ક્રાંતિમાં અમુક વસ્તુઓને નિશ્ચિત કરવા માટે પ્રભુના પ્રક્ષેપના કરણો હતા. હું આ વસ્તુને ચોક્કસ રીતે પકડી રાખું છું અને તમારી દલીલનાં હરકોઈ પ્રમાણ હોય તેમાં મારી જાતને મનાવવાનો ઇનકાર કરું છું.

હું બિલકુલ કબૂલ કરતો નથી કે રામ એક અંધ અવતાર હતા પરંતુ મેં તમારી સમક્ષ બે વિકલ્પો મૂકેલા જેમાં બીજો વિકલ્પ રામાયણે મારા ઉપર જે છાપ પાડી છે તેના આધાર ઉપર મારું સાચું દૃષ્ટિબિંદુ રજૂ થાય છે. રામ બરાબર જાણતા હતા કે તે અવતાર હતા પરંતુ તે વિશે વાતચીત કરવાનો તેમણે ઇનકાર કરેલો – તેમનું કાર્ય તેમની અંદર રહેલા પરમાત્માને જાહેર કરવાનું નહોતું પરંતુ પશુના અને રાક્ષસોના બળની સામે એક મનોમય, નૈતિક અને ઊર્મિમય માનવીનું પૃથ્વી ઉપર સ્થાપન કરવાનું હતું (તેવા માનવીનું તેમણે સર્જન કરવાનું નહોતું, કારણ કે તેઓ પોતે જ તે પ્રકારના હતા). ચૈતન્ય વિશેની મારી દલીલ (તેઓ પોતાની બાહ્ય ચેતનામાં ઘણોખરો વખત પહેલાં પંડિત રહેલા અને પછી ભક્ત, પરંતુ પ્રસંગોપાત્ત પરમાત્મા પોતે જ બની રહેતા) એ બિલકુલ બુદ્ધિયુક્ત અને તર્કસિદ્ધ છે, પરંતુ તેના માટે તમારે મારી વિચારસરણીને અનુસરવું જોઈએ અને અવતાર માટે એક ઊંચા વિશિષ્ટ પ્રકારની આધ્યાત્મિક ચેતના માટે ખાસ આગ્રહ ન રાખવો જોઈએ. મારા હવે પછીના પત્રમાં હું શું કહેવા માગું છું તે તમને બતાવીશ.

સાત્ત્વિક માનવી એટલે તે કાયમ નીતિમાન અથવા કાયમ આત્મ-સંયમી હોય જ એવો અર્થ કરતો નથી, પરંતુ તે માનવી પ્રધાનતઃ મનોમય હોય છે, (એટલે પ્રાણમય અને કેવળ શારીરિક ચેતનાવાળો નહિ) જેનામાં રાજસિક ઊર્મિઓ અને આવેગો હોય છે, પરંતુ જેનું જીવન મુખ્યત્વે તેનાં મન, સંકલ્પ અને વિચારો પ્રમાણે ઘડાયેલું હોય. શુદ્ધ સાત્ત્વિક માનવી જેવી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી, એમ હું ધારું છું, કારણ કે અસ્થિર સમતુલાની અવસ્થામાં ત્રણે ગુણો કાયમ સાથે

રહેતા હોય છે – પરંતુ મુખ્યત્વે સાત્ત્વિક માનવી મેં જે વર્ણન કર્યું તે પ્રમાણેનો હોય છે. વાલ્મીકિના વાચનમાંથી રામ વિશેની મારી છાપ આ પ્રકારની છે – અને તે તમારી છાપથી બિલકુલ જુદી જ છે. મને લાગે છે કે તમારું તેમના વિશેનું ચિત્ર વિરૂપ છે – તમે પાત્રોની મુખ્ય રેખાઓ ભૂંસી નાખો છો, અને વાલ્મીકિએ જે પ્રકાશને મૂલ્યવાન અને અગત્ય આપી તેમને ઓછા આંકો છો યા ભૂંસી નાખો છો અને તમે આપેલી કેટલીક વિગતોનું વારંવાર પુનરાવર્તન કર્યા કરો છો જે રામની છાયાનો એક નાનકડો ભાગ છે, અને તેને રામના જીવન વિશેનો વધારે મોટો ભાગ બનાવો છો. જે લોકો કાર્ટુનિસ્ટ હોય છે તેઓ આ પ્રમાણે કરે છે – પરંતુ કાર્ટુન ચિત્ર એ સાચું ચિત્ર નથી.

કોઈ સાત્ત્વિક માણસમાં એક પ્રબળ આવેગ અને પ્રચંડ ગુસ્સો હોઈ શકે – અને જ્યારે તે ક્રોધ વ્યક્ત કરે છે ત્યારે તેનામાં કોઈ ઝેરીલા માણસનું ક્યાંય પણ દર્શન થતું નથી. ક્રાઈસ્ટના ભભૂકતા ક્રોધનો અથવા ચૈતન્યની ઘૃણાનું દૃષ્ટાંત જુઓ- અને આ મુદ્દા ઉપર અનુભવની સામાન્ય સાબિતી અને માનસશાસ્ત્રની પણ નોંધ લો.

તમે રામની અવિકસિત માનવ તરીકેની ખાસિયતનું જે દૃષ્ટાંત આપો છો દા.ત. તેમની પોતાની નિશ્ચયાત્મક સહજસ્ફુરણા પ્રમાણેનો સંકલ્પ અને તેમને જે વિચાર આવતો હતો તે પ્રમાણેનો નિશ્ચય અને નૈસર્ગિક કાર્ય એક વિશ્વરૂપ માનવીનું લક્ષણ છે, અને ઘણી વિભૂતિઓ, સીઝર અથવા નેપોલિયન જેવા ઘણા કર્મવીર પ્રકારના માણસોમાં પણ આ લાક્ષણિકતા હતી.

જ્યારે મેં એમ કહ્યું કે, "શા માટે અવચેતન અવતાર ન હોઈ શકે ?" ત્યારે મેં તમારું વિધાન ધ્યાનમાં લીધેલું (નહિ કે મારું) કે રામ અચેતન હતા અને અચેતન અવતાર કઈ રીતે હોઈ શકે ? મારું પોતાનું એવું દૃષ્ટિબિંદુ છે કે રામ તે વિશે અજ્ઞાન નહોતા, તેમ જ તેમના અવતાર હોવા વિશે અચેતન પણ નહોતા, પરંતુ તે વાત તેઓ પ્રગટ કરતા નહિ. પરંતુ તમારા વિધાનને પણ સત્ય માનીએ તો તમારા વાંધાનો નિકાલ ન કરી શકાય એવો નથી. મેં ચૈતન્ય અને બીજાઓનાં દૃષ્ટાંતો આપેલાં છે કારણ કે તે હકીકતોનો પડકાર થઈ શકે એમ નથી. ચૈતન્ય તેના જીવનની શરૂઆતમાં ફક્ત નિમાઈ પંડિત હતા અને તેઓ બીજું કાંઈક તેમનામાં હોય એ વિશે સભાન નહોતા. ત્યાર પછી તેમનામાં ફેરફાર થયો અને તેઓ ભક્ત ચૈતન્ય બન્યા. આ ભક્તમાં કોઈ કોઈ વખત કૃષ્ણની હાજરીનો સંચાર થતો અને તેથી તે સભર બનતા, પોતાની જાતને કૃષ્ણ તરીકે જાણતા; તેઓ કૃષ્ણનો પ્રકાશ

સાથે લઈને ફરતા અને બહાર જાહેર થતા અને કૃષ્ણ તરીકે વાતચીત કરતા — અને જ્યારે તેઓ આ ભવ્ય અને રૂપાંતરિત સ્થિતિમાં રહેતા ત્યારે તેમની આજુબાજુના લોકો તેમનો બીજી કોઈ વ્યક્તિ તરીકે વિચાર પણ કરી શકતા નહિ. અથવા જોઈ શકતા પણ નહિ. પરંતુ તેમાંથી પાછા તેઓ ભક્ત કોટિમાં આવી જતા, અને મેં તેમનું જીવનચરિત્ર વાંચ્યું છે તે પ્રમાણે પોતાની જાતને ભક્ત કરતાં વધારે મોટા ગણવાનો ઇનકાર કરતા — હું માનું છું કે આ બધી સાચી હકીકતો હતી. વારુ, તો પછી આ બધી વસ્તુઓ કઈ વસ્તુનું સૂચન કરે છે? તે પહેલાં નિમાઈ પંડિત હતા? એ માની શકાય એમ છે કે તેઓ ફક્ત તે પ્રકારના હતા, અને પ્રભુનું તેમનામાં ત્યારે જ અવતરણ થતું જ્યારે તેમનામાં રૂપાંતર થતું, અને આધ્યાત્મિક પરિવર્તન આવતું? પરંતુ પાછળથી જ્યારે તેઓ તેમની સામાન્ય ભક્ત-ચેતનામાં પાછા આવી જતા ત્યાર પછી તેઓ અવતાર નહોતા? ત્રુટક ત્રુટક અવતાર બનતા? બપોરના સમયે કૃષ્ણને બોલાવે ત્યારે તઓ ચૈતન્યમાં પ્રવેશ કરે અને પછી જ્યારે બીજી મુલાકાતનો સમય થાય ત્યાં સુધી તેમનામાંથી પાછા ફરી જતા? આવી ઘટનાને માન્ય રાખવી એ મારા માટે મુશ્કેલ બને છે. તર્કસંમત સમજૂતી એવી છે કે અવતારવાદની ઘટનામાં એક ચેતના પાછળના ભાગમાં રહે છે, જે પહેલાં ઢંકાયેલી હોય છે અથવા કદાચ અર્ધગુપ્ત રહે છે, અને તે ચેનના પ્રભુની ચેતના હોય છે અને તેમાં અગ્રભાગે રહેલી ચેતના માનવચેતના હોય છે અથવા બાહ્ય રીતે માનવચેતના હોય છે અથવા કોઈ રીતે તેનામાં પાર્થિવ તત્ત્વનો દેખાવ હોય છે, જે વ્યકિતતા સાધનરૂપ હોય છે. તેવા પ્રસંગે એ શક્ય છે કે ગુપ્ત ચેતના સમગ્ર સમય માટે ત્યાં રહેલી હોય છે જ, પરંતુ તેમનામાં પરિવર્તન આવે ત્યાં સુધી તેણે રાહ જોઈ, અને પછીથી તે ત્રુટક ત્રુટક રીતે આવિર્ભાવ પામી કારણ કે ચૈતન્યનું મુખ્ય કાર્ય એક આધ્યાત્મિક અને ચૈતસિક પ્રકારની ભક્તિનું સ્થાપન કરવાનું હતું, તેમણે માણસના ઊર્મિમય પ્રાણના ભાગમાં પ્રેમનું સ્થાપન કરવાનું હતું અને આપણામાં રહેલા પ્રાણને પરમાત્મા પ્રત્યે વાળવા માટે તૈયાર કરવાનો હતો — અથવા કોઈ પણ રીતે તે શક્યતાને પૃથ્વી-પ્રકૃતિમાં સ્થાપન કરવાનો હતો. તેનો અર્થ એવો નથી કે તેમની પહેલાં ઊર્મિમય પ્રકારની ભક્તિ નહોતી, પરંતુ તેની પૂર્ણતા, પ્રાણનો અદ્ભુત આનંદ ચૈતન્યમાં જે અભિવ્યક્તિ થયો તે પ્રકારનો કદી આવિર્ભાવ પામેલો નહિ. પરંતુ તેના માટે જો તેઓ સતત કૃષ્ણ-ચેતનામાં જ રહ્યા હોત તો તે કાર્ય કદી થઈ શક્યું ન હોત; તે એવા પ્રભુ બની શક્યા હોત જેમને સર્વ મનુષ્યો ભક્તિ સમર્પિત કરત, પરંતુ દિવ્ય આનંદમય ભક્તિનું પરમ દૃષ્ટાંત આપી શકાયું ન હોત. તેમ છતાં જે પ્રસંગોપાત્ત આવિર્ભાવ

આવતો હતો તે દર્શાવતો હતો કે તેઓ કોણ હતા, અને તેમ છતાં અંતર્હિત પરમાત્માના ગુહ્યધર્મને માટે તે આવિર્ભાવ સાક્ષીરૂપ હતો.

ચૈતન્ય માટે હવે બંધ કરીએ ? પરંતુ જો ચૈતન્ય, અગ્ર ભાગની ચેતનામાં, સાધનરૂપ વ્યક્તિત્વમાં, સમગ્ર સમય માટે અવતાર હતા, છતાં તેમની ઉચ્ચતમ ક્ષણો સિવાય તે વિશે અભાન હતા, અને તે વસ્તુનો ઇનકાર કરતા. તે વસ્તુને જરા આગળ લંબાવીએ તો તમે જેને અભાન અવતાર તરીકે કહો છો તેની શકયતાનું સ્થાપન કરે છે એટલે કે એક એવી વ્યક્તિ જેનામાં ઢંકાયેલી ચેતના અગ્રભાગે આવી શકે નહિ પરંતુ કરણરૂપ વ્યક્તિને કાયમ પાછળ રહીને ગતિ આપે. બાહ્ય ચેતના પોતાના આંતરસ્વરૂપના ભાગોમાં સભાન હોય, કે તે કોઈક દિવ્ય વસ્તુ ફક્ત કરણ જ છે અને તે દિવ્ય તત્ત્વ તેનું આત્મતત્ત્વ છે, પરંતુ તે બાહ્ય રીતે એવી રીતે વિચારે, બોલે અને આચરણ કરે જાણે કે તે એક એવો માનવી હોય જેને કોઈ કાર્ય અમુક વિશિષ્ટ શકિત અને ભવ્યતાથી સોંપવામાં આવ્યું હોય તેવી રીતે તે કાર્ય કરનાર જ છે. આવો કોઈ અવતાર હતો કે નહિ તે જુદો પ્રશ્ન છે, પરંતુ તર્કબદ્ધ રીતે તે શકય છે.

*

પ્રશ્ન એ હતો કે દિવ્ય આવિર્ભાવની પાસે કેટલીક પૂર્ણતાઓની માગણી કરી શકાય કે કેમ, અને તે વસ્તુ મને વાસ્તવિકતાથી બિલકુલ વિસંગત લાગેલી. હું બે વિધાનો રજૂ કરું છું જે મને અનિવાર્ય લાગે છે સિવાય કે આપણે વસ્તુઓ વિશેના આધુનિક યુરોપિયન વિચારોની તરફેણમાં સર્વ આધ્યાત્મિક જ્ઞાનને ઉલટાવી નાખીએ; પહેલું, દિવ્ય આવિર્ભાવ જ્યારે તે મનોમયતામાં અને માનવ-રીતોમાં આવિર્ભાવ પામે છે છતાં તેનામાં મનોમય ચેતના કરતાં મહાન ચેતના તેની પાછળ રહેલી હોય છે અને તે આ અતિશય અજ્ઞાનપૂર્ણ માનવજાતિના ક્ષુદ્ર મનોમય અને નૈતિક રૂઢિઓથી બંધાયેલી હોતી નથી — તેથી કરીને પરમાત્મા ઉપર આ નિયમો ઠોકી બેસાડવા એટલે કાંઈક બુદ્ધિવિહીન અને અશકય વસ્તુનો પ્રયત્ન કરવો. બીજું, બાહ્ય દેખાતા વ્યક્તિત્વની પાછળ રહેલી આ દિવ્ય ચેતના મૂળભૂત રીતે બે વસ્તુઓ સાથે જ સંબંધ ધરાવે છે — ઊર્ધ્વમાં રહેલું સત્ય અને અહીં નિમ્નમાં રહેલી લીલા તથા અવતાર અથવા આવિર્ભાવનો હેતુ, અવતાર તેના માટે જે વસ્તુ જરૂરી હોય તે કરે છે, અને તે એવી રીતે કરે છે જે તેની માનવચેતના કરતાં વધારે મહાન ચેતનાને જરૂરી લાગે અને તેની પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે પરંતુ મને એ સમજ પડતી નથી કે તે બધું મને માનસિક પ્રશ્નોના ઉત્તર આપવામાંથી કઈ રીતે અટકાવી

શકે. હું પોતે તે દર્શાવું તો જો તે પરમાત્માના હેતુ માટે જરૂરી હશે તો તે કરવાનું જ છે. શ્રી રામકૃષ્ણ પોતે હજારો પ્રશ્નોના ઉત્તર આપતા હતા, એમ હું માનું છું. પરંતુ તે ઉત્તરો એવા હોવા જોઈએ જે તેમણે આપ્યા, અને જે પ્રશ્નો હું જે રીતે આપવા પ્રયત્ન કરું છું તે રીતના, એવા ઉત્તરો જે ઊર્ધ્વતર આધ્યાત્મિક અનુભૂતિમાંથી આવતા હોય, આ ઉત્તરો જ્ઞાનના સ્રોતના વધારે ઊંડાણમાંથી આવે છે નહિ કે તર્કયુકત બુદ્ધિમાંથી, જે પોતાના અજ્ઞાનને જોડવા માટે પ્રયત્ન કરીને સરળ બનાવતી હોય તેમાંથી. દિવ્ય સત્યને બુદ્ધિના ન્યાયાસન આગળ મૂકીને પોતાના સત્ય દ્વારા સજા કરે અથવા મુકત કરી દે, તે પ્રમાણે બનવું અશકય છે – કારણ કે અહીં બુદ્ધિની સત્તા પાસે પૂરતા પ્રમાણમાં પોતાનું ક્ષેત્ર અથવા પાત્રતા કે આવડત નથી.

*

તમે કામવાસના એટલે શું કહેવા માગો છો? અવતારો લગ્ન કરી શકે છે અને તેમને બાળકો પણ હોય છે અને તે કામવાસના સિવાય શકય નથી, તેમને મિત્રાચારી, દુશ્મનાવટ, કૌટુંબિક લાગણીઓ વગેરે વગેરે બધું હોઈ શકે – આ બધી પ્રાણમય વસ્તુઓ છે. હું ધારું છું કે તમારામાં એવી છાપ છે કે અવતાર સંત અથવા યોગી હોવો જોઈએ.

*

આપણે યોગમાં મહાનતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા નથી. તે કૃષ્ણના શિષ્યોનો પ્રશ્ન નથી, પરંતુ પાર્થિવ ચેતનાનો પ્રશ્ન છે. રામ મનોમય માનવ હતા, તેમનામાં કોઈ પણ વસ્તુમાં તેમણે જે કાંઈ કહ્યું અથવા કર્યું તેમાં અધિમનસ ચેતનાનો (સીધેસીધો) સ્પર્શ નથી. પરંતુ તેમણે જે કાંઈ કર્યું તે અવતારની મહાનતાથી કરેલું છે, પરંતુ ત્યાર પછી એવા માનવો થઈ ગયા જેઓ મનથી પરની ભૂમિકાઓ સાથે – ઊર્ધ્વ મન, આલોકિત મન અને અંતઃપ્રજ્ઞાની ભૂમિકાઓના સંપર્કમાં ખરેખર જીવન ધારણ કરતા હતા. તેથી તેઓ રામ કરતાં પણ વધારે મહાન હતા કે કેમ એવો પ્રશ્ન પૂછવાનો કોઈ અર્થ નથી; તેઓ રામ કરતાં ઓછા મહાન હોઈ શકે પરંતુ તેઓ ચેતનાની નવીન ભૂમિકામાં જીવન ધારણ કરવા શકિતમાન હતા, અને કૃષ્ણએ અધિમનસને ખુલ્લું કર્યું તેને લઈને પૃથ્વી ઉપર અતિમાનસનું અવતરણ કરવાનું કાર્ય ચોક્કસ શકય બની શકયું.

*

વધારે મહાન કે ઓછું મહાન એ એક જુદો મુદ્દો છે. એસ. એસ. મૌરિટે-

નિયાનો કેપ્ટન જોહ્‌ન હિગિન્સ, ક્રિસ્ટોફર કોલમ્બસ કરતાં વધારે મહાન છે? કારણ કે તે અમેરિકામાં થોડા જ દિવસોમાં મુશ્કેલી વગર પહોંચી જાય છે. યુનિવર્સિટીનો ફિલોસૉફીનો સ્નાતક પ્લેટો કરતાં મહાન છે કારણ કે પ્લેટોના મગજમાં ઉત્પન્ન પણ થયા નહોતા એવા પ્રશ્નો અને પદ્ધતિઓને તર્કબદ્ધ રીતે ચર્ચા કરી શકે છે? ના, ફક્ત માનવજાતિએ મહાન વૈજ્ઞાનિક શક્તિને પ્રાપ્ત કરી છે જે કોઈ પણ સારો વહાણવટી તેનો ઉપયોગ કરી શકે છે અથવા એક વધારે વિશાળતર બૌદ્ધિક જ્ઞાન છે જે કોઈ પણ બુદ્ધિશાળી વ્યક્તિ જેનામાં તત્ત્વજ્ઞાનની તાલીમ હોય તે વાપરી શકે છે. તમે એમ કહી શકો કે વધારે મહાન વૈજ્ઞાનિક શક્તિ અને વધારે વિશાળ જ્ઞાન એ ચેતનાનું પરિવર્તન નથી. વારુ, તો રામ છે અને રામકૃષ્ણ છે, રામ કાયમ વિચારશીલ બુદ્ધિમાંથી બોલતા, જે વિકાસશીલ માનવીઓની સામાન્ય મૂડી છે. રામકૃષ્ણ સતત એક ઝડપી અને પ્રકાશિત આધ્યાત્મિક અંતઃપ્રેરણામાંથી બોલતા. તમે મને કહી શકો કે કોણ વધારે મહાન છે? જે અવતારને સમગ્ર ભારત અવતાર તરીકે ઓળખતા હતા તે સંત અને યોગી જેને અવતાર તરીકે પોતાના શિષ્યો અને બીજા કેટલાક માનવી જેમનું અનુસરણ કરતા હતા તે?

*

બુદ્ધમાં રામકૃષ્ણ કરતાં વધારે સમર્થ પ્રાણ, પ્રચંડ સંકલ્પ અને અજેય વિચારશીલ મન હતાં. જો તેઓ સામાન્ય જીવનમાં પડેલા હોત તો તેઓ એક મહાન વ્યવસ્થાપક, વિજેતા અને સર્જક બન્યા હોત. જ્યારે માણસ ચેતનાની ઊર્ધ્વ ભૂમિકામાં ઊંચે ચડે છે ત્યારે તેમાંથી અનિવાર્ય રીતે એવું ફલિત થતું નથી કે તે મહાન કર્મવીર અથવા મહાન સર્જક બને છે. વ્યક્તિ અંતઃપ્રજ્ઞાની આધ્યાત્મિક ભૂમિકા ઉપર પહોંચી શકે છે જેનું શેકસપિયરને સ્વપ્ન પણ ન હોય, અને તેમ છતાં તે શેકસપિયર જેટલો કાવ્યસૃષ્ટિનો સર્જક ન પણ હોય. આધ્યાત્મિક સાક્ષાત્કારનું લક્ષ્ય જગતમાં મહત્તા કે કીર્તિ કે સફળતા માટે હોતું નથી – આવી વસ્તુઓ આધ્યાત્મિક સાક્ષાત્કારના માપદંડો કઈ રીતે બની શકે?

*

આ પ્રશ્નના ઉત્તરનો આધાર આપણે આધ્યાત્મિક અનુભૂતિની કઈ કિંમત આંકીએ છીએ અને સ્થૂલ ભૂમિકા સિવાયની ચેતનાની બીજી ભૂમિકાઓની જે હકીકત છે તેનું કેવું મૂલ્ય આંકીએ છીએ તેના ઉપર છે. તે ઉપરાંત વિશ્વરૂપ ચેતના અને વ્યક્તિરૂપ ચેતના તથા માનવની સામૂહિક ચેતના વચ્ચે કઈ રીતનો સંબંધ છે તેના પર પણ આધાર છે. આધ્યાત્મિક સત્ય અને ગુહ્ય સત્યના દષ્ટિબિંદુથી જોતાં માણસની

ચેતનામાં જે વસ્તુ આકાર લે છે તે મનુષ્યના કરતાં પ્રકાશમાં, શક્તિમાં અને સૌંદર્યમાં અથવા એક પ્રતિબિંબ અને વિશિષ્ટ પ્રકારની રચના હોય છે તે પ્રકાશ ઝીલનારું માધ્યમ પણ સંપૂર્ણ પ્રકારનું નથી. આ બધી વસ્તુઓ મનુષ્ય પાસે વિશ્વ-ચેતનામાંથી આવે છે. મનુષ્ય પોતે એ ચેતનાનો અંશ છે પરંતુ માનવ મર્યાદિત ચેતનાવાળો હોય છે, અને હાલના તેના વિકાસક્રમની અવસ્થામાં હજુ તે અજ્ઞાન-મય અંશ જ છે. આ બધી વસ્તુ, પ્રજાની પ્રતિભા ઉપર અવલંબે છે. રાષ્ટ્રમાં રહેલી ચેતનાએ દેવો અને દેવોનાં રૂપોનું સર્જન કરેલું છે એ વસ્તુ ઘણી આંશિક ઉપર-છલ્લી અને ખોટા માર્ગે લઈ જનારી છે. મનુષ્યનું મન કોઈ આદિ સર્જક નથી એ એક અંતરાલ ચેતના છે; સર્જન કરવા માટે તેણે વિશ્વચેતનામાંથી કાંઈક શરૂઆત કરનારી પ્રેરણા, અથવા પસાર થનારી વસ્તુ અથવા સૂચન મેળવવાનું રહે છે, અને પછી તે જે કાંઈ કરી શકે તે કરે છે. પ્રભુ તો છે જ, પરંતુ માનવીએ તેને વિશે જે ખ્યાલો બાંધ્યા છે તે તેની પોતાની મનોમયતામાં પડેલાં પ્રતિબિંબો જ છે. આ પ્રતિબિંબો કેટલાક પ્રભુનાં અથવા બીજા સત્ત્વોનાં અને શક્તિઓનાં પ્રતિબિંબો હોય છે. તેનું માનસ તેની પાસે આવતાં સૂચનોનો ઉપયોગ કરે છે અને તેમાંથી પછી આ ખ્યાલોનું સર્જન થાય છે. જ્યાં સુધી માનવ કાંઈ વધુ ઉચ્ચ, વધારે સાચા, આધ્યાત્મિક અથવા ગુહ્ય જ્ઞાનમાં પહોંચ્યો નથી ત્યાં સુધી આ બધા ખ્યાલો આંશિક અને અપૂર્ણ રહેવાના. દેવો અસ્તિત્વ ધરાવે છે, તેઓ માનવ-સર્જિત નથી, જો કે માણસે દેવોની કલ્પના પોતાના રૂપ પ્રમાણે જ કરેલી દેખાય છે. મૂળ વસ્તુ એ છે વિશ્વની વિરાટ વાસ્તવિકતામાંથી દેવો વિશેનું જે સત્ય માણસે ઝીલેલું હોય છે તેને સારામાં સારી રીતે તે ઘાટ આપે છે. કોઈ કલાકાર અથવા ભક્તને પ્રભુનું દર્શન થઈ શકે છે અને તે દર્શન સમગ્ર પ્રજાની ચેતનાની અંદર સ્થાપિત થાય છે અને તે અર્થમાં સાચું છે કે માનવી પ્રભુને પોતાના તરફથી રૂપ આપે છે; પરંતુ તે આવાં રૂપોની શોધ કરતો નથી. એ તો તેણે જે જોયું હોય તેની નોંધ કરતો હોય છે; તે દેવોને જે રૂપો આપે છે તે તેને અપા-યેલાં હોય છે. કૃષ્ણનું જે ‘ પરંપરાગત ’ રૂપ છે તેમાં માણસોને જે કાંઈ શાશ્વત સૌંદર્ય દેખાયું તેને સાકાર કરેલું છે. તેમણે જે રૂપ જોયું તે સાચું તેમ જ સુંદર પણ હોઈ શકે. તે તેવા રૂપનો કાંઈક ખ્યાલ પણ આપે છે. પરંતુ એ વાત પણ ચોક્કસ છે કે કૃષ્ણના સૌંદર્યનું, જો કોઈ શાશ્વતરૂપ હોય તો તે માણસ અત્યાર સુધીમાં તે જે કાંઈ જોઈ શક્યો હોય તેનાથી હજાર ગણું અધિક સુન્દર હોવું જોઈએ. ભારતમાતા પૃથ્વીનો એક ટુકડો નથી; તે એક શક્તિ છે, એક દેવી છે, કારણ કે દરેક દેશને પોતાને દેવતા હોય છે અને તે દેવતા પ્રત્યેકના અલગ અસ્તિત્વને ટેકો આપી રહેલા હોય છે અને તેનું અસ્તિત્વ ટકાવી રહેલા હોય છે.

આવાં સત્ત્વો માણસની ઉપર પોતાનો પ્રભાવ પાડતાં હોય છે અને માનવ કરતાં પણ વધારે સ્થાયી રીતનાં વાસ્તવિક હોય છે પરંતુ તે સત્ત્વો વધારે ઉચ્ચતર છે; વિશ્વચેતનાના અને વિશ્વરૂપ પુરુષના એક ભાગરૂપ હોય છે, અને આ સત્ત્વો પોતાનો પ્રભાવ નાખીને પૃથ્વી ઉપરની માનવચેતનાનું ઘડતર કરે છે. માણસને પૃથ્વી ઉપર પોતાની વ્યક્તિગત ચેતના, રાષ્ટ્રીય ચેતના અથવા જાતિની ચેતના જ કામ કરતી દેખાય છે એ સ્વાભાવિક છે. તે ચેતના ઉપર કોણ કાર્ય કરી રહ્યું છે, કોણ તેને ઘાટ આપી રહ્યું છે તે દેખાતું નથી અને તેથી તે પોતે જ તે કાર્ય કરી રહેલ છે એમ તે માને છે. કૃષ્ણચેતના એક વાસ્તવિક વસ્તુ છે, પરંતુ જો કૃષ્ણ ન હોત તો કૃષ્ણચેતના પણ ન હોત. તત્ત્વજ્ઞાનના અમૂર્ત અનુમાનોની અંદર જ ચેતના હોઈ શકે. બાકી એવી કોઈ પણ ચેતના નથી જેની પાછળ સચેતન પુરુષ ન હોય. વ્યક્તિત્વ વ્યક્તિને આધારે બંધાય છે, વ્યક્તિને લઈને જ વ્યક્તિત્વનું મૂલ્ય અને વાસ્તવિકતા પ્રાપ્ત થાય છે. તે દ્વારા જ માણસ પોતાની અભિવ્યક્તિ કરે છે. વ્યક્તિત્વમાંથી વ્યક્તિ ઘડાતી નથી. કૃષ્ણ પણ એક સત્ત્વ છે, એક પુરુષ છે, એક વ્યક્તિ છે અને આપણે તેમને એક દિવ્ય પુરુષ તરીકે માનીએ છીએ, તેમનો અવાજ સાંભળીએ છીએ, તેમની સાથે વાતચીત કરીએ છીએ, તેમની હાજરી અનુભવીએ છીએ. કૃષ્ણની ચેતના એ કૃષ્ણ કરતાં કોઈ અલગ વસ્તુ છે એમ કહેવું એ મનની ભૂલ છે. આ મન જે વસ્તુ અભિન્ન છે તેમાં ભેદ ઉત્પન્ન કરે છે, અને અવૈયક્તિતા જે અમૂર્ત છે તેને મૂર્ત વ્યક્તિ કરતાં વધારે મહાન, વધારે વાસ્તવિક અને વધારે ટકાઉ વસ્તુ તરીકે ગણવાનું વલણ રાખે છે. આ પ્રમાણે ભેદ કરવાની મનની રીત તેના પોતાના ઉપયોગ માટે ઉપયોગી હોઈ શકે, પરંતુ તે દૃષ્ટિમાં ખરું સત્ય નથી. ખરું સત્ય એ છે કે વ્યક્તિ અથવા પુરુષ અને તેની અવૈયક્તિકતા અથવા સ્વરૂપની અવસ્થા બન્ને એક સાચી વાસ્તવિકતા છે.

કૃષ્ણનું ઐતિહાસિક મહત્ત્વ આધ્યાત્મિક રીતે ઓછું મહત્ત્વનું છે, અને તે મૂળભૂત રીતે જરૂરી પણ નથી. તેમ છતાં તે ઠીક ઠીક પ્રમાણમાં જરૂરી છે. કૃષ્ણ એ કોઈ દંતકથાનું પાત્ર નહોતા અથવા કવિકલ્પનાનું સર્જન પણ નહોતા, પરંતુ કૃષ્ણ એક વ્યક્તિ તરીકે સાચેસાચ અસ્તિત્વ ધરાવતા હતા અને હિંદના ભૂતકાળમાં તેમણે એક ભાગ ભજવ્યો છે – મને આ બાબતમાં કોઈ શંકા ઉઠાવી શકાય એવું લાગતું નથી. આમાં બે હકીકતો સ્પષ્ટ રીતે ઊઠી આવે છે. એક હકીકત કે તેઓ એક મહત્ત્વની વ્યક્તિ તરીકે ગણાતા હતા, અને તે વિશે તેમના આધ્યાત્મિક પ્રકાશની વાત એક ઉપનિષદ્‌માં નોંધાયેલી છે અને બીજી હકીકત પરંપરાગત રીતે તેઓ એક

દિવ્ય માનવ તરીકે ગણાતા, અને તેમના મૃત્યુ પછી તેમની પ્રભુ તરીકે પૂજા થવા લાગી હતી; અને આ વસ્તુ મહાભારત અને પુરાણોમાં આપેલી વાતોથી જુદી છે. હિંદની આધ્યાત્મિકતાના એક અગત્યના પ્રવાહની અંદર ભાગવત ધર્મનો વિકાસ કૃષ્ણના નામની સાથે સંકળાયેલો છે અને આ સંબંધ માત્ર દંતકથાને આધારે અથવા કવિકલ્પનાના આધારે જ ઊભો થયો છે અવું માનવાને કોઈ કારણ નથી. મહાભારત એક કાવ્ય છે ઈતિહાસ નહિ, પરંતુ તે કાવ્ય એક મહાન ઐતિહાસિક બનાવના આધારે, પરંપરાથી જળવાયેલી સ્મૃતિમાં કોઈ ઘટનાને આધારે રચાયેલું છે : તે કાવ્યમાં આવતી કેટલીક વ્યકિતઓ ધૃતરાષ્ટ્ર, પરીક્ષિત વગેરે ખરેખર અસ્તિત્વ ધરાવતા હતા અને કૃષ્ણ નેતા તરીકે, યોદ્ધા તરીકે, રાજપુરુષ તરીકે જે ભાગ ભજવે છે તેને એક ઘટના તરીકે સંભવિત ગણી શકાય. એ કથાભાગ એક પરંપરાના આધારે રચાયેલો લાગે છે અને એ પરંપરા પાછળ કોઈ ઐતિહાસિક સત્ય હોઈ શકે એમ સ્વીકારી શકાય. તે વસ્તુ માત્ર કલ્પિત કથા છે અથવા કવિઓએ ઉપજાવી કાઢેલી વસ્તુ છે એવું લેશપણ લાગતું નથી. આમ કૃષ્ણ એક ઐતિહાસિક વ્યકિત હતા કે નહિ એ અંગે સૈદ્ધાંતિક બુદ્ધિની જોતાં, વિધાનાત્મક રીતે કહી શકાય પરંતુ મારા દષ્ટિબિંદુથી જોતાં, તેમાં આ વસ્તુ કરતાં પણ કાંઈક વિશેષ રહેલું છે. અવતાર એ સાચી હકીકત છે એમ મેં હંમેશાં માન્યું છે અને જે રીતે ક્રાઈસ્ટ એક ઐતિહાસિક વ્યકિત હતા તે પ્રમાણે કૃષ્ણ પણ ઐતિહાસિક પુરુષ હતા એમ હું સ્વીકારું છું.

વૃંદાવનની કથા એ જુદી બાબત છે; તે મહાભારતની મુખ્ય વાતમાં આવતી નથી અને તે પુરાણમાંથી આવેલી છે અને એમ માની શકાય કે તેનો હેતુ પ્રતીકાત્મક અર્થમાં લેવાનો છે. આ ખુલાસો મેં એક વખત સ્વીકારી લીધેલો પરંતુ પાછળથી મારે તે પ્રતીક અર્થમાં છે, એ ખુલાસો છોડી દેવો પડયો. પુરાણોમાં એવી કોઈ વસ્તુ નથી, જે આ ઈરાદાનો ઈનકાર કરે. મને એવું લાગે છે કે એ ઘટના સાચેસાચ કોઈક સ્થળે બનેલી હતી. અથવા બની રહી છે. પુરાણો પ્રમાણે ગોપીઓ એ પ્રતીકો નથી પરંતુ વાસ્તવિકતાઓ છે. તેમને માટે ગોપીઓ કાંઈ નહિ તો એક ગુહ્ય સત્યરૂપે હતી. અને ગુહ્ય વસ્તુ અને પ્રતીક એ બે એક જ વસ્તુ નથી. પ્રતીક એ માત્ર કોઈ અર્થપૂર્ણ મનોમય સર્જન હોઈ શકે અથવા કોઈ તરંગી ઊપજ; પરંતુ ગુહ્ય વસ્તુ સાચી વાસ્તવિકતા હોય છે જે કોઈક સ્થળે, જાણે કે આ સ્થૂળ વસ્તુની પાછળ, હસ્તી ધરાવતી હોય છે અને આ પૃથ્વી ઉપર તેનું કોઈ સત્ય રહેલું છે અને તેનો પ્રભાવ પૃથ્વી ઉપર સાકાર થઈ શકે છે. ગોપીઓની લીલાની કલ્પના એવી રીતે કરવામાં આવેલી છે કે જાણે તે દિવ્ય ગોકુલમાં હંમેશાં ખેલાઈ રહેલી છે અને તે લીલા ત્યાંથી અહીં પૃથ્વી ઉપર વૃન્દાવનમાં નીચે ઊતરી આવેલી છે. એ લીલાનો

હંમેશાં સાક્ષાત્કાર થઈ શકે છે અને પોતાના આત્માની અંદર તેના રહસ્યને પ્રત્યક્ષ કરી શકાય છે. આપણે એમ માની લેવાનું છે કે પુરાણના કર્તાઓએ આ લીલાને અવતારરૂપ કૃષ્ણના જીવનમાં આ પૃથ્વી ઉપર સાચેસાચ નીચે પ્રક્ષિપ્ત કરેલી છે અને હિંદના ધાર્મિક માનસે આ વસ્તુનો આ રીતે સ્વીકાર કરેલો છે.

આ પ્રશ્નો અને તેમાંથી ઉત્પન્ન થયેલી ધારણાઓને આધ્યાત્મિક જીવન સાથે કોઈ અનિવાર્ય સંબંધ નથી. તેમાં ખરી મહત્ત્વની વસ્તુ છે કૃષ્ણ સાથેનો સંબંધ અને કૃષ્ણચેતના પ્રત્યેનો વિકાસ, કૃષ્ણનું સાંનિધ્ય, કૃષ્ણ સાથે આધ્યાત્મિક સંબંધ, કૃષ્ણ સાથે આત્મામાં મિલન, અને આ વસ્તુ પ્રાપ્ત ન થઈ હોય ત્યાં સુધી અભીપ્સા, ભક્તિમાં વિકાસ અને સાધનામાં આગળ જતાં જે કાંઈ જ્ઞાન મળી આવે છે તેનું મહત્ત્વ છે જે સાધક આ વસ્તુ પ્રાપ્ત કરી શક્યો છે, જે કૃષ્ણના સાંનિધ્યમાં રહેલો છે, જેણે કૃષ્ણનો અવાજ સાંભળેલો છે, જેણે કૃષ્ણને મિત્ર અથવા પ્રેમી, માર્ગદર્શક, શિક્ષક અને ગુરુ તરીકે જાણ્યા છે, અથવા તેનાથી વિશેષ કૃષ્ણના સંપર્કથી જેની સમગ્ર ચેતના પરિવર્તન પામેલી હોય અથવા જેણે પોતાની અંદર કૃષ્ણનું સાંનિધ્ય અનુભવ્યું છે તેને માટે આવા પ્રશ્નોની અંદર માત્ર એક બહારનો અને ઉપરછલ્લો રસ જ હોઈ શકે. એ જ પ્રમાણે જે સાધકને આ આંતરિક સૂક્ષ્મ વૃન્દાવનનો અને ગોપીઓની લીલાનો સંપર્ક થયો છે, જેણે સમર્પણ કરેલું છે અને કૃષ્ણના આનંદ અને સૌંદર્યની મોહિની અનુભવી છે, અથવા ફક્ત કૃષ્ણની બંસીના અવાજને પણ જેણે ઝીલ્યો છે, તેના માટે આ બીજી બાબતોનું ભાગ્યે જ મહત્ત્વ હોય છે. પરંતુ બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, આપણે જો અવતાર એક સાચી ઐતિહાસિક ઘટના હતી એ વાત સ્વીકારીએ તો તેથી એક એવો મહાન આધ્યાત્મિક લાભ મળે છે અને સાધકને એક વિશ્વાસ બેસે છે કે પ્રભુએ એક વાર નજરે જોઈ શકાય તે રીતે પૃથ્વી ઉપર પગ મૂકેલો છે, આ વિકાસ પામતી પૃથ્વીની અંદર પૂર્ણ આવિર્ભાવને શક્ય બનાવ્યો છે પરંતુ હજુ ઘણી અપૂર્ણ પાર્થિવ પ્રકૃતિમાં દિવ્ય પરાપ્રકૃતિ નીચે અવતરણ પામે તે વસ્તુને તેમણે શક્ય બનાવી છે. આ આધ્યાત્મિક સાક્ષાત્કારમાં અંદર એક વધુ નક્કર સાક્ષાત્કાર માટેનું આધારબિંદુ મળી રહે છે.

*

બેશક, 'ક્ષ' નાયગરાનો પ્રવાહ વાળવાની વાત કરે છે તે મારું દૃષ્ટિબિંદુ પણ છે. પરંતુ મન અને આત્મા વચ્ચેની સરહદ ઓળંગી સામી બાજુએ જવું તે માનવ મન માટે સહેલું નથી એ માટે તેણે એક જ દિશાની અંદર ધસારો અથવા ધક્કો લગાવવો જોઈએ અને તે દિશા અનુભૂતિની જ દિશા હોવી જોઈએ.

પરંતુ એ અનુભૂતિમાં ખાસ કરીને તમે જો ભકિતના માર્ગે જતા હશો તો તમે સહેલાઈથી તેના પ્રબળ વેગમાં ડૂબી જશો (ચૈતન્ય પણ છેવટે તો પાણીમાં જ અદશ્ય નહોતા થઈ ગયા?) અને પછીથી આગળ જવાનું બનશે નહિ. પ્રથમ બાબત તો એ છે કે તમારે આધ્યાત્મિક ચેતનામાં ધસી જવું જોઈએ, એવા કોઈ પણ ભાગમાં, અને કોઈ પણ રીતે અને ગમે તે જગાએ. એમાં દાખલ થયા પછી તમે એ પ્રદેશની શોધખોળ કરી શકો, અને એ શોધખોળ એવી છે કે જેનો અંત ભાગ્યે જ આવે; એમાં તમે ઊંચે અને ઊંચે જતા રહેશો, હંમેશાં વિશાળ અને વધારે વિશાળ વિસ્તાર પામતા જશો, પરંતુ તેમાં એક પ્રચંડ ભૂસકો મારતાં એક તીવ્ર આનંદનો અનુભવ થાય છે જે તમને અદ્ભુત રીતે પકડી રાખે છે. તે કેવળ ભકતનો તીવ્ર આનંદ હોય એવું નથી, પરંતુ જ્ઞાની પણ જ્યારે બ્રહ્માનંદમાં અથવા બ્રહ્મનિર્વાણમાં મગ્ન થઈ જાય છે, અથવા તો આત્માની સ્થિર શાંત અનંતતામાં પહોંચી જાય છે, ત્યારે તેને પણ એટલી જ તીવ્ર, ડૂબકી મારનારી આનંદની અનુભૂતિ હોય છે – એમાં પહોંચ્યા પછી પહેલી દષ્ટિએ તમને તમે બીજી કોઈ ચીજમાં જઈ શકો છો, અથવા જવાની ઇચ્છા કરશો અથવા જવાની જરૂર છે એવું લાગશે જ નહિ, પોતાના લયમાં ડૂબી જનાર સંન્યાસીનો કે પોતાના ભાવાવેશમાં મગ્ન રહેનાર ભકતનો તમે દોષ કાઢી શકશો નહિ; તેઓ એ પ્રકારની જ અવસ્થામાં રહે છે કારણ કે તેમનું બંધારણ જ કદાચ તે સ્થિતિમાં રહેવા લાયક હોય અને એમની ગતિ તેનાથી આગળ ઠેક ભરી શકતી નથી. પરંતુ મને કાયમ એમ લાગ્યું છે કે આ એક વચ્ચેની અવસ્થા છે અને નહિ કે અંતિમ અવસ્થા; અને તેથી નાયગરાના પ્રવાહને વાળી લાવવાની બાબતમાં હું પૂરેપૂરો સંમત છું.

અધિકાર એ ચોક્કસ માણસના માનસશાસ્ત્રને, આત્માને તથા પ્રકૃતિને લગતી બાબત છે. એને કોઈ પણ બાહ્ય અથવા કૃત્રિમ ધોરણો સાથે કાંઈ પણ લેવા-દેવા નથી.

હવે અવતાર અને પ્રતીકો વિશે. આધુનિક માનસ અવતારના જીવનચરિત્ર ઉપર તેમ જ તેની ઐતિહાસિક બાજુ ઉપર એટલે કે અવતારની બાહ્ય હકીકતો ઉપર, તેના બાહ્ય જીવનના પ્રસંગો ઉપર ભાર મૂકે છે; તેમાં મને એક પાયાની ભૂલ જણાય છે. અવતાર અંગે અગત્યની વસ્તુઓ એ છે કે તેમની સાથે કઈ આધ્યાત્મિક વાસ્તવિકતા હતી, કઈ શકિત અને તેમના જીવન અને કર્મ દ્વારા કયો પ્રભાવ નીચે પૃથ્વી ઉપર ઊતરી આવ્યો હતો તે જાણવું અગત્યનું છે. પ્રથમ તો આધ્યાત્મિક પુરુષના જીવનમાં સૌથી અગત્યની વસ્તુ એ નથી કે તેણે શું શું કર્યું હતું અથવા

તેના સમયના માણસોની દષ્ટિએ તેનું બાહ્ય જીવન કેવું હતું (અને જીવનચરિત્ર અથવા ઐતિહાસિકતાનો અર્થ એ જ છે, ખરું ને?) પરંતુ તે પુરુષ પોતે શું હતો અને તેણે તેની આંતરચેતનામાં શું શું કર્યું; તેના બાહ્ય જીવનનું કાંઈ મહત્ત્વ હોય તો તે આ વસ્તુને લઈને જ હોય છે. માણસના બાહ્ય જીવનમાં જો કોઈ વસ્તુ હોય તો તે આંતરજીવનમાંથી જ આવે છે, અને આધ્યાત્મિક પુરુષનું આંતરજીવન એ કોઈ અતિવિશાળ અને સભર વસ્તુ હોય છે. તેમનું આંતરજીવન એવી મહત્ત્વની વસ્તુઓથી ભરચક અને સભર હોય છે કે કોઈ પણ જીવનકથા-લેખક યા તો ઈતિહાસ-લેખક તે સર્વ સામગ્રીને મેળવી શકવાની યા તો વર્ણવી શકવાની આશા તે ભાગ્યે જ રાખી શકે. તેના બાહ્ય જીવનમાં જે કોઈ વસ્તુઓ મહત્ત્વની હોય છે તે પોતાની અંદર સિદ્ધ કરેલા તત્ત્વની સૂચક બની હોય છે તેને લઈને હોય છે. આથી આગળ જઈને આપણે કહી શકીએ કે તે પુરુષનું આંતરજીવન, તેની પાછળ રહેલી દિવ્યતાનું જીવંત પ્રતિનિધિ છે, તેની એક અભિવ્યક્તિ છે અને તેને લીધે જ તે મહત્ત્વ ધારણ કરે છે તેથી કરીને આપણે તે વસ્તુની તપાસમાં ઊંડા ઊતરવાની જરૂર નથી કે કૃષ્ણ અંગેની કથાઓ છે તે કૃષ્ણનાં પૃથ્વી ઉપરનાં કાર્યોની, ગમે તેવી આછી-પાતળી નોંધણીઓ છે, અથવા કૃષ્ણ મનુષ્યોને માટે જે કાંઈ હતા અથવા છે, તેમ જ કૃષ્ણ દ્વારા પ્રભુની દિવ્યતાએ પોતાની જે અભિવ્યક્તિ કરી હતી તેની પ્રતીકરૂપે રજૂઆત છે. બુદ્ધનું મહાભિનિષ્ક્રમણ, માર દ્વારા તેમને થયેલું આકર્ષણ, બોધિવૃક્ષ નીચે તેમને થયેલો સાક્ષાત્કાર, આ પ્રકારનાં બધાં પ્રતીક છે. તે જ પ્રમાણે કુંવારી માતાને પેટે જન્મ, રણમાં થયેલી લાલચ, તેમનું ક્રૂસારોહણ તે પ્રકારનાં પ્રતીક છે. આ બધી વસ્તુઓ ચોક્કસ રીતે નોંધાયેલી ઐતિહાસિક વસ્તુઓ ન હોય છતાં તેમાં રહેલા રહસ્યને આધારે સાચી ઠરે છે. ક્રાઈસ્ટ અને બુદ્ધ વિશે જે બાહ્ય હકીકતોનું વર્ણન થયેલું છે તેવા બનાવો બીજા ઘણા માણસોના જીવન અંગે બનેલા છે – તો પછી બુદ્ધ અને ક્રાઈસ્ટને આધ્યાત્મિક જગતમાં જે વિરાટ જગા મળી છે તેનું શું કારણ? કારણ કે તેમની મારફત એવી કોઈ વસ્તુ પ્રગટ થઈ હતી જે બાહ્ય ઘટના અથવા કોઈ પણ ઉપદેશ કરતાં ઘણી મહાન વસ્તુ હતી. તે પુરવાર કરી શકાય એવી ઐતિહાસિક વસ્તુઓ તેમના જીવનમાં બહુ ઓછી મળે છે, છતાં એ જ વસ્તુઓ ઘણી અગત્યની વસ્તુઓ છે. એટલે મને 'ક્ષ' પ્રતીકો વિશે કહે છે તે મૂળભૂત વસ્તુ લાગે છે. સ્થૂલ મનના માનવીને ફક્ત શબ્દો, કાર્યો અને હકીકતોમાં જ મહત્ત્વ દેખાય છે; પરંતુ જે આંતરમન છે તેને આધ્યાત્મિક ઘટનાઓ જ મહત્ત્વની લાગે છે. બુદ્ધ અને ક્રાઈસ્ટના ઉપદેશોમાં જે આધ્યાત્મિક અવસ્થાઓ અને આધ્યાત્મિક ઘટનાઓની અભિવ્યક્તિ થયેલી છે તેમાં જે આધ્યાત્મિક સત્ય છે, તેનું મહત્ત્વ છે, નહિ કે કેવળ મનોમય ઉપદેશનું મહત્ત્વ. પૃથ્વી ઉપરના

પોતાના જીવન દ્વારા તેમણે જે ઘટનાઓ અને અવસ્થાઓ બીજાઓની અંદર પણ શકય કરી આપી હતી અથવા સક્રિય રીતે એક ગૂઢ શકયતા તરીકે મૂકી હતી. એ સ્પષ્ટ છે કે સાંપ્રદાયિક દીવાલો એ ભૂલ છે, બાહ્ય રીતે વળગેલી વસ્તુ છે, સત્યને મનોમય રીતે મર્યાદિત કરેલી વસ્તુ છે, અને મનોમય હેતુ સાધી શકે પરંતુ આધ્યાત્મિક હેતુ સાધી શકે નહિ. અવતાર અથવા જો શાશ્વત પરમાત્માના પ્રતિનિધિ ન હોય તો તેમનો કશો અર્થ નથી; ભક્ત અથવા શિષ્ય માટે તેમનું જે મહત્ત્વ છે તે આ દિવ્યતાને લીધે છે.

એ પણ એક હકીકત છે કે તમને કોઈ પણ વ્યક્તિ કોઈ પણ આધ્યાત્મિક સાક્ષાત્કાર ન આપી શકે જે તમારા પોતાના સાચા આત્મામાંથી ન આવતો હોય. પ્રભુનો જે કોઈ આવિર્ભાવ થાય છે તે પ્રભુએ પોતે જ કરેલો હોય છે અને એ પ્રભુ તમારી અંદર રહેલા છે. તેથી જે પ્રભુ પ્રગટ થાય છે તેમની તમારા હૃદયમાં અનુભૂતિ કરવી જોઈએ. આ બાબતમાં તમે જે પ્રશ્ન કર્યો તેનો ફક્ત એટલો જ અર્થ કે આ એક એવું સત્ય છે જેનો ખોટો અર્થ કરી શકાય અથવા ખોટો ઉપયોગ કરી શકાય અને દરેક આધ્યાત્મિક સત્યમાં જો તેને ખોટી રીતે પકડીએ તો એ પ્રમાણે બની શકે, — અને માનવના મનને એ બાબતમાં એવી ફાવટ આવી ગઈ છે કે તે સત્યને ખોટા છેડાથી પકડે છે અને પછી જૂઠાણામાં પહોંચી જાય છે. આ અંગેનાં બધાં વિધાનો મનોમય વિધાનો છે અને તેનો અર્થ કરનારું મન તેને ફાવે તે રીતની તેની દશા કરી મૂકે છે. આ પ્રકારના હરેક વિધાનની અંદર કોઈ ખાંચ રહેલી હોય છે અને એ ખાંચ તે વિધાન જે સત્ય રજૂ કરતું હોય છે તેમાં નથી હોતી, પરંતુ મન તે સત્યનો જે અર્થ ઘટાવે છે તેમાં રહેલી હોય છે. ખાંચ (જેને તમે ક્ષતિ કહો છો) વિધાનમાં પોતાનામાં નથી હોતી. તે પોતે તો ખરું હોય છે, પરંતુ અજ્ઞાની અથવા આત્મ-સંતુષ્ટ મનવાળા મનુષ્યો જેઓ પોતાના અહંકારથી મુગ્ધ બનેલા હોય છે, તેઓ તેમનો વિકૃત અર્થ તારવે છે. ઘણા માણસોએ 'પોતાની જાત'નો સિદ્ધાંત તારવેલો છે, અને આ જાત તે સાચી જાત (આત્મા) છે કે નહિ તે તપાસવાની પૂરી તકલીફ પણ લીધી નથી. તેઓએ 'પોતાની જાત'ના અજ્ઞાનને-હકીકતમાં તેમના અહંકારને — ગુરુના જ્ઞાનની સામે મૂકેલું છે અથવા તેમના અહંકારને અથવા અહંકારની ખુશામત કરતી અથવા પુષ્ટ કરતી કોઈ વસ્તુને તેમણે પોતાનો ઇષ્ટ દેવતા બનાવી છે. ગુરુ અથવા અવતારમાં રહેલી ખાંચ, સંપ્રદાયને લઈને ઊભો થયેલો પૂર્વ-ગ્રહ છે. આ વસ્તુ પ્રતિનિધિ અથવા આવિર્ભાવને મુખ્ય વસ્તુ ગણે છે, પરંતુ જે વસ્તુ આવિર્ભાવ પામી છે તેના તરફ જોતી જ નથી, આનાથી ઊલટા પૂર્વગ્રહવાળા માણસની ખાંચ એ છે કે તે પ્રભુના પ્રતિનિધિનું મહત્ત્વ ઓછું કરી નાખે છે અથવા તે

પ્રતિનિધિ અથવા આવિર્ભાવ તરફ દુર્લક્ષ રાખે છે અને માર્ગદર્શક અને પ્રકાશ તરીકે સર્વમાં એકરૂપે રહેલા પરમાત્માને બદલે તેઓ 'પોતાની જાતનું સ્થાપન' કરે છે – કેટલા કેટલા લોકોએ આ પ્રમાણે કર્યું છે અને પોતાના ફુલાવેલા અહંકારના ખેંચાણથી પોતાનો માર્ગ ચૂકી ગયા છે! આવો અહંકાર માર્ગ ઉપરનું મહાજોખમ છે! તેમ છતાં 'ક્ષ'એ જે વસ્તુઓ કહી છે તેનું સત્ય ઓછું થતું નથી – માત્ર એટલું ધ્યાનમાં રાખવાનું છે કે સત્યનાં અનેક પાસાંઓને નિહાળતી વખતે આપણે દરેક વસ્તુને સર્વ વસ્તુઓના સંવાદની અંદર જે સ્થાન છે ત્યાં જ મૂકવી જોઈએ. આપણે માટે આ સર્વ વસ્તુઓ – આ અખિલ જગત એ પરમાત્માનો આવિર્ભાવ છે.

*

'ક્ષ' જે કહે છે – જે મુખ્ય વસ્તુ – તે ઘણી સાચી છે. જેમને આધ્યાત્મિકતા વિશે કાંઈક પણ ખ્યાલ હોય તેમની આ સ્થિતિ હોય છે; જો કે ધાર્મિક લોકો તે પ્રાપ્ત કરવાનું મુશ્કેલ છે એમ માને છે – પરંતુ જો કે ક્રાઈસ્ટ અને કૃષ્ણ એક જ પરમાત્માનો આવિર્ભાવ છે છતાં તેમનામાં એટલો જ ભેદ પણ છે – આ મિશનરીઓ એક જ આવિર્ભાવમાં માને છે. તેના બદલે આટલા બધા આવિર્ભાવોનો ખરેખર ઉપયોગ છે જ. પરંતુ ખરેખર એ એટલા માટે બનેલું છે કે ઐતિહાસિક ક્રાઈસ્ટને શ્રદ્ધાનો ચણતર માટેનો એટલો બધો મોટો પાયો બનાવ્યો છે કે જેથી ક્રિશ્ચ્યાનિટીનું પતન થતું જાય છે? ધર્મમાં પોતાનામાં જ કોઈ અપૂર્ણ વસ્તુ હોવી જોઈએ – કદાચ ધર્મમાં પોતાનામાં જ એવી વસ્તુ હોય છે; કારણ કે બધા જ ધર્મોનો રંગ અત્યારે ઝાંખો પડતો જાય છે, અત્યારે આત્માનું પ્રકાશમાં વધારે વિસ્તારપૂર્વકનું ખુલ્લાપણું આવશ્યક બનતું જાય છે, એક એવું ઉદ્ઘાટન થાય છે જેની મારફત વિસ્તાર પામતું માનવ-મન અને વિસ્તાર પામતું હૃદય પસાર થઈ શકે.

*

## વિભાગ ૮

# પુનર્જન્મ

## પુનર્જન્મ

આત્મા દરેક વખતે જ્યારે જન્મ ધારણ કરે છે ત્યારે તેના ભૂતકાળના વિકાસક્રમ અનુસાર અને ભાવિની જરૂર પ્રમાણે વિશ્વપ્રકૃતિની સામગ્રીમાંથી નવીન મન અને પ્રાણ તથા શરીરની રચના કરે છે.

જ્યારે શરીર વિખેરાઈ જાય છે, ત્યારે પ્રાણ, પ્રાણમય ભૂમિકામાં જાય છે અને થોડો સમય ત્યાં રહે છે. પરંતુ જ્યારે તે સમય પૂરો થાય ત્યારે પ્રાણમય કોશ ખરી પડે છે. મનોમય કોશ સૌથી છેલ્લો ખરી પડે છે. છેવટે આત્મા અથવા ચૈત્ય-પુરુષ, ચૈત્યજગતમાં આરામ કરવા માટે પાછો ચાલ્યો જાય છે અને જ્યાં સુધી નવીન જન્મ ધારણ કરવાનો સમય થાય ત્યાં સુધી ત્યાં રહે છે.

સામાન્ય રીતના વિકાસ પામેલા માનવીઓ માટે આ સામાન્ય માર્ગ છે. વ્યક્તિની પ્રકૃતિ અને તેના વિકાસ અનુસાર તેમાં ફેરફાર થાય છે. દા.ત. જો તેનું મનોમય તત્ત્વ વધારે વિકાસ પામેલું હોય તો મનોમય પુરુષ ટકી રહી શકે છે; તે જ પ્રમાણે પ્રાણમય પુરુષ પણ. પરંતુ તે માટે તેમણે સાચા ચૈત્યપુરુષની આસપાસ કેન્દ્રિત થઈને સુસંબદ્ધ રીતે ગોઠવાયેલું હોય તો આ પ્રમાણે બને છે; તેઓ (મન તથા પ્રાણ) ચૈત્યપુરુષની અમરતાના ભાગીદાર બને છે.

આત્મા એક જીવન દરમ્યાન તેને થયેલા અનુભવોના સારતત્ત્વોને એકઠા કરીને વિકાસક્રમમાં તેની વૃદ્ધિ માટે પાયારૂપ બનાવે છે. જ્યારે તે નવીન જન્મ ધારણ કરે છે ત્યારે તેના મનોમય, પ્રાણમય અને શારીરિક કોશોને તથા તેના કર્મને, જેટલા પ્રમાણમાં તેને ઉપયોગી લાગે તેટલા પ્રમાણમાં લઈને નવજન્મમાં જાય છે અને ત્યાર પછી નવા અનુભવો પ્રાપ્ત કરે છે.

સાચી રીતે તો સ્વરૂપના પ્રાણમય ભાગ માટે શ્રાદ્ધ અને બીજી ક્રિયાઓ કરવામાં આવે છે – જેથી કરીને તેના સ્વરૂપને પૃથ્વી સાથે ખેંચી રાખનાર અથવા પ્રાણ જગતો સાથે સાંકળી રાખનાર પ્રાણમય આંદોલનોમાંથી તે મુક્ત બનીને અને ચૈતસિક શાંતિના પ્રદેશમાં આરામ કરવા માટે જલદીથી પહોંચી જાય.

*

મેં ફક્ત વિધિ-વિધાનો-ક્રિયાઓનો મૂળ અર્થ શો હતો તે જ ફક્ત કહ્યું છે. મેં કોઈ જ્ઞાતિને ભોજન આપવાની બાબત અથવા તો બ્રાહ્મણોના સંદર્ભમાં કાંઈ કહ્યું નથી – અને તે વસ્તુ કોઈ ક્રિયાકાંડ કે વિધિ-વિધાન નથી. શ્રાદ્ધ કરવામાં

આવે છે તે ખરેખર અસરકારક છે કે કેમ તે બીજી બાબત છે. – કારણ કે જે લોકો શ્રાદ્ધ કરે છે તેમનામાં નથી હોતું જ્ઞાન કે નથી હોતી ગુહ્ય શક્તિ.

*

શરીરનો ત્યાગ કર્યા પછી આત્મા, બીજા જગતોના અનુભવો લીધા પછી, તેનાં મનોમય અને પ્રાણમય વ્યક્તિત્વોને ફેંકી દે છે અને પોતાના ભૂતકાળના અનુભવોના સારતત્ત્વને પચાવવા માટે આરામમાં જાય છે અને નવીન જીવન માટે તૈયારી કરે છે. આ તૈયારી નવા જન્મ માટેની તૈયારીરૂપ હોય છે અને તે નવીન વ્યક્તિત્વ અને તેને માટેની સામગ્રીના નવઘડતરમાં તેને મદદ કરે છે.

શરીરને છોડી ગયેલો આત્મા તેના ભૂતકાળના અનુભવોની સ્મૃતિને સારરૂપે ગ્રહણ કરે છે, નહિ કે વિગતવાર રૂપમાં. જ્યારે આત્મા તેની કેટલીક ભૂતકાળની વ્યક્તિતા અથવા વ્યક્તિતાઓ ચાલુ આવિર્ભાવમાં એક ભાગે લઈને આવે છે ત્યારે જ તેને ભૂતકાળની જિંદગીની વિગતો યાદ રહેવાની શકયતા છે. નહિ તો ફક્ત યોગદષ્ટિ દ્વારા જ તે સ્મૃતિ પાછી આવે છે.

આપણે કારણ-પુરુષને જ કેન્દ્રસ્થ સ્વરૂપ અથવા જીવ કહીએ છીએ. તે લીલાથી પર રહે છે અને લીલાને ટેકો આપ્યા કરે છે.

કેટલીક વખત એવું લાગે છે કે વિપરીત ગતિઓ આવે છે, પરંતુ એ બધી વાંકીચૂકી ગતિઓ હોય છે અને નહિ કે અધ:પતન, પરંતુ એવી જે વસ્તુઓ ઉપર કામ કરવામાં ન આવ્યું હોય તે કરી લેવામાં આવે છે અને તેથી કરીને પછી સારી રીતે આગળ વધી શકાય છે. આત્મા ફરીને પાછો પશુયોનિમાં જતો નથી, પરંતુ પ્રાણનો કોઈ અંશ તેમાંથી છૂટો પડે છે અને કોઈ પશુયોનિ સાથે જોડાઈ જાય છે જેથી તેની પાશવી વૃત્તિઓને તે સંતોષી શકે; એમ બને છે. કંજુસ માનવી મૃત્યુ પામ્યા પછી સર્પ યોનિમાં જન્મે છે એવી લોકોની માન્યતા પાછળ કોઈ સત્ય નથી. આ બધા સામાન્ય રોમાંચક વહેમો છે.

*

આત્મા શરીરને છોડી દે પછી ચૈત્યપુરુષ પોતાના કામચલાઉ કોશોને છોડી દે છે. ત્યાં સુધીમાં કેટલીક અવસ્થાઓમાંથી અથવા ભૂમિકાઓમાંથી પસાર થાય છે. ત્યાર પછી તે ચૈતસિક જગતમાં પહોંચે છે અને પછી નવા અવતાર માટે તૈયાર થાય ત્યાં સુધી એક પ્રકારની નિદ્રામાં આરામની અવસ્થામાં રહે છે. માનવ અનુ-ભવોમાંથી પસાર થતાં થતાં તે છેવટ સુધીનો સાર તેની પાસે રાખે છે અને નવા

વિકાસમાં તેનો વિકાસ કરી શકે છે. આ સામાન્ય નિયમ છે, પરંતુ કેટલાક અપવાદ રૂપ પ્રસંગોમાં વિકાસ પામેલા મનુષ્યો, જેમણે સામાન્ય માનવચેતનાની ભૂમિકા કરતાં ઉચ્ચતર ચેતના પ્રાપ્ત કરી હોય તેમના માટે એ વસ્તુ ન લાગુ પડે.

આત્મા (અથવા ચૈત્યપુરુષ) નિમ્ન યોનિમાં જતો નથી. આવિર્ભાવ પામેલા સ્વરૂપનો કોઈ ભાગ, ઘણે ભાગે પ્રાણનો અમુક અંશ, કોઈ કામના, અથવા આશક્તિ અથવા વિશિષ્ટ અનુભવની જરૂરને લઈને તે પ્રમાણે કરે છે. સામાન્ય માણસમાં આવી વસ્તુ વારંવાર બને છે.

*

મૃત્યુ સમયે આપણું સ્વરૂપ શરીરમાંથી મસ્તક મારફતે બહાર જાય છે; તે સૂક્ષ્મ શરીરમાં જાય છે અને અસ્તિત્વની ભિન્ન ભિન્ન ભૂમિકાઓમાં થોડા સમય માટે જાય છે. તેના પૃથ્વી ઉપરના અસ્તિત્વના પરિણામે આવેલા કેટલાક અનુભવોમાંથી પસાર થાય ત્યાં સુધી તે ભૂમિકાઓમાં રહે છે. ત્યાર પછી તે ચૈતસિક જગતમાં પહોંચે છે અને પછી પૃથ્વી ઉપર નવીન જીવન શરૂઆત કરવાનો સમય થાય ત્યાં સુધી એક પ્રકારની નિદ્રામાં આરામ કરે છે. સામાન્યતયા આ રીતે બને છે – પરંતુ કેટલાંક સ્વરૂપો વધારે વિકાસ પામેલાં હોય છે અને આ ક્રમનું અનુસરણ કરતાં નથી.

*

આત્મા, મૃત્યુ પછી શરીર બહાર સૂક્ષ્મ શરીરમાં જાય છે.

સ્મૃતિઓ થોડા સમય સુધી ચાલુ રહે છે, પરંતુ નવ-જન્મ સુધી નહિ – નહિ તો પછી ભૂતકાળના જન્મોની સ્મૃતિઓની છાપ એટલી બધી સમર્થ હોય કે નવીન જન્મ ધારણ કર્યા પછી પણ તે અપવાદને બદલે નિયમ બની રહે.

તમે એમ કહો છો કે "એક જન્મના સંબંધો તે પછીના ઉત્તરોત્તર થતા જન્મોમાં ટકી રહે છે, અને તેમના ટકી રહેવાનો આધાર પરસ્પરની આસક્તિ ઉપર હોય છે" આમ બનવું શકય છે, પરંતુ તે નિયમ નથી – એકના એક જ લોકો જુદાજુદા જન્મોમાં પૃથ્વી ઉપર વારંવાર મળે છે, પરંતુ તેમના સંબંધો જુદા જુદા પ્રકારના હોય છે. જો તેની તે જ વ્યક્તિ, તેના તે જ સંબંધો અને અનુભવો સાથે અવિરતપણે પુનરાવર્તન કર્યા કરે, તો પુનર્જન્મનો હેતુ સિદ્ધ ન થઈ શકે.

તે એવો પ્રસંગ નથી કે માનવ કરતાં નિમ્ન કોટિના જીવનની યોનિમાં મૃત્યુ પછી અહંકારનો પૂરેપૂરો છેદ ઊડી જાય.

જે પૂર્ણ આરામની અક્રિય સ્થિતિમાં રહેવાની વાત કહેવામાં આવી છે તે

અહંકાર વિશે નથી પરંતુ જ્યારે ચૈત્યપુરુષના પ્રાણમય અને બીજા કોશો ખરી પડે છે ત્યારે તે ચૈતસિક જગતમાં આરામ કરે છે. જે ચૈત્યપુરુષ ચૈતસિક ભૂમિકામાં જાય તે અગાઉ તેના માર્ગમાં આવતા પ્રાણમય ભૂમિકાના અને અન્ય જગતોમાંથી તે પસાર થાય છે.

જે લોકો મૃત્યુ પામે છે તેઓ જ્યાં સુધી પૃથ્વીની નજીકમાં હોય છે ત્યાં સુધી તેમના સીધા સંપર્કમાં આવવું શકય બને છે (જે લોકોમાં ગુહ્ય જ્ઞાનની અનુભૂતિ હોય છે તેઓ સામાન્યતયા એમ માને છે કે તે ફક્ત ત્રણ વર્ષ સુધી જ શકય હોય છે) અથવા તેઓ પૃથ્વીની સાથે બંધાયેલા હોય અથવા જેઓ સીધા ચૈતસિક ભૂમિકામાં ઊપડતા નથી, પરંતુ પૃથ્વી ઉપર ઝળૂંબી રહેલા હોય છે અને તરત જ પુનર્જન્મ પામે છે.

આ વસ્તુઓ વિશે વિશ્વરૂપ વિધાનો સહેલાઈથી કરી શકાય નહિ – એક સામાન્ય રેખા હોઈ શકે, – પરંતુ વ્યક્તિગત દૃષ્ટાંતો અનંત પ્રકારની ભિન્નતાવાળાં હોય છે.

*

મૃત્યુ પછી એક એવો સમયનો ગાળો હોય છે જેમાં વ્યક્તિ પ્રાણમય જગતમાંથી પસાર થાય છે અને તેમાં થોડો સમય રહે છે. આમાં પસાર થવાનો શરૂઆતનો ભાગ જ જોખમકારક અથવા દુઃખપૂર્ણ હોય છે; બીજા ભાગમાં વ્યક્તિ પ્રાણમય કામનાઓ અને વૃત્તિઓના અવશેષો જે તેના શરીરમાં રહેલાં હોય તેમના ઉપર કેટલાક સંજોગોમાં કાર્ય કરે છે. જ્યારે વ્યક્તિ આ બધી વસ્તુઓથી કંટાળી જાય અને આગળ જવા માટે યોગ્ય બને, જ્યારે પ્રાણમય કોશ ખરી પડે છે અને આત્માને મનોમય અવશેષોનો નિકાલ કરવાને માટે જરૂરી સમય લાગે ત્યારે પછી તે આત્મા ચૈતસિક જગતમાં આરામની અવસ્થામાં જાય છે અને બીજો જન્મ પૃથ્વી ઉપર ધારણ કરે ત્યાં સુધી ત્યાં રહે છે.

આપણે મૃત્યુ પામેલા માણસના આત્માને આપણી શુભ નિષ્ઠાથી અથવા આપણામાં ગુહ્ય જ્ઞાન હોય તો ગુહ્ય સાધનોથી મદદ કરી શકીએ છીએ. આપણે તેમના માટે શોક કરીને અથવા તેમને ઝંખ્યા કરીને તેમને અહીં પૃથ્વી ઉપર ખેંચી રાખવાનું કાર્ય ન કરવું જોઈએ. આપણે એવું કોઈ પણ કાર્ય ન કરવું જોઈએ જે તેમને પૃથ્વીથી નજીક ખેંચી રાખે, અથવા તેમના આરામની જગાએ જવાની મુસાફરીના કાર્યને વિલંબમાં નાખે.

*

કેટલીક વખત, ખાસ કરીને કેટલાક માણસોનું મૃત્યુ અણધાર્યું અને ઓચિંતાં થાય તો તેઓ મૃત્યુ પામ્યા છે એવું ભાન થોડા સમય સુધી તેમને થતું નથી એવું પણ બને છે, પરંતુ તેથી એમ ન કહી શકાય કે બધાને અથવા ઘણાખરા માણસોને આ પ્રમાણે બને છે. કેટલાક અર્ધ-ચેતન અવસ્થામાં મૂર્છા જેવી સ્થિતિમાં પ્રવેશ કરે છે. આ વસ્તુ તેમના મૃત્યુ સમયની સ્થિતિ દ્વારા એક અંધકારમય આંતરિક અવસ્થાનું સર્જન કરે છે. આવી સ્થિતિમાં તેઓને એવું જ્ઞાન પણ હોતું નથી કે તેઓ ક્યાં છે વગેરેનું જ્યારે બીજાઓ તેમના માર્ગ વિશે સચેતન હોય છે. એ સાચું છે કે મૃત્યુ પામેલું સ્વરૂપ શરીરની નજીક થોડા સમય માટે પ્રાણમય શરીરમાં અટકી રહે છે, અથવા તેમના જીવનનું દૃશ્ય લગભગ આઠ દિવસ સુધી ઘણી વખત ટકી રહે છે અને પ્રાચીન ધર્મોમાં તે છૂટું પડે માટે મન્ત્રો અને બીજા સાધનોનો ઉપયોગ થતો હતો. શરીરમાંથી અલગ થયા પછીથી પણ જે પૃથ્વી સાથે બંધાયેલી પ્રકૃતિવાળું સ્વરૂપ હોય અથવા જેનામાં તીવ્ર શારીરિક કામનાઓથી ભરપૂર હોય એવું સ્વરૂપ હોય ત્યારે પૃથ્વીના વાતાવરણમાં લાંબો સમય સુધી વધારેમાં વધારે ત્રણ વર્ષ સુધી તે ટકી રહે છે. ત્યાર પછી, તે પ્રાણમય જગતોમાં મુસાફરીએ જાય છે અને વહેલા કે મોડા બીજા જન્મ સુધી આરામમાં પહોંચી જાય. એ પણ સાચું છે કે મૃત્યુ પામેલા માણસો માટે દુઃખ કે શોક કરવાથી તે તેમની પ્રગતિને અટકાવે છે. અને તેમના માર્ગમાંથી તેમને પાછા ખેંચી રાખીને પૃથ્વીના વાતાવરણ સાથે બાંધી રાખે છે.

*

ચૈત્યપુરુષ ચૈતસિક ભૂમિકામાં જતી વખતે પોતાના બાહ્ય કોશોને ખેરવી નાખે છે, એ ગતિ સામાન્ય ગતિ છે. પરંતુ તેમાં પણ ઘણા ફેરફાર હોઈ શકે છે; વ્યક્તિ પ્રાણમય ભૂમિકામાંથી પાછી ફરી શકે છે અને એવા કેટલાએ દાખલાઓ છે જેમાં તેમણે તાત્કાલિક જન્મ ગ્રહણ કર્યો હોય અને કેટલીક વખત ભૂતકાળના બનાવોની તેમને પૂર્ણપણે સ્મૃતિ પણ રહેલી હોય.

નર્ક અથવા સ્વર્ગ ઘણી વખત આત્માની અથવા ઘણે ભાગે પ્રાણતત્ત્વની કાલ્પનિક અવસ્થાઓ હોય છે અને તે મૃત્યુ પછીના માર્ગે જતો હોય ત્યારે પ્રાણ એવી અવસ્થાઓની રચના કરતો હોય છે. નર્ક એટલે પ્રાણ જે દુઃખપૂર્ણ માર્ગમાંથી પસાર થતો હોય છે તે અવસ્થા, અથવા તો પ્રાણજગતમાં તે ટકી રહેતો હોય છે ત્યારની સ્થિતિ. દા.ત. ઘણા આપઘાતના પ્રસંગોએ જ્યારે વ્યકિત દુઃખ અને વેદનાથી ઘેરાયેલી હોય છે, અને આવી અકુદરતી અને ઉગ્ર રીતે બહાર નીકળી

જાય છે ત્યારે એવી અવસ્થા હોય છે. અલબત્ત, કેટલાક મનના જગતો અને પ્રાણના જગતો છે જે આનંદપૂર્ણ અવસ્થાઓવાળા અથવા અંધકારમય અવસ્થાથી ભરેલા હોય છે. પ્રકૃતિમાં બંધાયેલી કેટલીક વસ્તુઓના પરિણામે આવી વસ્તુમાંથી કોઈ પસાર થઈ શકે અને તેને લઈને કેટલીક આસક્તિઓ બંધાય પરંતુ તે બધી આનંદમય જગતોના ઇનામરૂપે કે બદલામાં મળે છે એ બેઢંગો અને ગ્રામ્ય ખ્યાલ છે અને એક સર્વસામાન્ય ભૂલ છે.

જ્યારે આત્મા પાછો પુનર્જન્મમાં જાય છે ત્યારે ત્યારે પૂર્વજન્મની પૂર્ણ વિસ્મૃતિ થાય જ એવો કોઈ નિયમ નથી. બાલ્યકાળમાં પૂર્વજીવનની સ્મૃતિની ઘણી છાપો હોય છે અને તે મજબૂત અને સ્પષ્ટ પણ હોય છે પરંતુ આ સ્થૂલ શિક્ષણ અને પરિસ્થિતિઓનો પ્રભાવ તે વસ્તુઓને સમજવામાંથી અટકાવે છે. ઘણી મોટી સંખ્યામાં એવા માણસો છે જેમને તેમના ભૂતકાળના જીવનની સ્પષ્ટ સ્મૃતિઓ હોય છે. પરંતુ આ વસ્તુઓને શિક્ષણ અને વાતાવરણ નિરુત્સાહી બનાવે છે અને તેથી તે સ્મૃતિઓ ટકી શકતી નથી અથવા વિકાસ પામતી નથી; ઘણા પ્રસંગોએ તેમને તે અસ્તિત્વમાંથી ગૂંગળાવી નાખવામાં આવે છે. સાથે સાથે એ વસ્તુની પણ નોંધ લેવાની છે કે ચૈત્યપુરુષ તેની સાથે જે વસ્તુ લઈ જાય છે અને પછીના જન્મમાં પાછી લાવે છે તે સામાન્ય રીતે તેને પૂર્વ જીવનોમાં થયેલા અનુભવોનો સાર હોય છે અને નહિ કે પૂર્ણ વિગતો. તેથી કરીને તમે વ્યક્તિ પાસે તેના હાલના અસ્તિત્વમાં જે પ્રકારની સ્મૃતિ હોય તેવા જ પ્રકારની તે સ્મૃતિઓ હોય એવી આશા રાખી શકો નહિ.

કોઈ આત્મા સીધો જ ચૈત્ય જગતમાં જઈ શકે છે પરંતુ તેનો આધાર તેના શરીરનો તે ત્યાગ કરે તે સમયની ચેતનાની અવસ્થા ઉપર હોય છે. તે સમયે જો તેનો ચૈત્યપુરુષ અગ્રભાગે હોય તો, તે તાત્કાલિક પોતાનો માર્ગ કાપી શકે છે. તેનો આધાર મનોમય, પ્રાણમય કે ચૈતસિક અમરતાની પ્રાપ્તિ ઉપર નથી – જે લોકોએ તે વસ્તુ પ્રાપ્ત કરી હોય છે તે લોકો ભિન્ન ભિન્ન જગતોમાં ગતિ કરવાને શક્તિમાન હોય છે એટલું જ નહિ પરંતુ સ્થૂલ જગત ઉપર, તેની સાથે બંધાયા સિવાય પણ કાર્ય કરી શકે છે. એકંદરે એમ કહી શકાય કે આ બધી વસ્તુઓ માટે કોઈ રૂઢ નિયમ નથી, ચેતના અને તેની શક્તિઓ, વલણો, રચનાઓ વગેરેના ઉપર આધાર રાખતી ઘણા પ્રકારની ભિન્નતાઓ હોય છે, જો કે એક સામાન્ય રૂપરેખા અને યોજના હોય છે જેમાં બધી વસ્તુઓ બંધ બેસતી જાય છે અને પોતપોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે.

*

ઉત્ક્રાંતિ પામતો અંતરાત્મા ( ચૈત્યપુરુષ ) અને શુદ્ધ આત્મા અથવા જીવાત્મા વચ્ચેનો સ્પષ્ટ ભેદ સમજવો જરૂરી છે. શુદ્ધ આત્મા અજન્મા છે, જન્મ અને મૃત્યુમાંથી પસાર થતો નથી, જન્મ અથવા શરીર, મન અથવા પ્રાણ અથવા આવિર્ભાવ પામેલી પ્રકૃતિથી તે સ્વતંત્ર છે. આ બધી વસ્તુઓને તે ટેકો આપે છે પરંતુ તેમના વડે તે મર્યાદિત થતો નથી તેમ જ અસર પણ પામતો નથી. જ્યારે તેનાથી ઊલટું અંતરાત્મા (ચૈત્યપુરુષ) એવી વસ્તુ છે જે જન્મમાં અવતરણ કરે છે અને મૃત્યુમાંથી પસાર થાય છે – જો કે તે પોતે મૃત્યુ પામતો નથી કારણ કે તે અમર છે – અને એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જાય છે, પૃથ્વીની ભૂમિકા ઉપરથી બીજી ભૂમિકાઓમાં જાય છે અને ફરી પાછો પૃથ્વીના અસ્તિત્વમાં પાછો ફરે છે. આ પ્રમાણે પ્રગતિ કરતો કરતો તે એક પછી એક જન્મમાં ચાલ્યા કરે છે. તે એક વિકાસક્રમમાંથી પસાર થાય છે અને તે ઉત્ક્રાંતિ તેને માનવ-અવસ્થામાં દોરી જાય છે, અને પોતાના સ્વરૂપની ઉત્ક્રાંતિ કરતો પોતાની સત્-તામાં હોય છે, જેને આપણે ચૈત્યપુરુષ કહીએ છીએ. આ ચૈત્યપુરુષ ઉત્ક્રાંતિનો આધાર આપે છે અને તે એક શારીરિક, પ્રાણમય અને મનોમય ચેતનાનો વિકાસ કરે છે. આ બધા તેના જગતના અનુભવો માટેનાં સાધનો હોય છે અને તે તેના આચ્છાદિત અપૂર્ણ પરંતુ આત્મ-પ્રગટીકરણનાં સાધનો હોય છે. આ બધું તે પડદા પાછળ રહીને કાર્ય કરતો હોય છે, અને અપૂર્ણ સાધન રૂપ સ્વરૂપ જેટલી અનુમતિ આપે એટલા પ્રમાણમાં પોતાના દિવ્ય આત્મતત્ત્વને પ્રગટ કરે છે, પરંતુ એક એવો સમય આવે છે જ્યારે તે પરદા પાછળથી બહાર આવવા માટે તૈયાર થઈ શકે છે અને સમગ્ર કરણરૂપ પ્રકૃતિને કાબૂમાં લઈને એક દિવ્ય ચરિતાર્થતા તરફ વાળી શકે છે. આ સાચા આધ્યાત્મિક જીવનની શરૂઆત છે. ત્યાર પછી હવે આત્મા માનવચેતના કરતાં આવિર્ભાવ પામેલી ચેતનાના ઊર્ધ્વતર વિકાસ માટે તૈયાર થાય છે – તે મનોમય ચેતનામાંથી આધ્યાત્મિક ચેતનામાં જાય છે અને આધ્યાત્મિક ચેતનામાંથી ક્રમે ક્રમે અતિમાનસ અવસ્થામાં પહોંચે છે. ત્યાં સુધી તેણે જન્મમાંથી શા માટે અટકી જવું તેના માટે કોઈ કારણ નથી, હકીકતમાં તે પ્રમાણે તે કરી શકે નહિ. આધ્યાત્મિક અવસ્થાએ પહોંચ્યા પછી જો તેને પૃથ્વી ઉપરના આવિર્ભાવમાંથી બહાર નીકળી જવાની ઇચ્છા હોય તો ખરેખર તે પ્રમાણે કરી શકે છે – પરંતુ તેનાથી પણ પર ઉચ્ચતર આવિર્ભાવ શક્ય છે, જ્ઞાનમાં આવિર્ભાવ, અને નહિ કે અવિદ્યામાં. –

એટલા માટે તમારે માટે પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. શુદ્ધ આત્મા નહિ પરંતુ ચૈત્યપુરુષ ચૈતસિક ભૂમિકામાં જાય છે અને નવીન જન્મ ધારણ કરે ત્યાં સુધી તે ભૂમિકામાં ને આરામમગ્ન સ્થિતિમાં રહે છે. તેમ કરીને કોઈ શક્તિ તેને

નવીન જન્મ લેવાને ફરજ પાડી શકે નહિ. તેની પ્રકૃતિમાં જ એવું કાંઈક હોય છે જે પરમાત્માએ તેનામાં મૂકેલું હોય છે અને તે વિકાસક્રમને ટેકો આપે છે અને જ્યાં સુધી તેના વિકાસક્રમમાં પ્રભુનો હેતુ સિદ્ધ ન થાય ત્યાં સુધી તેણે તે પ્રમાણે કરવાનું છે. કર્મ એ એક પ્રકારનું યંત્ર છે અને તે પૃથ્વી ઉપરના અસ્તિત્વનું મૂળભૂત કારણ નથી.—તે હોઈ શકે પણ નહિ, કારણ કે જ્યારે આત્માએ આ અસ્તિત્વમાં પ્રવેશ કર્યો ત્યારે તેને કોઈ કર્મ નહોતું.

તમે 'સર્વ-આવરિત માયા' અથવા 'સર્વ ચેતના ગુમાવી દેતી' એટલે શું કહેવા માગો છો? આત્મા બધી ચેતનાને ગુમાવી દઈ શકે નહિ, કારણ કે તેનો ગુણ જ ચેતના છે, જોકે તે ચેતના મનોમય પ્રકારની હોતી નથી, જેને આપણે એવું નામ આપીએ છીએ. ચેતના ફક્ત ઢંકાઈ ગયેલી હોય છે, ગુમ થયેલી અથવા નાશ પામેલી નહિ. તે ચેતના સ્થૂલ પ્રકૃતિના કહેવાતા અચિત્‌થી અને ત્યાર પછી મન, પ્રાણ અને શરીરની અજ્ઞાનાવસ્થાની અર્ધ-ચેતના વડે ઢંકાયેલી હોય છે. તે વ્યક્તિગત મન, પ્રાણ અને શરીર તરીકે વિકાસ પામે છે, અને તે પણ એટલા પ્રમાણમાં જેટલા પ્રમાણમાં તેને આવિર્ભાવ પામવાની શક્યતા હોય. તે તેની ચેતનાનો બાહ્ય સાધનરૂપ પ્રકૃતિમાં આ બધાં કારણો મારફતે અને બાહ્ય વ્યક્તિત્વ દ્વારા એટલા પ્રમાણમાં અને એવી રીતે આવિર્ભાવ પામે છે જેટલા પ્રમાણમાં તેને તેના માટે તૈયાર કરવામાં આવી હોય અને તેના દ્વારા કરવામાં આવી હોય — કારણ કે બન્ને હાલના જીવન માટે સાચી હોય છે.

આત્માના પુનર્જન્મમાં તેને ભયંકર વેદના સહન કરવી પડે છે તે વિશે હું કાંઈ જાણતો નથી; લોકોની માન્યતાઓમાં થોડોઘણો પાયો હોય છતાં પણ તે ભાગ્યે જ પ્રકાશ ફેંકનારી અને ચોક્કસ બાબતો હોય છે.

*

(૧) ચૈત્યપુરુષ મન, પ્રાણ અને શરીરની પાછળ ઊભો રહીને તેમને ટેકો આપે છે; તે જ પ્રમાણે ચૈતસિક જગત મનોમય, પ્રાણમય અથવા શારીરિક જગતોની માફક સીડીમાં ગોઠવાયેલું નથી. પરંતુ તે બધાની પશ્ચાદ્‌ભૂમિકામાં હોય છે અને તે ત્યાં એટલા માટે હોય છે જેથી કરીને ઉત્ક્રાંતિ પામતા આત્માઓ એક જીવનથી બીજા જન્મની વચ્ચેના સમય દરમ્યાન આરામ કરે છે. જો ચૈતસિક તત્ત્વ, શરીર, પ્રાણ અને મનની માફક બીજાઓની સાથે એક પછી એક ક્રમમાં ગોઠવાયેલું તત્ત્વ હોત અને બીજાઓની માફક એક જ પરિસ્થિતિના ક્રમમાં કોઈ જગાએ ગોઠવાયેલું હોત, તો તે બીજા બાકીના ભાગોનો આત્મા હોઈ શકયો ન હોત; આત્મા એ દિવ્ય તત્ત્વ

છે અને બીજા ભાગોનો વિકાસક્રમ શકચ બનાવે છે અને તે બધાનો વિશ્વરૂપ અનુભૂતિ મારફતે પરમાત્મા તરફ વિકાસ પામવા માટે તે બધાનો કરણો તરીકે ઉપયોગ કરે છે. તે જ પ્રમાણે ચૈતસિક જગત પણ બીજા જગતોમાંનું એક જગત ન હોઈ શકે જેમાં ઉત્ક્રાંતિ પામતો ચૈત્યપુરુષ પરા-શારીરિક અનુભવ માટે જાય છે; તે એવી ભૂમિકા છે જેમાં પોતે પોતાની અંદર જ આરામ માટે પાછો જાય છે, જેથી કરીને તેને જે અનુભવો થયેલા છે તેના આધ્યાત્મિક પાચન માટે અને તેની મૂળભૂત ચેતના અને ચૈતસિક પ્રકૃતિમાં ફરીને ડૂબકી મારી શકે.

(૨) થોડાઘણા માણસો જેઓ અવિદ્યામાંથી બહાર નીકળીને નિર્વાણમાં પ્રવેશ કરે છે તેમના માટે આવિર્ભાવના ઊર્ધ્વતર જગતોમાં સીધેસીધા જવાનો પ્રશ્ન નથી. નિર્વાણ અથવા મોક્ષ, સ્વરૂપની મુક્ત અવસ્થા છે કોઈ જગત નહિ – તે જગતોમાંથી અને આવિર્ભાવમાંથી પાછા હઠવાની ક્રિયા છે. પિતૃયાન અને દેવયાનની સરખામણીનો આ સંબંધમાં ભાગ્યે જ નિર્દેશ કરી શકાય.

(૩) જે આત્માઓ ચૈતસિક જગતમાં પાછા ફરે છે તેમની સ્થિતિ પૂર્ણ અક્રિય હોય છે; દરેક પોતાની અંદર હઠી જાય છે અને એકસાથે પરસ્પર કાર્ય કરતા નથી. જ્યારે તેઓ પોતાની સમાધિમાંથી બહાર આવે છે ત્યારે તેઓ નવીન જન્મને માટે નીચે જવા માટે તૈયાર હોય છે, પરંતુ તે સમય દરમિયાન તેઓ પાર્થિવ જીવન ઉપર કાર્ય કરતા નથી. બીજાં સત્ત્વો પણ હોય છે જેઓ ચૈતસિક જગતનાં રક્ષકો હોય છે પરંતુ તેઓને ચૈતસિક જગત સાથે જ અને પુનર્જન્મ પામવા માટે આવતા આત્માઓ સાથે સંબંધ છે અને નહિ કે પૃથ્વી સાથે.

(૪) ચૈતસિક જગતનું સત્ત્વ પૃથ્વી ઉપરના માનવ-આત્મામાં ભળી જતું નથી. કેટલાક પ્રસંગોમાં એવું બને છે કે ખૂબ આગળ વધેલો ચૈત્યપુરુષ કેટલીક વખત પોતાનો પ્રાદુર્ભાવ નીચે મોકલે છે જે માણસમાં રહે છે અને તેને ત્યાં સુધી તૈયાર કરે છે જ્યાં સુધીમાં ચૈતસિક પુરુષ પોતે જ જીવનમાં પ્રવેશ કરવા માટે તૈયાર થાય. આ વસ્તુ જ્યારે કોઈ ખાસ વિશિષ્ટ પ્રકારનું કાર્ય કરવાનું હોય અને માનવ-વાહનને તૈયાર કરવાનું હોય ત્યારે આ પ્રમાણે બને છે. આવા પ્રકારનું અવતરણ વ્યક્તિત્વમાં અને પ્રકૃતિમાં ઝડપી પ્રકારનો નોંધપાત્ર ફેરફાર ઉત્પન્ન કરે છે.

(૫) સામાન્યતયા આત્મા એની એ જ જાતિ (Sex) અપનાવે છે. જો કોઈ પ્રસંગે યોનિમાં ફેરફાર કરવામાં આવે છે તે પણ એક નિયમ તરીકે, વ્યક્તિતાના વિભાગમાં થાય છે, કેન્દ્રસ્થ વ્યક્તિતામાં નહિ.

( ૬ ) આત્મા પુનર્જન્મ માટે નવીન શરીરમાં દાખલ થાય છે તે અવસ્થા માટે કોઈ નિયમ બાંધી શકાય નહિ, કારણ કે દરેક વ્યક્તિના સંજોગો અનુસાર તેમાં ફેરફાર થાય છે. કેટલાક ચૈત્યપુરુષો ગર્ભાધાનના સમયથી જન્મ સમયના સંજોગોમાં માતાપિતાઓ સાથે સંબંધમાં આવે છે અને વ્યક્તિત્વ અને ભાવિની ગર્ભાધાનમાંથી તૈયારી કરે છે. બીજા કેટલાક જન્મ સમયે જોડાઈ જાય છે, બીજા જીવનમાં પાછળથી; અને આ બધા પ્રસંગોમાં જીવનને ટકાવી રાખનાર ચૈત્યપુરુષનો પ્રાદુર્ભાવ હોય છે. એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભાવિ જન્મની પરિસ્થિતિઓ ચૈત્યપુરુષની આરામની સ્થિતિમાંથી મૂળભૂત રીતે નિશ્ચિત થતી નથી પરંતુ મૃત્યુ સમયે નિશ્ચિત થાય છે — ત્યાર પછી ચૈત્યપુરુષ તેના પૃથ્વી ઉપરના ત્યાર પછીના જન્મમાં તેણે કયું કાર્ય કરવાનું છે તે પસંદ કરે છે અને તે પ્રમાણે સંજોગો ગોઠવાય છે.

એ ધ્યાનમાં રાખજો કે પુણ્યની બક્ષિસરૂપે કે પાપની સજા તરીકેનો પુનર્જન્મ વિશેનો અથવા નવા જીવન વિશેનો ખ્યાલ એવો 'ન્યાય' વિશેનો માનવનો જે ખ્યાલ છે તે અણઘડ છે. આવો ખ્યાલ અધ્યાત્મજ્ઞાનથી ઊલટો છે અને જીવનના સાચા ઉદ્દેશને વિકૃત કરે છે. અહીં જીવન એક ઉત્ક્રાંતિ છે અને અંતરાત્મા અનુભવથી આગળ વધે છે, અને પોતાની પ્રકૃતિમાં રહેલા અમુક તત્ત્વને અનુભવ-રૂપે તે વ્યક્ત કરે છે. એમાં અજ્ઞાનને લીધે થતી અનિવાર્ય એવી ભૂલો કે સ્ખલનોને માટે પ્રભુએ અથવા વૈશ્વિક નિયમોએ આપણા ઉપર લાદેલા ચુકાદા જેવું કાંઈ જ નથી.

*

આ બધા પ્રશ્નોનો વિધાનાત્મક ઉત્તર આપવો મુશ્કેલ છે કારણ કે તેના માટે સર્વસામાન્ય નિયમ આપી શકાય નહિ. મન રૂઢ નિયમો બનાવી લે છે યા એક ચુસ્ત નિયમ બનાવે છે પરંતુ દિવ્ય આવિર્ભાવ એક વાસ્તવિકતા છે, તે ઘણી નમનીય અને ભિન્ન તથા ભિન્ન ભિન્ન પાસાંઓવાળી હોય છે. તેથી કરીને મારા ઉત્તરોને તે વિષય વિશેના પૂર્ણ વિગતવાળા અથવા સંપૂર્ણ ન ગણવા.

( ૧ ) તે ( જીવનમુક્ત ) તેનું જ્યાં લક્ષ્ય સિદ્ધ કરે છે ત્યાં જઈ શકે છે, નિર્વાણની અવસ્થામાં અથવા દિવ્ય જગતોમાંથી કોઈ પણ જગતમાં અને તે જ્યાં જાય ત્યાં રહી શકે છે અથવા પૃથ્વીની ગતિઓની સાથે સંપર્કમાં રહે છે અને તે ગતિને આધાર આપવાની તેની ઇચ્છા હોય તો પાછો ફરી શકે છે.

આ વસ્તુ ( આત્માની હાલની ઉચ્ચતમ સિદ્ધિના જગતમાંથી સીધેસીધા તેનાથી ઉચ્ચતર જગતમાં જવાની ક્રિયા ) શંકાસ્પદ છે. જો તે મૂળભૂત રીતના

વિકાસક્રમનું સત્ત્વ ન હોય પરંતુ કોઈ ઉચ્ચતર જગતનું સ્વરૂપ હોય તો તે જગતમાં પાછું ફરે છે. જો તે વધારે ઊંચે જવાનું ઇચ્છે તો તે તર્કશુદ્ધ છે કે જ્યાં સુધી તેણે તે ઉચ્ચતર ભૂમિકાને યોગ્ય એવી ચેતનાનો વિકાસ ન કર્યો હોય ત્યાં સુધી તેણે વિકાસક્રમના ક્ષેત્રમાં પાછા ફરવું પડે. જે રૂઢિગત ખ્યાલ છે કે દેવોને પણ મુક્તિ જોઈતી હોય તો તેમણે પૃથ્વી ઉપર પાછા આવવું જ પડે છે તે આ ઊર્ધ્વારોહણને પણ લાગુ પડે છે. જો તે મૂળભૂત રીતનો વિકાસક્રમનો પુરુષ હોય તો (રામકૃષ્ણે જીવકોટિ અને ઈશ્વર કોટિનો જે ભેદ પાડયો છે તે આ વસ્તુમાં પણ લાગુ પાડવો જોઈએ) તો તેણે આ વિકાસક્રમના માર્ગે જ આગળ વધવું જોઈએ; યા તો નકારાત્મક નિર્માણ મારફતે તેમાંથી પાછા હઠી જવું જોઈએ અથવા સચ્ચિદાનંદના વૃદ્ધિ પામતા આવિર્ભાવની હકારાત્મક દિવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ.

આવિર્ભાવમાં પાછા ફરવાની અશકયતાનો પ્રશ્ન એ જટિલ પ્રશ્ન છે. દિવ્ય સ્વરૂપ કાયમ પાછું ફરી શકે છે — જે પ્રમાણે રામકૃષ્ણે કહેલું કે ઈશ્વરકોટિ જીવ પોતાની ઇચ્છા પ્રમાણે જન્મ અને મૃત્યુ વચ્ચેની સીડી ઉપર પણ જઈ શકે અથવા નીચે પણ ઊતરી શકે છે. બીજાઓ માટે એ શકય છે કે તેઓ સાપેક્ષ રીતે અનંત સમય સુધી આરામમાં રહી શકે, "શાશ્વતી: સમા:" આ વસ્તુ તેમની ઇચ્છા ઉપર અબલંબન રાખે છે પરંતુ તેમના પુનરાગમનને અટકાવી શકાય નહિ, સિવાય કે તેઓ તેમના ઉચ્ચતમ શકય અવસ્થાઓમાં પહોંચ્યા હોય.

ના, તે વસ્તુ (નવા જન્મ પહેલાં ચૈતસિક જગતમાં પાછા ફરવું) એ વિકાસક્રમનો એક ભાગ જ છે, પરંતુ દિવ્ય કોટિના મનુષ્યો માટે પાછા ફરવાનું ફરજિયાત નથી.

(૨) વિકાસ પામેલો ચૈત્યપુરુષ એટલે જે આત્માની મુક્તિ સુધી પહોંચ્યો છે અને પરમાત્મામાં નિમગ્ન થઈ ગયેલો છે — નિમગ્ન થયેલો એટલે નાશ પામેલો નહિ. આવો ચૈત્યપુરુષ ચૈતસિક જગતમાં નિદ્રામાં રહેતો નથી પરંતુ તેની આનંદમાં મગ્ન થયેલી સ્થિતિમાં રહે છે અથવા કોઈ હેતુ માટે તે પાછો આવે છે.

'અવતરણ કરવું' શબ્દના સંદર્ભ અનુસાર ભિન્ન ભિન્ન અર્થો થાય છે — અહીં મેં તે એવા અર્થમાં વાપર્યો છે જેમાં ચૈત્યપુરુષ માનવચેતના અને તેના માટે તૈયાર થયેલા શરીરમાં નીચે ઊતરી આવે છે; તે અવતરણ જન્મ સમયે પણ હોઈ શકે અથવા તે પહેલાં પણ હોય અથવા તે પાછળથી આવીને પોતાના માટે

તૈયાર કરેલા વ્યક્તિત્વમાં પ્રવેશ કરે. હું ઊર્ધ્વમાં રહેલી વ્યક્તિતાઓ કઈ છે તે બરાબર સમજતો નથી. તે ચૈત્યપુરુષ પોતે જ છે જે શરીરને ધારણ કરે છે.

( ૩ ) ના, ચૈત્યપુરુષ એક કરતાં વધારે શરીર સ્વીકારી શકે નહિ. દરેક માનવ માટે એક જ ચૈત્યપુરુષ હોય, પરંતુ ઉચ્ચતર ભૂમિકાનાં સત્ત્વો જેવાં કે અધિમનસના દેવો એક જ સમયે જુદાં જુદાં શરીરોમાં ભિન્ન ભિન્ન પ્રાદુર્ભાવો મોકલીને એક કરતાં વધારે માનવશરીરોમાં આવિર્ભાવ પામી શકે. આ બધી તે દેવતાઓની વિભૂતિઓ કહી શકાય.

( ૪ ) આ બધા ( ચૈતસિક જગતના રક્ષકો ) માનવઆત્માઓ હોતા નથી. અથવા તો તેમને આ પ્રકારના કાર્યની ફરજ પણ અપાતી નથી, અથવા તો તે માટેના કાર્યકર્તાઓ પણ હોતા નથી – તે બધા ચૈતસિક ભૂમિકાનાં સત્ત્વો હોય છે અને તે ભૂમિકામાં તેમના પોતાના સ્વભાવ અનુસાર કાર્ય કરતા હોય છે. મારો શબ્દ ‘ રક્ષક ’ તેમના કાર્યના પ્રકાર માટે ફક્ત એક પ્રતીક અથવા રૂપકના અર્થમાં કરેલું સૂચન હતું.

*

હું માનું છું કે એક કે બે શૈવ સંપ્રદાયોની શાખાઓના અપવાદોને બાદ કરતાં જન્મમાંથી નાસી છૂટવું એ સૌ કોઈનો વિશ્વવ્યાપી આદર્શ હતો. પ્રભુ અનેક જન્મ લે છે એ સાથે આ વસ્તુ બિલકુલ બંધ બેસતી નથી, કારણ કે ગીતા ઉચ્ચતમ સ્થિતિ લયની સ્થિતિ નહિ પરંતુ પરમાત્મામાં નિવાસ કરવાની સ્થિતિ બતાવે છે. આ પ્રમાણે હોય તો પ્રભુની ચેતનામાં નિવાસ કરતા મુક્ત અથવા સિદ્ધ પુરુષે શા માટે પુનર્જન્મ અને તેની મુશ્કેલીઓથી ડરવું તેના માટે કોઈ કારણ જણાતું નથી. પ્રભુને જે વસ્તુનો ડર નથી તેનો પ્રભુમાં નિવાસ કરનારાને ડર શા માટે હોય ?

*

પિતૃયાન નિમ્ન જગતોમાં દોરી જાય છે એમ માનવામાં આવે છે તેમાં એવા પિતૃઓ રહે છે અને અજ્ઞાનમાં ઉત્ક્રાંતિશીલ હોય છે. દેવયાન દ્વારા વ્યક્તિ અજ્ઞાનથી પર રહેલા પ્રકાશમાં પહોંચે છે. પિતૃઓ વિશે એવી મુશ્કેલી છે કે પુરાણોમાં તેમને પૂર્વજો તરીકે તર્પણ આપવામાં આવે છે — તે પ્રાચીન પૂર્વજની પૂજા હોય છે, જે રીતે જાપાનમાં હજુ પણ અસ્તિત્વમાં રહેલી છે, પરંતુ વેદમાં તેઓ એવા પિતૃઓ લાગે છે જેમણે આગળ જઈને પરા ભૌતિક જગતોની શોધો કરેલી હોય છે.

*

ચૈત્યપુરુષ મૃત્યુ સમયે એવું કાર્ય પસંદ કરે છે જે ત્યાર પછીના જન્મમાં તેને કરવાનું હોય છે અને તે કાર્ય તેનું ચારિત્ર્ય અને નવીન શકયતાઓની પરિસ્થિતિનું નિર્માણ કરે છે. અવિદ્યાની પરિસ્થિતિમાં અનુભવ દ્વારા વિકાસક્રમની વૃદ્ધિ માટે જીવન છે. માણસ ઉચ્ચતર પ્રકાશ માટે તૈયાર થાય ત્યાં સુધી આ વિકાસક્રમ ચાલ્યા કરે છે.

*

માણસ મૃત્યુ પામે છે તે સમયની તેની ઇચ્છા એક સપાટી ઉપરની વસ્તુ છે. – તેનો નિશ્ચય ચૈત્યપુરુષ પણ કરી શકે છે જેથી તેનું ભાવિ તે ઘડી શકે પરંતુ તે ઇચ્છા ચૈત્યપુરુષની પસંદગીનો નિર્ણય કરતી નથી. તે વસ્તુ એવી છે જે બુરખા પાછળ ઢંકાયેલી હોય છે. બાહ્ય ચેતનાનું કાર્ય આંતર ચેતનાની પ્રગતિનું નિર્માણ કરતી નથી પરંતુ તેનાથી ઊલટું આંતર ચેતના બાહ્ય પ્રગતિનું નિર્માણ કરે છે. કેટલીક વખત, તેમ છતાં, આંતરિક કાર્યના કેટલાક ભાગો નિશાની રૂપ દેખાય છે અને તે બહાર સપાટી ઉપર આવે છે, દા. ત., કેટલાક માણસોને તેમના ભૂતકાળનું દર્શન અથવા કોઈ સંજોગોની સ્મૃતિ એક ભવ્ય ઝબકારાની માફક મૃત્યુ સમયે આવે છે, અને તે વસ્તુ ચૈત્યપુરુષ જીવનમાંથી છૂટો પડતો હોય છે તે સમયનું જીવન વિશેનું ચૈતસિક અવલોકન હોય છે.

*

ચૈત્યપુરુષની મૃત્યુ સમયની પસંદગી ત્યાર પછીની વ્યકિતત્વની અન્ય રચનાની યોજના નક્કી કરતી નથી, પરંતુ તેને ચોક્કસ જ નિશ્ચિત કરી આપે છે. જ્યારે તે ચૈતસિક જગતમાં પ્રવેશ કરે છે, ત્યારે તેના અનુભવોના સારને પચાવવાની શરૂઆત કરે છે અને તે પાચનક્રિયાથી ભાવિ ચૈતસિક વ્યકિતત્વનું ઘડતર થાય છે અને તે ઘડતર જે વસ્તુ નક્કી કરી રાખી હોય છે તે પ્રમાણે થાય છે. જ્યારે આ પાચન પૂરું થાય છે ત્યારે તે નવીન જન્મ માટે તૈયાર થાય છે; પરંતુ જે ઓછા વિકાસ પામેલા ચૈત્યપુરુષો પોતાની જાતે સમગ્ર વસ્તુની રૂપરેખા તૈયાર કરતા નથી, પરંતુ તેના માટે ઊર્ધ્વ જગતનાં સત્ત્વો અને બળો તેમના માટે કાર્ય કરતાં હોય છે. તે ઉપરાંત જ્યારે તે જન્મ લે છે ત્યારે તેને ખાતરી નથી હોતી કે સ્થૂલ જગતની શકિતઓ તેને જે પ્રમાણે કાર્ય કરવાની ઇચ્છા હોય તેની આડે નહિ આવે — તેનું નવું કરણ તે હેતુ માટે પૂરતા પ્રમાણમાં સમર્થ ન પણ હોય, કારણ કે તેની પોતાની શકિતઓ અને વૈશ્વિક શકિતઓ વચ્ચે અહીં પારસ્પારિક પ્રતિકાર્ય થાય છે. કેટલીક વખત નિષ્ફળતા, જુદો જ વળાંક અથવા અંશાત્મક

કાર્ય જ થઈ શકે – ઘણી વસ્તુઓ બની શકે. તે કોઈ જડ યંત્ર નથી, તે જટિલ શક્તિઓનું કાર્ય છે. તેમ છતાં એટલું ઉમેરી શકાય કે વિકાસ પામેલો ચૈત્યપુરુષ આ ફેરફારમાં વધારે સચેતન હોય છે. અને તેની પોતાની જાતે જ ઘણુંખરું કાર્ય કરી લે છે. સમયનો આધાર ચૈત્યપુરુષના વિકાસ અને એક પ્રકારના લય ઉપર પણ છે. – કેટલાક માટે તાત્કાલિક પુનર્જન્મ હોય છે, બીજા કેટલાક માટે વધારે સમય લાગે છે અને કેટલાક માટે સદીઓ પણ લાગે; પરંતુ આ બાબતમાં પણ એક વખત ચૈત્યપુરુષ પૂરતા પ્રમાણમાં વિકાસ પામેલો હોય ત્યાર પછી તેનો પોતાનો લય અને તેના પોતાના ગાળાઓ પસંદ કરવા માટે તે મુક્ત છે. સામાન્ય સિદ્ધાંત વધારે પડતા યાંત્રિક સ્વરૂપના છે – અને તે પ્રમાણે જ પુણ્ય અને પાપના ખ્યાલો તથા ત્યાર પછીના જીવનમાં તેમના પરિણામો વિશેનું છે. ભૂતકાળના જીવનમાં પ્રયોજાયેલી શક્તિઓનાં ચોક્કસ પરિણામો તો હોય છે જ પરંતુ તે બાલિશતાભર્યા ખ્યાલને આધારે નથી હોતા. કોઈ સારો માણસ આ જીવનમાં દુ:ખી હોય તો પ્રચલિત રૂઢ સિદ્ધાંત પ્રમાણે એમ માનવામાં આવે કે તે માણસ તેના પૂર્વજીવનમાં ઘણો દુષ્ટ માણસ હતો અને જો કોઈ દુષ્ટ માણસ સંપત્તિવાળો હોય તો આની પહેલાંના પૃથ્વી ઉપરના જન્મમાં તે બિલકુલ દેવ જેવો માણસ હતો એમ સાબિત થાય. તેણે તેના આગલા જન્મમાં અનેક સદાચરણનાં બીજો મોટા પ્રમાણમાં વાવેલાં હશે અને તેથી જ આવો સંપત્તિનો વિપુલ પાક તે લણતો હશે. આ વાત ખૂબ સુંદર લાગે છે, પણ સાચી નથી. જન્મનો હેતુ અનુભવ દ્વારા વૃદ્ધિ પામવાનો હોવાથી, ગયા જન્મનાં કર્મોનો ગમે તે પરિણામો આવતાં હોય છતાં તેઓ માનવને શીખવા અને વિકાસ કરવા માટે જ હોવાં જોઈએ અને નહિ કે ભૂતકાળની શાળાના વર્ગોના સારા વિદ્યાર્થીઓને ઇનામો અને દુષ્ટ વિદ્યાર્થીઓને સોટીના મારનો કાયદો લાગે. સારા કે ખરાબની પાછળની સાચી મંજૂરી એકને માટે સદ્‌ભાગ્ય અને બીજાને દુર્ભાગ્ય, એ રીતની નથી પણ આ રીતે હોય છે કે સારું આપણને વધારે ઊંચી પ્રકૃતિ તરફ લઈ જાય છે, અને આખરે દુ:ખથી પર જવાનું સામર્થ્ય આપે છે જ્યારે ખરાબ સંજોગો આપણને નિમ્ન પ્રકૃતિ તરફ ખેંચી જાય છે અને દુ:ખ તથા અનિષ્ટના વર્તુળમાં તે કાયમ રહે છે.

*

પહેલાંના જીવનમાંથી આવતી અજેય મુશ્કેલીઓ જેવું કાંઈ નથી. કેટલીક એવી રચનાઓ હોય છે જે સહાય કરે છે અને બીજી રચનાઓ અટકાવે છે; બીજા પ્રકારની રચનાઓનું વિસર્જન કરવાનું છે, અને તેમને ઓગાળી નાખવાની છે અને તેમનું પુનરાવર્તન થવા ન દેવું જોઈએ. માતાજીએ આ વિશે તમને વાત કરી છે તે

આ વલણના મૂળને સમજાવવા માટે અને તેનો નિકાલ કરવાની જરૂરિયાત માટે કરી હતી – તેમાં કોઈ દુસ્તર મુશ્કેલીનું સૂચન પણ નહોતું, પરંતુ તેનાથી ઊલટું હતું.

*

આ શબ્દો ('મૂઢ યોનિસુ અથવા અધોગચ્છન્તિ') કોઈ પશુના જન્મ વિશે અનિવાર્ય રીતનો ઉલ્લેખ કરતાં નથી; પરંતુ એ સાચું છે કે આવી માન્યતા માત્ર ભારતમાં જ સામાન્ય નથી પરંતુ જ્યાં જ્યાં પુનર્જન્મ કે દેહાન્તર પ્રાપ્તિમાં માનવામાં આવે છે ત્યાં સર્વ જગાએ પ્રચલિત છે. શેક્સપિયર જ્યારે કોઈની દાદીનો પુનર્જન્મ પશુમાં થયો હતો એવી વાત કરે છે ત્યારે તે પાયથેગોરાસની દેહાન્તર ગતિની જ માન્યતાનો ઉલ્લેખ કરે છે. પરંતુ અંતરાત્મા અથવા ચૈત્યપુરુષ એક વખત પણ માનવચેતના સુધી પહોંચે છે ત્યાર પછી ફરીથી તે નિમ્ન પ્રકારના પ્રાણીની ચેતનામાં પણ જઈ શકતો નથી, તેમ જ તે વૃક્ષની યોનિમાં કે જીવજંતુની યોનિમાં પણ પાછો જઈ શકતો નથી. સાચી વસ્તુ એ છે કે પ્રાણશક્તિનો અથવા ઘડાયેલી કરણરૂપ ચેતના અથવા પ્રકૃતિનો કેટલોક અંશ જો તે અંશ પૃથ્વી ઉપરના જીવનની કોઈ વસ્તુ ઉપર ખૂબ જ આસક્તિવાળો હોય તો બહાર જઈ શકે છે અને તેવું વારંવાર બને છે. કેટલાક દાખલાઓમાં માનવસ્વરૂપમાં પણ સંપૂર્ણ સ્મૃતિ સાથે તરત ને તરત જન્મ થાય છે, તેના ઉપરથી આ સમજાય છે. સામાન્ય રીતે તો ફક્ત યોગના વિકાસ વડે જ અથવા યોગદૃષ્ટિ વડે જ ગત જન્મોની બરાબર સ્મૃતિ જગાડી શકાય છે.

*

જ્યારે પ્રાણતત્ત્વ તૂટી જાય છે, તેની કેટલીક મજબૂત ગતિઓ, કામનાઓ, લાલસાઓ વગેરે પ્રાણી રૂપોમાં નીચે ઊતરી આવે છે, દા. ત. કામવાસના અને તેની સાથેનો પ્રાણમય ચેતનાનો અંશ તેના કાબૂમાં હોય છે, તે કૂતરામાં ઊતરી આવે છે અથવા કોઈ અતિશય લોભની ટેવ મુજબની ગતિ તેની સાથે પ્રાણમય ચેતનાનો અંશ લઈને તે ભૂંડમાં પ્રવેશ કરે છે. પ્રાણીઓની પ્રાણમય ચેતનામાં મન અંતર્હિત હોય છે, તેવી પ્રાણિક ચેતનાના પ્રતિનિધિઓ હોય છે અને તેથી એ સ્વાભાવિક છે કે આવી વસ્તુઓ તેમના સંતોષ અર્થે તેમની અંદર પ્રવેશ કરે છે.

*

મૃત્યુ પામેલા માણસના ટૂકડાઓ તેના આંતર-સ્વરૂપના ટુકડાઓ નથી (આંતરસ્વરૂપ ચૈતસિક જગત પ્રત્યે પોતાના માર્ગે જાય છે) પરંતુ તે ટુકડાઓ તેના પ્રાણમય કોશના ટુકડાઓ હોય છે જે મૃત્યુ પછીથી ખરી પડે છે. જન્મ માટે

તેમાં બીજો કોઈ જીવ જન્મ લેતા હોય તેની સાથે મળી જાય છે અથવા કોઈ શરીર જન્મ લેવાની પ્રક્રિયામાં હોય તો કોઈ પ્રાણમય સત્ત્વ તેમનો ઉપયોગ કરે છે અને પોતાની વૃત્તિઓના સંતોષ માટે તેનો આંશિક કબજો મેળવે છે. આ મિલન જન્મ પછીથી પણ બની શકે છે.

*

દરેક માનવ-અવતાર અથવા જન્મને સ્વાભાવિક રીતે જ એક ચૈત્યપુરુષ હોય છે, બીજા પ્રકારના પ્રાણમય સત્ત્વોને ચૈત્યપુરુષ હોતો નથી, અને તે જ ચોક્કસ કારણ છે જેને લઈને તેઓને માનવોનો કબજો લઈને શારીરિક જીવનનો આનંદ ઉપભોગ લેવો હોય છે અને તેમાં તેમને પોતાને અહીં પૃથ્વી ઉપર જન્મ લેવો પડતો નથી કારણ કે આ રીતે તેઓ વિકાસક્રમમાંથી અને આધ્યાત્મિક પ્રગતિમાંથી તથા પરિવર્તનના ચૈતસિક ધર્મમાંથી છટકી શકે છે. પરંતુ આ રચનાઓ (મૃત્યુ પામેલા માનવીના પ્રાણમય ટુકડાઓ) જુદી હોય છે તે એવી વસ્તુઓ છે જે પૃથ્વીને છોડીને જતી નથી, અને તેઓ કોઈ માનવીનો કબજો લેતી નથી. પરંતુ કોઈ માનવ પુનર્જન્મની સાથે ફક્ત આસક્ત થઈ જાય છે (અલબત્ત, જે પુનર્જન્મમાં ચૈત્યપુરુષ હોય એવા માનવી સાથે) એવા મનુષ્યો સાથે જોડાય છે જેમની સાથે તેમને આસક્તિ હોય છે અને તેથી તે તેનો વિરોધ કરતું નથી અથવા તેમના પ્રવેશનો સામનો કરતું નથી.

*

અહીં 'આસુરીક'નો અર્થ "પ્રાણીઓમાં" એવો થઈ શકે નહિ. ગીતા કાયમ સ્પષ્ટ અર્થવાળા શબ્દો વાપરે છે. જો એને પશુનો અર્થ કરવો હોત તો તેણે 'પશુ' શબ્દ જ વાપર્યો હોત અને નહિ કે આસુરિક. સજા બાબતમાં એવું છે કે તેમને એ જ સજા છે કે તેઓ તેમની આસુરિક પ્રકૃતિમાં વધારે અને વધારે નીચે ઊંડાણમાં જાય છે અને જાણે કે છેવટના તળિયાને સ્પર્શ કરે છે. પરંતુ આ તેમની અસંયમી વૃત્તિઓને, તેમાંથી બહાર આવવા માટે કશાય પ્રયત્ન કર્યા વગર છૂટથી પોષવાનું સાધારણ પરિણામ છે. જ્યારે વ્યક્તિતાની વધારે સારી બાજુ ખીલવવાથી માણસ સ્વાભાવિક રીતે જ ઊંચો ચડે છે અને દેવત્વમાં અથવા પ્રભુ પ્રત્યેનો વિકાસ સાધે છે. ગીતામાં પ્રભુને પ્રકૃતિ દ્વારા આખા વિશ્વના કાર્યને નિયંત્રણ કરનાર તરીકે ગણવામાં આવેલ છે તેથી "હું ફેંકું છું"[1] એવું કથન, તેના ખ્યાલો સાથે તદ્દન બંધ-

1. "ક્ષિપામ્યજસ્રમશુભાન્ આસુરીષ્વેવ યોનિષુ" — "હું અશુભ કરનારને વારંવાર આસુરી જન્મોમાં સતત ફેંકું છું." – ગીતા, અ. ૧૬–૧૯.

બેસતું છે. જગત પ્રકૃતિની એક યાંત્રિક રચના છે પરંતુ તે રચના પ્રભુની હાજરીથી નિયંત્રિત બનેલી છે.

*

હું જ્યાં સુધી જાણું છું ત્યાં સુધી જન્મો એક જ સીધી રેખામાં અથવા બીજી રેખામાં થયા કરે છે પરંતુ તેમાં એકબીજામાં પરિવર્તન થતું નથી — હું ધારું છું કે ભારતીય પરંપરા પણ તે રીતની છે, જો કે શિખંડી જેવા હેતુપૂર્વકના કેટલાક અપવાદો છે. જો યોનિમાં ફેરફાર હોય તો તે પરિવર્તનમાં સ્વરૂપનો એક અંશ જ, તેની સાથે જોડાય છે, નહિ કે કેન્દ્રસ્થ સ્વરૂપ અથવા જીવાત્મા.

*

તમે પ્રચલિત વિચાર એટલે શું કહેવા માગો છો? મેં પુનર્જન્મના પ્રચલિત દાખલાઓમાં એમ સાંભળ્યું છે કે પુરુષ એ પુરુષ જ અને સ્ત્રી એ સ્ત્રી તરીકે જ બીજા જન્મમાં જન્મે છે – સિવાય કે તેઓ પ્રાણી તરીકે જન્મે, પરંતુ તેમાં પણ હું ધારું છું કે નર પશુ એ નર તરીકે અને માદા એ માદા પશુ તરીકે જન્મ લે છે. મહાભારતમાં શિખંડી જેવાના પ્રસંગોનો ઉલ્લેખ છે જેમાં યોનિમાં ફેરફાર હોય એવા જૂજ દૃષ્ટાંતો છે. થીઓસોફિસ્ટોનો ખ્યાલ અણઘડ કલ્પનાથી ભરેલો છે. એક થીઓસોફિસ્ટ તો એટલે સુધી કહે છે કે તમે જો આ જન્મમાં પુરુષ હો તો તમારે બીજા જન્મમાં સ્ત્રી જ બનવું પડે અને આ પ્રમાણે ચાલ્યા કરે.

*

બરાબર યોનિ નહિ પરંતુ જેને આપણે પુંસ્તત્વ અને સ્ત્રીતત્વ કહીએ છીએ (તે ચૈત્યપુરુષમાં હોય છે.) (પુનર્જન્મમાં યોનિ બદલાય છે કે કેમ) તે મુશ્કેલ પ્રશ્ન છે. કેટલીક એવી રેખાઓ હોય છે જેનું પુનર્જન્મ અનુસરણ કરે છે અને જ્યાં સુધી મારો અનુભવ રહેલો છે અને સામાન્ય અનુભવ કહે છે તે પ્રમાણે વ્યક્તિ એક જ યોનિમાં ચાલે છે. પરંતુ યોનિની અદલાબદલીને અશક્ય જાહેર કરી શકાય નહિ. કેટલાક એવા હોવા જોઈએ જેઓ પલટો કરે છે. કોઈ પુરુષમાં સ્ત્રૈણ લક્ષણોની હાજરી હોય તો તે અનિવાર્ય રીતે ગત જન્મમાં સ્ત્રીનો જન્મ હતો, એવું સૂચન કરતું નથી – તેવાં લક્ષણો શક્તિઓની સામાન્ય લીલામાં અને તેમનાં ઘડતરોમાં આવી શકે. તે ઉપરાંત બંને યોનિઓમાં કેટલાક સામાન્ય ગુણો હોય છે. તે ઉપરાંત મનોમય વ્યક્તિતાનો કોઈ ટુકડો એવા જન્મની સાથે જોડાયેલો હોય જે પોતાનો જન્મ ન હોય. કોઈ વ્યક્તિ આગલા જન્મનના પુરુષ વિશે એમ કહી શકે, "તે હું પોતે નહોતો પણ મારી મનોમય વ્યક્તિતતાનો ટુકડો તેની અંદર જન્મેલો હતો." પુનર્જન્મ

એ જટિલ બનાવ છે અને સામાન્ય પ્રચલિત વિચારમાં જે રીતનો છે તે રીતની તેમાં સામાન્ય યાંત્રિકતા નથી.

*

તમારા પત્રમાં તમે મૂકેલો પ્રશ્ન વધારે પડતી રૂઢ ભાષામાં મુકાયો છે અને તમે અસ્તિત્વની હકીકતો અને શક્તિઓની મુલાયમતાની પૂરતા પ્રમાણમાં નોંધ લીધેલી નથી. એ પ્રશ્નમાં એવો ધ્વનિ લાગે છે જે આધુનિક વિજ્ઞાનના સિદ્ધાંતો ઉપરથી ઉઠાવાયેલો હોય – જો સર્વ વસ્તુઓ પ્રોટોન અને ઈલેક્ટ્રોનની જ બનેલી હોય અને તે બધા જ એકસરખી રીતના એકબીજાને મળતા આવતા હોય ( સિવાય કે અમુક જૂથની સંખ્યા, અને અમુક જથ્થાની સંખ્યાનો ભેદ શા માટે થાય છે અને આટલો બધો તફાવત અથવા તેમના ગુણધર્મમાં ફેરફાર કેમ કરે છે ? ) તેમના કાર્યનું પરિણામ કેવી રીતે આટલી બધી કક્ષા, પ્રકાર, શક્તિ અને દરેક વસ્તુમાં આટલો બધો પ્રચંડ તફાવત સર્જે છે ? આપણે શા માટે એમ ધારી લેવું જોઈએ કે ચૈતસિક બીજો અથવા સ્ફુલિંગો, એક જ જાતિમાં એક જ સમયે શરૂ થયા હોય તે તેમના સંજોગોમાં એકસરખા જ હોવા જોઈએ અને તેમની શક્તિમાં અને પ્રકૃતિમાં પણ એકસરખાં જ હોવાં જોઈએ ? એટલું કબૂલ કરીએ કે એક જ પરમાત્મા સર્વના મૂળરૂપ છે અને દરેકમાં આત્મતત્ત્વ એકસરખું છે; પરંતુ આવિર્ભાવમાં અનંત તત્ત્વ પોતાની અનંતતાને ફેંકીને અનંત ભિન્નતામાં શા માટે આવિર્ભાવ ન પામે ? શા માટે તેણે અસંખ્ય રીતનું સરખાપણું જ રાખવું જોઈએ ? કેટલાં બધાં ચૈતસિક બીજો, બીજાઓ કરતાં કેટલા વહેલા શરૂ થયા અને કેટલા બધા યુવાન અને અણઘડ અને અર્ધ-વિકસિત છે ? અને જેઓ એકસાથે શરૂ થયા તેમાંના પણ કેટલાક એવા કેમ ન હોઈ શકે જે ઝડપથી દોડી ગયા અને બીજાઓ જે રસળતા રસળતા ખૂબ મુશ્કેલીથી વિકાસ પામતા હોય અથવા ગોળ વર્તુળમાં જ ફર્યા કરતા હોય ? અને ત્યાર પછી વિકાસક્રમ છે, અને વિકાસક્રમના અમુક તબક્કે પ્રાણીઓનો કટિબંધ પસાર થઈને, માનવની શરૂઆત થાય છે; માનવ શરૂઆતમાં કઈ વસ્તુનું બંધારણ છે જે એક નોંધપાત્ર ક્રાંતિ અથવા ઊથલપાથલની રજૂઆત કરે છે ? પ્રાણીઓની સરહદ સુધી પ્રાણમય અને શારીરિક ચેતનાનો વિકાસ થયા કરે છે – માનવની શરૂઆત માટે એ જરૂરી નથી કે એક મનોમય પુરુષનું અવતરણ થવું જોઈએ જે પ્રાણમય અને શારીરિક વિકાસક્રમને પોતાના હાથ ઉપર લે ? અને એ પ્રમાણે જે મનોમય સ્વરૂપો નીચે ઊતરે તે બધાં જ એકસરખી શક્તિ અને કદના ન હોય તેમ જ એક જ સરખા વિકાસ પામેલા પ્રાણમય અને શારીરિક ચેતનાવાળા પદાર્થો ધારણ ન કરે. તે ઉપરાંત એક ક્રમિક હારમાળાનાં

સત્ત્વોની ગુહ્ય પરંપરા છે. આ સત્ત્વો અત્યારના આવિર્ભાવથી ઊંચે રહેલાં છે અને પોતાની જાતે તેમાં ઝંપલાવે છે અને તેને પરિણામે તે કક્ષામાં પ્રચંડ ભેદ સર્જાય છે અને આ સત્ત્વો માનવ-પ્રકૃતિમાં રહેલા જન્મોના દ્વારો મારફતે લીલામાં નીચે ઊતરી આવીને પ્રક્ષેપ કરે છે. આ વસ્તુઓમાં ઘણી જટિલતાઓ હોય છે અને આ પ્રશ્નને ગણિતના સિદ્ધાંતોમાં કડક રીતે બંધબેસતો કરી શકાય નહિ.

આ પ્રશ્નોની ઘણા ભાગની મુશ્કેલી, ખાસ કરીને અવર્ણનીય વિરોધને લઈને ઉત્પન્ન થાય છે. અને મુખ્યત્વે પ્રશ્ન મૂકવાની રીતમાંથી જ ઉદ્‌ભવ પામે છે. તમે પુનર્જન્મ અને કર્મની લોકોની માન્યતાનો દાખલો લો – તે કેવળ એક મનોમય ધારણા ઉપર બંધાયેલો છે કે પ્રકૃતિની પ્રક્રિયા નૈતિક રીતની હોવી જોઈએ અને એક સરખા ન્યાયની ચોક્કસ નીતિ પ્રમાણે તેણે ચાલવું જોઈએ ? ઇનામ અને સજાના ચોક્કસ અને ગણિતના નિયમ પ્રમાણે તેનો ન્યાય તોળવામાં આવે છે, અથવા કોઈ પણ રીતે સાચા વ્યવહાર વિશેના માનવ-વિચારના પ્રમાણેનાં પરિણામો આવે છે. પરંતુ પ્રકૃતિ બિન-નૈતિક છે – એવાં બળો અને પ્રક્રિયાઓનો ઉપયોગ કરે છે જે નૈતિક, અનૈતિક અને અર્ધનૈતિકથી ગોટાળાભર્યાં હોય છે અને તેનું કાર્ય ચલાવે રાખે છે. પ્રકૃતિ તેના બાહ્ય સ્વરૂપમાં વસ્તુઓને પૂરી કરવા સિવાય બીજી કોઈ પણ વસ્તુની દરકાર રાખતી નથી – અથવા જીવનની લીલાના એક યુક્તિબાજ વૈવિધ્ય માટે પરિસ્થિતિઓનું સર્જન કરે છે. પ્રકૃતિ તેના ગુહ્ય પાસામાં, અચેતન આધ્યાત્મિક શક્તિ તરીકે જે આત્માઓ તેની સંભાળમાં હોય છે તેમના આધ્યાત્મિક વિકાસ માટે અનુભવ દ્વારા વૃદ્ધિ કરાવવાનો જ સંબંધ રાખે છે – અને આ આત્માઓને પોતાને પણ પોતાનો એ બાબતમાં એવો અભિપ્રાય હોય છે. આ બધા સારા માણસો એવો શોક કરે છે અને આશ્ચર્ય પામે છે કે તેઓ અને બીજા સારા માણસોને કોઈ પણ કારણ વગર અર્થહીન દુઃખો અને કમનસીબીઓ ભોગવવાની આવે છે. પરંતુ આ બધી મુશ્કેલીઓ તેમની મુલાકાત લે છે તે કોઈ બાહ્ય શક્તિ તરફથી તેમના તરફ આવે છે કે કર્મના યાંત્રિક નિયમ અનુસાર ? એ શક્ય નથી કે આત્મા પોતે જ – બાહ્ય મન નહિ, પરંતુ તેમના અંતરાત્માએ જ આ બધી વસ્તુઓને પોતાના વિકાસ માટે સ્વીકારી અને પસંદ કરેલી હોય જેથી કરીને તેઓ તે અનુભવો દ્વારા વધુ ઝડપી રીતે પોતાનો માર્ગ કાપી શકે ? આ રીતે કરવામાં ભલે તેઓને બાહ્યજીવનમાં અને શરીરને ગમે તેટલા નુકસાનનું જોખમ ઊઠાવવું પડે, તો પણ તેઓ આ પરિસ્થિતિઓને સ્વીકારે નહિ ? વિકાસ પામતા આત્માને આપણા અંતરમાં રહેલા આત્માને મુશ્કેલીઓ, વિઘ્નો અને હુમલાઓ વિકાસ, વધારે સામર્થ્ય, વિશાળ અનુભવ અને આધ્યાત્મિક વિજય માટેની તાલીમરૂપ સાધનો

ન બની શકે? વસ્તુઓની ગોઠવણી એવી હોઈ શકે નહિ કે ઇનામ અને સજારૂપ કમનસીબીઓની પાઉન્ડ, શિલિંગ અને પેન્સની જે રીતની વહેંચણીની વ્યવસ્થા હોય તે રીતની વ્યવસ્થા હોય.

તમારા મિત્રે પત્રમાં જે સંજોગો મૂકેલા છે તેમાં પ્રાણીના જીવ લેવા વિશેનો પ્રશ્ન પણ એ જ પ્રકારનો છે. તે પ્રશ્ન એક અવિચ્છિન્ન નૈતિક રીતે સાચું અને ખોટુંના પાયા ઉપર મુકાયેલો છે અને તે સવ પ્રસંગે લાગુ કરવાની વાત છે – પ્રાણીનું જીવન લેવાની બાબત કોઈ પણ સંજોગોમાં સાચી છે જ્યારે તમે તેને કષ્ટ વગરનું મૃત્યુ આપી શકો ત્યારે તમારી આંખ સામે જ કોઈ પ્રાણીને વેદના સહન કરવા દેવી એ સાચું છે? આ રીતે પ્રશ્ન મૂકવામાં આવે તો તેના માટે કોઈ નિશ્ચિત ઉત્તર હોઈ શકે નહિ, કારણ કે મન પાસે જે સામગ્રી નથી તેની ઉપર તેનો આધાર છે. હકીકતમાં બીજા બધા પણ સંજોગો હોય છે જે માણસોને મુશ્કેલીમાંથી આ ટૂંકો અને દયાળુ માર્ગ લેવાને માટે તૈયાર કરે – આટલી બધી વેદનાને જોવી અને ચીસો સાંભળવાની અને સહન કરવાની નાડીતંત્રની અશક્તિ, મુશ્કેલી ન હઠાવી શકાય તેવી પરિસ્થિતિ, ઘૃણા અને અગવડ – એવા ખ્યાલને બળ આપવાનું વલણ દર્શાવે છે કે પ્રાણીને પોતાને જ તેમાંથી છુટકારો મેળવવો છે. પરંતુ પ્રાણીની પોતાની તે વિશે શી લાગણી છે? દર્દ હોવા છતાં તે જીવનને વળગી રહેતું ન હોય? અથવા આત્માએ પોતે જ જીવનની ઊર્ધ્વતર અવસ્થામાં વધારે ઝડપી વિકાસક્રમ માટે આ વસ્તુઓને સ્વીકારી ન હોય? જો તે પ્રમાણે હોય તો, જે દયા બતાવવામાં આવે છે તે પ્રાણીના કર્મની આડે આવે નહિ? હકીકતમાં દરેક પ્રસંગમાં સાચો નિર્ણય જુદો જ હોઈ શકે અને માનવ મનને જે જ્ઞાન ન હોય તેના ઉપર આધાર રાખે છે – અને એમ પણ બેશક રીતે કહી શકાય કે જ્યાં સુધી તેનામાં જીવન છે ત્યાં સુધી તેને જીવ લેવાનો અધિકાર નથી. આ અગત્યના કોઈ ઝાંખા દર્શનને લઈને ધર્મ અને નીતિશાસ્ત્રે અહિંસાનો ધર્મ વિકસાવ્યો – અને તેમ છતાં તે પણ એક મનોમય ધર્મ છે અને તેને વ્યવહારમાં મૂકવો અશક્ય જણાયો છે અને આ સર્વ બાબતોનો સાર એ છે કે દરેક પ્રસંગે વસ્તુઓ જે રીતની હોય તેમાં આપણામાં જે પ્રકારનો પ્રકાશ હોય તેમાં ઉત્તમ રીતે કાર્ય કરવું, પરંતુ આ બધા પ્રશ્નોનો ઉકેલ ત્યારે જ આવી શકે જ્યારે આપણે આપણી જાતને એક વધારે મહાન પ્રકાશમાં, એક વધારે વિશાળ ચેતનામાં એવી રીતે આગળ પ્રગતિ કરીએ જેમાં હાલ માનવમન જે રીતે પ્રશ્નો મૂકે છે તે રીતે પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ; કારણ કે આપણામાં એક એવા પ્રકારની દૃષ્ટિ જાગ્રત થશે જે જગતને ભિન્ન સ્વરૂપે જોશે અને આપણને એવું માર્ગદર્શન મળશે જે

હાલમાં આપણી પાસે નથી. મનોમય અથવા નૈતિક નિયમ એ વચગાળાની સ્થિતિ છે જેનો માનવીએ ફરજિયાત ઉપયોગ કરવો પડે છે અને તેઓ જ્યાં સુધી આત્માના પ્રકાશમાં વસ્તુઓને જોઈ શકે ત્યાં સુધી તેણે અચોક્કસ અને ઠોકર ખવડાવતા નિયમનો ઉપયોગ કરવાનો જ રહે છે.

*

પુનર્જન્મ વિશેનો જે સામાન્ય લોકોનો ખ્યાલ છે તે ભૂલ તમારે ન કરવી જોઈએ. પ્રચલિત ખ્યાલ એવો છે કે ટાઈટસ બાલ્બસ એ જોન સ્મિથ તરીકે જન્મ લે છે. તેનું વ્યક્તિત્વ, ચારિત્ર્ય, સિદ્ધિઓ વગેરે તેના પૂર્વ જન્મમાં જે હતાં તેનાં તે જ રહે છે, ફક્ત ફેર એટલો જ છે કે પહેલાં તે રોમન લાંબો ઝભ્ભો પહેરતો હતો તેના બદલે કોટ અને પાટલૂન પહેરે છે. અને અત્યારે તે ગામઠી અંગ્રેજી ભાષા બોલે છે જ્યારે પહેલાં પ્રચલિત લેટિન ભાષામાં તે વાત કરતો હતો. વસ્તુ-સ્થિતિ તે પ્રમાણે નથી. કાળની શરૂઆતથી અને એના અંત સુધી એકની એક વ્યક્તિના અથવા ચારિત્ર્યનું હજારો વખત પુનરાવર્તન કર્યા કરવાથી પૃથ્વી ઉપરનો કયો હેતુ સરે એમ છે? આત્મા જન્મ ધારણ કરે છે તે અનુભવને માટે, વિકાસને માટે, ઉત્ક્રાંતિને માટે અને આખરે તે જડતત્ત્વમાં પ્રભુને લાવી શકે એટલા માટે. જે કેન્દ્રસ્થ સ્વરૂપ છે તે જન્મ લે છે અને નહિ કે બાહ્ય વ્યક્તિતા – બાહ્ય વ્યક્તિતા તો એણે જન્મ પૂરતો પોતાના અનુભવોને ઢાળવા માટેનું બીબું હોય છે. બીજા જન્મ માટે એ પોતાને માટે બીજી જ વ્યક્તિતા, બીજાં જ સામર્થ્યો, એક ભિન્ન જીવન તેમજ ભિન્ન કારકિર્દી ઊભાં કરશે. ધારો કે વર્જિલ પાછો જન્મ પામે, અને તેના એકાદ કે બે જન્મોમાં કવિતા પણ લખે, પરંતુ એ મહાકાવ્ય તો ચોક્કસ ન જ લખે પરંતુ કદાચ નાનાં, રોચક અને સુંદર ગીતો લખે. એ એવાં ગીતો લખવા માગતો હતો પરંતુ રોમમાં તેને સફળતા ન મળી. બીજા જન્મમાં એ કવિ હોય જ નહિ પરંતુ તે તત્ત્વચિંતક અને યોગી બને અને ઉચ્ચતમ સત્યને પ્રાપ્ત કરવાનો અને અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કરે – કારણ કે તે જીવનમાં એ વૃત્તિ તેની ચેતનામાં સિદ્ધ થયેલી નહિ. તેની પૂર્વે તે એનીસ અથવા ઓગસ્ટસ જેવાં કર્મો કરનાર યોદ્ધો અથવા રાજ્યકર્તા પણ હોઈ શકે જેમના વિશે તેણે પાછળથી ગીતો લખેલાં. અને એમ ને એમ આગળ – આ બાજુ કે પેલી બાજુ પેલી કેન્દ્રસ્થ સત્-તા દરેક વખતે નવું ચારિત્ર્ય અને નવી વ્યક્તિતાની વૃદ્ધિ કરે છે, વિકાસ કરે છે અને અનેક પ્રકારના પાર્થિવ અનુભવોમાંથી પસાર થાય છે.

જેમ જેમ ઉત્ક્રાંતિશીલ સ્વરૂપ વધારે અને વધારે વિકાસ પામતું જાય છે તેમ

તેમ તે વધારે સમૃદ્ધ અને વધારે જટિલ બનતું જાય છે, અને જાણે પોતાની વ્યક્તિતાઓને એકત્રિત કરતું જાય છે. કેટલીક વાર આ વ્યક્તિતાઓ સક્રિય તત્ત્વોની પશ્ચાદ્ ભૂમિકામાં ઊભી રહે છે અને અહીં કે તહીં કોઈ રંગ, કોઈ વલણ, કોઈ શક્તિનો અંશ નાખે છે – અથવા તેઓ અગ્રભાગે આવીને ઊભી રહે છે અને એક વૈવિધ્યપૂર્ણ વ્યક્તિતા, એક બહુમુખી ચારિત્ર્ય અથવા અનેક પાસાંવાળી વ્યક્તિતા બને છે. એ સ્વરૂપ કેટલીક વાર વિશ્વવ્યાપી શક્તિમત્તા જેવું લાગે છે. પરંતુ જો આ રીતની અગાઉની કોઈ વ્યક્તિતા, અથવા શક્તિમત્તાને પૂર્ણપણે અગ્રભાગે લાવવામાં આવે, તો પહેલાં જે રીતનું કાર્ય કરવામાં આવ્યું હતું તેનું તે જ ફરીથી પુનરાવર્તન માટે નહિ પરંતુ એ જ શક્તિમત્તાને નવાં રૂપોમાં અને નવા આકારોમાં ઢાળવા માટે અને તે સર્વને એક નવીન રૂપના સંવાદમાં ઢાળવા માટે હશે અને તે વસ્તુ જે અગાઉ હતી તેની પુનરાવૃત્તિ નહિ હોય. એટલે તમારે તે ફરીથી જે તે યોદ્ધો હતો અને કવિ હતો તે થવાની આશા રાખવી ન જોઈએ. પૂર્વ જન્મની કેટલીક બાહ્ય ખાસિયતો ફરીથી દેખાય એમ બને, પરંતુ તે પણ ખૂબ ફેરફાર પામેલી અને નવા ઘાટમાં ઢાળેલી હશે. પહેલાં જે સિદ્ધ થયું નહિ હોય તેને સિદ્ધ કરવા માટે તેની શક્તિઓને એક નવીન દિશામાં વાળવામાં આવશે.

એક બીજી વાત. પુનર્જન્મમાં વ્યક્તિતા નહિ પરંતુ ચારિત્ર્ય એ પ્રથમ અગત્યની બાબત છે — ચૈત્યપુરુષ પ્રકૃતિની ઉત્ક્રાંતિની પાછળ ઊભો રહીને તેની સાથે જ પોતાની ઉત્ક્રાંતિ સાધે છે. જ્યારે ચૈત્યપુરુષ શરીરમાંથી વિદાય લે છે, અને તેના વિરામના સ્થાન તરફ જતાં જતાં પોતાના મનોમય અને પ્રાણમય કોશોનો ત્યાગ કરતો કરતો જાય છે અને તેની સાથે પોતાના અનુભવોનું હાર્દ લેતો જાય છે – ભૌતિક ઘટનાઓ નહિ, પ્રાણમય ગતિઓ નહિ, મનોમય રચનાઓ નહિ, ચારિત્ર્યની શક્તિઓ નહિ. પરંતુ એ સર્વેમાંથી એકઠું કરેલું કોઈ મૂળભૂત તત્ત્વ, જેને આપણે દિવ્ય તત્ત્વ કહી શકીએ અને જેને માટે બાકીની બધી વસ્તુઓ અસ્તિત્વ ધરાવતી હતી. એ વસ્તુનો ઉમેરો કાયમને માટે હોય છે; જે વસ્તુ જ પ્રભુ પ્રત્યે વિકાસ કરવામાં સહાય કરે છે. આ વસ્તુને લઈને જ માણસોને સામાન્ય રીતે ભૂતકાળના જન્મોથી બાહ્ય ઘટનાઓ અને સંજોગોની સ્મૃતિ રહેતી નથી – આ સ્મૃતિ રાખવા માટે મન, પ્રાણ અને સૂક્ષ્મ શારીરિક તત્ત્વનું અતૂટ સાતત્ય જળવાઈ રહે તેવો વિકાસ થયેલો હોવો જોઈએ; કારણ કે તે બધી વસ્તુ સ્મૃતિરૂપી બીજમાં સંઘરાયેલી હોવા છતાં સામાન્ય રીતે બહાર પ્રગટ થતી નથી. યોદ્ધાના ઉમદાપણામાં જે દિવ્ય તત્ત્વ રહેલું અને જે એની વફાદારી, ઉમદાપણું, ભારે હિંમત વગેરેમાં વ્યક્ત થયેલું, જે વસ્તુ કવિના સંવાદપૂર્ણ મન અને ઉમદા પ્રાણમાં દિવ્ય તત્ત્વરૂપે

હતી અને એમનામાં વ્યક્ત થતી, તે વસ્તુ જળવાઈ રહે છે અને ચારિત્ર્યના એક નવીન સંવાદમાં એક નવીન રીતની અભિવ્યક્તિ શોધી કાઢે અથવા જો જીવન પ્રભુ પ્રત્યે વળેલું હોય તો તે વસ્તુઓ પ્રભુના સાક્ષાત્કાર માટેની શક્તિઓ તરીકે અથવા પ્રભુ માટે જે કાર્ય કરવાનું છે તેના સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવે.

*

બિન-ભૌતિકવાદી યુરોપિયન વિચાર આત્મા અને શરીર વચ્ચે ભેદ પાડે છે – શરીર નાશવંત છે, મનોમય – પ્રાણચેતના એ જ અમર આત્મા છે અને પૃથ્વી ઉપર કે સ્વર્ગમાં કાયમ એકસરખો જ રહે છે (ભયંકર વિચાર!) અથવા જો કોઈ પુનર્જન્મ હોય તો તેની તે જ શાપિત વ્યક્તિતા પાછી આવે છે અને પોતાની જાતની ફરીથી મૂર્ખાઈ આચરે છે.

*

જ્યારે સ્વરૂપ પોતાના જીવનની હારમાળાઓ મારફતે પસાર થાય છે ત્યારે તે ભિન્ન ભિન્ન વ્યક્તિતાઓ ધારણ કરે છે અને ભિન્ન ભિન્ન પ્રકારના અનુભવોમાંથી પસાર થાય છે, પરંતુ આ બધી વ્યક્તિતાઓને પોતાના નવજીવનમાં સાથે લઈ જાય છે. તે એક નવીન મન, પ્રાણ અને શરીર ધારણ કરે છે. ગત જીવનના મન અને પ્રાણની મનોમય શક્તિઓ, ધંધા, રસો અને ધૂનો નવા મન અને પ્રાણ સ્વીકારી લેતાં નથી, સિવાય કે નવીન જીવન માટે ઉપયોગી હોય. કોઈ માણસમાં એક જીવનમાં કાવ્યમય અભિવ્યક્તિની શક્તિ હોઈ શકે પરંતુ તેના પુનર્જન્મમાં એવી કાવ્યશક્તિ અથવા રસ ન પણ હોય. જ્યારે બીજી બાજુએ એક જીવનમાં જે વલણો દાબી દેવામાં આવ્યાં હોય અથવા ગુમ થયાં હોય અથવા અપૂર્ણ રીતે વિકાસ પામેલાં હોય તે બીજા જન્મમાં બહાર આવે. તેથી તમે જે વિરોધાભાસની નોંધ કરી છે તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. ચૈત્યપુરુષ પૂર્વ જીવનના અનુભવોનો સ્વર ગ્રહણ કરે છે પરંતુ અનુભવોનાં રૂપો અથવા વ્યક્તિતાને ગ્રહણ કરવામાં આવતાં નથી સિવાય કે આત્માની પ્રગતિ માટેની નવી અવસ્થા માટે જેમની જરૂર હોય.

તેના અનુભવોના લાંબા ગાળા દરમ્યાન ચૈત્યપુરુષ કામવાસનાના આનંદ માટેની શોધને થોડા સમય પૂરતો મંજૂરી આપે, પરંતુ પાછળથી તેને છોડી દે અને ઉચ્ચતર વસ્તુઓ પ્રત્યે વળી જાય. આ વસ્તુ એક જીવન દરમિયાન પણ બને અથવા બીજા જીવનમાં, જેમાં જૂની વ્યક્તિતાઓ ત્યાર પછી લઈ જવામાં આવતી નથી તેવું પણ બની શકે છે.

*

કયા સંદર્ભમાં તે શબ્દો ('બીજાં બળો') વપરાયા હતા તે મને યાદ નથી. પરંતુ તમે જે સૂચન કરો છો તે સાચું છે – એટલે કે જ્યારે કોઈ પૂર્વ જીવનનું જે વ્યક્તિત્વ, અથવા જેનો કોઈ ભાગ અત્યારના જીવનમાં મજબૂત રીતે લાવવામાં આવ્યો હોય. હું માનું છું કે તે વસ્તુ સાચી છે કે તમે તમારા ગત જીવનમાં ક્રાંતિકારી હતા અથવા જો ક્રાંતિકારી ન હોત તો કોઈ ઉગ્ર રાજકીય ચળવળમાં જોડાયેલા હતા. હું તેના માટે કોઈ નામ આપી શકું નહિ અથવા તેનું ચોક્કસ સ્વરૂપ ન આપી શકું. પરંતુ તે ફકત ઓચિંતાના ગુસ્સાઓ અને હિંસાઓ જ ન હતી પરંતુ કદાચ મદદ કરવાની, સુધારો કરવાની કે શુદ્ધિકરણ કરવાની ઇચ્છા હતી અને તે ઉપરાંત બીજી ઉગ્રતાઓ અને આવેગો જે ત્યાંથી આવતા હતા તેમને વિશુદ્ધ કરવાનું તમારું કાર્ય હતું. જ્યારે કોઈ વ્યક્તિતા તે પ્રમાણે બીજા જન્મમાં લઈ જવામાં આવે છે ત્યારે ફકત અનિચ્છનીય બાજુઓ જ સાથે લઈ જવામાં આવે છે એટલું જ નહિ પરંતુ જે વસ્તુઓ વિશુદ્ધ કરે છે અને પવિત્ર કરે છે તે પણ ઉપયોગી બની શકે છે.

*

બેશક, અવચેતનની રચના આ જીવન માટે જ થાય છે અને આત્મા તેને જન્માન્તરોમાં સાથે લઈ જતો નથી. ભૂતકાળની જિંદગીઓની સ્મૃતિઓ એવી વસ્તુ નથી જે આપણા સ્વરૂપમાં કોઈ પણ જગ્યાએ સક્રિય હોય – જો સ્મૃતિ એટલે વિગતોની સ્મૃતિ એવો અર્થ કરીએ તો – તે વિગતોની સ્મૃતિ શાંત (ગુપ્ત) રહે છે અને તેમને જાગ્રત કરી શકાતી નથી સિવાય કે કેટલીક સુસંગઠિત વ્યક્તિતાઓને જેટલા પ્રમાણમાં પૂર્વજીવનમાંથી લેવામાં આવી હોય છે તેઓ તે ખાસ જિંદગીની સ્મૃતિઓ સંઘરી રાખે અને તેમને પ્રગટ કરે. દા.ત. કોઈ માણસની વેનિસની અથવા રોમની કોઈ વ્યક્તિતા પ્રગટ થયેલી હોય, તો તે વ્યક્તિ તે સમયે કઈ વસ્તુ બની હતી તેની વિગત અથવા વિગતો સમયે સમયે યાદ કરે છે. પરંતુ સામાન્ય રીતે તે પૂર્વજીવનનો ફકત સાર ~— હોય છે જે સ્વરૂપમાં સક્રિય બને છે, નહિ કે કોઈ ચોક્કસ સ્મૃતિઓ. તેથી સ્મૃતિ ચેતનાના કોઈ વિશિષ્ટ ભાગમાં અથવા ખાસ ભૂમિકામાં સંગૃહિત થાય છે એમ કહેવું અશક્ય છે.

*

ના, અવચેતન શારીરિક જીવન માટેનું સાધન છે અને (મૃત્યુ પછી) તે અદશ્ય થઈ જાય છે. ને એટલું બધું સુસંબદ્ધ હોય છે કે એક વ્યવસ્થિત ટકાઉ અસ્તિત્વ માટે નિષ્ફળ છે.

*

ઘણાખરા માણસો માટે પ્રાણતત્ત્વ થોડા સમય પછી ઓગળી જાય છે કારણ કે તે પૂરતા પ્રમાણમાં એવું ઘડાયેલું નથી જે અમર રહી શકે. જ્યારે આત્મા નવ-જન્મમાં નીચે અવતરણ કરે છે ત્યારે નવા જીવનને અનુરૂપ નવા પ્રાણીની રચના કરે છે.

*

જો કોઈએ મજબૂત આધ્યાત્મિક વિકાસ સાધેલો હોય તો તેને મૃત્યુ પછી પણ પોતાના વિકાસ સાધેલા મન અથવા પ્રાણને ટકાવી રાખવા સહેલા પડે છે. પરંતુ તેના માટે માણસે ભક્ત અથવા જ્ઞાની હોવું જ જોઈએ, એ અનિવાર્ય રીતે જરૂરી નથી. દા. ત, શેલી અથવા પ્લેટો જેવી કોઈ વ્યક્તિ માટે એમ કહી શકાય કે તેના ચૈત્યપુરુષની આસપાસ એક વિકસિત મનોમય પુરુષ રહેલો હોય – પરંતુ પ્રાણ વિશે તે પ્રમાણે ભાગ્યે જ કહી શકાય. નેપોલિયનમાં સમર્થ પ્રાણતત્ત્વ હતું પરંતુ તે ચૈત્યપુરુષની આસપાસ સુસંબદ્ધ હતું નહિ.

*

(મૃત્યુ પછી કેન્દ્રોના અસ્તિત્વ બાબત) જે પ્રમાણે જ તે કેન્દ્રો હોય છે તે રીતનું તેઓ અસ્તિત્વ ધરાવતાં નથી. કઈ વસ્તુ રહે છે અને કેટલી કક્ષા સુધી રહે છે તે દરેક પ્રસંગે કેટલો વિકાસ થયેલો છે તેના ઉપર આધાર રાખે છે. અલબત્ત, કેન્દ્રો પોતે તો ટકી રહે છે કારણ કે તેઓ સૂક્ષ્મ શરીરમાં આવેલાં છે, અને તેઓ ત્યાંથી તેમને અનુરૂપ શારીરિક કેન્દ્રો ઉપર કાર્ય કરે છે.

*

ચેતનાની સચેતન સામાન્ય ભૂમિકાઓમાં માણસમાં ઘણી વ્યક્તિઓ રહેલી હોય છે, અને તે પ્રમાણે તેની ચેતનાની સાથે જેમ જેમ તે વધારે વિકાસ પામતી જાય છે તેમ તેમ બીજાં કેટલાંક સત્ત્વો પોતાની જાતે જ જોડાઈ જાય છે. – આ સત્ત્વો સ્વરૂપના ઊર્ધ્વતર મન અથવા બીજી ઉચ્ચતર ભૂમિકામાં નીચે ઊતરી આવીને તેની વ્યક્તિતા સાથે પોતાની જાતને જોડી દે છે. તે એક સિદ્ધાંત સમજવા જેવો છે. પરંતુ તમે જે વિશિષ્ટ સમાચાર આપ્યા તે બિલકુલ અચોક્કસ છે તે કદાચ તે સમય-ગાળાની વાત હશે જ્યારે માતાજી કેટલાંક સત્ત્વોને પોતાના કાર્યમાં કરવામાં મદદરૂપ થવા માટે નીચે ઉતારી લાવતાં હતાં.

*

ઉચ્ચતર ભૂમિકાના સત્ત્વને પૃથ્વી ઉપર જન્મ લેવો એ હંમેશાં શક્ય હોય છે. – તે પ્રસંગમાં તેઓ પોતાના માટે એક મન અને પ્રાણનું સર્જન કરે છે અથવા તો કોઈ મન, પ્રાણ અથવા શરીર, જે તેમના પ્રભાવ નીચે તૈયાર થયેલાં હોય, તેમની સાથે જોડાઈ જાય છે – તેમાં ખરેખર ઘણા માર્ગો હોય છે અને તેઓ અહીં પ્રગટ થાય તેના માટે કેવળ એક જ રીત નથી.

*

પરંતુ પૂર્વ જીવનોને વધારે પડતું અગત્ય ન આપવું જોઈએ. આ યોગનાં હેતુ માટે વ્યક્તિ પોતે જે હાલ છે તે છે, અને તેનાથી વધારે પણ છે તો ભાવિમાં તે વ્યક્તિ કેવી બનશે એ વધારે અગત્યનું છે. વ્યક્તિ ભૂતકાળમાં કેવી હતી તે વસ્તુની અગત્ય ગૌણ છે.

*

ગંભીરતાથી જોઈએ તો આ બધા ઐતિહાસિક તાદાત્મ્યો જોખમભરી રમત છે અને તેના માટે, કલ્પના કરવાની રમત માટે હજારો દ્વારો ખુલ્લાં હોય છે. કેટલીક વસ્તુઓનાં લક્ષણો લઈએ તો સાચાં હોવાં જોઈએ. પરંતુ એક વખત લોકો શરૂઆત કરે પછીથી ક્યાં અટકવું તેની તેમને જાણ હોતી નથી. વધારે અગત્યની તો રેખાઓ છે, નહિ કે જિંદગીઓ, અત્યારે માનવી જે છે તેની સમજૂતી આપનાં બળોનો પ્રાદુર્ભાવ – અને અમુક પ્રકારની જિંદગીઓ અથવા વ્યક્તિતાઓ માટે વ્યક્તિમાં જે વસ્તુ નિશ્ચિત થયેલી હોય છે અને આ જીવનમાં વ્યક્તિનો વિકાસ થતો હોય તેમાં જે વસ્તુઓએ શક્તિશાળી રીતે ફાળો આપેલો છે, તે જ ફક્ત કામની બાબત છે પરંતુ આ વસ્તુઓને કોઈ નામ આપી શકાતું નથી; કારણ કે બની ગયેલી વસ્તુના નામનો એક લાખમો ભાગ પણ આપણા માનવ-સમયે ટકાવી રાખેલો નથી.

*

તે સમજાવવું થોડું મુશ્કેલ છે. જ્યારે માણસ નવીન શરીર પ્રાપ્ત કરે છે, ત્યારે જે પ્રકૃતિ તેનામાં નિવાસ કરે છે; મનની પ્રકૃતિ, પ્રાણની પ્રકૃતિ, શરીરની પ્રકૃતિ બધાં જ ઘણી વ્યક્તિતાઓનાં બનેલાં હોય છે, નહિ કે એક સીધી સાદી એક વ્યક્તિતા, જે આપણે ધારીએ છીએ તે રીતની – જો કે તે બધામાં એક કેન્દ્રસ્થ સત્-તા હોય છે. આ જટિલ વ્યક્તિતા પૂર્વ જીવનોની વ્યક્તિતાઓને અંશતઃ એકત્રિત કરીને રચાયેલી હોય છે અને તે ઉપરાંત અનુભવો, વલણો અને પૃથ્વીના વાતાવરણમાંથી આવતી અસરોમાંથી પણ ઘડાય છે – આ બધી વસ્તુઓ વડે જે

વ્યક્તિઓ ઘડાયેલી હોય છે તેમાંની એક પોતાની પ્રકૃતિ અનુસાર માણસ ગ્રહણ કરે છે. 'ક્ષ' એ પાછળ રાખેલો આવો પ્રભાવ, અથવા તેના કોઈ શિષ્યનો પ્રભાવ તમે સ્વીકારી લીધો હોય અને તેમ છતાં તે બન્નેમાંથી એક પણ વ્યક્તિના તમે અવતાર ન પણ હો.

*

આ બધી વસ્તુઓ (બુદ્ધ, રામકૃષ્ણ, વિવેકાનંદ, શંકર વગેરેનાં વારંવાર દર્શન થવાં) તે તમારા ભૂતકાળના વિચારો અને અસરોના પરિણામ રૂપે છે. તે ઘણા પ્રકારના હોય છે – કેટલીક વખત આ બધા વિચાર-સ્વરૂપો હોય છે અને કોઈ મનોમય સાક્ષાત્કાર માટે પોતાની વિચાર-શક્તિને એક વાહક તરીકે યોજેલી હોય છે – કેટલીક વખત આ બીજી ભૂમિકાઓની શક્તિઓ હોય છે, જે વ્યક્તિના મારફતે તેમના કાર્યને ટેકો આપવાં માટે આવાં સ્વરૂપો ધારણ કરે છે – પરંતુ કેટલીક વખત વ્યક્તિ એવી વસ્તુના સંપર્કમાં હોય છે જે બુદ્ધ અથવા રામકૃષ્ણ અથવા વિવેકાનંદ અથવા શંકરનાં નામ, રૂપ અને વ્યક્તિના સંપર્કમાં આવે છે.

આ વ્યક્તિતાઓને મળતું આવતું હોય તેવું તત્ત્વ હોવું જ જોઈએ એ જરૂરી નથી – કોઈ વિચાર, કોઈ અભીપ્સા, મનની અથવા પ્રાણની કોઈ રચના આ સંબંધના સર્જન માટે પૂરતાં છે – આ શક્તિઓ જે વસ્તુની પ્રતિનિધિ હોય તેમની પ્રત્યે પ્રત્યુત્તરનાં આંદોલનો આપે એટલું પૂરતું છે.

*

માતાજી જ્યારે કોઈ વ્યક્તિના પૂર્વજીવન વિશે વાત કરતાં હોય છે ત્યારે તેઓ એકાગ્રતા દરમિયાન તેના પૂર્વ જન્મોના કોઈ દૃશ્ય અથવા સ્મૃતિ નિશ્ચિત રીતે જોતાં હોય ત્યારે જ કરતાં હોય છે; પરંતુ હાલમાં આ વસ્તુ ભાગ્યે જ બને છે.

પૂર્વ જીવનમાંથી મુખ્યત્વે જે વસ્તુઓ યાદ રહે છે તે વ્યક્તિત્વની પ્રકૃતિ અને જીવનના અનુભવોનાં સૂક્ષ્મ પરિણામો હોય છે. નામો, બનાવો, સ્થૂલ વિગતો ખાસ અપવાદરૂપ સંજોગોમાં જ યાદ રહે છે અને તેમની અગત્ય ઘણી ગૌણ હોય છે, જ્યારે લોકો આવી બાહ્ય વસ્તુઓને યાદ કરવા પ્રયત્ન કરે છે ત્યારે તેઓ ઘણી રોચક કલ્પનાઓ ઉપજાવી કાઢે છે જે સાચી હોતી નથી.

હું વિચારું છું કે તમારે આ પૂર્વ જન્મો વિશેનો ખ્યાલ છોડી દેવો જોઈએ. જો ભૂતકાળના જીવનોની વ્યક્તિતાઓ પોતાની જાતે જ યાદ આવી જાય (જેમાં

નામ અથવા ફક્ત બાહ્ય વિગતો ન હોય ) તો તેની કેટલીક વખત અગત્ય હોય છે, તે વસ્તુઓ વર્તમાન વિકાસની કોઈ ચાવીરૂપ હોય છે, પરંતુ તે વ્યક્તિતાની પ્રકૃતિ અને હાલના ચારિત્ર્યના બંધારણમાં તેનો ફાળો જાણવો એટલું પૂરતું છે. બાકીનું બધું ઓછું ઉપયોગી છે.

*

પૂર્વ જન્મોના આવા વિચારોમાં સંપૂર્ણ માન્યતા રાખવી એ જરૂરી નથી. 'બ'ના પુનર્જન્મ વિશેનો 'ક્ષ'નો જે વિચાર છે એ કેવળ ખ્યાલ જ છે – તેમાં બીજું કાંઈ સત્ય નથી.

જ્યારે આવી વસ્તુઓમાં કાંઈ સત્ય હોય ત્યારે ઘણે ભાગે એવું દર્શન હોય છે કે કોઈ વ્યક્તિમાં એક વખત સાકાર બનેલી કોઈ શક્તિ તે વ્યક્તિની પ્રકૃતિમાં કોઈ અંશ તરીકે રહેલી છે – એમ નહિ કે તેનું તે જ વ્યક્તિત્વ અહીં આવેલું હોય છે.

અલબત્ત, પુનર્જન્મ તો છે જ, કોઈ અમુક વ્યક્તિ જ, આ વ્યક્તિ તરીકે જ ફરીથી જન્મ પામી છે એમ સ્થાપિત કરવા માટે એક વધારે ગહન અનુભવ જરૂરી છે, કોઈ મનોમય પ્રેરણા સાચી ન પણ હોય અથવા સહેલાઈથી તેમાં ભૂલ થઈ શકે.

*

'ક્ષ' અને 'ય' વિશેના આ પ્રકારના વિચારો એ મનના વિચારો છે અને તેની સાથે પ્રાણ પોતાની જાતે ખૂબ આસક્ત છે – પૂર્વજીવનનું સત્ય આ રીતે શોધી શકાય નહિ. આ માનસિક વિચારો સાચા નથી. તમે તમારા પૂર્વ જીવનમાં કોણ હતા તે જાણતાં પહેલાં, એક મુક્ત થયેલી પ્રકૃતિમાં સીધું જ જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે તમારે રાહ જોવી જોઈએ.

*

ચૈત્યપુરુષ મૃત્યુ સમયે મનોમય અને બીજા કોશોને (સિવાય કે શારીરિક) તાત્કાલિક છોડી દેતો નથી. એમ કહેવાય છે કે પૃથ્વી સાથેના વ્યવહારના પટ્ટામાંથી મુક્ત થવા માટે એકંદરે તેને ત્રણ વર્ષ લાગે છે – જો કે કેટલાક પ્રસંગોમાં ધીરો અથવા ઝડપી માર્ગ પણ હોય છે. ચૈતસિક જગત પૃથ્વી સાથે વ્યવહાર રાખતું નથી – કોઈ પણ રીતે. તમે જે રીતે કહો છો તે રીતે નહિ જ. અને કોઈ પ્રેતાત્મા અથવા આત્મા આવી સભાઓમાં આવે છે તે ચૈત્યપુરુષ હોતો નથી. માધ્યમ દ્વારા

જે આવે છે તે માધ્યમનું અવચેતન (અહીં અવચેતન શબ્દ સામાન્ય અર્થમાં વપરાયો છે અને નહિ કે યૌગિક અર્થમાં) અને બેઠકમાં બેસનારાઓનું અવચેતન બન્નેનું મિશ્રણ હોય છે; પ્રાણમય કોશો જે મૃત્યુ પામેલ માણસ છોડી દે છે તે અથવા કદાચ કોઈ તત્ત્વે અથવા પ્રાણમય સત્ત્વે તે પ્રાણનો કબજો લીધેલો હોય તે, મૃત્યુ પામેલ માણસ પોતે જ પ્રાણમય કોશમાં હોય તે અથવા તે પ્રસંગ માટે કોઈ વસ્તુની ધારણા કરેલી હોય તે (પરંતુ વાતચીત કરનાર જે ભાગ હોય છે તે પ્રાણમય અંશ હોય છે.) કેટલાંક તત્ત્વો અથવા પૃથ્વીની નજીકના સૌથી નિમ્ન પ્રાણમય શારીરિક જગતનાં સત્ત્વો વગેરે વગેરે આવે છે. ઘણે ભાગે આ ભયંકર ગોટાળારૂપ હોય છે – જે 'અપાર્થિવ છાયા' ભૂખરો રંગ અને છાયારૂપ હોય છે અને માધ્યમ મારફત આવે છે તે ઘણી બધી વસ્તુઓનો ખીચડો હોય છે. કેટલાંક માધ્યમો એવા માણસો હોય છે જેઓ સૂક્ષ્મ જગતની અંદર જાય છે અને ત્યાં તેમને આ પૃથ્વી કરતાં વધારે સારી સ્થિતિમાં પોતાને વિંટળાયેલા જુએ છે અને એવું ધારે છે કે તે સાચું અને નિર્ણય કરનારું પૃથ્વી પછીનું બીજું જગત છે – પરંતુ તે ફક્ત માનવ ભૂમિકાના ફક્ત વિચારો અને કલ્પનાઓ અને સંસર્ગોનું એક આશાવાદી વિસ્તરણ છે. એટલે પ્રેતવાહન વિદ્યાના 'માર્ગદર્શકો' અને બીજા સભાનાં માધ્યમો, આવા જગતો વિશેની રજૂઆત કરે છે.

*

તે બધામાં બહુ વિશ્વાસ મૂકવા જેવું નથી (પ્રેતાત્માના આપેલા સમાચારોમાં) જો ઝીણવટપૂર્વક તપાસ કરીશું તો માલૂમ પડશે કે આ માર્ગદર્ગક પ્રેતાત્માઓ તેમને ગ્રહણ કરનાર માધ્યમોને તે વસ્તુઓનું જ સૂચન કરે છે, જે બેસનાર અથવા બેસનારાઓના મનમાં જે વસ્તુઓ હોય અથવા હવામાં જે વસ્તુઓ ફેલાયેલી હોય અને તે બહુ ઓછું ફલદાયી હોય છે. બીજા જગતોની અસરો અલબત્ત હોય છે અને ઘણી અસરો હોય છે, પરંતુ મુખ્ય માર્ગદર્શન આ પ્રકારનું હોતું નથી, સિવાય અપવાદરૂપ કિસ્સાઓમાં.

*

સ્વયંલેખનો અને આધ્યાત્મિક બેઠકો એ બહુ ગરબડવાળી બાબત છે – કેટલોક અંશ માધ્યમના અવચેતન મનમાંની આવે છે અને બીજો કેટલોક અંશ બેસનારાઓમાંથી. પરંતુ જે નાટકીય કલ્પનાઓ અને સ્મૃતિ દ્વારા આવે છે તે બધી વસ્તુઓના ઉપર વિશ્વાસ રાખી શકાય નહિ. કેટલીક વખત એવી વસ્તુઓ હોય છે જે હાજર રહેલા હોય તેઓ જાણતા પણ ન હોય અને યાદ પણ કરી શકતા

ન હોય; કેટલીક વખત એવું પણ બને છે, જો કે તે ભાગ્યે જ બને છે, કે તેમાં ભાવિ માટેની ઝાંખી હોય; પરંતુ ઘણે ભાગે આવી સભાઓ વ્યકિતને એવા નિમ્ન જગતના સંપર્કમાં લાવી આપે છે જેમાં પ્રાણમય સત્ત્વો અને શકિતઓ હોય, જે પોતે જ અજ્ઞાનપૂર્ણ અને અસંબદ્ધ અથવા ચાલાકી ભરેલી હોય, અને તેમની સાથે ભળવું અથવા તેમની અસર નીચે આવવું એ જોખમરૂપ બને છે. ઓસ-પેન્સ્કી અને બીજાઓ આવા પ્રયોગોમાંથી પસાર થયા હશે, અને ખૂબ 'ગણ-તરીબાજ' મનથી નિઃશંક તેમનું રક્ષણ થયું હશે પરંતુ એક તેમનું અર્થઘટન ઉપરછલ્લી બુદ્ધિનું દૃષ્ટિબિંદુ હશે અને તેને લઈને કોઈ પણ વસ્તુના તારણ ઉપર આવવામાંથી તેમને અટકાવ્યા હશે.

*

તમે 'ભૂત' એટલે શું કહેવા માગો છો ? સાધારણ રીતે 'ભૂત' શબ્દમાં સામાન્ય ભાષામાં જુદી જુદી ઘટનાઓની અસંખ્ય સંખ્યાનો સમાવેશ થાય છે જેને એકબીજા સાથે કોઈ સંબંધ નથી. આપણે અમુક દૃષ્ટાંતો લઈએ.

( ૧ ) કોઈ માણસના આત્મા સાથે તેના સૂક્ષ્મ શરીરમાં સંપર્ક થાય અને તે આપણા મન સમક્ષ કોઈ છાયારૂપે દેખાય અથવા કોઈ અવાજ સંભળાય.

( ૨ ) કોઈ જગતના વાતાવરણ અથવા તે જગાની આસપાસ કોઈ મૃત્યુ પામેલા માનવીના વિચારો અને લાગણીઓની છાપવાળી કોઈ મનોમય રચના હોય. તે રચના ત્યાં આસપાસ હરતીફરતી દેખાય અથવા વારંવાર તેનું પુનરાવર્તન થાય અને ત્યાં સુધી જે જગાએ ટકી રહે જ્યાં સુધી એક યા બીજા ઉપાયથી બંધ ન થઈ જાય અથવા ઓગળી ન જાય. કેટલાંક એવાં ભૂતિયાં ઘર હોય છે અને તેમાં આવી ઘટનાઓ બને છે જેમાં ખૂન થતું હોય તેવું દૃશ્ય દેખાય અથવા તેની આજુબાજુની પરિસ્થિતિ અથવા તેની પહેલાંની સ્થિતિ અથવા આવું વારંવાર બનતું હોય અને આવા પ્રકારની ઘટના દેખાતી હોય.

( ૩ ) કોઈ નિમ્ન પ્રાણમય ભૂમિકાનું સત્ત્વ કોઈ મૃત્યુ પામતા માણસે પોતાનો પ્રાણમય કોશ છોડી દીધેલો હોય તેનો કબજો લઈ લે, અથવા તે મૃત્યુ પામેલા માણસના પ્રાણમય વ્યકિતત્વનો કોઈ અંશ પકડી લે અને તેના સ્વરૂપમાં તે દેખાય અને તે માણસના સપાટી ઉપરના વિચારો અને તે માણસની સ્મૃતિઓ પ્રમાણે કાર્ય કરે.

( ૪ ) નિમ્ન પ્રાણમય સ્તરનું કોઈ સત્ત્વ, જીવંત માણસના માધ્યમ દ્વારા અથવા કોઈ બીજા સાધનો દ્વારા અથવા માધ્યમ દ્વારા પોતાની જાતને પૂરતા પ્રમાણ-

માં સ્થૂલ બનાવે, અને આંખે દેખાય એવું રૂપ ધારણ કરે અથવા સાંભળી શકાય એવા અવાજથી વાત કરી શકે અથવા આંખ સમક્ષ દેખાયા સિવાય સ્થૂલ વસ્તુઓની આસપાસ હલનચલન કરે. દા.ત. ફરનિચર આસપાસ, અથવા સ્થૂલ રીતે વસ્તુઓને એક જગાએથી બીજી જગાએ ખસેડે. જેને Poltergeists કહેવાય તેને માટે આ કારણ છે. દા.ત. પથ્થર ફેંકવા, ઝાડમાં નિવાસ કરતાં ભૂતો અને આવી બીજી ઘણી જાણીતી ઘટનાઓ.

( ૫ ) ભ્રમજાળ ઉત્પન્ન કરનાર ઓળાઓ જે માણસના પોતાના મને જ ઘડી કાઢેલા હોય અને ઇન્દ્રિયોની પાસે સ્થૂલ દેખાવો તરીકે રજૂ થાય.

( ૬ ) કેટલીક વખત એવાં પ્રાણમય સત્ત્વો થોડા સમય માટે માણસનો કબજો લઈ લે છે અને મૃત્યુ પામેલાં સગાઓ તરીકેનો ઢોંગ કરે છે.

( ૭ ) વિચારોનાં ચિત્રો – પ્રતીકો પોતાની જાતે જ પ્રક્ષેપ કરે; આવું મૃત્યુ પામતા માણસો સાથે મૃત્યુ સમયે બને છે, અને તેના મિત્રો અથવા સગાંઓ પાસે તે સમયે દેખાય છે અથવા તેના મૃત્યુ પામ્યા પછીના થોડા કલાકે દેખાય છે.

તમે જોઈ શકશો કે આ બધા પ્રસંગોમાંથી ફક્ત પહેલા પ્રસંગમાં જ આત્મા સ્થિર રહે છે અને તેમાં કોઈ મુશ્કેલી નડતી નથી.

*

દરેક વ્યકિત આ જગતમાં તેના ભાગ્યની રેખા અંકાયેલી હોય છે તેને અનુસરે છે. તેનું ભાગ્ય પોતપોતાની પ્રકૃતિ અને કાર્યો દ્વારા થતું હોય છે – કોઈ એક જીવનમાં જે વસ્તુ બની આવે છે, તેનો અર્થ અને જરૂર તેની પહેલાની ઘણી જિંદગીઓ દરમ્યાન બની આવતી વસ્તુઓના પ્રકાશ સિવાય સમજી શકાય નહિ. પરંતુ જે લોકો સામાન્ય મન અને લાગણીઓના પ્રદેશથી ઉપર આવી ગયા હોય અને વસ્તુઓને સમગ્ર રીતે જોતા હોય તે લોકો જ જોઈ શકે છે. તેઓ જોઈ શકે છે કે ભૂલો, કમનસીબીઓ અને મુશ્કેલીઓ પણ પોતાની મુસાફરીનાં પગલાંઓ છે – તે બધાની આસપાસ પસાર થતો થતો આત્મા તેમનાથી પર થઈ જાય છે. ત્યાં સુધીમાં આ વસ્તુઓ દ્વારા આત્મા પરિપકવ થતો જાય છે અને તે આ વસ્તુઓથી પર થઈને એક ઊર્ધ્વ ચેતના અને ઊર્ધ્વ જીવનમાં પહોંચે છે. જ્યારે તે પાર કરવાની સરહદે પહોંચે છે ત્યારે વ્યકિતએ પોતાના ભૂતકાળનાં મન અને લાગણીઓને પાછળ મૂકી દેવાનાં હોય છે. ત્યાર પછી આવો માણસ જે સામાન્ય જગતના લોકો આનંદ અને દુઃખોને વળગી રહેલા હોય છે તેમના પ્રત્યે સહાનુભૂતિપૂર્વક જુએ છે અને જ્યાં શકય હોય ત્યાં આધ્યાત્મિક મદદ આપે છે પરંતુ તે મદદ આપવામાં પણ

આસક્તિ રાખતો નથી. માણસ શીખે છે કે આ જગતના લોકો ઠોકરો ખાતા ખાતા એક વિશ્વશક્તિ મારફત દોરવણી પ્રાપ્ત કરે છે. આ શક્તિ તેમના અસ્તિત્વનું નિરીક્ષણ કરે છે અને ટેકો આપે છે અને તેમના માટે જે વસ્તુ ઉત્તમ હોય છે તે કરે છે પરંતુ જે વસ્તુ આપણા માટે ખાસ અગત્યની છે તે છે આપણે વધારે મહાન પ્રકાશમાં અને પરમાત્મા સાથેના ઐક્યમાં પહોંચવું — ફક્ત પરમાત્મા પ્રત્યે જ વળવું, અને આપણા માટે કે બીજાઓ માટે પણ ફક્ત તેનામાં જ શ્રદ્ધા રાખવી.

*

તે પ્રશ્ન ઘણો જટિલ અને મુશ્કેલ છે અને તેનો ઉત્તર ભાગ્યે જ થોડા શબ્દોમાં આપી શકાય. તે ઉપરાંત આ બધા આંતરિક સંબંધો શા માટે થાય છે અને ત્યાર પછી મૃત્યુ દ્વારા શારીરિક વિરહ ભોગવવો પડે છે તે માટે કોઈ સામાન્ય નિયમ આપી શકાય નહિ — દરેક પ્રસંગ ભિન્ન હોય છે અને વ્યક્તિએ તે માનવીઓને જાણવા પડે છે અને તેમના સંબંધો અને જુદાઈની પાછળ કઈ વસ્તુ રહેલી હતી તે કહેવા માટે તેમના આત્માના ઈતિહાસ વિશે માહિતગાર હોવું જોઈએ. સામાન્ય રીતે એક જીવન, આધ્યાત્મિક વિકાસના લાંબા ઈતિહાસમાં, ફક્ત ટૂંકો પ્રસંગ છે. આ વિકાસક્રમમાં આત્મા માટે પૃથ્વી ઉપર દોરી રખાયેલી એક વૃત્તખંડની રેખાને અનુસરવાનું હોય છે અને આત્મા તે પૂરી કરવા માટે ઘણી જિંદગીઓમાંથી પસાર થાય છે. સ્થૂલ અચિત્‌માંથી ચેતનામાં, અને તેમાંથી દિવ્ય ચેતના તરફનો એ વિકાસક્રમ છે. તે અજ્ઞાનમાંથી દિવ્ય જ્ઞાન તરફ, અંધકારમાંથી અર્ધપ્રકાશ દ્વારા પ્રકાશ તરફ, મૃત્યુમાંથી અમર્ત્યતા તરફ અને દુઃખમાંથી પરમાત્માના આનંદ તરફ વિકાસ થતો જાય છે. દુઃખોનું પ્રથમ કારણ તો વેદના છે. બીજું કારણ વ્યક્તિગત ચેતના પરમાત્માની ચેતના અને સતૂતામાંથી છૂટી પડી છે તેને લીધે બનેલું છે, અને તે અલગતાનું કારણ અજ્ઞાનને લઈને થયેલ છે — જ્યારે અજ્ઞાન નાશ પામે છે, જ્યારે માનવી પ્રભુમાં જીવન ધારણ કરે છે અને નહિ કે પોતાના અલગ નાનકડા સ્વરૂપમાં, ત્યાર પછી જ બધાં દુઃખનો અંત આવે છે. દરેક આત્મા પોતાના માર્ગે જાય છે, અને આ બધા માર્ગોનું મિલન થાય છે, થોડા સમય સાથે સીધો અવકાશમાં મુસાફરી કરે છે, ત્યાર પછી છૂટા પડીને કદાચ ફરીથી પણ મળે છે — તેઓ બધા એકબીજાને મુસાફરીમાં એક યા બીજી રીતે મદદ કરવા માટે એકઠા થાય છે. મૃત્યુ પછીના સમયે આત્મા અસ્તિત્વની બીજી ભૂમિકાઓમાં ચાલ્યો જાય છે અને ત્યાં થોડો સમય રહીને પછીથી તે પોતાના આરામ કરવાના સ્થળે પહોંચે છે અને જ્યાં સુધી પૃથ્વી ઉપરના બીજા અસ્તિત્વ સુધી તે તૈયાર થાય, ત્યાં સુધી ત્યાં આરામના સ્થળમાં જ રહે છે, આ સામાન્ય નિયમ છે. પરંતુ શરીરધારી આત્માઓ વિશેના સંબંધમાં, તે

બંનેના વ્યકિતગત વિકાસ ઉપર આધાર રાખે છે અને તેના માટે કોઈ સામાન્ય નિયમ આપી શકાય નહિ, કારણ કે તે વસ્તુ તે બન્ને આત્માઓની એક અંગત વાત હોય છે અને તેને માટે અંગત જ્ઞાન હોવું જરૂરી છે. હું ફકત આટલું જ કહી શકું, પરંતુ તે સ્ત્રીને તે મદદરૂપ થશે કે કેમ તે હું જાણતો નથી, કારણ કે આ બધી વસ્તુઓ તે માણસોને જ મદદરૂપ થાય છે જ્યારે વ્યકિત એવી ચેતનામાં પ્રવેશ કરે છે જેમાં આ વસ્તુઓ કેવળ વિચારો જ નહિ પરંતુ વાસ્તવિકતાઓ બની રહે. ત્યાર પછી વ્યકિત શોક કરતી નથી કારણ કે તેણે સત્યમાં પ્રવેશ કરેલો હોય છે અને સત્ય સ્થિરતા અને શાંતિ લાવે છે.

*

આવી બાબતોમાં સામાન્ય રીતે પ્રાણમય સંપર્ક હોય છે — પ્રમાણમાં ચૈતસિક સંબંધ ભાગ્યે જ હોય છે; પૂર્વ જીવનોની એવી કોઈ વસ્તુ હોય છે જે આ સંબંધોને આ જીવનના સંબંધમાં નિશ્ચિત કરે છે પરંતુ આ જીવનમાં રહેલો સંબંધ ભૂતકાળમાં જે સંબંધ નિશ્ચિત થયેલો હતો તે જ રૂપનો ભાગ્યે જ હોય છે.

*

તમારી પત્નીના કમનસીબ મૃત્યુને લઈને તમને જે ધક્કો લાગ્યો હશે (shock) તે હું સમજી શકું છું — પરંતુ તમે હવે સત્યના શોધક અને સાધક છો, અને માનવીને જે સામાન્ય પ્રત્યાઘાતો થાય છે, તેનાથી તમારા મનને ઊંચે લઈ જવું જોઈએ અને વસ્તુઓને વધારે વિશાળ પ્રકાશમાં જોવી જોઈએ. તમારી પત્નીને એક આત્મા તરીકે સમજો, જે અજ્ઞાની જીવનની મુશ્કેલીઓમાંથી પસાર થતો હતો — જે રીતે અહીં બધા પસાર થાય છે તે રીતે; એ પ્રગતિમાં એવી વસ્તુઓ બને છે જે માનવમનને કમનસીબ લાગે, અને અપરિપકવ ઉંમરમાં ઓચિંતો અકસ્માત અથવા ભયંકર મૃત્યુ આપણે જેને પૃથ્વી ઉપરના ટૂંકા ગાળાનું અસ્તિત્વ જેને જીવન કહીએ છીએ તેનો દોર કાપી નાખે તે ખાસ કરીને દુઃખદાયક અને કમનસીબ લાગે છે. પરંતુ જે વ્યકિત બાહ્ય દેખાવથી પર થઈ જાય તે જાણે છે કે આત્માની પ્રગતિમાં જે કાંઈ વસ્તુ બને છે તેનો કોઈક અર્થ, કોઈક જરૂરિયાત હોય છે. જે અનુભૂતિઓની હારમાળા તેને એક વળાંકના દષ્ટિબિંદુ તરફ દોરી જાય છે તેમાં તે વસ્તુનું એક સ્થાન હોય છે, જ્યાં વ્યકિત અંધકારમાંથી પ્રકાશ પ્રત્યે જાય છે. તે વ્યકિત જાણે છે કે દિવ્ય નિયતિમાં જે કાંઈ બને છે તે ઉત્તમ માટે જ હોય છે, પછી ભલે મનને તે ભિન્ન રીતનું લાગતું હોય. તમે તમારાં પત્નીને એક એવા આત્મા તરીકે જુઓ જે અસ્તિત્વની બે અવસ્થાઓ વચ્ચેના વિઘ્નને ઓળંગી ગયેલ છે. સ્થિર

વિચારો દ્વારા તેના આરામ કરવાની જગા તરફની મુસાફરીમાં તેને મદદ કરો અને પરમાત્માની મદદને તેના માર્ગ ઉપર મદદ કરવા સાદ કરો – ઘણા લાંબા સમય સુધી ચાલુ રાખેલો શોક મૃત આત્માને તેની મુસાફરી દરમિયાન મદદ કરતો નથી પરંતુ તેની મુસાફરીને ઢીલમાં નાખે છે. તમને પડેલી ખોટ ઉપર ચિંતન ન કર્યા કરશો, પરંતુ તેના આધ્યાત્મિક કલ્યાણ વિશે જ વિચારો.

*

જે વસ્તુ બની ગઈ છે તેને એક નિયત થયેલી વસ્તુ તરીકે અને આત્માની જન્માંતરની પ્રગતિ માટેની ઉત્તમ વસ્તુ તરીકે શાંતિથી સ્વીકારી લેવી જોઈએ, જો કે આ વસ્તુ માનવની દૃષ્ટિમાં, જે ફક્ત વર્તમાનમાં જ અને બાહ્ય દેખાવમાં જ જુએ છે તેને ઉત્તમ તરીકે જોઈ શકતી નથી. આધ્યાત્મિક સાધક માટે મૃત્યુ એ ફક્ત એક જીવનમાંથી બીજા જીવનમાં પસાર થવાનો માર્ગ છે, અને કોઈ પણ વ્યક્તિ મૃત્યુ પામતી નથી પરંતુ વિદાય લે છે. તમે તે વસ્તુને આ પ્રમાણે જુઓ અને તમારી અંદર રહેલા પ્રાણમય શોકના પ્રત્યાઘાતોને ખંખેરી નાખો – તે વસ્તુ તેની મુસાફરીમાં મદદ કરી શકતી નથી – પરમાત્માના માર્ગમાં મક્કમપણે ચાલો.

*

બેશક, તે જ સાચી હકીકત છે – મૃત્યુ એટલે શરીરનું ખરી પડવું, નહિ કે વ્યક્તિગત અસ્તિત્વનું ભૂંસાઈ જવું. માણસ બીજા દેશમાં જાય અને તે દેશની આબોહવાને અનુરૂપ પોતાનાં કપડાંઓ બદલી નાખે, એટલે તે મૃત્યુ પામતો નથી.

*

વિભાગ ૯

# ભાગ્ય અને સ્વતંત્ર સંકલ્પ, કર્મ અને વંશવારસો વગેરે

# ભાગ્ય અને સ્વતંત્ર સંકલ્પ, કર્મ અને વંશવારસો વગેરે

તમે આપેલાં અવતરણોને જ ધ્યાનમાં લઈએ તો ઘણાં અસરકારક લાગે છે, પરંતુ જ્યારે આપણે તે પુસ્તકનું વાચન કરીએ ત્યારે પેલી અસરકારક છાપ ઘટી જાય છે અને ભૂંસાઈ જાય છે. તમે કીરો ( Cheiro )ની સફળતાઓ વિશે જોયું પરંતુ તેની નિષ્ફળતાઓ વિશે શું ? મેં તે પુસ્તક જોયું અને એવી કેટલીએ ભવિષ્યવાણીઓ છે જે નિષ્ફળ ગઈ છે તેનાથી હું ડગી ગયો. તમે થોડીઘણી ભવિષ્યવાણીઓ ઉપરથી તે ગમે તેટલી ચોક્કસ હોય છતાં, એવું તારણ નથી કરી શકતા કે બધું જ નિર્માણ થયેલું છે – તમારા પત્રોમાંના પ્રશ્નો અને મારો ઉત્તર એ પણ નિર્મિત છે એમ ન મનાય. એવું બની શકે પરંતુ તેને સાબિત કરવા માટે કોઈ પુરાવાઓ નથી. એટલું સ્પષ્ટ છે કે ભાવિ કથન માટેનું એક તત્ત્વ છે, અને તેનું બનાવોના ક્રમમાં ચોક્કસ ભાવિકથન થઈ શકે છે, વિગતવાર તેમ જ મુખ્ય મુખ્ય વિશાળ મુદ્દાઓ વિશે, પરંતુ તે વસ્તુની તો જાણ થઈ ગયેલી છે, તેથી પ્રશ્ન તો અણઉકેલ્યો જ રહે છે, કે બધું જ ભાવિકથન થઈ શકે કે કેમ ? અસ્તિત્વમાં કેવળ નિયતિ જ મુખ્ય બાબત છે કે કેમ ? કે પછી બીજાં પણ એવાં પાસાંઓ છે જે નિયતિમાં ફેરફાર કરી શકે છે ? — અથવા નિર્માણ થયેલું હોય તો નિર્માણના બીજા ભિન્ન સ્રોતો અથવા શકિતઓ અથવા ભૂમિકાઓ છે જ નહિ, અને જે ભૂમિકાથી આપણે શરૂઆત કરી તેમાં બીજા નિર્માણનું મૂળ, શકિત અથવા ભૂમિકાને બોલાવીને આપણા જીવનમાં તેને સક્રિય બનાવીને તેમાં ફેરફાર ન કરી શકીએ ? તત્ત્વજ્ઞાનના પ્રશ્નો એટલા બધા સહેલા નથી હોતા કે આપણે તેમને એક અર્થમાં અથવા તેનાથી વિરુદ્ધ બીજા અર્થમાં મૂકીને ઝટ ઉકેલ લાવી આપીએ – વસ્તુઓનો ઉકેલ લાવવાની એ લોકભોગ્ય રીત હોઈ શકે, પરંતુ તે બિલકુલ ટૂંકી ટચ અને અનિર્ણિત હોય છે. બધું જ સ્વતંત્ર સંકલ્પનું બનેલું છે કે બધું જ નિયત થયેલું છે ? – આવો આ સરળ પ્રશ્ન નથી. મુકત સંકલ્પ અથવા નિયતિનો પ્રશ્ન બધા જ દર્શનશાસ્ત્રના પ્રશ્નોમાંનો ખૂબ જટિલ પ્રશ્ન છે, અને તેનો કોઈ પણ વ્યકિતએ ઉકેલ આપેલો નથી – એક એવા કારણસર કે ભાગ્ય અને સંકલ્પ બન્ને અસ્તિત્વ ધરાવે છે અને કોઈ જગાએ સ્વતંત્ર સંકલ્પ પણ અસ્તિત્વ ધરાવે છે; મુશ્કેલી એ છે કે તેને કઈ રીતે પ્રશ્ન કરવો અને તેને અસરકારક બનાવવો.

જયોતિષશાસ્ત્રી ? જો આપણે જયોતિષશાસ્ત્રનાં બધાં ભાવિ કથનોને એકસાથે લક્ષ્યમાં લઈએ તો જણાશે કે ઘણાં કથનો સાચાં પડે છે, પરંતુ તેનો અર્થ એવો

નથી કે ગ્રહો આપણા ભાવિનું નિયમન કરે છે. ગ્રહો તો કેવળ જે ભાવિ પહેલેથી નક્કી થયેલું હોય તેની ફક્ત નોંધ રાખે છે. એ તો કેવળ એક લિપિ છે, શક્તિ નહિ – અથવા તો તેમનું કાર્ય કોઈ શક્તિનું રૂપ હોય તો તે એક શક્તિનું પ્રસારણ કરનાર સાધનો છે નહિ કે શક્તિને ઉત્પન્ન કરનાર મૂળ શક્તિ. આપણે એમ કહી શકીએ કે એવું કાંઈક છે, જેણે ભાવિનું નિર્માણ કરેલું છે. અથવા એવી કોઈ વસ્તુ છે જે ભાવિરૂપ છે. પરંતુ ગ્રહો તો એને દર્શાવનાર નિશાનીઓ છે. જ્યોતિષશાસ્ત્રીઓ પોતે જ કહે છે કે બે પ્રકારની શક્તિઓ છે, દૈવ અને પુરુષાકાર, ભાવિ અને વ્યક્તિગત શક્તિ, અને વ્યક્તિગત શક્તિ ભાવિમાં ફેરફાર કરી શકે છે અથવા ભાવિને નિષ્ફળ પણ બનાવી શકે છે. વધારામાં ગ્રહો એક કરતાં વધારે શક્યતાઓનો નિર્દેશ કરે છે. દા. ત. કોઈ વ્યક્તિ મધ્યવયમાં ગુજરી જવાની શક્યતા હોય, પરંતુ જો તે નિયતિમાંથી ઊગરી જવાય તો વ્યક્તિ વૃદ્ધાવસ્થા સુધી જીવી શકે એમ પણ બને. છેવટે એવા પ્રસંગો પણ બનેલા છે જેમાં જન્મકુંડળી ઉપરથી કરેલાં કથનો અમુક ઉંમર સુધી ખૂબ ચોક્કસપણે સાચાં પડે છે. પરંતુ પછીથી બિલકુલ લાગુ પડતાં નથી. સામાન્ય રીતે આવું ખાસ ત્યારે બને છે જ્યારે વ્યક્તિ સામાન્ય જીવન છોડીને આધ્યાત્મિક જીવન પ્રત્યે વળે છે. જો આવું વલણ મૂળભૂત રીતે બનતું હોય તો ભાવિ શક્યતા અટકી જાય છે, નહિ તો પછી અમુક સમય સુધી પરિણામો ચાલુ રહે છે પરંતુ અનિવાર્ય રીતે તેની તે જ રહેતી નથી. આ એમ બતાવે છે કે એવી ઊર્ધ્વ શક્તિ અથવા ઊર્ધ્વ ભૂમિકા અથવા આધ્યાત્મિક શક્તિનો ઊર્ધ્વ સ્રોત હોઈ શકે અને તેનો સમય જો પાકયો હોય તો નિમ્ન ભૂમિકાઓ, નિમ્ન શક્તિઓ અથવા પ્રાણ અને ભાવિના નિમ્ન સ્રોતો, જેમનું ગ્રહો કેવળ સૂચન કરે છે તેમની ઉપરવટ તે શક્તિ જઈ શકે છે. હું પ્રાણમય શક્તિની વાત કરું છું કારણ કે વ્યક્તિની જીવનની ઘટનાઓ કરતાં વ્યક્તિના ચારિત્ર્ય વિશે તેની જન્મકુંડળીમાંથી વધારે પૂર્ણ રીતે અને સંતોષપૂર્વક રીતે કથન થઈ શકે છે.

ભારતમાં ભાવિનો ખુલાસો કર્મના સિદ્ધાંતને આધારે કરવામાં આવે છે. આપણે આપણાં કર્મો દ્વારા જ ભાવિનું ઘડતર ઘડીએ છીએ પરંતુ આપણે ઘડેલું ભાવિ જ આપણને બંધનરૂપ થાય છે; કારણ કે આપણે જે બીજ રોપ્યું હોય છે તેની આ જન્મમાં કે પછીના જન્મમાં આપણે લણણી કરીએ છીએ. છતાં અત્યારે આપણે આપણા ભાવિના ઘડતર માટે આપણે ભૂતકાળમાં જે ઘડતર થયેલું હોય છે તેનું ચાલુ વર્તમાનમાં પણ જે ઘડતર કરીએ છીએ તે ભાવિ માટે ઘડતર ઘડીએ છીએ. આ રીતે આપણા સંકલ્પ અને કાર્યનો એક અર્થ બને છે. કેટલાક યુરોપિયન ટીકાકારો ખોટી રીતે માને છે તેમ એક જડ અને વંધ્ય નિયતિ બનતી

નથી. પરંતુ તેમ છતાં આપણો સંકલ્પ અને કર્મ ભૂતકાળનાં કર્મોમાં ફેરફાર અથવા તેમનો વિનાશ પણ કરી શકે છે. કેટલીક તીવ્ર અસરો જ તેને ઉત્કટ કર્મ કહેવાય છે તેમાં ફેરફાર થઈ શકતો નથી. આ વસ્તુમાં પણ આધ્યાત્મિક જીવન અને આધ્યાત્મિક ચેતનાની પ્રાપ્તિ કરી હોય તો તે પણ કર્મોનો વિનાશ કરવાની શકિત અથવા કર્મોનો વિનાશ કરી શકે છે. કારણ કે આપણે જયારે દિવ્ય વૈશ્વિક અથવા પરાત્પરની સાથે એકતા સાધીએ છીએ ત્યારે તેણે જે કેટલીક પરિસ્થિતિઓ વખતે જે વસ્તુ નિર્માણ કરેલી હોય તે સર્જનને રદબાતલ કરીને તેનું નવું સર્જન કરે છે અને પછીથી પેલી સાંકડી રેખાઓ અદશ્ય થઈ જાય છે અને તેને સ્થાને એક વધારે સ્થિતિસ્થાપક, મુકિત અને વિશાળતા આવે છે. એટલે કર્મનો સિદ્ધાંત અથવા જયોતિષશાસ્ત્રનું ફળ, બેમાંથી એક પણ અવિચલ ભાવિ માટે કાયમ નિશ્ચિત જ રહે છે એવું નિર્દેશ કરી શકતા નથી.

ભવિષ્યવાણીનું કથન કરનાર એવા એક પણ ભવિષ્યવેત્તાને હું મળ્યો નથી, જે ગમે તેટલા પ્રખ્યાત હોય, તેનું કથન અચૂક રીતે સાચું પડયું જ હોય. તેમની કેટલીક ભવિષ્યવાણીઓ શબ્દશ: સાચી પડે છે પણ બીજી કેટલીક સાચી પડતી નથી – તેઓ કાં તો થોડીઘણી સાચી પડે છે અથવા તો બિલકુલ નિશાન ચૂકી જાય છે તેના ઉપરથી એમ ન કહી શકાય કે ભાવિદર્શનની શકિત હોતી જ નથી પરંતુ તેમાં શકયતા, કાકતાલીયતા અથવા જોગાનુજોગ અમુક ઘટના દ્વારા ખુલાસો આપી શકાય. જે સફળતાપૂર્વક ભાગ્યકથન કરી શકતા નથી એવા પ્રકારના માણસો ઘણા પ્રકારના અને મોટી સંખ્યામાં છે. ભાવિકથન માટે ઓછાવત્તા પ્રમાણમાં સફળ બનવાના માટેનાં ઘણાં કારણો આપી શકાય. કેટલીક વખત ભવિષ્યવાણી કહેનારની પોતાની શકિત અપૂર્ણ હોઈ કોઈ વાર સક્રિય અને કોઈ વાર નિષ્ક્રિય હોય છે. કેટલીક વખત વસ્તુઓનું ભાવિ કથન અંશત: થઈ શકે તેમ હોય અથવા એમનું નિર્માણ કરવામાં જુદાં જુદાં કારણો અથવા શકિતઓની રેખાઓ જુદી જુદી શકયતાઓની રેખાઓ અથવા સાચી વસ્તુની ભિન્ન ભિન્ન શ્રેણી કાર્ય કરતી હોય. જયાં સુધી વ્યકિત એક ચોકકસ દિશાના સંપર્કમાં હોય ત્યાં સુધી તેનું ભાવિ કથન સાચું પડે છે, નહિ તો નહિ – અથવા જો શકિતની દિશા બદલાઈ જાય તો તેનું ભાવિ કથન પણ તેના પાટા ઉપરથી ઊથલી પડે. તેમ છતાં આપણે એમ કહી શકીએ કે જો વસ્તુઓનું ભાવિકથન શકય હોય તો, એ વસ્તુ અમુક શકિત અથવા ભૂમિકા દ્વારા જ તેનું પૂર્વ દર્શન થઈ શકે; જો કોઈ દિવ્ય સર્વ શકિતમાન અને સર્વજ્ઞ પ્રભુ હોય તો એમ હોવું જ જોઈએ. તેમ છતાં જે વસ્તુનું પૂર્વદર્શન થાય તેને કાર્યરત કરવું પડે. હકીકતમાં તો તે વસ્તુ આધ્યાત્મિક. મનોમય, પ્રાણમય અને

સ્થૂલ શકિતઓની લીલા દ્વારા જ કાર્યાન્વિત થાય છે – અને શકિતઓની એ ભૂમિકા ઉપર કોઈ અનિવાર્ય ચોક્કસતા જોવામાં આવતી નથી. વ્યકિતગત સંકલ્પ અથવા પ્રયત્ન એ શકિતઓ પૈકી હોય છે. નેપોલિયનને જ્યારે પૂછવામાં આવ્યું કે તે ભાગ્યમાં માનતો હોવા છતાં શા માટે યોજનાઓ અને કાર્યવ્યવસ્થાઓ કરતો હતો. ત્યારે તેણે જવાબ આપેલો કે, ‘ એ વસ્તુઓ પણ નસીબમાં લખાયેલી છે કે મારે કામ કરવું અને યોજનાઓ ઘડવી. ’ બીજા શબ્દોમાં, તેની યોજનાઓ અને કાર્યો પણ ભાવિની ગોઠવણનો એક ભાગ રૂપે હતાં, અને ભાવિનાં જે પરિણામો હતાં તેમાં ફાળા રૂપે હતાં. તેથી જ્યારે મારા કાર્યનું પરિણામ ભાવિમાં હું ઊલટું જ જોતો હોઉં છતાં મારે જે પરિણામ આવવું જોઈએ એમ હું ધારતો હોઉં તેને માટે મારે કાર્ય કરવું જ જોઈએ. કારણ કે સત્યના જે તત્ત્વની શકિતની હું સેવા કરતો હોઉં તેના બળને તે જીવંત રાખે છે અને તેને માટે વિજયી બનવાની શકયતા ઊભી કરે છે. તે ભવિષ્યના લાભદાયી ભાવિના કાર્યરૂપ બની રહે છે. ભલે અત્યારની ઘડીએ તે અવળું નસીબ હોય. કોઈ કાર્યને નિષ્ફળ થતું જોતા હોય અથવા પહેલેથી જાણતા હોય કે તે નિષ્ફળ જશે છતાં મનુષ્યો કોઈ પણ કાર્યને પડતું મૂકતા નથી; અને એમ અડગ ખંતપૂર્વક કાર્ય કરવામાં આધ્યાત્મિક દૃષ્ટિએ તેઓ સાચા હોય છે. વધુમાં આપણે કેવળ બાહ્ય પરિણામ માટે જ જીવતા નથી, જીવનનું લક્ષ્ય તો આત્માનો વિકાસ છે – તાત્કાલિક અથવા નજીકના ભાવિની સફળતા નહિ. વિરુદ્ધ ભાવિ હોય અથવા ભૌતિક ભાવિ પણ અધૂરું હોય છતાં આત્મા તેની સામે થઈને પણ પોતાનો વિકાસ સાધી શકે છે.

છેવટે, બધું જ પૂર્વનિર્મિત હોય તો શેક્સપિયરના શબ્દોમાં અથવા મૅકબેથના શબ્દોમાં શા માટે એમ કહો છો કે “ જીવન એક મૂર્ખ માણસે કહેલી વાત છે, જે ઘોંઘાટ અને વેરથી ભરેલી છે અને તેનો કોઈ પણ અર્થ નથી !” જીવન એ પ્રકારનું હોઈ શકે પરંતુ જો તેમાં કેવળ અકસ્માત અને ધ્યેય વગરની અનિશ્ચિતતા હોય તો જ. પરંતુ જો તે એવી વસ્તુ હોય તો તેનું પૂર્વદર્શન થઈ શકે; જો દરેક વસ્તુ વિગતમાં યોજનાબદ્ધ હોય, તો તેનો અર્થ એવો નથી કે જીવન પણ કોઈક એવી વસ્તુનો નિર્દેશ કરે છે, જેમાં કોઈ ગુપ્ત દિવ્ય હેતુ હોવો જ જોઈએ જે શકિતપૂર્વક, અચલ રીતે અને સૈકાઓ સુધી કાર્યાન્વિત રહે છે, જેના આપણે એક અંશરૂપ અને સહકાર્યકર્તાઓ છીએ અને આ અજેય હેતુની સિદ્ધિ અર્થે કાર્ય કરતા હોઈએ ?

તા. ક. વારુ, પ્રભુ આપણને દોરી જતા હોય એવી લાગણી અનુભવીએ એ સર્વોત્કૃષ્ટ આનંદ પૈકી એક છે – નહિ કે ગ્રહો કે કર્મો આપણને દોરે છે; ગ્રહો

અને કર્મોની દોરવણી શુષ્ક અને અસુખકર લાગે છે – જાણે કે કોઈ યંત્ર ઉપર ચડાવીને ફેરવવામાં આવતા હોય – 'યંત્રારુઢાનિ માયયા' – એવું લાગે છે.

*

મને લાગે છે કે મને કીરો (Cheiro)ના વિચારો અને ભવિષ્યવાણીઓમાં બહુ શ્રદ્ધા નથી – કેટલાંક ભાવિ કથનો સિદ્ધ થયેલાં છે પરંતુ બીજાં ઘણાં ખોટાં પડયાં છે. જયુ લોકો વિશેનો ખ્યાલ એક પ્રાચીન યહૂદીઓની અને ક્રિશ્ચિયનોની માન્યતા હતી. સંખ્યાશાસ્ત્ર વિશે એમ કહી શકાય કે ગુહ્ય જ્ઞાનમાં આંકડાઓનું એક ગુહ્ય રહસ્ય છે અને તે સાચું છે. સાચું એ પણ છે કે કેટલાક એવા સમયગાળાઓ અને ચક્રો જીવનમાં તેમજ વિશ્વના જીવનમાં પણ આવે છે. પરંતુ આ બધી વસ્તુઓમાં વધારે પડતો ચોક્કસ અર્થ મૂકી શકાય નહિ.

*

મેં એવું કહ્યું નથી કે દરેક વસ્તુ રૂઢ રીતે પૂર્વ–નિર્ણિત થયેલી જ છે. શક્તિઓની લીલાનો અર્થ એવો ન હોઈ શકે. મેં એમ કહ્યું છે કે જગતમાં જે બનાવો નજર સમક્ષ દેખાય છે તેમની પાછળ એક અદશ્ય બળોનો સમૂહ કાર્ય કરી રહેલ છે અને તે મનુષ્યોના બાહ્ય મનને માટે અજ્ઞેય છે અને યોગ દ્વારા (અંદર અંતરાત્મામાં જઈને વિશ્વરૂપ આત્મતત્ત્વ અને દિવ્ય શક્તિ અને બળોની સાથે સચેતન સંપર્કની સ્થાપના કરવાથી) વ્યક્તિ આ શક્તિઓ વિશે સભાન બની શકે છે, લીલામાં સચેતન રીતે હસ્તક્ષેપ કરી શકે છે અને ઓછામાં ઓછું થોડાઘણા પ્રમાણમાં લીલાના પરિણામમાં વસ્તુઓનું નિર્માણ કરી શકે છે. આ બધી વસ્તુને અને પૂર્વ-નિર્ણિત વસ્તુને કાંઈ સંબંધ નથી તેનાથી ઊલટું, માણસ નિરીક્ષણ કરે છે કે કઈ રીતે વસ્તુઓ વિકાસ પામે છે અને શકય હોય ત્યારે અને જયારે જરૂર લાગે ત્યારે અહીં એક ધક્કો અને બીજી જગાએ એક ધક્કો મારી શકે છે. મહાન વિજ્ઞાની સર સી. વી. રામને જે સિદ્ધાંત આપ્યો તેનાથી વિરુદ્ધમાં આ કોઈ પણ વસ્તુ નથી. રામને એક વખત કહેલું કે આ બધી વિજ્ઞાનની શોધો અકસ્માતની રમતો છે. જયારે તે એમ કહે છે કે આ બધી વિજ્ઞાનની શોધો નસીબની રમતો છે ત્યારે તે ફક્ત એટલું જ કહે છે કે માનવીઓ જાણી શકતા નથી કે આ કઈ રીતે કાર્ય કરે છે. તે એક કડક પૂર્વ-નિર્મિત વસ્તુ નથી, અને તેમ છતાં તે કેવળ આંધળા અચિત્ તત્ત્વનો અકસ્માત પણ નથી. તે એક એવી લીલા છે જેમાં સમયમાં રહેલી ભવિતવ્યતાઓનું એક કાર્ય છે.

*

પરંતુ આ બધાં પૃષ્ઠોમાં 'પ્લાન્ક' શું કહેવા માગે છે તે સમજવું અઘરું છે. તે શું તારણ કાઢે છે અને કઈ રીતે તે તારણ પર આવેલ છે? તેણે કદાચ તેની દલીલોને એટલી બધી સઘન બનાવી છે કે તેમાં જરૂરી સમજૂતીઓની સાંકળ ખૂટે છે. સંકલ્પ વિશેના, મેં તે બધાં પૃષ્ઠો વાંચ્યાં તેના ઉપરથી લાગે છે કે મુક્ત સંકલ્પની બાબતમાં તેણે જે સ્થિતિનું વર્ણન કરેલું છે તેમાંથી પ્રસંગોપાત્ત રીતે ઉત્પન્ન થાય છે, તે એવું દૃષ્ટિબિંદુ રાખે છે કે ક્વોન્ટમવાદની આસપાસ સંગઠિત કરેલી નવી શોધો ભૌતિક વિજ્ઞાનમાં કોઈ મૂળભૂત ફેરફાર કરી શકતી નથી. જો નિયમોને આંકડાશાસ્ત્રની રીતે ગણવાનું વલણ હોય તો – જે પ્રસંગમાં કોઈ 'અચલ કાર્ય-કારણનો નિયમ' અને પૂર્વ-નિર્ણિત વસ્તુ નથી હોતી – તેમ છતાં એવી કોઈ વસ્તુ નથી જે એમ સાબિત કરે કે તેમને સક્રિય તરીકે ઉપયોગ ન કરી શકાય અથવા લાભદાયી રીતે ઉપયોગ ન કરી શકાય – તે પ્રસંગમાં નિયતિ માતા રહી શકે છે; વ્યક્તિગત વર્તણૂકની અચોક્કસતા (ઇલેક્ટ્રોન્સ) પરિમાણ (Quanta) નિયતિનો છેદ ખરેખર ઊડાડી શકતાં નથી, પરંતુ તેમાં એક નવીન તત્ત્વનું પાસું દાખલ થાય છે. આ ઉપરથી એક ઊડતી નજરથી તેની આવી સ્થિતિ લાગે છે. કેટલાક ચિંતક વિજ્ઞાનીઓ આવા વ્યક્તિગત વર્તનની અચોક્કસતાને એક સ્થૂલ ઘટક તરીકે ગણે છે અને તેને વ્યક્તિગત માનવીઓમાં રહેલા મુક્ત સંકલ્પના તત્ત્વને અનુરૂપ ગણે છે. અહીં પ્લાન્ક સ્વતન્ત્ર સંકલ્પના પ્રશ્નને લાવીને એવા તારણનો ઇનકાર કરે છે કે તે વસ્તુ કડક કાર્યકારણના નિયમને અને નિયતિના નિયમને અસર કરે છે તેની દલીલો, હું સમજી શકું ત્યાં સુધી આ પ્રમાણે છે.

(૧) કાર્યકારણના અફર નિયમનું સ્થાન એટલા માટે છે કે વ્યક્તિગત માનવીનું કોઈ પણ કર્મ અથવા આંતર ઘટના બે કારણોને લઈને પૂર્ણ રીતે બનતું પરિણામ છે (અ) તેના મનની પૂર્વાવસ્થાને સમગ્ર રીતે લેતા, (બ) અને તેના ઉપર થતી બાહ્ય અસરો.

(૨) સંકલ્પ એ એક મનોમય પ્રક્રિયા છે અને આ બે ઘટકો દ્વારા પૂર્ણ રીતે નિશ્ચિત થાય છે; તેથી તે સ્વતંત્ર નથી, તે અફર કાર્યકારણની શૃંખલાનો એક ભાગ છે – સ્વતંત્ર સંકલ્પનાં પરિણામો પણ તે પ્રકારનાં હોય છે.

(૩) વાસ્તવિક રીતે સંકલ્પની સ્વતંત્રતા એ અગત્યની વસ્તુ નથી પરંતુ સ્વતંત્રતા વિશેની માનવચેતના અગત્યની છે. આ વસ્તુ એક સચેતન હેતુની આંતર અનુભૂતિ કરાવે છે અને તે નવીન હેતુઓ ઉત્પન્ન કરે છે અને આ રીતે અનંત રીતે બને છે. આ કારણને લઈને માનવી ભવિષ્યમાં કઈ રીતે કાર્ય કરશે તેની અગાઉથી

ધારણા કરવા એ મનુષ્ય માટે અશકય વસ્તુ છે – કારણ કે ગમે તે ક્ષણે એક નવીન હેતુ ઉત્પન્ન થઈ શકે. પરંતુ જો આપણે ભૂતકાળમાં નજર નાખીએ તો કાર્ય અને કારણનો સંબંધ સ્પષ્ટ દેખાય છે.

(૪) અક્રૂર કાર્યકારણની હકીકત (અથવા તો તે વિશેનો સિદ્ધાંત) તેથી કરીને વ્યક્તિની સ્વતંત્ર સંકલ્પની ચેતના દ્વારા અચલ રહે છે. એ વસ્તુમાં એક જ હકીકત તેમાં તમોમયતા લાવે છે કે માણસ પોતાના કર્મ વિશે ભાવિકથન કરી શકતો નથી; કારણ કે અહીં કર્તા અને કર્મ બન્ને એક છે અને કર્તા–કર્મ એક સતત દોલાયમાન સ્થિતિમાં હોય છે, જ્યારે બહારનો પદાર્થ સ્થિર હોય છે અને તેમાં જ્ઞાતાની આંતર પ્રક્રિયાઓના પરિણામે ફેરફાર થતો નથી.

અહીં એક કાર્યકારણનો નિયમ અને એક નૈતિક નિયમના સંદર્ભમાં કહેવાયું છે, તે મને સમજાતું નથી. ‘નીતિ વિશેનો નિયમ’ કાર્યકારણની કડક શૃંખલાથી કોઈ બહારની વસ્તુ છે? આવી કોઈ વસ્તુ છે ખરી? જો ‘અક્રૂર કાર્યકારણનું’ સામ્રાજ્ય સર્વ ઉપર ચાલતું હોય તો આ નૈતિક નિયમ ત્યાં શું કરે છે?

હું સમજી શકું છું ત્યાં સુધી આવી દલીલ છે, પરંતુ તે વસ્તુ મને પૂર્ણ પરિણામ લાવનાર લાગતી નથી. જો માણસના વર્તન વિશે તે પોતે જ અગાઉથી ન જોઈ શકતો હોય, તો તેના વિશે બીજો કોઈ પણ અગાઉથી કહી શકે નહિ; જો તે અગાઉથી ન કહી શકાય તો તે જ કારણસર મુકત સંકલ્પના તત્ત્વ વિશે અને નવીન હેતુઓના અનિશ્ચિત હસ્તક્ષેપની શકયતા દ્વારા વિચલિતતા માટે પણ અગાઉથી કાંઈ કહી શકાય નહિ. જો તે પ્રમાણે હોય તો, કડક કાર્યકારણનો નિયમ ચોક્કસ બનતો નથી – જો કે એક સ્થિતિસ્થાપક કાર્યકારણના નિયમમાં પસંદગીની શકિત જેને આપણે મુકત-સંકલ્પ કહીએ છીએ તેવું એક તત્ત્વ હોય છે (યા તો ઘણા કારણોમાંનુ એક અથવા તો કારણમાં ફાળો આપતું એક એવું કરણ જે તેનાથી પર હોય) તેને પણ એક શકયતા તરીકે નક્કી કહી શકાય.

એવું વિધાન છે કે વ્યકિતનું કર્મ તેની સમગ્ર મનોમય અવસ્થા વત્તા બાહ્ય અસરોને લઈને નિશ્ચિત થાય છે, તે શંકાસ્પદ છે અને આપણને વધારે આગળ દોરી જતું નથી – આપણે જો એમ માનીએ કે ઘટના બની તે પહેલાંની અસ્તિત્વની સ્થિતિ જે વસ્તુ બને છે તેના માટે એકમાત્ર પરિસ્થિતિ છે — તો અનિવાર્ય કાર્યકારણના સમગ્ર ખ્યાલને ઉડાવી દેવા માટેની શકયતા છે – કારણ કે પહેલાં ઘણા પ્રસંગોનો સમુદાય બનેલો હોય છે અને તેના પરિણામે ત્યાર પછીથી બનેલો એક પ્રસંગ છે, જો આપણે એમ કહી શકીએ તો અથવા એવા પાછળના, બનેલી ઘટના-

ઓના સમુદાય છે પરંતુ તેને લઈને કોઈ વસ્તુ એ પ્રમાણે સાબિત કરતી નથી કે પાછળ બનેલા બનાવોના સમુદાયનાં અનિવાર્ય પરિણામો, પહેલાં બનેલા બનાવો લઈને જ બન્યા છે. શકય છે કે આ સમગ્ર અસ્તિત્વની સ્થિતિ એક બીજાશય છે જેમાં બનવાની શકયતાનું બીજ ફેંકાયેલું હતું અથવા તો તે સક્રિય બને છે અને તેને પરિણામે ઘણાં શકય પરિણામો આવે, અને માનવના કર્મના પ્રસંગમાં તો એમ વિચારી શકાય કે મુકત-સંકલ્પ એક જ અથવા તો ઓછામાં ઓછું તે વસ્તુનું નિર્માણ કરતું ઘટક છે.

એટલે હું માનતો નથી કે ‘ પ્લેન્કની ’ આ દલીલો આપણને વધારે આગળ લઈ જતી હોય. તે ઉપરાંત તે પુસ્તકમાં જ એક પ્રશ્ન ઉપસ્થિત કરેલો છે કે નિયતિને આપણે માન્ય રાખીએ છતાં વસ્તુઓની સ્થળ પરની પરિસ્થિતિ કાર્યકારણ માટેનું સ્વતંત્ર ક્ષેત્ર છે કે સર્વ વસ્તુઓ એવી રીતે એકસાથે જોડાયેલી છે જેને લઈને સમગ્ર રીતની નિયતિ સ્થળ પરનું પરિણામ લાવે છે. તો પછી માણસનું કર્મ વૈશ્વિક બળો ઉપરથી તથા તેના મનની અવસ્થા ઉપરથી નિર્માણ થાય છે અને બાહ્ય રીતે દેખાતી પસંદગી વૈશ્વિક બળના કરણરૂપનો એક ભાગ બની જાય છે.

*

તમે જે પ્રસંગનું, સૉક્રેટિસ અને દારૂડિયા માણસનું વર્ણન કરેલું છે તેમાં તમે જે ભેદ દર્શાવો છો તે સાચો છે. નબળા સંકલ્પવાળો માનવી પ્રાણ અને શારીરિક આવેગો દ્વારા નિયંત્રિત થયેલો હોય છે અને તેનો મનોમય પુરુષ પૂરતા પ્રમાણમાં એટલો સક્રિય હોતો નથી જેથી તેનો સંકલ્પ તે વસ્તુઓ ઉપર વિજય પ્રાપ્ત કરે. તેનો સંકલ્પ સ્વતંત્ર નથી, કારણ કે તે સ્વતંત્ર બનવા જેટલો બળવાન નથી. તે તેની પ્રાણ અને શારીરિક પ્રકૃતિ ઉપર કાર્ય કરનારા અથવા તેમાં કાર્ય કરનારાં બળોનો ગુલામ હોય છે. સૉક્રેટિસના દૃષ્ટાંતમાં સંકલ્પ એટલો બધો મુકત હોય છે કે આ બધાં બળોથી તે ઊર્ધ્વમાં રહેલો હોય છે અને તે પોતાના માનસિક વિચારથી અને નિશ્ચયથી શું કરવું અથવા શું ન કરવું તેનો નિર્ણય કરે છે. પ્રશ્ન એટલો રહે છે કે સૉક્રેટિસનો સંકલ્પ ફકત આટલી બાબતમાં જ મુક્ત છે કે તે સૉક્રેટિસની મનોમયતા કરતાં કોઈ વધારે વિશાળ વસ્તુથી ખરેખર નિર્માણ થયેલો છે, એવી કોઈ વસ્તુ વડે જેનું તે એક કરણ જ છે – પછી તે વૈશ્વિક બળ હોય તેવું અથવા તેનામાં રહેલી સત્-તાનું કરણ હોય. તે વસ્તુનો કોઈ અલૌકિક, પ્રચંડ સાદ હોય અને તે વસ્તુએ તે મનોમય આદર્શની નિશ્ચિત સભાનતા તેનામાં મૂકેલી હોય એટલું જ નહિ પરંતુ તે સભાનતાની આજ્ઞાધીનતામાં કાર્ય કરવાની ઝંખના તેના ઉપર ઠસાવી હોય. અથવા તેમાં તેના આંતરપુરુષ અને વૈશ્વિક બળ વચ્ચેના કોઈ

બિંદુને આભારી પણ હોય. બીજા પ્રસંગમાં પ્રકૃતિની નિયતિ અને આંતરમાંથી આવતા આત્મ-સંકલ્પ વચ્ચે એક અસ્થિર સમતુલા હોય. જો આપણે વસ્તુઓને સાંખ્યના દષ્ટિબિંદુથી જોઈએ જે તે સત્-તા (દા.ત. તેમાંનો એક અલૌકિક સાદ) કરનાર આત્મા અથવા પુરુષ હોય અને તે બન્નેમાં, મજબૂત મનોબળવાળા સૉક્રેટિસ અને પ્રાણમય આવેગવાળા નિર્બળ સંકલ્પના ગુલામમાં, કાર્ય અને તેનાં પરિણામો પુરુષની સંમતિ અથવા ઇનકાર ઉપર નિર્માણ થાય છે. બીજા દષ્ટાંતમાં પુરુષ અનુમતિ આપે છે અને પ્રકૃતિનાં બળોની લીલામાં પ્રાણના આવેગોની ટેવમાં તે ભાગ લે છે અને પ્રાણને તાબે થાય છે જ્યારે મન નિ:સહાય રહીને જોયા કરે છે. સૉક્રેટિસમાં પુરુષ પોતે મુકત થતો જાય છે, અને તેણે શું સ્વીકારવું અને શેનો ઇનકાર કરવો તેનો નિર્ણય કરે છે – સચેતન પુરુષ તેના ઉપર કાર્ય કરતાં બળો ઉપર સ્વામીત્વ ભોગવવાની શરૂઆત કરે છે. આવું સ્વામીત્વ એટલું પૂર્ણ બનેલું છે કે તે ઘણે ભાગે પોતાનાં કર્મોનો નિર્ણય કરી શકે છે, અને અમુક મર્યાદામાં રહીને પરિણામોનું ભાવિ પણ કહી શકે છે, એટલું જ નહિ પણ તેમનું નિર્માણ પણ ચોક્કસ કરી શકે છે – અને તેથી તે પોતે જે ઇચ્છે તે વહેલાં યા મોડાં બનવાનું જ.

અતિમાનવ માટે એ પ્રમાણે છે કે તે એક સચેતન પુરુષ છે અને તે મનની મર્યાદાની ઉપરના સ્થાનમાં પહોંચીને પૂર્ણ રીતે મુકત બને છે. તેની અંદર, તેમજ તેના ઉપર અથવા તેની આસપાસ જે શકિતઓ કાર્ય કરતી હોય તેમને સભાનતાથી જોઈને તે પોતાનું કર્મ નિશ્ચિત કરે છે અને તે શકિતઓથી દોરવાયા સિવાય તેમનો ઉપયોગ કરી શકે છે અને પોતાની વસ્તુનું નિર્માણ પણ કરી શકે છે.

*

'ક્ષ'ની જ્ઞાનપૂર્ણ રજૂઆત વાંચ્યા પછી આ પ્રશ્નને બૌદ્ધિક દષ્ટિબિંદુમાંથી જોઈને મેં એક પરમ સ્વતંત્રતાની વાસ્તવિકતાને પ્રકૃતિની નિયતિની ઘટના સાથે સાંકળવાનો પ્રયાસ જોયો, જે તેના પોતાના દષ્ટિબિંદુમાંથી ભિન્ન હતો પરંતુ હેતુ તેનો તે જ હતો. વાસ્તવિકતામાં, સ્વતંત્રતા અને નિર્માણ એક જ વસ્તુની બે બાજુઓ છે – કારણ કે મૂળભૂત સત્ય વૈશ્વિક આત્મ-નિયતિ છે અને તેમાં પણ વ્યકિતનું એક ગુપ્ત વ્યકિતગત આત્મનિર્માણ છે. મુશ્કેલી એ હકીકતમાંથી ઉત્પન્ન થાય છે કે આપણે ઉપરછલ્લા અજ્ઞાની મનમાં જીવીએ છીએ, અને પાછળ શું ચાલી રહ્યું છે તે જાણતા નથી અને ફકત પ્રકૃતિની ઘટનાત્મક પ્રક્રિયાને જ જોઈએ છીએ. તે સ્થિતિમાં બાહ્ય હકીકત એક પ્રકૃતિની અજેય નિયતિ લાગે છે અને આપણી સપાટી ઉપરની ચેતના તે પ્રક્રિયાનો એક ભાગ હોવાથી આપણે દ્વિવિધ વાસ્તવિકતાની

બીજી બાજુ જોઈ શકતા નથી. વ્યાવહારિક હેતુઓ માટે, જડતત્ત્વમાં સપાટી ઉપર એક સંપૂર્ણ નિયતિ છે – જો કે આધુનિક વિજ્ઞાનની શાખા પ્રમાણે આ વિવાદાસ્પદ પ્રશ્ન છે. જેમ જેમ પ્રાણ બહાર આવે છે તેમ તેમ અમુક સ્થિતિસ્થાપકતા આવતી જાય છે અને તેથી માણસ જે રીતે એક કડક નિયમને અનુસાર સ્થૂલ વસ્તુઓ વિશે ભાવિ કહી શકે છે, તે પ્રમાણે આ વસ્તુના નિર્માણને અગાઉથી નક્કી કરવું મુશ્કેલ પડે છે. જેમ જેમ મન-તત્ત્વની વૃદ્ધિ થાય છે તેમ તેમ સ્થિતિસ્થાપકતા ઘટતી જાય છે અને તેથી માણસને એક સ્વાતંત્ર્યની લાગણીનો પોતાના કર્મની પસંદગીનો, આત્મ-પ્રક્રિયાનો ખ્યાલ આવતો જાય છે અને તે વસ્તુ સંજોગોના નિર્માણમાં મદદ કરે છે. પરંતુ આ સ્વતંત્રતા શંકાસ્પદ છે કારણ કે તે વસ્તુને એક ભ્રમ, પ્રકૃતિની એક તરકીબ, તેની નિયતિની યાંત્રિકતાનો એક ભાગ હોય તે રીતે જાહેર કરવામાં આવે છે. તે ફક્ત એક દેખાતી મુક્તિ છે અથવા વધારેમાં વધારે એક મર્યાદિત, સાપેક્ષ અને ગૌણ સ્વતંત્રતા લાગે છે.

જ્યારે વ્યક્તિ પ્રકૃતિ તરફથી પુરુષ તરફ પાછળ જાય છે અને ઊર્ધ્વમાં મનથી ઉપર જઈને આધ્યાત્મિક તત્ત્વમાં જાય છે ત્યારે જ સ્વતંત્રતાની બાજુ પ્રથમ રીતે સ્પષ્ટ થાય છે અને પછીથી પ્રકૃતિથી ઉપર રહેલી દિવ્ય સંકલ્પશક્તિની સાથેની તેની એકતા પૂર્ણ બને છે.

*

જીવનમાં અસંખ્ય વસ્તુઓ પોતાનું અર્પણ કરે છે. કોઈ પણ માણસને જે વસ્તુ પ્રાપ્ત થાય છે તેને પ્રભુએ મોકલેલી વસ્તુ તરીકે તે સ્વીકારતો નથી. તે વસ્તુઓમાં એક પસંદગી હોય છે અને ખોટી પસંદગી તેનાં તેવાં પરિણામો ઉત્પન્ન કરે છે.

*

જ્યાં સુધી બાહ્ય સ્વરૂપ અજ્ઞાનમાં રહે છે ત્યાં સુધી જ નસીબ કડક અર્થમાં લાગુ પડે છે. આપણે જેને નસીબ કહીએ છીએ તે હકીકતમાં સ્વરૂપની હાલની પરિસ્થિતિનું તેમ જ તેણે ભૂતકાળમાં સંગ્રહિત કરેલી પ્રકૃતિ અને તેની શક્તિઓ, જે એકબીજા ઉપર અસર કરે છે, તેનું પરિણામ છે. આ વસ્તુઓ હાલના પ્રયત્નોનું અને તેમનાં ભાવિ પરિણામોનું નિર્માણ કરે છે, પણ જ્યારે માણસ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશ કરે છે ત્યારે આ જૂનું નિર્માણ થયેલું ભાવિ પાછું હઠતું જાય છે. એક નવીન તત્ત્વ દાખલ થાય છે, પ્રભુની કૃપા, કર્મના બળ કરતાં વધારે ઉચ્ચતર દિવ્ય શક્તિની સહાય, જે સાધકને હાલની પ્રકૃતિની શક્યતાઓની ઉપર ઉઠાવે છે. વ્યક્તિની આધ્યાત્મિક નિયતિ ત્યાર પછી પ્રભુની પસંદગી બને છે અને તેના ભાવિ

વિશે ખાતરી આપે છે. પણ માર્ગ ઉપરની કઠિનાઈઓની અને તે માર્ગ કેટલો સમય લે છે તે વિશે માણસને શંકા રહે છે. માણસનું આધ્યાત્મિક નિર્માણ પછીથી બની જાય છે અને તે ભાવિ વિશે પ્રભુની પસંદગી બની જાય છે અને તે ભાવિ વિશે ખાતરી આપે છે. અહીં જ ભૂતકાળની પ્રકૃતિની નબળાઈઓ ઉપર વિરોધી બળો રમત રમે છે અને તેની પ્રગતિની ગતિને અટકાવવા તથા તેની સિદ્ધિમાં વિલંબ નાખવા પ્રયત્ન કરે છે. જે લોકોનું પતન થાય છે તે પતન પ્રાણમય શક્તિઓના હુમલાઓથી થતું નથી, પરંતુ તેઓ વિરોધી બળોના પક્ષે જાય છે અને આધ્યાત્મિક સિદ્ધિને બદલે પ્રાણમય કીર્તિ અને કામના ( મહત્ત્વાકાંક્ષા, મિથ્યાભિમાન, કામવાસના વગેરે )ને વધારે પસંદ કરે છે તેથી તેમનું પતન થાય છે.

*

પ્રકૃતિ અથવા દૈવ અથવા પ્રભુ કોઈ પણ મનોમય રીતે અથવા મને સ્થાપેલા પ્રમાણોના નિયમોના આધારે કાર્ય કરતાં નથી – અને તેથી જ વિજ્ઞાની અને તત્ત્વ-જ્ઞાની માટે પણ પ્રકૃતિ, નિયતિ અથવા પ્રભુની કાર્ય કરવાની રીત બધું જ રહસ્ય રહે છે. માતાજી મનથી કાર્ય કરતાં નથી અને તેથી તેમનાં કાર્યનો મનથી નિર્ણય કરવો નિરર્થક વસ્તુ છે.

*

પ્રકૃતિ ઘણી વિશાળ રીતે તમે જે વસ્તુ તેની પાસેથી સમજી શકો તેવી અથવા તમે જેવો અર્થ તારવી શકો તેવી છે.

*

દરેકનું પોતાનું નસીબ અલગ હોય છે અને જીવનમાં કોઈ વિશિષ્ટ કુટુંબમાં તેનો પ્રવેશ એ ફક્ત એક ઘટના જ છે.

*

ચેતના એ યાંત્રિક મૃત વસ્તુ નથી જેને તમે તે રીતે કાપકૂપ કરી શકો. વંશવારસાની અસર એક આસક્તિ જન્માવે છે અને આસક્તિ તો ઘણી મોટી બાબત છે. જ્યારે વંશવારસાના ભાગમાં પરિવર્તન આવે છે ત્યારે જ આસક્તિ બંધ થાય છે.

*

(વંશવારસો, જાતિ, જ્ઞાતિ અને કુટુંબની છાપ) ઘણાખરા પ્રસંગોમાં ઘણી મોટી છાપ હોય છે – તે છાપ મુખ્યત્વે શારીરિક પ્રાણમાં અને શારીરિક ભૌતિક વસ્તુમાં અસ્તિત્વ ધરાવે છે – અને તેમાં શિક્ષણ અને ઉછેર દ્વારા વૃદ્ધિ થાય છે.

*

શરીરમાં ઘણી વસ્તુઓ, અને મન અને પ્રાણમાં થોડીઘણી વસ્તુઓ, પિતા અને માતા અને વડવાઓમાંથી વંશવારસામાં ઊતરી આવે છે – તે દરેક માણસે જાણવું જ જોઈએ. બીજી કેટલીક વસ્તુઓ વંશવારસામાં આવતી નથી પરંતુ પોતાની પ્રકૃતિની ખાસિયત હોય છે અથવા આ જીવનમાં બનતા બનાવો દ્વારા વિકાસ પામે છે.

*

કર્મ અને વંશવારસો એ બે મુખ્ય કારણો હોય છે (જે જન્મ સમયના સ્વભાવનું નિર્માણ કરે છે). કેટલાકના મત પ્રમાણે વંશવારસો એ પણ કર્મના પરિણામ રૂપે હોય છે, પરંતુ તેવું સામાન્ય રીતે બની શકે પરંતુ બધી વિગતોમાં નહિ.

*

બધી જ શકિતઓ સક્રિય બને ત્યારે – વિચાર, વાણી, લાગણી કાર્ય — તેમાંથી કર્મનું ઘડતર થાય છે. આ બધી વસ્તુઓ પ્રકૃતિનો એક યા બીજી દિશામાં વિકાસ સાધવામાં મદદરૂપ બને છે, અને પ્રકૃતિ તથા તેનાં કાર્યો અને પ્રતિકાર્યો આંતરિક અને બાહ્ય પરિણામો ઉત્પન્ન કરે છે; તેઓ બીજાઓ ઉપર પણ કાર્ય કરે છે અને બધી શકિતઓના સામાન્ય સરવાળામાં પ્રક્રિયાઓનું સર્જન કરે છે, જે પોતાની જાત ઉપર વહેલું કે મોડું પાછું ફરે છે. વ્યકત ન કરેલા હોય એવા વિચારો પણ શકિતઓ તરીકે બહાર જાય છે અને તેમની અસરો ઉત્પન્ન કરે છે. એમ માનવું કે કોઈ વિચાર અથવા સંકલ્પ જયારે વાણીમાં કે કર્મમાં અભિવ્યકત થાય ત્યારે જ અસર કરે છે એમ વિચારવું ભૂલભરેલું છે; વાણીમાં વ્યકત ન થયેલો હોય એવો વિચાર અથવા પ્રગટ ન થયેલો હોય તેવો સંકલ્પ પણ સક્રિય શકિતઓ હોય છે અને તેમનાં આંદોલનો, અસરો અથવા પ્રત્યાઘાતો ઉત્પન્ન કરી શકે છે.

*

બિલકુલ ચોક્કસ ? વ્યકિત કઈ રીતે માપી શકે કે કયાં પ્રાણમય, મનોમય કે આધ્યાત્મિક ઘટકો પ્રવેશ કરે છે ? કોઈ ગ્રહ વિશે અને એટમ વિશેના સંબંધમાં

તમે વાત કરી શકો (જો કે તમે ઈલેક્ટ્રોન વિશે ચોક્કસ ન કરી શકો એવું લાગે છે) પરંતુ માનવ વિશે અને તેના જીવંત મન, આત્મા અને શરીર વિશે ચોક્કસ માપ ન કાઢી શકો.

*

## ૨

'ક્ષ' એ જે વાત કહી છે તે સાચી છે. શકિતઓની લીલા ઘણી જટિલ છે અને આપણે તેમના વિશે સચેતન બનવું પડે છે અને માણસ સાચી રીતે સમજી શકે કે વસ્તુઓ જે રીતે બને છે તે કઈ રીતે બને છે તેની પહેલાં તેમને જોવી જોઈએ અને તેમનું નિરીક્ષણ કરવું જોઈએ. બધું જ કાર્ય શકિતઓની જટિલતાથી ઘેરાયેલું હોય છે અને વ્યકિત જો તેમાંના એક કાર્યને સફળ બનાવવા માટે શકિતને મૂકે તો તે સંપૂર્ણ રીતે કરવા માટે તેણે સાવચેત રહેવું જોઈએ અને તેને ટકાવી રાખવી જોઈએ અને તેનાથી વિરુદ્ધ શકિતઓને તેમાં પ્રવેશ કરવા દેવા માટેનાં દ્વારો ખુલ્લાં ન રાખવાં જોઈએ. દરેક માનવી ઘણી શકિતઓને કાર્ય કરવા માટેનું એક ક્ષેત્ર છે — કેટલીક શકિત તેની સાધના માટે કાર્ય કરતી હોય છે, કેટલીક તેના અહંકાર અને કામનાઓ માટે. અને આ ઉપરાંત પણ બીજી શકિતઓ હોય છે જે માણસનાં જાણ બહાર તેના પોતાના હેતુઓ ન હોય એવા હેતુઓ માટે તેને કરણ બનાવે છે. અમુક પરિણામ લાવવા માટે આ બધી શકિતઓ એકત્રિત થઈ શકે છે. આ બધી શકિતઓ દરેક પોતાના હેતુની સિદ્ધિ માટે કાર્ય કરે છે – આપણે જેને વિરોધી બળો કહીએ છીએ તે જ તેઓ હોવી જોઈએ એ જરૂરી નથી – તે ફકત પ્રકૃતિનાં બળો હોય છે.

ઈર્ષા અને અભિમાનની લાગણી બેશક પ્રકૃતિની ભૂતકાળની ગતિઓમાંથી બાકી રહી ગયેલી વૃત્તિઓ હતી. તે એટલા માટે હોય છે કે જો આ વસ્તુઓનો ઈનકાર કરવામાં આવે તો તેઓ ચાલી જાય; તે તેમનું બળ ગુમાવે છે, પછીથી ઓછી અને ઓછી થતી જાય છે, અને પછીથી ચેતનામાં ઓછી અને ઓછી અસર કરતી થાય છે – છેવટે તેઓ સ્પર્શ કરવા માટે પણ શકિતમાન રહેતી નથી અને તેથી ફરીને આવતી પણ નથી.

*

કોઈ પણ વ્યકિત જેનામાં થોડી બુદ્ધિ અને નિરીક્ષણ કરવાની શકિત હોય અને જે વધારે આંતર ચેતનામાં રહેતી હોય તે દરેક પગલે અદૃશ્ય બળોની લીલા જોઈ શકે છે. તે બળો માણસો ઉપર કાર્ય કરે છે અને માણસોને ખબર પણ ન પડે કે કયાં સાધનો દ્વારા આ વસ્તુઓ બની આવે છે તે રીતે તેઓ ઘટનાઓનું સર્જન કરે છે. યોગ દ્વારા અથવા આંતર ચેતના દ્વારા તેમાં તફાવત પડે છે – કારણ કે સૉક્રેટિસ જેવા પણ માણસો હોય છે જેઓ યોગ વગર પણ કોઈક આંતર ચેતનાનો વિકાસ કરે છે. અથવા તેમના પોતાનામાં હોય છે. વ્યકિત આ અદૃશ્ય બળો વિશે સભાન બને છે અને તે દ્વારા સચેતન રીતે ફાયદો ઉઠાવે છે અથવા તેમનો ઉપયોગ કરે છે અને તેમને કાર્યમાં પ્રયોજી શકે છે આટલું પૂરતું છે.

*

( પ્રાણનો આંતર વ્યવહાર ) તેની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. માણસોમાં જે કાંઈ સામાજિક સેળભેળ સ્વાભાવિક રીતે જ બની આવે છે તેમાં તેઓ એકબીજામાંથી પ્રાણમય શકિતઓ ગ્રહણ કરે છે. પ્રેમ કરવાની કળા એ એક શકિતશાળી રીત છે જેમાં બંને વ્યકિત એકબીજી વ્યકિતમાંથી પ્રાણમય શક્તિને ખેંચે છે અથવા તો એક વ્યકિત બીજીમાંથી ખેંચે છે અને તે એક પક્ષીય હોય છે અને “ બીજી ” વ્યકિતના ભોગે તે બને છે. પ્રેમના માર્ગમાં વચ્ચે ઘણી વસ્તુઓ આવે છે, સારી અને ખરાબ, ઉત્સાહ, શકિત અને મદદની લાગણી, સારા અને ખરાબ ગુણોનું નિસ્પંદન, ઉત્સાહ, અવસ્થાઓ અને ગતિઓ, વિષાદ, થાક વગેરેની આપ-લે — આમ સમગ્ર બહોળો ક્ષેત્ર વિસ્તાર હોય છે. લોકોને તે વસ્તુની ખબર હોતી નથી. — અને તેમાં તેમના ઉપર પ્રભુની કૃપા હોય છે — પરંતુ વ્યકિત જ્યારે કોઈ પ્રકારની યૌગિક ચેતનામાં પ્રવેશ કરે છે ત્યારે તે આ બધી આપ-લેની ક્રિયા, કાર્ય અને પ્રતિકાર્ય સર્વ વિશે ઘણી સભાન અને સંવેદનશીલ બને છે, એટલું જ નહિ પરંતુ તેમની વચ્ચે દીવાલ બાંધી શકે છે, તેમનો ઇનકાર કરી શકે છે વગેરે વગેરે.

આમાં માણસે ચેતનાની દીવાલ બાંધવી પડે છે. ચેતના એ કોઈ કેવળ અમૂર્ત વસ્તુ જ નથી. તે પોતે અસ્તિત્વ માફક જ હોય છે આનંદ અથવા મન અથવા પ્રાણ, એવી કોઈ સઘન વસ્તુ. જો વ્યકિત આંતર-ચેતના વિશે સભાન બને તો તેનાથી તે સર્વ પ્રકારની વસ્તુઓ કરી શકે છે, એક પ્રવાહ અથવા શકિત માફક તેને બહાર મોકલી શકે છે, પોતાની જાતની આસપાસ એક વર્તુળ અથવા દીવાલને બાંધી શકે છે, એક વિચારને એક દિશામાં એવી રીતે પ્રયોજે છે જે અમેરિકામાં રહેલી વ્યકિતના મસ્તકમાં પ્રવેશ કરે, વગેરે વગેરે.

*

તેની નવીન ચેતનાને લઈને, વ્યકિત જ્યારે જગતમાં હરતીફરતી હોય અને તેને કાર્ય કરવાનું હોય અને બીજા લોકોની સાથે હળવા-મળવાનું હોય ત્યારે જે વિરોધી બળોના સંપર્કમાં આવવાનું બને તેમની તેના ઉપર વધારે અસર થાય છે. તે પ્રાણના પ્રત્યુત્તરથી ડરે છે કારણ કે તેની સાધનામાં ઊથલપાથલ થઈ જાય અથવા તો તેના પોતાનામાં મુશ્કેલીઓ ઊભી થાય. સ્પષ્ટ રીતે જ તે એવો માણસ છે જે ચૈતસિક રીતે સંવેદનશીલ છે અથવા તો તે એવો બનેલો છે. જેને ઓળખવા માટેનો, તમે તેની મધ્યમાં હોવા છતાં (વિરોધી બળોની મધ્યમાં) સ્પષ્ટ ઈનકાર કરો છો. તમે તમારા મિત્રના પત્ર મારફતે તે વાતાવરણનો અનુભવ કરી શકો. 'એટલું બધું સુંદર, એટલું બધું સામર્થ્યયુકત, એટલું બધું તાજગી આપનારું' – અને આ વસ્તુ તમારા ઉપર તાત્કાલિક અસર કરે છે. પરંતુ તમારું મન ઘુવડની માફક જોયા કરે છે અને આશ્ચર્ય વ્યકત કરે છે 'આ કેવી વિચિત્ર વસ્તુ છે ?' મને લાગે છે કે તેનું કારણ તમારા ડૉકટરી વિષયના પુસ્તકોમાં આવું કાંઈ કહેવામાં આવ્યું નથી અને સામાન્ય મન અથવા સાયન્સને જે વસ્તુની જાણ ન હોય તે વસ્તુ સાચી કઈ રીતે હોઈ શકે ? એક વિરોધી પ્રકારનાં બળોના પ્રવેશને લઈને તમે તે વૃદ્ધ માણસના પંજામાં સપડાયા છો, પરંતુ તમે તો ફકત દર્દના નિસાસા નાખીને બોલી ઊઠો છો 'આ બધું છે શું ?' અને જ્યારે તે બીજાં બળો દ્વારા એક ક્ષણમાં દૂર ફેંકાઈ જાય છે ત્યારે આંખો પટપટાવીને બોલી ઊઠો છો, 'વારું, આ તો કોઈ વિચિત્ર વસ્તુ છે !' તમારો મિત્ર, જ્યારે તેના ઉપર વિરોધી બળો હુમલો કરે છે ત્યારે તુરત જ જાણી જાય છે અને તેથી તે સજાગ બની જાય છે અને તે વૃદ્ધિનો સામનો કરે છે, કારણ કે તેનો હુમલો કરવાના મુખ્ય સાધનને તે તરત જ પકડી પાડે છે.

*

આ વસ્તુઓ વિશેની ચેતના (લોકોની અસરો)નો હેતુ જ્ઞાન માટેનો છે – એક મનોમય-ગુહ્યજ્ઞાન જેની ચેતના અને અનુભૂતિની પૂર્ણતા માટે જરૂર છે. તેનો અર્થ એવો નથી કે જે વસ્તુનો અનુભવ થાય તેની અસરને મંજૂરી આપવી જોઈએ, પછી તે સારી હોય કે અનિષ્ટ હોય.

*

બીજી વસ્તુ માટે કહેવાનું કે તેમાં બે ભિન્ન વસ્તુઓ રહેલી છે. કેટલાક લોકોમાં બીજાઓ વિશે છાપો ગ્રહણ કરવાની એક એવી શકિત હોય છે જે કદી ભૂલ ન કરે એમ નહિ પરંતુ ઘણે ભાગે સાચી જ પડે છે. તે એક વસ્તુ છે અને

એક યૌગિક પ્રેરણાથી સીધેસીધું જાણી લેવું અને અનુભવવું કે માણસમાં કઈ વસ્તુ રહેલી છે, તેની શકિતઓ, તેનું ચારિત્ર્ય તેનો સ્વભાવ એ જુદી જ વસ્તુ છે. પ્રથમ વસ્તુ બીજીના વિકાસ માટે મદદ કરી શકે, પરંતુ તે બન્ને એકસરખી વસ્તુ નથી. યૌગિક શકિતએ તો આંતરિક ચેતનાના ખૂબ વિકાસ સાથે જ પૂર્ણ બનવું જોઈએ અને પૂર્ણ બની શકે છે.

*

દિવ્ય અને અદિવ્યના પ્રશ્નને એક બાજુએ મૂકો; કોઈ પણ આધ્યાત્મિક માણસ જે સક્રિય રીતે કાર્ય કરતો હોય તે કેવળ સ્થૂલ સંપર્કમાં જ મર્યાદિત રહેતો નથી – એવો ખ્યાલ કે સ્થૂલ કાર્યો દ્વારા જેવાં કે લેખન, વાણી, મુલાકાત વગેરે આ આધ્યાત્મિક શકિતના કાર્ય માટે અનિવાર્ય છે, તે આત્મ-વિરોધી વસ્તુ છે, કારણ કે એ રીતે હોય તો તે આધ્યાત્મિક શકિત નથી. આત્મા સ્થૂલ વસ્તુઓ યા તો શરીર દ્વારા મર્યાદિત નથી. જો તમારામાં આધ્યાત્મિક શકિત હોય તો, જે લોકો હજારો માઈલ દૂર હોય તેવા માણસો ઉપર પણ તમે કાર્ય કરી શકો છો — તેઓ જાણતા પણ નથી અને કદી જાણશે પણ નહિ કે તમે તેમના ઉપર કાર્ય કરો છો અથવા તેમના ઉપર કાર્ય થઈ રહેલું છે — તેઓ આટલું જ જાણે છે કે કોઈ શકિત તેમને કાર્યમાં મદદ આપી રહે છે અને એવું પણ માની શકે કે તેમની પોતાની જ મહાન શકિત અને બુદ્ધિ કાર્ય કરી રહી છે.

*

દિવ્ય શકિતઓ ઉપયોગ કરવા માટે છે — જે માણસનું વ્યકિતત્વ અજ્ઞાનમાં બંધાયેલું હોય છે તે પોતાના અહંકાર માટે તેનો ઉપયોગ કરે છે અને નહિ કે પ્રભુ માટે. આ વસ્તુને – પ્રભુની ચેતનાની સાથે એકતા કરીને વાળી લેવી જોઈએ અને વ્યકિતગત સ્વરૂપને એટલું વિશાળ કરવું જોઈએ કે તે વિશ્વરૂપ ચેતનામાં સચેતન રીતે જીવન ધારણ કરી શકે. અહંકાર માટે કાર્ય કરવાની તેની ટેવ રૂઢ થઈ ગઈ હોવાથી તે કાર્ય મુશ્કેલ છે, પરંતુ તે અશકય નથી.

*

બધી જ શકિતઓ પ્રભુમાંથી આવે છે પરંતુ ઘણે ભાગે આધ્યાત્મિક રીતે અથવા સાચી રીતે ઉપયોગ કરવાને બદલે તેનો દુરુપયોગ થાય છે.

*

એ ચોક્કસ શકય છે કે દૂરથી જ વસ્તુઓ વિશે સભાન બની શકાય છે અને તેમાં હસ્તક્ષેપ કરી શકાય છે.

એવો વિચાર કે યોગીઓ આ શકિતઓનો ઉપયોગ કરતા નથી અથવા તેમણે ન કરવો જોઈએ એને હું એક ત્યાગી લોકોના વહેમ ગણું છું. હું એમ માનું છું કે જે યોગીઓમાં આવી શકિતઓ હોય છે તેઓને જયારે જયારે એમ લાગે કે તેમના અંતરમાં તે પ્રમાણે કરવાનો સાદ થયો છે, ત્યારે તેઓ તેમનો ઉપયોગ કરે છે. તેઓને એમ લાગે કે અમુક પ્રસંગે તેનો ઉપયોગ કરવો એ પ્રભુના સંકલ્પથી વિરુદ્ધમાં છે અથવા તેઓ જુએ કે એક અનિષ્ટને અટકાવવાથી બીજાં વધારે ખરાબ અનિષ્ટનાં દ્વારો ખુલ્લાં થાય એમ છે, ત્યારે બીજા કોઈ ચોક્કસ કારણ માટે તેઓ તે પ્રમાણે કરવામાંથી અટકી જાય છે પરંતુ તેની અટકાયત માટેનો કોઈ સામાન્ય નિયમ નથી હોતો. જેનામાં એક મજબૂત આધ્યાત્મિક શકિત હોય તેના માટે એક એટલો નિષેધ છે કે તેણે ચમત્કારો બનાવનાર તરીકે, દેખાવ દમામ માટે અસામાન્ય વસ્તુઓ કરી આપનાર તરીકે, પોતાના ફાયદા માટે, કીર્તિ માટે કે મિથ્યાભિમાન અને અહંકારમાંથી કાર્ય ન કરવું. કેવળ પ્રાણમય હેતુઓ માટે શકિત-ઓનો ઉપયોગ કરવો અને તેમનો આસુરિક દેખાવ યોજવો અથવા દર્પ માટે તેમની સહાય લેવી. અભિમાન માટે, મહત્ત્વાકાંક્ષા માટે કે જેના માટે માનવ-પ્રકૃતિ સહેલાઈથી સરી પડે એવી કોઈ પણ યોગ્ય નબળાઈઓ માટે તેમનો ઉપયોગ કરવો એ વસ્તુ નિષિદ્ધ છે. તે એટલા માટે કે અર્ધ પરિપકવ થયેલા યોગીઓ, વિરોધી બળોની જાળમાં ઘણી વખત સપડાઈ જાય છે તેથી યૌગિક શકિતઓના ઉપયોગ કરનારા માટે તેને પોતાને તે નુકસાન કરનાર વસ્તુ તરીકે નાહિંમત કરવામાં આવે છે.

પરંતુ ઘણે ભાગે તો જે લોકો પ્રાણમાં જીવે છે તેમનું જ પતન થાય છે. જે લોકોમાં મજબૂત અને મુકત અને શાંત મન હોય છે અને જેમનો ચૈત્યપુરુષ જાગૃત અને જીવંત હોય છે તેમનામાં આવી ક્ષુદ્રતા આવવાનો સંભવ નથી. જે લોકો સાચી પ્રભુની ચેતનામાં રહે છે તેમના માટે કેટલીક શકિતઓ એવા અર્થમાં હોતી જ નથી; એટલે કે તેમના માટે તે શકિતઓ અલૌકિક અથવા અસામાન્ય હોતી નથી. પરંતુ તે તેમના માટે જોવાની અને કાર્ય કરવાની સામાન્ય રીત હોય છે, તેમની ચેતનાનો એક ભાગ હોય છે, અને આવા માણસોને તેમની ચેતના અને પ્રકૃતિ અનુસાર કાર્ય કરવામાંથી કેવી રીતે અટકાવી શકાય અથવા તેમને તે કરવા માટે ઈનકાર કેમ કરી શકાય ?

હું ધારું છું કે મેં તમારા કરતાં પણ વધારે પૂર્ણ પ્રમાણમાં યુરોપિયન શિક્ષણ પ્રાપ્ત કરેલું, અને મારા જીવનમાં પણ એક અજ્ઞેયવાદીનો ઈનકારનો ગાળો હતો, પરંતુ જે ક્ષણથી મેં આ બધી વસ્તુઓ ઉપર નજર નાખી ત્યારથી યુરોપમાં જે આટલા બધા લાંબા સમયથી ફેશનપરસ્ત વલણ છે તે શંકા અને અશ્રદ્ધાનું

વલણ હું કદી લઈ શકયો નહિ. અસામાન્ય, બીજી રીતે પરાશારીરિક અનુભૂતિઓ અને શકિતઓ, ગુહ્ય અથવા યૌગિક શકિતઓ, મને પૂર્ણ સ્વાભાવિક અને માની શકાય એવી લાગી છે. ચેતનાને એના ગુણ પ્રમાણે સામાન્ય શારીરિક માનવ-પશુ ચેતનાથી મર્યાદિત કરી શકાય નહિ, તેના બીજા સ્તરો હોવા જ જોઈએ. એક મહાન કાવ્ય લખવું અથવા મહાન સંગીતની રચના કરવી એ જેટલી અલૌકિક અથવા માની ન શકાય એવી શકિત છે તેનાથી યૌગિક અથવા ગુહ્ય શકિતઓ વધારે અલૌકિક અથવા વધારે માની ન શકાય એવી શકિતઓ નથી; બહુ ઓછા માણસો તે પ્રમાણે કરી શકે છે. વસ્તુઓ જે રીતની છે તે પ્રમાણે દસ લાખમાં એક પણ નહિ; કારણ કે કાવ્ય આંતર-સ્વરૂપમાંથી આવે છે અને મહાન વસ્તુઓ લખવી અથવા મહાન અને સાચા સંગીતની અથવા વસ્તુઓની રચના કરવી તેના માટે વ્યકિતમાં બાહ્ય મનની વચ્ચે અને આંતરસ્વરૂપની વચ્ચે કોઈ સ્પષ્ટ માર્ગ હોવો જોઈએ. એટલા માટે જ તમે યોગની શરૂઆત કરી કે તરત જ તમને કાવ્યની શકિત પ્રાપ્ત થઈ – યૌગિક શકિતએ માર્ગ ખુલ્લો કર્યો. યૌગિક ચેતના અને તેની શકિતઓ વિશે પણ તે જ પ્રમાણે છે; વસ્તુ એ છે કે માર્ગ સ્પષ્ટ મળવો જોઈએ – કારણ કે તે વસ્તુઓ તો તમારી અંદર રહેલી છે જ. બેશક, પ્રથમ વસ્તુ છે વિશ્વાસ હોવો, અભીપ્સા કરવી અને અંદરમાં સાચી ઝંખના માટે પ્રયત્ન કરવો.

*

'જાદુ' એક ખાસ તાલીમ હોય છે, જે ધંધાદારી જાદુગરો અથવા જેઓ જાદુગરની કલા શીખે છે તેઓ લે છે, પરંતુ તે યોગનો એક ભાગ નથી. કેટલીક વખત યોગમાં એવું બને છે અથવા ઘણી વખત સામાન્ય રીતે બની આવે છે કે સાધકમાં કેટલીક શકિતઓનો વિકાસ થાય છે અને તેને લઈને તે લોકો ઉપર પ્રભાવ પાડી શકે છે અથવા લોકો પાસે કેટલીક વસ્તુઓ કરાવી શકે છે અથવા પોતાની ઇચ્છા પ્રમાણે વસ્તુ બની આવે એવું કરે છે. આવી અને બીજી યૌગિક શકિતઓ, સાધકે પોતાના અહંકારના હેતુ માટે અથવા પ્રાણમય કામનાના સંતોષ માટે વાપરવી ન જોઈએ. તેમનો ત્યારે જ ઉપયોગ થઈ શકે જ્યારે માતાજી પોતે જ તેને સિદ્ધ થયેલી એક દિવ્ય ચેતનાનો ભાગ બનાવે, અથવા માતાજી પોતે શુભ અને નિ:સ્વાર્થ હેતુઓ માટે ઉપયોગ કરવાની આજ્ઞા આપે. જે યૌગિક શકિતઓ સ્વાભાવિક રીતે જ નવી ચેતનાના ભાગ રૂપે આવે અને તેમનો પોતાના અંગત હેતુ માટે ઉપયોગ કરવામાં ન આવે એવી શકિતઓથી કોઈ નુકસાન થતું નથી. દા.ત. તમે કોઈ વસ્તુ દર્શન દરમિયાન અથવા સ્વપ્નમાં જુઓ છો અને પછીથી જાગ્રત અવસ્થામાં તે બની

આવે છે. વારુ, આ પૂર્વ-દર્શનની યૌગિક શકિત છે અને તેથી ભાવિમાં બનનારી વસ્તુઓની જાણ થાય છે અને જેમ જેમ ચેતના વૃદ્ધિ પામતી જાય તેમ તેમ તે વધારે અને વધારે વખત બની આવે છે; તે વસ્તુ બની આવે તેમાં કાંઈ ખોટું નથી. એ સાધનાની વૃદ્ધિનો એક ભાગ છે. તે જ પ્રમાણે બીજી શકિતઓ વિશે. પરંતુ વ્યકિતએ તેનાથી અભિમાની ન બનવું જોઈએ અથવા બડાઈ ન હાંકવી જોઈએ, અથવા પોતાની કામના, અભિમાન અને અહંકારના સંતોષ માટે આ શકિતઓનો દુરુપયોગ ન કરવો જોઈએ.

તમને એક માણસ અને તેના પગ આગળ અગ્નિનું જે દર્શન થયું તે કદાચ અગ્નિદેવનું દર્શન હોય, જેનામાંથી તપસ્યા અને સાધનાની વિશુદ્ધિનો અગ્નિનો પ્રવાહ વહે છે.

જ્યારે સાધના આગળ પ્રગતિ કરે, ત્યારે વ્યકિતને લગભગ કાયમ દર્શનોની શકિત આવે છે; જો વ્યકિત સાચી ચેતનામાં રહે તો તે જે જુએ છે તે સાચું હોય છે. કેટલીક વખત ખોટા અવાજો અને અનુભૂતિઓ પણ થાય છે. જે લોકો ગાંડા બની ગયા છે તે એટલા માટે ગાંડા બન્યા છે કે તેઓ અહંકારી હતા, પોતાની જાતને મહાન સાધકો માનતા હતા અને પોતાની જાતને અને પોતાની અનુભૂતિઓને વધારે પડતું મહત્ત્વ આપતા હતા; આ વસ્તુને લઈને તેઓ ખોટી ચેતના પ્રાપ્ત કરતા હતા અને તેમને ખોટા અવાજો, ખોટાં દર્શનો અને ખોટી પ્રેરણાઓ આવી મળતાં. તેઓએ તે વસ્તુઓને એટલી બધી અગત્ય આપી કે તેઓએ માતાજીને સાંભળવાનો ઇનકાર કર્યો અને છેવટે તેમના વિરોધી બની ગયા કારણ કે માતાજીએ તેમને કહ્યું કે તેઓ ભૂલેલા છે અને તેઓ તેમના ભ્રમોની ચકાસણી કરતા. તમારાં દર્શનો અને અનુભૂતિઓ ઘણાં સાચાં અને સારાં છે અને તેઓ કઈ વસ્તુનું સૂચન કરે છે તે મેં તમને સમજાવ્યું છે – ખોટી વસ્તુઓએ આવવા માટે પ્રયત્ન કર્યો પરંતુ તમે તેમને ફેંકી દીધી, કારણ કે તમે તેમના પ્રત્યે આસકત ન હતા અને તમે સાધનાના ધ્યેયને વળગી રહેલા છો. માણસે આવી વસ્તુઓ પ્રત્યે આસક્ત ન રહેવું જોઈએ અને તેમનું ફકત નિરીક્ષણ કરવું અને આગળ ચાલ્યા કરવું; ત્યાર પછી તેઓ મદદરૂપ બને છે અને ભયજનક બની શકતી નથી.

*

કાળુ જાદુ એટલે વિરોધી શકિતઓની ગુહ્ય ક્રિયા – દિવ્ય શકિતઓની ગુહ્ય વિદ્યા બિલકુલ ભિન્ન હોય છે. એક ઐકયના પાયા ઉપર છે જ્યારે બીજી વિભાજનના.

*

તે વસ્તુ વિશે કહેવું અઘરું છે (શા માટે ક્રાઈસ્ટ લોકોને સાજા કરી દેતા) – બાઈબલના વર્ણન ઉપરથી એવું લાગે છે કે તેઓ એટલા માટે કરતા કે પ્રભુએ તેમને દિવ્ય શક્તિઓ સાથે મોકલ્યા છે, તેની નિશાની આપવી.

*

તમે બિલકુલ સાચા છો. મેડમ બ્લેવેત્સ્કી એક ગુહ્યવાદી હતાં અને નહિ કે આધ્યાત્મિક વ્યક્તિત્વવાળાં – તેમણે જે આધ્યાત્મિક જ્ઞાન આપેલું છે તે બૌદ્ધિક પાયા ઉપરનું છે નહિ કે સાક્ષાત્કારના પાયા ઉપરનું. તેમનું વલણ તિબેટના બુદ્ધિવાદનું હતું. તેમને પ્રભુમાં શ્રદ્ધા નહોતી પરંતુ નિર્વાણમાં, ચમત્કારિક શક્તિઓમાં અને મહાત્માઓમાં શ્રદ્ધા હતી.

*

આ સ્વામીની વાતો ઉપર કોઈ ભરોસો રાખવો શક્ય નથી... એ શક્ય છે કે તેમણે તંત્ર યોગની કોઈ પ્રકારની સાધના કરી હોય અને થોડીઘણી ગુહ્ય શક્તિઓ પ્રાપ્ત કરી હોય, પરંતુ તમે તેના વિશે જે કાંઈ કહ્યું તેમાંથી અને છાપેલા કાગળોમાંથી કોઈ પણ આધ્યાત્મિક સાક્ષાત્કાર અથવા અનુભવની કોઈ છાપ નથી. તે જે કોઈ વસ્તુઓનો વિચાર કરે છે તે ગુહ્ય શક્તિઓ અને ચમત્કારી ચાલાકીઓ છે. જે લોકો આધ્યાત્મિક અનુભૂતિઓમાંથી છૂટા પડીને ગુહ્ય શક્તિઓનો આધાર લે છે તેઓ સિદ્ધિના ઊંચા સ્તર ઉપરના યોગીઓ હોતા નથી. કેટલાક એવા યોગીઓ હોય છે જેઓ પોતાની જાત ઉપર કાબૂ ન ધરાવતા હોય એ રીતે વર્તે છે – તેમાં એ સિદ્ધાંત છે કે તેઓ પ્રકૃતિમાંથી તેમના આત્માને અલગ કરે છે અને તેમના આંતર-સાક્ષાત્કારમાં જીવે છે અને કુદરતને એક અવ્યવસ્થિત કાર્ય તરીકે છોડી દે છે 'બાળકની માફક, અથવા ગાંડા માણસની માફક, પિશાચ માફક અથવા જડ વસ્તુ જેમ' બીજા કેટલાક એવા હોય છે જેઓ જાણીબૂજીને તોછડી અથવા ઉગ્ર ભાષા વાપરે છે જેથી લોકો તેમનાથી દૂર રહે અથવા લોકોની પરીક્ષા થઈ શકે. પરંતુ આ સ્વામીનો જે ગુસ્સો ફાટી નીકળે છે અને તમે જેનું વર્ણન કરો છો તે ઉપરથી એમ લાગે છે કે તેમનો અહંકાર ઘવાવાથી તેમનો ક્રોધ ભભૂકી ઊઠે છે. તેમની રમણ મહર્ષિ વિશેની પરીક્ષા અતિશય મૂર્ખાઈભરી છે.[1] તેમની ખીલી

૧. મૂર્ખાઈભરી એટલા માટે કે યોગીની મહાનતા તે કેટલું જીવે છે અથવા તેની કેવી તંદુરસ્તી છે તેના ઉપર આધાર રાખતી નથી પરંતુ તેનો આધ્યાત્મિક સાક્ષાત્કાર અને અનુભૂતિ કેટલી ઊંચાઈ ઉપર છે અથવા કેટલી ઊંડી છે તેના ઉપર છે.

અથવા વાળ વગેરેની માગણી અને કપડાંઓ અથવા જમ્પર વગેરેનું પ્રદર્શન એ કદાચ તમારા અને તમારી પત્ની ઉપર એક ગુહ્ય અસર કરવાનાં સ્થૂલ સાધનો હોઈ શકે, અને તે કદાચ કોઈ તંત્ર અથવા જાદુની 'ક્રિયા' હોઈ શકે – તિબેટમાં આવી જાદુઈ પ્રક્રિયાઓ બહુ પ્રખ્યાત છે અને તેમનો ઉપયોગ સામાન્ય છે.

*

હું જાણતો નથી કે હું કોઈ વિધાનાત્મક પ્રકાશ 'ક્ષ'ની અનુભૂતિઓ ઉપર ફેંકી શકીશ કે કેમ. કોઈ પણ રીતે વર્ણનનો પાછલો ભાગ સમજવો બહુ સહેલો નથી કારણ કે તે અભિવ્યક્તિમાં ભ્રમજનક છે અને પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ નથી. અનુભૂતિનો પ્રથમનો ભાગ દર્દ સાજા કરવાની જન્મગત શક્તિનું સૂચન કરે છે, અને તેની પ્રક્રિયા વિશે તે પોતે જ જાણતી નથી. તેના વર્ણન ઉપરથી એવું લાગે છે કે તેની અંદર રહેલી કોઈ વસ્તુમાંથી તે આવે છે અને તેણે જે પરિભાષા વાપરી છે તેના ઉપરથી એમ લાગે છે કે તે કોઈ એક વધારે વિશાળ અને ઉચ્ચતર અને વધારે પ્રકાશિત તથા વધારે સામર્થ્યયુક્ત ચેતનામાંથી આવે છે. આ ચેતનાના વખતોવખત સંપર્કમાં તે આવે છે, પરંતુ તે ચેતનામાં તે સતત જીવતી નથી. બીજી બાજુએ એક એવું વાક્ય છે જે કોઈ દેવત્વ અથવા દિવ્ય હાજરીનો અંગુલિનિર્દેશ કરે છે, જે તેને બીજાઓને માર્ગદર્શન આપવાની આજ્ઞા કરે છે જેથી તેઓ તે ચેતનામાં વૃદ્ધિ પામે. પરંતુ તે સ્પષ્ટ રીતે એક મહાન " હું " ની વાત કરે છે જે વાદળી હીરાના પ્રકાશની શક્તિ છે. તો પછી આપણે એક ઊર્ધ્વતર ચેતનાના પ્રકાશથી વધારે ઊંચે જઈને એક દિવ્યતાના અનુભવમાં જવું જોઈએ; એક ગણનાપાત્ર પ્રકાશમાં અને આધ્યાત્મિક સત્તામાં – કદાચ આ ઊર્ધ્વતર આધ્યાત્મિક મનોમય ભૂમિકાઓની કોઈ એક ભૂમિકા છે જેને વિશે મેં ' દિવ્ય જીવન ' અને ' પત્રો 'માં કહેલું છે. હીરાનો પ્રકાશ આવી ભૂમિકાઓનો પોતાનો પ્રકાશ હોઈ શકે, તે ઘણે ભાગે સફેદ હોય છે, પરંતુ ત્યાં તે વાદળી પણ હોઈ શકે; તે એવો પ્રકાશ છે જે બધી અશુદ્ધ વસ્તુઓને વિખેરી નાખે છે અથવા હાંકી કાઢે છે, અને ખાસ કરીને કોઈ રાક્ષસી કાબૂ અથવા કોઈ અનિષ્ટ બળનો પ્રભાવ, સ્પષ્ટ રીતે જ આ પ્રકારની શક્તિને કોઈ ખોટા તત્ત્વના પ્રક્ષેપમાંથી સંભાળવી જોઈએ જેવી કે શક્તિ માટેનો અંગત પ્રેમ, પરંતુ તેનાથી ડર રાખવાની જરૂર નથી કારણ કે પોતાની અંદર એક તીવ્ર નજર નાખવાથી વ્યક્તિ તેનો ઇનકાર કરી શકે છે અથવા તો તેને દૂર રાખી શકે છે. તેના પત્રમાં આપેલી સામગ્રી ઉપરથી હું આટલું કહી શકું.

*

પ્રેતવિદ્યા વિશે હું હાલ પૂરતું આટલું કહી શકું. મૃત્યુ પામેલા અથવા એમ કહેવાય કે વિદાય થયેલા માણસો માટે – કારણ કે તેઓ મૃત્યુ પામેલા નથી – જેઓ પૃથ્વીના નજીકના પ્રદેશોમાં રહેલા છે તેઓ માટે જીવતા માણસો સાથે સંપર્ક શકય છે; કેટલીક વખત તે સ્વાભાવિક રીતે જ બની આવે છે, કેટલીક વખત પરદાની એક યા બીજી બાજુએથી સંપર્ક સાધવાના પ્રયત્ન દ્વારા પણ તે બની આવે છે. પ્રેતાત્માની વિદ્યા જાણનારાઓ જે સાધનો વાપરે છે તેમને માટે આવા પ્રકારનો સંપર્ક અશકય નથી. તેમ છતાં સામાન્ય રીતે સાચો સંદેશાવ્યવહાર અથવા સંપર્ક એવા આત્માઓ સાથે જ થઈ શકે છે જેઓ હજુ સુધી પૃથ્વી-ચેતનાની છાપ-વાળા આદર્શ પ્રકારના અનુકરણ કરનારા જગતમાં હોય. અને જેમાં એક જ વ્યક્તિત્વના વિચારો અને સ્મૃતિઓ જે વ્યક્તિમાં અહીં તે હતો ત્યારે હતી, તે ટકી રહી હોય, પરંતુ વિદાય થયેલા આત્માઓ સાથે જે બધું સંદેશાવ્યવહારના અંગ હોય છે તે સાચું હોતું નથી, અને ખાસ કરીને જ્યારે તે ધંધાદારી નાણાં લેતા માધ્યમ દ્વારા કરવામાં આવે છે ત્યારે તો એ પ્રકારનું જ હોય છે. તે વસ્તુમાં એક પ્રચંડ પ્રકારનું અનિચ્છનીય પ્રકારનું મિશ્રણ હોય છે – કારણ કે ત્યાં સભામાં બેઠેલી વ્યક્તિઓમાંથી અચેતન રીતે આવતા મોટા પ્રમાણનાં સૂચનો ઉપરાંત, અથવા માધ્યમની પૃષ્ઠસ્થ ચેતનાના ફાળા ઉપરાંત, વ્યક્તિ એવા સત્ત્વોના જગતના સંપર્કમાં આવે છે, જે છેતરપિંડીવાળું જગત હોય છે અથવા જે આત્મ-વંચનાનું મિથ્યા પ્રકારનું જગત હોય છે. આમાંના ઘણા આવીને એવો દાવો કરે છે કે તેઓ વિદાય થયેલા આત્માનાં સગાંવહાલાંઓ, સંબંધીઓ, પ્રખ્યાત માણસો, પ્રખ્યાત વ્યક્તિઓ વગેરે હોય છે. એવાં પણ કેટલાંક સત્ત્વો હોય છે જે મૃત્યુ પામેલા માણસની ફેંકી દીધેલી લાગણીઓ અને સ્મૃતિઓને પકડી લઈને તેમની સાથે ફરે છે. કેટલીક વખત મોટી સંખ્યામાં આવાં સત્ત્વો આવી બેઠકોમાં ફક્ત માનવીઓની ચેતના સાથે રમત રમવા આવે છે અને આ રીતે આવા સંપર્ક દ્વારા પૃથ્વી સાથે પોતાની શક્તિઓનો સંપર્ક સાધે છે અને તેઓ માધ્યમો અને ત્યાં બેઠેલા માણસો સાથે પોતાનાં જૂઠાણાંઓ, ચાલાકીઓ અને ભ્રમ દ્વારા બધાને મૂર્ખ બનાવે છે. ( બેશક, હું એવાં માધ્યમો વિશે વાત કરું છું જેઓ પોતે જ ચાલાકીઓ કરનાર ન હોય ) આવી પ્રેતાત્માની ભૂમિકાઓ સાથેનો સંપર્ક નુકસાનકારક પણ બની શકે છે. ( ઘણાં-ખરાં માધ્યમો નાડીતંત્રમાં અથવા નૈતિક અસમતુલામાં આવી જાય છે ) અને આ વસ્તુઓ આધ્યાત્મિક રીતે જોખમી છે. બેશક, ઘણા લાંબા ભૂતકાળના પ્રખ્યાત મૃત્યુ પામેલા માણસો સાથેના દંભી વ્યવહારો તેમના પ્રકારમાં વંચના કરનારા હોય છે અને હાલમાં મૃત્યુ પામેલાઓ સાથેનો ઘણોખરો વ્યવહાર પણ તેવો જ હોય છે –

આ પ્રકારના વ્યવહારના પ્રકાર ઉપરથી તે સ્પષ્ટ થાય છે કે સાચ-દિલ માધ્યમો દ્વારા વ્યક્તિ સારાં પરિણામો પ્રાપ્ત કરે છે (મૃત્યુ પામેલા માણસોની બાબતમાં) પરંતુ આ માધ્યમો પણ જે શક્તિઓ અજમાવતાં હોય છે તે શક્તિઓના પ્રકાર વિશે તેઓ ઘણાં અજ્ઞાની હોય છે અને પડદા પાછળથી બીજી બાજુએથી કઈ વસ્તુઓ તેમનું ચાલાકીમાંથી રક્ષણ કરી શકે તેનો વિવેક તેમનામાં હોતો નથી. આવી બેઠકો-માંથી જીવન પછીથી જિંદગી કેવી હોય છે, તેના પ્રકાર વિશે ઘણું ઓછું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે; સાચું જ્ઞાન તો વ્યક્તિના પોતાના અનુભવમાંથી જ પ્રાપ્ત થઈ શકે જે વ્યક્તિઓ ગંભીર સંપર્ક સાધી શકે છે, અથવા એક યા બીજી રીતે સીમા ઓળંગવા માટે શક્તિમાન હોય છે.

*

તેઓમાંના (માધ્યમો, દૂરદર્શીઓ) વગેરે ઘણાખરા પ્રાણમય – શારીરિક અથવા સૂક્ષ્મ ભૌતિક જગતોના સંપર્કમાં હોય છે અને તેઓ કોઈ ઊર્ધ્વતર વસ્તુને ગ્રહણ કરતા નથી.

*

## ૩

આ બધી વસ્તુઓમાં મહાત્માએ લીધેલું દષ્ટિબિંદુ હિંદુ દષ્ટિબિંદુને બદલે ક્રિશ્ચિયન વિચારસરણી છે – ક્રિશ્ચિયન માટે આત્મ-તિરસ્કાર, નમ્રતા, માનવસેવા માટે અથવા પ્રભુ માટે નિમ્ન સ્થિતિનો સ્વીકાર, એ બધી વસ્તુઓ ખૂબ આધ્યા-ત્મિક છે અને આત્માનો ઉમદા હક છે. આ દષ્ટિબિંદુ વર્ણની પરંપરા માન્ય કરતું નથી; મહાત્મા વર્ણોને સ્વીકારે છે પરંતુ એવા પાયા ઉપર કે પરમાત્મા પાસે બધા જ સરખા છે; પોતાનો ધર્મ બજાવતો ભંગી, જે બ્રાહ્મણ પોતાનો ધર્મ આચરતો હોય તેના જેટલો જ સારો છે; કાર્યનું વિભાજન છે, પરંતુ કાર્યમાં ચડતી-ઊતરતી શ્રેણી નથી હોતી. આ વસ્તુઓ વિશેનું એક દષ્ટિબિંદુ છે અને ચડતી-ઊતરતી શ્રેણીનું દષ્ટિબિંદુ એ જુદી વસ્તુ છે અને તે બન્ને માટે પોતપોતાનું પ્રમાણ અને તર્ક છે જેને મન સંપૂર્ણ રીતે સાચું માને છે પરંતુ ખરેખર તો વાસ્તવિકતાનો એક ભાગ જ છે. બધા જ પ્રકારનાં કાર્યો પ્રભુ પાસે તો સરખાં જ છે અને દરેક માણસમાં પોતાનામાં એક બ્રાહ્મણ રહેલો છે એ એક સત્ય છે, પરંતુ બધામાં વિકાસ

એકસરખો હોતો નથી તે એક બીજું સત્ય છે. એવો વિચાર કે ભંગી તરીકે જન્મવા માટે ખાસ 'પુણ્ય'ની જરૂર છે એ એક અતિશયોક્તિભર્યો વિચાર છે. જે મહાત્મા માટે સામાન્ય વિચારશ્રેણી છે, અને તેમને સાંભળનાર ઉપર તે વિધાન મોટો પ્રભાવ પાડે છે. તેની પાછળ એ વિચાર રહેલો છે કે ભંગીનું કાર્ય સમાજ માટે અનિવાર્ય સેવા છે, જે જેટલા પ્રમાણમાં બ્રાહ્મણનું કાર્ય છે, તે રીતે જ, પરંતુ તે અરુચિકર હોવાથી તેને સ્વેચ્છાએ પસંદ કરવામાં એક નૈતિક બહાદુરી છે, અને તેઓ એવું વિચારે છે કે જાણે તે આત્માએ તેને એક બહાદુરીભરી સેવાના સ્વીકારની માફક તેને પસંદ કરેલું છે, અને જાણે કે પુણ્યશાળી કર્મોના ઇનામ તરીકે મળેલું છે – પરંતુ તે ભાગ્યે જ તે પ્રમાણે છે. સમાજની અમુક પરિસ્થિતિ હેઠળ ભંગીની સેવા અનિવાર્ય છે, અને એ એક એવી મૂળભૂત જરૂરિયાત છે જેના વગર સમાજ ભાગ્યે જ અસ્તિત્વ ધરાવે અને તે એક સાંસ્કૃતિક વિકાસ છે જેમાં બ્રાહ્મણજીવન જે એક ભાગ છે તે બની શકયું ન હોત. પરંતુ એ સ્પષ્ટ છે કે માનવજાતિની પ્રગતિ માટે પ્રથમ અક્રિય પરિસ્થિતિમાં શારીરિક જરૂરિયાતોની સેવા કરતાં સાંસ્કૃતિક વિકાસ વધારે અગત્યનો છે અને તે વિકાસ ભંગીના કાર્યને ઓછામાં ઓછું કરી નાખે અને કદાચ વૈજ્ઞાનિક શોધો દ્વારા તે સમગ્ર કાર્યની બિલકુલ જરૂરિયાત પણ ન રહે. પરંતુ હું માનું છું કે મહાત્મા આ વસ્તુને માન્ય નહિ કરે કારણ કે તે વસ્તુ યંત્રો દ્વારા આવશે અને તે સાદાઈ ભરેલા જીવન કરતાં અલગ વસ્તુ છે. કોઈ પણ રીતે ભંગીનું જીવન એ બ્રાહ્મણના જીવન કરતાં ઉત્કૃષ્ટ છે અને ખાસ પુણ્યના ઇનામ તરીકે મળેલું છે એ બાબત સાચી નથી, બીજી બાજુએ રૂઢ પરંપરાનો ખ્યાલ કે માણસ બ્રાહ્મણ તરીકે જન્મેલો હોવાથી બીજા બધા કરતાં ચઢિયાતો છે એ બુદ્ધિયુક્ત અથવા ન્યાયી નથી. નીચ જાતિમાં જન્મેલો આધ્યાત્મિક અથવા સંસ્કારી માનવી એ બિનઆધ્યાત્મિક અને દુન્યવી – માનસવાળા તથા ગ્રામ્ય અને અસંસ્કારી બ્રાહ્મણ કરતાં પરમાત્માની નજરમાં વધારે સારો છે. જન્મની અગત્ય ખરી પરંતુ મૂળભૂત કિંમત માણસના પોતાનામાં રહેલી છે; તેની પાછળ રહેલા આત્મામાં, અને તેની પ્રકૃતિમાં તે કેટલી કક્ષાએ આવિર્ભાવ પામેલો છે એ વસ્તુ મૂલ્યવાન છે.

*

બલિદાનની કાયમ નૈતિક અને મનોમય કિંમત હોય છે. આ કિંમત એક જ હોય છે અને તેમાં કયા કારણે બલિદાન આપવામાં આવ્યું છે તેની કાંઈ પરવા નથી, સિવાય કે જે વ્યક્તિ બલિદાન આપે છે તે સત્યમાં અથવા ન્યાયમાં અથવા પોતાના કારણની લાયકાતમાં માનતો હોય. જો વ્યક્તિ એવા હેતુ માટે

બલિદાન આપે જેને પોતે ખોટું અથવા અયોગ્ય માનતો હોય, તો તેનો આધાર બલિદાનના હેતુ અથવા ભાવના ઉપર રહેલો છે. ભિષ્મેએ એવા કારણસર મૃત્યુ સ્વીકાર્યું, જેને તે પોતે અન્યાયી માનતા હતા, છતાં તેમણે એક વફાદારીના આદેશને માનીને જેને પોતે અંગત ફરજ માનતા હતા તેના માટે સ્વીકાર્યું. ભૂતકાળમાં ઘણા માણસોએ આ પ્રમાણે કરેલું છે અને તેમના કાર્યની નૈતિક અથવા ચૈતસિક કિંમત રહેલી છે અને તેમના હેતુના ઉમદાપણામાં તે કયા પ્રકારનું કારણ છે તે ધ્યાનમાં લેવાનું નથી.

બીજા પ્રશ્નમાં આ 'ત્યાગ કરવો' શબ્દના અર્થમાં માણસને પોતાને જે વસ્તુનું મૂલ્ય ન હોય તેવી કોઈ વસ્તુનો ત્યાગ કરે તો તેનો કોઈ અર્થ નથી, સિવાય કે તે જેટલા પ્રમાણમાં નુકસાન સહન કરે, સામાજિક બંધનનો સામનો કરે, અથવા નિંદા અથવા પોતાની મુક્તિ માટે કિંમત ચૂકવે. હું એમ કહી શકું કે ઠંડા અને કઠોર રહ્યા સિવાય પણ માણસને કોઈ આધ્યાત્મિક સાદ સંભળાય અથવા માનવજાતિના મહાન હેતુ માટેનો સાદ તેને પકડમાં લે, જેમાં કુટુંબ અથવા બીજાં બંધનો તે સાદની પાસે કોઈ હિસાબમાં ન હોય, અને તે બધાંનો તે આનંદ-સહિત, કોઈ પણ દર્દની રીસ વગર ત્યાગ કરે છે કારણ કે જે અવાજ તેને બોલાવે છે તેનું તે અનુસરણ કરે છે.

પરંતુ આધ્યાત્મિક અર્થમાં બલિદાનનો જુદો જ અર્થ થાય છે – તેનો અર્થ ફક્ત એટલો જ નથી કે જેને પોતે વહાલું ગણતું હોય તેને છોડી દઈને પ્રભુને અર્પણ કરવું. પોતાની જાત, પોતાનું સ્વરૂપ, પોતાનું મન, હૃદય, સંકલ્પ, શરીર, જીવન, કર્મો. તેનો મૂળભૂત અર્થ છે "પવિત્ર કરવું" અને તેને "યજ્ઞ"ના સમાનાર્થ શબ્દ તરીકે વપરાય છે. જ્યારે ગીતા "જ્ઞાનનો યજ્ઞ" કહે છે ત્યારે તેનો અર્થ કોઈ વસ્તુનો ત્યાગ કરવાનો નથી પરંતુ મનને પરમાત્મા તરફ જ્ઞાનની શોધ તરીકે વાળવું અને તે રીતે તેની મારફતે પોતાની જાતનું અર્પણ કરવું. આ જ અર્થમાં વ્યક્તિનું 'અર્પણ' અથવા "કર્મનો યજ્ઞ" કહેવાય છે. માતાજીએ કોઈ જગાએ લખેલું છે કે આધ્યાત્મિક અર્પણ આનંદપૂર્ણ હોય છે અને નહિ કે દુઃખપૂર્ણ. આધ્યાત્મિક માર્ગ ઉપર, સામાન્ય રીતે, સાધકને જો જૂનાં બંધનો અને જવાબદારીઓનો મજબૂત અનુભવ થાય છે તો તેને તેમાંથી વિખૂટો પાડવામાં આવતો નથી અથવા તેમને છોડી દેવાનું કહેવામાં આવતું નથી, પરંતુ જ્યાં સુધી અંદર બધી વસ્તુઓ તૈયાર થઈ જાય ત્યાં સુધી તેની અંદરના પુકારનો વિકાસ કરવા માટે રજા આપવામાં આવે છે. ઘણા માણસો ખરેખર વહેલા આવી જાય છે

કારણ કે તેમને એવું લાગે છે કે તે બંધનો કાપી નાખી છૂટા થઈ જવું એ જ તેમને માટે એક તક છે અને આ બધી વસ્તુઓને કેટલીક વખત સંઘર્ષ કરીને છોડવી પડે છે. પરંતુ આ આધ્યાત્મિક આત્માર્પણ માટે દુઃખ અથવા સંઘર્ષ મૂળભૂત લક્ષણો નથી.

*

એનો ફક્ત એટલો જ અર્થ છે કે તમારું અર્પણ ( Sacrifice ) હજુ મનોમય છે અને તેનું લક્ષણ હજુ આધ્યાત્મિક બનેલું નથી. જ્યારે તમારો પ્રાણમય પુરુષ તેની કામનાઓ અને આનંદ ઉપભોગો છોડી દેવા સંમતિ આપે, અને જ્યારે તે પોતાની જાતનું પરમાત્માને અર્પણ કરે ત્યારે જ યજ્ઞ શરૂ થયો હશે. હું એમ કહેવા માગતો હતો કે 'યજ્ઞ' શબ્દનો અર્થ, યુરોપિયનો કહે છે તેવો "કર્મોના યજ્ઞ" નથી તેમ જ તેનો અર્થ એવો નથી કે પ્રભુ માટે તમે સર્વ કર્મ છોડી દો – કારણ કે તો પછી કર્મોનો યજ્ઞ બિલકુલ રહી શકે જ નહિ. તેમ જ જ્ઞાનના યજ્ઞનો અર્થ એવો નથી કે તમારે કષ્ટ વેઠીને નિશ્ચયપૂર્વક તમારી જાતને પ્રભુ માટે મૂર્ખ બનાવવી. 'યજ્ઞ' એટલે પ્રભુને 'આંતરિક અર્પણ કરવું' અને સાચું આધ્યાત્મિક અર્પણ ખૂબ આનંદપૂર્ણ હોય છે. નહિ તો પછી માણસ પોતાની જાતને યજ્ઞને યોગ્ય બનાવવા માટે પ્રયત્ન કરે છે અને હજુ સાચા યજ્ઞની શરૂઆત કરી નથી. તમારું મન તમારા પ્રાણની સાથે સંઘર્ષ કરે છે તેથી તે પ્રાણ જેમ નામરજીવાળું પ્રાણી પોતાની જાતને નીરાંતે પડયા રહેવા દેવા માટે ફરિયાદ કરે છે તેવી રીતે તે દુઃખ અને સંઘર્ષ સહન કરે છે. જો આધ્યાત્મિક સંકલ્પ (અથવા ચૈતસિક સંકલ્પ) અગ્રભાગે હોત તો ઘી અને માખણ અને દહીંને જ્યારે અગ્નિમાં નાખવામાં આવે ત્યારે તમે શોક કરતા ન હોત, અથવા તેમને હોમવામાં આવે ત્યારે તમે છેવટે ચાખી લેવાની ઇચ્છાનો પ્રયત્ન ન કરત. મુશ્કેલી એક જ રહી હોત કે દેવોને પૂર્ણ રીતે નીચે ઉતારી લાવવા (એક પ્રગતિશીલ પ્રયત્ન) નહિ કે ઘી માટે રોદણાં રોવાં. બીજું તમે શું એમ માનો છો કે માતાજી, હું કે બીજાઓ જેમણે આધ્યાત્મિક જીવન સ્વીકાર્યું છે તેમણે જીવનનો આનંદ માણ્યો નથી? અને એટલા માટે જ માતાજી પ્રભુને કરેલા આનંદપૂર્ણ અર્પણને આધ્યાત્મિક અર્પણની સાચી ભાવના તરીકે કહે છે? અથવા તમે એમ ધારો છો કે અમે ઇજિપ્તના માંસના ઘડાઓ માટેની ઝંખનામાં અમારી પ્રાથમિક અવસ્થા પસાર કરેલી અને પછીથી જ અમે આધ્યાત્મિક અર્પણના આનંદનો અનુભવ કર્યો? બેશક, અમે તે પ્રમાણે કરેલું નથી; અમારે જે વસ્તુઓનો ત્યાગ કરવાની જરૂરિયાતો ઊભી થઈ ત્યારે અમને કોડીબંધ વસ્તુઓનો ત્યાગ કરવામાં કોઈ મુશ્કેલી

નડેલી નહિ અને ત્યાર પછી અમને કોઈ વસવસો રહેલો પણ નથી, તમારો નિયમ એક કડક જડ નિયમ જેવો જ છે જે સામાન્ય રીતે લાગુ પડતો નથી.

*

યજ્ઞનો આધાર આંતરિક વલણ ઉપર હોય છે. જો માણસ પાસે કોઈ બાહ્ય વસ્તુ અર્પણ કરવાની ન હોય તો તેણે પોતાની જાતનું કાયમ અર્પણ કરવું પડે છે.

*

ધૂનીપણામાં કોઈ વસ્તુ ઉમદા હોતી નથી – તેમાં કોઈ હેતુનું ઉમદાપણું નથી જો કે તેમાં કોઈ હેતુનો પ્રચંડ ઉત્સાહ હોય છે. ધાર્મિક ધર્માંધતા કોઈક મનોમય હલકી જન્મગત વસ્તુ છે અને તે અજ્ઞાની હોય છે – અને તેના કાર્યમાં તે ભયંકર, ક્રૂર અને હલકી હોય છે. જે શહીદ થતો હોય તેવા માણસની ધાર્મિકતા અને જે પોતાની જાતનું સ્વૈચ્છિક બલિદાન આપતો હોય છે એ બન્ને જુદી જ વસ્તુ છે.

*

## ૪

જગતમાં એક સતત યુદ્ધ ચાલતું જ રહ્યું છે – તે રોમન ગણરાજ્યના ઇતિહાસમાં બનેલી વસ્તુ જેવું છે. જ્યારે જાનુસના દેવળનાં દ્વારો તેના ઘણા સૈકાઓ સુધીમાં ફક્ત એક કે બે વખત જ બંધ થયેલાં – અને તે એક એવી નિશાની હતી કે તે ગણતંત્ર સમગ્ર જગતની સાથે શાંતિમાં છે. આધુનિક સમયમાં બે મહા યુદ્ધ વચ્ચેના લાંબા ગાળાઓ રહેલા છે, પરંતુ નાનાં નાનાં યુદ્ધો તો કોઈ એક યા બીજી જગાએ ચાલતાં જ રહેલાં છે. માનવી એ ઝઘડાખોર અને યુદ્ધખોર પ્રાણી છે અને જ્યાં સુધી તે તેવા પ્રકારનો છે ત્યાં સુધી શાંતિ કઈ રીતે શક્ય છે ?

*

યુદ્ધો અને ચડાઈઓ એ પ્રાણમય પ્રકૃતિની કરકસરનો એક ભાગ છે. અને આ કે પેલા માણસોનો તેમાં દોષ કાઢવો એનો કોઈ ઉપયોગ નથી – જે કોઈમાં શક્તિ હોય અને તેને તક મળે તે દરેક તે પ્રમાણે કરે છે. ચીન જે અત્યારે ફરિયાદ કરે છે

તે પોતે જ રાજાશાહી હતું અને સંસ્થાનવાદનો દેશ હતો જ્યારે જાપાન સૈકાઓ સુધી પોતાની સરહદમાં ધાર્મિક રીતે રહેલું...જો તે પ્રમાણે લાભદાયી ન હોત તો કોઈ પણ તે પ્રમાણે ન કરત. ઇંગ્લૅન્ડ ભારતનું ધન લૂંટીને સમૃદ્ધિવાન બનેલું છે. ફ્રાંસ ઘણી વસ્તુઓ માટે પોતાના આફ્રિકન સંસ્થાનો ઉપર આધાર રાખે છે. જાપાનને વધારે પડતી વસ્તી વધારાને લઈને કોઈ માર્ગ જોઈએ છે તથા નજીકનાં કોઈ સહીસલામત આર્થિક બજારો જોઈએ છે. દરેક એવાં બળો દ્વારા પ્રેરાય છે જે સત્તાધારીઓ અને લોકોના મનનો ઉપયોગ પોતાની સિદ્ધિ અર્થે કરે છે – જ્યાં સુધી માનવ-સ્વભાવમાં પરિવર્તન નહિ આવે ત્યાં સુધી ગમે તેટલા નીતિશાસ્ત્રના પાઠ પણ તેમને અટકાવી શકશે નહિ.

કોઈ પણ જાહેર ચર્ચા જે ખાસ કરીને રાજકારણને સ્પર્શ કરતી હોય તેનાથી દૂર રહેવાનું હું પસંદ કરું છું. ગાંધીના સિદ્ધાંતો બીજા મનોમય સિદ્ધાંતો જેવા જ છે, જે એકપક્ષી બુદ્ધિની દલીલોના પાયા ઉપર રચાયેલા છે અને તે બધા એક મર્યાદિત સત્યની માગણી કરે છે ( અહિંસા અને અસહકાર ) તેમાં વિશ્વરૂપતા કદી આવી શકે નહિ. જ્યાં સુધી માનવ-મન સત્યની શોધનું સાધન રહેશે ત્યાં સુધી આવા સિદ્ધાંતો કાયમ અસ્તિત્વમાં રહેવાના. આવા સિદ્ધાંતોને તોડી પાડવાનો પ્રયત્ન કરવામાં શક્તિનો વ્યય થાય છે, એનો કોઈ ઉપયોગ નથી; જો તેમનો નાશ કરવામાં આવે તો તેની જગાએ બીજા તેટલા જ મર્યાદિત અને આંશિક સિદ્ધાંતો આવવાના.

સંસ્થાનવાદ એ કોઈ નવીન વસ્તુ નથી. તે માનવીનો પ્રાણ જેટલો પ્રાચીન છે તેટલી પ્રાચીન વસ્તુ છે, જાણીતા માનવ-ઇતિહાસમાં એવો કોઈ પણ સમય નહોતો જ્યારે તે અસ્તિત્વમાં ન હોય. તેમાંથી બહાર નીકળવું એટલે માનવ-પ્રકૃતિમાં ફેરફાર કરવો અથવા તો કોઈ ઊર્ધ્વતર શક્તિ દ્વારા તેને કાબૂમાં લઈ શકાય. આપણું કાર્ય આ વસ્તુઓ સાથે યુદ્ધ કરવાનું નથી પરંતુ એક ઊર્ધ્વતર પ્રકૃતિ અને સત્ય-સર્જનને નીચે ઉતારી લાવવાનું છે જે તે આધ્યાત્મિક પ્રકાશ અને શક્તિને પૃથ્વીના અસ્તિત્વમાં મુખ્ય શક્તિ બનાવશે.

*

અહિંસામાં એક સત્ય રહેલું છે તેમ જ હિંસામાં પણ એક સત્ય રહેલું છે. હું તમને એમ નથી શીખવતો કે તમારે આધ્યાત્મિક ધર્મ તરીકે દરરોજ બધા માનવીને મારી નાખવાનું ચાલુ રાખવું. હું એમ કહું છું કે પ્રભુ જ્યારે આજ્ઞા કરે ત્યારે પરમાત્માના કાર્યના એક ભાગ તરીકે વિનાશ શક્ય બને છે. હિંસા કરતાં

અહિંસા નિયમ તરીકે વધારે સારી વસ્તુ છે અને તેમ છતાં કોઈ કોઈ વખત હિંસા સાચી વસ્તુ હોઈ શકે. હુ ધર્મને સાપેક્ષ ગણું છું; પ્રભુ સાથે એકતા અને પ્રભુના સંકલ્પમાંથી થતું કાર્ય, એ ઉચ્ચતમ રીત છે. બુદ્ધે જગતમાં કર્મનું લક્ષ્ય રાખ્યું નહોતું પરંતુ તેણે જગતના અસ્તિત્વને અટકાવી દેવાનું લક્ષ્ય રાખેલું. તેને માટે તેમણે અષ્ટાંગ માર્ગ શોધ્યો. જે તૈયારીરૂપ સાધના માટે જરૂરી હતો અને તેમણે તે પ્રમાણે જાહેર કરેલું.

અહિંસાને યોગ સાથે કાંઈ સંબંધ નહોતો પરંતુ બુદ્ધે શોધેલ મુક્તિના માર્ગ સાથે તેને સંબંધ હતો. ઘણા માર્ગો છે અને બધા તેમના બોધમાં એક અને એક-સરખા હોવા જરૂરી નથી.

*

(વાર્તાલાપ સંબંધમાં) આ યુદ્ધક્ષેત્રમાંથી પાછા હઠી જવાનું મને મન થાય છે. અને સામાન્ય રીતે બચાવ કરતા સિદ્ધાંતનો આશ્રય લેવાનું મન થાય છે. 'બન્ને બાજુએ ઘણું કહેવાનું છે.' સામાન્ય બુદ્ધિથી તમારું દૃષ્ટિબિંદુ ખરેખર સાચું છે અથવા જેને 'માનવ' દૃષ્ટિબિંદુ કહીએ તે અનુસાર તે સાચું છે. કૃષ્ણપ્રેમ એવી પરિસ્થિતિ છે જેને આપણે કામચલાઉ માનવજાતિના કલ્યાણ માટે વિચારવી જોઈએ. એટલું જ નહિ પરંતુ કેટલાક આંતર-નિયમો પણ છે તેઓ વિચારે છે કે બીજા પ્રાણીઓ પ્રત્યે નુકસાન, હિંસા અથવા ક્રૂરતાનો બદલો વાળી શકાય નહિ અને કોઈ માનવતાના વિભાગ માટે થોડું સ્થૂલ કલ્યાણ કરીએ તેથી તેને ન્યાય મળી જતો નથી, અથવા સમગ્ર માનવજાતિ માટે કહીએ તો તે પૂર્ણ નથી. તેના અભિપ્રાય પ્રમાણે આવી પદ્ધતિઓ કર્મનો પ્રતિકાર જાગ્રત કરે છે અને તે ઉપરાંત જે માનવીઓ આવી વસ્તુઓ કરે છે તેમને નૈતિક નુકસાન થાય છે. તે બાબતને બાજુ પર મૂકી દઈએ. તેઓ એવો પણ અભિપ્રાય ધરાવે છે કે રોગોનું કારણ ચૈતસિક કારણ છે એટલે કે સ્વલક્ષી છે અને શારીરિક સાધનો દ્વારા થીગડાં મારવાને બદલે આંતર કારણો તરફની વિશુદ્ધિનો માર્ગ લેવો જોઈએ. આ બધા એવા વિચારો છે જેમને તેમનું પણ પોતાનું સત્ય છે.

હું ચૈતસિક નિયમને, તેની પદ્ધતિને અને તેની પસંદગીની પાત્રતાને પણ જાણું છું, પરંતુ માનવીઓની સામાન્ય ગતિ આ નિયમ માટે તૈયાર નથી અને તે પ્રમાણે હોવાથી ડૉક્ટરો અને તેમની સ્થૂલ પદ્ધતિઓ ત્યાં રહેવાની જ. ન્યાયયુક્ત પ્રસંગોમાં ન્યાયી હિંસાને મેં ટેકો પણ આપેલો છે. દા.ત. કુરુક્ષેત્ર અને હિટલર

સામેનું યુદ્ધ તથા તેનો જે કાંઈ અર્થ હતો. એટલે આ મધ્યમ માર્ગના દૃષ્ટિબિંદુથી તાત્કાલિક પ્રશ્ન એ છે કે આ હિંસા ન્યાયયુક્ત છે કે કેમ? હું આ પ્રશ્નમાંથી પાછો હઠી જઉં છું.

*

વિનાશ પોતે સારો પણ નથી અને ખરાબ પણ નથી તે પ્રકૃતિની હકીકત છે. આ જગતમાં જે રીતે વસ્તુઓ છે તે પ્રમાણે તે શક્તિઓની લીલાની એક જરૂરિયાત છે. પ્રકાશ અંધકારનો અને અંધકારની શક્તિઓનો વિનાશ કરે છે અને તે અજ્ઞાનની ગતિ નથી!

કેવા પ્રકારનો વિનાશ છે અને કયાં બળો તેમાં પ્રવેશ કરે છે તેના પ્રકાર ઉપર બધો આધાર છે. અગ્નિ અને બીજી ઉગ્ર શક્તિઓના ડર ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. કારણ કે ડર નબળાઈ દર્શાવે છે. મુક્ત આત્મા સૌથી મોટાં પ્રકૃતિનાં બળો પાસે પણ નિર્ભય રીતે ઊભો રહે છે.

*

ધરતીકંપો શા માટે માનવીઓની ખોટી પ્રક્રિયાઓને લઈને ઉત્પન્ન થાય? જ્યારે માનવી નહોતો ત્યારે ધરતીકંપો થતા નહોતા? જો માનવીનું અસ્તિત્વ ઝેરી ગૅસથી અથવા બીજી કોઈ વસ્તુથી સમાપ્ત કરવામાં આવે તો તેઓ અટકી જશે? ધરતીકંપો પ્રકૃતિમાં થતી ઊથલપાથલો છે અને તે કેટલાંક બળોના દબાણને લઈને થાય છે. વારંવાર બનતા ધરતીકંપો અને માનવજીવનમાં થતી ઊથલપાથલો એક સામાન્ય સંઘર્ષ અથવા બળોના પરિણામે બને છે, પરંતુ એક વસ્તુ બીજી વસ્તુ માટે કારણભૂત નથી.

*

આ બધા અપવાસો – મને મુર્ખાઈભર્યા લાગે છે. જાણે કે તેઓ કોઈ વસ્તુમાં ફેરફાર કરી દેશે. અપવાસ વધારેમાં વધારે પોતાની પરિસ્થિતિને અસર કરી શકે પરંતુ બીજાઓના કાર્યનું 'વળતર' કઈ રીતે આપી શકે? અથવા બીજાઓની પ્રકૃતિમાં કઈ રીતે ફેરફાર કરી શકે?

એ એવું જગત છે જે અચિતૂમાંથી બહાર આવેલું છે અને આ બધી વસ્તુઓ (ગરીબાઈ અને દુઃખો) માનવ–મનના અપૂર્ણ કાર્યનાં પરિણામો રૂપે છે;

માનવમન અવિદ્યામય પ્રાણ અને જડતત્ત્વમાંથી જન્મેલું હોવાથી તેણે પ્રયત્ન અને અનુભવથી શીખવાનું છે. પ્રકૃતિનાં સ્તોત્રોમાંથી સાચો ઉપયોગ કરી શકીએ તો પહેલાં અવિદ્યા અને અહંકારે વિદાય લેવી પડશે.

*

## ૫

સમય વિશેનો ખ્યાલ મનોમય રચના હોઈ શકે, પરંતુ તેનો અર્થ તેવો ન પણ હોય; જંગલી માણસોને પણ સમયનો ખ્યાલ હોય છે પરંતુ તે સૂર્ય અને તારીખો અને સૂર્યાસ્ત અને રાત્રી પૂરી થવા વિશેનો તથા ઋતુઓ વિશેના સંપર્કની સાથે હોય છે, અને નહિ કે અલગ રચના તરીકેનો – પરંતુ તેના વિશે આપણને ખાતરી નથી કારણ કે તેમના પોતાના તત્ત્વદર્શી ખ્યાલો હોય છે. હું ધારું છું કે પ્રાણીઓ તેમની ચેતનામાં એટલાં બધાં મર્યાદિત હોતાં નથી – તેમનામાં કેવળ સંવેદનો જ હોય છે એવું નહિ પરંતુ કેટલીક વસ્તુઓ વિશેની ચોક્કસ સ્મૃતિ, નિરીક્ષણ, સ્પષ્ટ સંબંધો, એક યોજના કરતી બુદ્ધિ, એક ખૂબ ચોક્કસ સ્થળનું જ્ઞાન અને તે સ્થળની સ્મૃતિ, એક પ્રાથમિક તર્કની શક્તિ (માનવમન કરે છે તે પ્રકારનો ચિંતનપૂર્ણ તર્ક નહિ પરંતુ સામાન્ય રીતનું પ્રાણમય મન કરી શકે તેવું) હોય છે. મેં એક નાનકડા બિલાડીના બચ્ચાને નિરીક્ષણ કરતું, સાચા પરિણામ ઉપર આવતું, પોતાના હેતુ માટે જે જરૂરી હોય તે કાર્ય કરવા માટે જતું, ને પરિણામે જે જરૂર ઊભી થાય તેને માટે જેમ માનવ-બાળક કરે તે પ્રમાણે કાર્ય કરતું જોયું છે. તેથી આપણે એમ ન કહી શકીએ કે પ્રાણીઓમાં વિચારો નથી. કદાચ આજ અને કાલ વચ્ચેનું સ્પષ્ટ માપ ન હોઈ શકે. પરંતુ ભૂતકાળ અને ભવિષ્યકાળ માટેની જરૂરિયાતની દૃષ્ટિ તેમાં હોય છે. અને સાચા સમયનો અને ઋતુઓ વિશેની દૃષ્ટિ પણ હોય છે – બધી જ પ્રાણમય, વ્યાવહારિક રીતે ઉપયોગી માનવમનની રીતની ચિંતક-મનોમય રીતની નહિ.

પરંતુ એ સાચું છે કે જ્યારે માણસ મનથી પર થઈ જાય છે, ત્યારે આ સમયની લાગણી કાલાતીત બની જાય છે, શાશ્વત વર્તમાનની લાગણી.

*

( પ્રાણીઓમાં સમયનો ખ્યાલ ) સમયનો ખૂબ તીવ્ર ખ્યાલ હોય છે — થોડા ઘણામાં તો ખાસ – પરંતુ ઘણે ભાગે તે તીવ્ર ઇચ્છાઓ અથવા ટેવોના સંબંધમાં કાર્ય કરે છે. દા.ત. ખોરાક વગેરેમાં.

*

બેશક, સ્થૂલ નિયમિત સમય-ચેતના ખાસ કરીને જાગ્રત અવસ્થાની વસ્તુ છે પરંતુ તે પૃષ્ઠસ્થ ચેતના અથવા મનોમય જાગ્રત ચેતનાની વસ્તુ પણ બની શકે છે. દા.ત. કોઈ માણસ રાત્રે એવો સંકલ્પ કરે કે તેણે અમુક ચોક્કસ સમયે સવારમાં જાગ્રત થવું છે અને તે નક્કી કરેલા સમય અને મિનિટે બરાબર જાગી જાય છે — તે વસ્તુ પૃષ્ઠસ્થ ચેતનામાં હોય છે. તે ચેતનાએ સમયની નોંધ લીધેલી અને સજાગ રીતે તેનો અમલ કર્યો.

*

તે ચેતનામાં ફેરફાર છે. જ્યારે માણસને આંતર સ્વરૂપની અનુભૂતિ થાય છે અને તેમાં તે જીવે છે ( શાંતિ અને નીરવતાની અનુભૂતિના પરિણામે ) ત્યારે સમય વિશેનો સામાન્ય ખ્યાલ ચાલ્યો જાય છે અથવા કેવળ બાહ્ય વસ્તુ બની રહે છે.

*

અંતઃપ્રેરણા માટે સમય એ એક ચેતનાનો વિસ્તાર છે, જેમાં ઘટનાઓ ગોઠવાયેલી હોય છે અને બુદ્ધિ માટે જે કડક નિયમન હોય છે તે તેમાં હોતું નથી.

*

તમે સાચા છો. વર્તમાન એ કેવળ એક રૂઢિગત વસ્તુ છે અથવા તે ભૂતકાળમાંથી સતત બની આવતી ગતિ છે જે ભાવિમાં જાય છે.

*

## ૬

મહાનતા એટલે એક યા બીજા પ્રકારની અપવાદરૂપ શક્તિ, જે માણસને પોતાની આજુબાજુના માનવીઓમાં પ્રખ્યાત બનાવે છે.

*

આવી મહાનતાને ચૈત્યપુરુષ સાથે કોઈ સંબંધ નથી. તે વસ્તુ વિશિષ્ટ પ્રકારની મનોમય શક્તિ હોય છે (રમણ, ટાગોર) અથવા તેમાં એક મહાન પ્રાણમય બળ હોય છે જે તેમનામાં માણસોને દોરવાની અને તેમના ઉપર સત્તા ચલાવવાની શક્તિ આપે છે. આવી શક્તિઓમાં ઘણી વખત જો કે કાયમ જ નહિ, તે વ્યક્તિત્વોમાં દૈવી અથવા આસુરી કોઈક વસ્તુ હોય છે જે તેમના કાર્યને ટેકો આપે છે અને માનવીઓને તેમના માટે એક મહાનતાની છાપ આપે છે, અને તેમની વિશિષ્ટ શક્તિ સિવાય પણ એક મહાન વ્યક્તિત્વની ભાવના ઉત્પન્ન કરે છે.

*

લોકોએ એવું સાબિત કરવા પ્રયત્ન કરવાની શરૂઆત કરી છે કે મહાન માનવીઓ મહાન નહોતા જે મહાન ભૂલ છે. જો લોકો મહાન માનવીઓની પ્રશંસા નહિ કરે તો જગત હલકું, નાનકડું, શુષ્ક, સંકુચિત અને તામસિક બની જશે.

*

સ્પષ્ટ રીતે જ, બાહ્ય મહાનતા એ યોગનું લક્ષ્ય નથી. પરંતુ તેના માટે એવું કોઈ કારણ નથી કે વિશ્વની વ્યવસ્થામાં મહાનતાએ જે ભાગ ભજવ્યો છે તેને ન ઓળખવો અથવા તો કર્મવીરો મહાન કવિઓ અને કલાકારો વગેરેના સ્થાનની અવગણના કરવી.

*

તેમનામાં (મહાપુરુષોમાં) મહાન શક્તિ રહેલી છે. જે મહાન છે અને તે શક્તિ પરમાત્મામાંથી આવે છે — તેમનાં કાર્યો અને મહાનતાથી તેઓ જગતને મદદ કરે છે અને વૈશ્વિક હેતુમાં સહાય કરે છે. તેમનામાં અહંકાર હોય યા ન હોય તે બાબત અગત્યની નથી – તેઓ યોગ કરતા નથી.

*

હું માનતો નથી કે નેપોલિયનમાં થોડો જ અહંકાર હોય — તે તો વધારે પડતો અહં-કેન્દ્રી હતો. તેણે બ્રુમેરમાંથી પોતાની જાતને સરમુખત્યાર બનાવી અને તેણે સરમુખત્યાર તરીકે જ કાર્ય કર્યું હોત — પરંતુ તેને ટેકાની જરૂર લાગી અને તે શોધવા માટે તેણે લોકશાહી રીત અપનાવવાની ભૂલ કરી — જે રીત માટે તે બિલકુલ અયોગ્ય હતો. તેનામાં રાજ્યકર્તા તરીકેની શક્તિઓ હતી પરંતુ રાજકારણી તરીકેની નહિ — રાજકારણી તરીકે તે સંપૂર્ણ નિષ્ફળ જાત. તેના ખચકાટો આ

ક્ષતિને લઈને હતા – જો તેને ક્ષતિ ગણી શકાય તો. તે પક્ષોની સાથે અથવા લોકસભાઓની સાથે સફળતાપૂર્વક કાર્ય ન કરી શક્યો હોત.

*

શા માટે પરમાત્મા બાહ્ય મહાનતાની પરવા ન કરે ? વિશ્વમાંની દરેક વસ્તુ માટે તે ધ્યાન રાખે છે. બધી જ મહાનતા પ્રભુની વિભૂતિ છે એમ ગીતા કહે છે.

*

ખૂબ ખૂબ મહાન પુરુષો જ પરમાત્મા માટે અગત્યના નથી. બધી જ શક્તિ, મજબૂત આંતર-શક્તિ, પ્રભાવ પાડવાની શક્તિ બધું જ અગત્યનું છે.

નેપોલિયન, સીઝર કે શેક્સપિયર તેમાંનો કોઈ પણ સદ્‌ગુણી માનવી નહોતા, પરંતુ તેઓ મહાન પુરુષો હતા અને તમારી માન્યયા કે ફક્ત સદ્‌ગુણી માનવીઓ જ મહાપુરુષો હોય છે અને જેનામાં દુર્ગુણો હોય છે તેઓ મહાન નથી એ તમારી મૂર્ખાઈભરી માનતા છે, તેમાંના બધા સ્ત્રીઓ પાછળ ગાંડા હતા, તેમાંના બે માણસો મહત્ત્વાકાંક્ષાથી ભરપૂર અને સિદ્ધાંત વગરના હતા. નેપોલિયન ખૂબ ઉદ્ધત અને ઉગ્ર હતો.

શેક્સપિયરે હરણોની ચોરી કરેલી, નેપોલિયન છૂટથી જૂઠું બોલતો, અને સીઝરમાં કોઈ સિદ્ધાંત નહોતા.

*

તમે એવી સ્થિતિમાં છો કે જેમાંથી તમે નિર્ણય આપી શકો કે કઈ વસ્તુ પ્રભુના કાર્યમાં મદદ કરશે અથવા નહિ કરે ? તમારામાં આ બધી બાબતોનાં વિચારો બહુ પ્રાથમિક કક્ષાના લાગે છે. તમારો દિવ્યીકરણ વિશેનો ખ્યાલ કયો છે – એક સદ્‌ગુણી માણસ, સારો પતિ, સારો પુત્ર, સારો પિતા, એક સારો નાગરિક વગેરે. તેવા દૃષ્ટાંતમાં હું પોતે તો અદિવ્ય જ હોવો જોઈએ – કારણ કે હું આ બધી વસ્તુઓમાંનો કોઈ નથી. 'ક્ષ' કે 'ય' પ્રકારના માનવીઓ મહાન રૂપાંતરિત દિવ્ય પુરુષો હોવા જોઈએ.

*

પરંતુ તમે ખરેખર એમ માનો છો કે નેપોલિયન, સીઝર, શેક્સપિયર જેવા માણસો મહાપુરુષો ન હતા અને તેમણે જગતને માટે અથવા વૈશ્વિક હેતુ માટે કાંઈ પણ કાર્ય કર્યું નથી? કે પરમાત્મા તેના હેતુઓ માટે તેમનો ઉપયોગ કરવા-

માંથી અટકી ગયા કારણ કે તેમના ચારિત્ર્યમાં દોષો હતા અને તેમનામાં દુર્ગુણો હતા ? કેવો મૂર્ખ વિચાર !

*

શા માટે પરમાત્મા મહાપુરુષોના દુર્ગુણોની પરવા કરે? શું તે પોલીસ છે? જ્યાં સુધી માનવી સામાન્ય પ્રકૃતિમાં હોય છે ત્યાં સુધી તેનામાં શકિતઓ તેમ જ દોષો, સદ્‌ગુણો તેમ જ દુર્ગુણો હોય છે જ. જ્યારે વ્યક્તિ ઊર્ધ્વમાં જાય છે ત્યારે કોઈ પણ સદ્‌ગુણો કે દુર્ગુણો હોતા નથી – કારણ કે આ વસ્તુઓ દિવ્ય પ્રકૃતિની હોતી નથી.

*

ગુણો કે દુર્ગુણોને અંધકાર અથવા પ્રકાશની સાથે, સત્ય અને અસત્ય સાથે કાંઈ પણ સંબંધ નથી. આધ્યાત્મિક માનવી ગુણો અથવા દુર્ગુણોથી પર થઈ ગયેલો હોય છે, પરંતુ તે સત્ય અને પ્રકાશથી વધારે ઊંચે ચડતો નથી, સિવાય કે તમે સત્ય અને પ્રકાશનો અર્થ માનવ સત્ય અને મનોમય પ્રકાશ કરો : તેમનાથી તો પર થવાનું હોય છે જ જેવી રીતે સદ્‌ગુણો અને દુર્ગુણથી પર થવાનું હોય છે.

*

દુર્ગુણો એટલે ફકત શકિતનું અનિયમિત રીતે ખોટી નહેરોમાં વહન.

*

મહાન પુરુષોમાં વધારે શકિત હોય છે (મનોમય, પ્રાણમય, શારીરિક, બધી પ્રકારની શકિત) અને તે શકિત જેને માણસો દુર્ગુણો કહે છે તેમ જ સદ્‌ગુણો કહે છે તેમાં બહાર આવે છે.

*

જે માણસોમાં મહાન શકિતઓ અથવા શકિતશાળી મન અથવા શકિતશાળી પ્રાણ હોય છે તેમનામાં સામાન્ય માનવી કરતાં બહાર દેખાઈ આવે એવી ચારિત્ર્યની ક્ષતિઓ હોય છે અથવા તો સામાન્ય માનવીઓના દોષો બહાર દેખાઈ આવતા નથી કારણ કે તેઓ તેમની માફક નાના પ્રમાણમાં હોય છે.

*

હા, ચોક્કસ, ઘણા મહાન પુરુષોમાં ઘણી વખત ઘણા મહાન દોષો હોય છે

અને ઘણી સંખ્યામાં પણ હોય છે. મહાપુરુષો ઘણે ભાગે આદર્શ ચારિત્ર્યવાળા હોતા નથી.

*

મહાન કે આંજી નાખનારી અથવા ક્ષેત્રમાં નાની હોય પણ મહત્ત્વાકાંક્ષા એ મહત્ત્વાકાંક્ષા છે અને ઘણાખરા માણસો માટે એક ઉત્સાહપૂર્ણ કાર્ય માટે તે જરૂરી છે. જ્યારે કોઈ વસ્તુ નાની હોય ત્યારે તેને દુર્ગુણ કહેવો અને મોટી હોય ત્યારે ભવ્યતા ગણવી એનો શો ઉપયોગ.

*

જ્યારે મિથ્યાભિમાન મોટા પ્રમાણમાં હોય છે ત્યારે તે તે પ્રમાણે કામ કરે છે. માણસ જે કાંઈ કરે તેમાં શક્તિનો અનુભવ કરે છે, અને તે શક્તિને મહાન સિદ્ધિ માની લેવાની ભૂલ કરે છે. તે ભૂલ એક સામાન્ય વસ્તુ છે. મહાન સિદ્ધિ તો એકાદ બે ક્ષેત્રોમાં હોય છે.

*

તે મિથ્યાભિમાન છે પરંતુ તે કોઈ પ્રપંચ નથી સિવાય કે તે પોતે તેમાં ન માનતો હોય. જો તે તેમાં ન માનતો હોય તો તે પ્રપંચ છે પરંતુ તે મિથ્યાભિમાન નથી.

*

ઘણાખરા મહાન માણસો સંપૂર્ણ રીતે જાણતા હોય છે કે તેઓ મહાન છે.

*

## ૭

(પ્રાણીઓની ઝંખના) ઘણે ભાગે તેમની લાગણીઓ અને ઇચ્છાઓ અને તેમના શરીરની જરૂરિયાતોનો સંતોષ મુખ્યત્વે હોય છે. પ્રાણીઓ મુખ્યત્વે પૃથ્વી ઉપરનું પ્રાણમય સર્જન હોય છે – તેમનામાં રહેલું મન પણ પ્રાણમય-મન હોય

છે – તેઓ શક્તિઓના ધક્કા અનુસાર કાર્ય કરે છે અને તેમનામાં પ્રાણમય અને નહિ કે મનોમય સંકલ્પ હોય છે.

*

પ્રાણીઓ પણ માનવીઓ કરતાં વસ્તુઓમાં રહેલા સંવાદના વધારે સંપર્કમાં હોય છે. માનવની ઉત્તમતા એક વધારે જટિલ ચેતનામાં અને શક્તિમાં રહેલી છે. (પરંતુ મનના દુરુપયોગથી તે પ્રચંડ રીતે વિકૃત અને ગૂંચાઈ ગયેલી હોય છે) અને તે શક્તિ (જેનો હજુ સુધી ઉપયોગ થયેલો નથી) ઉચ્ચતર વસ્તુઓ તરફ વળી શકે તેવી હોય છે.

*

માનવજીવન અને માનવમન પ્રાણીઓની માફક પ્રકૃતિના સંવાદમાં રહેલું નથી તેમ નથી આત્માના સંવાદમાં – તે ખલેલ પામેલ, અસંગઠિત, પોતાની જાતમાં જ સંઘર્ષવાળું, સંવાદ અને સમતુલાવિહીન હોય છે. તો પછી આપણે તેને રોગિષ્ટ ગણી શકીએ, ભલે તેને પોતાને એક રોગ ન ગણીએ.

*

વનસ્પતિના છોડો ઘણા ચૈતસિક હોય છે પરંતુ તેઓ તે વસ્તુને શાંતિ અને સૌંદર્ય દ્વારા જ અભિવ્યક્ત કરી શકે છે.

*

(પુષ્પની સુંદરતા) રૂપ, રંગ, સુગંધ અને બીજી એવી કોઈ વસ્તુ જે અવ્યાખ્યેય છે.

*

ગુલાબ એકમાત્ર જ સુંદર ફૂલ નથી, બીજાં હજારો છે. ઘણાંખરાં પુષ્પો સુંદર હોય છે.

તેમાં સુંદરતાની કક્ષાઓ અને પ્રકારો હોય છે, એટલું પૂરતું છે.

ગુલાબ ફૂલોમાં પ્રથમ વર્ગનું છે, કારણ કે તેના રંગમાં સમૃદ્ધિ છે. તેની સુગંધમાં તીવ્રતા છે અને તેના રૂપમાં લાલિત્ય અને ભવ્યતા છે.

*

એ સાચું છે કે વનસ્પતિ જગત – અને પ્રાણીઓ પણ જો માનવી તેમને સાચી રીતે લે તો – માનવીઓ કરતાં ઘણાં સારાં છે. મનોમય વિકૃતિ માણસોને વધારે ખરાબ બનાવે છે.

*

હા, તે પ્રાણીની ચેતના વધારે સરળ અને પ્રમાણિક ચેતના છે – બેશક, તે કોઈ વસ્તુની અપેક્ષા રાખે છે, પરંતુ ન મળે છતાં પણ લાગણી તો રાખે છે જ. ઘણા પ્રાણીઓની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છતાં, તેમનો પ્રેમ ગુમાવતા નથી અને તેનો અર્થ કે પ્રાણમાં અદ્ભુત ચૈતસિક વિકાસ હોય છે.

*

પ્રાણીઓનો ઊર્મિમય પુરુષ માણસો કરતાં ઘણો વધારે ચૈતસિક હોય છે જ્યારે માણસો બહુ લાગણીવિહીન હોય છે. હમણાં જ એક કુટુંબે પાળેલી વાઘણનાં ચિત્રો હતાં જે વાઘણને પાછળથી પ્રાણી-સંગ્રહાલયમાં આપવામાં આવી હતી. પાંજરામાં રહેલી વાઘણના મોઢા ઉપરનું દુઃખ, એકી વખતે નમ્ર અને કરુણા ઉત્પન્ન કરતું દર્દજનક મોઢું, એટલું બધું તીવ્ર છે કે, તે આપણા હૃદયને વલોવી નાખે.

*

ઘણાંખરાં પ્રાણીઓ તેમને હેરાન કરવામાં ન આવે અથવા ડરાવવામાં ન આવે અથવા ગુસ્સે કરવામાં ન આવે ત્યાં સુધી ઘણે ભાગે હુમલો કરતાં નથી – અને તેઓ લોકોના વાતાવરણને અનુભવી શકે છે.

*

બિલાડીઓમાં ઘણું ચોક્કસ પ્રાણમય દર્શન હોય છે.

*

એવા માણસો હોય છે જેઓ બિલકુલ યોગ કર્યા સિવાય પોતાના કાન હલાવી શકે છે અથવા કુંડલિનીના સ્રોતોનો ફાયદો ઉઠાવ્યા સિવાય પણ તેમ કરી શકે છે. મને એમ લાગે છે કે એક એવી ગતિ છે જે માણસ તેનો ઉપયોગ ન કરવાને લઈને ભૂલી ગયો છે, કારણ કે જેમ પ્રાણીઓને સહેજ પણ ભયનું સૂચન કરનાર દરેક ક્ષણે અવાજ સાંભળવા માટે કાન હલાવવા પડે છે તે પ્રમાણે માણસે

કરવાનું ન હોવાથી તે ટેવ તેનાથી ભુલાઈ ગઈ છે. હું માનું છું કે તેનો કોઈ ઉપયોગ હોય તો તે શક્તિ ફરીથી પ્રાપ્ત કરી શકે છે.

*

(દુઃખ સહન કરવાની જવાબદારી) શા માટે માણસની? પ્રાણીઓ વિશે શું કહેવું છે? તેઓ પણ સહન કરે છે. તમે એમ કહી શકો કે દુઃખ એ નિમ્ન ચેતનાની વિકૃતિ છે, પરંતુ તમે તેને માટે માણસ અથવા માનવ-પ્રકૃતિને જ ફક્ત જવાબદાર ન બનાવી શકો.

*

હા – પ્રાણીઓની ચેતનાના સાચા દર્શન સાથે પ્રાણીઓનું નિરીક્ષણ કરવાથી માનવ મનોમય મર્યાદાઓમાંથી બહાર નીકળવામાં મદદ થાય છે. અને એક પૃથ્વી ઉપરની વિશ્વરૂપ ચેતનાને પોતાની જાતને વ્યક્તિરૂપ સ્વરૂપોમાં જોઈ શકાય છે – છોડ, પ્રાણી, માનવી અને તે માનવીથી જે વસ્તુ પર રહેલી છે તેના તરફ વિકાસ પામતાં સ્વરૂપો જોઈ શકાય છે.

*

## ૮

ખૂબ વિકાસ પામેલી વ્યક્તિઓમાં રમૂજ કરવાની વૃત્તિ નથી હોતી એવું હું જાણતો નથી, અથવા જો આ વૃત્તિની ખાત્રી હોય તો તેને કઈ રીતે સંપૂર્ણ કહી શકાય? "ઢીબારા" ફક્ત એક પ્રમાદ છે અને તેની પાછળ કોઈ પદાર્થ હોતો નથી. એવો કોઈ નિયમ નથી કે ડહાપણ એવી વસ્તુ હોય જે જડ અને ગંભીર હોય તથા તેવા માણસમાં હાસ્ય પણ ન હોય.

*

રમૂજની વૃત્તિ? એ તો અસ્તિત્વનો સબરસ છે (મીઠું). તેના વગર તો જગત બિલકુલ સમતુલાથી બહાર ચાલ્યું ગયું હોત – જો કે અત્યારે જ પૂરતા પ્રમાણમાં અસમતોલ તો છે જ – અને ઘણા લાંબા સમય પહેલાં તેના વિના સળગી ગયું હોત.

*

લોકો અતિશય મૂર્ખ છે – પરંતુ હું માનું છું કે તેઓ પોતાની જાતે જ મદદ કરી શકતા નથી. જેમ જેમ હું માનવતાને વધારે અને વધારે જોઉં છું તેમ તેમ તે મારા ઉપર વધારે અને વધારે દબાણ કરતું જાય છે. આ જગતના મનની મૂર્ખાઈની ઊંડી ખાઈઓ કેટલી બધી છે.

*

મારો એવો અભિપ્રાય છે કે 'અલ્લા' મહાન છે અને વિશ્વનું રહસ્ય ઘણું મહાન છે અને વસ્તુઓ જે રીતની દેખાય છે તેવી નથી વગેરે.

[ પ્રથમ ભાગ સમાપ્ત ]